# सिद्धहेमचन्द्रशब्दानुशासनम्

## गुर्जरविवरणम्

अध्याय १/४

अर्हं

सिध्दि : स्याद्वादात्

औदन्ता : स्वराः

अनवर्णा नामी

एक - द्वि - त्रिमात्रा ह्रस्व - दीर्ध - प्लुताः

समानाः

मुनि प्रशमप्रभविजय

022671
17-03

।। श्रीमद्विजयरामचन्द्र-भद्रंकर-जिनप्रभसूरीश्वरेभ्यो नमो नमः ।।

कलिकालसर्वज्ञ-आचार्यदेवश्रीमद्विजयहेमचन्द्राचार्यविरचितम्

बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्याससंवलितम्

# श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनम्

अध्याय-१, पाद-चतुर्थ

बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्यास

गुर्जर विवरण

**:: विवरणकर्ता ::**

मार्मिक प्रवचनकार प.पू. पंन्यासप्रवर श्री **युगप्रभविजयजी** म.सा.ना शिष्यरत्न

तात्त्विक प्रवचनकार प.पू. मुनिराज श्री **संयमप्रभविजयजी** म.सा.ना शिष्य

मुनि प्रशमप्रभविजय

**:: प्रकाशक ::**

स्याद्वाद प्रकाशन

**:: आर्थिक सहयोग ::**

शेठ मोतीशा लालबाग जैन चेरीटीझ,

शेठ मोतीशा लालबाग जैन संघ, भुलेश्वर, मुंबई-४

ज्ञानखातानी उपजमांथी

| | | |
|---|---|---|
| ગ્રંથ નામ | : | સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ (૧/૪ બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસ-લઘુન્યાસ વિવરણ) |
| ગ્રંથકાર | : | કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ |
| બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસકાર | : | કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ |
| લઘુન્યાસકાર | : | મનીષિ પ.પૂ. આચાર્યપ્રવર શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજ |
| વિવરણકર્તા | : | મુનિ પ્રશમપ્રભવિજય |
| પૃષ્ઠ સંખ્યા | : | ૫૦ + ૫૦૪ |
| વિષય | : | વ્યાકરણ |
| પ્રકાશક | : | સ્યાદ્વાદ પ્રકાશન |
| પ્રથમ સંસ્કરણ | : | વી.સં. ૨૫૩૮, વિ.સં. ૨૦૬૮, ઈ.સ. ૨૦૧૨ |
| પ્રતિ | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ૨૦૦ રૂ. |
| સેટનું મૂલ્ય | : | ૫૦૦ રૂ. |
| © | : | Syādvāda Prakashan |


## નિમ્નોક્ત પ્રાપ્તિસ્થાનથી પુસ્તક સ્વયં મેળવવા

## :: પ્રાપ્તિસ્થાન ::


મુંબઈ :

દીપકભાઈ એ. દોશી,
બીજા માળે, ફ્લેટ નં.૨,
383/A , ભાવેશ્વર વિહાર,
S.V.P. રોડ, મુંબઈ-4
મો. 98201 56851

જયંતિલાલ એન. વોરા (ટીનાભાઈ),
A-73, આશિયાના એપાર્ટમેન્ટ,
સોડાવાલા લેનના નાકે, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ-92
Ph. 22227174, 28910522,
મો. 93222 27174

સુરત : નરેશભાઈ શાંતિલાલ શાહ,
5-D/C-બિલ્ડીંગ, સિદ્ધચક્ર કોમ્પ્લેક્સ, સરગમ શોપિંગ સેન્ટર પાસે,
ઉમરા, સુરત. ફોન : 3058211, 3063764, મો. 93747 15811

અમદાવાદ : રશ્મિભાઈ બી. શાહ,
વસંતકુંજ સોસાયટી, 404, જય એપાર્ટમેન્ટ, સુખીપુરા બસ સ્ટેન્ડ સામે,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ, ફોન : 26642994, મો. 93762 75999

અક્ષરાંકન/મુદ્રક : આશુતોષ કમ્પ્યૂટર્સ, સૂરત (099092 83158) / તાલાળા (ગીર) (094283 77237)
જેતપુર (રાજકોટ) (099251 46223)


**સૂચન :-** પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી પ્રકાશિત થયેલ છે, તેથી ગૃહસ્થે પુસ્તકની માલિકી અથવા વપરાશ કરવો હોય તો જ્ઞાનખાતામાં યોગ્ય રકમ ભરપાઈ કરવી.

# ।। ગ્રન્થ સમર્પણમ્ ।।





❊ જેમની ક્રિયાચૂસ્તતા, જયણામાં તત્પરતા, તપ-ત્યાગમાં સાત્ત્વિકતા જોઈ મસ્તક ઝૂકી જતું.

❊ નિખાલસતા, નિસ્પૃહતા, સરળતા જેમના સ્વભાવમાં વણાયેલી હતી.

❊ ઉત્તમ આરાધના દ્વારા પોતાના શરીરનો પૂરો કસ જેમણે કાઢી નાંખ્યો હતો.

❊ જેઓશ્રીનું આત્માર્થીપણું તેમની દરેક પ્રવૃત્તિમાં ઝળહળી ઉઠતું.

એવા ત્યાગી-તપસ્વી પ. પૂ. મુનિશ્રી **વારિષેણ વિજયજી** મહારાજના કરકમલમાં.

❊ જેઓએ ચારિત્રજીવન પામવા માટે ખૂબ સંઘર્ષ કર્યો હતો અને અપૂર્વસત્ત્વ ફોરવ્યું હતું.

❊ કરૂણાર્દ્ર હૃદયવાળા અને દરેક જીવનું હિત વાંછનારા પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકર વિજયજી મહારાજ જેવી વિરલ હસ્તી જેઓના ગુરૂપદે વિરાજમાન હતી.

❊ દીક્ષા દિવસથી જ મોટાભાગનાં ફરસાણ-મેવા-મીઠાઈનો જેઓએ ત્યાગ કર્યો હતો.

❊ નિત્ય એકાસણું અને નિર્દોષ ગોચરી-પાણીના જેઓ આગ્રહી હતા.

એવા ક્ષમાનિધિ-મધુરભાષી પ. પૂ. આ. ભ. શ્રીમદ્‌વિજય **જિનપ્રભ સૂરીશ્વરજી મહારાજ** ના કરકમલમાં.

**આ ગ્રન્થનું સબહુમાન સમર્પણ**

# :: ઉપકાર સ્મૃતિ ::

* દીક્ષામાર્ગ જ્યારે સુના વગડા જેવો વેરાન બની ગયેલો ત્યારે પોતાનો પ્રચંડ પુરૂષાર્થ ફોરવી તેને નંદનવન સમો બનાવનારા તથા દીક્ષા એ જ સાચા સુખનો માર્ગ છે આવું લોકમાનસમાં બરાબર ઠસાવનારા ગીતાર્થશિરોમણી – સંઘસન્માર્ગદર્શક – સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**

* નમસ્કાર મહામંત્ર જેમનો પ્રાણ હતો, જેઓનું અંતઃકરણ મૈત્ર્યાદિભાવોથી પાવન હતું, જેઓને ધ્યાન અને સમાધિ સહજ હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. **પંન્યાસપ્રવર શ્રીભદ્રંકરવિજયજી મહારાજા.**

* જેઓમાં પરોપકારવૃત્તિ પરાકાષ્ઠાએ હતી, ત્યાગ-વૈરાગ્ય અને ક્ષમા વિગેરે ગુણોથી જેઓ સમૃદ્ધ હતા, મારા મોસાળ પક્ષે કુટુંબમાં પહેલવહેલી દીક્ષા લેવા દ્વારા જેઓએ અમારા માટે દીક્ષામાર્ગ ખૂલ્લો કર્યો એવા (સંસારી માતુશ્રીના કાકા) પ.પૂ.આ.ભ. **શ્રીમદ્‌વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા.**

* જેમનું જીવન જીવતું જાગતું ચારિત્ર હતું , જેમની નિખાલસતા-નિસ્પૃહતા હૃદયને સ્પર્શે એવી હતી એવા (સંસારી માતુશ્રીના દાદા) પ.પૂ. **મુનિરાજશ્રી વારિષેણ વિજયજી મહારાજા.**

* જેમની છત્રછાયામાં અમે સુંદર આરાધના કરવા ભાગ્યશાળી બન્યા છીએ, જેમની સરળતા, આત્મલક્ષિતા અને હિતબુદ્ધિ હૃદયને સ્પર્શે એવી છે એવા (સંસારીપક્ષે મોટા મામા) પ્રગુરુદેવ પ.પૂ. **પંન્યાસપ્રવરશ્રી યુગપ્રભવિજયજી મ.સા.**

* શાસ્ત્રાભ્યાસમાં જેઓ સદા રત હોય છે, અમે કેમ કરી શાસ્ત્રો ભણી પ્રભુની આજ્ઞા સમજતા-પાળતા થઈએ એ માટે જેઓ સદા કટિબદ્ધ હોય છે એવા મારા જીવનના ઘડવૈયા (સંસારીપક્ષે નાના મામા) ગુરુદેવ પ.પૂ. **મુનિરાજ શ્રી સંયમપ્રભવિજયજી મ.સા.**

# :: અનુક્રમણિકા ::


| વિષય | | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| **સંકેત સૂચિ** | | iv |
| **પુરોવાક્** | | vi |
| **પ્રસ્તાવના** | | x |
| * | કલિકાલસર્વજ્ઞશ્રીની શ્રુતરચના. | xi |
| * | સિદ્ધહેમ વ્યાકરણની ઉત્પત્તિનો બનાવ. | xii |
| * | વ્યાકરણમાં અતિસંક્ષેપ તેમજ અતિવિસ્તાર દોષરૂપ. | xiii |
| * | સિદ્ધહેમ વ્યાકરણની પ્રકરણશઃ રચના. | xiv |
| * | સિદ્ધહેમ વ્યાકરણમાં સર્વપાર્ષદત્વની સિદ્ધિ. | xv |
| * | ગૌરવ-લાઘવને આશ્રયીને સિદ્ધહેમ અને પાણિનિ વ્યાકરણના સૂત્રોની તુલના. | xvi |
| * | લાઘવ-ગૌરવ સ્વરૂપ વિચાર. | xx |
| * | વ્યાકરણશાસ્ત્રમાં બતાવેલાં લાઘવ-ગૌરવના પ્રકારો દર્શનશાસ્ત્રમાં આવકાર્ય કેમ નહિં ? | xx |
| * | માત્રાકૃત લાઘવ-ગૌરવ વિચાર. | xxi |
| * | સિદ્ધહેમ વ્યાકરણમાં માત્રાલાઘવ સાધવા અજમાવેલાં અનુવૃતિ, અધિકાર, ન્યાય, પરિભાષાસૂત્ર, સૌત્ર નિર્દેશ, સંજ્ઞા અને ગણાદિ પ્રકારોની સવિસ્તૃત સમજાણ. | xxi |
| * | પ્રક્રિયાકૃત લાઘવ-ગૌરવ વિચાર. | xxiv |
| * | પર્યાયવાચી શબ્દોને લઈને લાઘવ-ગૌરવની વિચારણાનો નિષેધ. | xxv |
| * | લાઘવના લોભમાં સૂત્રરચના સંદિગ્ધ ન બનવી જોઈએ. | xxv |
| * | પાણિનિ વ્યાકરણમાં વપરાયેલ અચ્ - હલ્ આદિ સંજ્ઞાઓનું ખંડન. | xxvi |
| * | પાણિનિ વ્યાકરણ ત્રિમુનિ વ્યાકરણ, જ્યારે સિદ્ધહેમ એક મુનિ વ્યાકરણ. | xxix |
| * | પં. શ્રી વસંતભાઈ ભટ્ટે દર્શાવેલી શ્રી સિદ્ધહેમ વ્યાકરણની 'છ' ક્ષતિઓ પર સમીક્ષા. | xxix |
| * | પાણિનિ વ્યાકરણની સર્વનામસ્થાન સંજ્ઞામાં ગૌરવદોષ, જ્યારે સિદ્ધહેમ વ્યાકરણની ઘુટ્ સંજ્ઞામાં લાઘવ. | xxxi |
| * | પાણિનિ વ્યાકરણ કેવળ વાક્યસંસ્કાર પક્ષને ન સ્વીકારતા પદસંસ્કારપક્ષને પણ સ્વીકારે છે તેનું મહાભાષ્યાદિના પાઠ સાથે નિરૂપણ. | xxxiv |

| વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|
| ❊ સિદ્ધહેમ વ્યાકરણમાં તિવ્ આદિ પ્રત્યયસ્થળે મુખ્યરૂપઘટક અને ઉપરૂપઘટકની વ્યવસ્થા ન સ્વીકારવા છતાં એકવાક્યતા અકબંધ. | xxxix |
| ❊ પં.શ્રી બેચરદાસજીએ દર્શાવેલ શ્રી સિદ્ધહેમ વ્યાકરણની ક્ષતિ પર સમીક્ષા. | xlii |
| ❊ સિદ્ધહેમ શબ્દાનુશાસન એક મૌલિક વ્યાકરણ. | xlvi |
| **સૂચન** | l |
| **ગ્રન્થ પ્રારંભ** | **૧** |

| સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|
| ૧.૪.૧ | ૧ | ૧.૪.૨૫ | ૧૦૬ | ૧.૪.૪૯ | ૧૮૮ | ૧.૪.૭૩ | ૩૧૨ |
| ૧.૪.૨ | ૭ | ૧.૪.૨૬ | ૧૦૯ | ૧.૪.૫૦ | ૧૯૩ | ૧.૪.૭૪ | ૩૧૪ |
| ૧.૪.૩ | ૧૩ | ૧.૪.૨૭ | ૧૧૨ | ૧.૪.૫૧ | ૧૯૬ | ૧.૪.૭૫ | ૩૧૮ |
| ૧.૪.૪ | ૧૫ | ૧.૪.૨૮ | ૧૧૬ | ૧.૪.૫૨ | ૧૯૮ | ૧.૪.૭૬ | ૩૨૦ |
| ૧.૪.૫ | ૧૮ | ૧.૪.૨૯ | ૧૨૧ | ૧.૪.૫૩ | ૨૦૩ | ૧.૪.૭૭ | ૩૨૮ |
| ૧.૪.૬ | ૨૦ | ૧.૪.૩૦ | ૧૨૯ | ૧.૪.૫૪ | ૨૦૬ | ૧.૪.૭૮ | ૩૩૦ |
| ૧.૪.૭ | ૨૩ | ૧.૪.૩૧ | ૧૩૩ | ૧.૪.૫૫ | ૨૧૦ | ૧.૪.૭૯ | ૩૩૧ |
| ૧.૪.૮ | ૬૧ | ૧.૪.૩૨ | ૧૩૬ | ૧.૪.૫૬ | ૨૧૬ | ૧.૪.૮૦ | ૩૩૪ |
| ૧.૪.૯ | ૬૨ | ૧.૪.૩૩ | ૧૩૮ | ૧.૪.૫૭ | ૨૧૯ | ૧.૪.૮૧ | ૩૩૬ |
| ૧.૪.૧૦ | ૬૪ | ૧.૪.૩૪ | ૧૪૧ | ૧.૪.૫૮ | ૨૨૬ | ૧.૪.૮૨ | ૩૩૯ |
| ૧.૪.૧૧ | ૬૭ | ૧.૪.૩૫ | ૧૪૩ | ૧.૪.૫૯ | ૨૩૦ | ૧.૪.૮૩ | ૩૪૩ |
| ૧.૪.૧૨ | ૭૧ | ૧.૪.૩૬ | ૧૪૫ | ૧.૪.૬૦ | ૨૩૬ | ૧.૪.૮૪ | ૩૪૮ |
| ૧.૪.૧૩ | ૭૩ | ૧.૪.૩૭ | ૧૫૦ | ૧.૪.૬૧ | ૨૩૭ | ૧.૪.૮૫ | ૩૫૧ |
| ૧.૪.૧૪ | ૭૮ | ૧.૪.૩૮ | ૧૫૧ | ૧.૪.૬૨ | ૨૩૯ | ૧.૪.૮૬ | ૩૫૫ |
| ૧.૪.૧૫ | ૮૨ | ૧.૪.૩૯ | ૧૫૭ | ૧.૪.૬૩ | ૨૪૯ | ૧.૪.૮૭ | ૩૬૧ |
| ૧.૪.૧૬ | ૮૫ | ૧.૪.૪૦ | ૧૫૯ | ૧.૪.૬૪ | ૨૫૮ | ૧.૪.૮૮ | ૩૭૧ |
| ૧.૪.૧૭ | ૮૭ | ૧.૪.૪૧ | ૧૬૨ | ૧.૪.૬૫ | ૨૭૪ | ૧.૪.૮૯ | ૩૭૨ |
| ૧.૪.૧૮ | ૯૦ | ૧.૪.૪૨ | ૧૬૬ | ૧.૪.૬૬ | ૨૭૬ | ૧.૪.૯૦ | ૩૭૪ |
| ૧.૪.૧૯ | ૯૪ | ૧.૪.૪૩ | ૧૬૮ | ૧.૪.૬૭ | ૨૯૫ | ૧.૪.૯૧ | ૩૮૨ |
| ૧.૪.૨૦ | ૯૬ | ૧.૪.૪૪ | ૧૭૦ | ૧.૪.૬૮ | ૨૯૭ | ૧.૪.૯૨ | ૩૮૫ |
| ૧.૪.૨૧ | ૯૮ | ૧.૪.૪૫ | ૧૭૨ | ૧.૪.૬૯ | ૩૦૩ | ૧.૪.૯૩ | ૩૯૨ |
| ૧.૪.૨૨ | ૧૦૧ | ૧.૪.૪૬ | ૧૭૯ | ૧.૪.૭૦ | ૩૦૪ | | |
| ૧.૪.૨૩ | ૧૦૨ | ૧.૪.૪૭ | ૧૮૨ | ૧.૪.૭૧ | ૩૦૮ | | |
| ૧.૪.૨૪ | ૧૦૫ | ૧.૪.૪૮ | ૧૮૬ | ૧.૪.૭૨ | ૩૧૦ | | |

| વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|
| પરિશિષ્ટ-૧ : અકારાદિક્રમે '૧-૪' પાદની સૂત્રસૂચિ. | ૪૦૨ |
| પરિશિષ્ટ-૨ : પ્રથમ અધ્યાય ચતુર્થ પાદનો બૃહન્ન્યાસ તેમજ લઘુન્યાસ. | ૪૦૪ |
| પરિશિષ્ટ-૩ : અકારાદિ ક્રમે પારિભાષિક શબ્દોનો વિસ્તૃતાર્થ. | ૪૫૩ |
| પરિશિષ્ટ-૪: વિવરણમાં વપરાયેલા ન્યાયોનો અકારાદિક્રમે સૂચિ + સૂત્રસ્થળનિર્દેશ. | ૪૮૩ |
| પરિશિષ્ટ-૫ : વિવરણમાં વપરાયેલા અન્ય લૌકિક ન્યાયો, શ્લોકો તેમજ નિયમોની અકારાદિ ક્રમે સૂચિ + સૂત્રસ્થળનિર્દેશ. | ૪૯૨ |
| પરિશિષ્ટ-૬ : ૧.૪. પાદના સૂત્રોની સામે પાણિનિ વ્યાકરણમાં વર્તતા સૂત્રોનો અનુક્રમ. | ૪૯૬ |
| પરિશિષ્ટ-૭ : વિવરણમાં ઉલ્લેખાયેલાં અન્ય વ્યાકરણના સૂત્રોના તેમજ ગ્રન્થોના શ્લોકોનો અકારાદિ અનુક્રમ. | ૫૦૦ |
| પરિશિષ્ટ-૮ : વિવરણમાં ઉલ્લેખાયેલા અન્ય વ્યાકરણકારો તેમજ ગ્રન્થકારોના નામોનો અકારાદિ અનુક્રમ. | ૫૦૧ |
| પરિશિષ્ટ-૯ : સન્દર્ભ ગ્રંથ સૂચિ. | ૫૦૨ |

# :: સંકેત સૂચિ ::

1) અમ.કો. - અમરકોષ
2) આ.બો. - આનંદબોધિની (સિદ્ધહેમ વ્યા.ટીકા)
3) ઈ. દ્વ. - ઈતરેતર દ્વન્દ્વ
4) ઉ. - ઉદ્‌દ્યોત (મહાભાષ્યપ્રદીપ-ટીકા)
5) ઉણા. - ઉણાદિ સૂત્ર
6) કર્મ. - કર્મધારય
7) કા.વિ.પ. - કાશિકા વિવરણ પંજિકા (જિનેન્દ્ર બુદ્ધિ ન્યાસ)
8) કા. - કાણ્ડ
9) જિ. બુ. ન્યા. - જિનેન્દ્ર બુદ્ધિન્યાસ (કાશિકા-ટીકા)
10) ત.સં. - તર્કસંગ્રહ
11) તત્ત્વા. - તત્ત્વાલોક (મહાભાષ્ય-પ્રદીપ-ઉદ્‌દ્યોત-ટીકા)
12) તર. - તરંગ
13) દ્વિ. એ. વ. - દ્વિતીયા એકવચન
14) ધા.પા. - ધાતુપાઠ
15) નઞ્ તત્. - નઞ્ તત્પુરૂષ
16) નપું. પ્ર. - નપુંસકલિંગ પ્રકરણ
17) ન્યા. કો. - ન્યાયકોષ
18) ન્યા. બો.- ન્યાયબોધિની (તર્કસંગ્રહ-ટીકા)
19) ન્યા. સં. - ન્યાયસંગ્રહ
20) ન્યા.સ. - ન્યાસસારસમુદ્ધાર (લઘુન્યાસ)
21) ન્યા. સમુ. - ન્યાય સમુચ્ચય
22) ન્યાસાનુ. - ન્યાસાનુસંધાન
23) પ. મં. - પદમંજરી (કાશિકા-ટીકા)
24) પં. - પંકિત
25) પરિ. શે. - પરિભાષેન્દુશેખર
26) પા. સૂ. - પાણિનીય વ્યાકરણ સૂત્ર
27) પાણિ.પ્રત્યા.સૂ. - પાણિનીય પ્રત્યાહાર સૂત્ર
28) પૃ. - પૃષ્ઠ
29) પ્ર. એ. વ. - પ્રથમા એકવચન
30) પ્ર. ચરિ. - પ્રભાવક ચરિત્ર
31) પ્ર. - પ્રદીપ (મહાભાષ્ય-ટીકા)
32) પ્રક. - પ્રકરણ
33) બહુ. - બહુવ્રીહિ
34) બૃ. ન્યાસ - બૃહન્ન્યાસ
35) બૃ. વૃત્તિ - બૃહદ્વૃત્તિ
36) મ.વૃ. અવ. - મધ્યમવૃત્તિ અવચૂરી
37) મ.વૃ. - મધ્યમવૃત્તિ (સિદ્ધહેમ વ્યા.ટીકા)
38) મ.ભા. - મહાભારત
39) મ. ભાષ્ય - (વ્યાકરણ) મહાભાષ્ય
40) લ. ન્યાસ - લઘુન્યાસ
41) લ. શ. શે. - લઘુશબ્દેન્દુશેખર
42) લા. સૂ. - લાવણ્ય સૂરિ

43) લિ. - લિંગાનુશાસન
44) લિઙ્ગા. - લિઙ્ગાનુશાસન
45) વા.પ. - વાકયપદીય
46) વા. - વાર્તિક
47) વિશ્વ. - વિશ્વકોષ
48) વૈ. સિ. કૌ. - વૈયાકરણ સિધ્ધાન્ત કૌમુદી
49) વૈ.સિ.કૌ. સર. - વૈયાકરણ સિધ્ધાન્ત કૌમુદી સરલાટીકા
50) વ્યા. પરિ. પા. - વ્યાડીપરિભાષા પાઠ
51) વ્યા.શા.લૌ. ન્યા. ઉ. - વ્યાકરણશાસ્ત્રે લૌકિક ન્યાયાનામ્ ઉપયોગ
52) વ્યા.મ.ભાષ્ય - વ્યાકરણ મહાભાષ્ય
53) શ. ન્યા. - શબ્દમહાવર્ણન્યાસ (બૃહન્ન્યાસ)
54) શ્લો. - શ્લોક
55) ષ. તત્ - ષષ્ઠી તત્પુરૂષ
56) ષ. દ્વિ. વ. - ષષ્ઠી દ્વિવચન
57) સ. તત્. - સપ્તમી તત્પુરૂષ
58) સ. દ્વ. - સમાહાર દ્વન્દ્વ
59) સ. દ્વિ. વ. - સપ્તમી દ્વિવચન
60) સમા. દ્વ. - સમાહાર દ્વન્દ્વ
61) સમ્બો. - સંબોધન
62) સીરદેવ બૃ. પરિ. વૃ. - સીરદેવકૃત બૃહત્ પરિભાષા વૃત્તિ
63) સૂ. ક. - સૂત્રક્રમાંક
64) સૂ. - સૂત્ર
65) સૂ. મ. સા. - સૂરિ મહારાજ સાહેબ

# :: પુરોવાક્ ::

શાસ્ત્ર એ આત્માની ઉન્નતિનો પરમ આધાર છે. અને વિધવિધ ભાષામાં લખાયેલા તે શાસ્ત્રોનું અધ્યયન કરવા ભાષાનું યથાર્થ જ્ઞાન આવશ્યક છે. પછી ભલે તે ભાષા સંસ્કૃત હોય, પ્રાકૃત હોય કે ગુજરાતી વિગેરે હોય. તાર જેમ વિજળીનો વાહક છે, વાદળ જેમ જળનું વાહક છે, તેમ ભાષા એ અર્થવાહક છે. અરે ! કેવળ અર્થની જ નહીં પરંતુ તેની પાછળ છુપાયેલાં શાસ્ત્રકારોના હાર્દની પણ તે વાહક છે. જરા કલ્પના તો કરી જુઓ કે જગતમાં જો ભાષાતત્ત્વ ન હોય તો શી સ્થિતિ સર્જાય ? શું તીર્થંકરો તીર્થની સ્થાપના કરી શકે ? શું ગણધર રૂપી હિમાદ્રિથી વહેતી શ્રુતગંગાનું યત્કિંચિત પણ નીર આજે આપણે પામી શકીએ ? શું શાસ્ત્ર રૂપી મુક્તિના દિશાસૂચક વિના આપણે આપણો આત્મવિકાસ સાધી શકીએ ? કેવળ આત્મવિકાસ જ નહિં, પણ શું પશ્વાદિ ઈતર જીવસૃષ્ટિની અપેક્ષાએ માનવી પોતાનો અત્યધિક ભૌતિક વિકાસ પણ સાધી શકે ? ભાષાના અભાવે માનવી અને પશુમાં કાંઈ ઝાઝો તફાવત ન રહે. કુદરત તરફથી માનવીને ભાષાની દેન મળી હોવા છતાં મોટા ભાગના માનવીઓ ભાષાના સચોટ જ્ઞાનપ્રાપ્તિની બાબતમાં બેદરકાર જણાય છે. જો ભાષાનું યથાર્થ જ્ઞાન ન હોય તો વ્યક્તિને વિવક્ષિત શબ્દ કયા સંદર્ભમાં લખાયો છે ? શબ્દને ક્યાં જોડવો ? ક્યાં તોડવો ? ક્યાં વિરામ કરવો ? ક્યાં સંહિતા કરવી ? શબ્દનો કઈ રીતે ઉચ્ચાર કરવો ? અનુસ્વાર - કાના - માત્રા ક્યાં કરવા ન કરવા ? તેનું ધ્યાન ન રહેવાથી ઘણા ગોટાળા થવાની શક્યતા રહે છે.

ઘરની ઓસરીમાં ખાટલે બેસેલા કાકાને બહારગામથી આવેલા ભત્રીજાએ કહ્યું "કાકા ! કેમ છો ?" કાકા તો આ સાંભળતા જ ગુસ્સે ભરાણા અને વળતો જવાબ આપ્યો કે "તારા બાપને કહેજે 'કેમ છો ?' મારે હજું ઘણું જીવવાનું બાકી છે...." ભત્રીજો ડઘાઈ ગયો. ડઘાઈ જ જાય ને, કેમ કે કાકા વાતનો સંદર્ભ ન સમજી શક્યા. તેમણે 'કેમ છો ?' શબ્દને 'How are You' ને બદલે 'Why are you' ની Sense માં લીધો.

ઉપવનના સરોવરમાં જલક્રીડા કરતી વખતે રાજાએ રાણીના મુખ પર પાણી છાંટ્યું. રાણીને સહન ન થવાથી તે બોલી "मोदकं यच्छ" આ વાત સાંભળી સંસ્કૃત ભાષાની સંધિના નિયમોનો અજાણ રાજા મોદક શબ્દની સંધિ છોડી ન શક્યો અને તેણે રાણીને લાડવા લઈ આપ્યા. રાણી ખિલખિલાટ હસતા બોલી કે, "દેવાનાં પ્રિય ! આટલું'ય જાણતા નથી કે मा उदक = मोदक थाय ? મેં તમને પાણી છાંટવાની ના કહી હતી, લાડવા લાવવાનું નહોતું કહ્યું" હાસ્યાસ્પદ બનવાથી રાજા વિલખો થયો*.

ઘણી જગ્યાએ રસ્તાની સાઈડમાં દિવાલ ઉપર લખ્યું હોય છે 'અહીં ગંદકી કરવી નહીં, કરનારને સજા થશે.' આ વાક્યમાં 'નહીં' શબ્દ પછી રહેલો અલ્પવિરામ જો તેની પૂર્વમાં મૂકવામાં આવે તો કેવો વિપરીત અર્થ થાય. 'અહીં ગંદકી કરવી, નહીં કરનારને સજા થશે.'

---

* જો કે આ મજાક સારા માટે થઈ, કેમ કે આ પ્રસંગે ચોંટ પામીને રાજાએ વ્યાકરણ ભણવાનો નિર્ધાર કર્યો અને આગળ બનેલાં બનાવ અનુસાર 'કાતંત્ર વ્યાકરણ' ની ઉત્પત્તિ થઈ. (બનાવ કથાસરિત્સાગર આદિ ગ્રંથોથી જાણી લેવો.)

એક માત્રા કે અનુસ્વારની ગફલતથી કેવા અનર્થ થતા હોય છે. શેઠે જેની સાથે પત્ર મોકલ્યો હતો તે યુવક માટે જ પત્રમાં 'विषं दद्यात्' લખ્યું હતું. શેઠની 'विषा' પુત્રીએ તેમાં માત્રાનો ફેરફાર કરી 'विषां दद्यात्' કર્યું તો યુવાનને ઝેરને બદલે તે કન્યા પરણાવી દેવામાં આવી. કુંભકર્ણે દેવ પાસે વરદાનમાં 'भगवन्निन्द्रासनं प्रार्थये' માંગવાનું હતું તેને બદલે 'भगवन्निद्रासनं प्रार्थये' આમ મંગાઈ ગયું. તેથી ઈન્દ્રાસનને બદલે નિદ્રાસન(ઊંઘ) ભેટમાં મળ્યું. સમ્રાટ અશોકના પુત્ર કુણાલની સાવકી 'મા' એ પત્રના 'कुमारो अधीयउ' વાક્યમાં એક અનુસ્વાર ઉમેરી વાક્યને 'कुमारो अंधीयउ' કર્યું તો કુણાલે આંખો ગુમાવવાની આવી. એ સિવાય અનુસ્વારના અભાવે ચિંતાની ચિતા, ગાંડાના ગાડા, બંગલાના બગલા અને કુંડાના કુડા (જૂઠ) આમ જુદા અર્થ થઈ જાય.

ભાષાનો બોધ ન હોવાથી થતી ક્ષતિઓના આવા તો કેટલાં દાખલા આપવા. યથાર્થ બોધ માટે ભાષાનું Perfection જરૂરી છે અને તે વ્યાકરણાદિ ગ્રંથો ભણવાથી આવે છે. વ્યાકરણ ભણવાથી પ્રકૃતિ કોને કહેવાય, પ્રત્યય કોને કહેવાય, પદ કોને કહેવાય, વાક્ય કોને કહેવાય, ક્યાં સંધિ કરવી, ક્યાં ન કરવી, કયા કયા અર્થમાં કૃત્ તેમજ તદ્ધિતના પ્રત્યયો લાગી કૃદન્ત તેમજ તદ્ધિતાંત નામો બને છે વિગેરેનો સ્પષ્ટપણે બોધ થાય છે. બાકી વ્યાકરણ ન ભણેલાને 'अभ्रं नभः' પ્રયોગ બતાવીએ એટલે એ 'વાદળ અને આકાશ' આવો અર્થ કરી બેસે. એને એ ન ખબર પડે કે અહીં 'अभ्रादिभ्यः ૭.૨.૪૬' સૂત્રથી મત્વર્થીય 'अ' પ્રત્યય લાગી સામાન્ય 'अभ्र' શબ્દ જેવો જ 'अभ्र' શબ્દ બન્યો છે અને એનો અર્થ 'વાદળવાળું આકાશ' થાય છે. એવી જ રીતે વ્યાકરણના અજ્ઞને ત્રિષષ્ટિ.ની ત્રિપૃષ્ઠ વાસુદેવને લગતી **'अहिंसादिष्वविरतो महारम्भपरिग्रहः'** (પર્વ ૧૦, સર્ગ ૧, શ્લોક ૧૮૦) પંક્તિ ઉકેલવા આપીએ એટલે તેની મુંઝવણનો પાર ન રહે. કેમ કે તેમાં ત્રિપૃષ્ઠ વાસુદેવને અહિંસાદિમાં અવિરત બતાવ્યો છે. જ્યારે ત્રિપૃષ્ઠ તો હિંસામાં અવિરત (= ન અટકેલો) છે, અહિંસામાં નહીં. પરંતુ વ્યાકરણ ભણેલાને આ પંક્તિ બતાવીએ એટલે એ સમાસને સારી રીતે જાણતો હોવાથી તરત જ પંક્તિ ઉકેલી આપશે. જેમ કે 'विशेषेण रतः (રુચિવાળો) = विरतः, અને न विरतः = अविरतः' આ પ્રમાણે સમાસવિગ્રહ કરી તે પંક્તિનો અર્થ 'અહિંસાદિમાં રુચિ વિનાનો' આ રીતે કરી બતાવશે. બીજી રીતે અર્થસંગતિ કરવી હોય તો अहिंसादिषु પદસ્થળે તે વિષયસપ્તમી ગ્રહણ કરશે અને પંક્તિનો અર્થ 'અહિંસાદિના વિષયમાં અર્થાત્ અહિંસાદિ વ્રતોની બાબતમાં અવિરતિવાળો' આ રીતે કરશે જે સુયોગ્ય છે. વ્યાકરણ ન ભણેલા વ્યક્તિ માટે निष्णात અને निस्नात બન્ને શબ્દો સમાન જ હોય છે. પરંતુ વ્યાકરણ ભણેલો વ્યક્તિ તરત જ પકડી પાડે કે જો નિ ઉપસર્ગની પછી રહેલા स्नात ના स् નો ष् આદેશ થઈ निष्णात શબ્દ નિષ્પન્ન થયો હોય તો તેનો અર્થ 'કુશળ' થાય છે અને જો निस्नात શબ્દ વપરાયો હોય તો 'ઠેકાણા વગરનું કાર્ય કરનાર' અર્થ થાય છે. એવી જ રીતે જો કોઈ વ્યક્તિ આપણને प्राज्ञ કહે તેમાં એકદમ હરખાવા જેવું નથી હોતું. કેમકે શક્ય છે કે કહેનાર વ્યક્તિ કટાક્ષમાં પણ प्राज्ञ કહેતી હોય. મૂળ प्राज्ञ શબ્દ प्रकृष्टं जानाति વ્યુત્પત્તિને લઈને प्र + ज्ञा + अण् = प्राज्ञः આમ તદ્ધિતાંત શબ્દ રૂપે બને છે અને તે प्रकर्षेण अज्ञः = प्राज्ञः આ રીતે સામાસિક શબ્દ રૂપે પણ બને છે. હરખાતા પહેલા વકતાએ કયો प्राज्ञ શબ્દ પ્રયોજ્યો છે તે જાણી લેવું જરૂરી છે. પરંતુ આ બધું વ્યાકરણ ભણ્યા વિના જાણવું શક્ય નથી. તેથી જ કહ્યું છે કે

**"यद्यपि बहु नाधिषे तथापि पठ बत पुत्र व्याकरणम्।**
**स्वजनः श्वजनो मा भुत् सकृत् शकृत् सकलं शकलम्।।"**

આમ જોઈએ તો સંસ્કૃત-વ્યાકરણ ભણવું એ એક Lengthy Course લાગે. આટલો મોટો વિષય શરૂ કરવાનો ઉલ્લાસ ન જાગે. પરંતુ જેમ જેમ ભણતા જઈએ તેમ તેમ લાગે કે આ તો દરિયામાં ડૂબકી લગાવી રત્નો ખોળવા જેવો મઝાનો વિષય છે. અભ્યાસુને આ વ્યાકરણ-વારિધિમાંથી અનેક રત્નોની પ્રાપ્તિ થાય. જેમ કે - સૌત્ર નિર્દેશ શા માટે ? સ્વર-વ્યંજન આવી બધી સંજ્ઞાઓ શા માટે ? લાઘવ-ગૌરવ કોને કહેવાય? અનુસ્વાર-વિસર્ગને સ્વર ગણવા કે વ્યંજન ? ए - ऐ - ओ - औ સંધ્યક્ષરો નામી છે કે નહીં ? અનુકરણ શું છે ? તેના પ્રકારો કેટલાં ? એ સિવાય तद्गुणसंविज्ञान बहुव्रीहि - अतद्गुणसंविज्ञान बहुव्रीहि, લિંગ વિષયક ઊંડી ચર્ચા, અવ્યયીભાવ સમાસને અવ્યય તરીકે માનનારો પક્ષ અને ન માનનારો પક્ષ, વ્યક્તિપક્ષ-જાતિપક્ષ, ઉણાદિ નામોમાં વ્યુત્પત્તિપક્ષ અને અવ્યુત્પત્તિપક્ષ, શબ્દનિત્યત્વવાદીપક્ષ અને શબ્દ-અનિત્યત્વવાદી પક્ષ આવા તો કેટલાય પક્ષો અને પદાર્થો રૂપી રત્નોની પ્રાપ્તિ થઈ શકે.. પણ હા, આ બધા પદાર્થોનો વિસ્તાર તમને લઘુ-મધ્યમ કે બૃહદ્વૃત્તિમાંથી જોઈતો હોય તો નહીં મળે. કેમ કે લઘુ-મધ્યમવૃત્તિમાં મુખ્યતાએ સંસ્કૃત ભાષાના પ્રયોગોને લગતું જ્ઞાન પીરસાયું છે અને બૃહદ્વૃત્તિમાં મુખ્યતાએ ન્યાયો તેમજ પ્રયોગોને લગતું જ્ઞાન વિસ્તાર પૂર્વક પીરસાયું છે. તેથી પદાર્થોના વિસ્તાર તેમજ વ્યાકરણના દાર્શનિક બોધ માટે તો બૃહન્ન્યાસ જ વાંચવો રહ્યો. જેને સારો ક્ષયોપશમ પ્રાપ્ત થયો હોય તે દરેક અભ્યાસુએ વ્યાકરણ ભણવાનો અવશ્ય આગ્રહ રાખવો જોઈએ. એમાં મહેનત ઘણી કરવી પડે પરંતુ ભણ્યા પછી ઘણા રત્નો લાધે તથા શાસ્ત્રોના રહસ્યો પામવામાં પણ વ્યાકરણ ખૂબ ઉપયોગી નિવડે. પૂર્વે સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ત્યારે અપ્રતિમ પ્રતિભાશાળી પ. પૂ. ***આત્મારામજી*** મ. સા. ને પણ સત્યનિષ્ઠ એવા તેઓશ્રીના એક વડીલ મહાત્મા દ્વારા સત્યાસત્યનો વિવેક કરવા વ્યાકરણ ભણવાનું કહેવામાં આવેલ અને તેઓશ્રી વ્યાકરણ ભણ્યા તો આગમનાં રહસ્યો પામી શક્યા અને મિથ્યામત છોડી સત્યમાર્ગે આવ્યા. આમ શ્વેતાંબર સંપ્રદાયને પ.પૂ.આ. ભ.શ્રી ***વિજયાનંદસૂરીશ્વરજી*** મહારાજાની ભેટ મળી.

આજે દરેક સમુદાયમાં નાના તેમજ યુવાન વયના મુમુક્ષુઓની સારા પ્રમાણમાં દીક્ષા થઈ રહી છે. સાથે દીક્ષિત થયેલાં તેઓમાં અભ્યાસની ભૂખ પણ સારી એવી જોવા મળે છે. પરંતુ ભૂખ હોવા છતાં દરેકને પાઠકનો યોગ થાય જ એ શક્ય બનતું નથી. તેમાંય બૃહન્ન્યાસ વંચાવે તેવા પાઠક તો રણમાં જળની જેમ દુર્લભ જ સમજવા. તો બૃહન્ન્યાસ ભણવાના ઇચ્છુક મહાત્માઓની ઇચ્છા રેગિસ્તાનના નિર્જળ રણમાં વાવેલ વેલડીની જેમ મુરઝાઈ ન જાય તે માટે આ મારો પ્રથમ અધ્યાયના ચતુર્થ પાદના બૃહન્ન્યાસના ગુર્જર વિવરણનો યત્કિંચિત્ પ્રયાસ છે. આશા છે કે આ અનુવાદ પાઠકવર્ગ અને અભ્યાસુવર્ગને ઉપયોગી નિવડે.

અંતે મારા વ્યાકરણના અભ્યાસમાં તેમજ અનુવાદમાં મારા ઉપકારી અને સહાયકોને યાદ કરું તો તેમાં સૌ પ્રથમ ***દેવ-ગુરુ-ધર્મ*** છે, કે જેમની અનહદ કૃપાથી મને વ્યાકરણ ભણવાનો ક્ષયોપશમ તેમજ અનુવાદ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું. ત્યારબાદ અપ્રતિમ પ્રતિભાના સ્વામી ***કલિકાલસર્વજ્ઞશ્રી***નો ઉપકાર છે. કેમ કે તેમણે આ વિદ્વત્તાપૂર્ણ વ્યાકરણની રચના કરી, તો હું એને ભણી શક્યો અને અનુવાદ કરી શક્યો. પછી સતત અમારા હિતને ઇચ્છતા મારા મોટા ગુરુદેવ પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ***યુગપ્રભ વિ.***મ.સા.નો ઉપકાર છે કે જેમણે સદાને માટે અમને અભ્યાસની બાબતમાં અને અનુવાદના કાર્યમાં પ્રેરણા-પ્રોત્સાહન અને અનુકૂળતા કરી આપી છે. જીવનમાં નિરંતર ગુણવિકાસ થતો રહે અને દોષો ઘર કરી ન જાય તેની સદા જેઓશ્રીએ કાળજી રાખી છે, અને સતત જેઓશ્રી શાસ્ત્રાભ્યાસમાં રત હોય છે તેવા મારા ગુરુદેવ પ.પૂ. મુનિરાજશ્રી ***સંયમપ્રભ વિ.***મ.સા. ના ઉપકારની તો વાત જ શું કરવી ? કેમ કે અદ્યાવધિ મારું જીવન-ઘડતર તેમજ જે કાંઇ શાસ્ત્રાભ્યાસ થયો છે તે તેમની નિશ્રાએ જ થયો છે. આ અનુવાદના કાર્યમાં પણ જે કોઈ દુર્ગમ સ્થળો કે જે મને ઘણી મહેનતે પણ નહોતા ઉકેલાતા તે તેઓશ્રીની સહાયથી ઉકેલાયા છે. શ્રાદ્ધવર્ય પંડીતપ્રવર શ્રી ***રાજુભાઈ સંઘવી*** (ડીસા) કે જેઓ વ્યાકરણ, કર્મગ્રંથાદિના અધ્યાપન વિષયક ખૂબ સારું કૌશલ્ય ધરાવે છે, તેમની પાસે મારો ૩.૨ અધ્યાય સુધીનો લઘુવૃત્તિનો અભ્યાસ થયો છે. આ બધા ઉપકારીઓની સાથે સ્વ-પર વ્યાકરણના ગ્રંથકારો અને ટીકાકારો કે જેમનું સાહિત્ય મને અનુવાદમાં સહાયક નિવડ્યું છે તેમને પણ યાદ કરી વિરામ પામું છું. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ લખાણ થયું હોય તો મિચ્છામિ દુક્કડં.

**ગુરુચરણસેવી**

**મુનિ પ્રશમપ્રભવિજય**

# :: પ્રસ્તાવના ::

સાંજ પડે ને જગત આખાયને ઉજાસનું અર્પણ કરતા સૂરજ દાદા પશ્ચિમના પાલવમાં પોતાનું મુખડું સંતાડવાને તત્પર બને છે. હજું તો ઘડી-બે ઘડી વીતે ને તે એવા તો સંતાઈ જાય કે શોધ્યા'ય ન જડે. ભલે તેઓ છુપાઈ જતા હોય પરંતુ રાતના ચતુષ્પ્રહર વીતે એટલી વાર છે. પછી તો તે નવયુવાન બની જવાના અને પૂર્વ દિશાના ઉદ્ગમબિંદુથી તરત જ તેઓ આકાશપટ પર પ્રકાશ પાથરવાને પોતાના સોવનવર્ણા મુખારવિંદના દર્શન કરાવવાનાં. સૂરજ દાદાનો ઉન્મગ્ન-નિમગ્ન થવાનો આ સિલસિલો અનાદિનો છે. જૈનશાસન રૂપી આકાશમાં પણ આ રીતનો સિલસિલો પરાપૂર્વથી ચાલ્યો આવે છે. પૂરવભવ રૂપી પૂર્વ દિશાથી પોતાનો પ્રતિભા-પુંજ પાથરવાને કેટકેટલાય સૂર્યદેવો = સૂરિદેવો શાસનાકાશમાં ઉદ્ભવ્યા, અને સ્વકીય ભા-સમૂહ દ્વારા અનેક લાયક જીવોને કલ્યાણ-ઉજાસનું અર્પણ કરી શાસનાકાશને ઝળહળતું રાખી તેઓ પરલોક રૂપી પશ્ચિમના પાલવમાં નિમગ્ન થયા.

વિક્રમના અગિયારમાં સૈકામાં એક ગજબની ઘટના બની. તે સમયે શાસનાકાશમાં સૂર્યને બદલે તેના સમાન પ્રચંડ પ્રતાપી સોવનવર્ણા ચંદ્રનો ઉદય થયો. કોણ હશે આ ચંદ્ર ? આ ચંદ્ર તો એ કે જેણે તત્કાલિન સમગ્ર શ્રુતસમુદ્રને પોતાની તરફ આકર્ષી તેનું પાન કર્યુ હતું. આ ચંદ્ર તો એ કે જેણે પરતીર્થી રૂપી રાહુથી ગ્રસાવાને બદલે પોતે જ તે રાહુને ગ્રસી લીધો હતો. આ ચંદ્ર તો એ કે જેણે કૈલાશથી વહેતી ગંગાના પ્રવાહને ભુલાવી દે તેવો શ્રુત ગંગાનો ધોધ વહેવડાવ્યો હતો. કેટલું વર્ણન કરવું એ ચંદ્રનું ? બાલ્યાવસ્થામાં એ ચંદ્રનું નામ હતું **ચાંગદેવ.** દીક્ષિત થયા પછીનું નામ હતું **શ્રી સોમચંદ્ર** અને આચાર્યપદે આરૂઢ થયા પછીનું નામ હતું **શ્રી હેમચંદ્ર. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્ર સૂ. મ.** ને તેમના કાળમાં જેટલું શ્રુત વિદ્યમાન હતું તે સઘળુંય અભ્યસ્ત હોવાથી તેઓ **'કલિકાલસર્વજ્ઞ'** કહેવાયા અને માત્ર શ્રુતનો અભ્યાસ જ કર્યો એટલું નહીં તેમણે પોતાના આયુકાળ દરમિયાન સાડાત્રણ ક્રોડ (૩,૫૦,૦૦,૦૦૦) શ્લોક પ્રમાણ અભિનવ શ્રુતસાગરની રચના પણ કરી. ખરેખર શું એ પ્રતિભા હશે ! કેવા એ શીઘ્રાતિશીઘ્ર રચનાના કૌશલ્યને ધરાવનારા વ્યક્તિ હશે ! આટ આટલી રચના કરવા છતાં જેમાંથી એક પણ ક્ષતિ પ્રાપ્ત ન થઈ શકે એવું શું એમનું ભાષા અને પદાર્થો પરનું પ્રભુત્વ હશે. યોગ, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, છંદ, કાવ્ય, કોશ, સ્તોત્ર, ઈતિહાસ, આયુર્વિજ્ઞાન તેમજ નીતિશાસ્ત્ર વિગેરે અનેક ક્ષેત્રોમાંથી એવુ કયું ક્ષેત્ર હશે કે જેમાં તેમણે રચેલી પ્રવર કૃતિઓ પ્રાપ્ત ન થતી હોય. પરંતુ કમભાગ્ય છે આપણા કે આજે આપણે કલિકાલસર્વજ્ઞશ્રીએ રચેલા શ્રુત-સમંદરના કેટલાક જ શ્રુતજલનું અવગાહન કરવાના ભાગ્યને ધરાવીએ છીએ. તે આ પ્રમાણે છે -

| ગ્રંથ નામ | શ્લોક પ્રમાણ | વિષય |
|---|---|---|
| 1. સિદ્ધહેમ લઘુવૃત્તિ[A] | ૬,૦૦૦ | વ્યાકરણ |
| 2. સિદ્ધહેમ બૃહદ્‌વૃત્તિ | ૧૮,૦૦૦ | વ્યાકરણ |
| 3. સિદ્ધહેમ બૃહન્ન્યાસ (ત્રુટિત) | ૮૪,૦૦૦ | વ્યાકરણ |
| 4. સિદ્ધહેમ પ્રાકૃતવૃત્તિ | ૨,૨૦૦ | વ્યાકરણ |
| 5. લિંગાનુશાસન સટીક | ૩,૬૮૪ | વ્યાકરણ |
| 6. ઉણાદિગણ વિવરણ | ૩,૨૫૦ | વ્યાકરણ |
| 7. ધાતુપારાયણ વિવરણ | ૫,૬૦૦ | વ્યાકરણ |
| 8. અભિધાન ચિંતામણી | ૧૦,૦૦૦ | કોશ (એકાર્થક અનેક શબ્દોનો સંગ્રહ) |
| 9. અભિધાન ચિંતામણી પરિશિષ્ટ | ૨૦૪ | કોશ |
| 10. અનેકાર્થ કોશ | ૧,૮૨૮ | કોશ (એક શબ્દના અનેક અર્થોનો સંગ્રહ) |
| 11. નિઘંટુ કોશ | ૩૬૯ | કોશ (વનસ્પતિ વિષયક) |
| 12. દેશી નામમાલા | ૩,૫૦૦ | કોશ (દેશી શબ્દોનો સંગ્રહ) |
| 13. કાવ્યાનુશાસન | ૬,૮૦૦ | કાવ્ય લક્ષણ ગ્રન્થ |
| 14. છન્દોનુશાસન | ૩,૦૦૦ | છન્દ |
| 15. સંસ્કૃત દ્વયાશ્રય[B] | ૨,૮૨૮ | કાવ્ય (ચૌલુક્યવંશનો + સિદ્ધરાજના દિગ્વિજયનો ઈતિહાસ) |
| 16. પ્રાકૃત દ્વયાશ્રય | ૧,૫૦૦ | કાવ્ય (કુમારપાળ રાજાનો ઈતિહાસ) |

**(A)** કેટલાક વિદ્વાનોનું એમ કહેવું છે કે લઘુવૃત્તિ એ કલિકાલસર્વજ્ઞશ્રીની કૃતિ નથી. પરંતુ તે કાકલકાયસ્થની રચના છે. કેમ કે 'टः पुंसि ना १.४.२४' સૂત્રની લઘુવૃત્તિમાં टा પ્રત્યયનું ષષ્ઠયન્ત રૂપ टायाः દર્શાવ્યું છે, જે યુક્ત નથી. કારણ टा એ आप् પ્રત્યયાન્ત નામ નથી તેથી વિશ્વપા શબ્દના ષષ્ઠયન્ત રૂપની જેમ टः પ્રયોગ જ થવો જોઈએ. બૃહદ્વૃત્તિમાં टः પ્રયોગ દર્શાવ્યો છે. એ સિવાય 'दाश्वत्-साह्वत० ४.१.१५' સૂત્રની લઘુવૃત્તિમાં બધા દૃષ્ટાંતો दाश्वासौ, साह्वांसौ આમ દ્વિવચનમાં બતાવ્યા છે. જ્યારે બૃહદ્વૃત્તિમાં બધા દૃષ્ટાંતો दाश्वत्, साह्वत् આમ એકવચનમાં દર્શાવ્યા છે. આમ પ્રયોગોમાં જુદાઈ જોવા મળે છે.

**(B)** એક બાજું ચરિત્રનું વર્ણન અને બીજી બાજું વ્યાકરણના સૂત્રક્રમ પ્રમાણે ઉદાહરણોનું નિરૂપણ આમ એકસાથે બે કાર્યો કર્યા હોવાથી કાવ્યનું 'દ્વયાશ્રય' નામ આપ્યું છે. અથવા સંસ્કૃત અને પ્રાકૃત આ બે ભાષામાં લખાયું છે માટે 'દ્વયાશ્રય' નામ આપ્યું છે.

| ગ્રંથ નામ | શ્લોક પ્રમાણ | વિષય |
|---|---|---|
| **17.** ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર (૧૦ પર્વ) | ૩૨,૦૦૦ | કાવ્ય (તીર્થંકર, ચક્રવર્તી આદિનો ઈતિહાસ) |
| **18.** પરિશિષ્ટ પર્વ | ૩,૫૦૦ | કાવ્ય (જંબુસ્વામી આદિનો ઈતિહાસ) |
| **19.** અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા | ૩૨ | કાવ્ય (અન્યદર્શનના મતોનું નિરાકરણ) |
| **20.** અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા | ૩૨ | કાવ્ય (જૈનદર્શન પરના આક્ષેપોનું પરિમાર્જન) |
| **21.** વીતરાગ સ્તોત્ર | ૧૮૮ | સ્તોત્ર |
| **22.** મહાદેવ સ્તોત્ર | ૪૪ | સ્તોત્ર |
| **23.** યોગશાસ્ત્ર | ૧૨,૭૫૦ | યોગ |
| **24.** પ્રમાણ મીમાંસા (અપૂર્ણ) | ૨,૫૦૦ | ન્યાય |
| **25.** વેદાંકુશ | ૧,૦૦૦ | સંગ્રહાત્મક |
| **26.** સપ્તતત્ત્વ પ્રકરણ | ૧૪૦ | પ્રકરણ ગ્રન્થ (નવતત્ત્વ વિષયક) |

આ સિવાય 'સિદ્ધહેમશબ્દાનુશાસનં મધ્યમવૃત્તિ, રહસ્યવૃત્તિ (લગભગ ૨૫૦૦ શ્લોક પ્રમાણ), ધાતુ-પારાયણ સંક્ષેપ, અર્હન્નીતિ(નીતિશાસ્ત્ર), અર્હત્સહસ્રનામસમુચ્ચય' આ બધું શ્રુત પણ કલિકાલસર્વજ્ઞશ્રીની કૃતિ રૂપે ગણાય છે.

આનાથી અતિરિક્ત જે કાંઈ વિપુલ પ્રમાણમાં તેમણે રચેલું 'વાદાનુશાસન' વિગેરે શ્રુતજલ હતું તે સઘળુંય કાળ રૂપી અગસ્ત્ય ઋષિ પોતાના ઉદરમાં પધરાવી ગયા. આશા રાખીએ કે પ.પૂ. ઉપાધ્યાયશ્રી **યશોવિજયજી** મ. સા.એ રચેલ યોગવિંશિકાની ટીકા ગુમ થયા બાદ વર્ષો પછી જેમ પાછી મળી ગઈ, તેમ પ.પૂ. કલિકાલસર્વજ્ઞશ્રીની રચનાઓ પણ કાળનો કોળીઓ ન બનતા ક્યાંકથી આપણને પ્રાપ્ત થાય. કલિકાલસર્વજ્ઞશ્રીનું જીવન અનેકાનેક રસપ્રચૂર ઘટનાઓથી સભર છે. પરંતુ તે ઘટનાઓ એટલી પ્રચલિત છે કે તેનું વર્ણન કરવું અહીં દીવડા દ્વારા સૂર્યના દર્શન કરાવવા જેવું થાય. માટે હાલ તેમના સમગ્ર જીવન પર દૃષ્ટિપાત ન કરતા માત્ર સિદ્ધહેમ વ્યાકરણની ઉત્પત્તિને લગતા યત્કિંચિત્ અંશનું જ અવલોકન કરશું.

કલિકાલસર્વજ્ઞશ્રીની વ્યાકરણની રચનાના મૂળમાં ગુર્જરેશ **સિદ્ધરાજ જયસિંહ** છે. બન્યું એવું કે સાહસપ્રિય સિદ્ધરાજે માલવ દેશ પર વિજય મેળવ્યો. અને તેમાં તેમને જેમ અપાર સંપત્તિની પ્રાપ્તિ થઈ, તેમ માલવપતિ **ભોજરાજ** ના જ્ઞાનભંડારની પણ સંપ્રાપ્તિ થઈ. ભંડાર પાટણ લાવવામાં આવ્યો. અને જોયું તો તેમાં રાજા ભોજે

રચેલા લક્ષણશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વૈદ્યક શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર, શકુન શાસ્ત્ર, નિમિત્ત શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર વિગેરે કેટકેટલાય વિષયોના ગ્રંથો જોવામાં આવ્યા. તે પૈકી 'લક્ષણ શાસ્ત્ર' નામના ગ્રંથને ઉદ્દેશીને સિદ્ધરાજે પૂછયું ''આ શું છે ?'' ત્યારે કલિકાલસર્વજ્ઞશ્રીએ કહ્યું કે ''આ તો વિદ્વાન ભોજરાજે રચેલ ***ભોજવ્યાકરણ*** છે.'' આ સાંભળતા જ સિદ્ધરાજને આ વાત દાઢે ભરાયેલાં અન્નની જેમ ખટકી. કેમ કે તેમની પાસે અપાર સામ્રાજ્ય, વિશાળ સૈન્યબળ, લખલૂટ સંપત્તિ, સુખી પ્રજા વિગેરે બધાં જ કીર્તિકર પરિબળો હતા, પરંતુ તેમની સભામાં ગુજરાતને તેમજ પોતાને ગૌરવ અપાવે એવા વિદ્વાનોની અને ભંડારોમાં વ્યાકરણ આદિ ગ્રંથોની ગેરહાજરી વર્તતી હતી. સિદ્ધરાજે કહ્યું ''શું આપણા ભંડારોમાં આવા કોઈ શાસ્ત્રો નથી ? અને શું આખા'ય ગુજરાતમાં એવો કોઈ વિદ્વાન ન મળે કે જે આવા વ્યાકરણાદિ શાસ્ત્રોની રચના કરી શકે ?'' વાત સાંભળી આખી સભામાં ખળભળાટ મચ્યો અને સભાસીન સઘળાય વિદ્વાનો એકબીજાનું મોઢું તાકી રહ્યા. છેલ્લે સૌ કોઈની દૃષ્ટિ કલિકાલસર્વજ્ઞશ્રી ઉપર ઠરી અને સિદ્ધરાજે ભક્તિ પૂર્વક તેમને કહ્યું ''પ્રભુ ! હાલ આખા ગુજરાતમાં કાલાપ = કાતંત્ર વ્યાકરણ ભણાવવામાં આવે છે. પરંતુ તે અતિસંક્ષિપ્ત હોવાથી તેના દ્વારા સંસ્કૃત ભાષાનો પરિપૂર્ણ બોધ થઈ શકતો નથી. વળી પાણિનિનું વ્યાકરણ છે. પરંતુ બ્રાહ્મણો તેને વેદના અંગ રૂપે માનતા હોવાથી તેઓ ગર્વથી બીજાને પાણિનિ વ્યાકરણના અધ્યાપન માટે અયોગ્ય ગણે છે. માટે હે મુનીશ્વર ! આપ વિશ્વજનોના ઉપકારને માટે એક અભિનવ વ્યાકરણની રચના કરી મારા મનોરથને પૂર્ણ કરો. જેથી મારો યશ વધે અને આપને ખ્યાતિ તથા પુણ્યની પ્રાપ્તિ થાય.'' સિદ્ધરાજની વિનંતી સાંભળી કલિકાલસર્વજ્ઞશ્રીએ તે સ્વીકારી અને તેમણે કાશ્મિર સ્થિત ભારતી દેવીના ભંડારમાંથી વ્યાકરણના આઠ પુસ્તકો વિગેરે સામગ્રી મેળવવા કહ્યું. તે કાળમાં કાશ્મિર વિદ્વાન પંડિતોથી પરિવરેલો દેશ હોવાથી 'શારદા દેશ' કહેવાતો હતો. સિદ્ધરાજે આવશ્યક સઘળી સામગ્રી આચાર્ય ભગવંતના કહ્યા પ્રમાણે મેળવી આપી. બસ, પછી તો આઠે વ્યાકરણનું અવલોકન કરી સરસ્વતીલબ્ધપ્રસાદ કલિકાલસર્વજ્ઞશ્રીએ માત્ર એક વર્ષની ટૂંકી સમયમર્યાદામાં સવાલાખ (૧,૨૫,૦૦૦) શ્લોક પ્રમાણ અષ્ટાધ્યાયી વ્યાકરણની રચના કરી. આ વ્યાકરણ સૂત્રપાઠ, સવૃત્તિ ગણપાઠ, ઊણાદિગણ વિવરણ, ધાતુપાઠ અને લિંગાનુશાસન આ પાંચ અંગોવાળું હોવાથી પંચાંગ પરિપૂર્ણ હતું અને તેની પાછળ સિદ્ધરાજની પ્રેરણા હોવાથી અને આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની તે રચના હોવાથી તેનું નામ **'શ્રીસિદ્ધ-હેમચંદ્રશબ્દાનુશાસનમ્'** રાખવામાં આવ્યું. આ રીતે શ્રી સિદ્ધહેમ વ્યાકરણની ઉત્પત્તિ થઇ.

ઉપરોક્ત ઘટના સાંભળતા પ્રશ્ન થાય કે કલિકાલસર્વજ્ઞશ્રીના કાળમાં પાણિનિ, ચાંદ્ર, ભોજ, શાકટાયન, કાતંત્ર, કંઠાભરણ વિગેરે અનેક વ્યાકરણો વિદ્યમાન હતા, તો સિદ્ધરાજે વિનંતી કરવા છતાં તેમણે સિદ્ધહેમ

વ્યાકરણની રચના ન કરી હોત તો શું ન ચાલત ? શું બીજા વ્યાકરણથી કામ ચાલે તેમ નહોતું ? પરંતુ આ પ્રશ્નનો ખુલાસો ખુદ કલિકાલસર્વજ્ઞશ્રીએ જ પોતાના વ્યાકરણની પ્રશસ્તિમાં કર્યો છે. તેઓશ્રી કહે છે કે ''તત્કાલિન સર્વ વ્યાકરણો અતિવિસ્તૃત, કઠિન તેમજ ક્રમભંગ આદિ દોષોથી દૂષિત હતા. માટે 'શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનમ્' વ્યાકરણની રચના કરવામાં આવી છે.[A]'' વ્યાકરણ અતિવિસ્તૃત ન હોવું જોઈએ. કેમ કે તેને ભણવા વિદ્યાર્થીએ ખૂબ પરિશ્રમ ઉઠાવવો પડે છે. એવી જ રીતે તે વિશકલિત સૂત્રોવાળું પણ ન ચાલે. કેમ કે જો સૂત્રોની રચના પ્રકરણશઃ ન કરી હોય તો પ્રયોગની સિદ્ધિ કે સંધિ વિગેરે કરવા જુદા જુદા પાદ કે અધ્યાયોમાં વિખેરાયેલાં તે સૂત્રોનું સંકલન કરતા અભ્યાસુનો દમ નીકળી જાય. તે જ રીતે વ્યાકરણ અતિસંક્ષિપ્ત પણ ન હોવું જોઈએ, કેમ કે તેનાથી જોઈએ એવી શબ્દોની વ્યુત્પિત્તિ ન થઈ શકે અને ટૂંકી રજુઆત થવાને કારણે તેમાં કહેલી વાત ભણનારને શીરાની જેમ ગળે ન ઉતરે. તેથી વ્યાકરણ ઝટ સમજાય એવા આવશ્યક વિસ્તારવાળું અને નકામા વિસ્તાર વિનાનું હોવું જોઈએ. કાતંત્ર વ્યાકરણમાં અંદાજે માત્ર ૧૪૦૦-૧૫૦૦ સૂત્રો છે, જ્યારે પાણિનીય સંસ્કૃત-વ્યાકરણ ૩૯૯૫[B] સૂત્રો ધરાવે છે. સૂત્રોના આ બન્ને આંકડાને ધ્યાનમાં લઈએ તો સમજી શકાય છે કે સંસ્કૃત ભાષાને આવરવા **'પાણિનિ ઋષિ'** ને જો ૩૯૯૫ સૂત્રો રચવા પડયાં, તો કાતંત્રકાર **'શર્વવર્મ'** ૧૪૦૦ જેટલાં સૂત્રોમાં સમગ્ર સંસ્કૃત ભાષાને શી રીતે આવરી શકે ? અને તેમાંય કહેવાય છે કે શર્વવર્મએ તો લગભગ ૯૫૨ સૂત્રો જ રચ્યા હતા અને બાકીના તો પાછળથી **વરરુચિ** દ્વારા ઉમેરવામાં આવ્યા છે. આમ કાતંત્ર વ્યાકરણ અતિસંક્ષિપ્ત છે. જ્યારે પાણિનીય સંસ્કૃત વ્યાકરણ અતિવિસ્તારવાળું છે, કેમ કે જે સંસ્કૃત ભાષાને સમજાવવા તેમાં ૩૯૯૫ સૂત્રો બનાવવા પડ્યા, તે સમજાવવા 'શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્' વ્યાકરણને માત્ર ૩૫૬૬ સૂત્રોની જરૂર પડી. વળી પાણિનિ વ્યાકરણના સૂત્રો પ્રકરણશઃ પણ નથી. અર્થાત્ સંજ્ઞાને લગતા સૂત્રો એકસાથે સંજ્ઞાપ્રકરણમાં, સ્ત્રી-પ્રત્યયને લગતા બધા સૂત્રો સ્ત્રી-પ્રત્યય પ્રકરણમાં, આમ સૂત્રો પ્રકરણોમાં ગોઠવાયેલા નથી. *(આ રીતે સૂત્રો વિશકલિત = વિખરાયેલાં હોવાથી અભ્યાસુઓને ભણવામાં તકલીફ પડવાને કારણે વચ્ચેના કાળમાં પાણિનિ વ્યાકરણનું ચલણ ઘટવા લાગ્યું હતું. તેને વધારવા* ***ભટ્ટોજી દીક્ષિતે*** *વિ.સં. ૧૬૫૭ થી ૧૭૦૦ વચ્ચેના કાળમાં પાણિનિ વ્યાકરણના સૂત્રોને પ્રકરણશઃ ગોઠવી સિદ્ધાન્ત કૌમુદી ગ્રંથની રચના કરવી પડી હતી.)* જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં સૂત્રો વ્યવસ્થિત રીતે પ્રકરણોમાં ગુંથાયેલા છે. જેમ કે -

---

**(A)** **तेनातिविस्तृतदुरागमविप्रकीर्णशब्दानुशासनसमूहकदर्थितेन।**
**अभ्यर्थितो निरुपमं विधिवद् व्यधत्त, शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः।।**

**(B)** **चतुःसहस्त्री सूत्राणां पञ्चसूत्रविवर्जिता। अष्टाध्यायी पाणिनीया सूत्रैर्माहेश्वरैः सह।।**

| ક્રમ | પ્રકરણ નામ | અધ્યાય | પાદ |
|---|---|---|---|
| 1 | સંજ્ઞા પ્રકરણ | ૧ | ૧ |
| 2 | સ્વરસંધિ પ્રકરણ | ૧ | ૨ |
| 3 | વ્યંજનસંધિ પ્રકરણ | ૧ | ૩ |
| 4 | નામ પ્રકરણ | ૧ | ૪ |
| | નામ પ્રકરણ | ૨ | ૧ |
| 5 | કારક પ્રકરણ | ૨ | ૨ |
| 6 | ષત્વ-ણત્વ પ્રકરણ | ૨ | ૩ |
| 7 | સ્ત્રી-પ્રત્યય પ્રકરણ | ૨ | ૪ |

| ક્રમ | પ્રકરણ નામ | અધ્યાય | પાદ |
|---|---|---|---|
| 8 | સમાસ પ્રકરણ | ૩ | ૧-૨ |
| 9 | આખ્યાત પ્રકરણ | ૩ | ૩-૪ |
| | આખ્યાત પ્રકરણ | ૪ | ૧-૪ |
| 10 | કૃદન્ત પ્રકરણ | ૫ | ૧-૪ |
| 11 | તદ્ધિત પ્રકરણ | ૬ | ૧-૪ |
| | | ૭ | ૧-૪ |
| 12 | પ્રાકૃત વ્યાકરણ | ૮ | ૧-૪ |

બીજું કહીએ તો પાણિનિ વ્યાકરણમાં વચ્ચે વચ્ચે વૈદિક વ્યાકરણના સૂત્રો પણ ગોઠવાયેલા છે. જે તેની સર્વ-પાર્ષદતામાં = સર્વગ્રાહ્યતામાં હાનિ પહોંચાડવાનું કામ કરે છે. જે લોકો વેદના અભ્યાસને ન ઇચ્છતા હોય તેમને પાણિનિ વ્યાકરણના અભ્યાસ દરમિયાન વચ્ચે વચ્ચે આવતા વૈદિક પ્રયોગને લગતા સૂત્રોનું કમને પણ અધ્યયન કરવું અનિવાર્ય બને છે. પાણિનિ વ્યાકરણની અનુપાદેયતામાં આ પણ એક નોંધપાત્ર પરિબળ ગણાય. વ્યાકરણ હંમેશા સર્વગ્રાહ્ય હોવું જોઈએ. કલિકાલસર્વજ્ઞશ્રીએ શ્રી સિદ્ધહેમ વ્યાકરણની રચનામાં આ વાતની ખૂબ ચોકસાઇ રાખી છે. તેઓશ્રી જૈન ધર્મના અનુયાયી સૂરિવર હતા છતાં વ્યાકરણમાં સર્વત્ર તેઓશ્રી લોકપ્રચલિત વાતને અનુસર્યા છે. જેમ કે જૈનો વનસ્પતિને પ્રાણી તરીકે સ્વીકારે છે. કેમકે ૫ ઇન્દ્રિય, ૩ બળ, શ્વાસોચ્છ્વાસ તથા આયુષ્ય આ દશ પ્રાણો છે અને તે પૈકી વનસ્પતિના જીવો પણ ૪ પ્રાણોને ધારણ કરે છે, પરંતુ લોક વનસ્પતિને પ્રાણી તરીકે નથી સ્વીકારતું, તેથી કલિકાલસર્વજ્ઞશ્રીએ પણ ૨.૪.૩૮[(A)] સૂત્રના બૃહન્ન્યાસમાં ખુલાસો કરી વ્યાકરણમાં વનસ્પત્યાદિ એકેન્દ્રિય જીવોને પ્રાણી તરીકે નથી લીધા અને માત્ર બેઇન્દ્રિયાદિ ત્રસ (પોતાની ઇચ્છા મુજબ હાલીચાલી શકે એવા) જીવોને જ પ્રાણી તરીકે ગણાવ્યા છે. એવી જ રીતે જૈનદર્શન સમવાયને સંબંધ તરીકે નથી સ્વીકારતું. પરંતુ લોકમાં તે સંબંધ રૂપે પ્રચલિત છે, માટે ૧.૪.૭[(B)] સૂત્રના બૃહન્ન્યાસમાં સમવાયનો પણ સંબંધ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે ''વ્યાકરણની શરૂઆતમાં ફક્ત જૈનોને જ માન્ય હોય એવા 'अर्हं १.१.१' અને 'सिद्धिः स्याद्वादात् १.१.२' આ બે સૂત્રો રચ્યા છે, તો સિદ્ધહેમ વ્યાકરણની સર્વગ્રાહ્યતા ક્યાં ટકી ? કેમ કે 'અર્હં' મંત્રાક્ષર કેવળ જૈનોના ઉપાસ્ય **'અરિહંત'** દેવનો વાચક છે અને સ્યાદ્વાદ પણ જૈનોને જ માન્ય છે.'' પરંતુ આ પ્રશ્ન અસ્થાને છે. કેમ કે 'અર્હં' મંત્ર જેમ

(A) आयुरुच्छ्वासबलेन्द्रियाणि प्राणाः, ते येषां सन्ति ते प्राणिनः, ते चेह 'प्राण्यौषधिवृक्षेभ्योऽवयवे च ६.२.३१' इति प्राणिग्रहणानन्तरं वृक्षौषधिग्रहणाद् द्वीन्द्रियादयस्त्रसा उच्यन्ते (बृ.न्यास २.४.३८)

(B) संयोग-समवायलक्षणसम्बन्धे यदा बहुव्रीहिस्तदा तद्गुणसंविज्ञानं भवति। (बृ. न्यास १.४.७)

અરિહંત પરમાત્માનો વાચક છે તેમ તે જૈનેતર લોકના ઉપાસ્ય **'બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ**[A]**'** નો પણ વાચક છે. એવી જ રીતે વ્યાકરણની સર્વગ્રાહ્યતા માટે સ્યાદ્વાદના આશ્રયે જવું ખૂબ જરૂરી છે. કેમ કે કો'ક દર્શનકાર શબ્દને એકાંતે નિત્ય માને છે, તો બીજા એકાંતે અનિત્ય માને છે. વળી **શબ્દાદ્વૈતવાદીઓ** આખા વિશ્વની ઉત્પત્તિ શબ્દમાંથી (શબ્દબ્રહ્મમાંથી) થયેલી સ્વીકારે છે, જ્યારે **નૈયાયિકો** શબ્દને આકાશદ્રવ્યમાંથી ઉત્પન્ન થયેલો સ્વીકારે છે. એકનો એક 'ફૂલ' શબ્દ અંગ્રેજ વ્યકિત માટે ગાળ રૂપ બને છે. જયારે અંગ્રેજીના અજ્ઞ હિન્દી-ગુજરાતી ભાષીને મિષ્ટવચન લાગે છે. *(અર્થાત્ એકના એક શબ્દમાં અપશબ્દની પ્રતીતિનું ઉત્પાદકત્વ અને મિષ્ટ વચનની પ્રતીતિનું ઉત્પાદકત્વ; આમ વિરુદ્ધ ધર્મો રહેલા છે.)* આ બધા સ્થળે જો એકાન્તનો = નિરપેક્ષપણે એક પક્ષનો આશ્રય કરવામાં આવે તો બીજો પક્ષ પ્રક્ષિપ્ત થવાથી દુભાય, તેથી વ્યાકરણની સર્વગ્રાહ્યતા હણાય. પણ જો સ્યાદ્વાદના = અનેકાન્તવાદના શરણે જઈએ તો તે દરેક પક્ષને સાપેક્ષપણે સ્વીકારતો હોવાથી હરકોઈ પક્ષ જળવાઈ જવાથી વ્યાકરણની સર્વપાર્ષદતા અક્ષુણ્ણ રહે. આમ સ્યાદ્વાદ તો વ્યાકરણની સર્વપાર્ષદતામાં અતિ ઉપકારી છે. હવે કોઈ એમ કહે કે "સ્યાદ્વાદથી ભલે બધા પક્ષ જળવાઈ જતા હોય, પરંતુ તે બધા પક્ષને જાળવવા માટે વપરાયેલો સ્યાદ્વાદ કોઈ એકાંતવાદી પક્ષને માન્ય નથી, માટે શ્રી સિદ્ધહેમ વ્યાકરણની સર્વપાર્ષદતામાં કાણું પડ્યા વગર રહેતું નથી." તો એમ કહેવું પણ ઉચિત નથી. કેમ કે 'सिद्धिः स्याद्वादात् १.१.२' સૂત્રનો જેમ જૈનોને માન્ય એવો 'કોઈ પણ શબ્દની સિદ્ધિ સ્યાદ્વાદથી = અનેકાંતવાદથી થાય છે' આમ અર્થ થાય છે. તેમ તેનો 'वादात् सिद्धिः स्यात्' આમ અન્વય કરી 'શબ્દની સિદ્ધિ વાદથી = તત્ત્વને જાણવાની ઈચ્છાથી થાય છે' આવો સર્વમાન્ય અર્થ પણ કરી શકાય છે. માટે શ્રી સિદ્ધહેમ વ્યાકરણની સર્વગ્રાહ્યતામાં ક્યાંય છિદ્રાન્વેષણ કરવું શક્ય નથી, અર્થાત્ તે સર્વપાર્ષદ વ્યાકરણ છે.

પાણિનિ વ્યાકરણમાં અતિવિસ્તાર થઈ ગયો છે, તેનું કારણ એ છે કે જે પ્રક્રિયા અલ્પ સૂત્રોથી ટૂંકમાં સાધી શકાય એવી છે, તેને માટે તેમાં ઘણા સૂત્રો રચી દીધા છે. જેમ કે -

**(1)**

| **પાણિનિ વ્યાકરણ** | | **સિદ્ધહેમ વ્યાકરણ** |
|---|---|---|
| सर्वादीनि सर्वनामानि १.१.२७ | | |
| सर्वनाम्नः स्मै ७.१.१४ | | |
| ङसि-ङस्योः स्मात्स्मिनौ ७.१.१५ | } | सर्वादेः स्मैस्मातौ १.४.७ |
| विभाषा दिक्समासे बहुव्रीहौ १.१.२८ | | |
| न बहुव्रीहौ १.१.२९ | | |
| पूर्वापरावरदक्षिणोत्तरा० १.१.३४ | | |
| स्वमज्ञातिधनाख्यायाम् १.१.३५ | | |
| अन्तरं बहिर्योगोपसंव्यानयोः १.१.३६ | | |

**(A)** **अकारेणोच्यते विष्णू रेफे ब्रह्मा व्यवस्थितः। हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम्।। (लघुन्यास १.१.१)**

ઉપરોકત સ્થળે પાણિનિ વ્યાકરણમાં સર્વાદિ નામોને સર્વનામ સંજ્ઞા કરનારું અલગ '૧.૧.૨૭' સૂત્ર રચ્યું છે, અને ત્યારબાદ સ્મૈ, સ્માત્ વિગેરે આદેશ કરવા અલગ '૭.૧.૧૪, ૭.૧.૧૫' આદિ સૂત્રો બનાવ્યા છે. જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં આવું કોઈ સર્વનામ સંજ્ઞાને બતાવતું સૂત્ર નથી બનાવ્યું અને સીધા જ '૧.૪.૭' વિગેરે સૂત્રોથી સ્મૈ, સ્માત્ આદિ આદેશો કર્યા છે. આમાં થયું છે એવું કે પાણિનિ ઋષિએ સર્વાદિ નામોને સર્વનામ સંજ્ઞા આપ્યા પછી સર્વાદિ નામોના પ્રયોજનવાળા હરકોઈ સૂત્રમાં સર્વનામ શબ્દનો વપરાશ કર્યો છે[A]. જ્યારે કલિકાલસર્વજ્ઞશ્રીએ સર્વત્ર સર્વાદિ શબ્દ જ વાપર્યો છે[B]. કેમ કે આ રીતે વધારાનું સંજ્ઞા સૂત્ર બનાવવું, તે ઉપરાંત બધે સર્વાદિ શબ્દને બદલે સર્વનામ શબ્દ વાપરી માત્રાકૃત ગૌરવ કરવું તે તેમને ઉચિત ન લાગ્યું. અહીં કોઈ એમ કહે કે ''પાણિનિ ઋષિએ સર્વાદિ નામોને જ સર્વનામ સંજ્ઞા આપી છે તે નકામી નથી આપી. કેમ કે તેઓશ્રી सर्वेषां नामानि = सर्वनामानि व्युत्पत्त्यनुसार સર્વનામ સંજ્ઞા પામેલાં દરેક સર્વાદિ શબ્દો દુનિયાના અખિલ પદાર્થોના વાચક બનવાના સામર્થ્યવાળા છે તેમ સૂચવવા માંગે છે અને આથી જ હરકોઈ નામના બદલામાં સર્વનામ શબ્દોનો વપરાશ થઈ શકે છે. સિદ્ધહેમ વ્યાકરણમાં આ આવશ્યક સંજ્ઞા નથી આપી માટે એટલી અધુરપ કહેવાય.'' તો આ વાત બરાબર નથી. કેમ કે મૂળ તો સર્વાદિ શબ્દોને દુનિયાના હરકોઈ પદાર્થોના વાચક તરીકે અર્થાત્ તેઓ દરેક પદાર્થોના વિશેષ નામના બદલામાં વાપરી શકાય છે તેમ બતાવવું છે, તો આ અર્થ તો સર્વાદિ શબ્દના सर्वम् आदीयते = गृह्यते अभिधेयत्वेन येन = सर्वादिः[C] (જેના દ્વારા વિશ્વની સમગ્ર વસ્તુઓ અભિધેય રૂપે = વાચ્ય રૂપે ગ્રહણ કરાય છે તે સર્વાદિ) વ્યુત્પત્તિ પરથી પણ પ્રાપ્ત થઈ શકે છે. માટે સ્પષ્ટ છે કે પાણિનિ વ્યાકરણનું '૧.૧.૨૭' સંજ્ઞા સૂત્ર નકામું છે, તથા સૂત્રોમાં બધે સર્વનામ શબ્દ વાપરવામાં માત્રાકૃત ગૌરવ પણ આવે છે.

બીજું કહીએ તો સર્વાદિ નામો અમુક અર્થમાં સર્વાદિ (પાણિનિના હિસાબે સર્વનામ) ગણાય છે અને બહુવ્રીહિ આદિ અન્યાર્થપ્રધાન - અત્યર્થપ્રધાન સમાસોમાં તેઓ સર્વાદિ ગણાતા નથી તે જણાવવા પાણિનિ વ્યાકરણમાં ઉપર દર્શાવેલાં '૧.૪.૨૮' વિગેરે અનેક સૂત્રો બનાવ્યાં છે, જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં આ રીતે જુદા સૂત્રો બનાવવા આવશ્યક નથી ગણ્યા. કેમ કે વ્યક્તિ જ્યારે સૌ પ્રથમ 'सर्वादेः स्मै-स्मातौ १.४.७' સૂત્રમાં સર્વાદિ શબ્દ જોશે એટલે તરત જ તે સર્વાદિ ગણપાઠમાં કયા કયા નામો સમાયેલા છે તે જાણવા વૃત્તિમાં નજર કરવાનો જ છે. ત્યાં તે નામો કયા અર્થમાં સર્વાદિ ગણાય છે અને બહુવ્રીહિ[D] આદિ કયા સમાસોમાં સર્વાદિ ગણાતા નથી તે જણાવી જ દીધું હોવાથી તે જણાવવા જુદા સૂત્રો બનાવવાની કોઈ આવશ્યકતા રહેતી નથી.

---

**(A)** सर्वनाम्नस्तृतीया च (पा.सू. २.३.२७), अव्ययसर्वनाम्नामकच् (पा.सू. ५.३.७२), सर्वनाम्नः स्मै (पा.सू. ७.१.१४), आमि सर्वनाम्नः सुट् (पा.सू. ७.१.५२), सर्वनाम्नः स्याड् (पा.सू. ७.३.११४) વિગેરે.

**(B)** सर्वादेः स्मै-स्मातौ १.४.७, सर्वादेर्डस्पूर्वाः १.४.१८, सर्वादयोऽस्यादौ ३.२.६१, सर्वादिविष्वग् ३.२.१२२, सर्वादेः सर्वाः २.२.११९, सर्वादेः पथ्यङ्ग ७.१.९४, सर्वादेरिन् ७.२.५९.

**(C)** ૧.૪.૭ બૃહન્ન્યાસ જુઓ.

**(D)** सर्वादेरिति षष्ठीनिर्देशेन तत्सम्बन्धिविज्ञानादिह न भवति - प्रियाः सर्वे यस्य तस्मै प्रियसर्वाय, सर्वानतिक्रान्ताय अतिसर्वाय, द्वौ अन्यौ अस्य तस्मै द्व्यन्याय, त्र्यन्याय, प्रियपूर्वाय। (१.४.७ બૃહદ્વૃત્તિ)

એવી રીતે બીજા સૂત્રો અંગે વિચારીએ તો -

**(2)**

| પાણિનિ વ્યાકરણ | | સિદ્ધહેમ વ્યાકરણ |
|---|---|---|
| બહુવચને ઝલ્યેત્ ૭.૩.૧૦૩<br>ઓસિ ચ ૭.૩.૧૧૪ | } | એદ્બહુસ્ભોસિ ૧.૪.૪ |

અહીં પાણિનિ વ્યાકરણમાં બહુવચનના સકાર - ભકારાદિ પ્રત્યયો પરમાં વર્તતા દેવેભ્યઃ, દેવેષુ વિગેરે પ્રયોગો સાધવા '૭.૩.૧૦૩' સૂત્ર બનાવ્યું છે, અને ઓસ્ પ્રત્યયને લઈને દેવયોઃ આદિ પ્રયોગ સાધવા '૭.૩.૧૧૪' સૂત્ર બનાવ્યું છે. જેથી માત્રા ગૌરવ થાય છે. જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં માત્ર 'एद् बहुस्० ૧.૪.૪' આ એક જ લાઘવયુક્ત સૂત્રથી આ સર્વ પ્રયોગો સાધી લીધા છે.

**(3)** ધેનૌ વિગેરે પ્રયોગો સાધવા પાણિનિ વ્યાકરણમાં ત્રણ સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં ખાલી બે સૂત્રોની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તેથી પાણિનિ વ્યાકરણમાં પ્રક્રિયાકૃત ગૌરવ પણ સ્પષ્ટ છે. પ્રક્રિયા આ પ્રમાણે છે -

| પાણિનીય પ્રક્રિયા | | સિદ્ધહેમ પ્રક્રિયા | |
|---|---|---|---|
| | **धेनु + ङि** | | **धेनु + ङि** |
| ✲ **पतिः समासे एव १.४.८** | **→ धेनु ने धि संज्ञा** | ✲ **ङिर्डौ १.४.२५** | **→ धेनु + डौ** |
| ✲ **अच्च धेः ७.३.११८** | **→ धेन + औ** | ✲ **डित्यन्त्य० २.१.११४** | **→ धेन+डौ=धना** |
| ✲ **आद् गुणः ६.१.८४** | **→ धेनौ** | | |

આવા નાના નાના દાખલાઓ તો કેટલાય છે. તે ઉપરાંત અન્ય વિદ્વાનોએ દર્શાવેલા પ્રચલિત દાખલાઓ પણ ઘણા છે. જેમ કે -

**(4)**

| પાણિનિ વ્યાકરણ | | સિદ્ધહેમ વ્યાકરણ |
|---|---|---|
| उपदेशेऽजनुनासिक इत् १.३.२<br>हलन्त्यम् १.३.३<br>अदर्शनं लोपः १.१.५९<br>तस्य लोपः १.३.९ | } | अप्रयोगीत् १.१.३७ |

અહીં પાણિનિ વ્યાકરણનું '૧.૩.૨' સૂત્ર ઉપદેશમાં (= પાણિનિ વ્યાકરણના અષ્ટાધ્યાયી, ધાતુપાઠ, ઊણાદિ સૂત્ર, ગણપાઠ અને લિંગાનુશાસન આ પાંચે ગ્રંથોમાં) આવતા અનુનાસિક अच् ને = સ્વરને 'ઇત્' સંજ્ઞા કરવા માટે છે. એવી જ રીતે '૧.૩.૩' સૂત્ર ઉપદેશમાં આવતા અંત્ય हल् ને = વ્યંજનને 'ઇત્' સંજ્ઞા કરવા માટે છે. ત્યારબાદ '૧.૧.૫૯' અને '૧.૩.૯' સૂત્રોથી 'ઇત્' સંજ્ઞા પામેલા સ્વર અને વ્યંજનોનો લોપ કરવામાં આવે છે. આમ પાણિનિ વ્યાકરણમાં સ્વર અને વ્યંજનને 'ઇત્' સંજ્ઞા કરનારા જુદા જુદા સૂત્રો છે, અને તે 'ઇત્' સંજ્ઞા પામેલા સ્વર-વ્યંજનનો લોપ કરવા વળી જુદા સૂત્રોનો સહારો લેવામાં આવે છે. જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં એક 'अप्रयोगीत् १.१.३७' સૂત્રમાં જ કહી દીધું કે ''આ વ્યાકરણ શાસ્ત્રમાં કહેવાયેલા જે શબ્દો (પછી તે સ્વર હોય કે વ્યંજન) લૌકિક પ્રયોગમાં ન દેખાય તે 'ઇત્' સંજ્ઞક જાણવા. 'ઇત્' સંજ્ઞા 'एति अपगच्छति इति इत्' આમ સાન્વર્થ હોવાથી 'ઇત્' સંજ્ઞા પામેલા શબ્દો સ્વયં જ લૌકિક પ્રયોગમાંથી ચાલ્યા જશે. તેમના લોપ માટે બીજા સૂત્રની સહાયની જરૂર નથી.'' આમ બધું જ કાર્ય માત્ર એક સૂત્રથી સાધી લીધું છે. તેથી લાઘવ સ્પષ્ટ છે.

**(5)** **પાણિનિ વ્યાકરણ** — **સિદ્ધહેમ વ્યાકરણ**

ધ્રુવમપાયેઽપાદાનમ્ ૧.૪.૨૪

જુગુપ્સાવિરામપ્રમાદાર્થાનામુપસંખ્યાનમ્ ૧.૪.૨૪ (વાર્તિક)

ભીત્રાર્થાનાં ભયહેતુઃ ૧.૪.૨૫

પરાજેરસોઢઃ ૧.૪.૨૬

વારણાર્થાનામિપ્સિતઃ ૧.૪.૨૭

અન્તર્ધૌ યેનાદર્શનમિચ્છતિ ૧.૪.૨૮

જનિકર્તુઃ પ્રકૃતિઃ ૧.૪.૩૦

ભુવઃ પ્રભવઃ ૧.૪.૩૧

પઞ્ચમી વિભક્તે ૨.૩.૪૨

} અપાયેઽવધિરપાદાનમ્ ૨.૨.૨૯

પાણિનિ વ્યાકરણમાં અપાદાન સંજ્ઞા કરવા ઉપરોક્ત પ્રથમ આઠ સૂત્રો જે રચ્યા છે, તેમજ माथुराःपाटलिपुत्रकेभ्यः सुकुमारतराः વિગેરે પ્રયોગસ્થળે પંચમી વિભક્તિ સાધવા જે '૨.૩.૪૨' સૂત્ર રચવામાં આવ્યું છે. તે સઘળાયનું કાર્ય સિદ્ધહેમ વ્યાકરણમાં ખાલી 'अपायेऽवधिरपादानम् २.२.२९' સૂત્રથી અપાદાન સંજ્ઞા કરી સાધી લેવામાં આવ્યું છે. કાર્ય શી રીતે સાધ્યું છે તે 'अपायेऽवधि० २.२.२९' સૂત્રના બૃહન્ન્યાસમાં જોઈ લેવું. આટલા દાખલાઓ પરથી આપણે સમજી શકશું કે પાણિનિ વ્યાકરણમાં ક્યાંક ક્યાંક અતિવિસ્તાર થઈ ગયો છે. જો કે બીજા વ્યાકરણોના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો પાણિનિ વ્યાકરણમાં ઘણી સારપ છે. કેમ કે આટલી વિશાળ સંસ્કૃત ભાષાને વ્યાકરણમાં ટૂંકમાં નહીંવત્ ક્ષતિઓ કરી સમાવી લેવી એ કાંઇ સહેલી વાત નથી. છતાં જે થોડું ઘણું લંબાણ થઈ ગયું છે અને મામૂલી ક્ષતિઓ રહી ગઈ છે તે જ અહીં દર્શાવવામાં આવે છે.

પાણિનિ ઋષિની એક ક્ષતિ એ છે કે તેમણે પોતાના વ્યાકરણમાં પૂર્વના ઐન્દ્રાદિ વ્યાકરણોમાં તેમજ અનેક શાસ્ત્રોમાં વપરાયેલી પ્રસિદ્ધ એવી સ્વર, વ્યંજન, ઘોષ, અઘોષ, અંતસ્થા વિગેરે સંજ્ઞાઓનો વપરાશ નથી કર્યો, પરંતુ લાઘવ[A] કરવાની ભાવનાથી અચ્ , હલ્ , હશ્ , ખર્ , યણ્ વિગેરે પોતાની મૌલિક સંજ્ઞાઓનો વપરાશ કર્યો છે કે જે દૂષિત છે. અચ્ આદિ સંજ્ઞાઓ કરવામાં દોષ શી રીતે આવે છે ? તે જાણતા પહેલાં ટૂંકમાં આપણે લાઘવ-ગૌરવની વ્યવસ્થા સમજી લઈએ. વ્યાકરણ ભણતી વખતે આ ન્યાય તમારા સાંભળવામાં ઘણીવાર આવ્યો હશે કે '**अर्धमात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः**' વ્યાકરણકારો પોતાના વ્યાકરણનું કદ અડધી માત્રા જેટલું પણ જો ઘટાડી શકે તો એ વાત તેમને માટે પુત્રજન્મોત્સવ બરાબર છે. આનું કારણ એ છે કે વ્યાકરણ એ અતિ લાંબુ શાસ્ત્ર છે. માટે તેને ભણવા વિદ્યાર્થીએ ખૂબ પરિશ્રમ ઉઠાવવો પડે છે. જેમ પગપાળા લાંબો પ્રવાસ ખેડનારને શરૂઆતમાં તો મઝા આવે, પણ છેલ્લે ઠુંસ નીકળી જતી હોય છે, તેમ વ્યાકરણમાં પણ છેલ્લે જ્યારે તદ્ધિત પ્રકરણ ચાલતું હોય ત્યારે અભ્યાસુને નાકે દમ આવી જતો હોય છે. માટે અભ્યાસુઓ અધ્યયન માટે તેવું જ વ્યાકરણ પસંદ કરવાના જે પરિપૂર્ણ બોધ કરાવે અને તેનું કદ નાનું હોય. આથી હરકોઈ વ્યાકરણકાર પોતાના વ્યાકરણની ઉપાદેયતા વધારવા તેને શક્ય પ્રયત્ને લઘુ બનાવવા ઈચ્છે છે, આમ વ્યાકરણકારોમાં લાઘવનું ખૂબ મહત્ત્વ છે અને ગૌરવ દોષ રૂપ ગણાય છે. દર્શનશાસ્ત્રોમાં લાઘવ-ગૌરવ ત્રણ પ્રકારના બતાવ્યા છે : **ઉપસ્થિતિકૃત, સંબંધકૃત** અને **શરીરકૃત**. જ્યારે શબ્દશાસ્ત્રમાં = વ્યાકરણમાં બે પ્રકારના લાઘવ-ગૌરવ માનવામાં આવ્યા છે; એક **માત્રાકૃત** અને બીજું **પ્રક્રિયાકૃત**. અહીં કોઈ એમ કહે કે "પ્રક્રિયાકૃત અને માત્રાકૃત લાઘવ-ગૌરવ વ્યાકરણશાસ્ત્રમાં જ જોવા મળે છે અને દર્શનશાસ્ત્રોમાં નથી જોવા મળતું , એનું શું કારણ ?" તો એનું કારણ એ કે વ્યાકરણમાં એકની એક સંસ્કૃત ભાષાનું માળખું ગોઠવવાનું હોય છે. તેથી તેમાં જે વ્યાકરણકાર ઓછામાં ઓછાં શબ્દોવાળું અને અલ્પ પ્રક્રિયામાંથી પસાર થવા છતાં સંસ્કૃત ભાષાના તમામ રૂપોની સચોટ સિદ્ધિ કરી આપે એવું માળખું ગોઠવે તેનું વ્યાકરણ શિરમોર ગણાય છે. આ કારણસર વ્યાકરણમાં માત્રાકૃત અને પ્રક્રિયાકૃત લાઘવ-ગૌરવની વિચારણા કરવામાં આવે છે. જ્યારે દર્શનશાસ્ત્રોમાં એકના એક જ પદાર્થોનું માળખું ગોઠવવાનું હોય છે એવું નથી. દરેક દર્શનકારો પોતપોતાના હિસાબે ઓછાં-વત્તા પદાર્થો માનતા હોય છે. તેમાં જે દર્શનકાર ઓછા પદાર્થો માનતા હોય તેમને પદાર્થોની રજૂઆત ટૂંકી હોવાથી ઓછા શબ્દોમાં કામ પતી જાય અને જે દર્શનકાર વધુ પદાર્થો માનતા હોય તેમને પદાર્થોની સમજાવટ લાંબી રહેવાથી વધુ શબ્દો વાપરવા પડે છે. માટે દર્શનશાસ્ત્રોમાં શબ્દોની માત્રા અને પ્રક્રિયાને લઈને લાઘવ-ગૌરવની વિચારણા કરવી શક્ય ન બને. ત્યાં તો જે દર્શનકાર પોતાના પદાર્થોને લઈને સચોટ વિશ્વવ્યવસ્થા બતાવે તેનું દર્શન શિરમોર ગણાય છે. પછી જો ઓછા પદાર્થોને લઈને સચોટ વિશ્વવ્યવસ્થા બતાવી શકાતી હોય તો એજ ગ્રાહ્ય બને છે, નહીં તો પછી વધારે પદાર્થોવાળી સચોટ વ્યવસ્થા સ્વીકારવી પડે છે.

(A) प्रत्याहारो लाघवेन शास्त्रप्रवृत्त्यर्थः (म. भाष्य)

માત્રાકૃત લાઘવ-ગૌરવમાં સૌ પ્રથમ તો માત્રા એ કાળ વિશેષ છે. એક આંખના પલકારા જેટલો કાળ તે એક માત્રા. તેમ બે પલકારા જેટલો કાળ તે બે માત્રા. આમ આગળ-આગળ સમજવું. પાણિનિ ઋષિએ માત્રાના માપદંડ તરીકે જુદા જુદા પશુ-પક્ષીઓના સૂરોને ગ્રહણ કર્યા છે. તે આ પ્રમાણે છે -

***चाषस्तु वदते मात्रां द्विमात्रं चैव वायसः। शिखी रौति त्रिमात्रं तु नकुलस्त्वर्धमात्रकम्।।***

(પાણિનીય શિક્ષા)

તેમાં હ્રસ્વ સ્વરોની એક માત્રા હોય છે. દીર્ઘ સ્વરોની બે માત્રા, પ્લુત સ્વરોની ત્રણ માત્રા અને વ્યંજનોની અર્ધ[A]માત્રા ગણવામાં આવે છે. વ્યાકરણના સૂત્રોમાં એક વ્યંજન પણ જો નકામો સાબિત થાય તો તે વ્યાકરણમાં અર્ધમાત્રા જેટલું ગૌરવ થયું કહેવાય. માટે ગૌરવ દોષને ટાળવા વ્યાકરણકારો પોતાના વ્યાકરણમાં બિનજરૂરી અક્ષર કે શબ્દનો વપરાશ વર્જે છે, અને વ્યાકરણને ટૂંકું બનાવવા અનુવૃત્તિ, અધિકાર, ન્યાય, પરિભાષાસૂત્ર, સૌત્રનિર્દેશ, સંજ્ઞા વિગેરેનો સહારો લે છે. જેમ કે -

**(a)** 'इदमदसोऽक्येव १.४.३' સૂત્રમાં જો '१.४.१' સૂત્રથી अतः પદની અને '१.४.२.' સૂત્રથી भिसः ऐस् પદોની અનુવૃત્તિ ન લેવામાં આવે તો 'इदमदसोऽक्येवातो भिस ऐस्' આવું માત્રા ગૌરવવાળું સૂત્ર બનાવવું પડે. તેથી લાઘવ માટે અનુવૃત્તિનો સહારો લેવામાં આવે છે.

---

**(A)** યદ્યપિ વ્યંજનોની અર્ધ માત્રા ભલે ગણાવી હોય, છતાં તેઓ પોતાના ઉચ્ચારણમાં કાળની અપેક્ષા રાખતા નથી. આથી જ વ્યાકરણશાસ્ત્રમાં આવો ન્યાય પણ જોવા મળે છે કે ***'स्वरकालव्यतिरेकेण व्यञ्जनानि कालान्तरं नाक्षिपन्ति'*** અર્થાત્ 'ઉચ્ચારણમાં સ્વરો જેટલો કાળ લે છે તેના સિવાય વ્યંજનો નવા કોઈ કાળની અપેક્ષા રાખતા નથી.' સમજી શકાય તેવી વાત છે કે સ્વરની સહાય વિના કેવળ ક્, ખ્ વિગેરે વ્યંજનોનું ઉચ્ચારણ જ શક્ય નથી. આથી જ કહેવાય છે કે -

***एकाकिनोऽपि राजन्ते सत्वसाराः स्वरा इव। व्यंजनानीव निःसत्त्वा परेषामनुयायिनः।।***

તમે કેવળ ક્ બોલવાનો પ્રયત્ન કરી જુઓ, તો તેમાં કોરો ક્ નહીં હોય પણ કાળની અપેક્ષા રાખતો અ ભળેલો જ હશે અને આપ્ વિગેરે સ્થળે આ સ્વરના ટેકાપૂર્વકના પ્ નું ઉચ્ચારણ કરવા જશો તો કેવળ આ ને બોલવામાં જેટલો સમય લાગશે તેટલો જ સમય આપ્ ને બોલવામાં લાગશે, અધિક નહીં. આમ વ્યંજનોની કાળ વિશેષ રૂપ અર્ધમાત્રા ભલે ગણાવી હોય, છતાં તેઓ પોતાના ઉચ્ચારણમાં કાળની અપેક્ષા રાખતા નથી. અહીં પ્રશ્ન થાય કે ''જો વ્યંજનોના ઉચ્ચારણમાં નવા કાળની અપેક્ષા જ ન હોય તો પછી વ્યાકરણના સૂત્રોમાં વ્યંજનોની અર્ધમાત્રા ગણીને માત્રાકૃત લાઘવ-ગૌરવની ચર્ચા શા માટે કરતા હશે ?'' પણ આનું સમાધાન એમ સમજવું કે ''ભલે વ્યંજનોના ઉચ્ચારણમાં નવા કાળની અપેક્ષા ન હોય, છતાં જેટલાં વ્યંજન વધારે હોય એટલો ઉચ્ચારણમાં પ્રયત્ન તો વધુ કરવો જ પડે છે. આથી પ્રયત્નને આશ્રયીને ગૌરવ આવી પડે છે. આમ ભલે વ્યંજનોને આશ્રયીને માત્રાકૃત = કાળાશ્રિત ગૌરવ બતાવ્યું હોય, પરંતુ તેને ઉપચરિત = કલ્પિત સમજવું અને વાસ્તવિકતાએ તેને પ્રયત્નાશ્રિત ગૌરવ રૂપે ગ્રહણ કરવું.'' કેટલાક વ્યાકરણકારો 'વ્યંજનોના ઉચ્ચારણમાં વધુ કાળ અપેક્ષિત છે' તેવું માને છે. (જુઓ १.४.६६ બૃહન્ન્યાસ)

**(b)** 'घुटि १.४.६८' સૂત્ર પછીના १.४ પાદના મોટા ભાગના સૂત્રોમાં વારંવાર घुटि શબ્દ મુકીને ગૌરવ કરવું, તેના કરતા 'घुटि १.४.६८' આવું એક અધિકાર[A] સૂત્ર બનાવી દીધું. આવી જ રીતે લાઘવાર્થે 'प्राग्जितादण् ६.१.१३' સૂત્રથી अण् નો અધિકાર ચલાવવામાં આવ્યો છે.

**(c)** 'आपो ङितां यै-यास्-यास्-याम् १.४.१७' સૂત્રથી ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયનો ક્રમશઃ यै, यास्, यास् અને याम् આદેશ કરવો છે. તો તેને માટે જો **'यथासङ्ख्यमनुदेशः समानाम्'** ન્યાયનો સહારો ન લેવામાં આવે તો તે સૂત્ર કાં તો 'आपो ङितां यथासङ्ख्यं यै-यास्-यास्-याम्' આવું બનાવવું પડે.

---

**(A)** કલિકાલસર્વજ્ઞશ્રીએ સિદ્ધહેમ વ્યાકરણમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનો અધિકાર બતાવ્યો છે :

**(i)** જ્યાં તેઓશ્રી જુદું (= સ્વતંત્ર) અધિકાર સૂત્ર રચે છે ત્યાં અમુક ચોક્કસ સૂત્રોમાં જ તે અધિકાર ચાલે છે. આવો અધિકાર પાદ પૂર્ણ થાય ત્યાં સુધી અનુવર્તે છે. જેમ કે - घुटि પદના અધિકાર માટે 'घुटि १.४.६८' આમ જુદું અધિકાર સૂત્ર બનાવ્યું છે. તે અધિકાર જેમાં નિમિત્ત વિશેષનું ઉપાદાન કર્યું હોય એવાં 'अनडुह सौ १.४.७२' , 'आ अम्-शसोऽता १.४.७५' વિગેરે સૂત્રોમાં ન અનુવર્તતા નિમિત્ત વિશેષના ઉપાદાન વિનાના 'अचः १.४.६९' આદિ અમુક ચોક્કસ સૂત્રોમાં જ અનુવર્તે છે અને અનુવૃત્તિ १.४ પાદ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલ્યા કરે છે.

**(ii)** જ્યાં તેઓશ્રી જુદું અધિકાર સૂત્ર રચે છે અને અધિકાર અમુક ચોક્કસ સૂત્રોમાં અનુવર્તતો પાદ પૂર્ણ થયા પછી પણ ચાલ્યા જ કરે છે, ત્યાં તેઓશ્રી જુદા રચેલા અધિકાર સૂત્રમાં તે અધિકાર જ્યાં સુધી ચાલવાનો હોય તેની મર્યાદાને દર્શાવતું પદ મૂકે છે. જેમ કે - अण् પ્રત્યયના અધિકાર માટે 'प्राग् जितादण् ६.१.१३' આવું જુદું અધિકાર સૂત્ર બનાવ્યું છે. હવે તે अण् પ્રત્યયનો અધિકાર 'अत इञ् ६.१.३१' આદિ અપવાદના વિષયને છોડીને અપત્યાદિ અર્થવાળા અમુક ચોક્કસ સૂત્રોમાં જ અનુવર્તે છે. અને ६.१ પાદ પૂર્ણ થયા પછી પણ તેની અનુવૃત્તિ છેક ६.३ પાદ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. આવા સ્થળે 'प्राग् जितादण् ६.१.१३' સૂત્રમાં અધિકારની મર્યાદાને સૂચવતું 'प्राग् जिताद्' પદ મૂક્યું છે. જેથી ખબર પડે કે अण् પ્રત્યયનો અધિકાર નિમિત્તાર્થક 'तेन जित० ६.४.२' સૂત્રની પૂર્વના ६.३ પાદ પૂર્ણ થાય ત્યાં સુધીના અપત્યાદિ અર્થવાળા સૂત્રોમાં ચાલવાનો છે.

**(iii)** જ્યાં અધિકાર ગંગાપ્રવાહની જેમ દરેક સૂત્રમાં ચાલ્યા કરતો હોય ત્યાં તેઓશ્રી જુદું અધિકાર સૂત્ર નથી બનાવતા. પરંતુ અધિકારને અટકાવવા યત્ન અવશ્ય કરે છે. જેમ કે - 'एदोतः पदान्तेऽस्य लुक् १.२.२७' આ વિધિસૂત્રથી આગળના દરેક સૂત્રોમાં પદાન્ત શબ્દની અનુવૃત્તિ ગંગાપ્રવાહની જેમ ચાલ્યા જ કરે છે. તો અહીં પદાન્ત શબ્દની અનુવૃત્ત્યર્થે જુદું સૂત્ર નથી બનાવ્યું. પરંતુ તે અનુવૃત્તિને અટકાવવા 'स्वरेभ्यः १.३.३०' સૂત્રમાં વ્યાપ્ત્યર્થે બહુવચન કર્યું છે. વધુ દૃષ્ટાંતો 'घुटि १.४.६८' સૂત્રના વિવરણમાં જોવા.

આ સિવાય 'तृतीयस्य पञ्चमे १.३.१' સૂત્રમાં 'अञ्वर्गात् स्वरे वोऽसन् १.२.४०' સૂત્રથી असत् પદનો मंडूकप्लुति અધિકાર લેવામાં આવ્યો છે તથા 'स्त्रिया ङितां वा० १.४.२८' સૂત્રમાં અન્યકારનો મત સિદ્ધ કરવા તેના પછીના 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી स्त्री શબ્દનો सिंहावलोकित અધિકાર લેવામાં આવ્યો હોય તેમ લાગે છે.

અથવા 'आपो ङेः यैः ङसेः याः ङसः याः ङेः याम्' આવું બનાવવું પડે, જેમાં ગૌરવ થાય છે. માટે લાઘવાર્થે ન્યાયનો સહારો લેવામાં આવે છે.

**(d)** 'वाष्टन आः स्यादौ १.४.५२' સૂત્રથી અષ્ટન શબ્દના અંત્ય ન્ નો વિકલ્પે આ આદેશ કરવો છે. હવે જો 'षष्ठ्यान्त्यस्य ७.४.१०५' પરિભાષાના સહારે અષ્ટનઃ પદનો 'અષ્ટન્ શબ્દના અંત્ય ન્ નો' આવો અર્થ ન કરવામાં આવે તો તે સૂત્ર 'वाष्टनोऽन्त्यस्य आः स्यादौ' આવું માત્રા ગૌરવવાળું બનાવવું પડે. માટે લાઘવાર્થે વ્યાકરણમાં પરિભાષાનો સહારો લેવો જરૂરી છે.

**(e)** વ્યાકરણમાં લાઘવ માટે સૌત્રનિર્દેશ પણ કરવામાં આવે છે. આ સૌત્રનિર્દેશ એટલે વ્યાકરણની મર્યાદા બહારના પ્રયોગો. જેમ કે 'वौष्ठौतौ समासे १.२.१७' સૂત્રમાં वौष्ठौतौ સ્થળે સમાસની મર્યાદા પ્રમાણે ***'सूत्रत्वात् समाहारः'*** ન્યાયથી નપુંસકલિંગ એકવચનમાં સમાહારદ્વન્દ્વ સમાસ થવો જોઈએ, અર્થાત્ वौष्ठौतौ સ્થળે થયેલાં સમાહારદ્વન્દ્વ સમાસનો પ્રયોગ નપુંસકલિંગ એકવચનમાં થવો આવશ્યક હોવાથી પ્રયોગ वौष्ठौतुनि થવો જોઈએ. પરંતુ તેમાં માત્રા ગૌરવ થતું હોવાથી સૂત્રકારશ્રીએ લાઘવ માટે સમાસની મર્યાદાને ઓળંગીને પુલ્લિંગ એકવચનમાં वौष्ठौतौ આવો સૌત્રનિર્દેશ કર્યો છે. એવી જ રીતે 'आपो ङितां यै-यास्-यास्-याम् १.१.१७' સૂત્રથી ङिताम् = ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયોના પ્રત્યેકના यै, यास्, यास् અને याम् આદેશ નથી કરવા, પરંતુ ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** ન્યાયથી ક્રમશઃ તેઓના यै, यास्, यास् અને याम् આદેશ કરવા છે. તો ***'यथासङ्ख्यम्०'*** ન્યાયથી આ રીતે ક્રમશઃ આદેશ ત્યારે થઈ શકે જ્યારે આદેશી ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયો અને यै, यास्, यास् અને याम् આદેશો વચ્ચે સંખ્યાનું સામ્ય હોય અને સૂત્રોમાં તે બન્નેને બતાવતા પદોના વચનનું સામ્ય હોય, અહીં બન્ને બાજું આદેશ-આદેશી ચાર ચાર હોવાથી સંખ્યાની સમાનતા તો જળવાય છે. પરંતુ બન્નેના વાચક ક્રમશઃ ङिताम् પદ અને यै-यास्-यास्-याम् પદ વચ્ચે દેખીતી રીતે વચનનું સામ્ય ન લાગે, કેમ કે જોનારને ङिताम् પદ બહુવચનાંત લાગે અને यै-यास्-यास्-याम् પદ સમાહારદ્વન્દ્વ સમાસ પામેલું એકવચનાંત પદ લાગે. પરંતુ વાસ્તવિકતાએ यै-यास्-यास्-याम् પદ ઇતરેતરદ્વન્દ્વ સમાસ પામેલું બહુવચનાંત પદ જ છે. માત્ર તેને जस् પ્રત્યય લગાડી માત્રા લાઘવ માટે તેનો લોપ કરી વ્યાકરણની મર્યાદાને ઓળંગતો આવો સૌત્રનિર્દેશ કર્યો છે, અર્થાત् यै-यास्-यास्-यामः ના બદલે जस् પ્રત્યયને લોપી यै-यास्-यास्-याम् પ્રયોગ કર્યો છે. આમ આદેશ-આદેશી બન્નેના વાચક પદોનું વચન પણ સમાન હોવાથી યથાસંખ્ય આદેશ થઈ શકે છે. આમ વ્યાકરણમાં લાઘવ માટે સૌત્રનિર્દેશ પણ થઈ શકે છે.

**(f)** વ્યાકરણમાં અનેક સંજ્ઞાઓનો વપરાશ કરવામાં આવ્યો છે. જેમ કે - અ થી औ સુધીના વર્ણસમુદાયને ઓળખવા 'સ્વર' સંજ્ઞા વાપરી છે. क् થી ह् સુધીના વર્ણસમુદાયને ઓળખવા 'વ્યંજન' સંજ્ઞા વાપરી છે. અ થી દીર્ઘ ॡ સુધીના સ્વરો માટે 'સમાન' સંજ્ઞા વાપરી છે. તેવી રીતે સિ, औ, जस्, अम् વાપરી છે. અ થી દીર્ઘ ॡ સુધીના સ્વરો માટે 'સમાન' સંજ્ઞા વાપરી છે. તેવી રીતે સિ, औ, जस्, अम्

અને औ પ્રત્યયો માટે 'धुट्' સંજ્ઞા બતાવી છે. સંજ્ઞા કરવાનું પ્રયોજન પણ લાઘવ છે. કેમકે જો વ્યાકરણમાં સંજ્ઞાઓનો વપરાશ ન કરવામાં આવે તો જે સૂત્રોમાં अ થી દીર્ઘ औ સુધીના વર્ણો અપેક્ષિત હોય ત્યાં તે બધા વર્ણોનો નિર્દેશ કરવો આવશ્યક બને, જેથી ઘણું ગૌરવ થાય. તેના બદલે સ્વર સંજ્ઞાને કરતું ફક્ત એક સંજ્ઞાસૂત્ર રચી દેવામાં આવે તો अ થી औ સુધીના વર્ણોની અપેક્ષા રાખતા દરેક સૂત્રમાં ખાલી સ્વર શબ્દનો વપરાશ કરવાથી જ કામ પતી જાય. જેમ કે 'स्वरात् २.३.८५', 'स्वरे वा १.३.२४', 'स्वरेभ्यः १.३.३०', 'इवर्णादेरस्वे स्वरे० १.२.२१' વિગેરે સૂત્રો જુઓ. આ રીતે અન્ય સંજ્ઞાઓ માટે પણ સમજી લેવું. આમ માત્રાલાઘવ માટે સંજ્ઞાઓ અતિ ઉપયોગી છે.

**(g)** વ્યાકરણમાં માત્રાલાઘવ માટે અનેક ગણોનો[A] સહારો લેવામાં આવ્યો છે. જેમ કે सर्वादि ગણ (सर्व, विश्व, उभ, उभयट् વિગેરે શબ્દોનો સમૂહ), अन्यादि ગણ, अजादि ગણ, श्रेण्यादि ગણ, कृतादि ગણ વિગેરે ગણો બનાવવાને કારણે ફાયદો એ થાય છે કે સૂત્રોમાં ગણાન્તર્ગત દરેક શબ્દોનો ઉલ્લેખ નથી કરવો પડતો, પરંતુ માત્ર તે ગણના આદ્ય અક્ષરને આદિ શબ્દ જોડી સૂત્રમાં મૂકી દેવાનો હોય છે, જેથી લાઘવ થાય એ સ્પષ્ટ છે. જેમ કે 'सर्वादेः स्मै-स्मातौ १.४.७', 'पञ्चतोऽन्यादे० १.४.५८', 'अजादेः २.४.१६', 'श्रेण्यादि कृताद्यैश्च्व्यर्थे ३.१.१०४', વિગેરે સૂત્રો જુઓ. ગણવર્તી શબ્દોનો ઉલ્લેખ સિદ્ધહેમ વ્યાકરણમાં તે તે સૂત્રની બૃહદ્વૃત્તિમાં કરવામાં આવે છે.

આટલી વાત પરથી આપણે સમજી શકશું કે માત્રાકૃત લાઘવ-ગૌરવ શું છે, અને તેને માટે વ્યાકરણમાં કેવા પ્રકારના પ્રયાસો આદરવામાં આવે છે. હવે આપણે પ્રક્રિયાકૃત લાઘવ-ગૌરવને સમજી લઈએ. એક સૂત્રની પ્રક્રિયાથી જો ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ થતી હોય તો બે સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું ગૌરવ રૂપ બને છે. તેથી ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ માટે બને તેટલાં ઓછા સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું પડે તેમ કરવું તેને 'પ્રક્રિયાકૃત લાઘવ' કર્યું કહેવાય. આનાથી વિપરીત કરવું તે 'પ્રક્રિયાકૃત ગૌરવ' કર્યું કહેવાય. જેમ કે મુનિના પ્રયોગને સિદ્ધ કરવા પાણિનિ વ્યાકરણમાં બે સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં માત્ર એક સૂત્રની પ્રક્રિયા પર્યાપ્ત બને છે. તે આ પ્રમાણે –

---

**(A)** વ્યાકરણમાં ગણો બે પ્રકારના બતાવ્યા છે. એક આકૃતિ ગણ અને બીજો નિયત ગણ. તેમાં આકૃતિ ગણ એટલે એવા પ્રકારનો શબ્દસમૂહ કે જેમાં શબ્દોની સંખ્યા નિશ્ચિત નથી હોતી. તે ગણમાં ઉદાહરણ તરીકે દર્શાવેલાં શબ્દો જેવા આકારવાળા બીજા જે કોઈ શબ્દો અન્યત્ર જોવા મળે તે બધાયનો પણ આ ગણમાં સમાવેશ કરવાનો હોય છે. જ્યારે નિયત ગણ એ એવા પ્રકારનો શબ્દસમૂહ છે જેમાં શબ્દોની સંખ્યા નિશ્ચિત હોય છે. આ ગણમાં જેટલા શબ્દો લેવાના હોય છે તે બધા બૃહદ્વૃત્તિસ્થ ગણપાઠમાં દર્શાવેલાં હોય છે. 'श्रेण्यादि कृताद्यै० ३.१.१०४' સૂત્રમાં દર્શાવેલ श्रेण्यादि ગણ નિયત ગણ છે, જ્યારે कृतादि ગણ આકૃતિ ગણ છે.

| પાણિનીય પ્રક્રિયા | સિદ્ધહેમ પ્રક્રિયા |
|---|---|
| મુનિ + ટા | મુનિ + ટા |
| * શેષે ધ્યસખિ ૧.૪.૭ → મુનિ ને ધિ સંજ્ઞા | * ટઃ પુંસિ૦ ૧.૪.૨૪ → મુનિ+ના=મુનિના |
| * આડો ના૦ ૭.૩.૧૨૦ → મુનિ+ના=મુનિના | |

આમ મુનિના પ્રયોગની સિદ્ધિની બાબતમાં પાણિનિ વ્યાકરણમાં પ્રક્રિયાગૌરવ છે, અને સિદ્ધહેમ વ્યાકરણમાં પ્રક્રિયાલાઘવ છે.

પ્રક્રિયાગૌરવને ટાળવા ક્યારેક વ્યાકરણકારો માત્રા-ગૌરવને ગણકારતા નથી. જેમ કે 'ભિયો રુ-રુક-લુક ૫.૨.૭૬' સૂત્રથી ભી ધાતુને રુ, રુક અને લુક પ્રત્યયો લગાડી ક્રમશઃ ભીરુ, ભીરુક અને ભીલુક શબ્દો નિષ્પન્ન કરવામાં આવે છે. હવે આ પૈકીનો ભીલુક શબ્દ તો 'ભિયો રુ૦ ૫.૨.૭૬' સૂત્રથી ભી ધાતુને રુક પ્રત્યય લગાડી 'ઋફિડાદિનાં૦ ૨.૩.૧૦૪' સૂત્રથી રુક ના ર્ નો લ્ આદેશ કરવાથી પણ નિષ્પન્ન થઈ શકે છે. તેથી 'ભિયો રુ૦ ૫.૨.૭૬' સૂત્રમાં લુક શબ્દ મૂકી નકામું માત્રા-ગૌરવ કરવાની પણ જરૂર નથી રહેતી. છતાં જો આ રીતે ભીલુક શબ્દની નિષ્પત્તિ કરીએ તો તેમાં બે સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, જેથી પ્રક્રિયા-ગૌરવ થાય છે. જ્યારે 'ભિયો રુ૦ ૫.૨.૭૬' સૂત્રથી ભી ધાતુને સીધો જ લુક પ્રત્યય લગાડી જો ભીલુક શબ્દની નિષ્પત્તિ કરીએ તો તેમાં 'ભિયો રુ૦ ૫.૨.૭૬' સૂત્રમાં લુક શબ્દ મૂકી માત્રા-ગૌરવ સ્વીકારવું પડે છે. તો આ બન્ને ગૌરવો પૈકી કલિકાલસર્વજ્ઞશ્રીએ માત્રા-ગૌરવને સ્વીકારી પ્રક્રિયા-ગૌરવને ટાળવાનું કામ કર્યું છે. આમ પ્રક્રિયાકૃત લાઘવ-ગૌરવ પણ સરળતાથી સમજી શકાય એવા છે.

લાઘવ-ગૌરવની વાત આવે એટલે ઘણાને એવી શંકા થાય કે "વ્યાકરણકારો લાઘવને જો આટલું મહત્ત્વ આપે છે તો તેઓ સૂત્રને 'નપુંસકસ્ય શિઃ ૧.૪.૫૫' ને બદલે 'ક્લિબસ્ય શિઃ' આવું માત્રા-લાઘવવાળું કેમ નહીં બનાવતા હોય ?" પરંતુ આ શંકા અસ્થાને છે. કેમ કે વ્યાકરણકારો પર્યાયવાચી શબ્દોને લઈને લાઘવ-ગૌરવની વિચારણા નથી કરતા. આથી જ આવો ન્યાય પણ જોવામાં આવે છે **'પર્યાયશબ્દાનાં લાઘવગૌરવચર્ચા નાદ્રીયતે'** (પરિ. શે. ૧૨૩) નપુંસક અને ક્લિબ શબ્દો પર્યાયવાચી છે. એવી જ રીતે દરેક ઠેકાણે સાવ લાઘવઘેલા થવાનીએ જરૂર નથી હોતી. વ્યાકરણકારો જે સૂત્રો રચે છે તેમાં લાઘવ કેવું કર્યું છે ? તે જોતી વેળાએ તેમાં એ પણ જોવાનું હોય છે કે લાઘવ કરવામાં ક્યાંક સૂત્ર[A] સંદિગ્ધ તો નથી બની ગયું ને ? સૂત્રમાં થોડું ગૌરવ થાય એ ચાલે, પણ સૂત્ર સંદેહ ઉપજાવે એવું અથવા સરળતાથી ન સમજાય તેવું ન હોવું જોઈએ. જેમ કે 'ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम् १.१.८' સૂત્રમાં ए, ऐ, ओ અને औ સ્વરોની સંધિ કરવામાં આવે તો તે સૂત્ર 'अयायवौ सन्ध्यक्षरम्' આવું બને જેમાં અડધી માત્રા જેટલું લાઘવ પણ થાય છે. પરંતુ લાઘવની લાલચથી જો આવું સૂત્ર રચવામાં આવે તો

(A) स्वल्पाक्षरमसन्दिग्धं, सारवद्विश्वतोमुखम्। अस्तोभमनवद्यञ्च, सूत्रं सूत्रविदो विदुः।।

ભણનારને સંધ્યક્ષર કોને કહેવાય તે સરળતાથી ન સમજાય અને તે ગૂંચવાય. આવું ન થાય માટે જ સૂત્રકારશ્રીએ સંધિવિહોણું અને અર્ધમાત્રાના ગૌરવવાળું 'ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम् १.१.८' આવું સૂત્ર બનાવ્યું છે.

હવે આપણે પાણિનિ ઋષિએ લાઘવાર્થે પોતાના વ્યાકરણમાં વાપરેલી अच् , हल् આદિ મૌલિક સંજ્ઞાઓના દૂષણ અંગે વિચારીએ. સૌ પ્રથમ તો સંજ્ઞા લાઘવ માટે કરાય છે તે આપણે આગળ જોઈ ગયા છીએ. આથી જ કહેવાય છે **'लघ्वर्थं संज्ञाकरणम्'** હવે લાઘવ માટે કરાતી સંજ્ઞા ગુરુ (= મોટી) હોય તો કેમ ચાલે ? આથી જો કોઈ પ્રયોજન[(A)] ન હોય તો સંજ્ઞા સાવ ટૂંકી હોવી જોઈએ. એક અક્ષરથી પતે એમ હોય તો બે અક્ષરવાળી ન હોવી જોઈએ. પાણિનિ ઋષિએ પૂર્વના વ્યાકરણકારોએ વાપરેલી સ્વર, વ્યંજન, ઘોષ આદિ સંજ્ઞાઓમાં લાઘવ કરવાના ઉદ્દેશથી તે સંજ્ઞાઓ ન વાપરતા अच् , हल् , हश् વિગેરે સંજ્ઞાઓનો વપરાશ કર્યો છે. સમજી શકાય એમ છે કે જો આ સંજ્ઞાઓ વ્યાજબી ઠરે તો સ્વર-વ્યંજનને બદલે ક્રમશઃ अच्-हल् સંજ્ઞાઓ વાપરવામાં માત્રા-લાઘવ છે જ. તેમની વ્યવસ્થા આ પ્રમાણે છે - સૌ પ્રથમ તેમણે પોતાના વ્યાકરણમાં વર્ણસમામ્નાયને દર્શાવતા ચૌદ પ્રત્યાહારસૂત્રો દર્શાવ્યા છે : १. अइउण् २. ऋऌक् ३. ए ओङ् ४. ऐ औच् ५. हयवरट् ६. लण् ७. ञमङणनम् ८. झभञ् ९. घढधष् १०. जबगडदश् ११. खफछठथचटतव् १२. कपय् १३. शषसर् १४. हल्

આ દરેક સૂત્રને અંતે રહેલા ण् , क् , ङ् , च् વિગેરે વર્ણો ઇત્ છે. આ સૂત્રોને પ્રત્યાહાર એટલા માટે કહેવાય છે, કેમ કે તેમના દ્વારા વર્ણોનો વ્યાકરણના સૂત્રોમાં ટૂંકમાં નિર્દેશ કરી શકાય છે.

---

**(A)** પ્રયોજન હોય તો સંજ્ઞા વધુ અક્ષરવાળી પણ ચાલે છે. જેમ કે 'नवाद्यानि शतृ० ३.३.१९' સૂત્રમાં લીધેલાં પ્રત્યયોને પરસ્મૈપદ અને 'पराणि कान० ३.३.२०' સૂત્રમાં લીધેલાં પ્રત્યયોને આત્મનેપદ આવી મહાકાય સંજ્ઞા કરવામાં આવી છે. આમાં પ્રયોજન એ છે કે ई અને ग् ઇત્વાળા ધાતુઓને જો 'पराणि कान० ३.३.२०' સૂત્રમાં લીધેલાં આત્મનેપદ પ્રત્યયો લાગે તો ત્યાં ધાત્વર્થ ક્રિયાનું મુખ્ય ફળ કર્તાને પોતાને (આત્મને) મળે છે એમ જણાવવું છે. માટે તે પ્રત્યયોને આત્મનેપદ સંજ્ઞા કરી છે. ( आत्मफलबोधनार्थं पदमात्मनेपदम्) અને જો તે ધાતુઓને 'नवाद्यानि शतृ० ३.३.१९' સૂત્રમાં લીધેલાં પરસ્મૈપદ પ્રત્યયો લાગે તો ત્યાં ધાત્વર્થ ક્રિયાનું મુખ્ય ફળ કર્તાને પોતાને ન મળતા બીજાને (પરસ્મૈ) મળે છે એમ જણાવવું છે. માટે તે પ્રત્યયોને પરસ્મૈપદ સંજ્ઞા કરી છે. દા.ત. यज् (यजीम् ९९१) ધાતુનો યજતે પ્રયોગ થાય તો ધાત્વર્થ યજ્ઞ ક્રિયા કરવાનું શત્રુવધ આદિ મુખ્ય ફળ યજ્ઞક્રિયાના કર્તા ઋત્વિજને પોતાને મળે છે એમ સમજવું. અને જો यजति પ્રયોગ કર્યો હોય તો યજ્ઞક્રિયાનું મુખ્ય ફળ યજ્ઞક્રિયાના કર્તા ઋત્વિજને ન મળતા યજમાનને મળ્યું છે એમ સમજવું. અહીં મુખ્યફળ એટલા માટે લખ્યું છે કેમ કે યજ્ઞક્રિયાનું ગૌણફળ દક્ષિણાદિ તો ઋત્વિજને મળે જ છે. આમ પ્રત્યયોની આ બન્ને સાન્વર્થ સંજ્ઞાઓ ई અને ग् ઇત્વાળા ધાતુઓને લઈને સપ્રયોજન હોવાથી તે મોટી હોય તો ચાલે. અહીં કોઈને પ્રશ્ન થાય કે "ભલે ई અને ग् ઇત્વાળા ધાતુઓને લઈને આ પ્રત્યયોની મહાસંજ્ઞા બનાવી હોય. પરંતુ તે સિવાયના ધાતુઓને લઈને તો આ સંજ્ઞા ટૂંકાવી દેવી જોઈએ ને ?" પરંતુ આ પ્રશ્ન અયોગ્ય છે. કેમ કે એકવાર જો અમુક ધાતુઓને લઈને આ મહાસંજ્ઞા પ્રત્યયોને લાગુ પડી ગઈ હોય, અને પછી સર્વત્ર જો તે પડેલી સંજ્ઞાથી જ કામ ચાલી જતું હોય તો કયો મુરખ ફરી નાની પણ નવી સંજ્ઞા પાડવાનો વિચાર કરે ?

(प्रत्याहियन्ते समाहियन्ते वर्णा अनेनेति प्रत्याहारः). આ સૂત્રોને 'શિવસૂત્ર' પણ કહેવામાં આવે છે. તે એટલા માટે કે શંકરે તાંડવ નૃત્યના છેડે સનકાદિનો ઉદ્ધાર કરવા પોતાનું ડમરું ચૌદવાર વગાડયું અને એ ડમરુના નાદમાંથી આ ચૌદ પ્રત્યાહાર સૂત્રોની ઉત્પત્તિ થઈ છે[A]. જો કે આ વાતમાં વિવાદ છે, પરંતુ તે બીજેથી જાણી લેવો. હવે ચૌદ પ્રત્યાહાર સૂત્રોને લઈને अच् આદિ સંજ્ઞાઓની વ્યવસ્થાને ગોઠવવા પાણિનિ ઋષિએ 'आदिरन्त्येन सहेता'[B] (પા.સૂ. ૧.૧.૭૧) આવું સૂત્ર બનાવ્યું છે. તે સૂત્ર એમ કહે છે કે પ્રત્યાહાર બનાવવા અર્થાત્ વર્ણોનો ટૂંકમાં નિર્દેશ કરતી લઘુ સંજ્ઞાઓ બનાવવા તમારે આ ચૌદ સૂત્રોમાં વર્તતા કોઈપણ એક વર્ણને આદિ તરીકે લેવો અને ત્યારબાદ તેને તેના પછીનો જે ઈત્ વર્ણ જોડવામાં આવે ત્યાં સુધીના બધા વર્ણોને જણાવતી એ લઘુ સંજ્ઞા તૈયાર થશે. દા.ત. આદિ અક્ષર તરીકે પ્રથમ સૂત્રમાં વર્તતો अ લેવામાં આવે અને તેને ચોથા સૂત્રના અંતે રહેલો ઈત્ च् અનુબંધ જોડવામાં આવે તો अच् આવી એક લઘુસંજ્ઞા તૈયાર થશે અને તે अ થી લઈને च् અનુબંધ સુધીમાં આવતા દરેક વર્ણોની (= अ થી औ સુધીના વર્ણોની) વાચક સંજ્ઞા બનશે. જો કે અહીં ચાર પ્રત્યાહાર સૂત્રોમાં દર્શાવેલા अ થી લઈને औ સુધીના સ્વરો નવ જ છે. પરંતુ તેઓ સવર્ણ (= પરસ્પર સ્વ) સહિતના લેવાતા હોવાથી अच् સંજ્ઞા દ્વારા ચૌદે સ્વરો આવરી લેવાય છે. એવી જ રીતે પાંચમાં સૂત્રમાં વર્તતો ह् આદિ અક્ષર તરીકે લેવામાં આવે અને તેને ચૌદમાં સૂત્રના અંતે વર્તતો ल् અનુબંધ જોડવામાં આવે તો हल् આવી સંજ્ઞા તૈયાર થશે અને તે પાંચમાં સૂત્રના પ્રથમ અક્ષર ह् થી લઈને ચૌદમાં સૂત્રના ल् અનુબંધ સુધીમાં રહેલા બધા જ વ્યંજનોની ગ્રાહક સંજ્ઞા બનશે. આમ ઘોષવાન વિગેરે વ્યંજનો માટે વપરાતી हश् આદિ સંજ્ઞાઓ માટે પણ સમજી લેવું.

હવે ધારો કે સ્વર, વ્યંજન વિગેરેને બદલે પાણિનીય તંત્રમાં વપરાતી अच् , हल् આદિ સંજ્ઞાઓ કદાચ સચોટ સાબિત થાય તો તેમાં માત્રા-લાઘવ જરૂર થાય. પરંતુ તેમાં પ્રક્રિયા-ગૌરવ સ્વીકારી લેવું પડે છે. કેમ કે 'अच् એટલે अ થી લઈને औ સુધીના વર્ણો ' એમ સમજવા એક તો પ્રત્યાહાર-સૂત્રોનું મોઢું જોવું પડે છે, અને પછી 'आदिरन्त्येन०' (પા.સૂ. ૧.૧.૭૧) સૂત્રનો સહારો લેવો પડે છે. જ્યારે अ થી લઈને औ સુધીના વર્ણોની સીધી જ 'औदन्ताः स्वराः ૧.૧.૪' સૂત્રથી સ્વર સંજ્ઞા કરી દેવામાં આવે તો સ્વરોને જાણવા માત્ર 'औदन्ताः स्वराः ૧.૧.૪' સૂત્ર તરફ જ નજર કરવાની રહે છે. આ રીતે हल् આદિ સંજ્ઞાઓ અંગે પણ સમજવું. આમ अच् વિગેરે સંજ્ઞાઓમાં પ્રક્રિયા ગૌરવ પ્રગટ છે. આ પ્રક્રિયા-ગૌરવની વાતને જણાવતા **જાનકીપ્રસાદજી દ્વિવેદી** પોતે સંપાદિત કરેલા 'કાતંત્ર વ્યાકરણ' ગ્રંથની ભૂમિકામાં લખે છે -

---

**(A)** નૃત્યાવસાને નટરાજરાજો ननाद ढक्कां नवपञ्चवारान्। उद्धर्तुकामः सनकादिकामानेतद् विमर्शे शिवसूत्रजालम्।।

**(B)** अन्त्येन इता सहित आदिः मध्यगानां स्वस्य च संज्ञा स्यात्।

'लाघवं द्विविधं भवति शब्दकृतमर्थकृतं चेति। शब्दकृतलाघवेऽर्थबोधो झटिति विलम्बेन वा भवेदिति न चिन्त्यते, किं च शब्दानामल्पप्रयोग एव। अल्पशब्दानां प्रयोगेण प्रायोऽर्थबोधे सौकर्यं लाघवं वा न भवति। अर्थलाघवे तु अर्थबोधो झटिति भवेदिति चिन्त्यते। अत एव कातन्त्रे स्वर-व्यञ्जन-अद्यतनी-श्वस्तनी-भविष्यन्ती-क्रियातिपत्तिप्रभृतयो महत्य: किं चान्वर्था: संज्ञा: प्रणिता: सन्ति। अतस्तेषां संज्ञाशब्दाना-मर्थावबोधे महल्लाघवमापद्यते। पाणिनीये शब्दलाघवं प्रत्याहारप्रयोगे विशेषतो दृश्यते। (કાતંત્ર વ્યાકરણ ભાગ-૧ ભૂમિકા પૃષ્ઠ-૭).

ઉપરોક્ત વાતમાં જાનકીપ્રસાદજીએ સ્વર-વ્યંજનાદિ સંજ્ઞાઓ સ્વીકારનારના પક્ષે અર્થકૃત = પ્રક્રિયાકૃત લાઘવ છે તેમ ખુલાસો કર્યો છે. પણ સાથે સાથે તેમણે પાણિનિના પ્રત્યાહાર પ્રયોગમાં (= अच् આદિ સંજ્ઞાઓમાં) માત્રાલાઘવ છે તેમ પણ સ્વીકારી લીધું છે. પરંતુ કલિકાલસર્વજ્ઞશ્રીનું તો એમ કહેવું છે કે આ अच् આદિ સંજ્ઞાઓ જ સ્વીકરણીય નથી. કેમકે કાં તો તેમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે ને કાં તો તેઓ સંજ્ઞા રૂપે જ ટકી શકે તેમ નથી. તે આ રીતે -

આગળ આપણે જોઈ ગયા કે अइउण्, ऋलृक्, एओङ् અને ऐऔच् આ ચાર પ્રત્યાહાર સૂત્રોને આશ્રયીને સ્વરોને જણાવતી अच् સંજ્ઞાનું નિર્માણ થયું છે. તેમાં 'आदिरन्त्येन' (પા.સૂ. ૧.૧.૭૧) સૂત્રની સહાયથી अच् સંજ્ઞા દ્વારા अ થી લઈને च् અનુબંધ સુધીમાં રહેલા औ સુધીનાં વર્ણોનું अच् સંજ્ઞાના વાચ્ય રૂપે ગ્રહણ કરવા જતાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય પ્રત્યાહાર સૂત્રને છેડે રહેલા ण्, क् અને ङ् અનુબંધોને પણ अच् સંજ્ઞા લાગુ પડવાની આપત્તિ આવે છે. અર્થાત્ તેઓમાં अच् સંજ્ઞાની અતિવ્યાપ્તિ[A] થાય છે. કેમ કે ण्, क् અને ङ् પણ આદિ અક્ષર अ અને च् અનુબંધની વચ્ચે જ વર્તી રહ્યા છે. આમ ण्, क् અને ङ् ની ગણના સ્વરોમાં થતા दधि णकारीयति અને दधि करोति વિગેરે સ્થળે ક્રમશ: अस्व સ્વર ण् અને क् પરમાં વર્તતા 'इवर्णादेरस्वे० ૧.૨.૨૧' સૂત્રથી (પાણિનિ વ્યાકરણ મુજબ 'इको यणचि' (પા.સૂ. ૬.૧.૭૭) સૂત્રથી) दधि ના इ નો य् આદેશ થવાની આપત્તિ આવે છે. અહીં કોઈ એમ કહે કે ''ण्, क् અને ङ् અનુબંધો તો ઈત્ છે. અને તેથી તેઓને લાગુ પડનાર अच् સંજ્ઞા નિર્માણ પામે તે પહેલાં જ નિત્યકાર્ય[B] હોવાથી તેઓ ચાલ્યા જવાના છે, માટે તેમને अच् સંજ્ઞા લાગુ પડવાની આપત્તિ આવશે નહીં.'' તો તેની વાત બરાબર હોવા છતાં બીજી આપત્તિ તેને માથે ટપકી પડશે. કેમ કે

---

**(A)** 'अलक्ष्ये लक्षणसत्वमतिव्याप्ति' કહેવાય. ण्, क् અને ङ् अच् સંજ્ઞાના લક્ષ્ય નથી. કેમકે તેમને ઉદ્દેશીને अच् સંજ્ઞા પ્રવર્તાવવામાં નથી આવી. છતાં તેમને આ સંજ્ઞા લાગુ પડી જાય છે, માટે અતિવ્યાપ્તિ કીધી છે.

**(B)** ઈત્ કાર્ય નિત્યકાર્ય એટલા માટે છે કેમકે તે કૃતાકૃતપ્રસંગી છે. અર્થાત્ ઈત્ એવા ण्, क् અને ङ् ને લાગુ પડનાર अच् સંજ્ઞા તૈયાર થાય તે પહેલાં પણ તેમને ચાલ્યા જવાની પ્રાપ્તિ છે અને अच् સંજ્ઞા તૈયાર થયા પછી પણ ચાલ્યા જવાની પ્રાપ્તિ છે. માટે નિત્ય એવું ઈત્ કાર્ય બળવાન બનવાથી अच् સંજ્ઞા લાગુ પડતા પહેલાં જ ण्, क् અને ङ् ચાલ્યા જવાના.

જેમ ણ્ , ક્ અને ઙ્ અનુબંધો ઈત્ છે, તેમ ચોથા પ્રત્યાહાર સૂત્રને છેડે રહેલો ચ્ અનુબંધ પણ ઈત્ છે. તેથી ણ્, ક્ અને ઙ્ ને લાગુ પડનાર અચ્ સંજ્ઞા નિર્માણ પામે તે પહેલાં જ જેમ તેઓ ઈત્ હોવાથી ઉડી જવાના, તેમ અચ્ સંજ્ઞા નિર્માણ પામે તે પહેલાં જ ચ્ અનુબંધ પણ ઈત્ હોવાથી તે પણ ઉડી જશે. તો પછી સ્વરોને જણાવતી અચ્ સંજ્ઞાનો ઉદય જ શી રીતે થશે ? આથી જો અચ્ સંજ્ઞાને પ્રગટ થવા દેવી હોય તો કાં તો ચૂપચાપ ણ્, ક્ અને ઙ્ અનુબંધમાં અચ્ સંજ્ઞાની અતિવ્યાપ્તિ સ્વીકારી લેવી પડે, કાં પછી અચ્ આદિ સંજ્ઞાઓ બનાવવાનું માંડી વાળી છાનામાના સ્વરાદિ સંજ્ઞાઓનો સ્વીકાર કરી લેવો પડે. આમ માત્રા-લાઘવના લોભમાં આવી દૂષિત એવી અચ્ આદિ સંજ્ઞાઓ સ્વીકારવા યોગ્ય નથી.

આ સિવાય બીજી નાની નાની ક્ષતિઓ તો કેટલી બતાવવી. આમ પણ પાણિનિ વ્યાકરણ **'ત્રિમુનિ વ્યાકરણ'** કહેવાય છે. જ્યારે સિદ્ધહેમ વ્યાકરણ **'એકમુનિ વ્યાકરણ'** છે. ત્રિમુનિ વ્યાકરણ એટલા માટે કહેવાય છે કેમકે પાણિનિ ઋષિએ વ્યાકરણના સૂત્રો રચ્યા છે. ત્યારબાદ કેટલોક કાળ જતા **કાત્યાયન (વરરુચિ)** ઋષિને પાણિનિ વ્યાકરણના સૂત્રોમાં ક્યાંક પદાર્થોને વધુ ખુલાસા પૂર્વક રજૂ કરવા જેવા લાગ્યા, તો વળી કેટલેક ઠેકાણે કહેવાના બાકી રહી જતા પદાર્થો રજૂ કરવા જેવા લાગ્યા, જ્યારે ક્વચિત્ તેમને પાણિનિ ઋષિએ રજૂ કરેલાં પદાર્થો ભૂલભર્યા લાગવાથી તેમાં સુધારા કરવા જેવા લાગ્યા. માટે તેમણે પાણિનિ વ્યાકરણના ૧૨૪૫ સૂત્રો ઉપર ઉક્તચિંતાપ્રવર્તક, અનુક્તચિંતાપ્રવર્તક અને દુરુક્તચિંતાપ્રવર્તક આમ ત્રણ પ્રકારના વાર્તિકોની[A] રચના કરી છે. વળી પાછા કાળક્રમે **પતંજલિ ઋષિએ** પાણિનિ વ્યાકરણના ૧૭૧૩ સૂત્રો ઉપર ભાષ્ય[B] કે જે વ્યાકરણ મહાભાષ્યના નામે ઓળખાય છે તેની રચના કરી છે. આમ ત્રણે મુનિઓના પ્રયાસને લઈને પાણિનિ વ્યાકરણ નિષ્કલંક પ્રાયઃ બન્યું છે, માટે તે ત્રિમુનિ વ્યાકરણ છે. પરંતુ પાણિનિ પછીના આ બન્ને ઋષિઓના ધ્યાનમાં પણ કેટલીક ક્ષતિઓ નહીં આવી હોય અને વળી ક્યાંક આવી પણ હશે તો તેમાં ધરખમ ફેરફાર કરવો પડે વિગેરે કારણે તેમાં સુધારો નહીં કર્યો હોય માટે પાણિનિ વ્યાકરણમાં અચ્ , હલ્ આદિ સંજ્ઞાઓનો સ્વીકાર વિગેરે કેટલીક ક્ષતિઓ રહી જવા પામી હશે. આમ શ્રી સિદ્ધહેમ વ્યાકરણ એક પરિપૂર્ણ અને લાઘવયુક્ત વ્યાકરણ છે. જ્યારે પાણિનિ આદિ વ્યાકરણોમાં કાં તો ઠેકઠેકાણે ગૌરવ અથવા પરિપૂર્ણતાનો અભાવ જોવા મળે છે.

અહીં પ્રસંગવશ કેટલાક વિદ્વાનોએ શ્રી સિદ્ધહેમ વ્યાકરણમાં જે ગૌરવ આદિ દોષ બતાવવાના પ્રયાસ કર્યા છે તે અંગે થોડી સમીક્ષા કરી લઈએ. સૌ પ્રથમ તો અધ્યાપક **શ્રી વસંતભાઈ મનુભાઈ ભટ્ટ** કે જેઓ હાલ અમદાવાદ ખાતે **ગુજરાત યુનિવર્સિટીમાં** વ્યાકરણના અધ્યાપનનું કાર્ય બજાવે છે તેમણે પોતાનાં **પાણિનીય વ્યાકરણ વિમર્શ** નામના લેખસંપુટાત્મક પુસ્તકમાં **'વૈયાકરણ હેમચંદ્રાચાર્ય'** શીર્ષક હેઠળ એક લેખ લખ્યો છે. તેમાં તેમણે સિદ્ધહેમ વ્યાકરણની રચનામાં કલિકાલસર્વજ્ઞશ્રીની ખૂબીઓ ભેગી કેટલીક ખામીઓ પણ બતાવવાનો પ્રયત્ન કર્યો છે તે કેટલો અયુક્ત છે એ વિચારીએ. તેમાં સૌ પ્રથમ તેમણે જે ખામી બતાવી છે તે **અક્ષરશઃ** આ પ્રમાણે છે. -

---

**(A)** **उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते। तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः।।**

**(B)** **सूत्रार्थो वर्ण्यते यत्र वाक्यैः सूत्रानुसारिभिः। स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः।।**

*(a) 'સિ.હે.શ. (સિદ્ધહેમશબ્દાનુશાસન) માં આ અનુવૃત્તિની યુક્તિનો સ્વીકાર કર્યો હોવા છતાંય ક્યાંક તેમાં ક્ષતિ પણ જોવા મળે છે. જેમ કે,*

*अधातुविभक्तिवाक्यमर्थवन्नाम। सि. हे. श. १-१-२७ शिर्घुट्।१-१-२८*
*(આ સૂત્રની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે - जस्शसादेशः शिर्घुट्संज्ञो भवति।)*

*અહીં પૂર્વસૂત્ર (१-१-२७) માં જે जस् शस् પ્રત્યયોનો નિર્દેશ (કે અનુવૃત્તિ) નથી, એવા પ્રત્યયોની અનુવૃત્તિ १-१-२८ માં માનીને વૃત્તિમાં સૂત્રાર્થ આપ્યો છે.[A]'*

હવે આપણે આ ક્ષતિની સમીક્ષા કરીએ. સિદ્ધહેમ વ્યાકરણમાં જેમ 'શિર્ઘુટ્ ૧.૧.૨૮' સૂત્ર છે. તેમ પાણિનિ વ્યાકરણમાં 'શિઃ સર્વનામસ્થાનમ્' (પા.સૂ.૧.૧.૪૨) સૂત્ર છે. તેની વૃત્તિ આ પ્રમાણે છે -

'शि इत्येतत् सर्वनामस्थानसंज्ञं भवति। किमिदं शि इति? 'जश्शसोः शिः ७.१.२० इति शिः आदेशः'। (કાશિકા)'

'શિઃ સર્વનામસ્થાનમ્' (પા.સૂ.૧.૧.૪૨) સૂત્રની પૂર્વનું સૂત્ર 'અવ્યયીભાવશ્ચ' (પા.સૂ.૧.૧.૪૧) છે. તેમાં ક્યાંય જસ્ શસ્ પ્રત્યયોનો નિર્દેશ કે અનુવૃત્તિ નથી. તેથી વસંતભાઈએ અહીં પણ કહેવું પડશે કે ''પાણિનિ વ્યાકરણમાં પૂર્વસૂત્ર 'અવ્યયીભાવશ્ચ' (પા.સૂ.૧.૧.૪૧) માં જે જસ્ શસ્ પ્રત્યયોનો નિર્દેશ કે અનુવૃત્તિ નથી, એવા તે પ્રત્યયોની અનુવૃત્તિ 'શિઃ સર્વનામસ્થાનમ્' (પા.સૂ.૧.૧.૪૧) સૂત્રમાં માનીને વૃત્તિમાં સૂત્રાર્થ આપ્યો છે જે પાણિનિ ઋષિની અનુવૃત્તિને લગતી ક્ષતિ છે.''

હવે અહીં વાસ્તવિકતા એ છે કે વસંતભાઈ કદાચ બેધ્યાન હશે જેથી ભૂલથી આ ભૂલ કાઢી દીધી હશે. કેમ કે ત્યાં ન તો સિદ્ધહેમ વ્યાકરણમાં ક્ષતિ છે કે ન તો પાણિનિ વ્યાકરણમાં. આમાં થયું છે એવું કે પાણિનિ વ્યાકરણમાં જસ્ શસ્ પ્રત્યયોનો શિ આદેશ 'जश्शसोः शिः' (પા. સૂ. ૭.૧.૨૦) સૂત્રથી થાય છે. તેમ સિદ્ધહેમ વ્યાકરણમાં 'નપુંસકસ્ય શિઃ ૧.૪.૫૫' સૂત્રથી થાય છે. પાણિનિ વ્યાકરણના તે સૂત્રમાં જસ્ શસ્ પ્રત્યયો સાક્ષાત્ મુક્યા છે. જ્યારે સિદ્ધહેમ વ્યાકરણના 'નપુંસકસ્ય શિઃ ૧.૪.૫૫' સૂત્રમાં જસ્ શસ્ પ્રત્યયો 'અષ્ટ ઔર્જસ્-શસોઃ ૧.૪.૫૩' સૂત્રથી અનુવૃત્ત છે. બાકી 'શિર્ઘુટ્ ૧.૧.૨૮' કે 'શિઃ સર્વનામસ્થાનમ્' (પા.સૂ.૧.૧.૪૨) સૂત્રમાં જસ્ શસ્ ની અનુવૃત્તિ જ નથી. ત્યાં તો વ્યક્તિ સૂત્રમાં નિર્દિષ્ટ શિ ને જુએ એટલે સહજ એને પ્રશ્ન થાય કે ''આ શિ શું છે ?'' અને તેથી **'व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः'** ન્યાયે તરત જ વૃત્તિ તરફ નજર કરતા તેને ખબર પડી જાય કે આ શિ તો 'નપુંસકસ્ય શિઃ ૧.૪.૫૫' કે 'जश्शसोः शिः' (પા.સૂ.૭.૧.૨૦) સૂત્રથી થયેલ જસ્ શસ્ પ્રત્યયોના આદેશ રૂપ છે. આમ પણ 'શિર્ઘુટ્ ૧.૧.૨૮' કે 'શિઃ સર્વ૦' (પા.સૂ.૧.૧.૪૨) સૂત્રો શિ ને ધુટ્ સંજ્ઞા

**(A)** જુઓ પા. વ્યા. વિમર્શ પૃ. ૨૮૧ પહેલો ફકરો

કે સર્વનામસ્થાન સંજ્ઞા કરનાર સૂત્રો છે તો તેમાં વસંતભાઈને जस् शस् ની અનુવૃત્તિ લઈને કરવું છે શું ? એ સમજાતું નથી.

ઉપરોક્ત બાબતમાં ભૂલ કાઢવી હોય તો ઉપરથી પાણિનિ ઋષિની એક ભૂલ નીકળી શકે એમ છે કે તેમણે 'ધુટ્' જેવી કોઈ લઘુસંજ્ઞાનો વપરાશ કરવાને બદલે 'સર્વનામસ્થાન' આવી ગુરુસંજ્ઞાનો વપરાશ કર્યો છે. અહીં કોઈ એમ કહે કે ''સર્વનામસ્થાન સંજ્ઞા નિષ્પ્રયોજન નથી. પરંતુ તે સાન્વર્થ હોવાથી તેના દ્વારા પાણિનિ ઋષિને જણાવવું છે કે 'सर्वं नाम तिष्ठति अस्मिन्'[A] વ્યુત્પત્ત્યનુસાર शि આદિ સર્વનામસ્થાન[B] પ્રત્યયો પરમાં વર્તતા સંપૂર્ણ નામ ટકે છે અને એ સિવાયના પ્રત્યયો પરમાં વર્તતા સંપૂર્ણ નામ નથી ટકતું, ક્વચિત નામનો એક ભાગ ચાલ્યો જાય છે.' જેમ કે उपसेदुषः પ્રયોગસ્થળે उप + सद् ધાતુને -

| | **પાણિનિ સૂત્ર** | | **સિદ્ધહેમ સૂત્ર** | |
|---|---|---|---|---|
| * | **'भाषायां सद्वस० ३.२.१०८'** | * | **'तत्र क्वसु० ५.२.२'** | **→ उप + सद् + क्वसु** |
| * | **'लिटि धातोरनभ्यासस्य ६.१.८'** | | **—** | **→ उप + सद् सद्[C] + क्वस** |
| * | **'अत एकहल्० ६.४.१२०'** | * | **'अनादेशादेरेक० ४.१.२४'** | **→ उप + सेद् + क्वसु** |
| * | **'वस्वेकाजाद्० ७.२.६७'** | * | **'स्क्रसृ-वृ-भृ ०४.४.८१'** | **→ उप + सेद् + इट् + क्वस** |
| * | **'कर्मणि द्वितीया २.३.२'** | * | **'गौणात् समया० २.२.३३'** | **→ उप+सेद्+इट्+क्वसु+शस्** |
| * | **'वसोः सम्प्रसारणम् ६.४.१३१'** | * | **'क्वस उस् २.१.१०५'** | **→ उप+सेद्+इट्+उस् +शस्** |

હવે આ અવસ્થામાં शस् (દ્વિ.બ.વ.) એ સર્વનામસ્થાન પ્રત્યય નથી. તેથી તેને સંપૂર્ણ નામને ટકાવનાર સર્વનામસ્થાન સંજ્ઞાનો અભાવ હોવાથી इट् અંશ ઊડી જાય છે અને આગળ સાધનિકામાં शस् ના स् નો र् , र् નો વિસર્ગ આદેશ અને उपसेदुस् ના स् નો ष् આદેશ કરવાથી उपसेदुषः પ્રયોગ સિદ્ધ થાય છે જેમાં उपसेदुस् નામ અખંડ નથી. અહીં આ ધ્યાનમાં રાખવું કે उपसेदुषः પ્રયોગને સિદ્ધ કરવા उप + सेद् + इट् + उस् + शस्

---

**(A)** અહીં સર્વ શબ્દ અવયવના કાત્સ્ન્ર્ય (= સાકલ્ય) અર્થમાં છે અને નામ એટલે પ્રાતિપદિક (= નામાત્મક શબ્દ). તેથી શિ આદિ પ્રત્યયો પરમાં વર્તતા એક પણ અવયવની વિકલતા વિનાનું સંપૂર્ણ નામ ટકે છે. માટે તેઓ સર્વનામસ્થાન સંજ્ઞા પામે છે.

**(B)** પાણિનિ વ્યાકરણમાં પુલ્લિંગ-સ્ત્રીલિંગમાં सि - औ - जस् - अम् - औ પ્રત્યયો તેમજ નપુંસકલિંગમાં શિ પ્રત્યય સર્વનામસ્થાન સંજ્ઞક છે.

**(C)** પાણિનિ વ્યાકરણમાં પહેલા सद् નું દ્વિત્વ કરે છે અને પછી 'अत एकहल्० ६.४.१२०' સૂત્રથી દ્વિત્વ લોપ અને शि આદેશ કરે છે. જ્યારે સિદ્ધહેમમાં 'अनादेशादे० ४.१.२४' સૂત્રથી ज ए આદેશ અને દ્વિત્વ-નિષેધ સાધી લેવામાં આવે છે.

અવસ્થામાં ઇટ્ ને ઊડાવવો જરૂરી હતો અને તેને ઊડાવવાનું બીજું કોઈ નિમિત્ત ન વર્તતા સર્વનામસ્થાન સંજ્ઞાની ગેરહાજરી રૂપ નિમિત્તના બળે ઊડાવવામાં આવ્યો છે. આમ પાણિનિ ઋષિએ બતાવેલી મોટી પણ સર્વનામસ્થાન સંજ્ઞા સાન્વર્થ હોવાથી જરૂરી છે.'' તો આમ કહેનારની વાત બરાબર નથી. કેમ કે ઇટ્ ને રદબાતલ કરવાનું બીજું નિમિત્ત છે. ઇટ્ આગમ પાણિનિ વ્યાકરણ પ્રમાણે 'वस्वेकाजाद्०' (પા.સૂ. ૭.૨.૬૭) સૂત્રથી વ્યંજનાદિ क्वसु પ્રત્યયના નિમિત્તે થયો છે, અને સિદ્ધહેમ વ્યાકરણ પ્રમાણે 'स्क्सृ-वृ-भृ० ४.४.८१' સૂત્રથી વ્યંજનાદિ પરોક્ષાને લઈને પ્રવર્ત્યો છે. હવે જ્યારે ઉપરોક્ત સાધનિકામાં क्वसु નો उस् આદેશ કરવામાં આવે છે, ત્યારે જેમ છત્રની સાથે તેનો છાંયો પણ ચાલ્યો જાય છે તેમ ઇટ્ નું નિમિત્ત વ્યંજનાદિ क्वसु પ્રત્યય ગેરહાજર થવાથી **'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः'** ન્યાયાનુસાર ઇટ્ આગમ પણ આપમેળે ચાલ્યો જ જવાનો છે. માટે उपसेदुषः વિગેરે પ્રયોગોની સિદ્ધિ માટે કોઈ તકલીફ પડતી ન હોવાથી તેમની સિદ્ધિ માટે આટલી મોટી સર્વનામસ્થાન સંજ્ઞા કરી शस् આદિ પ્રત્યયોને તે સંજ્ઞાની પ્રાપ્તિનો અભાવ બતાવી તેના બળે ઇટ્ ને હટાવવાની નકામી માથાફોડમાં પડવું તે યુક્ત ન ગણાય. તેથી ગુરૂ એવી સર્વનામસ્થાન સંજ્ઞા કરવામાં પાણિનિ ઋષિની ક્ષતિ થઈ છે તેમાં કોઈ ફેર નથી[A].

***(b)*** વસંતભાઈ એમ કહે છે કે *''પાણિનિએ .....अच् , हल् વગેરે પ્રત્યાહારોની સિદ્ધિ કરી છે. જેના પરિણામે તેમના સૂત્રોમાં લાઘવની સવિશેષ સિદ્ધિ થયેલી જોવા મળે છે. પરંતુ હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણને આરંભે આવા કોઈ વર્ણસમામ્નાયને મૂક્યો નથી અને પ્રત્યાહારની યુક્તિ પુરસ્કારી નથી. તેમણે તો સંસ્કૃત ભાષાના વર્ણોનો પરિચય કરાવવા અને તેમાના અમુક અમુક જૂથોને માટે કેટલીક કૃત્રિમ સંજ્ઞાઓ જ સીધી જાહેર કરી છે. જેમ કે, औदन्ताः स्वराः। १-१-४ ..... હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણતન્ત્રમાં સરલતા લાવવાના આશયથી પાણિનિપુરસ્કૃત પ્રત્યાહારની યુક્તિનો સ્વીકાર કર્યો નથી. પરંતુ તેમણે ધાતુ પ્રત્યય વગેરેમાં અનુબન્ધ લગાડવાની યુક્તિનો તો સ્વીકાર કર્યો જ છે*[B] *.....''*

અહીં હકીકત એ છે કે કલિકાલસર્વજ્ઞશ્રીએ પોતાના વ્યાકરણમાં સરળતા લાવવા માટે પ્રત્યાહારની યુક્તિને જતી કરી છે એવું છે જ નહિં. પરંતુ अच् , हल् આદિ પ્રત્યાહારની યુક્તિઓ અતિવ્યાપ્ત્યાદિ દોષથી દૂષિત હોવાથી સ્વીકાર્ય બને એમ નથી, માટે જતી કરી છે. વળી વસંતભાઈ પ્રત્યાહારની યુક્તિમાં લાઘવની સવિશેષ સિદ્ધિ જુએ છે ત્યાં ફક્ત માત્રા-લાઘવ જ તેમની નજરમાં આવ્યું છે. પ્રક્રિયા-ગૌરવ સુધી તેમની દૃષ્ટિ પહોંચી નથી. अच् , हल् આદિ પ્રત્યાહારની યુક્તિમાં પ્રક્રિયા-ગૌરવ થાય છે, જે ગૌરવ સ્વર, વ્યંજનાદિ સંજ્ઞાઓ કરવામાં નડતું નથી. માટે પણ કલિકાલસર્વજ્ઞશ્રીએ પૂર્વના ઐન્દ્રાદિ વ્યાકરણ અનુસાર સ્વરાદિ સંજ્ઞાઓને સ્વીકારવું વ્યાજબી ગણ્યું છે. પ્રત્યાહારની યુક્તિમાં આવતા ઉપરોક્ત પ્રક્રિયા-ગૌરવ તેમજ અતિવ્યાપ્ત્યાદિ દોષોનું સવિસ્તાર વર્ણન આ જ પ્રસ્તાવનામાં પૃષ્ઠ 'xxvi થી xxix' ઉપર જુઓ.

---

**(A)** જુઓ સૂત્ર '૧.૧.૨૮' બૃહન્ન્યાસ તેમજ 'પા.સૂ.૧.૧.૪૨' કાશિકા ઉપરની પદમંજરી ટીકા.

**(B)** જુઓ પા. વ્યા. વિમર્શ પૃ. ૨૮૧-૨૮૨.

*(c)* વસંતભાઈ લખે છે *''પરિભાષા સૂત્રો એટલે સૂત્રો માટેના સૂત્રો. તેમને વ્યાકરણના આરંભે મૂકવા જોઈએ. પાણિનિ ઋષિએ 'तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य' (પા.સૂ.૧.૧.૬૬) વગેરે પરિભાષા સૂત્રોને મહદંશે પોતાની અષ્ટાધ્યાયીના પહેલા અધ્યાયમાં જ મૂક્યાં છે. પરંતુ હેમચંદ્રાચાર્યે આ સૂત્રોને સિ.હે.શ. ના છેક સાતમાં અધ્યાયના અંતે મૂક્યાં છે. પરિણામે તેમના અનુશાસનનો અભ્યાસ કરનારને તેમના સૂત્રોમાં પ્રયોજાયેલી ૫, ૬, ૭ વિભક્તિઓનો કેવી રીતે અર્થ કરવાનો છે ? તે શાસ્ત્રનો અન્તભાગ ન આવે ત્યાં સુધી સમજમાં નથી આવતું. અથવા તો અધ્યાપકે તે તે પરિભાષા સૂત્રોનું શાસ્ત્રારંભે જ્ઞાન કરાવવું પડે છે. પણ તે અંગેની કાળજી હેમ. સૂરિએ રાખી નથી. પરિભાષા સૂત્રોને શાસ્ત્રાન્તે મૂકવા પાછળ કયો તર્ક હશે એ સમજાતું નથી.[A] .....''*

અહીં સમજી શકાય એવું છે કે જો પરિભાષા સૂત્રોને વ્યાકરણના આરંભમાં બતાવવામાં આવે તો પણ તે પરિભાષા સૂત્રો વ્યાકરણના અન્ય સૂત્રોમાં કઈ રીતે પ્રવર્તે છે તે સમજાવવા અધ્યાપકે એકાદ આગામી વિધિસૂત્રને લઈને પહેલેથી તેનો અર્થ અભ્યાસુને સમજાવવાનો તો ઊભો જ રહે છે. માટે જ પાણિનિ વ્યાકરણમાં 'तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य १.१.६६'[B] વિગેરે પરિભાષાસૂત્રોની વૃત્તિમાં 'इको यणचि' (પા.સૂ. ૬.૧.૭૭) (સિદ્ધહેમ વ્યા. પ્રમાણે 'इवर्णादेरस्वे० १.२.२१') વિગેરે આગામી સૂત્રોને દૃષ્ટાંત તરીકે ટાંકવામાં આવ્યા છે. બસ એવી જ રીતે વ્યાકરણમાં જો વિધિસૂત્રોને પૂર્વે મૂકવામાં આવે અને પરિભાષાસૂત્રોને વ્યાકરણના છેડે મૂકવામાં આવે તો પણ વિધિસૂત્રોના અધ્યાપનના અવસરે એકવાર અધ્યાપકે અભ્યાસુઓને યથાવસર સમજાવી દેવું પડે કે ''વિધિસૂત્રોમાં આગામી પરિભાષાસૂત્રો આ રીતે પ્રવર્તે છે.'' આથી પરિભાષાસૂત્રોને વ્યાકરણના આરંભે બતાવો કે છેડે બતાવો બન્ને પક્ષે સરખું જ થયું.

*(d)* વસંતભાઈનું કહેવું છે કે *'' 'સૂત્ર' તો સ્વલ્પાક્ષરત્વાદિ લક્ષણો ધરાવતું હોવું જોઈએ. એ સૂત્રલક્ષણ મુજબ સિ.હે.શ. ના સૂત્રોની સમીક્ષા કરીએ તો તેમાં સ્વલ્પાક્ષરત્વ સર્વાંશે સાધવામાં આવ્યું હોય એમ જણાતું નથી. દા.ત., धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये। २-१-५० (वृत्तिः - धातुसम्बन्धिनः इवर्णस्योवर्णस्य च स्थाने स्वरादौ प्रत्यये परे यथासङ्ख्यम् 'इय्'-'उव्' इत्येतावादेशौ भवतः।) આ સૂત્રમાં બે વાર પ્રયોજાયેલા વર્ણ શબ્દને એક વાર ઘટાડી શકાયો હોત, પણ સૂત્રોને અતિવિશદ બનાવવા જતા સૂત્રોનું સ્વલ્પાક્ષરત્વ ખંડિત થયું હોય એમ જણાય છે.''*

અહીં જણાવવાનું કે કલિકાલસર્વજ્ઞશ્રીએ યુવર્ણ-વૃ-દૃ૦ ૫.૩.૨૮' સૂત્રમાં ઇ વર્ણ અને ઉ વર્ણને જણાવવા યુવર્ણ શબ્દ વાપર્યો છે. તેથી તેઓશ્રીએ સૂત્રને અતિવિશદ બનાવવાની ગણતરીથી કે પછી અજાણતા धातोरिवर्णोवर्णस्येयुव् ૨.૧.૫૦' સૂત્રમાં એક વર્ણ શબ્દ વધુ વાપર્યો છે તેવુ નથી. પરંતુ સકારણ વાપર્યો છે. સૂત્રકારશ્રી કોઈને કોઈ નિમિત્તને લઈને ન્યાયાદિનું જ્ઞાપન કરતા હોય છે. તો પ્રસ્તુતમાં જો તેઓ એક વર્ણ શબ્દ વધુ ન વાપરે તો

---

**(A)** જુઓ પા. વ્યા. વિમર્શ પૃ. ૨૮૪.

**(B)** આની સામે સિદ્ધહેમ વ્યાકરણમાં 'सप्तम्या पूर्वस्य ७.४.१०५' પરિભાષાસૂત્ર છે.

**'विचित्रा सूत्रस्य कृतिः'** न्यायनुं ज्ञापन शी रीते करी शके ? अर्थात् तेमणे 'धातोरिवर्णोवर्णस्येयुव्० २.१.५०' सूत्रमां એક वर्ण[A] शब्द वधु मूक्यो छे ते **'विचित्रा सूत्रस्य कृतिः'** न्यायनुं ज्ञापन करवाना हेतुथी मूक्यो छे. माटे अहीं सूत्रनुं स्वल्पाक्षरत्व खंडित थयुं छे तेम न कहेवाय.

*(e)* वसंतभाई कहे छे के *"पाणिनि व्याकरण **वाक्यसंस्कारपक्षने** स्वीकारनारुं छे, केमके तेमां वाक्यनी (= એક समग्र उक्तिनी) रचना वर्गवतां सूत्रोनो જे क्रम छे, ते आ प्रमाणे छे : (i) कृत्रिम-पारिभाषिक संज्ञाओ अने परिभाषासूत्रो, (ii) वाक्यना એકमने मनमां राखीने, क्रियानिर्वर्तक એवा पदार्थो-अर्थोने कर्तृकारकादि संज्ञाओ आपवी, (iii) ते संज्ञाओनुं नामपद अने क्रियापदमां परिवर्तन अने छेल्ले (iv) पद/सन्धिविषयक ध्वनि परिवर्तनना नियमो छे. न्यारे सि.हे.श. ना १ थी ७ अध्यायोनो विषयानुक्रम जोता ते **पदसंस्कारपक्षने** स्वीकारनारुं व्याकरणतन्त्र जणाय छे. केमके तेमां शास्त्रारंभे (i) वर्णध्वनिओनो परिचय, (ii) नामने लागता विभक्ति प्रत्ययोने प्रथमा विगेरे संज्ञाओनुं विधान, (iii) स्वर अने व्यंजन संधि, (iv) नामपदनी रूप प्रक्रिया (v) कारकसंज्ञा अने तन्निमित्तक विभक्ति विधान (vi) सत्व, षत्व, णत्वादि विधिओ, (vii) स्त्रीप्रत्यय विधि, (viii) उपसर्ग गतिसंज्ञानो प्रदेश, (ix) समासविधि, (x) क्रियापदोनी रूपसिद्धि, (xi) कृदन्तनी रूपसिद्धि, (xii) उणादि प्रत्ययो, (xiii) तद्धितविधि ... अहीं जोई शकाय छे के पहेला पद अने संधि विषयक ध्वनि परिवर्तनना सूत्रो छे. पछी नामपदोनी सिद्धि अने त्रीजे तबक्के कारकसंज्ञाओनुं विधान छे. अर्थात् कोई क्रियापदना परिप्रेक्ष्यमां नामपदोनी सिद्धि करवानी नथी. रामः वि. पदोनी सिद्धि पहेला स्वतंत्र रीते थई गया पछी ज, ते पदो कया कारकार्थने व्यक्त करवा वपराय छे एनुं निरूपण छे..."* आगळ पृष्ठ २८२-२८३ पर तेओ लखे छे *"आम आ हेमचन्द्राचार्यना व्याकरणतन्त्रमां क्रियापदथी निरपेक्ष रहीने (एटले के समग्र वाक्यना सन्दर्भने ध्यानमां लीधा विना) रामः , काष्ठैः। वगेरे એકाकी (अनन्वित) पदोनी सिद्धि करवानी होय छे. वधु स्पष्ट शब्दोमां कहीએ तो (क) वक्तानो विवक्षितार्थ कई विभक्तिथी व्यक्त थई शकशे ? - એ जाण्या पहेला ज, अने (ख) अमुक शब्दनो के विभक्त्यन्त पदनो कोनी (= कया बीजा नामपद के कया क्रियापद) साथे अन्वय थशे/करीशुं ? ते नक्की कर्या विना ज यादच्छिक रीते नक्की करवानुं के वक्ताએ अमुक विभक्तिनां रूपो बनाववा छे. [.....] आ दृष्टिએ हेमचन्द्राचार्यनुं व्याकरणतन्त्र पदसंस्कारपक्षने स्वीकारीने प्रवृत्त थयुं छे એम कहेवानुं प्राप्त थाय छे."*

आपणने आश्चर्य लागे के मात्र पाणिनि व्याकरणनी सूत्र-रचनाना क्रमने नजरमां राखी वसंतभाई केम "पाणिनि व्याकरण वाक्यसंस्कारपक्षने स्वीकारनार छे." आवा निरुपणनुं साहस करता हशे ? केम के पाणिनि व्याकरणने लगती टीकादिमां એवा अंशो जोवा मळे छे જेनाथी स्पष्टपणे ख्याल आवे के पाणिनि व्याकरण पण पदसंस्कारपक्षने स्वीकारे छे. જेम के '[A]कर्तुरिप्सिततमं कर्म' (पा.सू.१.४.४९) सूत्रनी काशिका वृत्ति परना जिनेन्द्रबुद्धिन्यासमां आवा प्रकारनी पंक्तिओ छे -

---

**(A)** आनी सामे सिद्धहेम व्याकरणमां 'कर्तुर्व्याप्यं कर्म २.२.३' सूत्र छे.

अथ नदी कूलं कर्षतीत्यादौ कथं कर्मसंज्ञा? कथञ्च न स्यात्? नद्यादेरचेतनत्वात्, अचेतनानामीप्साया असम्भवात्, नैतदस्ति ; अत्र नदीति पदान्तरसम्बन्धादीप्साया अभावोऽचेतनस्यापि भावः प्रतीयते। न च **पदसंस्कारे** पदान्तरसम्बन्धगम्योऽर्थ उपयुज्यते, तेन कूलं कर्षतीत्यादाविच्छामात्रमाश्रिता व्याप्तिः, कर्म च संस्क्रियते। यद्यपि पश्चान्नद्या सह सम्बन्धादचेतनत्वमिच्छाया अभावश्च प्रतीयते, तथापि च तद्बहिरङ्गत्वादन्तरङ्गसंज्ञाकार्यं न शक्नोति निवर्तयितुम्। (पा. सू. १.४.४९ जि.बु. न्यास)

હવે જરા આપણે ઉપરોક્ત પંક્તિઓનો અર્થ સમજી લઈએ -પહેલાં તો 'कर्तुरिप्सिततमं कर्म' (पा.सू. १.४.४९) સૂત્ર એમ કહે છે કે 'કર્તાને ક્રિયા દ્વારા જે વસ્તુ પ્રાપ્ત કરવી અત્યંત ઈષ્ટ હોય તેને કર્મ કહેવાય.' અહીં કોઈ પ્રશ્ન કરે છે કે "नदी कूलं कर्षति પ્રયોગસ્થળે નદી કર્તા છે અને કૂલ ને કર્મસંજ્ઞા કરવાની છે. પરંતુ તે થઈ શકે એમ લાગતું નથી. કેમ કે નદી પદાર્થ અચેતન = જડ છે, અને જડને ઈચ્છા સંભવતી નથી. તેથી કૂલ પદાર્થ જડ એવી નદી રૂપ કર્તાને પ્રાપ્ત કરવાને ઈષ્ટ (ઈચ્છાનો વિષય) બની શકે તેમ ન હોવાથી તે કર્મ શી રીતે બની શકે ?" પરંતુ આ વાત બરાબર નથી. કેમ કે આ શંકા (વાક્યસંસ્કારપક્ષને આશ્રયીને) कूलम् પદનો નદી પદની સાથે સંબંધ = અન્વય થતો હોવાથી ઊભી થઈ છે. અર્થાત્ વાક્યસંસ્કારપક્ષે પદની નિષ્પત્તિ વેળાએ વાક્યમાંના દરેક પદનો એકબીજા સાથે યથાયોગ્ય અન્વય કરવો જરૂરી હોવાથી कूलम् પદનો નદી પદની સાથે અન્વય થવાને કારણે નદી એ અચેતન છે અને માટે તેને ઈચ્છા હોઈ ન શકે આ બધા સ્વરૂપોની પ્રતીતિ થાય છે. તેથી કૂલ એ નદી કર્તાનું ઈપ્સિતતમ ન બની શકતા કર્મ બની શકતું નથી. બાકી પદસંસ્કારપક્ષે તો પદનિષ્પત્તિ વેળાએ આ રીતે વાક્યમાંના દરેક પદોનો પરસ્પર યથાયોગ્ય અન્વય કરવો જરૂરી હોતો નથી, તેથી कूलं कर्षति આટલો જ વાક્યાંશ લેવાનો અને નદી પદની સાથે કૂલ નો અન્વય ન કરતા यत्किंचित् (x-y-z) વ્યક્તિની ઈચ્છાને આશ્રયીને કૂલ માં વ્યાપ્તિ ( = અમુક કર્તાની કર્ષણ ક્રિયાને લઈને ઈપ્સિતતમતા) બતાવી કૂલ ને કર્મ રૂપે બનાવી લેવું શક્ય બને છે. જો કે પાછળથી વાક્યાર્થની પ્રાપ્તિ વેળાએ જ્યારે कूलम् પદનો નદી પદની સાથે અન્વય થાય છે ત્યારે નદી કર્તાની જડતા અને તેને ઈચ્છાનો અભાવ હોય છે આ વાત પ્રતીત થાય છે, તેથી कूलम् એ નદી નું ઈષ્ટતમ ન બનતા તેને પ્રાપ્ત થયેલી यत्किंचित् કર્તાશ્રિત કર્મસંજ્ઞા ચાલી જવી જોઈએ. પરંતુ (**'न ह्यन्तरङ्गं पदसंस्कारं बहिरङ्गः पदान्तरसम्बन्धो बाधते'** ન્યાયથી) અંતરંગ એવું कूलम् નું કર્મસંજ્ઞાકાર્ય પદાન્તરના સંબંધરૂપ બહિરંગ કાર્ય દ્વારા નિવર્તી શકે નહીં, તેથી नदी कूलं कर्षति સ્થળે कूलम् કર્મ રૂપે સિદ્ધ થઈ શકશે.

ઉપરોક્ત જિનેન્દ્રબુદ્ધિન્યાસની પંક્તિઓમાં આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે कूलम् ને કર્મસંજ્ઞા પ્રાપ્ત કરાવવા પદસંસ્કારપક્ષનો આશરો લીધો છે. વળી પદસંસ્કારપક્ષે પણ વસંતભાઈ કહે છે તેમ 'વક્તાનો વિવક્ષિતાર્થ કઈ વિભક્તિથી વ્યક્ત થશે એ જાણ્યા વિના જ, તેમજ ક્રિયાપદથી કે નામપદથી સાવ નિરપેક્ષ રહીને યાદચ્છિક રીતે રૂપો નિષ્પન્ન કરવામાં આવે છે.' તેવું નથી. કેમકે આપણે જિનેન્દ્રબુદ્ધિન્યાસનો

'तेन कूलं कर्षतीत्यादाविच्छामात्रमाश्रिता व्याप्तिः, कर्म च संस्क्रियते' પંક્તિમાં જોઈ શકીએ છીએ કે પદસંસ્કારપક્ષે મન ફાવે તે રીતે कूलम् રૂપ સાધવાની વાત નથી, પરંતુ ત્યાં પણ વક્તાને એ તો ખબર છે કે મારે कूलम् રૂપ સાધવું હોય તો कूल શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગવી જોઈએ અને તે ત્યારે લાગે જો તે કર્મ બને. માટે જ તો ત્યાં વક્તા નદી સ્વરૂપ કર્તા વિશેષની ઈચ્છાનો આશ્રય ન કરતા યત્કિંચિત્ કર્તાની ઈચ્છાને આશ્રયીને कूल માં પહેલાં કર્મતા સાધે છે અને પછી દ્વિતીયા વિભક્તિ લગાડી कूलम् રૂપ સિદ્ધ કરે છે. બીજું कूलम् નો कर्षति ક્રિયાપદ સાથે તેમજ યત્કિંચિત્ કર્તાની સાથે અન્વય = સાપેક્ષતા પણ અબાધિત જ છે. માત્ર ત્યાં कूलम् રૂપની નિષ્પત્તિમાં બાધક બનતા નદી કર્તા સાથેના અન્વયમાં જ ઉપેક્ષા કરવી જરૂરી બની છે.

સિદ્ધહેમ વ્યાકરણના 'स्वतन्त्रः कर्ता २.२.२' સૂત્રમાં પણ પદસંસ્કારપક્ષને લગતી આવી પંક્તિઓ છે - 'यद्येवं नदीकूलं पततीत्यादौ स्वातन्त्र्याभावात् कर्तृत्वाभावः तथाहि – स्वातन्त्र्यं नाम परिदृष्टसामर्थ्यकारक-प्रयोक्तृत्वं चेतनव्यापारो नाऽचेतनस्य कुलादेः सम्भवति, उच्यते – सामान्येन कर्तृव्यापारे पदं निष्पाद्य पश्चात् पदान्तरयोगः, **न ह्यन्तरङ्गं पदसंस्कारं बहिरङ्गः पदान्तरसम्बन्धो बाधत इति।**' (२.२.२ बृ. न्यास)' અર્થ - 'સૌ પ્રથમ તો 'स्वतन्त्रः कर्ता २.२.२' સૂત્ર એમ કહે છે કે 'ક્રિયામાં હેતુભૂત જે કારક ક્રિયાની સિદ્ધિની બાબતમાં બીજા કારકોને આધીન ન હોવાથી પ્રધાનપણે વિવક્ષાય અર્થાત્ જે અન્ય કારકોનો પ્રવર્તક બને પરંતુ બીજાથી જે પ્રવર્તે નહીં વિગેરે, તે કારકને કર્તા કહેવાય.' હવે અહીં કોઈ શંકા કરે છે કે ''જો સ્વતંત્ર કારકને તમે કર્તા કહો છો, તો नदीकूलं पतति (નદીનો કિનારો પડે છે) પ્રયોગસ્થળે સ્વાતંત્ર્ય પ્રાપ્ત ન થવાથી नदीकूल ને કર્તા નહીં કહી શકાય, કેમકે સ્વતંત્ર તેને કહેવાય જેમાં ક્રિયા કરવાનું સામર્થ્ય ધરાવતા અન્ય કારકોને પ્રવર્તાવવાપણું હોય. હવે પ્રવર્તકપણું તો ચેતન વસ્તુમાં જ હોઈ શકે છે. તેથી અચેતન એવા નદીકૂલ માં પ્રવર્તકપણું સંભવતું ન હોવાથી તે સ્વતંત્ર નહીં બની શકે, માટે તેને કર્તૃસંજ્ઞાનો લાભ નહીં થાય.'' તો આ શંકાનું સમાધાન કરતા કહે છે કે પદસંસ્કારપક્ષને આશ્રયીને नदीकूल નો पतति ક્રિયાપદની સાથે અન્વય ન કરતા સામાન્યથી 'अस्ति = હોવું' આદિ ક્રિયા રૂપ કર્તાના વ્યાપારને આશ્રયીને नदीकूलम् કર્તૃવાચક પદને સાધી લેવું, અને પાછળથી જ્યારે તેની સાથે पतति પદનો અન્વય થાય ત્યારે ભલેને પડવાં રૂપ ચેતનના વ્યાપારનો नदीकूल માં મેળ ન પડે, છતાં અંતરંગ એવા પદસંસ્કારને (= नदीकूल ને પ્રાપ્ત કર્તૃસંજ્ઞાને) બહિરંગ એવો पतति પદનો સંબંધ બાધા ન પમાડી શકે.

અહીં પણ આપણે જોઈ શકીએ છીએ કે પદસંસ્કારપક્ષે अस्ति આદિ ક્રિયાને સાપેક્ષ રહીને જ नदीकूलम् પદને કર્તૃવાચક પદ રૂપે સાધવામાં આવ્યું છે, યાદચ્છિક રીતે નહીં.

આ સિવાય પરિભાષેન્દુશેખરમાં બતાવેલ '**गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः**' ન્યાયની 'किञ्चायं न्यायो न प्रातिपदिककार्ये किंतूपात्तं विशिष्यार्थोपस्थापकं विशिष्टरूपं यत्र तादृशपदकार्य एव। परिनिष्ठितस्य

पदान्तरसम्बन्धे हि गौर्वाहीक इत्यादौ गौणत्वप्रतीतिर्न तु **प्रातिपदिकसंस्कार**वेलायामित्यन्तरङ्गत्वाज्जात-संस्कारबाधायोगः प्रातिपदिककार्ये प्रवृत्त्यभावे बीजम्।' આ વૃત્તિ પણ જોવા યોગ્ય છે. કેમકે તેમાં જણાવે છે કે **'गौणमुख्ययोः०'** ન્યાય નામકાર્ય સ્થળે નથી પ્રવર્તતો, પરંતુ પદકાર્યસ્થળે જ પ્રવર્તે છે. નામકાર્ય એટલે વિભક્તિના પ્રત્યયો કે ડી, આપ્ વિગેરે સ્ત્રીપ્રત્યયોના નિમિત્તે શબ્દને વ્યાકરણના સૂત્રોથી થતું કાર્ય અને પદકાર્ય એટલે ભાષામાં પ્રયોગ કરવા લાયક તૈયાર થયેલાં પદનો બીજા પદ સાથે સંબંધ થતા વ્યાકરણના સૂત્રોથી જે કાર્ય થાય તે કાર્ય. પદકાર્યસ્થળે જ આ ન્યાય પ્રવર્તવાનું કારણ **નાગેશ ભટ્ટ** એમ જણાવે છે કે गौर्वाहीकः (ગાય જેવો જડ વાહીક) સ્થળે જ્યારે गो શબ્દને सि (પાણિ.વ્યા. ના હિસાબે सु) પ્રત્યય લાગી गौ પ્રયોગ નિષ્પન્ન થવા રૂપ નામ કાર્ય ચાલતું હોય ત્યારે गो શબ્દનો ગૌણભાવ પ્રતીત નથી થતો. પરંતુ જ્યારે ભાષામાં પ્રયોગ કરવા લાયક નિષ્પન્ન થયેલા गौः પદનો वाहीकः પદાન્તરની સાથે સંબંધ થાય ત્યારે गो શબ્દ અહીં પોતાના મુખ્ય એવા 'ગાય' અર્થમાં ન વર્તતા 'गो सदृश' એવા ગૌણ અર્થમાં વર્તી રહ્યો છે તેવી પ્રતીતિ થાય છે. પરંતુ ત્યારે વખત વીતી ચૂક્યો હોય છે, કેમ કે પ્રાતિપદિકસંસ્કાર વેળાએ = गो શબ્દને सि પ્રત્યય લગાડી गौः પદની નિષ્પત્તિ વેળાએ = પદસંસ્કાર વેળાએ गो શબ્દનો ગૌણભાવ પ્રતીત ન થતા અંતરંગ એવું જે गौः પદની નિષ્પત્તિ રૂપ કાર્ય થાય છે તે પાછળથી જ્યારે वाहीक પદાન્તરની સાથે સંબંધ થતા गो શબ્દનો ગૌણભાવ પ્રતીત થાય ત્યારે **'जातं कार्यं न निवर्तते'** ન્યાય મુજબ પાછું નિવર્તી શકતું નથી. આમ નામકાર્ય સ્થળે શબ્દના ગૌણભાવની પ્રતીતિ ન થવી એ **'गौणमुख्ययोः०'** ન્યાયનું નામકાર્ય સ્થળે ન પ્રવર્તવામાં કારણ છે.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે નાગેશ ભટ્ટે પદસંસ્કારપક્ષનો આશરો લીધો છે માટે તેઓ કહી શકે છે કે નામકાર્ય સ્થળે શબ્દનો ગૌણભાવ પ્રતીત ન થતો હોવાથી ત્યાં **'गौणमुख्ययोः०'** ન્યાય લાગી ન શકે. બાકી વાક્યસંસ્કારપક્ષે તો વાક્યની નિષ્પત્તિ પર્યંત વાક્યના ઘટક બનનાર દરેક પ્રકૃતિ-પ્રત્યયનું સ્થાપન કરવું જરૂરી હોવાથી ત્યાં તો નામકાર્ય સ્થળે જ શબ્દનો ગૌણભાવ પ્રતીત થઈ જતા 'વાક્યસંસ્કારપક્ષે નામકાર્ય સ્થળે **'गौणमुख्ययोः०'** ન્યાય પ્રવર્તી ન શકે' તેમ કહેવું શક્ય બનતું નથી.

હજું કહીએ તો 'जातेरस्त्री०' (પા.સૂ. ૪.૧.૬૩) સૂત્રના મહાભાષ્યમાં આવું એક વાર્તિક છે -

आकृतिग्रहणा जातिर्लिङ्गानां च न सर्वभाक्। सकृदाख्यातनिर्ग्राह्या गोत्रं च चरणैः सह।।

ત્યાં आकृतिग्रहणा આવો જે પ્રયોગ છે તે પદસંસ્કારપક્ષને અનુસરીને થયો છે. આમાં કહેવાનો ભાવ એ છે કે આકૃતિ એટલે 'आक्रियते = व्यज्यतेऽनया इति आकृतिः' વ્યુત્પત્તિ મુજબ 'વસ્તુના હાથ, પગ વિગેરે તે તે અવયવોનો સમુદાય' સમજવો અને ગ્રહણ એટલે 'गृह्यते = ज्ञायतेऽनेन इति ग्रहणम्' વ્યુત્પત્તિ મુજબ 'જ્ઞાનનું સાધન' સમજવું. आकृतिः ग्रहणं यस्याः सा = आकृतिग्रहणा અર્થાત્ આકૃતિ = અવયવ સમુદાય છે જ્ઞાનનું સાધન જેનું તેવી જાતિને आकृतिग्रहणा કહેવાય. અહીં જોવાનું એ છે કે જ્યારે આપણે ઉપરોક્ત બહુવ્રીહિ

સમાસ કરીએ છીએ ત્યારે આપણને વિગ્રહમાં આકૃતિ શબ્દ અને ગ્રહણ શબ્દ વચ્ચે સામાનાધિકરણ્ય = વિશેષણ - વિશેષ્યભાવ અનુભવાય છે. તેથી ગ્રહણમ્ પ્રયોગ ન થતા 'टिड्ढाणञ्०' (પા.સૂ. ૪.૧.૧૫) (સિ.હે. પ્રમાણે 'अणञ्० ૨.૪.૨૦') સૂત્રથી ङी પ્રત્યય લાગી ગ્રહણી પ્રયોગ થવો જોઈએ. પરંતુ અહીં પદસંસ્કારપક્ષનો આશરો લઈ પૂર્વે કરણ-સામાન્ય અર્થમાં ગ્રહણ શબ્દ સાધી લેવામાં આવે છે અને પછીથી आकृतिः પદાન્તરની સાથે તેનો અન્વય થવાને કારણે જે તેમાં સ્ત્રીત્વ જણાય છે તે બહિરંગ હોવાથી તે ङी પ્રત્યય લાગવામાં નિમિત્ત બની શકતું નથી. માટે વિગ્રહમાં ગ્રહણી ને બદલે ગ્રહણમ્ પદ વાપરવામાં આવ્યું છે અને આકૃતિગ્રહણા સમાસ થયો છે, આકૃતિગ્રહણી નહીં.

આમ અહીં પણ પદસંસ્કારપક્ષનું અનુસરણ આપણે જોઈ શકીએ છીએ. ઉપરોક્ત વાતને લગતી પ્રદીપ-ઉદ્દ્યોત, ન્યા.બુ. ન્યાસ તેમજ સિદ્ધહેમ વ્યાકરણના બૃહન્ન્યાસની પંક્તિઓ પણ જોઈ લઈએ.

'(ઉદ્દ્યોત -) ननु करणसाधनग्रहणशब्दस्याऽऽकृतिसमानाधिकरणतया स्त्रीत्वेन 'आकृतिग्रहणीका' इति प्राप्नोतीत्याह - सामान्य इति। (પ્રદીપ -) आकृतिग्रहणेति - गृह्यतेऽनेनेति ग्रहणमिति **करणसामान्ये पदं संस्क्रियते**। तत्राऽऽकृतिशब्दसंनिधाने स्त्रीत्वप्रतिपत्तेः बहिरङ्गत्वात् स्त्रीप्रत्ययनिमित्तं न भवति। आकृतिर्ग्रहणं यस्याः सा - आकृतिग्रहणा (પા.સૂ. ૪.૧.૬૩, પ્રદીપ-ઉદ્દ્યોત)'

'ननु चाकृतिशब्दसामानाधिकरण्याद् ग्रहणशब्दस्य स्त्रियां वृत्तिरिति 'टिड्ढाणञ्० ૪.૧.૧૫' इति ङीपा भवितव्यम्, तदन्तेन समासे कृते 'नद्यृतश्च ૫.૪.૧૫૨' इति कप्, ततश्चाकृतिग्रहणीकेति प्राप्नोति? नैष दोषः, **ग्रहणशब्दो हि पूर्वं करणसामान्ये व्युत्पादितः**, पश्चाद् विशेषेणाभिसम्बध्यते। तत्र पदान्तरसन्निधानेन यस्तस्य लिङ्गविशेषसम्बन्धः, स च बहिरङ्ग इति सामान्यलिङ्गेनैवान्तरङ्गेण वाक्यं कृत्वा समासः क्रियते, यथा - 'मुखनासिकावचनोऽनुनासिकः' इत्यत्र। (પા.સૂ. ૪.૧.૬૩, ન્યા.બુ. ન્યાસ)'

**'विशेष्याऽसंनिधानेनाऽपि पदसंस्कारो भवति'** इति न्यायव्युत्पत्त्यर्थं 'स्वरादयः' इति पुंसा निर्देशः 'आकृतिग्रहणा जातिः०' इतिवत्, अन्यथा तु गृह्यतेऽनयेति ग्रहणीति स्यात्। न च लिङ्गसर्वनामनपुंसकेन निर्देशः प्राप्नोति? स्वरादिशब्दाऽऽरब्धत्वेन तत्समुदायस्य पूर्वं बुद्धावुपारोहाद्। 'अव्ययम्' इत्येकवचननपुंसकेन निर्देशः **'अभिधेयविशेषनिरपेक्षः पदसंस्कारपक्षोऽप्यस्ति'** इति ज्ञापनार्थम्। तत्र हि पदान्तरनिरपेक्षे संस्क्रियमाणे नपुंसकं लिङ्गमर्थनामप्राप्तं एकत्वं च, वस्त्वन्तरनिरपेक्षत्वात् सन्निहिततत्रभाविनो बहिरङ्गस्याऽऽश्रयस्य संबंधिन्यौ लिङ्गसंख्ये न भवतः, एवं च 'आकृतिग्रहणा जातिः०' इति सिद्धं भवति। यदा तु **वाक्यसंस्कारपक्ष**-स्तदाऽऽश्रयविशेषस्य पूर्वमेव प्रक्रमे विशेषणानामपि तन्निविविष्टत्वात् तद्गतयोर्लिङ्ग-संख्ययोर्योगो भवति। सर्वत्र च लौकिकः प्रयोगः प्रामाण्येनऽऽश्रीयते इत्यनवस्थाऽपि न भवतीति। (स्वरादयोऽव्ययम् सि.हे. ૧.૧.૩૦ बृ. न्यास).'

આટલાં દાખલાઓ પરથી આપણે સહજ સમજી શકશું કે વસંતભાઈ ફક્ત પાણિનિ વ્યાકરણના સૂત્ર રચનાનો ક્રમ દેખી 'પાણિનિ વ્યાકરણ વાક્યસંસ્કારપક્ષને સ્વીકારે છે.' એમ જે કહે છે, તે વાત ભૂલભરી છે અને 'પદસંસ્કારપક્ષે વક્તાનો વિવક્ષિતાર્થ કઈ વિભક્તિથી વ્યક્ત થશે તે જાણ્યા વિના જ તેમજ ક્રિયાપદથી કે નામપદથી તદ્દન નિરપેક્ષ રહીને યાદચ્છિક રીતે રૂપો નિષ્પન્ન કરવામાં આવે છે.' એવી તેમની વાત પણ ગેરવ્યાજબી છે.

**(f)** છેલ્લે વસંતભાઈ ભટ્ટ તેમના લેખમાં જણાવે છે કે *"એક પદનિષ્પાદક વ્યાકરણતન્ત્ર તરીકે સિ.હે.શ. નો અભ્યાસ કરીએ તો જણાય છે કે અહીં, આરંભે રૂપઘટક સામાન્ય પ્રત્યયોનું વિધાન કર્યા પછી, પ્રકૃતિના વૈવિધ્ય અનુસાર તેના ઉપરૂપઘટકોનું વર્ણન કરવું - એવી વર્ણનાત્મક શૈલી અપનાવવામાં આવી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, નામરૂપ પ્રકૃતિને લાગતા રૂપઘટક સામાન્ય પ્રત્યયો '૧.૧.૧૮' સૂત્ર પ્રમાણે - સિ, ઔ, જસ્ (પ્રથમા) ; અમ્ , ઔ, શસ્ (દ્વિતીયા) ; ટા, ભ્યામ્ , ભિસ્ (તૃતીયા) ; ઙે, ભ્યામ્ , ભ્યસ્ (ચતુર્થી); ..... આમ પ્રથમાથી લઈને સપ્તમી સુધી ત્રણ-ત્રણની જોડીમાં ૨૧ મુખ્યરૂપઘટકો છે, અને તેને આધારે જુદા-જુદા નામપદોની રૂપસિદ્ધિ વર્ણવવા માટે હેમચન્દ્રાચાર્યે પ્રકૃતિના વૈવિધ્ય અનુસાર જુદાં-જુદાં ઉપરૂપઘટકોનું નીચે મુજબ વર્ણન કર્યું છે. જેમ કે -*

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| *મુખ્યરૂપઘટક* | → | *ચતુર્થી એકવચનનો ઙે પ્રત્યય* | | | | | |
| *ઉપરૂપઘટકો* | → | ય | સ્મૈ | યૈ | સ્યૈ | એ | ઐ |
| *દૃષ્ટાન્ત* | → | રામાય | સર્વસ્મૈ | માલાયૈ | સર્વસ્યૈ | મુનયે | નદ્યૈ |
| *સૂત્ર* | → | *૧.૪.૬* | *૧.૪.૭* | *૧.૪.૧૭* | *૧.૪.૧૮* | *૧.૪.૨૩* | *૧.૪.૨૯* |

*પરંતુ હેમચન્દ્રાચાર્યે આ શૈલીનું સાદ્યન્ત પરિપાલન કર્યું નથી. દા.ત. ક્રિયાવાચક ધાતુઓ ઉપરથી દશેય કાળ અને અર્થોની અભિવ્યક્તિ કરતાં ક્રિયાપદના રૂપોની સિદ્ધિ પ્રદર્શિત કરતી વખતે તેમણે ઉપર્યુક્ત શૈલીનો ત્યાગ કરી દીધો છે. તેમણે જુદાં-જુદાં દશ સૂત્રો રચીને દશેય કાળ અર્થોના પ્રત્યયો અલગ અલગ દર્શાવ્યા છે. જુઓ સિ.હે.શ. ના ૩.૩.૬ થી ૩.૩.૧૬ સુધીના સૂત્રો. આમ ક્રિયાપદની સિદ્ધિ માટે ૧૮૦ (૯૦ પરસ્મૈપદના અને ૯૦ આત્મનેપદના) પ્રત્યયોનું મુખ્યરૂપઘટક તરીકે જ પ્રદર્શન કર્યું છે. જ્યારે પાણિનિએ તો (નામપદની સિદ્ધિ કરવા જે પદ્ધતિ અજમાવી છે તેની જ જેમ) દશેય કાળ અને અર્થમાં જુદા-જુદા ધાતુઓ ઉપરથી ક્રિયાપદના રૂપો સાધવા માટે પણ પહેલાં એક જ સામાન્ય સૂત્ર 'તિપ્તસ્ઝિસિપ્થસ્થમિબ્વસ્મસ્ તાતામ્ઝથાસાથામ્ધ્વમિડ્-વહિમહિઙ્। પા.સૂ. ૩-૪-૭૮ સૂત્રથી સામાન્ય રૂપઘટકોનું વર્ણન કર્યું છે, અને ત્યાર પછી તેના ઉપરૂપઘટકોનું વર્ણન કર્યું છે. આમ મહર્ષિ પાણિનિએ તો નામપદ અને ક્રિયાપદ (સુબન્ત અને તિઙન્ત) નું રૂપાખ્યાન વર્ણવવા માટે એક સરખી શૈલી અજમાવી છે. જેમ કે -*

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| *मुख्यरूपघटक* | → | *त्रीजा पुरुष बहुवचननो परस्मैपदी प्रत्यय - झि* | | | | | |
| *उपरूपघटक* | → | *झ्> अन्त्+इ=अन्ति* | *झि> उस्* | *झि> रस्* | *झ्> अन्त्+इ> उ=अन्तु* | *झि> अन्* | *झि> जुस्* |
| *दृष्टान्त* | → | *भवन्ति* | *बभूवुः* | *भवितारः* | *भवन्तु* | *अभवन्* | *भवेयुः* |
| *पा. सूत्र* | → | *७.१.३* | *३.४.८८* | *२.४.८५* | *३.४.८६* | *३.४.१००* | *३.४.१०८* |

*आम हेमचन्द्राचार्ये नामपद अने क्रियापदनां रूपाख्याननी वर्णनात्मक शैली पोताना समग्र व्याकरणतन्त्रमां एकरूप राखी नथी.*[A]''

અહીં પહેલાં તો પાણિનિ વ્યાકરણની ક્રિયાપદની નિષ્પત્તિની શૈલી શું છે તે આપણે બરાબર સમજી લઈએ. પાણિનિ વ્યાકરણમાં દશ ल કારનું વર્ણન છે –

'लट् वर्तमाने लेट् वेदे भूते लुङ्-लङ्-लिटस्तथा। विध्याज्ञयोस्तु लिङ्-लोटौ लुट्-लृट्-लृङः भविष्यति।।' અર્થાત્ પાણિનિ વ્યાકરણમાં વર્તમાના અર્થમાં ધાતુને સીધા જ તિવ્ , તસ્ , અન્તિ વિગેરે પ્રત્યયો નથી લગાડાતા, પરંતુ તેઓ વર્તમાનકાળને જણાવવા ધાતુને પૂર્વે 'वर्तमाने लट्' (પા.સૂ. ૩.૧.૧૨૩) સૂત્રથી लट् પ્રત્યય લગાડે છે અને પછી તે लट् પ્રત્યયનો 'तिप्तस्झि०' (પા.સૂ. ૩.૪.૭૮) સૂત્રથી તિપ્ આદિ ૯ પરસ્મૈપદના અને ૯ આત્મનેપદના પ્રત્યયોરૂપે આદેશ કરે છે. આ આદેશો વસંતભાઈએ કહ્યા પ્રમાણેના મુખ્યરૂપઘટકો છે. વર્તમાનકાળનાં પઠતિ વિગેરે રૂપો બનાવવા વર્તમાનાર્થક આ તિપ્ આદિ મુખ્યરૂપઘટકોથી જ કામ લેવામાં આવે છે. પરંતુ હવે જો પરોક્ષ ભૂતકાળના રૂપો બનાવવા હોય તો પહેલાં ધાતુને 'परोक्षे लिट्' (પા.સૂ. ૩.૨.૧૧૫) સૂત્રથી પરોક્ષ ભૂતકાળ અર્થમાં लिट् પ્રત્યય લગાડવામાં આવે છે. ત્યારબાદ 'तिप्तस्झि० ૩.૪.૭૮' સૂત્રથી लिट् પ્રત્યયના તિપ્ આદિ આદેશ કરી મુખ્યરૂપઘટકો બનાવવામાં આવે છે. ત્યાર પછી 'परस्मैपदानां णलतुसुस्थलथुस-णल्वमाः' (પા.સૂ. ૩.૪.૮૨) સૂત્રથી પરસ્મૈપદના તિપ્આદિ ૯ પ્રત્યયોના ક્રમશઃ णल् વિગેરે ૯ આદેશો રૂપ ઉપરૂપઘટકો બનાવવામાં આવે છે. પછી આગળ દ્વિત્વ વિગેરે કાર્યો કરી પરોક્ષભૂતકાળના પપાચ આદિ ક્રિયાપદો સાધવામાં આવે છે. આ જ પ્રમાણે અદ્યતની, વિધ્યર્થ વિગેરેના પ્રયોગો અંગે પણ જુદા જુદા ल કારોને લઈને સમજી લેવું.

હવે અહીં આપણે જોઈ ગયા કે તિપ્, તસ્, ઝિ વિગેરે પ્રત્યયો તો ल કારના આદેશ સ્વરૂપ છે. તેથી વસંતભાઈ કહે છે તે પ્રમાણે તિપ્ આદિ ल કારાદેશોને મુખ્યરૂપઘટક ન માની શકાય. પરંતુ लट्, लेट् વિગેરે દશ ल કારોને મુખ્યરૂપઘટકો માનવાના આવે. એટલે આ તો ઉપરથી શીર્ષાસન થયું. કેમકે પાણિનિ વ્યાકરણમાં નામરૂપા પ્રકૃતિને લાગતા સુ આદિ મુખ્યરૂપઘટકો એક એક છે, અને તેમના આદેશભૂત ઉપરૂપઘટકો જુદા જુદા છે. જ્યારે ધાતુરૂપા પ્રકૃતિને લાગતા દશ લકાર રૂપ મુખ્યરૂપઘટકો જુદા જુદા છે, અને તેમના આદેશભૂત તિપ્ આદિ

**(A)** જુઓ પા.વ્યા.વિમર્શ, પૃ.૨૯૩ થી ૨૯૭ અને ૨૯૯-૩૦૦

ઉપરૂપઘટકો એક જેવા જોવા મળે છે. આથી પાણિનિ વ્યાકરણમાં પણ નામપદ અને ક્રિયાપદના રૂપાખ્યાનની વર્ણનાત્મક શૈલીમાં એકવાક્યતા નથી જળવાતી. છતાંય વસંતભાઈ મધ્યસ્થતાને ગુમાવી સિદ્ધહેમ વ્યાકરણને દંડે[A] છે, આને કલિકાલની વિચિત્રતા ન કહેવી તો શું કહેવું ? આગળ વધીને કહીએ તો વસંતભાઈએ જો તિપ્ આદિને મુખ્યરૂપઘટકો માનવા હોય તો તેમણે પાણિનિ વ્યાકરણમાં લ કારની ભાંજગડ ન હોવી જોઈએ તેમ કબૂલી લેવું જોઈએ. પરંતુ તેમ કબૂલવાથી પણ વાતનો મેળ પડે તેમ નથી. આ વાત આપણે આગળ સ્પષ્ટ કરીએ. સિદ્ધહેમ વ્યાકરણ તો લ કારોની માથાકૂટમાં પડ્યું જ નથી. કેમકે નામરૂપા પ્રકૃતિને લાગતા સિ (પાણિનિ વ્યા. પ્રમાણે સુ) આદિ મુખ્યરૂપઘટકો તો રામઃ વિગેરે કોઈને કોઈ પ્રયોગોમાં ટકેલાં જોવા મળે છે. માટે તેમને મુખ્ય રૂપઘટકો તરીકે અને તેમના 'अतः म्यमो० १.४.५७' વિગેરે સૂત્રોથી થતા अम् આદિ આદેશોને ઉપરૂપઘટક રૂપે માની શકાય. પરંતુ ધાતુરૂપા પ્રકૃતિને લાગતા મુખ્યરૂપઘટક એવા લ કારોની બાબતમાં આવું નથી. તેઓ એકપણ ક્રિયાપદના રૂપોમાં ટકતા જ નથી. તેથી સિદ્ધહેમ વ્યાકરણમાં બતાવેલી સરળ રીતિથી જો ક્રિયાપદની સિદ્ધિ થઈ જતી હોય તો નકામા લ કારોને માની ગૌરવ કરવાની કોઈ જરૂર ખરી ? અહીં કોઈ પ્રશ્ન કરે કે ''સિદ્ધહેમ વ્યાકરણ ભલે લ કારની ભાંજગડમાં ન પડ્યું હોય છતાં તેમાં વર્તમાનાના તિવ્ આદિ ૧૮ પ્રત્યયોને મુખ્યરૂપઘટકો અને વિધ્યર્થ સપ્તમી વિગેરેના બાકી રહેલા યાત્ આદિ ૧૬૨ પ્રત્યયોને તેમના ઉપરૂપઘટક રૂપે કેમ નહીં માન્યા હોય ?'' તો આનું સમાધાન એ છે કે નામરૂપા પ્રકૃતિને લાગતા સિ આદિ પ્રત્યયોની બાબતમાં અને ધાતુરૂપા પ્રકૃતિને લાગતા તિવ્ આદિ પ્રત્યયોની બાબતમાં ભેદ છે. ભેદ એ છે કે સિ આદિ મુખ્યરૂપઘટકો અને તેમના अम् આદિ આદેશ રૂપ ઉપરૂપઘટકોના સ્વરૂપમાં ચોક્કસ ફેર પડે છે, પરંતુ ત્યાં અર્થનો ફેર પડતો નથી. અર્થાત્ ત્યાં પ્રત્યયોનું સ્વરૂપ ભલે બદલાઈ જતું હોય, પરંતુ અર્થ એ નો એ ઉભો રહે છે. જેમ કે ચતુર્થીના धेनवे - धेन्वै પ્રયોગ સ્થળે એકબાજું મુખ્યરૂપઘટક ङे પ્રત્યય છે અને બીજી બાજું તેનો ઉપરૂપઘટક ऐ (વૈ) આદેશ બદલાઈ ગયો છે. પરંતુ અર્થ 'ગાય માટે' બન્ને ઠેકાણે સરખો જ ઉભો છે. આમ અર્થના ઐક્ય રૂપ આધારશીલાને આશ્રયી સિ આદિ પ્રત્યયોને મુખ્યરૂપઘટકો અને તેમના આદેશોને ઉપરૂપઘટક રૂપે માની શકાય છે. જ્યારે તિવ્ આદિ પ્રત્યયોની બાબતમાં વિચારીએ તો વર્તમાનાના તિવ્ પ્રત્યયનો વિધ્યર્થ સપ્તમીના યાત્ પ્રત્યયરૂપે આદેશ કરવા જઈએ તો ત્યાં નથી તો પ્રત્યયના સ્વરૂપનો (= આકારનો) મેળ પડતો કે નથી તો અર્થનો મેળ પડતો. જેમ કે વર્તમાનાના अस्ति પ્રયોગ અને વિધ્યર્થ સપ્તમીના स्यात् પ્રયોગસ્થળે જુઓ તો પ્રત્યયોના આકાર તો જુદા છે જ, સાથે સાથે અર્થ એક ઠેકાણે વર્તમાનનો 'છે' આવો થાય છે અને બીજે ઠેકાણે વિધ્યર્થનો 'હોય / થાય' આ પ્રમાણે જુદો થાય છે. તેથી બન્ને વચ્ચે સ્નાન-સુતકનો ય સંબંધ ન જળવાતા એવી કોઈ કડી જ નથી જેના આધારે વર્તમાનાના તિવ્ આદિ ૧૮ પ્રત્યયોને મુખ્યરૂપઘટકો અને વિધ્યર્થ, આજ્ઞાર્થ વિગેરેના યાત્ , તુવ્ આદિ ૧૬૨ પ્રત્યયોને તેમના આદેશરૂપે

(A) 'આમ એક જ તન્ત્રમાં જુદા જુદા પ્રકારની વર્ણનાત્મક શૈલીને તન્ત્રકારની **નિષ્ફળતા** જ ગણવી, કે તેને સરલીકરણ ગણીને આવકારવી ? એનો નિર્ણય તો પ્રત્યેક અભ્યાસીએ પોતાની રીતે જ કરવાનો રહે છે.' (પા.વ્યા. વિમર્શ, પૃ. ૩૦૦)

કલ્પી ઉપરૂપઘટકો રૂપે આપણે બતાવી શકીએ[A]. માટે તિવ્ આદિ ૧૮૦ પ્રત્યયોને દરેકને સિદ્ધહેમ વ્યાકરણમાં મુખ્યરૂપઘટક રૂપે જ દર્શાવવામાં આવ્યા છે. આમ વસંતભાઈની 'સિદ્ધહેમ વ્યાકરણમાં શૈલીની એકવાક્યતા નથી જળવાતી' આ વાત વજૂદ વગરની છે. કેમ કે હંસલા અને કાગડાની જેમ જે વસ્તુ એકવાક્યતાનો વિષય ન બનતી હોય ત્યાં એકવાક્યતા જાળવવા જવાનું ન હોય.

આમ વસંતભાઈએ પોતાના પાણિનીય વ્યાકરણ-વિમર્શ પુસ્તકમાં શ્રી સિદ્ધહેમ વ્યાકરણની જે ક્ષતિઓ દર્શાવી છે, પ્રાયઃ તે સર્વની સમીક્ષા અહીં પૂર્ણ થાય છે. હવે જરા આપણે પં. શ્રી **'બેચરદાસ જીવરાજભાઈ દોશી'** કે જેમણે પોતે અનુવાદ કરેલાં અને **'યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ'** અમદાવાદ તરફથી પ્રકાશિત થયેલા 'સિદ્ધહેમ શબ્દાનુશાસન-લઘુવૃત્તિ' પુસ્તકના ખંડ-૧ માં પૃષ્ઠ ૪૪ થી ૪૬ ઉપર ટિપ્પણ 'ર' માં જે 'સિદ્ધહેમ વ્યાકરણના સૂત્રોમાં ક્રમફેર હોવો જોઈએ' એમ કહી ક્ષતિ દર્શાવી છે તેની સમીક્ષા કરીએ.

પં. બેચરભાઈનું જે કહેવું છે તે શબ્દશઃ આ પ્રમાણે છે *"કોઈ પણ ગ્રંથમાં જે જે સંજ્ઞાઓ વપરાતી હોય તે તમામ સંજ્ઞાઓને ગ્રંથકાર ગ્રંથની શરૂઆતમાં જ આપી દે છે, એટલું જ નહીં પણ સંજ્ઞાઓ આપ્યા પછી જ તેના ઉપયોગની વાત કહે છે.*

*આચાર્ય હેમચન્દ્રે સંજ્ઞાઓ ગ્રંથના પ્રારંભમાં તો આપેલી છે, પણ તે સંજ્ઞાનો જ્યાં-જે સૂત્રમાં ઉપયોગ થયેલ છે તે સૂત્રની પહેલાં સર્વત્ર નથી આપી, પણ ક્યાંક સંજ્ઞાના ઉપયોગવાળા સૂત્ર પછી આપેલ છે. સંપાદકની (= પંડિતજીની પોતાની) દૃષ્ટિએ આ ક્રમ બરાબર જણાતો નથી. જેમ કે -*

***(a)** અંતસ્થસંજ્ઞા '૧.૧.૧૫' માં સૂત્રમાં બતાવેલ છે અને તેનો ઉપયોગ '૧.૧.૧૧' માં સૂત્રમાં કરેલ છે.*

***(b)** નામસંજ્ઞા '૧.૧.૨૭' માં સૂત્રમાં બતાવેલ છે અને તેનો ઉપયોગ '૧.૧.૨૧' માં સૂત્રમાં કરેલ છે.*

*અર્થાત્ સંજ્ઞાનું વિધાન કર્યા પહેલાં જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ..... આ દૃષ્ટિએ વિચારતા આચાર્યના સૂત્રોનો ક્રમ થોડો બદલવા યોગ્ય ગણાય."*

| **આચાર્યે આપેલો ક્રમ** | **બદલવા યોગ્ય ક્રમ** |
|---|---|
| कादिर्व्यञ्जनम् १.१.१० | कादिर्व्यञ्जनम् १.१.१० |
| अपञ्चमान्तस्थो धुट् १.१.११ | पञ्चको वर्गः १.१.११ |
| पञ्चको वर्गः १.१.१२ | यरलवा अन्तस्थाः १.१.१२ |

**(A)** પાણિનિ વ્યાકરણમાં પણ વસંતભાઈએ ત્ર કારોને બાજુ પર મૂકી જો તિપ્ આદિ પ્રત્યયોમાં મુખ્યરૂપઘટક અને ઉપરૂપઘટકની વ્યવસ્થા બતાવવી હોય તો ત્યાં પણ તિપ્ આદિ પ્રત્યયો અને તેમના આદેશોમાં સ્વરૂપ અને અર્થનો મેળ પડતો ન હોવાથી વ્યવસ્થા બતાવવી શક્ય ન બને.

| | |
|---|---|
| आद्य-द्वितीयशषसा अघोषा १.१.१३ | अपञ्चमान्तस्थो धुट् १.१.१३ |
| अन्यो घोषवान् १.१.१४ | आद्यद्वितीयशषसा अघोषाः १.१.१४ |
| यरलवा अन्तस्थाः १.१.१५ | अन्यो घोषवान् १.१.१५ |
| अं-अः ≍ क - )(प-श-ष-साःशिट् १.१.१६ | अं-अः ≍ क - )(प-श-ष-साःशिट् १.१.१६ |
| **आचार्ये आपेलो क्रम** | **बदलवा योग्य क्रम** |
| तदन्तं पदम् १.१.२० | तदन्तं पदम् १.१.२० |
| नाम सिदय्व्यञ्जने १.१.२१ | सविशेषणमाख्यातं वाक्यम् १.१.२१ |
| नं क्ये १.१.२२ | अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १.१.२२ |
| न स्तं मत्वर्थे १.१.२३ | नाम सिदय्व्यञ्जने १.१.२३ |
| मनुर्नभोऽङिरो वति १.१.२४ | नं क्ये १.१.२४ |
| वृत्त्यन्तोऽसषे १.१.२५ | न स्तं मत्वर्थे १.१.२५ |
| सविशेषणमाख्यातं वाक्यम् १.१.२६ | मनुर्नभोऽङिरो वति १.१.२६ |
| अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १.१.२७ | वृत्त्यन्तोऽसषे १.१.२७ |
| शिर्घुट् १.१.२८ | शिर्घुट् १.१.२८ |

ઉપરોક્ત સ્થળે બેચરભાઈએ માત્ર એક જ દિશામાં પોતાની મતિને દોડાવી છે. પરંતુ તેમણે સ્વનામાનુસાર અનુવૃત્તિની બીજી દિશામાં પણ પોતાની મતિને ચરાવવી જોઈતી હતી. ઉપરોક્ત સૂત્રોના ક્રમને જો અનુવૃત્તિનાં પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો કલિકાલસર્વજ્ઞશ્રીના સૂત્રક્રમમાં નીચે મુજબ અનુવૃત્તિ ચાલે છે, જે બેચરભાઈએ બદલેલા સૂત્રક્રમમાં ખંડિત થતી હોવાથી અમુક સૂત્રોમાં ખુટતા પદ ઉમેરી માત્રા-ગૌરવ કરવાનો પ્રસંગ આવે છે. જેમ કે-

| કલિકાલસર્વજ્ઞશ્રીનો સૂત્રક્રમ | અનુવૃત્ત પદ | ન્યાય |
|---|---|---|
| कादिर्व्यञ्जनम् १.१.१० | – | – |
| अपञ्चमान्तस्थो० १.१.११ | कादिः | – |
| पञ्चको वर्गः १.१.१२ | कादिषु | अर्थवशाद् विभक्तिविपरिणामः |
| आद्य-द्वितीयशषसा० १.१.१३ | वर्गाणाम् | अर्थवशाद् विभक्तिविपरिणामः |

| બેચરભાઈનો નવો સૂત્રક્રમ | અનુવૃત્ત પદ | તુટતી અનુવૃત્તિ | ખુટતું પદ | નવી ગૌરવપૂર્ણ સૂત્રરચના |
|---|---|---|---|---|
| कादिर्व्यञ्जनम् १.१.१० | – | – | – | – |
| पञ्चको वर्गः १.१.११ | कादिषु | | – | – |
| यरलवा अन्तस्थाः १.१.१२ | –(A) | कादिः, वर्गाणाम् | – | – |
| अपञ्चमान्तस्थो० १.१.१३ | – | – | कादिः | अपञ्चमान्तस्थो कादिः धुट् |
| आद्य-द्वितीयशषसा० १.१.१४ | – | – | वर्गाणाम् | वर्गाणामाद्यद्वितीयौ शषसाश्चाघोषाः |

| કલિકાલસર્વજ્ઞશ્રીનો સૂત્રક્રમ | અનુવૃત્ત પદ |
|---|---|
| तदन्तं पदम् १.१.२० | – |
| नाम सिदय्व्यञ्जने १.१.२१ | पदम् |
| नं क्ये १.१.२२ | पदम् |

| બેચરભાઈનો નવો સૂત્રક્રમ | અનુવૃત્ત પદ | તુટતી અનુવૃત્તિ | ખુટતું પદ | નવી ગૌરવપૂર્ણ સૂત્રરચના |
|---|---|---|---|---|
| तदन्तं पदम् १.१.२० | – | – | – | – |
| सविशेषणमाख्यातम्०१.१.२१ | – | पदम् | – | – |
| अधातुविभक्तिवाक्य० १.१.२२ | – | – | – | – |
| नाम सिदय्व्यञ्जने० १.१.२३ | – | – | पदम् | नाम पदं सिदय्व्यञ्जने |
| नं क्ये १.१.२४ | – | – | – | – |

ઉપર દર્શાવેલા કોષ્ટકોમાં આપણે જોઈ શકીએ છીએ કે કલિકાલસર્વજ્ઞશ્રીએ બતાવેલા સૂત્રક્રમમાં તે તે પદોની અનુવૃત્તિ ચાલવાથી લઘુ સૂત્રોની રચના શક્ય બને છે. જ્યારે બેચરદાસજીના નવા સૂત્રક્રમમાં અમુક સ્થળે તે તે પદોની અનુવૃત્તિ તૂટી જવાથી આગળના સૂત્રોમાં ફરી તે પદોની આવશ્યકતા વર્તતા પુનઃ તે પદોનો નિવેશ કરી ગૌરવપૂર્ણ સૂત્રરચના કરવી પડે છે. આમ બેચરભાઈએ અનુવૃત્તિની બાબતમાં તદ્દન બેદરકારી બતાવી જે માત્રાલાઘવ વૈયાકરણોમાં અત્યંત આદરપાત્ર છે તેને નેવે મૂકી અભિનવ સૂત્રક્રમના નિરુપણનું સાહસ કર્યું છે.

---

**(A)** 'यरलवा अन्तस्थाः १.१.१२' સૂત્રમાં જો ઉપયોગ વગરની कादिषु ની અનુવૃત્તિ ચાલું રાખીએ તો 'अपञ्चमान्तस्थो० १.१.१३' સૂત્રમાં પણ તેની અનુવૃત્તિ પ્રાપ્ત થઈ શકે, જેથી 'अपञ्चमान्तस्थो० १.१.१३' સૂત્રમાં कादिः પદ મૂકી ગૌરવ પણ ન કરવું પડે. પણ આમ કરવામાં તો ઉલમાંથી ચૂલમાં પડવાનું થાય. કેમકે અનુવૃત્ત એવા कादिषु પદને **'अर्थवशाद् विभक्तिविपरिणामः'** ન્યાયથી ફરી कादिः પદ રૂપે પરિણમાવવું પડે અને નિયમ છે કે **'अपेक्ष्यमाणश्च न्यायः गौरवमादधाति'** માટે ગૌરવ તો ઊભું જ રહે છે.

ખરેખર તેઓ કલિકાલસર્વજ્ઞશ્રીની ભૂલ નથી બતાવી શક્યા, પરંતુ ભૂલ બતાવવાની ભૂલ કરી બેઠા છે. તમે પાણિનિ આદિ અન્ય વ્યાકરણોમાં પણ નજર કરો તો ત્યાં પણ તમને ...

**(a)** 'ઇત્' સંજ્ઞા 'પા.સૂ. ૧.૩.૨' આદિથી થતી જોવા મળશે અને તેનો વપરાશ પાણિનિ વ્યાકરણના શરૂઆતના પ્રત્યાહાર સૂત્રોમાં નિહાળવા મળશે.

**(b)** 'ધાતુ' સંજ્ઞા 'પા.સૂ. ૧.૩.૧' થી થતી જોવા મળશે અને તેનો ઉપયોગ 'પા.સૂ. ૧.૨.૪૫' માં થતો જોવા મળશે.

**(c)** સુ આદિ અને તિપ્ આદિ પ્રત્યયો ક્રમશઃ 'પા. સૂ. ૪.૧.૨ અને ૩.૪.૭૮' સૂત્રોમાં જોવા મળશે અને તેમને લઈને પ્રવર્તતી 'પદ' સંજ્ઞા અને 'વિભક્તિ' સંજ્ઞા અનુક્રમે 'પા.સૂ.૧.૪.૧૪ અને ૧.૪.૧૦૪' માં દૃષ્ટિગોચર થશે.

**(d)** કાતંત્ર વ્યાકરણમાં પણ તમને 'વિભક્તિ' સંજ્ઞા પાછળ આવતા નામપ્રકરણના પ્રથમ પાદના બીજા સૂત્રમાં જોવા મળશે અને 'વિભક્તિ' સંજ્ઞાના વપરાશવાળી 'પદ' સંજ્ઞા પૂર્વના સંધિપ્રકરણના પ્રથમ પાદના વીસમાં સૂત્રમાં ઉપલબ્ધ થશે.

આવા તો કેટલાય દાખલા જોવા મળે છે કે જ્યાં સંજ્ઞાઓ આપ્યા પૂર્વે જ તેમનો વપરાશ થયેલો હોય. પછી બેચરભાઈની 'કોઈ પણ ગ્રંથકાર સંજ્ઞા આપ્યા પછી જ તેના ઉપયોગની વાત કહે છે' આ વાત ક્યાં રહી ? ખરેખર સૂત્રોનો ક્રમ તો અનુવૃત્તિને લઈને થતા લાઘવ આદિ અનેક પાસાઓને નજરમાં રાખી ગોઠવાતો હોય છે.

હજું આટલું ઓછું હોય એમ બેચરદાસ ઔર એક ક્ષતિ બતાવતા પૃષ્ઠ-૪૬ ઉપર છેલ્લે લખે છે કે *''આ સિવાય બીજે અનેક સ્થળે રચનાક્રમમાં ફેરફારને તથા સંશોધનને અવકાશ છે, પણ એ બધું અહીં લખી શકાય નહીં.''* ક્ષતિમાં તેઓ એમ બતાવે છે કે 'સિદ્ધહેમ વ્યાકરણમાં સૂત્ર '૪.૧.૭૨' થી '૪.૧.૯૦' સુધી અંતસ્થા વ્યંજનોનું વ્રૃત્ કરવાનું વિધાન છે. ત્યાર પછી 'પ્યાયઃ પી ૪.૧.૯૧' આદિ કેટલાક સૂત્રો છોડી '૪.૧.૧૦૨' સૂત્ર 'વ્રૃત્ સકૃત્' અને '૪.૧.૧૦૩' સૂત્ર 'દીર્ઘમવોન્ત્યમ્' આવા છે. આને બદલે જ્યાં વ્રૃત્ નું પ્રકરણ પૂરું થાય છે ત્યાં જ એટલે '૪.૧.૯૦' માં સૂત્ર પછી '૯૧' માં સૂત્ર તરીકે '૪.૧.૧૦૨' મું સૂત્ર હોવું જોઈએ અને તેના પછી જ '૯૨' માં સૂત્ર તરીકે '૪.૧.૧૦૩' મું સૂત્ર હોવું જોઈએ. પછી 'પ્યાયઃ પી' વિગેરે સૂત્રો ક્રમશઃ ગોઠવી '૪.૧.૧૦૪' માં સૂત્ર તરીકે 'સ્વરહનગમોઃ સનિ ઘુટિ' સૂત્રને બદલે તેમાં આચાર્યશ્રીના ક્રમ મુજબ 'દીર્ઘમવોન્ત્યમ્ ૪.૧.૧૦૩' સૂત્રથી આવતી દીર્ઘ પદની અનુવૃત્તિ તૂટતા તે સૂત્ર 'દીર્ઘઃ સ્વરહનગમોઃ સનિ ઘુટિ' આવું રચી લેવું જોઈએ. આની સામે 'વ્રૃત્ સકૃત્' સૂત્ર '૪.૧.૯૧' ના ક્રમે ગોઠવાતા તેમાં '૪.૧.૯૦' માં સૂત્રથી વ્રૃત્ ની અનુવૃત્તિ પ્રાપ્ત થવાથી વ્રૃત્ પદ નીકાળી શકાય છે.' ટૂંકમાં કહીએ તો --

| **आचार्यश्रीनो रचनाक्रम** | **बदलवा योग्य रचनाक्रम** |
|---|---|
| वा परोक्षा - यङि ४.१.९० | वा परोक्षा - यङि ४.१.९० |
| प्यायः पी ४.१.९१ | सकृत् ४.१.९१ |
| ↓ | दीर्घमवोऽन्त्यम् ४.१.९२ |
| ष्वृत् सकृत् ४.१.१०२ | प्यायः पी ४.१.९३ |
| दीर्घमवोऽन्त्यम् ४.१.१०३ | ↓ |
| स्वरहनगमोः सनि घुटि ४.१.१०४ | दीर्घः स्वरहनगमोः सनि घुटि ४.१.१०४ |

અહીં પણ આપણે જોઈએ તો બેચરભાઈના નવા રચનાક્રમમાં '૪.૧.૯૧' સૂત્રમાંથી ष्वृत् પદ નીકળી જાય છે. જ્યારે તેની સામે '૪.૧.૧૦૪' સૂત્રમાં दीर्घः પદ ઉમેરવું પડે છે. હવે માત્રાની ગણતરી કરીએ તો ष्वृत् પદની અઢી માત્રા થાય છે, જ્યારે दीर्घः પદની પાંચ માત્રા થાય છે. તેથી સરવાળે તો બેચરભાઈના નવા રચનાક્રમમાં અઢીમાત્રાનું ગૌરવ જ થયું ને ! આમ બેચરભાઈની બુદ્ધિ માત્રાગૌરવની બાબતમાં ચરતી ન હોવાથી તેમને આ બધા સુધારા સૂઝે છે. વાચકોને મારી ભલામણ છે કે તમો એકવાર જરા બેચરજીએ કરેલા સિદ્ધહેમ વ્યાકરણના અનુવાદ તરફ નજર કરજો, તેમાં તમને ઢગલાબંધ ક્ષતિઓ જોવા મળશે અને તમે સ્વયં જ સમજી જશો કે બેચરજીમાં કલિકાલસર્વજ્ઞશ્રીની ક્ષતિઓ કાઢવાની હેસિયત છે ? કે નહીં ?

આ સિવાય હવે બીજી એક વાત એ જણાવવાની કે આજે કેટલાક વિદ્વાનો સિદ્ધહેમ વ્યાકરણ માટે એવો અભિપ્રાય ધરાવે છે કે 'આ એક મૌલિકતા વિહોણું સંકલનાત્મક વ્યાકરણ છે.' જેમ કે પાણિનીય અષ્ટાધ્યાયીની ન્યાસ-પદમંજરી સહિત કાશિકા ટીકાના સંપાદક અને ભાવબોધિની હિન્દી વ્યાખ્યાના લેખક શ્રી **'જયશંકરલાલ ત્રિપાઠી'** અને **'શ્રી સુધાકર માલવીય'** તેમના પુસ્તકના પ્રથમ ભાગની ભૂમિકામાં પૃષ્ઠ '૩૨' ઉપર સિદ્ધહેમ વ્યાકરણ માટે લખે છે કે 'इस व्याकरण में चार हजार[A] से भी अधिक सूत्र है। यह एक मौलिक रचना न होकर संकलनात्मक हो गया है।' હવે આ બાબતમાં કલિકાલસર્વજ્ઞશ્રી પોતે જ સિદ્ધહેમ વ્યાકરણની રચનાના પ્રયોજનને જણાવતા કહે છે કે 'तत्कालिन सर्व व्याकरणोमां केटलाक व्याकरणो अतिविस्तृत हतां, केटलाक क्लिष्ट रचनावाळा हतां, तो वळी केटलाक विप्रकीर्ण (छुटाछवाया) हतां, तेथी अभ्यासुओने भणवामां कष्ट पडतुं होई आ सिद्धहेम व्याकरणनी रचना तेमनी विनंतिथी करवामां आवी छे.[B]' आना परथी आपणे समजी

---

(A) અહીં આ ચાર હજારથી અધિક સૂત્રોનો આંકડો સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણનો ભેગો લખી દીધો છે. બાકી સિદ્ધહેમના સંસ્કૃત વ્યાકરણમાં તો માત્ર '૩૫૬૬' સૂત્રો જ છે તેની સામે પાણિનિ સંસ્કૃત વ્યાકરણમાં '૩૯૯૫' સૂત્રો છે.

(B) **तेनाऽतिविस्तृतदुरागमविप्रकीर्णशब्दानुशासनसमूहकदर्थितेन।**
**अभ्यर्थितो निरुपमं विधिवद् व्यधत्त, शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः।। (सिद्धहेम पुष्पिका)**

શકશું કે અતિવિસ્તીર્ણ તેમજ વિપ્રકીર્ણ પાણિન્યાદિ વ્યાકરણો તેમજ અતિ સંકીર્ણ અને અધુરા કાતંત્ર આદિ વ્યાકરણોથી જુદી રીતની રચના કરવાના ઉદ્દશથી સિદ્ધહેમ વ્યાકરણની રચના થઈ છે. તેથી અહીં મૌલિક સૂત્રોની રચના કરી હોય તો જ સમગ્ર સંસ્કૃત ભાષાને આવરતું લઘુ એવું આ સંસ્કૃત વ્યાકરણ તૈયાર થઈ શકે, અન્યથા નહીં. 'મૌલિક રચના નથી અને સંકલનાત્મક રચના છે' એમ તો ત્યારે કહી શકાય જ્યારે કેટલાક સૂત્રો બેઠેબેઠા અમુક વ્યાકરણના, તો વળી બીજા કેટલાક સૂત્રો અક્ષરશઃ અન્ય વ્યાકરણોના; આમ બધું જ પારકું ભેગું કરી આ વ્યાકરણની રચના થઈ હોય. પરંતુ એને માટે તો વાચકો પોતે જ તુલના કરી જુએ. એમને દીવાની જેમ સ્પષ્ટ થઈ જશે કે આ તો સિદ્ધહેમ વ્યાકરણની જૂઠી અવહેલના છે. હા, સિદ્ધહેમ વ્યાકરણના અમુક ગણ્યાગાંઠ્યા સૂત્રોમાં અન્ય વ્યાકરણના સૂત્રોનું સામ્ય જોવા મળે છે. તેમજ સ્વર, વ્યંજન, ઘોષ, અઘોષાદિ સંજ્ઞાઓ પૂર્વના ઐંદ્રાદિ વ્યાકરણો પ્રમાણે વપરાઈ છે તેમ કહો તો કબૂલ છે. પરંતુ તેનાથી મૌલિકતાનો હ્રાસ થયો છે તેમ થોડું મનાય ? કેમકે જે સંજ્ઞાઓ સાન્વર્થ અને લોકમાં પ્રચલિત કે પછી લાઘવ આપાદક હોય તે જ પરાપૂર્વથી પછી પછીના વ્યાકરણોમાં ક્રમશઃ વપરાતી આવતી હોય છે. ઉપરથી નવી મૌલિક સંજ્ઞાઓ રચવામાં આવે તો તે લોકજીભે ચડી ન હોવાથી તેને ભણવામાં છાત્રોને ક્લેશ ઉપજે. આમ પ્રચલિત સંજ્ઞાઓના વપરાશથી મૌલિકતાને કુંઠિત ન બતાવી શકાય. હવે રહી વાત ભાષાની તેમજ પદાર્થની. તો ભાષા એ એવી વસ્તુ છે કે જેને વ્યાકરણ અનુસાર મોડ નથી અપાતો, પરંતુ લોકમાં બોલાતી ભાષાનુસાર વ્યાકરણને મોડ આપવાનો હોય છે. અર્થાત્ સંસ્કૃત ભાષા જે લોકમાં વંચાય/બોલાય છે તે તો એકની એક જ છે. તેથી જે સંસ્કૃત ભાષાને પાણિન્યાદિ વ્યાકરણોમાં આવરી છે, એ જ સંસ્કૃત ભાષાને સિદ્ધહેમ વ્યાકરણમાં આવરે તેનાથી તેની મૌલિકતા છીનવાઈ ન જાય. માત્ર ભાષાને આવરવાની રીતભાત અલગ અલગ હોય છે.[A] અને પદાર્થોની વાત કરો તો દરેક દર્શનકારોની પોતાની ચોક્કસ માન્યતાઓ હોય છે. તેથી વ્યાકરણકારોએ તેમના વ્યાકરણમાં દરેક દર્શનકારોના જે પદાર્થની જેટલા અંશે જરૂર જણાય તેટલા અંશે સમાનપણે જ તે પદાર્થો ગ્રહણ કરવા પડે. જેમ કે - મીમાંસકોનો શબ્દ નિત્યત્વવાદ, જાતિપક્ષ વિગેરે, તેની સામે નૈયાયિકોનો શબ્દ-અનિત્યત્વવાદ, વ્યક્તિપક્ષ વિગેરેનો આવશ્યકતાનુસાર દરેક વ્યાકરણોમાં આશ્રય કરવામાં આવે છે. તો આ બધા પદાર્થોના સરખા નિરુપણને લઈને કાંઈ પછીના વ્યાકરણોમાં મૌલિકતા ખંડિત થઈ છે એવું ન બતાવાય. તો હવે એવી કઈ વાત રહી જવા પામી છે જેને લઈને સિદ્ધહેમની મૌલિકતા પર આક્ષેપ કરવામાં આવે છે ? પૂર્વના વ્યાકરણકારોનું અનુકરણ કરવું આને જો મૌલિકતા ન હોવામાં કારણ મનાતું હોય તો પછી તો જયશંકરલાલજી તેમજ સુધાકરજી પોતે જ પાણિનિ માટે કાશિકાની ભૂમિકાના પૃષ્ઠ-૨૩ ઉપર શું લખે છે તે જુઓ - 'पाणिनि की इस अद्भुत कृति में पूर्ववर्ती आचार्यो के योगदान को अस्वीकार नहीं किया जा सकता। उनके मतों का सम्यगनुशीलन करके नीरक्षीरविवेकन्याय से पाणिनि

(A) જેમ કે સિદ્ધહેમ વ્યાકરણમાં 'अस्तिब्रुवोर्भू० ४.४.१' સૂત્રથી भव्यम् વિગેરે પ્રયોગો સિદ્ધ કરવા अस् ધાતુનો भू આદેશ કરવામાં આવે છે, જ્યારે **'આપિશલી'** એ પોતાના વ્યાકરણમાં आसीत् વિગેરે પ્રયોગો સિદ્ધ કરવા भू નો अस् આદેશ બતાવ્યો છે.

ने नियमों (सूत्रों) की रचना की है।' आना परथी समजी शकाय छे के पाणिनि ऋषिએ पण पूर्वना व्याकरणकारोनुं अनुकरण तो कर्युं ज छे. आ सिवाय पाणिनि व्याकरणनां सूत्रोमां आवता अन्य व्याकरणकारोना नामो, जेम के - ***काश्यप*** - १.१.२५, ***सेनक*** - ५.४.११२, ***आपिशली*** - ६.१.९२, ***स्फोटायन*** - ६.१.१२३, ***चाक्रवर्मण*** - ६.१.१३०, ***भारद्वाज*** - ७.२.६३, ***गार्ग्य*** - ८.३.२०, ***शाकल्य*** - ८.३.१९, ***शाकटायन*** - ८.४.५०, ***गालव*** - ८.४.६७ એ सूचवी रह्या छे के व्याकरण रचती वખते पाणिनि ऋषिनी नजर सामे आ बधा व्याकरणो रमी रह्या हता. तेथी पूर्व व्याकरणकारोना अनुकरणने लईने पाणिनि आदि व्याकरणोने पण मौलिक रचना रूपे नहीं कही शकाय. अहीं कोई એम कहे के ''पाणिनि ऋषिએ पूर्वना व्याकरणोनुं अनुकरण करवा जता तेमां रहेली अव्यवस्थितताने तेमज असारता विगेरेने पोताना विवेकथी त्यजवा पूर्वक जे એक सुग्रथित व्याकरणनी रचना करी छे आ ज तेमनी मौलिकता छे.'' तो अमे पण એ ज कहीએ छीએ के ''पाणिनि आदि व्याकरणोमां वपरायेला अच् आदि प्रत्याहारो, सर्वनाम संज्ञा, सर्वनामस्थान संज्ञा विगेरे अनेक बाबतोमां अन्य कोई व्याकरणकारोએ न बतावेलां तेनी असारताना सचोट हेतुओ बताववा पूर्वक असार એवा तेमनो त्याग करी प्रकरणशः सुग्रथित आ सिद्धहेम व्याकरणनी रचना करी ते कलिकालसर्वज्ञश्रीनी पण मौलिकता ज छे.''

'कलिकालसर्वज्ञश्रीनी रचनाओ मौलिक नथी' आ वातने नकारता पं.श्री **सुખलालજી**એ पण એકदम व्याजબी लખ्युं छे. तेओ लખे छे के - *'हेमચन्द्राचार्यना ग्रंथोनी ते विषयना प्राचीन ग्रंथो साथे सरખामણी करता आजना केटलाક विद्वानो तेमणे बीજा ग्रंथोमांथी उताराओ लीधानी वात करे छे. आवा विद्वानो कां तो वस्तुने यथार्थपणे समજता नथी होता अथवा सांप्रदायिक के એवा कोई कारणे आम मानी ले छे; पण એ साव खोटुं छे. गीता वांचीने उपनिषद् वांचीએ तो એमां केटलोय विषय अने शब्दरचना समान जणाया वगर नथी रहेता. जेनो એक એक शब्द अકाट्य जेवो गणावવामां आवे छे ते **शंકराचार्य**ना शांકरભाष्यने वांची बौद्धतार्किक **वसुબंधु** ने वांचीએ तो वसुબंधुना केटलाय विचारो शांકरભाष्यमां नोंधायेला मળे ज छे. तो शुं आ बधा उपर चोरीनो आरोप मूકी शકाय ? माता अने पुत्रीने सरખा रूप-रंगवाળा जोઈने शुं पुत्रीनुं व्यक्तित्व ज विसरी जवुं ? खरी वात એ छे के विद्या अने विचारनी परंपराओ तो चाली ज आवे छे, तो पछी એनी छाया पोताना अध्ययन अने ग्रंथसर्जनमां आव्या वगर केम रहे[A] ? .....'* आम कलिकालसर्वज्ञश्रीनी कृतिओ मौलिक रचना ज छे.

छेल्ले आ प्रस्तावनानुं समापन करता એ जणाववानुं के आ विवरणमां आधार तरीके में पू.आ.श्री **लावण्य सू.** म. सा. द्वारा संपादित बृहन्न्यासनुं पुस्तक राખ्युं छे. संपादन घणुं सारु छे. परंतु क्वचित मने तेमां क्षतिओ थयेली जणाई छे. तेथी में तेमां सुधारो करी अथवा तो सुधाराने सूचवती टिप्पणो मूकी मने जे पाठ युक्त लाग्या छे ते परिशिष्ट-२ मां संपादित करेला १-४ ना बृहन्न्यासमां दर्शाव्या छे. आ सिवाय १-४ ना बृहन्न्यासमां प्रायः त्राण-चार स्थळो अति कठिन होवाथी में तेनो स्वशक्ति अनुसार अर्थ करवा प्रयत्न कर्यो छे, अने साथे त्यां

(A) जुओ 'गुर्जर ग्रंथ कार्यालय' अमदावाद द्वारा प्रकाशित पं.सुખलालજीना लेખोनुं संकलनात्मक पुस्तक.

ટિપ્પણ પણ મૂકી છે કે 'વિદ્વાનો આ સ્થળનો જો આનાથી સારો કોઈ અર્થ બેસતો હોય તો બેસાડવા પ્રયત્ન કરે.' વળી બે-ત્રણ સ્થળે પંકિતઓ મને સમજાઈ નથી, તેથી મેં તેમનો અર્થ વિવરણમાં સમાવ્યો નથી. તો તે સ્થળ પણ વિદ્વાનોએ જાતે બેસાડવાના રહેશે. આ સિવાય પુસ્તકમાં છેલ્લે '૯' પરિશિષ્ટો મૂક્યા છે, તેમાં વાચકોને પારિભાષિક શબ્દોને લગતું ત્રીજું પરિશિષ્ટ જોવા મારી ખાસ ભલામણ છે. તે વાંચવાથી વ્યાકરણને લગતા ઘણા પદાર્થોનો બોધ થશે. વળી ક્વચિત સંધ્યક્ષરોની નિષ્પત્તિ જેવી બાબતોમાં બૃહન્ન્યાસકાર અને લઘુન્યાસકારની માન્યતામાં જે ફેર આવે છે તેનો, તેમજ કેટલાક પદાર્થો જે બૃહન્ન્યાસ તેમજ લઘુન્યાસમાં ઉલ્લિખિત ન હોય છતાં પદાર્થના વિષદ બોધ માટે આવશ્યક હોય તેમનો સમાવેશ પણ મેં અન્ય ગ્રંથોના સહારે આ વિવરણમાં કર્યો છે. આ વિવરણ વાંચતા અભ્યાસુઓને જો લખાણમાં મારી કોઈ પદાર્થકીય કે ભાષાકીય ક્ષતિ થયેલી નજરે ચડી આવે તો તેઓ જણાવવા દ્વારા મને ઉપકૃત કરે.

અંતે કલિકાલસર્વજ્ઞશ્રીની એક રીતિ બતાવું તો બૃહદ્વૃત્તિમાં તેઓશ્રી અન્ય વ્યાકરણકારોના પ્રયોગોને દર્શાવવા ક્યાંક 'एके, अन्ये' આમ બહુવચનાન્ત પ્રયોગ કરે છે, તે તેમના પ્રયોગોની આદરણીયતાને સૂચવવા માટે હોય છે અને ક્યાંક તેઓશ્રી 'कश्चित् , अन्यः' આમ એકવચનાન્ત પ્રયોગ કરે છે, તે તેમના પ્રયોગોની અવજ્ઞાર્થે હોય છે[A]. વિશ્વાસ છે કે આ વિવરણને વાંચીને પણ વાચકોના મુખમાંથી બહુવચનાન્ત ઉદ્ગારો જ સરી પડશે. વિવરણમાં કલિકાલસર્વજ્ઞશ્રીના કે લઘુન્યાસકારશ્રી આદિ ગ્રંથકારોના આશય વિરુદ્ધ જો કાંઈ લખાઈ ગયું હોય તો 'मिच्छामि दुक्कडम्'.

**ગુરૂચરણકજદાસ**
**મુનિ પ્રશમપ્રભવિજય**

(A) पतौ इति कश्चित्। (१.४.२६ बृ. वृत्ति) – कश्चिदित्येकवचननिर्देशोऽवज्ञार्थः इति। (१.४.२६ बृ.न्यास) 'अन्ये' इति बहुवचनात् शास्त्रकर्तुरपि सम्मतम्.....'अन्यस्तु' इति तन्मतस्य च भाष्यकृदादिविरुद्धतयाऽपास्यत्वादेकवचनेन निर्दिशति। (१.४.२८ बृ.न्यास)

## :: સૂચન ::

* સાધનિકામાં લોપ થયેલા પ્રત્યયાદિનો જો સ્થાનિવદ્ભાવ થશે તો તેને ( ) આવા કૌંસમાં બતાવાશે.
* સાધનિકામાં જે પ્રયોગની નીચે '↓' આવું તીરનું ચિહ્ન કર્યું હોય તે પ્રયોગને માટે તીરને સમાંતર દર્શાવેલું સૂત્ર છોડી દેવું.
* '(1) , (2) , (3)' આ પ્રમાણેના નંબરો બૃ. વૃત્તિની કઈ પંક્તિના આધારે વિવરણ ચાલે છે તેને સૂચવવા માટે છે. તે નંબરો બૃ.વૃત્તિની પંક્તિઓ ઉપર તેમજ વિવરણમાં એમ બન્ને સ્થળે દર્શાવ્યા છે.
* દૃષ્ટાંતો **'i, ii, iii, iv...'** એમ રોમન લેટર્સમાં દર્શાવ્યા છે.
* વિરુદ્ધ દૃષ્ટાંતો **'a, b, c...'** એમ સ્મોલ લેટર્સમાં દર્શાવ્યા છે.
* ટિપ્પણો **'A, B, C...'** એમ કેપિટલ લેટર્સમાં બતાવી છે.
* **<u>સાધનિકામાં નિમ્નોક્ત સૂત્રોનો ઉપયોગ નહીં કરવામાં આવે. તો યથાયોગ્ય સ્થાને તેમનો વપરાશ સ્વયં કરી લેવો ::</u>**

1. **1.** औदन्ताः स्वराः १.१.४ આદિ સ્વર, વ્યંજન, નામી, અઘોષ વિગેરે સંજ્ઞા કરનારા સૂત્રો.
2. **2.** स्यौ-जसमौ० १.१.१८
3. **3.** स्त्यादिर्विभक्तिः १.१.१९
4. **4.** तदन्तं पदम् १.१.२०
5. **5.** अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १.१.२७
6. **6.** शिर्घुट् १.१.२८ તેમજ पुं-स्त्रियोः स्यमौजस्-१.१.२९
7. **7.** स्वरादयोऽव्ययम् १.१.३० વિગેરે અવ્યય સંજ્ઞાના પ્રાપક સૂત્રો.
8. **8.** अप्रयोगीत् १.१.३७
9. **9.** अनन्तः पञ्चम्याः प्रत्ययः १.१.३८
10. **10.** समानानां तेन दीर्घः १.२.१
11. **11.** क्रियाहेतुः कारकम् २.२.१
12. **12.** स्वतन्त्रः कर्ता २.२.२ વિગેરે કર્તા, કર્મ આદિ કારક સંજ્ઞાના પ્રાપક સૂત્રો.
13. **13.** नाम्नः प्रथमैकद्वि-बहौ २.२.३१ વિગેરે સ્યાદિ વિભક્તિના પ્રાપક સૂત્રો.
14. **14.** ऐकार्थ्ये ३.२.८
15. **15.** वृद्धिरादैदौत् ३.३.१
16. **16.** गुणोरेदोत् ३.३.२
17. **17.** क्रियार्थो धातुः ३.३.३
18. **18.** कर्तर्यनद्भ्यः शव् ३.४.७१ વિગેરે शव् આદિ વિકરણ પ્રત્યયના પ્રાપક સૂત્રો.

# શ્રીસિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનમ્

*પ્રથમ અધ્યાય – ચતુર્થ પાદના*
*બૃહદ્વૃત્તિ–બૃહન્ન્યાસ અને લઘુન્યાસ ઉપર*
*વિવરણ પ્રારંભ*

।। ॐ नमः पार्श्वनाथाय।।

।। ऐँ नमः ।।

कलिकालसर्वज्ञ-आचार्यदेवश्रीमद्विजय

हेमचन्द्राचार्यविरचिते

# श्री-सिद्धहेमचन्द्रशब्दानुशासने

## बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्यासानां गुर्जर-विवरणम्

## तत्र प्रथमाध्यायस्य चतुर्थः पादः

### अत[1] आः स्यादौ[2] जस्-भ्याम्-ये[A] ।। १.४.१।।

**बृ.वृ.-स्यादौ जसि भ्यामि यकारे च परेऽतोऽकारस्याऽऽकारो भवति। वृक्षाः[3], प्लक्षाः, आभ्याम्, श्रमणाभ्याम्, श्रमणाय, संयताय। अत[4] इति किम्? मुनयः, मुनिभ्याम्। स्यादाविति[5] किम्? बाणान् जस्यतीति क्विप्-बाणजः, अग्नये, वृक्षयोः।।१।।**

---

**सूत्रार्थ :-** स्यादि संबंधी जस्-भ्याम् अने य प्रत्यय पर छतां तेनी पूर्वे रहेला अ नो आ आदेश थाय छे.

**सूत्रसमास :-** ◆ सिः आदिः यस्य स = स्यादि (बहु.)। तस्मिन् = स्यादौ। ◆ जस् च भ्याम् च यश्च इत्येतेषां समाहारः = जस्-भ्याम्-यम् (स.द्व.)। तस्मिन् = जस्-भ्याम्-ये।

**विवरण :-** **(1) शंका :-** 'आसन्नः ७.४.१२०' परिभाषाथी स्थान, अर्थ अने प्रमाणादिकृत आसन्न ज कार्य थाय छे. तो सूत्रमां दर्शावेलो आ आदेश कंठ्य होवाथी तेना कंठ स्थानने लईने आसन्न एवा अ नो ज आ आदेश थवानो हतो. तो सूत्रमां शा माटे निरर्थक अतः पद मूक्युं छे ?

**समाधान :-** सूत्रमां अतः पद मूकवा पाछळ चार कारणो छे. ते आ प्रमाणे -

(a) आ पादना सूत्रोमां कार्यिने (जेनुं कार्य करवानुं छे तेने) जे कार्यो करवाना छे ते 'अ' वर्णादिना क्रमे करवाना छे. जेम के 'अत आः० १.४.१' थी 'नवभ्यः पूर्वेभ्यः० १.४.१६' सूत्र पर्यंत 'अ' ने आश्रयीने कार्यो करवाना छे. 'आपो ङितामृ० १.४.१७' थी 'औता १.४.२०' सूत्र पर्यंत 'आ' ने आश्रयीने, 'इदुतोऽस्त्रेः० १.४.२५' थी 'स्त्रियाङितामृ० १.४.२८' सूत्र पर्यंत ह्रस्व 'इ-उ' ने आश्रयीने, 'स्त्रीदूतः १.४.२९' विगेरे सूत्रोमां दीर्घ 'ई-ऊ' ने आश्रयीने, तेमज आगळना सूत्रोमां 'ऋ' विगेरेने आश्रयीने कार्यो करवाना छे. तो आ रीते 'अ' वर्णादिना क्रमे कार्यो करवामां आ प्रथमसूत्र होवाथी क्रमना बोधने माटे सूत्रमां अतः पद मूकवामां आव्यु छे.

---

**(A)** अहीं जस्, भ्याम् अने य ए प्रत्ययो छे. तेथी तेमना रूपो न चालवा जोईए. परंतु अनुकरण पामेलां तेओ नाम रूपे गणाता होवाथी सूत्रमां तेमनुं अनुकरण करी समास करी समभ्यन्त रूप दर्शाव्युं छे.

(b) 'तुल्यस्थानास्य० १.१.१७' સૂત્રની બૃહદ્વૃત્તિમાં એક પંક્તિ છે ''***सर्वमुखस्थानमवर्णम्***'' અર્થાત્ અ વર્ણનું સ્થાન હોઠથી લઈને કંઠમણિ સુધીનું સંપૂર્ણ મુખ છે. એટલે કે અઢાર પ્રકારના અ વર્ણની નિષ્પત્તિમાં સંપૂર્ણ મુખ વપરાય છે. હવે હોઠથી લઈને કંઠમણિ સુધીના મુખમાં જેમ કંઠ એક સ્થાન છે તેમ તાલુ, હોઠ, દાંત, નાસિકા વિગેરે પણ સ્થાનો છે. તેથી અઢાર પ્રકારના અ વર્ણની નિષ્પત્તિમાં જેમ કંઠ સ્થાન વપરાય છે માટે અ વર્ણ કંઠ્ય કહેવાય, તેમ તાલુ, હોઠ, દાંત વિગેરે સ્થાનો પણ વપરાતા હોવાથી અ વર્ણ તાલવ્ય, ઓષ્ઠ્ય, દંત્ય વિગેરે રૂપે પણ કહેવાય. તેથી 'आसन्नः ७.४.१२०' પરિભાષાથી જેમ કંઠ સ્થાનને આશ્રયીને આ આદેશ અ ને આસન્ન હોવાથી અ નો આ આદેશ થવાની પ્રાપ્તિ છે, તેમ આ આદેશ તાલુ, હોઠ, દાંત વિગેરે સ્થાનોને આશ્રયીને ઇ વર્ણ, ઉ વર્ણ, ઋ વર્ણ વિગેરેને પણ આસન્ન હોવાથી ઇ વર્ણ વગેરેનો પણ સૂત્રનિર્દિષ્ટ આ આદેશ થવાની પ્રાપ્તિ છે. પરંતુ તે ઈષ્ટ ન હોવાથી માત્ર અ નો જ આ આદેશ થઈ શકે તે માટે સૂત્રમાં अतः પદ મૂક્યું છે.

(c) 'अन्यत्यदादेराः ३.२.१५२' સૂત્રમાં કાર્યિનો નિર્દેશ ન કર્યો હોવાથી જેમ अन्य, त्यद्, यद् વિગેરે નામોના અંત્યસ્વર કે વ્યંજન દરેકને તે સૂત્ર વિહિત આ આદેશ થાય છે, તેમ પ્રસ્તુતમાં જો अतः પદ ન મૂકીએ તો પ્રત્યય એ પ્રકૃતિનો આક્ષેપ કરતો હોવાથી સૂત્રનિર્દિષ્ટ जस्-भ्याम् અને य પ્રત્યયથી આક્ષિપ્ત સ્વરાન્ત કે વ્યંજનાન્ત ઉભય પ્રકૃતિના અંત્યસ્વર કે વ્યંજનને પ્રસ્તુત સૂત્રથી આ આદેશ થવાની પ્રાપ્તિ આવે, અને તેથી જેમ શ્રમણ વિગેરે પ્રકૃતિના जस्-भ्याम् કે य પ્રત્યય પરમાં વર્તતા श्रमणाः, श्रमणाभ्याम् આવા પ્રયોગો થાય છે, તેમ वाच् વિગેરે વ્યંજનાન્ત પ્રકૃતિના પણ वाचः, वाग्भ्याम् આવા યથાર્થ પ્રયોગો ન થતા वाः, वाभ्याम् આવા અનિષ્ટપ્રયોગો થવાની આપત્તિ આવે. તે ન આવે માટે સૂત્રમાં अतः પદનું ઉપાદાન કર્યું છે.

**શંકા :-** '***स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः***' ન્યાયથી હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત આદેશ સ્વરના જ થાય છે. માટે આ સૂત્રવિહિત આ આદેશ દીર્ઘ હોવાથી સ્વરનો જ થવાનો છે. તેથી તમારા કહ્યાં મુજબ वाच् વિગેરે વ્યંજનાન્ત પ્રકૃતિના અંત્ય વ્યંજનનો આ આદેશ થવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

**સમાધાન :-** જે સૂત્રમાં હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત આદેશનું વિધાન હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત રૂપે કર્યું હોય અને કાર્યિ (આદેશી) વાચક પદ પણ ન મૂક્યું હોય તે સૂત્રમાં '***स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः***' ન્યાયને અવકાશ છે. જેમ કે 'क्लिबे २.४.९७' સૂત્રમાં હ્રસ્વ આદેશનું વિધાન (नपुंसकवृत्तेः स्वरान्तस्य **ह्रस्वः** स्यात् આ પ્રમાણે) હ્રસ્વ રૂપે કર્યું છે, અને સૂત્રમાં કાર્યી વાચક સ્વરસ્ય પદનું ઉપાદાન પણ નથી કર્યું. એજ રીતે 'अच्च प्राग् दीर्घश्च २.१.१०४' સૂત્રમાં દીર્ઘ આદેશનું વિધાન (दीर्घश्च પદને આશ્રયીને) દીર્ઘ રૂપે કર્યું છે, અને સૂત્રમાં કાર્યી વાચક સ્વરસ્ય પદ પણ નથી મૂક્યું. હવે આ સૂત્રમાં अतः પદ ન મૂકીએ તો કાર્યી વાચક પદનો અભાવ જરૂર છે, પરંતુ સૂત્રમાં આ આદેશનું જે વિધાન કર્યું છે તે દીર્ઘ રૂપે ન કરતા (आः(स्यात्) जस्-भ्याम्-ये આ પ્રમાણે) આ રૂપે કર્યું હોવાથી

'*स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः*' ન્યાયની અહીં પ્રાપ્તિ જ નથી. તેથી 'अन्त्यत्यदादे० ૩.૨.૧૫૨' સૂત્રની જેમ વ્યંજનને પ્રાપ્ત આ આદેશને નિવારવા સૂત્રમાં अतः પદ મૂકવું જરૂરી છે.

(d) આ સૂત્રથી આરંભીને હવે પછીના સૂત્રોમાં अतः ની અનુવૃત્તિ ચલાવવી છે. માટે આ સૂત્રમાં अतः પદ અધિકાર માટે મૂક્યું છે.

(2) **શંકા :-** '*प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव*' ન્યાયથી આ સૂત્રમાં પ્રત્યય એવા જ સ્યાદિ સંબંધી जस्-भ्याम् અને ય નું ગ્રહણ થવાનું હતું, પણ बाणजस् વિગેરે નામોમાં વર્તતા जस् ધાતુ વિગેરેનું નહીં. તો સૂત્રમાં સ્યાદિ પદ કેમ મૂક્યું છે ?

**સમાધાન :-** સૂત્રમાં સ્યાદિ પદ મૂકવાં પાછળ ત્રણ કારણો છે. તે આ પ્રમાણે -

(a) 'ण-षमसत् परे० ૨.૧.૬૦' સૂત્રમાં જે પૂર્વસ્યાદિવિધિમાં असत् વિધિનો નિર્દેશ કર્યો છે તે પૂર્વસ્યાદિવિધિ આ સૂત્રથી શરૂ થાય છે તે જણાવવા સૂત્રમાં સ્યાદિ પદ મૂક્યું છે. તેનાથી ફળ એ મળે છે કે राजन् + भ्याम् અવસ્થામાં 'नाम सिदय्० ૧.૧.૨૧' સૂત્રથી भ्याम् પ્રત્યય પર છતાં राजन् નામ પદ બને છે ત્યારે 'नाम्नो नो० ૨.૧.૯૧' સૂત્રથી राजन् ના અંત્ય न् નો લોપ થતાં राज + भ्याम् અવસ્થામાં આ સૂત્રથી भ्याम् પ્રત્યય પર છતાં राज ના अ નો आ આદેશ થવાની પ્રાપ્તિ આવે છે. પરંતુ સૂત્રમાં સ્યાદિ પદના નિર્દેશથી 'ण-षमसत्० ૨.૧.૬૦' સૂત્રનિર્દિષ્ટ પૂર્વસ્યાદિવિધિનો પ્રારંભ આ સૂત્રથી ગણવાથી राजन् અવસ્થામાં જે न् નો લોપ થયો હતો તે 'ण-षमसत्० ૨.૧.૬૦' સૂત્રથી असत् મનાય. એટલે કે राज પણ જાણે राजन् હોય તેમ મનાય. તેથી આ સૂત્રથી भ्याम् પ્રત્યય પર છતાં राज ના अ નો आ આદેશ ન થવાથી राजभ्याम् આવો ઈષ્ટપ્રયોગ સિદ્ધ થઈ શકે છે. અન્યથા राजाभ्याम् આવો અનિષ્ટપ્રયોગ થાત.

(b) સૂત્રમાં સ્યાદિ પદ મૂક્યું છે તેથી તેનો અધિકાર ચાલશે. તેથી 'ङित्यदिति ૧.૪.૨૩' સૂત્રમાં સ્યાદિ નો અધિકાર આવવાથી તે સૂત્રમાં સ્યાદિ સંબંધી જ ङित् પ્રત્યયોનું ગ્રહણ થશે. સૂત્રમાં જો સ્યાદિ પદનું ગ્રહણ ન કરીએ તો 'ङित्यदिति ૧.૪.૨૩' સૂત્રમાં સ્યાદિ નો અધિકાર ન આવતા તે સૂત્રમાં કોઈ પણ ङित् પ્રત્યયનું ગ્રહણ થઈ શકવાથી शुचि + ङी (સ્ત્રીલિંગ પ્રત્યય) અવસ્થામાં शुचि નામના इ નો ए આદેશ થતા शुचयी આવો અનિષ્ટ શબ્દ સિદ્ધ થવાની આપત્તિ આવે છે. માટે અધિકારાર્થે પણ 'સ્યાદિ' પદ સૂત્રમાં મૂકવું જરૂરી છે.

(c) સૂત્રમાં 'સ્યાદિ' પદનું ગ્રહણ ન કરીએ તો वने साधुः અર્થમાં 'तत्र साधौ ૭.૧.૧૫' સૂત્રથી वन + य (तद्धित પ્રત્યય) અવસ્થા પ્રાપ્ત થતા આ સૂત્રથી वनाय આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે

છે. પરંતુ સૂત્રમાં 'स्यादि' પદનું ગ્રહણ હોવાથી ઉપરોક્ત તદ્ધિતના ય પ્રત્યયનો આ સૂત્રમાં નિમિત્ત રૂપે અવકાશ ન રહેતા 'अवर्णेवर्णस्य ७.४.६८' સૂત્રથી वन ના अ નો લોપ થવાથી वन्यः આવો ઈષ્ટપ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**શંકા :-** ***'साहचर्यात् सदृशस्यैव'*** ન્યાયાનુસાર સ્યાદિ સંબંધી जस् અને भ्याम् પ્રત્યયના સાહચર્યથી ય પ્રત્યય પણ સ્યાદિ સંબંધી જ ગ્રહણ થશે, તદ્ધિત વગેરે સંબંધી નહીં. તેથી ઉપરોક્ત તૃતીય આપત્તિ દર્શાવવી યુક્ત નથી.

**સમાધાન :-** સાચી વાત છે. છતાં ઉપર દર્શાવ્યા મુજબ પ્રથમ અને દ્વિતીય આપત્તિ આવતી હોવાથી અધિકાર દર્શાવવા માટે, તેમજ 'ण-षमसत्० २.१.६०' સૂત્રનિર્દિષ્ટ પૂર્વ સ્યાદિવિધિનો અહીંથી પ્રારંભ થાય છે તે જણાવવા માટે સૂત્રમાં 'स्यादि' પદ મૂકવું જરૂરી છે.

**(3) <u>દૃષ્ટાંત</u> -**

| (i) वृक्षाः | | (ii) वृक्षाः | |
|---|---|---|---|
| | वृक्ष + जस् | | प्लक्ष + जस् |
| * 'अत आः स्यादौ० १.४.१' → | वृक्षा + जस् | * 'अत आः स्यादौ० १.४.१' → | प्लक्षा + जस् |
| * 'समानानां तेन० १.२.१' → | वृक्षास् | * 'समानानां तेन० १.२.१' → | प्लक्षास् |
| * 'सो रुः २.१.७२' → | वृक्षार् | * 'सो रुः २.१.७२' → | प्लक्षार् |
| * 'रः पदान्ते० १.३.५३' → | वृक्षाः। | * 'रः पदान्ते० १.३.५३' → | प्लक्षाः। |

અહીં वृक्षाः દૃષ્ટાંતમાં જો કે वृक्ष + जस् અવસ્થામાં 'समानानां तेन १.२.१' સૂત્રથી સંધિ થવાથી वृक्षाः પ્રયોગ સિદ્ધ થઈ શકત. પરંતુ 'समानानां तेन १.२.१' સૂત્રના અપવાદભૂત 'लुगस्यादेत्य० २.१.११३' સૂત્રથી वृक्ष ના अ નો લોપ થવાની પ્રાપ્તિ હતી. માટે આ સૂત્રમાં जस् પ્રત્યય પર છતાં 'लुगस्यादेत्य० २.१.११३' સૂત્રથી પ્રાપ્ત अ ના લોપનો બાધ કરવા आ આદેશનું વિધાન કર્યું છે.

| (iii) आभ्याम् | | (iv) श्रमणाभ्याम् | |
|---|---|---|---|
| | इदम् + भ्याम् | | श्रमण + भ्याम् |
| * 'अनक् २.१.३६' → | अ + भ्याम् | * 'अत आः स्यादौ० १.४.१' → | श्रमणा + भ्याम् |
| * 'अत आः स्यादौ० १.४.१' → | आ + भ्याम् | | = श्रमणाभ्याम्। |
| | = आभ्याम्। | | |

आभ्याम् પ્રયોગની સિદ્ધિ બીજા બે પ્રકારે પણ થઈ શકે છે -

| अत् धातुः | | | अ नाम | | |
|---|---|---|---|---|---|
| ❊ 'क्वचित् ५.१.१७१' | → | अत् + ङ | ❊ 'अत आः स्यादौ० १.४.१' | → | आ + भ्याम् |
| ❊ 'ङित्यन्त्यस्वरादेः २.१.११४' | → | अ + भ्याम् | | | = आभ्याम्। |
| ❊ 'अत आः स्यादौ० १.४.१' | → | आ + भ्याम् | | | |
| | | = आभ्याम्। | | | |

આ સૂત્રમાં જો भ्याम् પદ ન મૂક્યું હોત તો भ्याम् પર છતાં પૂર્વના અ નો 'एद् बहु० १.४.४' સૂત્રથી ए આદેશ થવાની પ્રાપ્તિ હતી. તેથી भ्याम् પ્રત્યય પર છતાં આ સૂત્રથી વિહિત આ આદેશનું વિધાન એ 'एद् बहु० १.४.४' સૂત્રથી પ્રાપ્ત ए આદેશનું અપવાદ છે.

**શંકા :-** 'एद् बहु० १.४.४' સૂત્રમાં તો બહુવચનના भ કારાદિ પ્રત્યયોનું ગ્રહણ કર્યું છે. જ્યારે भ्याम् પ્રત્યય તો દ્વિવચનનો भ કારાદિ પ્રત્યય છે. તો भ्याम् પ્રત્યય પર છતાં 'एद् बहु० १.४.४' સૂત્રની પ્રાપ્તિ જ કેવી રીતે સંભવે ?

**સમાધાન :-** આ સૂત્રમાં भ्याम् પ્રત્યય પર છતાં આ આદેશનું વિધાન કર્યું છે. તેથી 'एद् बहु० १.४.४' સૂત્રમાં હવે સ્યાદિ સંબંધી બહુવચનના भ કારાદિ પ્રત્યયો જ શેષ રહે છે, માટે તે સૂત્રવર્તી बहु વિશેષણ 'स्' (स કારાદિ પ્રત્યયો) ની જેમ 'भ्' (भ કારાદિ પ્રત્યયો) ની સાથે પણ જોડાય છે. પરંતુ જો આ સૂત્રમાં भ्याम् પદ ન મૂકવામાં આવે તો 'एद् बहु० १.४.४' સૂત્રમાં દ્વિવચનના भ કારાદિ પ્રત્યયો પણ ગ્રહણ કરવા શક્ય બનતા, તે સૂત્રમાં વર્તતું बहु વિશેષણ માત્ર आसन्न (= નજીક રહેલા) स् ની સાથે જ જોડાય, भ् ની સાથે નહીં. તેથી 'एद् बहु० १.४.४' સૂત્રથી भ्याम् પ્રત્યય પર છતાં પૂર્વના અ નો ए આદેશ થવાની પ્રાપ્તિ વર્તતા 'एद् बहु० १.४.४' સૂત્રની પ્રાપ્તિને નકારી ન શકાય.

**શંકા :-** श्रमणाभ्याम् દૃષ્ટાંત સ્થળે श्रमण પ્રકૃતિને જ્યારે भ्याम् પ્રત્યય ન લગાડયો હોય ત્યારે न् નો ण् આદેશ શી રીતે થઈ શકે ? કેમ કે 'रषृवर्णान्नो० २.३.६३' સૂત્રથી न् નો ण् આદેશ સ્યાદિ કે ત્યાદિ પ્રત્યયોની ઉત્પત્તિ થયા બાદ જ થઈ શકે છે.

**સમાધાન :-** સાચી વાત છે. પરંતુ શ્રમણ પ્રકૃતિ ભાવિમાં પદ બનવાની જ હોવાથી '***भाविनि भूतवदुपचारः***[(A)]' ન્યાયથી 'જાણે તે પદ બની ગઈ છે' તેમ ઉપચાર કરી સ્યાદિ પ્રત્યય રહિત અવસ્થામાં પણ શ્રમણ નામના न् નો ण् આદેશ થઈ શકે છે.

---

**(A)** જે કાર્ય ભવિષ્યમાં નિશ્ચિતપણે થવાનું હોય તે કાર્ય વર્તમાનમાં થઈ જ ગયું છે એમ માની તે સંબંધી કાર્યો કરવા.

| | (v) श्रमणाय | (vi) संयताय |
|---|---|---|
| | श्रमण + ङे | संयत + ङे |
| * 'ङेङस्यो० १.४.६' | → श्रमण + य | * 'ङेङस्यो० १.४.६' → संयत + य |
| * 'अत आः स्यादौ० १.४.१' | → श्रमणा + य | * 'अत आः स्यादौ० १.४.१' → संयता + य |
| | = श्रमणाय। | = संयताय। |

**शंका :-** श्रमण + ङे अवस्थामां 'ङे-ङस्योर्यातौ १.४.६' सूत्रथी श्रमण आदि नामोना अंत्य अ निमित्तना कारणे ङे नो ∅ य आदेश थाय छे ते '***सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य***[A]' न्यायानुसार पोताना निमित्त अ नो प्रस्तुत सूत्रथी आ आदेश करवा रूपे घात न करी शके. तो तमे आ सूत्रथी य प्रत्यय परमां वर्तता श्रमण ना अ नो आ आदेश शी रीते करी शको ?

**समाधान :-** तमारी वात साची छे. परंतु जो आ रीते '***सन्निपातलक्षणो०***' न्यायानुसार अमे आ आदेश न करीए तो सूत्रमां य पदनुं ग्रहण निरर्थक थाय छे. ते निरर्थक न थाय ते माटे अमे य प्रत्यय पर छतां पूर्वना अ नो आ आदेश करी सूत्रस्थ ते य पदने सार्थक करीए छीए. आथी आ स्थळे '***सन्निपातलक्षणो०***' न्याय अनित्य जाणवो.

**शंका :-** तमे सूत्रमां स्यादि संबंधी य प्रत्ययनी वात करो छो. परंतु स्यादि प्रत्ययोमां तो 'य' आवो कोई प्रत्यय ∅ नथी. तो आ वात शी रीते संगत करवी ?

**समाधान :-** भले 'य' प्रत्यय स्यादि प्रत्ययोमां दृश्यमान न होय. छतां 'स्थानीवावर्णविधौ ७.४.१०९' परिभाषाथी विभक्तिनो आदेश विभक्तिवद् मनातो होवाथी अहीं 'ङेङस्योर्यातौ १.४.६' सूत्रथी निष्पन्न स्यादि संबंधी चतुर्थीना 'ङे' विभक्तिनो 'य' आदेश पण स्यादि विभक्तिवद् मनाशे. आम य प्रत्यय स्यादि संबंधी ∅ गणावाथी स्यादि प्रत्ययोमां ते दृश्यमान न होवा छतां कोई आपत्ति आवती नथी.

**(4)** जस् विगेरे प्रत्ययो परमां वर्तता पूर्वना अ नो ∅ आ आदेश थाय एवुं केम ?

| | (a) मुनयः | (b) मुनिभ्याम् |
|---|---|---|
| | मुनि + जस् | मुनि + भ्याम् |
| * 'जस्येदोत् १.४.२२' | → मुने + जस् | = मुनिभ्याम्। |
| * 'एदैतोऽयाय् १.२.२३' | → मुनय् + जस् = मुनयस् | |
| * 'सो रुः २.१.७२' | → मुनयर् | |
| * 'रः पदान्ते० १.३.५३' | = मुनयः। | |

**(A)** ∅ निमित्त (सन्निपात) ना कारणे ∅ कार्य(विधि) थाय, ते कार्य पोताना ते निमित्तनो घात न करे.

અહીં ઉભયસ્થળે जस् અને भ्याम् પ્રત્યય પરમાં વર્તતા પૂર્વમાં अ નથી, તેથી આ સૂત્રથી आ આદેશ ન થયો.

**(5)** जस् વિગેરે પ્રત્યયો સ્યાદિ સંબંધી ૭ જોઈએ એવું કેમ ?

**(a) बाणान् जस्यतीति क्विप् = बाणजः**

| | |
|---|---|
| | बाणजस् + सि |
| ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → | बाणजस् |
| ✻ 'सो रुः २.१.७२' → | बाणजर् |
| ✻ 'रः पदान्ते० १.३.५३' → | बाणजः। |

**(b) अग्नये**

| | |
|---|---|
| | अग्नि + ङे |
| ✻ 'ङित्यदिति १.४.२३' → | अग्ने + ङे |
| ✻ 'एदैतो० १.२.२३' → | अग्नय् + ङे |
| | अग्नये। |

**(c) वृक्षयोः —** ✻ वृक्ष + ओस्, ✻ 'एद् बहुस्० १.४.४' → वृक्षे + ओस्, ✻ 'एदैतो० १.२.२३' → वृक्षय् + ओस् = वृक्षयोस्, ✻ 'सो रुः २.१.७२' → वृक्षयोर्, ✻ 'रः पदान्ते० १.३.५३' → वृक्षयोः।

અહીં बाणजस् દૃષ્ટાંતમાં अ થી પરમાં સ્યાદિ સંબંધી जस् પ્રત્યય નથી, પરંતુ जस् ધાતુ પરમાં છે. તેમ૭ अग्नये અને वृक्षयोः દૃષ્ટાંતોમાં પણ સ્યાદિસંબંધી ય પરમાં નથી, પરંતુ 'एदैतोऽयाऽऽय् १.२.२३' સૂત્રથી अग्ने + ङे તેમ૭ वृक्षे + ओस् અવસ્થામાં ए નો अय् આદેશ થવાથી ય પરમાં છે. તેથી આ બધા સ્થળે આ સૂત્રથી પૂર્વના अ નો आ આદેશ નથી થતો. ।।१।।

## भिस ऐस् ।।१.४.२।।

**बृ.वृ.-(1)अकारात् परस्य स्यादेर्भिसः स्थाने 'ऐस्(2)' इत्ययमादेशो भवति। (3)श्रमणैः, संयतैः, अतिजरैः। (4)एसादेशेनैव सिद्धे ऐस्करणं ✻सन्निपातलक्षण०✻ न्यायस्यानित्यत्वज्ञापनार्थम् , तेनातिजरसैरित्यपि सिद्धम्। (5)अन्ये तु अतिजरैरित्येवेच्छन्ति। (6)अत इत्येव? मुनिभिः, शालाभिः, दृषद्भिः। (7)स्यादेरित्येव? चैत्रभिस्सा, ओदनभिस्सटा।।२।।**

---

**सूत्रार्थ :-** अ કારથી પરમાં રહેલાં સ્યાદિ સંબંધી भिस् પ્રત્યયના સ્થાને ऐस् આદેશ થાય છે.

<u>विवरण :-</u> **(1) शंका :-** 'अत आः स्यादौ १.४.१' સૂત્રમાં अतः પદ ષષ્ઠયન્ત રૂપે લીધેલું છે, તો આ સૂત્રમાં તેની અનુવૃત્તિ ષષ્ઠયન્ત રૂપે ન લેતા પંચમ્યન્ત રૂપે કેમ લીધી છે ?

**समाधान :-** ***'अर्थवशाद् विभक्तिविपरिणामः'*** ન્યાયથી અપેક્ષિત અર્થાનુસારે વિભક્તિનું પરિવર્તન થઈ શકે છે. તેથી અમે તે ન્યાયાનુસારે આ સૂત્રમાં अतः પદની અનુવૃત્તિ પંચમ્યન્ત રૂપે લીધી છે.

**(2) શંકા :-** શ્રમણ + भिस् અવસ્થામાં भिस् પ્રત્યય બહુવચનનો भ કારાદિ પ્રત્યય છે, તેથી 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાનુસારે આ સૂત્રથી भिस् નો ઐસ્ આદેશ ન થઈ શકે. પરંતુ પર એવા 'एद् बहु० ૧.૪.૪' સૂત્રથી શ્રમણ નામના અંત્ય અ નો ए આદેશ થવાની પ્રાપ્તિ આવે છે, તો તમે આ સૂત્રથી भिस् નો ઐસ્ આદેશ કેમ કરો છો ?

**સમાધાન :-** 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાનુસારે પર સૂત્ર બળવાન ત્યાં બને કે જ્યાં એકસાથે જે બે સૂત્રોની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ હોય તે બન્ને સૂત્રો અન્યત્ર સાવકાશ હોય. (સાવકાશ એટલે તે બન્ને સૂત્રો એકીસાથે જ્યાં પ્રાપ્ત હોય તે સ્થળને છોડીને અન્યત્ર પોતાની પ્રવૃત્તિ દ્વારા સાર્થક થતા હોય.) પરંતુ અહીં જે બે સૂત્રોની એકસાથે પ્રવૃત્તિ થવાનો પ્રસંગ છે, તે પૈકી 'एद् बहु० ૧.૪.૪' સૂત્ર બહુવચનના भ्यस् પ્રત્યયને લઈને वृक्षेभ्यः વિગેરે પ્રયોગ સ્થળે પૂર્વના અ નો ए આદેશ રૂપ કાર્ય કરતું હોવાથી સાવકાશ છે. પણ 'भिस ऐस् ૧.૪.૨' સૂત્ર આ બન્ને સૂત્રોની એકસાથે જ્યાં પ્રાપ્તિ છે તે સ્થળને છોડીને અન્ય કોઈપણ સ્થળે ઐસ્ આદેશ રૂપ પોતાનું કાર્ય ન કરતું હોવાથી સાવકાશ નથી (અર્થાત્ નિરવકાશ છે). તેથી અહીં 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાથી પર એવા 'एद् बहु० ૧.૪.૪' સૂત્રની પ્રવૃત્તિ ન થતા ***'निरवकाशं सावकाशात्***[A]***'*** ન્યાયને આશ્રયીને આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી भिस् નો ઐસ્ આદેશ જ થશે.

**શંકા :-** 'एद् बहु० ૧.૪.૪' સૂત્રથી भिस् પ્રત્યય પર છતાં જો પહેલાં શ્રમણ વિગેરે નામોના અંત્ય અ નો ए આદેશ થાય, તો પણ ***'भूतपूर्वकस्तद्वदुपचारः***[B]***'*** ન્યાયને આશ્રયીને તે ए આદેશ અ રૂપે જ મનાવાથી અ થી પરમાં આ સૂત્રથી भिस् નો ઐસ્ આદેશ થઈ શકે છે. આમ 'भिस ऐस् ૧.૪.૨' સૂત્ર પોતાની પ્રવૃત્તિ દ્વારા સાર્થક બનતું હોવાથી 'एद् बहु० ૧.૪.૪' સૂત્રની જેમ સાવકાશ ગણાશે. તેથી હવે બન્ને સૂત્રો સાવકાશ બનતા 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાને અવકાશ હોવાથી પર એવા 'एद् बहु० ૧.૪.૪' સૂત્રથી પૂર્વે અ નો ए આદેશ થવો જોઈએ.

**સમાધાન :-** એક નિયમ છે કે ***'सम्भवति मुख्ये गुणकल्पनाया अयोगः'*** એટલે કે મુખ્યને આશ્રયીને કાર્ય સંભવતું હોય તો ગૌણને આશ્રયીને કાર્યની કલ્પના કરવી અયોગ્ય કહેવાય. તેથી અહીં મુખ્ય એવા અ થી પરમાં भिस् નો ઐસ્ આદેશ સંભવતો હોય તો ***'भूतपूर्वकस्तद्वद्०'*** ન્યાયને આશ્રયીને અ ના ए આદેશમાં ગૌણપણે રહેલા અ ની કલ્પના કરવા દ્વારા તેનાથી પરમાં રહેલાં भिस् નો ઐસ્ આદેશ કરવો અયોગ્ય કહેવાય. તેથી ***'भूतपूर्वकस्तद्वद्०'*** ન્યાયથી 'भिस ऐस् ૧.૪.૨' સૂત્ર સાવકાશ નહીં બને. માટે પૂર્વે 'एद् बहु० ૧.૪.૪' સૂત્રથી અ નો ए આદેશ ન થતા 'भिस ऐस् ૧.૪.૨' સૂત્રથી અ થી પરમાં भिस् નો ઐસ્ આદેશ થશે.

---

**(A)** અલ્પ વિષયક સૂત્ર બહુવિષયક સૂત્ર કરતા બળવાન બને છે.

**(B)** જે શબ્દ પહેલાં જેવો હોય, તેના કરતા વર્તમાનમાં આદેશ વિગેરે થવાના કારણે જુદા પ્રકારનો હોય, તે શબ્દ ઉપચારથી 'પૂર્વની અવસ્થાવાળો છે' એમ માનીને વ્યવહાર કરવો.

ઉપર દર્શાવેલી બાબતમાં કોઈક અવિચારશીલ અન્ય રીતે પણ સૂત્રપ્રવૃત્તિની સંગતિને કરી બતાવે છે. તે આ રીતે[A] :-

'एद् बहुस्० १.४.४' સૂત્ર કરતા 'भिस ऐस् १.४.२' સૂત્ર નિરવકાશ છે. તેથી ***'निरवकाशं सावकाशात्'*** ન્યાયાનુસારે અ થી પરમાં भिस् નો एस् આદેશ થવાની પ્રાપ્તિ છે, અને પૂર્વોક્ત રીતે 'एद् बहुस्० १.४.४' સૂત્રથી અ નો ए કર્યા બાદ પણ ***'भूतपूर्वकस्तद्वद्०'*** ન્યાયને આશ્રયીને 'भिस ऐस् १.४.२' સૂત્રથી અ થી પરમાં રહેલા भिस् નો ऐस् આદેશ થવાની પ્રાપ્તિ છે. આમ ऐस् આદેશ 'एद् बहुस्० १.४.४' સૂત્રની પ્રવૃત્તિ કર્યા પૂર્વે અને સૂત્રપ્રવૃત્તિ કર્યા બાદ પ્રાપ્ત હોવાથી ***'कृताकृतप्रसङ्गि'*** હોવાને કારણે 'નિત્ય' ગણાય. તેથી ***'परात्रित्यम्'*** ન્યાયને આશ્રયીને પર કાર્ય કરતા નિત્યકાર્ય બળવાન બનતું હોવાથી 'एद् बहु० १.४.४' સૂત્રપ્રાપ્ત અ ના ए આદેશ કરતા 'भिस ऐस् १.४.२' સૂત્રપ્રાપ્ત નિત્ય એવો भिस् નો ऐस् આદેશ બળવાન બનશે અને એ ए આદેશનો બાધક બનશે.

પરંતુ આ પ્રતિપાદન ઉચિત નથી. કેમકે એમાં બંને સૂત્રના નિરવકાશત્વ અને સાવકાશત્વ રૂપ ઉત્સર્ગપણાની અને અપવાદપણાની ઉપેક્ષા કરી જણાય છે.

**(3) <u>दृष्टांत</u> -**

| | | **(i) श्रमणैः** | **(ii) संयतैः** |
|---|---|---|---|
| | | **श्रमण + भिस्** | **संयत + भिस्** |
| *** 'भिस ऐस् १.४.२'** | → | **श्रमण + ऐस्** | **संयत + ऐस्** |
| *** 'ऐदौत्सन्ध्य० १.२.१२'** | → | **श्रमणैस्** | **संयतैस्** |
| *** 'सो रुः २.१.७२'** | → | **श्रमणैर्** | **संयतैर्** |
| *** 'रः पदान्ते० १.३.५३'** | → | **श्रमणैः।** | **संयतैः।** |

(iii) **अतिजरैः - *जॄ (११४५), * 'षितोऽङ् ५.३.१०७' → जॄ + अङ् * 'ऋवर्णदृशो० ४.३.७' → जर् + अङ् = जर * 'आत् २.४.१८' → जर + आप् = जरा, * 'प्रात्यवपरि० ३.१.४७' → जरामतिक्रान्तैः = अतिजरा + भिस्, * 'गोश्चान्ते० २.४.९६' → अतिजर + भिस्.** હવે શેષ સાધનિકા ઉપર પ્રમાણે કરતા अतिजरैः પ્રયોગની સિદ્ધિ થાય છે.

---

**(A)** एत्वं भिसि परत्वाच्चेदत ऐस्त्वं कथं भवेत्?। कृतेप्येत्वे भौतपूर्वान्नित्यमैस्त्वं तथा सति।। (म.भाष्य. ७.१.९ वार्तिक)

<u>**अर्थ :**</u> જો भिस् પર છતાં પર સૂત્રથી અ નો ए આદેશ કરાશે તો અ થી પરમાં भिस् નો ऐस् શી રીતે થશે? અને જો ***'भूतपूर्वक०'*** ન્યાયથી ऐस् આદેશ કરાશે તો ऐस् આદેશ નિત્ય ગણાશે.

**(4) શંકા :-** સૂત્રમાં ભિસ્ નો ઐસ્ આદેશ ન દર્શાવતા એસ્ આદેશ દર્શાવ્યો હોત તો પણ 'ऐदौत् सन्ध्यक्षरैः १.२.१२' સૂત્રથી સંધિ થતા શ્રમણૈઃ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકત. તો સૂત્રમાં ઐસ્ આદેશ કેમ દર્શાવ્યો છે ?

**સમાધાન :-** સૂત્રમાં એસ્ આદેશ કરીએ તો શ્રમણ + એસ્ અવસ્થામાં 'लुगस्या० २.१.११३' સૂત્રથી એસ્ ની પૂર્વના અ નો લોપ થતા શ્રમણેઃ આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવે છે. માટે સૂત્રમાં ઐસ્ આદેશ દર્શાવ્યો છે.

**શંકા :-** ના, એમ કહેવું યોગ્ય નથી. જો શ્રમણેઃ પ્રયોગ ઈષ્ટ હોત તો સૂત્રમાં એસ્ ના બદલે ઇસ્ આદેશનું વિધાન કરતા શ્રમણ + ઇસ્ અવસ્થામાં 'अवर्णस्येवर्ण० १.२.६' સૂત્રથી સંધિ થઈ શ્રમણેઃ પ્રયોગ સિદ્ધ થઈ શકત. પરંતુ ઇસ્ ના બદલે એસ્ આદેશનું વિધાન કર્યું છે તે જ જણાવે છે કે 'लुगस्या० २.१.११३' સૂત્રથી એસ્ આદેશ પર છતાં પૂર્વના અ નો લોપ ન કરતા 'ऐदौत् १.२.१२' સૂત્રથી સંધિ કરી શ્રમણૈઃ પ્રયોગ સિદ્ધ કરવો ઈષ્ટ છે. આમ એસ્ આદેશના વિધાન સામર્થ્યથી જ બધું સંગત થઈ જાય છે, તો ઐસ્ આદેશનું વિધાન શા માટે કર્યું છે ?

**સમાધાન :-** તમારી વાત સાચી છે. સૂત્રમાં એસ્ આદેશ દર્શાવીએ તો પણ શ્રમણૈઃ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ જાય છે. પરંતુ અતિજરસૈઃ પ્રયોગ સિદ્ધ કરવા સૂત્રમાં ઐસ્ આદેશ દર્શાવ્યો છે. તે આ રીતે -

*** अतिजर + भिस् , * 'भिस ऐस् १.४.२' → अतिजर + ऐस् , * 'जराया जरस् २.१.३' → अतिजरस् + ऐस् = अतिजरसैस् , * 'सो रुः २.१.७२' → अतिजरसैर्, * 'रः पदान्ते० १.३.५३' → अतिजरसैः।**

હવે જો આ સૂત્રથી અતિજર થી પરમાં ભિસ્ નો એસ્ આદેશ થાય તો 'जराया जरस् २.१.३' સૂત્રથી અતિજરસ્ + એસ્ અવસ્થા પ્રાપ્ત થતા સંધિ થવાથી અતિજરસૈઃ ઈષ્ટપ્રયોગને બદલે અતિજરસેઃ આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે. તેથી સૂત્રમાં એસ્ ન દર્શાવતા ઐસ્ આદેશ દર્શાવ્યો છે.

**શંકા :-** અહીં અતિજર ના નિમિત્તે આ સૂત્રથી ભિસ્ નો ઐસ્ આદેશ રૂપ કાર્ય થાય છે. તેથી ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य***(A) ' ન્યાયાનુસારે ઐસ્ આદેશરૂપ કાર્ય 'जराया जरस् वा २.१.३' સૂત્રથી પોતાના નિમિત્ત એવા અતિજર નો અતિજરસ્ આદેશ કરવા રૂપે ઘાત ન કરી શકે. તેથી ઐસ્ આદેશ કરવા છતાં પણ અતિજરસૈઃ પ્રયોગ સિદ્ધ થવાની શક્યતા જ ન હોવાથી અતિજરસૈઃ પ્રયોગાર્થે સૂત્રમાં ઐસ્ આદેશ દર્શાવ્યો છે, એમ કહેવું ઉચિત નથી.

**સમાધાન :-** સાચી વાત છે. પરંતુ ન્યાયોની પ્રવૃત્તિ સાર્વત્રિક નથી હોતી. ક્વચિત તેઓ અનિત્ય પણ બનતા હોય છે. તેથી અતિજરસૈઃ પ્રયોગ સ્થળે ***'सन्निपातलक्षणो०'*** ન્યાય અનિત્ય હોવાથી અતિજર નો

**(A)** નિમિત્તના કારણે થતી વિધિ (કાર્ય) પોતાના નિમિત્તનો ઘાત ન કરે.

અતિજરસ્ આદેશ થઈ શકતો હોવાથી અતિજરસૈઃ પ્રયોગાર્થે સૂત્રમાં ઐસ્ આદેશ દર્શાવ્યો છે, એમ કહેવું ઉચિત છે.

આમ સૂત્રમાં ભિસ્ નો એસ્ આદેશ ન કરતા ઐસ્ આદેશ કર્યો છે, એ ***'सन्निपातलक्षणो०'*** ન્યાયની અનિત્યતાનું જ્ઞાપક છે.

**શંકા :-** 'जराया जरस् वा २.१.३' સૂત્રથી જરા નામનો જરસ્ આદેશ થાય છે, પરંતુ જર નામનો નહીં. તેથી અતિજર નો અતિજરસ્ આદેશ કઈ રીતે થઈ શકે ?

**સમાધાન :-** जरमतिक्रान्तः = અતિજરા આ પ્રમાણે 'प्रात्यवपरि० ३.१.४७' સૂત્રથી તત્પુરૂષ સમાસ કર્યા બાદ 'गोश्चान्ते० २.४.९६' સૂત્રથી અતિજરા નો અતિજર આમ હ્રસ્વ આદેશ થયો છે. હવે આ અવસ્થામાં અતિજર માં રહેલ જર શબ્દ જરા શબ્દ કરતા એકદેશ વિકૃત ન છે. તેથી ***'एकदेशविकृतमनन्यवत्०***[A] ' ન્યાયથી જર શબ્દ જરા શબ્દવત્ ન ગણાવાથી તેનો 'जराया जरस् वा २.१.३' સૂત્રથી જરસ્ આદેશ થઈ શકવાના કારણે અતિજરસ્ આદેશ થઈ શકે છે.

(5) વ્યાકરણકાર ***'शेषरान्न'*** अतिजरैः આવો પ્રયોગ ન ઈચ્છે છે.

(6) અ કારથી ન પરમાં ભિસ્ નો ઐસ્ આદેશ થાય એવું કેમ ?

| | (a) मुनिभिः | (b) शालाभिः | (c) दृषद्भिः |
|---|---|---|---|
| | मुनि + भिस् | शाला + भिस् | दृषद् + भिस् |
| * 'सो रुः २.१.७२' → | मुनिभिर् | शालाभिर् | दृषद्भिर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | मुनिभिः। | शालाभिः। | दृषद्भिः। |

આ ત્રણે સ્થળે અ કારથી પરમાં ભિસ્ ન હોવાથી તેનો આ સૂત્રથી ઐસ્ આદેશ ન થયો.

(7) અ કારથી પરમાં સ્યાદિ સંબંધી ન ભિસ્ નો ઐસ્ આદેશ થાય એવું કેમ ?

**(a) चैत्रभिस्सा (b) ओदनभिस्सटा — * अभि + प्सा (प्सांक् भक्षणे), * 'उपसर्गादातः ५.३.११०' → अभि + प्सा + अङ्, * 'इडेत्पुसि० ४.३.९४' → अभि + प्स् + अङ् = अभिप्स।**

---

(A) શબ્દના કોઈ એક અંશને લઈને બે શબ્દો વચ્ચે વૈસાદશ્ય હોય તો પણ તે બન્ને શબ્દો જુદાં ગણાતા નથી.

હવે અભિપ્સ શબ્દ 'पृषोदरादि' ગણપાઠ અંતર્ગત હોવાથી તેમાં રહેલ અભિ ઉપસર્ગ સંબંધી અ નો લોપ અને પ્સ ના પ્ નો સ્ આદેશ થવાથી ભિસ્સ શબ્દ બન્યો. ત્યારબાદ 'आत् २.४.१८' સૂત્રથી આપ્ પ્રત્યય લાગતા લક્ષ્યના અનુરોધથી (= તેવા પ્રકારના પ્રયોગો જોવા મળતા હોવાથી) એક સ્થળે ટ્ નો આગમ થવાથી ભિસ્સટા શબ્દ બન્યો, અને બીજે ટ્ નો આગમ ન થવાથી ભિસ્સા[A] શબ્દ બન્યો. હવે चैत्रस्य ભિસ્સા અને ओदनस्य ભિસ્સટા આ વિગ્રહ અવસ્થામાં 'षष्ठ्यયત્નાત્૦ ૩.૧.૭૬' સૂત્રથી તત્પુરૂષ સમાસ થતા चैत्रભિસ્સા અને ओदनભિસ્સટા આ પ્રયોગો સિદ્ધ થયા.

અહીં ઉભયસ્થળે ચૈત્ર તેમજ ઓદન શબ્દના અંત્ય અ થી પરમાં રહેલા ભિસ્સા અને ભિસ્સટા શબ્દઘટક ભિસ્ અંશને આ સૂત્રથી ઐસ્ આદેશ નથી થતો. કેમ કે આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર આવે છે, અને આ બન્ને ભિસ્ અંશો સ્યાદિ સંબંધી નથી.

**શંકા :-** ભિસ્સા અને ભિસ્સટા શબ્દોનો અંશભૂત ભિસ્ અનર્થક હોવાથી તેના ઐસ્ આદેશનું નિવર્તન તો ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य***[B]*'* ન્યાયથી પણ થઈ શકે છે. તેથી સૂત્રમાં સ્યાદિની અનુવૃત્તિ લેવાની શી આવશ્યકતા છે ?

**સમાધાન :-** સૂત્રમાં માત્ર ભિસ્સા અને ભિસ્સટા ના અંશભૂત ભિસ્ ના ઐસ્ આદેશનું નિવર્તન કરવા સ્યાદિની અનુવૃત્તિ નથી. પરંતુ આ પછીના સૂત્રોમાં અવિચ્છિન્નપણે સ્યાદિનો અધિકાર લઈ જવા તેની અનુવૃત્તિ આવશ્યક છે. તેથી પૂર્વસૂત્રથી અનુવર્તમાન સ્યાદિ પદ ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયની અપેક્ષા રાખ્યા વિના અમુક ચોક્કસ પ્રકારના જ ભિસ્ ના (અર્થાત્ સ્યાદિ સંબંધી જ ભિસ્ ના) ઐસ્ આદેશનું નિયમન કરતું હોવાથી આ સ્થળે ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયની અપેક્ષા ન રાખવી, કારણ ન્યાયની અપેક્ષા રાખવી એ ગૌરવ કહેવાય. તેથી પ્રસ્તુતમાં આ ન્યાય અનિત્ય જાણવો. ।।૨।।

---

**(A)** ભિસ્સા પ્રયોગ ભિદ્ ધાતુને क्विप् પ્રત્યય લગાડી भिदं स्यति આ વિગ્રહાવસ્થા થકી પણ તે पृषोदरादि ગણપાઠનો હોવાથી સિદ્ધ થશે.

**(B)** અર્થવાન પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ સંભવતું હોય ત્યારે અનર્થક શબ્દનું ગ્રહણ ન કરવું. આશય એ છે કે વ્યાકરણશાસ્ત્રમાં શબ્દ એ કાર્યી છે. તે શબ્દ બે પ્રકારના જોવા મળે છે; સાર્થક અને નિરર્થક :

**(i)** સમુદાય રૂપ શબ્દમાં અર્થ પ્રત્યાયન (= બોધ) કરાવવાની શક્તિ હોવાથી તે સાર્થક કહેવાય. જ્યારે,

**(ii)** અવયવ રૂપ તે શબ્દમાં અર્થ પ્રત્યાયન કરાવવાની શક્તિ ન હોવાથી તે નિરર્થક કહેવાય. દા.ત. સમુદાય રૂપ ભિસ્ પ્રત્યય 'બહુત્વ-કરણ' વિગેરે અર્થોનું પ્રત્યાયન કરાવતો હોવાથી સાર્થક છે, તેથી તેનું અહીં ગ્રહણ થશે. જ્યારે ભિસ્સા અને ભિસ્સટા માં રહેલ ભિસ્ અંશ કોઈ અર્થનું પ્રત્યાયન કરાવતો ન હોવાથી નિરર્થક છે, તેથી તેનું પ્રસ્તુત સ્થળે ગ્રહણ નહીં થાય.

## इदमदसोऽक्येव ।। १.४.३।।

बृ.वृ.- 'इदम् अदस्' इत्येतयोरक्येव सत्यकारात् परस्य भिस ऐस् भवति। इमकैः[1] , अमुकैः। अक्येवेति[2] किम्? एभिः, अमीभिः। पूर्वेणैव[3] सिद्धे नियमार्थमिदम्। एवकारस्त्विष्टावधारणार्थः[4] ।।३।।

---

**सूत्रार्थ :-** अक् प्रत्यय પર છતાં ७४ इदम् અને अदस् શબ્દ સંબંધી अ થી પરમાં રહેલાં भिस् પ્રત્યયનો ऐस् આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ इदं च अदस् च इत्येतयोः समाहारः = इदमदः (समा. द्व.) । तस्य = इदमदसः।

**विवरण :-** (1) **दृष्टांत** -

| (i) इमकैः | | (ii) अमुकैः |
|---|---|---|
| | इदम् + भिस् | अदस् + भिस् |
| * 'आ द्वेरः २.१.४१' | → इद अ + भिस् | * 'आ द्वेरः २.१.४१' → अद अ + भिस् |
| * 'लुगस्या० २.१.११३' | → इद + भिस् | * 'लुगस्या० २.१.११३' → अद + भिस् |
| * 'त्यादिसर्वादेः ७.३.२९' | → इदक + भिस् | * 'त्यादिसर्वादेः ७.३.२९' → अदक + भिस् |
| * 'दो मः० २.१.३९' | → इमक + भिस् | * 'मोऽवर्णस्य २.१.४५' → अमक + भिस् |
| * 'इदमदसो० १.४.३' | → इमक + ऐस् | * 'मादुवर्णोऽनु २.१.४७' → अमुक + भिस् |
| * 'ऐदौत्० १.२.१२' | → इमकैस् | * 'इदमदसो० १.४.३' → अमुक + ऐस् |
| * 'सो रुः २.१.७२' | → इमकैर् | * 'ऐदौत्० १.२.१२' → अमुकैस् |
| * 'रः पदान्ते० १.३.५३' | → इमकैः। | * 'सो रुः २.१.७२' → अमुकैर् |
| | | * 'रः पदान्ते० १.३.५३' → अमुकैः। |

(2) અક્ પર છતાં જ इदम् અને अदस् ના अ થી પરમાં भिस् પ્રત્યયનો ऐस् આદેશ થાય એવું કેમ ?

| (a) एभिः | | | (b) अमीभिः | | |
|---|---|---|---|---|---|
| | | इदम् + भिस् | | | अदस् + भिस् |
| * 'अनक् २.१.३६' | → | अ + भिस् | * 'आ द्वेरः २.१.४१' | → | अद अ + भिस् |
| * 'एद् बहु० १.४.४' | → | ए + भिस् | * 'लुगस्या० २.१.११३' | → | अद + भिस् |
| * 'सो रुः २.१.७२' | → | एभिर् | * 'मोऽवर्णस्य २.१.४५' | → | अम + भिस् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | एभिः। | * 'एद् बहु० १.४.४' | → | अमे + भिस् |
| | | | * 'बहुश्चेरीः २.१.४९' | → | अमीभिस् |
| | | | * 'सो रुः २.१.७२' | → | अमीभिर् |
| | | | * 'रः पदान्ते० १.३.५३' | → | अमीभिः। |

આ ઉભયસ્થળે अक् પ્રત્યય પરમાં ન હોવાથી અનુક્રમે 'अनक् २.१.३६' સૂત્રથી પ્રાપ્ત अ આદેશથી અને अम ના अ થી પરમાં રહેલાં भिस् નો આ સૂત્રથી ऐस् આદેશ ન થયો.

(3) **શંકા** :- પ્રસ્તુતમાં 'त्यादिसर्वादि० ७.३.२९' સૂત્રથી इदम् અને अदस् ના અંત્યસ્વરની પૂર્વે अक् પ્રત્યય થાય છે. તેથી इमक + भिस् અને अमुक + भिस् અવસ્થામાં अक् સહિત इदम् અને अदस् થી પરમાં રહેલાં भिस् નો ऐस् આદેશ પૂર્વસૂત્રથી થઈ શકે છે, તો આ સૂત્રનો નિરર્થક આરંભ કેમ કર્યો છે ?

**સમાધાન** :- વાત યોગ્ય છે. પરંતુ ***'सिद्धे सत्यारम्भो नियमार्थः***[A] ' ન્યાયાનુસારે નિયમ (= સંકોચ) કરવા માટે આ સૂત્રનો આરંભ કર્યો છે. નિયમ આ પ્રમાણે થશે - 'इदम् અને अदस् ના अ થી પરમાં भिस् પ્રત્યયનો ऐस् આદેશ ત્યારે જ કરવો કે જ્યારે તે બન્નેના અંત્ય સ્વરની પૂર્વે अक् પ્રત્યય થયેલો હોય, અન્યથા નહીં.' હવે જો આ રીતે નિયમાર્થે આ સૂત્રનો આરંભ ન કર્યો હોત તો इमकैः અને अमुकैः પ્રયોગોની જેમ एभिः અને अमीभिः પ્રયોગસ્થળે પણ अक् પ્રત્યય રહિત इदम् અને अदस् ના अ થી પરમાં भिस् નો ऐस् આદેશ થવાની પ્રાપ્તિ આવતા ऐः અને अम्वैः આવા અનિષ્ટ પ્રયોગો થવાની આપત્તિ આવત. તેથી આ સૂત્રનો આરંભ નિયમાર્થે હોવાથી સાર્થક જાણવો.

---

(A) કોઈ કાર્ય અન્ય સૂત્રથી સિદ્ધ હોય, છતાં એ કાર્યનું વિધાન કરવા નવા સૂત્રની રચના કરવામાં આવે, તો નવું રચેલું તે સૂત્ર નિયમ (= સંકોચ) કરે.

**(4) શંકા :-** ***'सिद्धे सत्यारम्भो०'*** ન્યાય દ્વારા ઉપરોક્ત નિયમ થતાં એવ કારથી વાચ્ય અવધારણાર્થ ('જ' કાર એવો અર્થ) પ્રાપ્ત થઈ જાય છે. તો સૂત્રમાં એવ કાર કેમ દર્શાવ્યો છે ?

**સમાધાન :-** ***'सिद्धे सत्यारम्भो०'*** ન્યાય દ્વારા એવ કાર વાચ્ય અવધારણાર્થ પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ તે અવધારણના અન્વયને આશ્રયીને સૂત્રમાં નિયમ બે પ્રકારે સંભવી શકે છે. તે આ પ્રમાણે - (a) અક્ પ્રત્યય પર છતાં ઇદમ્ અને અદસ્ ના જ અ થી પરમાં ભિસ્ પ્રત્યયનો ઐસ્ આદેશ થાય છે, આવો પ્રત્યયનિયમ અને (b) અક્ પ્રત્યય પર છતાં જ ઇદમ્ અને અદસ્ ના અ થી પરમાં ભિસ્ પ્રત્યયનો ઐસ્ આદેશ થાય છે, આવો પ્રકૃતિનિયમ. તો સૂત્રમાં એવ કારના અભાવે આ બે નિયમ પૈકી દ્વિતીય ઈષ્ટ નિયમને બદલે પ્રથમ વિપરીત નિયમનું કોઈ ગ્રહણ ન કરી લે તે માટે સૂત્રમાં એવકારનું ઉપાદાન કર્યું છે. આમ હવે પ્રત્યયનિયમ[A] ન થતાં તદ્ અને વિશ્વ વિગેરે સર્વનામોને અક્ પર છતાં અ થી પરમાં ભિસ્ નો ઐસ્ આદેશ થવાથી તકૈઃ, વિશ્વકૈઃ[B] વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. ।।૩।।

## एद् बहुस्भोसि ।। १.४.४।।

**બૃ.વૃ.- बह्वर्थविषये सकारादौ भकारादावोसि च स्यादौ परेऽकारस्यैकारादेशो[1] भवति। एषु[2], एषाम्, अमीषाम्, सर्वेषाम्, एभिः, एभ्यः, वृक्षेभ्यः, श्रमणयोः, संयतयोः। बह्वि[3]ति किम्? वृक्षस्य, वृक्षाभ्याम्। स्भो[4]सीति किम्? सर्वे। अ[5]त इत्येव? साधुषु, साधुभ्यः, खट्वासु खट्वाभ्यः, अग्न्योः, दृषदोः।।४।।**

---

**સૂત્રાર્થ :-** સ્યાદિ સંબંધી બહુવચનના વિષયમાં વર્તતા સ કારાદિ અને ભ કારાદિ પ્રત્યયો તેમજ ઓસ્ (ષ./સ.દ્વિ.વ.) પ્રત્યય પર છતાં પૂર્વના અ નો એ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ सश्च भश्च (अकार उच्चारणार्थः) इति स्भौ (इ.द्व.)। बहुषु स्भौ = बहुस्भौ (स.तत्.) [बहु च तौ स्भौ च = बहुस्भौ इति मध्यमवृत्त्यवचूर्याम्]। बहुस्भौ च ओस् च = बहुस्भोस् (स.द्व.)। तस्मिन् = बहुस्भोसि।

<u>વિવરણ :-</u> **(1)** પૂર્વસૂત્રમાં अतः પદ પંચમ્યન્ત રૂપે વિવક્ષિત હતું, છતાં આ સૂત્રમાં ***'अर्थवशाद् विभक्तिविपरिणामः'*** ન્યાયથી તેની ષષ્ઠ્યન્ત રૂપે અનુવૃત્તિ લીધી છે.

---

**(A)** 'અક્ પ્રત્યય પર છતાં ઇદમ્ અને અદસ્ ના જ...' આ પ્રમાણે નિયમ કરત તો અક્ પ્રત્યય પર છતાં અ થી પરમાં ભિસ્ નો ઐસ્ આદેશ જે સર્વત્ર પ્રાપ્ત હતો તે ન થાત. કારણ ભિસ્ પ્રત્યયને ઐસ્ આદેશ કરવા રૂપ કાર્યમાં અક્ પ્રત્યય એ ઇદમ્ અને અદસ્ પૂરતો જ સીમિત (સંકુચિત) થઈ જાય છે. પણ એવ કારના ઉપાદાનથી આ રીતે પ્રત્યયનિયમ (સંકોચ) નહીં થાય.

**(B)** ✻ तद् + भिस् , ✻ 'आ द्वेरः २.१.४१' → त अ + भिस् , ✻ 'लुगस्या० २.१.११३' → त + भिस् તેમજ વિશ્વ + भिस् , ✻ 'त्यादिसर्वादेः ७.३.२९' → तक + भिस् અને વિશ્વક + भिस्, ✻ 'भिस ऐस् १.४.२' → तकैः અને વિશ્વકૈઃ।

(2) दृष्टांत – (i) एषु

| | | |
|---|---|---|
| | | इदम् + सुप् |
| * 'अनक् २.१.३६' | → | अ + सु |
| * 'एद् बहु० १.४.४' | → | ए + सु = एसु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | एषु। |

(ii) एषाम्

| | | |
|---|---|---|
| | | इदम् + आम् |
| * 'अनक् २.१.३६' | → | अ + आम् |
| * 'अवर्णस्यामः० १.४.१५' | → | अ + साम् |
| * 'एद् बहु० १.४.४' | → | ए + साम् = एसाम् |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | एषाम्। |

(iii) अमीषाम्

| | | |
|---|---|---|
| | | अदस् + आम् |
| * 'आ द्वेरः २.१.४१' | → | अद अ + आम् |
| * 'लुगस्या० २.१.११३' | → | अद + आम् |
| * 'अवर्णस्यामः० १.४.१५' | → | अद + साम् |
| * 'मोऽवर्णस्य २.१.४५' | → | अम + साम् |
| * 'एद् बहु० १.४.४' | → | अमे + साम् |
| * 'बहुष्वेरीः २.१.४९' | → | अमीसाम् |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | अमीषाम्। |

(iv) सर्वेषाम्

| | | |
|---|---|---|
| | | सर्व + आम् |
| * 'अवर्णस्यामः० १.४.१५' | → | सर्व + साम् |
| * 'एद् बहु० १.४.४' | → | सर्वे + साम् |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | सर्वेषाम्। |

(v) एभिः (vi) एभ्यः (vii) वृक्षेभ्यः

| | | | | |
|---|---|---|---|---|
| | | इदम् + भिस् | इदम् + भ्यस् | वृक्ष + भ्यस् |
| * 'अनक् २.१.३६' | → | अ + भिस् | अ + भ्यस् | ↓ |
| * 'एद् बहु० १.४.४' | → | ए + भिस् | ए + भ्यस् | वृक्षे + भ्यस् |
| * 'सो रुः २.१.७२' | → | एभिर् | एभ्यर् | वृक्षेभ्यर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | एभिः। | एभ्यः। | वृक्षेभ्यः। |

(viii) श्रमणयोः (ix) संयतयोः

| | | | |
|---|---|---|---|
| | | श्रमण + ओस् | संयत + ओस् |
| * 'एद् बहु० १.४.४' | → | श्रमणे + ओस् | संयते + ओस् |
| * 'एदैतोऽयाऽऽय् १.२.२३' | → | श्रमणेय् + ओस् | संयतय् + ओस् |
| * 'सो रुः २.१.७२' | → | श्रमणयोर् | संयतयोर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | श्रमणयोः। | संयतयोः। |

(3) બહુવચનના ૯ સ કારાદિ - ભ કારાદિ પ્રત્યયો પર છતાં પૂર્વના અ નો એ આદેશ થાય એવું કેમ ?

**(a) वृक्षस्य**

वृक्ष + ङस्
* 'टा-ङसोरिन० १.४.५' → वृक्ष + स्य
= वृक्षस्य।

**(b) वृक्षाभ्याम्**

वृक्ष + भ्याम्
* 'अत आः स्यादौ० १.४.१' → वृक्षा + भ्याम्
= वृक्षाभ्याम्।

અહીં સ્ય અને ભ્યામ્ પ્રત્યય બહુવચનના ન હોવાથી આ સૂત્રથી પૂર્વના અ નો એ આદેશ ન થયો.

(4) બહુવચનના સ કારાદિ - ભ કારાદિ ૯ પ્રત્યયો પર છતાં પૂર્વના અ નો એ આદેશ થાય એવું કેમ ?

**(a) सर्वे – * सर्व + जस् , * 'जस इः १.४.९' → सर्व + इ, * 'अवर्णस्ये० १.२.१२' → सर्वे।**

અહીં જસ્ પ્રત્યય બહુવચનનો છે, પણ તે સ કારાદિ કે ભ કારાદિ ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થઈ.

(5) સ્યાદિ સંબંધી બહુવચનના સ કારાદિ - ભ કારાદિ પ્રત્યયો તેમ૯ ઓસ્ પ્રત્યય પર છતાં પૂર્વના અ નો ૯ એ આદેશ થાય એવું કેમ ?

**(a) साधुषु — * साधु + सुप् = साधुसु, * 'नाम्यन्तस्था० २.३.१५' → साधुषु।**

**(b) खट्वासु — * खट्वा + सुप् = खट्वासु।**

| | **(c) साधुभ्यः** | **(d) खट्वाभ्यः** | **(e) अग्न्योः** | **(f) दृषदोः** |
|---|---|---|---|---|
| | साधु + भ्यस् | खट्वा + भ्यस् | अग्नि + ओस् | दृषद् + ओस् |
| * 'इवर्णादे० १.२.२१' → | ↓ | ↓ | अग्न्य् + ओस् | ↓ |
| * 'सो रुः २.१.७२' → | साधुभ्यर् | खट्वाभ्यर् | अग्न्योर् | दृषदोर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | साधुभ्यः। | खट्वाभ्यः। | अग्न्योः। | दृषदोः। |

આ બધા સ્થળે બહુવચનના સ કારાદિ - ભ કારાદિ તેમ૯ ઓસ્ પ્રત્યય પરમાં છે, પણ પૂર્વમાં અ ન હોવાથી આ સૂત્રથી એ આદેશ થયો નથી. ।।૪।।

## टा-ङसोरिन-स्यौ ।। १.४.५।।

**बृ.वृ.- अकारात् परयोष्टा-ङसोः स्याद्योः स्थाने यथासंख्यम्[1] 'इन स्य' इत्येतावादेशौ भवतः। वृक्षेण[2], अतिजरेण, वृक्षस्य, अतिजरस्य। अत[3] इत्येव? अतिजरसा, अतिजरसः, अत्र[4] परत्वात्रित्यत्वाच्च प्रागेव जरसादेशे कृते अकारान्तत्वाभावः। अन्ये[5] तु प्रागेवेनादेशम् * सन्निपातलक्षण० * न्यायस्यानित्यत्वाश्रयणात् पश्चाज्जरसादेशं चेच्छन्तोऽतिजरसिनेत्यपि मन्यन्ते ।।५।।**

---

**सूत्रार्थ :-** अ કારથી પરમાં રહેલાં સ્યાદિ સંબંધી टा (तृ.એ.વ.) અને ङस् (ष.એ.વ.) પ્રત્યયના સ્થાને અનુક્રમે इन અને स्य આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ टाश्च ङस् च = टाङसौ (इ.द्व.), तयोः = टाङसोः। ◆ इनश्च स्यश्च = इनस्यौ (इ.द्व.)।

विवरण :- (1) **शंका :-** સૂત્રમાં 'टा અને ङस् બન્ને પ્રત્યયોનો इन અને स्य આદેશ થાય છે' આવો અર્થ ન કરતા 'બન્નેનો યથાસંખ્ય (ક્રમશઃ) इन અને स्य આદેશ થાય છે' આવો અર્થ શી રીતે કર્યો ?

**समाधान :-** જ્યાં સંખ્યા અને વચનનું સામ્ય હોય ત્યાં ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** ન્યાયથી યથાસંખ્ય અન્વય થઈ શકે છે. પ્રસ્તુતમાં આદેશી टा અને ङस् તથા આદેશ इन અને स्य ની સંખ્યા સમાન છે. તેમજ સૂત્રસ્થ टाङसोः અને इनस्यौ પદસ્થળે દ્વિવચન રૂપ વચનનું પણ સામ્ય છે. તેથી અમે ઉપરોક્ત ન્યાયથી યથાસંખ્ય અર્થ કરીએ છીએ.

(2) दृष्टांत –

**(i) वृक्षेण**

| | | |
|---|---|---|
| | | वृक्ष + टा |
| * 'टा-ङसोरिन० १.४.५' | → | वृक्ष + इन |
| * 'अवर्णस्ये० १.२.६' | → | वृक्षेन |
| * 'रषृवर्णान्नो० २.३.६३' | → | वृक्षेण। |

**(ii) अतिजरेण**

| | | |
|---|---|---|
| | | जरामतिक्रान्तम् = |
| * 'प्रात्यवपरि० ३.१.४७' | → | अतिजरा |
| * 'गोश्चान्ते० २.४.९६' | → | अतिजर + टा |
| * 'टा-ङसोरिन० १.४.५' | → | अतिजर + इन |
| * 'अवर्णस्ये० १.२.६' | → | अतिजरेन |
| * 'रषृवर्णान्नो० २.३.६३' | → | अतिजरेण। |

**(iii) वृक्षस्य** **(iv) अतिजरस्य**

| | | | |
|---|---|---|---|
| | | वृक्ष + ङस् | अतिजर + ङस् |
| * 'टा-ङसोरिन० १.४.५' | → | वृक्ष + स्य | अतिजर + स्य |
| | | वृक्षस्य। | अतिजरस्य। |

(3) અ થી ૯૪ પરમાં રહેલાં ટા અને ङस् પ્રત્યયનો इन અને स्य આદેશ થાય એવું કેમ ?

**(a) अतिजरसा**

अतिजर + टा
* 'जराया जरस् वा २.१.३' → अतिजरस् + टा
= अतिजरसा।

**(b) अतिजरसः**

अतिजर + ङस्
* 'जराया जरस् वा २.१.३' → अतिजरस् + ङस्
* 'सो रुः २.१.७२' → अतिजरसर्
* 'रः पदान्ते० १.३.५३' → अतिजरसः।

અહીં અતિજરસ્ + ટા અને અતિજરસ્ + ङस् અવસ્થામાં ટા અને ङस् પ્રત્યયો અ થી પરમાં ન હોવાથી આ સૂત્રથી તેમના અનુક્રમે इन અને स्य આદેશ ન થયા.

(4) **શંકા :-** અતિજર + ટા અને અતિજર + ङस् અવસ્થામાં ૯૪ અ થી પરમાં રહેલાં ટા અને ङस् પ્રત્યયોનો અનુક્રમે इन અને स्य આદેશ કેમ ન કર્યો ?

**સમાધાન :-** આવું ન કરવા પાછળ બે કારણો છે. તે આ પ્રમાણે -

(a) અતિજર + ટા અને અતિજર + ङस् અવસ્થામાં 'टाङसो० १.४.५' અને 'जराया जरस्० २.१.३' આ ઉભય સૂત્રોની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ છે. પણ અન્યત્ર વૃક્ષેણ, વૃક્ષસ્ય વિગેરે પ્રયોગોમાં 'टाङसो० १.४.५' સૂત્ર અને जरसौ વિગેરે પ્રયોગોમાં 'जराया जरस्० २.१.३' સૂત્ર પોતપોતાની પ્રવૃત્તિ થવા દ્વારા સાર્થક છે. આમ અન્યત્ર સાવકાશ બનતા હોવાથી બન્ને સૂત્રો સ્પર્ધ બન્યા. માટે 'स्पर्धे परम् ७.४.११९' પરિભાષા પ્રમાણે પર એવા 'जराया जरस्० २.१.३' સૂત્રથી અતિજર નો અતિજરસ્ આદેશ કર્યો છે, પરંતુ 'टाङसो० १.४.५' સૂત્રથી इन અને स्य આદેશ નથી કર્યો.

(b) ટા પ્રત્યયનો इन આદેશ કરવા રૂપ કાર્ય કરતા અતિજર નો અતિજરસ્ આદેશ કરવા રૂપ કાર્ય ***'कृताकृतप्रसङ्गी***[A]**'** હોવાથી નિત્ય છે. કેમકે ટા[B] પ્રત્યયનો इन આદેશ કરીએ તો પણ અતિજર ના અતિજરસ્ આદેશની પ્રાપ્તિ છે, અને ન કરીએ તો પણ પ્રાપ્તિ છે. પરંતુ જ્યારે અતિજર નો અતિજરસ્ આદેશ કરીએ ત્યારે ટા પ્રત્યયનો इन આદેશ થવાની પ્રાપ્તિ ન હોવાથી इन આદેશ રૂપ કાર્ય ***'कृताकृतप्रसङ्गी'*** ન હોવાથી અનિત્ય છે. માટે ***'बलवन्नित्यमनित्यात्***[C]**'** ન્યાયને આશ્રયીને અતિજર + ટા અવસ્થામાં 'टाङसो० १.४.५' સૂત્રથી પ્રથમ અનિત્ય એવું इन આદેશ રૂપ કાર્ય ન કરતા 'जराया जरस् वा० २.१.३' સૂત્રથી નિત્ય એવો અતિજર નો અતિજરસ્ આદેશ કર્યો છે.

---

(A) कृतेऽपि प्रसङ्गः, अकृतेऽपि प्रसङ्गो यस्य स कृताकृतप्रसङ्गी। स च नित्य इति कथ्यते।

(B) ङस् નો स्य આદેશ કરીએ ત્યારે અતિજરસ્ આદેશ થવાની પ્રાપ્તિ નથી, અને તેથી તે અંશે અતિજરસ્ આદેશ રૂપ કાર્ય નિત્ય નથી.

(C) અનિત્ય કાર્ય કરતા નિત્ય કાર્ય બળવાન બને.

(5) અન્ય પાણિનિ વ્યાકરણાનુયાયી આચાર્ય નિત્ય અને પર એવો અતિજર નો અતિજરસ્ આદેશ ન કરતા પૂર્વે ટા પ્રત્યયનો ઇન આદેશ કરે છે. તેથી તેમના મતે અતિજર + ઇન થશે. હવે આ અવસ્થામાં ***'सन्निपात-लक्षणो विधिरनिमित्तं तद्विघातस्य***[A]***'*** ન્યાયના કારણે આમ તો અતિજરના નિમિત્તે થયેલ ટા નું ઇન આદેશ રૂપ કાર્ય પોતાના નિમિત્તભૂત અતિજર નો અતિજરસ્ આદેશ કરવા રૂપે ઘાત ન કરી શકે. છતાં તેઓ આ ન્યાયની અનિત્યતા માની ઇન પર છતાં અતિજર નો અતિજરસ્ આદેશ કરી અતિજરસિન આવો પ્રયોગ કરે છે.

આ બાબતમાં ***'સ્થવિર'*** કહે છે કે જો (પાણિનિ) સૂત્રકારને અતિજરસિન પ્રયોગ યોગ્ય[B] ન લાગતો હોત તો તેઓ સૂત્રમાં ટા નો ઇન આદેશ દર્શાવવાને બદલે ન આદેશ દર્શાવત, જેથી ન આદેશ પર છતાં પૂર્વના વૃક્ષ વિગેરે અ કારાન્ત નામોના અ નો એ થવાથી વૃક્ષેણ વિગેરે પ્રયોગોની સિદ્ધિ થઈ જાત. પરંતુ ઇન આદેશ દર્શાવ્યો છે તે જ સૂચવે છે કે તેમને અતિજરસિન પ્રયોગ ઈષ્ટ છે.

**શંકા :-** સૂત્રકાર ટા પ્રત્યયનો ઇન આદેશ ન દર્શાવતા ન આદેશ દર્શાવત એ તો બરાબર. પણ વૃક્ષ વિગેરે અ કારાન્ત નામોના અ નો એ આદેશ કયા સૂત્રથી કરત ?

**સમાધાન :-** 'एद् बहु० १.४.४' સૂત્રમાં ટા પ્રત્યયનો પદ રૂપે પ્રક્ષેપ કરત કે જેથી ટા નો ન આદેશ પર છતાં પૂર્વના અ નો એ આદેશ થવાથી વૃક્ષેણ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ જાત. તેમ છતાં સૂત્રકારે ટા પ્રત્યયનો ઇન આદેશ દર્શાવ્યો છે તે એટલાં માટે કે તેમને અતિજરસિન પ્રયોગ પણ ઈષ્ટ છે.

આ બાબતમાં ***'જયાદિત્ય'*** નું માનવું છે કે ભાષ્ય પ્રમાણે જોઈએ તો અતિજરસિન આવો પ્રયોગ જાણાતો નથી. ।। ૫ ।।

## ङे-ङस्योर्यातौ ।। १.४.६।।

**बृ.वृ.- अकारात् परयोः 'ङे ङसि' इत्येतयोर्यथासंख्यं[(1)] 'य आत्' इत्येतावादेशौ भवतः। वृक्षाय[(2)], वृक्षात्, अतिजराय, अतिजरात्। अत[(3)] इत्येव? अतिजरसे, अतिजरसः। केचित्[(4)] तु प्रागेवाऽऽदादेशे जरसादेशमिच्छन्तोऽतिजरसादित्यपि मन्यन्ते ।। ६ ।।**

---

**सूत्रार्थ :-** અ કારથી પરમાં રહેલાં ङे અને ङसि પ્રત્યયોનો અનુક્રમે य અને आत् આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ ङेश्च ङसिश्च = ङेङसी (इ.द्व.)। तयोः = ङेङस्योः। ◆ यश्च आत् च = याऽऽतौ (इ.द्व.)।

---

**(A)** નિમિત્તના કારણે જે વિધિ (કાર્ય) થાય, તે વિધિ પોતાના નિમિત્તનો ઘાત ન કરે.

**(B)** પૂ. લાવણ્ય સૂ.મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસમાં **'सूत्रकारस्य साधुत्वेनाभिमतं स्यात्'** પાઠ છે તે અશુદ્ધ છે. લઘુન્યાસ સહિતની મુદ્રિત પ્રતમાં **'सूत्रकारस्य नाभिमतं स्यात्'** પાઠ છે, તે શુદ્ધ છે.

<u>વિવરણ :-</u> (1) આ સૂત્રમાં પણ યથાસંખ્ય (અનુક્રમે) એવો અર્થ પૂર્વ સૂત્રના વિવરણમાં દર્શાવ્યા મુજબ ***'यथासङ्ख्यमनुदेश०(A)'*** ન્યાયને આશ્રયીને કર્યો છે.

(2) <u>દૃષ્ટાંત</u> -

| (i) વૃક્ષાય | | | (ii) વૃક્ષાત્ | | |
|---|---|---|---|---|---|
| | | વૃક્ષ + ङे | | | વૃક્ષ + ङसि |
| ✻ 'ङेङस्यो० ૧.૪.૬' | → | વૃક્ષ + य | ✻ 'ङेङस्यो० ૧.૪.૬' | → | વૃક્ષ + आत् |
| ✻ 'अत आः स्यादौ० ૧.૪.૧' | → | વૃક્ષા + य | ✻ 'समानानां तेन० ૧.૨.૧' | → | વૃક્ષાત્। |
| | | = વૃક્ષાય। | | | |

**(iii) અતિજરાય (iv) અતિજરાત્ —** ✻ **'प्रात्यवपरि० ૩.૧.૪૭' → जरामतिक्रान्तः = અતિજરા,** ✻ **'गोश्चान्ते० ૨.૪.૯૬' → અતિજર,** શેષ સાધનિકા ઉપર મુજબ કરવી.

(3) અ થી ઙ પરમાં રહેલાં ङे અને ङसि નો અનુક્રમે य અને आत् આદેશ થાય એવું કેમ ?

(a) અતિજરસે— ✻ અતિજર+ङे, ✻ **'जराया जरस् वा ૨.૧.૩' → અતિજરસ્ + ङे = અતિજરસે।**

(b) અતિજરસઃ— ✻ અતિજર + ङसि, ✻ **'जराया जरस् वा ૨.૧.૩' → અતિજરસ્ + ङसि = અતિજરસસ્ ,** ✻ **'सो रुः ૨.૧.૭૨' → અતિજરસર્ ,** ✻ **'रः पदान्ते० ૧.૩.૫૩' → અતિજરસઃ।**

અહીં યાદ રાખવું કે પૂર્વસૂત્રની જેમ અહીં પણ અતિજર + ङे અને અતિજર + ङसि અવસ્થામાં 'ङेङस्यो० ૧.૪.૬' અને 'जराया जरस् वा ૨.૧.૩' આ ઉભયસૂત્રોની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ છે. છતાં 'जराया जरस् वा ૨.૧.૩' સૂત્ર પર તેમજ ***'कृताकृतप्रसङ्गी'*** હોવાના કારણે નિત્ય હોવાથી તે પૂર્વે પ્રવૃત્ત થશે અને તેથી અતિજરસ્ + ङे અને અતિજરસ્ + ङसि અવસ્થામાં ङे અને ङसि પ્રત્યયો અ થી પરમાં ન રહેવાથી આ સૂત્રથી તેમનો य અને आत् આદેશ નહીં થાય.

(4) કેટલાક પાણિનિ વ્યાકરણના અનુયાયીઓ અતિજર + ङसि અવસ્થામાં અતિજર નો અતિજરસ્ આદેશ કરવો એ પર અને નિત્યકાર્ય હોવા છતાં પૂર્વે અથી પરમાં રહેલાં ङसि નો आत् આદેશ કરે છે. તેથી તેમના મતે અતિજર + आत् થશે. હવે આ અવસ્થામાં તેઓ ***'सन्निपातलक्षण०'*** ન્યાયની અનિત્યતા માની અતિજર સ્વરૂપ નિમિત્તનો તેના જ કાર્ય રૂપ आत् આદેશને આશ્રયીને અતિજરસ્ આદેશ કરવા રૂપે ઘાત કરી અતિજરસાત્ આવા પ્રયોગને પણ સ્વીકારે છે.

---

(A) સંખ્યા અને વચનને આશ્રયી સમાન એવા પૂર્વોત્તર પદોનો યથાસંખ્ય અન્વય કરવો.

**શંકા :-** અહીં પર અને નિત્ય એવું અતિજર નું અતિજરસ્ આદેશ રૂપ કાર્ય ન કરતા યથેચ્છપણે પૂર્વે ઙસિ નું આત્ આદેશ રૂપ કાર્ય કરી અતિજરસાત્ પ્રયોગ શી રીતે કરી શકાય ?

**સમાધાન :-** સૂત્રકારને જો આ રીતે અતિજર નો અતિજરસ્ આદેશ કરતા પૂર્વે ઙસિ નો આત્ આદેશ કરી અતિજરસાત્ પ્રયોગ કરવો ઈષ્ટ ન હોત તો તેઓ સૂત્રમાં આત્ આદેશનું વિધાન ન કરતા અત્ આદેશનું વિધાન કરત. કેમકે અત્ આદેશના વિધાનથી 'સમાનાનાં૰ ૧.૨.૧' સૂત્ર દ્વારા અતિજરસાત્ સિવાયના વૃક્ષાત્ વિગેરે સઘળાય પ્રયોગો સિદ્ધ થઈ જાય છે. માટે આત્ આદેશના વિધાન સામર્થ્યથી ૬ અતિજર નું અતિજરસ્ આદેશ રૂપ કાર્ય કરતા પૂર્વે ઙસિ નું આત્ આદેશ રૂપ કાર્ય કરી અતિજરસાત્ પ્રયોગ સિદ્ધ કરી શકાય છે.

**શંકા :-** જો સૂત્રકાર અત્ આદેશનું વિધાન કરે તો વૃક્ષ + અત્ અવસ્થામાં અત્ પર છતાં 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રથી પૂર્વના અ નો લોપ થવાથી વૃક્ષત્ વિગેરે અનિષ્ટ પ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવે છે. તેથી વૃક્ષાત્ વિગેરે ઈષ્ટપ્રયોગોની સિદ્ધિ કરવા આત્આદેશનું વિધાન આવશ્યક છે. તેથી આત્ આદેશના વિધાન સામર્થ્યથી . અતિજર નો અતિજરસ્ આદેશ કરતા પૂર્વે ઙસિ નો આત્ આદેશ કરાય છે, એવું ન કહીં શકાય.

**સમાધાન :-** જો આ રીતે અત્આદેશનું વિધાન કરાય અને 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રને આશ્રયીને વૃક્ષત્ વિગેરે પ્રયોગો ૬ થવાના હોય તો સૂત્રકારશ્રી સૂત્રમાં અત્ ને બદલે ત્ આદેશનું ૬ વિધાન કરે કે જેથી 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રની અપેક્ષા વિના સીધા ૬ વૃક્ષ + ત્ = વૃક્ષત્ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ જાય. તેમ છતાં સૂત્રકારશ્રી અત્ આદેશનું વિધાન કરે તો તે વિધાન સામર્થ્યથી 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રની પ્રવૃત્તિનો બાધ થવાથી વૃક્ષ + અત્ અવસ્થામાં 'સમાનાનાં૰ ૧.૨.૧' સૂત્રથી સંધિ થવાના કારણે વૃક્ષાત્ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે.

બીજી રીતે કહીંએ તો 'રાગાટ્ટો રક્તે ૬.૨.૧' સૂત્રમાં રાગાત્આ પ્રમાણે પંચમ્યંત નિર્દેશ કર્યો છે. હવે અત્ આદેશ પર છતાં 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રથી જો પૂર્વના અનો લોપ થવાનો હોય તો રાગાત્આ પ્રયોગ સિદ્ધ ન થઈ શકે. જ્યારે 'રાગાટ્ટો રક્તે ૬.૨.૧' સૂત્રમાં તો રાગાત્ આ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેથી તે નિર્દેશના સામર્થ્યથી જણાય કે પ્રસ્તુત સૂત્રથી વિહિત ઙસિ નો અત્ આદેશ પર છતાં 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રથી પૂર્વના અ નો લોપ ન થઈ શકે. તેથી હવે વૃક્ષ + અત્ અવસ્થામાં 'લુગસ્યા૰ ૨.૧.૧૧૩' સૂત્રથી પૂર્વના અનો લોપ ન થઈ શકતા સંધિ થવાથી વૃક્ષાત્ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે. આમ અત્ આદેશથી ૬ નિર્વાહ થઈ શકે તેમ હતો છતાં સૂત્રકારશ્રીએ આત્ આદેશનું વિધાન કર્યું, તે વિધાન સામર્થ્યથી અતિજર નો અતિજરસ્ આદેશ કરતા પૂર્વે ઙસિ નો આત્ આદેશ કરી અતિજરસાત્ પ્રયોગ સિદ્ધ કરી શકાય છે.

*[શંકા :- સિદ્ધહેમ(A) વ્યાકરણ અનુસારે તો અતિજરસાત્ પ્રયોગ સિદ્ધ કરવાનો ન હોવાથી સૂત્રમાં અત્ આદેશ દર્શાવે તો ચાલે. તો શા માટે સૂત્રમાં આત્ આદેશ દર્શાવ્યો છે ? અને તમારે એમ પણ ન કહેવું કે "અત્ આદેશ કરીએ તો વૃક્ષ +અત્ અવસ્થામાં 'લુગસ્યા૦ ૨.૧.૧૧૩' સૂત્રથી અત્ ની પૂર્વના અ નો લોપ થતા વૃક્ષત્ આવો અનિષ્ટ પ્રયોગ થવાની પ્રાપ્તિ આવે." કારણ કે જો આ રીતે અત્ આદેશ કરી 'લુગસ્યા૦ ૨.૧.૧૧૩' સૂત્રથી પૂર્વના અ નો લોપ કરી વૃક્ષત્ વિગેરે પ્રયોગો સિદ્ધ કરવા ઈષ્ટ હોત, તો અત્ આદેશ ન કરતા ત્ આટલો જ આદેશ કરત. જેથી વૃક્ષ +ત્ = વૃક્ષત્ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ જાત. આમ અત્ આદેશના વિધાન સામર્થ્યથી 'લુગસ્યા૦ ૨.૧.૧૧૩' સૂત્રનો બાધ થઈ વૃક્ષાત્ વિગેરે પ્રયોગોની સિદ્ધિ થઈ જતી હોવાથી ગ્રંથકારશ્રીએ અત્ આદેશ દર્શાવવો જોઈએ.*

***સમાધાન :-*** *તમારી વાત સાચી છે. તેમ છતાં ગ્રંથકારશ્રીએ જે આત્ આદેશનું વિધાન કર્યું છે તે મતાન્તરે (પાણિનિ સૂત્રને અનુસરનારાઓના મતે) થતા અતિજરસાત્ પ્રયોગની સિદ્ધિ માટે છે. આ રીતે અત્ આદેશના વિધાન દ્વારા ઈષ્ટપ્રયોગો થવા છતાં ગ્રંથકારશ્રીએ આત્ આદેશનું વિધાન કર્યું છે, તેથી જણાય છે કે અતિજરસાત્ પ્રયોગ ગ્રંથકારશ્રીને પણ સંમત છે.]* ।।૬।।

## (1) (2) सर्वादेः स्मै-स्मातौ ।।१.४.७।।

**बृ.वृ.-सर्वादेरकारान्तस्य सम्बन्धिनोर्ङे-ङस्योर्यथासंख्यं 'स्मै स्मात्' इत्येतावादेशौ भवतः। (3) सर्वस्मै, परमसर्वस्मै, सर्वस्मात् , परमसर्वस्मात् , असर्वस्मै , असर्वस्मात् , किंसर्वस्मै, किंसर्वस्मात् , एवम्-विश्वस्मै, विश्वस्मात्। (4) उभशब्दस्य द्विवचनस्वार्थिकप्रत्ययविषयत्वात् स्मैप्रभृतयो न संभवन्ति, गणपाठस्तु हेत्वर्थप्रयोगे सर्वविभक्त्यर्थः- - उभौ हेतू १, उभौ हेतू २, उभाभ्यां हेतुभ्याम् ३, उभाभ्यां हेतुभ्याम् ४, उभाभ्यां हेतुभ्याम् ५, उभयोर्हेत्वोः ६, उभयोर्हेत्वोः ७ इति। उभयस्मै, उभयस्मात्। अन्यस्मै, अन्यस्मात्। अन्यतरस्मै, अन्यतरस्मात्, (5) डतरग्रहणेनैव सिद्धेऽन्यतरग्रहणं डतमप्रत्ययान्तस्यान्यशब्दस्य सर्वादित्वनिवृत्त्यर्थम्-अन्यतमाय, अन्यतमं वस्त्रम्, अन्यतमे ; (6) एके त्वाहुः – 'नायं डतरप्रत्ययान्तोऽन्यतरशब्दः, किन्तु अव्युत्पन्नस्तरोत्तरपदस्तरबन्तो वा, तन्मतेडतमान्तस्याप्यन्यशब्दस्य सर्वादित्वम्–अन्यतमस्मिन्। इतरस्मै, इतरस्मात्। (7) डतर-डतमौ प्रत्ययौ, तयोः स्वार्थिकत्वात् प्रकृतिद्वारेणैव सिद्धे पृथगुपादानमत्र प्रकरणेऽन्यस्वार्थिकप्रत्ययान्तानामग्रहणार्थमन्यादिलक्षणदार्थं च, कतरस्मै, कतमस्मै, यतरस्मै, यतमस्मै, ततरस्मै, ततमस्मै, एकतरस्मै, एकतमस्मै ; इह न भवति – सर्वतमाय, सर्वतमात्। (8) त्वशब्दोऽन्यार्थः, त्वस्मै, त्वस्मात्। (9) त्वच्छब्दः समुच्चयपर्यायः, (10) तस्य स्मायादयो न संभवन्तीति हेत्वर्थयोगे सर्वविभक्तित्वमक्प्रत्ययश्च प्रयोजनम्–त्वतं हेतुम्, त्वता हेतुना वसति ; अज्ञातात् त्वतस्त्वकतः। (11) नेमशब्दोऽर्धार्थः, नेमस्मै, नेमस्मात्। (12) समसिमौ सर्वार्थौ, समस्मै, समस्मात्, सिमस्मै, सिमस्मात्, सर्वार्थत्वाभावे न भवति–समाय देशाय, समाद् देशाद् धावति। (13) स्वाभिधेयापेक्षे चावधिनियमे व्यवस्थापरपर्याये गम्यमाने पूर्व-परा-ऽवरदक्षिणोत्तरा-ऽपरा-ऽधराणि, पूर्वस्मै,**

---

**(A)** આ પદાર્થ ઉપર જણાવેલાં પદાર્થ કરતા થોડો જુદી રીતે લઘુન્યાસમાં આ પ્રમાણે દર્શાવ્યો છે.

પૂર્વસ્માત્, પરસ્મૈ, પરસ્માત્, અવરસ્મૈ, અવરસ્માત્, દક્ષિણસ્મૈ, દક્ષિણસ્માત્, ઉત્તરસ્મૈ, ઉત્તરસ્માત્, અપરસ્મૈ, અપરસ્માત્, અધરસ્મૈ, અધરસ્માત્ ; વ્યવસ્થાયા અન્યત્ર ન ભવતિ-દક્ષિણાય ગાથકાય દેહિ, પ્રવીણાયેત્યર્થઃ, દક્ષિણાયૈ દ્વિજાઃ સ્પૃહયન્તિ। (14)આત્માऽऽત્મીય-જ્ઞાતિ-ધનાર્થવૃત્તિઃ સ્વશબ્દઃ, આત્માऽऽત્મીયયોઃ- યત્ સ્વસ્મૈ રોચતે તત્ સ્વસ્મૈ દદાતિ, યદાત્મને રોચતે તદાત્મીયાય દદાતીત્યર્થઃ, જ્ઞાતિ-ધનયોસ્તુ ન ભવતિ-સ્વાય દાતું સ્વાય સ્પૃહયતિ, જ્ઞાતયે દાતું ધનાય સ્પૃહયતીત્યર્થઃ। (15)બહિર્ભાવેન બાહ્યેન વા યોગે ઉપસંવ્યાને ઉપસંવીયમાને ચાર્થે વર્તમાનોऽન્તરશબ્દઃ, ન ચેદ્ બહિર્યોગેऽપિ પુરિ વર્તતે, અન્યતરસ્મૈ ગૃહાય, નગરબાહ્યાય ચાણ્ડાલાદિગૃહાયેત્યર્થઃ, ચાણ્ડાલાદિગૃહયુક્તાય વા નગરાભ્યન્તરગૃહાયેત્યર્થઃ, અન્તરસ્મૈ પટાય, પટચતુષ્ટયે તૃતીયાય ચતુર્થાય ચેત્યર્થઃ, પ્રથમદ્વિતીયયોર્બહિર્યોગેણૈવ સિદ્ધત્વાત્ ; (16)પુરિ તુ ન ભવતિ-અન્તરાયૈ પુરે ક્રુધ્યતિ ચાણ્ડાલાદિપુર્યૈ ઇત્યર્થઃ, (17)બહિર્યોગોપસંવ્યાનાદેરન્યત્ર તુ ન ભવતિ-અયમનયોર્ગ્રામયોરન્તરાત્ તાપસ આયાતઃ, મધ્યાદિત્યર્થઃ।

ત્યસ્મૈ। તસ્મૈ। યસ્મૈ। અમુષ્મૈ। અસ્મૈ। એતસ્મૈ। એકસ્મૈ। (18)દ્વિ-યુષ્મદ્-ભવત્વસ્મદાં સ્માયાદયો ન સંભવન્તીતિ સર્વવિભક્ત્યાદયઃ પ્રયોજનમ્-(દ્વૌ હેતૂ) ૨, દ્વાભ્યાં હેતુભ્યામ્ ૩, દ્વયોર્હેત્વોઃ ૨ ; અજ્ઞાતે દ્વે-દ્વકે સ્ત્રિયૌ કુલે વા, દ્વકૌ પુરુષૌ। યુવાભ્યાં હેતુભ્યાં ૩, યુવયોર્હેત્વોઃ ૨, યુવકાભ્યામ્, યુષ્માદૃશઃ। ભવદ્ભ્યાં હેતુભ્યામ્ ૩, ભવતોર્હેત્વોઃ ૨, ભવકાન્, ભવાદૃશઃ ; સ ચ ભાવાંશ્ચ ભવન્તૌ, અત્ર ત્યદાદિત્વાત્ પરત્વાચ્ચ ભવચ્છેષઃ, ભવાન્ પુત્રોऽસ્યેતિ ભવત્પુત્રઃ, અત્ર સર્વાદિત્વાત્ પૂર્વનિપાતઃ ; ભવતોऽપત્યં ભાવતાયનિઃ, અત્ર ત્યદાદિત્વાદાયનિઞ્ ; ભવત્યાઃ પુત્રો ભવત્પુત્રઃ અત્ર સર્વાદિત્વાત્ પુંવદ્ભાવઃ ; ભવન્તમઞ્ચતીતિ ક્વિપિ, ભવદ્ઞ્ચડ્, અત્ર "સર્વાદિ-વિષ્વગ્-દેવાડ્દ્રિઃ ક્વ્યઞ્ચૌ" (૩.૨.૧૨૨.) ઇતિ ડદ્ઞ્ચાગમઃ, ઉકારો નાગમાર્થો ડન્ત્યર્થો દીર્ઘાર્થશ્ચ, ભવતી, ભવાન્। આવાભ્યાં હેતુભ્યામ્ ૩, આવયોર્હેત્વોઃ ૨, આવકાભ્યામ્, અસ્માદૃશઃ। કસ્મૈ, કસ્માત્। (19)સર્વેऽપિ ચામી સંજ્ઞાયાં સર્વાદયો ન ભવન્તિ, તેનેહ ન ભવતિ-સર્વો નામ કશ્ચિત્, સર્વાય, સર્વાત્, ઉત્તરાય કુરવે સ્પૃહયતિ। (20)અત ઇત્યેવ? ભવતે, ભવતઃ। (21)સર્વાદેરિતિ ષષ્ઠીનિર્દેશેન તત્સમ્બન્ધિ-વિજ્ઞાનાદિહ ન ભવતિ-પ્રિયાઃ સર્વે યસ્ય તસ્મૈ પ્રિયસર્વાય, સર્વાનતિક્રાન્તાયાતિસર્વાય, દ્વાવન્યાવસ્ય તસ્મૈ દ્વ્યન્યાય, ત્र્યન્યાય, પ્રિયપૂર્વાય। સર્વ, વિશ્વ, ઉભ, ઉભયટ્, અન્ય, અન્યતર, ઇતર, ડતર, ડતમ, ત્વ, ત્વત્, નેમ, સમ-સિમૌ સર્વાર્થૌ, પૂર્વ-પરા-ऽવર-દક્ષિણોત્તરા-ऽપરાધરાણિ વ્યવસ્થાયામ્, સ્વમજ્ઞાતિ-ધનાખ્યાયામ્, અન્તરં બહિર્યોગોપસંવ્યાન-યોરપુરિ, ત્યદ્, તદ્, યદ્, અદસ્, ઇદમ્, એતદ્, એક, દ્વિ, યુષ્મદ્, ભવતુ, અસ્મદ્, કિમ્, (22)ઇત્યસંજ્ઞાયાં સર્વાદિઃ। ઉભયડિતિ ટકારો ડન્ત્યર્થઃ, ઉભયી દૃષ્ટિઃ।।૭।।

---

**સૂત્રાર્થ :-** (સર્વાદિગણપાઠ વૃત્તિ) અ કારાન્ત સર્વાદિ નામો સંબંધી ઙે અને ઙસિ પ્રત્યયોના સ્થાને અનુક્રમે સ્મૈ અને સ્માત્ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-**
- સર્વશબ્દઃ આદિઃ યસ્ય સ = સર્વાદિઃ (બહુ૦)। તસ્ય = સર્વાદેઃ
- સ્મૈશ્ચ ચ સ્માત્ ચ = સ્મૈસ્માતૌ (ઇ.દ્વ.)।

**વિવરણ :-** (1) સૂત્રવર્તી સર્વાદિ શબ્દસ્થળે 'સર્વશબ્દઃ આદિઃ યસ્ય સ = સર્વાદિ' આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થયો છે.

**શંકા :-** બહુવ્રીહિ સમાસ અન્યપદાર્થપ્રધાન હોય છે, અર્થાત્ તે પોતાનાં ઘટકીભૂત (= પોતામાં વર્તતા) પદાર્થો કરતા ભિન્ન એવા અન્યપદાર્થને જ જણાવે છે. તેથી વાક્યગત ક્રિયાઓની સાથે બહુવ્રીહિ સમાસ- વાચ્ય અન્યપદાર્થનો જ અન્વય થઈ શકે, સમાસના ઘટકીભૂત પદાર્થોનો નહીં. દા.ત. 'चित्रगुरानीयताम्' આમ કહેવામાં આવતા જેની રંગબેરંગી ગાયો છે તેવો વ્યક્તિ જ લવાય છે, ગાયો નહીં. અર્થાત્ चित्रगु આ બહુવ્રીહિ સમાસવાચ્ય અન્યપદાર્થભૂત વ્યક્તિનો જ આનયન ક્રિયામાં અન્વય થાય છે, સમાસના ઘટકીભૂત ચિત્ર ગાયોનો નહીં. પ્રસ્તુતમાં સૂત્રવર્તી सर्वादि શબ્દસ્થળે પણ બહુવ્રીહિ સમાસ થયો હોવાથી તે सर्व શબ્દ છે આદિમાં જેઓના એવા વિશ્વ-ઉભ-ઉભયટ્ વિગેરેના સમુદાય રૂપ અન્યપદાર્થને જ જણાવે. તેથી આ સૂત્રથી स्मै-स्मात् આદેશ રૂપ કાર્ય सर्वादि સમાસવાચ્ય અન્યપદાર્થભૂત વિશ્વ-ઉભ-ઉભયટ્ વિગેરેના સમુદાય સંબંધી ङे-ङसि પ્રત્યયોને સ્થાને જ થઈ શકે, सर्व શબ્દ સંબંધી ङे-ङसि પ્રત્યયોને સ્થાને નહીં. અર્થાત્ ङे-ङसि પ્રત્યયોને સ્થાને થતી स्मै-स्मात् ભવનક્રિયામાં सर्वादि શબ્દવાચ્ય અન્યપદાર્થભૂત વિશ્વ-ઉભ-ઉભયટ્ વિગેરે શબ્દસમુદાયનો જ અન્વય થઈ શકે, સમાસના ઘટકીભૂત सर्व શબ્દનો નહીં. તો તમે सर्व શબ્દ સંબંધી ङे-ङसि પ્રત્યયોને સ્થાને અનુક્રમે स्मै-स्मात् આદેશ શી રીતે કરશો ?

**સમાધાન :-** આ આપત્તિ નહીં આવે. કારણ કે चित्रगुः બહુવ્રીહિ સમાસનો અમે 'चित्रा गावो यस्य स' વિગ્રહ ન કરતા 'चित्रा गावो यस्य' આટલો જ વિગ્રહ કરી સમાસ કરીશું. જેથી ષષ્ઠ્યન્ત यस्य પદવાચ્ય અન્યપદાર્થ ગોવાળ વ્યધિકરણત્વેન[A] વિશેષણ બનશે, અને ચિત્રરૂપવિશિષ્ટ ગાયો પ્રથમાન્ત गावः પદવાચ્ય હોવાથી વિશેષ્ય = પ્રધાન બનતા તેમનો પણ આનયન ક્રિયામાં અન્વય થશે. પૂર્વોક્ત રીતે વિગ્રહ કરતા અન્યપદાર્થ પ્રધાન બનતો હોવાથી આનયન ક્રિયામાં ચિત્ર ગાયોનું ગ્રહણ થઈ શકતું ન હતું. પરંતુ હવે 'चित्रा गावो यस्य' વિગ્રહમાં ચિત્ર ગાયો વિશેષ્ય બનતા પ્રધાન[B] બનવાથી તેમનું પણ આનયન ક્રિયામાં ગ્રહણ થઈ શકે છે. એ જ રીતે सर्वादि શબ્દનો 'सर्वशब्दः आदिः यस्य' આમ વિગ્રહ કરતા यस्य પદવાચ્ય વિશ્વ, ઉભ, ઉભયટ્ વિગેરે સમુદાય વિશેષણ બનશે અને सर्व શબ્દ વિશેષ્ય બનતા પ્રધાન બનવાથી ङे-ङसि પ્રત્યયોની स्मै-स्मात् ભવનક્રિયામાં सर्व શબ્દનું પણ ગ્રહણ થઈ શકશે.

---

**(A)** વિશેષણ બે પ્રકારના હોય છે : **(i)** સમાનાધિકરણ રૂપે = સરખી વિભક્તિમાં હોવા રૂપે. જેમ કે - 'नीलो घटः' અહીં બન્ને પદોને પ્રથમા વિભક્તિ છે અને વિશેષણ-વિશેષ્યભાવ છે. **(ii)** વ્યધિકરણ રૂપે = સરખી વિભક્તિમાં ન હોવા રૂપે. જેમ કે - 'राज्ञः पुरुषः' અહીં राज्ञः વિશેષણને ષષ્ઠી વિભક્તિ છે અને पुरुषः વિશેષ્યને પ્રથમા વિભક્તિ છે. અહીં યાદ રાખવું કે વાક્યમાં વર્તતા દ્વિતીયા વિગેરે વિભક્ત્યંત ગૌણનામો પ્રથમા વિભક્તિમાં વર્તતા મુખ્યનામની વિશેષતા કરતા હોવાથી વિશેષણ બને. જ્યારે પ્રથમા વિભક્તિમાં વર્તતું મુખ્યનામ તેઓથી વિશેષિત થતું હોવાથી વિશેષ્ય બને.

**(B)** ક્રિયાનો અન્વય પ્રધાનની સાથે થાય.

**શંકા :-** પણ આ રીતે 'चित्रा गावो यस्य' વિગ્રહ કરી બહુવ્રીહિ સમાસ નથી ઇચ્છાતો. ત્યારે સમાસના ઘટકીભૂત પદાર્થનું અપ્રાધાન્ય (= વિશેષણભાવ) અને અન્યપદાર્થનું પ્રાધાન્ય (= વિશેષ્યભાવ) હોય ત્યારે ૭ બહુવ્રીહિ સમાસ થઈ શકે છે, અન્યથા નહીં [A]. માટે ૭ 'चित्रा गावो यस्य स = चित्रगुः' આમ વિગ્રહમાં અન્યપદાર્થના પ્રાધાન્યના સૂચક પ્રથમાન્ત 'स' પદના ઉપાદાન પૂર્વક બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરી ચિત્ર ગાયોનું અપ્રાધાન્ય દર્શાવાય છે. આમ પૂર્વોક્ત રીતે આનયન ક્રિયામાં પ્રધાન એવા સ્વામી (ગોવાળ)નો ૭ અન્વય થશે, ચિત્ર ગાયોનો નહીં. એ ૭ રીતે સર્વાદિ શબ્દ સ્થળે પણ 'सर्वशब्दः आदिः यस्य स' આ પ્રમાણે ૭ વિગ્રહ થઈ શકતા ડે-ડસિ પ્રત્યયોની સ્મૈ-સ્માત્ ભવન ક્રિયામાં પ્રધાન એવા અન્યપદાર્થભૂત વિશ્વ, ઉભ, ઉભયટ્ વિગેરે શબ્દસમુદાયનો ૭ અન્વય થશે, પણ સર્વ શબ્દનો નહીં. તેથી જો તમારે સર્વ શબ્દ સંબંધી ડે-ડસિ પ્રત્યયોનો સ્મૈ-સ્માત્ આદેશ કરવો હોય તો (a) સૂત્રવૃત્તિ સર્વાદિ શબ્દને એકવાર બહુવ્રીહિસમાસ કરી અને એકવાર તત્પુરુષસમાસ કરી તે બન્નેની એકશેષવૃત્તિ કરવા પૂર્વક નિષ્પન્ન થયો છે એમ માનવું જોઈએ. અથવા (b) સૂત્રવૃત્તિ સર્વાદિ શબ્દની આવૃત્તિ કરવી જોઈએ. તે આ રીતે -

**(a)** **i)** 'सर्वशब्द आदिर्येषां ते = सर्वादिः' સર્વ શબ્દ છે આદિ રૂપે ૭ઓને તે બધા એટલે સર્વ શબ્દ સિવાયનો વિશ્વ, ઉભ, ઉભયટ્ વિગેરેનો સમુદાય ગ્રહણ થશે.

**ii)** 'सर्वश्चासावादिश्च = सर्वादिः' એટલે આદિ એવો સર્વ શબ્દ. આમ સર્વ શબ્દનું ગ્રહણ થશે. અહીં આદિ શબ્દ નિષ્પ્રયોજન છે. તે માત્ર સર્વાદિ આવું સ્વરૂપ ઘડવાય અને એકશેષવૃત્તિ થઈ શકે તે માટે ૭ સમાસમાં દર્શાવ્યો છે.

**iii)** હવે બહુવ્રીહિ સમાસ દ્વારા નિષ્પન્ન સર્વાદિ શબ્દ અને કર્મધારયતત્પુરુષ સમાસ દ્વારા નિષ્પન્ન સર્વાદિ શબ્દની 'सर्वादिश्च सर्वादिश्च = सर्वादिः' આમ 'स्यादाव० ३.१.११९' સૂત્રથી એકશેષવૃત્તિ તેમજ ૭ સૂત્રત્વાત્ એકવચન થવાને કારણે સૂત્રસ્થ સર્વાદિ શબ્દ નિષ્પન્ન થઈ ૭શે, અને તેના દ્વારા વિશ્વ, ઉભ, ઉભયટ્ વિગેરેની ૭મ સર્વ શબ્દ સંબંધી ડે-ડસિ પ્રત્યયોનો પણ આ સૂત્રથી સ્મૈ-સ્માત્ આદેશ થઈ ૭શે.

**(b)** અથવા સૂત્રવૃત્તિ સર્વાદિ શબ્દની 'सर्वादेः सर्वादेः स्मैस्मातौ' આમ આવૃત્તિ કરવી, અને આગળ મુજબ પ્રથમ સર્વાદિ શબ્દનો બહુવ્રીહિસમાસ રૂપે વિગ્રહ કરતા વિશ્વ, ઉભ, ઉભયટાદિ શબ્દ સમુદાયનું ગ્રહણ થશે અને બીજા સર્વાદિ શબ્દનો કર્મધારયતત્પુરુષ સમાસ રૂપે વિગ્રહ કરવાથી સર્વ શબ્દનું પણ ગ્રહણ થઈ ૭શે, આમ આ સૂત્રથી બન્ને સંબંધી ડે-ડસિ પ્રત્યયોનો સ્મૈ-સ્માત્ આદેશ થઈ ૭શે.

---

**(A)** 'चित्रा गावो यस्य' સ્થળે સમાસના ઘટકીભૂત પ્રથમાંતપદવાચ્ય ચિત્રગાય પદાર્થનું પ્રાધાન્ય છે અને ષષ્ઠચન્ત यस्य પદવાચ્ય અન્યપદાર્થભૂત સ્વામી (ગોવાળ)નું અપ્રાધાન્ય છે. માટે આ વિગ્રહને લઈને બહુવ્રીહિ સમાસ ન થઈ શકે.

**સમાધાન :-** આમ એકશેષ કે આવૃત્તિ કરવાની કોઈ જરૂર નથી. કેમ કે બહુવ્રીહિ સમાસ બે પ્રકારનો છે. **(a)** તદ્‌ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ અને **(b)** અતદ્‌ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ. સૂત્રસ્થ સર્વાદિ શબ્દ સ્થળે તદ્‌ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ સમાસ થયો હોવાથી તેના દ્વારા સર્વ શબ્દનું પણ ગ્રહણ થઈ જતા ડે-ડસિ પ્રત્યયોની સ્મૈ-સ્માત્ ભવન ક્રિયામાં સર્વ શબ્દનો પણ અન્વય થઈ શકશે. બન્ને પ્રકારોની વ્યાખ્યા આ પ્રમાણે સમજવી -

**(a)** <u>**તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ**</u>[A] - 'જે બહુવ્રીહિ સમાસમાં મુખ્ય એવા અન્યપદાર્થની સાથે સાથે તેના ઉપલક્ષક[B] સમાસના ઘટકીભૂત ગૌણ એવા પૂર્વોત્તર પદાર્થનો પણ કાર્ય (= ક્રિયા)માં અન્વય થતો હોય તેને તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ કહેવાય'. જે સ્થળે અન્યપદાર્થ અને સમાસના ઘટકીભૂત પૂર્વોત્તરપદાર્થ વચ્ચે સંયોગ અથવા સમવાય સંબંધ હોય ત્યાં આ સમાસ થતો હોય છે. જેમ કે शुक्लवासाः અને लम्बकर्णः તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિના દૃષ્ટાંતો છે. સંયોગ-સમવાય સંબંધવાળા અનુક્રમે મત્વર્થીય इन् પ્રત्ययान्त दण्डी आनीयताम् અને विषाणी आनीयताम् સ્થળની જેમ ક્રમશઃ સંયોગ-સમવાય સંબંધવાળા આ દૃષ્ટાંતસ્થળે પણ પ્રધાનની સાથે સાથે ગૌણ એવા પૂર્વોત્તર પદાર્થનો ક્રિયામાં અન્વય થતો જણાય છે. આ વાતને જરા વિસ્તારથી સમજીએ -

**(i)** दण्डी आनीयताम् મત્વર્થીય સ્થળે દંડ અને દંડી (= દંડવાળી વ્યક્તિ) બન્ને દ્રવ્યો વચ્ચે સંયોગ સંબંધ જણાય છે. કેમ કે નિયમ છે કે ***'द्रव्यद्रव्ययोः संयोगः'*** હવે કોઈ વ્યક્તિ કહે કે "दण्डी आनीयताम्" (= દંડવાળી વ્યક્તિને લાવ.) તો દંડ સહિતની જ વ્યક્તિ લવાય છે, દંડ રહિત વ્યક્તિ નહીં. એટલે કે આનયન ક્રિયામાં પ્રધાન એવા દંડીની સાથે સાથે ગૌણ દંડનો પણ અન્વય થાય છે. તેની જેમ शुक्लवासाः आनीयताम् બહુવ્રીહિ સ્થળે પણ શુક્લ વસ્ત્રો અને શુક્લ વસ્ત્રવાળા વ્યક્તિ; બન્ને દ્રવ્યો વચ્ચે સંયોગ સંબંધ જણાય છે. તેથી "शुक्लवासाः आनीयताम्" (= સફેદ વસ્ત્રવાળા વ્યક્તિને લાવ.) કહેવામાં આવતા શુક્લ વસ્ત્ર સહિતની જ વ્યક્તિ લવાતી હોવાથી આનયન ક્રિયામાં પ્રધાન એવી શુક્લવસ્ત્રવાળી વ્યક્તિની સાથે સાથે ગૌણ એવા પૂર્વોત્તરપદાર્થ રૂપ શુક્લ વસ્ત્રોનો પણ અન્વય થાય છે.

**(ii)** આજ રીતે विषाणी आनीयताम् મત્વર્થીય સ્થળે विषाण = શીંગડુ અને શીંગડાવાળો બળદ બન્ને અવયવ-અવયવી દ્રવ્યો વચ્ચે સમવાય સંબંધ જણાય છે. કેમ કે નિયમ છે કે ***'अवयवाऽवयविनः समवायः'***. કોઈ વ્યક્તિ કહે કે "विषाणी आनीयताम्" (= શીંગડાવાળા બળદને લાવ) તો શીંગડા સહિતનો જ બળદ લવાય છે.

---

**(A)** यत्र तद् = तस्य = अन्यपदार्थस्य गुणानां = उपलक्षणानां (= पूर्वोत्तरपदार्थयोः) अपि कार्ये = क्रियायां अन्वयित्वेन संविज्ञानं = बोधो भवति तत्र तद्‌गुणसंविज्ञानो भवति।

**(B)** બહુવ્રીહિ સમાસ પામેલાં પૂર્વોત્તર પદો વિશેષ્યભૂત અન્યપદાર્થના વાચક બનવાથી અન્યપદાર્થને ઉપલક્ષિત કરતા (= જણાવતા) હોય છે, માટે તેઓ તેના ઉપલક્ષક અથવા ઉપલક્ષણ કહેવાય છે.

એટલે કે આનયન ક્રિયામાં પ્રધાન એવા બળદની સાથે સાથે ગૌણ શીંગડાનો પણ અન્વય થાય છે. તેની જેમ लम्बकर्णः आनीयताम् બહુવ્રીહિ સ્થળે પણ લાંબા કાન અને રાસભ બન્ને અવયવ-અવયવી દ્રવ્યો વચ્ચે સમવાય સંબંધ જાણાય છે. તેથી "लम्बकर्णः आनीयताम्" (= લાંબા કાનવાળા ગધેડાને લાવ) કહેવામાં આવતા લાંબા કાન સહિતનો જ રાસભ લવાતો હોવાથી આનયન ક્રિયામાં પ્રધાન એવા રાસભની સાથે સાથે ગૌણ એવા પૂર્વોત્તરપદાર્થ રૂપ લાંબા કાનનો પણ અન્વય થાય છે.

આમ આ બહુવ્રીહિસ્થળે तद् = મુખ્ય એવા અન્યપદાર્થની સાથે સાથે गुण = ગૌણ એવા પૂર્વોત્તર-પદાર્થનો પણ ક્રિયામાં અન્વય જાણાતો હોવાથી આને तद्गुणसंविज्ञान બહુવ્રીહિ કહેવાય.

**(b)** <u>**अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ -**</u> 'જે બહુવ્રીહિ સમાસમાં મુખ્ય એવા અન્યપદાર્થની સાથે સાથે તેના ઉપલક્ષક સમાસના ઘટકીભૂત ગૌણ એવા પૂર્વોત્તર પદાર્થનો કાર્ય (= ક્રિયા)માં અન્વય ન થતો હોય તેને अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ સમાસ કહેવાય.' જે સ્થળે અન્યપદાર્થ અને સમાસના ઘટકીભૂત પૂર્વોત્તર પદાર્થ વચ્ચે સંયોગ-સમવાય સિવાયનો સ્વ-સ્વામીભાવ સંબંધ વિગેરે અન્ય કોઈ પણ સંબંધ હોય ત્યાં આ સમાસ થતો હોય છે. चित्रगुः अतद्गुणसंविज्ञान બહુવ્રીહિનું દૃષ્ટાંત છે.

चित्रगुः आनीयताम् સ્થળે ચિત્ર ગાયો અને તે ગાયવાળો સ્વામી (= ગોવાળ) બન્ને વચ્ચે સંયોગ કે સમવાય સંબંધ નથી, પણ સ્વ-સ્વામીભાવ સંબંધ છે. કેમકે ગોવાળ માટે ગાયો સ્વ = ધનસ્વરૂપ છે અને ગાયો માટે ગોવાળ સ્વામી રૂપે છે. હવે કોઈ વ્યક્તિ કહે કે "चित्रगुः आनीयताम्" (= ચિત્રગાયવાળા ગોવાળને લાવ.) તો અહીં માત્ર ગોવાળને જ લાવવામાં આવે છે, ગાયોને નહીં. એટલે કે આનયન ક્રિયામાં માત્ર પ્રધાન એવા ગોવાળનો જ અન્વય થાય છે, ગૌણ એવા પૂર્વોત્તર પદાર્થ રૂપ ચિત્રગાયોનો નહીં. માટે આ अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ કહેવાય.

**શંકા :-** જ્યાં મુખ્ય એવા અન્યપદાર્થ અને ગૌણ એવા પૂર્વોત્તરપદાર્થ વચ્ચે સંયોગ અથવા સમવાય સંબંધ હોય ત્યાં ઉભયનો ક્રિયામાં અન્વય થાય અને જ્યાં સ્વ-સ્વામીભાવ વિગેરે અન્ય સંબંધ હોય ત્યાં મુખ્ય એવા અન્યપદાર્થનો જ ક્રિયામાં અન્વય થાય. આમ સંબંધને લઈને ભેદ કેમ પડે છે ?

**સમાધાન :-** ચાલો, આનું કારણ પણ સમજી લઈએ.

**(i)** જ્યાં સંયોગ અને સમવાય સંબંધ છે એવા અનુક્રમે शुक्लवासाः અને लम्बकर्णः સ્થળે જો કોઈ વ્યક્તિ "शुक्लवासाः आनीयताम्" અથવા लम्बकर्णः आनीयताम् કહે અને લાવનાર માણસ જો શુકલવસ્ત્ર રહિત વ્યક્તિને અથવા લાંબા કાન રહિત રાસભને જ લાવે, એટલે કે આનયન ક્રિયામાં જો માત્ર મુખ્ય એવા શુક્લવસ્ત્ર રહિત વ્યક્તિનો અથવા લાંબા કાન રહિત રાસભનો જ અન્વય કરવામાં આવે તો વ્યક્તિ અને શુક્લવસ્ત્ર

વચ્ચેના સંયોગ સંબંધનો તેમજ રાસભ અને લાંબા કાન વચ્ચેના સમવાય સંબંધનો અભાવ થઈ જતા વ્યક્તિ શુક્લવસ્ત્રવાળો ન રહેવાથી અને રાસભ લાંબા કાનવાળો ન રહેવાથી અનુક્રમે તેમના 'શુક્લવસ્ત્રવાળા અને લાંબા કાનવાળા' આ સ્વરૂપનો નાશ થઈ જાય. સ્વરૂપનો જ નાશ થઈ જાય તો તેમને માટે शुक्लवासाः અને लम्बकर्णः શબ્દપ્રયોગ શી રીતે થઈ શકે ? માટે સંયોગ કે સમવાયવાળા સ્થળે ઉભયનો ક્રિયામાં અન્વય થાય છે.

**(ii)** જ્યારે સ્વ-સ્વામીભાવ સંબંધવાળા चित्रगुः સ્થળે જો કોઈ વ્યક્તિ "चित्रगुः आनीयताम्" કહે અને લાવનાર માણસ માત્ર ગાય વગરના ગોવાળને જ લાવે એટલે કે ચિત્રગાય રહિત માત્ર ગોવાળનો જ આનયન ક્રિયામાં અન્વય કરવામાં આવે તો પણ ગાયો અને ગોવાળ વચ્ચેનો સ્વ-સ્વામીભાવ સંબંધ અકબંધ રહેતા ગાયો વનમાં હોવા છતાં અન્યત્ર સ્થિત ગોવાળ તેમનાં સ્વામી રૂપે જ રહેવાથી તેના 'ચિત્રગાયવાળા' આ સ્વરૂપનો નાશ નથી થતો માટે તે અવસ્થામાં પણ તેને માટે चित्रगुः પ્રયોગ થઈ શકે છે. તેથી સ્વ-સ્વામીભાવ વિગેરે અન્ય સંબંધવાળા સ્થળે માત્ર અન્યપદાર્થનો જ ક્રિયામાં અન્વય થાય છે.

*[**વિશેષ** : → 'જ્યાં અન્યપદાર્થ અને સમાસના ઘટકીભૂત પૂર્વોત્તરપદાર્થ વચ્ચે સંયોગ-સમવાય સંબંધ હોય ત્યાં તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ હોય છે.' આમ આગળ જે કથન કર્યું તેને **પરિભાષેન્દુશેખર** ગ્રંથમાં **'નાગેશ ભટ્ટ'** પ્રાયિક[A] કથન કહે છે. એટલે કે સંયોગ-સમવાય સંબંધવાળા સ્થળે ક્વચિત તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ ન હોય તેવું પણ બને. આશય એ છે કે સંયોગ-સમવાયવાળા સ્થળે બે પ્રકારની અવસ્થા જોવા મળે છે: **(i)** शुक्लवासाः आनीयताम् અને लम्बकर्णः आनीयताम् સ્થળે અન્યપદાર્થ અને પૂર્વોત્તરપદાર્થ ઉભયનો આનયન ક્રિયામાં અન્વય થતો હોય તેવી અવસ્થા જોવા મળે છે. માટે આવા સ્થળે તદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ હોય છે, અને **(ii)** शुक्लवाससं भोजय અને लम्बकर्णं भोजय સ્થળે ભોજન ક્રિયામાં માત્ર અન્યપદાર્થભૂત વ્યક્તિ અને રાસભનો જ અન્વય થતો જોવા મળે છે. પૂર્વોત્તરપદાર્થભૂત શુક્લવસ્ત્ર અને લાંબા કાનનું તો ભોજનક્રિયાકાળે માત્ર સંનિધાન (ઉપસ્થિતિ) હોય છે. સમજી શકાય એવી વાત છે કે "शुक्लवाससं भोजय અને लम्बकर्णं भोजय" કહેવામાં આવતા વ્યક્તિ અને રાસભને જ ખવરાવવામાં આવે છે વસ્ત્ર કે કાનને નહીં. માટે આવા સ્થળે ઉભયનો ક્રિયામાં અન્વય ન થતો હોવાથી અતદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ હોય છે. આ અવસ્થાને નજરમાં રાખતા **'નાગેશે'** ઉપરોક્ત કથનને પ્રાયિક ગણાવ્યું છે.

આ જ રીતે 'જ્યાં અન્યપદાર્થ અને સમાસના ઘટકીભૂત પૂર્વોત્તરપદાર્થ વચ્ચે સંયોગ-સમવાય સિવાયનો સ્વ-સ્વામીભાવ સંબંધ વિગેરે અન્ય કોઈ સંબંધ હોય ત્યાં અતદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ હોય છે.' આ પૂર્વોક્ત*

---

**(A)** यत्र समवायसम्बन्धेन सम्बन्ध्यन्यपदार्थः, तत्र प्रायस्तद्‌गुणसंविज्ञानम्। अन्यत्र प्रायोऽन्यत् (परि.शे.७८)

*કથનને પણ તેમાંથી પ્રાયિક ગણાવ્યું છે, કેમ કે "चित्रगुः आनीयताम्" કહેવામાં આવતા અન્યપદાર્થભૂત ગોવાળની સાથે સાથે પૂર્વોત્તરપદાર્થભૂત ચિત્રગાયોને પણ જો લાવવામાં આવે તો ઉભયનો આનયન ક્રિયામાં અન્વય થતો હોવાથી આને तद्गुणसंविज्ञान બહુવ્રીહિ ગણાય.]*

આમ હવે સૂત્રસ્થ सर्वादि બહુવ્રીહિસ્થળે પણ અન્યપદાર્થભૂત વિશ્વાદિ શબ્દસમુદાય અને પૂર્વોત્તરપદાર્થભૂત સર્વ શબ્દ વચ્ચે સમવાય સંબંધ વર્તતા તે तद्गुणसंविज्ञान બહુવ્રીહિ હોવાથી ङे-ङसि પ્રત્યયોની स्मै-स्मात् ભવન ક્રિયામાં વિશ્વાદિ શબ્દસમૂહની સાથે સાથે સર્વ શબ્દનો પણ અન્વય થશે.

**શંકા :-** વિશ્વાદિ શબ્દસમૂહ અને સર્વ શબ્દ વચ્ચે સમવાય સંબંધ શી રીતે ઘટી શકે ?

**સમાધાન :-** 'અવયવ-અવયવી વચ્ચે સમવાય સંબંધ હોય છે' આ વાત આગળ કહેવાઈ ગઈ છે. सर्वादि આ બહુવ્રીહિના વિગ્રહમાં જે આદિ શબ્દ છે તે 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રના બૃહન્ન્યાસમાં દર્શાવેલાં આદિ શબ્દના ચાર[A] અર્થો પૈકીનો 'અવયવાર્થક' શબ્દ છે. તેથી 'सर्वः आदिः = अवयवः यस्य स इति सर्वादिः' વિગ્રહનો અર્થ 'સર્વ શબ્દ છે અવયવ જેનો એવો વિશ્વ વગેરે શબ્દોનો સમુદાય' આમ થશે. તેથી વિશ્વ વિગેરે શબ્દોનો સમૂહ અવયવી અને સર્વ શબ્દ તેના અવયવ રૂપે સિદ્ધ થતા અવયવ-અવયવી બન્ને વચ્ચે સમવાય સંબંધ ઘટી જાય છે.

**શંકા :-** सर्वादि બહુવ્રીહિસમાસ तद्गुणसंविज्ञान બહુવ્રીહિ હોવાથી તે सर्व થી લઈને किम् સુધીના શબ્દ સમુદાયને જણાવે છે. તો આવડા મોટા શબ્દસમુદાયને ङे-ङसि પ્રત્યય લગાડી આ સૂત્રથી તમે તેનો स्मै-स्मात् આદેશ શી રીતે કરશો ?

**સમાધાન :-** આખા શબ્દસમુદાયને ङे-ङसि પ્રત્યય લાગવો શક્ય જ નથી. તેથી '***आनर्थक्यात् तदङ्गेषु***[B]' ન્યાયાનુસારે તે સમુદાયના અંગભૂત સર્વ, વિશ્વ થી લઈને किम् શબ્દ સુધીના પ્રત્યેક શબ્દને પૃથક્ પૃથક્ ङे-ङसि પ્રત્યય લગાડી અમે स्मै-स्मात् આદેશ કરશું.

**શંકા :-** બહુવ્રીહિસમાસમાં પૂર્વોત્તરપદાર્થ અન્યપદાર્થનું ઉપલક્ષણ હોય છે, આ વાત આપણે આગળ ટીપ્પણમાં જોઈ ગયા. सर्वादि બહુવ્રીહિસ્થળે અન્યપદાર્થભૂત સર્વ થી લઈને किम् સુધીના શબ્દસમુદાયનો ઉપલક્ષણ પૂર્વોત્તરપદાર્થભૂત સર્વ શબ્દ '***उपलक्षणं कार्याऽनुपयोगी***' નિયમાનુસારે ङे-ङसि પ્રત્યયોને स्मै-स्मात् આદેશ કરવા રૂપ કાર્યમાં અનુપયોગી થશે. તેથી તમે સર્વ શબ્દ સંબંધી ङे-ङसि પ્રત્યયોનો स्मै-स्मात् આદેશ શી રીતે કરશો ?

---

**(A)** आदीयते गृह्यतेऽर्थोऽस्मादिति आदिः। स च सामीप्य-व्यवस्था-प्रकार-अवयवादिवृत्तिः। (बृ.न्यास-१.१.१०)

**(B)** સમુદાયને ઉદ્દેશીને કહેવાયેલું કાર્ય સમુદાયને ન સંભવતા તેના અંગોને (= અવયવોને) લઈને પ્રવર્તે છે.

**સમાધાન :-** કોઈ વ્યક્તિ કહે કે ''દેવદત્તની શાળામાંથી બ્રાહ્મણ લઈ આવ.'' તો શાળાનો ઉપલક્ષણ-ભૂત[A] દેવદત્ત જો બ્રાહ્મણ હોય અને શાળામાં રહેલો હોય તો તે પણ લાવનાર વ્યક્તિ દ્વારા લવાય જ છે[B]. તેની જેમ આ સૂત્રથી સર્વ શબ્દોપલક્ષિત શબ્દસમુદાય કે જેમાં સર્વ શબ્દ અંતર્ભૂત છે, તેના સંબંધી ङे-ङसि પ્રત્યયોનો स्मै-स्मात् આદેશ કરવા રૂપ કાર્યમાં જો સર્વ શબ્દને ङे-ङसि પ્રત્યયો સંભવતા હોય અને સર્વ શબ્દ સર્વાદિ શબ્દસમુદાયમાં વર્તતો હોય તો તેના સંબંધી ङे-ङसि પ્રત્યયોનો પણ આ સૂત્રથી स्मै-स्मात् આદેશ થઈ જ શકે છે. માટે અહીં ઉપરોક્ત ન્યાય ન લાગતા કોઈ આપત્તિ નથી.

આમ આ સૂત્રથી ङे-ङसि પ્રત્યયોનો स्मै-स्मात् આદેશ કરવા રૂપ કાર્યમાં સર્વ શબ્દ સંગ્રહિત થઈ જતો હોવાથી તેના સંગ્રહાર્થે સૂત્રસ્થ સર્વાદિ શબ્દની એકશેષ વૃત્તિ કે આવૃત્તિ કરવાની કોઈ જરૂર નથી.

બૃ. ન્યાસમાં દર્શાવેલી 'यतस्तस्यान्यपदार्थस्य गुणाः.....' આ तद्गुणसंविज्ञानની વ્યાખ્યા આગળ કહેવાઈ ગઈ છે. સાથે આ વાત પણ ધ્યાનમાં રાખવી કે तद्गुणसंविज्ञान બહુવ્રીહિ પણ બે પ્રકારનો હોય છે, **(i)** અનુદ્ભૂત અવયવભેદવાળો અને **(ii)** ઉદ્ભૂત અવયવભેદવાળો.

**(i)** જે બહુવ્રીહિસ્થળે અવયવોને લઈને વિગ્રહ દર્શાવ્યા બાદ અન્યપદાર્થભૂત સમુદાય સમાસાર્થરૂપે (કાર્યાન્વયિરૂપે) ઉપસ્થિત થતો હોય અર્થાત્ જ્યાં સમુદાયને લઈને જ કાર્ય સંભવતું હોવાથી તેના અવયવો સુધી પહોંચવાની જરૂર રહેતી નથી, ત્યાં અનુદ્ભૂત અવયવભેદવાળો तद्गुणसंविज्ञान બહુવ્રીહિસમાસ હોય છે. જેમ કે लम्बकर्ण આનય સ્થળે આનયન ક્રિયામાં કર્ણ, મુખ, પાદ વિગેરે અવયવોના સમુદાયભૂત રાસભનો જ અન્વય શક્ય હોવાથી તેના દરેકે દરેક અવયવોની આનયન ક્રિયામાં અન્વયની કલ્પના કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. [C]

અને **(ii)** જે બહુવ્રીહિ સ્થળે અવયવોને લઈને વિગ્રહ દર્શાવ્યા બાદ અન્યપદાર્થભૂત સમુદાય સમાસાર્થ રૂપે (કાર્યાન્વયિરૂપે) ઉપસ્થિત ન થતો હોય અર્થાત્ જ્યાં સમુદાયને લઈને કાર્ય ન સંભવતા ***'आनर्थक्यात् तदङ्गेषु'*** આદિ ન્યાયાનુસારે કાર્યાન્વયાર્થે તેના અવયવોનું ઉદ્ભાવન (દરેકે દરેક અવયવની ગણના) કરવી પડતી હોય ત્યાં ઉદ્ભૂત અવયવભેદવાળો तद्गुणसंविज्ञान બહુવ્રીહિ હોય છે. જેમ કે આ સૂત્રસ્થ સર્વાદિ સ્થળે ङे-ङसि

---

**(A)** દેવદત્તને લઈને શાળાની ઓળખાણ અપાઈ છે, માટે દેવદત્ત શાળાનું ઉપલક્ષણ છે.

**(B)** દેવદત્ત જો બ્રાહ્મણ ન હોત તો **'उपलक्षणं कार्या०'** ન્યાયથી તેનો આનયન ક્રિયામાં અન્વય ન થાત. અર્થાત્ બીજી રીતે કહીએ તો અહીં દેવદત્ત વ્યક્તિરૂપે ઉપલક્ષણ છે પણ બ્રાહ્મણરૂપે તે આનયન ક્રિયાનું લક્ષ્ય છે. એ જ રીતે સર્વાદિ શબ્દસમુદાય સર્વ શબ્દોપલક્ષિત હોવાથી સર્વ શબ્દ શબ્દરૂપે સમુદાયનું ઉપલક્ષણ છે. પણ સમુદાયવર્તીરૂપે તે ङे-ङसि પ્રત્યયોની स्मै-स्मात् ભવનક્રિયાનું લક્ષ્ય છે. માટે એ અપેક્ષાએ તે ઉપલક્ષણ રૂપે ન ગણાતા અહીં **'उपलक्षणं कार्या०'** ન્યાય ન લાગે.

**(C)** પૂ.લાવણ્ય સૂ.મ.સા. દ્વારા સંપાદિત બૃ.ન્યાસમાં પૃષ્ઠ-૨૩૬ ની '૭૧' મી પંક્તિમાં **'यत्र तु तिरोहितावयवभेदः समुदायोऽतद्गुण....'** પાઠ છે તે અશુદ્ધ જણાય છે. પાઠ **'समुदायस्तद्गुण....'** આમ હોવો જોઈએ.

પ્રત્યયોનો સ્મૈ-સ્માત્ આદેશ કરવા રૂપ કાર્યમાં સર્વ થી લઈને કિમ્ શબ્દ સુધીના આખા શબ્દ સમુદાયનો અન્વય ન સંભવતા તેના સર્વ, વિશ્વ વિગેરે પ્રત્યેક અવયવોને ઙે-ઙસિ પ્રત્યયો લગાડી તેમનો સ્મૈ-સ્માત્ આદેશ કરવામાં આવે છે. અર્થાત્ સર્વ, વિશ્વ વિગેરે પ્રત્યેક અવયવોનો ઙે-ઙસિ પ્રત્યયોના સ્મૈ-સ્માત્ આદેશ કરવા રૂપ કાર્યમાં અન્વય કરવામાં આવે છે.

**(2)** સર્વાદિ બહુવ્રીહિસમાસસ્થળે અવયવવાચી[A] આદિ શબ્દ વ્યવસ્થાવાચી પણ છે. તેથી સમાસનો અર્થ 'સર્વ શબ્દ આદિ અવયવ રૂપે વ્યવસ્થિત છે જે શબ્દસમુદાયમાં' આવો થશે. અહીં સમાસના અર્થમાં સર્વ શબ્દને શબ્દસમુદાયના આદિ અવયવ રૂપે વ્યવસ્થિત દર્શાવ્યો છે. પણ પાછળ કોઈ અન્ય અવયવો હોય તો તેમની અપેક્ષાએ સર્વ શબ્દને આદિ (= પ્રથમ) અવયવ રૂપે ગણાવી શકાય. તેથી બૃહદ્વૃત્તિમાં સર્વ, વિશ્વ, ઉભ, ઉભયટ્ વિગેરે ગણપાઠ દર્શાવ્યો છે.

**શંકા :-** આ રીતે ગણપાઠનું ગ્રહણ કરશો તો મધ્યમ અને અધમ શબ્દો સર્વાદિ ગણપાઠમાં ન હોવાથી આપ્ પ્રત્યયાન્ત મધ્યમા અને અધમા શબ્દોના 'सर्वादेर्डस्० ૧.૪.૧૮' સૂત્રથી થતા મધ્યમસ્યામ્ અને અધમસ્યામ્ પ્રયોગો સિદ્ધ શી રીતે કરશો ? તેથી સર્વાદિ વૃત્તિ આદિ શબ્દને પ્રકાર[B] અર્થવાચી (સાદશ્યાર્થક) રૂપે ગ્રહણ કરવો જોઈએ કે જેથી વિશ્વ વિગેરેની જેમ મધ્યમ અને અધમ શબ્દો પણ સર્વ શબ્દને સદશ હોવાને કારણે આકૃતિગણથી તેમનું પણ ગણપાઠમાં ગ્રહણ થતા મધ્યમસ્યામ્ અને અધમસ્યામ્ પ્રયોગો સિદ્ધ થઈ શકે ?

**સમાધાન :-** જો આ રીતે આદિ શબ્દને પ્રકારવાચી લઈને આકૃતિગણથી[C] મધ્યમ અને અધમ શબ્દનું ગ્રહણ કરીએ તો સદશ હોવાને કારણે વિશ્વ, ઉભ, ઉભયટ્ વિગેરે શબ્દોનું પણ આકૃતિગણથી જ ગ્રહણ થઈ જતા બૃહદ્વૃત્તિસ્થ ગણપાઠમાં વિશ્વ વિગેરે શબ્દોનો નિર્દેશ કરવાની જરૂર જ ન રહે. છતાંય નિર્દેશ કર્યો છે તેથી જણાય છે કે અહીં આદિ શબ્દ પ્રકારવાચી રૂપે ગ્રહણ કરવો ઈષ્ટ નથી.

**શંકા :-** આમ કહેવું યોગ્ય નથી. આદિ શબ્દ પ્રકારવાચી હોવા છતાં ગણપાઠમાં વિશ્વ વિગેરે શબ્દોનો નિર્દેશ એટલા માટે કર્યો છે કે જેથી ખબર પડે કે સર્વ શબ્દને સદશ જે બીજા શબ્દો લેવાના છે તે કેવા પ્રકારના લેવા.

---

**(A)** આદિ શબ્દ સામીપ્ય, વ્યવસ્થા, પ્રકાર (સાદશ્ય) અને અવયવ અર્થમાં વર્તતો હોય છે. તે અંગે વિશેષ 'कादिर्व्यञ्जनम् ૧.૧.૧૦' સૂત્રના બૃ.ન્યાસથી જાણી લેવું.

**(B)** પ્રકારાર્થક આદિ શબ્દને લેતા સર્વાદિ આ બહુવ્રીહિનો અર્થ 'સર્વ શબ્દ અવયવ રૂપે સદશ છે જે શબ્દસમુદાયને' આમ થશે.

**(C)** ગણ બે પ્રકારના હોય છે : ***આકૃતિગણ*** અને ***નિયતગણ.*** **(i)** આકૃતિગણમાં શબ્દોની સંખ્યા નિશ્ચિત હોતી નથી. તે ગણમાં ઉદાહરણ તરીકે આપેલા શબ્દો જેવા આકારવાળા બીજા જે કોઈ શબ્દો અન્યત્ર જોવા મળે તે બધાનો આ ગણમાં સમાવેશ થતો હોય છે. જ્યારે **(ii)** નિયતગણમાં શબ્દોની સંખ્યા નિશ્ચિત હોય છે. તેમાં જેટલા શબ્દો લેવાના હોય તે બધા બૃહદ્વૃત્તિસ્થ ગણપાઠમાં દર્શાવી દીધા હોય છે.

આથી જ આપ્ત પુરૂષો પ્રકાર (સાદશ્ય) અર્થને દર્શાવવા તે તે શબ્દની પાછળ ગણપાઠ મૂકે છે. દા.ત. 'શ્રેણ્યાદિ કૃતાદ્યૈશ્ચ્વર્થે ૩.૧.૧૦૪' સૂત્રમાં શ્રેણ્યાદિ સ્થળે જે આદિ શબ્દ છે તે તત્સૂત્રીય બૃહદ્વૃત્તિમાં શ્રેણિ વિગેરે સર્વ શબ્દો ગણપાઠમાં નિર્દિષ્ટ હોવાથી અન્ય કોઈ શબ્દોનું ગણપાઠમાં ગ્રહણ કરવાનું શેષ ન રહેતા વ્યવસ્થાવાચી છે. જ્યારે કૃતાદિ સ્થળે જે આદિ શબ્દ છે તે તત્સૂત્રીય બૃહદ્વૃત્તિમાં કૃત વિગેરે સર્વ શબ્દોનો ગણપાઠમાં નિર્દેશ ન કર્યો હોવાથી અન્ય શબ્દોનું ગણપાઠમાં ગ્રહણ કરવાનું શેષ રહેતા પ્રકારવાચી છે. આમ પ્રકારવાચી હોવા છતાંય બૃહદ્વૃત્તિમાં કૃત શબ્દની પાછળ મિત, ભૂત વિગેરે ગણનો નિર્દેશ કર્યો છે, તેની જેમ પ્રસ્તુત સર્વાદિ સ્થળે પણ આદિ શબ્દને પ્રકારવાચી ગણી પાછળ વિશ્વ વિગેરેનો ગણપાઠ દર્શાવવો યુક્ત ગણાય.

**સમાધાન :-** બરાબર છે, છતાં અહીં આદિ શબ્દ પ્રકારવાચી રૂપે ગ્રહણ નહીં થાય. કારણ કે જો આ રીતે મધ્યમ અને અધમ શબ્દોને સદૃશ ગણી ગણપાઠમાં ગ્રહણ કરીએ તો સદૃશ હોવાને કારણે કૃત્સ્ન, જગત્ વિગેરે શબ્દોને પણ ગણપાઠમાં ગ્રહણ કરવાનો પ્રસંગ આવે અને તેથી તેમને પણ સર્વાદિ સંબંધી કાર્યો કરવાની આપત્તિ આવે. તેથી મધ્યમસ્યામ્ અને અધમસ્યામ્ ની 'આર્ષપ્રયોગ' રૂપે સિદ્ધિ શક્ય હોવાથી સર્વાદિ સ્થળે આદિ શબ્દ વ્યવસ્થાવાચિતાનો અનતિક્રમ કરનાર અવયવવાચી રૂપે માનવો જ યુક્ત ગણાય.

(3) <u>દૃષ્ટાંત</u> - (i) **સર્વસ્મૈ - ✻ સર્વ + ઙે, ✻ 'સર્વાદેઃ સ્મૈ૦ ૧.૪.૭' → સર્વ + સ્મૈ = સર્વસ્મૈ।**

**(ii) પરમસર્વસ્મૈ - ✻ પરમશ્ચાસૌ સર્વશ્ચ = પરમસર્વ, શેષ સાધનિકા સર્વસ્મૈ પ્રમાણે**

**શંકા :-** સૂત્રમાં સર્વાદેઃ આમ સાક્ષાત્ નામનું ઉચ્ચારણ કર્યું છે. તેથી ***'ग्रहणवता नाम्ना न तदन्तविधिः***[(A)] ' ન્યાયથી પરમસર્વ નામ સંબંધી ઙે-ઙસિ પ્રત્યયોના સ્મૈ-સ્માત્ આદેશ શી રીતે થઈ શકે ?

**સમાધાન :-** પરમસર્વ નામ સંબંધી ઙે-ઙસિ પ્રત્યયોના સ્મૈ-સ્માત્ આદેશ થઈ શકવાના બે કારણો છે. **(a)** સૂત્રસ્થ 'સર્વાદિ' એ સ્યાદિ એવા ઙે-ઙસિ પ્રત્યયોથી આક્ષિપ્ત[(B)] નામનું વિશેષણ છે. તેથી 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષાથી સર્વાદિ વિશેષણ પોતાના વિશેષ્ય નામનું અંત્ય અવયવ બનતા આ સૂત્રનો અર્થ 'સર્વ વિગેરે છે અંતમાં જેને એવા અ કારાન્ત નામ સંબંધી ઙે-ઙસિ પ્રત્યયોનો સ્મૈ-સ્માત્ આદેશ થાય છે' આમ થશે. તેથી સર્વાદ્યન્ત પરમસર્વ નામ સંબંધી ઙે-ઙસિ પ્રત્યયોના પણ આ સૂત્રથી સ્મૈ-સ્માત્ આદેશ થઈ શકશે.

*[**શંકા :-** 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષાથી જો સર્વાદિ અંતવાળા નામોનું ગ્રહણ થશે તો કેવળ સર્વ, વિશ્વ વિગેરે નામોના સર્વસ્મૈ, વિશ્વસ્મૈ વિગેરે પ્રયોગો શી રીતે સિદ્ધ થશે ?*

---

**(A)** સૂત્રમાં સાક્ષાત્ જે નામનું ગ્રહણ કરી કાર્યનું વિધાન કર્યું હોય, તે કાર્ય સમાસ વિગેરે થવાને કારણે સમુદાયના અંત્યઅવયવ બનેલા તે નામને ન થાય.

**(B)** કેવળ પ્રત્યયનો પ્રયોગ ન થઈ શકે, તેથી પ્રત્યય પોતાની તરફ પ્રકૃતિનો આક્ષેપ કરે.

**સમાધાન :-** ***'आद्यन्तवदेकस्मिन्***[A]*'* ન્યાયથી સર્વ, વિશ્વ વિગેરેના સર્વસ્મૈ, વિશ્વસ્મૈ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ જશે.]

**(b)** 'ન સર્વાદિ ૧.૪.૧૨' સૂત્રમાં 'દ્વન્દ્વ સમાસમાં સર્વાદિ નામો સર્વાદિ ગણાતા નથી. અર્થાત્ તેમને સર્વાદિનામાશ્રિત કાર્યો થતા નથી' આવું વિધાન કર્યું છે. હવે જો ***'ग्रहणवता नाम्ना०'*** ન્યાયથી જ સમાસને અંતે વર્તતા સર્વાદિ નામોના સર્વાદિત્વનો નિષેધ થઈ જતો હોય તો 'ન સર્વાદિ ૧.૪.૧૨' સૂત્રથી દ્વન્દ્વ સમાસમાં સર્વાદિત્વનો નિષેધ કરવાનો રહે જ નહીં, છતાંય કર્યો છે એનાથી જણાય છે કે ***'ग्रहणवता नाम्ना०'*** ન્યાય અહીં અનિત્ય છે. તેથી પરમસર્વ વિગેરે નામ સંબંધી ઙે-ઙસિ પ્રત્યયોનો સ્મૈ-સ્માત્ આદેશ થઈ શકશે.

**(4) શંકા :-** ઉભ શબ્દને નિત્ય દ્વિવચનનો વિષય કહ્યો છે. અર્થાત્ અવ્યવહિત પરમાં જો દ્વિવચનના ઔ, ભ્યામ્ વિગેરે પ્રત્યયો આવે તો જ ઉભ શબ્દનો પ્રયોગ થાય છે અન્યથા નહીં. જ્યારે સર્વાદિનામાશ્રિત ઇ, સ્મૈ, સ્માત્, સામ્, સ્મિન્ વિગેરે પ્રત્યયાદેશાત્મક કાર્યો તો એકવચન અને બહુવચનમાં જ થાય છે. તો શા માટે સર્વાદિ ગણપાઠમાં નિરર્થક ઉભ શબ્દનું ગ્રહણ કર્યું છે ?

**સમાધાન :-** ''ઉભ શબ્દ નિત્ય દ્વિવચનનો વિષય છે'' આ તમારી વાત બરાબર નથી જણાતી. કેમકે દ્વિવચનનો પ્રત્યય પરમાં ન હોય તેવી સમાસ વિગેરે વૃત્તિના વિષયમાં ઉભૌ પુત્રૌ અસ્ય = ઉભપુત્રઃ આમ ઉભ શબ્દનો પ્રયોગ કેમ ન થઈ શકે ?

**શંકા :-** અરે ભાઈ, સમાસ વિગેરે વૃત્તિના વિષયમાં ઉભ શબ્દનો પ્રયોગ ન થતા અભેદવિષયવાળા (વિશેષણભાવાપન્ન) ઉભય શબ્દનો જ પ્રયોગ થાય છે. જેમકે તદ્ધિતવૃત્તિનાં વિષયમાં ઉભૌ અવયવૌ અસ્ય આ અર્થમાં ઉભયે દેવમનુષ્યાઃ તથા ઉભયો મણિઃ અને સમાસવૃત્તિના વિષયમાં ઉપરોક્ત વિગ્રહાનુસારે ઉભપુત્રઃ સમાસ ન થતા ઉભયપુત્રઃ સમાસ જ થતો હોવાથી બન્ને સ્થળે ઉભય શબ્દનો જ પ્રયોગ થાય છે.

**સમાધાન :-** શું વાત કરો છો તમે, ઉભૌ બાહૂ યસ્મિન્ પ્રહરણે તદ્ 'ઉભાબાહુ પ્રહરણમ્' આમ વૃત્તિના વિષયમાં ઉભ શબ્દનો પ્રયોગ તો થતો જોવા મળે છે.

**શંકા :-** ઉભાબાહુ પ્રયોગ તો 'દ્વિદણ્ડ્યાદિઃ ૭.૩.૭૫' સૂત્રનિર્દિષ્ટ દ્વિદણ્ડ્યાદિ ગણથી નિપાત થયેલ પ્રયોગ છે, તેથી તેની સિદ્ધિ કરવા ઉભ શબ્દને સર્વાદિ ગણપાઠમાં દર્શાવવો યુક્ત ન ગણાય. તો શા માટે ઉભ શબ્દને સર્વાદિ ગણપાઠમાં દર્શાવ્યો છે ?

---

**(A)** એક વર્ણ હોય તો તેને પણ આદિ કે અંત રૂપ માની કાર્ય કરવું. **'व्यपदेशिवद्भाव०'** આ ન્યાય 'પરિભાષેન્દુશેખર'માં દર્શાવ્યો છે. તેને સ્થાને પૂ. **હેમહંસગણીજી**એ ન્યાયસંગ્રહમાં **'आद्यन्तवदेकस्मिन्'** આ ન્યાય દર્શાવ્યો છે.

**સમાધાન :-** 'ત્યાદિસર્વાદે:૦ ૭.૩.૨૯' સૂત્રથી સર્વાદિ નામોને આશ્રયીને થતો સ્વાર્થિક અક્ પ્રત્યય કરી ઉભકૌ પ્રયોગ થઈ શકે તે માટે તેને સર્વાદિ ગણપાઠમાં દર્શાવ્યો છે.

**શંકા :-** અક્ પ્રત્યયને બદલે 'પ્રાગ્ નિત્યાત્૦ ૭.૩.૨૭' સૂત્રથી સ્વાર્થિક કપ્ પ્રત્યય કરીએ તો પણ ઉભકૌ પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. તેમજ બન્ને પ્રયોગના અર્થ, શબ્દ સ્વરૂપ કે ઉચ્ચારમાં કોઈ ફેર પડતો ન હોવાથી ઉપરોક્ત તમારી વાત બરાબર નથી.

**સમાધાન :-** જો આ રીતે 'પ્રાગ્ નિત્યાત્૦ ૭.૩.૨૭' સૂત્રથી કપ્ પ્રત્યયાન્ત ઉભકૌ પ્રયોગ સિદ્ધ થઈ શકતો હોય તો હમણાં તમે જે ''ઉભ શબ્દની અનંતરમાં દ્વિવચનના પ્રત્યયો આવે તો જ તેનો પ્રયોગ થઈ શકે, અન્યથા ઉભય શબ્દનો પ્રયોગ થાય છે'' આ વાત કરી તેની સાથે વિરોધ આવે છે. કારણ કે કુત્સિતૌ ઉભૌ અર્થમાં જ્યારે આપણે ઉભૌ ને 'પ્રાગ્ નિત્યાત્૦ ૭.૩.૨૭' સૂત્રથી કુત્સાર્થક કપ્ પ્રત્યય લગાડીએ ત્યારે ઉભૌ ગત ઔ નો 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી લોપ થઈ જતો હોવાથી અને ઉભ + કપ્ + ઔ અવસ્થામાં જે નવો ઔ પ્રત્યય ઉત્પન્ન થાય છે તે કપ્ ને કારણે વ્યવહિત થઈ જતો હોવાથી એકપણ ઔ પ્રત્યય ઉભ શબ્દની અનંતરમાં રહેતો નથી. છતાંય તમને જો કપ્ પ્રત્યયાન્ત ઉભકૌ પ્રયોગ માન્ય જ હોય તો 'દ્વિવચનના પ્રત્યયો અનંતરમાં હોય તો જ ઉભ શબ્દનો પ્રયોગ થઈ શકે છે, પણ તે દ્વિવચનનો પ્રત્યય લોપાઈ ગયો હોય કે વ્યવધાન પૂર્વકનો હોય તો નહીં' આવી જે તમે પ્રતિજ્ઞા કરી છે તેનો ભંગ થવાનો પ્રસંગ આવશે.

**શંકા :-** શું અક્ પ્રત્યય લગાડશો તો ઉભ શબ્દ અને દ્વિવચનના પ્રત્યયોની વચ્ચે વ્યવધાન નહીં થાય એવું ખરૂં ?

**સમાધાન :-** હા, કારણકે અક્ પ્રત્યય 'ઉભ્ + અક્ + અ' આમ પ્રકૃતિ અને તેના અંત્ય સ્વર અ ની વચ્ચે થતો હોવાથી ઉભક + ઔ અવસ્થામાં તે વ્યવધાયક ન બને. તેથી અક્ પ્રત્યય પૂર્વકનો ઉભકૌ પ્રયોગ કરવામાં આવે તો તમે કહેલી પ્રતિજ્ઞા પણ જળવાઈ જાય છે. માટે તમે કાં તો અમારા અક્ પ્રત્યય પૂર્વકના ઉભકૌ પ્રયોગને માન્ય રાખો કાં તો કપ્ પ્રત્યયાન્ત ઉભકૌ પ્રયોગ જ ઈષ્ટ હોય તો કપ્ પ્રત્યયની બાબતમાં દ્વિવચનના પ્રત્યયોની વચ્ચે વ્યવધાન પૂર્વકનો ઉભ શબ્દ હોય તો પણ તેનો પ્રયોગ થઈ શકે છે, આમ એક વધારાની પ્રતિજ્ઞા સ્વીકારી લો.

**શંકા :-** આમ વધારાની પ્રતિજ્ઞા સ્વીકારવાની કોઈ જરૂર નથી. કારણ ઉભ શબ્દને જે નિત્ય દ્વિવચનનો[A] વિષય કહ્યો છે, તેનો અર્થ 'દ્વિવચનના સ્યાદિ પ્રત્યયો પરમાં હોય તો જ ઉભ શબ્દનો પ્રયોગ થઈ શકે છે' એવો ન થતા 'બે' એવા અર્થને જણાવવામાં સમર્થ એવો કોઈ પણ પ્રત્યય પરમાં હોય તો જ ઉભ શબ્દનો પ્રયોગ થઈ શકે છે'

---

(A) 'દ્વિવચન' એટલે દ્વિવચનના સ્યાદિ પ્રત્યયો નહીં, પણ 'બે' આ અર્થને જણાવનાર કોઈપણ પ્રત્યય.

આવો અર્થ થાય છે. તેથી હવે ઉભ શબ્દને જ્યારે કપ્ પ્રત્યય લાગશે ત્યારે ઉભ શબ્દ પોતે તો 'બે' અર્થને જણાવે જ છે અને સ્વાર્થિક કપ્ પ્રત્યય પણ ઉભ શબ્દના સ્વાર્થમાં જ થયો હોવાથી તે પણ 'બે' અર્થને જ જણાવશે. કેમકે સમજી શકાય છે કે 'સ્વાર્થિક પ્રત્યયો પોતાની પ્રકૃતિ કરતા જુદા અર્થને જણાવતા નથી હોતા.' આમ સ્વાર્થિક પ્રત્યય હોવાને કારણે કપ્ પ્રત્યયની ઉભાર્થતાની ('બે' આ અર્થની) હાનિ ન થતી હોવાથી નવું કોઈ વચન (પ્રતિજ્ઞા) કર્યા વગર આપ્[A] પ્રત્યયની જેમ કપ્ પ્રત્યય પરમાં વર્તતા પણ ઉભ શબ્દને દ્વિવચન ('બે' આ અર્થને જણાવનાર પ્રત્યય)ની પરવર્તિતા સિદ્ધ થઈ જાય છે. આમ કપ્ પ્રત્યય પૂર્વકનો પણ ઉભકૌ પ્રયોગ સિદ્ધ થઈ જતો હોવાથી સર્વાદિ ગણપાઠમાં અક્ પ્રત્યયાર્થે ઉભ શબ્દનો પાઠ યુક્ત ન ગણાય.

**સમાધાન :-** જેમ સ્વાર્થિક પ્રત્યયો પ્રકૃતિના અર્થથી જુદા અર્થનું પ્રતિપાદન ન કરતા હોવાથી કપ્ પ્રત્યય પૂર્વકના ઉભ શબ્દના પ્રયોગને તમે યુક્ત ગણો છો. તેમ ઉભ શબ્દને લાગેલા ત્ર અને તસ્ પ્રત્યયો પણ પોતાની પ્રકૃતિના અર્થને બદલી દે એવા નવા કોઈ અર્થનું પ્રતિપાદન ન કરતા હોવાથી ત્ર અને તસ્ પ્રત્યય પૂર્વકના ઉભ શબ્દના ઉભત્ર અને ઉભતઃ પ્રયોગો પણ તમારે યુક્ત ગણવા પડશે.

**શંકા :-** ના, આ આપત્તિ નહીં આવે. કેમકે ત્ર અને તસ્ પ્રત્યયાંત નામો અવ્યય બને છે અને તેઓ અનુક્રમે સપ્તમી અને પંચમી વિભક્તિના અર્થને જ જણાવવાને સમર્થ હોય છે, પણ તેમને લઈને એક, દ્વિ કે બહુવચન રૂપ વચનભેદ પડી શકતો નથી[B]. હવે જો વચનભેદ જ પડી શકતો ન હોય તો ભલેને તે બન્ને પ્રત્યયો પોતાની પ્રકૃતિ કરતા નવા કોઈ અર્થનું પ્રતિપાદન ન કરતા હોય. છતાં ઉભ શબ્દથી પરમાં રહેલા તેમનામાં દ્વિવચનને લઈને 'બે' આ અર્થને જણાવવાનું સામર્થ્ય ન હોવાથી અહીં ઉભ શબ્દ દ્વિવચનપર ('બે' આ અર્થને જણાવનાર કોઈ પ્રત્યય છે પરમાં જેને એવો) ન ગણાય. તેથી ઉપરોક્ત પ્રતિજ્ઞાનો ભંગ થતો હોવાથી ઉભ શબ્દનો પ્રયોગ ન થતા ઉભત્ર અને ઉભતઃ પ્રયોગ યુક્ત નહીં ગણાય, પણ ઉભયત્ર અને ઉભયતઃ પ્રયોગો જ યુક્ત ગણાશે. પૂર્વકાલીન ***'કાત્યાયન ઋષિ'*** પણ કહે છે કે "ઉભયોઽન્યત્ર (પાણિ૰ સૂ. ૧.૧.૨૭.મ.ભાષ્ય વાર્તિક-૯)" અર્થાત્ 'ઉભ શબ્દ જ્યારે દ્વિવચનનો વિષય (દ્વિવચનપર) ન હોય ત્યારે તેને બદલે ઉભય શબ્દ વપરાય છે.' તો કહો કે શા માટે તમે ઉભ શબ્દને સર્વાદિ ગણપાઠમાં દર્શાવ્યો છે ?

**સમાધાન :-** સારું ભાઈ, હવે અમારો છેલ્લો જવાબ સાંભળી લો. 'સર્વાદેઃ સર્વાઃ ૨.૨.૧૧૯' સૂત્રથી હેત્વર્થક નામોથી યુક્ત સર્વાદિ નામોને સર્વવિભક્તિઓ થાય છે. તે ઉભ શબ્દને પણ થઈ શકે અ માટે

---

**(A)** આપ્ પ્રત્યય સ્વાર્થિક છે. તેથી ઉભ શબ્દની સાથે જોડાયેલો તે ઉભ શબ્દના અર્થનું ગ્રહણ કરી લેતો હોવાથી ઉભ શબ્દને દ્વિવચનપરતા સિદ્ધ થઈ જાય છે.

**(B)** કેમકે "સદૃશં ત્રિષુ લિઙ્ગેષુ, સર્વાસુ ચ વિભક્તિષુ। વચનેષુ ચ સર્વેષુ, યન્ન વ્યેતિ તદવ્યયમ્।।" આ કારિકાના ત્રીજા ચરણ અનુસારે અવ્યયો ત્રણે વચનોને વિષે સરખા જ સ્વરૂપને ધારણ કરતા હોવાથી તેમને લઈને વચન ભેદ ન પડી શકે.

તેનો સર્વાદિ ગણપાઠમાં ઉલ્લેખ કર્યો છે. પ્રયોગો → **उभौ हेतू ..... उभयोः हेत्वोः.**

**(5) શંકા :-** સર્વાદિ ગણપાઠમાં ડતર પ્રત્યય મુકવાથી જ ડતર પ્રત્યયાન્ત અન્યતર શબ્દનું ગ્રહણ થઈ જાય છે, તો તેને શા માટે ગણપાઠમાં દર્શાવ્યો છે ?

**સમાધાન :-** સર્વાદિ ગણપાઠમાં ડતર પ્રત્યયની સાથે ડતમ પ્રત્યય પણ દર્શાવ્યો છે. હવે અન્ય સર્વનામને જ્યારે ડતર પ્રત્યય લાગી અન્યતર નામ નિષ્પન્ન થાય ત્યારે જ તેને સર્વાદિ ગણવું છે, પણ ડતમ પ્રત્યયાન્ત અન્ય નામને સર્વાદિ ગણવું નથી. તેથી અન્યતમ ના સર્વાદિત્વની નિવૃત્ત્યર્થે ગણમાં અન્યતર શબ્દને જુદો દર્શાવ્યો છે. આમ અન્યતમ શબ્દ સર્વાદિ ન ગણાવાથી તેના સંબંધી સ્યાદિ પ્રત્યયોને સ્મૈ આદિ સર્વાદિ કાર્યો નહીં થાય, તેથી અન્યતમાય, 'पञ्चतो० १.४.५८' થી પ્રાપ્ત અન્યતમદ્ ને બદલે અન્યતમમ્ અને અન્યતમે પ્રયોગો જ થશે.

વળી અન્ય કેટલાક વૈયાકરણો ડતર-ડતમ પ્રત્યય વિધાયક સૂત્રોમાં માત્ર यत् , तद् , किम् શબ્દોનું જ ગ્રહણ કરે છે, અન્ય શબ્દનું નહીં. તેમના મતે અન્ય શબ્દને ડતર પ્રત્યય થઈ શકે તે માટે તેમણે અન્યતર શબ્દને ગણપાઠમાં દર્શાવ્યો છે.

**(6)** બીજા કેટલાક વૈયાકરણો પૃથગ્ દર્શાવેલ અન્યતર શબ્દને નિર્ધારણાર્થક ડતર પ્રત્યયાન્ત રૂપે નથી માનતા, પણ **(a)** અનિર્ધારણાર્થક ઉણાદિના અવ્યુત્પન્ન (પ્રકૃતિ-પ્રત્યયના ભેદ રહિત અખંડ) શબ્દ તરીકે ગણે છે. કે પછી **(b)** तरणं तरः આમ ભાવ અર્થમાં નિષ્પન્ન થયેલા तर શબ્દનો अन्यश्चासौ तरश्च = अन्यतर આમ કર્મધારય સમાસ કે अन्यः तरः यस्य स = अन्यतरः આમ બહુવ્રીહિ સમાસ દ્વારા નિષ્પન્ન થયેલો ગણે છે. અથવા ત્રીજી રીતે કહીએ તો **(c)** द्वयोः प्रकृष्टोऽन्यः = अन्यतरः, આમ 'द्वयोर्विभज्ये० ७.३.६' સૂત્રથી થયેલ तरप् પ્રત્યયાન્ત રૂપે નિષ્પન્ન થયેલો ગણે છે. તેથી આમના મતે ગણપાઠમાં દર્શાવેલાં અન્યતર શબ્દથી ડતમ પ્રત્યયાન્ત અન્યતમ શબ્દનો સર્વાદિ રૂપે વ્યવચ્છેદ ન થઈ શકવાથી તેના अन्यतमस्मै, अन्यतमस्मात्, अन्यतमस्मिन्, अन्यतमद् વિગેરે પ્રયોગો થઈ શકે છે.

**(7) શંકા :-** સર્વાદિ ગણપાઠમાં જે ડતર, ડતમ નામો દર્શાવ્યા છે. તે તમે ક્યાંથી ઉઠાવી લાવ્યા છો? કેમકે જેમ सर्व વિગેરે શબ્દોના सर्वस्मिन् વિગેરે પ્રયોગો જોવા મળે છે, તેમ ડતર, ડતમ શબ્દોના ડતરસ્મિન્, ડતમસ્મિન્ પ્રયોગો ક્યાંય જોવા મળતા નથી.

**સમાધાન :-** પ્રયોગ જોવા ન મળે એટલે 'આવો કોઈ શબ્દ દુનિયામાં નથી' એવું થોડું કહી શકાય ?

**શંકા :-** હા, એમ જ કહેવાય. કેમકે 'જગતમાં આવા સ્વરૂપ (આકાર)વાળો કોઈ શબ્દ છે' આમ રૂપનિગ્રહ (શબ્દસ્વરૂપનો નિર્ણય) કરવો હોય તો શબ્દપ્રયોગ એ જ પ્રબળ સાધન છે.

**સમાધાન :-** સ્વરૂપનો નિર્ણય માત્ર પ્રયોગથી જ નહીં, શાસ્ત્રથી પણ થઈ શકે છે. વ્યાકરણ શાસ્ત્રના 'यत्-तत्-किम्० ૭.૩.૫૩' અને 'बहुनां प्रश्ने० ૭.૩.૫૪' સૂત્રોથી અનુક્રમે डतर-डतम નું પ્રત્યય રૂપે સ્વરૂપ નિર્ણિત થઈ જતું હોવાથી તમારી શંકાને સ્થાન નથી રહેતું અને આ વાત પણ ધ્યાનમાં રાખવી કે डतर-डतम એ કોઈ નામ નથી, પરંતુ પ્રત્યયો છે. અને ***'न केवला प्रकृतिर्प्रयोक्तव्या नाऽपि प्रत्ययः'*** ન્યાયાનુસારે કેવળ डतर-डतम પ્રત્યયોનો પ્રયોગ શક્ય ન હોવાથી સર્વાદિ ગણપાઠમાં દર્શાવેલાં તેઓ यत्, तत् વિગેરે પ્રકૃતિની સાથે પોતાના જોડાણ પૂર્વકના यतरस्मिन् , यतमस्मिन् આદિ પ્રયોગોને જણાવવામાં તત્પર છે.

**શંકા :-** डतर-डतम નો તમે રૂપનિગ્રહ (સ્વરૂપનિર્ણય) તો કરી આપ્યો. પણ હવે એ વાત કરો કે સ્વાર્થિક डतर-डतम પ્રત્યયો જેમને લાગી શકે છે તેવા यत्, तत्, किम् અને અન્ય શબ્દોને તો સર્વાદિ ગણપાઠમાં દર્શાવી જ દીધા છે અને ***'प्रकृति ग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम्'*** ન્યાયથી સ્વાર્થિક डतर-डतम પ્રત્યયાન્ત यत् આદિ પ્રકૃતિને પણ સર્વાદિનામાશ્રિત કાર્યો પ્રાપ્ત જ છે, તો શા માટે ગણપાઠમાં डतर-डतम પ્રત્યયો દર્શાવ્યા છે ?

**સમાધાન :-** બે કારણે અમે डतर-डतम પ્રત્યયોનું ગણપાઠમાં ગ્રહણ કર્યું છે.

**(a)** ***'प्रकृतिग्रहणे स्वार्थिक०'*** ન્યાયથી જેમ સ્વાર્થિક डतर-डतम પ્રત્યયાન્ત यत् વિગેરે નામોને સર્વાદિકાર્યોની પ્રાપ્તિ છે, તેમ અન્ય कप्, तरप्, तमप् વિગેરે સ્વાર્થિક પ્રત્યયાન્ત सर्व, विश्व વિગેરે બધા જ સર્વાદિ નામોને પણ સર્વાદિકાર્યો થવાની પ્રાપ્તિ આવે છે, જે ઈષ્ટ નથી. તેથી ***'सिद्धे सत्यारम्भो नियमार्थः'*** ન્યાયાનુસારે સ્વાર્થિક પ્રત્યયમાં કેવળ डतर-डतम પ્રત્યયાન્ત यत् વિગેરે પ્રકૃતિને સર્વાદિ ગણવાપૂર્વક સર્વાદિકાર્યો થઈ શકે, અન્ય कप् વિગેરે સ્વાર્થિક પ્રત્યયાન્ત કોઈપણ સર્વાદિ પ્રકૃતિને તે કાર્યો ન થઈ શકે, તે માટે डतर-डतम પ્રત્યયોનું ગણપાઠમાં ગ્રહણ કર્યું છે.

અહીં યાદ રાખવું કે ગણપાઠમાં સ્વાર્થિક डतर-डतम પ્રત્યયના ગ્રહણથી જેમ कप्, तरप्, तमप् વિગેરે અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત सर्व, विश्व વિગેરે સર્વનામોના સર્વાદિત્વની નિવૃત્તિ થાય છે, તેમ 'त्यादि सर्वादेः ૭.૩.૨૧' સૂત્રથી પ્રાપ્ત સ્વાર્થિક अक् પ્રત્યય પૂર્વકના सर्व, विश्व વિગેરે નામોના સર્વાદિત્વની નિવૃત્તિ નહીં થાય. કેમકે डतर-डतम પ્રત્યયો પ્રકૃતિને અંતે થતા હોવાથી તેઓ પ્રકૃતિને અંતે થતા હોય તેવા સ્વાર્થિક પ્રત્યયાન્ત સર્વાદિ નામોના જ સર્વાદિત્વની નિવૃત્તિ રૂપ સંકોચ કરે છે, જ્યારે अक् પ્રત્યય પ્રકૃતિના અંત્ય સ્વરની પૂર્વે થતો હોવાથી अक् પ્રત્યયાન્ત સર્વાદિ નામોના સર્વાદિત્વનો નિષેધ તેમનાથી ન થઈ શકે.

**(b)** 'पञ्चतोऽन्यादेः १.४.५८' સૂત્રથી નપુંસકલિંગમાં વર્તતા સર્વાદિ ગણાંતર્ગત અન્ય, અન્યતર વિગેરે પાંચ નામો સંબંધી સિ અને અમ્ પ્રત્યયોનો દ્ આદેશ કરવા સ્વરૂપ કાર્યમાં ડતર-ડતમ પ્રત્યયાન્ત નામોનો પણ સમાવેશ કરવાનો હોવાથી સર્વાદિ ગણપાઠમાં ડતર-ડતમ પ્રત્યયોનું ગ્રહણ કર્યું છે.

**શંકા :-** સર્વાદિ ગણપાઠમાં ગ્રહણ કરેલાં ડતર-ડતમ પ્રત્યયો 'पञ्चतोऽन्यादेः १.४.५८' સૂત્રથી દ્ આદેશ કરવા રૂપ કાર્યમાં ચરિતાર્થ થઈ જાય છે, તેથી તેઓ कप् વિગેરે સ્વાર્થિક પ્રત્યયાન્ત સર્વાદિ નામોના સર્વાદિત્વની નિવૃત્તિનું જ્ઞાપક શી રીતે બની શકે ? કેમકે જ્ઞાપક તે બની શકે કે જે નિરર્થક થતું હોય.

**સમાધાન :-** જો આ રીતે 'पञ्चतो० १.४.५८' સૂત્રથી માત્ર દ્ આદેશ કરવા સર્વાદિ ગણપાઠમાં ડતર-ડતમ પ્રત્યયોનું ગ્રહણ કરવાનું હોય તો દ્ આદેશ કરવા તેમનું સર્વાદિ ગણપાઠમાં ઉપાદાન ન કરતા 'पञ्चतो० १.४.५८' સૂત્રમાં જ ઉપાદાન કરી દેત. પણ તેમ ન કરતા સર્વાદિ ગણપાઠમાં ગ્રહણ કર્યું છે, તે જ જણાવે છે કે તેમને અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત સર્વાદિ નામોના સર્વાદિત્વની નિવૃત્તિનું જ્ઞાપક બનાવવું છે.

**શંકા :-** ના, આમ કહેવું યુક્ત નથી. કેમકે **(a)** જો માત્ર દ્ આદેશ કરવા 'पञ्चतो० १.४.५८' સૂત્રમાં ડતર-ડતમ પ્રત્યયો મૂકીએ તો સૂત્ર 'अन्या-ऽन्यतरेतर-डतर-डतमस्य दः' આવું ગૌરવયુક્ત બનાવવું પડે. તેથી લાઘવાર્થે ડતર-ડતમ પ્રત્યયોનું ગ્રહણ સર્વાદિ ગણપાઠમાં જ કરવું જરૂરી છે. તેમજ **(b)** ડતર-ડતમ પ્રત્યયાન્ત નામો જ્યારે કોકની સંજ્ઞામાં વર્તતા હોય ત્યારે તેમના સંબંધી સિ-અમ્ પ્રત્યયોને 'पञ्चतो० १.४.५८' સૂત્રથી દ્ આદેશ નથી કરવો. જો તેઓ સર્વાદિ ગણમાં પ્રવિષ્ટ હોય તો સર્વાદિ નામો કોકની સંજ્ઞામાં વર્તતા હોય ત્યારે તદાશ્રિત સર્વ કાર્યોનો નિષેધ હોવાથી સંજ્ઞામાં વર્તતા ડતર-ડતમ પ્રત્યયાન્તનામાશ્રિત દ્ આદેશ રૂપ કાર્યનો નિષેધ પણ શક્ય બને. આથી ડતર-ડતમ પ્રત્યયો સર્વાદિ ગણપાઠમાં મૂકવા જરૂરી છે.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ સર્વાદિ ગણપાઠસ્થ અન્યાદિ પંચકમાં ડતર-ડતમ પ્રત્યયોનું ગ્રહણ કર્યું હોવાથી તેઓ અન્યાદિ પંચકમાં પણ ગણાય છે અને સર્વાદિ ગણમાં પણ ગણાય છે. તેમાં અન્યાદિ પંચકમાં ગણાવાના કારણે 'पञ्चतो० १.४.५८' સૂત્રથી દ્ આદેશ થવા રૂપ ફળ મળે છે. જ્યારે સર્વાદિ ગણમાં ગણાવા નિમિત્ત જો **'અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત સર્વાદિ નામોના સર્વાદિત્વની નિવૃત્તિ' રૂપ ફળ ન માનીએ તો** સર્વાદિ ગણમાં ડતર-ડતમ પ્રત્યયોની ગણના નિરર્થક ઠરતી હોવાથી તેમને અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત સર્વાદિ નામોના સર્વાદિત્વની નિવૃત્તિના જ્ઞાપક રૂપે માનવા આવશ્યક છે. આમ બૃહદ્વૃત્તિમાં દર્શાવ્યા મુજબ ડતર-ડતમ પ્રત્યયાન્ત कतरस्मै, कतमस्मै આદિ પ્રયોગસ્થળે સર્વાદિત્વ ઉપસ્થિત હોવાથી स्मै આદિ આદેશો થશે અને तमप् વિગેરે અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત सर्वतमाय વિગેરે પ્રયોગસ્થળે સર્વાદિત્વ નિવૃત્ત થવાથી स्मै આદિ આદેશો નહીં થાય.

**(8)** અન્ય શબ્દનો જે અર્થ થાય છે એ અર્થમાં જ્યારે त्व શબ્દ વર્તતો હોય ત્યારે એને સર્વાદિ ગણવો, અન્યથા નહીં. પ્રયોગ → **त्वस्मै , त्वस्मात्**

**(9) શંકા :-** બૃહદ્વૃત્તિમાં 'त्वत्शब्दः समुच्चयपर्यायः' સ્થળે માત્ર त्वत् પ્રયોગ ન કરતા त्वत्शब्दः પ્રયોગ કેમ કર્યો છે ?

**સમાધાન :-** માત્ર त्वत् પ્રયોગ કરીએ તો 'અહીં त् અનુબંધ પૂર્વકનો अ કારાન્ત त्व શબ્દ હશે કે त કારાન્ત त्वत् શબ્દ ?' આવી શંકા થાય. તેથી તેવી શંકાના નિવારણાર્થે બૃહદ્વૃત્તિમાં त्वत्शब्दः પ્રયોગ કર્યો છે.

હવે સમુચ્ચય અર્થમાં વર્તતો त्वत् શબ્દ સર્વાદિ છે. સમુચ્ચયની વ્યાખ્યા 'एकमर्थं प्रति द्वयादीनां तुल्यबलानाम-विरोधिनामनियतक्रमयौगपद्यानामात्मरूपभेदेन चीयमानता समुच्चयः' છે. તેનો અર્થ 'चार्थे द्वन्द्व० ३.१.११७' સૂત્રના બૃહન્ન્યાસ થકી જાણી લેવો.

**(10)** त्वत् શબ્દ વ્યંજનાન્ત (त કારાન્ત) હોવાથી તેને स्मै-स्मात् વિગેરે સર્વાદિ કાર્યો સંભવી શકતા નથી, છતાં તેનો સર્વાદિ ગણમાં નિવેશ 'सर्वादेः सर्वाः २.२.११९' સૂત્રથી હેત્વર્થક નામના યોગમાં સર્વ વિભક્તિઓ કરવા માટે, તેમજ 'त्यादि सर्वादेः ७.३.२९' સૂત્રથી સ્વાર્થિક अक् પ્રત્યયના વિધાન માટે કર્યો છે.
પ્રયોગ → **त्वतं हेतुं, त्वता हेतुना, त्वकतः**

**(11)** अर्ध શબ્દનો જે અર્થ થાય છે તે અર્થમાં વર્તતો नेम શબ્દ સર્વાદિ ગણવો.
પ્રયોગ → **नेमस्मै , नेमस्मात्**

**(12)** સર્વ શબ્દનો જે અર્થ થાય છે તે અર્થમાં વર્તતા सम અને सिम શબ્દો સર્વાદિ સંજ્ઞક ગણાય છે. પ્રયોગ → **समस्मै, सिमस्मै, सिमस्मात्.** સર્વ શબ્દ અમુક સંખ્યા રૂપ પ્રકાર (વિશેષણ) થી વિશિષ્ટ અર્થાત્ અમુક સંખ્યાવાળી જેટલી વસ્તુઓ હોય તેના કાત્સ્ન્ર્ય (સાકલ્ય) રૂપ અર્થને જણાવવામાં તત્પર હોય છે. દા.ત. 'सर्वे आयाताः' એટલે જેટલાં દશ-બાર જણને બોલાવ્યા હતા તેટલી સંખ્યાવાળા બધા જ વ્યક્તિઓ આવ્યા. અર્થાત્ અહીં બોલાવ્યા પ્રમાણે આવેલા વ્યક્તિઓનું સાકલ્ય सर्व શબ્દથી પ્રતીત થાય છે. આવા પ્રકારના सर्व શબ્દના અર્થમાં વર્તતા सम અને सिम શબ્દોને સર્વાદિ ગણવા, જુદા અર્થમાં વર્તતા હોય ત્યારે નહીં. જેમ કે समाय देशाय, समाद् देशाद् धावति. અહીં सम શબ્દથી સાકલ્ય અર્થ પ્રતીત નથી થતો પણ દેશની સપાટતા રૂપ અર્થ પ્રતીત થાય છે.

**(13)** स्व એટલે પૂર્વ, पर, अवर, दक्षिण, उत्तर, अपर અને अधर આ સાત શબ્દો. स्वाभिधेय એટલે પૂર્વ વિગેરે સાત શબ્દોથી વાચ્ય દિશા, દેશ, કાળ અને સ્વભાવ રૂપ પદાર્થ. अवधिनियम એટલે મર્યાદાનો અવશ્યંભાવ. અર્થાત્ અવશ્યપણે કોઈ મર્યાદાનું હોવું. આ 'स्वाभिधेयापेक्ष०..' પંક્તિનો છુટ્ટો છુટ્ટો અર્થ થયો. જ્યારે એ પંક્તિનો સીધો અર્થ આમ થશે-

પૂર્વ[A] વિગેરે સાત શબ્દોથી વાચ્ય દિશા, દેશ, કાળ અને સ્વભાવ રૂપ પદાર્થો દ્વારા અપેક્ષાતો જે વ્યવસ્થાના અપર પર્યાયરૂપ મર્યાદાનો અવશ્યંભાવ, તે ગમ્યમાન હોય ત્યારે પૂર્વ વિગેરે સાત શબ્દોને સર્વાદિ જાણવા.'

આને દૃષ્ટાંત દ્વારા સમજીએ. પૂર્વ શબ્દથી વાચ્ય દિશાને આપણે પૂર્વ દિશા એટલા માટે કહીએ છીએ કે તેની પરમાં મર્યાદા રૂપે પર (પશ્ચિમ) દિશા રહેલી હોય છે. અર્થાત્ પાછળ રહેલી પશ્ચિમ દિશા મર્યાદા રૂપે છે તેથી તેની પૂર્વમાં રહેલી દિશાને આપણે પૂર્વ દિશા કહીએ છીએ. એવી જ રીતે પર શબ્દથી વાચ્ય દિશાને આપણે પર (પશ્ચિમ) દિશા એટલા માટે કહીએ છીએ કે તેની પૂર્વમાં મર્યાદા રૂપે પૂર્વ દિશા રહેલી હોય છે. આમ દિશાના વાચક પૂર્વ વિગેરે સાત શબ્દો અવશ્ય કોઈ મર્યાદાની અપેક્ષા રાખતા હોય છે. આ જ રીતે દેશ, કાળ અને સ્વભાવના વાચક પૂર્વાદિ શબ્દો અંગે પણ સમજી લેવું. તેથી ફલિતાર્થ આ થયો કે અવશ્યપણે અવધીને સાપેક્ષરૂપે વર્તતા દિશા, દેશ, કાળ અને સ્વભાવ રૂપ પદાર્થના વાચક રૂપે પૂર્વાદિ સાત શબ્દો જ્યારે જણાતા હોય ત્યારે તેમને સર્વાદિ સમજવા, અન્યથા નહીં. પ્રયોગો → **પૂર્વસ્મૈ, પૂર્વસ્માત્ .....અધરસ્મૈ, અધરસ્માત્.**

જ્યાં અવશ્યપણે મર્યાદા હોવા રૂપ વ્યવસ્થા ન જણાતી હોય ત્યાં પૂર્વાદિ સાત શબ્દો સર્વાદિ નહીં ગણાય. જેમ કે 'દક્ષિણાય ગાથકાય (ગવૈયાને) દેહિ અને દક્ષિણાયૈ દ્વિજાઃ સ્પૃહયન્તિ' આ ઉભય સ્થળે દક્ષિણ શબ્દ મર્યાદાને નિયત દિશાદિના વાચક રૂપે નથી વર્તતો, પણ અનુક્રમે 'કુશળ' અને 'દાન' આ બે અર્થોને જણાવવામાં તત્પર છે. તેથી સર્વાદિ ન ગણાવાથી સ્મૈ આદેશ નહીં થાય.

**(14)** સ્વ શબ્દ આત્મા (પોતે), આત્મીય (પોતાના), જ્ઞાતિ અને ધન આ ચાર અર્થનો વાચક છે. તેમાંથી જ્યારે તે 'આત્મા' અને 'આત્મીય' અર્થનો વાચક હોય ત્યારે તેને સર્વાદિ ગણી સ્મૈ આદેશ વિગેરે સર્વાદિ કાર્યો થશે. જેમ કે 'યત્ સ્વસ્મૈ રોચતે તત્ સ્વસ્મૈ દદાતિ' અર્થ - જે પોતાને રુચે છે તે પોતાના લાગતાવળગતાને આપે છે. પણ જ્યારે સ્વ શબ્દ 'જ્ઞાતિ' અને 'ધન' અર્થને જણાવતો હોય ત્યારે તે સર્વાદિ નહીં ગણાવાથી સ્મૈ આદેશાદિ કાર્યો નહીં થાય. દા.ત. 'સ્વાય દાતું સ્વાય સ્પૃહયતિ' અર્થ - જ્ઞાતિજનને આપવા ધનની સ્પૃહા કરે છે.

**શંકા :-** 'આત્મા-આત્મીય' અર્થમાં સ્વ શબ્દ સર્વાદિ ગણાય અને 'જ્ઞાતિ-ધન' અર્થમાં સર્વાદિ ન ગણાય એવું કેમ ?

**સમાધાન :-** આનું કારણ એ છે કે કોઈપણ સર્વાદિ શબ્દો જો કોઈની સંજ્ઞામાં વર્તતા હોય તો તેઓ સર્વાદિ નથી ગણાતા. હવે જે પ્રયોગ સ્થળે શબ્દાન્તરને નિરપેક્ષ (પરમાં વિશેષ્ય વિગેરે અન્ય શબ્દોની અપેક્ષા ન રાખતો) સ્વ શબ્દ સ્વાભાવિક રીતે જ 'જ્ઞાતિ-ધન' અર્થનો વાચક બનતો હોય, તેવા સ્થળે તે 'જ્ઞાતિ-ધન' પદાર્થની સંજ્ઞા રૂપે વર્તતો હોવાથી સર્વાદિ ન ગણાય.

---

**(A)** स्वस्य पूर्वादिशब्दस्य अभिधेयं = वाच्यं, तेन अपेक्षः = अपेक्षमाणः यः अवधिः तस्य नियमः इत्यर्थः। नियमेनावधिसापेक्षार्थे वर्तमानानां पूर्वादिशब्दानां सर्वादित्वं भवति। (वै.सि.कौ. सरला)

**શંકા :-** શબ્દાન્તરને નિરપેક્ષ એવો જ સ્વ શબ્દ જો 'જ્ઞાતિ-ધન' અર્થને જણાવતો હોય, તો પછી स्वे पुत्राः (સગા પુત્રો) અને स्वे गावः (ધન સ્વરૂપ ગાયો) પ્રયોગસ્થળે સ્વ શબ્દ શબ્દાન્તરને સાપેક્ષ હોવા છતાં કેમ અનુક્રમે 'જ્ઞાતિ-ધન' અર્થને જણાવે છે ?

**સમાધાન :-** આ શંકા ઉચિત નથી. કેમકે આ બન્ને સ્થળે સ્વ શબ્દ 'આત્મીય' અર્થનો જ વાચક છે.

**શંકા :-** તો પછી આ પ્રયોગો દ્વારા 'જ્ઞાતિ-ધન' અર્થો જણાય છે શી રીતે ?

**સમાધાન :-** બન્ને પ્રયોગમાં સ્વ શબ્દથી પરમાં જે પુત્ર અને ગો શબ્દો ઉપસ્થિત છે, તેમને કારણે 'જ્ઞાતિ' અને 'ધન' અર્થ જણાઈ આવે છે. તેથી स्वे पुत्राः નો અર્થ 'પોતાના પુત્રો (કે જે જ્ઞાતિ સ્વરૂપ છે)' અને स्वे गावः નો અર્થ 'પોતાની ગાયો (કે જે ધન સ્વરૂપ છે)' આવો થશે.

**શંકા :-** તમારા કથન અનુસાર જો શબ્દાન્તરને નિરપેક્ષ જ સ્વ શબ્દ 'જ્ઞાતિ-ધન' અર્થનો વાચક બની શકે, તો પછી धूमायन्त इवाश्लिष्टाः प्रज्वलन्तीव संहताः। उल्मुकानीव मेऽमी स्वा ज्ञातयो भरतर्षभ।।[A] (મહાભારત ૫.૩૬.૩૮) શ્લોકમાં સ્વ શબ્દ 'જ્ઞાતિ' અર્થનો વાચક હોવા છતાં स्वा ज्ञातयो આમ સ્વ શબ્દ પછી જ્ઞાતિ શબ્દનો પુનઃ પ્રયોગ કેમ કર્યો છે ? આથી જ જણાય છે કે સ્વ શબ્દ શબ્દાન્તરને સાપેક્ષ હોય તો પણ તે 'જ્ઞાતિ-ધન' અર્થમાં વર્તી શકે.

**સમાધાન :-** આ વાત પણ ઉચિત નથી. કેમકે જે સ્થળે એક જ શબ્દના અનેક અર્થો થતા હોય અથવા 'આ શબ્દનો આ જ અર્થ થતો હશે ? કે બીજો કોઈ ?' આમ સંદેહ રહેતો હોય, તેવા સ્થળે શબ્દના યથાર્થ અર્થનું પ્રતિપાદન કરવા પર્યાયવાચી શબ્દોનો પાછળ પ્રયોગ કરી શકાય છે. જેમ કે મેઘ[B], ગિરિ, દૈત્ય વિશેષ, સૂવર વિગેરે અનેક અર્થવાળા वराह શબ્દનો પ્રયોગ કરવા છતાં પુનઃ 'સૂવર' રૂપ ઈષ્ટ અર્થના ગ્રહણાર્થે તે તે સ્થળે પાછળ शूकर શબ્દનો પ્રયોગ થતો હોય છે. તેમજ पिक શબ્દનો પ્રયોગ કર્યા બાદ ઘણા લોકોને સંદેહ થાય કે ''શું આનો અર્થ 'કોયલ' જ થતો હશે ? કે બીજો કોઈ ?'' તો તે સંદેહને દૂર કરવા पिक શબ્દની પાછળ कोकिल શબ્દનો પ્રયોગ થતો હોય છે. તેમ પ્રસ્તુતમાં પણ સ્વ શબ્દ જ્ઞાતિ, ધન વિગેરે અનેક અર્થવાળો છે, તેથી 'उल्मुकानीव मेऽमी स्वा ज्ञातयः' સ્થળે સ્વ શબ્દની પાછળ જો પર્યાયવાચી જ્ઞાતિ શબ્દનો પ્રયોગ કરવામાં ન આવે તો તે કયા અર્થમાં પ્રયુક્ત છે ? તેનો સંદેહ ઉભો રહે. તેથી તાદશ સંદેહના નિરાકરણાર્થે ઉપરોક્ત સ્થળે સ્વ શબ્દની પાછળ

---

**(A)** અર્ધ જ્વલિત લાકડા જેમ વિખેરાયેલાં પડ્યા હોય ત્યારે ધૂમાડાવાળા હોય છે અને પરસ્પર ભેગા કરવામાં આવે ત્યારે જેમ બળવા લાગે છે તેમ મારા જ્ઞાતિજન અંગે પણ સમજવું.

**(B)** वराह एव वराहको, बवयोः रलयोश्चैक्यात् वराहको बलाहको वा द्वावप्येकार्थौ। 'बलाहको गिरौ मेघे दैत्यनाग-विशेषयोः' इति विश्वः।

જ્ઞાતિ શબ્દનો પ્રયોગ થઈ શકે છે. અને આવા સ્થળે સ્વ શબ્દની પાછળ પ્રયુક્ત જ્ઞાતિ શબ્દ માત્ર સ્વ શબ્દના જ્ઞાતિ રૂપ વિવક્ષિત અર્થના સ્પષ્ટીકરણાર્થે જ હોવાથી તેને લઈને સ્વ શબ્દ શબ્દાન્તરને સાપેક્ષ ન ગણાય. આ જ રીતે ધનાર્થક સ્વ શબ્દ અંગે પણ સમજી લેવું.

**(15)** અન્તર શબ્દ 'બહિર્યોગ' અને 'ઉપસંવ્યાન' અર્થમાં સર્વાદિ ગણાય છે. પણ એટલું વિશેષ કે બહિર્યોગ અર્થમાં વર્તતો અન્તર શબ્દ જો પુર્ શબ્દના વિશેષણ રૂપે હોય તો તે સર્વાદિ નથી ગણાતો. બહિર્યોગ બે પ્રકારે છે - બહિર્ભાવની સાથે યોગ રૂપ અને બાહ્યની સાથે યોગ રૂપ. ઉપસંવ્યાન પણ બે પ્રકારે છે - ઉપસંવ્યાન રૂપ અને ઉપસંવીયમાન રૂપ.

આને જરા આપણે વિસ્તારથી સમજીએ. અન્તર શબ્દ આમ તો ચૌદ અર્થમાં વર્તે છે. તેની કારિકા અને દૃષ્ટાંતો આ પ્રમાણે છે -

**अन्तरमवकाशावधिपरिधानान्तर्द्धिभेदतादर्थ्ये।**
**छिद्रात्मीयविनाबहिरवसरमध्येऽन्तरात्मनि च।। (ल.श.शे.)**

**(i)** અવકાશે - અન્તરં દેહિ **(ii)** અવધૌ - માસાન્તરે દેયમ્ **(iii)** પરિધાને (ઉપસંવ્યાને) - અન્તરે શાટકાઃ **(iv)** અન્તર્દ્ધૌ - ઘનાન્તરિતઃ સૂર્યઃ **(v)** ભેદે - યદન્તરં સિંહશૃગાલયોઃ **(vi)** તાદર્થ્યે - તવાન્તરે ઋણં ગૃહિતમ્ **(vii)** છિદ્રે - અન્તરં પશ્યતિ **(viii)** આત્મીયે - અન્તરે જનાઃ **(ix)** વિનાર્થે - અન્તરેણ પુરુષકારમ્ **(x)** બહિરર્થે - અન્તરે ચાણ્ડાલગૃહાઃ **(xi)** અવસરે - અન્તરજ્ઞઃ સેવકઃ **(xii)** મધ્યે - અનયોરન્તરે શૈલૈઃ **(xiii)** અન્તરાત્મનિ - અન્યાન્તર આત્માઽઽનન્દમયઃ। શ્લોકમાં ચકાર અનુક્ત સમુચ્ચયાર્થક હોવાથી સાદૃશ્ય અર્થનો પણ સમુચ્ચય થાય છે. **(xiv)** સાદૃશ્યે - સ્થાનેઽન્તરતમઃ.

આ ચૌદ અર્થો પૈકી માત્ર 'બહિર્યોગ' અને 'ઉપસંવ્યાન' અર્થમાં જ અન્તર શબ્દ સર્વાદિ ગણાય છે. તેમાં બહિર્યોગ બે પ્રકારે છેઃ બહિર્ભાવની સાથે યોગ રૂપ અને બાહ્યની સાથે યોગ રૂપ.

**(a)** ***બહિર્ભાવની સાથે યોગ*** - બહિર્ એટલે અનાવૃત્ત દેશ (ખુલ્લો પ્રદેશ) અને તે સ્વરૂપ જ ભાવ એટલે બહિર્ભાવ. અર્થાત્ ખુલ્લા પ્રદેશને બહિર્ભાવ કહેવાય અને તેની સાથે સંબંધવાળી વસ્તુને બહિર્ભાવની સાથે યોગવાળી વસ્તુ કહેવાય. જેમકે અન્તરસ્મૈ ગૃહાય સ્પૃહયતિ એટલે 'નગરની[A] બહાર કિલ્લા, ખાઈ વિગેરેથી નહીં આવરાયેલા ખુલ્લા પ્રદેશમાં રહેલા ચંડાળ વિગેરેના ઘરની સ્પૃહા કરે છે.' અહીં ચંડાળના ગૃહો નગરની બહારના ખુલ્લા પ્રદેશની સાથે સંબદ્ધ હોવાથી બહિર્ભાવની સાથે યોગ જણાય છે, તેથી તે અર્થમાં વર્તતો અન્તર શબ્દ સર્વાદિ ગણાતા તેના સંબંધી ઙે પ્રત્યયનો સ્મૈ આદેશ થયો છે.

---

**(A)** चतुष्प्रतोलीयुक्तप्राकारावृत्तं नगरमुच्यते।

**(b)** ***બાહ્યની સાથે યોગ*** - બહિર્ભાવ (ખુલ્લા પ્રદેશ) ની સાથે યોગવાળી વસ્તુને બાહ્ય કહેવાય અને તે બાહ્યની સાથે સંબંધવાળી વસ્તુને બાહ્યની સાથે યોગવાળી વસ્તુ કહેવાય. દા.ત. અન્તરસ્મૈ ગૃહાય સ્પૃહયતિ એટલે 'નગરની બહાર ખુલ્લા પ્રદેશમાં રહેલા ચંડાળ વિગેરેના ઘરો (બાહ્ય) ની સાથે સંબદ્ધ નગરાભ્યન્તરવર્તી ઘરોની સ્પૃહા કરે છે.' અહીં નગર બહારના ખુલ્લા પ્રદેશ (બહિર્ભાવ) માં રહેલા ચંડાળના ગૃહો બાહ્ય સ્વરૂપે જાણાય છે અને તેમની સાથે નગરની અંદરના ગૃહો સંબદ્ધ હોવાથી તેમનો બાહ્યની સાથે યોગ જાણાય છે. તેથી તે અર્થમાં વર્તતો અન્તર શબ્દ સર્વાદિ ગણાતા તેના સંબંધી ङे પ્રત્યયનો स्मै આદેશ થયો છે.

અહીં નગરની બહારના ઘરો તરીકે ચંડાળના ઘરોને બતાવવાનું કારણ એ છે કે પૂર્વકાળમાં કિલ્લાથી આવરાયેલા પ્રદેશમાં ચંડાળના ઘરો ન'તા રહેતા. તેમજ બૃહદ્વૃત્તિમાં બહિર્ભાવની સાથે યોગ અને બાહ્યની સાથે યોગ રૂપ અર્થને જાણાવવા એક વાર જ અન્તરસ્મૈ દૃષ્ટાંત દર્શાવ્યું છે, તે એટલાં માટે કે અર્થ જુદો થતો હોવા છતાં પ્રયોગ એક સરખો જ થાય છે. આમ આગળ પણ સમજી લેવું.

ઉપસંવ્યાન પણ બે પ્રકારે છેઃ ઉપસંવ્યાન રૂપ અને ઉપસંવીયમાન રૂપ. તેમાં જ્યારે ઉપસંવ્યાન શબ્દની ઉપસંવીયતે यद् = ઉપસંવ્યાન આમ કર્માર્થક વ્યુત્પત્તિ કરી 'भुजिपत्यादि० ५.३.१२८' સૂત્રથી अनट् પ્રત્યય લગાડી નિષ્પત્તિ કરવામાં આવે ત્યારે તે અંતરીય (આંતર વસ્ત્ર)નો વાચક બનતો હોવાથી ઉપસંવ્યાન રૂપ ગણાય અને જ્યારે ઉપસંવ્યાન શબ્દની ઉપસંવીયતે अनेन = ઉપસંવ્યાન આમ કરણાર્થક વ્યુત્પત્તિ કરી 'करणाधारे ५.३.१२९' સૂત્રથી अनट् પ્રત્યય લગાડી નિષ્પત્તિ કરવામાં આવે ત્યારે તે ઉત્તરીય (બહાર પહેરવાના વસ્ત્ર)નો વાચક બનતો હોવાથી ઉપસંવીયમાન રૂપ ગણાય.

**શંકા :-** ઉપસંવ્યાન શબ્દની કર્માર્થક વ્યુત્પત્તિ કરવાથી અંતરીય અર્થ અને કરણાર્થક વ્યુત્પત્તિ કરવાથી ઉત્તરીય અર્થ શી રીતે પ્રાપ્ત થાય ?

**સમાધાન :-** 'ઉપસંવીયતે यद् અર્થાત્ આચ્છાદ્યતે यद् (બહિર્દેશસ્થેન વસ્ત્રેણ) तद् ઉપસંવ્યાન' આમ કર્માર્થક વ્યુત્પત્તિ કરવાથી બહારના વસ્ત્રથી જે ઢંકાય તે અંદરના વસ્ત્રને ઉપસંવ્યાન કહેવાય અને 'ઉપસંવીયતે અનેન અર્થાત્ (અન્તર્વસ્ત્રં) આચ્છાદ્યતે અનેન इति ઉપસંવ્યાન' આમ કરણાર્થક વ્યુત્પત્તિ કરવાથી અંદરનું વસ્ત્ર જે બહારના વસ્ત્રથી ઢંકાય તે બહારના વસ્ત્રને ઉપસંવ્યાન કહેવાય. આમ ઉપસંવ્યાન શબ્દની કર્મ-કરણાર્થક વ્યુત્પત્તિ કરવાથી અનુક્રમે અંતરીય અને ઉત્તરીય અર્થની પ્રાપ્તિ થાય છે.[A]

---

**(A)** ઉપસંવ્યાનશબ્દઃ ઉપસંવીયતે = આચ્છાદ્યતે યદિતિ કર્મવ્યુત્પત્ત્યાऽન્તરીયપરઃ, અર્થાદાભ્યન્તરપરઃ, આભ્યન્તર એવ હિ આચ્છાદ્યતે બહિર્દેશસ્થેન। ઉપસંવીયતે = આચ્છાદ્યતેऽનેનેતિ કરણવ્યુત્પત્ત્યા તુ ઉત્તરીયપરઃ, અર્થાદ્ બહિર્દેશસ્થપરઃ, બહિર્દેશસ્થેનૈવ હિ આચ્છાદ્યતે આભ્યન્તરઃ। પાણિ. સૂ. ૧.૧.૩૬ (મ.ભાષ્ય-પ્રદીપ-તત્ત્વાલોકઃ)

**શંકા :-** કર્માર્થિક અને કરણાર્થક વ્યુત્પત્તિને લઈને બે જુદા અર્થવાળો ઉપસંવ્યાન શબ્દ હોવા છતાં ઉપસંવ્યાન અર્થમાં અન્તર શબ્દને સર્વાદિ ગણવાની કોઈ જરૂર નથી. કેમકે બહારનું વસ્ત્ર (ઉત્તરીય) ખુલ્લા પ્રદેશની સાથે સંબંધવાળું હોવાથી બહિર્ભાવની સાથે યોગવાળું છે અને અંદરનું વસ્ત્ર (અંતરીય) બાહ્ય[A] એવા ઉત્તરીયની સાથે સંબદ્ધ હોવાથી બાહ્યની સાથે યોગવાળું છે. આમ બન્ને સ્થળે બહિર્યોગને લઈને જ મેળ પડી જાય છે.

**સમાધાન :-** જ્યારે સરખા પ્રમાણવાળા બે ધોતિ વિગેરે કોઈ વસ્ત્ર પહેર્યા ન હોય પણ માત્ર હાથમાં પકડીને રાખ્યા હોય (અથવા પહેર્યા હોય તો પણ સરખા વર્ણવાળા તે બન્ને વસ્ત્રો એ રીતે સમાંતર પહેર્યા હોય) કે જોનારને ખબર ન પડે કે આ બેમાંથી કયું વસ્ત્ર ઉત્તરીય છે અને કયું અંતરીય. ત્યારે ઉત્તરીયનો બહિર્ભાવની સાથે યોગ અને અંતરીયનો બાહ્ય એવા ઉત્તરીયની સાથે યોગ જાણવો શક્ય ન બનતા બહિર્યોગને લઈને વ્યવસ્થા જાળવવી શક્ય ન બને. તેથી ઉપસંવ્યાન અર્થમાં અન્તર શબ્દને સર્વાદિ ગણાવવો જરૂરી છે.

**શંકા :-** એમ તો કયું વસ્ત્ર ઉત્તરીય છે અને કયું અંતરીય છે તે જાણવું પણ શક્ય ન બનતા ઉપસંવ્યાનને લઈને પણ વ્યવસ્થા જાળવવી શક્ય નહીં બને.

**સમાધાન :-** જે વ્યક્તિ પ્રેક્ષાપૂર્વકારી (વિચક્ષણ) હોય તે વ્યક્તિ પોતાના બુદ્ધિ બળે સમજી જાય કે આ વસ્ત્ર ઉત્તરીય સ્વરૂપ હશે અને આ વસ્ત્ર અંતરીય સ્વરૂપ હશે. માટે ઉપસંવ્યાનને લઈને વ્યવસ્થા જાળવવી શક્ય છે.

**શંકા :-** વિચક્ષણ પુરુષ જો બુદ્ધિ બળે ઉત્તરીય અને અંતરીય વસ્ત્રને જાણે અને ઉપસંવ્યાનને લઈને વ્યવસ્થા જાળવી શકે, તો આ ઉત્તરીય વસ્ત્ર બહિર્ભાવની સાથે યોગવાળું હશે અને આ અંતરીય વસ્ત્ર બાહ્ય એવા ઉત્તરીયની સાથે યોગવાળું હશે એમ જાણી તે બહિર્યોગને લઈને પણ વ્યવસ્થા જાળવી શકે. માટે ઉપસંવ્યાન અર્થમાં અન્તર શબ્દને સર્વાદિ ગણાવવો વ્યર્થ છે.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ જ્યારે કોઈ વ્યક્તિએ એકસાથે ચાર વસ્ત્ર પહેર્યા હોય ત્યારે બહારથી પહેલું જે વસ્ત્ર છે તેનો બહિર્ભાવની સાથે યોગ હોવાથી અને બીજા વસ્ત્રનો બાહ્ય એવા તે પહેલા વસ્ત્રની સાથે યોગ હોવાથી બહિર્યોગને લઈને જ મેળ પડી જાય. પણ ત્રીજા અને ચોથા વસ્ત્રનો બહિર્યોગને લઈને મેળ પાડવો શક્ય નથી. તેથી ત્રીજા અને ચોથા વસ્ત્રની વ્યવસ્થા માટે ઉપસંવ્યાન અર્થમાં અન્તર શબ્દને સર્વાદિ ગણાવવો જરૂરી છે. તેમાં ઉપસંવ્યાન શબ્દની કર્માર્થિક વ્યુત્પત્ત્યનુસારે સૌથી અંદર પહેરેલું ચોથું વસ્ત્ર ઉપસંવ્યાન રૂપ ગણાશે અને કરણાર્થક વ્યુત્પત્ત્યનુસારે અંદરનું ત્રીજું વસ્ત્ર ઉપસંવીયમાન રૂપ ગણાશે. દૃષ્ટાંત - **અન્તરમ્મૈ પટાય.**

---

**(A)** 'બહિર્ભાવ = ખુલ્લો પ્રદેશ' અને 'બહિર્ભાવની સાથે યોગવાળી વસ્તુ = બાહ્ય'

**(16)** બહિર્યોગ જણાવા છતાં અન્તર શબ્દ જો વ્યંજનાન્ત પુર્ શબ્દના વિશેષણ રૂપે હોય તો તે સર્વાદિ નથી ગણાતો. જેમકે અન્તરાયૈ પુરે ક્રુધ્યતિ એટલે 'નગરની બહાર ખુલ્લા પ્રદેશમાં (બહિર્ભાવમાં) રહેલા ચંડાળ વિગેરેના નગર ઉપર ક્રોધ કરે છે.' અહીં ચંડાળનું નગર કિલ્લા વિગેરેથી અનાવૃત્ત ખુલ્લા પ્રદેશમાં હોવાથી તેનો બહિર્ભાવની સાથે યોગ હોવાને કારણે બહિર્યોગ જણાય છે, પણ સ્ત્રીલિંગનો આપ્ પ્રત્યયાન્ત અન્તરા શબ્દ પુર્ શબ્દનું વિશેષણ હોવાથી તે સર્વાદિ ન ગણાતા તેને લાગેલો ચતુર્થી વિભક્તિના ઙે પ્રત્યયનો યૈ આદેશ 'सर्वादेर्डस्० १.४.१८' સૂત્રથી ડસ્યૈ રૂપે ન થયો.

**શંકા :-** બૃહદ્વૃત્તિમાં 'पुरि तु न भवति' આગળ 'न चेद् बहिर्योगेऽपि पुरि वर्तते' આટલો જ નિર્દેશ કર્યો છે. તેનો અર્થ 'અન્તર શબ્દ પુર (નગર) અર્થમાં વર્તતો હોય એટલે કે નગરાર્થક કોઈ પણ પુર્, પુર, પુરી, નગર, દ્રઙ્ગ વિગેરે શબ્દનું વિશેષણ[A] બનવા પૂર્વક નગર અર્થમાં વર્તતો હોય ત્યારે તે સર્વાદિ નથી ગણાતો' આવો થાય. તો તમે 'અન્તર શબ્દ માત્ર વ્યંજનાન્ત પુર્ શબ્દના વિશેષણ રૂપે હોય ત્યારે જ સર્વાદિ નથી ગણાતો.' આવો અર્થ શેના આધારે કર્યો ?

**સમાધાન :-** બૃહદ્વૃત્તિની એ બન્ને પંક્તિમાં સપ્તમ્યન્ત 'पुरि' આમ જે નિર્દેશ કર્યો છે તે શબ્દ પ્રધાન નિર્દેશ છે. અર્થાત્ તેમાં વ્યંજનાન્ત પુર્ આવા શબ્દ સ્વરૂપની (શબ્દાકૃતિની) પ્રધાનતા છે, પણ પુર્ શબ્દથી વાચ્ય 'નગર' અર્થની પ્રધાનતા નથી. માટે જ અન્તર શબ્દ જ્યારે નગરાર્થક પુર, પુરી, નગર, દ્રઙ્ગ વિગેરે શબ્દોનું વિશેષણ બને ત્યારે તે સર્વાદિ ગણાય છે, પણ જ્યારે તે વ્યંજનાન્ત પુર્ શબ્દનું વિશેષણ બને ત્યારે તે સર્વાદિ નથી ગણાતો.

**(17)** બહિર્યોગ અને ઉપસંવ્યાનાર્થક જ અન્તર શબ્દ સર્વાદિ ગણાય છે. તેથી 'अयं तापसः अनयोः ग्रामयोः अन्तरात् (= मध्याद्) आयातः' સ્થળે અન્તર શબ્દ મધ્યાર્થક હોવાથી સર્વાદિ ન ગણાતા તેને લાગેલા પંચમીના ङसि પ્રત્યયનો स्मात् આદેશ ન થયો.

**(18)** द्वि, युष्मद्, भवत् (भवतु) અને अस्मद् શબ્દો अ કારાન્ત ન હોવાથી તેમને સર્વાદિનામાશ્રિત स्मै, स्मात् આદિ આદેશો સંભવતા નથી. છતાં સર્વાદિ ગણમાં તેમનો પાઠ **(a)** 'सर्वादेः सर्वाः २.२.११९' સૂત્રથી હેત્વર્થક શબ્દના યોગમાં સર્વ વિભક્તિની પ્રાપ્તિ માટે **(b)** 'त्यादिसर्वा० ७.३.२९' સૂત્રથી अक् પ્રત્યયાર્થે **(c)** 'त्यदादि ३.१.१२०' સૂત્રથી એકશેષ વૃત્તિની પ્રાપ્તિ માટે **(d)** 'विशेषणं स० ३.१.१५०' સૂત્રથી બહુવ્રીહિ સમાસ

---

**(A)** વિશેષણ શબ્દ પોતાના વિશેષ્ય શબ્દથી વાચ્ય પદાર્થનો જ વાચક બને. જેમ કે 'नीलं कमलम्' અહીં નીલ કોણ ? તો વિશેષ્ય કમલ શબ્દથી વાચ્ય કમળ પદાર્થ જ નીલ છે. અર્થાત્ નીલ વિશેષણ પોતાના વિશેષ્ય કમળ પદાર્થનું જ વાચક બન્યું. તેમ પ્રસ્તુતમાં પણ અન્તર શબ્દ પુરી વિગેરે શબ્દોનું વિશેષણ બને ત્યારે વિશેષ્ય એવા પુરી વિગેરે શબ્દથી વાચ્ય નગરાર્થનો જ વાચક બને.

સ્થળે તેમના પૂર્વનિપાતાર્થે **(e)** 'सर्वादयो० ३.२.६१' સૂત્રથી પુંવદ્ભાવની પ્રાપ્ત્યર્થે **(f)** 'सर्वादिविष्वग्० ३.२.१२२' સૂત્રથી ડદ્રિ ના આગમ માટે **(g)** 'त्यदाद्यन्य० ५.१.१५२' સૂત્રથી ટક્ પ્રત્યયાર્થે **(h)** 'त्यदादि ६.१.७' સૂત્રથી 'दु' સંજ્ઞા થતા તેમને 'अवृद्धाद्० ६.१.११०' સૂત્રથી આયનિઝ્ પ્રત્યય અને 'दोरीयः ६.३.३२' સૂત્રથી ઇય પ્રત્યયાર્થે અને **(i)** 'त्यदादेर्मयट्० ६.३.१५९' સૂત્રથી મયટ્ પ્રત્યયની પ્રાપ્તિ માટે દર્શાવ્યો છે. આ નવે કારણો અને તેમને આશ્રયીને થતા પ્રયોગો મધ્યમવૃત્તિ અવચૂરીમાં વિસ્તારથી દર્શાવ્યા છે.

**(19) શંકા :-** સર્વાદિ નામો ક્યારે સર્વાદિ ગણાય છે ? આવા કોઈ વિષયનો તમે સૂત્રમાં ઉલ્લેખ કર્યો નથી. તેથી સર્વાદિ નામો જ્યારે કોકની સંજ્ઞામાં વર્તતા હશે ત્યારે પણ તેઓ સર્વાદિ ગણાતા તેમને स्मै આદિ કાર્યો થવાનો દોષ આવશે.

**સમાધાન :-** આ દોષ નહીં આવે. કેમકે અમે સર્વાદિ નામોનો ગણપાઠ સ્થાપ્યો છે. ગણપાઠના બળે અમે સંજ્ઞામાં વર્તતા સર્વાદિ નામોના સર્વાદિત્વનો નિષેધ કરી દઈશું. જેથી स्मै આદિ કાર્યો કરવાના નહીં રહે.

**શંકા :-** ગણપાઠના બળે શી રીતે સર્વાદિત્વનો નિષેધ થઈ શકે ?

**સમાધાન :-** અમે શુદ્ધ એવા સર્વાદિ નામોનો જ ગણપાઠમાં સમાવેશ કર્યો છે, સંજ્ઞામાં વર્તતાનો નહીં. તેથી નિષેધ થઈ શકે. આમ હવે ગણપાઠસ્થ સઘળાય સર્વાદિ નામોને આશ્રયીને જે 'स्मै' આદિ સામાન્ય કાર્યો કરવાના છે તેમજ ગણપાઠસ્થ અન્ય, અન્યતર વિગેરે પાંચ નામ માત્રને આશ્રયીને 'पञ्चतो० १.४.५८' સૂત્રથી જે 'द्' આદેશ અને त्यद् થી લઈને द्वि સુધીના નામોને આશ્રયીને 'आ द्वेरः २.१.४१' સૂત્રથી જે अ આદેશ રૂપ વિશેષ કાર્યો કરવાના છે તે ગણપાઠમાં સમાવિષ્ટ શુદ્ધ સર્વાદિ શબ્દોને જ થશે, પણ કોકની સંજ્ઞામાં વર્તતા ગણપાઠ બાહ્ય શબ્દોને નહીં.

**શંકા :-** 'अमौ मः २.१.१६' સૂત્રમાં તો સંજ્ઞામાં વર્તતા અને તે સિવાયના બન્ને પ્રકારના युष्मद्, अस्मद् શબ્દથી પરમાં રહેલા अम् -औ પ્રત્યયના म આદેશનું વિધાન કર્યું છે અને युष्मद्, अस्मद् શબ્દો સર્વાદિ ગણપાઠમાં દર્શાવ્યા છે. આમ તે સૂત્રમાં म આદેશ રૂપ સર્વાદિ કાર્ય કરવા માટે સંજ્ઞામાં વર્તતા युष्मद्, अस्मद् શબ્દોનું પણ ગ્રહણ થતું હોવાથી તમારી 'સર્વાદિનામાશ્રિત કાર્યો કરવા માટે ગણપાઠસમાવિષ્ટ શુદ્ધ સર્વાદિ નામોનું જ ગ્રહણ થશે, સંજ્ઞામાં વર્તતા ગણપાઠબાહ્ય નામોનું નહીં' આ વાત ક્યાં ઊભી રહી ?

**સમાધાન :-** 'अमौ मः २.१.१६' સૂત્રમાં ગણપાઠ નિર્દિષ્ટ युष्मद्, अस्मद् શબ્દોનું ગ્રહણ નથી કર્યું, પણ ઉણાદિ ગણના युष्मद्, अस्मद् શબ્દનું ગ્રહણ કર્યું છે. આમ તે શબ્દો સર્વાદિ ગણના ન હોવાથી તે સૂત્રથી થતું म આદેશરૂપ કાર્ય સર્વાદિનામાશ્રિત કાર્ય ન ગણાતા અમારી ઉપરોક્ત વાત યથાવત્ ઊભી રહે જ છે.

અથવા તો આ બધી ચર્ચાઓથી સર્યું. હવે અમે સર્વાદિ ગણપાઠમાં 'असंज्ञायाम्[(A)]' વચનનો નિવેશ કરશું, જેથી સંજ્ઞામાં વર્તતું ગણપાઠ અન્તર્ગત કોઈપણ સર્વ વિગેરે નામ સર્વાદિ નહીં ગણાય.

**શંકા :-** સંજ્ઞામાં વર્તતા સર્વ વિગેરે શબ્દો ગૌણ બની જાય છે, તેથી અહીં [(B)]પ્રસિદ્ધિ-અપ્રસિદ્ધિ વશે ***'गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः'*** ન્યાયને અવકાશ રહેતો હોવાથી સંજ્ઞા સિવાયના સ્થળે પોતાના સાકલ્યાદિ મૂળ અર્થમાં વર્તતા મુખ્ય સર્વ વિગેરે નામોને આશ્રયીને જ સર્વાદિ કાર્યો થશે, સંજ્ઞામાં વર્તતા ગૌણ સર્વ વિગેરે નામોને આશ્રયીને નહીં. તો શા માટે તમારે સંજ્ઞામાં વર્તતા સર્વ વિગેરે નામોના સર્વાદિત્વના નિષેધાર્થે ગણપાઠમાં 'असंज्ञायाम्' વચનનો નિવેશ કરવો પડે ?

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી, કેમકે ***'गौणमुख्ययोः०'*** ન્યાય 'પદકાર્ય' સ્થળે જ પ્રવર્તે છે, 'નામકાર્ય' સ્થળે નહીં. અહીં પ્રસંગવશ 'પદકાર્ય' અને 'નામકાર્ય' કોને કહેવાય તે સમજી લઈએ.

**(a) નામકાર્ય** - કોઈપણ અર્થવાન શબ્દને (મૂળ શબ્દને) સ્ત્રી પ્રત્યયો કે વિભક્તિના પ્રત્યયો લાગતા વ્યાકરણસૂત્ર વિહિત જે કાર્ય થાય તે 'નામકાર્ય' કહેવાય છે. જેમકે गौः પ્રયોગસ્થળે गो શબ્દને सि પ્રત્યય લાગતા 'ओतः औः १.४.७४' સૂત્રથી જે गो શબ્દના અંત્ય ओ નો औ આદેશ કરીએ છીએ તે 'નામકાર્ય' ગણાય.

**(b) પદકાર્ય[(C)]** - નામને એકવાર વિભક્તિના પ્રત્યયો લાગ્યા પછી જ્યારે તે ભાષા કે લોકવ્યવહારમાં પ્રયોગને યોગ્ય પદ રૂપે તૈયાર થઈ જાય, ત્યાર પછી તે પદનો પદાન્તર સાથે સંબંધ કરાતા મૂળ પદને વ્યાકરણના સૂત્રો પ્રમાણે જે કાર્ય થાય તે 'પદકાર્ય' કહેવાય. જેમકે अग्नीषोमौ પ્રયોગસ્થળે अग्निश्च सोमश्च = अग्निषोमौ આમ ભાષા કે લોકવ્યવહારમાં પ્રયોગને યોગ્ય अग्निः પદનો सोमः પદની સાથે દ્વન્દ્વસમાસ કર્યા બાદ 'ईः षोमवरुणे० ३.२.४२' સૂત્રથી अग्निः આ મૂળ પદના અંત્ય इ નો દીર્ઘ ई આદેશ કરવો એ 'પદકાર્ય' ગણાય.

પ્રસ્તુતમાં સર્વ વિગેરે શબ્દોને લાગતા સ્યાદિ વિભક્તિના પ્રત્યયોનો स्मै આદિ આદેશ કરવો એ 'નામકાર્ય'

---

**(A)** આ વચન બૃ.વૃત્તિમાં દર્શાવેલાં સર્વાદિ ગણપાઠમાં છેલ્લે '..... अस्मद् , किम् इत्यसंज्ञायां सर्वादिः' સ્થળે છે.

**(B)** સર્વ શબ્દનો 'સાકલ્ય' અર્થ પ્રસિદ્ધ છે. તેથી 'સાકલ્ય' અર્થનો વાચક સર્વ શબ્દ મુખ્ય ગણાય. જ્યારે સર્વ શબ્દ કોકની સંજ્ઞામાં વર્તતો હોય ત્યારે તે 'વ્યક્તિ વિશેષ' રૂપ અર્થ કે જે અપ્રસિદ્ધ છે તેનો વાચક બનતો હોવાથી સંજ્ઞાસ્થલીય સર્વ શબ્દ ગૌણ ગણાય. અને **'गौणमुख्ययोः०'** ન્યાયથી સર્વાદિનામાશ્રિત स्मै આદેશાદિ કાર્યમાં મુખ્ય સર્વ શબ્દનું જ ગ્રહણ થાય. દા.ત. સર્વાય દેહિ સ્થળે સર્વ શબ્દ અપ્રસિદ્ધ વ્યક્તિ વિશેષની સંજ્ઞામાં વર્તતો હોવાથી स्मै આદેશ ન થયો. અર્થ - સર્વ નામના વ્યક્તિને આપ.

**(C)** विभक्त्यनिमित्तकत्वे सति स्त्रीत्वाऽनिमित्तकत्वं पदकार्यत्वम्।

હોવાથી અહીં ***'गौणमुख्ययोः०'*** ન્યાય લાગી શકે નહીં. તેથી સંજ્ઞામાં વર્તતા સર્વ વિગેરે નામોના સર્વાદિત્વના નિષેધાર્થે ગણપાઠમાં 'असंज्ञायाम्' વચનનો નિવેશ કરવો જરૂરી છે.

**શંકા :-** ***'गौणमुख्ययोः०'*** ન્યાય 'નામકાર્ય' સ્થળે ન પ્રવર્તે એવું કેમ ?

**સમાધાન :-** આનું કારણ એ છે કે 'નામકાર્ય' સ્થળે ગૌણભાવ પ્રતીત થતો જ નથી. આશય એ છે કે સ્વાર્થમાં (પોતાના મૂળ અર્થમાં) વર્તતા નામને વિભક્તિના પ્રત્યયો લાગતા તેને લગતા કાર્યો [A] (નામકાર્યો) કર્યા પછી જ્યારે તે નામ પ્રયોગ કરવા યોગ્ય પદ રૂપે નિષ્પન્ન થાય ત્યારે તેની બાજુમાં અન્ય કોઈ પદનો પ્રયોગ કરાતા જો બાધ (અર્થનો મેળ ન થતો) જણાય તો વિવક્ષિત પદમાં પદાન્તરની અપેક્ષાએ ગૌણભાવ પ્રતીત થાય છે. જેમકે गां वाहीकम् आनय સ્થળે 'ગાય' સ્વરૂપ પોતાના મૂળ અર્થમાં વર્તતા गो નામને આનયન ક્રિયાની અપેક્ષાએ દ્વિતીયા એકવચનની अम् વિભક્તિ લગાડી છે. હવે 'आ अम्शसो० १.४.७५' સૂત્રથી થતું 'નામકાર્ય' કર્યા પછી જ્યારે गो શબ્દ પ્રયોગ કરવા યોગ્ય गाम् પદ રૂપે તૈયાર થાય ત્યારે આકાંક્ષાદિમૂલક ***'वाक्यीय०'*** ન્યાયથી गाम् પદની બાજુમાં वाहीकम् પદનો પ્રયોગ કરાતા આપણને સીધો અર્થ 'ગાય સ્વરૂપ વાહીકને લાવ' આવો પ્રતીત થાય છે કે જે બાધિત છે. બાધિત એટલા માટે છે કે ગાય એ પશુ છે અને વાહીક એ મનુષ્ય વિશેષ છે. મનુષ્ય ક્યારેય પશુ સ્વરૂપ હોઈ શકે નહીં. તેથી બાધ જણાતા અર્થનો મેળ પાડવા આપણે ગૌણી લક્ષણા[B]નો આશ્રય લઈ गो શબ્દના પોતાના 'ગાય' સ્વરૂપ મૂળ અર્થને ત્યજી 'ગાય સદશ' આ ગૌણ અર્થનું ગ્રહણ કરીએ છીએ. આ રીતે અહીં ગૌણ અર્થનો બોધ થાય છે. તો वाहीकम् સ્વરૂપ પદાન્તરના સંનિધાન પછી 'ગાય સદશ' અર્થનો વાચક गो શબ્દ ગૌણ રૂપે પ્રતીત થતો હોવાથી 'आ अम्शसो० १.४.७५' સૂત્રથી થતા નામકાર્યાવસરે 'ગાય' અર્થનો વાચક गो શબ્દ ગૌણ રૂપે ન જણાતા 'નામકાર્ય' સ્થળે ગૌણની ગેરહાજરી વર્તાતી હોવાથી ***'गौणमुख्ययोः०'*** ન્યાય પ્રવર્તી શકે નહીં.

**શંકા :-** નામકાર્યાવસરે 'ગાય' અર્થનો વાચક गो શબ્દ ભલે ગૌણ ન ગણાય. પણ તે મૌલિક 'ગાય' અર્થનો વાચક હોવાથી મુખ્ય ગણાતા તેની મુખ્યતાને લઈને ત્યારે ***'गौणमुख्ययोः०'*** ન્યાય કેમ ન પ્રવર્તી શકે ?

**સમાધાન :-** નામકાર્યાવસરે 'ગાય' રૂપ પોતાના મૂળ અર્થની અપેક્ષાએ गो શબ્દનો મુખ્ય રૂપે વ્યવહાર થઈ શકે નહીં, કેમ કે મુખ્ય શબ્દ ગૌણ શબ્દને સાપેક્ષ છે. અર્થાત્ જો કોઈ ગૌણ શબ્દ હોય તો તેની અપેક્ષાએ વિવક્ષિત શબ્દને મુખ્ય કહી શકાય. પણ નામકાર્યાવસરે 'ગાય સદશ' અર્થનો વાચક ગૌણ गो શબ્દ ઉપસ્થિત થતો

---

**(A)** પૂ. લાવણ્ય સૂ. સંપાદિત બૃ. ન્યાસમાં 'उत्पन्नायां विभक्तौ तत्कार्ये' આટલો જ પાઠ છે જે અપૂર્ણ જણાય છે. પાઠ 'उत्पन्नायां विभक्तौ तत्कार्येषु कृतेषु' આમ હોવો જોઈએ. જુઓ 'पाणि. सू. १.१.१५' महाभाष्यप्रदीप.

**(B)** गौणी नाम सादृश्यविशिष्टे लक्षणा। यथा 'सिंहो माणवक' इत्यादौ सिंहपदस्य सिंहसादृश्यविशिष्टे लक्षणा। (तर्क सं. न्या. बोधि.)

જ ન હોવાથી કોની અપેક્ષાએ 'ગાય' અર્થના વાચક ગો શબ્દને મુખ્ય કહેવો ? આથી નામકાર્યાવસરે 'ગાય' અર્થવાચી ગો શબ્દ મુખ્ય ન હોવાથી ***'गौणमुख्ययोः०'*** ન્યાય ન પ્રવર્તી શકે.

હવે પ્રસ્તુતમાં વિચારીએ તો હમણાં જ આપણે જોઈ ગયા કે વિવક્ષિત શબ્દની બાજુમાં કોઈ શબ્દાન્તરનું સંનિધાન થાય અને અર્થનો બાધ થતો જણાય તો તે વિવક્ષિત શબ્દનો અર્થ બદલવો પડતો હોવાથી બદલેલાં અર્થને લઈને તે વિવક્ષિત શબ્દ ગૌણ રૂપે પ્રતીત થાય છે. પણ સંજ્ઞામાં વર્તતા શબ્દોની બાજુમાં કોઈ તાદશ પદાન્તરનું સંનિધાન જ થતું નથી કે જેને લઈને અર્થનો બાધ થતો જણાતા તેમના મૂળ અર્થને ત્યજી ગ્રહણ કરેલા સંજ્ઞા રૂપ ગૌણ અર્થને લઈને તેઓ ગૌણ રૂપે પ્રતીત થતા હોય. આથી સંજ્ઞામાં વર્તતા સર્વ વિગેરે શબ્દો ગૌણ ન ગણાતા ***'गौणमुख्ययोः०'*** ન્યાય ન પ્રવર્તવાથી તેમના સર્વાદિત્વના નિષેધાર્થે ગણપાઠમાં 'असंज्ञायाम्' વચનનો નિવેશ કરવો જરૂરી છે.

**શંકા :-** ***'गौणमुख्ययोः०'*** ન્યાય સ્થળે અમે શબ્દને પદાન્તરના સંનિધાનને લઈને ગૌણ રૂપે પ્રાપ્ત થતો અને મૂળ અર્થને લઈને મુખ્ય રૂપે પ્રાપ્ત થતો નહીં દર્શાવીએ, પણ વિવક્ષિત શબ્દના અનેક અર્થો પૈકી જે અર્થ ગુણના કારણે પ્રાપ્ત થતો હોય તાદશાર્થના વાચક શબ્દને ગૌણ કહીશું. જેમકે गौः वाहीकः સ્થળે गो શબ્દવાચ્ય વાહીક પદાર્થ જડતા, મંદતા વિગેરે ગુણોના કારણે પ્રાપ્ત થાય છે, તે આ રીતે. વાહીક એટલે સંસ્કારહીન જડ પુરૂષ[A]. ગાયમાં જેવા જડતા, મંદતા વિગેરે ગુણો હોય છે તેને સદશ જડતા, મંદતા વિગેરે ગુણો વાહીકમાં પણ હોવાથી ગુણના સાદશ્યને લઈને વાહીકમાં 'ગોત્વ' જાતિનો આરોપ[B] કરી તેને માટે गो શબ્દનો પ્રયોગ કરાય છે. અર્થાત્ જડતા, મંદતા વિગેરે ગુણોને લઈને ગાયને સદશ વાહીક[C] પદાર્થ गो શબ્દથી વાચ્ય બને છે.

---

**(A)** યુધિષ્ઠિર મીમાંસક 'મહાભારત કર્ણપર્વ (४४/७)' ના શ્લોકને લઈને વાહીક પદાર્થને જુદા સ્વરૂપે બતાવે છે. તે આ રીતે - 'पञ्चानां सिन्धुषष्ठानां नदीनां येऽन्तरा श्रिताः। वाहीका नाम ते देशा न तत्र दिवसं वसेत्।।' यहां सिन्धु, झेलम, चिनाब, रावी, व्यास और सतलुज इन छः नदियों के मध्य के देश को 'वाहीक' कहा है। इन देशो में रहनेवाले पुराकाल में विद्वान, शूरवीर, अत्यन्त धर्मभीरु और नम्र = सीधे व्यक्ति थे। इनकी नम्रता अथवा सीधेपन की गौ से तुलना के कारण वाहीक देशवासियों के लिये तद्धर्मरुप (= नम्रता/सीधेपनात्मक धर्म के सादृश्य रुप) लक्षणा से गौ शब्दका प्रयोग होने लग गया था। (महाभाष्यम् प्रथमो भागः प्रथमखण्डः)

**(B)** स्वशक्यतावच्छेदकसमानाधिकरणगुणप्रतिसन्धानप्रयोज्यस्वशक्यतावच्छेदकप्रकारकारोपीयविषयताश्रयोऽर्थः स्वस्य गौणोऽर्थः।

**(C)** અહીં 'गौः वाहीकः' નો અર્થ 'ગાય સદશ વાહીક' થાય અને ગો શબ્દ 'ગાય સદશ' અર્થનો વાચક છે, વાહીકનો નહીં. તો વાહીક પદાર્થ ગો શબ્દથી વાચ્ય શી રીતે બની શકે ? આવો સવાલ થાય. પણ તે અસ્થાને છે. કેમ કે नीलं कमलम् સ્થળે જેમ નીલ શબ્દ મૂળથી નીલ વર્ણનો વાચક હોવા છતાં બાજુમાં કમળ પદાર્થનો વાચક કમલ શબ્દ આવતા તે નીલવર્ણવિશિષ્ટત્વેન કમળ પદાર્થનો વાચક બને છે, તેમ પ્રસ્તુતમાં પણ ગો શબ્દ 'ગાય સદૃશ' અર્થનો વાચક હોવા છતાં બાજુમાં વાહીક પદાર્થનો વાચક વાહીક શબ્દ આવતા તે ગોસદશત્વેન વાહીક પદાર્થનો જ વાચક બને. બીજી રીતે કહીએ તો गौः वाहीकः સ્થળે ગોસદશ કોણ બને છે ? વાહીક જ ને. આથી વિશેષણભૂત ગો શબ્દ વાહીકાત્મક વિશેષ્ય પદાર્થનો જ વાચક બને.

માટે વાહીક પદાર્થનો વાચક ગો શબ્દ ગૌણ ગણાય છે અને વિવક્ષિત શબ્દના અનેક અર્થો પૈકી જે અર્થ મુખની જેમ પ્રધાન હોય અર્થાત્ શરીરના બધા અંગોમાં જેમ મુખ સૌથી પ્રધાન (મુખ્ય) અંગ ગણાય છે, તેમ જે અર્થ પદાર્થાન્તરની પ્રતીતિને નિરપેક્ષપણે પ્રતીત થતો હોય તાદશાર્થના વાચક શબ્દને અમે મુખ્ય કહીશું. જેમકે गौः गच्छति સ્થળે ગો શબ્દવાચ્ય 'ગાય' અર્થની પ્રતીતિ સીધેસીધી થઈ જાય છે. અર્થાત્ તેની પ્રતીતિ માટે બીજા કોઈ પદાર્થાન્તરની અપેક્ષા નથી રહેતી, માટે તાદશાર્થનો વાચક ગો શબ્દ મુખ્ય ગણાય. (આગળ गौः वाहीकः સ્થળે ગો શબ્દ દ્વારા વાહીક પદાર્થની પ્રતીતિ આરોપને લઈને થતી હોવાથી ત્યાં 'ગાય' રૂપ પદાર્થાન્તરની અપેક્ષા રહેતી હતી. અર્થાત્ ગો શબ્દ દ્વારા પ્રથમ 'ગાય' પદાર્થની ઉપસ્થિતિ થયા પછી તેના જડતાદિ ગુણોના સાદશ્યને લઈને વાહીકમાં 'ગોત્વ' જાતિનો આરોપ થયા બાદ ગો શબ્દ દ્વારા વાહીક પદાર્થ પ્રતીત થતો હતો.) હવે ***'स्वं रूपं शब्दस्याऽशब्दसंज्ञा'*** ન્યાય સ્થળે શબ્દનાં સ્વરૂપ (આકાર)ની સાથે સાથે અર્થને ગ્રહણ કરવાનું પણ જણાવ્યું હોવાથી વ્યાકરણશાસ્ત્ર નિર્દિષ્ટ કોઈ પણ કાર્ય અર્થવાન્ શબ્દને લઈને થાય છે. આ વાતને જરા વિસ્તારથી સમજીએ. ***'स्वं रूपं शब्दस्य०'*** ન્યાયમાં स्व[A] શબ્દ 'આત્મીય (પોતાનું)' અર્થને જણાવે છે. અને રૂપ શબ્દ 'શબ્દનું સ્વરૂપ (શબ્દનો આકાર)' અર્થને જણાવે છે. ન્યાયમાં વ્યાકરણે અને ગ્રાહ્યમ્ પદ અધ્યાહૃત છે, આથી ન્યાયનો અન્વય આ પ્રમાણે થશે. 'व्याकरणे शब्दस्य स्वं = आत्मीयं रूपं = स्वरूपं च ग्राह्यं, अशब्दसंज्ञा (= यदि तेन शब्देन संज्ञा कृता न स्यात्)।' અહીં શબ્દનું પોતાનું શું હોય ? અર્થ જ હોય. આથી ન્યાસમાં 'शब्दस्य स्वं = अर्थम्' આવો અર્થ પ્રાપ્ત થશે. આખા ન્યાયનો અર્થ આવો થશે કે 'વ્યાકરણશાસ્ત્રમાં જો શબ્દ દ્વારા કોઈની સંજ્ઞા ન કરાઈ હોય તો શબ્દના અર્થ અને સ્વરૂપ (આકાર)નું ગ્રહણ કરવું'. અર્થાત્ 'વ્યાકરણસૂત્ર નિર્દિષ્ટ શબ્દ દ્વારા અર્થવાન્ સમાનાકારક શબ્દનું[B] ગ્રહણ કરવું.' આથી ***'स्वं रूपं शब्दस्य०'*** ન્યાયથી જુદા જુદા અર્થવાળા હોવા છતાં

**(A)** 'आत्मा-आत्मीय-ज्ञाति-धनार्थवृत्तिः स्वशब्दः।' (૧.૪.૭ બૃ.વૃત્તિ) 'किञ्च 'स्वं रूपम्० पा.सू. १.१.६८' इति शास्त्रे स्वशब्देनाऽऽत्मीयवाचिना अर्थो गृह्यते ..... (परि. शे. १४)'

**(B)** અહીં એવી શંકા થશે કે ''ન્યાયમાં શબ્દના 'અર્થ' અને 'સ્વરૂપ' બન્નેનું સરખું પ્રાધાન્ય છે. તો સમાનાકારક શબ્દવિશિષ્ટ અર્થનું ગ્રહણ કરવાની વાત ન કરતા અર્થવાન્ સમાનાકારક શબ્દને ગ્રહણ કરવાની વાત કેમ કરી?'' તો આનું સમાધાન આ પ્રમાણે સમજવું કે કોઈ પણ શબ્દ સ્થળે બે વસ્તુ હોય છે. એક શબ્દ અને બીજો તેનો અર્થ. તેમાં લોકવ્યવહારમાં અર્થનું પ્રાધાન્ય હોય છે. જ્યારે વ્યાકરણશાસ્ત્રમાં શબ્દનું પ્રાધાન્ય હોય છે. જ્યાં અર્થનું પ્રાધાન્ય હોય ત્યાં શબ્દ વિશેષણ બને અને અર્થ વિશેષ્ય બને, અને જ્યાં શબ્દનું પ્રાધાન્ય હોય ત્યાં અર્થ વિશેષણ બને અને શબ્દ વિશેષ્ય બને. લોકવ્યવહારમાં અને વ્યાકરણશાસ્ત્રમાં અનુક્રમે અર્થનું અને શબ્દનું પ્રાધાન્ય આ પ્રમાણે સમજવું - જેમ કે કોઈ વ્યક્તિ घटम् आनय કહે તો પણ ઘડો લવાય છે, અને कुम्भम् आनय કહે તો પણ ઘડો જ લવાય છે. અર્થાત્ લોકવ્યવહારમાં ઘડા માટે કયો શબ્દ વપરાયો છે. તેનાથી મતલબ નથી હોતો પણ ઘટપદાર્થ સાથે મતલબ હોય છે. માટે ત્યાં અર્થ (પદાર્થ) પ્રધાન બને છે. જ્યારે વ્યાકરણશાસ્ત્રમાં 'कल्यग्नेरेयण् ६.१.१७' સૂત્રમાં અગ્નિ શબ્દનું ગ્રહણ કર્યું છે. તો ત્યાં અર્થની પ્રધાનતાએ 'આગ' અર્થક वह्नि, शिखिन् વિગેરે अग्नि શબ્દના પર્યાયવાચી ગમે તે શબ્દનું ગ્રહણ નથી થતું. પણ 'આગ' કે એ સિવાયના કોઈપણ અર્થવાળા अग्नि આકારક अग्नि શબ્દનું જ ગ્રહણ થાય છે. માટે વ્યાકરણશાસ્ત્રમાં શબ્દનું પ્રાધાન્ય હોય છે. આમ હાલ વ્યાકરણશાસ્ત્રીય ચર્ચાના સંદર્ભમાં આ ન્યાયનો વપરાશ હોવાથી શબ્દના પ્રાધાન્યને લઈને અર્થવાન સમાનાકારક શબ્દને ગ્રહણ કરવાની વાત કરી છે.

સૂત્રનિર્દિષ્ટ શબ્દને સમાન આકારવાળા દરેક અર્થવાન્ શબ્દોનું ગ્રહણ પ્રાપ્ત થાય છે. પણ ***'गौणमुख्ययोः०'*** ન્યાયથી તે દરેક શબ્દો પૈકી ગૌણ-મુખ્યભાવ ધરાવનારા શબ્દોમાંના મુખ્ય અર્થવાન્ શબ્દનું જ ગ્રહણ પ્રાપ્ત થાય છે. અહીં ***'गौणमुख्ययोः०'*** ન્યાયથી મુખ્યનું જ ગ્રહણ કેમ થાય ? એવી શંકા ન કરવી. કેમ કે ગૌણ પદાર્થના વાચક રૂપે પ્રવર્તતો શબ્દ મુખ્ય પદાર્થના આરોપ દ્વારા જ પ્રવર્તે છે. જેમકે હમણાં જ આપણે આગળ જોઈ ગયા કે 'વાહીક' સ્વરૂપ ગૌણ પદાર્થનો વાચક બનતો गो શબ્દ પોતાના મુખ્ય પદાર્થ 'ગાય' માં રહેલ 'ગોત્વ' જાતિના આરોપ દ્વારા જ પ્રવર્તે છે. અર્થાત્ ગૌણ પદાર્થને મુખ્ય પદાર્થની ગરજ રાખવી જ પડે છે. વળી ગૌણ પદાર્થ અનિયત હોય છે, કેમકે गो શબ્દ જડતા ગુણને લઈને ક્યારેક વાહીક અર્થમાં પ્રવર્તે છે અને સરળતા ગુણને લઈને ક્યારેક સરળ વ્યક્તિ રૂપ પદાર્થમાં પ્રવર્તે છે. આમ ગૌણ પદાર્થ અનિયત અને મુખ્યની ગરજ રાખતો હોવાથી અને મુખ્ય પદાર્થ નિયત અને કોઈની ગરજ ન રાખતા શીઘ્રપણે ઉપસ્થિત થતો હોવાથી **પ્રસિદ્ધિ-અપ્રસિદ્ધિવશે** તે બન્ને પૈકી મુખ્યનું જ ગ્રહણ થાય છે. તો હવે ગુણના કારણે પ્રાપ્ત થતા ગૌણ પદાર્થનો વાચક શબ્દ ગૌણ ગણાશે અને જે અર્થ મુખની જેમ પ્રધાન હોય તે મુખ્ય અર્થનો વાચક શબ્દ મુખ્ય ગણાશે, અને સંજ્ઞા શબ્દ પણ ઉપર દર્શાવ્યાનુસારે ગૌણ બનતો હોવાથી ત્યાં ***'गौणमुख्ययोः०'*** ન્યાય પ્રવર્તવાને કારણે ગણપાઠમાં 'असंज्ञायाम्' વચનના નિવેશની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** સંજ્ઞાશબ્દ ગુણના કારણે પ્રવર્તતો નથી. દા.ત. કોઈ નવજાત શિશુનું 'રામ' નામ પાડવામાં આવ્યું, તો રામમાં જેવા 'પિતૃસેવાકારિત્વ' વિગેરે ગુણો હતા તેવા કોઈ ગુણો શિશુમાં જોવા ન મળવા છતાંય તેનું 'રામ' નામ પાડવામાં આવે છે. આથી સંજ્ઞાશબ્દ સ્થળે ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુણાશ્રિત ગૌણભાવ જ સંભવતો ન હોવાથી ત્યાં પ્રસિદ્ધિ-અપ્રસિદ્ધિ વશે ***'गौणमुख्ययोः०'*** ન્યાય લાગી શકે નહીં (A). તેથી સંજ્ઞામાં વર્તતા સર્વ વિગેરે નામોના સર્વાદિત્વના નિષેધાર્થે ગણપાઠમાં 'असंज्ञायाम्' વચન મૂકવું અત્યાવશ્યક છે. દૃષ્ટાંત : सर्वाय, सर्वात् અહીં सर्व શબ્દ કોઈ વ્યક્તિની સંજ્ઞામાં હોવાથી स्मै-स्मात् આદેશ ન થયા, અને उत्तराय कुरवे स्पृहयति સ્થળે उत्तर શબ्द મેરુ પર્વતના ઉત્તરભાગવર્તી 'ઉત્તરકુરુ' નામના પૃથ્વીના ભાગ વિશેષની સંજ્ઞામાં હોવાથી ત્યાં स्मै આદેશ ન થયો.

---

**(A)** **નાગેશ ભટ્ટ** સંજ્ઞા શબ્દને ગુણના કારણે પ્રવર્તતો સ્વીકારે છે. अप्रसिद्धश्च संज्ञादिरपि तद्गुणारोपादे बुद्ध्यते। (परि. शे. ૧૫) નવજાત શિશુનું 'રામ' નામ પાડતા ભલે તે શિશુમાં રામને સદશ 'પિતૃસેવાકારિતા' વિગેરે ગુણો ન હોય, છતાં 'ભવિષ્યમાં શિશુમાં રામને સદશ ગુણો ખીલે' એવા આશયને અનુસરી તેના માતા-પિતા તેમાં રામને સદશ 'પિતૃસેવાકારિતાદિ' અવિદ્યમાન ગુણોનો આરોપ કરી શિશુમાં 'રામત્વ' જાતિનો આરોપ કરવા પૂર્વક તેનું 'રામ' નામ પાડે છે, આવું તેઓ માને છે. અર્થાત્ સંજ્ઞાશબ્દસ્થળે તેઓ ગૌણ સંજ્ઞીમાં અસદ્ભૂત ગુણોનો આરોપ કરી તે આરોપિત ગુણોના સાદશ્યને લઈને સંજ્ઞા શબ્દને ગૌણ સંજ્ઞીના વાચક રૂપે પ્રવર્તતો સ્વીકારે છે.

**(20)** સૂત્રમાં સ્મૈ આદિ આદેશાર્થે સર્વાદિ અ કારાન્ત જ નામો જોઈએ એવું કેમ ?

**(a) भवते (b) भवतः - ❋ भवत् + ङे = भवते અને भवत् + ङस् = भवतस् → भवतर् → भवतः।**

અહીં भवत् સર્વનામ અ કારાન્ત ન હોવાથી ઙે-ઙસ્ પ્રત્યયોનો સ્મૈ-સ્માત્ આદેશ ન થયો.

**(21) શંકા :-** સર્વાદિ ગણપાઠમાં 'असंज्ञायाम्' વિશેષણ મૂકવાને કારણે સંજ્ઞામાં વર્તતા સર્વ વિગેરે નામોને લઈને ભલે સર્વાદિ કાર્યો ન થાય, પણ प्रियाः सर्वे यस्य स = प्रियसर्वः અને सर्वान् अतिक्रान्तः = अतिसर्वः આવા બહુવ્રીહિ અને તત્પુરૂષ સમાસસ્થળે ઉપસર્જનીભૂત[A] (ગૌણ) બનેલાં સર્વ વિગેરે નામોને લઈને સર્વાદિ કાર્યો થવાની આપત્તિ આવશે, તેનું વારણ શી રીતે કરશો ?

**સમાધાન :-** આ આપત્તિ નહીં આવે. કેમકે નિયમ છે કે ***'षष्ठ्या यदुच्यते तद् गृह्यमाणविभक्तेर्भवति'*** અર્થાત્ 'સૂત્રમાં ષષ્ઠી વિભક્ત્યન્ત પદને લઈને જે કાર્ય દર્શાવાય તે કાર્ય સૂત્રમાં (સાક્ષાત્ નામોચ્ચારણપૂર્વક) ગ્રહણ કરાતા નામોથી જ વિહિત વિભક્તિને થાય.' તેથી આ સૂત્રમાં सर्वादेः ષષ્ઠચન્ત પદને લઈને ઙે આદિ વિભક્તિને સ્મૈ આદિ આદેશનું વિધાન કર્યું છે, તે કાર્ય સૂત્રમાં सर्वादेः પદ દ્વારા સાક્ષાત્ ઉચ્ચારાતા सर्व, विश्व[B], उभ વિગેરે જ નામોને લાગેલી ઙે આદિ વિભક્તિને થશે, પણ સૂત્રમાં અનુચ્ચાર્યમાણ પ્રિયસર્વ, અતિસર્વ વિગેરે નામોને લાગેલી ઙે આદિ વિભક્તિને નહીં થાય.

**શંકા :-** આ રીતે તો કર્મધારય સમાસ પામેલ परमश्चासौ सर्वश्च = परमसर्व નામ પણ સૂત્રમાં સાક્ષાત્ ઉચ્ચાર્યમાણ નથી, તો તેના परमसर्वस्मै વિગેરે પ્રયોગો શી રીતે સિદ્ધ કરશો ?

**સમાધાન :-** આ આપત્તિ વારવા અમે ઉપરોક્ત નિયમના 'गृह्यमाणविभक्तेः' અંશનો 'સૂત્રમાં સાક્ષાત્ નામોચ્ચારણ પૂર્વક ગ્રહણ કરાતા નામોથી વિહિત વિભક્તિ' આવો જે અર્થ કર્યો હતો તેને બદલે 'સૂત્રમાં સાક્ષાત્ નામોચ્ચારણ પૂર્વક ગ્રહણ કરાતા નામોની અર્થ દ્વારાએ કરીને સંબંધી જે વિભક્તિ' આમ અર્થ કરશું. જે વિભક્તિ સૂત્રમાં સાક્ષાત્ નામોચ્ચારણ પૂર્વક ગ્રહણ કરાતા નામથી વાચ્ય પદાર્થમાં રહેલ એકત્વ, દ્વિત્વ કે બહુત્વ સંખ્યા અને કર્મત્વ, કરણત્વ, સંપ્રદાનત્વ વિગેરે કારકતાપ્રયોજક ધર્મ વિગેરેની વાચક બનતી હોય તે વિભક્તિ તાદશ નામોની અર્થદ્વારાએ કરીને સંબંધી વિભક્તિ કહેવાય. જેમકે सर्वस्मै पटाय પ્રયોગસ્થળે सर्व શબ્દોત્તરવર્તી ચતુર્થી એકવચનની ઙે વિભક્તિ આ સૂત્રમાં સાક્ષાત્ ગૃહ્યમાણ सर्व શબ્દવાચ્ય સાકલ્યવિશિષ્ટ જે પટ પદાર્થ, તદ્ગત એકત્વ સંખ્યા અને સંપ્રદાનત્વ ધર્મની વાચક બને છે. માટે તે સૂત્રમાં સાક્ષાત્ ગૃહ્યમાણ सर्व શબ્દની અર્થ દ્વારાએ કરીને સંબંધી વિભક્તિ ગણાય. આથી હવે નિયમનો અર્થ આવો થશે કે 'સૂત્રમાં ષષ્ઠચન્ત પદને લઈને જે કાર્ય દર્શાવાય

---

**(A)** इतरविशेषणतया स्वार्थोपस्थापकत्वमुपसर्जनत्वम्।

**(B)** विश्व, उभ વિગેરે શબ્દો सर्वादेः પદગત આદિ શબ્દથી સાક્ષાત્ ઉચ્ચાર્યમાણ સમજવા.

તે કાર્ય સૂત્રમાં સાક્ષાત્ ગ્રહણ કરાતા નામથી વાચ્ય પદાર્થમાં રહેલી એકત્વાદિ સંખ્યા અને કર્મત્વાદિ કારકતાપ્રયોજક ધર્મની વાચક જે વિભક્તિ બનતી હોય તેને થાય છે.' પરમસર્વસ્મૈ પ્રયોગસ્થળે ઙે વિભક્તિ ભલે આ સૂત્રમાં સાક્ષાત્ ગૃહ્યમાણ સર્વ શબ્દથી વિહિત ન હોય. છતાં પણ ત્યાં કર્મધારયસમાસ હોવાથી અને કર્મધારયસમાસ ઉત્તરપદાર્થપ્રધાન હોવાથી તે ઙે વિભક્તિ પરમસર્વ શબ્દમાં ઉત્તરપદ રૂપે રહેલ સૂત્રમાં સાક્ષાત્ ગૃહ્યમાણ સર્વ શબ્દથી વાચ્ય પ્રધાન સાકલ્ય વિશિષ્ટ જે યત્કિંચિત્ પદાર્થ તદ્ગત એકત્વ સંખ્યા અને સંપ્રદાનત્વ ધર્મ વિગેરેની વાચક બને છે. માટે તેને આ સૂત્રમાં ષષ્ઠયન્ત સર્વાદેઃ પદને લઈને દર્શાવાતું સ્મૈ આદેશ રૂપ કાર્ય થઈ શકશે. જ્યારે પ્રિયસર્વ અને અતિસર્વ સમાસ અનુક્રમે અન્યપદાર્થ અને પૂર્વપદાર્થપ્રધાન હોવાથી તેમને લાગેલ ઙે વિભક્તિ સૂત્રમાં સાક્ષાત્ ગૃહ્યમાણ સર્વ શબ્દવાચ્ય સાકલ્યવિશિષ્ટ પદાર્થ નહીં પણ અનુક્રમે અન્યપદાર્થ અને અત્યર્થ પૂર્વપદાર્થગત એકત્વ સંખ્યા અને સંપ્રદાનત્વ ધર્મની વાચક બનતી હોવાથી તેને આ સૂત્રોક્ત ષષ્ઠયન્ત સર્વાદેઃ પદને લઈને દર્શાવાતું સ્મૈ આદેશ રૂપ કાર્ય નહીં થાય. આમ પરમસર્વસ્મૈ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ જશે.

*(હવે બૃ.ન્યાસમાં અથવા પદ દર્શાવી કલિકાલસર્વજ્ઞશ્રી સંજ્ઞા અને ઉપસર્જન સ્થળે જુદી રીતે સર્વાદિત્વનો નિષેધ કરી બતાવે છે.)*

અથવા અમે સૂત્રોક્ત સર્વાદેઃ પદસ્થળે વર્તતા સર્વાદિ શબ્દની ***'सर्वम् आदीयते = गृह्यते अभिधेयत्वेन येन = सर्वादिः'*** આમ અન્વર્થ[A] સંજ્ઞાનુસારી વ્યુત્પત્તિ દર્શાવશું. તેથી હવે જે શબ્દો દ્વારા સર્વપદાર્થો વાચ્ય બની રહે તે જ શબ્દો સર્વાદિ ગણાશે. સંજ્ઞામાં વર્તતા અને પ્રિયસર્વ, અતિસર્વ વિગેરે બહુવ્રીહિ અને પ્રાદિતત્પુરુષ આદિ ઉપસર્જન સ્થળે વર્તતા સર્વ વિગેરે શબ્દો દ્વારા સર્વપદાર્થો વાચ્ય ન બની શકતા અમુક ચોક્કસ પદાર્થો જ વાચ્ય બને છે, માટે તેઓ સર્વાદિ નહીં ગણાય. દા.ત. કોઈ વ્યક્તિનું નામ સર્વ હોય તો ત્યાં સંજ્ઞામાં વર્તતો સર્વ શબ્દ પોતાના પ્રસિદ્ધ પ્રવૃત્તિનિમિત્ત[B] 'સર્વાભિધાયકત્વ' ને છોડી દેતો હોવાથી પદાર્થ સામાન્યનો વાચક ન બનતા ચૈત્રાદિ શબ્દની જેમ અમુક નિયતપદાર્થનો જ વાચક બને છે. અર્થાત્ સ્વરૂપમાત્રોપકારી (અમુક ચોક્કસ વ્યક્તિના જ સ્વરૂપનું નિદર્શન કરાવનાર) બને છે. અતિસર્વ અને પ્રિયસર્વ આ અનુક્રમે પૂર્વપદાર્થપ્રધાન અને ઉત્તરપદાર્થપ્રધાન ઉપસર્જનસ્થળે પણ સર્વ શબ્દ 'જહત્સ્વાર્થ' પક્ષાનુસારે કે 'અજહત્સ્વાર્થ' પક્ષાનુસારે અનુક્રમે પૂર્વપદાર્થ અત્યર્થ અને અન્યપદાર્થના વાચક રૂપે વર્તતો હોવાથી તે સર્વપદાર્થનો વાચક નથી બનતો. આમ સંજ્ઞા અને ઉપસર્જનસ્થળે સર્વ વિગેરે શબ્દો અનુક્રમે સંજ્ઞી, અત્યર્થ અને પ્રિયસર્વત્વવિશિષ્ટ જે પદાર્થ હોય તેમનાથી ભિન્ન કોઈ પદાર્થના વાચક ન બનતા તેઓ સર્વપદાર્થના વાચક ન બનવાથી સર્વાદિ નહીં ગણાય. પ્રિયસર્વ સમાસના પ્રિયાઃ સર્વે યસ્ય સ

---

**(A)** વ્યુત્પત્ત્યર્થને અનુસરનારી સંજ્ઞાને અન્વર્થ સંજ્ઞા કહેવાય. દા.ત. કોઈ ધનસંપન્ન વ્યક્તિની 'ધનપાલ' સંજ્ઞા કરવામાં આવે તો ત્યાં 'धनं पालयति' આ વ્યુત્પત્ત્યર્થ ઘટતો હોવાથી તે અન્વર્થ સંજ્ઞા કહેવાય.

**(B)** વસ્તુમાં રહેલા જે ધર્મને લઈને વસ્તુ માટે વિવક્ષિત શબ્દની પ્રવૃત્તિ = પ્રયોગ થતો હોય તે ધર્મને વિવક્ષિત શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત કહેવાય.

વિગ્રહમાં વર્તતો સર્વ શબ્દ હજુ અન્યપદાર્થનો વાચક ન બન્યો હોવાથી તેનામાં 'સર્વાભિધાયકત્વ' વર્તતા તે સર્વાદિ ગણાય છે. માટે વિગ્રહાવસ્થામાં તેનો સર્વાદિ નામાશ્રિત કાર્ય થવા પૂર્વકનો સર્વે પ્રયોગ થઈ શક્યો.

*[અહીં પ્રસંગવશ **'જહત્સ્વાર્થપક્ષ'** અને **'અજહત્સ્વાર્થપક્ષ'** ને જાણી લઈએ. વૈયાકરણ વિદ્વાનોમાં બે પક્ષ છે. એક પક્ષ શબ્દને નિત્યરૂપે સ્વીકારે છે. જ્યારે બીજો પક્ષ શબ્દને અનિત્ય (કાર્ય) સ્વરૂપે સ્વીકારે છે. તેમાં શબ્દનિત્યત્વવાદીઓ* राजपुरुषः वृत्ति *અને* राज्ञः पुरुषः वाक्य *બન્ને એક જ અર્થનું પ્રતિપાદન કરવા છતાં તેમને પરસ્પરના પર્યાય ગણતા નથી. તેમના મતે વૃત્તિ અને વાક્ય વચ્ચે અત્યંત ભેદ છે.* राजपुरुषः *વૃત્તિ દ્વારા સ્વાભાવિક રીતે જ* राज्ञः पुरुषः *વાક્યની જેમ અર્થાભિધાન થઈ જાય છે. આમના મતને 'જહત્સ્વાર્થપક્ષ' અને 'અજહત્સ્વાર્થપક્ષ' સાથે કાંઈ લાગતું વળગતું નથી. જ્યારે શબ્દ અનિત્યત્વવાદીઓ* राजपुरुषः *વૃત્તિ અને* राज्ञः पुरुषः *વાક્ય બન્ને એક જ અર્થનું પ્રતિપાદન કરતા હોવાથી તેમને પરસ્પરનાં પર્યાય ગાણે છે. આથી આમના મત પ્રમાણે વિગ્રહાવસ્થાનાં વાક્યનો નાશ કરી વૃત્તિ નિષ્પન્ન કરવામાં આવે છે અને આવી વૃત્તિમાં [A] વર્તતું ઉપસર્જન પદ પર (= અન્ય પ્રધાન પદ) ના અર્થનો બોધ કરાવતું હોવાથી શબ્દ અનિત્યત્વવાદીઓના મતે વૃત્તિ **'પરાર્થાભિધાયી[B]'** કહેવાય છે. આ પરાર્થાભિધાયી વૃત્તિમાં વર્તતું ઉપસર્જન[C] પદ 'જહત્સ્વાર્થ' અને 'અજહત્સ્વાર્થ' રૂપે બે પ્રકારે સંભવે છે. અહીં કેટલીક વૃત્તિસ્થળે 'જહત્સ્વાર્થ' અને કેટલીક વૃત્તિસ્થળે 'અજહત્સ્વાર્થ' રૂપ ઉપસર્જન પદ હોય છે એવું નથી, પણ શબ્દ અનિત્યત્વવાદી વૈયાકરણોમાં આ બે પક્ષ છે. અર્થાત્ પાંચે વૃત્તિસ્થળે શબ્દ અનિત્યત્વ-વાદીમાંના કેટલાક વૈયાકરણો જહત્સ્વાર્થપક્ષને સ્વીકારે છે અને કેટલાક અજહત્સ્વાર્થપક્ષને સ્વીકારે છે. તેમાં* **'जहति पदानि स्वार्थं यस्मिन् तद् जहत्स्वार्थम्'** *અર્થાત્ 'જે વૃત્તિસ્થળે ઉપસર્જન પદ પોતાના અર્થનો ત્યાગ કરી પર (પ્રધાન) વિશેષ્ય પદાર્થનો બોધ કરાવે ત્યાં જહત્સ્વાર્થ ઉપસર્જન પદ હોય છે.' જેમકે* राजपुरुषः *વૃત્તિસ્થળે ઉપસર્જન (ગૌણ)* राजन् *પદ પોતાના 'રાજા' અર્થનો ત્યાગ કરી* राज्ञः पुरुषः *આ વાક્યાવસ્થામાં જે પુરૂષ રૂપ પ્રધાન અર્થ પોતાથી બોધિત ન'તો થતો તેનો બોધ કરાવે છે, માટે તે જહત્સ્વાર્થ ઉપસર્જનપદ કહેવાય, અને* **'न जहति पदानि स्वार्थं यस्मिन् तद् अजहत्स्वार्थम्'** *અર્થાત્ 'જે વૃત્તિસ્થળે ઉપસર્જન પદ પોતાના અર્થનો ત્યાગ કર્યા વિના પર (પ્રધાન) વિશેષ્ય પદાર્થનો બોધ કરાવે ત્યાં અજહત્સ્વાર્થ ઉપસર્જન પદ હોય છે.' જેમકે* राजपुरुषः *વૃત્તિસ્થળે ઉપસર્જન* राजन् *પદ પોતાના 'રાજા' અર્થનો ત્યાગ કર્યા વિના* राज्ञः पुरुषः *આ વાક્યાવસ્થામાં જે પુરૂષ રૂપ*

---

**(A)** कृत-तद्धित-समास-एकशेष-सनाद्यन्ताः पञ्च वृत्तयः।

**(B)** परस्य शब्दस्य योऽर्थस्तस्य शब्दान्तरेणाभिधानं यत्र सा वृत्तिरित्यर्थः, यथा राजपुरुष इत्यत्र राजशब्देन वाक्यावस्थायामनुक्तः पुरुषार्थोऽभिधीयते। (न्या.समु. तरङ्ग-२९)

**(C)** 'જે શબ્દ ઇતરના વિશેષણરૂપે પોતાના અર્થનો ઉપસ્થાપક હોય તેને ઉપસર્જન કહેવાય.' અથવા 'વૃત્તિથી જન્ય બોધમાં જે અર્થ વિશેષણ રૂપે જણાતો હોય તેને ઉપસર્જન કહેવાય.' इतरविशेषणतयैव स्वार्थोपस्थापकत्वमुपसर्जनत्वं यद्वा वृत्तिजन्यबोधीयप्रकारताश्रयत्वमुपसर्जनत्वम्।
(व्या.म.भाष्य १.१.२७ उद्द्योत)

*પ્રધાન અર્થ પોતાથી બોધિત ન'તો થતો તેનો બોધ કરાવે છે, માટે તે 'અજહત્સ્વાર્થ' ઉપસર્જન પદ કહેવાય. અહીં બન્ને પક્ષ પૈકી પ્રથમ પક્ષમાં શંકા થશે કે* राजपुरुषः *સ્થળે જો* राजन् *પદ પોતાના 'રાજા' અર્થનો ત્યાગ કરશે તો 'રાજા સંબંધી પુરૂષ' અર્થ શી રીતે જણાશે ? અને બીજા પક્ષમાં શંકા થશે કે* राजपुरुषः *સ્થળે જો* राजन् *પદ પોતાના 'રાજા' અર્થનો ત્યાગ નહીં કરે તો પોતાના અર્થના પ્રતિપાદનમાં તત્પર* राजन् *પદ 'પુરૂષ' રૂપ પર (પ્રધાન) અર્થનું પ્રતિપાદન શી રીતે કરી શકશે ? બન્ને પક્ષને લઈને હજુ પણ એક શંકા થશે કે* राजपुरुषः *સ્થળે* पुरुषः *પદથી જ 'પુરૂષ' અર્થનો બોધ થઈ જાય છે, તો* राजन् *પદ દ્વારા 'પુરૂષ' અર્થનો બોધ શા માટે કરાવવો પડે ? આ બધી શંકાઓના જવાબ અતિ વિસ્તારપૂર્ણ હોવાથી તેને માટે 'પાણિ. સૂ. ૨.૧.૧ મહાભાષ્યપ્રદીપોદ્દ્યોત, વાક્યપદીય વૃત્તિસમુદ્દેશ અને ન્યાયસમુચ્ચય તરંગ-૨૯' વિગેરે ગ્રંથો અવલોકનીય છે.]*

(**શંકા :-** સર્વાદિ ગણપઠિત પૂર્વ વિગેરે સાત શબ્દો 'દિશા-દેશ-કાળ અને સ્વભાવ' અર્થના વાચક હોય ત્યારે જ સર્વાદિ ગણાય છે, જે આગળ વિવરણમાં જોઈ ગયા. આમ પૂર્વ વિગેરે શબ્દો સર્વપદાર્થોના વાચક ન બનવાથી તેઓ સર્વાદિ શી રીતે ગણાશે ?

**સમાધાન :-** સર્વાદિ સંજ્ઞાના લાભાર્થે અમે જે સર્વપદાર્થોનું વાચકત્વ હોવું આવશ્યક ગણાવ્યું છે, તે સ્વ વિષયની અપેક્ષાએ સમજવું. અર્થાત્ 'ગોત્વ' જાતિ સર્વગત ગણાવા છતાં તે ગવેતર અશ્વાદિ પદાર્થોમાં વર્તતી ન હોવાથી તેનું સર્વગતત્વ જેમ સ્વાશ્રય 'ગો' વૃત્તિતાની અપેક્ષાએ ગ્રહણ કરાય છે, તેમ પૂર્વ આદિ શબ્દસ્થળે પણ સર્વાદિ સંજ્ઞાનું પ્રાપક સર્વપદાર્થવાચકત્વ સ્વવિષય (= પૂર્વ વિગેરે સાત શબ્દના વિષય) દિશા-દેશ-કાળ અને સ્વભાવ પદાર્થની અપેક્ષાએ ગ્રહણ કરવું. આમ સ્વવાચ્ય દિશાદિ પદાર્થોની અપેક્ષાએ પૂર્વ આદિ શબ્દો સર્વપદાર્થોના વાચક બનતા તેઓ સર્વાદિ ગણાશે.

**શંકા :-** ઘટ શબ્દ પણ સ્વવિષય 'ઘટ' પદાર્થની અપેક્ષાએ સર્વપદાર્થનો વાચક બને છે. તો શું તેને સર્વાદિ ગણશો ?

**સમાધાન :-** ના ભાઈ, જે શબ્દ પોતાની એક શક્તિને આધારે જ પરસ્પર વિરુદ્ધ અનેક પ્રકારના પદાર્થોનો બોધક[A] બનતો હોય તે શબ્દ જ સ્વવિષયની અપેક્ષાએ સર્વપદાર્થનો વાચક ગણાશે. ઘટ શબ્દ પોતાની એક

---

**(A)** सकृद्गृहीतशक्त्यैव स्वप्रवृत्तिनिमित्ताश्रयविरुद्धानेकजातीयार्थबोधकानामेव सर्वनामपदेन ग्रहणात्। (व्या.म. भाष्य १.१.२७ वा. ६ उद्द्योत) सकृत्पदोपादानाद् असकृद्गृहीतशक्त्यैव स्वप्रवृत्तिनिमित्ताश्रयविरुद्ध-वानरत्व-भेकत्वाद्यनेकजातीयार्थबोधक-हरिशब्दस्य, विरुद्धपदोपादानाद् द्रव्यत्वघटत्वाद्यनेकजातीयार्थबोधकघटादिशब्दस्य, जातिपदोपादानाच्च तद्द्रव्यक्तित्वैतद्द्रव्यक्तित्वाद्यनेकधर्मवदर्थबोधकपटादिशब्दस्य न सर्वनामपदेन ग्रहणमित्याशयः। (तत्रत्य एव उद्द्योततत्त्वालोकः)

શક્તિ દ્વારા 'ઘટ' પદાર્થનો બોધક બને છે ખરો, પણ તે પરસ્પર વિરુદ્ધ અનેક પદાર્થોનો બોધક ન બનતા તેને સ્વવિષયની અપેક્ષાએ સર્વપદાર્થોનો વાચક નહીં કહી શકાય. માટે તે સર્વાદિ નહીં ગણાય. જ્યારે પૂર્વ વિગેરે શબ્દો પોતાની એક શક્તિ દ્વારા જ પરસ્પર વિરુદ્ધ 'દિશા-દેશાદિ' અનેક પદાર્થોના વાચક બને છે. માટે તેમને સ્વવિષયની અપેક્ષાએ સર્વપદાર્થોના વાચક કહી શકાતા તેઓ સર્વાદિ ગણાશે.)

**શંકા :-** જે સર્વપદાર્થોના વાચક બને તેને સર્વાદિ ગણશો તો સાકલ્યાર્થના વાચક સર્વ શબ્દને સમાનાર્થી સકલ, કૃત્સ્ન, જગત્ વિગેરે શબ્દો પણ સર્વપદાર્થોના વાચક બનવાથી સર્વાદિ ગણાશે. તેમજ[A] સર્વસ્મિન્ ઓદને વિગેરે સ્થળે સામાનાધિકરણ્ય (સમાનવિભક્તિકત્વ) હોવાથી સર્વ શબ્દથી વાચ્ય જે પદાર્થ બને છે તે જ પદાર્થ ઓદન શબ્દથી પણ વાચ્ય બનવાથી ઓદન શબ્દ સર્વ શબ્દને સમાનાર્થી થઈ ગયો. તેથી સર્વ શબ્દ જો સર્વાદિ ગણાય તો ઓદન શબ્દ પણ સર્વાદિ ગણાવાથી સર્વસ્મિન્ ઓદનસ્મિન્ પ્રયોગ થવાની આપત્તિ આવશે.

**સમાધાન :-** સર્વસ્મિન્ ઓદને સ્થળે ઉપરોક્ત આપત્તિ નહીં આવે. કેમકે નિયમ છે કે 'શબ્દો પદાર્થની જેમ તેમાં પ્રતિનિયત (અવશ્યપણે જોડાયેલાં) પ્રવૃત્તિનિમિત્ત એવા જાત્યાદિ ધર્મના પણ વાચક બને છે[B]'. સર્વસ્મિન્ ઓદને સ્થળે સર્વ શબ્દ 'ઓદન = ભાત' પદાર્થની જેમ તેમાં પ્રતિનિયત 'સર્વત્વ = સાકલ્યાર્થ' નો પણ વાચક બને છે અને ઓદન શબ્દ 'ભાત' પદાર્થની જેમ તેમાં પ્રતિનિયત 'ઓદનત્વ' જાતિનો પણ વાચક બને છે. આમ સર્વ અને ઓદન શબ્દો 'ભાત' રૂપે એક પદાર્થના વાચક હોવા છતાં ઓદન શબ્દ સર્વ શબ્દવાચ્ય સર્વત્વ નો વાચક નથી બનતો અને સર્વ શબ્દ ઓદન શબ્દવાચ્ય 'ઓદનત્વ' જાતિનો વાચક નથી બનતો. આમ બન્ને એક પદાર્થની વાચકતાને લઈને સમાનાર્થી ન બનતા ઓદન શબ્દ સર્વ શબ્દની જેમ સર્વાદિ ન ગણાવાથી સર્વસ્મિન્ ઓદનસ્મિન્ પ્રયોગ નહીં થાય.

ઉપરોક્ત સમાધાન **અભિહિતાન્વયવાદી** મીમાંસક **કુમારિલ્લભટ્ટના** 'पदैः पदार्थान् अभिधाय आकाङ्क्षादिमूलकशक्तिवशात् संसृष्टवाक्यार्थप्रतीतिर्जन्यते' નિયમના આધારે દર્શાવ્યું છે. અર્થ - 'પદો પદાર્થોને ઉપસ્થિત કરાવીને

**(A)** બૃ. ન્યાસમાં દર્શાવેલી 'एतेषामपि' પંક્તિનો અર્થ આ પ્રમાણે સમજવો. एतेषामपि शब्दानां = ओदनघटादि शब्दानामपि, एकैकस्य = प्रत्येकस्य, यो विषयः = सर्वादिशब्दवाच्यो योऽर्थो विषयः, तस्मिन् तस्मिन् विषये = सर्वादिशब्दवाच्यार्थविषये, यो यः शब्दो वर्तते = य ओदनघटादिशब्दो वर्तते, तस्य तस्य तस्मिन् वर्तमानस्य = ओदनघटादिशब्दस्य सर्वादिशब्दवाच्यार्थे वर्तमानस्य सर्वादिकार्यं प्राप्नोति। અર્થાત્ 'સર્વસ્મિન્ ઓદને, સર્વસ્મિન્ ઘટે વિગેરે સ્થળે ઓદન, ઘટ વિગેરે પ્રત્યેક શબ્દનો સર્વાદિ શબ્દોથી વાચ્ય જે અર્થ વિષય બનતો હોય, મતલબ કે સર્વાદિ શબ્દોથી વાચ્ય જે અર્થ ઓદન, ઘટ વિગેરે શબ્દોથી પણ વાચ્ય બનતો હોય તે અર્થમાં વર્તતા ઓદન, ઘટ વિગેરે શબ્દોને પણ સર્વાદિ કાર્યો થવાનો પ્રસંગ આવશે.'

**(B)** બૃ. ન્યાસોક્ત 'ननु प्रतिनियत.....' પંક્તિનો અર્થ આ પ્રમાણે સમજવો. गुणद्रव्यादिसमुदायात्मके वस्तुनि प्रतिनियता ये भागाः प्रवृत्तिनिमित्ताख्यास्तदभिनिवेशित्वात्तद्वाचकत्वाच्छब्दानामित्यर्थः।' (व्या. म. भाष्य १.१.२७ वा. ६ उद्द्योत)

આકાંક્ષાદિમૂલક શક્તિવશે પ્રવૃત્તિનિમિત્ત જાત્યાદિધર્મોથી સંયુક્ત પદાર્થ પૂર્વકના વાક્યાર્થની પ્રતીતિ કરાવે છે.' હવે આગળની શંકાનું ઉત્થાન **અન્વિતાભિધાનવાદી** મીમાંસક **પ્રભાકરના** 'યોગ્યેતરાન્વિતે એવાર્થે પદાનાં શક્તિઃ' નિયમને આશ્રયીને કરવામાં આવે છે. અર્થ – 'યોગ્ય એવા ઇતરપદાર્થથી અન્વિત એવા જ પદાર્થમાં પદોની શક્તિ હોય છે.')

**શંકા** :– તમે જેમ નિયમ દર્શાવ્યો તેમ આવો પણ એક નિયમ જોવા મળે છે કે 'શબ્દો યોગ્ય ઇતરપદાર્થોથી અન્વિત એવા જ પદાર્થોના વાચક બને છે.' અર્થાત્ સર્વસ્મિન્ ઓદને સ્થળે સર્વ શબ્દ 'ઓદન' પદાર્થથી અન્વિત (યુક્ત) એવા જ સાકલ્ય પદાર્થનો વાચક બને છે અને ઓદન શબ્દ 'સાકલ્ય' અર્થથી અન્વિત એવા જ 'ઓદન' પદાર્થનો વાચક બને છે. જો કે અહીં એવી શંકા થઈ શકે છે કે 'સર્વ અથવા ઓદન આ પ્રત્યેક શબ્દ પણ જો સાકલ્યાર્થથી વિશિષ્ટ ઓદન પદાર્થનો વાચક બની શકે એમ હોય તો સર્વસ્મિન્ ઓદને આમ બન્ને શબ્દોના પ્રયોગની શી જરૂર છે ?' પણ તેનું સમાધાન આ પ્રમાણે સમજવું કે 'કેવળ સર્વસ્મિન્ અથવા ઓદને પદનો પ્રયોગ કરીએ તો પણ સાકલ્યાર્થથી વિશિષ્ટ ઓદન પદાર્થ વાચ્ય બનવા છતાં પ્રયોગ જોનારને રૂપના સાદૃશ્યને કારણે તાદૃશ વિશિષ્ટ પદાર્થનો બોધ થતો નથી.' આશય એ છે કે સર્વસ્મિન્ ઓદને અને સર્વસ્મિન્ પટે આદિ સ્થળે સર્વસ્મિન્ પ્રયોગ એકસરખો છે. હવે જો માત્ર સર્વસ્મિન્ પ્રયોગ કરીએ તો પ્રયોગ જોનારને રૂપના (પ્રયોગના સ્વરૂપના) સાદૃશ્યને લઈને શંકા થાય કે 'વક્તા શું અહીં સાકલ્યાર્થથી વિશિષ્ટ ઓદન પદાર્થને જણાવવા માંગે છે ? સાકલ્યાર્થથી વિશિષ્ટ પટ પદાર્થને જણાવવા માંગે છે ? કે પછી સાકલ્યાર્થથી વિશિષ્ટ ત્રીજા કોઈને ?' અને આવી શંકાને કારણે તેને પદાર્થનો યથાર્થ બોધ થતો નથી. આ જ રીતિ પ્રમાણે કેવળ ઓદને પ્રયોગ અંગે પણ સમજી લેવું. પ્રયોગ જોનારને યથાર્થ બોધ થાય તે માટે સર્વસ્મિન્ ઓદને સ્થળે ઉભય શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આમ ઓદને શબ્દ સર્વ શબ્દને સમાનાર્થી બનવાથી સર્વાદિ ગણાતા સર્વસ્મિન્ ઓદનસ્મિન્ પ્રયોગ થવાની આપત્તિ ઉભી જ રહેશે.

**સમાધાન** :– આ આપત્તિને વારવા અમે સૂત્રોક્ત સર્વાદેઃ પદને ગણપાઠ અને વિધિ ઉભયનું વિશેષણ બનાવશું. તેથી સૂત્રનો અર્થ હવે આ પ્રમાણે થશે 'સર્વપદાર્થોના વાચક બનતા સર્વાદિ ગણપાઠ અન્તર્વર્તી નામો સંબંધી ઙે-ઙસિ પ્રત્યયોના સ્મૈ-સ્માત્ આદેશ થાય છે.' અહીં સર્વાદેઃ પદને ગણપાઠનું વિશેષણ બનાવવાના કારણે સર્વાદિ ગણપાઠબાહ્ય સકલ, કૃત્સ્ન, જગત્ તેમજ ઓદન આદિ શબ્દો સર્વ વિગેરે શબ્દોને સમાનાર્થી બનવા દ્વારા સકલ પદાર્થના વાચક બને તો પણ તેઓ સર્વાદિ ગણપાઠ અન્તર્વર્તી ન હોવાથી તેમને સર્વાદિ નામાશ્રિત કાર્યો નહીં થાય અને સર્વાદેઃ પદને વિધિનું વિશેષણ બનાવવાને કારણે અન્વર્થ સંજ્ઞાનું ગ્રહણ થતા સર્વાદિ ગણપાઠાન્તર્વર્તી જે સર્વ વિગેરે શબ્દો સકલ પદાર્થોના વાચક બનતા હોય તેમનું જ સૂત્રમાં ગ્રહણ સંભવતા સંજ્ઞા અને ઉપસર્જન રૂપે વર્તતા સર્વાદિ ગણપાઠાન્તર્વર્તી શબ્દો પદાર્થવિશેષના જ વાચક બનવાથી તેમને આશ્રયીને સર્વાદિ નામાશ્રિત કાર્યો અને અંતર્ગણકાર્યો[A] નહીં થાય.

(A) 'પઞ્ચતોઽન્યાદેઃ ૧.૪.૫૮' સૂત્રમાં ગ્રહણ કરાતા અન્ય વિગેરે પાંચ શબ્દો સર્વાદિ ગણપાઠમાં અંતર્ગણ (પેટાગણ) રૂપે લીધા છે. જેની વાત આપણે આગળ આ સૂત્રના વિવરણમાં જોઈ ગયા. આથી પઞ્ચતો૰ ૧.૪.૫૮' સૂત્રથી થતું 'દ્' આદેશ રૂપ કાર્ય અન્તર્ગણ કાર્ય કહેવાય.

**શંકા :-** સૂત્રોક્ત એક જ સર્વાદેઃ પદને ઉભયનું વિશેષણ શી રીતે બનાવી શકાય ?

**સમાધાન :-** તંત્રથી[A] અર્થાત્ ઉપરોક્ત બે અર્થનો બોધ કરાવવાની ઇચ્છાથી એક જ સર્વાદેઃ પદનું સૂત્રમાં એક જ વાર ઉચ્ચારણ કરવાથી અથવા સૂત્રોક્ત સર્વાદેઃ પદસ્થળે એકશેષવૃત્તિની વિવક્ષા કરીને 'સર્વાદેઃ સર્વાદેઃ સ્મૈસ્માતૌ' આમ સૂત્રમાં સર્વાદેઃ પદની આવૃત્તિ[B] કરવા દ્વારા અમે એક જ સર્વાદેઃ પદને ઊભયનું વિશેષણ બનાવશું. આવૃત્તિમાંના પ્રથમ સર્વાદેઃ પદથી અન્વર્થ સંજ્ઞાનું ગ્રહણ થશે અને બીજા સર્વાદેઃ પદથી સર્વાદિ ગણપાઠનું ગ્રહણ થશે.

આમ સૂત્રમાં ગ્રહણ કરેલા સર્વાદેઃ પદસ્થળે સંબંધાર્થક ષષ્ઠી વિભક્તિ કરેલી હોવાથી સર્વપદાર્થોના વાચક બનતા સર્વાદિ ગણપાઠાન્તર્વર્તી નામો સંબંધી જ ઙે-ઙસિ પ્રત્યયોના સ્મૈ-સ્માત્ આદેશ પ્રાપ્ત થતા હોવાથી...

**(a)** પ્રિયાઃ સર્વે યસ્ય સ = પ્રિયસર્વઃ, તસ્મૈ = પ્રિયસર્વાય **(b)** સર્વાન્ અતિક્રાન્તાય = અતિસર્વાય **(c)** દ્વૌ અન્યૌ અસ્ય = દ્વ્યન્યઃ, તસ્મૈ = દ્વ્યન્યાય **(d)** ત્રયઃ અન્યે અસ્ય = ત્ર્યન્યઃ, તસ્મૈ = ત્ર્યન્યાય **(e)** પ્રિયાઃ પૂર્વે યસ્ય સ = પ્રિયપૂર્વઃ, તસ્મૈ = પ્રિયપૂર્વાય।

આ સર્વસ્થળે ઉપસર્જનીભૂત સર્વ, અન્ય અને પૂર્વ શબ્દો સર્વ પદાર્થોના વાચક ન બનતા તેમને લાગેલ ઙે-ઙસિ પ્રત્યયો સર્વપદાર્થોના વાચક સર્વાદિ ગણવર્તી નામો સંબંધી ન ગણાવાથી તેમનો સ્મૈ-સ્માત્ આદેશ ન થયો.

**શંકા :-** આઢ્યો ભૂતપૂર્વઃ = આઢ્યપૂર્વઃ, તસ્મૈ = આઢ્યપૂર્વાય આમ 'મયૂરવ્યંસકા૦ ૩.૧.૧૧૬' સૂત્રથી તત્પુરુષસમાસ પામેલા આઢ્યપૂર્વ શબ્દ સ્થળે સર્વાદિ પૂર્વ શબ્દ હોવાથી તેને લાગેલા ઙે પ્રત્યયનો આ સૂત્રથી સ્મૈ આદેશ કેમ ન થયો ?

**સમાધાન :-** પૂર્વ આદિ શબ્દો દિશા, દેશ, કાળ અને સ્વભાવની અપેક્ષાએ વ્યવસ્થા જણાતી હોય ત્યારે સર્વાદિ ગણાય છે. આઢ્યપૂર્વ સ્થળે વ્યવસ્થા જણાતી ન હોવાથી ત્યાંનો પૂર્વ શબ્દ સર્વાદિ ન ગણાતા સ્મૈ આદેશ ન થયો.

**શંકા :-** આઢ્યપૂર્વ સમાસનો વિગ્રહ આઢ્યો ભૂતપૂર્વઃ થાય છે. તેનો અર્થ 'ભૂતકાળમાં આઢ્ય (શ્રીમંત) હતો, વર્તમાનકાળમાં નથી' આમ થાય. તો અહીં કાળની અપેક્ષાએ વ્યવસ્થા જણાતી હોવાથી પૂર્વ શબ્દ સર્વાદિ ગણાતા સ્મૈ આદેશ થવો જોઈએ.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ આઢ્યપૂર્વાય સ્થળે પૂર્વ શબ્દવાચ્ય પૂર્વકાળ (ભૂતકાળપદાર્થ) આઢ્ય શબ્દવાચ્ય શ્રીમંતાઈ પદાર્થનું વિશેષણ બને છે. તેથી પૂર્વ શબ્દ અતિપૂર્વાય સ્થળની જેમ ઉપસર્જન

---

**(A)** અર્થદ્વયબોધેચ્છયા એકસ્ય સકૃદુચ્ચારણમિહ તન્ત્રમ્। (વ્યા.મ.ભાષ્ય ૧.૧.૨૭ વા૦૬ उद्द्योत)

**(B)** સર્વાદિ નામાશ્રિત કાર્યોને કરતા દરેક સૂત્રમાં અન્વર્થસંજ્ઞા અને ગણપાઠના ગ્રહણાર્થે અનુવર્તમાન સર્વાદિ શબ્દની આવૃત્તિ થશે.

(गौण) बनता सर्वपदार्थोनो वाचक न बनवाथी सर्वादि न गणावाने कारणे तेने लागेलां ङे प्रत्ययनो आ सूत्रथी स्मै आदेश न थयो.

**शंका :-** अहकं पिता अस्य = मकत्पितृकः, त्वकं पिता अस्य = त्वकत्पितृकः अने द्वकौ पुत्रौ अस्य = द्वकिपुत्रः ईत्यादि बहुव्रीहिस्थळे 'त्यादिसर्वा० ७.३.२९' सूत्रथी थता अक् प्रत्यय पूर्वकना मकत्पितृकः विगेरे प्रयोगो न थता 'प्राग्नित्यात्० ७.३.२८' सूत्रथी प्राप्त कप् प्रत्यय पूर्वकना मत्कपितृकः, त्वत्कपितृकः अने द्विकपुत्रः विगेरे प्रयोगो थवा जोईअे. परंतु बहुव्रीहि समास द्विपदाश्रित कार्य होवाथी बहिरंग कार्य गणाता अने सर्वादि नामोने आश्रयीने थतो अक् प्रत्यय अेकपदाश्रित कार्य होवाथी अंतरंग कार्य गणाता ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** न्यायथी बहुव्रीहिसमास थता पूर्वे ज हजुं उपसर्जन (गौण) न बनेलां अस्मद् विगेरे सर्वादि नामोने अक् प्रत्यय लागी जवाना कारणे मकत्पितृकः विगेरे ज प्रयोगो थवानी प्राप्ति रहे छे. तो मत्कपितृकः विगेरे ईष्टप्रयोगो सिद्ध थई शके ते माटे आ सूत्रमां बहुव्रीहिसमासना विषयमां अक् प्रत्ययना निषेधने सूचवतुं पद मूकवुं जोईअे अथवा तादश निषेधने सूचवतुं पृथक् सूत्र बनाववुं जोईअे. पाछी अेटली वात ध्यानमां रहे के बहुव्रीहिना विषयमां अक् प्रत्ययनो प्रतिषेध अहकं पिता अस्य आ लौकिक विग्रहकाळे न करता पाछळथी समासनी पूर्वावस्थाना (अस्मद् नो) मत् + अक् + सि पितृ + सि आ अलौकिक विग्रहकाळे ज करवानो छे. केमके लौकिक विग्रहकाळे अहकम् विगेरे अक् प्रत्यय पूर्वकना प्रयोगो करवा ईष्ट छे. माटे अलौकिक विग्रहकाळे अक् प्रत्ययनुं निषेधक तथा प्रकारनुं पद आ सूत्रमां मूकवुं पडे अथवा तथा प्रकारनुं अभिनव सूत्र रचवुं पडे.

**समाधान :-** तमारी वात बराबर नथी. बहुव्रीहिस्थळे पण अक् प्रत्यय पूर्वकना मकत्पितृक विगेरे प्रयोगो ज ईष्ट छे, माटे नवुं सूत्र बनाववानी के आ सूत्रमां पद उमेरवानी कोई झंझटमां पडवानी जरूर नथी. **गोनर्दीय**[A] पण कहे छे के 'अकच् प्रत्यय अने सर्वनामने कहेलो स्वर; आ बन्ने वस्तु सर्वादि शब्दोने समासना कोईपण प्रकारमां निःसंशयपणे करवा.'

**शंका :-** ***'अन्तरङ्गानपि विधिन् बहिरङ्गो विधिर्बाधते'*** न्यायथी अमे उपरोक्त अेकपदाश्रित अंतरंग अक् प्रत्ययना विधानने बाधित करी पूर्वे द्विपदाश्रित बहिरंग बहुव्रीहिसमास करशुं अने समास पछी बहुव्रीहिमां अस्मद् आदि शब्दो उपसर्जन बनी जवाथी तेमने सर्वादि नामाश्रित अक् प्रत्ययनुं विधान नहीं थई शके.

**समाधान :-** तमे गोटाळो कर्यो. उपरोक्त न्यायनो आकार तो ***'अन्तरङ्गानपि विधिन् बहिरङ्गो लुब्बाधते'*** आवो छे. अर्थात् ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** न्यायना अपवादभूत प्रस्तुत न्याय लोपना विषयमां ज प्रवर्ते छे. अहीं कोई लोपनी वात नथी, पण अक् प्रत्यय पहेलां लगाडवो के बहुव्रीहिसमास पूर्वे करवो तेनी वात छे. माटे अंतरंग अक् प्रत्यय ज पूर्वे थशे.

---

**(A)** गावः नर्दन्ति यस्मिन्पर्वतविशेषे स गोनर्दः देशविशेषः तत्र भवः गोनर्दीयः = महाभाष्यकारपतञ्जलिऋषयः।

**(22)** બૃ. વૃત્તિમાં સર્વ થી લઈને કિમ્ શબ્દ સુધીનો ગણપાઠ સંજ્ઞામાં ન વર્તતો હોય ત્યારે સર્વાદિ ગણાય છે અને ઉભયટ્ શબ્દમાં દર્શાવેલો ટ્ અનુબંધ તેને 'अणञे० ૨.૪.૨૦' સૂત્રથી સ્ત્રીલિંગનો ङी પ્રત્યય થઈ શકે તે માટે છે. દા.ત. ઉભયી દૃષ્ટિઃ ।।૭।।

## [1]ङेः स्मिन् ।। ૧.૪.૮।।

**બૃ.વૃ.- સર્વાદેરકારાન્તસ્ય સંબન્ધિનઃ સપ્તમ્યેકવચનસ્ય ङेः સ્થાને સ્મિન્ત્યિયમાદેશો[2] ભવતિ। સર્વસ્મિન્, વિશ્વસ્મિન્। [3]અત [4]ઇત્યેવ? ભવતિ। સર્વાદેરિત્યેવ? સર્વો નામ કશ્ચિત્, સર્વે; સમે [5]દેશે ધાવતિ। તત્સમ્બન્ધિવિજ્ઞાનાદિહ ન ભવતિ-પ્રિયસર્વે, અતિવિશ્વે ।।૮।।**

---

**સૂત્રાર્થ :-** અ કારાન્ત સર્વાદિ નામ સંબંધી સપ્તમી એકવચનના ङि પ્રત્યયનો स्मिन् આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** ચતુર્થી એકવચનના ङे પ્રત્યયનું પણ ષષ્ઠચન્ત રૂપ ङेः થતું હોવાથી સૂત્રમાં ચતુર્થી એકવચનનો ङे પ્રત્યય કાર્યી રૂપે કેમ ગ્રહણ નથી કરાતો ?

**સમાધાન :-** 'तदस्यास्त्यस्मिन्० ૭.૨.૧' સૂત્રમાં સપ્તમ્યર્થને આશ્રયીને अस्मिन् આ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાથી તે નિર્દેશરૂપ જ્ઞાપકને સહારે પ્રસ્તુત સૂત્રમાં ચતુર્થી એકવચનના ङे પ્રત્યયનું કાર્યી રૂપે ગ્રહણ ન કરાતા સપ્તમી એકવચનના ङि પ્રત્યયનું કાર્યી રૂપે ગ્રહણ કરાય છે.

**(2)** <u>દૃષ્ટાંત</u> -

(i) **सर्वस्मिन् — * सर्व + ङि , * 'ङेः स्मिन् ૧.૪.૮' → सर्व + स्मिन् = सर्वस्मिन्।**

(ii) **विश्वस्मिन् — * विश्व + ङि , * 'ङेः स्मिन् ૧.૪.૮' → विश्व + स्मिन् = विश्वस्मिन्।**

**(3)** સર્વાદિ નામ અ કારાન્ત જ જોઈએ એવું કેમ ?

**(a) भवति— * भवत् (भवतु) + ङि = भवति।**

અહીં સર્વાદિ भवत् (भवतु) શબ્દ અ કારાન્ત ન હોવાથી તેના સંબંધી ङि પ્રત્યયનો स्मिन् આદેશ ન થયો.

**(4)** અ કારાન્ત નામ સર્વાદિ જ જોઈએ એવું કેમ ?

**(a) सर्वो नाम कश्चित् , सर्वे समे देशे धावति – *सर्व + ङि, * 'अवर्णस्ये० ૧.૨.૬' → सर्वे।**

અહીં સંજ્ઞામાં[A] વર્તતો સર્વ શબ્દ સર્વાદિ ન ગણાવાથી તેના સંબંધી ङी પ્રત્યયનો स्मिन् આદેશ ન થયો. **અર્થ :-** સર્વ નામનો વ્યક્તિ સમ (અવિષમ/સપાટ) દેશને વિષે દોડતે છતે.

---

**(A)** सर्वेऽपि चामी संज्ञायां सर्वादयो न भवन्ति। (૧.૪.૭ બૃ.વૃત્તિઃ)

(5) અ કારાન્ત સર્વાદિ નામો સંબંધી ∂ ડિ પ્રત્યયનો સ્મિન્ આદેશ થતો હોવાથી અહીં સ્મિન્ આદેશ નહીં થાય.

(a) પ્રિયસર્વે — * પ્રિયાઃ સર્વે યસ્ય સ = પ્રિયસર્વઃ , તસ્મિન્ = પ્રિયસર્વે।

(b) અતિવિશ્વે — * વિશ્વમતિક્રાન્તઃ = અતિવિશ્વઃ, તસ્મિન્ = અતિવિશ્વે।

આ ઉભય સ્થળે ડિ પ્રત્યય સર્વાદિ એવા સર્વ અને વિશ્વ શબ્દ સંબંધી ન વર્તતા પૂર્વસૂત્રમાં દર્શાવ્યા પ્રમાણેની સર્વાદિ શબ્દની અન્વર્થ(A) સંજ્ઞા રહિત અસર્વાદિ પ્રિયસર્વ અને અતિસર્વ શબ્દ સંબંધી વર્તવાના કારણે તેનો સ્મિન્ આદેશ ન થયો. ।।૮।।

## जस इः ।। १.४.९ ।।

**बृ.वृ.- सर्वादेरकारान्तस्य सम्बन्धिनो जसः स्थाने इकार आदेशो भवति, (1) एकवर्णोऽपि "प्रत्ययस्य" (७.४.१०८) इति सर्वस्य भवति। (2) सर्वे, विश्वे, उभये, ते। (3) अत इत्येव? भवन्तः, सर्वाः। (4) तत्सम्बन्धिविज्ञानादिह न भवति–प्रियसर्वाः पुमांसः। (5) 'सर्वाणि कुलानि' इत्यत्र तु परत्वान्नपुंसके शिरेव ।।९।।**

---

**सूत्रार्थ :-** અ કારાન્ત સર્વાદિ નામ સંબંધી જસ્ પ્રત્યયનો ઇ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> (1) **શંકા :-** સૂત્રમાં 'जसः' એ ષષ્ઠયન્ત નિર્દેશ હોવાથી 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષાથી જસ્ પ્રત્યયના અંત્ય સ્ નો ∂ ઇ આદેશ થવો જોઈએ. તો કેમ સર્વે વિગેરે પ્રયોગોમાં સંપૂર્ણ જસ્ પ્રત્યયનો ઇ આદેશ કરો છો ?

**સમાધાન :-** 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષાના અપવાદભૂત 'प्रत्ययस्य ७.४.१०८' પરિભાષાથી પ્રત્યયના સ્થાને થતો આદેશ સંપૂર્ણ પ્રત્યયનો થાય છે. તેથી અમે આખા જસ્ પ્રત્યયનો ઇ આદેશ કરીએ છીએ.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | (i) सर्वे | (ii) विश्वे | (iii) उभये |
|---|---|---|---|
| | सर्व + जस् | विश्व + जस् | उभय + जस् |
| * 'जस इः १.४.९' → | सर्व + इ | विश्व + इ | उभय + इ |
| * 'अवर्णस्येवर्ण० १.२.६' → | सर्वे। | विश्वे। | उभये। |

---

(A) પ્રિયસર્વ અને અતિવિશ્વ શબ્દોમાં વર્તતા સર્વ અને વિશ્વ શબ્દો અનુક્રમે અન્યપદાર્થ અને પૂર્વપદાર્થના વિશેષણ હોવાથી તેઓમાં સર્વાદિ શબ્દની અન્વર્થ સંજ્ઞાનુસારે 'सर्वाभिधायकत्व' નથી વર્તતું.

**(iv)** તે — ✻ तद् + जस् , ✻ 'आ ङेरः २.१.४१' → त अ + जस् , ✻ 'लुगस्या० २.१.११३' → त + जस् , ✻ 'जस इः १.४.९' → त + इ , ✻ 'अवर्णस्येवर्ण० १.२.६' → ते।

**(3)** સર્વાદિ નામ અ કારાન્ત જ જોઈએ એવું કેમ ?

| **(a) भवन्तः** | | | **(b) सर्वाः** | | |
|---|---|---|---|---|---|
| | | भवत्(भवतु)+जस् | ✻ 'आत् २.४.१८' | → | सर्व+आप्=सर्वा+जस् |
| ✻ 'ऋदुदितः १.४.७०' | → | भवन्त् + जस् | ✻ 'समानानां तेन० १.२.१' | → | सर्वास् |
| ✻ 'सो रुः २.१.७२' | → | भवन्तर् | ✻ 'सो रुः २.१.७२' | → | सर्वार् |
| ✻ 'रः पदान्ते० १.३.५३' | → | भवन्तः। | ✻ 'रः पदान्ते० १.३.५३' | → | सर्वाः। |

અહીં સર્વાદિ भवत् (भवतु) અને सर्वा શબ્દો અ કારાન્ત ન હોવાથી તેમના સંબંધી जस् પ્રત્યયનો इ આદેશ ન થયો.

**(4)** સર્વાદિ નામ સંબંધી જ जस् પ્રત્યયનો इ આદેશ થતો હોવાથી અહીં इ આદેશ નહીં થાય.

**(a) प्रियसर्वाः पुमांसः** — ✻ **प्रियाः सर्वे येषां ते = प्रियसर्व + जस् , ✻ 'समानानां० १.२.१' → प्रिय-सर्वास् → प्रियसर्वार् → प्रियसर्वाः।**

અહીં અન્યપદાર્થપ્રધાન બહુવ્રીહિ સમાસ થયો હોવાથી जस् પ્રત્યય સર્વાદિ એવા सर्व શબ્દ સંબંધી ન વર્તતા સર્વાદિ શબ્દની અન્વર્થ સંજ્ઞા રહિત અન્યપદાર્થવાચી प्रियसर्व શબ્દ સંબંધી વર્તવાના કારણે તેનો આ સૂત્રથી इ આદેશ ન થયો.

**(5) શંકા :-** ***'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्'*** ન્યાય હોવાથી કોઈ પણ લિંગમાં વર્તતા અ કારાન્ત સર્વાદિ નામોના जस् પ્રત્યયનો આ સૂત્રથી इ આદેશ થવો જોઈએ. તો सर्वाणि कुलानि વિગેરે સ્થળે નપુંસકલિંગમાં વર્તતા सर्व શબ્દ સંબંધી जस् પ્રત્યયનો इ આદેશ કેમ નથી કરાતો ?

**સમાધાન :-** વાત સત્ય છે. પરંતુ પ્રસ્તુત સૂત્રની અપેક્ષાએ પર એવા 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્રથી પૂર્વે જ जस् નો शि આદેશ થઈ જાય છે. તેથી जस् પ્રત્યયના અભાવે सर्वाणि कुलानि વિગેરે સ્થળે નપુંસકલિંગમાં વર્તતા सर्व શબ્દ સંબંધી जस् પ્રત્યયનો इ આદેશ નથી કરાતો. ।।૯।।

## नेमा-ऽर्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्पकतिपयस्य वा ।। १.४.१०।।

**बृ.वृ.- नेमादीनि नामानि, तयाऽयौ प्रत्ययौ, तेषामकारान्तानां सम्बन्धिनो जसः स्थाने इर्वा भवति, नेमस्य प्राप्ते, इतरेषामप्राप्ते विभाषा[1]। नेमे, नेमाः ; अर्धे, अर्धाः ; प्रथमे, प्रथमाः ; चरमे, चरमाः ; द्वितये[2], द्वितयाः ; त्रितये, त्रितयाः ; द्वये, द्वयाः ; त्रये, त्रयाः ; उभयट्शब्दस्य[3] त्वयट्प्रत्ययरहितस्याखण्डस्य सर्वादौ पाठात् पूर्वेण नित्यमेवेत्वं भवति—उभये ; अल्पे[4], अल्पाः ; कतिपये , कतिपयाः ; परमनेमे , परमनेमा इत्यादि[5]। तत्सम्बन्धिविज्ञानादिह न भवति-प्रियनेमाः, अतिनेमाः। स्वार्थिकप्रत्ययान्ताग्रहणादिह[6] न भवति—अर्धकाः। सर्वादेरित्येव[7]? नेमा नाम केचित्। व्यवस्थितविभाषाविज्ञानाद्[8] अर्धादीनामपि संज्ञायां न भवति—अर्धा नाम केचित्। अत इत्येव[9]? नेमाः स्त्रियः ।।१०।।**

---

**सूत्रार्थ :-** अ कारान्त नेम विगेरे नामो तेमज तय अने अय प्रत्ययान्त नामो संबंधी जस् प्रत्ययनो इ आदेश विकल्पे थाय छे.

**सूत्रसमास :-** ◆ नेमश्च अर्धश्च प्रथमश्च चरमश्च तयश्च अयश्च अल्पश्च कतिपयश्च इत्येतेषां समाहारः = नेमा-ऽर्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयम् (स.द्व.)। तस्य = नेमा-ऽर्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य।

**विवरण :-** (1) सर्वादि गण अंतर्गत अ कारान्त नेम शब्द संबंधी जस् प्रत्ययने 'जस इः १.४.९' सूत्रथी इ आदेशनी नित्य प्राप्ति हती. तेमज अर्ध विगेरे शब्दो संबंधी जस् प्रत्ययने कोई सूत्रथी इ आदेशनी प्राप्ति न हती. आ रीते जस् प्रत्ययना इ आदेशनी प्राप्ति अने अप्राप्ति बन्नेमां आ सूत्र विकल्प करनार होवाथी आ सूत्रमां '***प्राप्ताऽप्राप्तविभाषा***[A]' जाणवी.

---

(A) विभाषा एटले विकल्प. ते त्राण प्रकारनी होय छे. (1) प्राप्त विभाषा - अन्य सूत्रोथी प्राप्त कार्योनो सूत्रमां विकल्प करवो ते प्राप्त विभाषा कहेवाय. जेम के 'अशावि ते वा ३.४.४' सूत्रमां पूर्वसूत्रोथी नित्य प्राप्त आय् विगेरे स्वार्थिक प्रत्ययोनो विकल्प करवामां आव्यो छे. (2) अप्राप्त विभाषा - अन्य सूत्रथी नहीं प्राप्त एवा कार्योनो सूत्रमां विकल्प करवो ते अप्राप्त विभाषा कहेवाय. जेम के 'स्त्रिया ङितां वा १.४.२८' सूत्रमां अन्य कोईपण सूत्रथी नहीं प्राप्त थयेलां ङित् प्रत्ययोना दै-दास्-दाम् आदेश रूप कार्यनो विकल्प करवामां आव्यो छे. (3) प्राप्ताऽप्राप्त विभाषा - सूत्रना अमुक अंशने अन्य सूत्रोथी कार्य प्राप्त होय अने अमुक अंशने प्राप्त न होय ते उभयमां विकल्प करवो ते प्राप्ताऽप्राप्त विभाषा कहेवाय. जेम के 'स्वाम्येधि ३.१.१३' सूत्रमां अधि अव्ययने जो ते गतार्थ होय तो 'धातोः पूजार्थ० ३.१.१' सूत्रथी उपसर्ग संज्ञा प्राप्त न होवाथी 'उर्याद्यनुकरण० ३.१.२' सूत्रथी गति संज्ञानी अप्राप्ति वर्तता अने जो ते गतार्थ न होय तो तेने 'धातोः पूजार्थ० ३.१.१' सूत्रथी उपसर्ग संज्ञा प्राप्त होवाथी 'उर्याद्यनुकरण० ३.१.२' सूत्रथी गति संज्ञानी प्राप्ति वर्तता ते उभयमां गति संज्ञानो विकल्प करनार 'स्वाम्येधि ३.१.१३' सूत्रस्थळे प्राप्ताऽप्राप्त विभाषा जाणवी.

(2) દૃષ્ટાંત –

(i) नेमे — ✻ नेम + जस् , ✻ 'नेमार्धप्रथम० १.४.१०' → नेम + इ, ✻ 'अवर्णस्येवर्ण० १.२.६' → नेमे।

(ii) नेमाः — ✻ नेम + जस् , ✻ 'अत आः० १.४.१' → नेमा + जस् , ✻ 'समानानां० १.२.१" → नेमास्। ✻ 'सो रुः २.१.७२' → नेमार् , ✻ 'रः पदान्ते० १.३.५३' → नेमाः।

અર્ધે, અર્ધાઃ વિગેરે પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે જાતે સમજી લેવી.

(3) **શંકા :-** 'तयि रक्षणे च' અને 'अयि गतौ' આ तय् અને अय् ધાતુઓને अच् પ્રત્યય લાગતા तय અને अय આવા બે શબ્દો પણ બને છે. તેથી આ સૂત્રમાં તેમનું ગ્રહણ ન કરતા तय અને अय પ્રત્યયોનું ✻ ગ્રહણ કરવાનું છે તે સૂત્ર દ્વારા શી રીતે ખબર પડે ?

**સમાધાન :-** આ વાત સૂત્ર દ્વારા જાણી શકાય તેમ નથી, પણ ***'व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः***[A] ' ન્યાયનો આશ્રય કરવામાં આવે તો આ સૂત્રની 'नेमादीनि नामानि, तयाऽयौ प्रत्ययौ' આ પ્રમાણેની બૃહદ્વૃત્તિ દ્વારા અવશ્ય જાણી શકાય છે કે સૂત્રમાં तय અને अय પ્રત્યય રૂપે ✻ ગ્રહણ કરવા ઈષ્ટ છે. તેમ✻ ***'न केवला प्रकृतिर्प्रयोक्तव्या नाऽपि प्रत्ययः***[B] ' ન્યાય કે પછી 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' પરિભાષા પ્રમાણે કેવળ તય અને અય પ્રત્યયોને આશ્રયીને સૂત્રનિર્દિષ્ટ કાર્ય ન સંભવતા तय અને अय પ્રત્યયાન્ત નામોને આશ્રયીને આ સૂત્રનું કાર્ય દર્શાવાય છે. તેથી द्वि અને त्रि શબ્દોને 'अवयवात् तयट् ७.१.१५१' સૂત્રથી तयट् પ્રત્યય અને 'द्वित्रिभ्याम्० ७.१.१५२' સૂત્રથી अयट् પ્રત્યય લાગવાથી અનુક્રમે નિષ્પન્ન द्वितय, त्रितय અને द्वय, त्रय નામો સંબંધી जस् પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ થતા द्वितये, द्वितयाः, त्रितये, त्रितयाः તેમ✻ द्वये, द्वयाः અને त्रये, त्रयाः પ્રયોગો થાય છે.

**શંકા :-** આ સૂત્રમાં अय પ્રત્યયાન્ત નામ સંબંધી जस् પ્રત્યયને વિકલ્પે इ આદેશનું વિધાન કર્યું છે, તેથી 'गयहृदयादयः (उणा० ३७०)' સૂત્રથી નિષ્પન્ન अय પ્રત્યયાન્ત गय વિગેરે નામો સંબંધી जस् પ્રત્યયનો પણ આ સૂત્રથી વિકલ્પે इ આદેશ થવો જોઈએ. તે કેમ નથી કરતા ?

---

(A) (સૂત્ર કરતા) વ્યાખ્યા (ટીકા) દ્વારા વિશેષાર્થનો બોધ થાય છે.

(B) કેવળ પ્રકૃતિ કે કેવળ પ્રત્યયનો પ્રયોગ ન કરવો જોઈએ.

**સમાધાન :-** ***'उणादयोऽव्युत्पन्नानि नामानि(A)'*** ન્યાય પ્રમાણે ગય વગેરે ઉણાદિ નામો અય પ્રત્યયાન્ત ન ગણાતા પ્રકૃતિ-પ્રત્યયના ભેદ રહિત અખંડ નામો ગણાય છે, તેથી પ્રસ્તુત સૂત્રથી તેમના સંબંધી જસ્ પ્રત્યયનો વિકલ્પે इ આદેશ નથી કરાતો. તેમજ જ્યારે ઉણાદિ નામોને આશ્રયીને વ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરવામાં આવે ત્યારે ગય વિગેરે નામો અય પ્રત્યયાન્ત ગણાવા છતાં પણ ***'साहचर्यात् सदृशस्यैव'*** ન્યાયથી સૂત્રમાં ગ્રહણ કરેલાં તદ્ધિતના તયટ્ પ્રત્યયના સાહચર્યથી તય પ્રત્યય પણ તદ્ધિતનો જ ગ્રહણ થતો હોવાથી ઉણાદિ અય પ્રત્યયાન્ત ગય વિગેરે નામો સંબંધી જસ્ પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ નથી કરાતો.

**(4) શંકા :-** સર્વાદિ उभयट् શબ્દ અય પ્રત્યયાન્ત હોવાથી તેના સંબંધી જસ્ પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ થવો જોઈએ. તો 'जस इः १.४.९' સૂત્રથી નિત્ય इ આદેશ કેમ કરો છો ?

**સમાધાન :-** સર્વાદિ ગણપાઠમાં અયટ્ પ્રત્યય રહિત અખંડ उभयट् શબ્દનો પાઠ છે. તેથી उभयट् શબ્દ અયટ્ પ્રત્યયાન્ત ન હોવાથી તેના સંબંધી જસ્ પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ ન કરતા પૂર્વસૂત્રથી નિત્ય इ આદેશ કરીએ છીએ.

**(5)** अल्पे, अल्पाः, कतिपये, कतिपयाः તેમજ परमश्चासौ नेमश्च = परमनेम શબ્દના परमनेमे, परमनेमाः પ્રયોગોની સાધનિકા પૂર્વવત્ સમજી લેવી.

**(6)** આ સૂત્રમાં अ કારાન્ત नेम વિગેરે નામો સંબંધી જ जस् પ્રત્યયનો વિકલ્પે इ આદેશ થતો હોવાથી **प्रियो नेमो येषां ते** = प्रियनेमाः આ બહુવ્રીહિ સમાસસ્થળે અને **नेममतिक्रान्ताः** = **अतिनेमाः** આ પ્રાદિ **તત્પુરૂષ** સમાસ સ્થળે જસ્ પ્રત્યય नेम નામ સંબંધી ન વર્તતા प्रियनेम અને अतिनेम નામ સંબંધી હોવાથી તેનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ નહીં થાય. તેથી प्रियनेमे, प्रियनेमाः, अतिनेमे, अतिनेमाः આ પ્રમાણે બે પ્રયોગ ન થતા માત્ર प्रियनेमाः અને अतिनेमाः આમ એક જ પ્રયોગ થશે.

**(7) શંકા :-** ***'प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम्(B)'*** ન્યાયથી अर्ध નામ સંબંધી जस् પ્રત્યયની જેમ कुत्सिता अज्ञाता वा अर्धाः = अर्धकाः આમ સ્વાર્થિક क પ્રત્યયાન્ત अर्धक નામ સંબંધી जस् પ્રત્યયનો પણ આ સૂત્રથી વિકલ્પે इ આદેશ થવો જોઈએ. તો કેમ નથી કરતા ?

---

**(A)** 'उण् વિગેરે ઉણાદિ પ્રત્યયો લાગીને નિષ્પન્ન નામો અવ્યુત્પન્ન (અર્થાત્ પ્રકૃતિ - પ્રત્યયના ભેદ વિનાના) ગણાય છે.' ઉણાદિ પ્રત્યયાન્ત નામોને આશ્રયીને બે પક્ષો છે. એક ***शाकटायनना*** મતાનુસાર વ્યુત્પત્તિપક્ષ કે જે પ્રકૃતિ-પ્રત્યયના ભેદને સ્વીકારે છે, અને બીજો ***पाणिनिना*** મતાનુસાર અવ્યુત્પત્તિપક્ષ કે જે પ્રકૃતિ-પ્રત્યયના ભેદને સ્વીકારતો નથી. લક્ષ્યની સિદ્ધિ માટે ઇચ્છિત પક્ષનો આશ્રય કરવામાં આવે છે. આવા બે પક્ષોને માનવાનું સ્પષ્ટ કારણ પૂ. ***લાવણ્ય સૂ.*** કૃત **'उणादयोऽव्युत्पन्नानि नामानि'** ન્યાય પરની 'तरंग' ટીકા, 'आयनेयीनीयियः પા.સૂ. ૭.૧.૨ મ.ભાષ્ય' તેમજ લઘુશબ્દેન્દુશેખરમાં દ્રષ્ટવ્ય છે.

**(B)** તે તે કાર્યો કરવામાં પ્રકૃતિનું ગ્રહણ કરતી વખતે સ્વાર્થિકપ્રત્યાન્ત એવી પ્રકૃતિનું પણ ગ્રહણ થાય છે.

**સમાધાન :-** સર્વાદિ ગણપાઠમાં સ્વાર્થિક ડતર-ડતમ પ્રત્યયનું ઉપાદાન કરવા દ્વારા પૂર્વે જણાવી દીધું છે કે આ પ્રકરણમાં કેવળ પ્રકૃતિને આશ્રયીને જે કાર્યોનું વિધાન હોય તે કાર્યો ડતર-ડતમ સિવાયની અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત પ્રકૃતિને આશ્રયીને નહીં થાય. તેથી સ્વાર્થિક ક પ્રત્યયાન્ત અર્ધક શબ્દ સંબંધી જસ્ પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ નથી કરતા.

**(8)** નેમ નામ સર્વાદિ જ જોઈએ એવું કેમ ?

**(a) નેમ નામ કેચિત્ —** ❋ નેમ + જસ્ , ❋ 'अत आः १.४.१' → નેમા + જસ્ ❋ 'समानानां० १.२.१' → નેમાસ્ , ❋ 'सो रुः २.१.७२' → નેમાર્ , ❋ 'रः पदान्ते० १.३.५३' → નેમાઃ।

સંજ્ઞામાં વર્તતા સર્વાદિ નામો સર્વાદિ ન ગણાય. તેથી અહીં સંજ્ઞામાં વર્તતા અસર્વાદિ નેમ નામ સંબંધી જસ્ પ્રત્યયનો વિકલ્પે इ આદેશ ન થયો.

**(9)** શબ્દોના અનેક અર્થ થતા હોય છે. તે પૈકીના અમુક નિયત અર્થની મર્યાદાનું ઉલ્લંઘન નહીં કરીને અર્થાત્ અનેક અર્થો પૈકીના અમુક ચોક્કસ અર્થના વાચક રૂપે વર્તતા તે શબ્દોના પ્રયોગ સમુદાયને જે કહે તેને વ્યવસ્થિત વિભાષા કહેવાય. આ સૂત્રમાં અર્ધ વિગેરે નામો સંબંધી જસ્ પ્રત્યયના इ આદેશનો જે વિકલ્પ કરાય છે તે વ્યવસ્થિતવિભાષા છે. તેથી અર્ધ વિગેરે નામો જ્યારે સંજ્ઞા સિવાયના અર્થનાં વાચક હોય ત્યારે તેમના સંબંધી જસ્ પ્રત્યયનો વિકલ્પે इ આદેશ થશે અને જ્યારે તેઓ સંજ્ઞા અર્થમાં વર્તતા હોય ત્યારે સંજ્ઞામાં વર્તતા સર્વાદિ નેમ શબ્દની જેમ તેમના સંબંધી જસ્ પ્રત્યયનો પણ इ આદેશ નહીં થાય. તેથી સંજ્ઞામાં અર્ધ વિગેરે નામોના અર્ધે, અર્ધાઃ આ પ્રમાણે બે પ્રયોગ ન થતા અર્ધાઃ (નામ કેચિત્) આવો એક જ પ્રયોગ થશે.

**(10)** નેમ વિગેરે નામો अ કારાન્ત જ હોવા જોઈએ એવું કેમ ?

**(a) નેમાઃ સ્ત્રિયઃ —** ❋ નેમા + જસ્ , ❋ 'समानानां० १.२.१' → નેમાસ્ , ❋ 'सो रुः २.१.७२' → નેમાર્ , ❋ 'रः पदान्ते० १.३.५३' → નેમાઃ।

અહીં નેમા નામ अ કારાન્ત ન હોવાથી તેના સંબંધી જસ્પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ ન થયો ।।૧૦।।

## द्वन्द्वे वा ।। १.४.११।।

**બૃ.વૃ.- द्वन्द्वे समासे वर्तमानस्याकारान्तस्य [1]सर्वादेः सम्बन्धिनो जसः स्थाने इर्वा भवति। [2]पूर्वोत्तरे, पूर्वोत्तराः; कतरकतमे, कतर-कतमाः; [3]दन्तकतमे, दन्त-कतमाः; परमकतर-कतमे, परमकतर-कतमाः। [4]तत्सम्बन्धिविज्ञानादिह न भवति-प्रियकतरकतमाः, वस्त्रान्तरवसनान्तराः। [5]उत्तरेण निषेधे प्राप्ते प्रतिप्रसवार्थो योगः ।।११।।**

**સૂત્રાર્થ :-** દ્વન્દ્વ સમાસમાં વર્તતા અ કારાન્ત સર્વાદિ નામો સંબંધી જસ્ પ્રત્યયનો વિકલ્પે ઇ આદેશ થાય છે.

**વિવરણ :-** **(1) શંકા :-** પૂર્વસૂત્રમાં સર્વાદિની સાથે જસ્ પ્રત્યયનો સંબંધ ન દર્શાવ્યો, તો આ સૂત્રમાં કેમ દર્શાવો છો ?

**સમાધાન :-** પૂર્વસૂત્રમાં જે નેમ નામ છે તેના સંબંધી જસ્ પ્રત્યયને 'જસ ઇઃ ૧.૪.૯' સૂત્રથી નિત્ય ઇ આદેશ પ્રાપ્ત હતો અને તેમાં વિકલ્પ કરવા તેને 'નેમાર્ધપ્રથમ૦ ૧.૪.૧૦' સૂત્રમાં દર્શાવ્યો છે. તેથી 'જસ ઇઃ ૧.૪.૯' સૂત્રમાં જે નિમિત્તો દર્શાવ્યા હતા તે સઘળાય નિમિત્તો નેમ શબ્દને માટે 'નેમાર્ધપ્રથમ૦ ૧.૪.૧૦' સૂત્રમાં પણ હોવાથી ત્યાં નેમ શબ્દને લઈને પ્રિયનેમ વિગેરે બહુવ્રીહ્યાદિ સ્થળોએ વ્યભિચારનો સંભવ ન હોવાથી તેમજ અર્ધ વિગેરે નામો સર્વાદિ ન હોવાના કારણે તેઓને સર્વાદિત્વનો સંભવ ન હોવાથી પૂર્વસૂત્રમાં સર્વાદિની સાથે જસ્ પ્રત્યયનો સંબંધ ન દર્શાવ્યો. જ્યારે આ સૂત્રમાં વ્યભિચાર અને સર્વાદિત્વ ઉભયનો સંભવ હોવાથી સર્વાદિનો જસ્ પ્રત્યયની સાથે સંબંધ દર્શાવ્યો છે.

**(2) દૃષ્ટાંત –**

**(i) પૂર્વોત્તરે**

| | | પૂર્વોત્તર + જસ્ |
|---|---|---|
| * 'દ્વન્દ્વે વા ૧.૪.૧૧' | → | પૂર્વોત્તર + ઇ |
| * 'અવર્ણસ્યેવર્ણ૦ ૧.૨.૬' | → | પૂર્વોત્તરે। |

**(ii) પૂર્વોત્તરાઃ**

| | | પૂર્વોત્તર + જસ્ |
|---|---|---|
| * 'અત આઃ૦ ૧.૪.૧' | → | પૂર્વોત્તરા + જસ્ |
| * 'સમાનાનાં તેન૦ ૧.૨.૧' | → | પૂર્વોત્તરાસ્ |
| * 'સો રુઃ ૨.૧.૭૨' | → | પૂર્વોત્તરાર્ |
| * 'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩' | → | પૂર્વોત્તરાઃ। |

આ જ રીતે કતરકતમે, કતરકતમાઃ, દન્તકતમે, દન્તકતમાઃ થશે, અને પરમે ચ તે કતરે ચ = પરમકતરે આમ 'વિશેષણં વિશેષ્યેણ૦ ૩.૧.૯૬' સૂત્રથી કર્મધારય સમાસ, પછી પરમકતરે ચ કતમાશ્ચ આ રીતે દ્વન્દ્વસમાસ થતા નિષ્પન્ન પરમકતરકતમે, પરમકતરકતમાઃ પ્રયોગો પણ ઉપરોક્ત રીતે સિદ્ધ કરી લેવા.

**(3)** અહીં યાદ રાખવું કે દ્વન્દ્વસમાસ ઉભયપદપ્રધાન હોવાથી આમ તો સર્વાદિ નામ તે સમાસના પૂર્વપદ રૂપે હોય કે ઉત્તરપદ રૂપે હોય તો પણ જસ્ પ્રત્યય એ સર્વાદિ નામ સંબંધી ગણાવાથી તેને આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી વિકલ્પે ઇ આદેશ થવાની પ્રાપ્તિ આવે, કે જેથી દશનાશ્ચ કતરે ચ = દશનકતરે, દશનકતરાઃ પ્રયોગોની જેમ કતરે ચ દશનાશ્ચ = કતરદશને અને કતરદશનાઃ પ્રયોગો થવાની પણ પ્રાપ્તિ આવે. પરંતુ સર્વાદિ નામો પૂર્વપદ રૂપે હોય તેવા દ્વન્દ્વસમાસ સ્થળે આ સૂત્રથી વિકલ્પે જસ્ નો ઇ આદેશ કરવો ઇષ્ટ નથી. તેથી તેનું નિવારણ કરવા સૂત્રમાં 'સર્વાદેઃ' એમ જે ષષ્ઠી વિભક્તિ છે તે આનન્તર્ય ષષ્ઠી જાણવી. જેથી સર્વાદિ નામ સંબંધી જસ્ પ્રત્યય જો સર્વાદિ

નામની અનન્તરમાં (અવ્યવહિત ઉત્તરમાં) હોય તો ञ તેને આ સૂત્રથી વિકલ્પે इ આદેશ થાય. અથવા આનન્તર્ય ષષ્ઠી ન ગણવી હોય તો સૂત્રવૃત્તિ 'सर्वादेः' પદની આવૃત્તિ કરી આવૃત્ત થયેલ 'सर्वादेः' પદને પંચમ્યન્ત ગણવું. ञથી 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४' પરિભાષા અનુસાર આ સૂત્રનો અર્થ આવો થશે કે 'દ્વન્દ્વસમાસમાં વર્તતા अ કારાન્ત સર્વાદિ નામો સંબંધી સર્વાદિ નામથી અવ્યવહિત પરમાં રહેલ जस् પ્રત્યયનો इ આદેશ વિકલ્પે થાય છે.' આ રીતે સૂત્રવૃત્તિ 'सर्वादेः' પદસ્થળે આનંતર્ય ષષ્ઠી અથવા આવૃત્તિનો આશ્રય કરતા કતરદશન + जस्આ દ્વન્દ્વસમાસ સ્થળે जस् પ્રત્યય સર્વાદિ કતર નામથી અનંતર અથવા અવ્યવહિત પરમાં ન હોવાથી તેને આ સૂત્રથી વિકલ્પે इ આદેશ થવા રૂપ આપત્તિ નહીં આવે.

**(4)** આ સૂત્રમાં દ્વન્દ્વસમાસમાં વર્તતા સર્વાદિ નામ સંબંધી ञ जस् પ્રત્યયનો વિકલ્પે इ આદેશ થતો હોવાથી પ્રિયકતરકતમાः અને વસ્ત્રાન્તર-વસનાન્તરાः પ્રયોગસ્થળે जस् પ્રત્યય એ સર્વાદિ कतर कतम અને अन्तर નામ સંબંધી ન વર્તતા તેનો વિકલ્પે इ આદેશ નહીં થાય. આ બન્ને પ્રયોગોની સિદ્ધિ આ પ્રમાણે જાણવી.

**प्रियकतरकतमाः** ✻ **कतरे च कतमाश्च** વિગ્રહાનુસારે દ્વન્દ્વસમાસ, તેમञ આ સૂત્રથી વિકલ્પે जस् નો इ આદેશ થતા **कतरकतमे/कतरकतमाः** , ✻ **प्रियाः कतरकतमे कतरकतमाः वा येषां ते = प्रियकतरकतम + जस्** આમ બહુવ્રીહિસમાસ. (અહીં બહુવ્રીહિસમાસ થતા પૂર્વે कतरकतमे/कतरकतमाः ના जस् પ્રત્યયનો 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી લોપ થયો છે અને સમાસ બાદ પુનઃ નવો जस् લાગ્યો છે.) ✻ **प्रियकतरकतम + जस्** અહીં जस् પ્રત્યય દ્વન્દ્વસમાસમાં વર્તતા સર્વાદિ એવા कतरकतम શબ્દ સંબંધી ન વર્તતા તે અસર્વાદિ प्रियकतरकतम શબ્દ સંબંધી હોવાથી આ સૂત્રથી તેનો વિકલ્પે इ આદેશ ન થતા માત્ર **प्रियकतरकतमाः** આ એક ञ પ્રયોગ થશે.

**वस्त्रान्तर-वसनान्तराः** ✻ **वस्त्रमन्तरं येषां ते** અને **वसनमन्तरं येषां ते** વિગ્રહાનુસારે અનુક્રમે **वस्त्रान्तराः** અને **वसनान्तराः** આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થશે. અહીં જો કે 'विशेषणसर्वादि० ३.१.१५०' સૂત્રથી બહુવ્રીહિગત સર્વાદિ નામોને પૂર્વપદ રૂપે નિપાત પ્રાપ્ત હોવાથી अन्तरवस्त्राः અને अन्तरवसनाः પ્રયોગ થવા જોઈએ. પણ 'राजदन्तादिषु ३.१.१४९' સૂત્રોક્ત રાજદન્તાદિ ગણપાઠના આ પ્રયોગો હોવાથી સર્વાદિ એવા अन्तर શબ્દનો પૂર્વપદ રૂપે નિપાત થયો નથી. ✻ **वस्त्रान्तराश्च वसनान्तराश्च** વિગ્રહાનુસારે દ્વન્દ્વસમાસ થતા **वस्त्रान्तर–वसनान्तराः** પ્રયોગ થયો છે.

અહીં जस् પ્રત્યય સર્વાદિ अन्तर શબ્દ સંબંધી નથી, પણ અસર્વાદિ वस्त्रान्तरवसनान्तर શબ્દ સંબંધી છે. તેથી તેનો આ સૂત્રથી વિકલ્પે इ આદેશ નહીં થાય.

**શંકા :-** વસ્ત્રાન્તર અને વસનાન્તર આ બન્ને સમાન અર્થવાળા છે. તેથી 'समानामर्थेनैकशेषः ३.१.११८' સૂત્રથી એકશેષ વૃત્તિ થતા वस्त्रान्तराः અથવા वसनान्तराः આવો ञ માત્ર પ્રયોગ થવો જોઈએ. તો ઈતરેતર દ્વન્દ્વસમાસ કરી वस्त्रान्तरवसनान्तराः આવો પ્રયોગ શી રીતે કરી શકાય ?

**સમાધાન :-** અહીં વસ્ત્રાન્તર અને વસનાન્તર આ ઉભય શબ્દો સમાન અર્થવાળા નથી. કારણ કે વસ્ત્ર શબ્દ પરિધાન કરવામાં આવતા પટાદિનો વાચક છે, જ્યારે વસન શબ્દ વસતિ અત્ર = વસન આમ 'करणाऽऽधारे ૫.૩.૧૨૯' સૂત્રથી આધારાર્થમાં થયેલ અનટ્ પ્રત્યયાન્ત આવાસ (ઘર) નો વાચક શબ્દ છે. તેથી ઉભય શબ્દના અર્થ 'વસ્ત્ર છે આંતરુ (વ્યવધાન) જેઓને' અને 'આવાસ છે આંતરુ જેઓને' આ પ્રમાણે ભિન્ન થશે. અથવા બીજી રીતે વસન શબ્દને જો वस्यते यत् तत् = वसन અથવા वस्यते तेन = वसन આમ આચ્છાદન અર્થક वस् (वसिक्) ધાતુથી નિષ્પન્ન માનીને વસ્ત્ર શબ્દના સમાન અર્થવાળો ગણીએ તો પણ એક પ્રયોગ સ્થળે અન્તર શબ્દનો અર્થ 'આંતરુ (વ્યવધાન)' અને બીજા પ્રયોગ સ્થળે અન્તર શબ્દનો અર્થ 'વિશેષ' આ પ્રમાણે ભિન્ન છે. તેથી 'વસ્ત્ર છે આંતરુ જેઓને' અને 'વસ્ત્ર છે વિશેષ જેઓને' આ પ્રમાણે ઉભયસ્થળે અર્થ ભિન્ન થવાથી વસ્ત્રાન્તર અને વસનાન્તર શબ્દોની એકશેષ વૃત્તિ થવાની પ્રાપ્તિ જ નથી. તેથી ઈતરેતરદ્વન્દ્વ સમાસ કરવો જ યુક્ત છે.

**શંકા :-** આ સૂત્રથી जस् નો इ આદેશ કરવા जस् પ્રત્યય સંબંધી નામ अ કારાન્ત, સર્વાદિ સંજ્ઞક તેમજ સર્વાદિ એવું તે નામ દ્વન્દ્વસમાસમાં વર્તતું હોવું જોઈએ. તો वस्त्रान्तरवसनान्तराः આ વિરુદ્ધ દૃષ્ટાંતસ્થળે जस् પ્રત્યય अ કારાન્ત વસ્ત્રાન્તરવસનાન્તર નામ સંબંધી છે. પરંતુ તે સર્વાદિ અન્તર શબ્દ સંબંધી નથી, તેમજ સર્વાદિ અન્તર નામ દ્વન્દ્વસમાસમાં નથી વર્તતું, કેમકે તે બહુવ્રીહિસમાસમાં વર્તી રહ્યું છે. તેથી **દ્વયંગવૈકલ્ય**[A] આવે છે. તો તમે દ્વયંગવિકલ એવા वस्त्रान्तरवसनान्तराः ને વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે કેમ દર્શાવો છો ?

**સમાધાન :-** અહીં દ્વયગવિકલતા નથી. અન્તર શબ્દ બહુવ્રીહિસમાસમાં વર્તતો હોવા છતાં દ્વન્દ્વસમાસમાં પણ વર્તી રહ્યો છે. કેમકે જે બહુવ્રીહિસમાસ પામેલું નામ દ્વન્દ્વસમાસમાં વર્તતું હોય તો તેનો અવયવ પણ દ્વન્દ્વસમાસમાં વર્તતો ગણાય. તેથી અહીં વસ્ત્રાન્તર અને વસનાન્તર આ બન્ને બહુવ્રીહિસમાસ પામેલાં નામો દ્વન્દ્વસમાસમાં વર્તતા હોવાથી તેમના અવયવભૂત સર્વાદિ અન્તર શબ્દ પણ દ્વન્દ્વસમાસમાં વર્તતો ગણાય. આમ દ્વયગવૈકલ્ય ન આવવાથી वस्त्रान्तरवसनान्तराः ને વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે દર્શાવી શકાય.

**(5)** શબ્દપ્રધાન દ્વન્દ્વસમાસમાં ઉભયશબ્દો (= પદો) પ્રધાન હોય છે. તેથી ઉત્તરપદ રૂપે વર્તતા સર્વાદિ શબ્દોના સર્વાદિત્વનો નાશ ન થતો હોવાથી સર્વાદિ એવા તે ઉત્તરપદ સંબંધી जस् પ્રત્યયને 'जस इः ૧.૪.૯' સૂત્રથી इ આદેશની પ્રાપ્તિ હતી. પરંતુ 'न सर्वादि ૧.૪.૧૨' આ ઉત્તરસૂત્રથી દ્વન્દ્વસમાસસ્થળે સધળાય સર્વાદિ

---

**(A)** સૂત્રમાં પ્રયોગની સિદ્ધિ માટે જેટલાં નિમિત્તો દર્શાવ્યા હોય તે સધળાય નિમિત્તો પ્રયોગના અંગ કહેવાય, અને સૂત્રમાં દર્શાવાતું દૃષ્ટાંત હંમેશા સર્વાંગ સંપૂર્ણ અર્થાત્ એક પણ નિમિત્તથી વિકલ ન હોવું જોઈએ. જ્યારે સૂત્રમાં દર્શાવાતું વિરુદ્ધ દૃષ્ટાંત કોઈપણ એક જ અંગથી (નિમિત્તથી) વિકલ હોવું જોઈએ. બે કે તેથી અધિક અંગથી વિકલ દૃષ્ટાન્ત દર્શાવ્યું હોય તો તે કયા અંગની વિકલતાના કારણે વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે વર્તી રહ્યું છે? તેનો નિર્ણય ન થઈ શકે. તેથી તાદશ દૃષ્ટાંત દ્વયગવિકલ ગણાતું હોવાથી તેને વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે દર્શાવવું ઉચિત ન ગણાય.

કાર્યોનો નિષેધ કર્યો હોવાથી जस् ના इ આદેશનો પણ નિષેધ થઈ જાય છે. તે ન થાય અને વિકલ્પે इ આદેશની પ્રાપ્તિ રહે તે માટે આ સૂત્રની રચના કરી છે. આ રીતે 'न सर्वादि १.४.१२' સૂત્રથી जस् ના इ આદેશનો નિષેધ પ્રાપ્ત હોવાથી વિકલ્પે તેના પુનઃ પ્રસવ (= પ્રાપ્તિ) માટે આ સૂત્રની રચના છે. ।।૧૧।।

## न सर्वादिः ।। १.४.१२।।

**बृ.वृ.-[1]द्वन्द्वे समासे सर्वादिः सर्वादिर्न भवति, सर्वं सर्वादिकार्यं न भवतीत्यर्थः। [2]पूर्वाऽपराय, पूर्वाऽपरात्, पूर्वाऽपरे, कतरकतमानाम्, दक्षिणोत्तरपूर्वाणाम्, [3]अत्र "सर्वादयोऽस्यादौ" (३.२.६१) इति पुंवद्भावो भवत्येव, तत्र भूतपूर्वस्यापि सर्वादेर्ग्रहणात्। [4]कतर-कतमकाः, अत्र सर्वादित्वनिषेधादक्प्रत्ययाभावे कप्रत्यये सति स्वार्थिकप्रत्ययान्ताग्रहणाद् "द्वन्द्वे वा" (१.४.११) इति जस इर्न भवति।।१२।।**

---

**સૂત્રાર્થ :-** દ્વન્દ્વસમાસમાં વર્તતા સર્વાદિ નામો સર્વાદિ ન ગણાય. અર્થાત્ સર્વાદિ નામોને આશ્રયીને થતા (स्मै, स्मात्, स्मिन् વિગેરે આદેશ રૂપ) કાર્યો દ્વન્દ્વસમાસ સ્થળે ન થાય.

**સૂત્રસમાસ :-** ◆ सर्वः आदिः यस्य स = सर्वादिः (बहु.)।

<u>વિવરણ :-</u> (1) આ સૂત્રમાં પૂર્વસૂત્રથી જો 'દ્વન્દ્વ' પદની અનુવૃત્તિ ન લેવામાં આવે તો આ સૂત્રથી સર્વાદિ નામોના સર્વાદિત્વનો નિષેધ થવાથી સર્વાદિ નામોને આશ્રયીને તે તે સૂત્રોમાં કરેલા કાર્યોનું વિધાન નિરર્થક થાય. માટે પૂર્વસૂત્રથી આ સૂત્રમાં 'દ્વન્દ્વ' પદની અનુવૃત્તિ લેવી આવશ્યક છે.

(2) <u>દૃષ્ટાંત</u> –

(i) **पूर्वापराय** (ii) **पूर्वापरात्** (iii) **पूर्वापरे** – ✱ **पूर्वश्च अपरश्च = पूर्वाऽपरम्** આ પ્રમાણે ત્રણે પ્રયોગસ્થળે 'चार्थे द्वन्द्वः० ३.१.११७' સૂત્રથી દ્વન્દ્વસમાસ થયો છે.

| | | (i) पूर्वापर + ङे | (ii) पूर्वापर + ङसि | (iii) पूर्वापर + ङि |
|---|---|---|---|---|
| ✱ 'न सर्वादिः १.४.१२' | → | सर्वादित्वनिषेधः | सर्वादित्वनिषेधः | सर्वादित्वनिषेधः |
| ✱ 'ङेङस्यो० १.४.६' | → | पूर्वापर + य | पूर्वापर + आत् | ↓ |
| ✱ 'अत आः० १.४.१' | → | पूर्वापरा + य | ↓ | ↓ |
| ✱ 'समानानां तेन० १.२.१' | → | ↓ | पूर्वापरात् | ↓ |
| ✱ 'अवर्णस्येवर्ण० १.२.६' | → | ↓ | ↓ | पूर्वापरे |
| | | = पूर्वापराय। | = पूर्वापरात्। | = पूर्वापरे। |

આ ત્રણે નામો દ્વન્દ્વસમાસમાં વર્તતા હોવાથી તેમને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થતા અનુક્રમે ङे, ङसि અને ङि પ્રત્યયના स्मै, स्मात् અને स्मिन् આદેશ ન થયા.

**(iv) कतरकतमानाम् (v) दक्षिणोत्तरपूर्वाणाम् — * कतरे च कतमाश्च = कतरकतमाः अने दक्षिणा च उत्तरा च पूर्वा च = दक्षिणोत्तरपूर्वाः** આ પ્રમાણે 'चार्थे द्वन्द्वः० ३.१.११७' સૂત્રથી ઉભયસ્થળે ઇતરેતરદ્વન્દ્વ સમાસ થયો છે.

| **(iv) कतरकतम + आम्** | | **(v) दक्षिणोत्तरपूर्वा + आम्** | |
|---|---|---|---|
| * 'न सर्वादिः १.४.१२' | → सर्वादित्वनिषेधः | * 'न सर्वादिः १.४.१२' | → सर्वादित्वनिषेधः |
| * 'ह्रस्वापश्च १.४.३२' | → कतरकतम + नाम् | * 'ह्रस्वापश्च १.४.३२' | → दक्षिणोत्तरपूर्वा + नाम् |
| * 'दीर्घो नाम्य० १.४.४७' | → कतरकतमा + नाम् = कतरकतमानाम्। | * 'रषृवर्णान्० २.३.६३' | → = दक्षिणोत्तरपूर्वाणाम्। |

આ ઉભય દ્વન્દ્વસમાસ સ્થળે આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થતા 'अवर्णस्यामः० १.४.१५' સૂત્રથી પ્રાપ્ત आम् નો साम् આદેશ ન થયો.

**(3) शंका :-** આ સૂત્રથી दक्षिणोत्तरपूर्वाणाम् દ્વન્દ્વસમાસ સ્થળે સર્વાદિ એવા દક્ષિણા અને ઉત્તરા નામો સર્વાદિ ન ગણાય. તો અસર્વાદિ એવા તેઓનો 'सर्वादयोऽस्यादौ ३.२.६१' સૂત્રથી સર્વાદિ નામોને આશ્રયીને થતો પુંવદ્ભાવ કરી દક્ષિણ અને ઉત્તર આદેશ શી રીતે કરી શકાય ?

**समाधान :-** 'सर्वादयोऽस्यादौ ३.२.६१' સૂત્રમાં 'सर्वादयः' આ બહુવચન વ્યાપ્તિને માટે છે. ***व्याप्तिः = अधिकविषयेऽपि प्राप्तिः*** અર્થાત્ ભૂતપૂર્વ અવસ્થામાં જે શબ્દો ક્યાંય પણ સર્વાદિ રૂપે જોવાયા હોય અને હાલ તેઓ સર્વાદિ રૂપે ન હોય તો તેઓને પણ 'सर्वादयोऽस्यादौ ३.२.६१' સૂત્રોક્ત સર્વાદિ નામાશ્રિત પુંવદ્ભાવ થઈ શકે તે માટે બહુવચન[A] છે. તો दक्षिणोत्तरपूर्वाणाम् દ્વન્દ્વસમાસ ગત દક્ષિણા અને ઉત્તરા નામો ભલે આ સૂત્રથી અસર્વાદિ ગણાય, તેમ છતાં દ્વન્દ્વસમાસપૂર્વની ભૂતપૂર્વાવસ્થામાં તેઓ સર્વાદિ સંજ્ઞક હોવાથી તેમને 'सर्वादयोऽस्यादौ ३.२.६१' સૂત્રથી સર્વાદિ નામોને આશ્રયીને થતો પુંવદ્ભાવ થઈ શકે છે. માટે दक्षिणोत्तरपूर्वाणाम् સ્થળે दक्षिण અને उत्तर આમ પુંવદ્ભાવ કરવામાં વાંધો નથી.

---

**(A)** પૂ. લાવણ્ય સૂ.મ.સા.એ '૩.૨.૬૧' સૂત્રના ન્યાસાનુસન્ધાનમાં 'બહુવચન વ્યાપ્ત્યર્થે છે તેથી **'साम्प्रतिकाभावे भूतपूर्वगतिः = भूतपूर्वकस्तद्वदुपचारः'** ન્યાયનો આશ્રય થઈ શકવાથી दक्षिणोत्तरपूर्वाणाम् સ્થળે પુંવદ્ભાવ થઈ શકે છે.' આમ **'भूतपूर्वकस्तदवदु०'** ન્યાયનો આશ્રય કરી પદાર્થની ઘટમાનતા કરી છે. પરંતુ ત્યાં બહુવચન વ્યાપ્ત્યર્થે હોવાથી તેની વ્યાપ્ત્યર્થતાને (अधिकविषयेऽपि प्राप्तिः અર્થતાને) આશ્રયીને જ ભૂતકાલીન સર્વાદિ નામ કે જે હાલ સર્વાદિ નથી તેને '૩.૨.૬૧' સૂત્રોક્ત વિધિ થઈ શકે છે, તો શા માટે વધારામાં ન્યાયની અપેક્ષા રાખવી ? જો અહીં **'भूतपूर्वकस्तद्०'** ન્યાયનો આશ્રય કરવાનો જ હોય તો તેને લઈને જ બધી ઘટમાનતા થઈ જતી હોવાથી સૂત્રમાં બહુવચન વ્યાપ્ત્યર્થે દર્શાવવું નિરર્થક ઠરે.

(4) कतरकतमकाः – ❊ कतरे च कतमे च = कतरकतमाः આમ દ્વન્દ્વસમાસ, ❊ 'प्राग्नित्यात्० ૭.૩.૨૮' સૂત્રથી કુત્સિત, અલ્પ કે અજ્ઞાત અર્થમાં સ્વાર્થિક कप् પ્રત્યય લાગતા कतरकतमकाः।

અહીં યાદ રાખવું કે દ્વન્દ્વસમાસથી નિષ્પન્ન कतरकतम નામને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થતા 'त्यादिसर्वादेः ૭.૩.૨૯' સૂત્રથી સ્વાર્થિક अक् પ્રત્યય ન થયો. પરંતુ 'प्राग् नित्यात् कप् ૭.૩.૨૮' સૂત્રથી સ્વાર્થિક कप् પ્રત્યય થયો છે. હવે 'सर्वादेः स्मैस्मातौ ૧.૪.૭' સૂત્રની બૃહદ્વૃત્તિસ્થ સર્વાદિ ગણપાઠમાં સ્વાર્થિક डतर-डतम પ્રત્યયોના ઉપાદાનથી અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત નામોને સર્વાદિત્વનો નિષેધ હોવાથી સ્વાર્થિક कप्પ્રત્યયાન્ત कतरकतम નામને પણ સર્વાદિત્વનો નિષેધ થશે અને તેથી असर्वादि એવા તેના સંબંધી जस् પ્રત્યયનો 'द्वन्द्वे वा ૧.૪.૧૧' આ પૂર્વસૂત્રથી વિકલ્પે इ આદેશ નહીં થાય. તેથી कतरकतमे પ્રયોગ ન થતા कतरकतमाः આ એક જ પ્રયોગ થશે.

અહીં જો સ્વાર્થિક अक् પ્રત્યય થાત તો સર્વાદિ ગણપાઠસ્થ સ્વાર્થિક डतर-डतम પ્રત્યયો તત્સદૃશ જ સ્વાર્થિક પ્રત્યયાન્ત નામોને સર્વાદિત્વનો નિષેધ કરતા હોવાથી અર્થાત્ डतर-डतम પ્રત્યયો પ્રકૃતિને અંતે થતા હોવાના કારણે જે સર્વાદિ નામોને સ્વાર્થિક પ્રત્યયો પ્રકૃતિને અંતે થતા હોય તે સ્વાર્થિક પ્રત્યયાન્તોને જ તેઓ સર્વાદિત્વનો નિષેધ કરતા હોવાથી સ્વાર્થિક अक् પ્રત્યય પ્રકૃતિના અંત્યસ્વરની પૂર્વે થવાના કારણે તેના સર્વાદિત્વનો નિષેધ ન થાત. તેથી अक् પ્રત્યયાન્ત कतरकतमक નામ સર્વાદિ ગણાતા તેના સંબંધી जस् પ્રત્યયનો 'द्वन्द्वे वा ૧.૪.૧૧' સૂત્રથી વિકલ્પે इ આદેશ થતા कतरकतमके, कतरकतमकाः આ બે પ્રયોગ સિદ્ધ થાત. આમ અહીં એક વાત સ્પષ્ટ થાય છે કે સર્વાદિ નામોને સ્વાર્થિક अक् પ્રત્યય લાગતા તેઓના સર્વાદિત્વનો નાશ ન થતો હોવાથી તેમને સર્વાદિપ્રકરણવિહિત સઘળા કાર્યો થાય છે અને તેથી જ સર્વકે વિગેરે પ્રયોગો સિદ્ધ થાય છે ।।૧૨।।

## तृतीयान्तात् पूर्वाऽवरं योगे[1] ।। ૧.૪.૧૩।।

**બૃ.વૃ.-'पूर्व अवर' इत्येतौ सर्वादी तृतीयान्तात् पदात् परौ योगे-सम्बन्धे[2] सति सर्वादी न भवतः।[3] मासेन पूर्वाय, मासपूर्वाय ; संवत्सरेणावराय, संवत्सरावराय ; मासेनावराः, मासावराः।[4] तृतीयान्तादिति किम्? ग्रामात् पूर्वस्मै, पूर्वस्मै मासेन, अवरस्मै पक्षेण। पूर्वावरमिति किम्?[5] मासपरस्मै।[6] योग इति किम्? यास्यति चैत्रो मासेन, पूर्वस्मै दीयतां कम्बलः ।।૧૩।।**

---

**સૂત્રાર્થ :-** તૃતીયાન્ત પદથી પરમાં રહેલાં પૂર્વ અને અવર આ બે સર્વાદિ નામોનો (તૃતીયાન્ત પદની સાથે) સંબંધ હોય તો તેઓ સર્વાદિ નથી ગણાતા.

**સૂત્રસમાસ :-** ◆ तृतीयायाः अन्तो / विनाशो / अवसानं यत्र यस्मात् वा = तृतीयान्तः (બહુ.)। અથવા तृतीया अन्ते यस्य स = तृतीयान्तः[A] (બહુ.)। तस्मात् = तृतीयान्तात्। ◆ पूर्वश्च अवरश्च इत्येतयोः समाहारः = पूर्वावरम् (स.द्व) અથવા पूर्वश्चासौ अवरश्च = पूर्वावरम् (કર્મ.)

---

**(A)** આ રીતે બે વિગ્રહ વ્યપેક્ષા તેમજ એકાર્થીભાવ રૂપ યોગના સંગ્રહને માટે છે. જે આગળ બૃહન્ન્યાસાનુસારે લખેલા પદાર્થવિવરણ સ્થળેથી જાણી લેવું.

વિવરણ :- (1) **શંકા :-** સૂત્રસ્થ 'પૂર્વાવરમ્' પદસ્થળે કયા સૂત્રથી કયો સમાસ થયો છે ?

**સમાધાન :-** ઉપર સૂત્રસમાસમાં દર્શાવેલાં પ્રથમ વિગ્રહાનુસારે પૂર્વ શબ્દનો સ્વ એવા અવર શબ્દની સાથે સૂત્રત્વાત્ સમાહારદ્વન્દ્વ સમાસ કર્યો હોવાથી 'અશ્ચવડવ૦ ૩.૧.૧૩૧' સૂત્રથી સમાસ થયો છે, અને બીજા વિગ્રહાનુસારે વિચારીએ તો પૂર્વશ્ચાસૌ અવરશ્ચ = પૂર્વાવરમ્ આમ પૂર્વ અવયવનો અવર અવયવની સાથે યોગ હોવાથી અહીં खञ्जकुण्टः વિગેરે સમાસોની જેમ 'વિશેષણં વિશેષ્યેણ૦ ૩.૧.૯૬' સૂત્રથી કર્મધારય સમાસ થયો છે.

(2) યોગ એટલે સંબંધ. સૂત્રમાં તૃતીયાન્ત નામથી પરમાં રહેલ પૂર્વ અને અવર નામોનો તૃતીયાન્ત નામની સાથે યોગ (સંબંધ) એકાર્થીભાવ અને વ્યપેક્ષા ઉભય રૂપે ગ્રહણ થાય છે. જેથી ઐકાર્થ્ય રૂપ યોગયુક્ત સમાસ અવસ્થામાં અને વ્યપેક્ષા રૂપ યોગયુક્ત વિગ્રહ અવસ્થામાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી માસપૂર્વસ્મૈ અને માસેન પૂર્વસ્મૈ પ્રયોગો નહીં થાય. પરંતુ માસપૂર્વાય અને માસેન પૂર્વાય પ્રયોગો થશે.

**શંકા :-** માસેન પૂર્વાય પ્રયોગસ્થળે તૃતીયાન્તનો યોગ હોવાથી સર્વાદિત્વનો નિષેધ થઈ શકે. પરંતુ માસપૂર્વાય પ્રયોગસ્થળે તૃતીયા વિભક્તિ જ નથી કે જેથી સર્વાદિત્વનો નિષેધ કરી શકાય, તો માસપૂર્વસ્મૈ પ્રયોગ ન કરતા માસપૂર્વાય પ્રયોગ શી રીતે સિદ્ધ કરી શકાય ?

**સમાધાન :-** માસપૂર્વાય સ્થળે માસેન પૂર્વાય = માસપૂર્વાય આમ તૃતીયાતત્પુરૂષ સમાસ થતા 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી માસેન પદની તૃતીયા વિભક્તિનો જે લોપાત્મક વિભક્ત્યાદેશ થયો છે, તેનો 'સ્થાનીવા૦ ૭.૪.૧૦૯' સૂત્રથી સ્થાનિવદ્ભાવ મનાય છે. તેથી માસપૂર્વાય સમાસસ્થળે માસ નામ તૃતીયાન્ત ગણાતા પ્રસ્તુત સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થઈ શકતા માસપૂર્વાય પ્રયોગ સિદ્ધ કરી શકાય છે.

**શંકા :-** 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી થતા માસેન પદની તૃતીયા વિભક્તિના લુપ્ આદેશના સ્થાનિવદ્ ભાવનો 'લુપ્યવ્વૃલ્લેનત્ ૭.૪.૧૧૨' પરિભાષાથી નિષેધ થાય છે. તેથી માસ શબ્દ તૃતીયાન્ત ન ગણાતા તેનાથી પરમાં રહેલા પૂર્વ નામને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ નહીં થઈ શકે ?

**સમાધાન :-** 'લુપ્યવ્વૃલ્લેનત્ ૭.૪.૧૧૨' પરિભાષાથી પરમાં રહેલાં લુપ્ ને નિમિત્તે કરાતા પૂર્વકાર્યમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. માસપૂર્વાય પ્રયોગસ્થળે પૂર્વમાં રહેલાં માસેન પદની તૃતીયા વિભક્તિના લુપ્નો સ્થાનિવદ્ભાવ માની પરમાં રહેલાં પૂર્વ નામના સર્વાદિત્વનો નિષેધ કરવાનો છે. પણ માસ નામની પૂર્વમાં રહેલાં પૂર્વ નામના સર્વાદિત્વનો નહીં. તેથી 'લુપ્યવ્વૃલ્લેનત્ ૭.૪.૧૧૨' સૂત્રથી તેના સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થઈ શકતા 'સ્થાનીવાવર્ણ૦ ૭.૪.૧૦૯' સૂત્રથી તે લુપ્ત તૃતીયા વિભક્તિનો સ્થાનિવદ્ભાવ મનાશે. તેથી માસપૂર્વાય પ્રયોગસ્થળે માસ શબ્દ તૃતીયાન્ત ગણાતા તેનાથી પરમાં રહેલાં પૂર્વ નામના સર્વાદિત્વનો નિષેધ થઈ શકશે.

*(બૃહન્ન્યાસમાં આ પદાર્થનું નિરૂપણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.)*

સૂત્રમાં યોગ વ્યપેક્ષા અને એકાર્થીભાવ ઉભય રૂપે ગ્રહણ કરાય છે. તેમજ સૂત્રવૃત્તિ તૃતીયાન્ત પદસ્થળે અન્ત શબ્દનું ગ્રહણ 'વિગ્રહસ્થળે જેમ તૃતીયાન્ત નામથી પરમાં રહેલાં પૂર્વ અને અવર નામોને આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે તેમ સમાસસ્થળે પણ થાય છે' તેના બોધને માટે છે. અન્યથા 'तृतीयायाः पूर्वाऽवरं योगे' આવું સૂત્ર બનાવત કે જેથી વિગ્રહસ્થળે સંભવતી તૃતીયા વિભક્તિથી પરમાં રહેલા પૂર્વ અને અવર ને આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકત. હવે અન્ત શબ્દથી ગૃહીત સમાસ અનેક વિભક્તિવાળો હોય છે, કેમકે સમાસ પૂર્વે વિગ્રહાવસ્થામાં બે નામોને એક એક વિભક્તિ હોય છે અને 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી તેનો લોપ થયા બાદ સામાસિક નામોને પુનઃ નવી વિભક્તિની ઉત્પત્તિ થાય છે. તો ઉપરોક્ત ઉભય પ્રકારના યોગ પૈકીના એકાર્થીભાવાત્મક યોગનો જ્યારે આશ્રય કરાય ત્યારે સૂત્રસ્થ તૃતીયાન્ત શબ્દનો વિગ્રહ तृतीयायाः अन्तः (अर्थात् विनाशः/लुप्) = तृतीयान्तः આમ થશે, અને આ વિગ્રહ સમાસસ્થળે ઘટશે. કેમ કે હમણાં જ આપણે જોઈ ગયા કે સમાસ અનેક વિભક્તિવાળો હોવાથી તેની વિગ્રહાવસ્થાની તૃતીયા વિભક્તિનો સમાસ થતા લોપ (અંત) થાય છે.

**શંકા :-** તમે એકાર્થીભાવનો આશ્રય કરતા तृतीयायाः अन्तः = तृतीयान्तः આ વિગ્રહની વાત કરી છે. તો એકાર્થીભાવવાળા સ્થળે આ વિગ્રહની ઘટમાનતા કરવી જોઈએ, સમાસસ્થળે નહીં. સમાસ અને એકાર્થીભાવને શું લાગે વળગે ?

**સમાધાન :-** સમાસ એ એકાર્થીભાવવાળું સ્થળ જ છે. કેમકે એકાર્થીભાવ એટલે ભિન્ન અર્થવાળા પદોનું પોતાનો અર્થ ત્યજવા પૂર્વક કે પછી પોતાનો અર્થ ગૌણ પડવા પૂર્વક અનેક અર્થવાળા થવું તે. તો સમાસસ્થળે પણ જહત્સ્વાર્થ[A] રૂપ વૃત્તિનો કે પછી અજહત્સ્વાર્થ રૂપ વૃત્તિનો આશ્રય કરતા જેમનો અર્થ ગૌણ છે તેવા ગૌણ[B] પદો તેમજ પ્રધાન અર્થવાળા (= મુખ્ય) પદો એ જહત્સ્વાર્થ પક્ષની અપેક્ષાએ વ્યર્થ થયા થકા તેમજ અજહત્સ્વાર્થ પક્ષની અપેક્ષાએ ગૌણ અને મુખ્ય આમ બે અર્થવાળા થયા થકા એકાર્થક થાય છે. તેથી સમાસસ્થળે એકાર્થીભાવ હોય જ છે. આમ સમાસસ્થળે કરેલ ઉપરોક્ત ઘટમાનતા યુક્ત છે. તો એકાર્થીભાવવાળા સમાસસ્થળે આ સૂત્રનો અર્થ 'તૃતીયા વિભક્તિના નાશથી પરમાં રહેલા પૂર્વ અને અવર નામો તૃતીયા વિભક્તિના નાશની સાથે યોગ વર્તતા સર્વાદિ નથી થતા' આવો થશે, અને આ પક્ષે સૂત્રસ્થ તૃતીયાન્ત પદસ્થળે ગમ્યમાન[C] પર આ દિક્શબ્દના યોગમાં 'प्रभृत्यन्यार्थ० २.२.७५' સૂત્રથી દિગ્યોગલક્ષણા પંચમી થઈ છે. હવે જ્યારે યોગ શબ્દ વ્યપેક્ષાર્થક લઈએ ત્યારે સૂત્રસ્થ તૃતીયાન્ત શબ્દનો વિગ્રહ तृतीया अन्ते यस्य स = तृतीयान्तः આમ થશે. આ બહુવ્રીહિ ઉદ્ભૂત અવયવવાળો છે.

---

**(A)** જહત્સ્વાર્થ અને અજહત્સ્વાર્થ પક્ષને જાણવા '૧.૪.૭' સૂત્રનું વિવરણ જોવું.

**(B)** ક્રિયાપદ દ્વારા અભિહિત બનતું નામ મુખ્યનામ અને તેનાથી અતિરિક્ત ગૌણ નામ કહેવાય.

**(C)** સૂત્રમાં પર આ દિક્શબ્દ પ્રયુજ્યમાન નથી. છતાં ગમ્યમાન એવા તેને લઈને तृतीयान्तात् પદસ્થળે क्रोशाल्लक्ष्यं विध्यति પ્રયોગવત્ દિગ્યોગલક્ષણા પંચમી વિભક્તિ કરી છે. આ અંગે વિશેષ જાણવા '૨.૨.૭૫' સૂત્રની બૃહદ્વૃત્તિમાં 'गम्यमानेनाऽपि च दिक्शब्देन भवति' .... વિગેરે પંક્તિઓ જોવી.

અર્થાત્ જેના અવયવગત સંખ્યાની પરિગણના થતી હોય તેવો બહુવ્રીહિ છે. તેથી તેની 'तृतीया अन्ते यस्य' આ પ્રમાણેની વિગ્રહ અવસ્થાના અવયવભૂત તૃતીયા (વિભક્તિ)નો અન્યપદાર્થ રૂપ સમુદાયમાં અંતર્ભાવ થવાથી તેનું આ સૂત્રથી થતા કાર્યમાં ગ્રહણ થશે. એટલે જેમ 'लम्बकर्णमानय' तद्गुणसंविज्ञानबहुव्रीहि[A] સ્થળે આનયન ક્રિયા રૂપ કાર્યમાં અન્યપદાર્થ રૂપ રાસભની સાથે બહુવ્રીહિ સમાસના અવયવભૂત કર્ણનો પણ અન્વય થાય છે, તેમ 'तृतीयान्तः' બહુવ્રીહિસમાસ પણ તદ્ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ હોવાથી અન્યપદાર્થ રૂપ 'પદની' સાથે બહુવ્રીહિના અવયવભૂત તૃતીયા વિભક્તિનો પણ આ સૂત્રથી થતા સર્વાદિત્વના નિષેધ કરવા રૂપ કાર્યમાં અન્વય થશે. તેથી આ સૂત્રમાં માત્ર અન્યપદાર્થ રૂપ જે 'પદ' તેનો જ પૂર્વ અને અવર નામોને સર્વાદિત્વનો નિષેધ કરવા રૂપ કાર્યમાં અન્વય નહીં થાય, પણ બહુવ્રીહિના અવયવભૂત તૃતીયા વિભક્તિ સહિતના પદનો (તૃતીયાન્ત પદનો) અન્વય થશે. તેમ થતા સૂત્રવૃત્તિ 'तृतीयान्तः' પદને 'गम्ययपः० ૨.૨.૭૪' સૂત્રથી કર્મ અર્થમાં પંચમી વિભક્તિ થતા વ્યપેક્ષા સ્થળે સૂત્રનો અર્થ 'અર્થદ્વારાએ[B] કરીને તૃતીયાન્ત પદને આશ્રયીને (વ્યધિકરણત્વેન[C]) વિશેષણ-વિશેષ્યભાવ[D] ગમ્યમાન હોય ત્યારે લૌકિક[E] પ્રયોગને યોગ્ય એવા વાક્યમાં વર્તતા પૂર્વ અને અવર નામોને સર્વાદિત્વનો નિષેધ થાય છે' આમ થશે. તો આ રીતે સૂત્રસ્થ તૃતીયાન્ત શબ્દનો ઉપરોક્ત બન્ને પ્રકારે વિગ્રહ કરવાથી વ્યપેક્ષા અને એકાર્થીભાવવાળા ઉભયસ્થળનો પરિગ્રહ થઈ શકવાથી સૂત્રમાં मासेन पूर्वाय અને સમાસ પૂર્વકનું मासपूर्वाय આ બન્ને દૃષ્ટાંતો આપ્યા છે. અથવા પૂર્વોક્ત ઉભયસ્થળે અનુક્રમે तृतीयायाः अन्तो = विनाशो यत्र અને तृतीया अन्ते यस्य स विग्रहने આશ્રયીને તૃતીયાન્ત પદની નિષ્પત્તિ કરવી, કે જેથી પૂર્વે દર્શાવ્યા મુજબ પંચમી વિભક્તિ કરતા मासेन पूर्वाय અને मासपूर्वाय ઉભય પ્રયોગસ્થળે સૂત્રની પ્રવૃત્તિ થતા પૂર્વ નામને સર્વાદિત્વનો નિષેધ થઈ જશે. હજુ પણ આ અંગે બૃ.ન્યાસમાં વિશદ ચર્ચા દર્શાવી છે, તે સ્વયં બૃ.ન્યાસ થકી જાણી લેવી.

---

**(A)** तद्गुणसंविज्ञान અને अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ અંગે જાણવા '૧.૪.૭' સૂત્રનું વિવરણ જોવું.

**(B)** અહીં જો 'અર્થદ્વારાએ કરીને' ન લખવામાં આવે તો કોઈ 'तृतीयान्त' એવા શબ્દનું ગ્રહણ કરી લે અને તેથી ''तृतीयान्त' શબ્દથી જ પરમાં રહેલ પૂર્વ અને અવર નામોને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થાય છે' એવું સમજે. તો તૃતીયાન્ત પદથી જણાતા સધળાય તૃતીયા વિભક્ત્યન્ત પદોનું આ સૂત્રમાં ગ્રહણ થાય છે, તેમ જણાવવા અહીં 'અર્થ દ્વારાએ કરીને' આ પ્રમાણે લખ્યું છે.

**(C)** વિશેષણ-વિશેષ્યભાવ બે પ્રકારે હોય છે. **(i)** બન્ને પદો એક સરખી વિભક્તિમાં વર્તતા सामानाधिकरण्येन વિશેષણ-વિશેષ્યભાવ હોય છે. જેમકે नीलं कमलम् અને **(ii)** પદો એકસરખી વિભક્તિમાં ન હોય ત્યારે વ્યધિકરણત્વેન વિશેષણ-વિશેષ્યભાવ હોય છે. જેમકે मासेन पूर्वः વ્યધિકરણ વિશેષણ-વિશેષ્યભાવ સ્થળે પ્રથમાન્ત મુખ્ય નામ વિશેષ્ય ગણાય અને તદિતર બધા જ નામો તેના વિશેષણ ગણાય.

**(D)** અહીં વિશેષણ-વિશેષ્યભાવની વાત તૃતીયાન્ત પદને પૂર્વ અને અવર નામની સાથે વ્યપેક્ષા સામર્થ્ય હોય ત્યારે સૂત્રપ્રવૃત્તિ થાય એ જણાવવા કરી છે. કારણ વ્યપેક્ષા એટલે पृथगर्थानां पदानाम् आकाङ्क्षावशात् परस्परसम्बन्धः અને વિશેષણ-વિશેષ્યભાવવાળા પદોને આકાંક્ષાને આશ્રયીને પરસ્પર સંબંધ હોય જ છે. તેથી ત્યાં વ્યપેક્ષા સામર્થ્ય હોવાનું જ.

**(E)** પ્રયોગ બે પ્રકારે હોય છે. લૌકિક અને અલૌકિક. **(a)** मासेन पूर्वाय આ લૌકિક પ્રયોગ છે જ્યારે **(b)** मास + टा પૂર્વ + ङे આ અલૌકિક પ્રયોગ છે.

(3) દૃષ્ટાંત –

(i) मासेन पूर्वाय

मासेन पूर्व + ङे

* 'ङेङस्यो० १.४.६' → मासेन पूर्व + य

* 'अत आः १.४.१' → मासेन पूर्वा + य

= मासेन पूर्वाय।

(ii) मासपूर्वाय

मासेन पूर्वाय

* 'ऐकार्थ्ये ३.२.८' → मास + ङ्ा पूर्व + ङे

* 'ऊनार्थपूर्वाद्यै ३.१.६७' → मासपूर्व + ङे

* 'ङेङस्यो० १.४.६' → मासपूर्व + य

* 'अत आः १.४.१' → मासपूर्वा + य

= मासपूर्वाय।

ઉપરોક્ત ઉભયસ્થળે તૃતીયાન્ત તેમજ લુપ્ततृतीયાન્ત मासेन પદથી પરમાં રહેલા પૂર્વ નામને સર્વાદિત્વનો નિષેધ થતા તેના સંબંધી ङे પ્રત્યયનો 'सर्वादेः स्मै० १.४.७' સૂત્રથી स्मै આદેશ ન થયો. संवत्सरेणावराय, संवत्सरावराय અને मासेनावराः, मासावराः પ્રયોગોની સાધનિકા જાતે કરી લેવી. માત્ર એટલું જ કે અહીં આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થતા અનુક્રમે 'सर्वादेः स्मै० १.४.७' સૂત્રથી અને 'जस इः १.४.९' સૂત્રથી ङे નો स्मै તેમજ जस् નો इ આદેશ ન થયો.

(4) તૃતીયાન્ત એવા જ નામથી પરમાં રહેલ તેમજ તૃતીયાન્ત નામથી પરમાં જ રહેલ પૂર્વ અને અવર નામને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ થાય છે. તેથી ग्रामात् पूर्वस्मै સ્થળે પૂર્વ નામ પંચમ્યન્ત નામથી પરમાં હોવાથી તેમજ पूर्वस्मै मासेन અને अवरस्मै पक्षेण સ્થળે પૂર્વ અને અવર નામ તૃતીયાન્ત નામથી પૂર્વમાં હોવાથી તેમને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ નથી થતો. તેથી ઉપરોક્ત ત્રણે સ્થળે 'सर्वादेः स्मै० १.४.७' સૂત્રથી ङे નો स्मै આદેશ થયો છે.

(5) આ સૂત્રમાં તૃતીયાન્ત નામથી પરમાં પૂર્વ અને અવર નામો જ અપેક્ષિત હોવાથી मासेन परस्मै = मासपरस्मै સ્થળે તૃતીયાન્ત मासेन નામથી પરમાં વર્તતા पर નામને આ સૂત્રથી સર્વાદિત્વનો નિષેધ નહીં થાય. તેથી સર્વાદિ નામાશ્રિત स्मै આદેશ થશે.

(6) આ સૂત્રમાં તૃતીયાન્ત નામથી પરમાં રહેલા પૂર્વ અને અવર નામોનો તૃતીયાન્ત નામની સાથે યોગ (સંબંધ) હોવો આવશ્યક છે. તો यास्यति चैत्रो मासेन, पूर्वस्मै दीयतां कम्बलः સ્થળે તૃતીયાન્ત मासेन નામથી અવ્યવહિત પરમાં પૂર્વ નામ તો છે, પણ તે ભિન્ન વાક્યસ્થ હોવાથી અર્થાત્ વાક્યભેદ હોવાથી અહીં એકાર્થીભાવ કે વ્યપેક્ષા રૂપ યોગના અભાવમાં આ સૂત્રથી પૂર્વ નામને સર્વાદિત્વનો નિષેધ નથી થતો.

**શંકા :-** 'समर्थः पदविधिः ७.४.१२२' પરિભાષા દ્વારા સર્વ પદ સંબંધી વિધિ સમર્થ પદ અર્થાત્ ઐકાર્થ્ય અથવા

અપેક્ષા સામર્થ્યવાળા પદોમાં થાય છે. તેથી યાસ્યતિ ચૈત્રો માસેન, પૂર્વસ્મૈ દીયતાં કમ્બલઃ સ્થળે તે પરિભાષા સૂત્રથી જ સામર્થ્યના અભાવમાં આ સૂત્રથી પૂર્વ નામને સર્વાદિત્વનો નિષેધ નહીં થાય. તેથી આ સૂત્રમાં 'યોગ' પદ મૂકવું નિરર્થક છે.

**સમાધાન :-** સાચી વાત છે. પણ અન્યમતનો સંગ્રહ કરવા માટે સૂત્રમાં યોગ પદ મૂક્યું છે. અન્ય વ્યાકરણકારોએ માત્ર તૃતીયાન્ત નામથી અનંતર પરમાં રહેલા પૂર્વ અને અવર નામોને તૃતીયાન્ત નામના યોગમાં સર્વાદિત્વનો નિષેધ નથી કર્યો, પણ સામાન્યથી તૃતીયાન્ત નામની સાથે યોગ ગમ્યમાન હોય અર્થાત્ તૃતીયાન્ત નામની પૂર્વ કે પરમાં રહેલા પૂર્વ અને અવર નામોને તૃતીયાન્ત નામ સાથે યોગ વર્તતા સર્વાદિત્વનો નિષેધ કર્યો છે. તેથી તેઓના મતે માસેન પૂર્વાય પ્રયોગની જેમ પૂર્વાય માસેન પ્રયોગ પણ થાય છે. તેમના મતના સંગ્રહને માટે સૂત્રમાં 'યોગ' પદ મૂકવું જરૂરી છે.

**શંકા :-** સૂત્રમાં 'તૃતીયાન્તાત્' નિર્દેશ હોવાથી 'પઞ્ચમ્યા નિર્દિષ્ટે પરસ્ય[A] ૭.૪.૧૦૫' પરિભાષા દ્વારા તૃતીયાન્ત નામથી પરમાં જ વર્તતા પૂર્વ અને અવર નામોને સર્વાદિત્વનો નિષેધ થઈ શકશે. તેથી 'યોગ' ના ઉપાદાનથી પરના મતનો સંગ્રહ શી રીતે કરશો ?

**સમાધાન :-** અમે પરમતનો સંગ્રહ કરવા તૃતીયાન્તાત્ પદ સ્થળે તૃતીયાન્તેન પદ છે એમ માનશું, અને સૂત્રવૃત્તિ પૂર્વ શબ્દ દિક્શબ્દ[B] હોવાથી તેના યોગમાં 'પ્રભૃત્યન્યાર્થદિક્શબ્દ૦ ૨.૨.૭૫' સૂત્રથી અહીં 'તૃતીયાન્તાત્' એમ દિગ્યોગલક્ષણા પંચમી વિભક્તિ થઈ છે એમ ગણશું. જેથી વાસ્તવિકતાએ તૃતીયાન્તેન પદ હોવાથી 'પઞ્ચમ્યા નિર્દિષ્ટે પરસ્ય ૭.૪.૧૦૫' પરિભાષાની પ્રવૃત્તિ ન થતા 'તૃતીયાન્ત નામની સાથે પૂર્વ અને અવર નામનો યોગ હોતે છતે .....' આવો સૂત્રનો અર્થ પ્રાપ્ત થવાથી પરના મતનો સંગ્રહ થઈ જશે ।।૧૩।।

## तीयं ङित्कार्ये वा ।। १.४.१४।।

**बृ.वृ.-तीय[1]प्रत्ययान्तं शब्दरूपं ङितां ङे-ङसि-ङस्-ङीनां कार्ये कर्तव्ये वा सर्वादिर्भवति। द्वितीय[2]स्मै, द्वितीयाय ; द्वितीयस्यै, द्वितीयायै ; द्वितीयस्मात्, द्वितीयात् ; द्वितीयस्या द्वितीयाया आगतः, द्वितीयस्या द्वितीयायाः स्वम्, द्वितीयस्मिन्, द्वितीये ; द्वितीयस्याम्, द्वितीयायाम्। एवम्-तृतीयस्मै, तृतीयाय इत्यादि। ङित्[3]कार्ये इति किम्? तत्रैव सर्वादित्वं यथा स्यात्, नान्यत्र, तेनाक् न भवति, तथा च कप्रत्यये सति स्वार्थिकप्रत्ययान्ताग्रहणात् स्मैप्रभृतयो न भवन्ति–द्वितीयकाय, तृतीयकाय, द्वितीयकायै, तृतीयकायै इत्यादि। अर्थ[4]वतः प्रतिपदोक्तस्य च ग्रहणादिह न भवति–पटुजातीयाय, मुखतो भवो मुखतीयः, गहादिपाठादियः, मुखतीयाय; एवम्–पार्श्वतीयाय।।१४।।**

---

**(A)** પંચમી વિભક્તિના નિર્દેશ પૂર્વક જે કાર્યનું કથન કર્યું હોય તે અવ્યવહિત પરમાં રહેલાને જ થાય છે.

**(B)** 'दिशि दृष्टाः शब्दाः = दिक्शब्दाः' અર્થાત્ જે શબ્દોનો દિશાવાચક રૂપે પ્રયોગ થતો હોય અને વર્તમાન પ્રયોગ કાળે તેઓ દિશાવાચક રૂપે વર્તતા હોય કે ન હોય તો પણ તેઓ દિક્શબ્દ કહેવાય છે.

**સૂત્રાર્થ :-** શબ્દ સ્વરૂપ તીય પ્રત્યયાન્ત નામ એ ङित् એવા ङे-ङसि-ङस्-ङि પ્રત્યય સંબંધી કાર્ય કરવાનું હોય ત્યારે વિકલ્પે સર્વાદિ સંજ્ઞક થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ ङितां कार्यं = ङित्कार्यम् (ष.तत्०)। तस्मिन् = ङित्कार्ये।

**વિવરણ :-** (1) પ્રત્યય હંમેશા પ્રકૃતિને અવિનાભાવી[A] હોય છે. અર્થાત્ પ્રકૃતિ વિના કેવળ પ્રત્યયનો પ્રયોગ થતો નથી. તેથી સૂત્રોક્ત તીય પ્રત્યય દ્વારા પ્રકૃતિનો આક્ષેપ થવાથી તેમજ તે તીય પ્રત્યય પ્રકૃતિ-પ્રત્યય રૂપ સમુદાયમાં જ રહેતો હોવાથી તીય પ્રત્યય 'प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫' સૂત્રથી પ્રકૃતિ-પ્રત્યય રૂપ સમુદાયનું તેમજ પ્રકૃતિનું વિશેષણ બનતા 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષાથી સૂત્રમાં પ્રકૃતિ રૂપ વિશેષ્યનું અંત્ય અવયવ બનેલ તીય પ્રત્યયાન્ત નામ ગ્રહણ થાય છે. આથી બૃહદ્વૃત્તિમાં 'तीयप्रत्ययान्तं शब्दरुपं...' આમ પંક્તિ દર્શાવી છે.[B]

(2) <u>દૃષ્ટાંત</u> –

**(i) द्वितीयस्मै** – ✻ 'द्वेस्तीयः ૭.૧.૧૬૫' → द्वि + तीय = द्वितीय + ङे', ✻ 'सर्वादेः स्मै० ૧.૪.૭' → द्वितीय + स्मै = द्वितीयस्मै।

**(ii) द्वितीयाय** – ✻ द्वितीय + ङे, ✻ 'ङेङस्यो० ૧.૪.૬' → द्वितीय + य, ✻ 'अत आः० ૧.૪.૧' → द्वितीया + य = द्वितीयाय।

**(iii) द्वितीयस्यै** – ✻ 'आत् ૨.૪.૧૮' → द्वितीय + आप् = द्वितीया + ङे, ✻ 'सर्वादेर्डस्पूर्वाः ૧.૪.૧૮' → द्वितीया + डस्यै, ✻ 'ङित्यन्त्य० ૨.૧.૧૧૪' → द्वितीय् + डस्यै = द्वितीयस्यै।

**(iv) द्वितीयायै** – ✻ द्वितीया + ङे, ✻ 'आपो ङितां० ૧.૪.૧૭' → द्वितीया + यै = द्वितीयायै।

**(v) द्वितीयस्मात्** – ✻ द्वितीय + ङसि, ✻ 'सर्वादेः स्मै० ૧.૪.૭' → द्वितीय + स्मात् = द्वितीयस्मात्।

**(vi) द्वितीयात्** – ✻ द्वितीय + ङसि, ✻ 'ङेङस्यो० ૧.૪.૬' → द्वितीय + आत्, ✻ 'समानानां ० ૧.૨.૧' → द्वितीयात्।

**(vii) द्वितीयस्याः** – ✻ द्वितीया + ङसि, ✻ 'स्वादेर्डस्० ૧.૪.૧૮' → द्वितीया + डस्यास्, ✻ 'ङित्यन्त्य० ૨.૧.૧૧૪' → द्वितीय् + डस्यास्, ✻ 'सो रुः ૨.૧.૭૨' → द्वितीयस्यार्, ✻ 'रः पदान्ते० ૧.૩.૫૩' → द्वितीयस्याः।

---

**(A)** तद् विना न भवति = अविनाभावः।

**(B)** આ પદાર્થનું નિરૂપણ પૂ. ચન્દ્રસાગરગણીપ્રણિત આનંદબોધિની ટીકાનુસાર કર્યું છે. પૂ. લાવણ્ય સૂ.મ.સા. સંપાદિત બૃહન્ન્યાસના પાઠની અપેક્ષાએ આનંદબોધિની ટીકાનો પાઠ યુક્ત જણાય છે. બૃહન્ન્યાસનો પાઠ - – 'तात्स्थ्यात् तया तत्समुदायस्य, तस्य च तीयमिति विशेषणाद्,...' અને આનંદબોધિનીનો પાઠ – 'तात्स्थ्यात् तत्समुदायस्य तस्य च तीयमिति विशेषणात्...'

**(viii) द्वितीयायाः** — ✻ द्वितीया + ङसि, ✻ 'आपो ङितां० १.४.१७' → द्वितीया + यास्, ✻ 'सो रुः २.१.७२' → द्वितीयायार्, ✻ 'रः पदान्ते० १.३.५३' → द्वितीयायाः।

द्वितीया નામને ङस् (૫.એ.વ.) પ્રત્યય લાગતા નિષ્પન્ન द्वितीयस्याः અને द्वितीयायाः પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી.

**(ix) द्वितीयस्मिन्** — ✻ द्वितीय + ङि, ✻ 'ङे स्मिन् १.४.८' → द्वितीय + स्मिन् = द्वितीयस्मिन्।

**(x) द्वितीये** — ✻ द्वितीय + ङि, ✻ 'अवर्णस्येवर्ण० १.२.६' → द्वितीये।

**(xi) द्वितीयस्याम्** — ✻ द्वितीया + ङि, ✻ 'सर्वादेर्डस्० १.४.१८' → द्वितीया + डस्याम्, ✻ 'ङित्यन्त्य० २.१.११४' → द्वितीय् + डस्याम् = द्वितीयस्याम्।

**(xii) द्वितीयायाम्** — ✻ द्वितीया + ङि, ✻ 'आपो ङितां० १.४.१७' → द्वितीया + याम् = द्वितीयायाम्।

तृतीयस्मै, तृतीयाय વિગેરે પ્રયોગોની સાધનિકા द्वितीयस्मै, द्वितीयाय પ્રમાણે જાતે સમજી લેવી.

**(3)** આ સૂત્રમાં तीय પ્રત્યયાન્ત નામ ङित् પ્રત્યય સંબંધી કાર્ય પ્રસંગે ✻ વિકલ્પે सर्वादि સંજ્ઞક થાય છે. તેથી ન્યારે 'सर्वादेः स्मै० १.४.७' વિગેરે સૂત્રોથી ङित् એવા ङे-ङसि-ङस्-ङि પ્રત્યયોના स्मै, स्मात्, स्मिन् વિગેરે આદેશ રૂપ ङित् કાર્યો કરવાની પ્રાપ્તિ હોય તેમ✻ 'सर्वादेर्डस्पूर्वाः १.४.१८' સૂત્રથી ङित् પ્રત્યયોને આશ્રયીને થતો डस् આગમ કરવાની પ્રાપ્તિ હોય ત્યારે तीय પ્રત્યયાન્ત નામ આ સૂત્રથી વિકલ્પે सर्वादि સંજ્ઞક થાય. (અહીં 'सर्वादेर्डस्० १.४.१८' સૂત્રથી થતો डस् આગમ सर्वादि એવા સ્ત્રીલિંગના आप् પ્રત્યયાન્ત નામોને આશ્રયીને થતો હોવા છતાં તે ङित् પ્રત્યયને થતો હોવાથી ङित् પ્રત્યયનું અંગ બનવાના કારણે ङित् કાર્ય ✻ કહેવાય.) પરંતુ ન્યારે 'त्यादिसर्वादेः ७.३.२९' સૂત્રથી સ્વાર્થિક अक् પ્રત્યય કરવો હોય ત્યારે એ ङित् કાર્ય ન હોવાથી अक् પ્રત્યયનું વિધાન કરવા માટે આ સૂત્રથી तीय પ્રત્યયાન્ત નામને વિકલ્પે सर्वादित्वની પ્રાપ્તિ નહીં થાય. તેથી 'प्राग् नित्यात्० ७.३.२८' સૂત્રથી સ્વાર્થિક कप् પ્રત્યય થતા 'सर्वादेः स्मै० १.४.७' સૂત્રમાં દર્શાવેલા सर्वादि ગણપાઠમાં સ્વાર્થિક डतर-डतम પ્રત્યયનાં ઉપાદાનથી આ પ્રકરણમાં અન્ય સ્વાર્થિક પ્રત્યયાન્ત નામોને ***'प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानामपि ग्रहणम्'*** ન્યાયથી જે सर्वादित्व પ્રાપ્ત છે તેનો નિષેધરૂપ નિયમ કરેલ હોવાથી સ્વાર્થિક कप् પ્રત્યયાન્ત द्वितीयक, तृतीयक વિગેરે નામોને આ સૂત્રથી વિકલ્પે सर्वादित्वની પ્રાપ્તિ ન થતા તેમને 'सर्वादेः स्मै० १.४.७' વિગેરે સૂત્રોથી स्मै આદિ આદેશો ન થવાથી द्वितीयकाय, तृतीयकाय, द्वितीयकायै, तृतीयकायै આ પ્રમાણે પ્રયોગો થશે.

**(a) द्वितीयकाय — ❋ द्वितीयक + ङे, ❋ 'ङेङस्यो० १.४.६' → द्वितीयक + य, ❋ 'अत आः० १.४.१' → द्वितीयका + य = द्वितीयकाय।**

तृतीयकाय ની સાધનિકા દ્વિતીયકાય પ્રમાણે તેમજ આગળ તૃતીયકાયૈ ની સાધનિકા દ્વિતીયકાયૈ પ્રમાણે સમજવી.

**(b) द्वितीयकायै — ❋ द्वितीयका + ङे, ❋ 'आपो ङितां० १.४.१७' → द्वितीयका+यै= द्वितीयकायै।** અહીં દ્વિતીયકાયૈ પ્રયોગસ્થળે દ્વિતીયા નામને 'प्राग् नित्यात्० ७.३.२८' સૂત્રથી કુત્સિતાદ્યર્થક कप् પ્રત્યય થતા 'ङ्यादीदूतः के २.४.१०४' સૂત્રથી कप् પર છતાં દ્વિતીય આમ હ્રસ્વ આદેશ થયો છે. હવે कप् પ્રત્યયાન્ત દ્વિતીયક નામ સ્ત્રીલિંગ હોવાથી તેને 'आत् २.४.१८' સૂત્રથી પુનઃ आप् પ્રત્યય લાગતા નિષ્પન્ન દ્વિતીયકા નામનો ઉપર દર્શાવેલ સાધનિકા મુજબ દ્વિતીયકાયૈ પ્રયોગ થયો છે. અહીં 'स्वज्ञाजभस्त्रा० २.४.१०८' સૂત્રથી દ્વિતીયા નામના आप् પ્રત્યયનો જો इ આદેશ કરવામાં આવે તો દ્વિતીયકાયૈ પ્રયોગ પણ થઈ શકે છે.

**(4) શંકા :-** તીય અંતવાળા પટુજાતીય તેમજ મુખતીય શબ્દોને આ સૂત્રથી વિકલ્પે સર્વાદિત્વની પ્રાપ્તિ કેમ નથી થતી ?

**સમાધાન :-** ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયના કારણે પટુજાતીય તેમજ મુખતીય નામ સ્થળે આ સૂત્રથી સર્વાદિત્વની પ્રાપ્તિ નથી થતી. તે આ રીતે - વ્યાકરણ શાસ્ત્રમાં શબ્દો સાર્થક અને નિરર્થક એમ બે પ્રકારે જોવા મળે છે. તેમાં સમુદાય રૂપ શબ્દમાં અર્થ પ્રત્યાયન (બોધ) કરાવવાની શક્તિ હોવાથી તે સાર્થક હોય છે. જ્યારે અવયવ રૂપ શબ્દમાં અર્થ પ્રત્યાયન કરાવવાની શક્તિ ન હોવાથી તે અનર્થક હોય છે. ટૂંકમાં સમુદાય રૂપ શબ્દ અર્થવત્ અને અવયવ રૂપ શબ્દ અનર્થક હોય છે. પટુજાતીય સ્થળે पटुः प्रकारोऽस्य = पटुजातीयः આમ 'प्रकारे जातीयर् ७.२.७५' સૂત્રથી પટુ નામને जातीयर् (जातीय) પ્રત્યય થયો છે. તેમજ મુખતીય સ્થળે मुखे मुखाद् वा = मुखतः આ પ્રમાણે 'आद्यादिभ्यः ७.२.८४' સૂત્રથી तस् (तसु) પ્રત્યય અને मुखतो भवः અર્થમાં 'गहादिभ्यः ६.३.६३' સૂત્રથી ईय પ્રત્યય થતા તે ईय પર છતાં 'प्रायोऽव्ययस्य ७.४.६५' સૂત્રથી मुखतस् ના અંત્ય સ્વરાદિનો લોપ થવાથી मुखत् + ईय = मुखतीय શબ્દની નિષ્પત્તિ થઈ છે. આ ઉભયસ્થળો પૈકી पटुजातीयर् સ્થળે जातीयर् પ્રત્યયસમુદાય 'પ્રકાર' અર્થનું પ્રત્યાયન કરાવતો હોવાથી સાર્થક છે. જ્યારે તેના એકદેશભૂત (અવયવભૂત) તીય અંશ કોઈ પણ અર્થનું પ્રત્યાયન ન કરાવતો હોવાથી અનર્થક છે. એ જ રીતે મુખતીય સ્થળે ईय પ્રત્યયસમુદાય 'શેષ' અર્થનું પ્રત્યાયન કરાવતો હોવાથી સાર્થક છે. જ્યારે मुखत् પ્રકૃતિના त् અવયવ સાથે સંબદ્ધ ईय પ્રત્યય પૂર્વકનો તીય અંશ કોઈ પણ અર્થનું પ્રત્યાયન ન કરાવતો હોવાથી અનર્થક છે. વળી દ્વિતીય, તૃતીય સ્થળોએ 'પૂરણ' અર્થનું પ્રત્યાયન કરાવનાર 'द्वेस्तीयः ७.१.१६५' સૂત્રથી થયેલ તીય પ્રત્યય સમુદાય સાર્થક છે. તો આ રીતે તીય એ અર્થવત્ (સાર્થક) અને અનર્થક (નિરર્થક) ઉભય પ્રકારે વર્તતો હોવાથી ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયના બળે અર્થવત્ એવા જ તીય નું સૂત્રમાં ગ્રહણ થતા આ સૂત્રથી સર્વાદિત્વના વિધાનાર્થે પટુજાતીય અને મુખતીય સ્થળે વર્તતા અનર્થક તીય નું ગ્રહણ નહીં થાય.

અથવા બીજી રીતે વિચારીએ તો જેમ વેલડીઓથી આચ્છાદિત ભાગમાં કકુદ (ખાંધ) રૂપ ચિહ્નને (લક્ષણને) જોઈને 'અહીં બળદ હોવો જોઈએ' એવું જ્ઞાન થાય છે. તેમ પટુજાતીય સ્થળે जातीयर् પ્રત્યય-સમુદાય દ્વારા તીય જણાય છે. તેમજ મુખતીય સ્થળે પણ મુખતીય રૂપ પ્રકૃતિ-પ્રત્યય સમુદાયના કારણે તીય જણાય છે. આમ जातीयर् અને મુખતીય આ સમુદાય રૂપ ચિહ્ન દ્વારા જણાતો તીય લાક્ષણિક કહેવાય. જ્યારે 'द्वेस्तीयः ७.१.१६५' સૂત્રથી થતો તીય પ્રત્યય કોઈ પણ ચિહ્નને (લક્ષણને) આશ્રયીને જણાતો ન હોવાથી અર્થાત્ સ્વાભાવિક પણે જણાતો હોવાથી પ્રતિપદોક્ત ગણાય. માટે ***'लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'*** ન્યાયાનુસાર પ્રતિપદોક્ત એવા જ તીય નું સૂત્રમાં ગ્રહણ થવાથી પટુજાતીય અને મુખતીય નામોને આ સૂત્રથી વિકલ્પે સર્વાદિત્વની પ્રાપ્તિ નહીં થાય. તેથી તેમને स्मै આદિ આદેશો ન થવાથી પટુજાતીયાય અને મુખતીયાય પ્રયોગો થશે. પાર્શ્વતીયાય પ્રયોગસ્થળે પણ મુખતીયાય પ્રયોગ પ્રમાણે સમજી લેવું ।।૧૪।।

## अवर्णस्याऽऽमः साम् ।। १.४.१५।।

**बृ.वृ.-अवर्णान्तस्य सर्वादेः सम्बन्धिनः षष्ठीबहुवचनस्यामः[1] स्थाने 'साम्' इत्ययमादेशो भवति। सर्वेषाम्[2], विश्वेषाम् ※ सन्निपातलक्षण० ※ न्यायस्यानित्यत्वादेत्वम्, सर्वासाम्, विश्वासाम्, परमसर्वेषाम्, परमसर्वासाम्। सर्वादेरित्येव[3]? द्वयानाम्, द्वितयानाम्। कथं "व्यथां द्वयेषामपि मेदिनीभृताम्" (शिशुपालवधे सर्ग-१२, श्लो० १३) इति? अपपाठ एषः। तत्सम्बन्धिविज्ञानादिह[4] न भवति-प्रियसर्वाणाम्। अवर्णस्येति[5] किम्? भवताम्, भवतीनाम् ।।१५।।**

---

**सूत्रार्थ :-** अ वर्णान्त सर्वादि नाम संबंधी षष्ठी बहुवचनના आम् પ્રત્યયના સ્થાને साम् આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ अकारेणोपलक्षितो वर्णः = अवर्णः (मयूरव्यंसकादिः)। तस्य = अवर्णस्य।

**विवरण :-** **(1) शंका :-** આ સૂત્રમાં સામાન્યથી आम् નો નિર્દેશ કર્યો છે અને आम् તો ઘણા પ્રકારના છે. જેમકે (a) 'आपो ङितां० १.४.१७' સૂત્રમાં સપ્તમી એકવચનના ङि પ્રત્યયના याम् આદેશનો એકદેશભૂત आम् છે. (b) 'परस्परान्योऽन्येतरेतरस्यां० ३.२.१' સૂત્રમાં સ્યાદિ પ્રત્યયોના સ્થાને आम् આદેશનું વિધાન કર્યું છે તે. (c) 'धातोरनेकस्वरादाम्० ३.४.४६' સૂત્રમાં પરોક્ષાના પ્રત્યયોના સ્થાને आम् આદેશનું વિધાન કર્યું છે તે. તેમજ (d) 'स्त्रिया ङितां वा० १.४.२८' સૂત્રમાં સપ્તમી એકવચનના ङि પ્રત્યયના સ્થાને જે दाम् આદેશ દર્શાવ્યો છે તેનો એકદેશ પણ आम् છે. તો આ સર્વમાંથી પ્રસ્તુત સૂત્રમાં કયો आम् ગ્રહણ કરવો ?

**समाधान :-** [(A)]**पारिशेष न्याय**થી આ સૂત્રમાં ષષ્ઠી બહુવચનના જ आम् નું ગ્રહણ થશે. તે આ પ્રમાણે (a) 'आपो ङितां० १.४.१७' સૂત્રમાં દર્શાવેલ याम् આદેશનો એકદેશભૂત आम् અનર્થક છે. કેમકે સમુદિત याम्

---

**(A)** इतरसकलविशेषव्यवच्छेदेन इष्टविषयसिद्धिः पारिशेषन्यायः।

આદેશ અધિકરણાર્થ તેમજ એકત્વ સંખ્યાને જણાવતો હોવાથી સાર્થક છે, પરંતુ તેના એકદેશભૂત આમ્ નો કોઈ અર્થ ન હોવાથી તે અનર્થક છે. તેથી ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયને કારણે આ સૂત્રમાં બહુત્વ સંખ્યાર્થક ષષ્ઠી બહુવચનનો આમ્ તેમજ અન્ય અર્થવાન્ એવા આમ્ નું ગ્રહણ સંભવતા યામ્ ના એકદેશભૂત અનર્થક આમ્ નું ગ્રહણ નહીં થાય. (b) 'परस्परान्योऽन्येतरेतरस्यां० ૩.૨.૧' સૂત્રથી સ્યાદિ પ્રત્યયોના સ્થાને થતા આમ્ આદેશનો જો આ સૂત્રથી સામ્ આદેશ જ કરવાનો હોય તો સૂત્રકારશ્રી તે સૂત્રથી આમ્ આદેશ કરી આ સૂત્રથી પુનઃ તેને સામ્ આદેશ કરવા રૂપ પ્રક્રિયાગૌરવ ન કરતા તે સૂત્રમાં જ સામ્ આદેશ દર્શાવત. આમ 'परस्परान्यो० ૩.૨.૧' સૂત્રથી સ્યાદિ પ્રત્યયોના સ્થાને થતા આમ્ આદેશને અહીં ગ્રહણ કરવામાં પ્રક્રિયાકૃત ગૌરવ હોવાથી તેનું ગ્રહણ નહીં થાય. (c) 'धातोरनेकस्वरादाम्० ૩.૪.૪૬' સૂત્રથી પરોક્ષાના પ્રત્યયોના સ્થાને થતો આમ્ આદેશ ધાતુને સંભવે છે. જ્યારે આ સૂત્રથી થતો આમ્ નો સામ્ આદેશ અ વર્ણાન્ત સર્વાદિ નામોને સંભવે છે. તેથી અહીં 'धातोरनेकस्वरादाम्० ૩.૪.૪૬' સૂત્રથી થતા આમ્ નું ગ્રહણ નહીં થાય. જો કે 'कर्तुः क्विप् गल्भ० ૩.૪.૨૫' સૂત્રથી જો અ વર્ણાન્ત સર્વાદિ નામોને ક્વિપ્ પ્રત્યય લગાડી નામધાતુ બનાવવામાં આવે તો તેમને પરોક્ષાના પ્રત્યયોના સ્થાને થતો આમ્ આદેશ સંભવી શકે. પરંતુ આ પાદના 'अतः आः स्यादौ० ૧.૪.૧' સૂત્રથી લઈને 'दृन्पुनर्वर्षा० ૨.૧.૫૯' સૂત્ર સુધી સ્યાદિનો અધિકાર ચાલે છે અને સ્યાદિ પ્રત્યયો નામને સંભવતા હોવાથી આ રીતે ક્વિપ્ પ્રત્યયાન્ત સર્વાદિ નામધાતુઓનું ગ્રહણ ન થઈ શકે. તેથી આ સૂત્રમાં પરોક્ષાના પ્રત્યયોના સ્થાને થતા આમ્ આદેશનું ગ્રહણ નહીં થાય. (d) 'स्त्रिया ङितां वा० ૧.૪.૨૮' સૂત્રથી સપ્તમી એકવચનના ઙિ પ્રત્યયના સ્થાને થતો દામ્ આદેશ સ્ત્રીલિંગ એવા ઇ કારાન્ત - ઉ કારાન્ત નામોને સંભવે છે. જ્યારે આ સૂત્રમાં તો અ વર્ણાન્ત સર્વાદિ નામો સંબંધી આમ્ નો સામ્ આદેશ કરવાનો હોવાથી દામ્ ના એકદેશભૂત આમ્ નું આ સૂત્રમાં ગ્રહણ નહીં થઈ શકે. હવે માત્ર ષષ્ઠી બહુવચનનો જ આમ્ પ્રત્યય શેષ રહે છે. તેથી પારિશેષ ન્યાયથી તેનું જ ગ્રહણ સંભવતા આ સૂત્રમાં ષષ્ઠી બહુવચનના આમ્ પ્રત્યયનો સામ્ આદેશ થશે.

| (2) <u>दृष्टांत</u> – | | (i) सर्वेषाम् | (ii) विश्वेषाम् |
|---|---|---|---|
| | | सर्व + आम् | विश्व + आम् |
| * 'अवर्णस्यामः० ૧.૪.૧૫' | → | सर्व + साम् | विश्व + साम् |
| * 'एद् बहुस्भोसि ૧.૪.૪' | → | सर्वे + साम् | विश्वे + साम् |
| * 'नाम्यन्तस्थाकवर्ग० ૨.૩.૧૫' | → | सर्वेषाम्। | विश्वेषाम्। |

અહીં सर्वेषाम् અને विश्वेषाम् પ્રયોગસ્થળે ***'सन्निपातलक्षणविधिरनिमित्तं तद्विघातस्य'*** ન્યાયના કારણે આમ તો सर्व અને विश्व સર્વનામોના અ કારના નિમિત્તે આ સૂત્રથી થયેલ આમ્ નો સામ્ આદેશ રૂપ કાર્ય 'एद् बहुस्भोसि ૧.૪.૪' સૂત્રથી પોતાના નિમિત્ત અ નો ए આદેશ કરવા રૂપે ઘાત ન કરી શકે, પણ આ સ્થળે તે ન્યાયની અનિત્યતા જાણવી.

**(iii) सर्वासाम् (iv) विश्वासाम् — ✻ 'आत् २.४.१८' → सर्व + आप् = सर्वा + आम् अने विश्व + आप् = विश्वा + आम्, ✻ 'अवर्णस्यामः० १.४.१५' → सर्वा + साम् = सर्वासाम् अने विश्वा + साम् = विश्वासाम्।**

**(v) परमसर्वेषाम् (vi) परमसर्वासाम् — आ उभय स्थळे परमश्चासौ सर्वश्च = परमसर्व अने परमा च सा सर्वा च = परमसर्वा,** आ प्रमाणे 'सन्महत्परमोत्तमो० ३.१.१०७' सूत्रथी कर्मधारय समास करी शेष साधनिका सर्वेषाम् अने सर्वासाम् प्रमाणे समजी लेवी.

**(3)** आ सूत्रमां अ वर्णान्त सर्वादि एवा ✻ नाम संबंधी आम् नो साम् आदेश थतो होवाथी संख्यावाची 'द्वि' नामने 'द्वित्रिभ्यामयट् ७.१.१५२' सूत्रथी अयट् प्रत्यय लागवाथी निष्पन्न द्वय नाम, तेम ✻ द्वि नामने 'अवयवात् तयट् ७.१.१५१' सूत्रथी तयट् प्रत्यय लागता निष्पन्न द्वितय नाम सर्वादि न होवाथी तेमना आम् नो आ सूत्रथी साम् आदेश नहीं थाय. तेथी द्वयानाम् अने द्वितयानाम् प्रयोग थशे. साधनिका आ प्रमाणे समजवी –

| | | (a) द्वय + आम् | (b) द्वितय + आम् |
|---|---|---|---|
| ✻ 'ह्रस्वापश्च १.४.३२' | → | द्वय + नाम् | द्वितय + नाम् |
| ✻ 'दीर्घो नाम्य० १.४.४७' | → | द्वया + नाम् | द्वितया + नाम् |
| | | = द्वयानाम्। | = द्वितयानाम्। |

**शंका :-** जो द्वय नाम सर्वादि न होवाथी तेना संबंधी आम् नो साम् आदेश नथी थतो, तो पछी **शिशुपालवध** काव्यना बारमां सर्गना तेरमां श्लोकमां ***'व्यथां द्वयेषामपि मेदिनीभृताम्'*** स्थळे द्वयेषाम् प्रयोग शी रीते थयो छे ?

**समाधान :- शिशुपालवध** काव्यनो आ पाठ अपपाठ छे.

**(4)** आ सूत्रमां सर्वादि नाम संबंधी ✻ आम् नो साम् आदेश थतो होवाथी अहीं आम् नो साम् आदेश नहीं थाय.

**(a) प्रियसर्वाणाम् — ✻ प्रियाः सर्वे येषां ते = प्रियसर्वाः ✻ प्रियसर्व + आम् ✻ 'ह्रस्वापश्च १.४.३२' → प्रियसर्व + नाम्, ✻ 'दीर्घो नाम्य० १.४.४७' → प्रियसर्वा + नाम् ✻ 'रषृवर्णान्० २.३.६३' → प्रियसर्वाणाम्।**

अहीं 'सर्वादेः स्मै० १.४.७' सूत्रना विवरणमां दर्शाव्या मुजब ***'सर्वमादीयते गृह्यतेऽभिधेयत्वेन येन = सर्वादि'*** आ सर्वादि[(A)] शब्दनी अन्वर्थ संज्ञा न घटती होवाथी प्रियसर्व नाम सर्वादि न गणाता तेना संबंधी आम् नो आ सूत्रथी साम् आदेश न थयो.

---

**(A)** सर्वादि शब्दनी अन्वर्थ संज्ञाना विशेष बोधार्थे '१.४.७' सूत्रनुं विवरण जोवुं.

(5) આ સૂત્રમાં આમ્ નો સામ્ આદેશ કરવા સર્વાદિ નામ અ વર્ણાન્ત જ જોઈએ. તેથી ભવતામ્ અને ભવતીનામ્ આ બે પ્રયોગસ્થળે અનુક્રમે ભવત્ (ભવતુ) સર્વનામ અને સ્ત્રીલિંગનું ङी (ई) પ્રત્યયાન્ત ભવતી સર્વનામ અ વર્ણાન્ત ન હોવાથી તેમના સંબંધી આમ્ નો સામ્ આદેશ નહીં થાય ।।૧૫।।

## नवभ्यः[1] पूर्वेभ्य इ-स्मात्-स्मिन् वा ।। १.४.१६।।

**बृ.वृ.-पूर्वादिभ्यो नवभ्यो[2] यथास्थानं ये 'इ-स्मात्-स्मिन्' आदेशा उक्तास्ते वा भवन्ति। पूर्वे[3], पूर्वाः; पूर्वस्मात्, पूर्वात् ; पूर्वस्मिन्, पूर्वे ; परे, पराः; परस्मात्, परात् ; परस्मिन्, परे। नवभ्य[4] इति किम्? त्ये, त्यस्मात्, त्यस्मिन्। पूर्वेभ्य[5] इति किम्? सर्वे, सर्वस्मात्, सर्वस्मिन्। 'पूर्व[6], पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व, अन्तर' इति पूर्वादयो नव ।।१६।।**

---

**सूत्रार्थ :-** પોતપોતાના સ્થાન મુજબ પૂર્વ વિગેરે (पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व, अन्तर) નવ નામોથી પરમાં (રહેલા जस्, ङसि અને ङि પ્રત્યયોના અનુક્રમે) જે इ, स्मात् અને स्मिन् આદેશો કહેલા તે વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ इश्च स्माच्च स्मिन् च = इ-स्मात्-स्मिन् (इ.द्व.)। अत्र सूत्रत्वात् जसो लोपः।

**विवरण :-** (1) **शंका :-** સૂત્રમાં 'नवभ्यः पूर्वेभ्यः' આમ બહુવચન કેમ કરો છો ?

**समाधान :-** પૂર્વ, સર્વ, વિશ્વ, પર વિગેરે ક્રમ રહિતપણે સર્વાદિ નવ નામોનું સૂત્રમાં ગ્રહણ ન થાય, પણ સર્વાદિ ગણપાઠમાં દર્શાવેલ પૂર્વ, પર, અવર આમ ક્રમિક નવ નામોનું ગ્રહણ થાય તે દર્શાવવા સૂત્રમાં पूर्वेभ्यः આમ બહુવચનનો નિર્દેશ કર્યો છે.

(2) આ સૂત્રમાં इ, स्मात् અને स्मिन् આમ 'जस इः १.४.९' વિગેરે તે તે સૂત્રોમાં પ્રસિદ્ધ એવા આદેશોનું અનુકથન (અનુવાદ) કર્યું છે તેથી, તેમજ 'सर्वादेः स्मैस्मातौ १.४.७' સૂત્રથી લઈને આ બધા સૂત્રોમાં સર્વાદિ ગણપાઠ પ્રસ્તુત છે, અર્થાત્ સર્વાદિ ગણપાઠમાં દર્શાવેલા નામોને લઈને કાર્ય થાય છે, તેથી સર્વાદિ ગણમાં વર્તતા એવા જ નામોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે, પણ સંજ્ઞામાં કે બહુવ્રીહિ વિગેરે સમાસમાં ઉપસર્જન (ગૌણ) રૂપે વર્તતા અસર્વાદિ પૂર્વ વિગેરે નામ સ્થળે નહીં. આથી બૃહદ્વૃત્તિમાં 'यथास्थानम्' પદ દર્શાવ્યું છે.

(3) **दृष्टांत –**

**(i) पूर्वे**

| | | पूर्व + जस् |
|---|---|---|
| * 'जस इः १.४.९' | → | पूर्व + इ |
| * 'अवर्णस्येवर्ण० १.२.६' | → | पूर्वे। |

**(ii) पूर्वाः**

| | | पूर्व + जस् |
|---|---|---|
| * 'अत आः० १.४.१' | → | पूर्वा + जस् |
| * 'समानानां तेन० १.२.१' | → | पूर्वास् |
| * 'सो रुः २.१.७२' | → | पूर्वार् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | पूर्वाः। |

**(iii) पूर्वस्मात् —** ✻ पूर्व + ङसि, ✻ 'सर्वादेः स्मै० १.४.७' → पूर्व + स्मात् = पूर्वस्मात्।

**(iv) पूर्वात् —** ✻ पूर्व + ङसि, ✻ 'ङेङस्यो० १.४.६' → पूर्व + आत्, ✻ 'समानानां० १.२.१' → पूर्वात्।

**(v) पूर्वस्मिन् —** ✻ पूर्व + ङि, ✻ 'ङेः स्मिन् १.४.८' → पूर्व + स्मिन् = पूर्वस्मिन्।

**(vi) पूर्वे —** ✻ पूर्व + ङि, ✻ 'अवर्णस्येवर्ण० १.२.६' → पूर्वे।

परे, पराः विगेरे प्रयोगोनी साधनिका पूर्वे, पूर्वाः विगेरे प्रयोगो प्रमाणे समजी लेवी.

**(4)** આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે सर्वादि ગણપાઠના ક્રમમાં આવતા पूर्व વિગેરે નવ ૯ નામો હોવા ૯રૂરી છે. પણ દસમાં કે એથી આગળના ક્રમે આવતું નામ ન ચાલે. તેથી દસમાં ક્રમે આવતા त्यद् નામ સંબંધી जस्-ङसि-ङि પ્રત્યયોના इ-स्मात्-स्मिन् આદેશોનો આ સૂત્રથી વિકલ્પ ન થવાથી માત્ર त्ये, त्यस्मात् અને त्यस्मिन् પ્રયોગો ૯ થશે.

| | | (a) त्यद्+ जस् | (b) त्यद्+ ङसि | (c) त्यद्+ ङि |
|---|---|---|---|---|
| ✻ 'आ द्वेरः २.१.४१' | → | त्य अ + जस् | त्य अ + ङसि | त्य अ + ङि |
| ✻ 'लुगस्या० २.१.११३' | → | त्य + जस् | त्य + ङसि | त्य + ङि |
| ✻ 'जस इः १.४.९' | → | त्य + इ | ↓ | ↓ |
| ✻ 'सर्वादेः स्मै० १.४.७' | → | ↓ | त्य + स्मात् | ↓ |
| ✻ 'ङेः स्मिन् १.४.८' | → | ↓ | ↓ | त्य + स्मिन् |
| ✻ 'अवर्णस्ये० १.२.६' | → | त्ये | ↓ | ↓ |
| | | = त्ये। | = त्यस्मात्। | = त्यस्मिन्। |

**(5)** આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે ક્રમિક पूर्व વિગેરે ૯ નવ નામો અપેક્ષિત છે. તેથી ક્રમને નિરપેક્ષ અર્થાત્ पूर्व વિગેરે નવના ક્રમમાં ન આવતા सर्व શબ્દ સંબંધી जस् વિગેરે પ્રત્યયોના इ વિગેરે આદેશોનો વિકલ્પ આ સૂત્રથી નહીં થાય. માટે सर्वे, सर्वस्मात् અને सर्वस्मिन् પ્રયોગો ૯ થશે.

**(6)** पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व અને अन्तर આ पूर्वादि નવ જાણવા ।।१६।।

## आपो ङितां यै-यास्-यास्-याम् ।। १.४.१७ ।।

**बृ.वृ.-(1)आबन्तसम्बन्धिनां स्यादेर्ङितां ङे–ङसि–ङस्–ङीनां स्थाने (2)यथासंख्यं 'यै यास् यास् याम्' इत्येते आदेशा भवन्ति। (3)खट्वायै, खट्वायाः, खट्वायाः, खट्वायाम् ; बहुराजायै, बहुराजायाः, बहुराजायाः, बहुराजायाम्; कारीषगन्ध्यायै, कारीषगन्ध्यायाः, कारीषगन्ध्यायाः, कारीषगन्ध्यायाम्। (4)आप इति पकारः किम्? कीलालपे। (5)तत्सम्बन्धिविज्ञानादिह न भवति–बहुखट्वाय पुरुषाय। (6)इह तु भवति–बहुखट्वायै विष्टराय इत्यादि।।१७।।**

---

**सूत्रार्थ :-** आप् प्रत्ययान्त नाम संबंधी स्यादि ङित् अर्थात् ङे, ङसि, ङस् अने ङि प्रत्ययोना स्थाने अनुक्रमे यै, यास्, यास् अने याम् आदेश थाय छे.

**सूत्रसमास :-** ◆ यैश्च यास् च यास् च याम् च = यै-यास्-यास्-याम् + जस् (इ.द्व.)। यथासङ्ख्यलाभाय 'याम्' इत्येतदन्तात् पदाज्जसमानीय ***'मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः'*** इति न्यायेन मात्रालाघवार्थं सौत्रत्वात् तल्लोपो विहितः। तस्मात् यै-यास्-यास्-याम्।

<u>विवरण :-</u> **(1) शंका :-** पूर्वसूत्रोथी अस्खलितपणे (अव्यभिचरितपणे) आवती 'सर्वादि' नी अनुवृत्तिनुं ग्रहण कर्या विना आ सूत्रमां सामान्यथी आप् प्रत्ययान्त नामोनुं ग्रहण शी रीते करी शकाय ?

**समाधान :-** पूर्वसूत्रथी आ सूत्रमां जो सर्वादिनी अनुवृत्ति आवे तो ते अनुवृत्ति आ पछीना 'सर्वादेर्डस् १.४.१८' सूत्रमां पण जाय, अने तेम थता 'सर्वादेर्डस् १.४.१८' सूत्रमां सर्वादि नामोना ग्रहणार्थे જે सर्वादेः पद मूक्युं छे, ते निरर्थक थवानो प्रसंग आवे. ग्रंथकार क्यारे पण सूत्रमां निरर्थक पद न मूके. माटे ते सूत्रमां सर्वादेः पदना उपादान द्वारा જ જણाय छे के आ सूत्रमां पूर्वसूत्रथी सर्वादिनी अनुवृत्ति नहीं आवती होय के जेथी अनुवृत्ति तूटवाना कारणे ते सूत्रमां सर्वादि नामोना पुनः ग्रहणार्थे सर्वादेः पदनुं उपादान सार्थक थाय. आ रीते आ सूत्रमां सर्वादिनी अनुवृत्ति न आवता सामान्यथी आप् प्रत्ययान्त नामोनुं ग्रहण करी शकाय छे.

**(2) शंका :-** सूत्रमां यथासंख्यनुं ग्रहण शेना आधारे करो छो ?

**समाधान :-** सूत्रमां यै, यास्, यास्, याम् आ चार आदेशो (कार्यो) दर्शाव्या छे, तेमજ सूत्रवृत्ति ङित् शब्दथी ग्रहण करातां ङे, ङसि, ङस्, ङि आदेशीओनी (= कार्यीओनी) संख्या पण चार छे. आम बंनेनी संख्या समान होवाथी ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** न्यायना आधारे सूत्रमां यथासंख्यनुं ग्रहण करीओ छीओ.

**शंका :-** ***'यथासङ्ख्यमनुदेशः०'*** न्याय द्वारा यथासंख्य ग्रहण त्यारे थई शके के જ्यारे कार्य अने कार्यी बन्नेना संख्या अने वचन (विभक्ति) समान होय. अहीं यै विगेरे आदेशो अने ङे विगेरे आदेशीओ

સંખ્યાથી સમાન છે, પણ યૈ-યાસ્-યાસ્-યામ્ પદ સ્થળે એકવચન અને ङिताम् પદ સ્થળે બહુવચન હોવાથી વચનની સમાનતા નથી. તેથી સૂત્રમાં યથાસંખ્યનું ગ્રહણ ન કરી શકાય.

**સમાધાન :-** સૂત્રમાં ङितां પદ સ્થળે જેમ બહુવચન છે તેમ યૈ-યાસ્-યાસ્-યામ્ પદ સ્થળે પણ બહુવચન જ છે. यैश्च यास् च यास् च याम् च વિગ્રહાનુસારે અહીં 'चार्थे द्वन्द्वः० ३.१.११७' સૂત્રથી ઇતરેતરદ્વન્દ્વ સમાસ થતા 'यै-यास्-यास्-यामः' આ પ્રમાણે जस् પ્રત્યયાન્ત પદની નિષ્પત્તિ થઈ છે. પણ સૂત્રમાં 'यै-यास्-यास्-यामः' આમ દર્શાવવામાં માત્રાકૃત ગૌરવ થતું હોવાથી ***'मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः***[(A)] 'ન્યાયને આશ્રયીને માત્રાકૃત લાઘવાર્થે તે जस् પ્રત્યયનો સૂત્રત્વાત્ લોપ કરી यै-यास्-यास्-याम् આ પ્રમાણે બહુવચનાન્ત પદ દર્શાવવામાં આવ્યું છે. તેથી વચનને આશ્રયીને પણ સમાનતા હોવાથી ***'यथासङ्ख्यमनुदेशः०'*** ન્યાયાનુસારે સૂત્રમાં યથાસંખ્યનું ગ્રહણ કરી શકાય.

(3) <u>દૃષ્ટાંત</u> —

| | (i) खट्वायै | (ii) खट्वायाः | (iii) खट्वायाः | (iv) खट्वायाम् |
|---|---|---|---|---|
| | खट्वा + ङे | खट्वा + ङसि | खट्वा + ङस् | खट्वा + ङि |
| * 'आपो ङितां० १.४.१७' → | खट्वा + यै | खट्वा + यास् | खट्वा + यास् | खट्वा + याम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | खट्वायार् | खट्वायार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | खट्वायाः | खट्वायाः | ↓ |
| | = खट्वायै। | = खट्वायाः। | = खट्वायाः। | = खट्वायाम्। |

**(v) बहुराजायै (vi) बहुराजायाः (vii) बहुराजायाः (viii) बहुराजायाम् —** * **'एकार्थं चाने० ३.१.२२' → बहवः राजानः यस्यां सा = बहुराजन् (बहु०),** * **'ताभ्यां वाऽऽप्० २.४.१५' →** સ્ત્રીલિંગ અન્યપદાર્થના વિશેષણ બહુરાજન્ ને ડાપ્ પ્રત્યય, * **'डित्यन्त्य० २.१.११४' → बहुराज् + डाप् = बहुराजा,** * **बहुराजा** ને ङे વિગેરે ङित् પ્રત્યયો લાગતા શેષ સાધનિકા खट्वायै વિગેરે પ્રમાણે કરી લેવી.

**(ix) कारीषगन्ध्यायै (x) कारीषगन्ध्यायाः (xi) कारीषगन्ध्यायाः (xii) कारीषगन्ध्यायाम् —** * **'एकार्थं चाने० ३.१.२२' → करीषस्येव गन्धो यस्य स = करीषगन्धः (बहु०),** * **'अत इञ् ६.१.३१' →**

---

**(A)** स्वल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम्। अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः।। આ સૂત્રલક્ષણના 'स्वल्पाक्षरम्' અંશને લઈને વિચારીએ તો સૂત્ર હંમેશા અલ્પ અક્ષરવાળું હોવું જોઈએ. જો વધુ અક્ષરવાળું સૂત્ર બનાવાય તો અક્ષરોને આશ્રયીને ગણાતી માત્રા વધવાથી માત્રાકૃતગૌરવ દોષ આવે. આ દોષ ન આવે તેથી **'मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः'** અર્થાત્ વૈયાકરણો સૂત્રમાં અડધી માત્રા જેટલું પણ લાઘવ કરી શકે તો તેને મહોત્સવ બરાબર માને છે. વિશેષ બોધને માટે **નાગેશ ભટ્ટ** કૃત 'પરિભાષેન્દુશેખર' તેમજ **પૂ. લાવણ્ય સૂ.** મ.સા. કૃત ન્યાયસમુચ્ચયવર્તી **'किं हि वचनान्न भवति'** ન્યાય ઉપરની તરંગ ટીકા જોવી.

"करीषगन्धस्यापत्यं वृद्धं स्त्री" અર્થમાં करीषगन्ध + इञ्, ❋ 'अवर्णेवर्ण० ७.४.६८' → कारीषगन्ध् + इञ्, ❋ 'अनार्षवृद्धे० २.४.७८' → कारीषगन्ध् + ष्य (य) = कारीषगन्ध्य, ❋ 'आत्० २.४.१८' → कारीषगन्ध्या, ❋ कारीषगन्ध्या ने ङे વિગેરે ङित् પ્રત્યયો લાગતા શેષ સાધનિકા खट्वाय વિગેરે પ્રમાણે સમજી લેવી.

**શંકા :-** અહીં કારીષગન્ધ્ય ને 'आत् २.४.१८' સૂત્રથી आप् પ્રત્યય કેમ લગાડો છો ? કેમકે કરીષગન્ધ શબ્દને 'ङसोपत्ये ६.१.२८' સૂત્રથી अण्[A] પ્રત્યય લગાડી જો ઉપરોક્ત સાધનિકા મુજબ કારીષગન્ધ્ય શબ્દ નિષ્પન્ન કરવામાં આવે તો 'अणञ्जेये० २.४.२०' સૂત્રથી ङी પ્રત્યય થવો જોઈએ અને 'अत इञ् ६.१.३१' સૂત્રથી इञ् પ્રત્યય લગાડી જો ઉપર મુજબ કારીષગન્ધ્ય શબ્દ નિષ્પન્ન કરવામાં આવે તો 'नुर्जातेः २.४.७२' સૂત્રથી ङी પ્રત્યય થવો જોઈએ.

**સમાધાન :-** કારીષગન્ધ્ય શબ્દને अण् લગાડો કે इञ् લગાડો. મૂળ બન્નેનો 'अनार्षवृद्धे० २.४.७८' સૂત્રથી ष्य (य) આદેશ થઈ ગયો છે. હવે 'अणञ्जेये० २.४.२०' સૂત્રથી ङी પ્રત્યય કરવો હોય તો તે સૂત્રોક્ત अण् વિગેરે પ્રત્યયોનો જ अ નામને છેડે હોવો જોઈએ. જ્યારે અહીં તો ष्य નો अ કારીષગન્ધ્ય નામને છેડે છે. માટે 'अणञ्जेये० २.४.२०' સૂત્રથી ङी પ્રત્યય ન થઈ શકે. તેમજ 'नुर्जातेः २.४.७२' સૂત્રથી ङी પ્રત્યય કરવો હોય તો તે સૂત્ર इ કારાન્ત નામની અપેક્ષા રાખે છે. કારીષગન્ધ્ય નામના इञ् નો ष्य (य) આદેશ થઈ ગયો હોવાથી હવે તે इ કારાન્ત નામ રૂપે નથી. માટે 'नुर्जातेः २.४.७२' સૂત્રથી પણ તેને ङी પ્રત્યય ન થઈ શકે. આમ ङी પ્રત્યય ન થઈ શકતા 'आत् २.४.१८' સૂત્રથી आप् પ્રત્યય કર્યો છે.

**શંકા :-** 'अणञ्जेये० २.४.२०' સૂત્રમાં 'अण् વિગેરેનો જ अ જોઈએ' અને 'नुर्जातेः २.४.७२' સૂત્રમાં 'इ કારાન્ત જ નામ હોવું જોઈએ' એવું ક્યાં કીધું છે ?

**સમાધાન :-** સૂત્રોમાં ભલે ન કીધું હોય. પણ તેમની ટીકામાં જણાવેલું જ છે. માટે બૃહદ્વૃત્તિ[B] જોઈ લેવી.

**(4)** સૂત્રમાં સામાન્યથી 'आतो ङितां०' નિર્દેશ ન કરતા प् અનુબંધ સહિત 'आपो ङितां०' નિર્દેશ કર્યો છે તેથી आप् પ્રત્યયાન્ત आ કારાન્ત નામોને લઈને જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. તેથી कीलालं पिबतीति विच् અર્થમાં 'मन्वन्० ५.१.१४७' સૂત્રથી નિષ્પન્ન आप् પ્રત્યયાન્ત ન હોય તેવા आ કારાન્ત कीलालपा નામને ङे પ્રત્યય લાગતા તેનો આ સૂત્રથી यै આદેશ નહીં થાય. તેથી 'लुगातोऽनापः २.१.१०७' સૂત્રથી कीलालपा ના અંત્ય आ નો લોપ થતા कीलालप् + ङे = कीलालपे પ્રયોગ થશે.

---

**(A)** इञ् પ્રત્યયની જેમ अण् પ્રત્યય લગાડીને પણ કારીષગન્ધ્ય શબ્દ નિષ્પન્ન કરી શકાય છે.

**(B)** 'अणञ्जेये० २.४.२०' સૂત્રની બૃહદ્વૃત્તિ → 'अणादिप्रत्ययानां योऽकारः तदन्ताद् नाम्नः.....' અને 'नुर्जातेः २.४.७२' સૂત્રની બૃહદ્વૃત્તિ → 'नुर्मनुष्यस्य या जातिः तद्वाचिन इकारान्तात् नाम्नः स्त्रियां ङिः भवति।'

(5) આ સૂત્રથી આપ્ પ્રત્યયાન્ત નામ સંબંધી ૭૪ ઙિત્ પ્રત્યયોના યૈ આદિ આદેશ થાય છે. તેથી બહુખટ્વાય સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય.

**(a) બહુખટ્વાય — ✻ 'एकार्थं चानेo ३.१.२२' → बहवः खट्वा यस्य स = बहुखट्वा (बहु०), ✻ 'गोश्चान्तेo २.४.९६' → बहुखट्व + ङे, ✻ 'ङेङस्योo १.४.६' → बहुखट्व + य, ✻ 'अत आःo १.४.१' → बहुखट्वा + य = बहुखट्वाय।**

અહીં બહુખટ્વ સ્થળે 'गोश्चान्तेo २.४.९६' સૂત્રથી હ્રસ્વ થયેલા આપ્ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાતા બહુખટ્વ ગત ખટ્વ નામ આપ્ પ્રત્યયાન્ત મનાય. છતાં ઙે પ્રત્યય બહુવ્રીહિસમાસમાં ગૌણ બનેલા આબન્ત ખટ્વ નામ સંબંધી ન વર્તતા અનાબન્ત સંપૂર્ણ બહુખટ્વ નામ સંબંધી વર્તે છે. તેથી તેનો આ સૂત્રથી યૈ આદેશ ન થયો.

(6) બહુખટ્વાયૈ વિષ્ટરાય સ્થળે ઇષદપરિસમાપ્તા ખટ્વા = બહુખટ્વા; આમ 'नाम्नः प्राग्० ७.३.१२' સૂત્રથી ખટ્વા નામની પૂર્વે બહુ પ્રત્યય થયો છે. તેથી બહુખટ્વા સ્થળે બહુવ્રીહિસમાસ ન હોવાથી આપ્ પ્રત્યયાન્ત ખટ્વા નામ ગૌણ ન બનતા બહુખટ્વા ને લાગેલ ઙે પ્રત્યય આપ્ પ્રત્યયાન્ત ખટ્વા નામ સંબંધી હોવાથી આ સૂત્રથી તેનો યૈ આદેશ થાય છે ।।૧૭।।

## सर्वादेर्डस्पूर्वाः ।। १.४.१८।।

**बृ.वृ.सर्वादेराबन्तस्य सम्बन्धिनां ङितां 'यै-यास्-यास्-यामाः' ते डस्पूर्वा भवन्ति। (1)सर्वस्यै, सर्वस्याः, सर्वस्याः, सर्वस्याम्, परमसर्वस्यै, परमसर्वस्याः, परमसर्वस्याः, परमसर्वस्याम्;, अस्यै, अस्याः, अस्याः, अस्याम्, अत्र परत्वात् पूर्वमदादेशे पश्चाड्डस्। (2)तीयस्य विकल्पेन ङित्कार्ये सर्वादित्वाद् द्वितीयस्यै, द्वितीयायै। (3)सर्वादेरिति किम्? सर्वा नाम काचित्, सर्वायै। (4)तत्सम्बन्धित्वविज्ञानादिह न भवति—प्रियसर्वायै, अतिसर्वायै ; दक्षिणस्याश्च पुर्वस्याश्च दिशोर्यदन्तरालं सा दक्षिणपूर्वा दिक्, तस्यै दक्षिणपूर्वायै, दक्षिणपूर्वायाः, दक्षिणपूर्वायाः, दक्षिणपूर्वायाम्; एषु बहुव्रीह्यादेरन्यपदार्थादिप्रधानत्वात् सर्वादित्वाभावः। (5)यद्येवं कथं दक्षिणपूर्वस्यै, दक्षिणपूर्वस्याः, दक्षिणपूर्वस्याः, दक्षिणपूर्वस्याम् इति? दक्षिणा चासौ पूर्वा चेति कर्मधारये भविष्यति। (6)अथ च बहुव्रीह्यादेः सर्वादित्वाभावे कथं 'त्वकत्पितृकः, मकत्पितृकः ; द्वकिपुत्रः, ककिंसब्रह्मचारी' इत्यादावक् प्रत्ययः? उच्यते—अन्तरङ्गत्वात् पूर्वमेवाक् भविष्यति। (7)अन्ये तु बहुव्रीहावन्तरङ्गस्याप्यकः प्रतिषेधमिच्छन्ति, तन्मते कप्प्रत्यय एव-त्वत्कपितृको मत्कपितृकः।।१८।।**

---

**सूत्रार्थ :-** આપ્ પ્રત્યયાન્ત સર્વાદિ નામો સંબંધી ઙે, ઙસિ, ઙસ્, ઙિ પ્રત્યયોના ૭૪ યૈ, યાસ્, યાસ્, યામ્ આદેશો થાય છે તે ડસ્ પૂર્વક થાય છે. (અર્થાત્ ડસ્યૈ, ડસ્યાસ્, ડસ્યાસ્ અને ડસ્યામ્ આદેશ થાય છે.)

**सूत्रसमास :-** ◆ सर्वः आदिः यस्य स = सर्वादिः (बहु.)। तस्य = सर्वादेः। ◆ डस् पूर्वो येभ्यस्ते = डस्पूर्वाः (बहु०)।

વિવરણ :- (1) દૃષ્ટાંત -

**(i) सर्वस्यै (ii) सर्वस्याः (iii) सर्वस्याः (iv) सर्वस्याम् —**

અહીં 'आत् ૨.૪.૧૮' સૂત્રથી सर्व નામને आप् પ્રત્યય લાગતા सर्वा નામ નિષ્પન્ન થયું છે.

| | सर्वा + ङे | सर्वा + ङसि | सर्वा + ङस् | सर्वा + ङि |
|---|---|---|---|---|
| * 'आपो ङितां० १.४.१७' → | सर्वा + यै | सर्वा + यास् | सर्वा + यास् | सर्वा + याम् |
| * 'सर्वादेर्डस्० १.४.१८' → | सर्वा + डस्यै | सर्वा + डस्यास् | सर्वा + डस्यास् | सर्वा + डस्याम् |
| * 'ङित्यन्त्य० २.१.११४' → | सर्वा + डस्यै | सर्व् + डस्यास् | सर्व् + डस्यास् | सर्व् + डस्याम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | सर्वस्यार् | सर्वस्यार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | सर्वस्याः | सर्वस्याः | ↓ |
| | = सर्वस्यै। | = सर्वस्याः। | = सर्वस्याः। | = सर्वस्याम्। |

परमा च सा सर्वा च = परमसर्वा; આમ 'सन्महत्० ३.१.१०७' સૂત્રથી કર્મધારય તત્પુરુષસમાસ કરી ઉપર દર્શાવ્યા મુજબ સાધનિકા કરવાથી परमसर्वस्यै, परमसर्वस्याः, परमसर्वस्याः અને परमसर्वस्याम् પ્રયોગો સિદ્ધ થશે.

**(v) अस्यै (vi) अस्याः (vii) अस्याः (viii) अस्याम्**

| | इदम् + ङे | इदम् + ङसि | इदम् + ङस् | इदम् + ङि |
|---|---|---|---|---|
| * 'आ ङेरः २.१.४१' → | इद अ + ङे | इद अ + ङसि | इद अ + ङस् | इद अ + ङि |
| * 'लुगस्या० २.१.११३' → | इद + ङे | इद + ङसि | इद + ङस् | इद + ङि |
| * 'आत् २.४.१८' → | इदा + ङे | इदा + ङसि | इदा + ङस् | इदा + ङि |
| * 'आपो ङितां० १.४.१७' → | इदा + यै | इदा + यास् | इदा + यास् | इदा + याम् |
| * 'अनक् २.१.३६' → | अ + यै | अ + यास् | अ + यास् | अ + याम् |
| * 'सर्वादेर्डस्० १.४.१८' → | अ + डस्यै | अ + डस्यास् | अ + डस्यास् | अ + डस्याम् |
| * 'ङित्यन्त्य० २.१.११४' → | डस्यै | डस्यास् | डस्यास् | डस्याम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | अस्यार् | अस्यार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | अस्याः | अस्याः | ↓ |
| | = अस्यै। | = अस्याः। | = अस्याः। | = अस्याम्। |

અહીં યાદ રાખવું કે अस्यै વિગેરે પ્રયોગોની સાધનિકા સ્થળે इदा + यै અવસ્થામાં આમ તો આ સૂત્રથી इदा + डस्यै આ પ્રમાણે डस् પૂર્વકનો यै આદેશ થવાની પ્રાપ્તિ આવે અને એમ થતા डस्यै એ વ્યંજનાદિ પ્રત્યય ન

હોવાથી 'अनक् २.१.३६' સૂત્રથી इदा નો अ આદેશ ન થઈ શકે. પરંતુ પ્રસ્તુત 'सर्वादेर्डस्० १.४.१८' સૂત્ર કરતા 'अनक् २.१.३६' સૂત્ર પર છે, તેથી इदा + यै અવસ્થામાં 'अनक् २.१.३६' સૂત્રથી પૂર્વે अ આદેશ થાય, પછી આ સૂત્રથી डस्यै આદેશ થતો હોવાથી अस्यै પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

(2) 'तीयं ङित्कार्ये वा १.४.१४' સૂત્રથી તીય પ્રત્યયાન્ત નામોને વિકલ્પે સર્વાદિત્વની પ્રાપ્તિ થાય છે. તેથી તીય પ્રત્યયાન્ત દ્વિતીય નામ જ્યારે સર્વાદિ ગણાશે ત્યારે આ સૂત્રથી દ્વિતીયસ્યૈ અને જ્યારે સર્વાદિ નહીં ગણાય ત્યારે દ્વિતીયાયૈ પ્રયોગ થશે. બન્ને પ્રયોગની સાધનિકા 'तीयं ङित्कार्ये वा १.४.१४' સૂત્રના વિવરણમાં જોઈ લેવી.

(3) આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે आप् પ્રત્યયાન્ત નામ સર્વાદિ હોવું જરૂરી છે. તેથી सर्वा નામ क्वचित्[A] સ્થળે સર્વા નામ સંજ્ઞામાં વર્તવાથી સર્વાદિ ન ગણાતા તેને ङे પ્રત્યય લાગતા 'आपो ङितां० १.४.१७' સૂત્રથી ङे નો यै આદેશ થતા આ સૂત્રથી તેનો डस् પૂર્વકનો डस्यै આદેશ નહીં થાય. તેથી सर्वा + यै = सर्वायै પ્રયોગ થશે.

(4) આ સૂત્રથી आप् પ્રત્યયાન્ત સર્વાદિ નામો સંબંધી જ ङित् પ્રત્યયોના यै આદિ આદેશો डस् પૂર્વકના થાય છે. તેથી પ્રિયસર્વા અને દક્ષિણપૂર્વા[B] બહુવ્રીહિસમાસ સ્થળે સર્વાદિ સર્વા અને દક્ષિણા કે પૂર્વા નામો પ્રધાન અન્યપદાર્થના વિશેષણ હોવાથી તેમજ અતિસર્વા તત્પુરૂષસમાસ સ્થળે સર્વાદિ સર્વા નામ અતિક્રાન્તાર્થક પ્રધાન અતિ પદની વિશેષણતાને પામેલું હોવાથી સર્વત્ર સર્વાદિ નામો ગૌણ બની જતાં ત્યાં '१.४.७' સૂત્રનાં વિવરણમાં દર્શાવ્યા મુજબ સર્વાભિધાયકત્વાત્મક[C] સર્વાદિ શબ્દની અન્વર્થ સંજ્ઞા ન ઘટવાથી આ નામો સર્વાદિ ન ગણાય. તેથી ત્રણે સ્થળે ङे પ્રત્યય લાગતા 'आपो ङितां० १.४.१७' સૂત્રથી થયેલો તેનો यै આદેશ આ સૂત્રથી डस् પૂર્વકનો ન થવાથી પ્રિયસર્વાયૈ, દક્ષિણપૂર્વાયૈ અને અતિસર્વાયૈ પ્રયોગ થાય છે. दक्षिणपूर्वायाः, दक्षिणपूर्वायाः અને दक्षिणपूर्वायाम् પ્રયોગસ્થળે પણ દક્ષિણપૂર્વાયૈ પ્રમાણે સમજી લેવું.

અહીં યાદ રાખવું કે પ્રિયસર્વાયૈ બહુવ્રીહિસમાસસ્થળે સર્વા નામને 'विशेषणं सर्वादि० ३.१.१५०' સૂત્રથી પૂર્વપદ રૂપે નિપાતની પ્રાપ્તિ છે. છતાં 'प्रियः० ३.१.१५७' સૂત્રથી પ્રિય પદનો પૂર્વપદ રૂપે નિપાત થયો છે.

---

(A) આ દૃષ્ટાંત નથી પણ સર્વા શબ્દ સંજ્ઞામાં વર્તી રહ્યો છે તે દર્શાવવા માટે છે.

(B) **પ્રિયસર્વા — ✻ 'एकार्थं चाने० ३.१.२२' → प्रियाः सर्वा यस्याः सा = प्रियसर्वा (बहु०)। दक्षिणपूर्वा — ✻ 'दिशो रुढ्यान्तराले ३.१.२५' → दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोर्यदन्तरालं सा = दक्षिणपूर्वा (दिग्बहु०)। अतिसर्वा — ✻ 'प्रात्यवपरि० ३.१.४७' → सर्वाः अतिक्रान्ता = अतिसर्वा (प्रादितत्०)।**

(C) 'सर्वमादीयते गृह्यतेऽभिधेयत्वेन येन = सर्वादिः' આ સર્વાદિ શબ્દની અન્વર્થ સંજ્ઞા છે. બહુવ્રીહિ કે અત્યર્થપ્રધાન તત્પુરૂષ સમાસસ્થળે સમાસના ઘટકીભૂત સર્વાદિ નામો નિયત વિશેષ્યના વિશેષણ બની જવાથી તેઓ અન્ય વિશેષ્યોની વિશેષણતાને પામી શકતા નથી. વિશેષણ જે વિશેષ્યની સાથે જોડાય તે વિશેષ્યથી વાચ્ય પદાર્થનું વાચક બનતું હોવાથી ઉક્ત સ્થળે સર્વાભિધાયકત્વાર્થક સર્વાદિ શબ્દની વ્યુત્પત્તિ (અન્વર્થ સંજ્ઞા) ઘટતી નથી.

**(5) શંકા :-** જો દક્ષિણપૂર્વા બહુવ્રીહિસમાસ સ્થળે દક્ષિણા અને પૂર્વા નામો સર્વાદિ ન ગણાતા આ સૂત્રની પ્રવૃત્તિ ન થતી હોય તો દક્ષિણપૂર્વસ્યૈ, દક્ષિણપૂર્વસ્યાઃ અને દક્ષિણપૂર્વસ્યામ્ પ્રયોગો કેમ થાય છે ?

**સમાધાન :-** દક્ષિણપૂર્વસ્યૈ વિગેરે સ્થળે બહુવ્રીહિસમાસ નથી. પરંતુ દક્ષિણા ચાસૌ પૂર્વા ચ = દક્ષિણપૂર્વા આમ કર્મધારય તત્પુરૂષસમાસ થયો છે. કર્મધારય તત્પુરૂષસમાસ ઉત્તરપદ પ્રધાન સમાસ છે. તેથી સર્વાદિ પૂર્વા નામ વિશેષ્ય હોવાથી પ્રધાન બનશે અને તેથી તે નિયત વિશેષ્યનું વિશેષણ ન બનતા ત્યાં પૂર્વોક્ત સર્વાદિ શબ્દની અન્વર્થ સંજ્ઞા ઘટતી હોવાથી સર્વાદિ ગણાશે. તેથી તેના સંબંધી ડિત્ પ્રત્યયોના 'આપો ડિતાં૦ ૧.૪.૧૭' સૂત્રથી ઙ્યૈ વિગેરે આદેશ થયા છે તેમના આ સૂત્રથી ડસ્ પૂર્વકના ડસ્યૈ વિગેરે આદેશો થવાથી દક્ષિણપૂર્વસ્યૈ વિગેરે પ્રયોગો થઈ શકે છે.

**(6) શંકા :-** બહુવ્રીહિ સમાસમાં વર્તતા સર્વાદિ નામોમાં સર્વાભિધાયકત્વ ન હોવાથી તેઓ સર્વાદિ ન ગણાય, તો ત્વકં પિતાઽસ્ય = ત્વકત્પિતૃકઃ, અહકં પિતાઽસ્ય = મકત્પિતૃકઃ, દ્વકૌ પુત્રાવસ્ય = દ્વકિપુત્રઃ, કકે સબ્રહ્મચારિણોઽસ્ય = કકિંસબ્રહ્મચારી ઈત્યાદિ 'ત્યાદિસર્વાદેઃ૦ ૭.૩.૨૧' સૂત્રથી સર્વાદિ નામોને આશ્રયીને થતાં સ્વાર્થિક અક્ પ્રત્યય સહિત બહુવ્રીહિવાળા પ્રયોગો શી રીતે થઈ શકે ?

**સમાધાન :-** 'ત્યાદિસર્વાદેઃ૦ ૭.૩.૨૧' સૂત્રથી સર્વાદિ નામોને થતો સ્વાર્થિક અક્ પ્રત્યય માત્ર સર્વાદિ નામ સ્વરૂપ નિમિત્તને આશ્રયીને થતો હોવાથી અલ્પનિમિત્તક હોવાના કારણે અંતરંગ(A) છે. જ્યારે બહુવ્રીહિસમાસ સમાનાધિકરણ એવો પૂર્વોત્તરપદાર્થ અને અન્યપદાર્થનું પ્રાધાન્ય વિગેરે અનેક નિમિત્તોને આશ્રયીને થતો હોવાથી બહુનિમિત્તક હોવાના કારણે બહિરંગ(B) છે. અથવા અક્ પ્રત્યય એકપદાશ્રિત કાર્ય હોવાથી અંતરંગ છે, જ્યારે બહુવ્રીહિસમાસ દ્વિપદાશ્રિત કાર્ય હોવાથી બહિરંગ છે. હવે ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયાનુસાર ત્વકત્પિતૃકઃ વિગેરે સ્થળે બહિરંગ બહુવ્રીહિસમાસ થતા પૂર્વે વિગ્રહાવસ્થામાં યુષ્મદ્ વિગેરે સર્વનામોની સર્વાદિ અવસ્થામાં ઙ્ય 'ત્યાદિસર્વાદેઃ૦ ૭.૩.૨૧' સૂત્રથી અંતરંગ અક્ પ્રત્યય થાય છે અને ત્યારબાદ બહુવ્રીહિસમાસ થાય છે. તેથી બહુવ્રીહિસમાસની પૂર્વાવસ્થામાં ઙ્ય અક્ પ્રત્યય થઈ ઙ્યતો હોવાથી અક્ સહિતના ત્વકત્પિતૃકઃ આદિ પ્રયોગો થઈ શકે છે.

**(7) ઉત્પલ** વિગેરે કેટલાક વ્યાકરણકારો બહુવ્રીહિ સમાસમાં અંતરંગ એવા પણ અક્ ના પ્રતિષેધને ઈચ્છે છે. તેથી તેમના મતે અક્ પ્રત્યય ન થતા કપ્ પ્રત્યય થવાથી ત્વત્કપિતૃકઃ, મત્કપિતૃકઃ વિગેરે પ્રયોગો થશે.તેઓ

---

(A) પ્રકૃતેરાશ્રિતં યત્ સ્યાદ્, યદ્વા પૂર્વં વ્યવસ્થિતમ્। યસ્ય ચાલ્પનિમિત્તાનિ, અન્તરઙ્ગં તદુચ્યતે।।

(B) પ્રત્યયસ્યાશ્રિતં યત્ સ્યાદ્, બહિર્વા યદ્ વ્યવસ્થિતમ્। બહૂનિ વા નિમિત્તાનિ, યસ્ય તદ્ બહિરઙ્ગકમ્।।

(C) એકપદાશ્રિત કાર્ય અંતરંગ કહેવાય અને દ્વિપદાશ્રિત કાર્ય બહિરંગ કહેવાય. જુઓ '૪.૪.૧૬' સૂત્રની બૃહદ્વૃત્તિ.

તેમના વ્યાકરણનું 'न बहुव्रीहौ[A] (पा.सू. १.१.२९)' સૂત્ર વ્યર્થ ન થાય તે માટે બહુવ્રીહિસમાસના વિષયભૂત અલૌકિક વિગ્રહ વાક્યમાં પણ સર્વાદિ નામોને આશ્રયીને થતા અક્ પ્રત્યયને ન ઈચ્છતા કપ્ પ્રત્યયને જ ઈચ્છે છે. આશય એ છે કે બહુવ્રીહિસમાસમાં સર્વાદિ શબ્દો અન્યપદાર્થના વિશેષણ બની જવાથી તેઓમાં સર્વાભિધાયકત્વ ન હોવાથી તેઓ સર્વાદિ ન ગણાય, તેથી સર્વાદિ શબ્દની અન્વર્થસંજ્ઞાને આશ્રયીને જ બહુવ્રીહિસમાસમાં સર્વાદિ શબ્દો જો સર્વાદિ ન ગણાતા હોય તો 'न बहुव्रीहौ (पा.सू. १.१.२९)' સૂત્રની રચના કરી તે સૂત્ર દ્વારા બહુવ્રીહિસમાસમાં સર્વાદિ શબ્દોના સર્વાદિત્વનો નિષેધ કરવાનો ન રહે. છતાં તે સૂત્રની રચના કરી છે, તે વ્યર્થ ન બને તે માટે તેઓ દ્વારા અલૌકિક વિગ્રહાવસ્થામાં જ સર્વાદિ નામોના સર્વાદિત્વનો નિષેધ કરાય છે. જેથી તેમનાં મતે અલૌકિક[B] વિગ્રહાવસ્થામાં પણ સર્વાદિ નામોને અક્ પ્રત્યય નથી થતો ।।૧૮।।

## टौस्येत्[1] ।। १.४.१९ ।।

**बृ.वृ.-आबन्तस्य सम्बन्धिनोष्टौसोः परयोरेकारोऽन्तादेशो[2] भवति। खट्वया[3], खट्वयोः, बहुराजया, बहुराजयोः, कारीषगन्ध्यया, कारीषगन्ध्ययोः। आप[4] इत्येव? कीलालपा ब्राह्मणेन। तत्सम्बन्धिविज्ञानादिह[5] न भवति–बहुखट्वेन पुरुषेण। इह[6] तु भवति–ईषदपरिसमाप्तया खट्वया बहुखट्वया विष्टरेण।।१९।।**

---

**सूत्रार्थ :-** આપ્ પ્રત્યયાન્ત (સ્ત્રીલિંગ) નામ સંબંધી ટા અને ઓસ્ પ્રત્યય પરમાં વર્તતા (તે આપ્ પ્રત્યયાન્ત નામના જ) અંત્યનો ए કાર આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ टाश्च ओस् चैतयोः समाहारः = टौः (स.द्व.)। तस्मिन् = टौसि।

**विवरण :-** (1) આ સૂત્રમાં 'एत्' સ્થળે त् અનુબંધ સંદેહ ન થાય તે માટે દર્શાવ્યો છે. કારણ કે જો સૂત્રકારશ્રી त् ન મૂકતા 'टौस्येः' આવું સૂત્ર બનાવે, તો કોઈને સંદેહ થાય કે 'શું આ સૂત્રથી આપ્ પ્રત્યયાન્ત નામ સંબંધી ટા અને ઓસ્ પ્રત્યયો પર છતાં તે આપ્ પ્રત્યયાન્ત નામના અંત્યનો ए આદેશ થાય છે ? કે પછી इ કારાન્ત નામ સંબંધી ટા અને ઓસ્ પ્રત્યયો પરમાં વર્તતા પૂર્વસૂત્રમાં દર્શાવ્યા મુજબ ડસ્ પૂર્વકના ડસ્ટા અને ડસોસ્ આદેશો થાય છે ?'

(2) પૂર્વસૂત્રથી ષષ્ઠ્યન્ત 'आबन्तस्य' પદની અનુવૃત્તિ આવતી હોવાથી 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષાથી આ સૂત્રમાં આપ્ પ્રત્યયાન્ત નામ સંબંધી અંત્ય વર્ણનો ए આદેશ થાય છે.

---

(A) બહુવ્રીહિ સમાસાર્થે કરેલા અલૌકિક વિગ્રહ વાક્યના અવયવભૂત સર્વાદિ શબ્દો સર્વાદિ ગણાતા નથી.

(B) લોક સમક્ષ જે વિગ્રહ બોલાય કે લખાય તે લૌકિક વિગ્રહ કહેવાય. જેમકે राजपुरुषः સમાસનો राज्ञः पुरुषः આ લૌકિક વિગ્રહ કહેવાય. જ્યારે શાસ્ત્રીય પ્રક્રિયાઓ કરવા માટે જે વિગ્રહ કરાય તે અલૌકિક વિગ્રહ કહેવાય. જેમકે राजपुरुषः સમાસનો राजन् अस् पुरुष स् આ અલૌકિક વિગ્રહ કહેવાય. અલૌકિક વિગ્રહ પહેલા થાય અને તેને આધારે જે પદો નિષ્પન્ન થાય તે લોક સમક્ષ લૌકિક વિગ્રહ તરીકે મૂકાય.

(3) દૃષ્ટાંત -

| (i) खट्वया | | | (ii) खट्वयोः | | |
|---|---|---|---|---|---|
| | | खट्वा + टा | | | खट्वा + ओस् |
| * 'टौस्येत् १.४.१९' | → | खट्वे + टा | * 'टौस्येत् १.४.१९' | → | खट्वे + ओस् |
| * 'एदैतो० १.२.२३' | → | खट्वय् + टा | * 'एदैतो० १.२.२३' | → | खट्वय् + ओस् |
| | | = खट्वया। | * 'सो रुः २.१.७२' | → | खट्वयोर् |
| | | | * 'रः पदान्ते० १.३.५३' | → | = खट्वयोः। |

આ ઉભયસ્થળે અનુક્રમે 'समानानां तेन० १.२.१' સૂત્રથી દીર્ઘત્વની તેમજ 'ऐदौत् सन्ध्यक्षरैः १.२.१२' સૂત્રથી औ આદેશ થવાની પ્રાપ્તિ હતી. તેથી આ સૂત્રથી થતો ए કાર તેમનો અપવાદ છે.

બહુરાજા અને કારીષગન્ધ્યા શબ્દની નિષ્પત્તિ 'आपो ङितां० १.४.१७' સૂત્રના વિવરણમાંથી જોઈ લેવી. તેમજ તેઓની ઉપર પ્રમાણે સાધનિકા કરવાથી બહુરાજયા, બહુરાજયોઃ, કારીષગન્ધ્યયા અને કારીષગન્ધ્યયોઃ પ્રયોગો સિદ્ધ થઈ જશે.

(4) આ સૂત્રથી ए આદેશ કરવા આ કારાન્ત નામ આપ્ પ્રત્યયાન્ત રૂપે હોવું જરૂરી છે. તેથી 'मन्वन्० ५.१.१४७' સૂત્રથી નિષ્પન્ન कीलालं पातीति विच् = कीलालपा નામ આપ્ પ્રત્યયાન્ત આ કારાન્ત ન હોવાથી તેને આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય. તેથી 'लुगातोऽनापः २.१.१०७' સૂત્રથી તેના અંત્યસ્વર આ નો લોપ થવાથી कीलालप् + टा = कीलालपा ब्राह्मणेन પ્રયોગ થાય છે.

(5) આ સૂત્રથી ए આદેશ કરવા टा અને ओस् પ્રત્યયો आप् પ્રત્યયાન્ત નામ સંબંધી જ હોવા જોઈએ. તેથી बहुखट्वेन પુરુષેણ સ્થળે ए આદેશ નહીં થાય.

**(a) बहुखट्वेन — * 'एकार्थं चानेο ३.१.२२' → बहवः खट्वा यस्य स = बहुखट्वा (बहु०), * 'गोश्चान्ते० २.४.९६' → बहुखट्व + टा, * 'टाङसो० १.४.५' → बहुखट्व + इन, * 'अवर्णस्ये० १.२.६' → बहुखट्वेन।**

અહીં बहुखट्व સ્થળે 'गोश्चान्ते० २.४.९६' સૂત્રથી હ્રસ્વ થયેલ आप् પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાતા बहुखट्व ગત खट्व નામ આપ્ પ્રત્યયાન્ત મનાય. છતાં टा પ્રત્યય બહુવ્રીહિસમાસમાં ગૌણ બનેલા આબન્ત खट्व નામ સંબંધી ન વર્તતા અનાબન્ત સંપૂર્ણ बहुखट्व નામ સંબંધી વર્તે છે. તેથી તે પરમાં વર્તતા बहुखट्व ના અંત્યનો આ સૂત્રથી ए આદેશ નહીં થાય.

(6) इषदसमाप्तया खट्वया = બહુખટ્વયા વિષ્ટરેણ. અહીં 'नाम्नः प्राग्० ७.३.१२' સૂત્રથી ખટ્વા નામની પૂર્વે બહુ પ્રત્યય લાગતા નિષ્પન્ન બહુખટ્વા નામ સ્થળે આપ્ પ્રત્યયાન્ત ખટ્વા નામ મુખ્ય રૂપે વર્તે છે, તેથી તેનાથી વિહિત ટા પ્રત્યય આબન્ત ખટ્વા નામ સંબંધી ગણાવાના કારણે બહુખટ્વા નામના અંત્યવર્ણ આ નો આ સૂત્રથી ए આદેશ થશે. અહીં બહુખટ્વા નામ ઉપમેયાર્થક હોવા છતાં અર્થાત્ ઉપમેય એવા વિષ્ટર શબ્દના વિશેષણ રૂપે વર્તવા છતાં પણ તેનો ખટ્વા પ્રકૃતિના લિંગ અને વચનમાં ज પ્રયોગ થશે તે 'अतमबादे० ७.३.११' સૂત્રની બૃહદ્વૃત્તિમાંથી જાણી લેવું ।।૧૯।।

## (1)औता ।। १.४.२० ।।

**बृ.वृ.-(2)आबन्तस्य सम्बन्धिना औता प्रथमाद्वितीयाद्विवचनेनौकारेण सहाबन्तस्यैवैकारोऽन्तादेशो भवति। (3)माले तिष्ठतः, माले पश्य; एवम्–बहुराजे २ नगर्यौ, कारीषगन्ध्ये कन्ये। (4)आप इत्येव? कीलालपौ पुरुषौ। (5)तत्सम्बन्धिविज्ञानादिह न भवति–बहुखट्वौ पुरुषौ। (6)इह तु भवति–ईषदपरिसमाप्ते खट्वे बहुखट्वे मञ्चकौ।।२०।।**

---

**सूत्रार्थ :-** આપ્ પ્રત્યયાન્ત નામ સંબંધી પ્રથમા અને દ્વિતીયા દ્વિવચનના औ પ્રત્યયની સાથે તે આપ્ પ્રત્યયાન્ત નામના ज અંત્ય વર્ણનો ए આદેશ થાય છે.

**<u>विवरण</u> :-** (1) સૂત્રમાં 'औता' આ પ્રમાણે औ પ્રત્યયનો સામાન્યથી નિર્દેશ કર્યો હોવાથી પ્રથમા અને દ્વિતીયા બન્નેના દ્વિવચનના औ પ્રત્યયનું ગ્રહણ થાય છે.

(2) આ સૂત્રમાં પૂર્વસૂત્રથી અનુવૃત્ત 'आबन्तस्य' પદની ષષ્ઠી વિભક્તિનું સૂત્રના અર્થને અનુસારે એક વખત સંબંધી રૂપે અને એક વખત સ્થાનિ (કાર્યી) રૂપે એમ બે પ્રકારે ગ્રહણ કરવાનું છે. તેથી ज બૃહદ્વૃત્તિમાં એકવાર 'आबन्तस्य सम्बन्धिना' આમ સંબંધી રૂપે અને બીજીવાર 'आबन्तस्य (स्थाने)' એમ સ્થાનિ રૂપે 'आबन्तस्य' પદને દર્શાવ્યું છે.

**शंका :-** અર્થ જણાવવા શબ્દોનો ઉપયોગ કરાતો હોય છે. તેથી તે તે શબ્દો વિવક્ષિત કોઈ એક અર્થનું પ્રત્યાયન (બોધ) કરાવે એટલે તેનું અર્થ પ્રત્યાયન કરાવવાનું કાર્ય પૂર્ણ થઈ જતાં તે ચરિતાર્થ (સફળ) થઈ ગયો ગણાય. આથી પુનઃ તે અન્ય અર્થનું પ્રત્યાયન ન કરાવી શકે. પ્રસ્તુતમાં પૂર્વસૂત્રાનુવૃત્ત 'आबन्तस्य' પદની ષષ્ઠીનો એકવાર સંબંધી રૂપે અર્થ ગ્રહણ કરતા તે ચરિતાર્થ થઈ જાય છે, તો તેના દ્વારા બીજી વખત સ્થાનિ રૂપ અર્થ કેમ ગ્રહણ કરી શકાય ?

**समाधान :-** આ સૂત્રમાં एકાર આદેશરૂપે દર્શાવ્યો છે અને આદેશ ક્યારે પણ સ્થાની (આદેશી) વિના સંભવે નહીં. તમારા કહ્યા મુજબ જો પૂર્વસૂત્રાનુવૃત્ત 'आबन्तस्य' પદ દ્વારા સ્થાનિ રૂપ અર્થ ગ્રહણ ના કરીએ તો 'આપ્ પ્રત્યયાન્ત નામ સંબંધી પ્રથમા અને દ્વિતીયા દ્વિવચનના औ પ્રત્યયની સાથે અંત્યવર્ણનો ए આદેશ થાય છે'

આ પ્રમાણે સૂત્રનો અર્થ થાય તેથી સૂત્રમાં ए આદેશના સ્થાની રૂપે કોને ગ્રહણ કરવો ? એ પ્રશ્ન ઊભો રહે. સ્થાની રૂપે અન્ય કોઈ સંભવતું ન હોવાથી પૂર્વસૂત્રાનુવૃત્ત ષષ્ઠ્યન્ત आबन्त ज પ્રત્યાસન્ન (નજીક) હોવાથી તેનું ज સ્થાની રૂપે ગ્રહણ થાય છે. આ રીતે સૂત્રમાં आबन्तस्य પદની ષષ્ઠીનો એકવાર સંબંધી રૂપે અર્થ ગ્રહણ કરવાથી તે ચરિતાર્થ થવા છતાં પણ ઉપરોક્ત આપત્તિના નિવારણ માટે તેનો પુનઃ સ્થાની રૂપ અર્થ ગ્રહણ કરી શકાય છે. આગળના 'टौस्येत् ૧.૪.૧૯' સૂત્રમાં પણ આ રીતે आबन्तस्य પદનું બે રીતે ગ્રહણ કર્યું છે, તે જાણવા પૂર્વસૂત્રનો સૂત્રાર્થ દ્રષ્ટવ્ય છે.

(3) <u>दृष्टांत</u> -

**(i) माले तिष्ठतः (ii) माले पश्य — माला + औ (પ્ર.દ્વિ.વ.) અને माला + औ (દ્વિ.દ્વિ.વ.)** અવસ્થામાં આ સૂત્રથી माला ના અંત્ય आ નો औ ની સાથે મળીને ए આદેશ થતા **माले तिष्ठतः** અને **माले पश्य** પ્રયોગ સિદ્ધ થાય છે. અહીં બન્ને પ્રયોગસ્થળે माले આ મૂળ પ્રયોગની પાછળ तिष्ठतः અને पश्य અનુપ્રયોગો કર્યા છે તે બન્ને પ્રયોગ પૈકી એક પ્રથમા દ્વિવચનનો અને બીજો દ્વિતીયા દ્વિવચનનો છે તેનો ખ્યાલ આવે તે માટે છે.

बहुराजा અને कारीषगन्ध्या શબ્દોની નિષ્પત્તિ 'आपो ङितां० ૧.૪.૧૭' સૂત્રના વિવરણમાંથી જોઈ લેવી. તેમज ઉપર પ્રમાણે સાધનિકા કરતા તેમના बहुराजे नगर्यौ, बहुराजे नगर्यौ અને कारीषगन्ध्ये कन्ये, कारीषगन्ध्ये कन्ये આમ પ્રથમા અને દ્વિતીયા દ્વિવચનના પ્રયોગો સિદ્ધ થશે.

(4) આ સૂત્રથી ए આદેશ કરવા आप् પ્રત્યયાન્ત ज નામ જોઈએ. તેથી 'मन्वन्० ૫.૧.૧૪૭' સૂત્રથી નિષ્પન્ન कीलालं पिबतीति विच् = कीलालपा આ કારાન્ત નામ आप् પ્રત્યયાન્ત ન હોવાથી તેના અંત્ય आ નો औ પ્રત્યયની સાથે મળી આ સૂત્રથી ए આદેશ નહીં થાય. તેથી कीलालपा + औ અવસ્થામાં 'ऐदौत्० ૧.૨.૧૨' સૂત્રથી સંધિ થવાથી कीलालपौ પ્રયોગ થશે.

(5) આ સૂત્રથી ए આદેશ કરવા औ પ્રત્યય आप् પ્રત્યયાન્ત નામ સંબંધી ज હોવો જોઈએ. તેથી बहुखट्वौ पुरुषौ સ્થળે ए આદેશ નહીં થાય.

**(a) बहुखट्वौ — ✻ 'एकार्थं चानेo ૩.૧.૨૨' → बहवः खट्वा यस्य स = बहुखट्वा (बहु०), ✻ 'गोश्चान्तेo ૨.૪.૯૬' → बहुखट्व + औ ✻ 'ऐदौत् सन्ध्य० ૧.૨.૧૨' → बहुखट्वौ।**

અહીં बहुखट्व સ્થળે 'गोश्चान्तेo ૨.૪.૯૬' સૂત્રથી હ્રસ્વ થયેલ आप् પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાતા बहुखट्व ગત खट्व નામ आप्[A] પ્રત્યયાન્ત મનાય. છતાં औ પ્રત્યય બહુવ્રીહિસમાસમાં ગૌણ બનેલા आबन्त खट्व

(A) સ્થાનિવદ્ભાવ 'स्थानीवo ૭.૪.૧૦૯' સૂત્રથી મનાશે. તેમज **'एकदेशविकृतमनन्यवत्'** ન્યાયથી પણ બહુખટ્વ નામ આબન્ત બહુખટ્વા નામવત્ માની શકાય.

નામ સંબંધી ન વર્તતા અનાબન્ત સંપૂર્ણ બહુખટ્વ નામ સંબંધી વર્તે છે. તેથી તેની સાથે બહુખટ્વ ના અંત્યનો આ સૂત્રથી ए આદેશ નહીં થાય.

(6) इषदपरिसमाप्ते खट्वे = બહુખટ્વે મञ्चકौ ; અહીં 'नाम्नः प्राग्० ७.३.१२' સૂત્રથી खट्वा નામની પૂર્વે બહુ પ્રત્યય લાગતા નિષ્પન્ન બહુખટ્વા નામ સ્થળે आप् પ્રત્યયાન્ત खट्वा નામ મુખ્ય હોવાથી તેનાથી વિહિત औ પ્રત્યય આબન્ત खट्वा નામ સંબંધી ગણાતા औ પ્રત્યયની સાથે બહુખટ્વા નામના અંત્ય આ નો આ સૂત્રથી ए આદેશ થશે ।।૨૦।।

## इदुतोऽस्त्रेरीदूत् ।। १.४.२१ ।।

**बृ.वृ.-[1]स्त्रिशब्दवर्जितस्येदन्तस्योदन्तस्य च औता सह यथासंख्यम् 'ईत् ऊत्' इत्येतावन्तादेशौ भवतः। [2]मुनी तिष्ठतः, मुनी पश्य ; साधू तिष्ठतः, साधू पश्य। [3]इदुत इति किम्? वृक्षौ, नद्यौ, वध्वौ। [4]औता इत्येव? मुनिः, साधुः। '[5]सख्यौ, पत्यौ' इत्यत्र तु विधानसामर्थ्यान्न भवति। [6]अस्त्रेरिति किम्? अतिस्त्रियौ पुरुषौ। [7]कथं शस्त्रीमतिक्रान्तौ अतिशस्त्री पुरुषौ? * अर्थवद्ग्रहणे नानर्थकस्य * इति प्रतिषेधाभावात्, [8]इदमेव चास्त्रिग्रहणं ज्ञापकम्– * परेणाऽपीयादेशेनेत्कार्यं न बाध्यते * इति, तेनातिस्त्रयः, सहस्त्रयस्तिष्ठन्ति, अतिस्त्रये, अतिस्त्रेः, अतिस्त्रीणाम्, अतिस्त्रौ निधेहीत्यादि सिद्धम् ।।२१।।**

---

**सूत्रार्थ :-** સ્ત્રી શબ્દ સિવાયના ઇ કારાન્ત-ઉ કારાન્ત શબ્દના અંત્ય વર્ણ (ઇ અને ઉ) નો પરવર્તી औ પ્રત્યયની સાથે મળીને અનુક્રમે ई અને ऊ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ इच्च उच्च एतयोः समाहारः = इदुत् (स.द्व.)। तस्य = इदुतः। ◆ न स्त्रीः = अस्त्रीः (नञ्. तत्.)। तस्याः = अस्त्रेः। ◆ ईच्च ऊच्च एतयोः समाहारः = ईदूत् (स.द्व.)

**<u>विवरण</u> :-** (1) સૂત્રમાં સ્ત્રી[A] શબ્દનું વર્જન કર્યું હોવાથી પૂર્વસૂત્રથી 'तत्सम्बन्धि' ની અનુવૃત્તિ આ સૂત્રમાં નહીં આવે. તેમજ સૂત્રમાં જે ઇ કારાન્ત-ઉ કારાન્ત નામના અંત્ય ઇ-ઉ વર્ણને સ્થાની (કાર્યી) રૂપે ગ્રહણ કર્યા છે તે 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' પરિભાષાથી કે પછી ***'निर्दिश्यमानस्यैवादेशाः स्युः[B]'*** ન્યાયથી ગ્રહણ કર્યા છે.

| (2) <u>दृष्टांत</u> - | (i) मुनी तिष्ठतः | (ii) मुनी पश्य | (iii) साधू तिष्ठतः | (iv) साधू पश्य |
|---|---|---|---|---|
| | मुनि+औ | मुनि+औ | साधु+औ | साधु+औ |
| * 'इदुतो०१.४.२१' → | मुनी तिष्ठतः। | मुनी पश्य। | साधू तिष्ठतः। | साधू पश्य। |

---

(A) આ વાત લઘુન્યાસમાં બતાવી છે. જ્યારે બૃહન્ન્યાસાનુસારે તો સૂત્રમાં સ્ત્રી શબ્દનું વર્જન अतिस्त्रि + औ સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ ન થઇ જાય તે માટે છે.

(B) સૂત્રમાં જેનો નિર્દેશ કર્યો હોય તેને જ કાર્ય થાય.

(3) આ સૂત્રમાં સ્ત્રી શબ્દ સિવાયના इ કારાન્ત-उ કારાન્ત શબ્દોનો ञ अंत्य वर्ण જોઈએ એવું કેમ ?

| (a) वृक्षौ | | (b) नद्यौ | (c) वध्वौ |
|---|---|---|---|
| | वृक्ष + औ | नदी + औ | वधू + औ |
| * 'ऐदौत्० १.२.१२' → | = वृक्षौ। | * 'इवर्णादे० १.२.२१' → नद्य् + औ | वध्व् + औ |
| | | = नद्यौ। | = वध्वौ। |

આ ત્રણે સ્થળે વૃક્ષ વિગેરે શબ્દો इ કારાન્ત-उ કારાન્ત ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થઈ.

(4) इ કારાન્ત-उ કારાન્ત શબ્દના અંત્યનો औ પ્રત્યયની સાથે ञ અનુક્રમે ई અને ऊ આદેશ થાય એવું કેમ ?

| | (a) मुनिः | (b) साधुः |
|---|---|---|
| | मुनि + सि | साधु + सि |
| * 'सो रुः २.१.७२' → | मुनिर् | साधुर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | मुनिः। | साधुः। |

અહીં મુનિ અને સાધુ શબ્દથી પરમાં औ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી ई અને ऊ આદેશ ન થયા.

(5) **શંકા :-** સખિ અને પતિ શબ્દથી પરમાં રહેલા સપ્તમી એકવચનના ङि પ્રત્યયનો ञ્યારે 'केवलसखिपते० १.४.२६' સૂત્રથી औ આદેશ થાય ત્યારે તે औ પ્રત્યય સખિ અને પતિ શબ્દના इ થી પરમાં છે, તો કેમ આ સૂત્રથી સખિ-પતિ શબ્દના અંત્ય इ નો औ પ્રત્યયની સાથે મળી ई આદેશ નથી થતો ?

**સમાધાન :-** જો તે ङि પ્રત્યયનો 'केवलसखिपते० १.४.२६' સૂત્રથી औ આદેશ કરી ફરી આ સૂત્રથી ई આદેશ ञ કરવાનો હોય તો પ્રક્રિયાકૃત લાઘવાર્થે 'केवलसखिपते० १.४.२६' સૂત્રમાં ञ औ ને બદલે ई આદેશ દર્શાવ્યો હોત. તેના બદલે औ આદેશ દર્શાવ્યો છે તે વિધાન સામર્થ્યથી ञ આ સૂત્રથી સખિ-પતિ શબ્દોના અંત્ય इ ની સાથે તે औ નો ई આદેશ નહીં થાય. તેથી સખિ +ङि અને પતિ +ङि અવસ્થામાં * 'केवलसखिपते० १.४.२६' → सखि +औ અને પતિ +औ, * 'इवर्णादेरस्वे० १.२.२१' → सख्य् +औ = सख्यौ અને पत्य् +औ = पत्या પ્રયોગ થશે.

**(6)** સ્ત્રી શબ્દથી પરમાં औ પ્રત્યય હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય એવું કેમ ?

અહીં अस्त्रेरिति किम्? આ પ્રશ્ન ઉઠાવતા પહેલા જ વિચાર આવે કે સ્ત્રી શબ્દ તો દીર્ઘ ઈકારાન્ત છે જ્યારે આ સૂત્રની પ્રવૃત્તિ તો હ્રસ્વ ઇ કાર-ઉ કારાન્ત શબ્દોને આશ્રયીને થાય છે. તેથી સ્ત્રી શબ્દને આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાપ્ત જ નથી તો તેનું વર્જન શા માટે કરવું પડે ? પણ આનું સમાધાન આ પ્રમાણે જાણવું કે જ્યારે स्त्रियमतिक्रान्तौ = अतिस्त्री + औ आम प्रादितत्पुरुष સમાસ થાય ત્યારે 'गोश्वान्ते० २.४.९६' સૂત્રથી પ્રાપ્ત अतिस्त्रि + औ અવસ્થામાં આ સૂત્રની પ્રાપ્તિનો પ્રસંગ આવે છે, તેથી અહીં સ્ત્રી શબ્દનું વર્જન કર્યું છે.

**(a) अतिस्त्रियौ पुरुषौ — अतिस्त्रि + औ, ❋ 'स्त्रियाः २.१.५४' → अतिस्त्रिय् + औ = अतिस्त्रियौ पुरुषौ।**

**(7) શંકા :-** તમે સ્ત્રી શબ્દને આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ કરો છો તો શસ્ત્રી શબ્દમાં પણ સ્ત્રી શબ્દ હોવાથી તેને પણ આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થવો જોઈએ ? તો शस्त्रीमतिक्रान्तौ = अतिशस्त्री + औ અને 'गोश्वान्ते० २.४.९६' → अतिशस्त्रि + औ અવસ્થામાં આ સૂત્રની પ્રવૃત્તિ કરીને अतिशस्त्री પ્રયોગ કેમ કરો છો ?

**સમાધાન :-** 'નારી' અર્થક સ્ત્રી શબ્દ અર્થવાન છે, તેમ 'છરી' અર્થક શસ્ત્રી શબ્દ પણ અર્થવાન છે. પણ શસ્ત્રી શબ્દના એકદેશભૂત સ્ત્રી શબ્દ અનર્થક છે. ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયથી સૂત્રમાં અર્થવાન સ્ત્રી શબ્દનો નિષેધ કરેલ હોવાથી શસ્ત્રી શબ્દગત અનર્થક સ્ત્રી અંશને આશ્રયીને શસ્ત્રી શબ્દને સૂત્રનિર્દિષ્ટ પ્રવૃત્તિનો નિષેધ ન થઈ શકે. તેથી સૂત્રવિહિત ઈ આદેશ થવાથી अतिशस्त्री પ્રયોગ કરીએ છીએ.

**(8) શંકા :-** સૂત્રમાં સ્ત્રી શબ્દનું વર્જન શા માટે કરવું પડે ? કારણ કે તેને આ સૂત્રથી ઈ આદેશની પ્રાપ્તિ ન વર્તતા પરવર્તી 'स्त्रियाः २.१.५४' સૂત્રથી સ્વરાદિ औ પ્રત્યય પર છતાં इय् આદેશ થવાની પ્રાપ્તિ છે. તેથી સૂત્રમાં अस्त्रि પદ મૂકવું નિરર્થક છે ?

**સમાધાન :-** તમારી વાત બરાબર છે. છતાંય સૂત્રમાં अस्त्रि પદ મૂક્યું છે તેનાથી ***'परेणाऽपि इय् आदेशेन इत्कार्यं न बाध्यते***[A] ' ન્યાયનું જ્ઞાપન થાય છે. તેથી હવે अतिस्त्रि સ્થળે પરવર્તી 'स्त्रियाः २.१.५४' સૂત્રથી અબાધિત આ સૂત્રની પ્રવૃત્તિનો પ્રસંગ વર્તતા अतिस्त्री આ અનિષ્ટ પ્રયોગ ન થઈ જાય તે માટે સૂત્રમાં अस्त्रि પદ મૂકી સ્ત્રી શબ્દને આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે. સૂત્રમાં अस्त्रि પદ મૂકવા દ્વારા જે ઉપરોક્ત ન્યાયનું જ્ઞાપન થયું તેનાથી इय् આદેશ કરનાર પરવર્તી 'स्त्रियाः २.१.५४' સૂત્રની પ્રવૃત્તિ ન થતા 'जस्येदोत् १.४.२२' સૂત્રથી अतिस्त्रयः અને सहस्त्रयः, 'ङित्यदिति १.४.२३' સૂત્રથી अतिस्त्रये અને अतिस्त्रेः, 'टः पुंसि ना १.४.२४' સૂત્રથી अतिस्त्रिणा અને 'ङिर्डौ १.४.२५' સૂત્રથી अतिस्त्रौ ઈત્યાદિ પ્રયોગો પણ સિદ્ધ થશે ।।२१।।

---

(A) પર એવા પણ इय् આદેશ દ્વારા તે તે સૂત્રથી પ્રાપ્ત ઇ કારાન્ત નામ સંબંધી કાર્ય બાધિત થતું નથી.

## जस्येदोत् ।। १.४.२२ ।।

**बृ.वृ.- इदन्तस्योदन्तस्य च जसि परे (1) यथासंख्यमेत् ओत् इत्येतावन्तादेशौ भवतः। (2) मुनयः, साधवः, बुद्धयः, धेनवः; अतिस्त्रयः। (3) जसीति किम्?,–मुनिः, साधुः।।२२।।**

---

**सूत्रार्थ :-** जस् प्रत्यय પર છતાં इ કારાન્ત અને उ કારાન્ત નામના અંત્ય इ અને उ નો અનુક્રમે ए અને ओ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ एच्च ओच्च एतयोः समाहारः = एदोत् (समा.द्व.)।

<u>विवरण :-</u> (1) આ સૂત્રમાં આદેશી इ કાર - उ કારની અને આદેશ ए કાર- ओ કારની સંખ્યા બે-બે હોવાથી સમાન છે. તેમજ આદેશીવાચક પૂર્વસૂત્રાનુવૃત્ત इदुतः પદને અને આદેશ વાચક एदोत् પદને એકવચન હોવાથી વચનનું પણ સામ્ય છે. આથી ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** ન્યાય પ્રવર્તવાથી સૂત્રમાં અનુક્રમે इ નો ए અને उ નો ओ આદેશ થાય છે. અથવા 'आसन्नः ७.४.१२०' પરિભાષાથી તાલવ્યસ્થાનાસન્ન इ કારનો ए આદેશ અને ઓષ્ઠ્યસ્થાનાસન્ન उ કારનો ओ આદેશ થાય છે. તેમજ जस् પ્રત્યય પરમાં હોતે છતે પૂર્વના इ અને उ ના य् અને व् આદેશની પ્રાપ્તિ વર્તતા આ સૂત્રથી તેનો બાધ થવાથી આ સૂત્ર 'इवर्णादे० १.२.२१' સૂત્રનું અપવાદ સૂત્ર છે. તેથી આ સૂત્રથી इ અને उ નો ક્રમશઃ ए અને ओ આદેશ થયા પછી 'एदैतो० १.२.२३' અને 'ओदौतो० १.२.२४' સૂત્રથી અનુક્રમે अय् અને अव् આદેશ થતાં નિમ્નોક્ત પ્રયોગ સિદ્ધ થશે.

(2) <u>दृष्टांत</u> -

| (i) मुनयः | | | (ii) साधवः | | |
|---|---|---|---|---|---|
| | | मुनि + जस् | | | साधु + जस् |
| * 'जस्येदोत् १.४.२२' | → | मुने + जस् | * 'जस्येदोत् १.४.२२' | → | साधो + जस् |
| * 'एदैतो० १.२.२३' | → | मुनय् + जस् | * 'ओदौतो० १.२.२४' | → | साधव् + जस् |
| * 'सो रुः २.१.७२' | → | मुनयर् | * 'सो रुः २.१.७२' | → | साधवर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | मुनयः। | * 'रः पदान्ते० १.३.५३' | → | साधवः। |

बुद्धयः, धेनवः અને अतिस्त्रयः ની સાધનિકા ઉપર પ્રમાણે જાણવી.

(3) जस् પ્રત્યય પર છતાં જ આ સૂત્રથી ए અને ओ આદેશ થાય એવું કેમ ?

| | (a) मुनिः | (b) साधुः |
|---|---|---|
| | मुनि + सि | साधु + सि |
| * 'सो रुः २.१.७२' → | मुनिर् | साधुर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | मुनिः। | साधुः। |

આ ઉભયસ્થળે जस् પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થઈ ।।૨૨।।

## ङित्यदिति ।। १.४.२३ ।।

**बृ.वृ.- अदिति ङिति स्यादौ परे इदन्तस्योदन्तस्य च यथासंख्यमेदोतावन्तादेशौ भवतः। (1)मुनये, साधवे, अतिस्त्रये; मुनेः, साधोः, अतिस्त्रेः आगतं स्वं वा; बुद्धये, धेनवे; बुद्धेः, धेनोः आगतं स्वं वा। (2)ङितीति किम्? -- मुनिः, साधुः। (3)अदितीति किम्?, — बुद्ध्यै, धेन्वै; बुद्ध्याः, धेन्वाः आगतं स्वं वा; बुद्ध्याम्, धेन्वाम्। (4)स्यादावित्येव?, — शुची, पट्वी ।।२३।।**

---

**सूत्रार्थ :-** જેમાં द् ઈत् નથી એવા સ્યાદિ સંબંધી ङित् (ङे-ङसि-ङस्-ङि) પ્રત્યયો પરમાં વર્તતા इ કારાન્ત-उ કારાન્ત નામના અંત્ય इ અને उ નો અનુક્રમે ए અને ओ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ द् इत् यस्मिन् स = दित् (बहु.)। न दित् = अदित् (नञ् तत्०)। तस्मिन् = अदिति।
◆ ङ् इत् यस्मिन् स = ङित् (बहु.)। तस्मिन् = ङिति।

**विवरण :-** (1) दृष्टांत -

| (i) मुनये | | | (ii) साधवे | | |
|---|---|---|---|---|---|
| | | मुनि + ङे | | | साधु + ङे |
| * 'ङित्यदिति १.४.२३' | → | मुने + ङे | * 'ङित्यदिति १.४.२३' | → | साधो + ङे |
| * 'एदैतो० १.२.२३' | → | मुनय् + ङे | * 'ओदौतो० १.२.२४' | → | साधव् + ङे |
| | | = मुनये। | | | = साधवे। |

स्त्रियमतिक्रान्तः = अतिस्त्री, અને 'गोश्चान्ते० २.४.९६' થી નિષ્પન્ન अतिस्त्रि નામની સાધનિકા ङे વિગેરે પ્રત્યયો પરમાં વર્તતા मुनि પ્રમાણે કરવી. अतिस्त्रये, अतिस्त्रेः

| | (i) मुनेः | (ii) साधोः |
|---|---|---|
| | मुनि + ङस् | साधु + ङस् |
| * 'ङित्यदिति १.४.२३' → | मुने + ङस् | साधो + ङस् |
| * 'एदोद्भ्यां ङसि० १.४.३५' → | मुने + र् | साधो + र् |
| * 'रः पदान्ते० १.३.५३' → | मुनेः। | साधोः। |

બુદ્ધયે, ધેનવે, બુદ્ધેઃ, ધેનોઃ પ્રયોગોની સિદ્ધિ પણ મુનિ અને સાધુ ના દૃષ્ટાંતો પ્રમાણે જાણવી. માત્ર એટલું વિશેષ કે મુનયે અને સાધવે વિગેરે પ્રયોગો પુલ્લિંગ અવસ્થાના છે, જ્યારે બુદ્ધયે અને ધેનવે વિગેરે પ્રયોગો સ્ત્રીલિંગ અવસ્થાના છે. નપુંસકલિંગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. કારણ કે ત્યાં ઇ કારાન્ત - ઉ કારાન્ત પ્રકૃતિ-પ્રત્યયની વચ્ચે 'अनाम्स्वरे० ૧.૪.૬૪' સૂત્રથી થતો ન્ આગમ વ્યવધાયક બને છે.

(2) સ્યાદિ સંબંધી ङित् પ્રત્યયો ર્ પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

(a) मुनिः — * मुनि + सि, * 'सो रुः २.१.७२' → मुनिर्, * 'रः पदान्ते० १.३.५३' → मुनिः।

(b) साधुः — * साधु + सि, * 'सो रुः २.१.७२' → साधुर्, * 'रः पदान्ते० १.३.५३' → साधुः।

આ ઉભયસ્થળે પરમાં ङित् સ્યાદિ પ્રત્યયો ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થઈ.

(3) જેમાં द् ઈત્ નથી એવા ર્ સ્યાદિ સંબંધી ङित् પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

| | (a) बुद्ध्यै | (b) धेन्वै | (c) बुद्ध्याः | (d) धेन्वाः |
|---|---|---|---|---|
| | बुद्धि + ङे | धेनु + ङे | बुद्धि + ङसि | धेनु + ङस् |
| * 'स्त्रिया ङितां० १.४.२८' → | बुद्धि + दै | धेनु + दै | बुद्धि + दास् | धेनु + दास् |
| * 'इवर्णादे० १.२.२१' → | बुद्ध्य् + दै | धेन्व् + दै | बुद्ध्य् + दास् | धेन्व् + दास् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | बुद्ध्यार् | धेन्वार् |
| * 'रः पदान्ते० १.३.५३' → | = बुद्ध्यै। | = धेन्वै। | = बुद्ध्याः। | = धेन्वाः। |

बुद्ध्याम् , धेन्वाम् ની સાધનિકા જાતે સમજી લેવી.

**શંકા :-** બુદ્ધિ + ङे અને ધેનુ + ङे અવસ્થામાં આ સૂત્રથી ए અને ओ આદેશ કરવો એ નામને અંતે માત્ર इ કાર - उ કાર આ એક નિમિત્તની જ અપેક્ષા રાખતો હોવાથી અલ્પનિમિત્તક અંતરંગ(A) કાર્ય છે. જ્યારે 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રથી ङित् સ્યાદિ પ્રત્યયોને दै વિગેરે આદેશ કરવા એ નામને અંતે इ કાર - उ કાર અને સ્ત્રીલિંગ વૃત્તિ નામ આમ બે નિમિત્તની અપેક્ષા રાખતા હોવાથી બહુનિમિત્તક બહિરંગ(B) કાર્ય છે. ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયથી પૂર્વે અંતરંગ કાર્ય થતું હોવાથી બુદ્ધે + ङे અને ધેનો + ङे અવસ્થા પ્રાપ્ત થતા इ કાર - उ કારનો નામને અંતે અભાવ હોવાથી તેમજ इ કાર - उ કારનો અનુક્રમે ए અને ओ આદેશ કરવો એ વર્ણવિધિ હોવાના કારણે 'स्थानीवा० ७.४.१०९' સૂત્રથી તેઓનો इ કાર - उ કાર રૂપે સ્થાનિવદ્ભાવ પણ ન મનાતો હોવાથી સ્યાદિ ङित् પ્રત્યયોને दै વિગેરે આદેશો ન સંભવતા સૂત્રમાં दित् પ્રત્યયના પ્રતિષેધાર્થે अदिति પદ મૂકવું નિરર્થક છે.

**સમાધાન :-** અહીં સૂત્રમાં 'इ અને उ વર્ણનો ए અને ओ આદેશ થાય છે.' એમ ન કહેતા 'इ કારાન્ત અને उ કારાન્ત નામને ए અને ओ અંત્યાદેશ થાય છે.' આ પ્રમાણે इ કારાન્ત - उ કારાન્ત નામને કાર્યનું વિધાન કર્યું હોવાથી આ વર્ણવિધિ ન કહેવાય. તેથી ए અને ओ આદેશનો 'स्थानीवा० ७.४.१०९' સૂત્રથી इ અને उ રૂપે સ્થાનિવદ્ભાવ મનાવાથી સ્યાદિ ङित् પ્રત્યયના दै વિગેરે આદેશ થઈ શકે છે. તેઓના વારણાર્થે સૂત્રમાં अदिति પદ આવશ્યક છે.

**શંકા :-** વર્ણવિધિ પાંચ પ્રકારની છે. તેમાં એક અપ્રધાન વર્ણવિધિ પણ છે. પ્રસ્તુત સ્થળે 'इ કારાન્ત - उ કારાન્ત નામને ए અને ओ આદેશ થાય છે' આમ ભલે નામનું પ્રાધાન્ય હોય, તેમ છતાં અપ્રધાનપણે इ અને उ વર્ણનાં જ ए અને ओ આદેશ થતા હોવાથી આ અપ્રધાન વર્ણવિધિ ગણાય. આથી ए અને ओ આદેશના સ્થાને इ અને उ નો સ્થાનિવદ્ભાવ ન માની શકાય.

**સમાધાન :-** આ રીતે તો 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રવિહિત પ્રવૃત્તિને ક્યાંય અવકાશ જ નહીં રહે અને તે સૂત્ર નિરર્થક થવાની આપત્તિ આવશે. માટે ***'निरवकाशं सावकाशात्***(C)**'** ન્યાયથી અન્યત્ર સાવકાશ એવા 'ङित्यदिति १.४.२३' સૂત્ર કરતા નિરવકાશ એવું 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્ર પૂર્વે પ્રવૃત્ત થશે. આથી બુદ્ધિ + दै અને ધેનુ + दै અવસ્થામાં ***'तदादेशास्तद्वद् भवन्ति'*** ન્યાયથી दै વિગેરે પ્રત્યયો ङित् મનાવાથી આ સૂત્રવિહિત પ્રવૃત્તિની પ્રાપ્તિ આવે છે. પરંતુ તે ઈષ્ટ ન હોવાથી સૂત્રમાં 'अदिति' પદ દ્વારા તેનો નિષેધ કર્યો છે તે સાર્થક જ છે.

(A) प्रकृतेराश्रितं यत् स्याद्, यद्वा पूर्वं व्यवस्थितम्। यस्य चाल्पनिमित्तानि, अन्तरङ्गं तदुच्यते।।

(B) प्रत्ययस्याश्रितं यत् स्यात्, बहिर्वा यद् व्यवस्थितम्। बहूनि वा निमित्तानि यस्य तद् बहिरङ्गकम्।।

(C) બહુવિષયક સૂત્ર કરતા અલ્પવિષયક સૂત્ર બળવાન બને.

**શંકા :-** છતાંય સૂત્રમાં જો અદિતિ પદ ન લખવામાં આવે તો પણ બુદ્ધિ + દૈ અને ધેનુ + દૈ અવસ્થામાં બુદ્ધિ અને ધેનુ નામના અંત્ય ઇ અને ઉ ના કારણે ડે પ્રત્યયનો દૈ આદેશ થયો હોવાથી ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य'*** ન્યાયાનુસાર તે દૈ આદેશ રૂપ કાર્ય પોતાના નિમિત્ત ઇ અને ઉ નો આ સૂત્રથી એ અને ઓ આદેશ કરવા રૂપે ઘાત ન કરી શકે. તેથી એમ પણ અદિતિ પદના અભાવે બુદ્ધિ + દૈ અને ધેનુ + દૈ અવસ્થામાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાનો સવાલ જ નથી રહેતો તેથી તેવા સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ વારવા સૂત્રમાં અદિતિ પદ મૂકવું નિરર્થક છે.

**સમાધાન :-** જો એમ હોય તો બુદ્ધિ + દૈ અને ધેનુ + દૈ અવસ્થામાં ઇ અને ઉ ના નિમિત્તે થયેલ દૈ આદેશ 'इवर्णादे० १.२.२१' સૂત્રથી પોતાના નિમિત્ત ઇ નો ય્ અને ઉ નો વ્ આદેશ કરવા રૂપે પણ ઘાત નહીં કરી શકે. તેથી बुद्ध्यै અને धेन्वै આ ઇષ્ટ પ્રયોગો પણ સિદ્ધ નહીં થઇ શકે. આથી સૂત્રમાં દિત્ પ્રત્યયપ્રતિષેધક અદિતિ પદનું ઉપાદાન 'વર્ણવિધિ સ્થળે ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાય લાગતો નથી' તેનું જ્ઞાપન કરવા માટે છે. તેથી હવે બુદ્ધિ + દૈ અને ધેનુ + દૈ અવસ્થામાં આ સૂત્રથી એ અને ઓ આદેશ કરવો એ અપ્રધાન વર્ણવિધિ હોવાથી ***'सन्निपातलक्षणो०'*** ન્યાય ન પ્રવર્તતા પ્રસ્તુત સૂત્રવિહિત એ અને ઓ આદેશની પ્રાપ્તિ વર્તે છે, જે ઇષ્ટ ન હોવાથી તેના નિષેધાર્થે સૂત્રમાં 'अदिति' પદનું ગ્રહણ સાર્થક જ છે.

**(4)** સ્યાદિ સંબંધી જ ङित् પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

| **(a) शुची** | | **(b) पट्वी** | |
|---|---|---|---|
| * 'इतोक्त्यर्थात् २.४.३२' → | शुचि + ङी | * 'स्वरादुतो गुणादखरोः २.४.३५' → | पटु + ङी |
| * 'समानानां तेन० १.२.१' → | = शुची। | * 'इवर्णादे० १.२.२१' → | पट्व + ङी = पट्वी। |

ઉભયસ્થળે સ્ત્રીલિંગનો ङी પ્રત્યય સ્યાદિ સંબંધી ન હોવાથી સૂત્રપ્રવૃત્તિ ન થઇ ।।૨૩।।

## टः पुंसि ना ।। १.४.२४ ।।

**बृ.वृ.– इदुदन्तात् परस्य पुंसि पुंविषयस्य टस्तृतीयैकवचनस्य स्थाने 'ना' इत्ययमादेशो भवति।[1] मुनिना, साधुना, अतिस्त्रिणा; अमुना–अत्र "प्रागिनात्" (२.१.४८) इति वचनात् पूर्वमुत्वं पश्चात् नाभावः।[2] पुंसि इति किम्?, –बुद्ध्या, धेन्वा।[3] कथममुना कुलेन? –"अनाम्स्वरे नोऽन्तः" (१.४.६४) इति भविष्यति ।।२४।।**

---

**सूत्रार्थ :-** ઇ કારાન્ત અને ઉ કારાન્ત નામથી પરમાં રહેલા પુંલિંગ વિષયક તૃતીયા એકવચનના ટા પ્રત્યયને સ્થાને ના આદેશ થાય છે.

વિવરણ :- (1) દૃષ્ટાંત -

(i) મુનિના — * મુનિ + ટા, * 'ટઃ પુંસિ૦ ૧.૪.૨૪' → મુનિ + ના = મુનિના।

(ii) સાધુના — * સાધુ + ટા, * 'ટઃ પુંસિ૦ ૧.૪.૨૪' → સાધુ + ના = સાધુના।

(iii) અતિસ્ત્રિણા — * 'પ્રાત્યવપરિ૦ ૩.૧.૪૭' → સ્ત્રિયમતિક્રાન્તઃ = અતિસ્ત્રી (પ્રાદિ તત્૦) * 'ગોશ્વાન્તે૦ ૨.૪.૯૬' → અતિસ્ત્રિ + ટા, * 'ટઃ પુંસિ૦ ૧.૪.૨૪' → અતિસ્ત્રિ + ના * 'રષૃવર્ણાન્ ૨.૩.૬૩' → અતિસ્ત્રિણા।

(iv) અમુના — * અદસ્ + ટા, * 'આ દ્વેરઃ ૨.૧.૪૧' → અદ અ + ટા, * 'લુગસ્યા૦ ૨.૧.૧૧૩' → અદ + ટા, * 'મોઽવર્ણસ્ય ૨.૧.૪૫' → અમ + ટા, * 'પ્રાગિનાત્ ૨.૧.૪૮' → અમુ + ટા, * 'ટઃ પુંસિ૦ ૧.૪.૨૪' → અમુ + ના = અમુના।

અહીં અમ + ટા અવસ્થામાં ટા નો 'ટાઙસો૦ ૧.૪.૫' સૂત્રથી ઇન આદેશ થતા પૂર્વે 'પ્રાગિનાત્ ૨.૧.૪૮' સૂત્રથી અમુ + ટા અવસ્થા પ્રાપ્ત થતા અ થી પરમાં ટા ન રહેવાથી 'ટાઙસોરિન૦ ૧.૪.૫' સૂત્રથી ટા નો ઇન આદેશ નહીં થાય, પણ આ સૂત્રથી ના આદેશ થશે.

(2) ઇ કારાન્ત - ઉ કારાન્ત નામથી પરમાં રહેલા પુંલિંગ વિષયક ર્ન્ ટા નો ના આદેશ થાય એવું કેમ ?

(a) બુધ્ધ્યા — * બુદ્ધિ + ટા, * 'ઇવર્ણાદે૦ ૧.૨.૨૧' → બુધ્ધ્ય્ + ટા = બુધ્ધ્યા।

(b) ધેન્વા — * ધેનુ + ટા, * 'ઇવર્ણાદે૦ ૧.૨.૨૧' → ધેન્વ્ + ટા = ધેન્વા।

અહીં બુદ્ધિ અને ધેનુ શબ્દથી પરમાં રહેલ ટા પ્રત્યય સ્ત્રીલિંગ વિષયક હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થઈ.

(3) શંકા :- આ સૂત્રની પ્રવૃત્યર્થે ઇ કારાન્ત - ઉ કારાન્ત નામ પુંલિંગ હોવું આવશ્યક છે. તો અમુના કુલેન સ્થળે ટા પ્રત્યય નપુંસક વિષયક હોવા છતાં કેમ આ સૂત્રથી ટા નો ના આદેશ કર્યો છે ?

**સમાધાન :-** અમુના કુલેન સ્થળે આ સૂત્રથી ટા ને ના આદેશ થયો ર્ન્ નથી, પણ જ્યારે * અદસ્ + ટા, * 'આ દ્વેરઃ ૨.૧.૪૧' → અદ અ + ટા, * 'લુગસ્યા૦ ૨.૧.૧૧૩' → અદ + ટા, * 'મોઽવર્ણસ્ય ૨.૧.૪૫' → અમ + ટા, * 'પ્રાગિનાત્૦ ૨.૧.૪૮' → અમુ + ટા અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે * 'અનામ્-સ્વરે નોઽન્તઃ ૧.૪.૬૪' સૂત્રથી અમુ ને અંતે 'ન્' આગમ થવાના કારણે અમુન્ + ટા = અમુના પ્રયોગ થયો છે ।।૨૪।।

## ઙિર્ડૌ ।। ૧.૪.૨૫।।

**બૃ.વૃ.-ઇદુદન્તાત્ પરો ઙિઃ સપ્તમ્યેકવચનં ડૌર્ભવતિ,[1] અભેદનિર્દેશશ્ચતુર્થ્યેકવચનશઙ્કાનિરાસાર્થઃ,[2] ડકારોઽન્ત્યસ્વરાદિલોપાર્થઃ।[3] મુનૌ, સાધૌ, બુદ્ધૌ, ધેનૌ, અતિસ્ત્રૌ, વિંશતૌ। અદિદિત્યેવ?[4] બુદ્ધ્યામ્, ધેન્વામ્ ।।૨૫।।**

**સૂત્રાર્થ :-** ઇ કારાન્ત અને ઉ કારાન્ત નામથી પરમાં રહેલ સપ્તમી એકવચનનો ङि પ્રત્યય ડૌ રૂપે થાય છે.

**વિવરણ :-** **(1) શંકા :-** સૂત્રમાં 'ङिः ડૌ' આમ અભેદ નિર્દેશ શા માટે કર્યો છે ? કારણ 'ङेः ડૌ' આ પ્રમાણે ષષ્ઠીને લઈને ભેદનિર્દેશ કરવામાં આવે તો પણ આદેશી ङि પ્રત્યય એકવર્ણવાળો હોવાથી 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાથી તેના અંત્યને ડૌ આદેશની પ્રાપ્તિ ∅ ન વર્તતા ङेः પદની ષષ્ઠીને સ્થાન ષષ્ઠી ગણવાથી ङि પ્રત્યયને સ્થાને ∅ ડૌ આદેશ થવાની પ્રાપ્તિ છે. આથી ભેદનિર્દેશ કરવો જોઈએ.

**સમાધાન :-** સપ્તમી એકવચનના ङि પ્રત્યયની જેમ ચતુર્થી એકવચનના ङे પ્રત્યયને પણ ષષ્ઠીનો ङस् પ્રત્યય લાગતા ङेः પ્રયોગ ∅ થાય છે. આથી જો 'ङेः ડૌ' આમ ભેદનિર્દેશ કરવામાં આવે તો કોઈને આ સૂત્રમાં 'ચતુર્થી એકવચનના ङे પ્રત્યયનો ડૌ આદેશ થાય છે' આવો ઊંધો અર્થ પ્રતીત થાય. તે ન થાય માટે 'ङिर्ङौ' આમ અભેદ નિર્દેશ કર્યો છે.

**(2)** સૂત્રનિર્દિષ્ટ ડૌ આદેશમાં ડ્ ઇત્ 'डित्यन्त्य० ૨.૧.૧૧૪' સૂત્રથી અંત્ય સ્વરાદિના લોપાર્થે દર્શાવ્યો છે.

**(3) દૃષ્ટાંત -**

| | (i) મુનૌ | (ii) સાધૌ | (iii) બુદ્ધૌ |
|---|---|---|---|
| | મુનિ + ङि | સાધુ + ङि | બુદ્ધિ + ङि |
| * 'ङिर्ङौ ૧.૪.૨૫' → | મુનિ + ડૌ | સાધુ + ડૌ | બુદ્ધિ + ડૌ |
| * 'डित्यन्त्य० ૨.૧.૧૧૪' → | મુન્ + ડૌ | સાધ્ + ડૌ | બુદ્ધ્ + ડૌ |
| → | = મુનૌ। | = સાધૌ। | = બુદ્ધૌ। |

| | (iv) ધેનૌ | (v) અતિસ્ત્રૌ |
|---|---|---|
| | ધેનુ + ङि | અતિસ્ત્રિ + ङि |
| * 'ङिर्ङौ ૧.૪.૨૫' → | ધેનુ + ડૌ | અતિસ્ત્રિ + ડૌ |
| * 'डित्यन्त्य० ૨.૧.૧૧૪' → | ધેન્ + ડૌ | અતિસ્ત્ર્ + ડૌ |
| → | = ધેનૌ। | = અતિસ્ત્રૌ। |

વિંશતૌ પ્રયોગની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી.

**(4)** ઇ કારાન્ત - ઉ કારાન્ત નામથી પરમાં રહેલ જેનો दाम् આદેશ ન થતો હોય એવા ∅ ङि પ્રત્યયનો આ સૂત્રથી ડૌ આદેશ થાય એવું કેમ ?

| | (a) બુદ્ધ્યામ્ | (b) ધેન્વામ્ |
|---|---|---|
| | બુદ્ધિ + ङि | ધેનુ + ङि |
| * 'स्त्रिया ङितां० ૧.૪.૨૮' → | બુદ્ધિ + दाम् | ધેનુ + दाम् |
| * 'इवर्णादे० ૧.૨.૨૧' → | બુદ્ધ્ય્ + दाम् | ધેન્વ્ + दाम् |
| | = બુદ્ધ્યામ્। | = ધેન્વામ્। |

અહીં 'ङित्यदिति १.४.२३' સૂત્રથી अदित् ની અનુવૃત્તિ આવતી હોવાથી ङि (સપ્તમી એક.) ના આદેશભૂત दित् એવા दाम् પ્રત્યયનો આ સૂત્રથી डौ આદેશ ન થયો.

**શંકા** :- આ સૂત્રથી 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રવિહિત दाम् આદેશનો જો डौ આદેશ થઈ જવાનો હોય તો 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રમાં दाम् આદેશનું વિધાન નિરર્થક ઠરે. આથી दाम् આદેશના વિધાન સામર્થ્યથી જ આ સૂત્રથી दाम् નો डौ આદેશ ન થઈ શકે. તો શા માટે दाम् પ્રત્યયસ્થળે સૂત્રપ્રવૃત્તિ વારવા સૂત્રમાં अदित् ની અનુવૃત્તિ લો છો ?

**સમાધાન** :- તમારી શંકા બરાબર નથી, કારણ 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રવિહિત दाम् આદેશ 'ङित्यदिति १.४.२३' સૂત્રથી ङित् પ્રત્યય પર છતાં પ્રાપ્ત એ અને ओ આદેશના નિષેધક રૂપે ચરિતાર્થ (સફળ) થઈ જતો હોવાથી નિરર્થક નથી થતો. હવે એક સ્થળે સૂત્રવિહિત કાર્ય સફળ થઈ જાય પછી તે અન્યત્ર નિષેધ કે પ્રવૃત્તિ રૂપ કાર્ય કરી ન શકે. આથી જો પૂર્વસૂત્રથી अदित् ની અનુવૃત્તિ ન લઈએ તો અન્યત્ર ચરિતાર્થ दाम् આદેશ પોતાના વિધાન સામર્થ્યથી પોતાના डौ આદેશનો નિષેધ ન કરી શકતો હોવાથી સૂત્રમાં अदित् ની અનુવૃત્તિ આવશ્યક છે. 'અન્યત્ર ચરિતાર્થ કાર્ય બીજે સ્થળે કાર્ય ન કરી શકે' તે વાતને દૃષ્ટાંતથી સમજીએ. <u>દા.ત.</u> - 'इश्च स्थादः ४.३.४१' સૂત્રમાં આત્મનેપદના વિષયવાળા સ્થા અને દા સંજ્ઞક ધાતુઓથી પરમાં રહેલા सिच् પ્રત્યયને किद्वद् ભાવ થાય છે અને તેના સંનિયોગમાં સ્થા અને દા સંજ્ઞક ધાતુઓના અંત્ય વર્ણનો इ આદેશ થાય છે. તો અહીં હ્રસ્વ इ આદેશના વિધાન સામર્થ્યથી જ તે इ ના ગુણનો નિષેધ થઈ શકત. કેમકે જો ગુણ જ થવાનો હોય તો સૂત્રકારશ્રી પ્રક્રિયાકૃત લાઘવ કરવા इ ને બદલે ए આદેશ જ દર્શાવી ન દે ? પણ છતાંય સૂત્રમાં इ ના ગુણનિષેધાર્થે सिच् પ્રત્યયને किद्वद् ભાવનું વિધાન કર્યું છે તે એટલા માટે કે હ્રસ્વ इ નું વિધાન 'धुड्ह्रस्वाल्लुग० ४.३.७०' સૂત્રમાં હ્રસ્વથી પરમાં રહેલ सिच् પ્રત્યયના લોપાત્મક કાર્યમાં ચરિતાર્થ થઈ જાય છે. તેથી इ ના વિધાન સામર્થ્ય હવે ગુણના નિષેધ રૂપ કાર્ય ન થઈ શકે.

**શંકા** :- આ સૂત્ર 'ङिर्डौ स्त्रियां च वा दाम्'(A) આવું બનાવો ને ? જેથી સૂત્રમાં अदित् ની અનુવૃત્તિ પણ ન લેવી પડે અને बुद्ध्याम्, बुद्धौ બન્ને પ્રયોગો પણ સિદ્ધ થઈ જાય.

**સમાધાન** :- ના, આ રીતે સૂત્ર રચતા ગૌરવ થાય છે. કેમ કે 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રમાં 'ङिताम्' પદથી ચાર ङित् પ્રત્યયો નિર્દિષ્ટ છે. તેથી યથાસંખ્ય અન્વય કરવા दै વિગેરે તેના આદેશો પણ ચાર બતાવવા જરૂરી છે. હવે જો આ સૂત્રમાં दाम् પ્રત્યયનો નિર્દેશ કરીએ તો યથાસંખ્યના લાભને માટે 'स्त्रिया ङितां० १.४.२८' સૂત્રની 'स्त्रिया ङे-ङसि-ङसां वा दै-दास्-दासः' આ પ્રમાણે મોટી રચના કરવી પડે. તેથી તે સૂત્ર

(A) इ કાર - उ કારથી પરમાં ङि પ્રત્યયનો डौ આદેશ થાય છે અને સ્ત્રીલિંગમાં ङि નો વિકલ્પે दाम् આદેશ થાય છે.

અને 'ङिर्डौ स्त्रियां च वा दाम्' આવું પ્રસ્તુત સૂત્ર બન્નેમાં માત્રાકૃત ગૌરવ થતું હોવાથી સૂત્રકારશ્રીએ ઙ પ્રમાણે લઘુ નિર્દેશ કર્યો છે તે ઙ બરાબર છે.[A] ।।૨૫।।

## केवलसखि-पतेरौ[1] ।। १.४.२६।।

**बृ.वृ.-केवलसखि-पतिभ्यामिदन्ताभ्यां[2] परो ङिरौर्भवति। सख्यौ[3], पत्यौ। पताविति[4] कश्चित्। इत[5] इत्येव? सखायमिच्छति क्यनि दीर्घत्वे सखीयतीति क्विपि यलोपे सखीः, सख्यि, एवम्–पत्यि। केवलग्रहणं[6] किम्? प्रियसखौ, नरपतौ, पूजितः सखा सुसखा, तस्मिन् सुसखौ; एवमतिसखौ, ईषदूनः सखा बहुसखा, बहुसखौ, एवम् –बहुपतौ; एषु पूर्वेण डौरेव। अन्ये[7] तु बहुप्रत्ययपूर्वादपि पतिशब्दादौकारमेवेच्छन्ति, तन्मते–बहुपत्यौ।।२६।।**

**સૂત્રાર્થ :-** ઇ કારાન્ત કેવળ (એકાકી) સખિ અને પતિ શબ્દથી પરમાં રહેલા સપ્તમી એકવચનના ङि પ્રત્યયનો औ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ सखा च पतिश्च इत्येतयोः समाहारः = सखिपतिः (समा.द्व.)। केवलश्चासौ सखिपतिश्च = केवलसखिपतिः (कर्म.)। तस्मात् = केवलसखिपतेः।

**<u>विवरण :-</u>** (1) સૂત્રમાં केवलसखिपतेः સ્થળે સખિ અને પતિ શબ્દનો સમાહારદ્વન્દ્વ સમાસ હોવાથી केवलसखिपतिनः આમ નપુંસકલિંગમાં પ્રયોગ થવો જોઈએ, પણ તેમ ન કરતા केवलसखिपतेः આ પ્રમાણે પુંલિંગમાં પ્રયોગ કર્યો છે તે માત્રાલાઘવાર્થે સૌત્રનિર્દેશ સમજવો. સૂત્રકારશ્રી આ રીતે માત્રાલાઘવાર્થે ઘણે ઠેકાણે સૌત્રનિર્દેશ કરતા હોય છે. <u>દા.ત.</u> - 'स्वैर–स्वैर्यक्षोहिण्याम् १.२.१५' સૂત્રમાં स्वैर, स्वैरी અને अक्षौहिणी આ ત્રણ શબ્દોનો સમાહારદ્વન્દ્વ સમાસ કર્યો છે, તેથી 'स्वैरस्वैर्यक्षोहिणिनि' આમ નપુંસકલિંગમાં પ્રયોગ થવો જોઈએ. પણ તેમ ન કરતા ***'परलिङ्गो द्वन्द्वो० (लिंगा०८/१)***[B] ' પર (છેલ્લા) એવા સ્ત્રીલિંગ अक्षोहिणी શબ્દાનુસારે 'स्वैरस्वैर्यक्षोहिण्याम्' પ્રયોગ કર્યો છે. તે માત્રાલાઘવાર્થે સૌત્રનિર્દેશ છે. 'वौष्ठौतौ समासे १.२.२७' સૂત્રમાં પણ औष्ठौतुनि પ્રયોગ ન કરતા औष्ठौतौ પ્રયોગ કર્યો છે તે સૌત્રનિર્દેશ છે. આ અંગે વિશેષ 'वौष्ठौतौ० १.२.२७' સૂત્રનાં ન્યાસાનુસંધાનમાંથી જાણી લેવું.

(2) અહીં પૂર્વસૂત્રથી ઇ કારાન્ત-ઉ કારાન્તાર્થક 'इदुतः' પદની અનુવૃત્તિ આવે છે. છતાં બૃહદ્વૃત્તિમાં इदन्ताभ्याम् આટલો ઙ નિર્દેશ કર્યો છે તે એટલા માટે કે આ સૂત્રમાં માત્ર ઇ કારાન્ત સખિ અને પતિ શબ્દનું ઙ ગ્રહણ કર્યું છે. અન્ય કોઈ ઉ કારાન્ત શબ્દને આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(A) બૃ.ન્યાસમાં કહે છે કે 'જો સૂત્રમાં अदित् ની અનુવૃત્તિ ન લે તો ङि ના આદેશભૂત दाम् પ્રત્યય डौ આદેશના સ્થાની તરીકે ઉપસ્થિત થતા તેનો નિષેધ ન થઈ શકતો હોવાથી दाम् નો પણ डौ આદેશ થઈ જાય. અથવા તો સૂત્રમાં 'ङिर्डौ' આમ અભેદ નિર્દેશ અવિકૃત સ્થાનીના લાભને માટે હોવાથી दाम् સ્થાની ङि પ્રત્યયની વિકૃતિ (આદેશ) હોવાથી दाम् નો આ સૂત્રથી डौ આદેશ નહીં થાય. આથી સૂત્રમાં अदित् ની અનુવૃત્તિ અનાવશ્યક છે.'

(B) द्वन्द्वसमासो द्वन्द्वस्यैव यत् परं = उत्तरपदं तत्समानलिङ्गो भवति। (लिङ्गा० ८/१)

(3) <u>दृष्टांत</u> -

| | (i) सख्यौ | (ii) पत्यौ |
|---|---|---|
| | सखि + ङि | पति + ङि |
| * 'केवलसखिपते० १.४.२६' → | सखि + औ | पति + औ |
| * 'इवर्णादे० १.२.२१' → | सख्य् + औ | पत्य् + औ |
| | = सख्यौ। | = पत्यौ। |

આ સૂત્રથી થતો ङि નો औ આદેશ પૂર્વસૂત્રથી થતા डौ આદેશનો અપવાદ છે.

**(4) શંકા :-** તમે સૂત્રમાં કેવળ સખિ-પતિ નામથી પરમાં રહેલા ङि ને औ આદેશનું જ વિધાન કરો છો. પણ 'क्लिबे च पतिते पतौ'(A) સૂત્રસ્થળે પતિ શબ્દથી પરમાં ङि પ્રત્યયનો डौ આદેશ કરી નિષ્પન્ન पतौ પ્રયોગ પણ જોવા મળે છે. આ પ્રયોગ શી રીતે ઘટે ?

**સમાધાન :-** पतौ પ્રયોગને પણ કોક **દુર્ગસિંહ શ્રુતપાલ** વિગેરે વૈયાકરણો માને છે. તેથી તેમના મતે આ પ્રયોગ સમજવો. અહીં યાદ રાખવું કે બૃહદ્વૃત્તિમાં આચાર્યશ્રીએ અન્યના મતને દર્શાવવા केचित् , अन्ये આવો બહુવચનાન્ત પ્રયોગ ન દર્શાવતા એકવચનાન્ત कश्चित् પ્રયોગ દર્શાવ્યો છે તે તેઓની અવજ્ઞાર્થે છે. અર્થાત્ આચાર્યશ્રીને તેમનો મત ઈષ્ટ નથી.

(5) આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે કેવળ સખિ-પતિ શબ્દો હ્રસ્વ ઇ કારાન્ત રૂપે જ હોવા જોઈએ એવું કેમ ?

**શંકા :-** સૂત્રમાં સખિ-પતિ શબ્દો હ્રસ્વ ઇ કારાન્ત રૂપે દર્શાવી જ દીધાં છે. તેથી પૂર્વસૂત્રથી આ સૂત્રમાં 'इदुदन्ताभ्याम्' ની અનુવૃત્તિ શા માટે લીધી ? વ્યભિચાર (આપત્તિ) આવતો હોય તો તેના વારણાર્થે સખિ-પતિ શબ્દના વિશેષણ તરીકે ઇદુદન્ત શબ્દની અનુવૃત્તિ લેવી પડે.

**સમાધાન :-** क्यन् પ્રત્યયાન્ત સખી-પતી શબ્દને લઈને સૂત્રપ્રવૃત્તિ ન થાય તે માટે આ સૂત્રમાં 'इदुदन्ताभ्याम्' ની અનુવૃત્તિ આવશ્યક છે.

**શંકા :-** क्यन् પ્રત્યયાન્ત સખી-પતી શબ્દો દીર્ઘ ઈ કારાન્ત છે. આથી સૂત્રોપાત્ત હ્રસ્વ ઇ કારાન્ત સખિ-પતિ શબ્દો દ્વારા તેમનું ગ્રહણ ન સંભવતા તેમના વારણાર્થે સૂત્રમાં 'इदुदन्ताभ्याम्' ની અનુવૃત્તિ અનાવશ્યક છે.

**સમાધાન :-** ***'एकदेशविकृतमनन्यवत्'***(B) ન્યાયથી સૂત્રોપાત્ત હ્રસ્વ ઇ કારાન્ત સખિ-પતિ શબ્દ દ્વારા

(A) આ સૂત્ર અન્ય વ્યાકરણનું છે.

(B) શબ્દના કોઈ એક ભાગના વૈસદૃશ્યના કારણે તે શબ્દ જુદો ગણાતો નથી.

क्यनन्त दीर्घ ई कारान्त सखी-पती शब्दनुं पण ग्रहण संभवी शके छे. आथी दीर्घ ई कारान्त सखी-पती शब्दना प्रापक ***'एकदेशविकृत०'*** न्यायना वारक रूपे सूत्रमां 'इदुदन्ताभ्याम्' पदनी अनुवृत्ति आवश्यक छे.

**(a) सख्यि (b) पत्यि — ✻ 'अमाव्ययात्० ३.४.२३' → सखायमिच्छति अने पतिमिच्छति = सखि + क्यन् अने पति + क्यन्, ✻ 'दीर्घश्च्वियङ्० ४.३.१०८' → सखीय अने पतीय, ✻ 'क्विप् ५.१.१४८' → सखीय + क्विप् अने पतीय + क्विप्, ✻ 'अतः ४.३.८२' → सखीय् + क्विप् अने पतीय् + क्विप् ✻ 'य्वोः प्वयव्यञ्जने० ४.४.१२१' → सखी + क्विप्(०) + ङि अने पती + क्विप्(०) + ङि, ✻ 'योऽनेकस्वरस्य २.१.५६' → सख्य् + ङि = सख्यि अने पत्य् + ङि = पत्यि।**

अहीं सखी + ङि अने पती + ङि अवस्थामां ङि प्रत्यय ह्रस्व इ कारान्त सखि-पति शब्दथी पर मां न होवाथी आ सूत्रथी तेनो औ आदेश न थयो.

**शंका :-** ज्यारे 'योऽनेकस्वरस्य २.१.५६' सूत्रथी सख्य् + ङि अने पत्य् + ङि अवस्था प्राप्त थई त्यारे 'स्थानीवा० ७.४.१०९' सूत्रथी क्विप् प्रत्ययनो स्थानिवद्भाव मनावाथी सख्य् + (क्विप्) + ङि अने पत्य् + (क्विप्) + ङि अवस्था मनाशे. तेथी क्विप् प्रत्यय पर छतां पुनः 'य्वोः प्वयव्यञ्जने० ४.४.१२१' सूत्रथी पूर्वना य् नो लोप थवो जोईओ. तो केम करता नथी ?

**समाधान :-** सखी + ङि अने पती + ङि अवस्थामां 'योऽनेकस्वरस्य २.१.५६' सूत्रथी स्वरादि प्रत्ययो पर छतां ई नो य् आदेश करवो ए परव्यवस्थित ङि प्रत्ययाश्रित कार्य होवाथी बहिरंग कार्य छे अने क्विप् प्रत्यय पर छतां 'य्वोः प्वयव्यञ्जने० ४.४.१२१' सूत्रथी य्नुं लोपात्मक कार्य ङि प्रत्ययनी अपेक्षाओ पूर्वव्यवस्थित एवा क्विप् प्रत्ययाश्रित कार्य होवाथी अंतरंग कार्य छे. तेथी अंतरंग य् नुं लोपात्मक कार्य करती वखते ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे***[A]**'** न्यायथी बहिरंग ई नो य् आदेश रूप कार्य असिद्ध (असत्) थतां य् आदेश ई रूपे ज मनावाथी क्विप् प्रत्ययना स्थानिवद्भावने आश्रयीने 'य्वोः प्वयव्यञ्जने० ४.४.१२१' सूत्रथी य् नो लोप न थई शके. आथी नथी करता.

**(6)** आ सूत्रमां इ कारान्त सखि-पति शब्दो केवळ ज जोईओ एवुं केम ?

**(a) प्रियसखौ — ✻ 'एकार्थं चाने० ३.१.२२' → प्रियः सखा यस्य स = प्रियसखि + ङि (बहु०), ✻ 'ङिर्डौ १.४.२५' → प्रियसखि + डौ, ✻ 'ङित्यन्त्य० २.१.११४' → प्रियसख् + डौ = प्रियसखौ।**

---

(A) अंतरंग कार्य करवानुं होय त्यारे पूर्वे थयेल बहिरंग कार्य असिद्ध (असत्) थाय छे.

(b) नरपतौ — ❋ 'षष्ठ्यत्नात्० ३.१.७६' → नराणां पतिः = नरपति (तत्०) + ङि, ❋ 'ङिर्डौ १.४.२५' → नरपति + डौ, ❋ 'डित्यन्त्य० २.१.११४' → नरपत् + डौ = नरपतौ।

❋ 'सुः पूजायाम् ३.१.४४' → पूजितः सखा = सुसखि, ❋ 'प्रात्यवपरि० ३.१.४७' → सखायमतिक्रान्तः = अतिसखि, अने ❋ 'नाम्नः प्राग्० ७.३.१२' → इषदूनः सखा = बहुसखि अने इषदूनः पतिः = बहुपति शब्दोने ङि प्रत्यय लागता उपर मुजब साधनिका करवाथी सुसखौ, अतिसखौ, बहुसखौ अने बहुपतौ प्रयोगो निष्पन्न थशे.

आ सर्व स्थळे इ कारान्त सखि–पति शब्दो केवळ न होवाथी आ सूत्रथी तेमनाथी परमां रहेला ङि प्रत्ययनो औ आदेश न थयो.

(7) बृहन्न्यासमां अन्यकार तरीके **'पाणिनि'** विगेरेने दर्शाव्या छे, ज्यारे लघुन्यासमां **'शाकटायन'** विगेरेने दर्शाव्या छे. आचार्य पाणिनिना मते बहु प्रत्यय पूर्वकना पति शब्दथी परमां रहेला ङि प्रत्ययनो औ आदेश थवाथी बहुपत्यौ प्रयोग ज थशे. आनुं कारण ए छे के पाणिनि व्याकरणमां 'पतिः समास एव (पा.सू. १.४.८)' सूत्रमां पति शब्दने समासमां ज 'धि' संज्ञा थाय छे. बहु प्रत्यय पूर्वकनो पति शब्द समास पामेल न होवाथी तेने धि संज्ञा नहीं थाय. ज्यम आ व्याकरणमां 'ङिर्डौ १.४.२५' सूत्र छे, तेम पाणिनि व्याकरणमां तेनी सामे 'अच्च धेः (पा.सू. ७.३.११९)' सूत्र छे. ए सूत्रमां तेओ 'धि' संज्ञक इ कारान्त-उ कारान्त नामथी परमां रहेला ङि प्रत्ययनो औ आदेश दर्शावे छे अने साथे साथे ते धि संज्ञक नामना अंत्यनो अ कार आदेश करी मुनौ, साधौ विगेरे प्रयोगोनी सिद्धि करे छे. तो बहु प्रत्यय पूर्वकना समास न पामेला पति शब्दने 'पतिः समास एव (पा.सू. १.४.८)' सूत्रथी धि संज्ञानी प्राप्तिना अभावे 'अच्च धेः (पा.सू. ७.३.११९)' सूत्रनी प्रवृत्ति न थता बहुपतौ प्रयोग सिध्ध नहीं थाय, पण 'औत् (पा.सू. ७.३.११८)' सूत्रथी ङि नो औ आदेश थता बहुपत्यौ प्रयोग सिध्ध थशे ।।२६।।

## न ना ङिर्देत्[2] ।।१.४.२७।।

**बृ.वृ.-केवलसखि[1]–पतेः परस्य टावचनस्य नादेशो ङिति परे एकारश्च य उक्तः स न भवति।[3] सख्या, पत्या, सख्ये, पत्ये, सख्युः पत्युः आगतं स्वं वा, सख्यौ, पत्यौ। ङिदिति[4] एतो विशेषणं किम्? जस्येद्भवत्येव–पतयः। केवलादित्येव[5]? प्रियसखिना, सुसखिना, बहुसखिना, साधुपतिना, बहुपतिना, प्रियसखये, नरपतये, प्रियसखेः, नरपतेः आगतं स्वं वा। बहुप्रत्ययपूर्वादपि[6] पतिशब्दात् प्रतिषेधं केचिदिच्छन्ति–बहुपत्या, बहुपत्ये, बहुपत्युः आगतं स्वं वा। अन्ये[7] तु सख्यन्तादपि प्रतिषेधं पूर्वेण ङेरौत्वं चेच्छन्ति–बहवः सखायो यस्य तेन बहुसख्या, एवम्–बहुसख्ये, बहुसख्युरागतं स्वं वा, बहुसख्यौ निधेहि ।।२७।।**

**સૂત્રાર્થ :-** કેવળ (એકાકી) સખિ અને પતિ શબ્દથી પરમાં 'ટઃ પુંસિ ના ૧.૪.૨૪' સૂત્રથી ટા (તૃ.એ.વ.) નો ના આદેશ અને ડિત્ પ્રત્યયો પર છતાં 'ડિત્યદિતિ ૧.૪.૨૩' સૂત્રથી પૂર્વના ઇ નો એ આદેશ નથી થતો.

**સૂત્રસમાસ :-** ◆ ડિતિ એત્ = ડિદેત્ (સ. તત્.)। નાશ્ચ ડિદેચ્ચૈતયોઃ સમાહારઃ = નાડિદેત્ (સમા.દ્વ.)।

**વિવરણ :-** **(1)** પ્રતિષેધ હંમેશા પ્રાપ્તિ પૂર્વક જ હોય અર્થાત્ કાર્ય પ્રાપ્ત હોય તો જ તેનો પ્રતિષેધ કરવાનો હોય. સૂત્રમાં કયા નામ સંબંધી ટા ના ના આદેશનો અને ડિત્ પ્રત્યય પરમાં વર્તતા એ આદેશનો નિષેધ કર્યો છે તે નામ દર્શાવ્યું નથી. આથી જો બધા જ નામો સંબંધી ટા ના ના આદેશનો અને ડિત્ પ્રત્યય પરમાં વર્તતા એ આદેશનો નિષેધ કરીએ તો 'ટઃ પુંસિ ના ૧.૪.૨૪' સૂત્ર અને 'ડિત્યદિતિ ૧.૪.૨૩' સૂત્ર વ્યર્થ થવાનો પ્રસંગ આવે. જે વ્યાજબી ન ગણાય. તો કયા નામને ગ્રહણ કરવું ? એ પ્રશ્ન વર્તતાં બીજા કોઈ નિયત નામને ગ્રહણ કરવામાં પ્રમાણ ન હોવાથી નજીકના પૂર્વસૂત્રમાં દર્શાવેલા સખિ-પતિ શબ્દોનું જ આ સૂત્રમાં ગ્રહણ થાય છે.

**(2) શંકા :-** સૂત્રમાં એક પક્ષે સખિ અને પતિ આ બે શબ્દો છે અને બીજા પક્ષે ટા નો ના આદેશ અને ડિત્ પ્રત્યય પર છતાં એ આદેશ આમ બે કાર્યો છે. આમ બન્ને પક્ષે સંખ્યાની સમાનતા છે અને જેમ કેવલસખિપતેઃ પદ એકવચનમાં છે તેમ નાડિદેત્ પદ પણ એકવચનમાં હોવાથી વચનની પણ સમાનતા છે. તેથી ***'યથાસંખ્યમનુદેશઃ સમાનામ્***[(A)] ' ન્યાયથી યથાસંખ્યનું ગ્રહણ થવાથી અનુક્રમે સખિ શબ્દથી પરમાં રહેલા ટા ના ના આદેશનો પ્રતિષેધ અને પતિ શબ્દથી પરમાં ડિત્ પ્રત્યયો હોય તો પૂર્વના ઇ ના એ આદેશનો પ્રતિષેધ થવો જોઈએ તો તેમ કેમ નથી કરતાં ?

**સમાધાન :-** 'ખિ-તિ-ખી-તીય૦ ૧.૪.૩૬' સૂત્રમાં 'ખિ' નું ગ્રહણ કરી 'ખિ' અંતવાળા શબ્દોના 'ખિ' સંબંધી ઇ ના સ્થાને થયેલા ય્ થી પરમાં રહેલા ડસિ-ડસ્ પ્રત્યયોને ઉર્ આદેશનું વિધાન કર્યું છે. સખિ શબ્દ પણ ખિ અંતવાળો હોવાથી તેને તે સૂત્રની પ્રવૃત્તિ થવી જોઈએ. પરંતુ જો આ સૂત્રમાં યથાસંખ્યનું ગ્રહણ કરીએ તો સખિ શબ્દથી ડિત્ પ્રત્યયો પરમાં વર્તતા પૂર્વના ઇ ના એ આદેશનો નિષેધ ન થવાથી સખિ + ડસિ અને સખિ + ડસ્ અવસ્થામાં 'ડિત્યદિતિ ૧.૪.૨૩' સૂત્રથી સખે + ડસિ અને સખે + ડસ્ અવસ્થા પ્રાપ્ત થવાથી અહીં ખિ સંબંધી ઇ ના સ્થાને ય્ થવાનો પ્રસંગ જ ન રહેવાથી 'ખિતિખીતીય૦ ૧.૪.૩૬' સૂત્રથી ડસિ-ડસ્ પ્રત્યયોનો ઉર્ આદેશ ન થઈ શકે અને તેથી સખ્યુઃ પ્રયોગ સિદ્ધ ન થવાની આપત્તિ આવે. તેથી 'ખિતિખીતીય૦ ૧.૪.૩૬' સૂત્રસ્થ ખિ ના ગ્રહણથી આ સૂત્રમાં યથાસંખ્યનું ગ્રહણ નથી કરતા. અથવા 'સખ્યુરિતોઽશાવૈત્ ૧.૪.૮૩' સૂત્રમાં સખ્યુઃ નિર્દેશ કર્યો હોવાથી જો આ સૂત્રમાં યથાસંખ્યનું ગ્રહણ કરીએ તો આગળ દર્શાવ્યા પ્રમાણે સખ્યુઃ પ્રયોગ સિદ્ધ ન થઈ શકતા 'સખ્યુરિતો૦ ૧.૪.૮૩' સૂત્રસ્થ સખ્યુઃ પ્રયોગ ખોટો ઠરે. આથી તે નિર્દેશ જ સૂચવે છે કે આ સૂત્રમાં યથાસંખ્યનું ગ્રહણ નહીં થતું હોય અને સખિ + ડસ્ અવસ્થામાં 'ઇવર્ણાદે૦ ૧.૨.૨૧' સૂત્રથી સખ્ય્ + ડસ્ અવસ્થા પ્રાપ્ત થતા 'ખિતિખીતીય૦ ૧.૪.૩૬' સૂત્રથી સખ્ય્ + ઉર્ = સખ્યુઃ પ્રયોગ થતો હશે.

(A) સંખ્યા અને વચને કરી સમાનોનો યથાસંખ્ય અન્વય થાય છે.

(3) दृष्टांत -

**(i) सख्या (ii) पत्या — * सखि + टा अने पति + टा * 'न ना ङिदेत् १.४.२७' → टा ना ना आदेशनो निषेध, * 'इवर्णादे० १.२.२१' → सख्य् + टा = सख्या अने पत्य् + टा = पत्या।**

**(iii) सख्ये (iv) पत्ये — * सखि + ङे अने पति + ङे, * 'न ना ङिदेत् १.४.२७' → इ ना ए आदेशनो निषेध, * 'इवर्णादे० १.२.२१' → सख्य् + ङे = सख्ये अने पत्य् + ङे = पत्ये।**

| | | (v) सख्युः | (vi) पत्युः |
|---|---|---|---|
| | | सखि + ङसि | पति + ङस् |
| * 'न ना ङिदेत् १.४.२७' | → | इ ना ए आदेशनो निषेध | इ ना ए आदेशनो निषेध |
| * 'इवर्णादे० १.२.२१' | → | सख्य् + ङसि | पत्य् + ङस् |
| * 'खितिखीतीय० १.४.३६' | → | सख्य् + उर् | पत्य् + उर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | = सख्युः। | = पत्युः। |

પંચમી અને ષષ્ઠી વિભક્તિમાં सख्युः, सख्युः અને पत्युः, पत्युः આ પ્રમાણે સમાન પ્રયોગો થતા હોવાથી બૃ. વૃત્તિમાં પંચમી વિભક્તિનાં પ્રયોગને જણાવવા આગતં પદનો અને ષષ્ઠી વિભક્તિના પ્રયોગને જણાવવા स्वं પદનો દૃષ્ટાંત પછી અનુપ્રયોગ કર્યો છે. આથી દૃષ્ટાંતોનો ક્રમશઃ 'મિત્રથી આવેલું' અને 'મિત્રનું ધન' તથા 'પતિથી આવેલું' અને 'પતિનું ધન' આ પ્રમાણે અર્થ થશે.

**(vii) सख्यौ (viii) पत्यौ — * सखि + ङि अने पति + ङि, * 'केवलसखिपतेरौ १.४.२६' → सखि + औ अने पति + औ, * 'न ना ङिदेत् १.४.२७' → इ ना ए आदेशनो निषेध, * 'इवर्णादे० १.२.२१' → सख्य् + औ = सख्यौ अने पत्य् + औ = पत्यौ।**

અહીં પૂર્વે 'केवलसखिपतेरौ १.४.२६' સૂત્રથી સખિ + औ આદેશ કર્યા પછી 'ङित्यदिति १.४.२३' સૂત્રથી સખિ શબ્દનાં અંત્ય इ નો ए આદેશ થવાની પ્રાપ્તિ હતી તે પૂર્વે નહીં. કારણ 'ङित्यदिति १.४.२३' સૂત્રનું બાધક 'ङिर्ङौ १.४.२५' સૂત્ર છે અને તેનું બાધક 'केवलसखिपतेरौ १.४.२६' સૂત્ર છે. તેથી સર્વનું બાધક (અપવાદભૂત) *'केवलसखिपतेरौ* १.४.२६' સૂત્ર હોવાથી તેની પૂર્વે પ્રવૃતિ થતા સખિ + औ અવસ્થામાં ***'तदादेशास्तद्वद् भवन्ति***[A]**'** ન્યાયે ङि નો औ આદેશ ङि વત્ મનાવાથી 'ङित्यदिति १.४.२३' સૂત્રથી સખિ શબ્દના અંત્ય इ નો જે ए આદેશ થવાની પ્રાપ્તિ હતી તે આ સૂત્રથી નિષેધાય છે.

---

(A) તે તે સ્થાનીના સ્થાને થયેલાં આદેશો સ્થાનિવત્ મનાય છે.

(4) 'ङित् प्रत्यय પર છતાં ञ्ञे ए कार' આ પ્રમાણે વ્યધિકરણત્વેન ङित् ને ए કારના વિશેષણ રૂપે કેમ દર્શાવો છો ? એટલે કે આ સૂત્રથી કેવળ સખિ અને પતિ શબ્દને ङित् પ્રત્યયો પર છતાં ञ्ञ ञ्ञे ए આદેશની પ્રાપ્તિ છે તે ञ्ञ કેમ નિષેધાય છે ?

**(a) पतयः — ✻ पति + जस् , ✻ 'जस्येदोत् १.४.२२' → पते + जस् , ✻ 'एदैतो० १.२.२३' → पतय् + जस् , ✻ 'सो रुः २.१.७२' → पतयर् , ✻ 'रः पदान्ते० १.३.५३' → पतयः।**

અહીં જો ङित् ને एत् નાં વિશેષણ તરીકે ન દર્શાવીએ તો કોઈ પણ પ્રત્યયો પરમાં વર્તતા ए આદેશની પ્રાપ્તિનો નિષેધ થઈ જાય. તેથી जस् પ્રત્યય પરમાં વર્તતા 'जस्येदोत् १.४.२२' સૂત્રથી ए આદેશ ન થતાં पतयः પ્રયોગ સિદ્ધ ન થવાની આપત્તિ આવે.

(5) આ સૂત્રમાં કેવળ ञ्ञ સખિ અને પતિ શબ્દ જોઈએ એવું કેમ ?

**(a) प्रियसखिना — ✻ 'एकार्थं चाने० ३.१.२२' → प्रियः सखा यस्य स = प्रियसखि (बहु०) + टा, ✻ 'टः पुंसि० १.४.२४' → प्रियसखि + ना = प्रियसखिना।**

**✻ 'सुः पूजा० ३.१.४४' → पूजितः सखा = सुसखि, ✻ 'नाम्नः प्राग्० ७.३.१२' → इषदूनः सखा = बहुसखि, ✻ 'एकार्थं चाने० ३.१.२२' → साधुः पतिः यस्य स = साधुपति, ✻ 'नाम्नः प्राग्० ७.३.१२' → इषदूनः पतिः = बहुपति** શબ્દોને ટા પ્રત્યય લાગતાં ઉપર મુજબ સાધનિકા કરવાથી **सुसखिना, बहुसखिना, साधुपतिना** અને **बहुपतिना** પ્રયોગ સિદ્ધ થશે.

**(b) प्रियसखये — ✻ प्रियसखि + ङे , ✻ 'ङित्यदिति १.४.२३' → प्रियसखे + ङे, ✻ 'एदैतो० १.२.२३' → प्रियसखय् + ङे = प्रियसखये।**

'षष्ठ्यर्थात्० ३.१.७६' → नराणां पतिः = नरपति અને પ્રિયસખિ શબ્દના नरपतये, प्रियसखेः અને नरपतेः પ્રયોગોની સાધનિકા સુગમ હોવાથી જાતે સમજી લેવી.

આ સર્વસ્થળે સખિ-પતિ શબ્દો સમાસ પામેલ હોવાથી તેમञ्ञ પૂર્વમાં બહુ પ્રત્યય લાગ્યો હોવાથી કેવળ રૂપે ન વર્તતા આ સૂત્રથી તેમની પરમાં રહેલા ટા ના ના આદેશનો નિષેધ તેમञ्ञ ङित् પ્રત્યય પરમાં વર્તતા પૂર્વના इ ના ए આદેશનો નિષેધ ન થયો.

(6) કેટલાક વૈયાકરણો બહુ પ્રત્યય પૂર્વકના પતિ શબ્દને આ સૂત્રથી થતો પ્રતિષેધ ઇચ્છે છે, તેથી તેમના મતે बहुपत्या, बहुपत्ये, बहुपत्युः પ્રયોગ થઈ શકશે.

(7) અન્ય વૈયાકરણો માત્ર કેવળ સખિ શબ્દને જ નહીં પણ સમાસ પામેલા સખિ અંતવાળા શબ્દને પણ આ સૂત્રોક્ત પ્રતિષેધ અને 'केवलसखिपतेरौ १.४.२६' સૂત્રોક્ત ङि પ્રત્યયના औ આદેશને ઇચ્છે છે. તેથી તેમનાં મતે આ સૂત્રથી 'बहवः सखायो यस्य = बहुसखि, तेन = बहुसख्या' આ જ પ્રમાણે बहुसख्यै, बहुसख्युः અને પૂર્વસૂત્રથી बहुसख्यौ પ્રયોગો થઈ શકશે ।।२७।।

## स्त्रिया ङितां वा दै-दास्-दास्-दाम् ।।१.४.२८।।

**बृ.वृ.-स्त्रियाः[1] स्त्रिलिङ्गादिदुदन्ताच्छब्दात् परेषां तत्सम्बन्धिनामन्यसम्बन्धिनां[2] वा स्यादेर्ङितां ङे-ङसि-ङस्-ङीनां स्थाने यथासंख्यं 'दै दास् दास् दाम्' इत्येते आदेशा वा भवन्ति, दकारो[3] "ङित्यदिति" (१.४.२३) इति विशेषणार्थः। बुद्धयै[4], बुद्धये; बुद्ध्याः, बुद्धेः २ आगतं स्वं वा ; बुद्ध्याम्, बुद्धौ ; धेन्वै, धेनवे ; धेन्वाः, धेनोः २ ; धेन्वाम्, धेनौ ; एवम्–मुष्ट्यै, मुष्टये ; इष्वै, इषवे ; शुच्यै, शुचये ; पट्वै, पटवे ; पत्यै, पतये ; जीवपत्यै, जीवपतये स्त्रियै ; कन्या पतिर्यस्य यस्या वा कन्यापत्यै[5], कन्यापतये ; एवम्–प्रियबुद्ध्यै, प्रियबुद्धये ; प्रियधेन्वै, प्रियधेनवे ; प्रियाशन्यै, प्रियाशनये ; अतिशकट्यै, अतिशकटये स्त्रियै पुरुषाय वा ; एषु समासार्थस्य पुरुषत्वेऽपि पत्यादिशब्दानां स्त्रीत्वमस्ति। अन्ये[6] तु पुरुषस्य समासार्थत्वे सति नेच्छन्ति, तन्मते–प्रियबुद्धये, प्रियधेनवे पुरुषायेत्येव भवति। अन्यस्तु[7] पुरुषस्यैव समासार्थत्वे सति इच्छति, न स्त्रियाः, तन्मते—'अतिशकट्यै, प्रियधेन्वै पुरुषाय' इत्यत्रैव भवति, न तु 'अतिशकट्यै, प्रियधेनवे स्त्रियै' इत्यत्र। स्त्रिया[8] इति किम्? मुनये, साधवे। इदुत[9] इत्येव? गवे, नावे ।।२८।।**

---

**सूत्रार्थ :-** સ્ત્રીલિંગ इ કારાન્ત અને उ કારાન્ત શબ્દથી પરમાં રહેલા તેના સંબંધી કે અન્ય સંબંધી ङे-ङसि-ङस्-ङि પ્રત્યયોનો અનુક્રમે दै-दास्-दास्-दाम् આદેશ વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ दैश्च दास् च दास् च दाम् च = दै-दास्-दास्-दाम् + जस् (इ.द्व.)। यथासंख्यलाभाय 'दाम्' इत्येतदन्तात् पदाज्जसमानीय ***'मात्रालाघवमप्युत्सवाय मन्यन्ते वैयाकरणाः'*** इति न्यायेन मात्रालाघवार्थं सौत्रत्वात् तल्लोपो विहितः। तस्मात्–दै-दास्-दास्-दाम्।

**<u>विवरण :-</u> (1) शंका :-** હંમેશા વિશેષણ વિશેષ્યને સાપેક્ષ હોય છે અર્થાત્ વિશેષ્યના અભાવે ક્યારેય વિશેષણ સંભવી શકતું નથી. તો આ સૂત્રસ્થ स्त्रियाः વિશેષણનો પૂર્વસૂત્રથી સખિ–પતિ શબ્દની અનુવૃત્તિ લઈ વિશેષ્ય એવા તેમની સાથે અન્વય ન કરતા વિશેષ્યભૂત इ કારાન્ત–उ કારાન્ત શબ્દસામાન્યની સાથે અન્વય કેમ કરો છો ?

**समाधान :-** 'पत्युर्नः २.४.४८' સૂત્રમાં પતિ શબ્દથી પરમાં રહેલા ङस प्रत्ययनो 'खितिखी० १.४.३६' સૂત્રથી उर् આદેશ કરી पत्युः નિર્દેશ કર્યો છે. આ સૂત્રસ્થ स्त्रियाः પદને પૂર્વસૂત્રથી સખિ–પતિ શબ્દોને અનુવર્તાવી તેમનું વિશેષણ બનાવીએ તો પતિ શબ્દથી પરમાં ङसि પ્રત્યયનો આ સૂત્રથી दास् આદેશ થવાથી पत्याः પ્રયોગ થવાની

પ્રાપ્તિ વર્તતા પત્યુઃ પ્રયોગ ઘટી ન શકે, છતાં કર્યો છે તેનાથી જાણાય છે કે આ સૂત્રસ્થ સ્ત્રિયાઃ પદ પૂર્વસૂત્રથી ન અનુવર્તતા સખિ-પતિ શબ્દોનું વિશેષણ નહીં બનતું હોય. અથવા જો સ્ત્રિયાઃ પદ પૂર્વસૂત્રાનુવૃત્ત સખિ-પતિ વિશેષ્યોની સાથે અન્વય પામે તો 'ખિતીખી૦ ૧.૪.૩૬' સૂત્રોક્ત ઙસિ-ઙસ્ પ્રત્યયોનાં उर् આદેશાત્મક વિશેષવિધિ(A) દ્વારા આ સૂત્રોક્ત ઙસિ-ઙસ્ પ્રત્યયોના दास् આદેશાત્મક સામાન્યવિધિનો બાધ થવાથી આ સૂત્રમાં दास् આદેશનું વિધાન નિરર્થક ઠરે. તેમજ આ સૂત્રસ્થ સ્ત્રિયાઃ પદને સખિ-પતિ શબ્દના વિશેષણ રૂપે દર્શાવીએ તો સૂત્રોક્ત દૈ આદિ दित् આદેશો સખિ-પતિ શબ્દોને લઈને પ્રવર્તે. હવે 'ङित्यदिति ૧.૪.૨૩' સૂત્રોક્ત ए-ओ આદેશના નિષેધાત્મક ફળની પ્રાપ્ત્યર્થે સૂત્રમાં દૈ વિગેરે આદેશો दित् રૂપે દર્શાવ્યા છે. પણ ङित् પ્રત્યય પરમાં વર્તતા 'ङित्यदिति ૧.૪.૨૩' સૂત્રપ્રાપ્ત સખિ-પતિ શબ્દનાં અંત્યના ए આદેશનો તો 'न ना ङिदेत् ૧.૪.૨૭' સૂત્રથી જ નિષેધ થઈ જતો હોવાથી ए આદેશના નિષેધાર્થે સૂત્રમાં દૈ આદિ આદેશો दित् રૂપે દર્શાવવા નિરર્થક ઠરે. આ બધા કારણ નજરમાં રાખી અમે સૂત્રસ્થ સ્ત્રિયાઃ વિશેષણનો અન્વય સખિ-પતિ શબ્દોની સાથે ન કરતા વિશેષ્યભૂત ઇ કારાન્ત-ઉ કારાન્ત શબ્દ સામાન્યની સાથે કર્યો છે.

(2) સૂત્રસ્થ સ્ત્રિયાઃ પદ પંચમ્યન્ત હોવાથી સંબંધાર્થક ષષ્ઠીનાં અભાવમાં આ સૂત્રથી તે સ્ત્રીલિંગ નામ સમાસ વિગેરે થવાથી પુંલિંગમાં વર્તતું હોય તો પણ દૈ આદિ આદેશો થશે. જેમકે - * **प्रिया बुद्धिः यस्य स** = **प्रियबुद्धि** + ङि અવસ્થામાં ङि પ્રત્યય ઇ કારાન્ત પુલ્લિંગ પ્રિયબુદ્ધિ નામ સંબંધી છે. છતાં તે સમાસના ઘટક મૂળથી સ્ત્રીલિંગ એવા બુદ્ધિ શબ્દથી પરમાં હોવાથી તેનો આ સૂત્રથી દૈ આદેશ થવાથી * **प्रियबुद्धि** + **दै**, * **'इवर्णादे० ૧.૨.૨૧'** → **प्रियबुद्ध्य्** + **दै** = **प्रियबुद्ध्यै** પ્રયોગ થાય છે.

(3) આ સૂત્રમાં દૈ આદિ પ્રત્યય આદેશમાં જે દ્ ઈત્ દર્શાવ્યો છે તે 'ङित्यदिति ૧.૪.૨૩' સૂત્રમાં अदिति પદ દ્વારા दित् એવા ङित् પ્રત્યયો પરમાં વર્તતા તે સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થઈ શકે તે માટે દર્શાવ્યો છે.

(4) દૃષ્ટાંત -

| | (i) बुद्ध्यै | (ii) बुद्ध्याः | (iii) बुद्ध्याम् |
|---|---|---|---|
| | बुद्धि + ङे | बुद्धि + ङसि/ङस् | बुद्धि + ङि |
| * 'स्त्रिया ङितां० ૧.૪.૨૮' → | बुद्धि + दै | बुद्धि + दास् | बुद्धि + दाम् |
| * 'इवर्णादे० ૧.૨.૨૧' → | बुद्ध्य् + दै | बुद्ध्य् + दास् | बुद्ध्य् + दाम् |
| * 'सो रुः ૨.૧.૭૨' → | ↓ | बुद्ध्यार् | ↓ |
| * 'रः पदान्ते० ૧.૩.૫૩' → | ↓ | बुद्ध्याः | ↓ |
| | = बुद्ध्यै। | = बुद्ध्याः। | = बुद्ध्याम्। |

(A) सर्वत्र विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः।

**(iv)** बुद्धये — ✻ बुद्धि + ङे , ✻ 'ङित्यदिति १.४.२३' → बुद्धे + ङे , ✻ 'एदैतो० १.२.२३' → बुद्धय् + ङे = बुद्धये।

**(v)** बुद्धेः — ✻ बुद्धि + ङसि/ङस्, ✻ 'ङित्यदिति १.४.२३' → बुद्धे + ङसि, ✻ 'एदोद्भ्यां १.४.३५' → बुद्धे + र् , ✻ 'रः पदान्ते० १.३.५३' → बुद्धेः।

**(vi)** बुद्धौ — ✻ बुद्धि + ङि , ✻ 'ङिर्डौ १.४.२५' → बुद्धि + डौ, ✻ 'ङित्यन्त्य० २.१.११४' → बुद्ध् + डौ = बुद्धौ।

| | **(vii)** धेन्वै | **(viii)** धेन्वाः | **(ix)** धेन्वाम् |
|---|---|---|---|
| | धेनु + ङे | धेनु + ङसि/ङस् | धेनु + ङि |
| ✻ 'स्त्रिया ङितां० १.४.२८' → | धेनु + दै | धेनु + दास् | धेनु + दाम् |
| ✻ 'इवर्णादे० १.२.२१' → | धेन्व् + दै | धेन्व् + दास् | धेन्व् + दाम् |
| ✻ 'सो रुः २.१.७२' → | ↓ | धेन्वार् | ↓ |
| ✻ 'रः पदान्ते० १.३.५३' → | ↓ | धेन्वाः | ↓ |
| | = धेन्वै। | = धेन्वाः। | = धेन्वाम्। |

**(x)** धेनवे — ✻ धेनु + ङे , ✻ 'ङित्यदिति १.४.२३' → धेनो + ङे , ✻ 'ओदौतो० १.२.२४' → धेनव् + ङे = धेनवे।

**(xi)** धेनोः — ✻ धेनु + ङसि/ङस्, ✻ 'ङित्यदिति १.४.२३' → धेनो + ङसि/ङस्, ✻ 'एदोद्भ्यां० १.४.३५' → धेनो + र् , ✻ 'रः पदान्ते० १.३.५३' → धेनोः।

**(xii)** धेनौ — ✻ धेनु + ङि , ✻ 'ङिर्डौ १.४.२५' → धेनु + डौ, ✻ 'ङित्यन्त्य० २.१.११४' → धेन् + डौ = धेनौ।

આ ज प्रमाणे [A]मुष्ट्यै, मुष्टये, इष्वै, इषवे विगेरे प्रयोगनी साधनिका समजी लेवी. अने जीवानां पति = जीवपति तेना जीवपत्यै अने जीवपतये प्रयोग, कन्या पतिर्यस्य यस्याः वा = कन्यापति तेना

---

(A) (i) 'संपिण्डिताङ्गुलिः करः मुष्टिः (मालाकोष) → भेगी करेली आंगळीवाळा हाथने मुष्टि कहेवाय.' मुष्टि शब्द पुं-स्त्री उभयलिंगी छे. (ii) इषु शब्द त्रिलिंग छे. (iii) पावके शुचिः मास्यमात्ये चात्युपधे पुंसि मेध्ये सिते त्रिषु (अमरकोष का.३ वर्ग-४, श्लोक २९) पावके = अग्नि, मासि = अषाढ, अमात्ये = सचिव, उपधे = धर्म आदिना परीक्षाणथी शुद्ध चित्त' आ अर्थोमां शुचि शब्द पुंलिंग छे अने 'मेध्ये = पवित्र तेमज सिते = शुभ' आ अर्थमां ते त्रिलिंग छे. (iv) 'काष्टे तु कृच्छ्रगहने दक्षामन्दागदेषु तु। पटु द्वौ वाच्यलिङ्गौ च (अमरकोष का.३ वर्ग.४ श्लोक-४२) → कष्ट शब्द 'कृच्छ्र = दुःख अने गहन = महावन' अर्थमां वर्ते छे अने पटु शब्द 'दक्ष = उद्योगी, अमन्द = स्फूर्तिवाळो अने अगद् = निरोग' अर्थमां वर्ते छे. आ बन्ने शब्दो वाच्यलिंग = त्रिलिंग छे.' (v) 'पतिर्धवे ना त्रिष्वीशे (विश्व.) → धवार्थक पति शब्द पुंलिंग छे. ज्यारे ईशार्थक ते त्रिलिंग छे. आ बधी वातने नजरमां राखता यथायोग्य अर्थने लईने ज्यारे आ शब्दो स्त्रीलिंगमां वर्तता होय त्यारे तेओ आ सूत्रना विषय बनशे.

कन्यापत्यै અને कन्यापतये પ્રયોગ, प्रिया बुद्धिर्यस्य यस्या वा = प्रियबुद्धि તેના प्रियबुद्ध्यै અને प्रियबुद्धये પ્રયોગ, शकटिमतिक्रान्ताऽतिक्रान्तो वा = अतिशकटि તેના अतिशकट्यै અને अतिशकटये વિગેરે પ્રયોગ પૂર્વવત્ સિદ્ધ કરી લેવા. અહીં कन्यापति વિગેરે સમાસસ્થળે સામાસિકશબ્દથી વાચ્યપદાર્થ પુંલિંગ હોવા છતાં સમાસવર્તી पति વિગેરે શબ્દો સ્ત્રીલિંગ હોવાથી તેનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોનાં આ સૂત્રથી ै વિગેરે આદેશ થશે.

**(5)** અહીં યાદ રાખવું કે कन्या पतिर्यस्य तद् = कन्यापति વિગેરે સમાસસ્થળે સમાસ પામેલા શબ્દથી વાચ્યપદાર્થ નપુંસકલિંગ હોય ત્યારે कन्यापति + ङस् અવસ્થામાં પર એવા 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् નો આગમ થતાં कन्यापतिन् + ङस् = कन्यापतिनः પ્રયોગ થશે અને જ્યારે 'वान्यतः पुमान्० १.४.६२' સૂત્રથી (સમાસાર્થ આદિ) વિશેષ્યવશે નપુંસકલિંગમાં વર્તતા નામ્યન્ત નપુંસકલિંગ નામને વિકલ્પે પુંવદ્ભાવ થાય ત્યારે 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રોક્ત न् આગમનો નિષેધ થવાથી પુંવદ્ભાવ અવસ્થામાં જ વિકલ્પે લાગતા આ સૂત્રની પ્રવૃત્તિ થતાં कन्यापत्याः અને ન થાય ત્યારે कन्यापतेः પ્રયોગ થશે. આમ નપુંસકલિંગમાં સમાસ પામેલ कन्यापति વિગેરે શબ્દોના ત્રણ પ્રયોગ થશે.

**(6)** અન્ય **चांद्रव्याकरण**ના રચયિતા **चंद्रगोमी** વિગેરે જ્યારે कन्यापत्नि આદિ સમાસસ્થળે સામાસિક શબ્દથી વાચ્ય પદાર્થ પુલ્લિંગ હોય અને સમાસવર્તી पति વિગેરે શબ્દો સ્ત્રીલિંગ હોય ત્યારે તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયનાં આ સૂત્રથી ै વિગેરે આદેશ ઇચ્છતા નથી. તેથી તેમના મતે प्रियबुद्धये અને प्रियधेनवे पुरुषाय પ્રયોગ જ થશે.

અહીં અન્યકારના મતને દર્શાવવા ગ્રંથકારશ્રીએ 'अन्ये' આમ બહુવચનાન્ત નિર્દેશ કર્યો છે, તેથી જણાય છે કે ગ્રંથકારશ્રીને પણ અન્યકારનો મત સંમત છે.

**शंका :-** જો ગ્રંથકારશ્રીને અન્યનો મત સંમત છે તો તેઓ પોતાના વ્યાકરણના સૂત્રથી આ વાત શી રીતે સિદ્ધ કરશે ?

**समाधान :-** આગળના 'स्त्रीदूतः १.४.२९' સૂત્રમાં જે स्त्री શબ્દ છે તેનો ત્યાંથી વિચ્છેદ કરીને આ સૂત્રમાં ગ્રહણ કરી ગ્રંથકારશ્રી પોતાને ઇષ્ટ એવો અન્યકારનો મત સ્વરચિત સૂત્રથી સિદ્ધ કરશે. તે આ રીતે -- 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી स्त्री શબ્દનો વિચ્છેદ કરીને આ સૂત્રમાં ગ્રહણ કરવાથી આ સૂત્રનો અર્થ 'સ્ત્રીલિંગમાં વર્તતા इ કારાન્ત-उ કારાન્ત નામથી પરમાં રહેલા ङित् પ્રત્યયના ै-दास्-दाम् આદેશ થાય છે. પણ જો તે इ કારાન્ત-उ કારાન્ત નામથી સ્ત્રીલિંગ પદાર્થ અભિધેય (વાચ્ય) હોય તો' આવો થશે. અહીં 'જો તે इ કારાન્ત-उ કારાન્ત નામથી સ્ત્રીલિંગ પદાર્થ અભિધેય હોય તો' આટલો અર્થ 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી વિચ્છેદીને આ સૂત્રમાં

ગ્રહણ કરેલા સ્ત્રી શબ્દથી પ્રાપ્ત થાય છે. આથી હવે 'જ્યારે બહુવ્રીહિ વિગેરે સમાસ દ્વારા સમાસવર્તી ઇ કારાન્ત-ઉ કારાન્ત ઉત્તરપદ અર્થાન્તરમાં સંક્રાન્ત થાય અર્થાત્ સમાસના વિશેષ્યભૂત અન્યપદાર્થ કે પૂર્વપદાર્થના વિશેષણ તરીકે વર્તે ત્યારે અર્થાન્તરની સંક્રાન્તિપૂર્વે (સમાસપૂર્વની વિગ્રહાવસ્થામાં) ઉત્તરપદભૂત તે નામ સ્ત્રીલિંગ હોવું જોઈએ' આ અર્થ સૂત્રસ્થ સ્ત્રિયાઃ શબ્દથી પ્રાપ્ત થાય છે. અને 'અર્થાન્તરમાં સંક્રાન્તિ પછી પણ અર્થાત્ ઉત્તરપદભૂત ઇ કારાન્ત-ઉ કારાન્ત નામ સમાસના વિશેષ્યભૂત અન્યપદાર્થ કે પૂર્વપદાર્થનું વિશેષણ બન્યા પછી પણ સ્ત્રીલિંગ પદાર્થનું વાચક બનવું (સ્ત્રીલિંગમાં વર્તવું) જોઈએ' આ અર્થ ઉત્તરસૂત્રથી વિચ્છેદીને આ સૂત્રમાં ગ્રહણ કરેલા સ્ત્રી શબ્દથી પ્રાપ્ત થાય છે. અર્થાન્તરમાં સંક્રાન્તિ પછી ઉત્તરપદભૂત સ્ત્રીલિંગ નામ પુંલિંગ પદાર્થનું વિશેષણ બને તો તેનાથી સ્ત્રીલિંગ પદાર્થ વાચ્ય ન બની શકે. આ રીતે 'સમાસરહિત અને બહુવ્રીહ્યાદિ સામાસિક બન્ને અવસ્થામાં ઇ કારાન્ત-ઉ કારાન્ત નામ સ્ત્રીલિંગમાં વર્તવું જોઈએ' આવો અર્થ નિર્ણય થવાથી અન્યકારનો મત આચાર્યશ્રીના રચેલા સૂત્રથી સિદ્ધ થઈ જાય છે.

(7) અન્ય ***'ક્ષીરતરંગિણી'*** ના રચયિતા ***'ક્ષીરસ્વામી'*** એમ માને છે કે જ્યારે કન્યાપતિ વિગેરે સમાસસ્થળે સામાસિકપદવાચ્ય પદાર્થ પુંલિંગ હોય ત્યારે ઙ તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના આ સૂત્રથી ઐ વિગેરે આદેશો થાય છે. તેથી તેમના મતે અતિશકટ્યૈ, પ્રિયધેન્વૈ, કન્યાપત્યૈ પુરુષાય વિગેરે પુંલિંગ સમાસાર્થ સ્થળે ઙ આ સૂત્રથી ઐ આદિ આદેશો થશે, પણ અતિશકટ્યૈ, પ્રિયધેન્વૈ, કન્યાપત્યૈ સ્ત્રિયૈ વિગેરે સ્ત્રીલિંગ સમાસાર્થ સ્થળે આ આદેશો ન થવાથી અતિશકટયે, પ્રિયધેનવે, કન્યાપતયે પ્રયોગો ઙ થશે.

અહીં ***'ક્ષીરસ્વામી'*** નો આ મત ભાષ્યકાર ***'શ્રી પતંજલી'*** વિગેરેના મત દ્વારા વિરુદ્ધપણે ખંડિત કરાયો છે અને ગ્રંથકારશ્રીને પણ તે ઙ ઈષ્ટ હોવાથી તેમણે ***'ક્ષીરસ્વામી'*** ના મતને દર્શાવતા એકવચનાન્ત પ્રયોગ કર્યો છે. અહીં અન્યે અને અન્યઃ આમ અનુક્રમે બહુવચનાન્ત અને એકવચનાન્ત પ્રયોગ ઉપરથી સમજી શકાય છે કે જ્યાં ગ્રંથકારશ્રીને અન્ય વ્યાકરણકારનો મત સંમત હોય છે ત્યાં તેઓશ્રી તેમનાં મતને દર્શાવવા અન્યે, એકે વિગેરે બહુવચનાન્ત પ્રયોગ કરે છે અને જ્યારે તેમનો મત ઈષ્ટ નથી હોતો ત્યારે તેઓશ્રી તેમના મતને દર્શાવવા અન્યઃ, કશ્ચિદ્ વિગેરે એકવચનાન્ત પ્રયોગ કરે છે. જેમકે - 'केवलसखिपतेरौ १.४.२६' સૂત્રની બૃહદ્વૃત્તિમાં 'पतावित कश्चित्' આમ એકવચનાન્ત નિર્દેશ કરી તેના બૃ. ન્યાસમાં જણાવ્યું છે કે ***'कश्चिदित्येकवचननिर्देशोऽवज्ञार्थ इति'.***

(8) ઇ કારાન્ત-ઉ કારાન્ત સ્ત્રીલિંગ નામને ઙ લઈને આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

**(a) મુનયે — * મુનિ + ङे * 'ङित्यदिति १.४.२३' → મુને + ङे , * 'एदैतो० १.२.२३' → મુનય્ + ङे = મુનયે।**

**(b)** साधवे — ✻ साधु + ङे, ✻ 'ङित्यदिति १.४.२३' → साधो + ङे , ✻ 'ओदौतो० १.२.२४' → साधव् + ङे = साधवे।

અહીં બન્ને નામો પુંલિંગ હોવાથી તેનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના આ સૂત્રથી दै વિગેરે આદેશ ન થયા.

**(9)** આ સૂત્રની પ્રવૃત્યર્થે સ્ત્રીલિંગ નામ इ કારાન્ત-उ કારાન્ત જ હોવું જોઈએ એવું કેમ ?

**(a)** गवे **(b)** नावे — ✻ गो + ङे અને नौ + ङे, ✻ 'ओदौतो० १.२.२४' → गव् + ङे = गवे અને नाव् + ङे = नावे।

અહીં સ્ત્રીલિંગ નામ इ કારાન્ત-उ કારાન્ત ન હોવાથી આ સૂત્રથી તેનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના दै વિગેરે આદેશો ન થયા ।।૨૮।।

## स्त्रीदूतः[1] ।।१.४.२९।।

**बृ.वृ.-नित्यस्त्रीलिङ्गादीकारान्तादूकारान्ताच्च शब्दात् परेषां तत्सम्बन्धिनामन्यसम्बन्धिनां वा स्यादेर्ङितां स्थाने यथासंख्यं 'दै, दास्, दास्, दाम्' इत्येते आदेशा भवन्ति। नद्यै[2], नद्याः, नद्याः, नद्याम् ; लक्ष्म्यै, लक्ष्म्याः, लक्ष्म्याः, लक्ष्म्याम् ; कुरोरपत्यं स्त्री "दुनादि०" (६.१.११८) इत्यादिना ञ्यः, तस्य "कुरोर्वा" (६.१.१२२) इति लुपि, "उतोऽप्राणिनश्च०" (२.४.७३) इत्यादिनोङि कुरूः, कुर्वै, कुर्वाः, कुर्वाः, कुर्वाम् ; वध्वै, वध्वाः, वध्वाः, वध्वाम् ; एवम्—ब्रह्मबन्ध्वै, ब्रह्मबन्ध्वाः २, ब्रह्मबन्ध्वाम् ; वर्षाभ्वै, वर्षाभ्वाः २, वर्षाभ्वाम् ; अतिलक्ष्म्यै अतितन्त्र्यै अतिवध्वै स्त्रियै पुरुषाय वा ; कुमारीमिच्छतीति क्यनन्तात् कुमारीवाचरतीति क्विबन्ताद् वा कर्तरि क्विप् कुमारी, तस्मै कुमार्यै ब्राह्मणाय ब्राह्मण्यै वा ; खरकुटीव खरकुटी, तस्मै खरकुट्यै ब्राह्मणाय ब्राह्मण्यै वा। स्त्रियाः[3] इत्यनुवर्तमाने पुनः स्त्रीग्रहणं नित्यस्त्रीविषयार्थम्, तेनेह न भवति—ग्रामण्ये खलप्वे स्त्रियै। ईदूतः[5] इति किम्? मात्रे, दुहित्रे, बुद्ध्ये, धेनवे। 'आमलक्याः[4] फलाय आमलकाय, अतिकुरवे, अतिकुमारये' इत्यत्रेदूत इति वर्णविधित्वेन स्थानिवद्भावाभावादीकारोकारान्तता नास्तीति न भवति। ङितामित्येव[6]? नद्यः, वध्वः।।२९।।**

---

**सूत्रार्थ :-** નિત્યસ્ત્રીલિંગ इ કારાન્ત અને उ કારાન્ત શબ્દથી પરમાં રહેલા તેના સંબંધી કે અન્ય સંબંધી સ્યાદિ ङे-ङसि-ङस्-ङि પ્રત્યયના અનુક્રમે दै-दास्-दास्-दाम् આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ ईच्च ऊच्च = ईदूत् (स.द्व.)। स्त्रियामीदूत् = स्त्रीदूत् (स.तत्)। तस्मात् = स्त्रीदूतः।

**विवरण :-** **(1) शंका :-** જો સૂત્રસ્થ स्त्रीदूतः પદસ્થળે स्त्रीयामीदूत् = स्त्रीदूत् આમ સપ્તમીતત્પુરુષ સમાસ કરીએ તો 'સ્ત્રીલિંગમાં વિહિત इ કાર-उ કાર' આવો અર્થ થવાથી અનુક્રમે 'उणादि -७११,७१५,८४३' સૂત્રોથી

ઈ-ઊ પ્રત્યય લાગી નિષ્પન્ન તન્ત્રી, લક્ષ્મી, ભ્રૂ વિગેરે કૃદન્ત સ્ત્રીલિંગ નામ સ્થળે તેમજ શ્રિ (શ્રિગ્) ધાતુને 'દિવ્યુદ્૦ ૫.૨.૮૩' સૂત્રથી ક્વિપ્ પ્રત્યય લાગી નિપાતનથી દીર્ઘ ઈ કારાન્ત રૂપે નિષ્પન્ન શ્રી વિગેરે ધાતુસ્ત્રીલિંગ(A) નામ સ્થળે જે ઈ-ઊ પ્રત્યયો થયા છે તે 'સ્ત્રિયાં નૃતો૰ ૨.૪.૧' અને 'ઉતોઽપ્રાણિન૰ ૨.૪.૭૩' વિગેરે સૂત્રથી થતા ङी અને ऊङ् પ્રત્યયની જેમ સ્ત્રીલિંગમાં(B) વિહિત ન હોવાથી તન્ત્રી વિગેરે સ્ત્રીલિંગ નામથી પરમાં ङित् પ્રત્યયના આ સૂત્રથી दै આદિ આદેશ નહીં થઈ શકે.

**સમાધાન :-** આ આપત્તિ નહીં આવે. કેમ કે અમે સ્ત્રીદૂત્ નો સપ્તમીતત્પુરૂષ સમાસ રૂપે વિગ્રહ ન કરતા 'સ્ત્રિયાવીદૂતૌ યસ્ય તત્ = સ્ત્રીદૂત્' આમ બહુવ્રીહિસમાસ રૂપે વિગ્રહ કરીશું. તેથી હવે 'સ્ત્રીલિંગ એવા ઇ કાર-ઉ કાર છે જેને તે સ્ત્રીદૂત્' આવો અર્થ થવાથી સ્ત્રીલિંગમાં વર્તતા ङी અને ऊङ् પ્રત્યયાન્ત નામોની જેમ સ્ત્રીલિંગમાં વર્તતા તન્ત્રી, લક્ષ્મી, શ્રી, ભ્રૂ વિગેરે શબ્દોને પણ સ્ત્રીલિંગ એવા ઇ કાર-ઉ કાર અંતે હોવાથી સ્ત્રીદૂત્ એવા તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી दै વિગેરે આદેશ થઈ શકશે.

**શંકા :-** અહીં પણ આપત્તિ આવશે જ. કારણ ક્યારે પણ સમુદાય એ જ સ્ત્રીલિંગ હોય સમુદાયના અવયવો નહીં. અર્થાત્ પ્રસ્તુતસ્થળે તન્ત્રી, લક્ષ્મી, શ્રી, ભ્રૂ વિગેરે પ્રત્યય-પ્રકૃતિનો સમુદાય જ સ્ત્રીલિંગ કહેવાય પણ તન્ત્રી વિગેરે સમુદાયના અવયવભૂત કેવળ તન્ત્ર્, લક્ષ્, શ્રિ, ભ્રમ્ વિગેરે ધાતુ રૂપ પ્રકૃતિ કે પછી ઉણાદિ સૂત્ર ૭૧૧, ૭૧૫, ૮૪૩ તેમજ 'દિવ્યુદ્૦ ૫.૨.૮૩' સૂત્રથી થતા કેવળ ई અને ऊ પ્રત્યય સ્ત્રીલિંગ ન કહેવાય. તેથી તમે દર્શાવેલા બહુવ્રીહિના વિગ્રહ પ્રમાણે તન્ત્રી વિગેરે સ્ત્રીલિંગ શબ્દ સ્થળે સ્ત્રીલિંગ એવા ઈ કાર- ઊ કાર ન સંભવી શકતા હોવાથી તન્ત્રી વિગેરે શબ્દનું બહુવ્રીહિના વિગ્રહ પ્રમાણે સ્ત્રીદૂત્ રૂપે ગ્રહણ ન થતા તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી दै વિગેરે આદેશ ન થઈ શકવાની આપત્તિ પૂર્વવત્ ઊભી જ રહે છે.

**સમાધાન :-** તમે અમને બન્ને પક્ષે આપત્તિ દર્શાવી. પણ એકે પક્ષે આપત્તિ નહીં આવે. કારણ કે પ્રથમપક્ષે અમે જે સ્ત્રિયામીદૂત્ = સ્ત્રીદૂત્ આ પ્રમાણે સપ્તમીતત્પુરૂષ સમાસ કર્યો છે તેનો 'સ્ત્રીલિંગમાં વિહિત ઈ કાર- ઊ કારથી પરમાં રહેલા' એવો અર્થ ન થતા 'સ્ત્રીલિંગમાં વર્તતા ઈ કારાન્ત-ઊ કારાન્ત નામથી પરમાં રહેલા' આવો અર્થ થશે. તેથી તન્ત્રી, લક્ષ્મી, શ્રી, ભ્રૂ વિગેરે શબ્દો ***'इत् तु प्राण्यङ्गवाचि स्यादीदूदेकस्वरं कृतः।।(C)'***

---

(A) શ્રિ (શ્રિગ્) ધાતુને કૃદન્તનો ક્વિપ્ પ્રત્યય લાગવાથી નિષ્પન્ન શ્રી નામનો આમ તો કૃદન્ત સ્ત્રીલિંગ નામોમાં સમાવેશ થઈ શકે. પણ અહીં **'क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते'** ન્યાયને આશ્રયીને તેને ધાતુ ગણી ધાતુસ્ત્રીલિંગ નામ રૂપે પૃથગ્ જણાવ્યું છે.

(B) 'સ્ત્રિયાં નૃતો૰ ૨.૪.૧' અને 'ઉતોઽપ્રાણિન૰ ૨.૪.૭૩' વિગેરે સૂત્રમાં 'સ્ત્રીલિંગમાં ङी અને ऊङ् પ્રત્યયો થાય છે' આ રીતે વિધાન કરેલું હોવાથી ङी અને ऊङ् પ્રત્યયો સ્ત્રીલિંગમાં વિહિત છે એમ કહેવાય. પણ 'ઉણા૰ ૭૧૧, ૭૧૫, ૮૪૩' અને 'દિવ્યુદ્૦ ૫.૨.૮૩' સૂત્રમાં 'સ્ત્રીલિંગમાં ई અને ऊ પ્રત્યય થાય છે' એમ વિધાન ન હોવાથી તેઓ સ્ત્રીલિંગમાં વિહિત ન કહેવાય.

(C) ईकारान्तमूकारान्तं च एकस्वरं नाम स्त्रीलिङ्गम्, कृत्सम्बन्धिनौ यावीदुतौ तदन्तं नाम स्त्रीलिंगम्(लिङ्गा०२/४)।

(લિङ्गा० स्त्री० प्रक० श्लो०४) પાઠને અનુસારે સ્ત્રીલિંગમાં વર્તતા ઈ કારાન્ત-ઊ કારાન્ત નામો હોવાથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી દૈ વિગેરે આદેશ થઈ શકશે અને બીજા પક્ષે પણ સમુદાયના ધર્મનો તેના અવયવમાં આરોપ કરવા દ્વારા સમુદાય માટે વપરાતા શબ્દથી અવયવનો વ્યપદેશ (કથન) થઈ શકે છે. અર્થાત્ જેમ શરીરના અવયવભૂત હસ્તાદિમાં શરીરત્વ ધર્મનો આરોપ કરી તેનો શરીર રૂપે વ્યપદેશ થઈ શકે છે (એટલે કે હાથ વિગેરેને માટે જેમ શરીર શબ્દ વાપરી શકાય છે) તેમ પ્રસ્તુતસ્થળે તન્ત્રી વિગેરે સ્ત્રીલિંગ શબ્દોના અવયવભૂત ઈ-ઊ પ્રત્યયોમાં પણ તન્ત્રી વિગેરે સ્ત્રીલિંગ શબ્દોમાં રહેલા સ્ત્રીલિંગત્વ ધર્મનો આરોપ કરી સ્ત્રીલિંગ રૂપે વ્યપદેશ થઈ શકે છે. તેથી 'स्त्रियावीदूतौ यस्य तत् = स्त्रीदूत्' આમ બહુવ્રીહિના વિગ્રહ પ્રમાણે તન્ત્રી વિગેરે શબ્દોને સ્ત્રીલિંગ એવા ઈ કાર-ઊ કાર સંભવી શકવાથી તેમનું સ્ત્રીદૂત્ રૂપે ગ્રહણ થઈ શકતા સ્ત્રીદૂત્ એવા તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી દૈ વિગેરે આદેશ થઈ શકશે.

| (2) दृष्टांत - | (i) नद्यै | (ii) नद्याः | (iii) नद्याः | (iv) नद्याम् |
|---|---|---|---|---|
| | नदी + ङे | नदी + ङसि | नदी + ङस् | नदी + ङि |
| * 'स्त्रीदूतः १.४.२९' → | नदी + दै | नदी + दास् | नदी + दास् | नदी + दाम् |
| * 'इवर्णादे० १.२.२१' → | नद्य् + दै | नद्य् + दास् | नद्य् + दास् | नद्य् + दाम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | नद्यार् | नद्यार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | नद्याः | नद्याः | ↓ |
| | = नद्यै। | = नद्याः। | = नद्याः। | = नद्याम्। |

લક્ષ્મી શબ્દની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી અને કુરુ શબ્દને कुरोरपत्यं स्त्री આમ સ્ત્રી અપત્ય અર્થમાં 'दुनादिकुर्वित्० ६.१.११८' સૂત્રથી ञ्यः (य) પ્રત્યય લાગતા તેનો 'कुरोर्वा ६.१.१२२' સૂત્રથી લોપ થયા બાદ 'उतोऽप्राणिन० २.४.७३' સૂત્રથી સ્ત્રીલિંગનો ऊङ् પ્રત્યય લાગી નિષ્પન્ન કુરુઃ શબ્દના પ્રયોગો (v) कुर्वै (vi) कुर्वाः (vii) कुर्वाः (viii) कुर्वाम् આવા થશે.

| | (v) कुर्वै | (vi) कुर्वाः | (vii) कुर्वाः | (viii) कुर्वाम् |
|---|---|---|---|---|
| | कुरु + ङे | कुरु + ङसि | कुरु + ङस् | कुरु + ङि |
| * 'स्त्रीदूतः १.४.२९' → | कुरु + दै | कुरु + दास् | कुरु + दास् | कुरु + दाम् |
| * 'इवर्णादे० १.२.२१' → | कुर्व् + दै | कुर्व् + दास् | कुर्व् + दास् | कुर्व् + दाम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | कुर्वार् | कुर्वार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | कुर्वाः | कुर्वाः | ↓ |
| | = कुर्वै। | = कुर्वाः। | = कुर्वाः। | = कुर्वाम्। |

વધૂ, ब्रह्मा बन्धुरस्य = ब्रह्मबन्धु અને 'उतोऽप्राणिन० २.४.७३' થી ऊङ् પ્રત્યય લાગતા ब्रह्मबन्धू, वर्षासु भवतीति क्विप् = वर्षाभू, लक्ष्मीमतिक्रान्ताऽतिक्रान्तो वा = अतिलक्ष्मी, अतितन्त्री, अतिवधू આ બધા શબ્દોની સાધનિકા

પૂર્વે બતાવેલા નદી અને કુરુ શબ્દો પ્રમાણે સમજી લેવી. માત્ર એટલું વિશેષ કે વર્ષાભૂ શબ્દને ડૈ વિગેરે પ્રત્યયાદેશો પરમાં વર્તતા અંત્ય ઊ નો વ્ આદેશ 'ઙ્પુનર્વર્ષા૦ ૨.૧.૫૯' સૂત્રથી થશે. અને ❋ **કુમારિમિચ્છતિ અર્થમાં 'અમાવ્યયાત્૦ ૩.૪.૨૩' → કુમારી + ક્યન્ = કુમારીય (ધાતુ), ❋ 'ક્વિપ્ ૫.૧.૧૪૮' → કુમારીયતીતિ ક્વિપ્ = કુમારીય + ક્વિપ્, ❋ 'અતઃ ૪.૩.૮૨' → કુમારીય્ + ક્વિપ્, ❋ 'વ્યોઃ પ્વય્૦ ૪.૪.૧૨૧' → કુમારી + ક્વિપ્ (૦) = કુમારી** નામના પ્રયોગ નદી શબ્દવત્ સમજવા. અથવા બીજી રીતે કહીએ તો ❋ **કુમારીવાચરતિ અર્થમાં 'કર્તુઃ ક્વિપ્૦ ૩.૪.૨૫' → કુમારી + ક્વિપ્ (૦) = કુમારી (ધાતુ), ❋ 'ક્વિપ્ ૫.૧.૧૪૮' → કુમારી + ક્વિપ્ (૦) = કુમારી** નામના પ્રયોગ નદી શબ્દવત્ જાણવા. દા.ત. - કુમાર્યૈ બ્રાહ્મણાય બ્રાહ્મણ્યૈ વા. અહીં આમ તો કુમારી નામ દીર્ઘ ઈ કારાન્ત સ્ત્રીલિંગ નામ હોવાથી તેનાથી પરમાં રહેલા ઙિત્ પ્રત્યયના આ સૂત્રથી ડૈ વિગેરે આદેશ શક્ય જ હતા, છતાં જ્યારે ઉપરોક્ત રીતે ક્યન્, ક્વિપ્ પ્રત્યયોથી નિષ્પન્ન કુમારી નામ પુંલિંગ વિગેરે નામોના વિશેષણ રૂપે અન્યસંબંધી વર્તતું હોય ત્યારે પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે તે દર્શાવવા બૃહદ્વૃત્તિમાં આ પ્રક્રિયા બતાવી છે. તેમજ ખરકુટીવ ખરકુટી[A] આમ અહીં સાદશ્ય હોવાથી ઉપમાન ઉપમેયભાવ છે અને અભેદ ઉપચાર[B] હોવાથી ઇવ શબ્દનો પ્રયોગ ન થતા તેનો ખરકુટ્યૈ બ્રાહ્મણાય બ્રાહ્મણ્યૈ વા આવો પ્રયોગ થાય છે. તેના રૂપો નદી શબ્દવત્ થશે.

**(3) શંકા :-** પૂર્વસૂત્રથી સ્ત્રિયાઃ ની અનુવૃત્તિ આવતી હતી તો આ સૂત્રમાં પુનઃ સ્ત્રી શબ્દનું ગ્રહણ શા માટે કર્યું છે ?

---

(A) જુઓ 'ઉપમાનં સામાન્યૈઃ ૩.૧.૧૦૧' સૂત્રમાં શસ્ત્રીશ્યામા નો વિગ્રહ શસ્ત્રીવ શસ્ત્રી અને શસ્ત્રી ચાસૌ શ્યામા ચ = શસ્ત્રીશ્યામા દર્શાવ્યો છે. પ્રસ્તુત સ્થળે ઉપમાનોપમેયભાવ છે, પણ સમાસ ન વર્તતા ખરકુટી બ્રાહ્મણો બ્રાહ્મણી વા આમ પ્રયોગ દર્શાવ્યો છે.

(B) અહીં ખરકુટી = હજામની દુકાન. ખરકુટી બ્રાહ્મણો બ્રાહ્મણી વા નો અર્થ 'હજામની દુકાન સ્વરૂપ બ્રાહ્મણ કે બ્રાહ્મણી' ન થતા 'હજામના દુકાન જેવો બ્રાહ્મણ કે બ્રાહ્મણી' આવો થશે. કારણ કે બ્રાહ્મણ કે બ્રાહ્મણી ક્યારેય હજામની દુકાન રૂપે સંભવી શકે નહીં, પણ અભેદ ઉપચાર કરવાથી આવો પ્રયોગ થઈ શકે છે. જેમકે - સિંહો માણવકઃ આ અભેદ ઉપચારવાળો પ્રયોગ છે. કારણ કે મનુષ્ય ક્યારેય સિંહ રૂપે સંભવી શકે નહીં. તેથી અહીં સિંહસદૃશો માણવકઃ આવો અર્થ થાય છે. એ જ રીતે લોક વ્યવહારમાં પણ અતિધાર્મિક સંસારી વ્યક્તિને માટે 'આ સાધુ છે' આમ અભેદ ઉપચારવાળો પ્રયોગ કરાય છે. પણ સંસારી ક્યારેય સાધુ રૂપે સંભવી શકે નહીં તેથી તે સ્થળે 'આ સાધુ જેવો છે' આ પ્રમાણે અર્થ પ્રતીત થાય છે. આ જ રીતે ઇવ કે સદૃશ શબ્દના અભાવે પ્રસ્તુતસ્થળે પણ સમજી લેવું. અહીં ઉપમેય એવા બ્રાહ્મણ કે બ્રાહ્મણીને હજામના દુકાનની ઉપમા એટલા માટે આપી છે કે જેમ હજામની દુકાન લોકોના કપાયેલા વાળથી ભરાયેલી હોવાથી વાળવાળી હોય છે તેમ આ બ્રાહ્મણ કે બ્રાહ્મણી પણ પોતાના શરીર ઉપર ઉગેલા ઘણા કેશવાળા હોવાથી હજામની દુકાન જેવા છે. (જુઓ ૧.૧.૨૯ બૃ.ન્યાસ)

**સમાધાન :-** 'स्त्रिया ङितां वा० १.४.२८' આ પૂર્વસૂત્રમાં રહેલા સ્ત્રી શબ્દના કારણે સ્ત્રીલિંગમાં વર્તતા ઇ કારાન્ત- ઉ કારાન્ત શબ્દનું તે સૂત્રમાં ગ્રહણ થતું હતું. પરંતુ 'તે શબ્દ સ્ત્રીલિંગમાં જ વર્તે તેવો જોઈએ બીજા લિંગમાં નહીં' આવો કોઈ નિયમ તત્સૂત્રસ્થ સ્ત્રી શબ્દને લઈને થઈ શકતો ન હતો. તેથી તે સૂત્રમાં પુંલિંગ અને સ્ત્રીલિંગ એમ ઉભયલિંગમાં વર્તતા इषु , अशनि[A] વિગેરે શબ્દો તેમજ ગુણવચન[B] હોવાથી ત્રણે લિંગમાં વર્તતા पटु વિગેરે શબ્દો પણ જ્યારે સ્ત્રીલિંગમાં વર્તતા હોય ત્યારે તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના વિકલ્પે दै આદિ આદેશો થઈ શકતા હતા. પરંતુ આ સૂત્રમાં તો જ દીર્ઘ ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દો માત્ર સ્ત્રીલિંગમાં જ વર્તે તેવા હોય અર્થાત્ નિત્યસ્ત્રીલિંગ હોય તેમનાથી જ પરમાં રહેલા ङित् પ્રત્યયોના दै વિગેરે આદેશો કરવા ઈષ્ટ છે. પૂર્વસૂત્રાનુવૃત स्त्रियाः શબ્દથી 'સ્ત્રીલિંગ એવા ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દથી' આટલો જ અર્થ પ્રાપ્ત થતા 'નિત્ય સ્ત્રીલિંગ એવા ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દથી' આવા અર્થની પ્રાપ્ત્યર્થે સૂત્રમાં પુનઃ સ્ત્રી શબ્દનું ગ્રહણ કર્યું છે. તેથી હવે જ દીર્ઘ ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દો ત્રિલિંગ હશે તેમને વર્જીને માત્ર સ્ત્રીલિંગમાં જ વર્તતા દીર્ઘ ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દોથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના આ સૂત્રથી दै વિગેરે આદેશો થઈ શકશે. તેથી ग्रामं नयतीति क्विप् = ग्रामं नी અને खलं पुनातीति क्विप् = खलंपू અવસ્થામાં क्विप् પ્રત્યયાન્ત નામ બનેલા नी અને पू નો 'ङस्युक्तं कृता ३.१.४९' સૂત્રથી અનુક્રમે ગ્રામ અને ખલ શબ્દની સાથે તત્પુરુષસમાસ થતા તેમજ 'ग्रामाग्रान्नियः २.१.७१' સૂત્રથી ગ્રામ શબ્દથી પરમાં રહેલા नी શબ્દના न् નો ण् આદેશ થવાથી નિષ્પન્ન ગ્રામણી અને ખલપૂ શબ્દો ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક હોવાના કારણે ત્રિલિંગ હોવાથી તેઓ સ્ત્રીલિંગ શબ્દના વિશેષણ તરીકે સ્ત્રીલિંગમાં વર્તતા હોય તો પણ નિત્યસ્ત્રીલિંગ ન હોવાથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી दै વિગેરે આદેશ નહીં થાય. તેથી આ સૂત્રથી ગ્રામણ્યૈ સ્ત્રિયૈ અને ખલપ્વૈ સ્ત્રિયૈ પ્રયોગ ન થતા ગ્રામણી + ङे અને ખલપૂ + ङे અવસ્થામાં 'क्विब्वृत्ते० २.१.५८' સૂત્રથી અનુક્રમે ઈ નો य् અને ઊ નો व् આદેશ થવાથી ગ્રામણ્યે સ્ત્રિયૈ અને ખલપ્વે સ્ત્રિયૈ પ્રયોગ થશે.

**શંકા :-** आध्यायतीति क्विप् અને प्रध्यायतीति क्विप् આમ 'दिद्युद्० ५.२.८३' સૂત્રથી क्विप् પ્રત્યય લાગી નિપાતનથી નિષ્પન્ન આધી અને પ્રધી શબ્દો પણ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક હોવાથી ત્રિલિંગ છે. તેથી તેઓ ગ્રામણી વિગેરે શબ્દોની જેમ નિત્યસ્ત્રીલિંગ શબ્દો ન હોવાથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી दै આદિ આદેશ કરી आध्यै અને प्रध्यै પ્રયોગ શી રીતે કરી શકાય ? તે વિચારણીય

---

(A) स्त्री-पुंसयोः स्यादशनिश्चञ्चलायां पतावपि। (गौड०)

(B) ये गुणे वर्तित्वा तद्योगाद् गुणिनि वर्तन्ते ते गुणवचनाः।

છે.(A) તેમજ જે શબ્દો પૂર્વે સ્ત્રીલિંગ પદાર્થના વાચક હોવાથી સ્ત્રીલિંગમાં વર્તતા હોય અને પાછળથી પૂર્વે દર્શાવ્યા મુજબ કુમાર્યૈ બ્રાહ્મણાય વિગેરે ક્વિપ્લુક્ સ્થળે, ખરકુટ્યૈ બ્રાહ્મણાય વિગેરે ઉપમાન-ઉપમેયભાવ હોવાથી અભેદ ઉપચારવાળા સ્થળે કે પછી અતિતન્ત્र્યૈ બ્રાહ્મણાય વિગેરે સમાસસ્થળે પુંલિંગ પદાર્થના વાચક હોવાથી પુંલિંગમાં વર્તતા હોય ત્યારે તેમના સ્ત્રીલિંગત્વની નિવૃત્તિ થઈ જવાથી તેઓ નિત્યસ્ત્રીલિંગ ન કહેવાય. માટે તેમને આશ્રયીને આ સૂત્રપ્રવૃત્તિની પ્રાપ્તિ ન રહે, પરંતુ તેમને આશ્રયીને આ સૂત્રપ્રવૃત્તિ કરવી તો ઈષ્ટ છે. તેથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી ૈ આદિ આદેશ થઈ શકે માટે સૂત્રમાં તમારે પ્રથમ શબ્દ મૂકવો જોઈએ જેથી 'प्रथमस्त्रीदूतः १.४.२९' સૂત્ર બનતા 'પ્રથમ (મૂળ) અવસ્થામાં સ્ત્રીલિંગ એવા ઈ કારાન્ત - ઊ કારાન્ત શબ્દોથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના ૈ વિગેરે આદેશ થાય છે' આ પ્રમાણે સૂત્રનો અર્થ થવાથી ભલે ક્વિપ્લુક્ , અભેદ ઉપચાર કે સમાસસ્થળે વર્તતા કુમારી, ખરકુટી કે તન્ત્રી વિગેરે શબ્દો પુંલિંગમાં વર્તતા હોવાથી સ્ત્રીલિંગ ન ગણાય, છતાં પ્રથમ (મૂળ) અવસ્થામાં તેઓ સ્ત્રીલિંગ રૂપે જ વર્તતા હોવાથી નિત્યસ્ત્રીલિંગ મનાતા તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના ૈ વિગેરે આદેશ થઈ શકે.

**સમાધાન :-** સૂત્રમાં પ્રથમ પદ ન મૂકીએ તો પણ ક્વિપ્લુક્ , અભેદ ઉપચાર કે સમાસસ્થળે આપત્તિ નહીં આવે. કારણ કે આ સર્વસ્થળે અવયવભૂત કુમારી, ખરકુટી અને તન્ત્રી વિગેરે શબ્દોને માત્ર એક નામની અપેક્ષા રાખતું હોવાથી અલ્પનિમિત્તક અંતરંગ સ્ત્રીત્વ (સ્ત્રીલિંગ) પૂર્વે થઈ ચૂકયું છે અને પુનઃ જ્યારે ક્વિપ્લુક્ , અભેદ ઉપચાર કે સમાસ થવાના કારણે પાછળથી બહુનિમિત્તક બહિરંગ પુંલિંગ વિગેરે લિંગાન્તરનો સંબંધ થવાનો પ્રસંગ આવે ત્યારે ***'जातं कार्यं न निवर्तते'*** ન્યાયના કારણે પૂર્વે થયેલા અંતરંગ સ્ત્રીત્વની નિવૃત્તિ ન

(A) પૂ. લાવણ્ય સૂ. મ. સા. સંપાદિત બૃહન્ન્યાસમાં **'ननु आधी-प्रधीशब्दौ .... चिन्त्यमेतदिति'** આટલો પાઠ દર્શાવી માત્ર શંકા ઊભી કરી છે પણ આગળ સમાધાન નથી દર્શાવ્યું જે અધુરૂં લાગે છે. પૂ. ચન્દ્રસાગરગણીજી રચિત આનંદબોધિની ટીકામાં સમાધાન દર્શાવતી પંક્તિઓ મળી આવે છે. → **'चिन्ताबीजं तु आध्यायतीति विग्रहे क्विपि सति ग्रामण्यादिशब्दवत्रित्यस्त्रीविषयाभावः; परन्तु आ-इषत् प्रकृष्टा वा धीर्यस्या इति विग्रहे सुतरां तयोर्नित्यस्त्री-विषयत्वमिति विषमो दृष्टान्तोपन्यासः।'** અર્થ → ક્વિપ્ પ્રત્યય લાગવાથી નિષ્પન્ન ગ્રામણ્યાદિ શબ્દો ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક હોય છે. અર્થાત્ જે શબ્દોની પ્રવૃત્તિ (પ્રયોગ)માં ગ્રામનયનાદિ ક્રિયાઓ નિમિત્ત તરીકે કામ કરતી હોય તેવા પ્રકારના આ શબ્દો છે. જે વ્યક્તિ ગામ લઈ જવું વિગેરે ક્રિયાઓ કરતો હોય તેને માટે આ શબ્દો વપરાતા હોય છે. આથી લઈ જનાર જો પુરૂષ હોય તો તેને માટે વપરાતા ગ્રામણ્યાદિ શબ્દો તેના વિશેષણ બનવાથી પુંલિંગમાં વર્તે અને જો સ્ત્રી કે નપુંસક હોય તો સ્ત્રીલિંગ કે નપુંસકલિંગમાં વર્તે. આથી આ શબ્દો ત્રિલિંગ હોય છે. આધી અને પ્રધી શબ્દો ક્વિપ્ પ્રત્યયાન્ત રૂપે નિષ્પન્ન કરીએ તો તેઓ પણ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક બનવાથી ગ્રામણ્યાદિ શબ્દોની જેમ ત્રિલિંગ મનાતા નિત્યસ્ત્રીલિંગ ન ગણાય. પરંતુ પ્રસ્તુતમાં 'आ/इषत् धीर्यस्याः = आधी' અને 'प्रकृष्टा धीर्यस्याः = प्रधी' આમ બન્ને શબ્દો ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક ન હોય તેવા નિત્યસ્ત્રીલિંગ धी શબ્દને લઈને નિષ્પન્ન થયા હોવાથી નિત્યસ્ત્રીલિંગ ગણાય, માટે તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી ૈ આદિ આદેશ થઈ શકવાથી આધ્યૈ અને પ્રધ્યૈ પ્રયોગ કરી શકાય છે.

થઈ શકે. તેથી અવયવભૂત કુમારી, ખરકુટી અને તન્ત્રી વિગેરે નામો નિત્યસ્ત્રીલિંગ જ ગણાવાથી તેમનાથી પરમાં રહેલા ડિત્ પ્રત્યયના આ સૂત્રથી દૈ વિગેરે આદેશ થઈ શકવાથી સૂત્રમાં પ્રથમ પદના અભાવે પૂર્વોક્ત આપત્તિ નહીં આવે.

**(4) (હવે પછીની વાત ઉપર સાથે સંલગ્ન જ છે.)**

**શંકા :-** જો આમ કહેતા હો તો પુંલિંગમાં વર્તતા આમલકાય, અતિકુરવે અને અતિકુમારયે વિગેરે સ્થળે પણ અવયવભૂત આમલકી, કુરુ અને કુમારી વિગેરે શબ્દો પૂર્વે સ્ત્રીલિંગમાં વર્તતા હોવાથી તેમના સ્ત્રીત્વની પણ નિવૃત્તિ ન થતા નિત્યસ્ત્રીલિંગ જ ગણાય. તેથી આમલક, અતિકુરુ અને અતિકુમારિ શબ્દથી પરમાં રહેલા ડિત્ પ્રત્યયના પણ આ સૂત્રથી દૈ વિગેરે આદેશ થવા જોઈએ, તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** આમલક, અતિકુરુ અને અતિકુમારિ શબ્દો દીર્ઘ ઈ કારાન્ત-ઊ કારાન્ત નથી રહેતા માટે નથી કરતા.

**શંકા :-** 'ङ्यादेर्गौणस्य ૨.૪.૯૫' સૂત્રથી આમલકી ના ડી નો લોપ થવાથી નિષ્પન્ન આમલક નામ સ્થળે લુપ્ત ડી પ્રત્યયનો તેમજ 'गोश्चान्ते० ૨.૪.૯૬' સૂત્રથી અતિકુરુ અને અતિકુમારિ સ્થળે હ્રસ્વ થયેલા ઇ અને ઉ નો 'स्थानीवा० ૭.૪.૧૦૯' સૂત્રથી સ્થાનિવદ્ભાવ મનાવાથી તેઓ દીર્ઘ ઈ કારાન્ત-ઊ કારાન્ત ગણાય. તેથી તેમનાથી પરમાં રહેલા ડિત્ પ્રત્યયના દૈ આદિ આદેશ થવા જોઈએ.

**સમાધાન :-** 'स्थानीवा० ૭.૪.૧૦૯' સૂત્રસ્થ 'अवर्णविधौ' પદ દ્વારા (1) વર્ણથી પરમાં રહેલાને વિધિ (2) વર્ણ પરમાં વર્તતા પૂર્વને વિધિ (3) વર્ણસ્થાને વિધિ (4) વર્ણવ્યવધાન દ્વારા વિધિ અને (5) અપ્રધાનવર્ણાશ્રિત વિધિ; આમ પાંચ પ્રકારની વર્ણવિધિસ્થળે સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો છે. પ્રસ્તુતમાં બૃહદ્વૃત્તિમાં દર્શાવ્યા પ્રમાણે સૂત્રસ્થ ईदूतः પદ શબ્દાત્ પદનું વિશેષણ છે. આથી સૂત્રોક્ત વિધિ ઈ-ઊ વર્ણને આશ્રયીને નહીં પણ ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દોને આશ્રયીને થતી હોવાથી અહીં વર્ણવિધિ ન હોય તેવું લાગે. છતાંય ઈ કારાન્ત-ઊ કારાન્તાર્થક ईदूतः પદ દ્વારા ગૌણપણે ઈ-ઊ વર્ણો જણાતા હોવાથી, તેમજ સૂત્રપ્રવૃત્તિ જેમને અંતે ઈ-ઊ વર્ણો હોય તેવા જ સ્ત્રીલિંગ નામોને આશ્રયીને થતી હોવાથી અહીં પાંચમી અપ્રધાન વર્ણવિધિ છે. તેથી આમલક શબ્દસ્થળે 'ङ्यादेर्गौणस्या० ૨.૪.૯૫' સૂત્રથી લોપાયેલા ડી પ્રત્યયનો તેમજ અતિકુરુ અને અતિકુમારિ શબ્દસ્થળે અનુક્રમે 'गोश्चान्ते० ૨.૪.૯૬' સૂત્રથી હ્રસ્વ થયેલા ઈ કાર-ઊ કારનો સ્થાનિવદ્ભાવ નહીં માની શકાય. આમ આમલક, અતિકુરુ અને અતિકુમારિ શબ્દસ્થળે અવયવભૂત આમલકી, કુરૂ અને કુમારી શબ્દો નિત્યસ્ત્રીલિંગ હોવા છતાં તેમનાથી પરમાં રહેલા ડિત્ પ્રત્યયના આ સૂત્રથી દૈ આદિ આદેશ નહીં થાય.

(5) આ સૂત્રમાં નિત્યસ્ત્રીલિંગ શબ્દો ઈ કારાન્ત-ઊ કારાન્ત જ જોઈએ એવું કેમ ?

**(a) માત્રે (b) દુહિત્રે — * માતૃ + ङे અને દુહિતૃ + ङे, * 'इवर्णादे० १.२.२१' → માત્ર્ + ङे = માત્રે અને દુહિત્ર્ + ङे = દુહિત્રે।**

**(c) બુદ્ધયે (d) ધેનવે — * બુદ્ધિ + ङे અને ધેનુ + ङे, * 'ङित्यदिति १.४.२३' → બુદ્ધે + ङे અને ધેનો + ङे, * 'एदैतो० १.२.२३' → બુદ્ધય્ + ङे = બુદ્ધયે, * 'ओदौतो० १.२.२४' → ધેનવ્ + ङे = ધેનવે।**

**(e) આમલકાય — * 'दोरप्राणिनः ६.२.४९' → आमलक्याः फलं विकारोऽवयवो वा = આમલકી + મયટ્, * 'फले ६.२.५८' → મયટ્ નો લોપ થવાથી આમલકી, * 'ङ्यादेर्गौण० २.४.९५' → આમલકી ના ङી પ્રત્યયનો લોપ થવાથી *'निमित्ताभावे नैमित्तिकस्याप्यभावः'* ન્યાયથી ઉણાદિ પ્રત્યયાન્ત આમલક શબ્દમાંથી આમલકી શબ્દ બનતી વખતે જ ङી પ્રત્યયાત્મક નિમિત્તવશે 'अस्य ङ्याम्० २.४.८६' સૂત્રથી अ નું લોપાત્મક કાર્ય થયેલ, તેનો હવે ङી પ્રત્યયાત્મક નિમિત્તના અભાવે અભાવ અર્થાત્ પુનઃ આગમન થવાથી નિષ્પન્ન આમલક શબ્દથી પરમાં ङे પ્રત્યય વર્તતા * 'ङेङस्यो० १.४.६' → આમલક + ય, * 'अत आः १.४.१' → આમલકા + ય = આમલકાય।**

**(f) અતિકુરવે (g) અતિકુમારયે — * कुरूमतिक्रान्ताय = અતિકુરૂ + ङे અને कुमारीमतिक्रान्ताय = અતિકુમારી + ङे , * 'गोश्चान्ते० २.४.९६' → અતિકુરુ + ङे અને અતિકુમારિ + ङे , * 'ङित्यदिति १.४.२३' → અતિકુરો + ङे અને અતિકુમારે + ङे , * 'ओदौतो० १.२.२४' → અતિકુરવ્ + ङे = અતિકુરવે અને * 'एदैतो० १.२.२३' → અતિકુમારય્ + ङे = અતિકુમારયે।**

આ સર્વસ્થળે દીર્ઘ ઈ કારાન્ત - ઊ કારાન્ત નામો ન હોવાથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના दै વિગેરે આદેશ ન થયા. તેમજ અહીં એક વાત ધ્યાનમાં લેવી કે અતિકુરવે અને અતિકુમારયે સ્થળે જેમ 'गोश्चान्ते० २.४.९६' સૂત્રથી હ્રસ્વવિધિ થાય છે, તેમ પૂર્વે દર્શાવેલા અતિલક્ષ્મ્યૈ, અતિતન્ત્ર્યૈ, અતિવધ્વૈ વિગેરે સ્થળે હ્રસ્વવિધિ નહીં થાય. કેમ કે 'गोश्चान्ते० २.४.९६' સૂત્રથી ङी, आप् અને ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામ સ્થળે જ હ્રસ્વવિધિ થાય છે. જ્યારે અતિલક્ષ્મી વિગેરે નામો ઉણાદિ ઈ-ઊ પ્રત્યયાન્ત નામો છે.

(6) આ સૂત્રથી ङित् પ્રત્યયના જ दै વિગેરે આદેશ થાય એવું કેમ ?

**(a) નદ્યઃ (b) વધ્વઃ — * નદી + जस् અને વધૂ + जस् , * 'इवर्णादे० १.२.२१' → નદ્ય્ + जस् = નદ્યસ્ અને વધ્વ્ + जस् = વધ્વસ્ , * 'सो रुः २.१.७२' → નદ્યર્ અને વધ્વર્ , * 'रः पदान्ते० १.३.५३' → નદ્યઃ અને વધ્વઃ।**

અહીં ઉભયસ્થળે પરમાં ङित् પ્રત્યયો ન હોવાથી આ સૂત્રથી दै વિગેરે આદેશો ન થયા ।।૨૯।।

## वेयुवोऽस्त्रियाः ।।१.४.३०।।

**बृ.वृ.-इयुवोः सम्बन्धिनौ यौ स्त्रीदूतौ तदन्ताच्छब्दात् परेषां तत्सम्बन्धिनामन्यसम्बन्धिनां वा स्यादेर्ङित्तां स्थाने यथासंख्यं 'दै, दास्, दास्, दाम्' इत्येते आदेशा वा[1] भवन्ति, अस्त्रियाः[2]—स्त्रीशब्दं वर्जयित्वा। श्रियै[3], श्रिये; श्रियाः, श्रियः; श्रियाः, श्रियः ; श्रियाम् , श्रियि ; भ्रुवै, भ्रुवे ; भ्रुवाः, भ्रुवः ; भ्रुवाः, भ्रुवः; भ्रुवाम्, भ्रुवि; धियै, धिये; धियाः, धियः; धियाः, धियः; धियाम्, धियि; भुवै, भुवे ; भुवाः, भुवः; भुवाः, भुवः; भुवाम्, भुवि ; श्रियमतिक्रान्ताय अतिश्रियै अतिश्रिये ब्राह्मणाय ब्राह्मण्यै वा ; एवम्—अतिभ्रुवै, अतिभ्रुवे ; पृथुः श्रीर्यस्य तस्मै पृथुश्रियै पृथुश्रिये पुरुषाय स्त्रियै वा; एवम्—पृथुभ्रुवै, पृथुभ्रुवे। केचित्[4] तु समासार्थस्य स्त्रीत्व एवेच्छन्ति, न पुंस्त्वे, तन्मते—"अतिश्रियै अतिश्रिये स्त्रियै" इत्यत्र भवति, इह तु न भवति—अतिश्रिये अतिभ्रुवे पुरुषाय, पूर्वेण नित्यमपि न भवति। कश्चित्[5] तु पूर्वमतविपर्ययमेवेच्छति—अतिश्रियै अतिश्रिये पुरुषाय, इह न भवति—अतिश्रिये स्त्रियै। इयुव[6] इति किम्? आध्यै, प्रध्यै, वर्षाभ्वैः पुनर्भ्वै, पूर्वेण नित्यमेव। अस्त्रिया[7] इति किम्? स्त्रियै, स्त्रियाः, स्त्रियाः, स्त्रियाम् ; परमस्त्रियै, परमस्त्रियाः, परमस्त्रियाः, परमस्त्रियाम्, अत्रापि पूर्वेण नित्यमेव। स्त्रीदूत[8] इत्येव? यवक्रिये कटप्रुवे स्त्रियै। अस्त्रिया[9] इति निर्देशात् परादपि इयुव—यत्वादिकार्यात् प्रागेव स्त्रीदूदाश्रितं कार्यं भवति, तेन 'स्त्रियै, स्त्रीणाम्, भ्रूणाम् आध्यै' इत्यादि सिद्धम् ।।३०।।**

---

**सूत्रार्थ :-** स्त्री शब्दने वर्जीने ञ्जेना ई नो इय् अने ऊ नो उव् आदेश थाय छे एवा नित्यस्त्रीलिंग ई कारान्त-ऊ कारान्त शब्दथी परमां रहेला तेना संबंधी के अन्य संबंधी स्यादि ङित् प्रत्ययना स्थाने अनुक्रमे दै-दास्-दास्-दाम् आदेश विकल्पे थाय छे.

**सूत्रसमास :-**
- इय् च उव् चैतयोः समाहारः = इयुव् (स.द्व)। तस्य = इयुवः।
- न स्त्रीः = अस्त्रीः (नञ् तत्०)। तस्याः = अस्त्रियाः।

**विवरण :-** (1) पूर्वसूत्रथी ई कारान्त-ऊ कारान्त नित्यस्त्रीलिंग दरेक शब्दथी परमां रहेला ङित् प्रत्ययना दै विगेरे आदेश थवानी नित्य प्राप्ति हती, तेनो आ सूत्रमां विकल्प करवामां आव्यो छे. तेथी आ विकल्प प्राप्तविभाषा रूप जाणवो.

(2) सूत्रस्थ अस्त्रियाः पदमां ञ्जे स्त्री शब्दनो निर्देश कर्यो छे ते शब्दप्रधान निर्देश छे, अर्थप्रधान नहीं. शब्दप्रधान निर्देशस्थळे शब्दनुं प्राधान्य होवाथी निर्दिष्ट शब्दने आश्रयीने ञ्जे कार्य थाय छे, निर्दिष्ट शब्दना पर्यायवाची शब्दने आश्रयीने नहीं. ज्यारे अर्थप्रधान निर्देशस्थळे निर्दिष्ट शब्दनी साथे साथे अर्थनुं पण प्राधान्य होवाथी तेना समानार्थी अन्य शब्दोने आश्रयीने पण कार्य थाय छे. प्रस्तुतमां अस्त्री पद शब्दप्रधान निर्देश होवाथी सूत्रप्रवृत्तिना निषेधात्मक कार्यमां मात्र स्त्री शब्दनुं ञ्जे ग्रहण थशे, पण तेना समानार्थक (पर्यायवाची) नारी, वनिता, भामिनी विगेरे शब्दोनुं ग्रहण नहीं थाय.

(3) दृष्टांत -

| | (i) श्रियै | (ii) श्रियाः | (iii) श्रियाः | (iv) श्रियाम् |
|---|---|---|---|---|
| | श्री + ङे | श्री + ङसि | श्री + ङस् | श्री + ङि |
| * 'वेयुवोऽस्त्रियाः १.४.३०' → | श्री + दै | श्री + दास् | श्री + दास् | श्री + दाम् |
| * 'संयोगात् २.१.५२' → | श्रिय् + दै | श्रिय् + दास् | श्रिय् + दास् | श्रिय् + दाम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | श्रियार् | श्रियार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | श्रियाः | श्रियाः | ↓ |
| | = श्रियै। | = श्रियाः। | = श्रियाः। | = श्रियाम्। |

| | (v) श्रिये | (vi) श्रियः | (vii) श्रियः | (viii) श्रियि |
|---|---|---|---|---|
| | श्री + ङे | श्री + ङसि | श्री + ङस् | श्री + ङि |
| * 'संयोगात् २.१.५२' → | श्रिय् + ङे | श्रिय् + ङसि | श्रिय् + ङस् | श्रिय् + ङि |
| * 'सो रुः २.१.७२' → | ↓ | श्रियर् | श्रियर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | श्रियः | श्रियः | ↓ |
| | = श्रिये। | = श्रियः। | = श्रियः। | = श्रियि। |

| | (ix) भ्रुवै | (x) भ्रुवाः | (xi) भ्रुवाः | (xii) भ्रुवाम् |
|---|---|---|---|---|
| | भ्रू + ङे | भ्रू + ङसि | भ्रू + ङस् | भ्रू + ङि |
| * 'वेयुवोऽस्त्रियाः १.४.३०' → | भ्रू + दै | भ्रू + दास् | भ्रू + दास् | भ्रू + दाम् |
| * 'भ्रूश्नोः २.१.५३' → | भ्रुव् + दै | भ्रुव् + दास् | भ्रुव् + दास् | भ्रुव् + दाम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | भ्रुवार् | भ्रुवार् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | भ्रुवाः | भ्रुवाः | ↓ |
| | = भ्रुवै। | = भ्रुवाः। | = भ्रुवाः। | = भ्रुवाम्। |

| | (xiii) भ्रुवे | (xiv) भ्रुवः | (xv) भ्रुवः | (xvi) भ्रुवि |
|---|---|---|---|---|
| | भ्रू + ङे | भ्रू + ङसि | भ्रू + ङस् | भ्रू + ङि |
| * 'भ्रूश्नोः २.१.५३' → | भ्रुव् + ङे | भ्रुव् + ङसि | भ्रुव् + ङस् | भ्रुव् + ङि |
| * 'सो रुः २.१.७२' → | ↓ | भ्रुवर् | भ्रुवर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | भ्रुवः | भ्रुवः | ↓ |
| | = भ्रुवे। | = भ्रुवः। | = भ्रुवः। | = भ्रुवि। |

ધ્યાયતીતિ ક્વિપ્ આમ 'દિદ્યુદ્૦ ૫.૨.૮૩' સૂત્રથી ક્વિપ્ પ્રત્યય લાગી નિપાતનથી નિષ્પન્ન ધી શબ્દના તેમજ ક્વિપ્ પ્રત્યયાન્ત ભૂ શબ્દના પ્રયોગની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી. માત્ર અહીં ઇય્ અને ઉવ્ આદેશ 'ધાતોરિવર્ણો૦ ૨.૧.૫૦' સૂત્રથી થશે. શ્રિયમતિક્રાન્તોઽતિક્રાન્તા વા = અતિશ્રી, ભુવમતિક્રાન્તોઽતિક્રાન્તા વા = અતિભ્રૂ તેમજ પૃથુઃ શ્રીર્યસ્ય યસ્યા વા = પૃથુશ્રી અને એ જ પ્રમાણે પૃથુભ્રૂ વિગેરે શબ્દોની સાધનિકા પણ જાતે સમજી લેવી. શ્રિયૈ વિગેરે સ્થળે તત્સંબંધી ઙિત્ પ્રત્યયો છે અને અતિશ્રી વિગેરે સ્થળે અન્ય સંબંધી છે.

(4) કેટલાક વ્યાકરણકારો સમાસ થયા બાદ સામાસિક પદથી વાચ્ય પદાર્થ સ્ત્રીલિંગ હોય અર્થાત્ તે સામાસિક પદ સ્ત્રીલિંગ પદાર્થનું વાચક હોવાથી સ્ત્રીલિંગમાં વર્તતું હોય ત્યારે જ આ સૂત્રની પ્રવૃત્તિને ઇચ્છે છે. તેથી તેમના મતે શ્રિયમતિક્રાન્તાયૈ = અતિશ્રિયૈ અતિશ્રિયે વા સ્ત્રિયૈ સમાસસ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ થશે. શ્રિયમતિક્રાન્તાય = અતિશ્રિયે પુરુષાય સમાસસ્થળે નહીં. વળી તેઓ સમાસાર્થ પુંલિંગ વિગેરે રૂપે હોય ત્યારે પૂર્વ સૂત્રની પ્રવૃત્તિ પણ ઇચ્છતા નથી. તેથી તેમના મતે પુંલિંગ પુરુષ વિગેરે નામના વિશેષણ એવા અતિશ્રી વિગેરેથી પરમાં રહેલા ઙિત્ પ્રત્યયોના પૂર્વસૂત્રથી નિત્ય ઙૈ વિગેરે આદેશો પણ નહીં થાય.

(5) કેટલાક વ્યાકરણકારો પૂર્વે જણાવેલા મતથી વિપરીતપણે માને છે. અર્થાત્ સમાસાર્થ સ્ત્રીલિંગ ન હોય ત્યારે જ તેઓ આ સૂત્રની પ્રવૃત્તિને ઇચ્છે છે. તેથી તેમના મતે અતિશ્રિયૈ અતિશ્રિયે વા પુરુષાય પ્રયોગ થશે. પણ સ્ત્રીલિંગ સમાસાર્થ સ્થળે અતિશ્રિયૈ પ્રયોગ ન થતા માત્ર અતિશ્રિયે સ્ત્રિયૈ પ્રયોગ જ થશે.

(6) આ સૂત્રમાં ઈ નો ઇય્ અને ઊ નો ઉવ્ આદેશ થતો હોય એવા જ નિત્ય સ્ત્રીલિંગ ઈકારાન્ત-ઊકારાન્ત નામ નિમિત્ત રૂપે હોવા જોઈએ એવું કેમ ?

**(a) આધ્યૈ (b) પ્રધ્યૈ — ※ આધ્યાયતિ આદધાતિ વેતિ ક્વિપ્ = આધી અને પ્રધ્યાયતિ પ્રદધાતિ વેતિ ક્વિપ્ = પ્રધી, ※ આધી + ઙે અને પ્રધી + ઙે, ※ 'સ્ત્રીદૂતઃ ૧.૪.૨૯' → આધી + ઙૈ અને પ્રધી + ઙૈ, ※ 'ક્વિબ્વૃત્તે૦ ૨.૧.૫૮' → આધ્ય્ + ઙૈ = આધ્યૈ અને પ્રધ્ય્ + ઙૈ = પ્રધ્યૈ।**

**(c) વર્ષાભ્વૈ (d) પુનર્ભ્વૈ — ※ વર્ષાસુ ભવતીતિ ક્વિપ્ = વર્ષાભૂ અને પુનર્ભવતીતિ ક્વિપ્ = પુનર્ભૂ, ※ 'સ્ત્રીદૂતઃ ૧.૪.૨૯' → વર્ષાભૂ + ઙૈ અને પુનર્ભૂ + ઙૈ, ※ 'દૃન્પુનર્વર્ષા૦ ૨.૧.૫૯' → વર્ષાભ્વ્ + ઙૈ = વર્ષાભ્વૈ અને પુનર્ભ્વ્ + ઙૈ = પુનર્ભ્વૈ।**

આ સર્વ સ્થળે 'ધાતોરિવર્ણો૦ ૨.૧.૫૦' સૂત્રના અપવાદભૂત 'ક્વિબ્વૃત્તે૦ ૨.૧.૫૮' અને 'દૃન્પુનર્વર્ષા૦ ૨.૧.૫૯' સૂત્રથી ઇય્ અને ઉવ્ આદેશના અપવાદભૂત ય્ અને વ્ આદેશ થવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થતા પૂર્વસૂત્રથી ઙૈ આદેશ થયો છે.

**શંકા :-** આધ્યૈ અને પ્રધ્યૈ સ્થળે 'ક્વિબ્વૃત્તે૦ ૨.૧.૫૮' સૂત્રથી થતા ય્ આદેશ દ્વારા 'ધાતોરિવર્ણો૦ ૨.૧.૫૦'

સૂત્રથી પ્રાપ્ત इय् આદેશ બાધિત થાય છે એ વાત બરાબર. પણ ધી ધ્યૈ ધાતુને क्विप् પ્રત્યય લાગી धी શબ્દ બને છે તેમ આધી અને પ્રધી શબ્દ સ્થળે પણ ધ્યૈ ધાતુને ધી क्विप् પ્રત્યય લાગી આધી અને પ્રધી શબ્દ બનતા હોવાથી તેઓ બન્ને એક ધી ગણાશે અને તેથી धी શબ્દને આશ્રયીને धियौ, धियः વિગેરે પ્રયોગસ્થળે ધી ઈ નો इय् આદેશ થાય છે તે ઈ કારાન્ત આધી અને પ્રધી શબ્દો સંબંધી પણ ગણાવાથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયના આ સૂત્રથી વિકલ્પે ै વિગેરે આદેશ થવા જોઈએ.

**સમાધાન :-** धी શબ્દની ધી જેમ આધી અને પ્રધી શબ્દો પણ ધ્યૈ ધાતુ પરથી બનેલા છે એ વાત સાચી. પણ અહીં તે બન્ને વચ્ચે ભેદનો આશ્રય કર્યો છે, તે આ રીતે - धी શબ્દ પોતાના અંત્ય ઈ નો इय् આદેશ થાય એવો ઈ કારાન્ત શબ્દ છે, જ્યારે આધી અને પ્રધી શબ્દો પોતાના અંત્ય ઈ નો इय् આદેશ થાય એવા ઈ કારાન્ત શબ્દો નથી પણ य् આદેશ થાય એવા ઈ કારાન્ત શબ્દો છે. આ રીતે બન્ને વચ્ચે પરસ્પર ભેદ હોવાથી આ સૂત્રથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના વિકલ્પે ै વિગેરે આદેશ નહીં થાય. જો धी શબ્દની ધી જેમ આધી અને પ્રધી શબ્દોના અંત્ય ઈ નો પણ इय् આદેશ થતો હોત તો તે બન્ને વચ્ચે અભેદનો પ્રસંગ આવત. લઘુન્યાસમાં કરેલ આધી શબ્દની વાત પૂર્વસૂત્રના વિવરણમાં જોવી.

(7) આ સૂત્રમાં સ્ત્રી શબ્દનું વર્જન કર્યું છે. તેથી બૃહદ્વૃત્તિમાં દર્શાવેલા સ્ત્રિયै વિગેરે તેમજ પરમા ચાસૌ સ્ત્રી च = પરમસ્ત્રી શબ્દના પરમસ્ત્રિયै વિગેરે પ્રયોગ સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ ન થતા પૂર્વસૂત્રથી નિત્ય ै આદિ આદેશ થાય છે.

| | | (a) स्त्रियै | (b) परमस्त्रियै |
|---|---|---|---|
| | | स्त्री + ङे | परमस्त्री + ङे |
| * 'स्त्रीदूतः १.४.२९' | → | स्त्री + दै | परमस्त्री + दै |
| * 'स्त्रियाः २.१.५४' | → | स्त्रिय् + दै | परमस्त्रिय् + दै |
| | | = स्त्रियै। | = परमस्त्रियै। |

स्त्रियाः, परमस्त्रियाः વિગેરે અન્ય પ્રયોગોની સાધનિકા स्त्रियै પ્રયોગ પ્રમાણે જ હોવાથી જાતે સમજવી.

(8) નિત્યસ્ત્રીલિંગ એવા જ ઈ કારાન્ત-ઊ કારાન્ત નામોને આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

(a) यवक्रिये (b) कटप्रुवे – यवान् क्रीणातीति क्विप् અને कटेन प्रवते इति क्विप् આમ 'दिद्युदद्० ५.२.८३' સૂત્રથી क्विप् પ્રત્યય લાગી નિપાતનથી નિષ્પન્ન यवक्री અને कटप्रू શબ્દો નિત્યસ્ત્રીલિંગ ન હોવાથી તેમનાથી પરમાં રહેલા ङित् પ્રત્યયોના આ સૂત્રથી વિકલ્પે ै વિગેરે આદેશ નહીં થાય. તેથી यवक्री + ङे અને कटप्रू + ङे અવસ્થામાં 'संयोगात् २.१.५२' સૂત્રથી यवक्रिय् + ङे અને कटप्रुव् + ङे અવસ્થા પ્રાપ્ત થતા यवक्रिये અને कटप्रुवे પ્રયોગ સિદ્ધ થશે.

**(9) શંકા :-** સ્त्रियै વિગેરે પ્રયોગસ્થળે સ્ત્રી શબ્દથી વિહિત ङित् પ્રત્યયોના આ સૂત્રથી વિકલ્પે दै વિગેરે આદેશ ન થતા પૂર્વસૂત્રથી નિત્ય दै વિગેરે આદેશ શી રીતે થઈ શકે ? કારણ કે સ્ત્રી + ङे અવસ્થામાં ङित् પ્રત્યયોના પૂર્વસૂત્રથી दै વિગેરે આદેશ કરવા સ્વરૂપ કાર્યની અપેક્ષાએ 'स्त्रियाः २.१.५४' સૂત્રથી સ્ત્રી શબ્દના અંત્ય ई નો इय् આદેશ કરવા રૂપ કાર્ય પર છે. તેથી પૂર્વે स्त्रिय् + ङे અવસ્થા પ્રાપ્ત થતા સ્ત્રી શબ્દ ई કારાન્ત ન રહેવાથી દીર્ઘ ई કારાન્ત-ऊ કારાન્ત નામોની અપેક્ષા રાખતા 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી दै વિગેરે આદેશ નહીં થઈ શકે.

**સમાધાન :-** આ સૂત્રનિર્દિષ્ટ अस्त्रियाः પદને કારણે ***'परादपि इयुव-यत्वादिकार्यात् प्रागेव स्त्रीदूदाश्रितं कार्यं भवति***(A) ન્યાયનું જ્ઞાપન થાય છે. તે આ રીતે - આ સૂત્રમાં अस्त्रियाः પદ ન મૂક્યું હોત તો પણ 'स्त्रियाः २.१.५४' સૂત્રથી સ્ત્રી શબ્દનું થતું इय् આદેશ રૂપ કાર્ય પરકાર્ય હોવાથી स्त्रिय् + ङे અવસ્થા પ્રાપ્ત થાત અને ત્યારે स्त्रिय् એ ई કારાન્ત નામ ન રહેવાથી આ સૂત્રથી તેની પરમાં રહેલા ङित् પ્રત્યયોના दै વિગેરે આદેશો થવાનો અવકાશ જ ન હતો છતાંય સૂત્રમાં अस्त्रियाः પદનો નિર્દેશ કરવા દ્વારા સ્ત્રી શબ્દને આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે, તો તે નિર્દેશના બળે જ ઉપરોક્ત ન્યાય જ્ઞાપિત થાય છે. હવે તે ન્યાયાનુસારે પર એવા 'स्त्रियाः २.१.५४' સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે ન થતા આ સૂત્રની પ્રવૃત્તિનો પ્રસંગ આવે. પરંતુ આ સૂત્રમાં સ્ત્રી શબ્દનું વર્જન કર્યું હોવાથી પૂર્વના 'स्त्रीदूतः १.४.२९' સૂત્રમાં પણ ई કારાન્ત-ऊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામો સંબંધી જ કાર્યો કરવાના હોવાથી ***'परादपि इयुव०'*** ન્યાયાનુસારે 'स्त्रीदूतः १.४.२९' સૂત્રની પૂર્વે પ્રવૃત્તિ થશે. તેથી સ્ત્રી + ङे અવસ્થામાં પર એવા 'स्त्रियाः २.१.५४' સૂત્રથી થતાં इय् આદેશ કરતા 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી નિત્ય થતાં दै વિગેરે આદેશ પૂર્વે થવાથી સ્ત્રી + दै અવસ્થા પ્રાપ્ત થતાં स्त्रियै વિગેરે પ્રયોગ તેમજ સ્ત્રીણામ્, ધ્રૂણામ્ અને आध्यै વિગેરે પ્રયોગ પણ સિદ્ધ થઈ શકશે.।।૩૦।।

## आमो नाम् वा[1] ।।१.४.३१।।

**बृ.वृ.-इयुवोः सम्बन्धिनौ यौ स्त्रीदूतौ तदन्ताच्छब्दात् परस्य तत्सम्बन्धिनोऽन्यसम्बन्धिनो वा आम[2]ः षष्ठीबहुवचनस्य स्थाने 'नाम्' इत्ययमादेशो वा भवति, अस्त्रियाः—स्त्रीशब्दं वर्जयित्वा। श्रीणाम्[3], श्रियाम् ; भ्रूणाम्, भ्रुवाम् ; अतिश्रीणाम्, अतिश्रियाम्, पृथुश्रीणाम्, पृथुश्रियाम्, अतिभ्रूणाम्, अतिभ्रुवाम्, पृथुभ्रूणाम्, पृथुभ्रुवां स्त्रीणां पुरुषाणां वा ; शोभना धीरेषां सुधीनाम्, सुधियाम्। इयुव[4] इत्येव? प्रधीनाम्, वर्षाभूणाम्। स्त्रीदूत[5] इत्येव? यवक्रियाम्, कटप्रुवाम्, सुष्ठु ध्यायन्तीति सुधियाम्। अस्त्रिया[6] इत्येव? स्त्रीणाम्, परमस्त्रीणाम्, उत्तरेण नित्यमेव ; नपुंसकेऽपि ह्रस्वत्वेन भाव्यमित्युत्तरेण[7] नित्यमेव—अतिश्रीणाम्, अतिभ्रूणां कुलानामिति ।।३१।।**

(A) પરસૂત્રથી થતા इय्, उव्, य् અને व् આદેશ રૂપ કાર્ય કરતા ई કારાન્ત-ऊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામસંબંધી કાર્ય પૂર્વે થાય છે.

**સૂત્રાર્થ :-** સ્ત્રી શબ્દને છોડીને જેના ઈ નો इय् અને ઊ નો उव् આદેશ થાય છે એવા નિત્યસ્ત્રીલિંગ ઈ કારાન્ત-ઊ કારાન્ત શબ્દથી પરમાં રહેલા તેના સંબંધી કે અન્યસંબંધી ષષ્ઠી બહુવચનના आम् પ્રત્યયના સ્થાને नाम् આદેશ વિકલ્પે થાય છે.

**વિવરણ :-** **(1)** દીર્ઘ ઈ કારાન્ત- ઊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામોથી પરમાં રહેલા आम् નો आम તો હવે પછીના 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી नाम् આદેશ થવાની નિત્ય પ્રાપ્તિ હતી. પરંતુ તેની વિકલ્પે પ્રાપ્તિ કરાવવા આ સૂત્રનું પ્રાણયન હોવાથી આ સૂત્રમાં કરેલી વિભાષા (વિકલ્પ) પ્રાપ્ત-વિભાષા છે. તેમજ મતાન્તરે વૃદ્ધો (પૂર્વના વ્યાકરણાચાર્યો) શ્રી શબ્દથી પરમાં રહેલા आम् નો नाम्આદેશ છન્દોને વિષે જ ઈચ્છે છે. તેથી તેમના મતે શ્રી શબ્દને આશ્રયીને સૂત્રમાં રહેલી વિભાષા **व्यवस्थितविभाषा** છે. 'જે વિભાષા વ્યવસ્થિત અર્થાત્ મર્યાદાને નહીં ઓળંગેલા એટલે કે અમુક ચોક્કસ મર્યાદામાં રહેલા પ્રયોગસમૂહને વિશેષે કરીને જણાવતી હોય તેને વ્યવસ્થિતવિભાષા કહેવાય.' તેથી **'चन्द्र'** વિગેરે વૃદ્ધોના મતે છન્દ સ્વરૂપ ચોક્કસ મર્યાદામાં રહેલા શ્રીणाम् પ્રયોગને આ સૂત્રસ્થ વિભાષા વિશેષે કરીને જણાવતી હોવાથી શ્રી શબ્દને આશ્રયીને આ વ્યવસ્થિતવિભાષા સમજવી.

**(2)** આ સૂત્રમાં નિરનુબંધ आम् નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રમાં દર્શાવેલા સપ્તમી એકવચનના ङि પ્રત્યયના સ્થાને થતા दाम् (आम्) આદેશનું આ સૂત્રમાં ગ્રહણ નહીં થાય. તેમજ આ પાદમાં સ્યાદિનો અધિકાર હોવાથી સ્યાદિ સિવાયના आम् નું ગ્રહણ પણ ન સંભવતા સૂત્રમાં ષષ્ઠી બહુવચનના आम् નું જ ગ્રહણ થશે.

**(3) દૃષ્ટાંત -**

| | **(i) श्रीणाम्** | **(ii) भ्रूणाम्** |
|---|---|---|
| | श्री + आम् | भ्रू + आम् |
| * 'आमो नाम्० १.४.३१' → | श्री + नाम् | भ्रू + नाम् |
| * 'रषृवर्णान्० २.३.६३' → | = श्रीणाम्। | = भ्रूणाम्। |

| | **(iii) श्रीयाम्** | **(iv) भ्रुवाम्** |
|---|---|---|
| | श्री + आम् | भ्रू + आम् |
| * 'संयोगात् २.१.५२' → | श्रिय् + आम् | ↓ |
| * 'भ्रूश्नोः २.१.५३' → | ↓ | भ्रुव् + आम् |
| | = श्रीयाम्। | = भ्रुवाम्। |

આ જ પ્રમાણે श्रियमतिक्रान्तानाम् = अतिश्रीणाम्-अतिश्रियाम् , पृथुः श्रीर्यस्य यस्या वा = पृथुश्रीः અને तेषां = पृथुश्रीणाम् - पृथुश्रियाम्, તેમજ अतिभ्रूणाम्-अतिभ्रुवाम्, અને पृथुभ्रूणाम्-पृथुभ्रुवाम् વિગેરે પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી. शोभना धीरेषाम् = सुधीनाम् - सुधियाम् પ્રયોગ સ્થળે એટલું વિશેષ કે ई નો इय् આદેશ 'धातोरिवर्णो० २.१.५०' સૂત્રથી થશે.

**(4)** આ સૂત્રમાં જેમના ई નો इय् અને ऊ નો उव् આદેશ થઈ શકે એવા ર્ *નિત્યસ્ત્રીલિંગ* નામો જોઈએ એવું કેમ ?

(a) प्रधीनाम् (b) वर्षाभूणाम् – ※ प्राध्यायतीति क्विप् = प्रधी + आम् અને वर्षासु भवतीति क्विप् = वर्षाभू + आम् , ※ 'क्विब्वृते० २.१.५८' સૂત્રથી પ્રધી ના ई નો य् અને 'दृन्पुनर्० २.१.५९' સૂત્રથી વર્ષાભૂ ના ऊ નો व् આદેશ થવાની પ્રાપ્તિ છે, પણ અનુક્રમે તેમના ई નો इय् અને ऊ નો उव् આદેશ થવાની પ્રાપ્તિ ન હોવાથી તેમનાથી પરમાં રહેલા आम् નો આ સૂત્રથી વિકલ્પે नाम् આદેશ ન થતા હવે પછીના 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી નિત્ય नाम् આદેશ થશે. તેથી प्रधी + नाम् = प्रधीनाम् અને वर्षाभू + नाम् = वर्षाभूनाम् અને 'वोत्तरपदान्त० २.३.७५' સૂત્રથી न् નો ण् આદેશ થતા वर्षाभूणाम् પ્રયોગ સિદ્ધ થશે.

**(5)** આ સૂત્રમાં જેના ई નો इय् અને ऊ નો उव् આદેશ થઈ શકે એવું નામ નિત્યસ્ત્રીલિંગ ર્ હોવું જોઈએ એવું કેમ ?

(a) यवक्रियाम् (b) कटप्रुवाम् – यवान् क्रीणन्तीति क्विप् અને कटेन प्रवन्ते इति क्विप् आम 'दिद्युद्ददृ० ५.२.८३' સૂત્રથી क्विप् પ્રત્યય લાગી નિપાતનથી નિષ્પન્ન यवक्री અને कटप्रू નામો ई નો इय् અને ऊ નો उव् થઈ શકે એવા દીર્ઘ ई કારાન્ત-ऊ કારાન્ત નામો છે. પણ તેઓ નિત્યસ્ત્રીલિંગ ન હોવાથી यवक्री + आम् અને कटप्रू + आम् અવસ્થામાં તેમનાથી પરમાં રહેલા आम् નો આ સૂત્રથી नाम् આદેશ ન થતા 'संयोगात् २.१.५२' સૂત્રથી यवक्रिय् + आम् અને कटप्रुव् + आम् અવસ્થા પ્રાપ્ત થવાથી यवक्रियाम् અને कटप्रुवाम् પ્રયોગો થાય છે.

**(6)** આ સૂત્રમાં સ્ત્રી શબ્દનું વર્જન કેમ કર્યું છે ?

(a) स्त्रीणाम् (b) परमस्त्रीणाम् – स्त्री + आम् અને परमा चासौ स्त्री च = परमस्त्री + आम् અવસ્થામાં આ સૂત્રમાં સ્ત્રી શબ્દનું વર્જન કર્યું હોવાથી તેમનાથી પરમાં રહેલા आम् પ્રત્યયનો આ સૂત્રથી વિકલ્પે नाम् આદેશ ન થતા હવે પછીના 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી નિત્ય नाम् આદેશ થશે. તેથી स्त्री + नाम् અને परमस्त्री + नाम् અવસ્થા પ્રાપ્ત થતા न નો ण આદેશ થઈને स्त्रीणाम् અને परमस्त्रीणाम् પ્રયોગ થશે.

**(7)** આ સૂત્રમાં કહ્યા મુજબના ई કારાન્ત-ऊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામ જ્યારે સમાસ વિગેરે થવાથી નપુંસક નામનું વિશેષણ બનતા નપુંસકલિંગમાં વર્તતા હોય ત્યારે 'क्लीबे २.४.९७' સૂત્રથી હ્રસ્વભાવ થાય છે. માટે તેઓને દીર્ઘ ई કારાન્ત-ऊ કારાન્ત નામની અપેક્ષા રાખતા આ સૂત્રની પ્રવૃત્તિની પ્રાપ્તિ ર્ ન રહેવાથી તેમની પરમાં રહેલા आम् નો 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી નિત્ય नाम् આદેશ થાય છે. <u>દા.ત.</u> - **※ श्रियमतिक्रान्तानाम् = अतिश्री + आम् અને ध्रुवमतिक्रान्तानाम् = अतिभ्रू + आम् , ※ 'क्लीबे २.४.९७' → अतिश्रि + आम् અને अतिभ्रु + आम् , ※ 'ह्रस्वापश्च १.४.३२' → अतिश्रि + नाम् અને अतिभ्रु + नाम्, ※ 'दीर्घो नाम्य० १.४.४७' → अतिश्री + नाम् અને अतिभ्रू + नाम् , ※ 'रषृवर्णान्० २.३.६३' → अतिश्रीणाम् અને अतिभ्रूणाम्।।३१।।**

## ह्रस्वाऽऽपश्च[1] ।।१.४.३२।।

**बृ.वृ.-ह्रस्वादाबन्तात् स्त्रीदूदन्ताच्च शब्दात् परस्यामः स्थाने 'नाम्' इत्ययमादेशो भवति। ह्रस्व–श्रमणानाम्[2], संयतानाम्, वनानाम्, धनानाम्, मुनीनाम्, साधूनाम्, बुद्धीनाम्, धेनूनाम्, पितॄणाम्, मातॄणाम् ; आप्–खट्वानाम्, बहुराजानाम् ; स्त्रीदूतः–नदीनाम्, वधूनाम्, स्त्रीणाम्, लक्ष्मीनाम्। स्त्रीशब्दवर्जितयोरियुवादेशसम्बन्धिनोः स्त्रीदूतोः[3] पूर्वेण विकल्प एव–श्रीणाम्, श्रियाम् ; भ्रूणाम् , भ्रुवाम्। ह्रस्वापश्चेति[4] किम् ? सोमपाम्, सेनान्याम्।।३२।।**

---

**सूत्रार्थ :-** ह्रस्व स्वरान्त, आप् प्रत्ययान्त अने नित्यस्त्रीलिंग ई कारान्त-ऊ कारान्त शब्दथी परमां रहेला (ष.बहु.ना) आम् प्रत्ययने स्थाने नाम् आदेश नित्य थाय छे.

**सूत्रसमास :-** ◆ ह्रस्वश्च आप् चैतयोः समाहारः = ह्रस्वाप् (स.द्व.)। तस्मात् = ह्रस्वापः।

<u>विवरण :-</u> **(1)** सूत्रस्थ च कार द्वारा पूर्वसूत्रमांथी स्त्रीदूत् नुं अनुकर्षण कर्युं छे. जो के पूर्वसूत्रोथी स्त्रीदूत् नी अनुवृत्ति आवती ज होवाथी आ सूत्रमां च कार द्वारा तेनुं अनुकर्षण करवानी ज३२ न हती. छतांय 'ज्यारे कोई नवो अधिकार शरू थाय त्यारे पूर्वथी चाल्यो आवतो अधिकार निवृत्त थाय' आ नियमानुसारे आ सूत्रमां ह्रस्वस्वरान्त अने आबन्त नो नवो अधिकार शरू थतो होवाथी पूर्वथी चाल्यो आवतो स्त्रीदूत् नो अधिकार निवृत्त थई जतो होवाथी तेम न थाय माटे सूत्रमां च कार द्वारा तेनुं अनुकर्षण करवामां आव्युं छे. साथे साथे ए पण याद राखवुं के च कार द्वारा पूर्वसूत्रथी स्त्रीदूत् नुं अनुकर्षण कर्युं होवाथी ***'चानुकृष्टं नानुवर्तते'*** न्यायानुसारे हवे पछीना सूत्रोमां स्त्रीदूत् नी अनुवृत्ति नहीं चाले.

**(2)** <u>दृष्टांत</u> -

| | **(i) श्रमणानाम्** | **(ii) मुनीनाम्** | **(iii) साधूनाम्** | **(iv) पितॄणाम्** |
|---|---|---|---|---|
| | श्रमण + आम् | मुनि + आम् | साधु + आम् | पितृ + आम् |
| * 'ह्रस्वापश्च १.४.३२' → | श्रमण + नाम् | मुनि + नाम् | साधु + नाम् | पितृ + नाम् |
| * 'दीर्घो नाम्य० १.४.४७' → | श्रमणा + नाम् | मुनी + नाम् | साधू + नाम् | पितॄ + नाम् |
| * 'रषृवर्णान्० २.३.६३' → | ↓ | ↓ | ↓ | पितॄणाम् |
| | = श्रमणानाम्। | = मुनीनाम्। | = साधूनाम्। | = पितॄणाम्। |

संयतानाम् , वनानाम् , धनानाम् , बुद्धीनाम् , धेनूनाम् अने मातॄणाम् विगेरे प्रयोगोनी साधनिका उपर प्रमाणे समजी लेवी. आ बधा दृष्टांतो ह्रस्वस्वरान्त नामोना छे.

**આબન્ત – (v) खट्वानाम् — * खट्वा + आम्, * 'ह्रस्वापश्च १.४.३२' → खट्वा + नाम् = खट्वानाम्।**

**(vi) बहुराजानाम् — * बहवो राजानो येषु ताः = बहुराजन्, * 'ताभ्यां वाप्० २.४.१५' → बहुराजन् + डाप् , * 'ङित्यन्त्य० २.१.११४' → बहुराज् + डाप् = बहुराजा + आम् , * 'ह्रस्वापश्च १.४.३२' → बहुराजा + नाम् = बहुराजानाम्।**

**स्त्रीदूत् – (vii) नदीनाम् (viii) वधूनाम् — नदी + आम् अने वधू + आम् , * 'ह्रस्वापश्च १.४.३२' → नदी + नाम् = नदीनाम् अने वधू + नाम् = वधूनाम्।**

स्त्रीणाम् અને लक्ष्मीनाम् ની સાધનિકા નદી શબ્દ પ્રમાણે કરવી.

**(3)** સ્ત્રી શબ્દ સિવાયના જેના ई નો इय् અને ऊ નો उव् આદેશ થાય છે એવા દીર્ઘ ई કારાન્ત-ऊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામોથી પરમાં રહેલા आम् નો આ સૂત્રથી નિત્ય नाम् આદેશ ન થતા પૂર્વસૂત્રથી વિકલ્પે नाम् આદેશ થશે. કારણ કે આ સૂત્રમાં સ્ત્રીદૂત્ સામાન્યથી (= દરેક ई કારાન્ત-ऊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામોથી) પરમાં રહેલા आम् નો नाम् આદેશ થતો હોવાથી આ સામાન્યવિધિ છે. જ્યારે 'आमो नाम् वा० १.४.३१' સૂત્રમાં માત્ર इय्-उव् સંબંધી સ્ત્રીદૂત્ થી પરમાં રહેલા आम् નો વિકલ્પે नाम् આદેશ થતો હોવાથી તે વિશેષવિધિ છે. તેથી ***'सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાયથી વિશેષવિધિ સામાન્યવિધિની બાધક બનતી હોવાથી આ સૂત્રથી आम् નો નિત્ય नाम् આદેશ ન થતા પૂર્વસૂત્રથી વિકલ્પે થશે. તેથી श्रीणाम्-श्रियाम् અને ध्रूणाम्-ध्रुवाम् આમ બે પ્રયોગ સિદ્ધ થશે.

**(4)** આ સૂત્રમાં હ્રસ્વ સ્વરાન્ત, आप् પ્રત્યયાન્ત અને ई કારાન્ત-ऊ કારાન્ત નિત્યસ્ત્રીલિંગ નામ જ નિમિત્ત રૂપે જોઈએ એવું કેમ ?

**(a) सोमपाम् (b) सेनान्याम् — * सोमं पिबतीति विच् = सोमपा + आम् अने सेनां नयतीति क्विप् = सेनानी + आम् અવસ્થામાં સોમપા એ આ કારાન્ત નામ હોવા છતાં आप् પ્રત્યયાન્ત ન હોવાથી તેમજ सेनानी હ્રસ્વસ્વરાન્ત નામ ન હોવાથી તેમનાથી પરમાં રહેલા आम् નો આ સૂત્રથી नाम् આદેશ નહીં થાય. તેથી અનુક્રમે 'लुगातोऽनापः २.१.११७' → सोमप् + आम् = सोमपाम् अने 'क्विब्वृत्ते० २.१.५८' → सेनान्य् + आम् = सेनान्याम्** પ્રયોગ સિદ્ધ થશે ।।૩૨।।

## [2]संख्यानां [1]र्ण्णाम् ।।१.४.३३।।

**बृ.वृ.—रेफ-षकार-नकारान्तानां संख्यावाचिनां शब्दानां सम्बन्धिन आमः स्थाने 'नाम्' इत्ययमादेशो भवति। [3]चतुर्णा(र्ण्णा)म्, षण्णाम्, पञ्चानाम्, सप्तानाम्, परमचतुर्णाम्, परमषण्णाम्, परमपञ्चानाम्। [4]तत्सम्बन्धि-विज्ञानादिह न भवति—प्रियचतुराम्, प्रियषषाम्, प्रियपञ्च्ञाम्। [5]सङ्ख्यानामिति किम्? गिराम्, विप्रुषाम्, यतिनाम्। [6]र्ण्णामिति किम्? त्रिंशताम्, पञ्चाशताम्। [7]बहुवचनं व्याप्त्यर्थम्, तेन भूतपूर्वनान्ताया अपि—अष्टानाम्, परमाष्टानाम्।।३३।।**

---

**सूत्रार्थ :-** र्-ष् अने न् अंतवाळा संख्यावाची शब्दो संबंधी आम् (ष.ब.व.) प्रत्ययने स्थाने नाम् आदेश थाय छे.

**सूत्रसमास :-** ◆ [A]रश्च षश्च नश्च = र्ष्णः (इ.द्व.)। तेषाम् = र्ष्णाम्।

<u>विवरण :-</u> **(1)** सूत्रवर्ती 'र्ष्णाम्' स्थळे 'तवर्गस्य० १.३.६०' सूत्रथी ष् ना योगमां न् नो ण् आदेश थशे, 'रषृवर्णान्० २.३.६३' सूत्रथी नहीं. केमके 'रषृवर्णान्० २.३.६३' सूत्र एकपदवर्ती र्-ष् के ऋ वर्णथी परमां रहेला न् नो ण् आदेश करे छे, ज्यारे अहीं ष् थी परमां रहेलो न् [B]भिन्नपदवर्ती छे. 'वोत्तरपदान्त० २.३.७५' सूत्रथी पण न् नो ण् नहीं थाय. केम के ते सूत्र पूर्वपदस्थ र्-ष् के ऋ वर्णथी परवर्ती उत्तरपदान्त न् नो ण् करे छे. ज्यारे अहीं उत्तरपदान्त रूप न् पूर्वपदात्मक ष् थी परमां नथी. पण मध्यपदात्मक ष् थी परमां छे. अहीं एवी शंका पण न करवी के "भले ष् पूर्वपदात्मक न होय पण र् पूर्वपदात्मक होवाथी तेनी परमां रहेला उत्तरपदान्तभूत न् नो ण् आदेश थई जशे." केमके 'पदेऽन्तरे० २.३.९३' सूत्रथी र्-ष् के ऋ वर्ण अने न् नी वच्चे जो कोई पदनुं व्यवधान होय तो न् ना ण् आदेशनो निषेध थाय छे. र्ष्णाम् स्थळे पूर्वपदात्मक र् अने उत्तरपदान्तभूत न् नी वच्चे ष् पदनुं व्यवधान छे, तेथी 'वोत्तरपदान्त० २.३.७५' सूत्रथी ण् आदेश नहीं थाय.

**(2) शंका :-** सूत्रस्थ 'र्ष्णाम्' पद र्-ष् अने न् अंतवाळा शब्दोनुं वाचक होवाथी शब्द निर्देश छे. ज्यारे 'संख्यानाम्' पद एकत्व, द्वित्व विगेरे संख्यात्मक गुणपदार्थनुं वाचक होवाथी अर्थनिर्देश (पदार्थनिर्देश) छे. शब्द अने अर्थ वच्चे विशेषण-विशेष्यभाव न संभवता तेमना वाचक शब्दो वच्चे विशेषण-विशेष्यभावाश्रित समानविभक्तिकत्व (सामानाधिकरण्य) न संभवी शके. तेथी तमारे सूत्र 'संख्यानां र्ष्णाम्' न बनावता 'संख्यावाचिनां र्ष्णाम् बनाववुं जोईए. ज्यथी 'र्ष्णाम्' पदनी जेम 'संख्यावाचिनाम्' पदनो 'एकत्व, द्वित्वादि संख्याना वाचक एक, द्वि

---

(A) अ कार उच्चारणार्थे छे.

(B) जो के समास थया बाद सामासिक एकपद बनतुं होय छे, परंतु 'रषृवर्णान्० २.३.६३' सूत्रनी प्रवृत्ति नित्यपणे जे एकपद रूप होय तेवा स्थळे ज थाय छे. सामासिक पद नित्यएकपद नथी होतुं. अंतर्वर्ती विभक्तिनी अपेक्षाए ते भिन्नपद रूपे पण गणाय छे.

વિગેરે શબ્દો' આમ અર્થ થવાથી તે શબ્દનિર્દેશ ગણાય અને તેથી શબ્દ-શબ્દ વચ્ચે પરસ્પર વિશેષણ-વિશેષ્યભાવ સંભવતા તેમના વાચક 'संख्यावाचिनाम्' અને 'र्ण्णाम्' પદો વચ્ચે વિશેષ્ય-વિશેષણભાવાશ્રિત સમાનવિભક્તિકત્વ (સામાનાધિકરણ્ય) ઘટી શકે.

**સમાધાન :-** સાચી વાત છે. પરંતુ અમે એકત્વ, દ્વિત્વાદિ સંખ્યાત્મક ગુણ પદાર્થનો સંખ્યાવાચક એક, દ્વિ વિગેરે શબ્દોમાં ઉપચાર કરશું. જેથી ઉપચરિત રૂપે એક, દ્વિ વિગેરે શબ્દો પણ સંખ્યાત્મક ગુણપદાર્થ રૂપે ગણાવાથી તેઓ સૂત્રસ્થ સંખ્યા શબ્દથી વાચ્ય બની શકે. આમ સૂત્રસ્થ संख्यानाम् પદ પણ र्ण्णाम् પદની જેમ શબ્દનિર્દેશ બનવાથી શબ્દ-શબ્દ વચ્ચે પરસ્પર વિશેષણ-વિશેષ્યભાવ સંભવતા તેમના વાચક 'संख्यानाम्' અને 'र्ण्णाम्' પદો વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવાશ્રિત સમાનવિભક્તિકત્વ ઘટી શકે છે. આથી 'संख्यावाचिनां र्ण्णाम्' આવું સૂત્ર બનાવવાની કોઈ જરૂર નથી. અથવા અમે 'संख्यायते आभिः' આમ કરણાર્થક વિગ્રહમાં सम् + ख्या ધાતુને 'बहुलम्' અનુસારે પરવર્તી 'करणाधारे ५.३.१२९' સૂત્રથી अनट् પ્રત્યય ન લગાડતા 'उपसर्गादातः ५.३.११०' સૂત્રથી अङ् પ્રત્યય તેમજ સ્ત્રીલિંગનો आप् પ્રત્યય લગાડી 'संख्या' શબ્દ નિષ્પન્ન કરશું. જેથી તેનો અર્થ 'જેના વડે ગણના કરી શકાય તે સંખ્યા' આવો થશે અને 'આ એકત્વ સંખ્યાવિશિષ્ટ છે (= આ એક છે), આ દ્વિત્વ સંખ્યાવિશિષ્ટ છે (= આ બે છે)' આવી ગણના તો એક, દ્વિ વિગેરે સંખ્યાવાચી શબ્દોથી જ શક્ય હોવાથી તેમનું જ સૂત્રસ્થ સંખ્યા શબ્દથી ગ્રહણ થશે. આમ સૂત્રગત 'संख्यानाम्' પદ પણ र्ण्णाम् પદની જેમ શબ્દનિર્દેશ હોવાથી શબ્દ-શબ્દ વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ સંભવતા તેમના વાચક संख्यानाम् અને र्ण्णाम् પદો વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવાશ્રિત સામાનાધિકરણ્ય ઘટી શકે છે. આથી સામાનાધિકરણ્યને માટે 'संख्यावाचिनां र्ण्णाम्' આવું સૂત્ર બનાવવાની કોઈ જરૂર નથી.

(3) <u>દૃષ્ટાંત</u> -

**(i) चतुर्ण्णाम् — * चतुर् + आम्, * 'संख्यानां र्ण्णाम् १.४.३३' → चतुर् + नाम्, * 'रषृवर्णान्० २.३.६३' → चतुर् + णाम् , * 'र्हादर्ह स्वरस्य० १.३.३१' → चतुर् + ण्णाम् = चतुर्ण्णाम्।**

**(ii) षण्णाम् — * षष् + आम्, * 'संख्यानां र्ण्णाम् १.४.३३' → षष् + नाम्, * 'धुटस्तृतीयः २.१.७६' → षड् + नाम् , * 'तवर्गस्य० १.३.६०' → षड् + णाम् , * 'प्रत्यये च १.३.२' → षण् + णाम् = षण्णाम्।**

**(iii) पञ्चानाम् — * पञ्चन् + आम्, * 'संख्यानां र्ण्णाम् १.४.३३' → पञ्चन् + नाम्, * 'दीर्घो नाम्य० १.४.४७' → पञ्चान् + नाम् , * 'नाम्नो नो० २.१.९१' → पञ्चा + नाम् = पञ्चानाम्।**

सप्तानाम् ની સાધનિકા पञ्चानाम् પ્રમાણે સમજી લેવી. તેમજ परमाश्च ते चत्वारश्च = परमचत्वारः અને तेषाम् = परमचतुर्णाम् એ જ રીતે परमषण्णाम्, परमपञ्चानाम् વિગેરે પ્રયોગોની સાધનિકા પણ ઉપરોક્ત રીતે સમજી લેવી.

**(4)** આ સૂત્રમાં આમ્ પ્રત્યય ર્-ષ્ અને ન્ અંતવાળા સંખ્યાવાચી શબ્દો સંબંધી હોવો આવશ્યક છે તેથી પ્રિયાઃ ચત્વારઃ યેષાં તે = પ્રિયચતુર્ + આમ્ એ ર્ પ્રમાણે પ્રિયષષ્ + આમ્ અને પ્રિયપઞ્ચન્ + આમ્ અવસ્થામાં સર્વસ્થળે અન્યપદાર્થપ્રધાન બહુવ્રીહિસમાસ થયો હોવાથી વિશેષ્યભૂત અન્યપદાર્થનું પ્રાધાન્ય વર્તતા આમ્ પ્રત્યય સંખ્યાવાચી ચતુર્ , ષષ્ કે પઞ્ચન્ સંબંધી ન ગણાવાથી તેનો આ સૂત્રથી નામ્ આદેશ નહીં થાય, તેથી પ્રિયચતુરામ્, પ્રિયષષામ્ પ્રયોગ થશે અને પ્રિયપઞ્ચન્ + આમ્ સ્થળે આમ્ પર છતાં 'અનોઽસ્ય ૨.૧.૧૦૮' સૂત્રથી પઞ્ચન્ સંબંધી અન્ ના અ નો લોપ તેમર્ 'તવર્ગસ્ય૦ ૧.૩.૬૦' સૂત્રથી ચ્ ના યોગમાં ન્ નો ઞ્ આદેશ થતા પ્રિયપઞ્ચ્ઞામ્ પ્રયોગ થશે.

**(5)** આ સૂત્રમાં આમ્ પ્રત્યય સંબંધી નામ સંખ્યાવાચી ર્ હોવું જોઈએ એવું કેમ ?

(a) ગિરામ્ (b) વિપ્રુષામ્ (c) યતિનામ્ – ગિર્ + આમ્ , વિપ્રુષ્ + આમ્ અને યતિન્ + આમ્ અવસ્થામાં સર્વસ્થળે ર્-ષ્-ન્ અંતવાળા નામો સંખ્યાવાચી ન હોવાથી આ સૂત્રથી તેમના સંબંધી આમ્ નો નામ્ આદેશ ન થતા ગિરામ્ , વિપ્રુષામ્ અને યતિનામ્ પ્રયોગ થશે.

**(6)** આ સૂત્રમાં આમ્ પ્રત્યય સંબંધી સંખ્યાવાચી નામ ર્-ષ્ અને ન્ અંતવાળ ર્ હોવું જોઈએ એવું કેમ ?

(a) ત્રિંશતામ્ (b) ચત્વારિંશતામ્ (c) પઞ્ચાશતામ્ – ત્રિંશત્ + આમ્ , ચત્વારિંશત્ + આમ્ અને પઞ્ચાશત્ + આમ્ અવસ્થામાં સર્વસ્થળે સંખ્યાવાચી નામો છે. પણ તેઓ ર્-ષ્-ન્ અંતવાળા ન હોવાથી તેમના સંબંધી આમ્ નો નામ્ આદેશ ન થતા ત્રિંશતામ્, ચત્વારિંશતામ્ અને પઞ્ચાશતામ્ પ્રયોગો થશે.

**શંકા :-** ત્રિંશત્ વિગેરે શબ્દો જ્યારે સંખ્યાન રૂપે વર્તતા હોય ત્યારે તેઓના એકવચનમાં[A] ર્ પ્રયોગ થાય છે અને જ્યારે તેઓ સંખ્યેય રૂપે વર્તતા હોય ત્યારે પણ તેઓ[B] ***'विंशत्याद्याऽऽशताद् द्वन्द्वे सा चैक्ये द्वन्द्वमेययोः (लिङ्गा० २—६)***[C] ' વચનાનુસારે એકવચનમાં ર્ પ્રયોજ્ય છે. તેથી ત્રિંશત્ વિગેરે નામોને બહુવચનનો આમ્ પ્રત્યય લગાડી ત્રિંશતામ્ વિગેરે પ્રયોગ શી રીતે કરી શકો ?

---

(A) સંખ્યાન રૂપે વર્તતા શબ્દો એકવચનમાં ર્ પ્રયોજાતા હોય છે અને જ્યારે ઘટાનાં વિંશતયઃ વિગેરે સ્થળે બહુવચનાન્ત પ્રયોગ જોવા મળે ત્યારે 'स्यादावसंख्येयः ૩.૧.૧૧૯' સૂત્રથી વિંશતિશ્ચ વિંશતિશ્ચ વિંશતિશ્ચ = વિંશતયઃ આમ એકશેષવૃત્તિ થયેલી હોવાથી બહુવચનાન્ત પ્રયોગ થયો હોય છે.

(B) સંખ્યેયમાં વર્તતા સંખ્યાવાચક શબ્દો આમ તો કોઈક ને કોઈક પદાર્થના વિશેષણ રૂપે ર્ વર્તતા હોવાથી તેઓને વિશેષ્યના વચનાનુસારે એકવચન, દ્વિવચન વિગેરેની પ્રાપ્તિ આવે. પણ છતાં 'विंशत्याद्याऽऽशताद्० (लिङ्गा० २-६)' વચનાનુસારે તેઓ એકવચનમાં ર્ વર્તે છે.

(C) વિંશતિ થી લઈને નવનવતિ સુધીના સંખ્યાવાચી શબ્દો દ્વન્દ્વસમાસસ્થળે સ્ત્રીલિંગ ગણાય છે અને દ્વન્દ્વસમાસમાં વર્તતા કે સંખ્યેય રૂપે વર્તતા તેઓનો એકવચનમાં ર્ પ્રયોગ થાય છે.

**સમાધાન :-** સાચી વાત છે. પરંતુ અમે અહીં ત્રિંશચ્ચ ત્રિંશચ્ચ ત્રિંશચ્ચ = ત્રિંશતઃ આમ એકશેષવૃત્તિ કરી છે. તેથી ત્રિંશત્ વિગેરેને ષષ્ઠી બહુવચનનો આમ્ પ્રત્યય લાગતા ત્રિંશતામ્ વિગેરે પ્રયોગ થઈ શકે છે.

**(7)** આ સૂત્રમાં 'ર્ષ્ણામ્' આ પ્રમાણે બહુવચન વ્યાપ્ત્યર્થે છે. વ્યાપ્તિ એટલે 'अधिकविषयेऽपि प्राप्तिः' અષ્ટન્ + આમ્ અવસ્થામાં 'वाष्टन आः० ૧.૪.૫૨' સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ થવાથી અષ્ટા એ ન કારાન્ત સંખ્યાવાચી નામ નથી રહેતું, માટે તેનાથી પરમાં રહેલા આમ્ નો આ સૂત્રથી નામ્ આદેશ ન થઈ શકે. પણ સૂત્રવૃત્તિ 'ર્ષ્ણામ્' આ વ્યાપ્તિ માટેના (= અધિક દેશને વિશે સૂત્રની પ્રવૃત્તિ માટેના) બહુવચનના બળે વર્તમાનમાં ભલે અષ્ટા એ ન કારાન્ત સંખ્યાવાચી ન હોય, પણ ભૂતપૂર્વ અવસ્થામાં તે ન કારાન્ત સંખ્યાવાચી હોવાથી તેનાથી પરમાં રહેલા આમ્ નો આ સૂત્રથી નામ્ આદેશ થતા અષ્ટાનામ્ , પરમાષ્ટાનામ્ વિગેરે પ્રયોગ થઈ શકશે ।।૩૩।।

## त्रेस्त्रयः ।।१.४.३४।।

**बृ.वृ.—आमः[(1)] सम्बन्धिनस्त्रिशब्दस्य त्रयादेशो भवति। त्रयाणाम्[(2)], परमत्रयाणाम्। आम्सम्बन्धिविज्ञानादिह[(3)] न भवति—अतित्रीणाम्, प्रियत्रीणाम्। अतत्सम्बन्धिनोऽपि[(4)] भवतीत्येके—अतित्रयाणाम्, प्रियत्रयाणाम्। स्त्रियां[(5)] तु परत्वात् तिसृभावो भवति—तिसृणाम्।।३४।।**

---

**સૂત્રાર્થ :-** આમ્ (૬. બહુ.) સંબંધી ત્રિ શબ્દનો ત્રય આદેશ થાય છે.

**વિવરણ :- (1) શંકા :-** પૂર્વસૂત્રોમાં આમ્ પ્રત્યયને હ્રસ્વસ્વરાન્ત, આબન્ત , સંખ્યાવાચી ર્-ષ્-નાન્ત વિગેરે પ્રકૃતિઓના સંબંધી રૂપે દર્શાવાતો હતો જ્યારે આ સૂત્રમાં ત્રિ પ્રકૃતિને આમ્ પ્રત્યયના સંબંધી રૂપે દર્શાવાય છે. તો આ વ્યત્યય શી રીતે દર્શાવી શકાય ?

**સમાધાન :-** સંબંધ હંમેશા દ્વિષ્ઠ હોય છે. અર્થાત્ બે સંબંધીઓનો પરસ્પર જે સંબંધ હોય છે તે ઉભય સંબંધીઓમાં વર્તતો હોય છે. આમ સંબંધ દ્વારા બન્ને પરસ્પર એકબીજાના સંબંધી ગણાવાથી જેમ 'ત્રિ પ્રકૃતિ સંબંધી આમ્ પ્રત્યય' કહી શકાય તેમ 'આમ્ પ્રત્યય સંબંધી ત્રિ પ્રકૃતિ' પણ કહી શકાય.

વળી આ ત્રિ શબ્દ સ્વવાચ્ય ત્રિત્વ સંખ્યા પદાર્થ દ્વારા આમ્ પ્રત્યયનો સંબંધી છે. અર્થાત્ વાસ્તવમાં આમ્ પ્રત્યયનો ત્રિ શબ્દની સાથે સંબંધ નથી પણ ત્રિ શબ્દવાચ્ય ત્રિત્વ સંખ્યા પદાર્થ સાથે તેનો સંબંધ છે, તેથી જ્યારે ત્રિ શબ્દ ત્રિત્વ સંખ્યા પદાર્થના વાચક રૂપે વર્તતો હશે ત્યારે જ તેનો આ સૂત્રથી ત્રય આદેશ થશે. પરંતુ જ્યારે બહુવ્રીહિસમાસ વિગેરે થવાના કારણે તે ત્રિત્વ સંખ્યાથી ઇતર પદાર્થના વાચક રૂપે વર્તતો હશે ત્યારે તેનો ત્રય આદેશ

નહીં થાય. આ રીતે સૂત્રમાં त्रि શબ્દવાચ્ય ત્રિત્વ સંખ્યા પદાર્થને आमः (= 'आम् પ્રત્યય સંબંધી') કહેવાશે. તેમજ અહીં એ પણ ધ્યાનમાં રાખવું કે હંમેશા પ્રકૃતિને આશ્રયીને પ્રત્યયનું વિધાન કરાતું હોવાથી પ્રત્યય કાર્ય બને અને પ્રકૃતિ કારણ બને. તેથી આ સૂત્રમાં आम् પ્રત્યય કાર્ય અને त्रि પ્રકૃતિ કારણ છે. આમ બન્ને વચ્ચે કાર્ય-કારણ-ભાવ રૂપ સંબંધ હોવાથી સૂત્રવૃત્તિ 'आमः' સ્થળે ષષ્ઠી વિભક્તિ કાર્ય-કારણભાવ રૂપ સંબંધ અર્થમાં થયેલી છે.

| (2) <u>દૃષ્ટાંત</u> - | | (i) त्रयाणाम् | (ii) परमत्रयाणाम्[(A)] |
|---|---|---|---|
| | | त्रि + आम् | परमत्रि + आम् |
| * 'त्रेस्त्रयः १.४.३४' | → | त्रय + आम् | परमत्रय + आम् |
| * 'ह्रस्वापश्च १.४.३२' | → | त्रय + नाम् | परमत्रय + नाम् |
| * 'दीर्घो नाम्य० १.४.४७' | → | त्रया + नाम् | परमत्रया + नाम् |
| * 'रषृवर्णान्० २.३.६३' | → | त्रयाणाम्। | परमत्रयाणाम्। |

અહીં परमत्रयाणाम् સ્થળે परमत्रि આ કર્મધારય તત્પુરૂષસમાસમાં ઉત્તરપદ त्रि નું પ્રાધાન્ય હોવાથી તે ત્રિત્વ સંખ્યા પદાર્થના વાચક રૂપે વર્તતા તેનો આ સૂત્રથી त्रय આદેશ થયો છે.

**(3)** આ સૂત્રમાં आम् પ્રત્યય સંબંધી જ ત્રિત્વ સંખ્યા પદાર્થના વાચક त्रि શબ્દનો त्रय આદેશ થતો હોવાથી त्रीन् अतिक्रान्तानाम् = अतित्रि + आम् અને प्रियाः त्रयः येषां ते = प्रियत्रयः , तेषाम् = प्रियत्रि + आम् અવસ્થામાં ક્રમશઃ પૂર્વપદાર્થપ્રધાન તત્પુરૂષસમાસ અને અન્યપદાર્થપ્રધાન બહુવ્રીહિસમાસ થયો હોવાથી आम् સંબંધી ત્રિત્વ સંખ્યાપદાર્થનો વાચક त्रि શબ્દ ન હોવાથી તેનો આ સૂત્રથી त्रय આદેશ નહીં થાય. તેથી 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી आम् નો नाम् આદેશ તેમજ 'दीर्घो नाम्य० १.४.४७' સૂત્રથી त्रि નો અંત્યસ્વર દીર્ઘ થતા अतित्रीणाम् અને प्रियत्रीणाम् પ્રયોગ થશે.

**(4)** કેટલાક વૈયાકરણો आम् પ્રત્યય સંબંધી ત્રિત્વ સંખ્યાપદાર્થનો વાચક त्रि શબ્દ ન હોય ત્યારે પણ તેનો त्रय આદેશ ઈચ્છે છે, તેથી તેમના મતે अतित्रयाणाम् , प्रियत्रयाणाम् પ્રયોગ થઈ શકશે.

**(5)** त्रि શબ્દ જ્યારે કોઈક સ્ત્રીલિંગ પદાર્થના વિશેષણ રૂપે વર્તતો હોય ત્યારે સ્ત્રીલિંગમાં વર્તતા તેનો आम् પ્રત્યય પર છતાં આ સૂત્રથી त्रय આદેશ ન થતા પરવર્તી 'त्रिचतुरस्तिसृ० २.१.१' સૂત્રથી तिसृ આદેશ થશે. તેથી तिसृ + आम् અવસ્થામાં 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી आम् નો नाम् આદેશ તેમજ 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી ण् આદેશ થતા तिसृणाम् પ્રયોગ થશે ।।૩૪।।

(A) परमाश्च ते त्रयश्च = परमत्रयः, तेषाम् = परमत्रयाणाम्

## एदोद्भ्यां ङसि–ङसो[(1)] र: [(2)] [(3)] ।।१.४.३५।।

**बृ.वृ.–एदोद्भ्यां परयोर्ङसि–ङसोः स्थाने रेफो भवति, अकार उच्चारणार्थः। मुने[(4)]:, मुनेः; साधोः, साधोः; गोः, गोः ; द्योः, द्योः ; परमश्चासाविश्च—परमेः, परमेः; नयतीति विच्–नेः, नेः ; एवम्—लोः, लोः। वचनभेदो[(5)] यथासंख्यनिवृत्त्यर्थः ।।३५।।**

---

**सूत्रार्थ :-** ए કાર અને ઓ કારથી પરમાં રહેલા ङसि (પંચ.એ.વ.) અને ङस् (ષ.એ.વ.) પ્રત્યયનો र् આદેશ થાય છે.

**सूत्रसमास :-**
- एच्च ओच्च = एदोतौ (इ.द्व.)। ताभ्याम् = एदोद्भ्याम्।
- ङसिश्च ङस् चैतयोः समाहारः = ङसिङस् (स.द्व.) । तस्य = ङसिङसः।

<u>विवरण :-</u> **(1) शंका :-** સૂત્રમાં 'एदोद्भ्याम्' સ્થળે તૃતીયા-ચતુર્થી દ્વિવચન નથી, પરંતુ પંચમી દ્વિવચન જ છે. આવું શેના આધારે જાણી શકાય ?

**समाधान :-** સૂત્રમાં 'एदोद्भ्याम्' સ્થળે પંચમી દ્વિવચન જ છે. તે ત્રણ રીતે જાણી શકાય -

**(a)** ***'व्याख्यानाद् विशेषार्थप्रतिपत्तिः'*** ન્યાયાનુસારે 'एदोद्भ्यां परयोर्ङसिङसोः' આ પ્રમાણેની ટીકાથી 'एदोद्भ्याम्' પદ તૃતીયા-ચતુર્થી દ્વિવચનાન્ત રૂપે નથી પણ પંચમી દ્વિવચનાન્ત રૂપે જ છે તે જાણી શકાય છે.

**(b)** જેમ આ સૂત્રમાં 'एदोद्भ्याम्' પદ છે તેમ 'ङसेश्चाद्० २.१.१९' સૂત્રમાં પણ પૂર્વસૂત્રથી 'युष्मदस्मद्भ्याम्' આ 'भ्याम्' પ્રત્યયાન્ત પદની અનુવૃત્તિ આવે છે. તે સૂત્રમાં તેનું પંચમી દ્વિવચનાન્ત રૂપે ગ્રહણ કર્યું છે, તે જ્ઞાપક (દૃષ્ટાંત)ના આધારે આ સૂત્રમાં પણ 'एदोद्भ्याम्' નું પંચમી દ્વિવચનાન્ત રૂપે ગ્રહણ થાય છે તે જાણી શકાય છે.

**(c)** 'एदोद्भ्याम्' પદનું જો ચતુર્થી કે તૃતીયા દ્વિવચન રૂપે ગ્રહણ કરીએ તો સૂત્રનો અર્થ સંગત નથી થઈ શકતો. તેથી સૂત્રમાં 'एदोद्भ्याम्' પદનું પંચમી દ્વિવચનાન્ત રૂપે ગ્રહણ કરવું આવશ્યક બને છે.

**(2)** સૂત્રમાં 'एत् ओत्' સ્થળે त् અનુબંધ ए અને ओ ના સ્વરૂપને જાળવવા માટે છે. અન્યથા त् અનુબંધના અભાવે ए નો ओ સ્વર પરમાં આવતા 'एदैतो० १.२.२३' સૂત્રથી अय् આદેશ થવાથી 'अयोभ्याम्' પ્રયોગ થાત જેથી ए અને ओ ની પ્રતીતિ કષ્ટથી થવાનો પ્રસંગ આવત. વળી ***'लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'***[(A)] ન્યાયથી આમ તો સૂત્રમાં પ્રતિપદોક્ત જ ए કારાન્ત-ओ કારાન્ત નામોનું ગ્રહણ થાત, લાક્ષણિક નામોનું નહીં. પણ एत् અને ओत् સ્થળે કરેલા त् અનુબંધના બળે સૂત્રમાં લાક્ષણિક ए કારાન્ત-ओ કારાન્ત નામોનું પણ

---

(A) મૂળ શબ્દ જે સ્વરૂપે હોય તે જ સ્વરૂપે તેનો નિર્દેશ પ્રતિપદોક્ત ગણાય. જ્યારે કોઈ લક્ષણ કે સૂત્રથી સિદ્ધ થતો મૂળ સ્વરૂપ જેવો દેખાતો શબ્દ લાક્ષણિક ગણાય છે. આ લક્ષણ અને પ્રતિપદોક્ત બન્નેમાંથી પ્રતિપદોક્ત પદનું જ ગ્રહણ કરવામાં આવે છે.

ગ્રહણ થશે કે જેથી પ્રતિપદોક્ત ગો, દ્યો વિગેરે નામોની જેમ સૂત્રમાં લાક્ષણિક મુનિ, સાધુ વિગેરે નામોનું પણ ગ્રહણ થતા મુનેઃ, સાધોઃ વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકશે.

(3) સૂત્રમાં 'રઃ' સ્થળે રમાં જે અ કાર દર્શાવ્યો છે તે માત્ર ઉચ્ચારણાર્થે છે. આદેશ તો ર્ જ થાય છે.

(4) <u>દૃષ્ટાંત</u> - (i) મુનેઃ (ii) સાધોઃ — ❋ મુનિ + ઙસિ કે ઙસ્ અને સાધુ + ઙસિ કે ઙસ્, ❋ 'ङित्यदिति० ૧.૪.૨૩' → મુને + ઙસિ કે ઙસ્ અને સાધો + ઙસિ કે ઙસ્ , ❋ 'एदोद्भ्याम्० ૧.૪.૩૫' → મુને + ર્ અને સાધો + ર્ , ❋ 'रः पदान्ते० ૧.૩.૫૩' → મુનેઃ અને સાધોઃ।

(iii) ગોઃ (iv) દ્યોઃ — ❋ ગો + ઙસિ કે ઙસ્ અને દ્યો + ઙસિ કે ઙસ્ , ❋ 'एदोद्भ्याम्० ૧.૪.૩૫' → ગો + ર્ અને દ્યો + ર્ , ❋ 'रः पदान्ते० ૧.૩.૫૩' → ગોઃ અને દ્યોઃ।

(v) પરમેઃ — ❋ પરમશ્ચાસૌ ઇશ્ચ = પરમ + ઇ, ❋ 'अवर्णस्येवर्णा० ૧.૨.૬'. → પરમે અને તેનું આ સૂત્રથી પરમેઃ. આવી જ રીતે નયતીતિ વિચ્ (०) = નિ અને લવતીતિ વિચ્ (०) = લુ; તેના પણ નેઃ અને લોઃ પ્રયોગોની સાધનિકા સ્વયં સમજી લેવી.

**શંકા** :- 'आतो नेन्द्रवरुणस्य ૭.૪.૨૯' સૂત્રથી આ કારાન્ત પૂર્વપદથી પરમાં રહેલા ઉત્તરપદભૂત ઇન્દ્ર શબ્દના આદિ સ્વર ઇ ની વૃદ્ધિનો નિષેધ તે ***'पूर्वं पूर्वोत्तरपदयोः कार्यं कार्यं पश्चात् सन्धिकार्यम्***[A] 'ન્યાયનું જ્ઞાપન કરે છે. તે આ રીતે - અગ્નિ શબ્દથી પરમાં રહેલા ઇન્દ્ર શબ્દને 'देवता ૬.૨.૧૦૧' સૂત્રથી अण् પ્રત્યય થતા તેમજ 'वेदसहश्रुता० ૩.૨.૪૧' સૂત્રથી અગ્નિ શબ્દના અંત્ય ઇ નો આ આદેશ થતા અગ્ના + ઇન્દ્ર + अण् અવસ્થામાં એક સાથે બે કાર્યોની પ્રાપ્તિ છે. (a) 'अवर्णस्येवर्णा० ૧.૨.૬' સૂત્રથી અગ્ના ના આ અને ઇન્દ્ર ના ઇ ની સંધિ થઈ એ આદેશ થવાની અને (b) 'देवतानामात्वादौ० ૭.૪.૨૮' સૂત્રથી પ્રાપ્ત ઇન્દ્ર ના ઇ ને ઐ આદેશ રૂપ વૃદ્ધિ કાર્યની પ્રાપ્તિ છે કે જેનો 'आतो नेन्द्र० ૭.૪.૨૯' સૂત્રથી નિષેધ કરાય છે. તો હવે અહીં ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયથી આમ તો અંતરંગ એવું એ આદેશ રૂપ સંધિકાર્ય પૂર્વે થાય કે જેથી 'ઇન્દ્ર શબ્દનો ઇ શેષ જ ન રહેતા 'आतो नेन्द्र० ૭.૪.૨૯' સૂત્રથી તેની વૃદ્ધિનો નિષેધ કરવાનો ન રહે. તેમ છતાં તે સૂત્રથી વૃદ્ધિનો નિષેધ કર્યો છે, તે ***'पूर्वं पूर्वोत्तरपदयोः०'*** ન્યાયનું જ્ઞાપન કરે છે કે જેથી પૂર્વે અંતરંગ એવું એ આદેશ રૂપ સંધિકાર્ય ન થતા 'देवतानाम्० ૭.૪.૨૮' સૂત્રથી ઉત્તરપદના કાર્યભૂત ઇન્દ્ર શબ્દના ઇ કારની વૃદ્ધિ થવાની પ્રાપ્તિ આવે છે અને 'आतो नेन्द्र० ૭.૪.૨૯' સૂત્રથી થતો તેની વૃદ્ધિનો નિષેધ સાર્થક બને છે. આ રીતે 'आतो नेन्द्र० ૭.૪.૨૯' સૂત્રનિર્દિષ્ટ વૃદ્ધિના નિષેધ રૂપ કાર્યથી જ્ઞાપિત ***'पूर्वं पूर्वोत्तरपदयोः०'*** ન્યાયના કારણે પરમ + ઇ + ઙસિ કે ઙસ્ અવસ્થામાં પણ પૂર્વે 'अवर्णस्येवर्णा० ૧.૨.૬' સૂત્રથી પરમ ના અંત્ય અ અને ઇ નું એ આદેશ થવા રૂપ સંધિકાર્ય ન થતા 'ङित्यदिति ૧.૪.૨૩' સૂત્રથી ઉત્તરપદના કાર્યભૂત ઇ નો એ આદેશ પૂર્વે થવાના કારણે પરમ + એ + ઙસિ કે ઙસ્

(A) પહેલા પૂર્વપદ અને ઉત્તરપદ સંબંધી કાર્ય કરવું, પછી સંધિકાર્ય કરવું.

અવસ્થામાં 'ऐदौत् सन्ध्य० १.२.१२' સૂત્રથી સંધિકાર્ય તેમજ આ સૂત્રથી ङसि કે ङस् નો र् આદેશ થતા परमै + र् = परमैः પ્રયોગ થવો જોઈએ. તો તમે परमेः પ્રયોગ કેમ સિદ્ધ કરો છો ?

**સમાધાન :-** તમારી વાત સાચી છે, છતાં ***'ज्ञापकज्ञापिता विधयो ह्यनित्याः***(A)' ન્યાયના કારણે પ્રસ્તુત સ્થળે 'आतो नेन्द्र० ७.४.२९' સૂત્રોક્ત વૃદ્ધિના નિષેધાત્મક કાર્યથી જ્ઞાપિત ***'पूर्वं पूर्वोत्तरपदयोः०'*** ન્યાય અનિત્ય બનવાથી 'ङित्यदिति १.४.२३' સૂત્રપ્રાપ્ત ए આદેશ પૂર્વે નહીં થાય. તેથી परम + इ + ङसि કે ङस् અવસ્થામાં 'अवर्णस्ये० १.२.६' સૂત્રથી સંધિ થતા परमे + ङसि કે ङस् અને આગળ દર્શાવેલી સાધનિકા મુજબ परमेः પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**(5) શંકા :-** સૂત્રમાં एदोद्भ्याम् દ્વિવચનમાં અને ङसिङसोः પદ એકવચનમાં; આ રીતે વચનભેદ કેમ દર્શાવ્યો છે ?

**સમાધાન :-** સૂત્રમાં વચનભેદ યથાસંખ્યની નિવૃત્ત્યર્થે દર્શાવ્યો છે. જો બન્ને સ્થળે સમાહારદ્વન્દ્વ કરી એકવચનમાં પ્રયોગ કરીએ અથવા ઇતરેતરદ્વન્દ્વ કરી દ્વિવચનમાં પ્રયોગ કરીએ તો નિમિત્ત અને નિમિત્તિ બન્ને સંખ્યા અને વચનથી સમાન બનતા ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** ન્યાય દ્વારા સૂત્રમાં ए થી પરમાં રહેલા ङसि નો અને ओ થી પરમાં રહેલા ङस् નો र् આદેશ થવા રૂપ યથાસંખ્ય અન્વય થવાની આપત્તિ આવે. જે ઇષ્ટ ન હોવાથી સૂત્રમાં વચનભેદ દર્શાવ્યો છે ।।૩૫।।

## खि-ति-खी-[2]तीय उर् ।।१.४.३६।।

**बृ.वृ.—खि-ति-खी-तीसम्बन्धिन[1] इवर्णस्थानाद् यकारात् परयोर्ङसि-ङसोः स्थाने उर् आदेशो भवति। खि-सख्युः[3], सख्युः; ति-पत्युः, पत्युः; खी-ती-सह खेन वर्तते सखः, सखं सखायं वेच्छतीति क्यनि क्विपि सखीः, पततीति पतः, पतं पतिं वेच्छतीति क्यनि क्विपि पतीः, सख्युः, पत्युः, तथा सुखमिच्छति, सातमिच्छति क्यनि क्विपि सुख्युः, सात्युः ; लूनं पूनं चेच्छतः-लून्युः, पून्युः, "क्तादेशोऽषि" (२.१.६१) इति नत्वस्यासत्त्वात् तीरूपत्वम्। य[4] इति किम्? यत्र यत्वादेशस्तत्र यथा स्यात्, इह मा भूत्-अतिसखेः, अतिपतेः। खि-ति-खी-[5]तीति किम्? मुख्यमपत्यं चाचष्टे णिच् विच्-मुख्यः, अपत्यः आगतं स्वं वा। अदिति[6] इत्येव? सख्याः, पत्याः।।३६।।**

---

**સૂત્રાર્થ :-** खि-ति-खी-ती સંબંધી इ વર્ણના સ્થાને થયેલા य् થી પરમાં રહેલા ङसि-ङस् પ્રત્યયોના સ્થાને उर् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ खिश्च तिश्च खीश्च तीश्च = खितिखीत्यः (इ.द्व.)। खितिखीतीनां य् = खितिखीतीय् (ष.तत्.)। तस्मात् = खितिखीतीयः।

---

(A) स्पष्टमेव पठितव्येऽनुमानाद् बोधनमसार्वत्रिकम् (अनित्यम्) इत्यर्थः। (परि. शे.)

વિવરણ :- (1) **શંકા :-** સૂત્રમાં 'ખિ-તિ-ખી-તી થી પરમાં રહેલા ય્ થી પરમાં રહેલા ઙસિ-ઙસ્ નો..' એમ અર્થ ન કરતા 'ખિ-તિ-ખી-તી સંબંધી ઇ વર્ણના સ્થાને થયેલા ય્ થી પરમાં રહેલા ઙસિ-ઙસ્ નો..' આવો અર્થ કેમ કર્યો છે ?

**સમાધાન :-** ખિ-તિ-ખી-તી થી પરમાં ય્ હોય અને તેની પરમાં ઙસિ-ઙસ્ પ્રત્યય હોય તેવું સંભવી શકતું ૭ ન હોવાથી સૂત્રમાં 'इवर्णादे० १.२.२१' વિગેરે સૂત્રોથી ખિ-તિ-ખી-તી સંબંધી ઇ વર્ણના સ્થાને થયેલા ય્ નું ગ્રહણ કરી ઉપરોક્ત દ્વિતીય અર્થ કર્યો છે.

**શંકા :-** સખાયં યાતીતિ વિચ્ (०) = સખિયા અને ઙસિ-ઙસ્ પ્રત્યયો લાગતા 'लुगातोऽनापः २.१.१०७' સૂત્રથી સખિયા ના આ નો લોપ થવાથી નિષ્પન્ન સખિય્ શબ્દ સ્થળે સખિ શબ્દથી પરમાં ય્ અને તેની પરમાં ઙસિ-ઙસ્ પ્રત્યયો સંભવી શકે છે. તેથી તમારે 'ખિ-તિ-ખી-તી થી પરમાં રહેલા ય્ થી પરમાં રહેલા ઙસિ-ઙસ્ નો..' આવો અર્થ કરવો ૭ યુક્ત છે.

**સમાધાન :-** લોકવ્યવહારમાં પ્રયોજાતા પ્રયોગોની વ્યાકરણશાસ્ત્ર દ્વારા સિદ્ધિ કરવાની હોય છે. લોકમાં સખિયુઃ આવો પ્રયોગ પૂર્વે થયેલો ન હોવાથી સખિય્ શબ્દથી પરમાં ઙસિ કે ઙસ્ નો ઉર્ આદેશ નથી સંભવતો તેથી સૂત્રમાં 'ખિ-તિ-ખી-તી થી પરમાં રહેલા ય્..' આ પ્રમાણે અર્થ નથી કર્યો.

**શંકા :-** જો તમારે 'ખિ-તિ-ખી-તી થી પરમાં રહેલા ય્..' આવો અર્થ ન ૭ કરવાનો હોય તો આવું ગૌરવયુક્ત સૂત્ર ન બનાવતા 'ख्य-त्य उर्[(A)]' આવું લાઘવયુક્ત સૂત્ર બનાવવું જોઈએ. કેમકે ख्य અને त्य અનુક્રમે ૭મના અંત્ય ઇ વર્ણનો ય્ આદેશ કરાયો હોય એવા ખિ-ખી અને તિ-તી નો નિર્દેશ હોવાથી તમને ઈષ્ટ એવો 'ખિ--તિ-ખી-તી સંબંધી ઇ વર્ણના સ્થાને થયેલા ય્..' આ અર્થ પ્રાપ્ત થઈ ૭શે.

**સમાધાન :-** જો 'ख्य-त्य उर्' આવું સૂત્ર બનાવીએ તો કોઈ ખિ-તિ-ખી-તી સંબંધી ઇ વર્ણના સ્થાને થયેલા ય્ નું ગ્રહણ ન કરતા મુખ્ય, સખ્ય, ગાર્હપત્ય, પૌરોહિત્ય, સત્ય, અપત્ય વિગેરે શબ્દોના અંતે રહેલા ख्य અને त्य નું ગ્રહણ કરી લે કે ૭થી સૂત્રની સખિ, પતિ, સુખી વિગેરે ઈષ્ટસ્થળે પ્રવૃત્તિ ન થઈ શકે.

**શંકા :-** 'सख्युरितोऽशावैत् १.४.८३' અને 'पत्युर्न २.४.४८' સૂત્રમાં સખિ અને પતિ શબ્દથી પરમાં રહેલા ઙસ્ પ્રત્યયનો ઉર્ આદેશ કરી સખ્યુઃ અને પત્યુઃ નિર્દેશ કરેલો છે. તે જ્ઞાપકના (દૃષ્ટાંતના) આધારે 'ख्य-त्य उर्' સૂત્ર બનાવશું તો પણ સૂત્રમાં ઉપરોક્ત મુખ્યાદિ સંબંધી ख्य -त्य નું ગ્રહણ ન થતા સખિ, પતિ, સાતી વિગેરે શબ્દો સંબંધી ખિ-તિ-ખી-તી નું ૭ ગ્રહણ થવાથી ઈષ્ટ સ્થળોએ સૂત્રની પ્રવૃત્તિ થશે.

---

(A) ખિ અને ખી તેમ૭ તિ અને તી આ ઉભયસ્થળે ઇ વર્ણનો ય્ આદેશ કરતા ख्य અને त्य પ્રયોગ થતો હોવાથી ख्य અને त्य દ્વારા ખિ-તિ-ખી-તી નું ગ્રહણ થઈ શકે છે.

**સમાધાન :-** ના, 'सख्युरितोऽशावैत् ૧.૪.૮૩' અને 'पत्युर्न ૨.૪.૪૮' સૂત્રસ્થળે કરાયેલા सख्युः અને पत्युः પ્રયોગો સૌત્રનિર્દેશ છે એમ કોઈ મંદબુદ્ધિવાળો સમજી સૂત્રમાં મુખ્ય, સખ્ય, ગાર્હપત્ય વિગેરે શબ્દો સંબંધી ञ ख्य અને त्य નું ગ્રહણ કરે તો નાહક સખિ વિગેરે ઈષ્ટસ્થળે સૂત્રપ્રવૃત્તિ ન થવા રૂપ આપત્તિ આવે. તેમજ તથા પ્રકારે સૂત્રની સિદ્ધિ કરવા જ્ઞાપકને દર્શાવવું ગૌરવભૂત ગણાય છે. માટે સૂત્રકારે 'ख्य-त्य उर्' સૂત્ર ન બનાવતા 'खितिखीतीय उर्' સૂત્ર બનાવ્યું છે.

**(2)** આ સૂત્રમાં खी અને ती શબ્દો બે પ્રકારે સંભવી શકે છે. **(a)** सखि-पति વિગેરે નામોને क्यन्-क्विप् વિગેરે પ્રત્યયો લાગી નિષ્પન્ન सखी-पती વિગેરે સ્થળે હ્રસ્વ इ કારાન્તમાંથી દીર્ઘ ઈ કારાન્ત થવા રૂપે અને **(b)** सख-पत વિગેરે નામોને क्यन्-क्विप् વિગેરે પ્રત્યયો લાગી નિષ્પન્ન सखी-पती વિગેરે સ્થળે अ કારાન્તમાંથી દીર્ઘ ई કારાન્ત થવા રૂપે. આ બન્ને સ્થળો પૈકી પ્રથમસ્થળે હ્રસ્વ इ કારાન્તમાંથી દીર્ઘ ઈ કારાન્ત खी-ती બનેલા હોવાથી તેમનું ગ્રહણ ***'एकदेशविकृतमनन्यवत्'*** ન્યાય દ્વારા સૂત્રવૃત્તિ खि-ति શબ્દોથી ञ થઈ જાય છે. પણ દ્વિતીયસ્થળે अ કારાન્તમાંથી દીર્ઘ ई કારાન્ત રૂપે બનેલા खी-ती છે તેમનું ગ્રહણ સૂત્રવૃત્તિ खि-ति શબ્દોથી ન સંભવતા તેમના ગ્રહણ માટે સૂત્રમાં खी-ती પદોનું ઉપાદાન કર્યું છે.

**(3) <u>દૃષ્ટાંત</u> - खि-ति —**

**(i) सख्युः[A] —* सखि + ङसि के ङस् , * 'इवर्णादे० ૧.૨.૨૧' → सख्य् + ङसि के ङस् , * 'खितिखीतीय० ૧.૪.૩૬' → सख्य् + उर् = सख्युर् , * 'रः पदान्ते० ૧.૩.૫૩' → सख्युः।**

**(ii) पत्युः[B] — * पति + ङसि के ङस् , * 'इवर्णादे० ૧.૨.૨૧' → पत्य् + ङसि के ङस् , * 'खितिखीतीय० ૧.૪.૩૬' → पत्य् + उर् = पत्युर् , * 'रः पदान्ते० ૧.૩.૫૩' → पत्युः।**

**खी-ती —**

**(iii) सख्युः — * सह खेन वर्तते = सख, * 'अमाव्ययात्० ૩.૪.૨૩' → सखमिच्छतीति क्यन् = सख + क्यन्, * 'क्यनि ૪.૩.૧૧૨' → सखी + क्यन्, * 'क्विप् ૫.૧.૧૪૮' → सखीय + क्विप्, * 'अतः ૪.૩.૮૨' → सखीय् + क्विप्, * 'ख्वोः प्वय्० ૪.૪.૧૨૧' → सखी + क्विप् (०) + ङसि के ङस् , * 'योऽनेकस्वरस्य ૨.૧.૫૬' → सख्य् + ङसि के ङस् , * 'खितिखीतीय० ૧.૪.૩૬' → सख्य् + उर् = सख्युर् , * 'रः पदान्ते० ૧.૩.૫૩' → सख्युः।**

---

(A) सनोति (અર્થાત્ दत्ते परस्परं भोजनादिकं) = सखि (उणा. ૬૨૫ થી डखि પ્રત્યય) જેઓ પરસ્પર પોતાના ભોજન વિગેરેને વહેંચીને ભોગવે તેઓ सखि (મિત્ર) કહેવાય.

(B) पाति अपायाद् = पति (उणा. ૬૫૧ થી डति પ્રત્યય) જે આપત્તિમાં રક્ષણ કરે તે पति કહેવાય.

**(iv) પત્યુઃ — * पततीति पतः, * 'अमाव्ययात्० ३.४.२३' → पतं पतिं वेच्छतीति क्यन् = पत + क्यन् अथवा पति + क्यन्, * 'दीर्घश्चिव्० ४.३.१०८' → पती + क्यन्, अथवा * 'क्यनि ४.३.११२' → पती + क्यन्, * 'क्विप् ५.१.१४८' → पतीय + क्विप्, * 'अतः ४.३.८२' → पतीय् + क्विप्, * 'ग्वोः पव्य्० ४.४.१२१' → पती + क्विप् (०) + ङसि કે ङस् , * 'योऽनेकस्वरस्य २.१.५६' → पत्य् + ङसि કે ङस् , * 'खितिखीतीय्० १.४.३६' → पत्य् + उर् = पत्युर् , * 'रः पदान्ते० १.३.५३' → पत्युः।**

કેટલાક વૈયાકરણો સખિ-પતિ શબ્દના ∼ ङसि-ङस् પ્રત્યયનો उर् આદેશ ઇચ્છે છે. જેમ કે ***'रत्नमति'*** નામના વૈયાકરણ કહે છે કે ''सख्युः અને पत्युः આ બે ∼ આ સૂત્રના લક્ષ્ય (દૃષ્ટાંત) છે, પણ ***चूर्णिकार***વર્ણવેલા लुन्युः વિગેરે નહીં.'' અન્ય કોઈ વૈયાકરણ પણ પોતાના ગ્રંથમાં કહે છે કે ''क्रीत-प्रीत-श्रीत-पूत વિગેરે શબ્દોને क्यन् વિગેરે પ્રત્યયો લાગતા તેમના અંત્ય अ નો ई આદેશ થવા દ્વારા क्रीती વિગેરે શબ્દોમાં વર્તતો ती શબ્દ અર્થાત્ તી અંતવાળા क्रीती વિગેરે શબ્દો માત્ર ક્યાંક ક્યાંક પ્રયોજાતા ∼ સંભળાય છે. (બાકી તેમના પ્રયોગ થયા હોય એવું પ્રાયઃ કરીને ક્યાંય જોવા મળતું નથી.) તેથી क्रीती વિગેરેની નિષ્પત્તિ કરી તેમના અંત્ય ई નો य् આદેશ કરવા પૂર્વક તેમનાથી પરમાં રહેલા ङसि-ङस् પ્રત્યયોનો उर् આદેશ કરેલા क्रीत्युः आगच्छति, क्रीत्युः स्वम् વિગેરે દૃષ્ટાંતો કેમ[A] દર્શાવો છો ?'' (અર્થાત્ એમના મતે આ દૃષ્ટાંતો ન દર્શાવવા જોઈએ). કેટલાક બીજા વૈયાકરણો કહે છે કે ''क्रीती વિગેરેના અંત્ય ई નો य् આદેશ થવાથી નિષ્પન્ન क्रीत्य વિગેરેના त्य થી પરમાં ङसि-ङस् પ્રત્યયનો उर् આદેશ નથી ઇચ્છાતો. क्रीत्यः आगच्छति અને क्रीत्यः स्वम् પ્રયોગ ∼ થવા જોઈએ.'' (આમના મતે क्रीत વિગેરેને क्यन् વિગેરે પ્રત્યયો લાગતા તેમના अ નો ई આદેશ ઇચ્છાય છે.) અને વળી કોક વૈયાકરણ એવું માને છે કે 'लुनी શબ્દનાં અવયવભૂત ती (= असत् થયેલા नी) ના ई નો य् આદેશ કરી તેનાથી પરમાં રહેલા ङसि-ङस् પ્રત્યયોનો उर् આદેશ થવાથી નિષ્પન્ન लुन्युः વિગેરે પ્રયોગો પૂર્વશાસ્ત્રોમાં જોવા મળે છે અને એમ પણ ख-ति-खी-ती અંતવાળા શબ્દોને લઈને સૂત્રનો સામાન્યથી નિર્દેશ કર્યો હોય તો માત્ર सखि-पति આ વિશેષ શબ્દોને લઈને સૂત્રપ્રવૃત્તિ સ્વીકારવી એ યુક્ત પણ ન ગણાય. માટે लुन्युः, क्रीत्युः વિગેરે બધા આ સૂત્રના ઉદાહરણ બની શકે.'

આ બધા જુદા જુદા મતોને ધ્યાનમાં લઈને ગ્રંથકારશ્રી બૃહદ્વૃત્તિમાં 'तथा' શબ્દ દર્શાવવા દ્વારા लुन्युः વિગેરે પ્રયોગોના સ્વીકારને ∼ જણાવે છે.

सुख्युः અને सात्युः પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી.

---

(A) પૂ. લાવણ્ય સૂ. દ્વારા સંપાદિત બૃ.ન્યાસમાં **'उर्वं कस्मान्नोदाहृतम्'** પાઠ છે, જે અશુદ્ધ જણાય છે. શુદ્ધપાઠ **'उर्वं कस्मादुदाहृतम्'** જોઈએ. જુઓ આનંદબોધિની ટીકા.

(v) लून्युः (vi) पून्युः — ❋ लू + त (क्त) અને पू + त (क्त), ❋ 'ऋल्वादे० ४.२.६८' અને 'पूदिव्यञ्चे० ४.२.७२' થી અનુક્રમે → लून અને पून, ❋ શેષ સાધનિકા ઉપર પ્રમાણે કરતા लूती + ङसि કે ङस् અને पूती + ङसि કે ङस्, ❋ 'क्तादेशो० २.१.६१' → त નો न આદેશ અસત્, ❋ 'योऽनेकस्वरस्य २.१.५६' → लून् + ङसि કે ङस् અને पून् + ङसि કે ङस्, ❋ 'क्तादेशो० २.१.६१' થી અસત્ થયેલા न વાળા लून् અને पून् નો य् કાર તી સંબંધી ई ના સ્થાને થયેલો મનાય, ❋ 'खितिखी० १.४.३६' → लून् + उर् = लून्युर् અને पून् उर् = पून्युर्, ❋ 'रः पदान्ते० १.३.५३.' → लून्युः અને पून्युः।

**(4)** આ સૂત્રની પ્રવૃત્તિ જ્યાં ख-ति-खी-ती સંબંધી इ વર્ણના સ્થાને य् આદેશ થતો હોય ત્યાં જ થાય છે. તેથી सखायमतिक्रान्तः = अतिसखि અને पतिमतिक्रान्तः = अतिपति સ્થળે ङसि કે ङस् પ્રત્યયો પર છતાં તેમના અંત્ય इ નો य् આદેશ ન થતા 'ङित्यदिति० १.४.२३' સૂત્રથી ए આદેશ થતો હોવાથી તેમનાથી પરમાં રહેલા ङसि કે ङस् પ્રત્યયોનો આ સૂત્રથી उर् આદેશ નહીં થાય. તેથી 'एदोद्भ्याम्० १.४.३५' સૂત્રથી ङसि-ङस् પ્રત્યયોનો र् આદેશ થતા अतिसखेः અને अतिपतेः પ્રયોગ થશે.

**(5)** આ સૂત્રમાં ख-ति-खी-ती સંબંધી જ य् થી પરમાં રહેલા ङसि-ङस् નો उर् આદેશ થાય છે. તેથી મુખ્યમાચષ્ટે અને અપત્યમાચષ્ટે અર્થમાં ❋ 'णिज् बहुलं० ३.४.४२' → मुख्य + णिच् અને अपत्य + णिच्, ❋ 'त्रन्त्यस्वरादेः ७.४.४३' → मुख्य् + णिच् = मुख्यि અને अपत्य् + णिच् = अपत्यि, ❋ 'मन्वन्क्वनिप्० ५.१.१४७' → मुख्ययतीति विच् = मुख्यि + विच् અને अपत्ययतीति विच् = अपत्यि + विच्, ❋ 'णेरनिटि ४.३.८३' → मुख्य् + विच् (०) અને अपत्य् + विच् (०) આ રીતે નિષ્પન્ન मुख्य् અને अपत्य् નામોનો અંત્ય य् એ ख-ति-खी-ती સંબંધી ન હોવાથી તેની પરમાં ङसि-ङस् પ્રત્યય લાગતા આ સૂત્રથી તેમનો उर् આદેશ નહીં થાય. તેથી मुख्य् + ङसि કે ङस् અને अपत्य् + ङसि કે ङस् અવસ્થામાં સંધિ થતા मुख्यः અને अपत्यः પ્રયોગ થશે.

**શંકા :-** मुख्य् + विच् અને अपत्य् + विच् અવસ્થામાં 'य्वोः प्वय्० ४.४.१२१' સૂત્રથી य् નો લોપ થવાની પ્રાપ્તિ છે. તેથી ङसि કે ङस् પ્રત્યય પર છતાં मुख्य् અને अपत्य् નો य् શેષ જ નથી રહેતો. માટે અહીં मुख्यः અને अपत्यः આ વિરૂદ્ધ દૃષ્ટાંતો શી રીતે દર્શાવી શકાય ?

**સમાધાન :-** मुख्य् + विच् અને अपत्य् + विच् અવસ્થામાં 'य्वोः प्वय्० ४.४.१२१' સૂત્રથી य् ના લોપની પ્રાપ્તિ જ નથી. કેમકે 'स्वरस्य परे० ७.४.११०' સૂત્રથી પૂર્વે લુપ્ત થયેલા णिच् નો સ્થાનિવદ્ભાવ મનાવાથી मुख्य् + णिच् + विच् અને अपत्य् + णिच् + विच् અવસ્થા મનાય. જેથી णिच् વ્યવધાયક બનતા य् નો લોપ ન થઈ શકે.

**શંકા :-** 'न सन्धि-ङी० ७.४.१११' સૂત્રમાં क्विप् વિધિસ્થળે સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો છે. તેથી क्विप् વિધિ રૂપ ઉપલક્ષણથી ઉપલક્ષિત य् ના લોપ સ્વરૂપ विच् વિધિમાં પણ णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થવાથી 'य्वोः प्वय्० ४.४.१२१' સૂત્રથી य् નો લોપ થઈ શકશે.

**સમાધાન :-** ***'नञ् निर्दिष्टमनित्यम्'*** ન્યાયાનુસારે તે તે સૂત્રોક્ત નઞ્ (ન) થી નિર્દિષ્ટ કાર્ય અનિત્ય બને છે. પ્રસ્તુતમાં આ ન્યાયથી 'न सन्धि-ङी० ७.४.१११' સૂત્રથી પ્રાપ્ત ણિચ્ ના સ્થાનિવદ્ભાવનું નિષેધાત્મક કાર્ય અનિત્ય બનવાથી ણિચ્ નો સ્થાનિવદ્ભાવ મનાશે માટે ય્ નો લોપ નહીં થઈ શકે. અથવા ***'नञ् निर्दिष्टम्०'*** ન્યાયની પ્રવૃત્તિ ન સ્વીકારી 'न सन्धि-ङी० ७.४.१११' સૂત્રથી ણિચ્ ના સ્થાનિવદ્ભાવનો નિષેધ કરીએ તો પણ 'ग्वोः प्वय्० ४.४.१२१' સૂત્રસ્થ 'लुक्' પદ એ સંજ્ઞા છે. તેથી ***'संज्ञापूर्वको विधिरनित्यः'*** ન્યાયથી સંજ્ઞાપૂર્વકની ય્ના લોપાત્મક લુક્વિધિ અનિત્ય બનવાથી ય્ નો લોપ નહીં થઈ શકે. અથવા ત્રીજી રીતે કહીએ તો मित्रं शास्तीति क्विप् = मित्रशीः, અહીં વ્યંજનાદિ ક્વિપ્ પ્રત્યય પર છતાં 'इसासः शासो० ४.४.११८' સૂત્રથી જ શાસ્ ના આસ્ નો इस् આદેશ થવાની પ્રાપ્તિ હતી, છતાં તે સૂત્રથી इस् આદેશ ન કરતા તેને માટે 'क्वौ ४.४.११९' આ પૃથક્ સૂત્ર બનાવ્યું તેનાથી ***'क्विपि व्यञ्जनकार्यमनित्यम्'*** ન્યાય જ્ઞાપિત થાય છે. જ્ઞાપિત થયેલા આ ન્યાયથી પ્રસ્તુતમાં વિચ્ પ્રત્યય પર છતાં પણ ય્ ના લોપ રૂપ વ્યંજનકાર્ય અનિત્ય બનવાથી મુખ્ય્ અને અપત્ય્ ના ય્ નો 'ग्वोः प्वय्० ४.४.१२१' સૂત્રથી લોપ નહીં થઈ શકે. આ રીતે મુખ્ય્ અને અપત્ય્ ના છેડે ય્ શેષ રહેવાથી ય્ એ खि-ति-खी-ती સંબંધી ન હોવાથી मुख्यः અને अपत्यः આ વિરુદ્ધ દૃષ્ટાંતો દર્શાવી શકાય. અહીં એવી શંકા ન કરવી કે "ન્યાયમાં તો ક્વિપ્ પ્રત્યય પર છતાં વ્યંજનકાર્યની અનિત્યતા કહી છે જ્યારે અહીં તો વિચ્ (०) પ્રત્યય છે ?" કેમ કે તે ન્યાયમાં રહેલો ક્વિપ્ પ્રત્યય સઘળાય અપ્રયોગી પ્રત્યયોનું [A]ઉપલક્ષણ રૂપે (ન્યાયના વિષયરૂપે) ગ્રાહક છે.

**(6)** આ સૂત્રમાં પૂર્વના 'ङित्यदिति १.४.२३' સૂત્રથી 'अदिति'[B] ની અનુવૃત્તિ આવે છે. તેથી ङी (ઈ) પ્રત્યયાન્ત સખી તેમજ પતિ નામથી પરમાં રહેલા ङसि-ङस् પ્રત્યયોને અનુક્રમે 'स्त्रीदूतः १.४.२९' અને 'स्त्रिया ङितां वा० १.४.२८' સૂત્રથી दास्-दास् આદેશની પ્રાપ્તિ હોવાથી તેમનો આ સૂત્રથી उर् આદેશ નહીં થાય. આથી सखी + दास् અને पति + दास् અવસ્થામાં 'इवर्णादे० १.२.२१' → सख्य् + दास् = सख्यास् અને पत्य् + दास् = पत्यास् અવસ્થા પ્રાપ્ત થતા स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થતા सख्याः અને पत्याः પ્રયોગ થશે ।।૩૬।।

## ऋतो डुर् [1] ।।१.४.३७।।

**बृ.वृ.—ऋकारात् परयोर्ङसि-ङसोः स्थाने 'डुर्' इत्ययमादेशो भवति। पितुः[2], पितुः ; मातुः , मातुः। ङसि-ङस [3] इत्येव? पितॄन्। ऋत [4] इति किम्? ग्रः ।।३७।।**

**સૂત્રાર્થ :-** ઋ કારથી પરમાં રહેલા ङसि અને ङस् પ્રત્યયના સ્થાને डुर् આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં डुर् આદેશસ્થળે જે ड् ઇત્ દર્શાવ્યો છે તે 'डित्यन्त्य० २.१.११४' સૂત્રથી અંત્ય સ્વરાદિના લોપની પ્રાપ્તિ માટે છે.

(A) स्वप्रतिपादकत्वे सति स्वेतरप्रतिपादकं उपलक्षणम्।

(B) अदिति ની અનુવૃત્તિ આવવાથી જે ङसि-ङस् પ્રત્યયોનો दित् એવો दास् આદેશ થતો હોય તેમનો આ સૂત્રથી उर् આદેશ નહીં થાય.

(2) દૃષ્ટાંત -

(i) પિતુઃ (ii) માતુઃ — * પિતૃ + ઙસિ કે ઙસ્ અને માતૃ + ઙસિ કે ઙસ્ , * 'ઋતો ડુર્ ૧.૪.૩૭' → પિતૃ + ડુર્ અને માતૃ + ડુર્ , * 'ઙિત્યન્ત્ય૦ ૨.૧.૧૧૪' → પિત્ + ડુર્ અને માત્ + ડુર્, * 'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩' → પિતુઃ અને માતુઃ।

અહીં યાદ રાખવું કે આ સૂત્રમાં ૭મે ઋ કારથી પરમાં રહેલા ઙસિ-ઙસ્ પ્રત્યયોનો ડુર્ આદેશ થાય છે તેમ ***'ऋकारोपदिष्टं कार्यं ऌकारस्यापि'*** ન્યાયના કારણે ૠ કારથી પરમાં રહેલા ઙસિ-ઙસ્ પ્રત્યયનો પણ ડુર્ આદેશ થશે. તેથી કુલ્ ૠકાર પ્રયોગસ્થળે 'ક્લૃપ્ ના ક્લૃ નો ૠ કાર' આ અર્થમાં ક્લૃપ્ ધાતુના અનુકરણભૂત ક્લૃ નામથી પરમાં ઙસ્પ્રત્યય સંભવતા તેનો આ સૂત્રથી ડુર્ આદેશ થવાના કારણે ક્લૃ + ડુર્ અવસ્થામાં 'ઙિત્યન્ત્ય૦ ૨.૧.૧૧૪' સૂત્રથી અંત્યસ્વરાદિનો લોપ તેમ૭ 'ૠફિડાદિનાં૦ ૨.૩.૧૦૪' સૂત્રથી ડુર્ ના ર્ નો લ્ આદેશ થતા ક્ + ડુલ્ અવસ્થામાં સંધિ થવાથી કુલ્ (= ક્લૃપ્ ના ક્લૃ નો) પ્રયોગ થશે. ***'તત્ત્વદીપિકા'*** માં પણ કહ્યું છે કે આપ્લૃ થી પરમાં ઙસ્ પ્રત્યય આવતા તેનો ડુર્ આદેશ થવાના કારણે ઉપર પ્રમાણે સાધનિકા કરવાથી આપુલ્ પ્રયોગ થાય છે.

**(3)** આ સૂત્રમાં ઋ થી પરમાં રહેલા ઙસિ-ઙસ્ પ્રત્યયનો ૭ ડુર્ આદેશ થાય છે, તેથી પિતૃ + શસ્ અવસ્થામાં શસ્ પ્રત્યયનો આ સૂત્રથી ડુર્ આદેશ ન થવાથી 'શસોઽતા૦ ૧.૪.૪૯' સૂત્રથી પિતૄન્ પ્રયોગ થશે.

**(4)** આ સૂત્રમાં ઋ થી ૭ પરમાં રહેલા ઙસિ-ઙસ્ પ્રત્યયોનો ડુર્ આદેશ થાય છે, તેથી 'ગૃ (ગૃશ્ શબ્દે ૧૫૩૮)' ધાતુનું અનુકરણ કરવાના કારણે નામ બનેલા દીર્ઘ ૠ કારાન્ત ગૄ થી પરમાં રહેલા ઙસિ-ઙસ્ પ્રત્યયનો આ સૂત્રથી ડુર્ આદેશ ન થવાથી 'ઇવર્ણાદે૦ ૧.૨.૨૧' સૂત્રથી ગૄ ના ઋ નો ર્ આદેશ થતા ગ્ર્ + ઙસિ કે ઙસ્ = ગ્રસ્ અને સ્ નો ર્ અને ર્ નો વિસર્ગ આદેશ થવાથી ગ્રઃ પ્રયોગ થશે ।।૩૭।।

## तृ–स्वसृ–नप्तृ–नेष्टृ–त्वष्टृ–क्षत्तृ–होतृ–पोतृ–प्रशास्त्रो[1] घुट्यार् ।। १.४.३८।।

**बृ.वृ.—तृच्-तृन्प्रत्ययान्तस्य स्वस्त्रादिशब्दानां च सम्बन्धिन ऋकारस्य स्थाने तत्सम्बन्धिन्यन्यसम्बन्धिनि वा घुटि परे 'आर्' इत्ययमादेशो भवति। कर्तारम्[2], कर्तारौ, कर्तारौ, कर्तारः कटस्य ; वदितारम्, वदितारौ, वदितारौ, वदितारो जनापवादान् ; स्वसारम्, स्वसारौ, स्वसारौ, स्वसारः ; नप्तारम्, नप्तारौ, नप्तारौ, नप्तारः ; नेष्टारम्, नेष्टारौ, नेष्टारौ, नेष्टारः ; त्वष्टारम्, त्वष्टारौ, त्वष्टारौ, त्वष्टारः ; क्षत्तारम्, क्षत्तारौ, क्षत्तारौ, क्षत्तारः ; होतारम्, होतारौ, होतारौ, होतारः ; पोतारम्, पोतारौ, पोतारौ, पोतारः ; प्रशास्तारम्, प्रशास्तारौ, प्रशास्तारौ, प्रशास्तारः ; अतिकर्तारम्, अतिकर्तारौ, अतिकर्तारौ, अतिकर्तारः। घुटीति[3] किम्? कर्तृ कुलं पश्य। सौ[4] तु परत्वाद् डा–गुणौ कर्ता, हे कर्तः!। तृशब्दस्यार्थवतो[5] ग्रहणेन प्रत्ययग्रहणान्नप्त्रादीनामव्युत्पन्नानां संज्ञाशब्दानां तृशब्दस्य ग्रहणं न भवतीति तेषां पृथगुपादानम् ; इदमेव च ज्ञापकम् – * अर्थवद्ग्रहणे नानर्थकस्य ग्रहणं भवति * इति,**

**व्युत्पत्तिपक्षे तु तृग्रहणेनैव सिद्धे नप्त्रादिग्रहणं नियमार्थम्, तेनान्येषामौणादिकानां न भवति–पितरौ, भ्रातरौ, मातरौ, जामातरौ। [6]केचित् तु प्रस्तोतृ–उन्नेतृ–उद्गातृ-प्रतिहर्तृ–प्रतिस्थातृशब्दानामौणादिकानामप्यारं मन्यन्ते प्रस्तोतारम्, प्रस्तोतारौ, प्रस्तोतारौ, प्रस्तोतारः, इत्यादि ।।३८।।**

**સૂત્રાર્થ :-** તૃચ્ કે તૃન્ પ્રત્યયાન્ત શબ્દો સંબંધી તેમજ સ્વસૃ, નપ્તૃ વિગેરે શબ્દો સંબંધી ઋ કારના સ્થાને તેના સંબંધી કે અન્યસંબંધી ઘુટ્ પ્રત્યયો પર છતાં આર્ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ ता च स्वसा च नप्ता च नेष्टा च त्वष्टा च क्षत्ता च होता च पोता च प्रशास्ता चैतेषां समाहारः = तृ–स्वसृ-नप्तृ–नेष्टृ–त्वष्टृ–क्षत्तृ–होतृ–पोतृ-प्रशास्तृ (स.द्व.)। तस्य = तृ–स्वसृ–नप्तृ-नेष्टृ–त्वष्टृ–क्षत्तृ–होतृ–पोतृ–प्रशास्त्रः।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં 'तृ–स्वसृ....प्रशास्तृ' નામ સ્થળે સમાહારદ્વન્દ્વસમાસ હોવાથી તેનો પ્રયોગ નપુંસકલિંગ એકવચનમાં થાય, તેથી તેને ષષ્ઠી એકવચનનો ङस् પ્રત્યય લાગતા 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् આગમ થવાના કારણે 'तृ–स्वसृ.....प्रशास्तृणः' પ્રયોગ થવો જોઈએ. છતાં સૂત્રકારશ્રીએ 'तृ–स्वसृ.....प्रशास्त्रः' પ્રયોગ કર્યો છે તે સૌત્રનિર્દેશ જાણવો. અથવા બીજી રીતે કહીએ તો સૂત્રમાં ઋ કારનું ઉપાદાન કરવાથી 'तृ–स्वसृ.....प्रशास्त्रः' પ્રયોગ સિદ્ધ થઈ શકશે. તે આ રીતે - સૂત્રમાં સમાહારદ્વન્દ્વ સમાસ પામેલા 'तृ–स्वसृ.....प्रशास्तृ' શબ્દનો 'तृ–स्वसृ.....प्रशास्तृणां ऋ' આમ ઋ શબ્દની સાથે ષષ્ઠીતત્પુરૂષ સમાસ કરવાથી 'तृ–स्वसृ....प्रशास्तृ' શબ્દ નિષ્પન્ન થશે. હવે ઋ કારોત્તરપદપ્રધાન આ સામાસિક શબ્દ નપુંસકલિંગ ન હોવાથી તેને ङस् પ્રત્યય લાગતા 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् આગમ થવાનો પ્રસંગ ન રહેતા 'तृ–स्वसृ....प्रशास्तृ + ङस्' અવસ્થામાં 'इवर्णादे० १.२.२१' સૂત્રથી ऋ નો र् આદેશ અને સંધિ થવાના કારણે 'तृ–स्वसृ.....प्रशास्त्रः' પ્રયોગ સિદ્ધ થાય છે.

**શંકા :-** પણ આ રીતે સૂત્રમાં સાક્ષાત્ ઋ ને મૂકીને કરવું છે શું ?

**સમાધાન :-** 'तृस्वसृ०' સૂત્રમાં દર્શાવેલા तृ શબ્દથી तृ અન્તવાળા કોઈપણ શબ્દના ગ્રહણની પ્રાપ્તિ રહે છે. તેથી यतृ વિગેરે શબ્દો કે જે મૂળથી ઋ કારાન્ત નથી તેમના ગ્રહણનો અનિષ્ટ પ્રસંગ આવે છે. જે શબ્દો મૂળથી ઋ કારાન્ત तृ અન્તવાળા હોય તેમનું જ ગ્રહણ સૂત્રોક્ત तृ શબ્દથી થઈ શકે તે માટે સૂત્રમાં સાક્ષાત્ ઋ ને મૂક્યો છે. यतृ વિગેરે શબ્દો यति વિગેરે શબ્દોને તદ્ધિતનો ऋ પ્રત્યય લાગી 'अवर्णे० ७.४.६८' સૂત્રથી इ નો લોપ થતા નિષ્પન્ન થયા છે. માટે તેઓ મૂળથી ઋ કારાન્ત નથી. આમ મૂળથી ઋ કારાન્ત હોય તેવા तृ અન્તવાળા શબ્દોમાં तृन्-तृच् પ્રત્યયાન્ત જ શબ્દો સંભવતા હોવાથી બૃ.વૃત્તિમાં સૂત્રોક્ત तृ શબ્દની 'तृच्-तृन् प्रत्ययान्तस्य' ટીકા કરી છે.

**શંકા :-** એવું ન બને કે ઘુટ્ પ્રત્યય પરમાં વર્તતા तृ અન્તવાળા શબ્દો કોઈ વિકૃતિને ન પામતા ઋ કારાન્ત

રૂપે હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ કરાવવા સૂત્રમાં સાક્ષાત્ ऋ મૂક્યો હોય ?

**સમાધાન :-** ના, ઘુટ્ પ્રત્યય પરમાં હોય અને तृ અન્તવાળા શબ્દો વિકૃતિને પામે એવું બનતું જ નથી.

વળી, આ સૂત્રમાં પૂર્વસૂત્રથી બીજા એક ऋ ની અનુવૃત્તિ આવે છે. તે અનુવૃત્તિ આ સૂત્રથી કોનો आर् આદેશ થાય છે ? તે સ્થાનીને દર્શાવવા માટે છે. જો પૂર્વસૂત્રથી ऋ ની અનુવૃત્તિ ન લઈએ તો આ સૂત્રથી થતો आर् આદેશ અનેક વર્ણાત્મક હોવાથી 'अनेकवर्णः सर्वस्य ૭.૪.૧૦૭' પરિભાષાથી આખા तृन्-तृच् પ્રત્યયાન્ત નામો અને स्वसृ વિગેરે નામોનો आर् આદેશ થવાની આપત્તિ આવે. માટે ऋ ની અનુવૃત્તિથી હવે તે નામોના અંત્ય ऋ નો જ आर् આદેશ થશે.[A]

**(2) <u>दृष्टांत</u>** - (અહીં 'पुंस्त्रियोः० ૧.૧.૨૯' સૂત્રથી अम् વિગેરેને ઘુટ્ સંજ્ઞા થઈ છે.)

| | (i) कर्तारम् | (ii) कर्तारौ | (iii) कर्तारः |
|---|---|---|---|
| | कर्तृ + अम् | कर्तृ + औ | कर्तृ + जस् કે शस् |
| * 'तृ-स्वसृ० ૧.૪.૩૮' → | कर्तार् + अम् | कर्तार् + औ | कर्तार् + जस् કે शस् |
| * 'सो रुः ૨.૧.૭૨' → | ↓ | ↓ | कर्तारर् |
| * 'रः पदान्ते० ૧.૩.૫૩' → | ↓ | ↓ | कर्तारः |
| | = कर्तारम्। | = कर्तारौ। | = कर्तारः। |

આ જ પ્રમાણે वदितृ , [B]स्वसृ વિગેરેની સાધનિકા સમજી લેવી. વિશેષ એ કે कर्तृ શબ્દસ્થળે कृ ધાતુને 'णकतृचौ ૫.૧.૪૮' સૂત્રથી કર્તા અર્થમાં तृच् પ્રત્યય થયો છે અને वदितृ શબ્દસ્થળે वद् ધાતુને 'तृन्शील० ૫.૨.૨૭' સૂત્રથી શીલ અર્થમાં तृन् પ્રત્યય તેમજ इट् પ્રત્યય થયો છે.

**(iv) अतिकर्तारम् — कर्तारमतिक्रान्तः = अतिकर्ता** આમ અહીં તત્પુરુષસમાસ છે અને સાધનિકા ઉપર પ્રમાણે કરતા अतिकर्तारम् , अतिकर्तारौ અને अतिकर्तारः પ્રયોગ થશે.

અહીં યાદ રાખવું કે अतिकर्तारम् વિગેરે સ્થળે તત્પુરુષસમાસ જ છે. પણ अतिक्रान्तः कर्ता येन स = अतिकर्ता આ રીતે બહુવ્રીહિસમાસ નથી. કેમકે બહુવ્રીહિસમાસ કરીએ તો 'ऋन्नित्यदितः ૭.૩.૧૭૧' સૂત્રથી कच्

(A) આ બન્ને ऋ ની વાતો બૃ.ન્યાસમાં 'तृशब्दस्येत्यादि-अयमर्थः-तृशब्दस्य ऋकारान्तत्वाव्यभिचारात्.....' સ્થળે દર્શાવી છે તેનું અનુસંધાન કરી લેવું. તે પંક્તિના વિવરણકાળે ફરી આ અર્થ નહીં દર્શાવાય.

(B) सुष्ठु अस्यति-क्षिपति भ्रातुरमाङ्गल्यम् = स्वसा અર્થાત્ જે ભાઈના અપમંગળને દૂર કરે તે स्वसृ કહેવાય અને नमति पूर्वजेभ्यः = नप्ताः અર્થાત્ જે પોતાના પૂર્વજો (વડીલો)ને નમતો હોય તે नप्तृ (પુત્ર કે પૌત્ર) કહેવાય. આ રીતે त्वष्टृ વિગેરે શબ્દોની વ્યુત્પત્તિ પણ લઘુન્યાસમાં દર્શાવી છે.

સમાસાન્ત થવાથી અતિકર્તૃક શબ્દ બને. તેથી પરવર્તી ઘુટ્ પ્રત્યય અને ઋ ની વચ્ચે કચ્ નું વ્યવધાન થવાથી આ સૂત્રથી આર્ આદેશ ન થતા અતિકર્તારમ્ વિગેરે પ્રયોગો સિદ્ધ ન થઈ શકે.

**(3)** ઘુટ્ પ્રત્યય ∽ પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

**(a)** કર્તૃ કુલં પશ્ય – નપુંસકલિંગમાં 'શિર્ઘુટ્ ૧.૧.૨૮' સૂત્રથી થતો જસ્-શસ્ ના આદેશભૂત શિ પ્રત્યય ∽ ઘુટ્ ગણાય છે. તેથી કર્તૃ કુલં સ્થળે નપુંસકલિંગ કર્તૃ નામને લાગેલો અમ્ પ્રત્યય ઘુટ્ ન હોવાથી આ સૂત્રથી કર્તૃ ના ઋ નો આર્ આદેશ ન થતા 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી અમ્ પ્રત્યયનો લોપ થયો છે.

**શંકા :-** બૃ.વૃત્તિમાં નપુંસકલિંગનો ઘુટ્ પ્રત્યય પરમાં હોય અને આ સૂત્રની પ્રવૃત્તિ થઈ હોય તેવું દૃષ્ટાંત કેમ નથી દર્શાવ્યું ?

**સમાધાન :-** કર્તૃ વિગેરે નપુંસકલિંગ શબ્દોને ઘુટ્ શિ પ્રત્યય પરમાં વર્તતા 'સ્વરાચ્છૌ ૧.૪.૬૫' સૂત્રથી ન્ આગમ થાય છે. તેથી કર્તૃ + ન્ + શિ અવસ્થામાં ઋ અને શિ પ્રત્યયની વચ્ચે ન્ આગમ વ્યવધાયક બનવાથી આ સૂત્રથી ઋ નો આર્ આદેશ નથી થઈ શકતો માટે તેવા દૃષ્ટાંતો દર્શાવ્યા નથી.

**શંકા :-** ન્ આગમ કર્તૃ વિગેરે પ્રકૃતિનો ∽ અંશ (અંગ) ગણાય. તેથી ***'સ્વાઙ્ગમવ્યવધાયિ'*** ન્યાયથી ન્ આગમ વ્યવધાયક ન બનતા ઘુટ્ એવો શિ પ્રત્યય પરમાં વર્તતા કર્તૃ વિગેરે નપુંસકલિંગ નામોના અંત્ય ઋ નો આ સૂત્રથી આર્ આદેશ થવો જોઈએ.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ ∽ શબ્દને આશ્રયીને આગમ થયો હોય તે શબ્દનું કોઈ કાર્ય કરવાનું હોય તો ***'સ્વાઙ્ગમવ્યવધાયિ'*** ન્યાયથી આગમ વ્યવધાયક નથી બનતો. પણ જો તે શબ્દના અવયવનું કોઈ કાર્ય કરવાનું હોય તો આગમ તે અવયવનું સ્વાંગ ન ગણાતા વ્યવધાયક બને ∽ છે. પ્રસ્તુતમાં કર્તૃ + ન્ + શિ અવસ્થામાં આ સૂત્રથી ∽ને ન્ આગમ થયો છે એવા કર્તૃ નામને કોઈ કાર્ય નથી કરવાનું, પણ તેના અવયવભૂત ઋ નો આર્ આદેશ કરવાનો છે. તેથી ન્ આગમ વ્યવધાયક બનશે ∽. તેથી નપુંસકલિંગ કર્તૃ વિગેરેના ઋ નો આ સૂત્રથી આર્ આદેશ ન સંભવતા બૃ.વૃત્તિમાં દૃષ્ટાંતો દર્શાવ્યા નથી.

**(4) શંકા :-** બૃ.વૃત્તિમાં પ્રથમા અને સંબોધન એકવચનનો ઘુટ્ સિ પ્રત્યય પરમાં હોય અને કર્તૃ વિગેરેના ઋ નો આર્ આદેશ થયો હોય તેવા પ્રયોગો કેમ નથી દર્શાવ્યા ?

**સમાધાન :-** કર્તૃ + સિ (પ્રથમા) સ્થળે એકસાથે બે સૂત્રો પ્રવર્તવાની પ્રાપ્તિ છે. એક પ્રસ્તુતસૂત્ર અને બીજું 'ઋદુશનસ્૦ ૧.૪.૮૪' સૂત્ર. તેમાં પ્રસ્તુતસૂત્ર કર્તારૌ વિગેરે પ્રયોગસ્થળે ચરિતાર્થ હોવાથી સાવકાશ છે. અને 'ઋદુશનસ્૦ ૧.૪.૮૪' સૂત્ર પિતા વિગેરે પ્રયોગસ્થળે ચરિતાર્થ હોવાથી સાવકાશ છે. આમ બન્ને સૂત્રો સાવકાશ

હોવાથી કર્તૃ + સિ (પ્રથમા) સ્થળે 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રાનુસારે પર હોવાના કારણે બળવાન ગણાતા 'ऋदुशनस्० ૧.૪.૮૪' સૂત્રની જ પ્રવૃત્તિ થવાના કારણે કર્તા પ્રયોગ સિદ્ધ થાય છે. આ જ રીતે કર્તૃ + સિ (સંબોધન) સ્થળે પણ એકસાથે બે સૂત્રો પ્રવર્તવાની પ્રાપ્તિ છે. એક પ્રસ્તુતસૂત્ર કે જે कर्तारौ પ્રયોગસ્થળે ચરિતાર્થ હોવાથી સાવકાશ છે અને બીજું 'ह्रस्वस्य गुणः ૧.૪.૪૧' સૂત્ર કે જે हे पितः ! પ્રયોગસ્થળે ચરિતાર્થ હોવાથી સાવકાશ છે. આમ બન્ને સૂત્રો સાવકાશ હોવાથી કર્તૃ + સિ (સંબોધન) સ્થળે પણ પર હોવાના કારણે બળવાન ગણાતા 'ह्रस्वस्य गुणः ૧.૪.૪૧' સૂત્રની જ પ્રવૃત્તિ થવાના કારણે हे कर्तः ! પ્રયોગ સિદ્ધ થાય છે. આમ બન્ને સ્થળે આ સૂત્રથી આર્ આદેશની પ્રાપ્તિ ન વર્તતા બૃ.વૃત્તિમાં દૃષ્ટાંતો દર્શાવ્યા નથી.

**(5) શંકા :-** નપ્તૃ વિગેરે શબ્દો તૃ અંતવાળા હોવાથી સૂત્રવૃત્તિ તૃ શબ્દથી જ તેમનું ગ્રહણ શક્ય છે. છતાં તેમનું સૂત્રમાં પૃથગ્ ઉપાદાન કેમ કરવામાં આવ્યું છે ?

**સમાધાન :-** ઉણાદિ નામોમાં બે પક્ષ છે. એક વ્યુત્પત્તિપક્ષ અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયના ભેદને સ્વીકારતો પક્ષ અને બીજો અવ્યુત્પત્તિપક્ષ એટલે પ્રકૃતિ-પ્રત્યયના ભેદને ન સ્વીકારનારો પક્ષ. તેમાં જો અવ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરીએ તો ઉણાદિગણનિર્દિષ્ટ તૃ પ્રત્યયાન્ત નપ્તૃ વિગેરે નામ સ્થળે 'नम् ધાતુ અને तृ પ્રત્યય' આમ પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ નહીં સ્વીકારાય. હવે જો ભેદ જ ન સ્વીકારવાનો હોય તો આખા નપ્તૃ વિગેરે શબ્દના ભલે 'પુત્ર' વિગેરે અર્થ થાય પણ તેના नम् અંશ કે તૃ અંશનો કોઈ અર્થ ન થતો હોવાથી તત્રસ્થ તૃ અંશ અનર્થક ગણાય. જ્યારે ઉણાદિ સિવાયના કર્તૃ વિગેરે શબ્દ સ્થળે 'कृ ધાતુ અને કર્તા કે શીલાદ્યર્થક तृच् કે तृन् પ્રત્યય' આમ પ્રકૃતિ પ્રત્યયનો ભેદ શક્ય હોવાથી ત્યાંનો તૃ અંશ અર્થવદ્ (સાર્થક) ગણાય. હવે આગળ (પૃષ્ઠ-૫૧, ૧.૪.૭ સૂત્રના નં. **19** ના) વિવરણમાં ***'स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा'*** ન્યાયના અર્થઘટન અવસરે આપણે જોઈ ગયા કે વ્યાકરણમાં શબ્દના સ્વરૂપની સાથે સાથે અર્થનું પણ ગ્રહણ થાય છે. અર્થાત્ કોઈ પણ અર્થવાન્ શબ્દને લઈને કાર્ય થાય છે, અનર્થકને લઈને નહીં. આ જ વાતને જણાવવા ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** (A) ન્યાય પણ છે. જો અનર્થક શબ્દને લઈને વ્યાકરણમાં કોઈ કાર્ય કરવું હોય તો તે શબ્દનું સૂત્રમાં પૃથગ્ ઉપાદાન કરવું આવશ્યક બને છે. ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયાનુસારે સૂત્રોક્ત તૃ શબ્દથી કર્તા કે શીલાદ્યર્થક અર્થવાન્ तृच् કે तृन् પ્રત્યયાન્ત કર્તૃ વિગેરે નામોનું જ ગ્રહણ સંભવતા અનર્થક તૃ અંશવાળા ઉણાદિના નપ્તૃ વિગેરે નામોનું ગ્રહણ સંભવતું ન હોવાથી તેમના ગ્રહણાર્થે સૂત્રમાં નપ્તૃ વિગેરે શબ્દોનું પૃથગ્ ઉપાદાન કરવામાં આવ્યું છે. સૂત્રમાં આ રીતે નપ્તૃ વિગેરે શબ્દોનું કરેલું પૃથગ્ ઉપાદાન ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયનું જ્ઞાપક મનાય છે.

**શંકા :-** વ્યુત્પત્તિપક્ષાનુસારે ઉણાદિ નામોમાં પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ સ્વીકારાશે. તેથી નપ્તૃ શબ્દની નમતિ પૂર્વજેભ્યઃ વ્યુત્પત્ત્યનુસારે ત્યાં 'नम् ધાતુ અને કર્તા અર્થક तृ પ્રત્યય' આમ અર્થવાન્ પ્રત્યયની પ્રાપ્તિ થશે. તેથી

---

(A) અર્થવાળા પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ સંભવતું હોય ત્યારે અનર્થક પ્રત્યય કે પ્રકૃતિનું ગ્રહણ ન કરવું.

*'अर्थवद्ग्रहणे०'* ન્યાયાનુસારે સૂત્રોક્ત तृ શબ્દથી જ કર્તાઘર્થક અર્થવાન્ तृ પ્રત્યયાન્ત નપ્તૃ વિગેરે ઉણાદિ નામોનું ગ્રહણ સંભવતા સૂત્રમાં તેમનું પૃથગ્ ઉપાદાન કેમ કર્યું છે ?

**સમાધાન :-** નિયમ કરવા માટે તેમનું સૂત્રમાં પૃથગ્ ઉપાદાન કર્યું છે. આશય એ છે કે નપ્તૃ વિગેરે શબ્દોનું જો સૂત્રમાં પૃથગ્ ઉપાદાન ન કરવામાં આવે તો વ્યુત્પત્તિપક્ષાનુસારે સૂત્રોક્ત तृ શબ્દથી સૂત્રમાં તેમનું ગ્રહણ તો થઈ જાય, પણ સાથે સાથે ઉણાદિના तृ પ્રત્યયાન્ત પિતૃ વિગેરે શબ્દોનું પણ ગ્રહણ થવાનો અનિષ્ટ પ્રસંગ આવે. તો *'सिद्धे सत्यारम्भो नियमार्थः* (A) ન્યાયાનુસારે સૂત્રોક્ત तृ શબ્દથી પિતૃ વિગેરે શબ્દોનું ગ્રહણ ન થતા માત્ર નપ્તૃ વિગેરે કેટલાક ઉણાદિ શબ્દોનું જ સૂત્રમાં ગ્રહણ થાય આવો નિયમ કરવા માટે નપ્તૃ વિગેરે શબ્દોનું સૂત્રમાં પૃથગ્ ઉપાદાન કર્યું છે. આમ પિતૃ વિગેરે શબ્દસ્થળે ઘુટ્ પ્રત્યય પરમાં આવતા આ સૂત્રથી તેમના ऋ નો આર્ આદેશ ન થવાથી પિતરૌ, ભ્રાતરૌ વિગેરે પ્રયોગ થશે અને અહીં કરાયેલ વ્યુત્પત્તિપક્ષનો આશ્રય *'उणादयोऽव्युत्पन्नानि नामानि'* ન્યાયની અનિત્યતાને સૂચવે છે.

**શંકા :-** ઉણાદિ નામોમાં વ્યુત્પત્તિપક્ષનો આશ્રય ક્યારે કરાય ? અને અવ્યુત્પત્તિપક્ષનો આશ્રય ક્યારે કરાય ? આ બન્ને પક્ષો શા કારણે ઊભા થયા છે ?

**સમાધાન :-** ઈષ્ટપ્રયોગની સિદ્ધિ અને અનિષ્ટપ્રયોગનું વારણ કરવા જ્યારે જે પક્ષનો આશ્રય કરવો હોય તે કરી શકાય છે. અહીં અમે બન્ને પક્ષને ગ્રહણ કરી પ્રાપ્ત થતું ફળ ઉપર દર્શાવ્યું છે. પણ દરેકસ્થળે બન્ને પક્ષને લઈ ફળ બતાવવું જરૂરી નથી. હવે આ બન્ને પક્ષો કેમ ઊભા થયા તે અંગે જાણી લઈએ. ઉણાદિ નામોમાં વ્યુત્પત્તિપક્ષને શાકટાયનવ્યાકરણકાર *'पाल्यकीर्ति'* સ્વીકારે છે અને અવ્યુત્પત્તિપક્ષને મહર્ષિ *'पाणिनि'* સ્વીકારે છે. તેમાં પાણિનિના 'आयनेयी० (પા. સૂ. ૭.૧.૨)' સૂત્રમાં પ્રત્યયની આદિમાં રહેલા ફ, ઢ, ખ, છ અને ઘ નો અનુક્રમે आयन्, एय्, ईन्, ईय् અને इय् આદેશ કરવામાં આવ્યો છે. તો અહીં શંકા ઊભી કરવામાં આવી છે કે "શું તમે ઉણાદિ પ્રત્યયોની આદિમાં રહેલા ખ, ઢ વિગેરેના પણ આ સૂત્રથી ઈન્ અને એય્ વિગેરે આદેશ કરશો ? જો "હા" કહેશો તો शङ्ख અને षण्ढ શબ્દસ્થળે પણ ઉણાદિના ખ અને ઢ પ્રત્યયો હોવાથી તેમના ઈન્ અને એય્ આદેશ કરવાનો પ્રસંગ વર્તતા તમે शङ्ख અને षण्ढ શબ્દના પ્રયોગ નહીં કરી શકો." આ શંકાના બીજા અનેક પ્રકારે સમાધાનો આપવાનો પ્રયત્ન કરી છેલ્લે મહાભાષ્યમાં કહ્યું કે 'प्रातिपदिकविज्ञानाच्च भगवतः पाणिनेः आचार्यस्य सिद्धम्–*'उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि'* અર્થાત્ 'પ્રકૃતિ-પ્રત્યય રહિત અખંડ પ્રાતિપદિક (નામ) માનવાના કારણે પાણિનિ ઋષિના મતે આ વાત સિદ્ધ થાય છે કે ઉણાદિ નામો અવ્યુત્પન્ન અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયના ભેદ રહિત હોય છે.' આમ પાણિનિ ઋષિના મતે ઉણાદિ નામો અવ્યુત્પન્ન ગણાતા शङ्ख અને षण्ढ શબ્દો અખંડ મનાવાથી ત્યાં કોઈ

---

(A) સૂત્રોક્ત तृ શબ્દથી નપ્તૃ વિગેરે નામોનું ગ્રહણ સિદ્ધ હોવા છતાં સૂત્રમાં તેમનો પૃથગ્ ઉપાદાનાત્મક આરંભ तृ શબ્દથી ગ્રહણ કરાતા પિતૃ વિગેરે નામોના નિષેધ રૂપ નિયમાર્થે છે.

ખ અને ઢ પ્રત્યયો જ્ઞ ન હોવાથી 'આયનેયી૦ (પા. સૂ. ૭.૧.૨)' સૂત્રથી ઈન્ અને એય્ આદેશ થવાની આપત્તિ નહીં આવે. આ રીતે શઙ્ખ અને ષણ્ઢ આદિ શબ્દોના પ્રયોગોની સિદ્ધ્યર્થે ***પાણિનિ*** ઋષિ ઉણાદિ નામોમાં અવ્યુત્પત્તિ પક્ષને સ્વીકારે છે.

જ્યારે શાકટાયનવ્યાકરણકારશ્રી ફરમાવે છે કે ઉણાદિ નામોને જો અવ્યુત્પન્ન ગણવામાં આવશે તો તેમને કૃદન્ત નહીં ગણી શકાય. કેમકે ઉણાદિ નામો પ્રકૃતિ - પ્રત્યયના ભેદ રહિત મનાતા તેમને કયાં કૃત્ પ્રત્યયો લાગ્યા છે કે જેમને લઈને તેમને કૃદન્ત ગણી શકાય ? આમ ઉણાદિ નામો કૃદન્ત ન ગણાતા વપુષા, સર્પિષા, યજુષા વિગેરે પ્રયોગસ્થળે વપુસ્, સર્પિસ્, યજુસ્ વિગેરે નામોનો સ્ કૃદન્ત સંબંધી ન ગણાતા તેનો 'નામ્યન્તસ્થા૦ ૨.૩.૧૫' સૂત્રથી પ્રાપ્ત ષ્ આદેશ ન થઈ શકવાની આપત્તિ આવે હવે જો ઉણાદિ નામોને વ્યુત્પન્ન સ્વીકારવામાં આવે તો વપુસ્, સર્પિસ્, યજુસ્ વિગેરે શબ્દસ્થળે વપ્ + ઉસ્, સૃપ્ + ઇસ્ અને યજ્ + ઉસ્ આમ પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ સ્વીકારાતા તેમને ઉસ્, ઇસ્ આદિ ઉણાદિ કૃત્ પ્રત્યયાન્ત કૃદન્ત ગણી શકાતા તેમનો સ્ કૃદન્ત સંબંધી ગણાય. તેથી 'નામ્યન્તસ્થા૦ ૨.૩.૧૫' સૂત્રથી સ્ નો ષ્ આદેશ થઈ શકતા વપુષા, સર્પિષા અને યજુષા વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકે છે. આમ વપુસ્ વિગેરેના સ્ નો ષ્ આદેશ થઈ શકે તે માટે શાકટાયન-વ્યાકરણકારશ્રી ઉણાદિ નામોના વ્યુત્પત્તિપક્ષને સ્વીકારે છે.

*('આયનેયી૦ (પા. સૂ. ૭.૧.૨)' સૂત્રના મ.ભાષ્યોદ્યોતમાં* ***'નાગેશ'*** *ફરમાવે છે કે વપુષા વિગેરે પ્રયોગસ્થળે સ્ નો ષ્ આદેશ કરવા વ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરવાની કોઈ જરૂર નથી. કેમકે 'उणादयः ५.२.९३' સૂત્રમાં બહુલમ્ ની અનુવૃત્તિ ચાલું છે અને બહુલમ્ શબ્દની* ***'बहूनि कार्याणि लाति'*** *વ્યુત્પત્તિના બળે અલાક્ષણિક (કોઈ સૂત્રથી અઘટિત) કાર્યો પણ કરવા શક્ય હોવાથી વપુસ્ વિગેરેના સ્ નો ષ્ આદેશ થઈ જશે. માટે ઉણાદિ નામસ્થળે સર્વત્ર અવ્યુત્પત્તિપક્ષનો જ આશ્રય કરવો યુક્ત છે.)*

**(6)** સરસ્વતીકણ્ઠાભરણકારશ્રી ***'ભોજ'*** વિગેરે વૈયાકરણો ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ઔણાદિક પ્રસ્તોતૃ, ઉન્નેતૃ, ઉદ્ગાતૃ, પ્રતિહર્તૃ અને પ્રતિસ્થાતૃ શબ્દોના અંત્ય ઋ નો પણ આર્ આદેશ ઇચ્છે છે. તેથી તેમના મતે પૂર્વે દર્શાવેલા નપ્તારમ્ વિગેરે પ્રયોગની જેમ પ્રસ્તોતારમ્, પ્રસ્તોતારૌ, પ્રસ્તોતારઃ પ્રયોગો પણ થશે. ઉન્નેતૃ વિગેરે શબ્દોના પ્રયોગ પણ આ રીતે કરી લેવા ।।૩૮।।

## अङौ च ।। १.४.३९ ।।

**बृ.वृ.–ऋकारस्य स्थाने ङौ घुटि[1] च परे 'अर्' इत्ययमादेशो भवति। पितरि[2], पितरम्, पितरौ २, पितरः, मातरि, मातरम्, मातरौ २, मातरः। ङौ[3] चेति किम्? पित्रा, मात्रा। 'कर्तृणि[4] कुले, कर्तॄणि कुलानि' इत्यत्र तु परत्वात् पूर्वं न एव, तस्मिंश्च सति व्यवधानान्न भवति। ऋत इत्येव? ग्रि ।।३९।।**

**સૂત્રાર્થ :-** ङि (સ.એ.વ.) અને ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તેમની પૂર્વે રહેલા ऋ નો अर् આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રમાં 'ङौ च' સ્થળે च કાર સૂત્રમાં નિમિત્ત રૂપે ગ્રહણ કરાતા ङि પ્રત્યયની પરમાં છે. તેથી ***'चकारो यस्मात् परः तत्सजातीयमेव समुच्चिनोति'*** ન્યાયાનુસારે તે ङि નિમિત્તને સજાતીય કોઈ નિમિત્તાન્તરનો ૴ સમુચ્ચય કરશે. તો અહીં કયાં નિમિત્તાન્તરનો સમુચ્ચય કરવો ? એ પ્રશ્ન ઉઠતા નજીક હોવાના કારણે પૂર્વસૂત્રસ્થ ઘુટ્ પ્રત્યય રૂપ નિમિત્તનો સમુચ્ચય કરવામાં આવે છે. આથી બૃ.વૃત્તિમાં 'ङौ घुटि च' આવી પંક્તિ દર્શાવી છે.

**(2)** <u>દૃષ્ટાંત</u> -

| | | **(i)** | **(ii)** | **(iii)** | **(iv)** |
|---|---|---|---|---|---|
| | | **पितरि** | **पितरम्** | **पितरौ** | **पितरः** |
| | | **पितृ + ङि** | **पितृ + अम्** | **पितृ + औ** | **पितृ + जस्** |
| * | **'अङौ च १.४.३९'** → | **पितर् + ङि** | **पितर् + अम्** | **पितर् + औ** | **पितर् + जस्** |
| * | **'सो रुः २.१.७२'** → | ↓ | ↓ | ↓ | **पितरर्** |
| * | **'रः पदान्ते० १.३.५३'** → | ↓ | ↓ | ↓ | **पितरः** |
| | | **= पितरि** | **= पितरम्** | **= पितरौ** | **= पितरः** |

मातृ શબ્દના પ્રયોગની સાધનિકા ઉપર પ્રમાણે ૴ સમજવી.

**(3)** ङि અને ઘુટ્ પ્રત્યયો ૴ પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

**(a) पित्रा (b) मात्रा — * पितृ + टा અને मातृ + टा, * 'इवर्णादे० १.२.२१' → पित्र् + टा = पित्रा અને मात्र् + टा = मात्रा।**

અહીં टा પ્રત્યય એ ङि કે ઘુટ્ પ્રત્યય ન હોવાથી पितृ અને मातृ શબ્દોના ऋ નો આ સૂત્રથી अर् આદેશ ન થયો.

**(4) શંકા :-** कर्तृणि कुले અને कर्तॄणि कुलानि પ્રયોગ સ્થળે નપુંસક कर्तृ નામથી પરમાં ङि અને ઘુટ્ પ્રત્યયો વર્તે છે. તો કેમ कर्तृ નામના ऋ નો આ સૂત્રથી अर् આદેશ નથી કરતા ?

**સમાધાન :-** कर्तृ + ङि અને कर्तृ + शि (जस्-शस् ના આદેશભૂત शि છે) અવસ્થામાં એકસાથે બે સૂત્રો પ્રવર્તવાની પ્રાપ્તિ છે. એક આ સૂત્ર અને બીજું न् આગમને કરતું 'अनाम्स्वरे० १.४.६४' સૂત્ર. તેમાં આ સૂત્ર ઉપર દર્શાવેલા पितरि વિગેરે પ્રયોગસ્થળે ચરિતાર્થ હોવાથી સાવકાશ છે અને 'अनाम्स्वरे० १.४.६४' સૂત્ર वारिणि વિગેરે પ્રયોગસ્થળે न् આગમ કરી ચરિતાર્થ થતું હોવાથી સાવકાશ છે. આમ ઉભયસૂત્રો સાવકાશ હોવાથી 'स्पर्धे ७.४.११९' પરિભાષાનુસારે પર હોવાના કારણે બળવાન ગણાતા 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રની ૴ પૂર્વે પ્રવૃત્તિ થશે અને તેથી कर्तृन् + ङि અને कर्तृन् + शि અવસ્થા પ્રાપ્ત થતા कर्तृ શબ્દના ऋ અને ङि તેમ૴ ઘુટ્ शि

પ્રત્યયની વચમાં ન્ આગમનું વ્યવધાન થતા તે ઋ ની પરમાં (અવ્યવહીત પરમાં) ङि અને ઘુટ્ પ્રત્યયો ન વર્તતા આ સૂત્રથી અમે નપુંસકલિંગ કર્તૃ શબ્દના ઋ નો અર્ આદેશ નથી કરતા. આગળની સાધનિકા આમ સમજવી –

*** कर्तृन् + ङि = कर्तृनि અને कर्तृन् + शि, * 'नि दीर्घः १.४.८५' → कर्तॄन् + शि = कर्तॄनि, * 'रषृवर्णान्० २.३.६३' → कर्तृणि અને कर्तॄणि।**

**(5)** આ સૂત્રથી ङि અને ઘુટ્ પ્રત્યયોની પૂર્વના ઋ નો ૮ અર્ આદેશ થાય એવું કેમ ?

**(a) ग्रि — * गृ + ङि, * 'इवर्णादे० १.२.२१' → ग्र् + इ = ग्रि।**

અહીં 'गृ इति[A]' આમ गृ ધાતુનું અનુકરણ કરવાથી गृ નામ બને છે અને તેને ङि પ્રત્યય લાગતા પૂર્વમાં હ્રસ્વ ઋ ન હોવાથી આ સૂત્રથી તેનો અર્ આદેશ ન થયો ।।૩૯।।

## मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये[B] ।। १.४.४०।।

**बृ.वृ.–मातृशब्दस्याऽऽमन्त्र्ये पुत्रे वर्तमानस्य [1]सामर्थ्याद् बहुव्रीहौ समासे सिना सह मात इत्यकारान्त आदेशो भवति, [2]अर्हे–मातृद्वारेण पुत्रप्रशंसायां गम्यमानायाम्, [3]कचोऽपवादः। [4]गार्गी माता यस्य तस्यामन्त्रणं हे गार्गीमात!, एवम्–हे वात्सीमात!, अत्र पुत्रः संभावितोत्कर्षया श्लाघ्यया मात्रा तत्पुत्रव्यपदेशयोग्यतया प्रशस्यते। [5]मातुरिति किम्? हे गार्ग्यपितृक!। [6]पुत्र इति किम्? हे मातः!, हे गार्गीमातृके वत्से!। [7]अर्हे इति किम्? अरे गार्गीमातृक!। [8]आमन्त्र्य इति किम्? गार्गीमातृकः। [9]सिनेति किम्? हे गार्गीमातृकौ! ।।४०।।**

---

**सूत्रार्थ :-** माता द्वारा पुत्रप्रशंसा જણાતી હોય તો आमन्त्र्य એવા પુત્ર અર્થમાં વર્તતા मातृ શબ્દનો સામર્થ્યથી બહુવ્રીહિસમાસમાં सि પ્રત્યયની સાથે મળી मात આદેશ થાય છે.

**<u>विवरण</u> :- (1) शंका :-** मातृ શબ્દ 'પુત્ર' અર્થનો વાચક ન બની શકે છતાં બૃ.વૃત્તિમાં 'પુત્ર' અર્થના વાચક તરીકે मातृ શબ્દ કેમ બતાવ્યો ?

**समाधान :-** તમારી વાત સાચી છે. કેમ કે ક્યારે પણ અમુક અર્થનો વાચક બનતો શબ્દ સાક્ષાત્ બીજા અર્થનો વાચક બનતો નથી. છતાં બહુવ્રીહિસમાસમાં અમુક અર્થના વાચક શબ્દનો પોતાનો અર્થ ગૌણ બની જવાથી તે મુખ્ય એવા અન્યપદાર્થ રૂપ અર્થાન્તરનો (બીજા અર્થનો) વાચક બની શકે છે. આથી કેવળ मातृ શબ્દ

---

(A) यथा 'न्युदो ग्रः ५.३.७२' इत्यत्र 'ग्रः' इति गृ धातोरनुकरणात् पञ्चम्येकवचने रुपं तथैव 'ग्रि' इत्यत्रापि गृधातोरेवानुकरणात् सप्तम्येकवचने रुपमिति बोध्यम्।

(B) आमन्त्र्य इत्यनेन पुत्र इति विशिष्यते तेन च मातुरिति (१.४.४० न्यास)। **आमन्त्रणं चानभिमुखस्याभिमुखीकरणं** तथा च यमुद्दिश्यामन्त्रणं क्रियते स आमन्त्र्य इति।

ભલે 'પુત્ર' અર્થનું પ્રતિપાદન ન કરે, પણ બહુવ્રીહિસમાસ પામ્યા પછી તેનો પોતાનો 'માતા' અર્થ ગૌણ બની જવાથી તે મુખ્ય એવા અન્યપદાર્થભૂત 'પુત્ર' અર્થનું પ્રતિપાદન કરી શકે છે. આમ બૃ.વૃત્તિમાં 'मातृशब्दस्य आमन्त्र्ये पुत्रे वर्तमानस्य' આમ જે કહ્યું તે યુક્ત જ છે. તેમજ માતૃ શબ્દ દ્વારા બહુવ્રીહિસમાસમાં 'પુત્ર' અર્થનું પ્રતિપાદન શક્ય હોવાથી બૃ.વૃત્તિકારે 'सामर्थ्याद् बहुव्रीहौ समासे' પંક્તિ દર્શાવી છે.

**(2)** સૂત્રસ્થ અર્હ શબ્દથી 'પ્રશંસા' અર્થ જાણાય છે. તે પ્રશંસા માતાની નહીં પણ પ્રશસ્ય એવી માતા દ્વારા પ્રશંસાપાત્ર બનતા પુત્રની લેવાની છે. કેમકે માતા પ્રશંસાપાત્ર હોવા છતાં બહુવ્રીહિસમાસ થવાના કારણે 'માતા' અર્થક માતૃ શબ્દ હવે 'પુત્ર' અર્થનો વાચક બની જાય છે. આ જ વાતને જણાવવા બૃ.વૃત્તિમાં 'मातृद्वारेण पुत्रप्रशंसायां गम्यमानायाम्' પંક્તિ દર્શાવી છે.

**(3) શંકા :-** માતૃ શબ્દ गार्गी माता यस्य स = गार्गीमातृ આમ બહુવ્રીહિસમાસ થયા પછી 'પુત્ર' અર્થનું પ્રતિપાદન કરે છે અને બહુવ્રીહિસમાસ થયા પછી ऋ કારાન્ત નામોને 'ऋन्नित्यदितः ૭.૩.૧૭૧' સૂત્રથી कच् સમાસાન્ત થતા गार्गीमातृक શબ્દ નિષ્પન્ન થાય. હવે गार्गीमातृक શબ્દને સંબોધન એકવચનનો સિ પ્રત્યય લાગતા વચ્ચે कच् સમાસાન્તનું વ્યવધાન[A] નડવાથી સિ પ્રત્યયની સાથે માતૃ શબ્દનો मात આદેશ શી રીતે કરશો ?

**સમાધાન :-** 'ऋन्नित्यदितः ૭.૩.૧૭૧' સૂત્રથી બહુવ્રીહિસ્થ દરેક ऋ કારાન્ત નામોને कच् સમાસાન્તની પ્રાપ્તિ છે, આથી તે સામાન્યવિધિ ગણાય અને આ સૂત્રથી બહુવ્રીહિસ્થ ऋ કારાન્ત માતૃ શબ્દનો જ સંબોધનના સિ પ્રત્યયની સાથે मात આદેશ થતો હોવાથી તે વિશેષવિધિ ગણાય. હવે ***'सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાયાનુસારે વિશેષવિધિ દ્વારા સામાન્યવિધિનો બાધ થતો હોવાથી गार्गीमातृ સ્થળે બાધિત कच् સમાસાન્ત નહીં થાય અને गार्गीमातृ + સિ અવસ્થામાં આ સૂત્રથી સંબોધનના સિ પ્રત્યયની સાથે માતૃ નો मात આદેશ થઈ શકશે. આમ આ સૂત્રથી થતો मात આદેશ 'ऋन्नित्यदितः ૭.૩.૧૭૧' સૂત્રથી પ્રાપ્ત कच् સમાસાન્તનો અપવાદ છે.

**(4) <u>દૃષ્ટાંત</u> -**

**(i) હે गार्गीमात! – * 'गर्गादेर्यञ् ૬.૧.૪૨' → गर्गस्यापत्यं वृद्धं स्त्री = गर्ग + यञ्, * 'वृद्धिः स्वरेष्वादि० ૭.૪.૧' → गार्ग + यञ्, * 'अवर्णेवर्णस्य ૭.૪.૬૮' → गार्ग् + यञ् = गार्ग्य, * 'यञो ङायन्० ૨.૪.૬૭' → गार्ग्य + ङी, * 'अस्य ङ्यां० ૨.૪.૮૬' → गार्ग्य् + ङी, * 'व्यञ्जनात्तद्धितस्य ૨.૪.૮૮' → गार्ग् + ङी = गार्गी, * 'एकार्थं चाने० ૩.૧.૨૨' → गार्गी माता यस्य स = गार्गीमातृ + सि, * 'मातुर्मात० ૧.૪.૪૦' → हे गार्गीमात!।**

(A) સૂત્રમાં मातुः પદસ્થળે ષષ્ઠી અનન્તર-અનન્તરીભાવ અર્થમાં થઈ છે. આથી આ સૂત્રથી मात આદેશ કરવા માતૃ શબ્દ અને સંબોધનના સિ પ્રત્યયની વચ્ચે कच् સમાસાન્તનું વ્યવધાન ન ચાલે.

**હે વાત્સીમાત!** પ્રયોગની સાધનિકા પણ આ રીતે સમજી લેવી. આ બન્ને દૃષ્ટાંતસ્થળે જેણી થકી પુત્રને ઉત્કર્ષ (આબાદી) સંભવે છે તેવી સુકુળમાં ઉત્પન્ન થયેલી પ્રશંસનીય માતા દ્વારા ''આ તે ગાર્ગીનો દીકરો છે'' અને ''આ તે વાત્સીનો દીકરો છે'' આમ કથનને યોગ્ય પુત્ર પ્રશંસાય છે.

**(5)** આ સૂત્રથી પુત્રાર્થક માતૃ શબ્દનો જ સંબોધનના સિ પ્રત્યયની સાથે મળી માત આદેશ થાય એવું કેમ ?

**(a) હે ગાર્ગ્યપિતૃક! – * 'एकार्थं चाने० ३.१.२२' → गार्ग्यः पिता यस्य स = गार्ग्यपितृ, * 'ऋन्नित्य० ७.३.१७१' → गार्ग्यपितृक + सि, * 'अदेतः स्यमो० १.४.४४' → हे गार्ग्यपितृक!।**

અહીં પુત્રાર્થક પિતૃ શબ્દ છે, માટે આ સૂત્રથી તેનો માત આદેશ ન થતા 'ऋन्नित्य० ७.३.१७१' સૂત્રથી कच् સમાસાન્ત થઈ ગયો.

**(6)** આ સૂત્રથી 'પુત્ર' અર્થમાં જ વર્તતા માતૃ શબ્દનો સંબોધનના સિ પ્રત્યયની સાથે મળી માત આદેશ થાય એવું કેમ ?

| **(a) હે માતઃ!** | | **(b) હે गार्गीमातृके वत्से** | |
|---|---|---|---|
| | **मातृ + सि** | | **गार्गी माता यस्याः सा = गार्गीमातृ** |
| *** 'ह्रस्वस्य गुणः १.४.४१'** | **→ मातर्** | *** 'ऋन्नित्य० ७.३.१७१'** | **→ गार्गीमातृक** |
| *** 'रः पदान्ते० १.३.५३'** | **→ हे मातः।** | *** 'आत् २.४.१८'** | **→ गार्गीमातृका + सि** |
| | | *** 'एदापः १.४.४२'** | **→ हे गार्गीमातृके।** |

અહીં બન્ને સ્થળો પૈકી પ્રથમ સ્થળે બહુવ્રીહિસમાસ ન હોવાથી માતૃ શબ્દ 'પુત્ર' અર્થનો વાચક નથી બનતો અને બીજા સ્થળે બહુવ્રીહિસમાસ હોવા છતાં માતૃ શબ્દ 'પુત્રી' અર્થનો વાચક બને છે, 'પુત્ર' અર્થનો નહીં. માટે આ સૂત્રથી માત આદેશ ન થયો.

**(7)** માતા દ્વારા પુત્રની પ્રશંસા જણાતી હોય ત્યારે જ આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

**(a) अरे गार्गीमातृक! – * 'एकार्थं चाने० ३.१.२२' → गार्गी माता यस्य स = गार्गीमातृ, * 'ऋन्नित्य० ७.३.१७१' → गार्गीमातृक + सि, * 'अदेतः स्यमो० १.४.४४' → अरे गार्गीमातृक !।**

અહીં અનેક પુરૂષો સાથે ભોગક્રીડા કરી હોવાથી માતા નિંદ્ય છે અને તેમાં પુત્રનો પિતા કોણ છે ? તે જણાતું ન હોવાથી અથવા લોકમાં તે અનેક પિતાવાળો કહેવાતો હોવાથી પુત્ર પણ નિંદ્ય છે. આમ અહીં નિંદ્ય માતા દ્વારા ''આ પેલી ગાર્ગીનો છોકરો છે'' આ રીતે નિર્ગુણ પુત્ર નિંદાતો હોવાથી પ્રશંસા અર્થ ન જણાતા માતૃ શબ્દનો સંબોધનના સિ પ્રત્યયની સાથે મળી માત આદેશ ન થયો. દૃષ્ટાંતમાં અરે શબ્દ નિંદાનો સૂચક છે.

**(8)** આ સૂત્રથી આમન્ત્ર્ય એવા જ પુત્ર અર્થમાં વર્તતા માતૃ શબ્દનો સંબોધનના સિ પ્રત્યયની સાથે મળી માત આદેશ થાય એવું કેમ ?

**(a) गार्गीमातृकः** – * गार्गीमातृक + सि (પ્ર.એ.વ.), * 'सो रुः २.१.७२' → गार्गीमातृकर्, * 'रः पदान्ते० १.३.५३' → गार्गीमातृकः ।

અહીં માતૃ શબ્દ આમન્ત્ર્ય એવા પુત્ર અર્થમાં ન વર્તતા કર્તા એવા પુત્ર અર્થમાં વર્તે છે, માટે આ સૂત્રથી માત આદેશ ન થયો.

**(9)** આ સૂત્રથી માતૃ શબ્દનો માત આદેશ કરવા સંબોધનનો સિ પ્રત્યય જ જોઈએ એવું કેમ ?

**(a) हे गार्गीमातृकौ** – * गार्गीमातृ, * 'ऋन्नित्य० ७.३.१७१' → गार्गीमातृक + औ, * 'ऐदौत्० १.२.१२' → **हे गार्गीमातृकौ** !।

અહીં ગાર્ગીમાતૃ શબ્દને સંબોધન દ્વિવચનનો ઔ પ્રત્યય લાગવાનો પ્રસંગ છે. તેથી સંબોધનના સિ પ્રત્યય રૂપ નિમિત્ત ખુટવાથી માતૃ નો માત આદેશ ન થતા કચ્ સમાસાન્ત થઈ ગયો ।।૪૦।।

## ह्रस्वस्य गुणः ।। १.४.४१।।

**बृ.वृ.-आमन्त्र्येऽर्थे वर्तमानस्य ह्रस्वान्तस्य सिना सह (1)श्रुतत्वाद् ह्रस्वस्यैव गुणो भवति, "(2)आसन्नः" (७.४.१२०)। हे (3)पितः!, हे मातः!, हे कर्तः!, हे स्वसः!, हे मुने!, हे साधो!, हे बुद्धे!, हे धेनो!। (4)सिनेत्येव? हे कर्तृ कुल!, हे वारि!, हे त्रपु!, अत्र परत्वात् पूर्वं सेर्लुपि सेरभावान्न भवति, "नामिनो लुग् वा" (१.४.६१) इति लुकि तु स्थानिवद्भावाद् भवत्येव–हे कर्तः कुल!, हे वारे!, हे त्रपो!। (5)आमन्त्र्य इत्येव? पिता, मुनिः, साधुः। (6)ह्रस्वस्येति किम्? हे श्रीः!, हे भ्रूः!। 'हे नदि!, हे वधु!' इत्यत्र तु ह्रस्वविधानसामर्थ्यात् सेरभावाच्च न भवति।।४१।।**

---

**सूत्रार्थ :-** આમન્ત્ર્ય અર્થમાં વર્તતા હ્રસ્વસ્વરાન્ત નામના હ્રસ્વસ્વરનો જ શ્રુતવિધિ હોવાના કારણે સિ (સં.એ.વ.) પ્રત્યયની સાથે મળી આસન્ન એવો ગુણ થાય છે.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રમાં ह्रस्वस्य પદવાચ્ય જે પદાર્થ હોય તેનો ગુણ કરવા કહ્યું છે. હવે ह्रस्वस्य પદ પૂર્વસૂત્રાનુવૃત્ત નામ્નઃ પદનું વિશેષણ છે. તેથી તે 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાથી વિશેષ્ય રૂપ સમુદાયનું અંત્ય અવયવ બનતા ह्रस्वस्य પદનો 'હ્રસ્વસ્વરાન્ત નામનો' આ અર્થ પ્રાપ્ત થાય છે. તો શું તમે સંપૂર્ણ હ્રસ્વસ્વરાન્ત નામનો ગુણ કરશો ?

**સમાધાન :-** ના, અમે એવું નહીં કરીએ. કેમકે વિધિ બે પ્રકારની હોય છે; એક શ્રુતવિધિ અને બીજી અનુમિતવિધિ. સૂત્રમાં સાક્ષાત્ પદનું ઉપાદાન કરી જે કાર્ય ફરમાવ્યું હોય તે શ્રુતવિધિ કહેવાય. જેમ કે આ

સૂત્રમાં સાક્ષાત્ હ્રસ્વસ્ય પદનું ઉપાદાન કરી ફરમાવેલ હ્રસ્વસ્વરનો ગુણ કરવા રૂપ વિધિ. જ્યારે પૂર્વસૂત્રાનુવૃત્ત શબ્દ અથવા કોઈ પરિભાષાનો આશ્રય કરી જે વિધિ ફરમાવી હોય તેને અનુમિતવિધિ કહેવાય. જેમ કે શંકાકારે દર્શાવ્યાં મુજબ 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષાનો આશ્રય કરી હ્રસ્વસ્વરાન્ત નામનો ગુણ કરવા રૂપ વિધિ. આ બન્ને વિધિઓ પૈકી *'श्रुतानुमितयोः श्रौतो विधिर्बलीयान्'* ન્યાયાનુસારે શ્રુતવિધિ બળવાન ગણાતા આ સૂત્રથી સંપૂર્ણ હ્રસ્વસ્વરાન્ત નામનો ગુણ નહીં થાય, પણ તે હ્રસ્વસ્વરાન્ત નામના હ્રસ્વસ્વરનો જ ગુણ થશે.

**(2) શંકા :-** ઇ-ઋ-ઉ વર્ણ અથવા ઉ-ઋ-ઇ વર્ણ કે પછી ઇ-ઉ-ઋ વર્ણનો અનુક્રમે અર્-એ-ઓ ગુણ ન કરતા તમે ઋ વર્ણ-ઇ વર્ણ - ઉ વર્ણનો જ અનુક્રમે અર્-એ-ઓ ગુણ કેમ કરો છો ?

**સમાધાન :-** 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષામાં જણાવ્યું છે કે વ્યાકરણશાસ્ત્રમાં જે વિધિ થાય તે સ્થાન, અર્થ અને [A]પ્રમાણાદિથી આસન્નને થાય છે. અહીં સ્થાનને આશ્રયીને અર્ ગુણવિધિને મુર્ધન્ય ઋ વર્ણ, તાલવ્ય એ ગુણવિધિને તાલવ્ય ઇ વર્ણ અને ઓષ્ઠય ઓ ગુણવિધિને ઓષ્ઠય ઉ વર્ણ આસન્ન છે. આથી અમે ઋ વર્ણ- ઇ વર્ણ - ઉ વર્ણનો જ અનુક્રમે અર્-એ-ઓ ગુણ કરીએ છીએ.

**શંકા :-** અર્ ગુણવિધિને ઋ ની જેમ પ્રમાણ (માત્રા)ને આશ્રયીને ઇ કાર-ઉ કાર પણ આસન્ન છે. કેમકે માત્રાને આશ્રયીને એક માત્રાવાળા ઇ કાર-ઉ કારને બે માત્રાવાળી એ-ઓ ગુણવિધિ કરતા દોઢ [B] માત્રાવાળી અર્ ગુણવિધિ આસન્ન ગણાય છે. આમ અર્ ગુણવિધિને ઋ ની જેમ ઇ કાર-ઉ કાર પણ આસન્ન હોવાથી તમારે માત્ર ઋ વર્ણનો અર્ ગુણ ન દર્શાવતા ઇ કાર-ઉ કારનો પણ અર્ ગુણ દર્શાવવો જોઈએ.

**સમાધાન :-** જો આ રીતે પ્રમાણને આશ્રયીને આસન્ન ઇ કાર-ઉ કારનો પણ ઋ ની જેમ અર્ ગુણ જ થવાનો હોય તો, આ સૂત્રમાં હ્રસ્વ ઇ-ઉ-ઋ નો જ સિ (સંબો.) પ્રત્યયની સાથે મળી ગુણ કરવાનો હોવાથી સૂત્ર 'હ્રસ્વસ્ય गुणः' ન બનાવતા 'હ્રસ્વસ્યાડર્' બનાવત. કેમકે હ્રસ્વ ઇ-ઉ-ઋ નો અર્ ગુણ જ કરવાનો હોવાથી સૂત્રમાં શા માટે અર્-એ-ઓ ગુણના સૂચક गुणः પદનું નિરર્થક ઉપાદાન કરવું ?

**શંકા :-** તમારી વાત બરાબર નથી. કેમકે પ્રમાણને આશ્રયીને અર્ ગુણવિધિને ભલે ઋ ની જેમ ઇ કાર-ઉ કાર પણ આસન્ન હોય. છતાં સ્થાનને આશ્રયીને ઇ કાર-ઉ કાર એ-ઓ ગુણવિધિને પણ આસન્ન છે જ. આથી ઇ કાર-ઉ કારને જેમ પ્રમાણને આશ્રયીને આસન્ન અર્ ગુણવિધિ પ્રાપ્ત છે. તેમ સ્થાનને આશ્રયીને ક્રમશઃ આસન્ન એ-ઓ ગુણવિધિ પણ પ્રાપ્ત છે. આમ સૂત્રમાં સિ (સંબો.) પ્રત્યયની સાથે હ્રસ્વ ઇ-ઉ-ઋ ના અર્-એ-ઓ ત્રણે પ્રકારના ગુણ કરવાના હોવાથી गुणः પદનું ઉપાદાન જરૂરી છે.

---

(A) પ્રમાણ = માત્રા. અહીં આદિથી ગુણનું ગ્રહણ કરવું. ગુણ પદ દ્વારા સ્થાન-અર્થ અને પ્રમાણથી ભિન્ન સર્વ પ્રકારના આસન્નનું (અત્યંત સદશનું) ગ્રહણ થાય છે.

(B) અર્ માં અ સ્વરની એક માત્રા અને ર્ વ્યંજનની અર્ધ માત્રા આમ કુલ દોઢ માત્રા છે. એક માત્રાવાળાને બે માત્રાવાળા કરતા દોઢ માત્રાવાળો આસન્ન કહેવાય.

**સમાધાન :-** ગુણ, વૃદ્ધિ વિગેરે કાર્યોની વ્યવસ્થા પ્રસિદ્ધપ્રયોગાનુસારે કરવામાં આવતી હોય છે. 'गुणोरेदोत् ३.३.२' સૂત્ર અર્-એ-ઓ ને ગુણસંજ્ઞા કરે છે અને તે ગુણસંજ્ઞાનુસારે 'नामिनो गुणो० ४.३.१' સૂત્રથી જ્યે પ્રયોગસ્થળે ગુણ થાય છે ત્યાં इ કાર-उ કારનો અર્ ગુણ ન થતા માત્ર ऋ વર્ણનો જ અર્ ગુણ થતો જોવામાં આવે છે. આમ દૃષ્ટપ્રયોગોની કલ્પનાને છોડીને इ વર્ણ-उ વર્ણનો અર્ ગુણ થયો હોય તેવા અદૃષ્ટ પ્રયોગોની કલ્પના કોણ કરે ? આથી સૂત્રમાં હ્રસ્વ ऋ-इ-उ નો ક્રમશઃ અર્-એ-ઓ ગુણ જ પ્રાપ્ત હોવાથી गुणः પદનું ઉપાદાન સાર્થક છે અને અમે દર્શાવેલો ગુણવિધિનો ક્રમ પણ યથાર્થ સિદ્ધ થાય છે.

*('**નાગેશ**' પરિભાષેન્દુશેખરમાં ઉપરોક્ત વાતનું જુદી રીતે સમાધાન આપતા કહે છે કે **'यत्रानेकविध-मान्तर्यं तत्र स्थानत आन्तर्यं बलीयः' (परि.शे.१३)** અર્થાત્ 'જ્યાં અનેકવિધ આસન્નભાવ હોય ત્યાં સ્થાનાશ્રિત આસન્નભાવ બળવાન ગણાય છે.' અર્ ગુણવિધિસ્થળે સ્થાનને આશ્રયીને ऋ વર્ણ આસન્ન છે અને પ્રમાણને આશ્રયીને इ કાર-उ કાર પણ આસન્ન છે. આમ સ્થાન અને પ્રમાણને આશ્રયીને અનેકવિધ આસન્નભાવ છે. તો સ્થાનાશ્રિત આસન્નભાવ બળવાન ગણાતા ऋ વર્ણનો જ અર્ ગુણ થશે, इ કાર-उ કારનો નહીં.)*

**(3) <u>દૃષ્ટાંત</u> -**

**(i) हे पितः! – * पितृ + सि (सं.એ.વ.), * 'ह्रस्वस्य गुणः १.४.४१' → पित् + अर् = पितर्, * 'रः पदान्ते० १.३.५३' → हे पितः!।**

આ જ સાધનિકા મુજબ हे मातः!, हे कर्तः! અને हे स्वसः! પ્રયોગો સિદ્ધ કરી લેવા.

**(ii) हे मुने! (iii) हे साधो! – * मुनि + सि અને साधु + सि, * 'ह्रस्वस्य गुणः १.४.४१' → हे मुने! અને हे साधो!।**

આ જ સાધનિકા મુજબ हे बुद्धे! અને हे साधो! પ્રયોગો સિદ્ધ કરી લેવા.

**(4)** આ સૂત્રથી સિ(સંબો.) પ્રત્યયની સાથે જ હ્રસ્વસ્વરાન્ત નામના હ્રસ્વસ્વરનો ગુણ થાય એવું કેમ ?

**(a) हे कर्तृ कुल! (b) हे वारि! (c) हे त्रपु! – * कर्तृ + सि, वारि + सि અને त्रपु + सि, * 'अनतो लुप् १.४.५९' → हे कर्तृ!, हे वारि! અને हे त्रपु!।**

અહીં આ સૂત્રથી સિ (સંબો.) પ્રત્યયની સાથે कर्तृ વિગેરેના હ્રસ્વસ્વરનો ગુણ થાય તે પહેલા જ પર એવા 'अनतो लुप् १.४.५९' સૂત્રથી સિ પ્રત્યયનો लुप् થઈ ગયો છે અને लुप् થયેલા સિ પ્રત્યયનો 'लुप्यव्यृ० ७.४.११२' સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થતા આ સૂત્રથી ગુણ ન થયો. 'अनतो लुप् १.४.५९' ને બદલે 'नामिनो लुग् वा १.४.६१' સૂત્રથી જ્યારે સિ (સંબો.) પ્રત્યયનો लुक् કરવામાં આવે ત્યારે 'स्थानीवा० ७.४.१०९'

સૂત્રથી સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાતા કર્તૃ વિગેરેના હ્રસ્વસ્વરનો તેની સાથે આ સૂત્રથી ગુણ થઈ હે કર્તઃ કુલ!, હે વારે!, હે ત્રપો! પ્રયોગો સિદ્ધ થશે.

**(5)** હ્રસ્વસ્વરાન્ત નામ આમન્ત્ર્ય અર્થમાં વર્તે ત્યારે જ આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

| | (a) पिता | (b) मुनिः | (c) साधुः |
|---|---|---|---|
| | पितृ + सि | मुनि+सि | साधु+सि |
| * 'ऋदुशनस्० १.४.८४' → | पितृ + ङा | * 'सो रुः २.१.७२' → मुनिर् | साधुर् |
| * 'ङित्यन्त्य० २.१.११४' → | पित् + ङा = पिता। | * 'रः पदान्ते० १.३.५३' → मुनिः। | साधुः। |

આ સર્વસ્થળે હ્રસ્વસ્વરાન્ત પિતૃ વિગેરે નામો આમન્ત્ર્ય અર્થમાં નહીં પણ કર્તા અર્થમાં વર્તે છે. માટે આ સૂત્રથી સિ (પ્રથમા) પ્રત્યયની સાથે મળી તેમના હ્રસ્વસ્વરનો ગુણ ન થયો.

**(6)** આ સૂત્રથી હ્રસ્વસ્વરાન્ત નામના હ્રસ્વસ્વરનો જ સિ(સંબો.) પ્રત્યયની સાથે ગુણ થાય એવું કેમ ?

| | (a) हे श्रीः! | (b) हे भ्रूः! | (c) हे नदि! | (d) हे वधु! |
|---|---|---|---|---|
| | श्री+सि | भ्रू+सि | नदी+सि | वधू+सि |
| * 'सो रुः २.१.७२' → | श्रीर् | भ्रूर् | * 'नित्यदिद्० १.४.४३' → हे नदि!। | हे वधु!। |
| * 'रः पदान्ते० १.३.५३' → | हे श्रीः!। | हे भ्रूः!। | | |

અહીં શ્રી વિગેરે નામો હ્રસ્વસ્વરાન્ત નથી, માટે તેમના દીર્ઘ સ્વરનો સિ (સંબો.) પ્રત્યયની સાથે મળી ગુણ ન થયો.

**શંકા :-** હે નદિ!, હે વધુ! પ્રયોગસ્થળે 'नित्यदिद्० १.४.४३' સૂત્રથી નદી, વધૂ શબ્દોનો સ્વર હ્રસ્વ થઈ ગયો છે, તો આ સૂત્રથી તેનો ગુણ કેમ નથી કરતા ?

**સમાધાન :-** ત્યાં હ્રસ્વસ્વર છે, પણ સિ પ્રત્યય ન હોવાથી ગુણ કરવો શી રીતે ?

**શંકા :-** 'नित्यदिद्० १.४.४३' સૂત્રથી નદી, વધૂ શબ્દોના દીર્ઘ સ્વરનો જે સિ પ્રત્યયની સાથે મળી હ્રસ્વ આદેશ થયો છે તેનો ***'उभयस्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्'***[A] ન્યાયથી સિ પ્રત્યય રૂપે પણ વ્યપદેશ (કથન) થઈ શકે છે. તેથી હે નદિ!, હે વધુ! પ્રયોગસ્થળે સિ પ્રત્યય અને હ્રસ્વસ્વર ઉભય વિદ્યમાન હોવાથી આ સૂત્રથી ગુણ થવો જોઈએ.

(A) બે સ્થાનિઓને (કાર્યોને) સ્થાને થયેલો આદેશ તે બે સ્થાનિઓ પૈકી કોઈના પણ કથનને યોગ્ય ગણાય છે.

**સમાધાન :-** ભલે હ્રસ્વ આદેશનો તમે સિ પ્રત્યય રૂપે વ્યપદેશ કરો, છતાં ગુણ નહીં થાય. કેમકે 'नित्यदिद्० १.४.४३' સૂત્રથી હે નદિ!, હે વધુ! વિગેરે પ્રયોગસ્થળે હ્રસ્વ આદેશ કર્યા પછી જો તેનો આ સૂત્રથી ગુણ જ કરી દેવાનો હોય તો 'नित्यदिद्० १.४.४३' સૂત્રના नित्यदिद् અંશનું કાંઇ ફળ મળતું ન હોવાથી તે નિરર્થક બને. આથી 'नित्यदिद्० १.४.४३' સૂત્રના नित्यदिद् અંશને ચરિતાર્થ કરવા તેના વિધાનસામર્થ્યથી હે નદિ!, હે વધુ! વિગેરે સ્થળે આ સૂત્રથી ગુણ નહીં થાય. તેમજ માની લો કે ગ્રંથકારશ્રીને ગુણ કરવો ઈષ્ટ જ હોય તો તેઓશ્રી हे नदि!, हे वधु! વિગેરે સ્થળે 'नित्यदिद्० १.४.४३'સૂત્રથી હ્રસ્વ આદેશ કરી પુનઃ આ સૂત્રથી તેનો ગુણ કરવાનું પ્રક્રિયાકૃત ગૌરવ ન કરે. પણ 'नित्यदिद्० १.४.४३' સૂત્રના नित्यदिद् અંશનું આ સૂત્રમાં ઉપાદાન કરી આ સૂત્રને 'नित्यदिद्ह्रस्वस्य गुणः' આવું બનાવે કે જેથી આમન્ત્યાર્થમાં વર્તતા નદી, વધૂ વિગેરે નામોનાં અંત્યસ્વરનો સિ (સંબો.) પ્રત્યયની સાથે મળી સીધેસીધો ગુણ થઈ જાય. ગ્રંથકારશ્રીએ આવું સૂત્ર નથી બનાવ્યું તેના પરથી પણ સમજી શકાય છે કે हे नदि!, हे वधु! વિગેરે સ્થળે આ સૂત્રથી ગુણ નહીં થાય. હવે ***'उभयस्थाननिष्पन्नो०'*** ન્યાયથી हे नदि!, हे वधु! વિગેરે સ્થળે થયેલા હ્રસ્વ આદેશનો જ્યારે સિ પ્રત્યય રૂપે વ્યપદેશ ન કરવામાં આવે ત્યારે માત્ર હ્રસ્વસ્વર જ વિદ્યમાન હોવાથી સિ પ્રત્યયના અભાવે આ સૂત્રથી ગુણ થવાનો સવાલ જ રહેતો નથી ।।૪૧।।

## एदापः ।। १.४.४२।।

**बृ.वृ.–आमन्त्र्येऽर्थे वर्तमानस्याऽऽबन्तस्य सिना सह एकारान्तादेशो भवति। हे[1] खट्वे!, हे बहुराजे!, हे बहुखट्वे विष्टर!। आ[2] आप इत्याकारप्रश्लेषादिह न भवति—हे प्रियखट्व! आप[3] इति किम्? हे कीलालपाः!। आमन्त्र्य[4] इत्येव? खट्वा ।।४२।।**

---

**સૂત્રાર્થ :-** આમન્ત્ય અર્થમાં વર્તતા (આ કારાન્ત રૂપે સંભવતા) आप् પ્રત્યયાન્ત નામના અંત્ય આ નો સિ (સં.એ.વ.) પ્રત્યયની સાથે મળી ए આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ आश्चासौ आप् च = आप् (कर्म.)। तस्य = आपः।

**વિવરણ :-** (1) દૃષ્ટાંત -

**(i) हे खट्वे * खट्वा + सि, * 'एदापः १.४.४२' → हे खट्वे!।**

**(ii) हे बहुराजे!**

**बहवो राजानो यस्यां सा =**

*** 'एकार्थं चाने० ३.१.२२' → बहुराजन्**

*** 'ताभ्यां वाप्० २.४.१५' → बहुराजन् + डाप्**

*** 'डित्यन्त्य० २.१.११४' → बहुराज्+डाप्=बहुराजा+ सि**

*** 'एदापः १.४.४२' → हे बहुराजे!।**

**(iii) हे बहुखट्वे विष्टर!**

**इषदुना खट्वा =**

*** 'नाम्नः प्राग्० ७.३.१२' → बहुखट्वा + सि**

*** 'एदापः १.४.४२' → हे बहुखट्वे!।**

**શંકા :-** પ્રિયા खट्वा यस्य स = પ્રિયखट्वा, 'गोश्चान्ते० ૨.૪.૯૬' સૂત્રથી હ્રસ્વ આદેશ થતા પ્રિયखट्व નામ ભલે अ કારાન્ત હોય છતાં '***एकदेशविकृतमनन्यवत्***(A)' ન્યાયથી તે आप् પ્રત્યયાન્ત ૯૪ મનાવાથી આ સૂત્રથી તેના અંત્ય अ નો सि (સંબો.) પ્રત્યયની સાથે ए આદેશ થવો જોઈએ, તો કેમ તમે હે પ્રિયखट्व! પ્રયોગ કરો છો ?

**સમાધાન :-** આ સૂત્રમાં आपः પદ સ્થળે 'आश्चासौ आप् च = आप्' એમ આ કારનો પ્રશ્લેષ કર્યો છે. અર્થાત્ આ અને आप् પ્રત્યયના આ ને સંધિ કરી પરસ્પર મેળવી દીધાં છે. તેથી તેનો અર્થ 'આ એવા आप् પ્રત્યયાન્ત નામના અર્થાત્ આ કારાન્ત રૂપે સંભવતા आप् પ્રત્યયાન્ત નામના' આવો થાય છે. તેથી પ્રિયखट्व સ્થળે ભલે તે आप् પ્રત્યયાન્ત મનાય, છતાં તે આ કારાન્ત રૂપે સંભવતું आप् પ્રત્યયાન્ત નામ ન હોવાથી તેના અંત્ય अ નો सि પ્રત્યયની સાથે મળી આ સૂત્રથી ए આદેશ ન થઈ શકે. માટે અમે હે પ્રિયखट्व! પ્રયોગ કરીએ છીએ. સાધનિકા - *** પ્રિયखट्व + सि * 'अदेतः० ૧.૪.૪૪' → હે પ્રિયखट्व!।**

**(3)** આ સૂત્રથી आप् પ્રત્યયાન્ત નામના ૯૪ आ નો सि (સંબો.) પ્રત્યયની સાથે મળી ए આદેશ થાય એવું કેમ ?

**(a) हे कीलालपाः! – * कीलालं पातीति क्विप् = कीलालपा + सि, * 'सो रुः ૨.૧.૭૨' → कीलालपार्, * 'रः पदान्ते० ૧.૩.૫૩' → हे कीलालपाः!।**

અહીં कीलालपा નામ आप् પ્રત્યયાન્ત નથી પણ તેમાં મૂળથી पा ધાતુનો आ છે માટે તેનો આ સૂત્રથી ए આદેશ ન થયો.

**(4)** આમન્ત્ય અર્થમાં ૯૪ આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

**(a) खट्वा – * खट्वा + सि (પ્રથમા), * 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' → खट्वा।**

અહીં आप् પ્રત્યયાન્ત खट्वा નામ કર્તા અર્થમાં છે, માટે सि (પ્રથમા) પ્રત્યયની સાથે મળી તેના આ નો આ સૂત્રથી ए આદેશ ન થયો ।।૪૨।।

---

(A) બે શબ્દો વચ્ચે કોઈ એક દેશ (અંશ)ની વિસદશતા હોય તો તે શબ્દો જુદા નથી ગણાતા.

## नित्यदिद्-द्विस्वराऽम्बार्थस्य ह्रस्वः ।। १.४.४३।।

बृ.वृ.—नित्यं दित्—दै-दास्-दास्-दाम्लक्षण आदेशो येभ्यस्तेषां द्विस्वराम्बार्थानां चाबन्तानामामन्त्येऽर्थे वर्तमानानां सिना सह ह्रस्वान्तादेशो भवति। [1]नित्यदित्–हे स्त्रि!, हे गौरि!, हे शाङ्गरवि!, हे अस्त्रि!, हे लक्ष्मि!, हे तन्त्रि!, हे ब्रह्मबन्धु!, हे करभोरु!, हे श्वश्रु!, हे वधु!, हे कर्कन्धु!, हे अलाबु!, हे वर्षाभु!, हे पुनर्भु!, हे अतिलक्ष्मि!, ; [2]द्विस्वराम्बार्थ–हे अम्ब!, हे अक्क!, हे अत्त!, हे अल्ल!, हे अनम्ब!, हे परमाम्ब!, हे प्रियाम्ब!। [3]नित्यदिदिति किम्? हे वातप्रमीः!, हे हूहूः!, हे ग्रामणीः!, हे खलपूर्वधूटि!। नित्यग्रहणादिह न भवति–हे श्रीः, हे ह्रीः!, हे भ्रूः!। कथं हे सुभ्रु!, हे भीरु!? स्त्रीपर्यायत्वादूङि कृते भविष्यति। [4]अम्बार्थानां द्विस्वरविशेषणं किम्? हे अम्बाडे!, हे अम्बाले!, हे अम्बिके !। [5]आप इत्येव? हे मातः! ।।४३।।

---

**सूत्रार्थ :-** ૭૪ નામોથી ૫૨માં ङे-ङसि-ङस्-ङि પ્રત્યયોનો નિત્ય दै-दास्-दास्-दाम् આદેશ થતો હોય તેવા આમન્ત્ર્ય અર્થમાં વર્તતા નામોના તેમજ આમન્ત્ર્ય અર્થમાં વર્તતા બે સ્વરવાળા અમ્બા (માતા) અર્થવાળા आप् પ્રત્યયાન્ત નામોના અંત્યસ્વરનો सि (સં.એ.વ.) પ્રત્યયની સાથે મળી હ્રસ્વ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ नित्यं दित् येभ्यस्ते = नित्यदितः (बहु०)। द्वौ स्वरौ यस्य स = द्विस्वरः (बहु०)। अम्बा अर्थो यस्य स = अम्बार्थः (बहु०)। द्विस्वरश्चासौ अम्बार्थश्च = द्विस्वराम्बार्थः (कर्म०)। नित्यदिच्च द्विस्वराम्बार्थश्चैतयोः समाहारः = नित्यदिद्द्विस्वराम्बार्थम् (स.द्व.)। तस्य = नित्यदिद्द्विस्वराम्बार्थस्य।

<u>विवरण :-</u> **(1) <u>दृष्टांत</u> -**

**(i) हे स्त्रि! – * स्त्री + सि (संबो.), * 'नित्यदिद्० १.४.४३' → हे स्त्रि!।**

આ ૭૪ રીતે સાધનિકા કરવાથી **हे गौरि!, शृङ्गरोः (ऋषेः) अपत्यं = शृङ्गरु + अण् + ङी = [A]शाङ्गरवी** તેનો **हे शाङ्गरवि!, न स्त्री = अस्त्री** તેનો **हे अस्त्रि!, हे लक्ष्मि!, हे तन्त्रि!, ब्रह्मा बन्धुः यस्या सा = ब्रह्मबन्धु + ऊङ् = ब्रह्मबन्धू** તેનો **हे ब्रह्मबन्धु!, करभ इव उरू यस्याः सा = करभोरु + ऊङ् = करभोरू** તેનો **हे करभोरु!, हे श्वश्रु!, हे वधु!, हे कर्कन्धु!, हे अलाबु!, हे वर्षाभु!, हे पुनर्भु!** અને **लक्ष्मीमतिक्रान्ता = अतिलक्ष्मी** તેનો **हे अतिलक्ष्मि!** વિગેરે પ્રયોગો સિદ્ધ થશે.

**(2) दृष्टांत - द्विस्वराम्बार्थ**

**(ii) हे अम्ब! – * [B]अम्बा + सि (संबो.), * 'नित्यदिद्० १.४.४३' → हे अम्ब!।**

---

(A) शाङ्गरवी શબ્દની નિષ્પત્તિ અનેક પ્રકારે લઘુન્યાસમાં દર્શાવી છે તે ત્યાંથી જોઇ લેવી.

(B) अम्बा વિગેરે શબ્દોની નિષ્પત્તિ બૃહન્ન્યાસ તેમજ લઘુન્યાસમાં દર્શાવી છે, તે ત્યાં દ્રષ્ટવ્ય છે.

આ જ રીતે સાધનિકા કરતા हे अक्क !, हे अत्त !, हे अल्ल !, न अम्बा = अनम्बा તેનો हे अनम्ब !, परमा च सा अम्बा च = परमम्बा તેનો हे परमम्ब! અને प्रिया अम्बा यस्याः सा = प्रियाम्बा તેનો हे प्रियाम्ब! આ પ્રમાણે પ્રયોગો સિદ્ધ થશે.

**(3)** જેમના સંબંધી ङित् પ્રત્યયોને નિત્ય दै આદિ આદેશ પ્રાપ્ત હોય તેવા નામોને આશ્રયીને જ આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

| | (a) हे वातप्रमीः! | (b) हे हूहूः! | (c) हे ग्रामणीः! | (d) हे खलपूः वधूटि! |
|---|---|---|---|---|
| | वातप्रमी + सि | हूहू + सि | ग्रामणी + सि | खलपू + सि |
| * 'सो रुः २.१.७२' → | वातप्रमीर् | हूहूर् | ग्रामणीर् | खलपूर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | हे वातप्रमीः!। | हे हूहूः!। | हे ग्रामणीः!। | हे खलपूः!। |

આ સર્વસ્થળે ङित् પ્રત્યયોને दै આદિ આદેશો પ્રાપ્ત જ ન હોવાથી सि (સંબો.) પ્રત્યયની સાથે તેમના અંત્યસ્વરનો આ સૂત્રથી હ્રસ્વ આદેશ ન થયો.

| | (e) हे श्रीः! | (f) हे ह्रीः! | (g) हे भ्रूः! |
|---|---|---|---|
| | श्री + सि | ह्री + सि | भ्रू + सि |
| * 'सो रुः २.१.७२' → | श्रीर् | ह्रीर् | भ्रूर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | हे श्रीः!। | हे ह्रीः!। | हे भ्रूः!। |

આ સર્વસ્થળે 'वेयुवो० १.४.३०' સૂત્રથી ङित् પ્રત્યયોને વિકલ્પે दै આદિ આદેશો પ્રાપ્ત છે, નિત્ય નહીં. માટે આ સૂત્રથી હ્રસ્વ આદેશ ન થયો.

**શંકા :-** જો એમ હોય તો વિકલ્પે दै આદિ આદેશોની પ્રાપ્તિવાળા सूभ्रू અને भीरू શબ્દોના हे सूभ्रू! અને हे भीरु! પ્રયોગો શી રીતે થાય છે ?

**સમાધાન :-** शोभनं भ्रु (= भ्रमणं) यस्याः सा = सुभ्रु નામ અને बिभेतीत्येवंशीला અર્થમાં भी ધાતુને 'भियो० ५.२.७६' સૂત્રથી रु પ્રત્યય લાગવાથી નિષ્પન્ન भीरु નામ બન્ને સ્ત્રીલિંગ હોવાથી नृ જાતિને આશ્રયીને તેમને 'उतोऽप्राणिन० २.४.७३' સૂત્રથી ऊङ् પ્રત્યય લાગે છે અને ऊङ् પ્રત્યયાન્ત सूभ्रू અને भीरू નામ સંબંધી ङित् પ્રત્યયોને નિત્ય दै આદિ આદેશો પ્રાપ્ત છે. આથી આ સૂત્રથી તેમના हे सूभ्रु! અને हे भीरु! પ્રયોગ થાય છે.

(4) આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે અમ્બાર્થક આપ્ પ્રત્યયાન્ત નામ બે સ્વરવાળું જ હોવું જોઈએ એવું કેમ ?

| | (a) हे अम्बाडे! | (b) हे अम्बाले! | (c) हे अम्बिके! |
|---|---|---|---|
| | अम्बाडा + सि | अम्बाला + सि | अम्बिका + सि |
| * 'एदापः १.४.४२' → | हे अम्बाडे!। | हे अम्बाले!। | हे अम्बिके!। |

અહીં અમ્બાડા વિગેરે નામો ત્રણ સ્વરવાળા અમ્બાર્થક નામો છે, બે સ્વરવાળા નહીં. માટે આ સૂત્રથી તેમના અંત્યસ્વરનો હ્રસ્વ આદેશ ન થયો.

(5) આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે અમ્બાર્થક નામ આપ્ પ્રત્યયાન્ત જ હોવું જોઈએ એવું કેમ ?

**(a) हे मातः! – * मातृ + सि, * 'ह्रस्वस्य गुणः १.४.४१' → मातर्, * 'रः पदान्ते० १.३.५३' → हे मातः!।**

અહીં અમ્બાર્થક માતૃ નામ આપ્ પ્રત્યયાન્ત નથી, પણ ऋ કારાન્ત છે. માટે આ સૂત્રથી તેના અંત્યસ્વરનો હ્રસ્વ આદેશ ન થયો।।૪૩।।

## अदेतः स्यमोर्लुक् ।। १.४.४४।।

**बृ.वृ.–अकारान्तादेकारान्ताच्चामन्त्र्येऽर्थे वर्तमानात् परस्य सेस्तदादेशस्यामश्च लुग् भवति। हे[1] श्रमण!, हे संयत!, अम्–हे वन!, हे धन!, हे उपकुम्भ!, हे अतिहे!, परमश्चासाविश्च हे परमे!, हे से!। अदेत[2] इति किम्? हे गौः!, हे नौः!, हे परमौः!। स्यादेशत्वेनैवामोऽपि लुचि सिद्धायां[3] पृथग्वचनमन्यस्यादेशस्य लुगभावार्थम्, तेन हे कतरद्! इत्यादौ लुग् न भवति ।।४४।।**

---

**सूत्रार्थ :-** આમન્ત્ર્ય અર્થમાં વર્તતા अ કારાન્ત અને ए કારાન્ત નામથી પરમાં રહેલા सि (સં.એ.વ.) પ્રત્યયનો અને તેના આદેશભૂત अम् પ્રત્યયનો લોપ (लुक्) થાય છે.

**सूत्रसमास :-**
- अच्च एच्चैतयोः समाहारः = अदेत् (स.द्व.)। तस्मात् = अदेतः।
- सिश्च अम् च = स्यमौ (इ.द्व.)। तयोः = स्यमोः।

**विवरण :- (1) दृष्टांत -**

| | (i) हे श्रमण! | (ii) हे संयत! | (iii) हे अतिहे! |
|---|---|---|---|
| | श्रमण + सि | संयत + सि | अतिहे + सि |
| * 'अदेतः स्यमो० १.४.४४' → | हे श्रमण!। | हे संयत!। | हे अतिहे!। |

| (iv) हे वन! | (v) हे धन! | (vi) हे उपकुम्भ! |
|---|---|---|
| | वन + सि | धन + सि | कुम्भस्य समीपे = |
| * 'अतः स्यमो० १.४.५७' → | वन + अम् | धन + अम् | * 'विभक्तिस० ३.१.३९' → उपकुम्भ + सि |
| * 'अदेतः स्यमो० १.४.४४' → | हे वन!। | हे धन!। | * 'अमव्ययी० ३.२.२' → उपकुम्भ + अम् |
| | | | * 'अदेतः स्यमो० १.४.४४' → हे उपकुम्भ!। |

| (vii) हे परमे! | (viii) हे से! |
|---|---|
| परमश्चासौ इश्च = | सह इना वर्तते = |
| * 'सन्महत्० ३.१.१०७' → परमे + सि | * 'सहस्तेन ३.१.२४' → सह + इ |
| * 'अदेतः स्यमो० १.४.४४' → हे परमे! | * 'सहस्य सो० ३.२.१४३' → स + इ = से + सि |
| | * 'अदेतः स्यमो० १.४.४४' → हे से! |

અહીં યાદ રાખવું કે परमश्चासौ इश्च = परम + इ અને सह इना वर्तते = स + इ અવસ્થામાં એક સાથે બે કાર્યો થવાની પ્રાપ્તિ છે. એક परम અને स ના અંત્ય अ ની સાથે 'अवर्णस्येवर्ण० १.२.६' સૂત્રથી इ નું સંધિકાર્ય અને બીજું परम + इ અને स + इ અવસ્થામાં इ થી પરમાં सि પ્રત્યયની ઉત્પત્તિ રૂપ કાર્ય. આ બન્ને કાર્યો પૈકી 'अवर्णस्येवर्ण० १.२.६' સૂત્રપ્રાપ્ત સંધિકાર્ય પૂર્વવ્યવસ્થિત હોવાથી અંતરંગ ગણાય અને इ થી પરમાં सि પ્રત્યયની ઉત્પત્તિ રૂપ કાર્ય બહિર્વ્યવસ્થિત હોવાથી બહિરંગ ગણાય. આથી *'अन्तरङ्गं बहिरङ्गात्*(A)' ન્યાયના બળે અંતરંગ 'अवर्णस्येवर्ण० १.२.६' સૂત્રપ્રાપ્ત સંધિકાર્ય પૂર્વે થતા परमे અને से આમ ए કારાન્ત નામ નિષ્પન્ન થયા બાદ હવે તેમની પરમાં सि પ્રત્યયની ઉત્પત્તિ થતા આ સૂત્રથી ए કારાન્ત परमे અને से નામોથી પરમાં सि પ્રત્યયનો લોપ થઈ શકે છે.

(2) આમન્ત્યાર્થક अ કારાન્ત-ए કારાન્ત નામને લઈને ∼ આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

(a) हे गौः! (b) हे नौः! (c) हे परमौः! – * गो + सि, नौ + सि અને परमश्चासौ उश्च = परमो + सि, * 'ओत औः १.४.७४' → गौ + सि અને परमौ + सि, * 'सो रुः २.१.७२' → गौर्, नौर् અને परमौर्, * 'रः पदान्ते० १.३.५३' → हे गौः!, हे नौः! અને हे परमौः!।

(A) બહિરંગ કાર્ય કરતા અંતરંગ કાર્ય બળવાન બને.

આ ત્રણે સ્થળે ગો વિગેરે નામો અ કારાન્ત-એ કારાન્ત ન હોવાથી તેમની પરમાં રહેલા સિ (સંબો.) પ્રત્યયનો આ સૂત્રથી લોપ ન થયો.

**(3) શંકા :-** સિ પ્રત્યયના આદેશભૂત અમ્ ના લોપાર્થે સૂત્રમાં અમ્ પદ ન મૂકીએ અને માત્ર સિ પદનું ઉપાદાન કરીએ તો પણ ***'तदादेशास्तद्वद् भवन्ति***[A]***'*** ન્યાયથી અમ્ આદેશ સિ પ્રત્યયવત્ ગણાવાથી આ સૂત્રથી તેનો લોપ સિદ્ધ થઈ શકે છે, તો શા માટે સૂત્રમાં અમ્ પદ મૂકો છો ?

**સમાધાન :-** જો ***'तदादेशास्तद्०'*** ન્યાયને આશ્રયીને અમ્ ના લોપની સિદ્ધિ કરવા જઈએ તો 'पञ्चतोऽन्यादे० १.४.५८' સૂત્રથી થતો અન્ય વિગેરે નામોથી પરમાં રહેલા સિ પ્રત્યયનો દ્ આદેશ પણ સિ પ્રત્યયવત્ ગણાતા તેનો પણ આ સૂત્રથી લોપ થવાનો અનિષ્ટ પ્રસંગ આવે. આથી ***'तदादेशास्तद्०'*** ન્યાયને અનુસરીને સિ પ્રત્યયના અમ્ સિવાયના બીજા કોઈપણ આદેશોનો આ સૂત્રથી લોપ ન થઈ જાય માટે સૂત્રમાં અમ્ પદનું ઉપાદાન કરીએ છીએ. તેથી કતર + સિ અને 'पञ्चतो० १.४.५८' સૂત્રથી કતર + દ્ અવસ્થામાં આ સૂત્રથી સિ પ્રત્યયના આદેશભૂત દ્ નો લોપ ન થઈ શકતા હે કતરદ્! પ્રયોગ થઈ શકે છે.

**શંકા :-** સૂત્રસ્થ અમ્ પદનું તમે જે ફળ દર્શાવ્યું તેના કરતા બીજું કોઈ ફળ પણ કેમ ન સંભવી શકે ? જેમ કે कुम्भस्य समीपानि = उपकुम्भ + शि (સંબો.) અને 'अमव्ययी० ३.२.२' સૂત્રથી શિ પ્રત્યયનો અમ્ આદેશ થતા उपकुम्भ + अम् અવસ્થામાં આ સૂત્રથી સંબોધન બહુવચનના શિ પ્રત્યયના આદેશભૂત અમ્ ના લોપ માટે આ સૂત્રમાં અમ્ પદનું ગ્રહણ કર્યું હોય તેવું કેમ ન સંભવે ?

**સમાધાન :-** ના, એમ ન સંભવી શકે. કેમકે ***'साहचर्याद् सदृशस्यैव'*** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરાતા સંબોધન એકવચનના સિ પ્રત્યયના સાહચર્યથી અમ્ આદેશ પણ સંબોધન એકવચનના સિ પ્રત્યયના સ્થાને જ થયેલો ગ્રહણ કરી શકાય, સંબોધન બહુવચનના શિ પ્રત્યયના સ્થાને થયેલો નહીં. આથી અમે જે ફળ દર્શાવ્યું છે તે બરાબર છે ।।૪૪।।

## दीर्घडयाब्-व्यञ्जनात् सेः ।। १.४.४५ ।।

**बृ.वृ.-दीर्घाभ्यां डयाबभ्यां व्यञ्जनाच्च परस्य सेर्लुग् भवति।**[1] **ङी-गौरी, कुमारी, ब्रह्मयः श्रेयस्यो यस्य स बहुश्रेयसी चैत्रः, एवम्-बहुप्रेयसी, खरकुटीव खरकुटी ब्राह्मणः, कुमारीवाचरति क्विप् लुक् क्विप्-कुमारी ब्राह्मणः; आप्-खट्वा, बहुराजा ; व्यञ्जन-राजा, तक्षा, हे राजन्!।** [2]**एभ्य इति किम्? वृक्षः।** [3]**डयाब्ग्रहणं किम्? लक्ष्मीः, तन्त्रीः, ग्रामणीः, कीलालपाः।** [4]**दीर्घग्रहणं किम्? निष्कौशाम्बिः, अतिखट्वः।** [5]**नपुंसकेषु परत्वात् "अनतो लुप्" (१.४.५९) इति लुबेव, तेन यत् कुलं तत् कुलमिति सिद्धम्।** [6]**"पदस्य" (२.१.८९) इति सिद्धे व्यञ्जनग्रहणं**

(A) આદેશીઓના આદેશો આદેશી જેવા ગણાય છે.

**राजेत्यादौ सिलोपार्थम्, अन्यथा सावपि पदत्वात् "पदस्य" (२.१.८९) इति च परेऽसत्त्वात् पूर्वं नलोपे सेर्लुप्, 'उखास्रद्' इत्यादौ "संयोगस्यादौ स्कोः०" (२.१.८८) इति लुकि दत्वं च न स्यात् ।।४५।।**

**सूत्रार्थ :-** दीर्घ अवस्थामां वर्तता ङी अने आप् प्रत्ययान्त नामो तेमज व्यंजनान्त नामथी परमां रहेला सि प्रत्ययनो लोप (लुक्) थाय छे.

**सूत्रसमास :-** ◆ ङीश्च आप् चैतयोः समाहारः = ङ्याब् (स.द्व.)। दीर्घश्चासौ ङ्याब् च = दीर्घङ्याब् (कर्म.)। दीर्घङ्याब् च व्यञ्जनञ्चैतयोः समाहारः = दीर्घङ्याब्व्यञ्जनम् (स.द्व.)। तस्मात् = दीर्घङ्याब्व्यञ्जनात्।

<u>विवरण</u> :- **(1) <u>दृष्टांत</u> -**

| (i) गौरी | (ii) कुमारी |
|---|---|
| गौर | कुमार |
| * 'गौरादिभ्यो० २.४.१९' → गौरी + सि | * 'वयस्यनन्त्ये २.४.२१' → कुमारी + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → गौरी। | * 'दीर्घङ्याब्० १.४.४५' → कुमारी। |

| (iii) बहुश्रेयसी | (iv) बहुप्रेयसी |
|---|---|
| बह्व्यः श्रेयस्यो यस्य स = | बह्व्यः प्रेयस्यो यस्य स = |
| * 'एकार्थं चाने० ३.१.२२' → बहुश्रेयसी + सि | बहुप्रेयसी + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → बहुश्रेयसी। | बहुप्रेयसी। |

खरकुटी इव = खरकुटी ब्राह्मणः आ अभेद उपचारवाळा स्थळे पण आ सूत्रथी सि प्रत्ययनो लोप थाय छे.

**(v) कुमारी ब्राह्मणः – * 'कर्तुः क्विप्० ३.४.२५' → कुमारीवाऽऽचरति = कुमारी + क्विप्(०)(धातु), * 'क्विप्० ५.१.१४८' → कुमारीयतीति क्विप्(०) = कुमारी + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → कुमारी।**

**शंका :-** कुमारी + सि अवस्थामां लोपायेला क्विप्(०) प्रत्ययनो कुमारी + क्विप् + सि आम स्थानिवद्भाव मनावाथी क्विप् प्रत्यय व्यवधायक बनता आ सूत्रथी सि प्रत्ययनो लोप न थवो जोईअे.

**समाधान :-** स्थानिवद्भाव स्थानीने आश्रयीने गुण, वृद्धि विगेरे कार्यो करवाना प्रसंगे मनाय, व्यवधानना प्रसंगे नहीं. केमके व्यवधायक बनवुं अे कांई कार्य न कहेवाय. कार्यो तो वृद्धि, गुण विगेरेने कहेवाय. तो प्रस्तुतमां कुमारी + क्विप् + सि अवस्थामां क्विप् प्रत्ययनो व्यवधायक बनवा रूपे स्थानिवद्भाव मानवानो होवाथी

સ્થાનિવદ્ભાવ નહીં મનાય અને તેથી આ સૂત્રથી કુમારી નામથી અવ્યવહિત ઉત્તરમાં રહેલા સિ પ્રત્યયનો લોપ થઈ શકશે. આ રીતે ૯ અચ્યોઢ્વમ્ પ્રયોગસ્થળે પણ અ + ચ્યૂ + સિચ્ + ધ્વમ્ અવસ્થામાં 'સો ધિવા ૪.૩.૭૨' સૂત્રથી સિચ્ પ્રત્યયનો લુક્ થતા અ + ચ્યૂ + ધ્વમ્ અવસ્થામાં 'ર્નામ્યન્તાત્૦ ૨.૧.૮૦' સૂત્રથી ચ્યૂ ધાતુથી અવ્યવહિત પરમાં રહેલા ધ્વમ્ પ્રત્યયના ધ્ નો ઢ્ આદેશ કરવાના પ્રસંગે સિચ્ પ્રત્યયનો વ્યવધાયક બનવા રૂપે સ્થાનિવદ્ભાવ માનવાનો હોવાથી સ્થાનિવદ્ભાવ નહીં મનાય અને તેથી ધ્ નો ઢ્ આદેશ થઈ શકશે અને સિચ્ પ્રત્યયને આશ્રયીને ચ્યૂ ધાતુના ઊ નો ગુણ કરવાના પ્રસંગે સિચ્ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાશે. તેથી અચ્યોઢ્વમ્ પ્રયોગ સિદ્ધ થશે.

**(vi) खट्वा – * खट्व, * 'आत् २.४.१८' → खट्व + आप् = खट्वा + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → खट्वा।**

**(vii) बहुराजा – * 'एकार्थं चानेo ३.१.२२' → बहवः राजानो यस्यां सा = बहुराजन्, * 'ताभ्यां वाप्० २.४.१५' → बहुराजन् + डाप्, * 'ङित्यन्त्य० २.१.११४' → बहुराज् + डाप् = बहुराजा + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → बहुराजा।**

**(viii) राजा (ix) तक्षा – * राजन् + सि, तक्षन् + सि, * 'नि दीर्घः १.४.८५' → राजान् + सि, तक्षान् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → राजान्, तक्षान्, * 'नाम्नो नो० २.१.९१' → राजा, तक्षा।**

**(x) हे राजन् – * राजन् + सि (संबो.), * 'दीर्घङ्याब्० १.४.४५' → हे राजन्।**

**(2)** આ સૂત્રથી દીર્ઘ ङी અને आप् પ્રત્યયાન્ત નામો તેમજ વ્યંજનાન્ત નામોથી ૯ પરમાં રહેલા સિ પ્રત્યયનો લોપ થાય એવું કેમ ?

**(a) वृक्षः – * वृक्ष + सि, * 'सो रुः २.१.७२' → वृक्षर्, * 'रः पदान्तेo १.३.५३' → वृक्षः।**

અહીં વૃક્ષ નામ દીર્ઘ ङी કે आप् પ્રત્યયાન્ત અથવા વ્યંજનાન્ત નામ ન હોવાથી આ સૂત્રથી સિ પ્રત્યયનો લોપ ન થયો.

**(3)** આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે વ્યંજનાન્ત સિવાયના નામો દીર્ઘ ङी કે आप् પ્રત્યયાન્ત ૯ હોવા જોઈએ એવું કેમ?

**(a) लक्ष्मीः – * 'लक्षेर्मोo (उणा.७१५)' → लक्ष् + म् (आगम) + ई = लक्ष्मी + सि, * 'सो रुः २.१.७२' → लक्ष्मीर्, * 'रः पदान्तेo १.३.५३' → लक्ष्मीः।**

**(b) तन्त्रीः – * 'तॄ–स्तॄo (उणा.७११)' → तन्त्र् + ई = तन्त्री, * 'सो रुः २.१.७२' → तन्त्रीर्, * 'रः पदान्तेo १.३.५३' → तन्त्रीः।**

**(c) ग्रामणीः (d) कीलालपाः – * 'क्विप् ५.१.१४८' → ग्रामं नयतीति क्विप् = ग्रामणी + सि, कीलालं पातीति क्विप् = कीलालपा + सि, * 'सो रुः २.१.७२' → ग्रामणीर्, कीलालपार्, * 'रः पदान्ते० १.३.५३' → ग्रामणीः, कीलालपाः।**

અહીં લક્ષ્મી વિગેરે નામો દીર્ઘ ઈ કારાન્ત કે આ કારાન્ત છે પણ તેઓ ङी કે आप् પ્રત્યયાન્ત નથી, માટે આ સૂત્રથી સિ પ્રત્યયનો લોપ ન થયો.

**(4)** આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે ङी અને आप् પ્રત્યયાન્ત નામો દીર્ઘ રૂપે જ હોવા જોઈએ એવું કેમ ?

**(a) निष्कौशाम्बिः (b) अतिखट्वः – * 'प्रात्यवपरि० ३.१.४७' → निर्गतः कौशाम्ब्याः = निष्कौशाम्बी, खट्वामतिक्रान्तः = अतिखट्वा, * 'गोश्चान्ते० २.४.९६' → निष्कौशाम्बि + सि, अतिखट्व + सि, * 'सो रुः २.१.७२' → निष्कौशाम्बिर्, अतिखट्वर् * 'रः पदान्ते० १.३.५३' → निष्कौशाम्बिः, अतिखट्वः।**

આ બન્ને સ્થળે કૌશામ્બી અને ખટ્વા નામના દીર્ઘ ङी અને आप् પ્રત્યયો પાછળથી હ્રસ્વ થઈ ગયા છે, માટે આ સૂત્રથી સિ પ્રત્યયનો લોપ ન થયો.

**(5)** વ્યંજનાન્ત નપુંસક નામોથી પરમાં વર્તતા સિ પ્રત્યયનો પર એવા 'अनतो लुप् १.४.५९' સૂત્રથી लुप् થાય છે, તેથી આ સૂત્રથી લુક્ નહીં થાય. તેથી *** यत् + सि, तत् + सि, * 'अनतो लुप् १.४.५९' → यत् कुलम्, तत् कुलम्** પ્રયોગ થશે.

**(6) શંકા :-** આ સૂત્ર 'दीर्घङ्याब्व्यञ्जनात् सेः' કરતા 'दीर्घङ्याब् सेः' આવું લાઘવ યુક્ત બનાવવું જોઈએ. કેમકે સૂત્રમાં વ્યञ્જન પદ ન મૂકીએ તો પણ राजान् + सि અવસ્થામાં વ્યંજનાન્ત राजान् નામના અંત્ય વ્યંજન અને સિ (स्) પ્રત્યયનો સંયોગ થતા 'पदस्य २.१.८९' સૂત્રથી પદના અંતે રહેલા સંયોગના અંત્ય વ્યંજન સિ (स्) નો લોપ થવાનો જ છે.

**સમાધાન :-** જો સૂત્રમાં 'व्यञ्जन' પદ ન મૂકીએ તો राजा વિગેરે પ્રયોગ સિદ્ધ ન થઈ શકે. કેમકે राजान् + सि = राजान्स् અવસ્થામાં 'पदस्य २.१.८९' સૂત્રથી स् નો લોપ થતા હવે પદને અંતે રહેલા राजान् ના न् નો 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી લોપ કરવાના પ્રસંગે 'पदस्य २.१.८९' સૂત્રથી થયેલ स् નો લોપ असत् મનાશે. કારણ તે સૂત્ર 'णषमसत्० २.१.६०' સૂત્રથી પ્રારબ્ધ असत्विधिના સૂત્રોની અંતર્ગત છે. તેથી લુપ્ત स् ની વિદ્યમાનતા મનાતા राजान्स् આ અવસ્થા મનાશે. આ રીતે न् પદને અંતે ન હોવાથી તેનો 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી લોપ ન થઈ શકવાથી राजा વિગેરે પ્રયોગ સિદ્ધ નહીં થાય. तक्षा પ્રયોગ અંગે પણ આ રીતે સમજી લેવું.

**શંકા :-** ના, આ રીતે જો 'पदस्य २.१.८९' સૂત્રથી થયેલા સિ (स्) પ્રત્યયના લોપને असत् માનીએ તો

'નામન્ત્રે ૨.૧.૯૨' સૂત્ર નિરર્થક થવાનો પ્રસંગ આવે છે. કેમકે 'નામન્ત્રે ૨.૧.૯૨' સૂત્ર આમન્ત્રણ અર્થમાં વર્તતા પદના અંત્ય ન્ ના લોપનો નિષેધ કરે છે. જો ન્ ના લોપની પ્રાપ્તિ હોય તો જ તેનો નિષેધ કરવા ગ્રંથકારશ્રી સૂત્ર બનાવે. રાજાન્સ્ અહીં 'પદસ્ય ૨.૧.૮૯' સૂત્રથી સ્ નો લોપ કર્યા બાદ 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી ન્ નો લોપ કરતી વખતે જો 'ણષમસત્૰ ૨.૧.૬૦' સૂત્રથી સ્ નો લોપ અસત્ મનાતો હોય અને ન્ પદને અંતે ન મનાતો હોય તો 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી ન્ ના લોપની પ્રાપ્તિ જ ન હોવાથી 'નામન્ત્રે ૨.૧.૯૨' સૂત્રથી તેનો નિષેધ કરવાનો ન રહે. તેથી તે સૂત્ર પ્રવૃત્તિહીન થતું હોવાથી નિરર્થક બને છે. છતાં ગ્રંથકારશ્રીએ 'નામન્ત્રે ૨.૧.૯૨' સૂત્રની રચના કરી છે. તેથી આ વાત જ્ઞાપિત થાય છે કે ' 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી ન્ ના લોપને પ્રસંગે 'પદસ્ય ૨.૧.૮૯' સૂત્રપ્રાપ્ત સ્ નો લોપ અસત્ થતો નથી' અને તેથી 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી પદાન્ત ન્ ના લોપની પ્રાપ્તિ વર્તતા 'નામન્ત્રે ૨.૧.૯૨' સૂત્ર સાર્થક થઈ જાય છે અને રાજાન્, તક્ષાન્ વિગેરે સ્થળે પણ ન્ નો લોપ થઈ શકવાથી રાજા, તક્ષા વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકે છે. આથી સૂત્રમાં વ્યઞ્જન પદ નિરર્થક છે.

**સમાધાન :-** જો 'પદસ્ય ૨.૧.૮૯' સૂત્રથી થયેલા સંયોગાન્ત સિ (સ્) પ્રત્યયના લોપને અસત્ નહીં માનો તો પચ્ + અત્ (શતૃ) = પચત્, 'ઋદુદિતઃ ૧.૪.૭૦' સૂત્રથી ન્ નો આગમ થતા પચન્ત્ + સિ = પચન્ત્સ્ અને આ રીતે જ યજન્ત્ + સિ = યજન્ત્સ્ અવસ્થામાં 'પદસ્ય ૨.૧.૮૯' સૂત્રથી સંયોગાન્ત સિ (સ્) પ્રત્યયનો તેમજ પુનઃ સંયોગાન્ત ત્ નો લોપ થતા પચન્ અને યજન્ પ્રયોગાવસ્થામાં 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી પચન્ અને યજન્ ના ન્ નો લોપ કરવાના અવસરે તમે પૂર્વે દર્શાવ્યા મુજબ સિ (સ્) પ્રત્યયની જેમ અહીં ત્ ના લોપને પણ અસત્ નહીં માની શકો. તેથી પચન્ અને યજન્ આ ઈષ્ટપ્રયોગોના ન્ નો 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી લોપ થતા પચ અને યજ આવા અનિષ્ટપ્રયોગ થવાની આપત્તિ આવશે.

**શંકા :-** આ રીતે ત્ ના લોપને અસત્ થતો ન રોકી શકાય. કેમકે હંમેશા તુલ્યજાતિવાળાનો (સજાતીયનો) નિયમ થાય, વિજાતીયનો નહીં. તો અહીં તુલ્યજાતિવાળો કોણ છે ? અને કોણ નથી ? એ પ્રશ્ન થતાં 'જે શબ્દોનો ન્ રાજન્ + સિ આમ રાજન્ ના ન્ ની જેમ સિ પ્રત્યયની અવ્યવહિત પૂર્વમાં હોય તે ન્ રાજન્ ના ન્ ની અપેક્ષાએ તુલ્યજાતિવાળો ગણાય.' જેમકે - તક્ષન્ + સિ અને સીમન્ + સિ વિગેરે સ્થળ અને 'જે શબ્દોના ન્ અને સિ પ્રત્યયની વચ્ચે કોઈ વર્ણનું વ્યવધાન હોય તે ન્ રાજન્ ના ન્ ની અપેક્ષાએ અતુલ્યજાતિવાળો ગણાય.' જેમકે - પચન્ + ત્ + સિ અને યજન્ + ત્ + સિ વિગેરે સ્થળ. આમાં તુલ્યજાતિવાળા સ્થળે 'પદસ્ય ૨.૧.૮૯' સૂત્રથી સંયોગાન્તનો (= સિ પ્રત્યયનો) લોપ થતા ત્યાં આગળ જ્ઞાપન કર્યા મુજબ 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી ન્ નો લોપ કરવાના અવસરે રાજન્ થી પરમાં રહેલા સિ પ્રત્યયના લોપની જેમ અસત્વિધિનો નિષેધરૂપ નિયમ થઈ શકે અને તેથી 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી તુલ્યજાતિવાળા પદાન્ત ન્ નો લોપ થઈ શકે છે. જેમકે - તક્ષા, સીમા વિગેરે સ્થળે અને અતુલ્યજાતિવાળા સ્થળે 'પદસ્ય ૨.૧.૮૯' સૂત્રથી સંયોગાન્તનો લોપ થતા ત્યાં અસત્વિધિનો નિષેધ રૂપ નિયમ ન થઈ શકવાથી અર્થાત્ અસત્વિધિ થવાથી 'નામ્નો નો૰ ૨.૧.૯૧' સૂત્રથી તેમના ન્ નો લોપ ન થાય. જેમકે - પચન્, યજન્ વિગેરે સ્થળે ત્ નો લોપ અસત્ થવાથી ન્ નો લોપ ન થાય. આમ પચ અને યજ આવા અનિષ્ટપ્રયોગો ન થતા પચન્ અને યજન્ આવા ઈષ્ટપ્રયોગો સિદ્ધ થશે.

**સમાધાન :-** જો આ રીતે સંયોગાન્ત त् નો લોપ અસત્ મનાતો હોય તો पचन् त् + सि = पचन्त्स् અને यजन् त् + सि = यजन्त्स् અવસ્થામાં 'पदस्य २.१.८९' સૂત્રથી થતો सि (स्) પ્રત્યયનો લોપ પણ અસત્ થશે. જેથી પુનઃ 'पदस्य २.१.८९' સૂત્રથી पचन्त् અને यजन्त् ના સંયોગાન્ત त् નો લોપ કરવા જતા તે त् પદને અંતે ન ગણાવાથી તેનો લોપ નહીં થઈ શકે. આમ पचन् અને यजन् પ્રયોગો સિદ્ધ ન થતા पचन्त् અને यजन्त् આવા અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવશે.

**શંકા :-** આ આપત્તિ નહીં આવે, કેમકે હંમેશા પરસૂત્રથી પ્રાપ્ત કાર્ય કરવાનું હોય ત્યારે પૂર્વસૂત્રથી થયેલું કાર્ય અસત્ થાય. પરંતુ એકના એક સૂત્રથી જ્યારે ક્રમશઃ બે વાર કાર્યો કરવાના હોય ત્યારે પૂર્વે થયેલું કાર્ય અસત્ થતું નથી. પ્રસ્તુતમાં पचन्त्स् અને यजन्त्स् સ્થળે 'पदस्य २.१.८९' સૂત્રથી સંયોગાન્ત सि (स्) પ્રત્યયનો લોપ કર્યા બાદ પુનઃ તે જ સૂત્રથી સંયોગાન્ત त् નો લોપ કરવાનો છે. આમ એક જ સૂત્રપ્રાપ્ત બંને કાર્યો હોવાથી પૂર્વે થયેલો सि (स्) પ્રત્યયનો લોપ અસત્ ન થઈ શકે. તેથી પુનઃ 'पदस्य २.१.८९' સૂત્રથી पचन्त् અને यजन्त् ના સંયોગાન્ત त् નો લોપ થશે અને પૂર્વે દર્શાવ્યા મુજબ 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી न् ના લોપ પ્રસંગે त् નો લોપ અસત્ થવાથી पचन् અને यजन् પ્રયોગો સિદ્ધ થઈ શકશે.

**સમાધાન :-** બરાબર છે, પરંતુ સૂત્રમાં 'व्यञ्जन' પદ ન મૂકીએ તો બે આપત્તિઓ આવે છે. તે આ પ્રમાણે - **(a)** राजन् + सि, 'नि दीर्घः १.४.८५' સૂત્રથી દીર્ઘ થતા राजान् + सि અવસ્થામાં सि એ य् સિવાયનો વ્યંજનાદિ પ્રત્યય હોવાથી 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી राजन् નામ પદ બને છે. તેથી તેના અંત્ય न् નો 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી લોપ થતા राजा + सि અવસ્થામાં सि (स्) પ્રત્યય સંયોગાન્ત ન રહેવાથી 'पदस्य २.१.८९' સૂત્રથી તેનો લોપ ન થતા राजाः આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે છે. **(b)** 'क्विप्० ५.१.१४८' સૂત્રથી उखया स्रंसते इति क्विप् = उखास्रंस् અને पर्णानि ध्वंसते इति क्विप् = पर्णध्वंस्, 'नो व्यञ्जनस्या० ४.२.४५' સૂત્રથી उखास्रस् + सि = उखास्रस्स् અને पर्णध्वस् + सि = पर्णध्वस्स् અવસ્થામાં એકસાથે બે સૂત્રોની પ્રાપ્તિ છે. એક 'पदस्य २.१.८९' સૂત્રથી સંયોગાન્ત स् (सि) પ્રત્યયના લોપની પ્રાપ્તિ છે અને બીજું 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી उखास्रस्स् અને पर्णध्वस्स् ની અંતે રહેલા સંયોગના આદિ स् નો લોપ થવાની પ્રાપ્તિ છે. હવે 'पदस्य २.१.८९' સૂત્ર પરસૂત્ર છે. પરંતુ 'संयोगस्यादौ० २.१.८८' સૂત્ર તેનું અપવાદસૂત્ર છે. ઉત્સર્ગ એવા 'पदस्य २.१.८९' સૂત્રની પ્રવૃત્તિનો બાધ કરી પૂર્વે અપવાદસૂત્ર પ્રવર્તશે. કેમકે સર્વત્ર પર એવા ઉત્સર્ગસૂત્ર કરતા અપવાદસૂત્ર વચનપ્રામાણ્યથી (પોતાની રચનાના સામર્થ્યથી) બળવાન બને છે. જો અપવાદ સૂત્રની પ્રવૃત્તિ થવાની ન હોય અને પર એવું ઉત્સર્ગસૂત્ર જ પ્રવર્તવાનું હોય તો અપવાદસૂત્રની રચના જ નિરર્થક ઠરે. તે નિરર્થક ન ઠરે માટે સર્વત્ર અપવાદસૂત્ર ઉત્સર્ગસૂત્રની પ્રવૃત્તિનો બાધ કરીને પોતાની પ્રવૃત્તિ પૂર્વે કરે છે. જેમકે काष्ठतक्ष् સ્થળે પદને અંતે क् + ष् = क्ष् આ પ્રમાણે સંયુક્ત વ્યંજનો છે તેથી અહીં પર એવા ઉત્સર્ગ 'पदस्य २.१.८९' સૂત્રથી સંયોગાન્ત ष्

વ્યંજનના લોપની પ્રાપ્તિ છે. પરંતુ તેનો બાધ કરી પૂર્વે અપવાદરૂપ 'संयोगस्यादौ० २.१.८८' સૂત્ર પ્રવર્તે છે. તેથી સંયોગના આદિ વ્યંજન क् નો લોપ થતા काष्ठतष् અવસ્થામાં 'घुटस्तृतीयः २.१.७६' સૂત્રથી ष् નો ड् આદેશ થવાથી काष्ठतड् પ્રયોગ થાય છે. આ રીતે જ પ્રસ્તુતમાં પણ 'संयोगस्यादौ० २.१.८८' આ અપવાદસૂત્ર દ્વારા પૂર્વે उखास्रस्स् અને पर्णध्वस्स् સ્થળે સંયોગના આદિ स् નો લોપ થશે અને તેમ થતા વ્યંજનના સંયોગનો અભાવ થવાથી 'पदस्य २.१.८९' સૂત્રથી स् (सि) પ્રત્યયનો લોપ નહીં થઈ શકે જેથી उखास्र + स् (सि) અને पर्णध्व + स् (सि) અવસ્થામાં હવે વિભક્તિનો स् (सि) પ્રત્યય उखास्र નામ અને पर्णध्व નામનો અવયવ ન હોવાથી તેનો 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી द् આદેશ ન થઈ શકવાથી उखास्रद् અને पर्णध्वद् આવા પ્રથમા અને સંબોધન એકવચનના પ્રયોગ સિદ્ધ ન થઈ શકવાની આપત્તિ આવશે.

આ બે આપત્તિને દૂર કરવા સૂત્રમાં 'व्यञ्जन[(A)]' પદ મૂક્યું છે. જેથી राजन्, उखास्रस् અને पर्णध्वस् ને सि પ્રત્યય લાગતા 'नि दीर्घः १.४.८५' સૂત્રથી राजान् આદેશ થયા બાદ राजान् + सि તેમજ उखास्रस् + सि અને पर्णध्वस् + सि અવસ્થામાં ત્રાણેય વ્યંજનાન્ત નામોથી પરમાં રહેલા सि પ્રત્યયનો આ સૂત્રથી લોપ થઈ શકતા પાછળથી 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી राजन् ના પદાન્ત न् નો લોપ થવાથી राजा પ્રયોગ સિદ્ધ થઈ શકે અને 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી उखास्रस् અને पर्णध्वस् ના પદાન્ત स् નો द् આદેશ થવાથી उखास्रद् અને पर्णध्वद् પ્રયોગો સિદ્ધ થઈ શકે. આમ સૂત્રસ્થ 'व्यञ्जन' પદ સાર્થક છે.

**શંકા :-** તમે उखास्रस् અને पर्णध्वस् સ્થળે द् આદેશ ન થઈ શકવાની આપત્તિ દર્શાવો છો તે યોગ્ય નથી. કેમકે उखास्रस् + स् (सि) અને पर्णध्वस् + स् (सि) અવસ્થામાં 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી उखास्रस् અને पर्णध्वस् પદ બનશે અને પદ બનતા 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી સંયોગની આદિમાં વર્તતા તેમના स् નો લોપ થતા પૂર્વે જ 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી પદને અંતે વર્તતા स् નો द् આદેશ થઈ જશે. જેથી उखास्रद् + स् (सि) = उखास्रद्स् અને पर्णध्वद् + स् (सि) = पर्णध्वद्स् અવસ્થામાં હવે 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રની પ્રાપ્તિ ન

(A) બૃહદ્વૃત્તિની ' 'पदस्य २.१.८९' इति सिद्धे.....' પંક્તિનો શબ્દશઃ અર્થ આ પ્રમાણે જાણવો - (સૂત્રમાં વ્યઞ્જન પદ ન મૂકતા) 'पदस्य २.१.८९' સૂત્રથી વ્યંજનથી પરમાં રહેલા सि પ્રત્યયનો લોપ સિદ્ધ હોવા છતાં સૂત્રમાં વ્યઞ્જન પદનું ગ્રહણ राजा ઈત્યાદિ પ્રયોગસ્થળે सि પ્રત્યયના લોપને માટે છે. અન્યથા જો સૂત્રમાં વ્યઞ્જન પદ ન મૂકવામાં આવે તો सि પ્રત્યય પરમાં હોવા છતાં પણ राजन् વિગેરે વ્યંજનાન્ત નામો 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી પદ બનતા હોવાથી અને 'पदस्य २.१.८९' સૂત્ર 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી राजन् વિગેરેના પદને અંતે વર્તી રહેલા न् નો લોપ કરવા સ્વરૂપ પરવિધિ કરવાની હોતે છતે અસિદ્ધ (असत्) થતું હોવાથી પૂર્વે राजन् વિગેરેના न् નો લોપ થતાં राजा + सि અવસ્થામાં 'पदस्य २.१.८९' કે કોઈ અન્ય સૂત્રથી सि પ્રત્યયનો લોપ ન થઈ શકે. (અહીં બૃહદ્વૃત્તિની પંક્તિમાં દર્શાવેલા सेर्लुप् નો અન્વય સૌથી છેલ્લે રહેલા न स्यात् ની સાથે કરવો.) તેમજ उखास्रद् ઈત્યાદિ પ્રયોગસ્થળે उखास्रस् + सि અવસ્થામાં 'संयोगस्यादौ स्कोर् २.१.८८' સૂત્રથી उखास्रस् ના સંયોગના આદિ स् નો લોપ થતા 'स्रंस्-ध्वंस्-क्वस्स० २.१.६८' સૂત્રથી द् આદેશ ન થઈ શકે.

વર્તતા 'पदस्य २.१.८९' સૂત્રથી સંયોગના અંત્ય વ્યંજન સ્ (सि) પ્રત્યયનો લોપ થવાથી उखास्रद् અને पर्णध्वद् પ્રયોગો સિદ્ધ થઈ જશે.

**समाधान :-** આ રીતે उखास्रस् + स् (सि) = उखास्रस्स् અને पर्णध्वस् + स् (सि) = पर्णध्वस्स् અવસ્થામાં 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી સંયોગના આદિ સ્ નો લોપ કરતા પૂર્વે 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી उखास्रस् અને पर्णध्वस् ના સ્ નો દ્ આદેશ ન કરી શકાય. કેમકે 'संयोगस्यादौ० २.१.८८' પર સૂત્ર છે. તેથી પરસૂત્રનું કાર્ય કરતા 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્ર અસિદ્ધ (असत्) થાય છે. તેથી દ્ આદેશ ન થતા 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી સંયોગના આદિ સ્ નો લોપ થતા उखास्र + स् (सि) અને पर्णध्व + स् (सि) અવસ્થામાં પૂર્વે દર્શાવેલી આપત્તિ ઊભી રહેતી હોવાથી આ રીત મુજબ उखास्रद् અને पर्णध्वद् પ્રયોગ સિદ્ધ ન થઈ શકે ।।૪૫।।

## समानादमोऽतः ।। १.४.४६।।

**बृ.वृ.–समानात् परस्यामो(1)ऽकारस्य लुग् भवति। (2)वृक्षम्, खट्वाम्, मुनिम्, साधुम्, बुद्धिम्, धेनुम्, नदीम्, वधूम्। '(3)पितरम्' इत्यादिषु विशेषविधानात् प्रथममेवार्। (4)समानादिति किम्? रायम्, नावम्। (5)अम इति किम्? नद्यः। (6)स्यादिरिति किम्? अचिनवम् ।।४६।।**

---

**सूत्रार्थ :-** સમાનસ્વરથી પરમાં રહેલા अम् (द्वि.એ.વ.) પ્રત્યયના अ નો લોપ થાય છે.

<u>विवरण :-</u> **(1)** આ સૂત્રમાં अमः પદસ્થળે ષષ્ઠી વિભક્તિ છે અને તે સૂત્રમાં વર્તતા अत् પદનું વ્યધિકરણ વિશેષણ છે, આથી બૃહદ્વૃત્તિમાં 'अम् નો अ' આ પ્રમાણે અર્થ દર્શાવ્યો છે. અહીં યાદ રાખવું કે વિશેષણ-વિશેષ્યભાવ સમાનાધિકરણ રૂપે અને વ્યધિકરણ રૂપે આમ બે પ્રકારે હોય છે. સરખી વિભક્તિવાળા પદોમાં વિશેષણ-વિશેષ્યભાવ હોય તે સમાનાધિકરણ રૂપે વિશેષણ-વિશેષ્યભાવ કહેવાય. જેમકે - नीलं कमलम् સ્થળે અને સરખી વિભક્તિમાં ન વર્તતા પદોમાં વિશેષણ-વિશેષ્યભાવ હોય તે વ્યધિકરણ વિશેષણ-વિશેષ્યભાવ કહેવાય. જેમકે - वृक्षस्य पर्णम् સ્થળે. વ્યધિકરણ વિશેષણ-વિશેષ્યભાવસ્થળે પ્રથમાન્ત મુખ્યનામ વિશેષ્ય ગણાય અને ઇતર વિભક્ત્યન્ત ગૌણ નામો તેના વિશેષણ ગણાય.

**(2) <u>दृष्टांत</u> -**

| | (i) वृक्षम् | (ii) खट्वाम् | (iii) मुनिम् |
|---|---|---|---|
| | वृक्ष + अम् | खट्वा + अम् | मुनि + अम् |
| * 'समानादमो० १.४.४६' → | वृक्ष + म् | खट्वा + म् | मुनि + म् |
| | = वृक्षम्। | = खट्वाम्। | = मुनिम्। |

| | (iv) साधुम् | (v) नदीम् | (vi) वधूम् |
|---|---|---|---|
| | साधु + अम् | नदी + अम् | वधू + अम् |
| * 'समानादमो० १.४.४६' → | साधु + म् | नदी + म् | वधू + म् |
| | = साधुम्। | = नदीम्। | = वधूम्। |

બુદ્ધિમ્ અને ધેનુમ્ પ્રયોગની સાધનિકા અનુક્રમે મુનિમ્ અને સાધુમ્ પ્રમાણે સમજવી.

**(3) શંકા :-** 'पितरम्' સ્થળે પિતૃ + અમ્ અવસ્થામાં પિતૃ નો ઋ સમાનસ્વર છે, છતાં આ સૂત્રથી અમ્ ના અ નો લોપ કેમ નથી કરતા ?

**સમાધાન :-** પિતૃ + અમ્ અહીં જેમ આ સૂત્રની પ્રાપ્તિ છે, તેમ ઘુટ્ અમ્ પ્રત્યય પર છતાં 'अङौ च १.४.३९' સૂત્રથી પિતૃ ના ઋ નો અર્ આદેશ થવાની પણ પ્રાપ્તિ છે. આ સૂત્રથી પ્રાપ્તવિધિ સમાનસ્વરાન્ત નામને આશ્રયીને થતી હોવાથી સામાન્યવિધિ ગણાય. જ્યારે 'अङौ च १.४.३९' સૂત્રનિર્દિષ્ટ વિધિ ઋકારાન્ત નામને જ આશ્રયીને થતી હોવાથી વિશેષવિધિ ગણાય. ***'सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાયથી વિશેષવિધિ દ્વારા સામાન્યવિધિનો બાધ થતો હોવાથી પિતૃ + અમ્ અવસ્થામાં આ સૂત્ર ન પ્રવર્તતા 'अङौ च १.४.३९' સૂત્રથી પિતૃ ના ઋ નો અર્ આદેશ થવાથી पितरम् પ્રયોગ સિદ્ધ થશે.

**(4)** આ સૂત્રથી સમાનસ્વરથી જ પરમાં રહેલા અમ્ પ્રત્યયના અ નો લોપ થાય એવું કેમ ?

**(a) रायम् (b) नावम् – * रै + अम् અને नौ + अम्, * 'एदैतो० १.२.२३' → राय् + अम् = रायम्, * 'ओदौतो० १.२.२४' → नाव् + अम् = नावम्।**

અહીં રૈ અને નૌ શબ્દો સમાનસ્વરાન્ત ન હોવાથી તેમનાથી પરમાં રહેલા અમ્ પ્રત્યયના અ નો લોપ ન થયો.

**(5)** આ સૂત્રથી સમાનસ્વરથી પરમાં રહેલા અમ્ પ્રત્યયના જ અ નો લોપ થાય એવું કેમ ?

**(a) नद्यः – * नदी + जस्, * 'इवर्णादे० १.२.२१' → नद्य् + जस् = नद्यस्, * 'सो रुः २.१.७२' → नद्यर्, * 'रः पदान्ते० १.३.५३' → नद्यः।**

અહીં નદી શબ્દના સમાનસ્વર ઈ થી પરમાં રહેલા જસ્ પ્રત્યયના અ નો આ સૂત્રથી લોપ ન થયો.

**(6)** આ સૂત્રમાં 'अत आः स्यादौ० १.४.१' સૂત્રથી સ્યાદિનો અધિકાર આવે છે. તેથી સમાનસ્વરથી પરમાં રહેલા સ્યાદિસંબંધી જ અમ્ પ્રત્યયના અ નો આ સૂત્રથી લોપ થશે.

(a) **अचिनवम् –** * चि + अम् (ह्यस्तन), * 'स्वादेः श्नुः ३.४.७५' → चि + नु + अम्, * 'अङ्धातो० ४.४.२९' → अ + चि + नु + अम्, * 'उश्नोः ४.३.२' → अ + चि + नो + अम्, * 'ओदौतो० १.२.२४' → अ + चि + नव् + अम् = अचिनवम्।

અહીં चि + नु + अम् અવસ્થામાં નુ ના સમાનસ્વર उ થી પરમાં રહેલો હ્યસ્તનનો अम् પ્રત્યય સ્યાદિ સંબંધી ન હોવાથી તેના અ નો ઓ સૂત્રથી લોપ ન થયો.

**શંકા :-** चि + नु + अम् અવસ્થામાં આ સૂત્ર અને 'उश्नोः ४.३.२' આ ઉભયસૂત્રોની એકસાથે પ્રવૃત્તિ થવાનો પ્રસંગ છે. પરંતુ 'उश्नोः ४.३.२' સૂત્ર પર અને નિત્યસૂત્ર(A) હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થવાથી શ્નુ પ્રત્યયના उ નો ઓ ગુણ થશે. આથી चि + नो + अम् અવસ્થામાં अम् પ્રત્યય સમાનસ્વરથી પરમાં ન હોવાથી તેના અ નો આ સૂત્રથી લોપ નહીં થઈ શકે. આમ સૂત્રમાં અનુવર્તતા સ્યાદિના અધિકારને આગળ કર્યા વિના પણ જો अम् પ્રત્યયના અ ના લોપનો નિષેધ કરવા પૂર્વક अचिनवम् પ્રયોગ સિદ્ધ થઈ શકતો હોય તો શા માટે સ્યાદિના અધિકારને કારણે अचिनवम् પ્રયોગની નિષ્પત્તિ સ્વીકારવી ?

**સમાધાન :-** 'પર અને નિત્યસૂત્ર હોવાના કારણે બે સૂત્રો પૈકીના અમુક સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે કરવી' તેવું ત્યારે કહી શકાય કે જ્યારે તે બન્ને સૂત્રો સ્પર્ધ હોય. આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર હોવાથી આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે अम् પ્રત્યય તો સ્યાદિનો જ ગ્રહણ થશે, આથી चि + नु + अम् સ્થળે अम् પ્રત્યય સ્યાદિ સંબંધી ન હોવાથી ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય નથી. તેથી આ સૂત્ર અને 'उश्नोः ४.३.२' સૂત્ર સ્પર્ધ ન બને. કેમકે સ્પર્ધ બનવા અન્યત્ર સાવકાશ ઉભયસૂત્રોની વિવાદસ્થળે પ્રવૃત્તિ પ્રાપ્ત હોવી આવશ્યક છે. તેથી 'પરત્વ અને નિત્યત્વને લઈને 'उश्नोः ४.३.२' સૂત્ર પૂર્વે પ્રવર્તશે' આ વાતનો પ્રસ્તુતમાં વિચાર કરવાનો જ ન હોવાથી 'સ્યાદિના અધિકારને કારણે આ સૂત્રથી चि + नु + अम् સ્થળે अम् પ્રત્યયના અ નો લોપ ન થવાથી अचिनवम् પ્રયોગ નિષ્પન્ન થયો છે.' આવું જે અમે સ્વીકાર્યું છે તે યુક્ત જ છે.

---

(A) બે સૂત્રો પૈકીનું જે સૂત્ર ***'कृताकृतप्रसङ्गी'*** હોય તે નિત્યસૂત્ર ગણાય. તો પૂર્વે 'समानादमो० १.४.४६' સૂત્રથી अम् ના અ નો લોપ કરીએ તો પણ चि + नु + म् અવસ્થામાં 'उश्नोः ४.३.२' સૂત્રથી ગુણ થવાનો પ્રસંગ છે અને પૂર્વે 'समानादमो० १.४.४६' સૂત્રથી अम् ના અ નો લોપ ન કરીએ તો પણ चि + नु + अम् અવસ્થામાં 'उश्नोः ४.३.२' સૂત્રથી ગુણ થવાનો પ્રસંગ છે. તેથી 'उश्नोः ४.३.२' સૂત્ર ***'कृताकृतप्रसङ्गी'*** હોવાના કારણે નિત્યસૂત્ર ગણાય અને પૂર્વસૂત્ર અને પરસૂત્ર કરતા પણ નિત્યસૂત્ર બળવાન ગણાય.

*(શંકા :- એક કામ કરો. આ સૂત્રમાંથી સ્યાદિનો અધિકાર જ ઉડાડી દો. જેથી चि + नु + अम् અવસ્થામાં ઉભયસૂત્રોની પ્રવૃત્તિ પ્રાપ્ત હોવાથી બન્ને સૂત્રો સ્પર્ધા બને અને તેથી* ***'पूर्व-पर-नित्य-अन्तरङ्ग-अपवादानामुत्तरोत्तरं बलीयः'*** *ન્યાયાનુસારે પરત્વ અને નિત્યત્વને લઈને 'उश्नोः ४.३.२' સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે થવાથી अचिनवम् પ્રયોગ નિષ્પન્ન થયો છે તેવું સ્વીકારી શકાય.*

***સમાધાન :-*** *પૂર્વસૂત્રોથી સહજપણે આવતા સ્યાદિના અધિકારને લઈને જો अचिनवम् પ્રયોગ નિષ્પન્ન થઈ શકતો હોય તો* ***'पूर्व-पर-नित्य-०'*** *ન્યાયની અપેક્ષા રાખી તેની નિષ્પત્તિ કરવામાં ગૌરવ ગણાય(A). માટે તમારી વાત બરાબર નથી.)* ।।૪૬।।

## दीर्घो नाम्यतिसृ-चतसृ-षृः।। १.४.४७।।

**बृ.वृ.-तिसृ-चतसृ-षकार-रेफान्तवर्जितशब्दसम्बन्धिनः पूर्वस्य समानस्यामादेशे(1) नामि परे दीर्घो भवति। श्रमणानाम्(2), मुनीनाम्, साधूनाम्, बुद्धीनाम्, धेनूनाम्, वारीणाम्, त्रपूणाम्, पितॄणाम्, मातॄणाम्, कर्तॄणाम्। अतिसृ-चतसृ-षृ(3) इति किम्? तिसृणाम्, चतसृणाम्, षण्णाम्, चतुर्ण्णाम्। अषृ(4) इति प्रतिषेधेन नकारेण व्यवहितेऽपि नामि दीर्घो ज्ञाप्यते-पञ्चानाम्, सप्तानाम्। नामीति(5) किम्? चर्मणाम्। स्यादावित्येव(6)? दधिनाम, चर्मनाम, अनर्थकत्वाद् वा ।।४७।।**

---

**सूत्रार्थ :-** આમ્ (ષ.બ.વ.) પ્રત્યયના આદેશભૂત नाम् પ્રત્યય પરમાં વર્તતા तिसृ, चतसृ, ष કારાન્ત અને र કારાન્ત શબ્દ સિવાયના શબ્દસંબંધી (नाम् ની) પૂર્વના સમાન સ્વરનો દીર્ઘ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ तिसा च चतसा च षश्च रश्च इत्येतेषां समाहारः = तिसृ-चतसृ-षृ (स.द्व.)। 'षश्च रश्च' इत्यत्र अकार उच्चारणार्थः। न तिसृ-चतसृषृ = अतिसृ-चतसृषृ (नञ् तत्.)। तस्य = अतिसृ-चतसृषृः।

<u>विवरण :-</u> **(1)** આ સૂત્રમાં 'अत आः स्यादौ० १.४.१' સૂત્રથી સ્યાદિની અનુવૃત્તિ આવે છે. તેથી સૂત્રમાં દર્શાવેલા नामि પદથી સ્યાદિના आम्પ્રત્યયના જ આદેશભૂત नाम्નું ગ્રહણ થશે. આથી બૃ.વૃત્તિમાં 'आमादेशे नामि परे' પંક્તિ દર્શાવી છે.

---

(A) 'અધિકાર દ્વારા કાર્ય સિદ્ધ થતું હોય તો ન્યાય કે પરિભાષાનો આશ્રય કરવો ગૌરવ ગણાય' આ વાતને સિદ્ધ કરતી '૧.૪.૨' સૂત્રના બૃ.ન્યાસની આ પંક્તિઓ ધ્યાન પર લેવી - ननु विनाऽपि स्याद्यधिकारम् ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** इति न्यायाद् भिस्सा-भिस्सटाशब्दयोरेकदेशस्य भिसोऽनर्थकत्वादैस् न भविष्यति, सत्यम्-अविच्छेदार्थं स्याद्यधिकारः, स चेहानुवर्तमानः ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** इत्येतन्न्यायानपेक्षं विशिष्टस्यैव भिस ऐसादेशं नियमयतीत्येतदर्थं नायमपेक्षणीय इति, ***'अपेक्ष्यमाणश्च न्यायः गौरवमादधाति'***।

(2) દૃષ્ટાંત -

| | (i) श्रमणानाम् | (ii) मुनीनाम् | (iii) साधूनाम् | (iv) पितॄणाम् |
|---|---|---|---|---|
| | श्रमण + आम् | मुनि + आम् | साधु + आम् | पितृ + आम् |
| * 'ह्रस्वापश्च १.४.३२' → | श्रमण + नाम् | मुनि + नाम् | साधु + नाम् | पितृ + नाम् |
| * 'दीर्घो नाम्य० १.४.४७' → | श्रमणा + नाम् | मुनी + नाम् | साधू + नाम् | पितॄ + नाम् |
| * 'रषृवर्णान्० २.३.६३' → | ↓ | ↓ | ↓ | पितॄणाम् |
| | = श्रमणानाम्। | = मुनीनाम्। | = साधूनाम्। | = पितॄणाम्। |

बुद्धीनाम्, वारीणाम् नी साधनिका मुनीनाम् प्रमाणे करवी. धेनूनाम्, त्रपूणाम् नी साधनिका साधूनाम् प्रमाणे अने मातॄणाम्, कर्तॄणाम् प्रयोगोनी साधनिका पितॄणाम् प्रमाणे समजी लेवी.

(3) तिसृ, चतसृ, ष कारान्त अने र कारान्त सिवायना ऋ नामो संबंधी समान स्वरोनो आ सूत्रथी दीर्घ आदेश थाय एवुं केम ?

| | (a) तिसृणाम् | (b) चतसृणाम् |
|---|---|---|
| | त्रि + आम् | चतुर् + आम् |
| * 'त्रि-चतुरस्तिसृ० २.१.१' → | तिसृ + आम् | चतसृ + आम् |
| * 'ह्रस्वापश्च १.४.३२' → | तिसृ + नाम् | चतसृ + नाम् |
| * 'रषृवर्णान्० २.३.६३' → | तिसृणाम्। | चतसृणाम्। |

त्रि + आम् अने चतुर् + आम् अवस्थामां ऋेम 'त्रिचतुर० २.१.१' सूत्रथी तिसृ-चतसृ आदेश थवानी प्राप्ति छे तेम उभयस्थळे अनुक्रमे 'ह्रस्वापश्च १.४.३२' अने 'संख्यानां र्ण्णाम् १.४.३३' सूत्रथी आम् नो नाम् आदेश थवानी पण प्राप्ति छे. जो पूर्वे आम् नो नाम् आदेश थई जाय तो सूत्रमां अवर्जित त्रि नामना समानस्वरनो आ सूत्रथी दीर्घ आदेश थवानी प्राप्ति आवे. पण पर एवा 'त्रिचतुर० २.१.१' सूत्रथी पूर्वे तिसृ-चतसृ आदेश थई ऋतो होवाथी हवे पाछळथी 'ह्रस्वापश्च १.४.३२' सूत्रथी आम् नो नाम् आदेश थयो छे तो पण सूत्रमां निषेधेला तिसृ-चतसृ नामोना समानस्वरनो दीर्घ आदेश न थई शक्यो.

**(c) षण्णाम् – * षष् + आम्, * 'संख्यानां र्ण्णाम् १.४.३३' → षष् + नाम्, * 'धुटस्तृतीयः २.१.७६' → षड् + नाम्, * 'प्रत्यये च १.३.२' → षण् + नाम्, * 'तवर्गस्य० १.३.६०' → षण्णाम्।**

**(d) चतुर्ण्णाम् – * चतुर् + आम्, * 'संख्यानां र्ण्णाम् १.४.३३' → चतुर् + नाम्, * 'रषृवर्णा० २.३.७३' → चतुर्+ णाम्, * 'र्हादर्हस्वरस्या० १.३.३१' → चतुर्ण्णाम्।**

આ બન્ને સ્થળે સૂત્રમાં વર્જિત ષ કારાન્ત ષષ્ નામ અને ર કારાન્ત ચતુર્ નામના સમાનસ્વરનો નામ્ પર છતાં દીર્ઘ આદેશ ન થયો.

**(4) શંકા :-** આ સૂત્રમાં 'દીર્ઘો નામિ' સ્થળે સપ્તમ્યન્ત નામિ નિર્દેશ કર્યો છે. તેથી 'સપ્તમ્યા પૂર્વસ્ય ૭.૪.૧૦૫' પરિભાષાનુસારે નામ્ પ્રત્યયના અવ્યવહિતપૂર્વવર્તી જ સમાનસ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ થવાની પ્રાપ્તિ છે. તો ષષ્ + નામ્ અને ચતુર્ + નામ્ અવસ્થામાં નામ્ પ્રત્યયની અવ્યવહિતપૂર્વમાં સમાનસ્વર છે જ ક્યાં ? કે જેથી તમારે આ સૂત્રની પ્રવૃત્તિમાંથી ષ કારાન્ત અને ર કારાન્ત નામોને વર્જવા પડે ?

**સમાધાન :-** તમારી વાત સાચી છે. છતાં અમારે સૂત્રમાં ષ કારાન્ત અને ર કારાન્ત નામોને વર્જીને જણાવવું છે કે 'નામ્ પ્રત્યય અને પૂર્વના સમાનસ્વરની વચ્ચે જો કોઈ એકાદ વર્ણનું વ્યવધાન હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે' માટે અમે કરેલું વર્જન યુક્ત છે.

**(v) પઞ્ચાનામ્ (vi) સપ્તાનામ્ – * પઞ્ચન્ + આમ્, સપ્તન્ + આમ્, * 'સંખ્યાનાં ર્ણામ્ ૧.૪.૩૩' → પઞ્ચન્ + નામ્, સપ્તન્ + નામ્, * 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' → પઞ્ચાન્+ નામ્, સપ્તાન્ + નામ્, * 'નામ્નો નો૦ ૨.૧.૯૧' → પઞ્ચા + નામ્ = પઞ્ચાનામ્, સપ્તા + નામ્ = સપ્તાનામ્।**

અહીં પઞ્ચન્ + નામ્ અને સપ્તન્ + નામ્ અવસ્થામાં નામ્ પ્રત્યય અને પૂર્વના સમાનસ્વર અ ની વચ્ચે ન્ નું વ્યવધાન છે, છતાં આ સૂત્રથી દીર્ઘ આદેશ થઈ શક્યો.

અહીં આ વાત ધ્યાનમાં લેવી કે બૃ.વૃત્તિમાં 'અષ્ ઇતિ પ્રતિષેધેન નકારેણ વ્યવહિતેઽપિ નામિ દીર્ઘો જ્ઞાપ્યતે' પંક્તિ સ્થળે નામ્ પ્રત્યય અને પૂર્વના સમાનસ્વરની વચ્ચે ગમે તે વર્ણ નહીં પણ માત્ર ન્ કારનું વ્યવધાન હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવાનું જ્ઞાપન કર્યું છે. તે એટલા માટે કે અન્ય વર્ણના વ્યવધાનકાળે આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય જ નથી, કેમકે આ સૂત્રની પ્રવૃત્તિ આમ્ પ્રત્યયનો આદેશભૂત નામ્ પરમાં હોય ત્યારે જ થાય છે. ર્-ષ્-ન્ અન્તવાળા સંખ્યાવાચી નામો સિવાય કોઈ પણ વ્યંજનાન્ત નામોથી પરમાં આમ્ પ્રત્યયનો નામ્ આદેશ થતો નથી અને ર્-ષ્ અન્તવાળા સંખ્યાવાચી નામોથી પરમાં આમ્ નો નામ્ આદેશ થાય છે છતાં તેમનો આ સૂત્રની પ્રવૃત્તિમાંથી પ્રતિષેધ કરી દીધો છે. માટે વ્યવધાન પૂર્વકની સૂત્રપ્રવૃત્તિને યોગ્ય રૂપે રહ્યા હવે માત્ર ન્ અન્તવાળા સંખ્યાવાચી નામો. તેથી બૃ.વૃત્તિમાં નામ્ પ્રત્યય અને તેની પૂર્વના સમાન સ્વરની વચ્ચે ન્ નું વ્યવધાન હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવાનું જ્ઞાપન કર્યું છે.

*(શંકા :- પઞ્ચન્ + નામ્ વિગેરે અવસ્થામાં 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી પઞ્ચન્ આદિના ન્ નો લોપ કરી દઈએ તો પણ પઞ્ચ + નામ્ વિગેરે અવસ્થામાં ન્ ના વ્યવધાન વગર આ સૂત્રથી પઞ્ચ આદિના સમાનસ્વરનો દીર્ઘ આદેશ કરી પઞ્ચાનામ્ વિગેરે પ્રયોગ સિદ્ધ કરી શકાય છે, તો શા માટે વ્યવધાનવાળા સ્થળે સૂત્રપ્રવૃત્તિનું જ્ઞાપન કરવા સૂત્રમાં ષ કારાન્ત- ર કારાન્ત નામોનો પ્રતિષેધ કરો છો ?*

*__સમાધાન__ :- પञ्चन् + नाम् વિગેરે અવસ્થામાં જો 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી न् નો લોપ કરીએ તો આ સૂત્રથી પञ्च વિગેરેના સમાનસ્વરનો દીર્ઘ આદેશ કરવા રૂપ પૂર્વસ્યાદિવિધિ કરવાના પ્રસંગે તે न् નો લોપ અસત્ થાય અને તેથી न् વ્યવધાયક બનતા પञ्च વિગેરેનો સમાનસ્વર આ સૂત્રથી દીર્ઘ ન થઈ શકે. આથી આવા 'न् ના વ્યવધાનવાળા સ્થળે સમાનસ્વર દીર્ઘ થઈ શકે છે' તે જ્ઞાપન કરવા સૂત્રમાં ष કારાન્ત- र કારાન્ત નામોનો પ્રતિષેધ કર્યો છે.)*

**(5)** आम् પ્રત્યયના આદેશભૂત नाम् પરમાં હોય તો ज આ સૂત્ર પ્રવર્તે એવું કેમ ?

**(a) चर्मणाम् – * चर्मन् + आम् = चर्मनाम्, * 'रषृवर्णान्० २.३.६३' → चर्मणाम्।**

અહીં चर्मन् નામથી પરમાં आम् નો नाम् આદેશ કોઈ સૂત્રથી ન થતો હોવાથી नाम् ના અભાવે चर्मन् ના સમાનસ્વર अ નો આ સૂત્રથી દીર્ઘ આદેશ ન થયો.

**(6)** આ સૂત્રમાં 'अत आः स्यादौ० १.४.१' સૂત્રથી સ્યાદિનો અધિકાર આવે છે. તેથી આ સૂત્રથી થતા સમાનસ્વરના દીર્ઘ આદેશમાં નિમિત્તભૂત नाम् સ્યાદિ સંબંધી ज ગ્રહણ થશે. તેથી दधि नाम यस्य तद् = दधिनाम અવસ્થામાં પરવર્તી नाम ના અંશભૂત नाम् સ્યાદિસંબંધી ન હોવાથી दधि ના સમાનસ્વર इ નો આ સૂત્રથી દીર્ઘ આદેશ નહીં થાય.

[A]અથવા બીજી રીતે વિચારીએ તો दधिनाम સ્થળે नाम् એ नामन् શબ્દનો એકદેશ છે કે જેનો કોઈ અર્થ ન હોવાથી તે અનર્થક છે. જ્યારે आम् પ્રત્યયનો આદેશભૂત नाम् બહુત્વ વિગેરે અર્થવાળો હોવાથી તે સાર્થક છે. તેથી ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયથી સૂત્રમાં નિમિત્તરૂપે અર્થવાન् आम् પ્રત્યયના આદેશભૂત नाम् નું જ ગ્રહણ થશે, नामन् પ્રકૃતિના એકદેશભૂત અનર્થક नाम् નું નહીં. આથી दधिनाम સ્થળે दधि ના સમાનસ્વર इ નો આ સૂત્રથી દીર્ઘ આદેશ નહીં થાય. चर्मनाम પ્રયોગસ્થળે પણ આ પ્રમાણે સમજી લેવું.

**શંકા** :- તમે ઉપર 'અથવા' કહીને બીજી રીત જે બતાડી તેને આશ્રયીને વિચારતા दधिनाम પ્રયોગસ્થળે ભલે આ સૂત્રપ્રવૃત્તિનું વારણ થાય, પણ दण्डस्य नामः = दण्डनामः પ્રયોગસ્થળે दण्ड નામથી પરમાં 'પ્રહ્વત્વાર્થક' नम् ધાતુને લઈને બનેલો घञ् પ્રત્યયાન્ત नाम શબ્દ છે. અર્થાત્ घञ् પ્રત્યયના કારણે જે नम् ધાતુના अ ની आ વૃદ્ધિ થઈ છે તેવો પ્રહ્વત્વાર્થક અર્થવાન् नाम् ધાતુ પરમાં છે. તેથી ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયાનુસારે આ સૂત્રમાં અર્થવાન् नाम् ધાતુનો નિમિત્તરૂપે પ્રતિષેધ ન થઈ શકવાથી તેની પૂર્વમાં રહેલા दण्ड ના સમાનસ્વર अ નો આ સૂત્રથી દીર્ઘ આદેશ થવાની આપત્તિ આવશે.

---

(A) 'અથવા' કરીને જે વાત દર્શાવી છે તે પૂર્વસૂત્રથી આવતી સ્યાદિની અનુવૃત્તિને નિરપેક્ષપણે દર્શાવી છે.

**સમાધાન :-** આ આપત્તિ નહીં આવે, કેમકે નામ શબ્દસ્થળે નમ્ + ઘઞ્ = નામ આમ સંપૂર્ણ પ્રકૃતિ-પ્રત્યયનો સમુદાય જ અર્થવાન્ છે, પણ તેના અવયવો નહીં. અવયવભૂત નામ્ ધાતુનો 'પ્રહ્વત્વ = નમ્રતા' અર્થ અને ઘઞ્ પ્રત્યયનો 'ભાવ' અર્થ તો અન્વય-વ્યતિરેક દ્વારા કલ્પાયેલ હોવાથી કાલ્પનિક છે. આશય એ છે કે વૈયાકરણો શબ્દનિત્યત્વવાદી છે, તેથી તેમના મતે શબ્દમાં પ્રકૃતિ-પ્રત્યયનો વિભાગ ન સ્વીકારાતા માત્ર સ્ફોટ(A) રૂપ અખંડ પદ કે વાક્ય જ અર્થના બોધક રૂપે મનાય છે. છતાં તેમણે સ્વશાસ્ત્રની પ્રક્રિયાના નિર્વાહ માટે અન્વય-વ્યતિરેક દ્વારા પ્રકૃતિ-પ્રત્યયના અર્થવત્તાની કલ્પના કરી છે. તે આ પ્રમાણે - નામ શબ્દનો પ્રયોગ કરાતા બે અર્થ પ્રતીત થાય છે; 'પ્રહ્વત્વ' અને 'ભાવ'. તેમજ નામ્ ધાતુ અને ઘઞ્ પ્રત્યય આ બે વસ્તુ પણ પ્રતીત થાય છે. આમાંથી કયો અર્થ નામ્ ધાત્વંશનો અને કયો અર્થ ઘઞ્ પ્રત્યયાંશનો છે તે નક્કી કરવા માટે આપણે પચ્ + ઘઞ્ = પાક શબ્દનો પ્રયોગ કરીએ. અહીં નામ્ ધાતુ ચાલ્યો ગયો, પચ્ ધાતુ આવ્યો અને ઘઞ્ પ્રત્યય એમનો એમ રહ્યો છે. સાથે સાથે 'પ્રહ્વત્વ' અર્થ ચાલ્યો ગયો, 'વિક્લિતિ' અર્થ આવ્યો અને 'ભાવ' અર્થ એમનો એમ રહ્યો છે. તેથી ***'तत्सत्त्वे तत्सत्त्वं = अन्वयः'*** અને ***'तदभावे तदभावः = व्यतिरेकः'*** વ્યાખ્યાનુસારે નામ્ ધાતુની વિદ્યમાનતામાં 'પ્રહ્વત્વ' અર્થનું હોવું અને નામ્ ધાતુની ગેરહાજરીમાં 'પ્રહ્વત્વ' અર્થનું ચાલ્યા જવાનું જણાતું હોવાથી 'પ્રહ્વત્વ' અર્થ નામ્ ધાતુનો છે તેમ કલ્પાય છે અને 'ભાવ' અર્થ ઘઞ્ પ્રત્યયનો છે તેમ કલ્પાય છે. તો હવે આ સૂત્રમાં ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયથી અર્થવાન્ નામ્ નું નિમિત્તરૂપે ગ્રહણ કરવાનું છે. જેમ વેલડીઓથી આચ્છાદિત પ્રદેશમાં ખુંધ રૂપ લક્ષણ જોવાથી કલ્પાય છે કે 'અહીં બળદ હશે' તેમ નામ શબ્દસ્થળે અન્વય-વ્યતિરેક રૂપ લક્ષણથી નામ્ ધાત્વંશમાં અર્થવત્તાની કલ્પના થતી હોવાથી તે લાક્ષણિક રૂપે અર્થવાન્ ગણાય. જ્યારે સૂત્રમાં અખંડ શબ્દરૂપે નિવિષ્ટ આમ્ પ્રત્યયના આદેશ નામ્ માં 'બહુત્વાદિ' અર્થવત્તાની વિના કલ્પનાએ સહજતાથી પ્રતીતિ થતી હોવાથી તે પ્રતિપદોક્ત રૂપે અર્થવાન્ ગણાય. તેથી ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયથી આ સૂત્રમાં અર્થવાન્ નામ્ નું નિમિત્તરૂપે ગ્રહણ કરવાનાં અવસરે ***'लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'*** ન્યાયાનુસારે પ્રતિપદોક્ત આમ્ પ્રત્યયના આદેશ નામ્ નું જ ગ્રહણ થશે. તેથી દણ્ડનામ સ્થલીય લાક્ષણિક નામ્ ધાત્વંશનું આ સૂત્રમાં નિમિત્તરૂપે ગ્રહણ ન થવાથી દણ્ડ શબ્દના સમાનસ્વર અ નો આ સૂત્રથી દીર્ઘ આદેશ થવાની આપત્તિ નહીં આવે ।।૪૭।।

## નૃવા(1) ।। ૧.૪.૪૮।।

**બૃ.વૃ-નૃશબ્દસમ્બન્ધિનઃ સમાનસ્ય નામિ પરે દીર્ઘો વા ભવતિ। નૄણામ્(2), નૃણામ્ ; અતિનણામ્, અતિનૄણામ્ ।।૪૮।।**

---

**સૂત્રાર્થ :-** નામ્ પ્રત્યય પરમાં વર્તતા નૃ શબ્દસંબંધી સમાનસ્વરનો દીર્ઘ આદેશ વિકલ્પે થાય છે.

---

(A) વૈયાકરણોનો 'શબ્દનિત્યત્વવાદ - સ્ફોટવાદ' વિગેરે જાણવા વાક્યપદીય, વૈયાકરણ સિદ્ધાન્ત મંજૂષાદિ ગ્રંથોનું અવલોકન કરવું.

વિવરણ :- (1) **શંકા :-** 'दीर्घो नाम्य० १.४.४७' આ પૂર્વસૂત્રથી સમાનસ્વરનો નિત્ય દીર્ઘ આદેશ થાય છે. તેથી આ સૂત્ર 'नुर्वा' આવું ન બનાવતા વા પદ રહિત 'नुः' આટલું જ બનાવીએ તો પણ આ સૂત્રની પૂર્વસૂત્ર કરતા પૃથગ્ રચનાના આધારે ખબર પડી જાય કે 'नृ શબ્દના સમાનસ્વરનો વિકલ્પે દીર્ઘ આદેશ કરવો હશે.' તો શા માટે સૂત્રમાં વિકલ્પાર્થે વા પદ મૂકો છો ?

**સમાધાન :-** જો આ સૂત્ર વા પદ વિનાનું બનાવીએ તો આ સૂત્રની પૃથગ્ રચનાના આધારે જેમ તમારા કહ્યા મુજબનો અર્થ પ્રતીત થાય, તેમ 'नृ શબ્દના સમાનસ્વરના દીર્ઘ આદેશનો નિષેધ કરવો હશે, માટે આ સૂત્ર પૂર્વસૂત્ર કરતા જુદું બનાવ્યું હશે' આવો અનિષ્ટ અર્થ પ્રતીત થવાની પણ સંભાવના રહે છે. માટે અનિષ્ટ અર્થની પ્રતીતિને વારવા સૂત્રમાં વા પદ મૂક્યું છે.

**શંકા :-** તમે કહો છો તેવો અનિષ્ટ અર્થ કોઈને પ્રતીત ન થાય. કેમકે જો नृ શબ્દના સમાનસ્વરના દીર્ઘ આદેશનો નિષેધ જ કરવો હોય તો તેને માટે આ સૂત્ર કોઈ જુદું ન બનાવે, પણ પૂર્વસૂત્રના 'अतिसृचतसृष्रः' અંશની અંદર જ नृ શબ્દનો પણ સમાવેશ કરી દે. જેથી तिसृ આદિ શબ્દોના સમાનસ્વરના દીર્ઘ આદેશના નિષેધ ભેગો नृ શબ્દના સમાનસ્વરના દીર્ઘ આદેશનો પણ નિષેધ થઈ જાય. છતાં અમે તેમ ન કરતા આ સૂત્ર વા પદ રહિત 'नुः' આમ જુદું બનાવવાનું કહીએ છીએ, તેથી नृ શબ્દના સમાનસ્વરની વિકલ્પે દીર્ઘ આદેશ થવાની વાત જ પ્રતીત થશે. તેથી સૂત્રમાં વા પદ નિરર્થક છે.

**સમાધાન :-** બરાબર છે. પરંતુ સૂત્રમાં વા પદ ન મૂકીએ તો 'પૂર્વસૂત્ર કરતા આ સૂત્રની પૃથગ્ રચના નિયમ માટે છે' આવો અર્થ કોઈ કરી બેસે. અર્થાત્ 'नाम् પર છતાં પૂર્વસૂત્રથી જે तिसृ આદિ નામો સિવાયના અન્ય કોઈપણ નામના સમાનસ્વરનો દીર્ઘ આદેશ થવાની પ્રાપ્તિ હતી તે પૈકીના ऋ કારાન્ત નામોમાં માત્ર नृ શબ્દના જ સમાનસ્વરનો દીર્ઘ આદેશ થાય છે.' આવો પૂર્વસૂત્ર કરતા પૃથગ્ રચાયેલા આ સૂત્ર દ્વારા કોઈ નિયમ (અર્થસંકોચ) કરી બેસે. આવો નિયમ કોઈ ન કરે તે માટે આ સૂત્રમાં વા પદ મૂકવું જરૂરી છે.

**શંકા :-** આવો નિયમ કોઈ ન કરે. કેમકે નિયમ કરવાથી ऋ કારાન્ત નામોમાં नृ શબ્દ સિવાયના અન્ય ऋ કારાન્ત નામોના સમાનસ્વરના દીર્ઘ આદેશનો જે નિષેધ થાય તેમાં ऋ કારાન્ત तिसृ-चतसृ નામોના સમાનસ્વરના દીર્ઘ આદેશનો પણ ભેગો નિષેધ થઈ જાય અને તેથી 'दीर्घो नाम्य० १.४.४७' આ પૂર્વસૂત્રમાં 'अतिसृचतसृष्रः' પદ મૂકી तिसृ-चतसृ નામોના સમાનસ્વરના દીર્ઘ આદેશનો પ્રતિષેધ કરવાનો ન રહે. છતાં પ્રતિષેધ કર્યો છે તેથી જણાય છે કે વા પદ રહિત આ સૂત્રથી નિયમ નથી કરવો પણ नृ શબ્દના સમાન સ્વરના દીર્ઘ આદેશનો વિકલ્પ કરવો છે. તેથી સૂત્રમાં વા પદ નિરર્થક છે.

**સમાધાન :-** ''વા પદ રહિત કેવળ 'नुः' આવું જ સૂત્ર બનાવવું જોઈએ. કેમકે **(a)** नृ શબ્દમાં વિહિત દીર્ઘવિધિમાં જો નિષેધ ઈષ્ટ હોત તો પૂર્વસૂત્રમાં 'अतिसृचतसृष्रः' ની સાથે नृ શબ્દનું પણ ગ્રહણ કરી લેત.

પૃથક્ સૂત્રરચનાનું ગૌરવ ન કરત અને **(b)** જો પૃથક્ સૂત્રરચના દ્વારા ऋ કારાન્ત નામોનું નિયમન કરવાનું હોત તો પૂર્વસૂત્રમાં 'अतिसृचतसृषूः' સ્થળે तिसृ-चतसृ નામનો નિષેધ ન કરવો પડત. તેથી સમજી શકાય છે કે નિષેધ અને નિયમન અર્થ ઉચિત ન હોવાથી તે બે અર્થનું ગ્રહણ ન થાય. પરંતુ પૃથક્ સૂત્રરચના નિરર્થક ન થાય તે માટે વિકલ્પ કરવો જરૂરી છે. આ રીતે 'પૂર્વસૂત્રનિર્દિષ્ટ દીર્ઘવિધિ નિત્ય અને વા પદરહિત આ સૂત્રનિર્દિષ્ટ દીર્ઘવિધિ વિકલ્પિત છે' આ અર્થ જણાય જ છે. તો સૂત્રમાં વા પદનું ગ્રહણ શા માટે ?'' આ તમારો પ્રશ્ન યુક્ત છે. પરંતુ ***'द्विर्बद्धं सुबद्धं भवति'*** આવો ન્યાય હોવાથી પૂર્વસૂત્રથી એકવાર સમાનસ્વરની નિત્ય દીર્ઘવિધિનું વિધાન કર્યા બાદ વા પદરહિત આ સૂત્રથી પુનઃ नृ શબ્દના સમાનસ્વરની નિત્ય દીર્ઘવિધિનું વિધાન થઈ શકે છે. તો આ રીતે પુનઃ નિત્ય દીર્ઘવિધિનું વિધાન ન થતા વિકલ્પે વિધાન થાય તે માટે આ સૂત્રમાં અમે વા પદ મૂક્યું છે.

**(2)** <u>દૃષ્ટાંત</u> -

**(i) नृणाम् – * नृ + आम्, * 'ह्रस्वापश्च १.४.३२' → नृ + नाम्, * 'नुर्वा १.४.४८' → नृ + नाम्, * 'रषृवर्णा० २.३.६३' → नृणाम्।**

**(ii) नृणाम् – * नृ + आम्, * 'ह्रस्वापश्च १.४.३२' → नृ + नाम्, * 'रषृवर्णा० २.३.६३' → नृणाम्।**

नृणामतिक्रान्तानाम् = अतिनृणाम् અને अतिनृणाम् પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી ।।૪૮।।

## शसोऽता सश्च नः पुंसि ।। १.४.४९।।

**बृ.वृ.–शसः सम्बन्धिनोऽकारेण सह समानस्य[1] प्रधानस्थान्यासन्नो दीर्घो भवति, तत्सन्नियोगे च पुल्लिङ्गविषये शसः सकारस्य नकारो भवति। श्रमणान्[2], मुनीन्, साधून्, वातप्रमीन्, हूहून्, पितॄन् ; पुंल्लिङ्गाभावे तु दीर्घत्वमेव- शालाः, बुद्धीः, नदीः, धेनूः, वधूः, मातॄः। 'चञ्चा[3]: खरकुटीः यष्टीः पुरुषान् पश्य' इत्यत्र चञ्चादयः शब्दाः पुरुषे वर्तमाना अपि स्त्रीलिङ्गत्वं नोज्झन्तीति नकारो न भवति, यदा तु शब्दस्य पुंल्लिङ्गत्वं तदा वस्तुनः स्त्रीत्वे नपुंसकत्वे वा नकारो भवत्येव–दारान् भ्रकुंसान् स्त्रीः पश्य, षण्ढान् पण्डकान् पश्य। दीर्घ[4]सन्नियोगविज्ञानादिह नो न भवति–एतान् गाः पश्य। समान[5]स्येत्येव ? रायः नावः पश्य। 'वना[6]नि पश्य' इत्यत्र परत्वाच्छिरेव ।।४९।।**

---

**सूत्रार्थ :-** शस् (द्वि.બ.વ.) પ્રત્યય સંબંધી अ ની સાથે પૂર્વના સમાનસ્વરનો પ્રધાન સ્થાનીને આસન્ન દીર્ઘ આદેશ થાય છે અને તે દીર્ઘ આદેશના યોગમાં પુંલિંગના વિષયમાં शस् પ્રત્યયના स् નો न् આદેશ થાય છે.

**વિવરણ :- (1) શંકા :-** આ સૂત્રમાં शस् પ્રત્યયનો अ અને પૂર્વનો સમાનસ્વર બન્ને સ્થાનિઓનો (આદેશીઓનો) મળીને દીર્ઘ આદેશ કરવાનો છે. તો श्रमणान्, मुनीन् વિગેરે દૃષ્ટાંતોમાં शस् ના अ સ્થાનીનો દીર્ઘ આદેશ ન કરતા સમાનસ્વર રૂપ સ્થાનીનો ૬ દીર્ઘ આદેશ કેમ કરવામાં આવે છે ?

**સમાધાન :-** આ સૂત્રમાં સ્થાનીનું નિદર્શક પૂર્વસૂત્રાનુવૃત્ત ષષ્ઠ્યન્ત સમાનસ્ય પદ પ્રધાન છે. કેમકે ''આ સૂત્રથી દીર્ઘ આદેશ કોણો કરવો ?'' આ પ્રશ્ન કરાતા પ્રત્યુત્તર મળે છે કે ''સમાનસ્વરનો કરવો.'' તેમજ બીજા સ્થાનીનું નિદર્શક સૂત્રવૃત્તિ તૃતીયાન્ત अता પદ ગૌણ છે. કેમકે ''કોની સાથે દીર્ઘ આદેશ કરવો ?'' આ પ્રશ્ન કરાતા પ્રત્યુત્તર મળે છે કે ''शस् ના अ ની સાથે કરવો.'' હવે ***'प्रधानानुयायिनो व्यवहारा भवन्ति'*** ન્યાયાનુસારે કોઈપણ વ્યવહારો (કાર્યો) પ્રધાનાનુસારે થાય છે. તેથી આ સૂત્રથી દીર્ઘ આદેશ ભલે બન્ને સ્થાનીઓનો મળીને થાય, છતાં તે દીર્ઘ આદેશ પ્રધાન સમાનસ્ય પદવાચ્ય સમાનસ્વરનો ૬ થશે.

**(2) દૃષ્ટાંત -**

| | **(i) श्रमणान्** | **(ii) मुनीन्** | **(iii) साधून्** |
|---|---|---|---|
| | श्रमण + शस् | मुनि + शस् | साधु + शस् |
| * 'शसोऽता० १.४.४९' → | श्रमणान्। | मुनीन्। | साधून्। |
| | **(iv) वातप्रमीन्** | **(v) हूहून्** | **(vi) पितॄन्** |
| | वातप्रमी + शस् | हूहू + शस् | पितृ + शस् |
| * 'शसोऽता० १.४.४९' → | वातप्रमीन्। | हूहून्। | पितॄन्। |

આ સર્વસ્થળે श्रमण વિગેરે નામોના સમાનસ્વરનો शस् પ્રત્યયના अ ની સાથે દીર્ઘ આદેશ થયો છે, અને श्रमण વિગેરે નામો પુંલિંગ હોવાથી शस् પ્રત્યયના स् નો न् આદેશ થયો છે.

'वातात् प्रमः० (उणा. ७१३)' સૂત્રથી वातं प्रमिमते વિગ્રહાનુસારે નિષ્પન્ન થયેલો वातप्रमी શબ્દ પોતાના 'शमी વૃક્ષ, पक्षी, मृग' વિગેરે અર્થો પૈકીના 'मृग' અર્થમાં પુંલિંગ ગણાય છે અને તેનું દૃષ્ટાંત ઉપર દર્શાવ્યું છે. પણ જૈનેન્દ્ર વ્યાકરણકાર ***'દેવનંદી'*** ના મતે 'मृगार्थक' वातप्रमी શબ્દ પણ સ્ત્રીલિંગ ગણાય છે, તેથી તેમના મતે वातप्रमीः પ્રયોગ થશે.

| | **(vii) शालाः** | **(viii) बुद्धीः** | **(ix) नदीः** |
|---|---|---|---|
| | शाला + शस् | बुद्धि + शस् | नदी + शस् |
| * 'शसोऽता० १.४.४९' → | शालास् | बुद्धीस् | नदीस् |
| * 'सो रुः २.१.७२' → | शालार् | बुद्धीर् | नदीर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | शालाः। | बुद्धीः। | नदीः। |

| | (x) धेनूः | (xi) वधूः | (xii) मातृः |
|---|---|---|---|
| | धेनु + शस् | वधू + शस् | मातृ + शस् |
| * 'शसोऽता० १.४.४९' → | धेनूस् | वधूस् | मातृस् |
| * 'सो रुः २.१.७२' → | धेनूर् | वधूर् | मातृर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | धेनूः। | वधूः। | मातृः। |

આ સર્વસ્થળે શાલા વિગેરે નામોના સમાનસ્વરનો શસ્ ના અ ની સાથે દીર્ઘ આદેશ થયો છે અને શાલા વિગેરે નામો પુંલિંગ ન હોવાથી શસ્ ના સ્ નો ન્ આદેશ ન થયો.

**(3)** આ સૂત્રમાં પુંલિંગના વિષયમાં શસ્ પ્રત્યયના સ્ નો ન્ આદેશ કરવાનું જે કહ્યું છે ત્યાં પુંલિંગ (પુંસ્ત્વ) વ્યાકરણકારોમાં પ્રસિદ્ધ લિંગ રૂપ ગ્રહણ કરવું, લૌકિક નહીં. આશય એ છે કે લોકમાં પ્રજનનયોનિથી અર્થાત્ સ્ત્રી, પુરૂષ અને નપુંસકના યોનિ, મેહનાદિ ચિહ્ન પરથી જણાતાં સ્ત્રીત્વ, પુરૂષત્વ અને નપુંસકત્વ રૂપ ધર્મને લિંગ રૂપે સ્વીકારવામાં આવે છે(A). જ્યારે વ્યાકરણકારોમાં જે શબ્દની સાથે अयम् વિશેષણ જોડી શકાય ત્યાં પુંસ્ત્વ અને જે શબ્દોની સાથે इदम् અને इयम् વિશેષણ જોડી શકાય ત્યાં અનુક્રમે નપુંસકત્વ અને સ્ત્રીત્વાત્મક લિંગ સ્વીકારવામાં આવે છે. તો પ્રસ્તુતમાં આપણે વૈયાકરણ પ્રસિદ્ધ अयम् વિશેષણથી શબ્દમાં અભિવ્યક્ત થતું પુંસ્ત્વાત્મક લિંગ ગ્રહણ કરવાનું છે.

**શંકા :-** પ્રસ્તુતમાં આપણે લૌકિકલિંગનો આશ્રય કરીએ તો શું વાંધો આવે ?

**સમાધાન :-** જો લૌકિકલિંગનો આશ્રય કરીએ તો भ्रकुंसान् स्त्रीः पश्य પ્રયોગ સિદ્ધ ન થઈ શકે. કેમકે અહીં भ्रकुंस શબ્દ સ્ત્રી શબ્દનું વિશેષણ છે અને વિશેષણ હંમેશા વિશેષ્યથી વાચ્ય પદાર્થનું જ વાચક બને. તેથી भ्रकुंस શબ્દ પોતાના વિશેષ્ય સ્ત્રી શબ્દથી વાચ્ય યોનિથી અભિવ્યક્ત થતા સ્ત્રીત્વધર્મવાળા 'સ્ત્રી' પદાર્થનો વાચક બનવાથી તે સ્ત્રીલિંગ ગણાય. તેથી તેને લાગેલા શસ્ પ્રત્યયના સ્ નો પુંલિંગના વિષયમાં પ્રાપ્ત થતો ન્ આદેશ ન થઈ શકવાથી भ्रकुंसाः स्त्रीः पश्य આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે.

---

(A) બીજી રીતે કહીએ તો વ્યક્તિઓમાં રહેલા પુષ્ટસ્તન, લાંબા કેશ આદિ પરથી અભિવ્યક્ત થતો સ્ત્રીત્વ ધર્મ, શરીર પર દેખાતા રોમ પરથી અભિવ્યક્ત થતો પુરૂષત્વ ધર્મ અને બન્ને વસ્તુઓનો અભાવ હોવા સાથે સ્ત્રી-પુરૂષની કાંઈક સામ્યતાને લઈને અભિવ્યક્ત થતો નપુંસકત્વ ધર્મ લોકમાં લિંગ રૂપે સ્વીકારાય છે. આવા લૌકિકલિંગને લઈને શબ્દનો સ્ત્રીલિંગ, પુંલિંગાદિ રૂપે વ્યવહાર કરવા જઈએ તો જે શબ્દ પુરૂષપદાર્થનો વાચક બનશે તે જ પુંલિંગ ગણાશે અને જે શબ્દો સ્ત્રી અને નપુંસકપદાર્થના વાચક બનશે તેઓ જ અનુક્રમે સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ ગણાશે અને જે શબ્દો કાષ્ઠાદિ જડપદાર્થોના વાચક બનશે તેમને કયા લિંગી ગણવા એ પ્રશ્ન રહેશે. આ અંગે વિશેષ જાણવા સૂત્ર '૧.૧.૨૯' નો બૃ.ન્યાસ તેમજ વાક્યપદીય તૃતીયકાણ્ડમાં લિંગસમુદ્દેશ દ્રષ્ટવ્ય છે.
'स्तनकेशवती स्त्री स्याद्, रोमशः पुरुषः स्मृतः। उभयोरन्तरं यच्च तदभावे नपुंसकम्।।'

**શંકા :-** ભ્રકુંસ શબ્દ 'સ્ત્રીવેશધારી નટ પુરૂષ' નો વાચક છે. 'નટડી એવી સ્ત્રી'નો નહીં. તેથી ભ્રકુંસ શબ્દને પુરુષ શબ્દના વિશેષણ રૂપે દર્શાવી શકાય, પણ સ્ત્રી શબ્દના વિશેષણ રૂપે નહીં. તેથી ભ્રકુંસાન્ સ્ત્રીઃ પશ્ય આ સ્ત્રી પદવિશેષ્યક પ્રયોગ જ અયુક્ત હોવાથી ભ્રકુંસાન્ પ્રયોગ ને બદલે ભ્રકુંસાઃ પ્રયોગ થવાની આપત્તિની શું ચર્ચા કરવી ?

**સમાધાન :-** અરે ભાઈ, ભ્રકુંસ શબ્દ 'પુરૂષવેશધારી નટડી સ્ત્રી'નો પણ વાચક બને છે. માટે ભ્રકુંસાન્ સ્ત્રીઃ પશ્ય આમ સ્ત્રી પદવિશેષ્યક પ્રયોગ યુક્ત ગણાવાથી ભ્રકુંસાઃ પ્રયોગ થવાની આપત્તિ ઊભી જ રહેશે. તેમજ ષણ્ઢાન્ પશ્ય, પણ્ડકાન્ પશ્ય પ્રયોગસ્થળે ષણ્ઢ અને પણ્ડક શબ્દો તેવા પ્રકારના ચિહ્નથી અભિવ્યક્ત થતા નપુંસકત્વધર્મ-વાળા નપુંસકપદાર્થના વાચક બનવાથી નપુંસક ગણાય અને વૃક્ષાન્ પશ્ય પ્રયોગસ્થળે વૃક્ષ શબ્દ કોઈપણ પ્રકારે લૌકિકલિંગનો આશ્રય ન બનતા અપ્રાણિ[A] વૃક્ષપદાર્થનો વાચક બનતો હોવાથી ત્યાં કોઈપણ લિંગનો અન્વય ન થાય. આથી આ સર્વસ્થળે શસ્ પ્રત્યય લાગતા તેના સ્ નો પુંલિંગના વિષયમાં પ્રાપ્ત ન્ આદેશ ન થઈ શકવાથી ષણ્ઢાન્, પણ્ડકાન્ અને વૃક્ષાન્ પ્રયોગો સિદ્ધ ન થવાની આપત્તિ આવે. તેમજ ચચ્ચાઃ પુરુષાન્ પશ્ય પ્રયોગસ્થળે ચચ્ચા ઇવ ચચ્ચા આમ ઇવ પદ દ્યોત્ય ઉપમાનભાવને પામેલો ચચ્ચા શબ્દ અભેદ ઉપચાર[B] દ્વારા પુરુષ શબ્દનું વિશેષણ બન્યો છે, તેથી તે મેહન દ્વારા અભિવ્યક્ત થતા પુરૂષત્વધર્મવિશિષ્ટ પુરૂષ પદાર્થનો વાચક બનતો હોવાથી પુંલિંગ ગણાય. તેથી તેને લાગેલા શસ્ પ્રત્યયના સ્ નો પુંલિંગના વિષયમાં થતો ન્ આદેશ પ્રાપ્ત હોવાથી ચચ્ચાન્ પુરુષાન્ પશ્ય આવો અનિષ્ટપ્રયોગ થવાની આપત્તિ આવે. માટે લૌકિકલિંગનો આશ્રય ન કરાય.

**શંકા :-** ભલે તમે લૌકિકને બદલે વ્યાકરણકારોમાં પ્રસિદ્ધ પુંલિંગ (પુંસ્ત્વ)નું આ સૂત્રમાં ગ્રહણ કરો. છતાં ચચ્ચાઃ પુરુષાન્, ખરકુટીઃ પુરુષાન્ અને યષ્ટીઃ પુરુષાન્ પશ્ય પ્રયોગસ્થળે ચચ્ચા આદિ શબ્દો ચચ્ચા ઇવ ચચ્ચા, ખરકુટી ઇવ ખરકુટીઃ અને યષ્ટી ઇવ યષ્ટીઃ આમ ઇવ પદવાચ્ય સાદશ્યને લઈને અભેદ ઉપચાર દ્વારા પુંલિંગ પુરુષ શબ્દના વિશેષણ બને છે અને વિશેષણને પોતાના વિશેષ્યાનુસારે લિંગનો અન્વય થતો હોવાથી ચચ્ચા આદિ શબ્દોને પુંલિંગ (પુંસ્ત્વ)નો અન્વય થશે. તેથી આ સૂત્રમાં વૈયાકરણપ્રસિદ્ધ લિંગનો આશ્રય કરવા છતાં પણ પુંલિંગ ચચ્ચા આદિ શબ્દોને લાગેલા શસ્ પ્રત્યયના સ્ નો પુંલિંગના વિષયમાં ન્ આદેશ થવાની પ્રાપ્તિ વર્તતા ચચ્ચાઃ પુરુષાન્ આદિ પ્રયોગો શી રીતે સિદ્ધ કરશો ?

**સમાધાન :-** તમારી વાત સાચી છે કે વિશેષણને પોતાના વિશેષ્યાનુસારે લિંગનો અન્વય થાય. છતાં ચચ્ચા, ખરકુટી આદિ કેટલાક શબ્દોમાં સ્વાભાવિક રીતે જ તેવા પ્રકારની શક્તિ હોય છે કે તેઓ પુરુષ આદિ અન્ય

---

(A) આયુરુચ્છ્વાસબલેન્દ્રિયાણિ પ્રાણાઃ, તે યેષાં સન્તિ તે પ્રાણિનઃ, તે ચેહ 'પ્રાણ્યૌષધિવૃક્ષેભ્યોઽવયવે ચ ૬.૨.૩૧' ઇતિ પ્રાણિ-ગ્રહણાનન્તરં વૃક્ષૌષધિગ્રહણાદ્ દ્વીન્દ્રિયાદયસ્ત્રસા ઉચ્યન્તે। (૨.૪.૩૮ ન્યાસ)

(B) અભેદ ઉપચારાર્થે સૂત્ર '૧.૪.૨૯' પાના નં.૧૦૭ ટિપ્પણી જોવી.

શબ્દોના વિશેષણ બનવા છતાં પોતાના મૂળ સ્ત્રીલિંગનો ત્યાગ કરતા નથી. અર્થાત્ चञ्चा આદિ શબ્દો આવિષ્ટલિંગી (નિત્યસ્ત્રીલિંગ) છે. આમ ઉપરોક્ત चञ्चाः पुरुषान् વિગેરે પ્રયોગસ્થળે चञ्चा આદિ શબ્દોને પોતાના વિશેષ્ય પુરુષ શબ્દાનુસારે પુંલિંગ (પુંસ્ત્વ)નો અન્વય ન થતા તેમને લાગેલા शस् પ્રત્યયના स् નો પુંલિંગના વિષયમાં પ્રાપ્ત न् આદેશ ન થઈ શકવાથી चञ्चाः पुरुषान् વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકશે. આ વાત બૃ.વૃત્તિમાં 'अत्र चञ्चादयः शब्दाः पुरुषे वर्तमाना अपि स्त्रीलिङ्गत्वं नोज्झन्तीति नकारो न भवति' પંક્તિ દ્વારા દર્શાવી છે.

વળી આ વાત પણ ધ્યાનમાં રાખવી કે જ્યારે શબ્દ પુંલિંગ હોય ત્યારે તેનાથી વાચ્યપદાર્થ સ્ત્રી હોય કે નપુંસક હોય તો પણ વ્યાકરણકારો લૌકિકલિંગનું ગ્રહણ કરતા ન હોવાથી વાચ્યપદાર્થ તરફ નજર ન કરતા માત્ર શબ્દ પુંલિંગ છે કે નહીં ? આ વાતને નજરમાં રાખી શબ્દને લાગેલા शस् પ્રત્યયના स् નો આ સૂત્રથી न् આદેશ કરવાનો છે. તેથી दारान्, भ्रकुंसान् स्त्रीः पश्य, षण्ढान् पश्य અને पण्डकान् पश्य પ્રયોગસ્થળે दार અને भ्रकुंस શબ્દો સ્ત્રી પદાર્થના વાચક અને षण्ढ અને पण्डक શબ્દો નપુંસક પદાર્થના વાચક હોવા છતાં તે શબ્દો પુંલિંગ હોવાથી તેમને લાગેલા शस् પ્રત્યયના स् નો આ સૂત્રથી પુંલિંગના વિષયમાં થતો न् આદેશ થઈ શકે છે. ઉપરોક્ત दार આદિ શબ્દો પુંલિંગ એટલા માટે ગણાય છે કેમકે તેમની સાથે अयम् સર્વનામના इमान् (દ્વિ.બહુ.) પદનું વિશેષણ રૂપે જોડાણ કરી इमान् दारान् पश्य વિગેરે પ્રયોગો કરી શકાય છે. આ જ વાત બૃ.વૃત્તિમાં 'यदा तु शब्दस्य...षण्ढान् पण्डकान् पश्य' પંક્તિમાં બતાવી છે.

**(4) શંકા :-** एतान् गाः पश्य સ્થળે 'आ अम् शसोऽता १.४.७५' સૂત્રથી गो શબ્દના ओ નો शस् પ્રત્યયના अ ની સાથે आ આદેશ થાય છે. તેથી गास् અવસ્થામાં ભલે આ સૂત્રથી शस् પ્રત્યયના अ ની સાથે પૂર્વનો સમાનસ્વર દીર્ઘ ન થાય, છતાં પુંલિંગમાં વર્તતા गास् गत शस् ના स् નો આ સૂત્રથી न् આદેશ તો કરો ?

**સમાધાન :-** ***'सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः'*** ન્યાયના કારણે જે સૂત્રમાં એક સાથે બે કાર્યો કરવાના કહ્યાં હોય અને તેમાંનું જો એક કાર્ય ન થાય તો તત્સહકથિત બીજું કાર્ય પણ ન થઈ શકે. આ સૂત્રથી शस् પ્રત્યયના अ ની સાથે પૂર્વના સમાનસ્વરનું દીર્ઘત્વ અને પુંલિંગના વિષયમાં शस् ના स् નો न् આદેશ એમ બે કાર્યો કરવાના છે. પૂર્વોક્ત गास् અવસ્થામાં આ સૂત્રથી દીર્ઘ આદેશ નથી થઈ શકતો. તેથી ઉપરોક્ત ન્યાયાનુસારે તત્સહકથિત गास् गत शस् ના स् નો न् આદેશ પણ આ સૂત્રથી ન થઈ શકે. તેથી गास् અવસ્થામાં स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થવાથી गाः પ્રયોગ થાય છે.

**(5)** આ સૂત્રથી शस् પ્રત્યયના अ ની સાથે પૂર્વના સમાનસ્વરનો જ દીર્ઘ આદેશ થાય એવું કેમ ?

**(a) रायः – * रै + शस्, * 'एदैतो० १.२.२३' → राय् + शस् = रायस्, * 'सो रुः २.१.७२' → रायर्, * 'रः पदान्ते० १.३.५३' → रायः।**

અહીં रै શબ્દનો ऐ સમાનસ્વર ન હોવાથી આ સૂત્રથી शस् પ્રત્યયના अ ની સાથે તેનો દીર્ઘ આદેશ ન થયો.

**(6) શંકા :-** નપુંસકલિંગ વન શબ્દને શસ્ પ્રત્યય લાગતા આ સૂત્રથી શસ્ પ્રત્યયના અ ની સાથે વન શબ્દના સમાનસ્વર અ નો દીર્ઘ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** વન + શસ્ અવસ્થામાં એકસાથે બે સૂત્રોની પ્રવૃત્તિ પ્રાપ્ત છે; એક આ સૂત્ર અને બીજું 'નપુંસકસ્ય શિ: ૧.૪.૫૫' સૂત્ર. આ બન્ને સ્પર્ધા[A] સૂત્રો પૈકી 'સ્પર્ધે ૭.૪.૧૧૯' પરિભાષાનુસારે પર 'નપુંસકસ્ય શિ: ૧.૪.૫૫' સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે થતા વન શબ્દસંબંધી શસ્ પ્રત્યયનો શિ આદેશ થાય છે. તેથી વન + શિ અવસ્થામાં શસ્ પ્રત્યય ન વિદ્યમાન ન રહેવાથી અમે આ સૂત્રથી વન શબ્દના સમાનસ્વર અ નો દીર્ઘ આદેશ નથી કરતા. તેથી 'સ્વરાચ્છૌ ૧.૪.૬૫' થી → વનન્ + શિ અને 'નિ દીર્ઘ: ૧.૪.૮૫' થી → વનાન્ + શિ = વનાનિ પ્રયોગ થાય છે ।।૪૯।।

## संख्या-साय-वेरह्नस्याहन् ङौ वा ।। १.४.५०।।

**बृ.वृ.-संख्यावाचिभ्यः सायशब्दाद् विशब्दाच्च परस्याह्नशब्दस्य ङौ परे 'अहन्' इत्ययमादेशो वा भवति। द्वयोरह्नोर्भव इति विगृह्य "भवे" (६.३.१२३) इत्यण् विषये "सर्वांशसंख्या०" (७.३.११८) इत्यादिनाऽट् अह्नादेशश्च, ततो "द्विगोरनपत्ये०" (६.१.२४) इत्यादिनाऽणो लुपि द्व्यह्नस्तस्मिन् द्व्यह्नि, द्व्यहनि, द्व्यह्ने ; एवम्-त्र्यह्नि, त्र्यहनि, त्र्यह्ने ; यावदह्नि, यावदहनि, यावदह्ने ; तावदह्नि, तावदहनि, तावदह्ने ; सायमह्नः सायाह्नस्तस्मिन् सायाह्नि, सायाहनि, सायाह्ने। अत एव सूत्रनिर्देशात् सायंशब्दस्य मकारलोपः, सायेत्यकारान्तो वा ; विगतमहो व्यह्नस्तस्मिन् व्यह्नि, व्यहनि, व्यह्ने। संख्यासाय-वेरिति किम्? मध्याह्ने[B]। अह्नस्येति किम्? द्वयोरह्नोः समाहारो द्व्यहस्तस्मिन् द्व्यहे। ङाविति किम्? व्यह्नः ।।५०।।**

---

**सूत्रार्थ :-** સંખ્યાવાચક શબ્દો, સાય શબ્દ અને વિ શબ્દથી પરમાં રહેલા અહ્ન શબ્દનો ઙિ (સ.એ.વ.) પ્રત્યય પર છતાં અહન્ આદેશ વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ संख्या च सायं च विश्चैतेषां समाहारः = संख्यासायवि (समा.द्व.)। तस्मात् = संख्यासायवेः।

**વિવરણ :- (1) શંકા :-** સમાહારદ્વન્દ્વસમાસ હંમેશા નપુંસકલિંગ એકવચનમાં વર્તે છે. તેથી આ સૂત્રમાં ગ્રંથકારશ્રીએ संख्यासायविनः આમ નપુંસકલિંગ પંચમી એકવચનાન્ત પ્રયોગ કરવો જોઈએ. છતાં તેમણે संख्यासायवेः આમ પુંલિંગ પંચમી એકવચનાન્ત પ્રયોગ જે કર્યો છે તે માત્રાલાઘવ કરવા સૌત્રનિર્દેશ કર્યો છે. 'વૌષ્ટૌતૌ૦ ૧.૨.૧૭' સૂત્રમાં પણ ગ્રંથકારશ્રીએ આ પ્રમાણે જ સૌત્રનિર્દેશ કર્યો છે.

---

(A) બન્ને સૂત્રો સ્પર્ધ એટલા માટે છે કે વન + શસ્ આ વિવાદના સ્થળ સિવાય शालाः पश्य પ્રયોગસ્થળે આ સૂત્ર સાવકાશ (સફળ) છે અને यकृन्ति પ્રયોગસ્થળે 'નપુંસકસ્ય શિ: ૧.૪.૫૫' સૂત્ર સાવકાશ છે. જો આ સૂત્ર કોઈ પ્રયોગસ્થળે સાવકાશ ન બનત તો ***'निरवकाशं सावकाशात्'*** ન્યાયાનુસારે આ સૂત્રની પૂર્વે પ્રવૃત્તિ થાત.

(B) કેટલાક પુસ્તકોમાં 'मध्याह्नि' પાઠ છે. પરંતુ તે યોગ્ય જણાતો નથી. જુઓ મ.વૃત્તિ.

**(2) શંકા :-** અહન્ શબ્દનો ષષ્ઠી એકવચનમાં અહ્નઃ પ્રયોગ થાય છે. તો સૂત્રકારશ્રીએ સૂત્રમાં 'અહ્નસ્ય' પ્રયોગ શી રીતે કર્યો ?

**સમાધાન -** તમારી વાત સાચી છે. પરંતુ આ સૂત્રમાં સૂત્રકારશ્રીએ દ્વ્યહ્ન વિગેરે શબ્દોના એકદેશભૂત અહ્ન અંશનું અનુકરણ કર્યું છે. અનુકરણ અનુકાર્યના સ્વરૂપનો બોધક હોવાથી અર્થવત્ ગણાય. તેથી 'અધાતુવિભક્તિ૦ ૧.૧.૨૭' સૂત્રથી અહ્ન અનુકરણને નામસંજ્ઞા પ્રાપ્ત થાય. માટે પ્રસ્તુતમાં સૂત્રકારશ્રીએ અ કારાન્ત અહ્ન નામને ષષ્ઠી એકવચનનો ઙસ્ પ્રત્યય લગાડી 'અહ્નસ્ય' પ્રયોગ કર્યો છે.

**(3) <u>દૃષ્ટાંત</u> -** પૂર્વે નીચે મુજબ સાધનિકા કરી દ્વ્યહ્ન, સાયાહ્ન અને વ્યહ્ન શબ્દોની નિષ્પત્તિ કરવી.

**દ્વ્યહ્ન – * 'સંખ્યાસમાહારે૦ ૩.૧.૯૯' → દ્વયોઃ અહ્નો સમાહારઃ = દ્વ્યહન્, * 'ભવે ૬.૩.૧૨૩' → દ્વ્યહન્ + અણ્, * 'સર્વાંશસંખ્યા૦ ૭.૩.૧૧૮' → દ્વ્યહ્ન + અ + અણ્, * 'અવર્ણેવર્ણસ્ય ૭.૪.૬૮' → દ્વ્યહ્ન + અ + અણ્, * 'દ્વિગોરનપત્યે૦ ૬.૧.૨૪' → દ્વ્યહ્ન + અ = દ્વ્યહ્ન।**

**સાયાહ્ન, વ્યહ્ન – * 'સાયાહ્નાદયઃ ૩.૧.૫૩' → અહ્નઃ સાયમ્ = સાયાહન્ અને * 'પ્રાત્યવપરિ૦ ૩.૧.૪૭' થી → વિગતમહઃ = વ્યહન્, શેષ સાધનિકા ઉપર દ્વ્યહ્ન મુજબ કરવાથી સાયાહ્ન અને વ્યહ્ન થશે. માત્ર એટલું વિશેષ કે સાયાહ્ન શબ્દમાં સાયમ્ + અહન્ આમ પૂર્વપદરૂપે સાયમ્ શબ્દ છે. તેથી સાયમહ્ન શબ્દ બનવો જોઈએ. છતાં આ સૂત્રમાં 'સંખ્યા-સાય' આમ સાય નિર્દેશ હોવાથી તેના બળે સાયમ્ ના મ્ નો લોપ થવાથી સાયાહ્ન શબ્દ બને છે. અથવા તો સાયાહ્ન શબ્દમાં સાય શબ્દ જ વપરાયો છે તેમ સમજવું.**

| | (i) દ્વ્યહ્નિ | (ii) સાયાહ્નિ | (iii) વ્યહ્નિ |
|---|---|---|---|
| | દ્વ્યહ્ન + ઙિ | સાયાહ્ન + ઙિ | વ્યહ્ન + ઙિ |
| * 'સંખ્યાસાયવે૦ ૧.૪.૫૦' → | દ્વ્યહન્ + ઙિ | સાયાહન્ + ઙિ | વ્યહન્ + ઙિ |
| * 'ઈડો વા ૨.૧.૧૦૧' → | દ્વ્યહ્ન્ + ઙિ | સાયાહ્ન્ + ઙિ | વ્યહ્ન્ + ઙિ |
| | = દ્વ્યહ્નિ। | = સાયાહ્નિ। | = વ્યહ્નિ। |
| | (iv) દ્વ્યહનિ | (v) સાયાહનિ | (vi) વ્યહનિ |
| | દ્વ્યહ્ન + ઙિ | સાયાહ્ન + ઙિ | વ્યહ્ન + ઙિ |
| * 'સંખ્યાસાયવે ૧.૪.૫૦' → | દ્વ્યહન્ + ઙિ | સાયાહન્ + ઙિ | વ્યહન્ + ઙિ |
| | = દ્વ્યહનિ। | = સાયાહનિ। | = વ્યહનિ। |
| | (vii) દ્વ્યહ્ને | (viii) સાયાહ્ને | (ix) વ્યહ્ને |
| | દ્વ્યહ્ન + ઙિ | સાયાહ્ન + ઙિ | વ્યહ્ન + ઙિ |
| * 'અવર્ણસ્યેવર્ણા૦ ૧.૨.૬' → | = દ્વ્યહ્ને। | = સાયાહ્ને। | = વ્યહ્ને। |

ઉપરોક્ત દૃષ્ટાંતો પૈકીના પહેલા ત્રણ અને બીજા ત્રણ દૃષ્ટાંતોમાં આ સૂત્રથી અહ્ન નો વિકલ્પે થતો અહન્ આદેશ થયો છે. પણ પહેલા ત્રણ દૃષ્ટાંતોમાં 'ईदौ वा० २.१.१०९' સૂત્રથી વિકલ્પે પ્રાપ્ત અહન્ ગત અન્ ના અ નો લોપ થયો છે અને બીજા ત્રણમાં નહીં. ત્રીજા ત્રણ દૃષ્ટાંતોમાં તો આ સૂત્રથી અહ્ન નો અહન્ આદેશ જ થયો નથી. આમ એક જ શબ્દના ત્રણ પ્રકારે પ્રયોગ થાય છે.

ત્र्यह्न વિગેરે શેષ પ્રયોગોની સાધનિકા દ્વ્યહ્ન આદિ પ્રયોગો પ્રમાણે કરી લેવી. માત્ર એટલું વિશેષ કે यावदह्न અને तावदह्न શબ્દોમાં 'भवे ६.३.१२३' સૂત્રથી अण् પ્રત્યય નથી થયો, પણ 'दोरीयः ६.३.३२' સૂત્રથી ईय પ્રત્યય અને ईय પ્રત્યયના વિષયમાં अट् સમાસાન્ત થયો છે.

અહીં આ વાત ધ્યાનમાં લેવી કે દ્વ્યહ્ન શબ્દમાં અહન્ શબ્દ કાળવાચી નામ છે. તેથી તેને 'भवे ६.३.१२३' સૂત્રપ્રાપ્ત अण् પ્રત્યયના બદલે 'वर्षाकालेभ्यः ६.३.८०' સૂત્રથી તેના અપવાદભૂત इकण् પ્રત્યય લાગવો જોઈએ. પણ 'वर्षाकालेभ्यः ६.३.८०' સૂત્રમાં 'काल' આમ સાક્ષાત્ નામ ગ્રહણ કરી કાળવાચી નામોને इकण् પ્રત્યયનું વિધાન કર્યું હોવાથી ***'ग्रहणवता नाम्ना न तदन्तविधिः***[A]' ન્યાયથી દ્વ્યહન્ દ્વિગુસમાસના અંત્ય અવયવ કાળવાચી અહન્ ને इकण् પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી તેને ઔત્સર્ગિક अण् પ્રત્યય લગાડવામાં આવે છે. શાકટાયનવ્યાકરણકાર ***'पाल्यकीर्ति'*** દ્વ્યહન્ શબ્દગત અહન્ ને 'वर्षाकालेभ्यः ६.३.८०' સૂત્રથી इकण् પ્રત્યય અને તેના વિષયમાં अट् સમાસાન્ત ઇચ્છે છે. ***'लघुन्यासकारश्री'*** લઘુન્યાસની 'स्वमते तु' પંક્તિમાં 'ગ્રંથકારના મતે દ્વ્યહ્ન શબ્દ કાળવાચી ન હોવાથી 'वर्षाकालेभ्यः ६.३.८०' સૂત્રથી તેને इकण् પ્રત્યય અને તેના વિષયમાં अट् સમાસાન્ત નથી થતો' એ જણાવે છે.

**(4)** આ સૂત્રથી સંખ્યાવાચી, साय અને वि શબ્દોથી જ પરમાં રહેલા અહ્ન નો અહન્ આદેશ થાય એવું કેમ ?

**(a) मध्याह्ने – * मध्याह्न + ङि, * 'अवर्णस्ये० १.२.६' → मध्याह्ने।**

અહીં मध्य શબ્દથી પરમાં અહ્ન શબ્દ છે. તેથી તેનો આ સૂત્રથી અહન્ આદેશ ન થયો. मध्याह्न શબ્દની નિષ્પત્તિ सायाह्न શબ્દ પ્રમાણે કરવી.

**(5)** આ સૂત્રથી સંખ્યાવાચી આદિ શબ્દોથી પરમાં રહેલા અહ્ન નો જ અહન્ આદેશ થાય એવું કેમ ?

**(a) द्व्यहे – * 'संख्या समाहारे० ३.१.९९' → द्वयोः अह्नोः समाहारः = द्व्यहन्, * 'द्विगोरत्रह्नो० ७.३.९९' → द्व्यहन् + अट्, * 'नोऽपदस्य० ७.४.६१' → द्व्यह् + अट् = द्व्यह + ङि, * 'अवर्णस्येवर्ण० १.२.६' थी → द्व्यहे।**

(A) સૂત્રમાં સાક્ષાત્ નામ ગ્રહણ કરી જે કાર્યનું વિધાન કર્યું હોય તે કાર્ય સમાસાદિના અંત્ય અવયવ બનેલા તે નામને નથી થતું.

અહીં સંખ્યાવાચી દ્વિ શબ્દથી પરમાં અહ્ન શબ્દ નથી, પણ અહ શબ્દ છે. માટે આ સૂત્રથી તેનો અહન્ આદેશ ન થયો.

**(6)** આ સૂત્રથી ङि પ્રત્યય ર પરમાં વર્તતા સંખ્યાવાચી આદિ શબ્દોથી પરમાં રહેલા અહ્ન નો અહન્ આદેશ થાય એવું કેમ ?

**(a) व्यह्नः – * व्यह्न + सि, * 'सो रुः २.१.७२' → व्यह्नर्, * 'रः पदान्ते० १.३.५३' → व्यह्नः।**

અહીં વિ + અહ્ન થી પરમાં ङि પ્રત્યય નથી. તેથી અહ્ન નો અહન્ આદેશ ન થયો ।।૫૦।।

## निय आम् ।। १.४.५१।।

**बृ.वृ.–[1]नियः परस्य ङेः स्थाने 'आम्' इत्ययमादेशो भवति। [2]नियाम्, ग्रामण्याम् ।।५१।।**

---

**સૂત્રાર્થ :-** नी નામથી પરમાં રહેલા ङि (સ.એ.વ.) પ્રત્યયના સ્થાને आम् આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** આ સૂત્રમાં नियः પદને પંચમ્યન્ત ગણી પૂર્વસૂત્રથી ङि પ્રત્યયની અનુવૃત્તિ લઈ 'नी શબ્દથી પરમાં રહેલા ङि પ્રત્યયનો आम् આદેશ થાય છે' આમ સૂત્રનો અર્થ કર્યો છે. પરંતુ સૂત્રસ્થ नियः પદને ષષ્ઠ્યન્ત ગણી ङि પ્રત્યયની અનુવૃત્તિ લીધા વિના 'नी શબ્દનો आम् આદેશ થાય છે' આવો સૂત્રનો અર્થ કેમ નથી કર્યો ?

**સમાધાન :-** હંમેશા લોકમાં જે શબ્દપ્રયોગ થતા હોય તેમાં પ્રકૃતિ-પ્રત્યયનો મેળ પાડી વ્યાકરણશાસ્ત્ર તેમનું અન્વાખ્યાન (પાછળથી) પુનઃ કથન કરતું હોય છે. પ્રસ્તુતમાં સૂત્રસ્થ नियः શબ્દને ષષ્ઠ્યન્ત ગણી તમારા કહેવા મુજબનો સૂત્રાર્થ કરવા જઈએ તો લોકમાં आम् આવો કોઈ પ્રયોગ થતો ન હોવાથી સૂત્રાર્થ સંગત ન થાય. જ્યારે લોકમાં नी શબ્દથી પરમાં ङि પ્રત્યયનો आम् આદેશ થયો હોય તેવો नियाम् પ્રયોગ જોવા મળે છે. માટે અમે સૂત્રસ્થ नियः પદને પંચમ્યન્ત ગણી ङि પ્રત્યયની અનુવૃત્તિ લેવાપૂર્વક આ સૂત્રનો અર્થ કરીએ છીએ.

આગલા સૂત્રમાં ङि પ્રત્યય સપ્તમ્યન્ત હતો. આ સૂત્રમાં ***'अर्थवशाद्विभक्तिविपरिणामः'*** ન્યાયાનુસારે તેની ષષ્ઠ્યન્ત રૂપે અનુવૃત્તિ લઈ તેને સ્થાની (આદેશી) રૂપે દર્શાવ્યો છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

| **(i) नियाम्** | | | **(ii) ग्रामण्याम्** | | |
|---|---|---|---|---|---|
| | | **नयतीति क्विप् =** | | | **ग्रामं नयतीति क्विप् =** |
| * **'क्विप् ५.१.१४८'** | → | **नी + ङि** | * **'क्विप् ५.१.१४८'** | → | **ग्रामनी + क्विप् (०)** |
| * **'निय आम् १.४.५१'** | → | **नी + आम्** | * **'ग्रामाग्रा० २.३.७१'** | → | **ग्रामणी + ङि** |
| * **'धातोरिवर्णो० २.१.५०'** | → | **निय्+आम्=नियाम्।** | * **'निय आम् १.४.५१'** | → | **ग्रामणी + आम्** |
| | | | * **'क्विब्वृत्ते० २.१.५८'** | → | **ग्रामण्य्+आम्=ग्रामण्याम्।** |

**શંકા :-** ગ્રામણી શબ્દમાં ની નથી પણ णी શબ્દ છે. તો આ સૂત્રથી તેની પરમાં રહેલા ङि પ્રત્યયનો आम् આદેશ કેમ કરો છો ?

**સમાધાન :-** ગ્રામણી શબ્દમાં 'ग्रामाग्रान्नियः २.३.७१' સૂત્રથી न् નો ण् આદેશ થયો છે. ગ્રામણી + ङि અવસ્થામાં આ સૂત્રથી ङि પ્રત્યયનો आम् આદેશ કરવા રૂપ પૂર્વસ્યાદિવિધિ કરવાના અવસરે 'णषमसत्० २.१.६०' સૂત્રથી ण् આદેશ असत् થાય છે. તેથી ङि પ્રત્યય ની થી પરમાં ન મનાવાને કારણે તેનો અમે आम् આદેશ કરીએ છીએ.

**શંકા :-** આ સૂત્રપ્રાપ્ત ની + आम् અવસ્થામાં 'आमो नाम्वा १.४.३१' કે 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી आम् નો नाम् આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** 'आमो नाम्वा १.४.३१' અને 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રો आम् નો नाम् આદેશ કરવા નિત્યસ્ત્રીલિંગ નામોની અપેક્ષા રાખે છે, જ્યારે ની અને ગ્રામણી શબ્દો ત્રણે લિંગમાં વર્તે છે. માટે અમે બન્ને પૈકીના એકેય સૂત્રથી आम् નો नाम् આદેશ નથી કરતા.

**શંકા :-** નપુંસકલિંગ ની અને ગ્રામણી શબ્દોના ई નો 'क्लीबे २.४.९७' સૂત્રથી હ્રસ્વ આદેશ થાય છે. છતાં ***'एकदेशविकृतमनन्यवत्***[A]' ન્યાયથી તે નિ અને ગ્રામણિ શબ્દો ની અને ગ્રામણી જેવા ન મનાય છે. તો નિ + ङि અને ગ્રામણિ + ङि અવસ્થામાં આ સૂત્રથી ङि નો आम् આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** સૂત્રોક્ત नियः પદમાં 'नियः ई = नी' આમ ई નો પ્રશ્લેષ છે. તેથી તેનો અર્થ 'नी ના ई થી પરમાં' આમ થાય છે. નિ + ङि અને ગ્રામણિ + ङि અવસ્થામાં નપુંસકલિંગ નિ અને ગ્રામણિ શબ્દો ***'एकदेश०'*** ન્યાયાનુસારે ભલે ની અને ગ્રામણી શબ્દ જેવા મનાય. છતાં ત્યાં ङि પ્રત્યય ની ના દીર્ઘ ई થી પરમાં નથી પણ નિ ના હ્રસ્વ इ થી પરમાં છે, માટે અમે આ સૂત્રથી ङि નો आम् આદેશ નથી કરતા. તેથી 'अनाम्स्वरे० १.४.६४' થી → निन् + ङि = निनि અને ગ્રામણિન્ + ङि = ગ્રામણિનિ પ્રયોગ થાય છે.

સરસ્વતીકંઠાભરણકાર ***'ભોજ'*** ***'भूतपूर्वकस्तद्वदुपचारः'*** ન્યાયનો આશ્રય લઈ નપુંસકલિંગ નિ અને ગ્રામણિ શબ્દોને હ્રસ્વ આદેશ થયા પૂર્વેની ભૂતપૂર્વ અવસ્થાવાળા દીર્ઘ ई કારાન્ત ની અને ગ્રામણી શબ્દ રૂપ ગણી તેમનાથી પરમાં ङि પ્રત્યયનો आम् આદેશ કરે છે. તેથી તેમના મતે નપુંસકલિંગમાં नियाम् અને ग्रामण्याम् પ્રયોગ થશે ।।૫૧।।

---

(A) બે શબ્દ વચ્ચે કોઈ એકભાગને લઈને વિસદૃશતા હોય તો પણ તે બન્ને શબ્દો જુદા ગણાતા નથી.

## વાऽષ્ટન આઃ[1] સ્યાદૌ ।। ૧.૪.૫૨।।

**બૃ.વૃ.–અષ્ટન્‌શબ્દસ્ય તત્સમ્બન્ધિન્યન્યસમ્બન્ધિનિ વા સ્યાદૌ પરે આકારાન્તાદેશો વા ભવતિ। અષ્ટાભિઃ[2], અષ્ટભિઃ ; અષ્ટાભ્યઃ, અષ્ટભ્યઃ ; અષ્ટાસુ, અષ્ટસુ ; પ્રિયાષ્ટાઃ, પ્રિયાષ્ટા; પ્રિયાષ્ટૌ, પ્રિયાષ્ટાનૌ; પ્રિયાષ્ટાઃ, પ્રિયાષ્ટાનઃ; પ્રિયાષ્ટામ્, પ્રિયાષ્ટાનમ્[A]; પ્રિયાષ્ટૌ, પ્રિયાષ્ટાનૌ ; પ્રિયાષ્ટઃ, પ્રિયાષ્ટ્નઃ; પ્રિયાષ્ટાભિઃ, પ્રિયાષ્ટભિઃ; હે પ્રિયાષ્ટાઃ; હે પ્રિયાષ્ટન્!। અન્યસમ્બન્ધિનોર્જશશસોર્નેચ્છન્ત્યેકે[3], તન્મતે–પ્રિયાષ્ટાનસ્તિષ્ઠન્તિ, પ્રિયાષ્ટ્નઃ પશ્યેત્યેવ ભવતિ। સ્યાન્નાવિતિ કિમ્[4]? અષ્ટકઃ સંઘઃ, અષ્ટતા, અષ્ટત્વમ્, અષ્ટપુષ્પી। કેચિત્[5] તુ સકારભકારાદાવેવ સ્યાદાવિચ્છન્તિ ।।૫૨।।**

---

**સૂત્રાર્થ :-** અષ્ટન્ શબ્દના અંત્ય ન્ નો તેના સંબંધી અથવા અન્યસંબંધી સ્યાદિપ્રત્યય પરમાં વર્તતા વિકલ્પે આ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** આ પાદમાં 'અત આઃ સ્યાદૌ૰ ૧.૪.૧' સૂત્રથી સ્યાદિ નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં સ્યાદિ પદ કેમ મૂક્યું છે ?

**સમાધાન :-** આગલા 'નિય આમ્ ૧.૪.૫૧' સૂત્રથી ઙિ પ્રત્યયની અનુવૃત્તિ આવે છે. આ સૂત્રનિર્દિષ્ટ કાર્ય ઙિ પ્રત્યય અને તે સિવાયના અન્ય સ્યાદિ પ્રત્યયો પરમાં હોય ત્યારે પણ કરવું છે. તેથી પૂર્વસૂત્રથી આવતી ઙિ પ્રત્યયની અનુવૃત્તિને અટકાવવા આ સૂત્રમાં 'સ્યાદિ' પદ મૂક્યું છે.

**શંકા :-** આ સૂત્રમાં સ્યાદિ પદ ન મૂકતા પૂર્વસૂત્રથી ઙિ પ્રત્યયની અનુવૃત્તિ આવી જતી હોય તો આ સૂત્રથી માત્ર ઙિ પ્રત્યય જ પરમાં વર્તતા અષ્ટન્ ના ન્ નો આ આદેશ થવાની પ્રાપ્તિ આવે. તો અહીં પ્રશ્ન થાય કે 'અષ્ટ ઔર્જસ્૰ ૧.૪.૫૨' સૂત્રમાં માત્ર આ સૂત્રથી જ થઈ શકે એવો અષ્ટન્ ના ન્ નો આ આદેશ કરી 'લુગાતો૰ ૨.૧.૧૦૭' સૂત્રથી અષ્ટા ના આ નો લોપ થવાથી નિષ્પન્ન થયેલા ષષ્ઠયન્ત અષ્ટઃ પદનો પ્રયોગ શી રીતે કર્યો છે ? તેથી 'અષ્ટ ઔર્જસ્૰ ૧.૪.૫૨' સૂત્રગત અષ્ટઃ જ્ઞાપકના આધારે જ ખબર પડી જાય કે 'ચોક્કસ 'નિય આમ્ ૧.૪.૫૧' સૂત્રથી આ સૂત્રમાં ઙિ પ્રત્યયની અનુવૃત્તિ નહીં આવતી હોય. જેથી આ પાદમાં ચાલતા સ્યાદિના અધિકારને લઈને આ સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ થવાથી અષ્ટઃ પ્રયોગ કર્યો હશે.' તો આ રીતે 'અષ્ટ ઔર્જસ્૰ ૧.૪.૫૨' સૂત્રગત અષ્ટઃ જ્ઞાપકના આધારે જો આ સૂત્રમાં ઙિ પ્રત્યયની અનુવૃત્તિ વારી શકાતી હોય તો શા માટે આ સૂત્રમાં સ્યાદિ પદ મૂકવું પડે ?

---

(A) કેટલાક પુસ્તકોમાં પ્રિયાષ્ટાનામ્ પાઠ છે. પણ તે અયુક્ત છે. જુઓ 'બૃ.વૃત્તિ + આનંદબોધિની, બૃ.વૃત્તિ + લઘુન્યાસસહિત પ્રત.'

**સમાધાન :-** તમારી વાત સાચી છે. છતાં સૂત્રમાં સ્યાદિ પદ અન્યકાર ***'વિશ્રાન્તવિદ્યાધર'*** ના મતના સંગ્રહને માટે સૂચક[A] રૂપે મૂક્યું છે. ***'વિશ્રાન્તવિદ્યાધર'*** નો મત આગળ આ સૂત્રના વિવરણમાં બતાવ્યો છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

| | (i) अष्टाभिः | (ii) अष्टाभ्यः | (iii) अष्टासु |
|---|---|---|---|
| | अष्टन् + भिस् | अष्टन् + भ्यस् | अष्टन् + सु |
| * 'वाष्टन आः० १.४.५२' → | अष्ट + आ + भिस् | अष्ट + आ + भ्यस् | अष्ट + आ + सु |
| * 'समानानां० १.२.१' → | अष्टा + भिस् | अष्टा + भ्यस् | अष्टा + सु |
| * 'सो रुः २.१.७२' → | अष्टाभिर् | अष्टाभ्यर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | अष्टाभिः | अष्टाभ्यः | ↓ |
| | = अष्टाभिः। | = अष्टाभ्यः। | = अष्टसु। |

| | (iv) अष्टभिः | (v) अष्टभ्यः | (vi) अष्टसु |
|---|---|---|---|
| | अष्टन् + भिस् | अष्टन् + भ्यस् | अष्टन् + सु |
| * 'नाम्नो नो० २.१.९१' → | अष्ट + भिस् | अष्ट + भ्यस् | अष्ट + सु |
| * 'सो रुः २.१.७२' → | अष्टभिर् | अष्टभ्यर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | अष्टभिः | अष्टभ्यः | ↓ |
| | = अष्टभिः। | = अष्टभ्यः। | = अष्टसु। |

| (vii) प्रियाष्टाः | (viii) प्रियाष्टा |
|---|---|
| प्रियाः अष्टौ यस्य स = प्रियाष्टन् + सि | प्रियाः अष्टौ यस्य स = प्रियाष्टन् + सि |
| * 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + सि | * 'नि दीर्घः १.४.८५' → प्रियाष्टान् + सि |
| * 'समानानां० १.२.१' → प्रियाष्टा + सि | * 'दीर्घङ्याब्० १.४.४५' → प्रियाष्टान् |
| * 'सो रुः २.१.७२' → प्रियाष्टार् | * 'नाम्नो नो० २.१.९१' → प्रियाष्टा। |
| * 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्टाः। | |

(A) સૂત્રગત સ્યાદૌ પદ બહુવચનની જેમ સૂચક રૂપે મતાન્તરના સંગ્રહને માટે નિવિષ્ટ હોય તો બરાબર છે. બાકી સ્યાદૌ પદને લઈને આ સૂત્રનો આગળ (3) ક્રમાંકમાં બતાવેલા મતાન્તરને અનુરૂપ અર્થ કરવાનો હોય તો તે શી રીતે કરવો ? તેને માટે કુશાગ્રવ્યક્તિ પ્રયત્ન કરે.

### (ix) प्रियाष्टौ

प्रियाः अष्टौ ययोस्तौ = प्रियाष्टन् + औ

* 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + औ
* 'समानानां० १.२.१' → प्रियाष्टा + औ
* 'एदौत् सन्ध्य० १.२.१२' → प्रियाष्टौ।

### (x) प्रियाष्टानौ

प्रियाः अष्टौ ययोस्तौ = प्रियाष्टन् + औ

* 'नि दीर्घः १.४.८५' → प्रियाष्टान् + औ = प्रियाष्टानौ।

### (xi) प्रियाष्टाः

प्रियाः अष्टौ येषां ते = प्रियाष्टन् + जस्

* 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + जस्
* 'समानानां० १.२.१' → प्रियाष्टा + जस्
* 'सो रुः २.१.७२' → प्रियाष्टार्
* 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्टाः।

### (xii) प्रियाष्टानः

प्रियाः अष्टौ येषां ते = प्रियाष्टन् + जस्

* 'नि दीर्घः १.४.८५' → प्रियाष्टान् + जस्
* 'सो रुः २.१.७२' → प्रियाष्टानर्
* 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्टानः।

### (xiii) प्रियाष्टाम् (xiv) प्रियाष्टानम् - प्रियाः अष्टौ यस्य स = प्रियाष्टाः, तम् =

प्रियाष्टन् + अम्

* 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + अम्
* 'समानानां० १.२.१' → प्रियाष्टा + अम्
* 'समानानां० १.२.१' → प्रियाष्टाम्।

प्रियाष्टन् + अम्

* 'नि दीर्घः १.४.८५' → प्रियाष्टान् + अम् = प्रियाष्टानम्।

### (xv) प्रियाष्टः (xvi) प्रियाष्ट्नः - प्रियाः अष्ट येषां ते = प्रियाष्टाः, तान् =

प्रियाष्टन् + शस्

* 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + शस्
* 'समानानां० १.२.१' → प्रियाष्टा + शस्
* 'लुगातोऽनापः २.१.१०७' → प्रियाष्ट् + शस्
* 'सो रुः २.१.७२' → प्रियाष्टर्
* 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्टः।

प्रियाष्टन् + शस्

* 'अनोऽस्य २.१.१०८' → प्रियाष्ट्न् + शस्
* 'सो रुः २.१.७२' → प्रियाष्ट्नर्
* 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्ट्नः।

(xvii) हे प्रियाष्टाः! (xviii) हे प्रियाष्टन्! – प्रियाः अष्ट यस्य स = प्रियाष्टाः, तत् सम्बुद्धौ =

| | |
|---|---|
| प्रियाष्टन् + सि | |
| * 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + सि | * 'दीर्घङ्याब्० १.४.४५' → प्रियाष्टन् |
| * 'समानानां० १.२.१' → प्रियाष्टा + सि | हे प्रियाष्टन्!। |
| * 'सो रुः २.१.७२' → प्रियाष्टार् | |
| * 'रः पदान्ते० १.३.५३' → हे प्रियाष्टाः!। | |

(3) *'विश्रान्तविद्याधर'* અને *'उत्पल'* अष्टन् શબ્દસંબંધી *न* जस्-शस् પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિને ઇચ્છે છે. તેથી તેમના મતે प्रियाष्टन् શબ્દને લાગેલા जस्-शस् પ્રત્યયો અન્યસંબંધી ગણાતા ત્યાં આ સૂત્રથી अष्टन् ના न् નો आ આદેશ નહીં થાય. તેથી માત્ર प्रियाष्टानः तिष्ठन्ति અને प्रियाष्ट्नः पश्य આમ એક એક પ્રયોગ *न* થશે. સાધનિકા ઉપર જોઈ લેવી.

(4) આ સૂત્રથી સ્યાદિ પ્રત્યયો *न* પરમાં વર્તતા अष्टन् ના न् નો आ આદેશ થાય એવું કેમ ?

| (a) अष्टकः संघः | (b) अष्टता |
|---|---|
| अष्टौ मानमस्य = | अष्टानां भावः = |
| * 'संख्यायाः० ६.४.१७१' → अष्टन् + क | * 'भावे त्व० ७.१.५५' → अष्टन् + ता |
| * 'नामसिद० १.१.२१' → पदसंज्ञा | * 'नामसिद० १.१.२१' → पदसंज्ञा |
| * 'नाम्नो नो० २.१.९१' → अष्ट+क | * 'नाम्नो नो० २.१.९१' → अष्ट+ता=अष्टता+सि |
| * 'सो रुः २.१.७२' → अष्टकर् | * 'दीर्घङ्याब्०१.४.४५' → अष्टता। |
| * 'रः पदान्ते० १.३.५३' → अष्टकः। | |

(c) अष्टत्वम्

अष्टानां भावः =

* 'भावे त्व० ७.१.५५' → अष्टन् + त्व
* 'नामसिद० १.१.२१' → पदसंज्ञा
* 'नाम्नो नो० २.१.९१' → अष्ट+त्व=अष्टत्व+सि
* 'अतः स्यमो० १.४.५७' → अष्टत्व + अम्
* 'समानादमो० १.४.४६' → अष्टत्व + म्

= अष्टत्वम्।

**(d) अष्टपुष्पी – * 'संख्या समाहारे० ३.१.९९' → अष्टानां पुष्पाणां समाहारः = अष्टन् + आम् पुष्प + आम्, * 'ऐकार्थ्ये ३.२.८' → अष्टन् + पुष्प, * 'ऐकार्थ्ये ३.२.८'** થી લુપ્ત અન્તર્વર્તી વિભક્તિના સ્થાનિવદ્ભાવની[A] અપેક્ષાએ અષ્ટન્ ને પદસંજ્ઞા, *** 'नाम्नो नो० २.१.९१' → अष्ट + पुष्प = अष्टपुष्प, * 'द्विगोः समा० २.४.२२' → अष्टपुष्प + ङी, * 'अस्य ङ्यां० २.४.८६' → अष्टपुष्प् + ङी, = अष्टपुष्पी + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → अष्टपुष्पी।**

. આ સર્વસ્થળે અષ્ટન્ નામથી પરમાં ક, તા (તલ્) અને ત્વ પ્રત્યય તેમજ પુષ્પ શબ્દ છે, પણ સ્યાદિ પ્રત્યયો નથી. માટે આ સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ ન થયો.

**શંકા :-** અષ્ટન્ + ક અવસ્થામાં એકસાથે બે કાર્યો પ્રાપ્ત છે. એક 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી અષ્ટન્ ના ન્ નું લોપકાર્ય અને બીજું 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રથી અષ્ટન્ + ક ને સિ પ્રત્યય લાગવા રૂપ કાર્ય. આ બન્ને કાર્યો પૈકી ન્ ના લોપકાર્ય કરતા સિ પ્રત્યયના વિધાનનું કાર્ય અલ્પનિમિત્તક હોવાથી અંતરંગ ગણાય. તેથી ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયથી સિ પ્રત્યય પૂર્વે થતાં અષ્ટન્ + ક + સિ અવસ્થામાં સ્યાદિ સિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ થવાની પ્રાપ્તિ છે. માટે તમે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી અષ્ટન્ ના ન્ નો લોપ નહીં કરી શકો.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. છતાં ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયના બાધક ***'अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग् बाधते (व्या. परि. पा.१२८)'*** ન્યાયાનુસારે પ્રસ્તુતમાં સિ પ્રત્યયના વિધાન રૂપ અંતરંગ કાર્યનો બહિરંગ એવું ન્ ના લોપ રૂપ કાર્ય બાધ કરશે. તેથી અષ્ટન્ + ક અવસ્થામાં પૂર્વે ન્ નો લોપ થશે, પછી સ્યાદિ સિ પ્રત્યયનું વિધાન થશે. માટે આ સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ થવાની વાત જ ઊભી નહીં રહે.

**(5)** ***'विश्रान्तविद्याधर, पाणिनि, देवनंदी'*** આદિ કેટલાક વ્યાકરણકારો સ કાર ભ કારાદિ સ્યાદિપ્રત્યયો પરમાં વર્તતા જ આ સૂત્રની પ્રવૃત્તિને ઇચ્છે છે. તેઓ તેમના 'अष्टन आ विभक्तौ (पा.सू. ७.२.८४)' સૂત્રમાં પૂર્વસૂત્રથી હલિ (= વ્યઞ્જને) પદની અનુવૃત્તિ લે છે. તેથી વ્યંજનાદિ સ્યાદિવિભક્તિ પરમાં વર્તતા જ તેમના મતે અષ્ટન્ ના ન્ નો આ આદેશ થાય છે ।।૫૨।।

---

(A) અહીં ''અષ્ટન્ + પુષ્પ અવસ્થામાં અંતર્વર્તી સ્યાદિ વિભક્તિના સ્થાનિવદ્ભાવની અપેક્ષાએ આ સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ કેમ નથી કરતા ?'' આવી શંકા ન કરવી. કેમકે 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી લુપ્ થયેલી અંતર્વર્તી વિભક્તિને આશ્રયીને આ સૂત્રથી અષ્ટન્ ના ન્ નો આ આદેશ કરવાના પ્રસંગે 'लुप्यव्वृल्० ७.४.११२' સૂત્રથી તે અંતર્વર્તી વિભક્તિના સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે, માટે અમે અષ્ટન્ ના ન્ નો આ આદેશ નથી કરતા. હવે જ્યારે કોઈ સમુદાયાશ્રિત કાર્ય કરવું હોય ત્યારે 'लुप्यव्वृल्० ७.४.११२' સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ નથી થતો. તેથી સમસ્ત અષ્ટન્ શબ્દ સમુદાયને પદસંજ્ઞા કરવાના પ્રસંગે लुप्यव्वृल्० ७.४.११२' સૂત્રથી અંતર્વર્તી સ્યાદિવિભક્તિના સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થવાથી અષ્ટન્ ને પદસંજ્ઞા થશે. જુઓ लुप्यव्वृल्० ७.४.११२' સૂત્રની બૃ.વૃત્તિ 'लुपीति सप्तमीनिर्देशात् पूर्वस्य यत्कार्यं प्राप्तं तन्निषिध्यते। समुदायस्य तु भवत्येव।'

## (1) अष्ट और्जस्–शसोः ।। १.४.५३।।

**बृ.वृ.-अष्ट इति कृतात्वस्याष्टन्शब्दस्य निर्देशः, अष्टाशब्दसम्बन्धिनोर्जस्शसोः स्थाने औकारादेशो भवति। (2)अष्टौ तिष्ठन्ति, अष्टौ पश्य, परमाष्टौ, अनष्टौ। (3)कृतात्वस्य निर्देशादिह न भवति–अष्ट तिष्ठन्ति, अष्ट पश्य, परमाष्ट, अनष्ट। (4)तत्सम्बन्धिविज्ञानादिह न भवति–प्रियाष्टास्तिष्ठन्ति, प्रियाष्टः पश्य। (5)अतत्सम्बन्धिनोरपीच्छन्त्येके–प्रियाष्टौ तिष्ठन्ति, प्रियाष्टौ पश्य। (6)केचित् तु–अष्टावाचक्षत इति णिचि क्विपि 'अष्टौ तिष्ठन्ति, अष्टौ पश्य' इतीच्छन्ति, तदप्यष्ट इति तन्त्रेण संगृहीतम् ।।५३।।**

---

**सूत्रार्थ :-** જેના અંત્ય ન્ નો આ આદેશ કર્યો છે તેવા અષ્ટન્ (અર્થાત્ અષ્ટા) નામસંબંધી જસ્ અને શસ્ પ્રત્યયોના સ્થાને औ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ जस् च शस् च = जस्शसौ (इ.द्व.)। तयोः = जस्शसोः।

<u>विवरण :-</u> **(1) शंका :-** સંખ્યાવાચી अष्टन् શબ્દના પ્રયોગો બહુવચનમાં ८ થાય છે. તો સૂત્રમાં ષષ્ઠી એકવચનાન્ત अष्टः પ્રયોગ શી રીતે કર્યો ?

**समाधान :-** તમારી વાત સાચી છે. પરંતુ સૂત્રગત अष्टः પ્રયોગસ્થળે સપ્તમી બહુવચનાન્ત अष्टासु પ્રયોગના એકદેશભૂત अष्टन्अંશનું અનુકરણ કર્યું છે. અનુકરણ અનુકાર્યના સ્વરૂપનો બોધક હોવાથી અનુકરણભૂત अष्टन् શબ્દ સંખ્યાવાચક રૂપે ન વર્તતા अष्टासु પ્રયોગના એકદેશભૂત અનુકાર્ય अष्टन् શબ્દાંશના વાચક રૂપે વર્તે છે. તેથી તેનો પ્રયોગ એકવચનમાં થઈ શકવાના કારણે સૂત્રમાં अष्टः આમ ષષ્ઠી એકવચનાન્ત પ્રયોગ કર્યો છે. अष्टः પ્રયોગની સાધનિકા - * अष्टन् + ङस्, * 'वाष्टन० १.४.५२' → अष्टा + ङस्, * 'लुगातो० २.१.११७' → अष्ट् + ङस् = अष्टस्, * 'सो रुः २.१.७२' → अष्टर्, * 'रः पदान्ते० १.३.५३' → अष्टः।

**(2) <u>दृष्टांत</u> -**

| **(i) अष्टौ तिष्ठन्ति** | | **(ii) अष्टौ पश्य** | |
|---|---|---|---|
| | अष्टन् + जस् | | अष्टन् + शस् |
| * 'वाष्टन आः० १.४.५२' | → अष्ट + आ + जस् | * 'वाष्टन आः० १.४.५२' | → अष्ट + आ + शस् |
| * 'समानानां० १.२.१' | → अष्टा + जस् | * 'समानानां० १.२.१' | → अष्टा + शस् |
| * 'अष्ट और्जस्०१.४.५३' | → अष्टा + औ | * 'अष्ट और्जस्०१.४.५३' | → अष्टा + औ |
| * 'ऐदौत् सन्ध्य०१.२.१२' | → अष्टौ तिष्ठन्ति। | * 'लुगातोऽनापः २.१.१०७' | → अष्ट् + औ = अष्टौ पश्य। |

| (iii) परमाष्टौ | | (iv) अनष्टौ | |
|---|---|---|---|
| | परमाश्च ते अष्ट च = | | न अष्टन् = |
| * 'सन्महत्० ३.१.१०७' | → परमाष्टन् + जस् | * 'नञ् ३.१.५१' | → न + अष्टन् |
| * 'वाष्टन आः० १.४.५२' | → परमाष्ट + आ + जस् | * 'अन् स्वरे ३.२.१२९' | → अनष्टन् + शस् |
| * 'समानानां० १.२.१' | → परमाष्टा + जस् | * 'वाष्टन आः० १.४.५२' | → अनष्ट + आ + शस् |
| * 'अष्ट और्जस्०१.४.५३' | → परमाष्टा + औ | * 'समानानां० १.२.१' | → अनष्टा + शस् |
| * 'ऐदौत् सन्ध्य०१.२.१२' | → परमाष्टौ। | * 'अष्ट और्जस्०१.४.५३' | → अनष्टा + औ |
| | | * 'लुगातोऽनापः २.१.१०७' | → अनष्ट् + औ |
| | | | = अनष्टौ। |

અહીં યાદ રાખવું કે આ સૂત્રમાં અષ્ટન્ નામસંબંધી જસ્-શસ્ પ્રત્યયોના औ આદેશનું વિધાન કર્યું છે, परमाष्टन् નામ સંબંધી નહીં. છતાં સૂત્રગત 'अष्टः' પદ આ પાદમાં અનુવૃત્ત नाम्नः[A] પદનું વિશેષણ બનવાથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાથી અષ્ટન્ નામ नाम्नः પદવાચ્ય 'નામ' પદાર્થનું અંત્ય અવયવ બને છે અને તેથી આ સૂત્રથી અષ્ટન્ નામ છે અંત્ય અવયવ જેનું એવા परमाष्टन् નામ સંબંધી જસ્-શસ્ પ્રત્યયોના પણ औ આદેશનું વિધાન થાય છે. માટે परमाष्टौ, अनष्टौ સ્થળે આ સૂત્રથી औ આદેશ કર્યો છે.

**(3)** આ સૂત્રમાં 'वाष्टन आः० १.४.५२' સૂત્રથી થતા આ આદેશ પૂર્વકના ષષ્ઠ્યન્ત अष्टः પદનો પ્રયોગ કર્યો છે. તેથી જ્યાં અષ્ટન્ ના न् નો આ આદેશ થતો હોય તેવા સ્થળે ७ આ સૂત્રની પ્રવૃત્તિ થશે, અન્યત્ર નહીં. તેથી 'वाष्टन आः० १.४.५२' સૂત્રથી જ્યારે વિકલ્પપક્ષે અષ્ટન્ ના न् નો આ આદેશ નહીં થાય ત્યારે આ સૂત્રથી તેના સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો औ આદેશ નહીં થાય અને નીચે મુજબ પ્રયોગો થશે.

| | (a) अष्ट तिष्ठन्ति | (b) अष्ट पश्य | (c) परमाष्ट | (d) अनष्ट |
|---|---|---|---|---|
| | अष्टन् + जस् | अष्टन् + शस् | परमाष्टन् + जस् | अनष्टन् + जस् |
| * 'डतिष्णाः० १.४.५४' → | अष्टन् | अष्टन् | परमाष्टन् | अनष्टन् |
| * 'नाम्नो नो०२.१.९१' → | अष्ट तिष्ठन्ति। | अष्ट पश्य। | परमाष्ट। | अनष्ट। |

(A) આ પાદ સ્યાદિપ્રકરણ અંતર્ગત છે. તેથી આ પાદમાં જેમ સ્યાદિનો અધિકાર ચાલે છે તેમ સ્યાદિ પ્રત્યયો પણ કોઈક નામની (પ્રકૃતિ)ની અપેક્ષા રાખતા હોવાથી नामन् શબ્દનો પણ અધિકાર ચાલે છે.

**(4)** આ સૂત્રથી જેના ન્ નો આ આદેશ થયો હોય તેવા અષ્ટન્ નામસંબંધી ૬ જસ્-શસ્ પ્રત્યયનો औ આદેશ થાય છે.

| (a) प्रियाष्टाः तिष्ठन्ति | (b) प्रियाष्टः पश्य |
|---|---|
| प्रिया अष्टौ येषां ते = | प्रिया अष्टौ येषां ते = |
| * 'एकार्थं चाने० ३.१.२२' → प्रियाष्टन् + जस् | * 'एकार्थं चाने० ३.१.२२' → प्रियाष्टन् + शस् |
| * 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + जस् | * 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + शस् |
| * 'समानानां० १.२.१' → प्रियाष्टा + जस् | * 'समानानां० १.२.१' → प्रियाष्टा + शस् |
| * 'समानानां० १.२.१' → प्रियाष्टास् | * 'लुगातोऽनापः २.१.१०७' → प्रियाष्ट्+शस्=प्रियाष्टस् |
| * 'सो रुः २.१.७२' → प्रियाष्टार् | * 'सो रुः २.१.७२' → प्रियाष्टर् |
| * 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्टाः तिष्ठन्ति। | * 'रः पदान्ते० १.३.५३' → प्रियाष्टः पश्य। |

અહીં જસ્-શસ્ પ્રત્યયો જેના ન્ નો આ આદેશ થયો હોય તેવા અષ્ટન્ નામ સંબંધી નથી, પણ પ્રિયાષ્ટન્ નામ સંબંધી છે, માટે આ સૂત્રથી તેમનો औ આદેશ ન થયો. આગળ પરમાષ્ટૌ અને અનષ્ટૌ સ્થળે ઉત્તરપદપ્રધાનસમાસ થયો હોવાથી જસ્-શસ્ પ્રત્યયો પ્રધાન ઉત્તરપદ અષ્ટન્ નામ સંબંધી ગણાતા તેમનો આ સૂત્રથી औ આદેશ થયો છે.

**(5)** *'કાશિકાકાર વામન'* વિગેરે જસ્-શસ્ પ્રત્યયો જેના ન્ નો આ આદેશ થયો હોય તેવા અષ્ટન્ નામ સંબંધી ન હોય તો પણ તેમનો औ આદેશ ઇચ્છે છે.

**(a) प्रियाष्टौ तिष्ठन्ति (b) प्रियाष्टौ पश्य – * 'एकार्थं चाने० ३.१.२२' → प्रिया अष्टौ येषां ते = प्रियाष्टन् + जस्, प्रियाष्टन् + शस्, * 'वाष्टन आः० १.४.५२' → प्रियाष्ट + आ + जस्, प्रियाष्ट + आ + शस्, * 'समानानां तेन० १.२.१' → प्रियाष्टा + जस्, प्रियाष्टा + शस्, * 'अष्ट और्जस्० १.४.५३' → प्रियाष्टा + औ, प्रियाष्टा + औ, * 'ऐदौत्० १.२.१२' → प्रियाष्टौ तिष्ठन्ति, प्रियाष्टौ पश्य।**

આ બન્ને સ્થળે જસ્-શસ્ પ્રત્યયો જેના ન્ નો આ આદેશ થયો છે તેવા પ્રિયાષ્ટન્ નામ સંબંધી છે, અષ્ટન્ નામ સંબંધી નહીં. છતાં [A]કાશિકાકારના મતે અહીં તેમનો औ આદેશ થયો છે.

**(6)** *'શાકટાયન, દેવનન્દી* અને *ચન્દ્ર'* વિગેરે કેટલાક વ્યાકરણકારો णिच्-क्विप् પ્રત્યયાન્ત अष्ट् નામ સંબંધી जस्-शस् પ્રત્યયોનો પણ औ આદેશ ઇચ્છે છે.

---

(A) 'तदन्तविधिश्चात्रेष्यते-प्रिया अष्टौ येषां ते प्रियाष्टानः, प्रियाष्टौ। (पा.सू. ७.२.८४ काशि.) અહીં प्रियाष्टौ પ્રયોગ કર્યો છે. (अष्टन आ विभक्तौ ७.२.८४ इत्यत्र अष्टन इति) एकवचननिर्देशात् स्वरूपस्य ग्रहणं नार्थस्य, तेनोपसर्जनेप्यष्टनि भवति (तत्रत्य प.मं.)'

**(a) अष्टौ तिष्ठन्ति (b) अष्टौ पश्य – * 'णिञ्बहुलं० ३.४.४२' → अष्टन् + णिच्, * 'त्रन्यस्वरादेः ७.४.४३' → अष्ट् + णिच् = अष्टि, * 'क्विप् ५.१.१४८' → अष्टयतीति क्विप् (०) = अष्टि + क्विप्, * 'णेरनिटि ४.३.८३' → अष्ट् + जस् , अष्ट् + शस् , * 'अष्ट और्जस्० १.४.५३' → अष्ट् + औ = अष्टौ, अष्ट् + औ = अष्टौ।**

અહીં ***'शाकटायन'*** આદિના મતે અષ્ટ્ નામને લાગેલા જસ્-શસ્ પ્રત્યયોનો આ સૂત્રથી औ આદેશ થયો. આ સૂત્રગત 'अष्टः' પદ દ્વારા તેમનો મત પણ સંગૃહિત થઈ જાય છે. કેમકે જ્યારે અષ્ટન્ ના ન્ નો આ આદેશ કરી પૃ. ૨૦૩ ઉપર દર્શાવેલી સાધનિકા મુજબ અષ્ટः પ્રયોગ સાધવામાં આવે ત્યારે 'જેના ન્ નો આ આદેશ થયો છે તેવા અષ્ટન્ નામ સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો औ આદેશ થાય છે' આ પ્રમાણે સૂત્રનો અર્થ થવાથી ગ્રંથકારશ્રીનો મત સિદ્ધ થાય છે અને જ્યારે અષ્ટ્ ને ङस् પ્રત્યય લગાડી અષ્ટः પ્રયોગ સાધવામાં આવે ત્યારે 'अष्ट् નામ સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો औ આદેશ થાય છે' આ પ્રમાણે સૂત્રનો અર્થ થવાથી ***'शाकटायनादि'*** નો મત સંગૃહિત થઈ જાય છે ।।૫૩।।

## डति-ष्णः संख्याया लुप् ।। १.४.५४।।

**बृ.वृ.-डति-षकार-नकारान्तायाः संख्यायाः सम्बन्धिनोर्जस्-शसोर्लुप् भवति।[1] कति तिष्ठन्ति, कति पश्य; यति तिष्ठन्ति, यति पश्य ; तति तिष्ठन्ति, तति पश्य ; षट् तिष्ठन्ति, षट् पश्य ; पञ्च तिष्ठन्ति, पञ्च पश्य ; एवम्–सप्त, नव, दश ; परमषट्, परमपञ्च।[2] डति-ष्ण इति किम्? त्रयः, चत्वारः, तावन्तः।[3] शतानि सहस्राणीत्यत्र * सन्निपातलक्षणत्वात् * नान्तस्य न भवति।[4] संख्याया इति किम्? विप्रुषः, राजानः।[5] तत्सम्बन्धिविज्ञानादिह न भवति–प्रियकतयस्तिष्ठन्ति, प्रियकतीन् पश्य ; प्रियषषः ; प्रियषषः ; प्रियपञ्चानः, प्रियपञ्च्नः।[6] केचित् तु डत्यन्तात् कतिशब्दादेवेच्छन्ति ।।५४।।**

---

**सूत्रार्थ :-** डति પ્રત્યયાન્ત નામ અને ष કારાન્ત - ન કારાન્ત સંખ્યાવાચી નામ સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો લોપ (लुप्) થાય છે.

**सूत्रसमास :-** ◆ डतिश्च षश्च नश्च = डतिष्ण् (समा.द्व.), अकारोऽत्र उच्चारणार्थः। तस्य = डतिष्णः।

**विवरण :- (1) दृष्टांत -**

| | | (i) कति तिष्ठन्ति | (ii) कति पश्य |
|---|---|---|---|
| | | किम् | किम् |
| * 'यत्तत्किमः० ७.१.१५०' | → | किम् + डति | किम् + डति |
| * 'डित्यन्त्य० २.१.११४' | → | क्+डति = कति+जस् | क्+डति = कति+जस् |
| * 'डतिष्णः० १.४.५४' | → | कति तिष्ठन्ति। | कति पश्य। |

આ બન્ને સ્થળે તિષ્ઠન્તિ અને પશ્ય અનુપ્રયોગ जस् પ્રત્યયાન્ત અને शस् પ્રત્યયાન્ત પ્રયોગોની અભિવ્યક્ત્યર્થે છે. તેમજ यति तिष्ठन्ति થી લઈને तति पश्य સુધીના પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી.

**(iii) षट् तिष्ठन्ति (iv) षट् पश्य – * षष् + जस्, षष् + शस्, * 'डतिष्णः० १.४.५४' → षष्, षष् * 'धुटस्तृतीयः २.१.७६' → षड्, षड्, * 'अघोषे प्रथमो० १.३.५०' → षट् तिष्ठन्ति, षट् पश्य।**

**(v) पञ्च तिष्ठन्ति (vi) पञ्च पश्य – * पञ्चन् + जस्, पञ्चन् + शस्, * 'डतिष्णः० १.४.५४' → पञ्चन् , पञ्चन् * 'नाम्नो नो० २.१.९१' → पञ्च तिष्ठन्ति, पञ्च पश्य।**

સપ્ત, નવ, દશ પ્રયોગોની સાધનિકા ઉપર દર્શાવેલી પઞ્ચન્ શબ્દની સાધનિકા મુજબ કરવી અને 'सन्महत्० ३.१.१०७' સૂત્રથી કર્મધારયસમાસ પામી નિષ્પન્ન થયેલા પરમાશ્ચ તે षट् च = परमषष् નામ અને પરમાશ્ચ તે પઞ્ચ च = परमपञ्चन् નામ સ્થળે ઉત્તરપદ षष् અને पञ्चन् નું પ્રાધાન્ય હોવાથી તેમને લાગેલા जस्-शस् પ્રત્યયો ष કારાન્ત- न કારાન્ત षष् અને पञ्चन् નામો સંબંધી ગણાવાથી આ સૂત્રથી जस्-शस् પ્રત્યયોનો લોપ થાય છે અને તેથી परमषट् અને परमपञ्च પ્રયોગ સિદ્ધ થાય છે. સાધનિકા षट् तिष्ठन्ति અને पञ्च तिष्ठन्ति પ્રયોગ પ્રમાણે કરવી.

**(2)** આ સૂત્રથી डति પ્રત્યયાન્ત બહુ નામ અને ष्-न् અંતવાળા બહુ સંખ્યાવાચી નામો સંબંધી जस्-शस् પ્રત્યયોનો लुप् થાય એવું કેમ ?

| (a) त्रयः | | त्रि + जस् | (b) चत्वारः | | चतुर् + जस् |
|---|---|---|---|---|---|
| * 'जस्येदोत् १.४.२२' | → | त्रे + जस् | * 'वाःशेषे १.४.८२' | → | चत्वार्+जस् = चत्वारस् |
| * 'एदैतो० १.२.२३' | → | त्रय् + जस् = त्रयस् | * 'सो रुः २.१.७२' | → | चत्वारर् |
| * 'सो रुः २.१.७२' | → | त्रयर् | * 'रः पदान्ते० १.३.५३' | → | चत्वारः। |
| * 'रः पदान्ते० १.३.५३' | → | त्रयः। | | | |

**(c) तावन्तः**

तन्मानमेषाम् =

* 'यत्तदेतदो० ७.१.१४९' → तत् + डावतु
* 'डित्यन्त्य० २.१.११४' → त् + डावतु = तावत् + जस्
* 'ऋदुदितः १.४.७०' → तावन्त् + जस् = तावन्तस्
* 'सो रुः २.१.७२' → तावन्तर्
* 'रः पदान्ते० १.३.५३' → तावन्तः।

અહીં પ્રથમ બે સ્થળે સંખ્યાવાચી ત્રિ અને चतुर् નામો ष्-न् અંતવાળા ન હોવાથી અને ત્રીજા સ્થળે तावत् નામ डति પ્રત્યયાન્ત ન હોવાથી તેમના સંબંધી जस्-शस् પ્રત્યયોનો આ સૂત્રથી લુપ્ ન થયો.

**(3) શંકા :-** સંખ્યાવાચી शत અને सहस्र નામોને લાગેલા जस्-शस् પ્રત્યયોનો 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્રથી शि આદેશ થતા शि પ્રત્યયના નિમિત્તે शत અને सहस्र નામોને 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી न् આગમ થવાના કારણે નિષ્પન્ન शतन् + शि અને सहस्रन् + शि અવસ્થામાં આ સૂત્રથી न કારાન્ત સંખ્યાવાચી शतन् અને सहस्रन् નામોથી પરમાં રહેલા जस्-शस् પ્રત્યયોના આદેશભૂત शि[A] પ્રત્યયનો લોપ કેમ નથી કરતા ?

**સમાધાન :-** शतन् અને सहस्रन् નામોને शि પ્રત્યયના નિમિત્તે न् આગમ થયો છે. તેથી ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य'*** ન્યાયના કારણે તે न् આગમ शत અને सहस्र નામોને न् કારાન્ત બનાવવા દ્વારા પોતાના નિમિત્ત शि પ્રત્યયનો આ સૂત્રથી લોપ ન કરાવી શકે. માટે અમે शि પ્રત્યયનો લોપ નથી કરતા.

**(a) शतानि (b) सहस्राणि – * शत + जस् કે शस्, सहस्र + जस् કે शस्, * 'नपुंसकस्य शिः १.४.५५' → शत + शि, सहस्र + शि, * 'स्वराच्छौ १.४.६५' → शतन् + शि, सहस्रन् + शि, * 'नि दीर्घः १.४.८५' → शतान् + शि = शतानि, सहस्रान् + शि = सहस्रानि, * 'रषृवर्णान्० २.३.६३' → सहस्राणि।**

**(4)** આ સૂત્રથી સંખ્યાવાચી *ન* ष्-न् અંતવાળા નામો સંબંધી जस्-शस् પ્રત્યયોનો લુપ્ થાય એવું કેમ ?

**(a) विप्रुषः (b) राजानः – * विप्रुष् + जस् કે शस्, = विप्रुषस्, राजन् + जस्, * 'नि दीर्घः १.४.८५' → राजान् + जस् = राजानस्, * 'सो रुः २.१.७२' → विप्रुषर्, राजानर, * 'रः पदान्ते० १.३.५३' → विप्रुषः, राजानः।**

---

(A) ***'तदादेशास्तद्वद् भवन्ति'*** ન્યાયથી जस्-शस् ના આદેશભૂત शि પ્રત્યય जस्-शस् પ્રત્યય સદૃશ ગણાવાના કારણે આ સૂત્રથી તેનો લુપ્ થવાની પ્રાપ્તિ છે.

આ બન્ને સ્થળે ષ્-ન્ અંતવાળા અનુક્રમે विप्रुष् અને राजन् નામો સંખ્યાવાચી ન હોવાથી તેમના સંબંધી जस्-शस् પ્રત્યયોનો આ સૂત્રથી लुप् ન થયો.

**(5)** આ સૂત્રથી ડતિ પ્રત્યયાન્ત અને સંખ્યાવાચી ષ્-ન્ અંતવાળા નામો સંબંધી ૭ जस्-शस् પ્રત્યયોનો लुप् થાય છે.

**(a) प्रियकतयः तिष्ठन्ति** **(b) प्रियषषः**

| | प्रिया कति येषां ते = | प्रियाः षड् येषां ते = |
|---|---|---|
| * 'एकार्थं० ३.१.२२' | → प्रियकति + जस् | प्रियषष्+जस्/शस् |
| * 'जस्यदोत् १.४.२२' | → प्रियकते + जस् | ↓ |
| * 'एदैतो० १.२.२३' | → प्रियकतय्+जस् | ↓ |
| * 'सो रुः २.१.७२' | → प्रियकतयर् | प्रियषषर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → प्रियकतयः तिष्ठन्ति। | प्रियषषः। |

**(c) प्रियकतीन् पश्य**

| | प्रियाः कति येषां ते = |
|---|---|
| * 'एकार्थं० ३.१.२२' | → प्रियकति+शस् |
| * 'शसोऽता० १.४.४९' | → प्रियकतीन् पश्य। |

**(d) प्रियपञ्चानः**

| | प्रियाः पञ्च येषां ते = |
|---|---|
| * 'एकार्थं० ३.१.२२' | → प्रियपञ्चन् + जस् |
| * 'नि दीर्घः १.४.८५' | → प्रियपञ्चान् + जस् |
| * 'सो रुः २.१.७२' | → प्रियपञ्चानर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → प्रियपञ्चानः। |

**(e) प्रियपञ्चनः**

| | प्रियाः पञ्च येषां ते = |
|---|---|
| * 'एकार्थं० ३.१.२२' | → प्रियपञ्चन् + शस् |
| * 'अनोऽस्य २.१.१०८' | → प्रियपञ्च् + शस् |
| * 'तवर्गस्य० १.३.६०' | → प्रियपञ्च् + शस् |
| * 'सो रुः २.१.७२' | → प्रियपञ्चर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → प्रियपञ्चः। |

અહીં સર્વત્ર जस्-शस् પ્રત્યયો प्रियकति, प्रियषष् અને प्रियपञ्चन् ગત ડતિ પ્રત્યયાન્ત कति નામ અને ષ્-ન્ અંતવાળા સંખ્યાવાચી षष् અને पञ्चन् નામ સંબંધી નથી, પણ બહુવ્રીહિસમાસ પામેલા प्रियकति વિગેરે નામો સંબંધી છે. માટે તેમનો આ સૂત્રથી लुप् ન થયો.

(6) કાશિકાકાર ***'વામન'*** વિગેરે કેટલાક વૈયાકરણો ડતિ પ્રત્યયાન્ત નામોમાં માત્ર કતિ નામ સંબંધી ૪૪ જસ્-શસ્ પ્રત્યયોનો આ સૂત્રથી લુપ્ ઇચ્છે છે. તેથી તેમના મતે

યતિ તે નાગ! શીર્ષાણિ, તતિ તે નાગ! વેદનાઃ! ન સન્તિ નાગ! શીર્ષાણિ, ન સન્તિ નાગ! વેદનાઃ।।

શ્લોકગત ડતિ પ્રત્યયાન્ત યતિ-તતિ નામો સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો લોપ થવાથી નિષ્પન્ન યતિ-તતિ પ્રયોગો સિદ્ધ નહીં થઈ શકે ।।૫૪।।

## (1) (9) नपुंसकस्य शिः ।। १.४.५५।।

**बृ.वृ.–नपुंसकस्य सम्बन्धिनोर्जस्–शसोः स्थाने (2) शिर्भवति। (3) कुण्डानि तिष्ठन्ति, कुण्डानि पश्य ; एवम्-दधीनि, मधूनि, कर्तॄणि, पयांसि, यशांसि। (4) स्याद्यधिकारादिह न भवति–कुण्डशो ददाति। (5) नपुंसकस्येति किम्? वृक्षाः, वृक्षान्। (6) तत्सम्बन्धिविज्ञानादिह न भवति–प्रियकुण्डाः, प्रियकुण्डान्। (7) इह तु भवति–परमकुण्डानि। (8) शकारः "शौ वा" (४.२.९५) इत्यादौ विशेषणार्थः ।।५५।।**

---

**सूत्रार्थ :-** નપુંસક નામ સંબંધી જસ્ અને શસ્ પ્રત્યયોના સ્થાને શિ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રવર્તી नपुंसकस्य પદગત નપુંસક શબ્દની નિષ્પત્તિ આ રીતે કરવી - *** 'चार्थे द्वन्द्वः० ३.१.११७' → स्त्रीश्च पुमाँश्च = स्त्रीपुंस्, * 'स्त्रियाः पुंसोः० ७.३.७६' → स्त्रीपुंस् + अत् + औ = स्त्रीपुंसौ, * 'नञ् ३.१.५१' → न स्त्रीपुंसौ = नञ् + स्त्रीपुंसौ, * (A)'नखादयः ३.२.१२८' → नञ् ના अ આદેશનો નિષેધ થવાથી न स्त्रीपुंसौ, * 'पृषोदरादयः ३.२.१५५' → नपुंसक।**

**(2)** સૂત્રગત 'शिः' પદ કાર્ય (આદેશ)નું સૂચક પદ છે. આદેશ હંમેશા કાર્યી (આદેશી)ને સાપેક્ષ હોય છે. આ સૂત્રમાં અન્ય કોઈ આદેશી જાણાતા ન હોવાથી પૂર્વસૂત્રાનુવૃત્ત જસ્-શસ્ પ્રત્યયોને ૪૪ સૂત્રમાં આદેશી રૂપે ગ્રહણ કરવામાં આવ્યા છે. માટે બૃ.વૃત્તિમાં 'जस्-शसोः स्थाने शिर्भवति' પંક્તિ દર્શાવી છે.

**(3)** <u>दृष्टांत</u> -

| | (i) कुण्डानि तिष्ठन्ति | (ii) कुण्डानि पश्य |
|---|---|---|
| | कुण्ड + जस् | कुण्ड + शस् |
| * 'नपुंसकस्य शिः१.४.५५' → | कुण्ड + शि | कुण्ड + शि |
| * 'स्वराच्छौ १.४.६५' → | कुण्डन् + शि | कुण्डन् + शि |
| * 'नि दीर्घः १.४.८५' → | कुण्डान् + शि | कुण्डान् + शि |
| | = कुण्डानि तिष्ठन्ति। | = कुण्डानि पश्य। |

---

(A) 'नखादयः ३.२.१२८' સૂત્રમાં નપુંસક શબ્દની નિષ્પત્તિ થોડી જુદી રીતે કરી છે. તે માટે તેની બૃ.વૃત્તિ અને ન્યાસાનુસંધાન દ્રષ્ટવ્ય છે.

દધીનિ, મધૂનિ અને કર્તૃણિ પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી.

| | (iii) પયાંસિ | (iv) યશાંસિ |
|---|---|---|
| | પયસ્ + જસ્ કે શસ્ | યશસ્ + જસ્ કે શસ્ |
| * 'નપુંસકસ્ય શિઃ૧.૪.૫૫' → | પયસ્ + શિ | યશસ્ + શિ |
| * 'ધુટાં પ્રાક્ ૧.૪.૬૬' → | પયન્સ્ + શિ | યશન્સ્ + શિ |
| * 'ન્સ્મહતોઃ ૧.૪.૮૬' → | પયાન્સ્ + શિ | યશાન્સ્ + શિ |
| * 'શિઙ્નુસ્વારઃ ૧.૩.૪૦' → | પયાંસ્ + શિ | યશાંસ્ + શિ |
| | = પયાંસિ। | = યશાંસિ। |

**(4) શંકા :-** કુણ્ડં કુણ્ડં દદાતિ અર્થમાં એકત્વવિશિષ્ટ પદાર્થના વાચક નપુંસકલિંગ કુણ્ડ નામને 'સંખ્યૈકાર્થાદ્૦ ૭.૨.૧૫૧' સૂત્રથી શસ્ પ્રત્યય લાગતા આ સૂત્રથી તેનો શિ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** 'અત આઃ સ્યાદૌ૦ ૧.૪.૧' સૂત્રથી આ પાદમાં ચાલતો સ્યાદિ નો અધિકાર આ સૂત્રમાં પણ આવે છે, તેથી જે જસ્-શસ્ પ્રત્યયો સ્યાદિ સંબંધી હોય તેમનો જ આ સૂત્રથી શિ આદેશ થાય છે, અન્યનો નહીં. કુણ્ડ નામને 'સંખ્યૈકાર્થાદ્૦ ૭.૨.૧૫૧' સૂત્રથી લાગેલો તદ્ધિતનો શસ્ પ્રત્યય સ્યાદિ સંબંધી નથી. માટે અમે આ સૂત્રથી તેનો શિ આદેશ નથી કરતા. તેથી કુણ્ડ + શસ્ = કુણ્ડશસ્ અવસ્થામાં સ્ નો ર્ અને ર્ નો વિસર્ગ આદેશ થવાથી કુણ્ડશઃ (દદાતિ) પ્રયોગ થાય છે.

**શંકા :-** 'સંખ્યૈકાર્થાદ્૦ ૭.૨.૧૫૧' સૂત્રથી સંખ્યાવાચક શબ્દોને અને એક પદાર્થના વાચક શબ્દોને શસ્ પ્રત્યય થાય છે. જાતિવાચક કુણ્ડ શબ્દ 'કુણ્ડત્વ' જાતિના આધારભૂત એક 'કુણ્ડ' પદાર્થનો વાચક નથી બનતો, પણ સકલ 'કુણ્ડ' પદાર્થનો વાચક બને છે. આમ તે અનેક પદાર્થનો વાચક બનવાથી તેને 'સંખ્યૈકાર્થાદ્૦ ૭.૨.૧૫૧' સૂત્રથી શસ્ પ્રત્યય ન થવો જોઈએ. તો તમે બૃ.વૃત્તિમાં કુણ્ડશઃ દદાતિ પ્રયોગ શી રીતે દર્શાવ્યો ?

**સમાધાન :-** કુણ્ડ આદિ જાતિવાચક શબ્દો જાતિના આધારભૂત અનેક પદાર્થના વાચક બને એ વાત સાચી. પણ જ્યારે અર્થ, પ્રકરણાદિ વશે તેઓ વૃત્તિમાં એક પદાર્થના વાચક રૂપે જણાતા હોય ત્યારે તેમને 'સંખ્યૈકાર્થાદ્૦ ૭.૨.૧૫૧' સૂત્રથી શસ્ પ્રત્યય લાગે તેમાં કાંઈ વાંધો નથી *[અહીં પ્રસંગવશ અર્થ, પ્રકરણાદિ વશે શબ્દના અર્થનો નિશ્ચય શી રીતે થતો હોય છે તે જાણી લઈએ -*

*(a) [A] **અર્થ :-** 'स्थाणुं भज भवच्छिदे' અહીં સંસારના છેદ રૂપ અર્થ (= પ્રયોજન)ને લઈને સ્થાણુ શબ્દનો અર્થ 'ઠૂંઠુ' નહીં પણ 'શિવ' કરવામાં આવે છે.*

*(b) **પ્રકરણ :-** 'सैन्धवमानय' સ્થળે યુદ્ધનું પ્રકરણ (સંદર્ભ) હોય તો સૈન્ધવ શબ્દનો 'ઘોડો' અર્થ થાય અને ભોજનનું પ્રકરણ હોય તો 'લવણ' અર્થ થાય છે.*

*(c) **ઔચિત્ય :-** 'यश्च निम्बं परशुना, यश्चैनं मधुसर्पिषा। यश्चैनं गन्धमाल्याभ्यां, सर्वस्य कटुरेव सः।।' શ્લોકમાં ક્યાંય ક્રિયાપદ નથી. છતાં શ્લોકના દરેક ચરણમાં રહેલા परशुना, मधुसर्पिषा, गन्धमाल्याभ्यां અને कटुः કારકપદોને ઉચિત અનુક્રમે छिनत्ति, सिञ्चति, पूजयति અને प्राप्स्यति અર્થ જણાઈ આવે છે.*

*(d) **દેશ :-** 'हरिः अरण्ये, हरिः द्वारकायाम्, हरिः अमरावत्याम्' સ્થળે 'અરણ્ય, દ્વારકા અને અમરાવતી' રૂપ દેશને આશ્રયીને हरि શબ્દના અનુક્રમે 'સિંહ, કૃષ્ણ અને ઈન્દ્ર' અર્થ જણાય છે.*

*(e) **કાળ :-** સ્વામી પોતાના સેવકને 'द्वारम्' કહે તે વખતે શિશિરઋતુ હોય તો 'पिधेहि = બંધ કર' અર્થ જણાય અને ગ્રીષ્મઋતુ હોય તો 'समुद्घाटय = ઉઘાડ' અર્થ જણાય.*

*(f) **વાક્ય :-** 'कटं करोति भीष्ममुदारं रमणीयम्' અહીં કેવળ કટનો करोति ક્રિયાની સાથે અન્વય છે ? કે ભીષ્માદિ ગુણોથી અન્વિત કટનો करोति ક્રિયાની સાથે અન્વય છે ? આ બન્ને પક્ષો પ્રમાણે પૂર્વે દર્શાવેલું વાક્ય તો એકસરખું જ ઉચ્ચારાય, છતાં માત્ર कटनो જ करोति ક્રિયાની સાથે અન્વય ન થઈ શકે. કેમકે નિર્ગુણ 'કટદ્રવ્ય' સંભવી ન શકે અને 'ભીષ્માદિ' ગુણો કોઈ આધાર રૂપ કટાદિ દ્રવ્ય વિના અધ્ધર રહી ન શકે. માટે બન્ને પરસ્પર સાકાંક્ષ હોવાથી તેમના વાચક कटम् અને भीष्मम् આદિ પદો વાક્યથી અર્થાત્ વાક્યીય સંબંધથી એટલે કે વાક્યના ઘટક બે પદોના સમભિવ્યાહાર (સમીપોપસ્થિતિ) રૂપ સંબંધથી સમાનાધિકરણ (એકપદાર્થના વાચક) રૂપે સંભવે છે, માટે ભીષ્માદિ ગુણોથી યુક્ત કટનો જ करोति ક્રિયાની સાથે અન્વય થાય છે.*

*(g) **સંસર્ગ :-** 'सवत्सा धेनुरानीयताम्। सकिशोरा धेनुरानीयताम्। सबर्करा धेनुरानीयताम्' અહીં અનુક્રમે वत्स, किशोर અને बर्कर શબ્દના સંસર્ગથી धेनु શબ્દનો અનુક્રમે 'ગાય, ઘોડી અને બકરી' અર્થ થાય છે.*

*(h) **વિપ્રયોગ :-** 'विशङ्खचक्रो हरिः' સ્થળે શંખ અને ચક્રનો 'વિષ્ણુ' સાથે સંબંધ છે. માટે 'શંખ અને ચક્રથી વિપ્રયુક્ત (છુટાં પડેલા) હરિ' અહીં हरि શબ્દનો અર્થ 'વિષ્ણુ' થશે.*

---

(A) वाक्यात् प्रकरणादर्थादौचित्याद् देशकालतः। शब्दार्थाः प्रविभज्यन्ते न रूपादेव केवलात्।।
संयोगो विप्रयोगश्च साहचर्यं विरोधिता। अर्थः प्रकरणं लिङ्गं शब्दस्यान्यस्य सन्निधिः।।
सामर्थ्यमौचिती देशः कालो व्यक्तिः स्वरादयः। शब्दार्थस्यानवच्छेदे विशेषस्मृतिहेतवः।। (वा.प.का.२, श्लो.३१४-३१६)

*(i)* ***સાહચર્ય :-*** *'रामलक्ष्मणौ' અહીં લક્ષ્મણના સાહચર્યથી 'રામ' તરીકે 'પરશુરામ' નહીં પણ દશરથપુત્ર રામનું ગ્રહણ થાય છે.*

*(j)* ***વિરોધિતા :-*** *'रामार्जुनौ' સ્થળે રામ-અર્જુન શબ્દથી દશરથપુત્ર 'રામ' અને પાંડુપુત્ર 'અર્જુન' નું ગ્રહણ નથી થતું, પણ પરસ્પર વિરોધી (શત્રુ) 'પરશુરામ' અને 'સહસ્રાર્જુન' નું ગ્રહણ થાય છે.*

*(k)* ***અર્થ :-*** *'गोपालकमाह्वय माणवकमध्यापयिष्यति' અહીં अध्यापयिष्यति ક્રિયાપદના 'ભણાવશે' અર્થ (અભિધેય) પરથી જણાય છે કે गोपालक શબ્દનો અર્થ 'ગોવાળ' નહીં પણ 'गोपालक નામનો પંડિત' થાય છે.*

*(l)* ***લિંગ :-*** *'अक्ताः शर्करा उपदधाति' અર્થાત્ 'અંજનથી ચોપડેલી શર્કરાને ઈંટ પર સ્થાપો' અહીં પ્રશ્ન થશે કે શર્કરા ચોપડેલી તો ખરી પણ 'તેલ' રૂપ અંજનથી ચોપડેલી કે 'ઘી' રૂપ અંજનથી ? આનું સમાધાન 'तेजो वै घृतम्' લિંગ (= જ્ઞાપક) થકી મળશે. ત્યાં 'ઘી' ને તેજ રૂપ કહી તેની પ્રશંસા કરી છે. માટે એ લિંગથી જણાશે કે શર્કરા 'ઘી' ના અંજનથી ચોપડેલી જોઈએ.*

*(m)* ***શબ્દાન્તરસંનિધાન :-*** *આમ તો अक्ष શબ્દના 'પાસા, ઈંદ્રિય, બેહડા, ગાડાનો અવયવ' વિગેરે અનેક અર્થ થાય છે. છતાં 'शकटस्य अक्षः' સ્થળે શબ્દાન્તર शकट ના સંનિધાનથી તેનો 'ગાડાનો અવયવ' અર્થ થાય છે.*

*(n)* ***સામર્થ્ય :-*** *'अनुदरा कन्या' અહીં કન્યાને ઉદરના અભાવની અઘટમાનતા રૂપ સામર્થ્યથી સ્થૂલ ઉદરના પ્રતિષેધની પ્રતીતિ થાય છે.*

*(o)* ***વ્યક્તિ (= લિંગ) :-*** *પુંલિંગમાં મિત્ર શબ્દનો અર્થ 'સૂર્ય' થાય અને નપુંસકલિંગમાં 'સખા' થાય.*

*(p)* ***સ્વર :-*** *'इन्द्रशत्रुः' સમાસગત સ્વરને અંત ઉદાત્ત ગણીએ તો ષષ્ઠીતત્પુરૂષસમાસ ગણાવાથી 'ઈન્દ્રનો હણનાર' અર્થ થાય અને આદિ ઉદાત્ત ગણીએ તો 'ઈન્દ્ર છે હણનાર જેનો' અર્થ થાય. આ સ્વર વૈદિક ભાષાનો વિષય છે.*

*(q)* ***પ્રતિભા :-*** *'गतोऽस्तमर्कः' અહીં પ્રતિભાથી ખબર પડી જાય કે પંક્તિનો અર્થ 'કોઈ મૃત્યુ પામ્યો છે' આવો થાય[A].]* ***દા.ત.*** - 'चैत्रः सर्वब्राह्मणेभ्यो मया एकैकं कुण्डं देयमिति नियमम् कृतवान्। अधुना स कुण्डशो ददाति। ' અહીં પ્રકરણથી (આગળની વાતના સંદર્ભથી) ખબર પડી જાય છે કે कुण्डशः વૃત્તિમાં कुण्ड શબ્દ એકપદાર્થનો વાચક છે.

---

(A) स्फुरन्ति वादिखद्योताः, सम्प्रति दक्षिणापथे। नूनमस्तंगतो वादी, सिद्धसेनो दिवाकरः।। (प्र. चरित्र)

**શંકા :-** વૃત્તિ અવસ્થામાં કુણ્ડ આદિ શબ્દો એકપદાર્થના વાચક બને તે માટે અર્થ, પ્રકરણાદિની સહાય લેવાની કોઈ જરૂર નથી, કેમકે કુણ્ડં કુણ્ડં દદાતિ વિગ્રહમાં કુણ્ડ શબ્દ એકવચનાન્ત છે. તેને એકવચનનો પ્રત્યય ત્યારે લાગી શકે જ્યારે તે એકપદાર્થનો વાચક બને. માટે વિગ્રહાવસ્થાની કુણ્ડમ્ પદની એકપદાર્થવાચીતાને લઈને 'સંખ્યૈકાર્થાત્૦ ૭.૨.૧૫૧' સૂત્રથી કુણ્ડ શબ્દને શસ્ પ્રત્યય લાગી શકશે.

**સમાધાન :-** [A]શસ્ પ્રત્યયવિધિમાં શબ્દની વાક્યાવસ્થા (વિગ્રહાવસ્થા)ની એકપદાર્થવાચીતાનો આશ્રય નથી કરાતો, પણ વૃત્તિ અવસ્થાની એકપદાર્થવાચીતાનો આશ્રય કરવામાં આવે છે. તેથી વિગ્રહાવસ્થામાં એકવચનાન્ત કુણ્ડમ્ પદ ભલે એકપદાર્થનું વાચક હોય પરંતુ વૃત્તિ અવસ્થામાં 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી તેની વિગ્રહાવસ્થાની એકવચન વિભક્તિનો લુપ્ થઈ જતો હોવાથી તે એકપદાર્થનું વાચક રહેતું નથી. તેથી વૃત્તિ અવસ્થામાં કુણ્ડ શબ્દ એકપદાર્થનો વાચક બને તે માટે અર્થ, પ્રકરણાદિની સહાય લેવી જરૂરી છે.

**શંકા :-** વૃત્તિ અવસ્થામાં કુણ્ડ આદિ શબ્દો એકપદાર્થના વાચક કેમ ન બની શકે ?

**સમાધાન :-** અમે પૂર્વે કહી તો ગયા કે કુણ્ડ વિગેરે શબ્દો જાતિવાચક શબ્દો છે, માટે તેઓ કુણ્ડત્વાદિ જાતિના આધારભૂત કોઈ એકાદ કુણ્ડાદિ પદાર્થના વાચક નથી બનતા, પણ અનેક કુણ્ડાદિ પદાર્થોના વાચક બને છે. માટે વૃત્તિ અવસ્થામાં અર્થ, પ્રકરણાદિને નિરપેક્ષ કુણ્ડ આદિ શબ્દો એકપદાર્થના વાચક ન બને. આમ શસ્ પ્રત્યયવિધાયક 'સંખ્યૈકવચનાચ્ચ૦ (પા.સૂ. ૫.૪.૪૩)' સૂત્રની કાશિકાવૃત્તિમાં **'જ્યાદિત્ય'** એ 'સંખ્યૈકવચનાદિતિ કિમ્?' અહીં વિરૂદ્ધ દૃષ્ટાંત રૂપે જે ઘટં ઘટં દદાતિ દૃષ્ટાંત દર્શાવ્યું છે ત્યાં જાતિવાચક ઘટ શબ્દ અર્થ, પ્રકરણાદિને નિરપેક્ષ હોવાથી એકપદાર્થનો વાચક નથી બનતો માટે તેને શસ્ પ્રત્યય નથી થતો, આ રીતે ઘટમાનતા થઈ શકે છે. આમ અર્થ, પ્રકરણાદિ વશે કુણ્ડ શબ્દ એકપદાર્થનો વાચક બનતો હોવાથી તેને વૃત્તિ અવસ્થામાં શસ્ પ્રત્યય થઈ શકતા અમે બૃ.વૃત્તિમાં કુણ્ડશો દદાતિ પ્રયોગ દર્શાવ્યો છે.

[B]પ્રસ્થ, કાર્ષાપણ આદિ પરિમાણાર્થક શબ્દોને વિગ્રહાવસ્થામાં દ્વિવચન-બહુવચનના પ્રત્યયો લાગતા હોવાથી ત્યારે તેઓ અનેક પદાર્થોના વાચક બને. પણ વૃત્તિ અવસ્થામાં 'ઐકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી દ્વિવચન-બહુવચનના પ્રત્યયોનો લુપ્ થતો હોવાથી અને પ્રસ્થ વિગેરે શબ્દો જાતિવાચક શબ્દો ન હોવાથી તેઓ એકપદાર્થના

(A) न हि वाक्यस्यैकार्थता प्रत्ययविधावाश्रीयते। किं तर्हि? वृत्तिस्था। न वृत्तौ च निवृत्तायां विभक्तौ घटादय एकशब्दा एकवचनान्ता भवन्ति। जातिशब्दत्वात्। (का.वि. पञ्जिका सू. क्र. ५.४.४३)

(B) कार्षापणादयः शब्दाः परिमाणा इत्युक्तम्। परिमाणस्य विशेषस्य वाचका इत्यर्थस्याधिक्ये तेषां वृत्तिर्न सम्भवति। वाक्ये तु तेषां प्रयोगेऽनेकार्थप्रतीतिः कार्षापणौ कार्षापणा इति। सा विभक्तिर्न तेभ्यः। वृत्तौ तु सा विभक्तिर्नास्तीति तेनैकार्था भवन्ति। वृत्तिस्थैकार्थता प्रत्ययविधावाश्रीयते। न वाक्यस्थेत्युक्तमेतत्। घटं घटं ददातीति। घटादयः शब्दा वृतावेकार्था न भवन्ति। एतच्च प्रतिपादितम्। यदान्वर्थाः प्रकरणादिसहिता घटादयोऽपि जातिशब्दा एकार्था भवन्ति तदा भवितव्यमेव शसा। ..... (का.वि. पञ्जिका, सू. क. ५.४.४३)

જ વાચક બને છે. માટે વૃત્તિ અવસ્થામાં પ્રસ્થ વિગેરે પરિમાણાર્થક શબ્દોને એકપદાર્થના વાચક બનવા અર્થ, પ્રકરણાદિના સહાયની જરૂર નથી.

**(5)** આ સૂત્રથી નપુંસક એવા જ નામ સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો શિ આદેશ થાય એવું કેમ ?

**(a) વૃક્ષાઃ – * વૃક્ષ + જસ્, * 'અત આઃ૦ ૧.૪.૧' → વૃક્ષા + જસ્, * 'સમાનાનાં૦ ૧.૨.૧' → વૃક્ષાસ્, * 'સો રુઃ ૨.૧.૭૨' → વૃક્ષાર્, * 'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩' → વૃક્ષાઃ।**

**(b) વૃક્ષાન્ – * વૃક્ષ + શસ્ , * 'શસોઽતા૦ ૧.૪.૪૯' → વૃક્ષાન્।**

આ બન્ને સ્થળે વૃક્ષ શબ્દ પુંલિંગ છે, માટે તેના સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો આ સૂત્રથી શિ આદેશ ન થયો.

**(6)** આ સૂત્રથી નપુંસક નામસંબંધી જ જસ્-શસ્ પ્રત્યયોનો શિ આદેશ થાય છે.

**(a) પ્રિયકુણ્ડાઃ – * 'એકાર્થં ચાને૦ ૩.૧.૨૨' → પ્રિયાણિ કુણ્ડાનિ યેષાં તે = પ્રિયકુણ્ડ + જસ્, * 'અત આઃ ૧.૪.૧' → પ્રિયકુણ્ડા + જસ્, * 'સમાનાનાં૦ ૧.૨.૧' → પ્રિયકુણ્ડાસ્, * 'સો રુઃ ૨.૧.૭૨' → પ્રિયકુણ્ડાર્, * 'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩' → પ્રિયકુણ્ડાઃ।**

**(b) પ્રિયકુણ્ડાન્ – * 'એકાર્થં ચાને૦ ૩.૧.૨૨' → પ્રિયાણિ કુણ્ડાનિ યેષાં તે = પ્રિયકુણ્ડ + શસ્, * 'શસોઽતા૦ ૧.૪.૪૯' → પ્રિયકુણ્ડાન્।**

આ બન્ને સ્થળે જસ્-શસ્ પ્રત્યયો પ્રિયકુણ્ડ ગત.નપુંસક કુણ્ડ નામ સંબંધી નથી, પણ સમસ્ત પુંલિંગ પ્રિયકુણ્ડ નામ સંબંધી છે. માટે આ સૂત્રથી તેમનો શિ આદેશ ન થયો.

**(7)** પરમાનિ ચ તાનિ કુણ્ડાનિ ચ = પરમકુણ્ડ અહીં ઉત્તરપદપ્રધાન કર્મધારયસમાસમાં નપુંસકલિંગ કુણ્ડ ઉત્તરપદ પ્રધાન હોવાથી જસ્-શસ્ પ્રત્યયો લાગતા તે ઉભયપ્રત્યયો નપુંસકલિંગ કુણ્ડ નામસંબંધી ગણાવાના કારણે તેમનો આ સૂત્રથી શિ આદેશ થશે.

**(a) પરમકુણ્ડાનિ – * 'સન્મહત્૦ ૩.૧.૧૦૭' → પરમાનિ ચ તાનિ કુણ્ડાનિ ચ = પરમકુણ્ડ + જસ્ કે શસ્, * 'નપુંસકસ્ય શિઃ ૧.૪.૫૫' → પરમકુણ્ડ + શિ, * 'સ્વરાચ્છૌ ૧.૪.૬૫' → પરમકુણ્ડન્ + શિ, * 'નિ દીર્ઘઃ ૧.૪.૮૫' → પરમકુણ્ડાન્ + શિ = પરમકુણ્ડાનિ।**

**(8)** આ સૂત્રમાં ઇ આદેશ ન દર્શાવતા શ્ અનુબંધ સહિત શિ આદેશ દર્શાવ્યો છે તે 'શૌ વા ૪.૨.૯૫' સૂત્રમાં જસ્-શસ્ પ્રત્યયોના આદેશભૂત શિ પ્રત્યયનું ગ્રહણ થઈ શકે એટલા માટે છે.

**(9) શંકા :-** સૂત્રગત નપુંસકસ્ય પદથી તમે નપુંસકલિંગ શબ્દનું ગ્રહણ કરવા માંગો છો ? કે પછી નપુંસક પદાર્થનું ગ્રહણ કરવા માંગો છો ?

**સમાધાન :-** અમે નપુંસકલિંગ શબ્દનું ગ્રહણ કરવા માંગીએ છીએ.

**શંકા :-** આ પાદમાં 'સ્યાદિ' ના અધિકારની જેમ 'નામ' નો અધિકાર પણ ચાલે છે. આનું કારણ પૃ.૨૦૪ ટિપ્પણમાં કહેવાઈ ગયું છે. તેથી જો તમે સૂત્રગત નપુંસકસ્ય પદથી નપુંસકલિંગ શબ્દનું ગ્રહણ કરશો તો પાછા બે પક્ષ પડશે. એક પક્ષ એ કે નપુંસકલિંગ શબ્દ જો આ પાદમાં અધિકૃત નામન્ શબ્દનું વિશેષણ બને તો 'વિશેષણમન્ત ૭.૪.૧૧૩' પરિભાષાનુસારે નપુંસકલિંગ શબ્દ જેના અંતમાં હોય તેવા પુંલિંગાદિ કોઈપણ લિંગી નામને લઈને આ સૂત્રપ્રવૃત્તિ થવાની પ્રાપ્તિ આવે અને બીજો પક્ષ એ કે આ પાદમાં અધિકૃત નામન્ શબ્દ જો નપુંસકલિંગ શબ્દનું વિશેષણ બને તો 'વિશેષણમન્ત ૭.૪.૧૧૩' પરિભાષાનુસારે પુંલિંગાદિ કોઈપણ લિંગી નામ જેના અંતમાં હોય તેવા નપુંસકલિંગ શબ્દને લઈને આ સૂત્રપ્રવૃત્તિ થવાનો પ્રસંગ આવે. તો આ બે પક્ષ પૈકી કયાં પક્ષને સ્વીકારશો ?

**સમાધાન :-** અમે બીજા પક્ષને સ્વીકારશું. કેમકે જો પ્રથમપક્ષને સ્વીકારીએ તો બહુનિ ત્રપુણિ યેષાં તે = બહુત્રપુ, તાન્ = બહુત્રપૂન્ બ્રાહ્મણાન્ અને અતિક્રાન્તં ત્રપુ યૈઃ તાન્ = અતિત્રપૂન્ બ્રાહ્મણાન્ આ અનુક્રમે બહુવ્રીહિ અને તત્પુરુષવાળા પ્રયોગસ્થળે નપુંસકલિંગ ત્રપુ શબ્દ જેમના અંતમાં છે એવા પુંલિંગ બહુત્રપુ અને અતિત્રપુ નામ સંબંધી શસ્ પ્રત્યયનો પણ આ સૂત્રથી શિ આદેશ થવાની આપત્તિ આવે છે, જે અનિષ્ટ છે. જ્યારે બીજા પક્ષનો સ્વીકાર કરીએ તો કુણ્ડાનિ પ્રયોગની જેમ બહવઃ વૃક્ષા યેષુ તાનિ = બહુવૃક્ષાણિ વનાનિ ઈત્યાદિ પ્રયોગસ્થળે પણ પુંલિંગ વૃક્ષ નામ જેના અંતમાં છે તેવા નપુંસકલિંગ બહુવૃક્ષ વિગેરે નામો સંબંધી જસ્-શસ્ પ્રત્યયનો આ સૂત્રથી શિ આદેશ થવાની પ્રાપ્તિ આવે છે, જે ઈષ્ટ જ છે. માટે અમે બીજા પક્ષને સ્વીકારશું.

અહીં આ ચર્ચાની શરૂઆતમાં કહ્યા મુજબ સૂત્રગત નપુંસકસ્ય પદથી નપુંસક પદાર્થનું ગ્રહણ કરીએ તો પણ કોઈ વાંધો ન આવે. કેમકે નપુંસકસ્ય પદવાચ્ય નપુંસક પદાર્થ દ્વારા આ પાદમાં અધિકૃત 'નામ' ને જ વિશેષિત કરવાનું છે. કેમકે બીજું કોઈ હાલ પ્રસ્તુત છે પણ નહીં અને સંભળાતું પણ નથી. તેથી નપુંસક પદાર્થોના વાચક નામ સંબંધી જસ્-શસ્ પ્રત્યયોનો આ સૂત્રથી શિ આદેશ થતો હોય તો ભલેને થતો. આમ કુલ ત્રણ પૈકીના બે પક્ષનો સ્વીકાર કરી બૃ.વૃત્તિમાં 'નપુંસકસ્ય સમ્બન્ધિનો જસ્-શસોઃ .....' આમ સૂત્રાર્થ દર્શાવ્યો છે ।।૫૫।।

## औरीः ।। १.४.५६।।

**બૃ.વૃ.-નપુંસકસ્ય સમ્બન્ધી ઔકાર[1] ઈકારો ભવતિ। કુણ્ડે[2] તિષ્ઠતઃ, કુણ્ડે પશ્ય ; એવમ્-દધિની, મધુની, કર્તૃણી, પયસી। તત્સમ્બન્ધિવિજ્ઞાનાદિહ[3] ન ભવતિ-પ્રિયકુણ્ડૌ પુરુષૌ। ઇહ[4] તુ ભવતિ-પરમકુણ્ડે।।૫૬।।**

**सूत्रार्थ :-** નપુંસક નામ સંબંધી औ ई રૂપે થાય છે.

**विवरण :- (1) शंका :-** આ સૂત્રમાં औ નો ષષ્ઠયન્ત નિર્દેશ ન કરતા औरीः આમ અભેદ નિર્દેશ કેમ કર્યો છે ?

**समाधान :-** આ સૂત્રથી આખા औ નો ई આદેશ થઈ શકે તે માટે औ નો અભેદ નિર્દેશ કર્યો છે. જો તેનો ષષ્ઠયન્ત નિર્દેશ કરીએ તો औ સંધ્યક્ષર 'अ... उ...' આમ વિશ્લિષ્ટ વર્ણવાળો હોવાથી 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાનુસારે તેના અંત્ય उ નો આ સૂત્રથી ई આદેશ થવાની આપત્તિ આવે. માટે (A)અભેદનિર્દેશ યુક્ત છે. *(અહીં પ્રસંગવશ સંધ્યક્ષરોમાં પ્રશ્લિષ્ટ-વિશ્લિષ્ટ વર્ણોની વાત જાણી લઈએ. ए-ऐ-ओ-औ સંધ્યક્ષરોમાં ए-ऐ સંધ્યક્ષરોની નિષ્પત્તિ अ + इ સ્વરોની સંધિ થવાથી અને ओ-औ સંધ્યક્ષરોની નિષ્પત્તિ अ + उ સ્વરોની સંધિ થવાથી થઈ છે. તેમાં ए-ओ સંધ્યક્ષરોનું ઉચ્ચારણ કરાતા તેમાં સંધિ પામેલા અનુક્રમે अ + इ અને अ + उ સ્વરો પૃથક્ ધ્વનિત થતા નથી. અર્થાત્ તેઓ પાંસુ-ઉદકવત્ અત્યંત એકમેક થઈ ગયા હોવાથી જુદા સંભળાતા નથી. માટે ए-ओ સંધ્યક્ષરો પ્રશ્લિષ્ટ (પ્રકૃષ્ટ શ્લેષ પામેલા) ગણાય છે. જ્યારે ऐ-औ સંધ્યક્ષરો ઉચ્ચારાતા તેમાં સંધિ પામેલા અનુક્રમે अ + इ અને अ + उ સ્વરો 'अ.....इ' અને 'अ.....उ' આમ જુદા સંભળાય છે. માટે ऐ--औ સંધ્યક્ષરો વિશ્લિષ્ટ (જેમના સ્વરોનો શ્લેષ વિભક્ત થઈ ગયો છે તેવા) મનાય છે. અહીં એવી શંકા થાય કે "ऐ-औ સંધ્યક્ષરોની નિષ્પત્તિ તો અનુક્રમે अ + ए અને अ + ओ સ્વરોની સંધિ થવાથી થાય છે. આ સૂત્રના લઘુન્યાસમાં પણ औ સંધ્યક્ષરમાં વિશ્લિષ્ટ વર્ણ રૂપે ओ ને જ દર્શાવ્યો છે, તો કેમ અનુક્રમે अ + इ અને अ + उ સ્વરોની સંધિ કરી ऐ-औ સંધ્યક્ષરોની નિષ્પત્તિ દર્શાવી છે ?" તો આનું સમાધાન આમ સમજવું કે અહીં બૃ. ન્યાસકાર અને લ. ન્યાસકારની માન્યતામાં ભેદ છે. તે આ પ્રમાણે -*

*બૃ. ન્યાસકાર अ + इ = ऐ અને अ + उ = औ આ રીતે ऐ - औ સંધ્યક્ષરોની નિષ્પત્તિને સ્વીકારે છે.(B) જ્યારે લ. ન્યાસકાર अ + ए = ऐ અને अ + ओ = औ આ રીતે ऐ-औ સંધ્યક્ષરોની નિષ્પત્તિને સ્વીકારે છે.(C) તેમાં ભાષાકીય પ્રયોગો તરફ નજર કરતા કોઈપણ પ્રયોગસ્થળે अ + इ = ए અને अ + उ = ओ તેમજ अ + ए = ऐ અને अ + ओ = औ આ રીતે જ સંધ્યક્ષરોની નિષ્પત્તિ થતી જાણાય છે. જેમકે - तव इहा = तवेहा, तव उदकम् = तवोदकम् તેમજ तव एषा = तवैषा, तव ओदनः = तवौदनः. પરંતુ જ્યારે ધ્વનિને આશ્રયીને વિચારીએ ત્યારે*

---

(A) આમ તો અભેદ નિર્દેશ ન કરતા ષષ્ઠયન્ત નિર્દેશ કરીએ તો પણ આ સૂત્રથી સ્યાદિ औ પ્રત્યયનો જ ई આદેશ કરવાનો હોવાથી 'प्रत्ययस्य ૭.૪.૧૦૮' પરિભાષાનુસારે સંપૂર્ણ औ નો ई આદેશ થઈ શકે એમ છે. છતાં ગ્રંથકારશ્રીએ તે પરિભાષાનો આશ્રય ન કરતા આ ચર્ચા કરી હોય તેવું જણાય છે.

(B) सन्धावक्षरं सन्ध्यक्षरम्, इत्यत एवैषां पूर्वो भागोऽकारः, एकारैकारयोः परो भाग इकारः, ओकारौकारयोः परो भाग उकारः। (૧.૧.૮ बृ. न्या.)

(C) संधौ सति अक्षरं सन्ध्यक्षरम्, तथाहि-अवर्णस्येवर्णेन सह संधावेकारः, एकारैकाराभ्यामैकारः, अवर्णस्योवर्णेनौकारः, ओकारौकाराभ्यामौकारः। (૧.૧.૮ ल.न्या.)

*ऐ तथा औ मां अनुक्रमे 'अ.....इ' अने 'अ.....उ' स्वरो ज ध्वनित थता होवाथी ऐ-औ संध्यक्षरोनी निष्पत्ति अनुक्रमे अ + इ अने अ + उ स्वरोना मेळथी ज थती जणाय छे. ल.न्यासकारश्री प्रयोगोने अनुसरीने पोतानी उपरोक्त मान्यताने धरावता होय तेवुं जणाय छे. ज्यारे बृ.न्यासकारश्री ध्वनिने अनुसरीने पोतानी उपरोक्त मान्यताने धरावता होय तेवुं जणाय छे. हवे पाछो प्रश्न थशे के "बृ.न्यासकार अ + इ स्वरोनी संधिथी ए-ऐ अने अ + उ स्वरोनी संधिथी ओ-औ संध्यक्षरोनी निष्पत्तिने स्वीकारे छे, तो एकना एक स्वरोनी संधिथी बे जुदा-जुदा संध्यक्षरोनी निष्पत्ति शी रीते स्वीकारी शकाय ?" परंतु आनुं समाधान पण आम समजवानुं के ए-ओ संध्यक्षरो विवृत्ततर आस्यप्रयत्नवाळा होवाथी तेमना अवयवभूत अनुक्रमे अ + इ स्वरो अने अ + उ स्वरो पण विवृत्ततर आस्यप्रयत्नवाळा होय छे अने ऐ-औ संध्यक्षरो अतिविवृत्ततर आस्यप्रयत्नवाळा होवाथी तेमना अवयवभूत अनुक्रमे अ + इ स्वरो अने अ + उ स्वरो पण अतिविवृत्ततर आस्यप्रयत्नवाळा[A] होय छे. आम देखीती रीते एक ज जेवा देखावा छतां आस्यप्रयत्नना भेदने लईने ए-ऐ संध्यक्षरोमां वपरायेला अ + इ स्वरो तेमज ओ-औ संध्यक्षरोमां वपरायेला अ + उ स्वरो जुदा जुदा[B] होवाथी एकना एक स्वरोनी संधिथी बे जुदा-जुदा संध्यक्षरोनी निष्पत्तिना प्रश्नने अवकाश नथी रहेतो. पाणिनिव्याकरणमां पण बृ.न्यासकारना मत प्रमाणे ज संध्यक्षरोनी निष्पत्ति दर्शावी छे.)*

(2) <u>दृष्टांत</u> -

| | (i) कुण्डे तिष्ठतः | (ii) कुण्डे पश्य |
|---|---|---|
| | कुण्ड + औ (प्र.द्वि.व.) | कुण्ड + औ (द्वि.द्वि.व.) |
| * 'औरीः १.४.५६' → | कुण्ड + ई | कुण्ड + ई |
| * 'अवर्णस्येवर्ण० १.२.६' → | कुण्डे तिष्ठतः। | कुण्डे पश्य। |

| | (iii) दधिनी | (iv) मधुनी | (v) कर्तृणी | (vi) पयसी |
|---|---|---|---|---|
| | दधि + औ | मधु + औ | कर्तृ + औ | पयस् + औ |
| * 'औरीः १.४.५६' → | दधि + ई | मधु + ई | कर्तृ + ई | पयस् + ई |
| * 'अनाम्स्वरे १.४.६४' → | दधिन् + ई | मधुन् + ई | कर्तृन् + ई | ↓ |
| * 'रषृवर्णान् २.३.६३' → | ↓ | ↓ | कर्तृण् + ई | ↓ |
| | = दधिनी। | = मधुनी। | = कर्तृणी। | = पयसी। |

(A) समुदायार्थो यः प्रयत्नः तेनैव ते (अवयवाः) निष्पाद्यन्ते। (पाणि० प्रत्या० सू.४, का.वि.प.)

(B) प्रयत्नभेदादेव एङैचोः परस्परं सावर्ण्याभावः। एङो विवृत्ततरत्वात् ऐचां विवृत्ततमत्वादिति बोध्यम्। (पाणि० प्रत्या० सू. ३-४, म.भाष्यं प्रदीपोद्द्योत)

**(3)** આ સૂત્રથી નપુંસક નામ સંબંધી ૯૪ औ નો इ આદેશ થાય છે.

**(a) प्रियकुण्डौ पुरुषौ – * 'एकार्थं चाने० ३.१.२२' → प्रियाणि कुण्डानि ययोस्तौ = प्रियकुण्ड + औ, * 'ऐदौत्० १.२.१२' → प्रियकुण्डौ।**

અહીં औ પ્રત્યય પ્રિયકુણ્ડ ગત નપુંસકલિંગ કુણ્ડ નામ સંબંધી નથી, પણ સમસ્ત પુંલિંગ પ્રિયકુણ્ડ નામ સંબંધી છે. માટે આ સૂત્રથી औ નો इ આદેશ ન થયો.

**(4)** परमे च ते कुण्डे च = परमकुण्ड; અહીં ઉત્તરપદપ્રધાન કર્મધારયસમાસમાં નપુંસકલિંગ કુણ્ડ ઉત્તરપદ એ પ્રધાન હોવાથી औ પ્રત્યય લાગતા તે નપુંસકલિંગ કુણ્ડ નામ સંબંધી ગણાવાના કારણે આ સૂત્રથી તેનો ई આદેશ થશે.

**(a) परमकुण्डे – * 'सन्महत्० ३.१.१०७' → परमे च ते कुण्डे च = परमकुण्ड + औ, * 'औरीः १.४.५६' → परमकुण्ड + ई, * 'अवर्णस्येवर्ण० १.२.६' → परमकुण्डे।।५६।।**

## (1) (8) अतः स्यमोऽम् ।। १.४.५७।।

**बृ.वृ.–(2)अकारान्तस्य नपुंसकलिङ्गस्य सम्बन्धिनोः स्यमोरमित्ययमादेशो भवति। (3)कुण्डं तिष्ठति, कुण्डं पश्य, कीलालपम्, अतिखट्वं कुलम् ; हे कुण्ड!, अत्रामादेशे सति "अदेतः स्यमोर्लुक्" (१.४.४४) इत्यमो लुक्। (4)नपुंसकस्येत्येव? वृक्षः। (5)अत इति किम्? दधि तिष्ठति, दधि पश्य। (6)तत्सम्बन्धिविज्ञानादिह न भवति–प्रियकुण्डः पुरुषः। (7)अमोऽकारोच्चारणं जरसादेशार्थम्, तेनातिजरसं कुलं तिष्ठतीति सिद्धम् ।।५७।।**

---

**सूत्रार्थ :-** अ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી सि અને अम् પ્રત્યયોનો अम् આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ सिश्च अम् चैतयोः समाहारः = स्यम् (स.द्व.)। तस्य = स्यमः।

<u>विवरण :-</u> **(1) शंका :-** આ સૂત્રમાં अतः પદ કેમ મૂક્યું છે ?

**समाधान :-** अतः પદ ન મૂકીએ તો સૂત્રનો અર્થ 'નપુંસકલિંગ નામ સંબંધી सि અને अम् પ્રત્યયોનો अम् આદેશ થાય છે.' આવો થાય. તેથી अ કારાન્ત સિવાયના दधि વિગેરે નપુંસકલિંગ નામો સંબંધી सि-अम् પ્રત્યયોનો પણ આ સૂત્રથી अम् આદેશ થવાની આપત્તિ આવે છે. માટે अतः પદ મૂક્યું છે.

**शंका :-** दधि વિગેરે નપુંસકલિંગ નામો સંબંધી सि-अम् પ્રત્યયોનો 'अनतो लुप् १.४.५९' આ પર સૂત્રથી लुप् થાય છે. તેથી सि-अम् પ્રત્યયના અભાવે ઉપરોક્ત આપત્તિને વારવા આ સૂત્રમાં अतः પદ મૂકવું નિરર્થક છે.

**સમાધાન :-** 'अनतो लुप् १.४.५९' સૂત્રના કારણે ઉપરોક્ત આપત્તિ ટળી જાય છે એ વાત સાચી, પણ પહેલા એ કહો કે 'अनतो लुप् १.४.५९' સૂત્રમાં अनतः પદસ્થળે પર્યુદાસ नञ् છે ? કે પ્રસજ્યપ્રતિષેધ नञ् છે ?

*(અહીં પ્રસંગવશ પર્યુદાસ नञ् અને પ્રસજ્યપ્રતિષેધ नञ् અંગે સમજી લઈએ*

***नञर्थौ द्वौ समाख्यातौ पर्युदास–प्रसज्यकौ। पर्युदासः सदृग्ग्राही प्रसज्यस्तु निषेधकृत्।।***
***पर्युदासः स विज्ञेयो यत्रोत्तरपदेन नञ्। प्रसज्यप्रतिषेधस्तु क्रियया सह यत्र नञ्।।***

*પર્યુદાસ નञ् 'तद्भिन्नतत्सदृग्ग्राही' હોય છે અને તેનો અન્વય તેની ઉત્તરમાં રહેલા નામપદ સાથે થાય છે. જેમકે - 'अब्राह्मणम् आनय' અહીં નञ્ નો અન્વય પોતાની ઉત્તરમાં રહેલા ब्राह्मणम् નામપદ સાથે છે અને તે ब्राह्मणम् પદવાચ્ય બ્રાહ્મણપદાર્થથી ભિન્ન અને મનુષ્ય રૂપે બ્રાહ્મણને સદશ ક્ષત્રિયાદિનું ગ્રહણ કરાવે છે. સમજી શકાય છે કે 'अब्राह्मणम् आनय' વાક્ય ઉચ્ચારાતા કોઈપણ વ્યક્તિ ક્ષત્રિયાદિને જ લાવે, બ્રાહ્મણને વિસદશ પશુ આદિને નહીં. જ્યારે **પ્રસજ્યપ્રતિષેધ નञ् 'निषेधकृत्' હોય છે** અને તેનો અન્વય ક્રિયાપદની સાથે થાય છે. જેમકે - 'ब्राह्मणं नाऽऽनय' અહીં નञ્ નો અન્વય आनय ક્રિયાપદની સાથે છે અને તે માત્ર બ્રાહ્મણના આનયનનો નિષેધ કરી છૂટ્ટો થઈ જાય છે.*

*'अनतो लुप् १.४.५९' સૂત્રમાં જો પર્યુદાસ नञ् ગણીએ તો नञ् નો અન્વય પોતાની ઉત્તરમાં રહેલા अतः નામપદની સાથે થાય અને તે अतः પદવાચ્ય अ સ્વરથી ભિન્ન અને अ ને સ્વર રૂપે સદશ અન્ય સ્વરોનું ગ્રહણ કરાવે. તેથી તે સૂત્રનો અર્થ 'अ સિવાયના અન્ય સ્વરાંત નપુંસકલિંગ નામ સંબંધી सि-अम् પ્રત્યયનો लुप् થાય છે' આવો થાય અને જો પ્રસજ્યપ્રતિષેધ नञ् ગણીએ તો नञ् નો અન્વય તે સૂત્રમાં અધ્યાહૃત भवति[A] ક્રિયાપદની સાથે થાય અને તે માત્ર अ થી પરમાં રહેલા सि-अम् પ્રત્યયના લોપનો નિષેધ કરી છૂટ્ટો થઈ જાય. તેથી 'अनतो लुप् १.४.५९' સૂત્રનો અર્થ અર્થાપત્તિથી[B] 'अ સિવાયના અન્ય કોઈપણ વર્ણાંત નપુંસકલિંગ નામ સંબંધી सि-अम् પ્રત્યયોનો लुप् થાય છે.' આવો થાય.)*

---

(A) ***'यत्रान्यत् क्रियापदं न श्रुयते तत्राऽस्तिर्भवन्तीपरः प्रयुज्यते'***

(B) ***'अर्थस्य = अप्रत्यक्षार्थस्य आपत्तिः = लाभो यस्मात् सा अर्थापत्तिः'*** <u>દા.ત.</u> - 'पीनो देवदत्तो दिवा न भुङ्क्ते' અહીં 'દેવદત્ત દિવસે ખાતો નથી અને છતાંય પીન છે ? તો ચોક્કસ તે રાત્રે ખાતો હશે' આમ વાક્યમાં ક્યાંય રાત્રિભોજનનો ઉલ્લેખ કર્યો ન હોવા છતાં અર્થાપત્તિથી રાત્રિભોજન રૂપ અર્થનો લાભ થાય છે. તેમ પ્રસ્તુતમાં પણ પ્રસજ્યપ્રતિષેધ नञ् અનુસારે अ અંતવાળા નપુંસક નામ સંબંધી सि-अम् પ્રત્યયના લોપનો નિષેધ થાય છે. તો નિષેધ હંમેશા પ્રાપ્તિ પૂર્વકનો હોવાથી 'अनतो लुप् १.४.५९' સૂત્રમાં ક્યાંય ઉલ્લેખ ન હોવા છતાં અર્થાપત્તિથી તે સૂત્રનો 'अ સિવાયના અન્ય વર્ણાંત નપુંસકલિંગ નામ સંબંધી सि-अम् પ્રત્યયનો लुप् થાય છે.' આમ અર્થ પ્રાપ્ત થાય.

**શંકા :-** અનતઃ પદસ્થળે જો પર્યુદાસ નઞ્ ગણીએ તો ઉપર દર્શાવ્યા પ્રમાણે 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રમાં અ સિવાયના અન્ય સ્વરાંત નામો જ નિમિત્ત રૂપે પ્રાપ્ત થાય. હવે નપુંસકલિંગ નામોમાં આ કારાન્ત નામો તો સંભવતા જ નથી. માટે તે સૂત્રમાં ઇ વિગેરે નામિ સ્વરાંત નામો જ નિમિત્ત રૂપે શેષ રહેતા હોવાથી સૂત્રકારશ્રી 'અનતો લુપ્' ને બદલે નિમિત્તનો સ્પષ્ટપણે બોધ કરાવે એવું 'નામિનો લુપ્' આવું સૂત્ર બનાવત. છતાં સૂત્રકારશ્રીએ 'અનતો લુપ્' આવું જ સૂત્ર બનાવ્યું છે તેના પરથી જાણાઈ આવે છે કે અનતઃ પદસ્થળે પર્યુદાસ નહીં પણ પ્રસજ્યપ્રતિષેધ નઞ્ છે.

**સમાધાન :-** તમારી વાત અયુક્ત છે. કેમકે 'કાષ્ઠા પરં પ્રકર્ષમધ્યાપકઃ' સ્થળે આ કારાન્ત કાષ્ઠા નામ ક્રિયાવિશેષણ હોવાના કારણે ***'द्वन्द्वैकत्वाव्ययीभावौ क्रियाऽव्ययविशेषणे। (लि.नपुं.प्र. श्लो.९)'*** લિંગાનુશાસનના વચનાનુસારે નપુંસકલિંગમાં વર્તે છે અને તેનાથી પરમાં અમ્ પ્રત્યયનો લોપ પણ થયો છે. આમ અમ્ પ્રત્યયનો લોપ થયો હોય એવા આ કારાન્ત નપુંસકલિંગ નામોના પ્રયોગો જોવા મળતા હોવાથી તેમને આવરી લેવા માટે પર્યુદાસ નઞ્ ના અર્થ અનુસારે પણ 'અનતો લુપ્' આવું જ સૂત્ર બનાવવું પડે. માટે અમારો ઉપરોક્ત પ્રશ્ન ઊભો જ રહે છે કે અનતઃ પદસ્થળે તમે પર્યુદાસ નઞ્ ગણો છો ? કે પ્રસજ્યપ્રતિષેધ નઞ્ ગણો છો ?

**શંકા :-** ભલે, તો હવે તમે જ કહો કે અનતઃ પદસ્થળે પર્યુદાસ નઞ્ છે ? કે પ્રસજ્યપ્રતિષેધ નઞ્ છે ? અને આ સૂત્રમાં અતઃ પદ કેમ મૂક્યું છે ?

**સમાધાન :-** અનતઃ પદસ્થળે પ્રસજ્યપ્રતિષેધ નઞ્ છે અને આ વાતનું જ્ઞાપન કરવા જ આ સૂત્રમાં અતઃ પદ મૂક્યું છે. અર્થાત્ જેમ ગ્રંથકારશ્રી પોતાને ઈષ્ટ એવા કોક અર્થનું જ્ઞાપન કરવા વ્યાકરણના સૂત્રોમાં બહુવચનાદિ કરતા હોય છે, તેમ આ સૂત્રમાં તેમણે અતઃ પદ નિરર્થક હોવા છતાં ''અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રમાં પ્રસજ્યપ્રતિષેધ નઞ્ છે' આ વાતનું જ્ઞાપન કરવા માટે મૂક્યું છે અને તેમ થવાથી 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રની પ્રવૃત્તિ અ સિવાયના અન્ય કોઈપણ વર્ણાંત નપુંસકલિંગ નામને લઈને પ્રાપ્ત થતાં ફળ રૂપે તે સૂત્રથી વ્યંજનાન્ત પયસ્ શબ્દથી પરમાં રહેલા સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ થઈ શકે છે. અન્યથા આ સૂત્રમાં અતઃ પદના અભાવે જો 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રમાં પ્રસજ્યપ્રતિષેધ નઞ્ નું જ્ઞાપન ન થાત તો કોક વ્યક્તિ ત્યાં પર્યુદાસ નઞ્ પ્રમાણેના અર્થનું ગ્રહણ કરી બેસાત. તેથી વ્યંજનાન્ત પયસ્ શબ્દથી પરમાં રહેલા સિ-અમ્ પ્રત્યયોનો 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી લુપ્ ન થઈ શકતા આ સૂત્રથી તેમનો અમ્ આદેશ કરવાની આપત્તિ આવત.

*('अनतो लुप् ૧.૪.૫૯' સૂત્રમાં પ્રસજ્યપ્રતિષેધ નઞ્ ને સ્વીકારનાર લઘુન્યાસકારશ્રીના મતમાં પૂ. **લાવણ્ય સૂ.મ.સા.** ને અસ્વરસ[A] છે. કેમકે અનતઃ પદસ્થળે પર્યુદાસ નઞ્ સ્વીકારીએ તો પણ તે સૂત્રનો યોગ્ય અર્થ પ્રાપ્ત*

(A) જુઓ પૂ. લાવણ્ય સૂરિકૃત ન્યાયસમુચ્ચયમાં *'नञुक्तं तत्सदृशे'* ન્યાય.

*કરી શકાય છે. જ્યારે પ્રસજ્યપ્રતિષેધ નઞ્ સ્વીકારવામાં દોષ આવે છે. તે આ પ્રમાણે - અનતઃ પદસ્થળે પર્યુદાસ નઞ્ સ્વીકારીએ તો નઞ્ નો અન્વય અતઃ નામપદની સાથે થાય અને તે નઞ્ અતઃ પદવાચ્ય અ જેમ સ્વર છે તેમ તે વર્ણ (શબ્દ) પણ હોવાથી અ વર્ણથી ભિન્ન અને અ ને વર્ણ રૂપે સદૃશ અન્ય કોઈપણ વર્ણનું ગ્રહણ કરાવી શકે. માટે પર્યુદાસ નઞ્ અનુસારે પણ 'अनतो लुप् १.४.५९' સૂત્રનો અર્થ 'અ સિવાયના અન્ય કોઈપણ વર્ણાંત નપુંસકલિંગ નામસંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ થાય છે' આમ થઈ શકે છે અને તેમ થવાથી 'अनतो लुप् १.४.५९' સૂત્રથી વ્યંજનાન્ત પયસ્ નામથી પરમાં રહેલા સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ પણ કરી શકાય છે. જ્યારે અનતઃ પદસ્થળે જો પ્રસજ્યપ્રતિષેધ નઞ્ સ્વીકારીએ તો નઞ્ નો અન્વય (વ્યપેક્ષાસામર્થ્ય) તે સૂત્રમાં અધ્યાહૃત भवति ક્રિયાપદની સાથે ગણાય. તેથી भवति ક્રિયાપદની સાથે સાપેક્ષ નઞ્ પદ **'सापेक्षमसमर्थम्'** ન્યાયાનુસારે અતઃ પદની સાથે સમાસ રૂપ પદવિધિ પામવાને અસમર્થ બની જાય. કેમકે 'समर्थः पदविधिः ७.४.१' પરિભાષાનુસારે કોઈપણ પદવિધિ સમર્થ પદોને આશ્રયીને થતી હોય છે. આમ પ્રસજ્યપ્રતિષેધ નઞ્ અનુસારે અનતઃ પદસ્થળે નઞ્ અને અતઃ આ બે અસમર્થ પદોના સમાસની કલ્પનાનો દોષ આવે છે)*

**(2)** આ સૂત્રસ્થ અતઃ પદ પૂર્વસૂત્રાનુવૃત્ત નપુંસકસ્ય પદનું વિશેષણ છે. તેથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાનુસારે અ સ્વર નપુંસક નામનું અંત્ય અવયવ બનવાથી આ સૂત્રમાં અકારાન્ત નપુંસક નામોને નિમિત્ત રૂપે ગ્રહણ કર્યા છે. તેમજ અતઃ પદમાં જે ત્ અનુબંધ દર્શાવ્યો છે તે અ નું સુખે કરીને શ્રવણ થઈ શકે એટલા માટે છે.

**(3)** <u>દૃષ્ટાંત</u> -

| | (i) कुण्डं तिष्ठति | (ii) कुण्डं पश्य |
|---|---|---|
| | कुण्ड + सि | कुण्ड + अम् |
| * 'अतः स्यमो० १.४.५७' → | कुण्ड + अम् | कुण्ड + अम् |
| * 'समानादमो० १.४.४६' → | कुण्ड + म् | कुण्ड + म् |
| | = कुण्डं तिष्ठति। | = कुण्डं पश्य। |

| | (iii) कीलालपम् | (iv) अतिखट्वं कुलम् |
|---|---|---|
| | कीलालं पातीति विच् = | खट्वामतिक्रान्तम् = |
| * 'मन्वन्० ५.१.१४७' → | कीलालपा + विच् (०) | * 'प्रात्यव० ३.१.४७' → अतिखट्वा |
| * 'क्लिबे २.४.९७' → | कीलालप + सि/अम् | * 'क्लिबे २.४.९७' → अतिखट्व+सि/अम् |
| * 'अतः स्यमो० १.४.५७' → | कीलालप + अम् | * 'अतः स्यमोऽम् १.४.५७' → अतिखट्व+अम् |
| * 'समानादमो० १.४.४६' → | कीलालप + म् | * 'समानादमोऽतः १.४.४६' → अतिखट्व+म् |
| | = कीलालपम्। | = अतिखट्वं कुलम्। |

(v) **हे कुण्ड! – * कुण्ड + सि (संबो.), * 'अतः स्यमो० १.४.५७' → कुण्ड + अम्, * 'अदेतः० १.४.४४' → हे कुण्ड!।**

**(4)** આ સૂત્રથી અ કારાન્ત નપુંસક એવા ∂ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો અમ્ આદેશ થાય એવું કેમ ?

**(a) वृक्षः – * वृक्ष + सि, * 'सो रुः २.१.७२' → वृक्षर्, * 'रः पदान्ते० १.३.५३' → वृक्षः।**

અહીં અ કારાન્ત વૃક્ષ નામ પુંલિંગ હોવાથી તેના સંબંધી સિ પ્રત્યયનો આ સૂત્રથી અમ્ આદેશ ન થયો.

**(5)** આ સૂત્રથી અ કારાન્ત ∂ નપુંસક નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો અમ્ આદેશ થાય એવું કેમ ?

**(a) दधि तिष्ठति (b) दधि पश्य – * दधि + सि, दधि + अम्, * 'अनतो लुप् १.४.५९' → दधि तिष्ठति, दधि पश्य।**

અહીં નપુંસક દધિ નામ અ કારાન્ત ન હોવાથી તેના સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો આ સૂત્રથી અમ્ આદેશ ન થયો.

**(6)** આ સૂત્રથી અ કારાન્ત નપુંસક નામ સંબંધી ∂ સિ-અમ્ પ્રત્યયોનો અમ્ આદેશ થાય છે. અન્યનો નહીં.

**(a) प्रियकुण्डः पुरुषः – * 'एकार्थं चानेo ३.१.२२' → प्रियं कुण्डं यस्य स = प्रियकुण्ड + सि, * 'सो रुः २.१.७२' → प्रियकुण्डर्, * 'रः पदान्ते० १.३.५३' → प्रियकुण्डः पुरुषः।**

અહીં સિ પ્રત્યય પ્રિયકુણ્ડ ગત નપુંસકલિંગ કુણ્ડ નામ સંબંધી નથી, પણ પુંલિંગમાં વર્તતા સમસ્ત અ કારાન્ત પ્રિયકુણ્ડ નામસંબંધી છે. માટે તેનો આ સૂત્રથી અમ્ આદેશ ન થયો.

**(7) શંકા :-** આ સૂત્રમાં અમ્ ના બદલે મ્ આદેશ કેમ ન દર્શાવ્યો ? કેમકે મ્ આદેશને લઈને પણ કુણ્ડમ્ વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**સમાધાન :-** આ સૂત્રમાં સિ-અમ્ આદેશીઓને દર્શાવતું સ્યમઃ પદ ષષ્ઠચન્ત છે. તેથી 'ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭.૪.૧૦૬'[(A)] પરિભાષાથી અમ્ આદેશીના અંત્ય અવયવ મ્નો જ આદેશ ન થતા 'અનેકવર્ણઃ સર્વસ્ય ૭.૪.૧૦૭'[(B)] પરિભાષાથી સંપૂર્ણ અમ્ પ્રત્યયનો આદેશ થઈ શકે તે માટે સૂત્રમાં મ્ ના બદલે અમ્ આદેશ દર્શાવ્યો છે.

**શંકા :-** આ જવાબ યુક્ત નથી, કેમકે 'ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭.૪.૧૦૬' પરિભાષાના અપવાદભૂત 'પ્રત્યયસ્ય ૭.૪.૧૦૮'[(C)] પરિભાષાથી આખા અમ્ પ્રત્યયનો જ મ્ આદેશ પ્રાપ્ત છે. માનો કે 'પ્રત્યયસ્ય ૭.૪.૧૦૮' પરિભાષાનો આશ્રય ન કરીએ અને મ્ આદેશ દર્શાવતા તમે કહો છો તેમ 'ષષ્ઠ્યાન્ત્યસ્ય ૭.૪.૧૦૬' પરિભાષાથી અમ્ પ્રત્યયના અંત્ય અવયવ મ્ નો જ જો મ્ આદેશ થતો હોય (= અમ્ જ બચતો હોય) તો પણ આગળ જતા 'સમાનાદમોઽતઃ ૧.૪.૪૬' સૂત્રથી અમ્ પ્રત્યયના અ નો લોપ થવાનો જ હોવાથી છેલ્લે તો મ્ આદેશ જ શેષ રહે. તેથી સૂત્રમાં સીધેસીધો મ્ આદેશ જ દર્શાવવો યુક્ત ગણાય.

**સમાધાન :-** તમારો પ્રશ્ન વ્યાજબી છે. છતાં સૂત્રમાં અમ્ આદેશ નપુંસકલિંગમાં વર્તતા અતિજર નામનો અતિજરસ્ આદેશ થઈ શકે તે માટે દર્શાવ્યો છે. આશય એ છે કે 'પ્રાત્યવ૦ ૩.૧.૪૭' સૂત્રથી જરામતિક્રાન્તં = અતિજરા અને 'ક્લિબે ૨.૪.૯૭' સૂત્રથી અતિજર + સિ અવસ્થા પ્રાપ્ત થતા જો આ સૂત્રથી સિ પ્રત્યયનો મ્ આદેશ કરીએ તો અતિજર + મ્ અવસ્થામાં સ્વરાદિ સ્યાદિ પ્રત્યય પરમાં ન હોવાથી 'જરાયા જરસ્૦ ૨.૧.૩' સૂત્રથી અતિજર નો વિકલ્પે પ્રાપ્ત અતિજરસ્ આદેશ ન થઈ શકે અને જો આ સૂત્રથી સિ પ્રત્યયનો અમ્ આદેશ કરીએ તો અતિજર + અમ્ અવસ્થામાં સ્વરાદિ સ્યાદિ[(D)] અમ્ પ્રત્યય પરમાં હોવાથી 'જરાયા જરસ્૦ ૨.૧.૩' સૂત્રથી અતિજર નો વિકલ્પે પ્રાપ્ત અતિજરસ્ આદેશ થઈ શકે છે. આમ અતિજરસ્ આદેશાર્થે સૂત્રમાં સિ-અમ્ પ્રત્યયોનો મ્ ના બદલે અમ્ આદેશ દર્શાવ્યો છે. તેથી ફળ રૂપે પ્રથમામાં અતિજરં પ્રયોગની જેમ વિકલ્પે અતિજરસ્ + અમ્ = અતિજરસમ્ (કુલં તિષ્ઠતિ) પ્રયોગ પણ સિદ્ધ થઈ શકે છે.

**શંકા :-** આ સૂત્રમાં મ્ ના બદલે અમ્ આદેશ દર્શાવ્યો તેના ફળ રૂપે બૃ.વૃત્તિમાં દ્વિતીયા એકવચનનો અતિજરસમ્ પ્રયોગ કેમ ન દર્શાવ્યો ?

**સમાધાન :-** અતિજર + અમ્ (દ્વિ.એ.વ.) અવસ્થામાં એકસાથે બે સૂત્રો પ્રાપ્ત છે. એક આ સૂત્ર અને

---

(A) સૂત્રમાં ષષ્ઠચન્ત પદને લઈને જે કાર્ય દર્શાવ્યું હોય તે કાર્ય તે ષષ્ઠચન્ત પદના અંત્ય અવયવને થાય છે.

(B) સૂત્રમાં ષષ્ઠચન્ત પદને લઈને જે કાર્ય દર્શાવ્યું હોય તે કાર્ય જો અનેકવર્ણાત્મક હોય તો આખા ષષ્ઠચન્ત પદને થાય છે.

(C) સૂત્રમાં પ્રત્યયના સ્થાને જે વિધિ દર્શાવી હોય તે વિધિ પ્રત્યયના અંત્યવર્ણને ન થતા આખા પ્રત્યયને થાય છે.

(D) અહીં ***'तदादेशास्तद्वद् भवन्ति'*** ન્યાયાનુસારે સ્યાદિ સિ પ્રત્યયના સ્થાને થયેલા અમ્ આદેશને પણ સ્યાદિ રૂપે કહ્યો છે.

બીજું 'जराया जरस्० २.१.३' સૂત્ર. તેમાં 'जराया जरस्०' અને નિત્યસૂત્ર[A] હોવાથી આ સૂત્રથી अम् પ્રત્યયનો अम् આદેશ થતા પૂર્વે જ 'जराया जरस्० २.१.३' સૂત્રથી अतिजर નો अतिजरस् આદેશ થઈ જાય છે અને अतिजरस् + अम् = अतिजरसम् પ્રયોગ સિદ્ધ થાય છે. આમ આ સૂત્રથી अम् પ્રત્યયનો अम् આદેશ થયો હોય અને તેથી अतिजर નો अतिजरस् આદેશ થઈ શક્યો હોય તેવું ન હોવાથી બૃ.વૃત્તિમાં આ સૂત્રમાં દર્શાવેલા अम् આદેશના ફળ રૂપે દ્વિતીયા એકવચનનો अतिजरसम् પ્રયોગ નથી દર્શાવ્યો.

**શંકા :-** જો अम् પ્રત્યયના સ્થાને अम् આદેશ દર્શાવવાથી કોઈ ફળ ન મળતું હોય તો તેના સ્થાને સૂત્રમાં म् આદેશ દર્શાવોને ?

**સમાધાન :-** જો સૂત્રમાં अम् પ્રત્યયનો म् આદેશ દર્શાવીએ તો બીજો કોઈ દોષ નથી આવતો. પણ એટલું જ કે સૂત્રમાં म् આદેશને સૂચવતું વધારાનું म् પદ મૂકી આ સૂત્ર 'अतः स्यमोऽम्म्' આવું માત્રાકૃત ગૌરવવાળું બનાવવું પડે છે. આથી લાઘવાર્થે સૂત્રમાં अम् પ્રત્યયનો પણ सि પ્રત્યયને સમાન એવો अम् આદેશ જ અમે દર્શાવીએ છીએ.

**શંકા :-** अतिजर + सि અવસ્થામાં अ કારાન્ત अतिजर નામના કારણે આ સૂત્રથી सि પ્રત્યયનો अम् આદેશ થાય છે. તેથી ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य'***[B] ન્યાયના કારણે अम् આદેશ પોતાના નિમિત્ત अ કારાન્ત अतिजर નામનો अतिजरस् આદેશ કરવા રૂપે ઘાત શી રીતે કરી શકે ?

**સમાધાન :-** આ સૂત્રમાં म् ના બદલે अम् આદેશ જે દર્શાવ્યો છે તે अतिजर + सि અવસ્થામાં આ સૂત્રથી सि પ્રત્યયનો अम् આદેશ થતા 'जराया जरस्० २.१.३' સૂત્રથી अतिजर નો अतिजरस् આદેશ થઈ શકે તે માટે દર્શાવ્યો છે. હવે अतिजर + अम् (પ્ર.એ.વ.) અવસ્થામાં ***'सन्निपातलक्षणो०'*** ન્યાયના કારણે જો अतिजर નો अतिजरस् આદેશ ન થઈ શકતો હોય તો अम् આદેશના ફળરૂપે પ્રથમા એકવચનમાં अतिजरसम् પ્રયોગ સિદ્ધ કરવાનો ન હોવાથી અને कुण्डम् વિગેરે પ્રયોગો તો સૂત્રમાં म् આદેશ દર્શાવાથી પણ સિદ્ધ થઈ શકતા હોવાથી સૂત્રમાં अम् આદેશ દર્શાવવો નિરર્થક ઠરે છે. છતાંય સૂત્રકારશ્રીએ अम् આદેશ જ દર્શાવ્યો છે, તેનાથી જાણાઈ આવે છે કે अतिजर + अम् (પ્ર.એ.વ.) અવસ્થામાં ***'सन्निपातलक्षणो०'*** ન્યાય અનિત્ય છે. તેથી अ કારાન્ત अतिजर ના નિમિત્તે થયેલો सि પ્રત્યયનો अम् આદેશ પોતાના નિમિત્ત अतिजर નામનો अतिजरस् આદેશ કરવારૂપે ઘાત કરી શકે છે અને તેમ થતા अम् આદેશના ફળ રૂપે अतिजरसम् પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

---

(A) ***'कृताकृतप्रसङ्गी'*** સૂત્રને નિત્યસૂત્ર કહેવાય. अतिजर + अम् અવસ્થામાં આ સૂત્રથી अम् પ્રત્યયનો अम् આદેશ કરીએ તો પણ 'जराया जरस् २.१.३' સૂત્ર પ્રવર્તવાની પ્રાપ્તિ છે અને આ સૂત્રથી अम् પ્રત્યયનો अम् આદેશ ન કરીએ તો પણ 'जराया जरस् २.१.३' સૂત્ર પ્રવર્તવાની પ્રાપ્તિ છે. માટે તે સૂત્ર નિત્ય કહેવાય.

(B) નિમિત્તના કારણે જે વિધિ (કાર્ય) થતી હોય તે વિધિ પોતાના નિમિત્તનો ઘાત કરવામાં નિમિત્ત ન બને.

કેટલાક વ્યાકરણકારો ઉપરોક્ત સ્થળે ***'सन्निपातलक्षणो०'*** ન્યાયને નિત્ય ગણી અતિજર નો અતિજરસ્ આદેશ નથી સ્વીકારતા.

**(8) શંકા :-** સૂત્રમાં સ્યમઃ પદસ્થળે અમ્ અંશ ન દર્શાવવો જોઈએ. કેમકે તેને ન દર્શાવતા જો આ સૂત્રમાં અમ્ પ્રત્યયનું આદેશી રૂપે ગ્રહણ ન થાય તો પણ કુણ્ડ + અમ્ (દ્વિ.એ.વ.) વિગેરે અવસ્થામાં 'समानादमो० १.४.४६' સૂત્રથી અમ્ પ્રત્યયના અ નો લોપ થવાથી બૃ.વૃત્તિમાં દર્શાવેલા કુણ્ડં પશ્ય વિગેરે સધળાય દ્વિતીયા એકવચનના પ્રયોગો સિદ્ધ થઈ જાય છે.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પરંતુ જો સ્યમઃ પદમાંથી અમ્ અંશને કાઢી દઈએ તો આ સૂત્રથી 'पञ्चतोऽन्यादे १.४.५८' સૂત્રમાં આદેશી રૂપે અપેક્ષિત અમ્ પ્રત્યયની અનુવૃત્તિ ન જઈ શકે. તે અનુવૃત્તિ જઈ શકે એ માટે આ સૂત્રમાં સ્યમઃ પદસ્થળે અમ્ અંશનું ગ્રહણ કર્યું છે. 'पञ्चतोऽन्यादे १.४.५८' સૂત્રમાં અમ્ પ્રત્યયની અનુવૃત્તિના ફળ રૂપે અન્યત્ પશ્ય વિગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.

**શંકા :-** 'पञ्चतोऽन्यादे १.४.५८' સૂત્રમાં જો અમ્ પ્રત્યય આદેશી રૂપે અપેક્ષિત હોય તો તે સૂત્રમાં જ અમ્ શબ્દ દર્શાવવો જોઈએ. શા માટે આ સૂત્રથી ત્યાં અમ્ ની અનુવૃત્તિ લઈ જવી પડે ?

**સમાધાન :-** જો તે સૂત્રમાં અમ્ શબ્દ દર્શાવીએ તો તે સૂત્ર 'पञ्चतोऽन्यादेरनेकतरस्याऽमश्च दः' આમ વધારાના च શબ્દવાળું ગૌરવપૂર્ણ બનાવવું પડે છે. જ્યારે આ સૂત્રમાં અમ્ અંશનું ગ્રહણ કરીએ તો આ કે 'पञ्चतो० १.४.५८' એકેય સૂત્રમાં च શબ્દ મૂકવો નથી પડતો. આમ માત્રાલાઘવાર્થે આ સૂત્રમાં અમ્ અંશનું ગ્રહણ કરી 'पञ्चतो० १.४.५८' સૂત્રમાં અમ્ ની અનુવૃત્તિ લઈ જવામાં આવે છે ।।૫૭।।

## (1) पञ्चतोऽन्यादेरनेकतरस्य दः ।। १.४.५८।।

**बृ.वृ.–नपुंसकानामन्यादीनां (2) सर्वाद्यन्तर्वर्तिनां पञ्चपरिमाणानां सम्बन्धिनोः स्यमोः स्थाने द इत्ययमादेशो भवति, एकतरशब्दं वर्जयित्वा, (3) अकार उच्चारणार्थः। (4) अन्यत् तिष्ठति, अन्यत् पश्य ; एवम्–अन्यतरत्, इतरत् ; कतरत् तिष्ठति, कतरत् पश्य ; एवम्–यतरत्, ततरत् ; कतमत् तिष्ठति, कतमत् पश्य ; एवम्–यतमत्, ततमत्, एकतमत् ; हे अन्यत्!, हे अन्यतरत्!, हे इतरत्!, हे कतरत्!, हे कतमत्!, हे एकतमत्!। (5) अनेकतरस्येति किम्? एकतरं तिष्ठति, एकतरं पश्य। (6) पञ्चत इति किम्? नेमं तिष्ठति, नेमं पश्य। (7) नपुंसकस्येत्येव? अन्यः पुरुषः, अन्या स्त्री। (8) अन्यादिसम्बन्धिनोः स्यमोर्ग्रहणादिह न भवति–प्रियान्यम्, अत्यन्यं कुलम्। (9) इह तु भवति–परमान्यत् तिष्ठति, परमान्यत् पश्य, अनन्यत् ।।५८।।**

**સૂત્રાર્થ :-** (ડતર પ્રત્યયાન્ત) એકતર શબ્દને છોડીને નપુંસકલિંગ એવા સર્વાદિગણ અંતર્વર્તી પાંચ સંખ્યા પ્રમાણવાળા અન્યાદિ ગણમાં વર્તતા (અન્ય, અન્યતર, ઇતર, ડતર પ્રત્યયાન્ત અને ડતમ પ્રત્યયાન્ત) નામો સંબંધી સિ અને અમ્ પ્રત્યયોના સ્થાને દ્ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-**
- અન્ય આદિર્યસ્ય (ગણસ્ય) સ = અન્યાદિઃ (બહુ.)। તસ્ય = અન્યાદેઃ।
- ન વિદ્યતે એકતરઃ (શબ્દઃ) યસ્મિન્ (અન્યાદિગણે) સ = અનેકતરઃ (બહુ.)। તસ્ય = અનેકતરસ્ય।

**(1)** સૂત્રસ્થ પઞ્ચતઃ પદસ્થળે ❊ **'પઞ્ચદ્ દશદ્૦ ૬.૪.૧૭૫'** → **પઞ્ચન્ + ડત્,** ❊ **'ડિત્યન્ત્ય૦ ૨.૧.૧૧૪'** → **પઞ્ચ્ + ડત્ = પઞ્ચત્** શબ્દ છે અને તે સૂત્રવર્તી ષષ્ઠ્યન્ત અન્યાદેઃ પદનું સમાનાધિકરણ વિશેષણ છે, માટે તેનો સૂત્રમાં પઞ્ચતઃ આમ ષષ્ઠ્યન્ત પ્રયોગ કર્યો છે એ જ રીતે સૂત્રસ્થ અનેકતરસ્ય પદ અને પૂર્વસૂત્રાનુવૃત્ત નપુંસકસ્ય પદ પણ અન્યાદેઃ પદનું સમાનાધિકરણ વિશેષણ છે, માટે તેમનો અનુક્રમે સૂત્રમાં અને બૃ.વૃત્તિમાં ષષ્ઠ્યન્ત પ્રયોગ કર્યો છે. જ્યારે સૂત્રસ્થ અન્યાદેઃ પદ આ સૂત્રમાં પૂર્વસૂત્રથી અનુવૃત્ત સ્યમઃ પદનું વ્યધિકરણ વિશેષણ છે. આથી બૃ.વૃત્તિમાં ઉપર મુજબ સૂત્રાર્થ દર્શાવ્યો છે.

**(2) શંકા :-** બૃ.વૃત્તિમાં અન્યાદિનામ્ પદનું સર્વાદ્યન્તર્વર્તિનામ્ વિશેષણ કેમ દર્શાવ્યું છે ?

**સમાધાન :-** વ્યાકરણશાસ્ત્રમાં ક્યાંય અન્યાદિ ગણ જુદો દર્શાવ્યો નથી. તેથી કોઈને મૂંઝવણ થાય કે "આ અન્યાદિ ગણ આવ્યો ક્યાંથી ?" તો તે મૂંઝવણના નિવારણ માટે બૃ.વૃત્તિમાં અન્યાદીનામ્ પદનું સર્વાદ્યન્તર્વર્તિનામ્ વિશેષણ દર્શાવ્યું છે. જેથી 'અન્યાદિ ગણ સર્વાદિગણાન્તર્વર્તી એક પેટા ગણ છે' આમ સ્થળની ખબર પડે.

**(3)** આ સૂત્રથી સિ-અમ્ પ્રત્યયોના સ્થાને વ્યંજનાન્ત દ્ આદેશ થાય છે, તેના સૂચક દઃ પદસ્થળે જે અ દર્શાવ્યો છે તે માત્ર ઉચ્ચારણાર્થે છે.

**(4) <u>દૃષ્ટાંત</u> -**

| (i) **अन्यत् तिष्ठति** | (ii) **अन्यत् पश्य** | (iii) **हे अन्यत्!** |
|---|---|---|
| **अन्य + सि** | **अन्य + अम्** | **अन्य+सि (सं.એ.વ.)** |
| ❊ **'पञ्चतो० १.४.५८'** → **अन्य + द्** | **अन्य + द्** | ❊ **'पञ्चतो० १.४.५८'** → **अन्य + द्** |
| ❊ **'अघोषे० १.३.५०'** → **अन्यत् तिष्ठति।** | **अन्यत् पश्य।** | ❊ **'विरामे वा १.३.५१'** → **हे अन्यत्!।** |

સૂત્રમાં દર્શાવેલા શેષ સઘળા પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી. માત્ર એટલું વિશેષ કે અન્યાદિ ગણમાં ડતર-ડતમ આ બે પ્રત્યયો દર્શાવ્યા છે. હવે કેવળ પ્રત્યયોનો પ્રયોગ થઈ શકે નહીં. તેથી 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' પરિભાષાથી ડતર-ડતમ પ્રત્યયો જે પ્રકૃતિની સાથે જોડાયા હોય તે પ્રકૃતિના વિશેષણ બનતા હોવાથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાનુસારે સૂત્રમાં ડતર-ડતમ પ્રત્યયો જે પ્રકૃતિની અંતમાં હોય એવા [A]કતર, કતમ, યતર, યતમ વિગેરે નામોના પ્રયોગ દર્શાવ્યા છે.

**(5)** ડતર પ્રત્યયાન્ત [B]એકતર શબ્દસંબંધી સિ-અમ્ પ્રત્યયોનો આ સૂત્રથી દ્ આદેશ કેમ નથી થતો ?

**(a) एकतरं तिष्ठति (b) एकतरं पश्य – * एकतर + सि, एकतर + अम्, * 'अतः स्यमो० १.४.५७' → एकतर + अम्, एकतर + अम्, * 'समानादमो० १.४.४६' → एकतर + म् = एकतरं तिष्ठति, एकतर + म् = एकतरं पश्य।**

સૂત્રમાં એકતર શબ્દનું વર્જન કરેલું હોવાથી તેના સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો આ સૂત્રથી દ્ આદેશ નથી થતો.

**(6)** આ સૂત્રથી સર્વાદિગણાન્તર્ગત અન્યાદિ ગણમાં વર્તતા અન્ય વિગેરે પાંચ નામો સંબંધી જ સિ-અમ્ પ્રત્યયોનો દ્ આદેશ થાય એવું કેમ ?

**(a) नेमं तिष्ठति (b) नेमं पश्य – * नेम + सि, नेम + अम्, * 'अतः स्यमो० १.४.५७' → नेम + अम्, नेम + अम्, * 'समानादमो० १.४.४६' → नेम + म् = नेमं तिष्ठति, नेम + म् = नेमं पश्य।**

અહીં નેમ શબ્દ સર્વાદિગણાન્તર્ગત છે. પણ તે અન્યાદિ ગણાન્તર્ગત અન્ય વિગેરે પાંચમાં સમાવિષ્ટ ન હોવાથી તેના સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો આ સૂત્રથી દ્ આદેશ ન થયો.

---

(A) * कोऽनयोर्मध्ये पटुर्विद्वान् वा स आयातु यातु वा આ પ્રમાણે નિર્ધાર્ય અર્થમાં 'यत्तत्० ७.३.५३' સૂત્રથી किम् + डतर = कतर.

* क एषां मध्ये पटुर्विद्वान् वा આ પ્રમાણે બહુનિર્ધાર્ય અર્થમાં 'बहूनां प्रश्ने० ७.३.५४' સૂત્રથી किम् + डतम = कतम.

* योऽनयोर्मध्ये पटुर्विद्वान् वा આ પ્રમાણે નિર્ધાર્ય અર્થમાં અને य एषां मध्ये पटुः ...આ પ્રમાણે બહુનિર્ધાર્ય અર્થમાં અનુક્રમે યતર અને યતમ

* स श्लाघ्योऽनयोर्यो दाताऽन्यतर आयातु અને स एषां श्लाघ्यो यो दाता अन्यतम आयातु આ અર્થોમાં અનુક્રમે तद् + डतर = ततर અને तद् + डतम = ततम.

* एक एवायमेषां गुणवान् આ અર્થમાં 'वैकात् ७.३.५५' સૂત્રથી एक + डतम = एकतम.

(B) एकोऽयम् अनयोर्मध्ये दक्षः આ અર્થમાં 'वैकाद्द्वयो० ७.३.५२' સૂત્રથી एक + डतर = एकतर.

(7) આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે અન્ય વિગેરે પાંચ નામો નપુંસકલિંગમાં ૭ વર્તવા જોઈએ એવું કેમ ?

**(a) अन्यः पुरुषः – * अन्य + सि, * 'सो रुः २.१.७२' → अन्यर्, * 'रः पदान्ते० १.३.५३' → अन्यः पुरुषः।**

**(b) अन्या स्त्री – * 'आत् २.४.१८' → अन्य + आप् = अन्या + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → अन्या स्त्री।**

અહીં અન્ય શબ્દ અનુક્રમે પુંલિંગ અને સ્ત્રીલિંગમાં વર્તે છે. માટે તેના સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો આ સૂત્રથી દ્ આદેશ ન થયો.

(8) આ સૂત્રથી અન્ય વિગેરે પાંચ નામો સંબંધી ૭ સિ-અમ્ પ્રત્યયોનો દ્ આદેશ થાય છે.

**(a) प्रियान्यं कुलम् – * 'एकार्थं० ३.१.२२' → प्रियं अन्यद् यस्य तद् = प्रियान्य + सि કે अम्, * 'अतः स्यमो० १.४.५७' → प्रियान्य + अम्, * 'समानादमो० १.४.४६' → प्रियान्य + म् = प्रियान्यं कुलम्।**

**(b) अत्यन्यं कुलम् – * 'प्रात्यवपरि० ३.१.४७' → अन्यदतिक्रान्तं = अत्यन्य + सि કે अम्, * 'अतः स्यमो० १.४.५७' → अत्यन्य + अम् * 'समानादमो० १.४.४६' → अत्यन्य + म् = अत्यन्यं कुलम्।**

આ બન્ને સ્થળે સિ અને અમ્ પ્રત્યયો પ્રિયાન્ય અને અત્યન્ય નામગત અન્ય શબ્દ સંબંધી નથી, પણ આખા પ્રિયાન્ય અને અત્યન્ય નામ સંબંધી છે. માટે તેમનો આ સૂત્રથી દ્ આદેશ ન થયો.

**(9) (a) परमान्यत् तिष्ठति (b) परमान्यत् पश्य – * 'सन्महत्० ३.१.१०७' → परमं च तद् अन्यच्च = परमान्य + सि, परमान्य + अम्, * 'पञ्चतो० १.४.५८' → परमान्यद्, परमान्यद्, * 'अघोषे प्रथमो० १.३.५०' → परमान्यत् तिष्ठति, परमान्यत् पश्य।**

**(c) अनन्यत् – * 'नञ् ३.१.५१' → न + अन्य, * 'अन्स्वरे ३.२.१२९' → अनन्य + सि, * 'पञ्चतो० १.४.५८' → अनन्यद्, * 'विरामे वा १.३.५१' → अनन्यत्।**

આ ત્રણે સ્થળે ઉત્તરપદપ્રધાન કર્મધારય અને તત્પુરુષસમાસ થયો છે. તેથી સિ-અમ્ પ્રત્યયો સમાસમાં ઉત્તરપદ રૂપે વર્તતા અન્ય શબ્દસંબંધી ગણાવાને કારણે તેમનો આ સૂત્રથી દ્ આદેશ થઈ શકે છે ।।૫૮।।

## (1) अनतो लुप् ।। १.४.५९।।

**बृ.वृ.–अनकारान्तस्य नपुंसकस्य सम्बन्धिनोः स्यमोर्लुप् भवति। (2)दधि तिष्ठति पश्य वा, एवम्–मधु, कर्तृ, पयः, उदश्वित्। (3)अनत इति किम्? कुण्डं तिष्ठति पश्य वा। (4)लुकमकृत्वा लुप्करणं स्यमोः स्थानिवद्भावेन यत् कार्यं तस्य प्रतिषेधार्थम्–यत्, तत्, अत्र त्यदाद्यत्वं न भवति ।।५९।।**

---

**सूत्रार्थ :-** अ सिवायना कोईपण वर्णान्त नपुंसकनाम संबंधी सि अने अम् प्रत्ययोनो लुप् थाय छे.

**सूत्रसमास :-** ◆ न अत् = अनत् (नञ् तत्.)। तस्य = अनतः।

<u>विवरण :-</u> **(1) शंका :-** आ सूत्रमां अनतः पद केम मूक्युं छे ?

**समाधान :-** अ कारान्त नपुंसकलिंग कुण्ड विगेरे नामोने सि-अम् प्रत्ययो लागता तेमनो आ सूत्रथी लुप् न थई जाय ते माटे आ सूत्रमां अनतः पद मूक्युं छे.

**शंका :-** अनतः पदरहित आ सूत्र कोईपण वर्णान्त नपुंसकलिंग नाम संबंधी सि-अम् प्रत्ययोनो लुप् करतुं होवाथी ते सामान्य सूत्र कहेवाय. ज्यारे 'अतः स्यमोऽम् १.४.५७' सूत्र मात्र अ कारान्त नपुंसकलिंग नाम संबंधी सि-अम् प्रत्ययोनो अम् आदेश करतुं होवाथी ते विशेष सूत्र कहेवाय. तेथी ***'सर्वत्र विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** न्यायना कारणे 'अतः स्यमोऽम् १.४.५७' सूत्र द्वारा आ सूत्रनी प्रवृत्तिनो बाध थवाथी कुण्ड विगेरे अ कारान्त नपुंसकलिंग नामोने लागेला सि-अम् प्रत्ययोनो आ सूत्रथी लुप् थवानी प्राप्ति ज नथी. तेथी तेमना लोपना निषेधार्थे आ सूत्रमां अनतः पद मूकवुं निरर्थक छे.

**समाधान :-** तमारी वात साची छे. छतां जो आ सूत्रमां अनतः पद न मुकीए तो आ सूत्रमां आगला 'पञ्चतोऽन्यादे० १.४.५८' सूत्रथी अन्यादेः पदनी अनुवृत्ति आवे अने तेथी आ सूत्रथी अन्यादि गणमां वर्तता अन्य विगेरे नामो संबंधी सि-अम् प्रत्ययोनो लुप् थवानो अनिष्ट प्रसंग आवे. आम अन्यादेः पदनी अनुवृत्ति अटकाववा माटे आ सूत्रमां अनतः पद मूक्युं छे.

**शंका :-** जो सूत्रकारश्रीने अन्यादि गणवर्ती अन्य विगेरे नामोने आश्रयीने सि-अम् प्रत्ययोनो लुप् करवो ईष्ट होय तो तेओश्री आगला सूत्र करता आ सूत्रनी पृथक् रचना न करे. पण तेनी भेगा ज 'पञ्चतोऽन्यादेरनेकतरस्य द लुप् च' आवुं सूत्र बनावे. ज्येथी ते एक ज सूत्र द्वारा अन्य विगेरे नामो संबंधी सि-अम् प्रत्ययोनो द् आदेश पण थई जाय अने लुप् पण थई जाय. छतां तेमणे आ सूत्रनी पृथक् रचना करी छे, तेथी जणाय छे के आ सूत्रमां पूर्वसूत्रथी अन्यादेः पदनी अनुवृत्ति न आवी शके अने तेथी अन्यादेः पदनी अनुवृत्तिने वारवा माटे आ सूत्रमां अनतः पद मूकवानी कोई जरूर नथी.

**સમાધાન :-** અનતઃ પદરહિત આ સૂત્ર જો પૂર્વસૂત્રની ભેગું જ રચવામાં આવે તો પૂર્વસૂત્ર ડતર પ્રત્યયાન્ત એકતર શબ્દ સિવાયના અન્યાદિ ગણને આશ્રયીને પ્રવર્તતું હોવાથી તે સૂત્રથી એકતર શબ્દસંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ ન થઈ શકે. જ્યારે પૂર્વસૂત્ર કરતા આ સૂત્ર જુદું રચવામાં આવે અને જો પૂર્વસૂત્રથી આ સૂત્રમાં અન્યાદેઃ પદની અનુવૃત્તિ આવે તો આ સૂત્રમાં એકતર શબ્દ વર્જેલો ન હોવાથી અન્યાદિ ગણાન્તર્વર્તિ ડતર પ્રત્યયાન્ત એકતર શબ્દસંબંધી સિ-અમ્ પ્રત્યયોનો પણ આ સૂત્રથી લુપ્ થઈ શકે. તો આ રીતે એકતર શબ્દને આશ્રયીને પૃથક્ રચાયેલા આ સૂત્રમાં વિશેષ ફળ મળી શકતું હોવાથી સૂત્રકારશ્રી પૂર્વસૂત્રની ભેગા જ આ સૂત્રની રચના ન કરી શકે[A] અને તેથી પૂર્વે દર્શાવ્યું તે પ્રમાણે અનતઃ પદરહિત આ સૂત્રમાં પૂર્વસૂત્રથી અનિષ્ટ અન્યાદેઃ પદની અનુવૃત્તિને વારવા માટે આ સૂત્રમાં અનતઃ પદ મૂક્યું છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

**(i) दधि तिष्ठति पश्य वा – * दधि + सि કે अम्, * 'अनतो लुप् १.४.५९' → दधि तिष्ठति पश्य वा।**

મધુ, કર્તૃ અને उदश्वित् પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી.

**(ii) पयः – * पयस् + सि કે अम्, * 'अनतो लुप् १.४.५९' → पयस्, * 'सो रुः २.१.७२' → पयर्, * 'रः पदान्ते० १.३.५३' → पयः।**

**(3)** આ સૂત્રની પ્રવૃત્તિ અ કારાન્ત સિવાયના નપુંસકલિંગ નામોને આશ્રયીને જ થાય એવું કેમ ?

**(a) कुण्डं तिष्ठति पश्य वा – * कुण्ड + सि કે अम्, * 'अतः स्यमो० १.४.५७' → कुण्ड + अम्, * 'समानादमो० १.४.४६' → कुण्ड + म् = कुण्डं तिष्ठति पश्य वा।**

અહીં કુણ્ડ શબ્દ અ કારાન્ત છે, માટે તેના સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ ન થયો.

**(4) શંકા :-** નપુંસકલિંગ કર્તૃ નામને સિ (સં.એ.વ.) પ્રત્યય લાગતા તેનો પર એવા આ સૂત્રથી લુપ્ થયા બાદ ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं भवति'***[B] ન્યાયાનુસારે સ્થાનિવદ્ભાવ મનાતા 'ह्रस्वस्य गुणः १.४.४१' સૂત્રથી તે સ્થાનિવદ્ભાવને પામેલા સિ પ્રત્યયની સાથે કર્તૃ નામના ऋ નો ગુણ થવાથી હે કર્તઃ ! પ્રયોગ થવો જોઈએ. તો હે કર્તૃ ! પ્રયોગ કેમ કરો છો ?

---

(A) વાસ્તવમાં એકતર શબ્દસંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ નથી જ કરવાનો. પણ અનતઃ પદરહિત આ સૂત્રની પરિસ્થિતીને આશ્રયીને આ ચર્ચા કરી છે.

(B) પ્રત્યયનો લુપ્ થવા છતાં પણ તે લુપ્ થયેલા પ્રત્યયના સ્થાનિવદ્ભાવને આશ્રયીને તન્નિમિત્તક કાર્યો થાય છે.

**સમાધાન :-** વ્યાકરણના સૂત્રોથી જ્યાં પ્રત્યયોનો 'લુક્' આદેશ થયો હોય ત્યાં જ ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી સ્થાનિવદ્ભાવ મનાય છે. પણ જ્યાં 'લુપ્' આદેશ થયો હોય ત્યાં 'लुप्यव्वृ० ૭.૪.૧૧૨' પરિભાષાથી પ્રત્યયોના સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. આ સૂત્રથી પણ સિ પ્રત્યયનો લુપ્ થતો હોવાથી કર્તૃ નામથી પરમાં તેનો સ્થાનિવદ્ભાવ ન માની શકાય.

**શંકા :-** પ્રત્યયોનો લુક્ આદેશ થયો હોય ત્યાં સ્થાનિવદ્ભાવ ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયના કારણે નહીં પણ 'स्थानीवा० ૭.૪.૧૦૯' પરિભાષાના કારણે મનાય છે. તેથી ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય પ્રત્યયોનો લુપ્ આદેશ થયો હોય ત્યાં જ સ્થાનિવદ્ભાવનો પ્રાપક છે. માટે અમારી આગળ દર્શાવેલી શંકા ઊભી રહે છે.

**સમાધાન :-** ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય જો પ્રત્યયોના લુપ્ આદેશસ્થળે પુનઃ પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ કરાવી આપતો હોય તો લુપ્ થયેલા પ્રત્યયોના સ્થાનિવદ્ભાવનું નિષેધક 'लुप्यव्वृ० ૭.૪.૧૧૨' પરિભાષાસૂત્ર નિરર્થક બને. તેથી નિરર્થક બનતું તે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયને સર્વત્ર લુપ્ થયેલા પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ નથી કરવા દેતું, પણ જ્યાં લુપ્ થયેલા પ્રત્યયાન્ત શબ્દસંબંધી કાર્ય હોય ત્યાં જ સ્થાનિવદ્ભાવ કરવા દે છે. જેમકે - मासेन पूर्वाय = मासपूर्वाय; અહીં 'ऐकार्थ्ये ૩.૨.૮' સૂત્રથી સમાસાન્તર્વર્તી તૃતીયા વિભક્તિનો લુપ્ થયા બાદ સમાસના मास અંશને તૃતીયાન્ત ગણીને 'तृतीयान्तात्० ૧.૪.૧૩' સૂત્રથી પૂર્વ નામના સર્વાદિત્વનો નિષેધ કરવાનો છે. તો આ કાર્ય લુપ્ થયેલા પ્રત્યયાન્ત શબ્દસંબંધી અર્થાત્ તૃતીયાન્ત શબ્દસંબંધી કાર્ય હોવાથી અહીં 'लुप्यव्वृ० ૭.૪.૧૧૨' પરિભાષાસૂત્ર ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયને તૃતીયાવિભક્તિનો સ્થાનિવદ્ભાવ કરવા દે છે. જ્યારે પ્રસ્તુતમાં कर्तृ + सि અવસ્થામાં આ સૂત્રથી લુપ્ થયેલા સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માની 'ह्रस्वस्य गुणः ૧.૪.૪૧' સૂત્રથી कर्तृ ના ऋ ની સાથે તેનો ગુણ કરવા રૂપ કાર્ય લુપ્ થયેલા પ્રત્યયાન્ત શબ્દસંબંધી કાર્ય નથી. માટે 'लुप्यव्वृ० ૭.૪.૧૧૨' પરિભાષા બાધક બનતા ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી તે સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ ન માની શકાય, તેથી હે कर्तृ! પ્રયોગ જ કરવો યુક્ત ગણાય. આ જ રીતે નપુંસકલિંગ यत् અને तत् સર્વનામોને લાગેલા સિ-अम् પ્રત્યયોનો આ સૂત્રથી લુપ્ થતા 'लुप्यव्वृ० ૭.૪.૧૧૨' સૂત્રથી તેમના સ્થાનિવદ્ભાવનો નિષેધ થવાથી 'आ द्वेरः ૨.૧.૪૧' સૂત્રથી यत् અને तत् ના અંત્ય त् નો પણ ત્યદાદિ નામાશ્રિત अ આદેશ નથી થતો. તેથી यत् कुलम् અને तत् कुलम् પ્રયોગ થાય છે.

**શંકા :-** यत् + सि કે अम् અને तत् + सि કે अम् અવસ્થામાં આ સૂત્રથી સિ-अम् પ્રત્યયોનો લુપ્ થતા પૂર્વે પર એવા 'आ द्वेरः ૨.૧.૪૧' સૂત્રથી यत् અને तत् ના અંત્ય त् નો अ આદેશ અને સિ પ્રત્યય પર છતાં 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્રથી तत् ના આદિ त् નો स् આદેશ થવાની પ્રાપ્તિ આવે છે. જેથી यत् कुलम् અને तत् कुलम् પ્રયોગો સિદ્ધ ન થઈ શકે. તેથી તેમની સિદ્ધ્યર્થે તમારે આ સૂત્ર 'अनतो लुप्त्यदादिभ्यश्च' આવું બનાવવું જોઈએ. જેથી આ સૂત્રમાં નપુંસકલિંગ ત્યદાદિ નામોને આશ્રયીને સિ-अम् પ્રત્યયના લુપ્નું વિશેષવિધાન હોવાથી પર એવા 'आ द्वेरः

૨.૧.૪૧' અને 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્રથી અનુક્રમે त આદેશ અને स् આદેશ થતા પૂર્વે જ આ સૂત્રથી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ થવાથી यत् कुलम् અને तत् कुलम् આ ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકે.

**સમાધાન :-** 'आ द्वेरः ૨.૧.૪૧' અને 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્ર ભલે પરસૂત્ર હોય પણ આ સૂત્ર નિત્યસૂત્ર હોવાથી ***'परान्नित्यम्'*** ન્યાયથી તેની પ્રવૃત્તિ પૂર્વે થવાના કારણે यत् कुलम् અને तत् कुलम् આ બન્ને પ્રયોગો સિદ્ધ થઈ શકતા હોવાથી આ સૂત્રમાં त्यदादिभ्यश्च પદ મૂકવાની કોઈ જરૂર નથી. અહીં આ સૂત્રની નિત્યતા આ પ્રમાણે સમજવી - यत् + सि કે अम् અને तत् + सि કે अम् અવસ્થામાં 'आ द्वेरः ૨.૧.૪૧' સૂત્રથી यत् અને तत् ના અંત્ય त् નો अ આદેશ અને सि પ્રત્યય પર છતાં 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્રથી तत् ના આદિ त् નો स् આદેશ કરીએ તો પણ य + सि કે अम् અને स + सि કે त + अम् અવસ્થામાં આ સૂત્રથી સિ-અમ્ પ્રત્યયના લુપ્ની[A] પ્રાપ્તિ છે અને જો તે સૂત્રોથી अ આદેશ અને स् આદેશ ન કરીએ તો પણ આ સૂત્રથી સિ-અમ્ પ્રત્યયના લુપ્ની પ્રાપ્તિ છે. તેથી આ સૂત્ર ***'कृताकृतप्रसङ्गी'*** હોવાથી નિત્યસૂત્ર છે. જ્યારે यत् + सि કે अम् અને तत् + सि કે अम् અવસ્થામાં આ સૂત્રથી જો તે સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ કરીએ તો લુપ્ થયેલા સિ-અમ્ પ્રત્યયના સ્થાનિવદ્ભાવને આશ્રયીને 'आ द्वेरः ૨.૧.૪૧' અને 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્રોથી અનુક્રમે अ આદેશ અને स् આદેશ કરવા રૂપ કાર્યો આગળના સમાધાનમાં દર્શાવ્યું તે પ્રમાણે લુપ્ થયેલા પ્રત્યયાન્ત શબ્દસંબંધી કાર્યો ન હોવાથી સ્થાનિવદ્ભાવની નિષેધક 'लुप्यव्यृ० ૭.૪.૧૧૨' પરિભાષા ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયને સિ-અમ્ પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ ન કરવા દે. તેથી પરમાં સ્યાદિ પ્રત્યયના અભાવે 'आ द्वेरः ૨.૧.૪૧' અને 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્ર ન પ્રવર્તી શકવાથી ***'कृताकृतप्रसङ्गी'*** ન બનતા તે બન્ને સૂત્રો અનિત્યસૂત્રો છે.

**શંકા :-** તમે આ સૂત્રને નિત્યસૂત્ર શી રીતે ગણાવી શકો ? કેમકે જો પૂર્વે 'आ द्वेरः ૨.૧.૪૧' અને 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્રથી અનુક્રમે अ[B] આદેશ અને स् આદેશ કરવામાં આવે તો त्य + सि કે अम् અને स + सि કે त + अम् અવસ્થા પ્રાપ્ત થતા આ સૂત્ર સામાન્યસૂત્ર હોવાના કારણે તેના અપવાદભૂત 'अतः स्यमो० ૧.૪.૫૭' વિશેષસૂત્ર દ્વારા તેની પ્રવૃત્તિનો બાધ થતા આ સૂત્રથી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ ન થઈ શકે, પણ 'अतः स्यमो० ૧.૪.૫૭' સૂત્રથી તેમનો अम् આદેશ થવાની પ્રાપ્તિ આવે. તેથી આ સૂત્ર ***'कृताकृतप्रसङ्गी'*** ન બની શકવાથી તે અનિત્યસૂત્ર કહેવાય. તેથી આગળની શંકામાં દર્શાવેલી આપત્તિ ઊભી જ રહેતા તમારે આ સૂત્રમાં 'त्यदादिभ्यश्च' પદ મૂકવું જ જોઈએ.

---

(A) અહીં લુપ્ કેમ પ્રાપ્ત છે તે જાણવા નીચેની શંકામાં દર્શાવેલી **'અહીં એવી શંકા થશેકે .....'** પંક્તિઓ જોવી.

(B) પૂ. લાવણ્ય સૂરિ દ્વારા સંપાદિત બૃ.ન્યાસમાં પૃ. ૨૬૬ પંક્તિ-૪ માં **'पूर्वं लुप्यसत्यां मत्वे सति...'** આમ અશુદ્ધ પાઠ છે. **'पूर्वं लुप्यसत्यामत्वे सति.....'** પાઠ યુક્ત છે.

અહીં એવી શંકા થશે કે "આ સૂત્રસ્થ અનતઃ પદનાં કારણે ૬ત્ય + સિ કે અમ્ અને સ + સિ કે ત + અમ્ અવસ્થામાં આ સૂત્ર પ્રવર્તી ન શકે. તેથી આ સૂત્ર નિત્યસૂત્ર ન બની શકે. તો શા માટે ઉપર સમાધાનમાં તેને નિત્યસૂત્ર બનતું દર્શાવી 'अतः स्यमो० १.४.५७' સૂત્ર દ્વારા તેની નિત્યતાનો વ્યાઘાત કરવો પડે ?" પણ આનું સમાધાન આમ સમજવું કે આ સૂત્રસ્થ અનતઃ પદ માત્ર અનુવાદક[A] ૬ છે. અર્થાત્ તે 'અ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ નથી થતો' આ વસ્તુસ્થિતિનું માત્ર કથન ૬ કરે છે. પણ તે લુપ્નો પ્રતિષેધ નથી કરતું. બાકી તાદશ સિ-અમ્ પ્રત્યયના લુપ્નો પ્રતિષેધ તો આ સૂત્રની પ્રવૃત્તિના બાધક 'अतः स्यमो० १.४.५७' વિશેષસૂત્રના કારણે થાય છે. આમ આ સૂત્ર અ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયના લુપ્નું પ્રતિષેધક નહીં પણ પ્રાપક હોવાથી ઉપર સમાધાનમાં તેને નિત્યસૂત્ર રૂપે દર્શાવ્યું હતું અને પછી 'अतः स्यमो० १.४.५७' સૂત્ર દ્વારા આ સૂત્રની પ્રવૃત્તિનો બાધ થવાથી અહીં તેની અનિત્યતાની શંકા ઉઠાવી છે.

**સમાધાન :-** ***'यस्य तु लक्षणान्तरेण निमित्तं विहन्यते न तदनित्यम् (परि. शे.-४७)'***[B] ન્યાયનાં કારણે આ સૂત્ર નિત્યસૂત્ર ગણાતા તેમાં त्यदादिभ्यश्च પદ મૂકવાની કોઈ ૬૩૨ નથી. આશય એ છે કે **વાલિ**[C] અને **સુગ્રીવ** વચ્ચે યુદ્ધ ચાલતું હોય અને તેમાં **શ્રીરામ** વાલિનો વધ કરે તો પણ પરાક્રમી પુરૂષો ૬મ સુગ્રીવની અપેક્ષાએ વાલિની દુર્બળતા નથી ગણતા તેમ ***'यस्य तु लक्षणान्तरेण०'*** ન્યાય પણ એમ ૬ણાવે છે કે ૬ બે સૂત્રો વચ્ચે બળાબળની વિચારણા ચાલતી હોય તે પૈકીના પ્રથમસૂત્રની પ્રવૃત્તિ થવા દ્વારા ૬ બીજા સૂત્રની પ્રવૃત્તિનો ઘાત ન થતો હોય અને કોઈ ત્રીજું ૬ સૂત્ર બીજા સૂત્રની પ્રવૃત્તિનો ઘાત કરતું હોય તો બીજું સૂત્ર પ્રથમસૂત્રની અપેક્ષાએ દુર્બળ અર્થાત્ અનિત્ય નથી ગણાતું. તો પ્રસ્તુતમાં એક પક્ષે 'आ द्वेरः २.१.४१' અને 'तः सौ सः २.१.४२' સૂત્ર તેમ૬ બીજા પક્ષે આ સૂત્ર; આ બન્ને વચ્ચે બળાબળની વિચારણા ચાલતા 'आ द्वेरः २.१.४१' અને 'तः सौ सः २.१.४२' સૂત્રોની પ્રવૃત્તિ થવા દ્વારા આ સૂત્રની પ્રવૃત્તિનો ઘાત ન થતા ત્રીજા 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી આ સૂત્રની પ્રવૃત્તિનો ઘાત થતો હોવાથી આ સૂત્ર પણ 'आ द्वेरः २.१.४१' અને 'तः सौ सः २.१.४२' સૂત્રોની અપેક્ષાએ દુર્બળ એટલે કે અનિત્ય ન ગણાય. આમ આ સૂત્ર નિત્યસૂત્ર ગણાવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થતા यत् कुलम् અને तत् कुलम् પ્રયોગો સિદ્ધ થઈ ૬તા હોવાથી તેમની સિદ્ધયર્થે સૂત્રમાં 'त्यदादिभ्यश्च' પદ મૂકવાની કોઈ ૬૩૨ નથી.

---

(A) લઘુન્યાસમાં અનતઃ પદને પૂર્વસૂત્રથી આવતી अन्यादेः પદની અનુવૃત્તિ અટકાવવામાં ઉપયોગી દર્શાવ્યું છે. બાકી અ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયના લુપ્નો પ્રતિષેધ તો 'अतः स्यमोऽम् १.४.५७' સૂત્રના કારણે ૬ થાય છે.

(B) કોક ત્રીજું ૬ સૂત્ર નિત્ય બનતા અમુક સૂત્રનાં નિમિત્તનો ઘાત કરે ત્યારે નિત્ય બનતું તે સૂત્ર અનિત્ય ન ગણાય.

(C) આ લોકવ્યવહારને લઈને ***'यस्य तु लक्षणान्तरेण०'*** ન્યાયની પુષ્ટી કરી છે.

**શંકા :-** ***'यस्य तु लक्षणान्तरेण०'*** ન્યાયની પ્રવૃત્તિ દરેક સ્થળે થાય જ છે તેવું નથી. તો પ્રસ્તુતમાં તે ન્યાયની પ્રવૃત્તિ ન થતા ***'लक्षणान्तरप्रवृत्तिनिमित्तमुपसंहरल्लक्षणं बलवद् भवति'*** (A) ન્યાયની પ્રવૃત્તિ થવાના કારણે આ સૂત્ર અનિત્ય ગણાતા यत् कुलम् અને तत् कुलम् પ્રયોગોની સિદ્ધ્યર્થે તમારે આ સૂત્રમાં 'त्यदादिभ्यश्च' પદ મૂકવું જરૂરી છે. આશય એ છે કે **કૌરવો**(B) અને **પાંડવો** વચ્ચે મહાભારતનું યુદ્ધ ચાલતા પાંડવોએ વાસુદેવ ***શ્રીકૃષ્ણ***ની સહાયથી કૌરવોને જીત્યા. તો અહીં લોકમાં જેમ કૌરવો પાંડવોની અપેક્ષાએ દુર્બળ અને પાંડવો કૌરવોની અપેક્ષાએ બળવાન કહેવાય છે તેમ ***'लक्षणान्तरप्रवृत्तिनिमित्तम्०'*** ન્યાય પણ એમ જણાવે છે કે જે બે સૂત્રો વચ્ચે બળાબળની વિચારણા ચાલતી હોય તે પૈકીના પ્રથમસૂત્રની પ્રવૃત્તિ થયા બાદ જો તે પ્રથમસૂત્ર કોક ત્રીજા જ સૂત્રની (લક્ષણાન્તરની) સહાયથી બીજા સૂત્રના પ્રવૃત્તિના નિમિત્તને સંહરી લેતું હોય અર્થાત્ તે બીજા સૂત્રના નિમિત્તને સંહરી લેવા દ્વારા તે સૂત્રની પ્રવૃત્તિને ન થવા દેતું હોય તો તે પ્રથમસૂત્ર દ્વિતીયસૂત્રની અપેક્ષાએ બળવાન ગણાય છે અને (જેનું નિમિત્ત પ્રથમસૂત્રે સંહરી લીધું છે અને ત્રીજા સૂત્ર દ્વારા જેની પ્રવૃત્તિનો વિઘાત થયો છે તેવું) બીજું સૂત્ર પ્રથમસૂત્રની અપેક્ષાએ દુર્બળ (અનિત્ય) ગણાય છે. પ્રસ્તુતમાં 'आ द्वेरः २.१.४१' અને 'तः सौ सः २.१.४२' સૂત્રોની પ્રવૃત્તિ થયા બાદ તે બન્ને સૂત્રો ત્રીજા 'अतः स्यमो० १.४.५७' સૂત્રની સહાયથી આ સૂત્રના अ કારાન્ત નપુંસકલિંગ નામ રૂપ નિમિત્તને સંહરી લેતા હોવાથી અર્થાત્ अ કારાન્ત નપુંસકલિંગ નામ સ્વરૂપ નિમિત્તને આશ્રયીને આ સૂત્રની પ્રવૃત્તિ ન થવા દેતા હોવાથી તે બન્ને સૂત્રો આ સૂત્ર કરતા બળવાન ગણાય અને આ સૂત્ર તે બન્ને સૂત્રોની અપેક્ષાએ દુર્બળ એટલે કે અનિત્ય ગણાય છે. તેથી તમારે यत् कुलम् અને तत् कुलम् પ્રયોગોની સિદ્ધ્યર્થે આ સૂત્રમાં 'त्यदादिभ्यश्च' પદ મૂકવું જરૂરી છે.

**સમાધાન :-** ***'अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुब् बाधते'*** ન્યાયમાં अपि પદનું જે ગ્રહણ કર્યું છે તે જણાવે છે કે બહિરંગ લુપ્ આદેશ પર અને નિત્યવિધિ કરતા બળવાન ગણાતી અંતરંગવિધિનો પણ બાધ કરીને પૂર્વે પ્રવર્તે છે. અર્થાત્ જો તે અંતરંગવિધિનો પણ બાધ કરીને પૂર્વે પ્રવર્તતો હોય તો તે અંતરંગવિધિની અપેક્ષાએ નિર્બળ ગણાતી પર અને નિત્યવિધિનો બાધ કરીને તો સુતરાં પૂર્વે પ્રવર્તે. તો પ્રસ્તુતમાં ***'लक्षणान्तरप्रवृत्तिनिमित्तम्०'*** ન્યાયના કારણે આ સૂત્ર ભલે અનિત્યસૂત્ર બનતું હોય, છતાં તેનાથી થતા લુપ્ આદેશ દ્વારા 'आ द्वेरः २.१.४१' અને 'तः सौ सः २.१.४२' સૂત્રોથી થતી अ આદેશ અને स् આદેશ રૂપ પર વિધિનો બાધ થવાના કારણે લુપ્ આદેશ પૂર્વે પ્રવર્તતા त्यद् + सि કે अम् અને तद् + सि કે अम् અવસ્થામાં આ સૂત્રથી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ પૂર્વે

---

(A) 'સૂત્રાન્તર દ્વારા વિવક્ષિતસૂત્રની પ્રવૃત્તિના નિમિત્તને સંહરી લેતું સૂત્ર બળવાન બને છે.' પૂ. લાવણ્યસૂરિ દ્વારા સંપાદિત બૃ.ન્યાસમાં દર્શાવેલો **'लक्षणान्तरस्य प्रवृत्तिनिमित्तमुप...'** પાઠ અયુક્ત છે. પાઠ 'लक्षणान्तरेण प्रवृत्ति=लक्षणान्तरप्रवृत्ति' આમ તૃતીયાતત્પુરૂષસમાસ કરી **'लक्षणान्तरप्रवृत्तिनिमित्तमुप..'** દર્શાવવો યુક્ત ગણાય.

(B) અહીં તેમજ ઉપર દર્શાવેલા આ બન્ને લોકવ્યવહારને લઈને જે બે ન્યાયોની પુષ્ટી કરી છે તે યુક્ત છે કે નહીં? તે અંગેના મત-મતાન્તરોને જાણવા 'परि. शे. ४८' ની ભૂતિ, હૈમવતી વિગેરે ટીકાઓ જોવી.

થતાં यत् कुलम् અને तत् कुलम् પ્રયોગ સિદ્ધ થઈ જતા હોવાથી તેમની સિદ્ધયર્થે આ સૂત્રમાં 'त्यदादिभ्यश्च' પદ મૂકવાની કોઈ જરૂર નથી. ઉપરોક્ત સમાધાન ***'सर्वेभ्यो लोपः***[A]***'*** ન્યાયને આશ્રયીને પણ કરી શકાય ।।૫૯।।

## जरसो वा[B] ।। १.४.६०।।

**बृ.वृ.–जरसन्तस्य नपुंसकस्य सम्बन्धिनोः स्यमोर्लुब् वा भवति।** [1]**अतिजरः, अतिजरसं कुलं तिष्ठति पश्य वा।** [2]**अन्ये तु द्वितीयैकवचनस्यैवामो योऽमादेशस्तस्यैव लुब्विकल्पमिच्छन्ति, न स्यादेशस्य, तन्मते–अतिजरसं कुलं तिष्ठतीत्येव भवति।** [3]**केचिज्जरसः स्यमोर्लोपं नेच्छन्ति, तन्मते–अतिजरसं तिष्ठति पश्य वेत्येव भवति ।।६०।।**

**સૂત્રાર્થ :-** जरस् અંતવાળા નપુંસક નામ સંબંધી सि અને अम् પ્રત્યયનો વિકલ્પે લુપ્ થાય છે.

**(1) <u>દૃષ્ટાંત</u> -**

| **(i) अतिजरः** | | **(ii) अतिजरसम्** | |
|---|---|---|---|
| | **जरामतिक्रान्तम् =** | | **जरामतिक्रान्तम् =** |
| ✻ **'प्रात्यव० ३.१.४७'** | **→ अतिजरा** | ✻ **'प्रात्यव० ३.१.४७'** | **→ अतिजरा** |
| ✻ **'क्लिबे २.४.९७'** | **→ अतिजर + सि/अम्** | ✻ **'क्लिबे २.४.९७'** | **→ अतिजर + सि/अम्** |
| ✻ **'अतः स्यमो० १.४.५७'** | **→ अतिजर + अम्** | ✻ **'अतः स्यमो० १.४.५७'** | **→ अतिजर + अम्** |
| ✻ **'जराया जरस्० २.१.३'** | **→ अतिजरस् + अम्** | ✻ **'जराया जरस्० २.१.३'** | **→ अतिजरस् + अम्** |
| ✻ **'जरसो वा १.४.६०'** | **→ अतिजरस्** | | **= अतिजरसम्।** |
| ✻ **'सो रुः २.१.७२'** | **→ अतिजरर्** | | |
| ✻ **'रः पदान्ते० १.३.५३'** | **→ अतिजरः।** | | |

અહીં યાદ રાખવું કે 'जराया जरस्० २.१.३' સૂત્રથી જ્યારે વિકલ્પ પક્ષે अतिजर નો अतिजरस् આદેશ નહીં થાય ત્યારે પ્રથમા અને દ્વિતીયા એકવચનમાં अतिजरं कुलं तिष्ठति पश्य वा પ્રયોગો પણ નિષ્પન્ન થશે.

**(2)** [C]કેટલાક ***'उत्पल'*** વિગેરે વૈયાકરણો जरस् અંતવાળા નપુંસક નામસંબંધી દ્વિતીયા એકવચનના अम् પ્રત્યયના સ્થાને જે अम् આદેશ થાય છે તેના જ લુપ્ના વિકલ્પને ઈચ્છે છે, પણ પ્રથમા એકવચનના सि પ્રત્યયના સ્થાને જે अम् આદેશ થાય છે તેના લુપ્ના વિકલ્પને ઈચ્છતા નથી. તેથી તેમના મતે પ્રથમા એકવચનમાં अतिजरसं कुलं तिष्ठति પ્રયોગ જ થશે.

(A) પૂર્વ, પર, નિત્ય, અંતરંગ આ સર્વ વિધિઓ કરતા લોપવિધિ બળવાન ગણાય છે.

(B) પૂર્વસૂત્રથી जरस् અંતવાળા નપુંસકલિંગ નામસંબંધી सि-अम् પ્રત્યયનો લુપ્ નિત્યપ્રાપ્ત હતો, તેનો આ સૂત્રમાં વિકલ્પ કર્યો હોવાથી આ સૂત્રમાં પ્રાપ્તવિભાષા છે.

(C) અન્યકાર અને કેચિત્કારનો મત આ પ્રમાણે કેમ છે ? તે વિસ્તારથી જાણવા આ સૂત્ર ઉપરની પૂ. પં. શ્રી ***'चंद्रसागर गणिवर'*** પ્રણીત આનંદબોધિની ટીકા જુઓ.

**(3)** કેટલાક ભાષ્યકાર ***'પતંજલી'*** ના મતને અનુસરનારા વૈયાકરણો જરસ્ અંતવાળા નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયના લુપ્ને ઈચ્છતા નથી તેથી તેમના મતે પ્રથમા-દ્વિતીયા એકવચનમાં અતિજરસં કુલં તિષ્ઠતિ પશ્ય વા પ્રયોગો ૯૪ થશે ।।૬૦।।

## नामिनो लुग् वा ।। १.४.६१।।

**बृ.वृ.–(1)नाम्यन्तस्य नपुंसकस्य संबन्धिनोः स्यमोर्लुग् वा भवति। हे (2)वारे!, हे त्रपो!, हे कर्तः कुलः!, प्रियतिसृ कुलं तिष्ठति पश्य वा ; (3)पक्षे लुबेव हे वारि!, हे त्रपु!, हे कर्तृ!, प्रियत्रि कुलं तिष्ठति पश्य वा। (4)अमो लुकं नेच्छन्त्येके, तन्मते–प्रियत्रि कुलं पश्येत्येव भवति। (5)नामिन इति किम्? यद्, तद्, प्रियचतुष्कुलम्। (6)चतुरशब्दस्यापि लुग्विकल्पमिच्छन्त्यन्ये–प्रियचतसृ कुलम्, प्रियचतुष्कुलम्। (7)लुपैव सिद्धे लुग्वचनं स्थानिवद्भावार्थम् ।।६१।।**

---

**सूत्रार्थ :-** નામિ સ્વરાન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ અને અમ્ પ્રત્યયોનો વિકલ્પે લુક્ થાય છે.

<u>विवरण :-</u> **(1)** આ સૂત્રવર્તી નામિનઃ પદ પૂર્વસૂત્રાનુવૃત્ત નપુંસકસ્ય પદનું વિશેષણ છે. તેથી 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષાને આશ્રયીને બૃ.વૃત્તિમાં 'નામ્યન્ત નપુંસકલિંગ નામ સંબંધી..' આવો અર્થ કર્યો છે.

**(2)** <u>दृष्टांत</u> -

| | | **(i) हे वारे!** | **(ii) हे त्रपो!** | **(iii) हे कर्तः कुल!** |
|---|---|---|---|---|
| | | **वारि + सि** | **त्रपु + सि** | **कर्तृ + सि** |
| *** 'नामिनो लुग्वा १.४.६१'** | → | **वारि** | **त्रपु** | **कर्तृ** |
| *** 'स्थानीवा० ७.४.१०९'** | → | **वारि + (सि)** | **त्रपु + (सि)** | **कर्तृ + (सि)** |
| *** 'ह्रस्वस्य गुणः १.४.४१'** | → | **वारे** | **त्रपो** | **कर्तर्** |
| *** 'रः पदान्ते० १.३.५३'** | → | ↓ | ↓ | **कर्तः** |
| | | **= हे वारे !।** | **= हे त्रपो !।** | **= हे कर्तः कुल !।** |

**(iv) प्रियतिसृ कुलं तिष्ठति पश्य वा – * 'एकार्थं० ३.१.२२' → प्रियाः तिस्त्र अस्य कुलस्य = प्रियत्रि + सि/अम्, * 'नामिनो लुग्वा १.४.६१' → प्रियत्रि, * 'स्थानीवा० ७.४.१०९' → प्रियत्रि + (सि/अम्), * 'त्रिचतुर० २.१.१' → प्रियतिसृ कुलं तिष्ठति पश्य वा।**

ઉપર દર્શાવેલી સાધનિકામાં પ્રિયતિસૃ અવસ્થા પ્રાપ્ત થતા સ્થાનિવદ્ભાવને પામેલા પ્રથમા એકવચનના સિ પ્રત્યયનો આમ તો 'ऋदुशनस्० १.४.८४' સૂત્રથી ડા આદેશ થવો જોઈએ. છતાં તે સૂત્રમાં આદેશી રૂપે ઘુટ્-સિ પ્રત્યય અપેક્ષિત હોવાથી અને નપુંસકલિંગમાં પ્રથમા એકવચનનો સિ પ્રત્યય ઘુટ્ સંજ્ઞક ન હોવાથી 'ऋदुशनस्० १.४.८४' સૂત્રથી સ્થાનિવદ્ભાવને પામેલા તે સિ પ્રત્યયનો ડા આદેશ નથી થતો. જો અહીં 'ऋदुशनस्० १.४.८४' સૂત્રથી સિ પ્રત્યયનો ડા આદેશ થાત તો પ્રિયતિસા કુલમ્ આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થાત.

**(3)** આ સૂત્રથી જ્યારે નામ્યન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુક્ ન થાય ત્યારે વિકલ્પપક્ષે 'अनतो लुप् १.४.५९' સૂત્રથી તેમનો લુપ્ થશે. તેના પ્રયોગો નીચે પ્રમાણે સમજવા.

| | (v) हे वारि! | (vi) हे त्रपु! | (vii) हे कर्तृ! |
|---|---|---|---|
| | वारि + सि | त्रपु + सि | कर्तृ + सि |
| * 'अनतो लुप्० १.४.५९' → | हे वारि !। | हे त्रपु !। | हे कर्तृ !। |

**(viii) प्रियत्रि कुलं तिष्ठति पश्य वा – * 'एकार्थं० ३.१.२२' → प्रियाः तिस्रोऽस्य कुलस्य = प्रियत्रि + सि/अम्, * 'अनतो लुप् १.४.५९' → प्रियत्रि कुलं तिष्ठति पश्य वा।**

અહીં 'अनतो लुप् १.४.५९' સૂત્રથી સિ-અમ્ પ્રત્યયોનો લુપ્ થયો છે. તેથી 'लुप्यव्यृ० ७.४.११२' પરિભાષાથી તેમના સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે.

**(4)** ***'देवनंदी'*** વિગેરે વૈયાકરણો નામ્યન્ત નપુંસકલિંગ નામ સંબંધી અમ્ પ્રત્યયના લુક્ને નથી ઇચ્છતા. તેથી તેમના મતે દ્વિતીયા એકવચનમાં પ્રિયતિસૃ કુલં પશ્ય પ્રયોગ સિદ્ધ ન થતા પ્રિયત્રિ કુલં પશ્ય આ એક જ પ્રયોગ સિદ્ધ થાય છે.

**(5)** આ સૂત્રથી નામ્યન્ત એવા જ નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયોનો લુક્ થાય એવું કેમ ?

| | (a) यद् | (b) तद् |
|---|---|---|
| | यत् + सि | तत् + सि |
| * 'अनतो लुप्० १.४.५९' → | यत् | तत् |
| * 'धुटस्तृतीयः २.१.७६' → | यद्। | तद्। |

| | (c) प्रियचतुष्कुलम् |
|---|---|
| | प्रियाः चतस्रोऽस्य |
| * 'एकार्थं चाने० ३.१.२२' → | प्रियचतुर्+सि/अम् |
| * 'अनतो लुप्० १.४.५९' → | प्रियचतुर् |
| * 'निर्दुरबहि० २.३.९' → | प्रियचतुष्कुलम्। |

આ ત્રણે સ્થળે यद् વિગેરે નામો નામિસ્વરાન્ત નથી. માટે તેમના સંબંધી સિ-અમ્ પ્રત્યયનો આ સૂત્રથી લુક્ ન થયો.

**(6)** પાણિનીય તંત્રને અનુસરનારા *'उत्पल'* વિગેરે વૈયાકરણો નપુંસકલિંગ चतुर् શબ્દસંબંધી સિ-અમ્ પ્રત્યયોના વિકલ્પે લુક્ ઈચ્છે છે, તેથી તેમના મતે પ્રિયચતુર્ શબ્દના પ્રિયચતસૃ કુલમ્ અને પ્રિયચતુષ્કુલમ્ આ બે પ્રયોગ સિદ્ધ થાય છે. યદ્યપિ પાણિનીય તંત્રમાં લુપ્-લુક્ ઉભયસ્થળે 'न लुमताङ्गस्य (पा.सू. १.१.६३)' સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો છે. તેથી પ્રિયચતુર્ નામને લાગેલા સિ-અમ્ પ્રત્યયોનો લુક્ આદેશ કરવામાં આવે તો પણ લુક્ થયેલા સિ-અમ્ પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ ન માની શકાતા તેમના મતે પ્રિયચતસૃ પ્રયોગ આમ તો સિદ્ધ ન થઈ શકે, છતાં ***'नञ् निर्दिष्टमनित्यम्'*** ન્યાયના કારણે 'न लुमताङ्गस्य (पा.सू. १.१.६३)' સૂત્રની અનિત્યતા મનાતા લુક્ થયેલા સિ-અમ્ પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ મનાવાથી તેમના મતે પ્રિયચતસૃ પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**(7) શંકા :-** પૂર્વસૂત્રથી અનુવર્તતા લુપ્ પદ દ્વારા ૭૪ આ સૂત્રથી નામ્યન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ--અમ્ પ્રત્યયોનો લોપ થઈ શકે છે. તો આ સૂત્રમાં લુક્ પદનું ગ્રહણ કેમ કર્યું છે ?

**સમાધાન :-** પૂર્વસૂત્રથી અનુવર્તતા લુપ્ પદને આશ્રયીને જો નામ્યન્ત નપુંસકલિંગ નામ સંબંધી સિ-અમ્ પ્રત્યયનો લોપ કરવામાં આવે તો 'लुप्यव्वृ० ૭.૪.૧૧૨' પરિભાષાથી તે લુપ્ થયેલા સિ-અમ્ પ્રત્યયોના સ્થાનિવદ્ભાવનો નિષેધ થતા 'ह्रस्वस्य गुणः १.४.४१' વિગેરે સૂત્રોથી हे वारे !, हे त्रपो !, हे कर्तः !, प्रियतिसृ कुलम् વિગેરે ઈષ્ટ પ્રયોગો સિદ્ધ ન થઈ શકે અને જો સૂત્રમાં લુક્ પદનું ગ્રહણ કરી સિ-અમ્ પ્રત્યયોનો લોપ કરીએ તો 'स्थानीवा० ૭.૪.૧૦૯' પરિભાષાથી તે લુક્ થયેલા સિ-અમ્ પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ મનાવાના કારણે 'ह्रस्वस्य गुणः १.४.४१' વિગેરે સૂત્રોથી ઉપરોક્ત हे वारे ! વિગેરે ઈષ્ટપ્રયોગ સિદ્ધ થઈ શકે છે. માટે આ સૂત્રમાં लुप् ના બદલે लुक् પદનું ગ્રહણ કર્યું છે ।।૬૧।।

## वाऽन्यतः[2] पुमांष्टादौ[3] स्वरे ।। १.४.६२।।

**बृ.वृ.-यो[1] नाम्यन्तः शब्दोऽन्यतो विशेष्यवशान्नपुंसकः स टादौ स्वरे परे पुंवद् वा भवति, यथा[4] पुंसि नागम-ह्रस्वौ न भवतस्तथाऽत्रापि न भवत इत्यर्थः। ग्रामण्या[5] ग्रामणिना कुलेन, ग्रामण्ये ग्रामणिने कुलाय, ग्रामण्यः ग्रामणिनः कुलात्, ग्रामण्यः ग्रामणिनः कुलस्य, ग्रामण्योः ग्रामणिनोः कुलयोः, ग्रामण्याम्, ग्रामणीनां कुलानाम्, ग्रामण्याम् ग्रामणिनि कुले ; एवम्–कर्त्रा कर्तृणा, कर्त्रे कर्तृणे, कर्तुः कर्तृणः, कर्त्रोः कर्तृणोः, कर्तृणाम् २, कर्तरि कर्तृणि ; शुचये शुचिने, शुचेः शुचिनः, शुच्योः शुचिनोः, शुचौ शुचिनि ; मृदवे मृदुने, मृदोः मृदुनः, मृद्वोः मृदुनोः, मृदौ मृदुनि ; चित्रगवे चित्रगुणे; अतिरायाः अतिरिणा ; अतिनावा अतिनुना ; अहंयवे अहंयुने ; कुमारीवाचरतीति क्विप्, कुमारीवेच्छतीति क्यन्, क्विप्, कुमार्यै कुमारिणे कुलाय। अन्यत[6] इति किम्? त्रपुणे,**

**जतुने, पीलुने फलाय। टादाविति किम्? ग्रामणिनी शुचिनी कुले। स्वर इति किम्? ग्रामणिभ्यां कुलाभ्याम्, ग्रामणिभिः कुलैः। नामिन इत्येव? कीलालपेन कुलेन। नपुंसक इत्येव? कल्याण्यै ब्राह्मण्यै ।।६२।।**

**સૂત્રાર્થ :-** વિશેષ્યના કારણે નપુંસકલિંગમાં વર્તતું નામ્યન્ત નામ ટા વિગેરે સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા વિકલ્પે પુંવદ્ (પુંલિંગ શબ્દ સદશ) થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ टा आदिर्यस्य स = टादिः (बहु०)। तस्मिन् = टादौ।

**વિવરણ :-** **(1)** પૂર્વસૂત્રથી અનુવર્તતું નામી પદ તેમજ સૂત્રવૃત્તિ અન્યતઃ પદ આ સૂત્રમાં અનુવર્તમાન નપુંસક શબ્દનું વિશેષણ છે. તેમજ પૂર્વસૂત્રમાં નપુંસક શબ્દ ષષ્ઠયન્ત હતો, પરંતુ ***'अर्थवशाद् विभक्तिविपरिणामः'*** ન્યાયથી આ સૂત્રમાં તેને પ્રથમાન્ત રૂપે ગ્રહણ કર્યો છે.

**(2) શંકા :-** સૂત્રમાં અન્યતઃ પદના બદલે વિશેષ્યતઃ પદ મૂકવું જોઈએ. જેથી બીજા ગમે તેના નહીં પણ માત્ર વિશેષ્યના જ કારણે નપુંસકલિંગમાં વર્તતા નામનું સૂત્રમાં ગ્રહણ થઈ શકે.

**સમાધાન :-** સૂત્રમાં અન્યતઃ આમ સામાન્યપદ મૂકીએ તો પણ અન્ય તરીકે વિશેષ્યનું જ ગ્રહણ સંભવે છે. કેમકે શબ્દને વિશેષ્ય સિવાય બીજા કોઈના વશે લિંગનો અન્વય સંભવતો નથી. આશય એ છે કે લિંગની વ્યવસ્થા બે પ્રકારે જોવા મળે છે. કેટલાક શબ્દોને બીજાના કારણે નહીં પણ સ્વતઃ (મૂળથી) જ લિંગનો અન્વય થયેલો હોય છે. જેમકે दधि, मधु વિગેરે જાતિવાચક શબ્દોને મૂળથી જ નપુંસકલિંગનો અન્વય થયો હોય છે. જ્યારે કેટલાક શબ્દોને અન્યના (વિશેષ્યના) કારણે લિંગનો અન્વય થતો હોય છે, જેમકે વિશેષ્ય એવા [A]ગુણ, ક્રિયા અને દ્રવ્યના સંબંધી पटु વિગેરે શબ્દોને આ पटु વિગેરે વિશેષણ શબ્દોને. પોતાનું સ્વાભાવિક કોઈ લિંગ હોતું નથી. તેઓ જે વિશેષ્યની સાથે જોડાય તે વિશેષ્યના લિંગનું ગ્રહણ કરી લેતા હોય છે. જેમકે पटुः पुमान्, पट्वी स्त्री અને पटु कुलम् સ્થળે અનુક્રમે પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ વિશેષ્યો પ્રમાણે पटु શબ્દને અનુક્રમે પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગનો અન્વય થયેલો જોવા મળે છે. તો આ રીતે અન્યતઃ એટલે વિશેષ્ય એવા ગુણ, ક્રિયા અને દ્રવ્યના સંબંધના નિમિત્તે तत् तल्लिंगक રૂપે થઈ છે પ્રવૃત્તિ જેમની એવા શબ્દો જાણાતા હોવાથી સૂત્રમાં વિશેષ્યતઃ પદ મૂકવાની કોઈ જરૂર નથી.

**(3) શંકા :-** આ સૂત્રમાં 'अन्यतः नपुंसकः पुमान् (भवति)' આ પ્રમાણે વાત કરી છે. પણ જે સમયે શબ્દ વિશેષ્યવશે નપુંસકલિંગ હોય તે જ સમયે તે પુંલિંગ પણ શી રીતે થઈ શકે ?

---

(A) (a) ગુણ - शोभनो रसः, शोभना बुद्धिः, शोभनं रूपम् (b) ક્રિયા - चपलो वादः, चपला गतिः, चपलं गमनम्, (c) દ્રવ્ય - पटुः पुमान्, पट्वी स्त्री, पटु कुलम्.

**સમાધાન :-** [A]તમારી વાત સાચી છે. પણ ***'परार्थे प्रयुज्यमानः शब्दो वतमन्तरेणापि वदर्थं गमयति***[B] ન્યાયના કારણે આ સૂત્રવર્તી પુમાન્ શબ્દ 'પુંલિંગ' અર્થને નહીં પણ 'પુંલિંગ શબ્દ સદશ' અર્થને જણાવે છે. તેથી આ સૂત્રમાં જે સમયે શબ્દ વિશેષ્યવશે નપુંસકલિંગ હોય તે જ સમયે તેની પુંલિંગ થવાની વાત નથી. પણ તે શબ્દની પુંલિંગ શબ્દસદશ થવાની વાત છે. આશય એ છે કે ***'परार्थे प्रयुज्यमानः०'*** ન્યાયપ્રમાણે પરના (અન્યશબ્દના) અર્થના વાચક રૂપે વપરાતો શબ્દ જો તે વિરોધ ઊભો થવાના કારણે પોતાના અર્થનું પ્રતિપાદન ન કરી શકતો હોય તો તે સાદશ્યાત્મક સંબંધની સહાયથી વત્ પ્રત્યય વિના પણ સાદશ્યાર્થને જણાવે છે. જેમકે अग्निर्माणवकः સ્થળે પરાર્થ માણવક (બાળક) માટે अग्नि શબ્દનો પ્રયોગ કરાતા માણવક ક્યારે પણ અગ્નિ રૂપે સંભવતો ન હોવાથી અહીં વિરોધ ઊભો થાય છે. તેથી પોતાના અગ્નિ (આગ) અર્થનું પ્રતિપાદન કરવાને અસમર્થ अग्नि શબ્દ અહીં અગ્નિમાં જેમ તેજસ્વિતા હોય છે તેમ માણવકમાં પણ તેજસ્વિતા જોવા મળતી હોવાથી ઉભયમાં સદશ એવી તેજસ્વિતા ગુણના સાદશ્યાત્મક સંબંધની સહાયથી વત્ પ્રત્યય વિના પણ 'અગ્નિ સદશ' અર્થને જણાવે છે. તેથી અહીં 'અગ્નિ એવો માણવક' અર્થ પ્રતીત નથી થતો, પણ 'અગ્નિ સદશ માણવક' અર્થ પ્રતીત થાય છે. એ જ રીતે કોઈ બ્રહ્મદત્ત ન હોય તેવી વ્યક્તિને માટે ब्रह्मदत्तोऽयम् કહેવામાં આવે તો અહીં परार्थ अयम् એટલે બ્રહ્મદત્તેતર વ્યક્તિ ક્યારેય બ્રહ્મદત્ત રૂપે સંભવતો ન હોવાથી વિરોધ ઊભો થાય છે. તેથી પોતાથી વાચ્ય બ્રહ્મદત્ત પદાર્થનું પ્રતિપાદન કરવાને અસમર્થ ब्रह्मदत्त શબ્દ અહીં બ્રહ્મદત્ત વ્યક્તિમાં જેવી ગુણ-ક્રિયા જોવા મળે છે તેવા પ્રકારની જ ગુણ-ક્રિયા તે બ્રહ્મદત્તેતર વ્યક્તિમાં પણ જોવા મળતી હોવાથી ઉભયમાં સદશ તાદશ ગુણ-ક્રિયાના સાદશ્યાત્મક સંબંધની સહાયથી વત્ પ્રત્યય વિના પણ 'બ્રહ્મદત્ત સદશ' અર્થને જણાવે છે. તેથી અહીં 'આ અર્થાત્ બ્રહ્મદત્તેતર વ્યક્તિ બ્રહ્મદત્ત છે' આવો અર્થ પ્રતીત નથી થતો, પણ 'આ બ્રહ્મદત્ત સદશ છે' આવો અર્થ પ્રતીત થાય છે. તેની જેમ પ્રસ્તુતમાં પણ परार्थ अन्यतः नपुंसकः શબ્દ માટે पुमान् શબ્દનો પ્રયોગ કરાતા વિશેષ્યવશે નપુંસકલિંગ બનેલો શબ્દ તે કાળે જ પુંલિંગનું ગ્રહણ કરવાને અસમર્થ હોવાથી વિરોધ ઊભો થાય છે. તેથી પોતાના 'પુંલિંગ' અર્થનું પ્રતિપાદન કરવાને અસમર્થ पुमान् શબ્દ પુંલિંગ શબ્દોમાં જે ધર્મો હોય છે તેને સદશ નપુંસકલિંગ શબ્દોમાં વર્તતા ધર્મોના સાદશ્યને લઈને વત્ પ્રત્યય વિના પણ 'પુંલિંગ સદશ' અર્થને જણાવે છે. તેથી અહીં 'વિશેષ્યવશે નપુંસકલિંગ બનેલો શબ્દ પુંલિંગ થાય છે' આમ અર્થ નથી થતો. પણ 'વિશેષ્યવશે નપુંસકલિંગ બનેલો શબ્દ પુંલિંગશબ્દસદશ થાય છે' આવો અર્થ થાય છે. તેથી તમારા પ્રશ્નને અવકાશ નથી.

**શંકા :-** अन्यतः નપુંસકલિંગશબ્દોમાં પુંલિંગશબ્દોને સદશ એવા કયાં ધર્મો છે ? કે જે ધર્મોના સાદશ્યને લઈને વત્ પ્રત્યય વિના પણ તેમના માટે પુંલિંગશબ્દસદશાર્થક पुमान् શબ્દનો પ્રયોગ કર્યો છે ?

---

(A) બૃ.ન્યાસમાં 'अथ विशेषणस्योपलक्षण एव...पुंभावः स्याद्' પંક્તિ દર્શાવી છે. પણ વિદ્વાનજનો તેનો અર્થ પ્રસ્તુત વાત સાથે સંગત કરે. પૂ. ***લાવણ્ય સૂરિ*** મ.સા.એ. 'ન્યા. સમુ. તરંગ-૫૯' માં શબ્દશઃ આ સૂત્રનો જ બૃ.ન્યાસ દર્શાવ્યો છે. પણ તેમાંથી ઉપરોક્ત પંક્તિ ન દર્શાવતા '+++++' આવું ચિહ્ન દર્શાવ્યું છે.

(B) પર = અન્યશબ્દના અર્થના વાચક રૂપે વપરાતો શબ્દ વત્ પ્રત્યય વિના પણ વદર્થ ને = સાદશ્યાર્થને જણાવે છે.

**સમાધાન :-** નપુંસકલિંગશબ્દોમાં પુંલિંગશબ્દોને સદશ આમ તો કોઈ લિંગધર્મો પ્રસિદ્ધ નથી. છતાં ***'भाविनि भूतवदुपचारः'*** ન્યાયથી ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ધર્મો જાણે વર્તમાનમાં પ્રાપ્ત થઈ ગયા છે એમ કરીને તે વર્તમાન પ્રાપ્ત ધર્મોના સાદશ્યને લઈને वत् પ્રત્યય વિના પણ વદર્થક શબ્દોનો તથા પ્રકારે શબ્દપ્રયોગ થતો હોય તેવો લોકવ્યવહાર જોવા મળે છે. જેમકે કોઈ બ્રહ્મદત્તને સદશ ધર્મોથી રહિત વ્યક્તિ ''આ ભવિષ્યમાં બ્રહ્મદત્તને સદશ ગુણ-ક્રિયાદિ ધર્મોને પ્રાપ્ત કરે'' તે માટે ભવિષ્યમાં પ્રાપ્ત થનારા તે ધર્મો જાણે વર્તમાનમાં પ્રાપ્ત થઈ ગયા છે એમ કરીને વર્તમાનપ્રાપ્ત તે ગુણ-ક્રિયાદિ રૂપ ધર્મોના સાદશ્યને લઈને वत् પ્રત્યય વિના પણ 'एष ब्रह्मदत्तः' (આ બ્રહ્મદત્તને સદશ છે) આમ વદર્થક શબ્દપ્રયોગ થતો જોવા મળે છે. તેની જેમ પ્રસ્તુતમાં પણ પુંલિંગશબ્દોને સદશ લિંગધર્મોથી રહિત અન્યતઃ નપુંસકલિંગશબ્દો ભવિષ્યમાં પુંલિંગશબ્દોને સદશ "अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् આગમ ન થવો' વિગેરે લિંગધર્મોને પ્રાપ્ત કરે તે માટે ભવિષ્યમાં પ્રાપ્ત થનારા તે લિંગધર્મો જાણે વર્તમાનમાં પ્રાપ્ત થઈ ગયા છે એમ કરીને વર્તમાનપ્રાપ્ત તે 'न् આગમનો અભાવ' વિગેરે લિંગધર્મોના સાદશ્યને લઈને वत् પ્રત્યય વિના પણ તેમના માટે 'अन्यतः नपुंसकः पुमान् भवति' (વિશેષ્યવશે નપુંસકલિંગ બનેલો શબ્દ પુંલિંગશબ્દસદશ થાય છે.) આમ વદર્થક पुमान् શબ્દનો પ્રયોગ થઈ શકે છે. આ રીતે ***'भाविनि भूतवदुपचारः'*** ન્યાયને લઈને અન્યતઃ નપુંસકલિંગશબ્દોમાં વર્તતા પુંલિંગશબ્દોને સદશ 'न् આગમનો અભાવ' વિગેરે ઉપચરિત લિંગધર્મોના સાદશ્યને લઈને वत् પ્રત્યય વિના પણ તેમના માટે પુંલિંગશબ્દસદશાર્થક पुमान् શબ્દનો પ્રયોગ કર્યો છે.

**(4) શંકા :-** આ સૂત્રથી અન્યતઃ નપુંસકલિંગ શબ્દ પુંલિંગશબ્દસદશ થવાથી શું ફળ પ્રાપ્ત થશે ?

**સમાધાન :-** જેમ પુંલિંગ શબ્દોને 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् આગમ તેમજ 'क्लिबे २.४.९७' સૂત્રથી હ્રસ્વવિધિ નથી થતી તેમ આ સૂત્રથી અન્યતઃ નપુંસકલિંગશબ્દો પુંલિંગશબ્દસદશ થવાથી તેમને પણ न् આગમ અને હ્રસ્વવિધિ નહીં થાય.

અહીં યાદ રાખવું કે 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી જેમ નપુંસકલિંગ નામોને ઉદ્દેશીને न् આગમ રૂપ કાર્યનું વિધાન કર્યું છે, તેમ टा વિગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા પુંલિંગ નામોને ઉદ્દેશીને આ વ્યાકરણમાં 'પુંલિંગ નામોને અમુક કાર્ય થાય છે' આમ કોઈ કાર્યોનું વિધાન નથી કર્યું.[A] આથી टा વિગેરે સ્વરાદિપ્રત્યયો પરમાં વર્તતા પુંલિંગ નામોનું સ્વકીય કોઈ કાર્ય વિદ્યમાન ન હોવાથી આ સૂત્રથી અન્યતઃ નપુંસકલિંગ નામ પુંવત્ થતા તેમના માટે નપુંસકલિંગ નામોને ઉદ્દેશીને થતા न् આગમ અને હ્રસ્વવિધિ રૂપ કાર્યના નિષેધ રૂપ ફળ દર્શાવ્યું છે.[B]

---

(A) 'शसोऽता सश्च नः पुंसि १.४.४९' સૂત્રમાં પુંલિંગ નામને ઉદ્દેશીને शस् પ્રત્યયના स् ને न् આદેશનું વિધાન કર્યું છે. પણ शस् પ્રત્યય દ્વિતીયા બહુવચનનો છે, જ્યારે ઉપરોક્ત વાત તો टा વિગેરે સ્વરાદિ પ્રત્યયો પર છતાં પુંલિંગ નામોને ઉદ્દેશીને કોઈ કાર્યનું વિધાન ન કરવાની છે. આ વાત ધ્યાનમાં રહે.

(B) સ્ત્રીલિંગ નામોને न् આગમ અને હ્રસ્વવિધિ રૂપ કાર્ય સંભવતું જ નથી. અન્યથા તેમનો પણ પુંવદ્ભાવ કરી न् આગમ અને હ્રસ્વવિધિના નિષેધ રૂપ ફળ પ્રસ્તુતમાં દર્શાવાત.

(5) <u>દૃષ્ટાંત</u> - ((i) થી (xiv) સુધીના દૃષ્ટાંતોમાં સર્વત્ર કુલ શબ્દને વિશેષ્ય રૂપે લેવો)

| | (i) ग्रामण्या | (ii) ग्रामण्ये | (iii) ग्रामण्यः |
|---|---|---|---|
| | ग्रामणी + टा | ग्रामणी + ङे | ग्रामणी + ङसि |
| * 'क्विब्वृत्तेर० २.१.५८' → | ग्रामण्य् + टा | ग्रामण्य् + ङे | ग्रामण्य् + ङसि |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | ग्रामण्यर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | | | ग्रामण्यः |
| | = ग्रामण्या। | = ग्रामण्ये। | = ग्रामण्यः। |

| | (iv) ग्रामण्यः | (v) ग्रामण्योः | (vi) ग्रामण्याम् |
|---|---|---|---|
| | ग्रामणी + ङस् | ग्रामणी + ओस् | ग्रामणी + आम् |
| * 'क्विब्वृत्तेर० २.१.५८' → | ग्रामण्य् + ङस् | ग्रामण्य् + ओस् | ग्रामण्य् + आम् |
| * 'सो रुः २.१.७२' → | ग्रामण्यर् | ग्रामण्योर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ग्रामण्यः | ग्रामण्योः | |
| | = ग्रामण्यः। | = ग्रामण्योः। | = ग्रामण्याम्। |

(vii) ग्रामण्याम् – * ग्रामणी + ङि * 'निय आम् १.४.५१' → ग्रामणी + आम्, * 'क्विब्वृत्तेर० २.१.५८' → ग्रामण्य् + आम् = ग्रामण्याम्।

અહીં સર્વત્ર આ સૂત્રથી અન્યતઃ નપુંસકલિંગ નામોનો પુંવદ્ભાવ થતા ન્ આગમ અને હ્રસ્વવિધિ ન થઈ.

| | (viii) ग्रामणिना | (ix) ग्रामणिने | (x) ग्रामणिनः | (xi) ग्रामणिनः |
|---|---|---|---|---|
| | ग्रामणी + टा | ग्रामणी + ङे | ग्रामणी + ङसि | ग्रामणी + ङस् |
| * 'क्लिबे २.४.९७' → | ग्रामणि + टा | ग्रामणि + ङे | ग्रामणि + ङसि | ग्रामणि + ङस् |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | ग्रामणिन् + टा | ग्रामणिन् + ङे | ग्रामणिन् + ङसि | ग्रामणिन् + ङस् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | ग्रामणिनर् | ग्रामणिनर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | | | ग्रामणिनः | ग्रामणिनः |
| | = ग्रामणिना। | = ग्रामणिने। | = ग्रामणिनः। | = ग्रामणिनः। |

| | (xii) ग्रामणिनोः | (xiii) ग्रामणीनाम् | (xiv) ग्रामणिनि |
|---|---|---|---|
| | ग्रामणी + ओस् | ग्रामणी + आम् | ग्रामणी + ङि |
| * 'क्लिबे २.४.९७' → | ग्रामणि + ओस् | ग्रामणि + आम् | ग्रामणि + ङि |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | ग्रामणिन् + ओस् | ग्रामणिन् + आम् | ग्रामणिन् + ङि |
| * 'सो रुः २.१.७२' → | ग्रामणिनोर् | ↓ | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ग्रामणिनोः | | |
| | = ग्रामणिनोः। | = ग्रामणीनाम्। | = ग्रामणिनि। |

**शंका :-** ग्रामणि + टा विगेरे अवस्थामां पर એવા 'क्विब्वृत्तेर० २.१.५८' सूत्रथी ग्रामणि ना इ नो य् आदेश न करता 'अनाम्स्वरे० १.४.६४' सूत्रथी न् आगम केम करो छो ?

**समाधान :-** तेना बे कारण छे - **(a)** 'इदुतोऽस्त्रे० १.४.२१' सूत्रमां अस्त्रेः आ प्रमाणे स्त्री शब्दनुं वर्ज्यन करी आ वातनुं ज्ञापन कर्युं छे के 'पर એवा पण इय्, उव्, य् अने व् आदेशो इ कारान्त - उ कारान्त नामो संबंधी अन्य कार्यो द्वारा बाधित थाय छे.' तेथी इ कारान्त ग्रामणि नाम संबंधी न् आगमात्मक कार्य द्वारा पर એवा 'क्विब्वृत्तेर० २.१.५८' सूत्रथी प्राप्त य् आदेशनो बाध थवाथी पूर्वे न् आगम करीએ छीએ. **(b)** ***'आदेशादागमः'*** न्याय प्रमाणे आदेश करता आगम બળवान गणावाथी आगम पहेला थाय. आथी पूर्वे य् आदेश न करता न् आगम करीએ छीએ.

**(xv) कर्त्रा (xvi) कर्त्रे –** * कर्तृ + टा , कर्तृ + ङे, * 'इवर्णादे० १.२.२१' → कर्त्र् + टा = कर्त्रा, कर्त्र् + ङे = कर्त्रे।

**(xvii) कर्तुः –** * कर्तृ + ङसि के ङस्, * 'ऋतो डुर् १.४.३७' → कर्तृ + डुर्, * 'डित्यन्त्य० २.१.११४' → कर्त् + डुर् = कर्तुर्, * 'रः पदान्ते० १.३.५३' → कर्तुः।

**(xviii) कर्त्रोः –** * कर्तृ + ओस्, * 'इवर्णादे० १.२.२१' → कर्त्र् + ओस्, * 'सो रुः २.१.७२' → कर्त्रोर्, * 'रः पदान्ते० १.३.५३' → कर्त्रोः।

**(xix) कर्तृणाम् –** * कर्तृ + आम्, * 'ह्रस्वापश्च १.४.३२' → कर्तृ+ नाम्, * 'दीर्घो नाम्य० १.४.४७' थी → कर्तॄनाम्, * 'रषृवर्णान्० २.३.६३' → कर्तॄणाम्।

**(xx) कर्तरि –** * कर्तृ + ङि, * 'अर्डौ च १.४.३९' → कर्तर् + ङि = कर्तरि।

| | (xxi) कर्तृणा | (xxii) कर्तृणे | (xxiii) कर्तृणः |
|---|---|---|---|
| | कर्तृ + टा | कर्तृ + ङे | कर्तृ + ङसि के ङस् |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | कर्तृन् + टा | कर्तृन् + ङे | कर्तृन् + ङसि के ङस् |
| * 'रषृवर्णान्० २.३.६३' → | कर्तृणा | कर्तृणे | कर्तृणस् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | कर्तृणर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | ↓ | कर्तृणः |
| | = कर्तृणा। | = कर्तृणे। | = कर्तृणः। |

| | (xxiv) कर्तृणोः | (xxv) कर्तृणि |
|---|---|---|
| | कर्तृ + ओस् | कर्तृ + ङि |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | कर्तृन् + ओस | कर्तृन् + ङि |
| * 'रषृवर्णान्० २.३.६३' → | कर्तृणोस् | कर्तृणि |
| * 'सो रुः २.१.७२' → | कर्तृणोर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | कर्तृणोः | ↓ |
| | = कर्तृणोः। | = कर्तृणि। |

**(xxvi) कर्तृणाम् –** * कर्तृ + आम्, * 'ह्रस्वापश्च १.४.३२' → कर्तृ + नाम्, * 'दीर्घो नाम्य० १.४.४७' → कर्तॄनाम्, * 'रषृवर्णान्० २.३.६३' → कर्तृणाम्।

कर्तृ + आम् अवस्थामां आ सूत्रथी ज्यारे कर्तृ शब्द पुंवत् थशे त्यारे 'ह्रस्वापश्च १.४.३२' सूत्रथी आम् नो नाम् आदेश थई कर्तृणाम् प्रयोग सिध्ध थशे अने ज्यारे विकल्प पक्षे आ सूत्रथी ते पुंवत् नहीं थाय त्यारे पण 'अनाम्स्वरे० १.४.६४' सूत्रथी न् आगम न थतां 'ह्रस्वापश्च १.४.३२' सूत्रथी आम् नो नाम् आदेश थई कर्तृणाम् प्रयोग ज सिध्ध थशे. 'अनाम्स्वरे० १.४.६४' सूत्रमां आम् सिवायना स्वरादि प्रत्ययो पर्मां वर्तता न् आगमनुं विधान कर्युं छे. आथी कर्तृ + आम् अवस्थामां न् आगम नहीं थाय.

**शंका :-** जो उभयपक्षे कर्तृणाम् प्रयोग ज सिध्ध थवानो होय तो बृहद्वृत्तिमां बे वार कर्तृणाम् प्रयोग केम दर्शाव्यो छे ?

**समाधान :-** बन्ने पक्षे एकसरखा ज प्रयोग सिध्ध थाय छे, आम रूपनो निर्णय थई शके ते माटे बे वार प्रयोग दर्शाव्यो छे. बाकी तेनुं बीजुं कोई फळ नथी.

**(xxvii) शुचये –** * शुचि + ङे, * 'ङित्यदिति १.४.२३' → शुचे + ङे, * 'एदैतो० १.२.२३' → शुचय् + ङे = शुचये।

**(xxviii) शुचेः** – * शुचि + ङसि કે ङस्, * 'ङित्यदिति १.४.२३' → शुचे + ङसि કે ङस्, * 'एदोद्भ्याम्० १.४.३५' → शुचे + र्, * 'रः पदान्ते० १.३.५३' → शुचेः।

**(xxix) शुच्योः** – * शुचि + ओस्, * 'इवर्णादे० १.२.२१' → शुच्य् + ओस्, * 'सो रुः २.१.७२' → शुच्योर्, * 'रः पदान्ते० १.३.५३' → शुच्योः।

**(xxx) शुचौ** – * शुचि + ङि, * 'ङिर्डौ १.४.२५' → शुचि + डौ, * 'ङित्यन्त्य० २.१.११४' → शुच् + डौ = शुचौ।

शुचिने, शुचिनः, शुचिनोः, शुचिनि પ્રયોગોની સાધનિકા ગ્રામણિને વિગેરે પ્રયોગો પ્રમાણે સમજવી.

**(xxxi) मृदवे** – * मृदु + ङे, * 'ङित्यदिति १.४.२३' → मृदो + ङे, * 'ओदौतो० १.२.२४' → मृदव् + ङे = मृदवे।

**(xxxii) मृदोः** – * मृदु + ङसि કે ङस्, * 'ङित्यदिति १.४.२३' → मृदो + ङसि કે ङस्, * 'एदोद्भ्याम्० १.४.३५' → मृदो + र्, * 'रः पदान्ते० १.३.५३' → मृदोः।

**(xxxiii) मृद्वोः** – * मृदु + ओस्, * 'इवर्णादे० १.२.२१' → मृद्व् + ओस्, * 'सो रुः २.१.७२' → मृद्वोर्, * 'रः पदान्ते० १.३.५३' → मृद्वोः।

**(xxxiv) मृदौ** – * मृदु + ङि, * 'ङिर्डौ १.४.२५' → मृदु + डौ, * 'ङित्यन्त्य० २.१.११४' → मृद् + डौ = मृदौ।

मृदुने, मृदुनः, मृदुनोः, मृदुनि પ્રયોગોની સાધનિકા ગ્રામણિને વિગેરે પ્રયોગો પ્રમાણે સમજવી.

**(xxxv) चित्रगवे** – * 'एकार्थं चाने० ३.१.२२' → चित्राः गावः यस्य तद् = चित्रगौ, * 'क्लिबे० २.४.९७' → चित्रगु + ङे, * આ સૂત્રથી પુંવદ્ભાવ થવાથી 'क्लिबे० २.४.९७' સૂત્રથી થયેલા હ્રસ્વભાવનું નિવર્તન થવાથી પુનઃ चित्रगौ + ङे, * 'गोश्चान्ते० २.४.९६' → चित्रगु + ङे, * 'ङित्यदिति १.४.२३' → चित्रगो + ङे, * 'ओदौतो० १.२.२४' → चित्रगव् + ङे = चित्रगवे।

**(xxxvi) अतिराया** – * रायमतिक्रान्तम् = अतिरै, * 'क्लिबे० २.४.९७' → अतिरि + टा, * આ સૂત્રથી પુંવદ્ભાવ થવાથી 'क्लिबे० २.४.९७' સૂત્રથી થયેલા હ્રસ્વભાવનું નિવર્તન થવાથી પુનઃ अतिरै + टा, * 'एदैतो० १.२.२३' → अतिराय् + टा = अतिराया।

**(xxxvii) अतिनावा** – * नावमतिक्रान्तम् = अतिनौ, * 'क्लिबे० २.४.९७' → अतिनु + टा, * આ સૂત્રથી પુંવદ્ભાવ થવાથી 'क्लिबे० २.४.९७' સૂત્રથી થયેલા હ્રસ્વભાવનું નિવર્તન થવાથી પુનઃ अतिनौ + टा, * 'ओदौतो० १.२.२४' → अतिनाव् + टा = अतिनावा।

अहमित्यस्त्यस्य = अहंयु + ङे नी साधनिका मृदवे प्रयोग प्रमाणे કરવાથી अहंयवे प्रयोग सिद्ध थशे.

**(xxxviii) कुमार्यै** – ✲ 'कर्तुः क्विप्० ३.४.२५' → कुमारीवाचरतीति क्विप् = कुमारी + क्विप् (०) = कुमारी धातु, ✲ 'क्विप्० ५.१.१४८' → कुमारी + क्विप् = कुमारी नाम (અર્થ - કુમારી જેવું આચરણ કરનાર), (અથવા બીજી રીતે) ✲ 'अमाव्ययात्० ३.४.२३' → कुमारीमिच्छतीति क्यन् = कुमारी + क्यन् = कुमारीय धातु, ✲ 'क्विप्० ५.१.१४८' → कुमारीयतीति क्विप् = कुमारीय + क्विप् (०), ✲ 'अतः ४.३.८२' → कुमारीय् + क्विप्, ✲ 'य्वोः प्वय्० ४.४.१२१' → कुमारी + क्विप् = कुमारी नाम (અર્થ- કુમારી ને ઇચ્છનાર), ✲ 'क्लिबे० २.४.९७' → कुमारि + ङे, ✲ આ સૂત્રથી પુંવદ્ભાવ થવાથી 'क्लिबे० २.४.९७' સૂત્રથી થયેલા હ્રસ્વભાવનું નિવર્તન થવાથી પુનઃ कुमारी + ङे, ✲ '(A)स्त्रीदूतः १.४.२९' → कुमारी + दै, ✲ 'इवर्णादे० १.२.२१' → कुमार्य् + दै = कुमार्यै।

| | (xxxix) चित्रगुणे | (xl) अतिरिणा | (xli) अतिनुना |
|---|---|---|---|
| | चित्रगौ | अतिरै | अतिनौ |
| ✲ 'क्लिबे० २.४.९७' → | चित्रगु + ङे | अतिरि + टा | अतिनु + टा |
| ✲ 'अनाम्स्वरे० १.४.६४' → | चित्रगुन् + ङे | अतिरिन् + टा | अतिनुन् + टा |
| ✲ 'रषृवर्णान्० २.३.६३' → | चित्रगुण् + ङे | अतिरिण् + टा | ↓ |
| | = चित्रगुणे। | = अतिरिणा। | = अतिनुना। |

| | (xlii) अहंयुने | (xliii) कुमारिणे |
|---|---|---|
| | अहंयु + ङे | कुमारी |
| ✲ 'क्लिबे० २.४.९७' → | ↓ | कुमारि + ङे |
| ✲ 'अनाम्स्वरे० १.४.६४' → | अहंयुन् + ङे | कुमारिन् + ङे |
| ✲ 'रषृवर्णान्० २.३.६३' → | ↓ | कुमारिण् + ङे |
| | = अहंयुने। | = कुमारिणे। |

(A) कुमारी शब्द हाल तो पुंवत् छे. छतां ते मूળथी नित्यस्त्रीलिंग होवाथी अने 'स्त्रीदूतः १.४.२९' सूत्रमां नित्यस्त्रीलिंग ई कारान्त-ऊ कारान्त नामथी परमां वर्तता तत्संबंधी के अन्यसंबंधी ङित् प्रत्ययोना दै विगेरे आदेश थता होवाथी कुमारी शब्दथी परमां ङे नो दै आदेश कर्यो छे.

**(6)** વિશેષ્ય વશે ન નપુંસકલિંગમાં વર્તતું નામ્યન્ત નામ પુંવત્ થાય એવું કેમ ?

| | **(a) त्रपुणे** | **(b) जतुने** | **(c) पीलुने फलाय** |
|---|---|---|---|
| | त्रपु + ङे | जतु + ङे | पीलु + ङे |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | त्रपुन् + ङे | जतुन् + ङे | पीलुन् + ङे |
| * 'रषृवर्णान्० २.३.६३' → | त्रपुण् + ङे | ↓ | ↓ |
| | = त्रपुणे। | = जतुने। | = पीलुने फलाय। |

અહીં ત્રપુ વિગેરે શબ્દો જાતિપ્રવૃત્તિનિમિત્તક શબ્દો હોવાથી તેમને વિશેષ્યવશે નપુંસકલિંગનો અન્વય નથી થયો, પણ તેઓ મૂળથી ન નપુંસકલિંગ શબ્દો છે. તેથી આ સૂત્રથી તેમનો પુંવદ્ભાવ ન થવાથી તેમને 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી ન્ આગમનો નિષેધ ન થયો.

**शंका :-** પીલુને પ્રયોગ પાછળ फलाय અનુપ્રયોગ કેમ કર્યો છે ?

**समाधान :-** पीलु શબ્દ વૃક્ષવાચી અને ફળવાચી બન્ને પ્રકારનો મળે છે. તેમાં વૃક્ષત્વ ને વ્યાપ્ય પીલુત્વ જાતિપ્રવૃત્તિનિમિત્તક વૃક્ષવાચી पीलु શબ્દ પુંલિંગ છે, જ્યારે ફલત્વ ને વ્યાપ્ય પીલુત્વ જાતિપ્રવૃત્તિનિમિત્તક ફળવાચી पीलु શબ્દ નપુંસકલિંગ છે. અહીં ફળવાચી નપુંસકલિંગ पीलु શબ્દનું ગ્રહણ કર્યું છે તેનો બોધ થાય તે માટે फलाय આ પ્રમાણે અનુપ્રયોગ કર્યો છે. 'पीडः कित् (उणा.२१)' સૂત્રથી लु પ્રત્યય લાગી નિષ્પન્ન पीलु શબ્દ વૃક્ષવાચી છે અને એ ન વૃક્ષવાચી पीलु શબ્દને (ફળ સ્વરૂપ) વિકાર અર્થમાં अण् પ્રત્યય લાગ્યા બાદ 'फले ६.२.५८' સૂત્રથી अण् પ્રત્યયનો લોપ થતા નિષ્પન્ન पीलु શબ્દ ફળવાચી છે.

**(7)** ટા વિગેરે ન સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા વિશેષ્યવશે નપુંસકલિંગમાં વર્તતું નામ્યન્ત નામ પુંવત્ થાય એવું કેમ ?

| | **(a) ग्रामणिनी** | **(b) शुचिनी कुले** |
|---|---|---|
| | ग्रामणी | शुचि + औ |
| * 'क्लिबे० २.४.९७' → | ग्रामणि + औ | ↓ |
| * 'औरीः १.४.५६' → | ग्रामणि + ई | शुचि + ई |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | ग्रामणिन् + ई | शुचिन् + ई |
| | = ग्रामणिनी। | = शुचिनी। |

અહીં સ્વરાદિ औ પ્રત્યય પરમાં છે. પણ તે ટા કે ટા પછીનો સ્વરાદિ પ્રત્યય ન હોવાથી પુંવદ્ભાવ ન થયો.

**(8)** टा વિગેરે સ્વરાદિ ૭ પ્રત્યયો પરમાં હોય ત્યારે આ સૂત્રથી પુંવદ્‌ભાવ થાય એવું કેમ ?

**(a) ग्रामणिभ्यां कुलाभ्याम्** **(b) ग्रामणिभिः कुलैः**

| | | |
|---|---|---|
| | ग्रामणी | ग्रामणी |
| * 'क्लिबे० २.४.९७' → | ग्रामणि + भ्याम् | ग्रामणि + भिस् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ग्रामणिभिर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | ग्रामणिभिः |
| | = ग्रामणिभ्याम्। | = ग्रामणिभिः। |

અહીં टा પછીના भ्याम्-भिस् પ્રત્યયો પરમાં છે, પણ તેઓ સ્વરાદિ ન હોવાથી પુંવદ્‌ભાવ ન થયો.

**(9)** વિશેષ્યવશે નપુંસકલિંગમાં વર્તતું નામ્યન્ત ૭ નામ પુંવત્ થાય એવું કેમ ?

**(a) कीलालपेन कुलेन – * कीलालं पातीति क्विप् (०) = कीलालपा, * 'क्लिबे० २.४.९७' → कीलालप + टा, * 'टाङसोरिन० १.४.५' → कीलालप + इन, * 'अवर्णस्ये० १.२.६' → कीलालपेन।**

અહીં कीलालपा નામ નામ્યન્ત ન હોવાથી પુંવદ્‌ભાવ ન થયો.

**(10)** નામ્યન્ત નામ વિશેષ્યવશે નપુંસકલિંગમાં ૭ વર્તવું જોઈએ એવું કેમ ?

**(a) कल्याण्यै ब्राह्मण्यै – * कल्याणी + ङे, * 'स्त्रिया ङितां वा० १.४.२८' → कल्याणी + दै, * 'इवर्णादे० १.२.२१' → कल्याण्य् + दै = कल्याण्यै।**

અહીં નામ્યન્ત कल्याणी નામ વિશેષ્યવશે સ્ત્રીલિંગમાં વર્તતું હોવાથી પુંવદ્‌ભાવ ન થયો ।।૬૨।।

## दध्यस्थि–सक्थ्यक्ष्णोऽन्तस्यान्[7] ।। १.४.६३।।

**बृ.वृ.–'दधि, अस्थि, सक्थि, अक्षि' इत्येतेषां नपुंसकानां नाम्यन्तानामन्तस्य[1] तत्सम्बन्धिन्यन्यसम्बन्धिनि वा टादौ स्वरे परे 'अन्' इत्ययमादेशो भवति। दध्ना[2], दध्ने, दध्नि, दधनि ; अस्थ्ना, अस्थ्ने, अस्थ्नि, अस्थनि ; सक्थ्ना, सक्थ्ने, सक्थ्नि, सक्थनि ; अक्ष्णा, अक्ष्णे, अक्ष्णि, अक्षणि ; परमदध्ना[3], परमास्थ्ना, परमसक्थ्ना, परमाक्ष्णा, अतिदध्ना, अत्यस्थ्ना, अतिसक्थ्ना, अत्यक्ष्णा, प्रियदध्ना[4], समासान्तविधेरनित्यत्वात् कच् न भवति ; प्रियास्थ्ना शुना, दृढसक्थ्ना[5] शाकटेन, स्थूलाक्ष्णा इक्षुणा, अस्वाङ्गत्वात् "सक्थ्यक्ष्णः स्वाङ्गे" (७.३.१२६.) इति समासान्तो न भवति। अतिदध्न्या[6] स्त्रिया, प्रियास्थ्न्यै शुन्यै, अत्रानादेशे सति नान्तत्वाद् ङीः। टादावित्येव[8]?**

**दधिनी, दधीनि। स्वर[9] इत्येव? दधिभ्याम्, दधिभिः। नपुंसकस्य[10] इत्येव? दधातीत्येवंशीलो दधिः, दधिनामा वा, दधिना, दधये। दध्ना[11], अतिदध्ना कुलेनेत्यादौ विशेषविधानात् परमपि नागममनादेशो बाधते ।।६३।।**

**સૂત્રાર્થ :-** નપુંસક दधि, अस्थि, सक्थि અને अक्षि આ નામ્યન્ત નામોના અંત્યવર્ણનો તેના સંબંધી કે અન્યસંબંધી ટા વિગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા अन् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ दधि च अस्थि च सक्थि च अक्षि चैतेषां समाहारः = दध्यस्थिसक्थ्यक्षि (स.द्व.)।
तस्य = दध्यस्थिसक्थ्यक्ष्णः।

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રવર્તી दध्यस्थिसक्थ्यक्ष्णः ષષ્ઠ્યન્ત પદ છે અને ષષ્ઠી વિભક્તિ સંબંધ અર્થમાં થાય છે, તેથી દધિ વિગેરે નામો સંબંધી ઙ ટા વિગેરે પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થવી જોઈએ. તો તત્સંબંધી કે અન્યસંબંધી ટા વિગેરે પ્રત્યયો પરમાં વર્તતા સૂત્રપ્રવૃત્તિની વાત કેમ કરી છે ?

**સમાધાન :-** ષષ્ઠ્યન્ત दध्यस्थिसक्थ्यक्ष्णः પદનો અન્વય ટાદિ ની સાથે નથી, પણ ('દધિ વિગેરેના અંત્યનો' આમ) સૂત્રવર્તી કાર્યિવાચક અન્તસ્ય પદની સાથે છે. અર્થાત્ તે સૂત્રવર્તી અન્તસ્ય પદનું વિશેષણ છે. હવે એક વાર અન્તસ્ય પદની સાથે અન્વય થવાના કારણે ષષ્ઠી ચરિતાર્થ થઈ ગઈ, પછી ફરી તેનો અન્વય ટાદિ ની સાથે ન થઈ શકે. આથી ટાદિ પ્રત્યયોને વિષે દધિ વિગેરે નામોની સંબંધિતા ન જણાતા માત્ર તેઓની પરવર્તિતા જ જણાતી હોવાથી તત્સંબંધી કે અન્યસંબંધી ટા વિગેરે પ્રત્યયો પરમાં વર્તતા સૂત્રપ્રવૃત્તિની વાત કરી છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

| | | **(i) दध्ना** | **(ii) दध्ने** | **(iii) दध्नि** | **(iv) दधनि** |
|---|---|---|---|---|---|
| | | **दधि + टा** | **दधि + ङे** | **दधि + ङि** | **दधि + ङि** |
| *** 'दध्यस्थि० १.४.६३'** | → | **दधन् + टा** | **दधन् + ङे** | **दधन् + ङि** | **दधन् + ङि** |
| *** 'अनोऽस्य २.१.१०८'** | → | **दध्न् + टा** | **दध्न् + ङे** | ↓ | ↓ |
| *** 'इङौ वा० २.१.१०९'** | → | ↓ | ↓ | **दध्न् + ङि** | ↓ |
| | | **= दध्ना।** | **= दध्ने।** | **= दध्नि।** | **= दधनि।** |

અહીં 'इङौ वा० २.१.१०९' સૂત્રની પ્રવૃત્તિ થાય ત્યારે दध्नि અને ન થાય ત્યારે વિકલ્પપક્ષે दधनि પ્રયોગ સિદ્ધ થાય છે.

અસ્થ્ના વિગેરે સર્વપ્રયોગોની સાધનિકા દધ્ના વિગેરે પ્રયોગો પ્રમાણે સમજવી.

**(3) શંકા :-** સૂત્રમાં દધિ વિગેરે નામોના અંત્યને અન્ આદેશની વાત કરી છે, પરમદધિ વિગેરે નામોના અંત્યને નહીં. તો પરમદધ્ના પ્રયોગસ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ કેમ કરો છો ?

**સમાધાન :-** સૂત્રવર્તી નપુંસકલિંગ એવા દધિ વિગેરે જે છે તેઓ ટાદિ સ્યાદિ પ્રત્યયો દ્વારા આક્ષિપ્ત 'નામ' રૂપ પ્રકૃતિના ('દધિ વિગેરે નામો' આ પ્રમાણે) વિશેષણ છે. તેથી 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષા પ્રમાણે વિશેષણ એ વિશેષ્ય રૂપ સમુદાયનું અંત્યઅવયવ બનવાથી દધિ વિગેરે નામો જેમના અંતમાં હોય તેવા પરમદધિ વિગેરે નામોને પણ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે. આથી પરમદધ્ના સ્થળે સૂત્રપ્રવૃત્તિ કરી છે.

**શંકા :-** ભલે તમે દધિ વિગેરે જેમના અંતમાં હોય તેવા પરમદધ્ના પ્રયોગસ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ કરો. પરંતુ આ સૂત્રમાં પૂર્વસૂત્રથી નપુંસકસ્ય પદની અનુવૃત્તિ આવે છે. તેથી દધિ વિગેરે અંતવાળા નામો નપુંસકલિંગમાં વર્તતા હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ થવી જોઈએ. તો નપુંસકલિંગમાં ન વર્તતા પ્રિયાસ્થ્ના શુના વિગેરે સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ કેમ કરો છો ?

**સમાધાન :-** પૂર્વસૂત્રાનુવૃત્ત નપુંસકસ્ય પદનો જો સૂત્રવર્તી દધ્યસ્થિસક્થ્યક્ષ્ણઃ પદની સાથે અન્વય થાય તો 'નપુંસક એવા દધિ વિગેરે નામોના....' આવો અર્થ પ્રાપ્ત થાય અને જો તેનો ટાદિ સ્યાદિ પ્રત્યયો દ્વારા સૂત્રમાં આક્ષિપ્ત નામ્નઃ પદ (નામ રૂપ પ્રકૃતિ) ની સાથે અન્વય થાય તો 'દધિ વિગેરે નપુંસકલિંગ નામોના...' આ રીતનો અર્થ પ્રાપ્ત થાય. આથી જો નામ્નઃ પદની સાથે અન્વય સ્વીકારીએ તો તમારા કહ્યા મુજબ આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે નામ ચાહે દધિ વિગેરે હોય કે દધિ વિગેરે અંતવાળું હોય પણ તે નપુંસકસ્ય વિશેષણથી વિશિષ્ટ હોવાથી તેનું નપુંસકલિંગમાં વર્તવું આવશ્યક બને. પરંતુ ***'શ્રુતાનુમિતયોઃ શ્રૌતો વિધિર્બલીયાન્'***(A) ન્યાય પ્રમાણે નપુંસકસ્ય પદનો અનુમિત એવા નામ્નઃ પદની સાથે અન્વય ન થતા સૂત્રમાં સાક્ષાત્ કહેવાયેલ શ્રૌત દધ્યસ્થિસક્થ્યક્ષ્ણઃ પદની સાથે અન્વય થાય છે. તેથી 'નપુંસકલિંગ એવા દધિ વિગેરે નામોના ...' અર્થ પ્રાપ્ત થતા દધિ વિગેરેનું નપુંસકલિંગમાં વર્તવું આવશ્યક બને છે, નહીં કે દધિ વિગેરે અંતવાળા નામોનું. તેથી પ્રિયાસ્થ્ના શુના પ્રયોગસ્થળે ભલે પ્રિયાસ્થિ શબ્દ નપુંસકલિંગ ન હોય પણ તદન્તર્વર્તી અસ્થિ શબ્દ તો નપુંસકલિંગ છે જ. તેથી નપુંસકસ્ય વિશેષણથી વિશિષ્ટ દધ્યસ્થિસક્થ્યક્ષ્ણઃ પદના અર્થાનુસારે કોઈ દોષ ન હોવાથી પ્રિયાસ્થ્ના શુના પ્રયોગસ્થળે અમે આ સૂત્રની પ્રવૃત્તિ કરી છે.

અહીં આ ખાસ ધ્યાનમાં રાખવું કે પૂર્વસૂત્રાનુવૃત્ત નપુંસકસ્ય પદ દધ્યસ્થિસક્થ્યક્ષ્ણઃ પદનું વિશેષણ બને છે. તેથી આ સૂત્રમાં 'નપુંસકલિંગ એવા દધિ વિગેરે નામોના...' કે 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષા પ્રમાણે

---

(A) શ્રુત અને અનુમિત સંબંધી વિધિઓમાં શ્રુતસંબંધી વિધિ બળવાન બને. સૂત્રમાં સાક્ષાત્ કથિત હોય તે શ્રુત કહેવાય અને પરિભાષાથી કે પૂર્વસૂત્રથી આવતી અનુવૃત્તિ દ્વારા જે પ્રાપ્ત હોય તે અનુમિત કહેવાય.

'નપુંસકલિંગ એવા દધિ વિગેરે અંતવાળા નામોના...' અર્થ પ્રાપ્ત થાય છે. પણ 'દધિ વિગેરે કે દધિ વિગેરે અંતવાળા નપુંસકલિંગ નામોના...' અર્થ પ્રાપ્ત નથી થતો. દધિ વિગેરે અંતવાળા નામોમાં વર્તતા દધિ વિગેરે અંશો તો નપુંસકલિંગ છે ∽. તેથી નપુંસકલિંગ દધિ વિગેરે અંતવાળા નામો ચાહે નપુંસકલિંગ હોય કે કોઈ અન્યલિંગી હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે.

**શંકા :-** 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષા પ્રમાણે જો દધિ વિગેરે અંતવાળા નામોને આ સૂત્રની પ્રવૃત્તિ થતી હોય તો સર્વત્ર દધિ વિગેરે અંતવાળા નામોને આ સૂત્રની પ્રવૃત્તિ થવી જોઈએ, કેવળ દધિ વિગેરે નામોને નહીં. તો દધ્ના વિગેરે પ્રયોગો શી રીતે સિદ્ધ થશે ?

**સમાધાન :-** ***'व्यपदेशिवदेकस्मिन् (परि.शे. ३०)***[A]**'** ન્યાયથી અવયવને વિશે પણ અવયવીનો વ્યવહાર થાય છે. તેથી દધિ વિગેરે અંતવાળા નામોમાં અવયવ રૂપે વિદ્યમાન કેવળ દધિ વિગેરે પણ દધ્યન્તવત્ ∽ ગણાવાથી કેવળ દધિ વિગેરે નામોને પણ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકતા દધ્ના વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકશે.

**શંકા :-** ***'व्यपदेशिवद्भावोऽनाम्ना (परि. शे. ३२)***[B]**'** આવો પણ ન્યાય હોવાથી નામસ્થળે અવયવને વિશે અવયવીનો વ્યવહાર નથી થતો. તેથી અવયવ રૂપ દધિ વિગેરે નામો દધ્યન્તવત્ ન ગણાતા દધ્ના વિગેરે પ્રયોગો સિદ્ધ નહીં થઈ શકે.

**સમાધાન :-** આ ન્યાય પ્રત્યયવિધિના વિષયમાં ∽ નામસ્થળે અવયવને વિશે અવયવીના વ્યવહારનો નિષેધ કરે છે. ∽ેમકે - 'अकल्पात् सूत्रात् ૬.૨.૧૨૦' સૂત્રથી કલ્પ સિવાયના શબ્દથી પરમાં રહેલા સૂત્ર અંતે હોય એવા શબ્દને इकण् પ્રત્યય થાય છે. તો તે સૂત્રથી इकण् પ્રત્યય કલ્પ સિવાયના શબ્દથી પરમાં રહેલા સૂત્રાન્ત શબ્દને ∽ લઈને થાય, પણ ***'व्यपदेशिवदेकस्मिन्०'*** ન્યાયથી કેવળ સૂત્ર શબ્દને ન થાય. કારણ इकण् વિગેરે પ્રત્યયવિધિ સ્થળે ***'व्यपदेशिवद्भावोऽनाम्ना०'*** ન્યાય ***'व्यपदेशिवदेकस्मिन्०'*** ન્યાયનો બાધક બને છે. પરંતુ પ્રસ્તુતમાં દધિ વિગેરેના અંત્યનો अन् આદેશ કરવો એ કાંઈ પ્રત્યયવિધિ નથી. તેથી ***'व्यपदेशिवद्भावोऽनाम्ना०'*** ન્યાય લાગવાનો અહીં અવસર ન વર્તતા ***'व्यपदेशिवदेकस्मिन्०'*** ન્યાયથી કેવળ દધિ વિગેરે નામો દધ્યન્તવત્ ગણાવાથી દધ્ના વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકશે.

**(4)** प्रियं दधि यस्य स = प्रियदधि અવસ્થામાં આમ તો 'दध्युरः-सर्पि० ૭.૩.૧૭૨' સૂત્રથી कच् પ્રત્યય

---

(A) અવયવને વિશે અવયવીનો વ્યવહાર થઈ શકે છે. एकस्मिन् = એક અવયવને વિશે, व्यपदेशिवत् = અવયવી સદશ વ્યવહાર થઈ શકે છે. પૂ. ***'હેમહંસ ગણિજી'*** ના ન્યાયસંગ્રહમાં આના બદલે ***'आद्यन्तवदेकस्मिन् (न्या. सं. १/५)'*** ન્યાય છે.

(B) નામ રૂપ અવયવની સાથે અવયવીસદશ વ્યવહાર નથી થતો. (इयं ***('व्यपदेशिवद्भावोऽनाम्ना') 'ग्रहणवता नाम्ना०'*** इति च परिभाषा प्रत्ययविधिविषयैव (परि. शे.३२ टीका))

થવાથી પ્રિયદધિક શબ્દ નિષ્પન્ન થવા દ્વારા તૃતીયા એકવચનમાં પ્રિયદધિકેન પ્રયોગ સિદ્ધ થવો જોઈએ. પરંતુ ***'समासान्ता-ऽऽगम-संज्ञा-ज्ञापक-गण-नञ्निर्दिष्टान्यनित्यानि'*** ન્યાયાનુસારે પ્રસ્તુતમાં કચ્ સમાસાન્તવિધિ અનિત્ય બનતી હોવાથી કચ્ ના અભાવે આ સૂત્રની પ્રવૃત્તિ થવાથી પ્રિયદધ્ના પ્રયોગ સિદ્ધ થાય છે. આ જ રીતે પ્રિયાક્ષ્ણા પ્રયોગસ્થળે પણ ઉપરોક્ત ન્યાયથી ***'अक्ष्णोऽप्राण्यङ्गे ૭.૩.૮૫'*** સૂત્રથી થતા આગમની અનિત્યતા જાણવી.

**(5) શંકા :-** દૃઢસક્થ્ના શકટેન અને સ્થૂલાક્ષ્ણા ઇક્ષુણા આ બહુવ્રીહિસમાસ પૂર્વકના પ્રયોગસ્થળે અસ્થિ અને સક્થિ શબ્દો અનુક્રમે શકટ અને ઇક્ષુ પદાર્થના અંગવાચી છે. તેથી બહુવ્રીહિને અંતે 'सक्थ्यक्ष्णः स्वाङ्गे ૭.૩.૧૨૬' સૂત્રથી ટ સમાસાન્ત થવો જોઈએ. તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** વૈયાકરણોની પરિભાષા મુજબ જે વસ્તુ પ્રાણિસ્થ[A] (પ્રાણ્યંગ) હોય તેને સ્વાઙ્ગ કહેવાય. દૃઢસક્થ્ના શકટેન પ્રયોગસ્થળે શકટ પ્રાણી ન હોવાથી તેનો અંગવાચી અસ્થિ શબ્દ સ્વાઙ્ગ વાચી ન કહેવાય. તેથી 'सक्थ्यक्ष्णः स्वाङ्गे ૭.૩.૧૨૬' સૂત્રમાં અપેક્ષિત અંગવાચિતા રૂપ નિમિત્તની પરિપૂર્તિ ન થવાથી દૃઢસક્થ્ના શકટેન પ્રયોગસ્થળે અમે ટ સમાસાન્ત નથી કરતા.

**શંકા :-** સ્થૂલાક્ષ્ણા ઇક્ષુણા પ્રયોગસ્થળે ઇક્ષુ શબ્દ પ્રાણીવાચી છે. તેથી તેના સ્વાંગવાચી અક્ષિ શબ્દપૂર્વકના બહુવ્રીહિસમાસના અંતે તો ટ સમાસાન્ત કરશો ને ?

**સમાધાન :-** વ્યાકરણશાસ્ત્રમાં [B]બે-ઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જ જીવોનું પ્રાણી રૂપે ગ્રહણ કર્યું છે. તેથી એકેન્દ્રિય ઈક્ષુ પદાર્થનો વાચક ઇક્ષુ શબ્દ પ્રાણીવાચી ન હોવાથી તેનો અંગવાચી અક્ષિ શબ્દ સ્વાઙ્ગ વાચી ન હોવાથી તત્પૂર્વકના બહુવ્રીહિસમાસને અંતે 'सक्थ्यक्ष्णः स्वाङ्गे ૭.૩.૧૨૬' સૂત્રથી ટ સમાસાન્ત ન થઈ શકે.

**(6) શંકા :-** दधि अतिक्रान्ता = अतिदधि અવસ્થામાં કયાં સૂત્રથી સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લગાડી अतिदध्ना પ્રયોગ સિદ્ધ કરશો ?

**સમાધાન :-** 'इतोक्त्यर्थात् ૨.૪.૩૨' સૂત્રથી ङी પ્રત્યય લગાડી સિદ્ધ કરશું.

**શંકા :-** અતિદધિ નામને 'इतोक्त्यर्थात् ૨.૪.૩૨' સૂત્રથી જો ङी પ્રત્યય લગાડશો તો अतिदधि + ङी + टा અવસ્થામાં અતિદધિ ના અંત્ય इ અને टा પ્રત્યયની વચ્ચે ङी પ્રત્યયનું વ્યવધાન થવાથી તે इ નો આ સૂત્રથી अन् આદેશ નહીં થઈ શકે.

---

(A) अविकारोऽद्रवं मूर्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते। च्युतञ्च प्राणिनस्तत्तन्निभं च प्रतिमादिषु।।

(B) आयुरुच्छ्वासबलेन्द्रियाणि प्राणाः, ते येषां सन्ति ते प्राणिनः, ते चेह (= व्याकरणशास्त्रे) 'प्राण्यौषधिवृक्षेभ्योऽवयवे च ६.३.३१' इति प्राणिग्रहणानन्तरं वृक्षौषधिग्रहणाद् द्वीन्द्रियादयस्त्रसा उच्यन्ते। (२.४.३८ बृ.न्यासः)

**સમાધાન :-** સારૂં, તો અમે दध्यतिक्रान्तं यया = અતિદધિ આમ બહુવ્રીહિસમાસ કરી ટા પ્રત્યય લગાડી અતિદધિ + ટા અવસ્થામાં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકવાથી અતિદધન્ + ટા અવસ્થા પ્રાપ્ત થતા 'अनो वा ૨.૪.૧૧' સૂત્રથી ङी પ્રત્યય લગાડી અતિદધ્ન્યા પ્રયોગ સિદ્ધ કરશું.

**શંકા :-** આ રીતે બહુવ્રીહિસમાસ કરી અતિદધિ શબ્દ નિષ્પન્ન કરશો તો 'दध्युरः-सर्पि० ૭.૩.૧૭૨' સૂત્રથી कच् સમાસાન્ત થશે. તેથી અતિદધિ + कच् + ટા અવસ્થામાં कच् નું વ્યવધાન થવાથી અતિદધિ ના અંત્ય इ નો આ સૂત્રથી अन् આદેશ નહીં થઈ શકે.

**સમાધાન :-** તો અમે दध्यतिक्रान्तया = અતિદધિ આમ તત્પુરૂષસમાસ કરી અતિદધિ + ટા અવસ્થામાં આ સૂત્રથી અતિદધિ ના અંત્ય इ નો अन् આદેશ કરી અતિદધન્[(A)] + ટા અવસ્થા પ્રાપ્ત થતા 'स्त्रियां नृतो० ૨.૪.૧' સૂત્રથી ङी પ્રત્યય લગાડી અતિદધન્ + ङी + ટા અવસ્થામાં 'अनोऽस्य ૨.૧.૧૦૮' સૂત્રથી અતિદધન્ ના ઉપાન્ત્ય अ નો લોપ કરી તેમજ 'इवर्णादे० ૧.૨.૨૧' સૂત્રથી ટા ની પૂર્વમાં રહેલા ङी (ई) નો य् આદેશ કરી અતિદધ્ન્યા પ્રયોગ સિદ્ધ કરશું.

**શંકા :-** ઉપરોક્ત સાધનિકા પ્રમાણે અતિદધન્ + ટા અવસ્થામાં આ સૂત્રથી થયેલા अन् આદેશના નિમિત્તે આગળ જતાં 'स्त्रियां नृतो० ૨.૪.૧' સૂત્રથી ङी પ્રત્યય થઈ શકે છે. તો ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य'*** ન્યાયાનુસારે તે ङी પ્રત્યય 'अनोऽस्य ૨.૧.૧૦૮' સૂત્રથી પોતાના નિમિત્ત એવા अन् આદેશ ના अ નો ઘાત ન કરી શકે. તેથી અતિદધ્ન્યા પ્રયોગ શી રીતે સિદ્ધ કરશો ?

**સમાધાન :-** ન્યાયોની પ્રવૃત્તિ સાર્વત્રિક નથી હોતી. તેથી પ્રસ્તુતમાં ***'सन्निपातलक्षणो०'*** ન્યાય અનિત્ય બનતો હોવાથી ङी પ્રત્યય પોતાના નિમિત્ત એવા अन् ના अ નો ઘાત કરી શકશે. તેથી અતિદધ્ન્યા પ્રયોગ સિદ્ધ થઈ શકશે.

પ્રિયાસ્થ્યૈ શુન્યૈ પ્રયોગની સાધનિકા અતિદધ્ન્યા પ્રયોગ પ્રમાણે સમજવી. માત્ર એટલું વિશેષ કે અહીં ચતુર્થી એકવચનનો ङे પ્રત્યય લગાડવો અને પછી તેનો 'स्त्रिया ङितां वा० ૧.૪.૨૮' સૂત્રથી दै આદેશ કરવો.

**(7) શંકા :-** આ સૂત્રમાં अन्तस्य પદ કેમ મુકો છો ? કારણ 'दध्यस्थिसक्थ्यक्ष्णोऽन्' આટલું જ સૂત્ર બનાવવામાં આવે તો પણ 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૬' પરિભાષાથી दध्यस्थिसक्थ्यक्ष्णः પદના અંતે વર્તતી ષષ્ઠી વિભક્તિને આશ્રયીને દધિ વિગેરેના અંત્યનો જ अन् આદેશ થવાની પ્રાપ્તિ છે.

**સમાધાન :-** સાચી વાત છે. પરંતુ સૂત્રમાં अन्तस्य પદ ન મૂકીએ તો કોઈ दध्यस्थिसक्थ्यक्ष्णः પદને પંચમ્યન્ત રૂપે ગ્રહણ કરી બેસે, તેથી સૂત્રનો અર્થ 'टादि स्वरादि प्रत्ययो પરમાં વર્તતા દધિ વિગેરેથી પરમાં

(A) अत्राऽनादेशे सति नान्तत्वाद् ङी। (बृ.वृत्ति)

अन् થાય છે' આમ થાય. વળી 'अनन्तः पञ्चम्याः० ૧.૧.૩૮' સૂત્રથી તે अन् ને પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થાય. તેથી अतिदधि + अन् + टा અવસ્થામાં अतिदधि નામને લાગેલો अन् પ્રત્યય તદ્ધિતનો ગણાવાથી 'अवर्णेवर्णस्य ૭.૪.૬૮' સૂત્રથી પૂર્વના इ નો લોપ થવાથી अतिदध् + अन् + टा અવસ્થા પ્રાપ્ત થાય અને ત્યારબાદ 'स्त्रियां नृतो० ૨.૪.૧' સૂત્રથી अन् ની પરમાં ङी પ્રત્યય લાગતા 'अनोऽस्य ૨.૧.૧૦૮' સૂત્રથી अन् ના अ નો લોપ થવાથી अतिदध् + न् + ङी + टा અવસ્થા પ્રાપ્ત થતા न् વ્યંજનાદિ પ્રત્યય હોવાથી 'नामसिदय्० ૧.૧.૨૧' સૂત્રથી अतिदध् ને પદ સંજ્ઞા પ્રાપ્ત થવાથી 'धुटस्तृतीयः ૨.૧.૭૬' સૂત્રથી તેના ध् નો द् આદેશ થતા अतिदध्या ને બદલે अतिदद्न्या આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે. પરંતુ સૂત્રમાં अन्तस्य પદનું ગ્રહણ કરીએ તો अन् નું પ્રત્યય રૂપે ગ્રહણ ન થતા ઉપરોક્ત આપત્તિ ન આવતી હોવાથી તેનું સૂત્રમાં ગ્રહણ કરીએ છીએ.

**શંકા :-** अतिदध् + न् + ङी + टा અવસ્થામાં 'अनोऽस्य ૨.૧.૧૦૮' સૂત્રથી લુપ્ત થયેલા अन् ના अ નો ***'आदेशाः स्थानीव (आदेशीव) स्युः'*** ન્યાયથી સ્થાનિવદ્ભાવ મનાવાથી अतिदध् ની પરમાં હવે વ્યંજનાદિ न् પ્રત્યય ન વર્તતા 'नामसिदय्० ૧.૧.૨૧' સૂત્રથી પદ સંજ્ઞા પ્રાપ્ત થવા પૂર્વક 'धुटस्तृतीयः ૨.૧.૭૬' સૂત્રથી अतिदध् ના ध् નો द् આદેશ થવાની પ્રાપ્તિ નથી. તેથી अतिदद्न्या અનિષ્ટ પ્રયોગના વારણાર્થે સૂત્રમાં अन्तस्य પદ મૂકવાની જરૂર નથી.

**સમાધાન :-** સાચી વાત છે. પણ તમારા કહ્યા મુજબ જો 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૬' પરિભાષાથી दध्यस्थिसक्थ्यक्ष्णः પદના અંતે વર્તતી ષષ્ઠી વિભક્તિને આશ્રયીને दधि વિગેરેના અંત્યનો अन् આદેશ કરીએ તો તમે જેમ 'अनोऽस्य ૨.૧.૧૦૮' સૂત્રથી લુપ્ત થયેલા अन् ના अ નો સ્થાનિવદ્ભાવ મનાવાની વાત કરો છો તેમ પ્રસ્તુતમાં પણ अतिदधन् + टा અવસ્થામાં આ સૂત્રથી થયેલા अन् આદેશનો 'स्थानीवावर्ण० ૭.૪.૧૦૯' સૂત્રથી સ્થાનિવદ્ભાવ[A] મનાવાથી અર્થાત્ अतिदधन् પણ अतिदधि વત્ મનાવાથી 'स्त्रियां नृतो० ૨.૪.૧' સૂત્રથી न् કારાન્ત अतिदधन् નામને આશ્રયીને થતો ङी પ્રત્યય પણ નહીં થઈ શકે. તેથી अतिदध्या પ્રયોગ સિદ્ધ ન થવાની આપત્તિ આવશે. તેથી अतिदधन् + टा અવસ્થામાં આ સૂત્રથી થયેલા अन् આદેશના સ્થાનિવદ્ભાવનો નિષેધ થઈ શકે અને તેમ થતા 'स्त्रियां नृतो० ૨.૪.૧' સૂત્રથી ङी પ્રત્યય થવા પૂર્વક अतिदध्या પ્રયોગ સિદ્ધ થઈ શકે તે માટે સૂત્રમાં अन्तस्य પદ મૂક્યું છે.

---

(A) અહીં આ વાત ધ્યાનમાં લેવી કે લઘુન્યાસની પંક્તિમાં જે असद्विधित्वात् પદ દર્શાવ્યું છે તેનો અર્થ 'असत् થતું હોવાથી = પૂર્વાવસ્થાવાળું મનાતું હોવાથી = આદેશીવત્ મનાતું હોવાથી = સ્થાનિવત્ મનાતું હોવાથી' આ પ્રમાણે કરવો પણ 'णषमसत्० ૨.૧.૬૦' સૂત્રાનુસારે 'असत् થતું હોવાથી' આ પ્રમાણે ન કરવો, કારણ 'णषमसत्० ૨.૧.૬૦' સૂત્રમાં જે असत्विधि દર્શાવી છે તેમાં સ્યાદિવિધિ કરવાની હોતે છતે '૨.૧.૬૦ થી ૨.૧.૯૯' સુધીના ૪૦ સૂત્રોથી થતી વિધિની असत् થવાની વાત કરી છે.

**શંકા :-** સૂત્રમાં અન્તસ્ય પદ મૂકીએ એટલે અતિદધન્ + ટા અવસ્થામાં આ સૂત્રથી થયેલા અન્ આદેશના સ્થાનિવદ્ભાવનો નિષેધ શી રીતે થઈ શકે ?

**સમાધાન :-** અન્તસ્ય એટલે (દધિ વિગેરેના) અંત્ય વર્ણનો. સૂત્રમાં અન્તસ્ય પદ મૂકીએ તેથી દધિ વિગેરેના અંત્ય વર્ણને જે અન્ આદેશની પ્રાપ્તિ આવે છે તે વર્ણવિધિ ગણાય અને વર્ણવિધિસ્થળે 'स्थानीवावर्ण० ૭.૪.૧૦૯' સૂત્રથી સ્થાનિવદ્ભાવ ન માની શકાય. તેથી અન્તસ્ય પદ મૂકવાથી અતિદધન્ + ટા અવસ્થામાં આ સૂત્રથી થયેલા અન્ આદેશના સ્થાનિવદ્ભાવનો નિષેધ થઈ શકે.

કેટલાક પોતાના વિવરણમાં 'સૂત્રમાં અન્તસ્ય પદ ન મૂકીએ તો 'अनेकवर्णः सर्वस्य ૭.૪.૧૦૭' પરિભાષાનુસારે દધિ, અતિદધિ વિગેરે આખા નામનો અન્ આદેશ થવાની પ્રાપ્તિ આવે. તેવું ન થાય તે માટે સૂત્રમાં અન્તસ્ય પદ મૂક્યું છે.' આવું કારણ દર્શાવે છે.

**(8)** ટા વિગેરે જ સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

**(a) दधिनी**

**दधि + औ**
*** 'औरीः १.४.५६' → दधि + ई**
*** 'अनाम्स्वरे० १.४.६४' → दधिन् + ई**
**= दधिनी।**

**(b) दधीनि**

**दधि + जस् के शस्**
*** 'नपुंसकस्य शिः १.४.५५' → दधि + शि**
*** 'अनाम्स्वरे० १.४.६४' → दधिन् + शि**
*** 'नि दीर्घः १.४.८५' → दधीन् + शि**
**= दधीनि।**

અહીં સ્વરાદિ પ્રત્યયો પરમાં છે. પણ તેઓ સૂત્રમાં અપેક્ષિત ટા વિગેરે સ્વરૂપ ન હોવાથી આ સૂત્રથી દધિ ના અંત્યનો અન્ આદેશ ન થયો.

**(9)** ટા વિગેરે સ્વરાદિ જ પ્રત્યયો પરમાં હોય ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

**(a) दधिभ्याम् (b) दधिभिः – * दधि + भ्याम् = दधिभ्याम् અને दधि + भिस् = दधिभिस् → दधिभिर् → दधिभिः।**

અહીં ટા વિગેરે પ્રત્યયો પરમાં છે પણ તેઓ સ્વરાદિ ન હોવાથી દધિ ના અંત્યનો અન્ આદેશ ન થયો.

**(10)** નપુંસકલિંગ એવા જ દધિ વિગેરે નામોના અંત્યવર્ણનો આ સૂત્રથી અન્ આદેશ થાય એવું કેમ ?

**શંકા :-** દધિ વિગેરે શબ્દો સ્વાભાવિક રીતે ન નપુંસકલિંગમાં વર્તે છે. જો તેઓ અન્યલિંગમાં વર્તતા હોય તો તેમને થતી સૂત્રપ્રવૃત્તિના નિષેધ માટે સૂત્રમાં નપુંસકસ્ય વિશેષણના અનુવૃત્તિની આવશ્યકતા રહે. પણ તેવું ન હોવાથી સૂત્રમાં નપુંસકસ્ય વિશેષણની અનુવૃત્તિ નિરર્થક છે.

**સમાધાન :-** દધિ વિગેરે શબ્દો જ્યારે કોકની સંજ્ઞામાં વર્તવાના કારણે યદચ્છાશબ્દ[A] રૂપે વર્તતા હોય કે પછી दधातीत्येवंशीलः = દધિ આ રીતે ક્રિયાશબ્દ[B] રૂપે વર્તતા હોય ત્યારે તેઓ અન્યલિંગમાં પણ જોવા મળે છે. તેવા સ્થળે આ સૂત્રથી अन् આદેશ ન થઈ જાય તે માટે સૂત્રમાં નપુંસકસ્ય વિશેષણની અનુવૃત્તિ સાર્થક છે.

**(a) दधिना**

दधि + टा
* 'टः पुंसि ना १.४.२४' → दधि + ना
= दधिना।

**(b) दधये**

दधि + ङे
* 'ङित्यदिति १.४.२३' → दधे + ङे
* 'एदैतो० १.२.२३' → दधय् + ङे
= दधये।

અહીં યદચ્છાશબ્દ કે ક્રિયાશબ્દ રૂપે વર્તતો દધિ શબ્દ નપુંસકલિંગમાં વર્તતો ન હોવાથી તેના અંત્યવર્ણનો આ સૂત્રથી अन् આદેશ ન થયો.

**(11) શંકા :-** अतिदध्ना ब्राह्मणेन પ્રયોગસ્થળે આ સૂત્રથી અતિદધિ ના અંત્યનો अन् આદેશ થયો હોવાથી આ સૂત્ર સાવકાશ છે અને वारिणा પ્રયોગસ્થળે 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् આગમ થયો હોવાથી 'अनाम्स्वरे० १.४.६४' સૂત્ર પણ સાવકાશ છે. હવે દધિ + ટા અવસ્થામાં બન્ને સૂત્રોની પ્રવૃત્તિ પ્રાપ્ત છે. તો 'स्पर्धे ७.४.११९' પરિભાષાથી પર હોવાના કારણે બળવાન 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી न् આગમ થવો જોઈએ, તેને બદલે તમે આ સૂત્રથી દધિ ના અંત્યનો अन् આદેશ કરી दध्ना પ્રયોગ શી રીતે સિદ્ધ કરી શકો ?

**સમાધાન :-** 'स्पर्धे ७.४.११९' સૂત્રમાં 'બે સૂત્રો પૈકી જે પરસૂત્ર હોય તેની પ્રવૃત્તિ કરવી' એમ કહ્યું છે, પરંતુ પર શબ્દનો 'ઈષ્ટ' અર્થ પણ થાય છે. તેથી 'स्पर्धे ७.४.११९' સૂત્રનો 'બે સૂત્રો પૈકી જે ઈષ્ટસૂત્ર હોય તેની પ્રવૃત્તિ કરવી' આવો અર્થ પણ થઈ શકે છે. તેથી દધિ + ટા અવસ્થામાં 'अनाम्स्वरे० १.४.६४' સૂત્ર

---

(A) શબ્દ ચાર પ્રકારના હોય છે : (a) જાતિ શબ્દ - ગો વિગેરે (b) ગુણ શબ્દ - શુક્લ વિગેરે (c) ક્રિયા શબ્દ - પાચક વિગેરે (d) યદચ્છા (સંજ્ઞા) શબ્દ - ડિત્થ વિગેરે.

(B) ક્રિયા શબ્દો ત્રિલિંગ = વિશેષણ શબ્દો હોય છે. તેથી તેઓ કોઈપણ લિંગમાં વર્તી શકે. [ग्रामण्यादिशब्दो हि क्रियाशब्दत्वात् त्रिलिङ्गत्वान्नित्यस्त्रीविषयो न भवति। (१.४.२९ बृ.न्यास)] યદચ્છા શબ્દો જે પદાર્થની સંજ્ઞામાં વર્તે તે પદાર્થના લિંગનું ગ્રહણ કરી લેતા હોય છે.

કરતા આ સૂત્રની પ્રવૃત્તિ કરવી ઈષ્ટ હોવાથી 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાનુસારે પર (= ઈષ્ટ) હોવાના કારણે બળવાન ગણાતા આ સૂત્ર દ્વારા 'अनाम्स्वरे० ૧.૪.૬૪' સૂત્રથી થતા ન્ આગમનો બાધ થવાથી दध्ना પ્રયોગ સિદ્ધ કરી શકાય છે.

અથવા જો પર શબ્દનો 'ઈષ્ટ' અર્થ ન કરીએ તો બીજી રીતે પણ આ સૂત્રથી अन् આદેશ કરી दध्ना પ્રયોગ સિદ્ધ કરી શકાય છે. તે આ રીતે - 'अनाम्स्वरे० ૧.૪.૬૪' સૂત્રથી आम् સિવાયના કોઈપણ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં હોય તો ન્ આગમ થઈ શકે છે. તેથી તે સૂત્રથી થતી ન્ આગમવિધિ સામાન્યવિધિ કહેવાય. જ્યારે આ સૂત્રથી दधि વિગેરેના અંત્યનો अन् આદેશ કરવો હોય તો પરમાં टा વિગેરે ૬ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો જોઈએ. તેથી આ સૂત્રથી થતી अन् આદેશરૂપ વિધિ વિશેષવિધિ કહેવાય. આમ ***'सर्वत्राऽपि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાયાનુસારે આ સૂત્રથી થતી अन् આદેશ રૂપ વિશેષવિધિ દ્વારા[A] 'अनाम्स्वरे० ૧.૪.૬૪' સૂત્રથી થતી ન્ આગમ રૂપ સામાન્યવિધિનો બાધ થવાથી दध्ना પ્રયોગ સિદ્ધ કરી શકાય છે. આ ૬ રીતે अतिदध्ना, दध्ने, सक्थ्ना વિગેરે સાધળાય પ્રયોગ અંગે પણ સમજવું ।।૬૩।।

## अनाम्स्वरे नोऽन्तः[1] ।। ૧.૪.૬૪।।

**बृ.वृ.–नाम्यन्तस्य नपुंसकस्य संबन्धिन्याम्वर्जिते स्यादौ स्वरे परे नोऽन्तो भवति। वारिणी[2] २, वारिणा, वारिणे, वारिणः २, वारिणोः २, वारिणि ; त्रपुणी २, त्रपुणा, त्रपुणे, त्रपुणः २, त्रपुणोः २, त्रपुणि ; कर्तृणी कुले २, कर्तृणा, कर्तृणे, कर्तृणः २, कर्तृणोः २, कर्तृणि ; प्रियगुरुणे, प्रियतिसृणः २, अत्र परत्वात् तिस्रादेशे सति नोऽन्तः। अनामिति[3] किम्? वारीणाम्, त्रपूणाम्, कर्तृणाम्, एषु नागमाभावे नामि सति "दीर्घो नाम्यतिसृ०" (१.४.४७) इत्यादिना दीर्घः सिद्धः। स्वरे[4] इति किम्? हे वारे!, हे त्रपो!। स्यादौ[5] इत्येव? तौम्बुरवं चूर्णम्। नामिन[6] इत्येव? काण्डे, कुण्डे। नपुंसकस्य[7] इत्येव? मुनी, साधू। तत्सम्बन्धि[8]विज्ञानादिह न भवति–प्रियवारये पुंसे, प्रियमधोः पुंसः ।।६४।।**

---

**सूत्रार्थ :-** નામ્યન્ત નપુંસક નામ સંબંધી आम् સિવાયના સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા (નામ્યન્ત નપુંસક નામને) ન્ આગમ થાય છે.

**सूत्रसमास :-** ◆ न आम् = अनाम् (नञ् तत्.)। अनाम् चासौ स्वरश्च = अनाम्स्वरः (कर्म.)। तस्मिन् = अनाम्स्वरे।

**विवरण :- (1) शंका :-** સૂત્રમાં अन्तः પદ કેમ મૂક્યું છે ?

---

(A) મુદ્રિત બૃ.ન્યાસમાં **'विशेषविधानान्तं बाधित्वा'** પાઠ દર્શાવ્યો છે તે અશુદ્ધ જણાય છે. પાઠ **'विशेषविधानेनाऽन्तं (= आगमं) बाधित्वा'** આમ હોવો ઠીક જણાય છે.

**સમાધાન :-** સૂત્રમાં અન્ત પદ ન મૂકીએ તો આ સૂત્રથી થતો ન્ 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રાનુસારે પ્રત્યય રૂપે ગ્રહણ થાય. તેવું ન થતા તેનું આગમ[A] રૂપે ગ્રહણ થાય તે માટે સૂત્રમાં અન્તः પદ મૂકીએ છીએ.

**શંકા :-** 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રથી પંચમ્યર્થથી વિહિત શબ્દને પ્રત્યયસંજ્ઞા થાય છે. જ્યારે આ સૂત્રમાં નામ્યન્ત નપુંસક નામ સંબંધી ૬ આમ્ સિવાયના સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા ન્ કરવાનો હોવાથી પૂર્વસૂત્રાનુવૃત્ત નપુંસક નામ સૂત્રમાં ષષ્ઠયન્ત રૂપે વિવક્ષિત હોવાથી સૂત્રમાં એવો કયો પંચમ્યર્થ છે કે જેનાથી વિહિત ન્ શબ્દને 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રાનુસારે તમે પ્રત્યય સંજ્ઞા પ્રાપ્ત થવાની વાત કરો છો ?

**સમાધાન :-** ક્વચિત્[B] ષષ્ઠયન્ત નિર્દેશ હોય અને પંચમ્યર્થની સાથે વિરોધ ન આવતો હોય તો પણ 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રાનુસારે પ્રત્યયસંજ્ઞા થઈ શકે છે. જેમકે - 'अजादेः २.४.१६' સૂત્રમાં अजादेः પદ ષષ્ઠયન્ત છે. છતાં તે સૂત્રથી થતાં આપ્ ને 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રાનુસારે પ્રત્યયસંજ્ઞા થાય છે. તેમ આ સૂત્રમાં પણ પૂર્વસૂત્રાનુવૃત્ત नपुंसकस्य પદ ષષ્ઠયન્ત હોવા છતાં ન્ નામ્યન્ત નપુંસક નામથી પરમાં થવાનો હોવાથી પંચમ્યર્થનો અવિરોધ હોવાના કારણે તેને પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થઈ શકે છે. આથી અમે પ્રત્યય સંજ્ઞા થવાની વાત કરી છે.

**શંકા :-** 'अजादेः २.४.१६' સૂત્રમાં अजादेः પદની આવૃત્તિ કરી એક अजादेः પદને ષષ્ઠયન્ત રૂપે અને બીજા अजादेः પદને પંચમ્યન્ત રૂપે ગ્રહણ કર્યું છે. તેથી તત્સૂત્રસ્થ આપ્ ને પંચમ્યર્થને અવિરોધી ષષ્ઠયન્ત अजादेः પદથી વિહિત હોવાથી 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થઈ છે તેવું નથી, પરંતુ પંચમ્યન્ત अजादेः પદાર્થથી વિહિત હોવાથી પ્રત્યયસંજ્ઞા થઈ છે. આથી ''પંચમ્યર્થને અવિરોધી ષષ્ઠયન્તપદથી વિહિત શબ્દને પણ 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રથી પ્રત્યય સંજ્ઞા થઈ શકે છે'' આવું તમારૂં કથન યુક્ત નથી.

**સમાધાન :-** 'अजादेः २.४.१६' સૂત્રનાં બૃ.ન્યાસમાં પૂર્વે अजादेः પદની આવૃત્તિ કરી એક अजादेः પદને પંચમ્યન્ત રૂપે અને બીજાને ષષ્ઠયન્ત રૂપે ગ્રહણ કરવાની વાત કરી છે. પણ[C] આગળ જતા આ રીતે આવૃત્તિ કરી अजादेः પદને પંચમ્યન્ત રૂપે ગ્રહણ કરવાની ના કહી છે. તેથી તે સૂત્રમાં પંચમ્યર્થને અવિરોધી ષષ્ઠયન્ત अजादेः પદથી વિહિત ૬ આપ્ ને 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રાનુસારે પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થઈ હોવાથી અમારૂં કથન યુક્ત છે.

---

(A) इह व्याकरणे आगमस्य अन्त इति शब्दव्यपदेशः। (१.४.६४ म.वृ.अव.)

(B) अत एव क्वचिद् 'अजादेः २.४.१६' इत्यादौ षष्ठीनिर्देशेऽपि पञ्चम्यर्थाऽविरोधात् प्रत्ययत्वाऽविरोधः। (१.१.३८ न्यासः)

(C) अजादेरित्येकमपि पदमावृत्या द्विधा, ततश्चैकस्मात् पञ्चमी, अपरस्मात् षष्ठीत्यदोषः, अत आह – अजादिभ्य आवृत्येत्यादि। अथवा मा भूत् पञ्चमी, षष्ठ्यन्तमेव भवतु....। (२.४.१६ न्यासः)

**શંકા :-** આ સૂત્રથી થતા ન્ ને પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થાય તો શું વાંધો છે ?

**સમાધાન :-** આ સૂત્રથી થતા ન્ ને જો પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થાય તો બે આપત્તિ આવે છે.

**(a)** प्रियाः तिस्रः यस्य तद् = प्रियत्रि + शि (जस्-शस् નો આદેશ) અવસ્થામાં 'त्रिचतुर० २.१.१' સૂત્રથી અવ્યવહિત પરમાં રહેલા સ્યાદિ શિ પ્રત્યયના નિમિત્તે પ્રિયત્રિ ગત ત્રિ નો તિસૃ આદેશ થયા બાદ પ્રિયતિસૃ + શિ અવસ્થામાં આ સૂત્રથી પ્રિયતિસૃ ની પરમાં થયેલા ન્ ને જો પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થાય તો હવે સ્યાદિ શિ પ્રત્યય રૂપ નિમિત્ત અવ્યવહિત પરમાં ન રહેવાથી ***'निमित्ताभावे नैमित्तिकस्याऽप्यभावः***[(A)] ન્યાયાનુસારે પુનઃ પ્રિયતિસૃ ગત તિસૃ આદેશનો ત્રિ આદેશ થઈ જવાની આપત્તિ આવે અને તેથી પ્રિયતિસૃણિ ઈષ્ટપ્રયોગ સિદ્ધ ન થઈ શકે. તેમજ **(b)** 'नि दीर्घः १.४.८५' સૂત્રથી શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન્ ની પૂર્વનો સ્વર દીર્ઘ કરવાનો હોતે છતે આ સૂત્રથી તેમજ[(B)] 'स्वराच्छौ १.४.६५' વિગેરે સૂત્રોથી થતો ન્ પ્રત્યય રૂપે સંભવતા અને રાજન્ વિગેરે પ્રકૃતિનો ન્ પ્રત્યય રૂપે ન સંભવતા ***'प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव***[(C)]*'* ન્યાયાનુસારે 'नि दीर्घः १.४.८५' સૂત્રથી દીર્ઘવિધિ કરવા માટે પ્રત્યય રૂપ ન્ નું જ નિમિત્ત રૂપે ગ્રહણ થઈ શકવાથી વનાનિ વિગેરે પ્રયોગસ્થળ કે જ્યાં 'स्वराच्छौ १.४.६५' વિગેરે સૂત્રોથી થયેલો ન્ પ્રત્યય રૂપે સંભવે છે ત્યાં જ 'नि दीर्घः १.४.८५' સૂત્રથી દીર્ઘ આદેશ થઈ શકે. પણ રાજાનમ્ વિગેરે પ્રયોગસ્થળે નહીં અને તેથી રાજનમ્ આવા અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવે છે.

તો આ રીતે બે આપત્તિઓ આવે છે. માટે આ સૂત્રથી થતા ન્ ને પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થાય તેમાં અમને વાંધો છે. જ્યારે સૂત્રમાં अन्तः પદ મૂકીએ તો 'अनन्तः पञ्चम्याः० १.१.३८' સૂત્રથી આ સૂત્રથી થતા ન્ ને પ્રત્યયસંજ્ઞા ન થઈ શકવાથી ઉપરોક્ત આપત્તિ ન આવી શકે. તેથી સૂત્રમાં અમે अन्तः પદ મૂકીએ છીએ.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

| | | (i) वारिणी | (ii) वारिणा | (iii) वारिणे |
|---|---|---|---|---|
| | | वारि + औ | वारि + टा | वारि + ङे |
| * 'अनाम्स्वरे० १.४.६४' | → | वारिन् + औ | वारिन् + टा | वारिन् + ङे |
| * 'औरीः १.४.५६' | → | वारिन् + ई | ↓ | ↓ |
| * 'रषृवर्णान्० २.३.६३' | → | वारिण् + ई | वारिण् + टा | वारिण् + ङे |
| | | = वारिणी। | = वारिणा। | = वारिणे। |

---

(A) નિમિત્તનો અભાવ થતા તે નિમિત્તથી થતા કાર્યનો (નૈમિત્તિકનો) પણ અભાવ થાય.

(B) 'स्वराच्छौ १.४.६५' વિગેરે સૂત્રોથી થતા ન્ ને પણ આ સૂત્રથી થતા ન્ ની જેમ જ પ્રત્યય સંજ્ઞાની પ્રાપ્તિ આવે છે.

(C) સૂત્રોક્ત શબ્દ પ્રત્યય રૂપે અને અપ્રત્યય રૂપે સંભવતો હોય તો તે પૈકી પ્રત્યય રૂપ શબ્દનું જ સૂત્રમાં ગ્રહણ કરવું.

| | (iv) वारिणः | (v) वारिणोः | (vi) वारिणि |
|---|---|---|---|
| | वारि + ङसि કે ङस् | वारि + ओस् | वारि + ङि |
| * 'अनाम्स्वरे० १.४.६४' → | वारिन् + ङसि કે ङस् | वारिन् + ओस् | वारिन् + ङि |
| * 'रषृवर्णान्० २.३.६३' → | वारिण् + ङसि કે ङस् | वारिण् + ओस् | वारिण् + ङि |
| * 'सो रुः २.१.७२' → | वारिणर् | वारिणोर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | वारिणः | वारिणोः | |
| | = वारिणः। | = वारिणोः। | = वारिणि। |

વારિણી પ્રયોગસ્થળે વારિ + औ અવસ્થામાં આમ તો 'इवर्णादे० १.२.२१' સૂત્રથી વારિ ના इ નો य् આદેશ પ્રાપ્ત છે. પણ તેમ કરીએ તો પરવર્તી અન્ય સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોમાં પણ અસ્વસ્વર હોવાથી સઘળાય નામ્યન્ત નપુંસક નામોના અંત્યનો 'इवर्णादे० १.२.२१' સૂત્રથી य्-व्-र्-ल् આદેશ થવાની પ્રાપ્તિ આવે, તેથી તે નામો નામ્યન્ત ન રહેતા એવું એકપણ સ્થળ બાકી ન રહે કે જ્યાં આ સૂત્રથી न् આગમ કરી આ સૂત્રને ચરિતાર્થ કરી શકાય. માટે આ સૂત્ર નિરવકાશ બને. તેથી ***'निरवकाशं सावकाशात्'*** ન્યાયથી આ સૂત્ર દ્વારા 'इवर्णादे० १.२.२१' સૂત્રનો બાધ થવાથી વારિ + औ વિગેરે અવસ્થામાં આ સૂત્ર જ પ્રવર્તે છે. આ રીતે વારિ + औ અવસ્થામાં 'इदुतोऽस्त्रे० १.४.२१' અને 'औरीः १.४.५६' સૂત્રોની પણ પ્રાપ્તિ છે. પણ આ સૂત્ર તેમનાથી પરસૂત્ર હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ જ પૂર્વે થાય છે. આ સૂત્રની પ્રવૃત્તિ કર્યા પછી તે સૂત્રોની પ્રવૃત્તિ થઈ શકે તેમ હોય તો કરી શકાય.

त्रपु, कर्तृ, प्रियः गुरुः यस्य तद् = प्रियगुरु અને प्रियाः तिस्रः यस्य तद् = प्रियत्रि વિગેરે શબ્દોના त्रपुणी વિગેરે પ્રયોગોની સાધનિકા वारि શબ્દવત્ સમજવી. માત્ર એટલું વિશેષ કે प्रियत्रि શબ્દનાં प्रियतिसृणः વિગેરે પ્રયોગોની સાધનિકા કરતી વખતે प्रियत्रि + ङस् અવસ્થામાં આ સૂત્રથી न् આગમ કરતા પૂર્વે પર એવા 'त्रि-चतुरस्० २.१.१' સૂત્રથી प्रियत्रि ગત त्रि નો तिसृ આદેશ કરવો કે જેથી प्रियतिसृणा વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે.

**શંકા :-** જો तिसृ આદેશ કરતા પૂર્વે न् આગમ કરીએ તો પણ આગમ પ્રકૃતિનું અંગ બનતું હોવાથી ***'स्वाङ्गमव्यवधायि***(A)***'*** ન્યાયાનુસારે प्रियत्रिन् ગત त्रि નો પરમાં રહેલા સ્યાદિ પ્રત્યયોના નિમિત્તે થતો तिसृ આદેશ થઈ શકે છે. તેથી प्रियतिसृणः વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકે તે માટે ''પર કાર્ય હોવાથી तिसृ આદેશ પૂર્વે કરવો'' આમ કહેવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** જે પ્રકૃતિને આશ્રયીને આગમ કરાય તે સંપૂર્ણ પ્રકૃતિને જો કોઈ કાર્ય કરવાનું હોય તો ***'स्वाङ्गमव्यवधायि'*** ન્યાયાનુસારે આગમ વ્યવધાયક ન બને, પણ જો તે પ્રકૃતિના એક અંશને કાર્ય કરવાનું હોય તો

(A) પોતાનું અંગ (અવયવ) પોતાનું (અંગીનું = અવયવીનું) વ્યવધાયક ન બને.

આગમ અવશ્ય વ્યવધાયક બને. પ્રસ્તુતમાં પ્રિયત્રિ પ્રકૃતિને આશ્રયીને પૂર્વે ન્ આગમ કરીએ તો સમસ્ત પ્રિયત્રિન્ પ્રકૃતિનો તિસૃ આદેશ નથી કરવાનો, પણ તેના એક અંશભૂત ત્રિ નો જ તિસૃ આદેશ કરવાનો હોવાથી તે કાર્યનો ન્ આગમ વ્યવધાયક બને. આમ પૂર્વે કરેલો ન્ આગમ વ્યવધાયક બનવાથી પ્રિયતિસૃણઃ વિગેરે પ્રયોગ સિદ્ધ ન થઈ શકતા હોવાથી તેમની સિદ્ધિને માટે "પર કાર્ય હોવાથી તિસૃ આદેશ પૂર્વે કરવો" આમ અમે જે કહ્યું છે તે યુક્ત છે.

ઉપરોક્ત વાત પરથી આ ફલિત થાય છે કે 'તે તે કાર્ય કરવામાં અવયવ બીજા અવયવનો વ્યવધાયક બને પણ તે અવયવીનો વ્યવધાયક ન બને.' જેમ કે પ્રિયત્રિ પ્રકૃતિને થયેલો ન્ આગમ રૂપ અવયવ ત્રિ અવયવનો વ્યવધાયક બને પણ તે પ્રિયત્રિન્ અવયવીનો વ્યવધાયક ન બને. આ વાત લૌકિક દૃષ્ટાંતથી પણ સિદ્ધ થાય છે. જેમ કે દેવદત્તની મૂછને આડે તેનો હાથ હોય તો તે મૂછ દેખી ન શકાય. (અહીં જોવાની ક્રિયામાં હાથ રૂપ અવયવ મૂછ રૂપ અવયવનો વ્યવધાયક બન્યો.) પણ દેવદત્તને આડે તેનો હાથ હોય તો દેવદત્ત ન દેખાય એવું નહીં. (અર્થાત્ જોવાની ક્રિયામાં હાથ રૂપ અવયવ અવયવી દેવદત્તનો વ્યવધાયક ન બને.)

**શંકા :-** પ્રિયત્રિ + ङस् અવસ્થામાં પણ આ સૂત્રથી ન્ આગમ થઈ શકે છે અને પર એવા 'ત્રિ-चतुरस्० ૨.૧.૧' સૂત્રથી તિસૃ આદેશ કર્યા બાદ પ્રિયતિસૃ + ङस् અવસ્થામાં પણ આ સૂત્રથી ન્ આગમ થઈ શકે છે. આથી આ સૂત્રથી થતો ન્ આગમ ***'कृताकृतप्रसङ्गी'*** હોવાના કારણે નિત્ય ગણાય. જ્યારે 'ત્રિ-चतुरस्० ૨.૧.૧' સૂત્રથી થતો તિસૃ આદેશ જો ન્ આગમ પૂર્વે કરીએ તો તે વ્યવધાયક બનવાથી પ્રિયત્રિન્ + ङस् અવસ્થામાં ન થઈ શકતા માત્ર પ્રિયત્રિ + ङस् અવસ્થામાં જ થઈ શકતો હોવાથી તે નિત્ય ન ગણાય. તેથી 'परान्नित्यम्' ન્યાયાનુસારે આ સૂત્રથી થતી ન્ આગમવિધિ બળવાન બનવાથી પૂર્વે તિસૃ આદેશ ન થતા ન્ આગમ જ થવો જોઈએ. તેથી પ્રિયતિસૃણઃ વિગેરે પ્રયોગો સિદ્ધ કરવાની તમારી ઈચ્છા અસ્થાને છે.

**સમાધાન :-** ***'स्थानान्तरस्य = शब्दान्तरस्य प्राप्नुवन्विधिरनित्यो भवति (परि. शे.४३)'*** ન્યાયાનુસારે પૂર્વે જે શબ્દસ્વરૂપને આશ્રયીને અમુક વિધિ પ્રાપ્ત હોય પછી પાછળથી તે જ શબ્દસ્વરૂપને આશ્રયીને પુનઃ જો તે વિધિની પ્રાપ્તિ હોય તો જ તે વિધિ નિત્ય ગણાય, પણ જો તે વિધિ અન્ય શબ્દસ્વરૂપને આશ્રયીને પ્રાપ્ત હોય તો તે અનિત્ય બની જાય[A]. પ્રસ્તુતમાં પ્રિયત્રિ + ङस् અવસ્થામાં આ સૂત્રથી પ્રિયત્રિ શબ્દસ્વરૂપને આશ્રયીને ન્ આગમની પ્રાપ્તિ છે અને 'ત્રિ-चतुरस्० ૨.૧.૧' સૂત્રથી તિસૃ આદેશ થયા બાદ પ્રિયતિસૃ + ङस् અવસ્થામાં પ્રિયતિસૃ એવા અન્ય શબ્દસ્વરૂપને આશ્રયીને ન્ આગમની પ્રાપ્તિ છે. તેથી આ સૂત્રથી થતી ન્ આગમવિધિ ઉપરોક્ત ન્યાયાનુસારે અનિત્ય ગણાય. આમ ***'परान्नित्यम्'*** ન્યાય પ્રમાણે આ સૂત્રથી થતી ન્ આગમ રૂપ અનિત્યવિધિ બળવાન

---

(A) न च नित्यत्वान्नाऽऽगमः स्यादिति वाच्यम् शब्दान्तरप्राप्त्या नाऽऽगमस्याऽनित्यत्वात्। 'कृताकृतप्रसङ्गिनित्यत्व' वत् **'शब्दान्तरस्य प्राप्नुवन् विधिरनित्यो भवति'** इत्यस्याऽपि न्यायस्य भाष्यकृदादिसम्मतत्वात्। पूर्वं हि 'प्रियत्रि' इत्यस्य नाऽऽगमः प्राप्तः पश्चात् 'प्रियतिसृ' इत्यस्येति शब्दान्तरप्राप्तिः स्पष्टा तस्य। (न्या.समु.तरङ्ग-५१)

ન બનવાથી પૂર્વે આ સૂત્રથી ન્ આગમ ન થતા પર એવા 'त्रि-चतुरस्० २.१.१' સૂત્રથી तिसृ આદેશ થવાની પ્રાપ્તિ વર્તતા प्रियतिसृणः વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકતા હોવાથી તેમને સિદ્ધ કરવાની અમારી ઈચ્છા અસ્થાને નથી.

**(3)** આમ્ સિવાયના ન્ સ્વરાદિ સ્યાદિપ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી ન્ આગમ થઈ શકે એવું કેમ ?

**શંકા :-** वारि + आम् અવસ્થામાં આ સૂત્રથી ન્ આગમ કરીએ કે 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી આમ્ નો नाम् આદેશ કરીએ, પ્રયોગ તો એકસરખો ન્ સિદ્ધ થતો હોવાથી સૂત્રમાં આમ્ પ્રત્યયનું વર્જન કેમ કર્યું છે ?

**સમાધાન :-** તમારી શંકા ઉચિત નથી. કેમકે वारि + आम् અવસ્થામાં જો આ સૂત્રથી ન્ આગમ કરીએ તો वारिन् + आम् અવસ્થા પ્રાપ્ત થતા आम् નો આદેશભૂત नाम् પરમાં ન હોવાથી 'दीर्घो नाम्य० १.४.४७' સૂત્રથી वारिन् ના સમાનસ્વર इ નો દીર્ઘ આદેશ સિદ્ધ ન થઈ શકે. તેથી वारिणाम् આવો અનિષ્ટપ્રયોગ થવાની આપત્તિ આવે. જ્યારે वारि + आम् અવસ્થામાં 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી જો आम् નો नाम् આદેશ કરીએ તો वारि + नाम् અવસ્થા પ્રાપ્ત થતા आम् નો આદેશભૂત नाम् પરમાં હોવાથી 'दीर्घो नाम्य० १.४.४७' સૂત્રથી वारि ના સમાનસ્વર इ નો દીર્ઘ આદેશ થઈ શકવાથી वारीणाम् આ ઈષ્ટપ્રયોગ સિદ્ધ થઈ શકે છે. આ રીતે એકસરખો પ્રયોગ સિદ્ધ ન થતો હોવાથી वारीणाम् પ્રયોગની સિદ્ધ્યર્થે સૂત્રમાં आम् પ્રત્યયનું વર્જન કર્યું છે.

| | (a) वारीणाम् | (b) त्रपूणाम् | (c) कर्तॄणाम् |
|---|---|---|---|
| | वारि + आम् | त्रपु + आम् | कर्तृ + आम् |
| ❊ 'ह्रस्वापश्च १.४.३२' → | वारि + नाम् | त्रपु + नाम् | कर्तृ + नाम् |
| ❊ 'दीर्घो नाम्य० १.४.४७' → | वारी + नाम् | त्रपू + नाम् | कर्तृ + नाम् |
| ❊ 'रषृवर्णान्० २.३.६३' → | वारीणाम्। | त्रपूणाम्। | कर्तॄणाम्। |

અહીં બધે आम् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી ન્ આગમ ન થયો અને તેથી 'ह्रस्वापश्च १.४.३२' સૂત્રથી आम् નો नाम् આદેશ થયા બાદ 'दीर्घो नाम्य० १.४.४७' સૂત્રથી नाम् ની પૂર્વના સમાનસ્વરનો દીર્ઘ આદેશ થઈ શક્યો.

**(4)** આમ્ સિવાયના સ્વરાદિ ન્ સ્યાદિપ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી ન્ આગમ થાય એવું કેમ ?

**શંકા :-** સૂત્રમાં સ્વરે પદ કેમ મૂક્યું છે ?

**સમાધાન :-** સૂત્રમાં સ્વરે પદ ન મૂકીએ તો વ્યંજનાદિ સ્યાદિપ્રત્યયો પરમાં હોય ત્યારે પણ આ સૂત્રથી ન્ આગમ થવાથી त्रपुभ्याम्, त्रपुभिः વિગેરે પ્રયોગ થવાના બદલે त्रपुन्भ्याम्, त्रपुन्भिः આવા અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવે. તે ન આવે તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે.

**શંકા :-** વ્યંજનાદિ સ્યાદિપ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી જો ન્ આગમ થાય તો પણ ત્રપુન્ + ભ્યામ્, ત્રપુન્ + ભિસ્ વિગેરે અવસ્થામાં 'નામ સિદય્૦ ૧.૧.૨૧' સૂત્રથી ત્રપુન્ પદ ગણાતા 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી તેના ન્ નો લોપ થવાથી ત્રપુભ્યામ્, ત્રપુભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગો જ સિદ્ધ થશે. તેથી સૂત્રમાં સ્વરે પદ મૂકવું નિરર્થક છે.

**સમાધાન :-** ભલે તો રાયમતિક્રાન્તમ્ = અતિરૈ અને 'ક્લિબે ૨.૪.૯૭' સૂત્રથી હ્રસ્વ આદેશ થવાથી નિષ્પન્ન નપુંસકલિંગ અતિરિ શબ્દને ભ્યામ્-ભિસ્ વિગેરે વ્યંજનાદિ સ્યાદિપ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી જો ન્ આગમ થાય તો તે ન્ આગમ અતિરિ શબ્દને થયો હોવાથી તે અવયવી[A] અતિરિન્ શબ્દના કાર્યમાં વ્યવધાયક ન બને પણ તેના અવયવ રૈ (રિ) શબ્દની પરમાં રહેલા વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યયોને નિમિત્તે 'આ રાયો૦ ૨.૧.૫' સૂત્રથી થતા આ અંત્યાદેશ રૂપ કાર્યમાં અવશ્ય વ્યવધાયક બને અને તેથી અતિરિન્ + ભ્યામ્ અને અતિરિન્ + ભિસ્ અવસ્થામાં 'આ રાયો૦ ૨.૧.૫' સૂત્રથી રૈ (રિ) શબ્દના અંત્યનો આ આદેશ ન થઈ શકવાથી અતિરાભ્યામ્, અતિરાભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ ન થઈ શકવાની આપત્તિ આવે. તેથી વ્યવધાયક બનતો ન્ આગમ ન થતા ઈષ્ટપ્રયોગની સિદ્ધિ થઈ શકે તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે.

**શંકા :-** અતિરિન્ + ભ્યામ્ અને અતિરિન્ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી ન્ નો લોપ થઈ જતો હોવાથી તે વ્યવધાયક ન બનતા 'આ રાયો૦ ૨.૧.૫' સૂત્રથી રૈ (રિ) શબ્દના અંત્યનો આ આદેશ થઈ શકવાના કારણે અતિરાભ્યામ્, અતિરાભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગોની સિદ્ધ્યર્થે સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** 'ણષમસત્૦ ૨.૧.૬૦' સૂત્રમાં દર્શાવ્યા પ્રમાણે રૈ (રિ) શબ્દના અંત્યનો 'આ રાયો૦ ૨.૧.૫' સૂત્રથી આ આદેશ કરવા રૂપ પૂર્વસ્યાદિવિધિ કરવાની હોતે છતે 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી થયેલો ન્ નો લોપ અસત્ થાય અને તેમ થતાં વ્યવધાયક એવા ન્ ની વિદ્યમાનતા મનાવાથી 'આ રાયો૦ ૨.૧.૫' સૂત્રથી રૈ (રિ) શબ્દના અંત્યનો આ આદેશ ન થઈ શકતા અતિરાભ્યામ્, અતિરાભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગોની સિદ્ધ્યર્થે સૂત્રમાં સ્વરે પદ મૂકવું જરૂરી છે.

**શંકા :-** 'આ રાયો વ્યઞ્જને ૨.૧.૫' સૂત્રવર્તી રૈએ તે સૂત્રમાં વર્તતા વ્યઞ્જને પદવાચ્ય વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યયો દ્વારા આક્ષિપ્ત નામ રૂપ પ્રકૃતિનું ('રૈ એવું નામ' આ પ્રમાણે) વિશેષણ છે. તેથી 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષા પ્રમાણે વિશેષ્ય રૂપ સમુદાયનું અંત્ય અવયવ બનતું હોવાથી રૈ શબ્દ જેમના અંતમાં હોય તેવા રૈ શબ્દાન્ત અતિરિ વિગેરે નામોના અંત્યનો 'આ રાયો૦ ૨.૧.૫' સૂત્રથી આ આદેશ થાય છે. હવે સૂત્રમાં સ્વરે પદના અભાવે અતિરિ + ભ્યામ્ અને અતિરિ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં ન્ આગમ પણ અતિરિ અવયવીને જ થતો હોવાથી

(A) 'અવયવ અવયવીનો વ્યવધાયક ન બને પણ તે અવયવનો વ્યવધાયક અવશ્ય બને.' આ વાત આ જ સૂત્રના વિવરણમાં પૂર્વે બતાવી છે.

'आ रायो० २.१.५' સૂત્રથી અતિરિ અવયવીના અંત્યનો આ આદેશ કરવા રૂપ કાર્યમાં ***'स्वाङ्गमव्यवधायि०'*** ન્યાયાનુસારે તે ન્ આગમ વ્યવધાયક ન બની શકે. તેથી અતિરાભ્યામ્, અતિરાભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ જતા હોવાથી સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** 'आ रायो० २.१.५' સૂત્રથી જો રૈ શબ્દાન્ત નામોના અંત્યનો આ આદેશ થશે તો આ સૂત્રથી ન્ આગમ થયા બાદ અતિરિન્ + ભ્યામ્ અને અતિરિન્ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં રૈ શબ્દાન્ત અતિરિન્ નામના અંત્ય ન્ નો આ આદેશ થવાથી અતિરિ + આ + ભ્યામ્ અને અતિરિ + આ + ભિસ્ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા 'इवर्णादे० १.२.१' સૂત્રથી આ ની પૂર્વના ઇ નો ય્ આદેશ થવાથી અતિર્યાભ્યામ્ અને અતિર્યાભિઃ વિગેરે અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવશે. આમ વ્યંજનાદિ પ્રત્યયો પરમાં વર્તતા અનિષ્ટપ્રયોગોનો આપાદક ન્ આગમ ન થાય તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે.

**શંકા :-** સૂત્રમાં સ્વરે પદ ન મૂકીએ તો અતિરિ + ભ્યામ્ અને અતિરિ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં એકસાથે આ સૂત્રની અને 'आ रायो० २.१.५' સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે એમ છે. પણ 'आ रायो० २.१.५' સૂત્ર પરસૂત્ર હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થવાના કારણે અતિરા + ભ્યામ્ અને અતિરા + ભિસ્ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા હવે આ સૂત્રથી ન્ આગમ થાય તો પણ 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી તેનો લોપ થવાથી અતિરાભ્યામ્ અને અતિરાભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગો જ સિદ્ધ થશે. તેથી ઉપરોક્ત અતિર્યાભ્યામ્ અને અતિર્યાભિઃ વિગેરે અનિષ્ટપ્રયોગો સિદ્ધ ન થતા હોવાથી સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** સાચું. તો સૂત્રમાં સ્વરે પદના અભાવે પ્રિયત્રિ + ભ્યામ્ અને પ્રિયત્રિ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં એકસાથે આ સૂત્રથી ન્ આગમ અને 'त्रि-चतुरस्० २.१.१' સૂત્રથી પ્રિયત્રિ ગત ત્રિ નો તિસૃ આદેશ થઈ શકે એમ છે. પણ આ સૂત્રથી થતો ન્ આગમ તિસૃ આદેશ થતા પૂર્વે અને તિસૃ આદેશ થયા પછી ઉભય અવસ્થામાં થઈ શકે એમ હોવાથી તે નિત્ય ગણાય. તેથી ***'बलवत्नित्यमनित्यात्'*** ન્યાયાનુસારે અનિત્ય એવા તિસૃ આદેશ કરતા બળવાન ગણાતો ન્ આગમ પૂર્વે થવાથી પ્રિયત્રિન્ + ભ્યામ્ અને પ્રિયત્રિન્ + ભિસ્ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા પરમાં રહેલા સ્યાદિ પ્રત્યયોના નિમિત્તે થતા ત્રિ અવયવના તિસૃ આદેશ રૂપ કાર્યમાં ન્ આગમ વ્યવધાયક બનવાથી તિસૃ આદેશ ન થઈ શકવાના કારણે પ્રિયતિસૃભ્યામ્ અને પ્રિયતિસૃભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગ સિદ્ધ ન થઈ શકે. તો ન્ આગમ ન થવાથી પ્રિયતિસૃભ્યામ્ અને પ્રિયતિસૃભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકે તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે.

**શંકા :-** ન્ આગમ પૂર્વે પ્રિયત્રિ શબ્દસ્વરૂપને આશ્રયીને અને તિસૃ આદેશ થયા પછી પ્રિયતિસૃ શબ્દસ્વરૂપને આશ્રયીને પ્રાપ્ત હોવાથી ***'शब्दान्तरस्य प्राप्नुवन्विधिरनित्यो भवति***(A) ' ન્યાયાનુસારે તે અનિત્ય ગણાય અને ન્ આગમ પૂર્વકની પ્રિયત્રિન્ + ભ્યામ્ અને પ્રિયત્રિન્ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં ન્ આગમ વ્યવધાયક બનવાથી તિસૃ આદેશ ન થઈ શકતા માત્ર પ્રિયત્રિ + ભ્યામ્ અને પ્રિયત્રિ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં ૭ર થઈ શકતો હોવાથી તિસૃ આદેશની અનિત્યતા પણ સ્પષ્ટપ્રાયઃ છે. આમ બન્ને વિધિઓ અનિત્ય હોવાથી 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્રાનુસારે પર એવા 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્રથી થતી તિસૃ આદેશવિધિ પૂર્વે થવાથી ન્ આગમનું વ્યવધાન ન નડતા પ્રિયતિસૃભ્યામ્ અને પ્રિયતિસૃભિઃ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકતા હોવાથી સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ ૭ર૨ નથી.

(અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્રવર્તી ત્રિ તે સૂત્રમાં વર્તતા સ્યાદૌ પદવાચ્ય સ્યાદિપ્રત્યયો દ્વારા આક્ષિપ્ત નામ રૂપ પ્રકૃતિનું ('ત્રિ એવું નામ' આ પ્રમાણે) વિશેષણ હોવાથી 'વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩' પરિભાષા પ્રમાણે ત્રિ શબ્દાન્ત પ્રિયત્રિ વિગેરે નામોને તે સૂત્રથી તિસૃ આદેશની પ્રાપ્તિ આવે અને પ્રિયત્રિ + ભ્યામ્, પ્રિયત્રિ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં ન્ આગમ પણ પ્રિયત્રિ અવયવીને ૭ર થતો હોવાથી તિસૃ આદેશ રૂપ વિધિમાં તે વ્યવધાયક ન બનતા તિસૃ આદેશ ન્ આગમ થતા પૂર્વે અને ન્ આગમ થયા પછી ઉભય અવસ્થાઓમાં થઈ શકતો હોવાથી આમ તો તે નિત્ય ગણાય. પણ ***'निर्दिश्यमानस्याऽऽदेशा भवन्ति***(B) ' ન્યાયાનુસારે તિસૃ આદેશ સમસ્ત પ્રિયત્રિ અવયવીનો ન થતા 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્રનિર્દિષ્ટ માત્ર ત્રિ અવયવનો ૭ર થતો હોવાથી ન્ આગમ પૂર્વકની પ્રિયત્રિન્ + ભ્યામ્ અને પ્રિયત્રિન્ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં ન્ આગમ વ્યવધાયક બનતા તિસૃ આદેશ ન થઈ શકવાથી તેને અનિત્ય કહ્યો છે.)

**સમાધાન :-** સૂત્રમાં સ્વરે પદ ન હોય અને આ સૂત્ર કરતા પર એવા 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્રથી તિસૃ આદેશ પૂર્વે થાય તો પણ ***'पुनः प्रसङ्गविज्ञानात्सिद्धम् (परि.शे. ३९)***(C) ' ન્યાયાનુસારે પ્રિયતિસૃ + ભ્યામ્ અને પ્રિયતિસૃ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં આ સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ વર્તતા ન્ આગમ થવાથી પ્રિયતિસૃન્ભ્યામ્ અને પ્રિયતિસૃન્ભિઃ વિગેરે અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવે. તો અનિષ્ટપ્રયોગોનો આપાદક ન્ આગમ ન થાય તે માટે સૂત્રમાં સ્વરે પદ હોવું ૭ર૨ી છે.

**શંકા :-** **'પુનઃ પ્રસઙ્ગ૦'** ન્યાયનો બાધક એવો ***'सकृद् गते विप्रतिषेधे (= स्पर्धे) यद् बाधितं तद् बाधितमेव'*** ન્યાય હોવાથી પ્રિયતિસૃ + ભ્યામ્ અને પ્રિયતિસૃ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં પુનઃ ન્ આગમ ન થઈ શકે. આશય એ છે કે એકસ્થળે અન્યત્ર સાવકાશ એવા ૭ે બે સૂત્રોની પ્રાપ્તિ હોય તે બન્ને સૂત્રો સ્પર્ધ કહેવાય અને સ્પર્ધ

(A) આ ન્યાયને લઈને ન્આગમ શી રીતે અનિત્ય બને તેનો વિશેષ ખુલાસો આ ૭ર સૂત્રના વિવરણમાં પૂર્વે કરી દીધો છે.
(B) સૂત્રમાં ૭ે શબ્દોના નિર્દેશ કર્યા હોય તે શબ્દોના ૭ર આદેશો થાય છે.
(C) પરસૂત્ર દ્વારા પૂર્વસૂત્ર બાધિત હોય તો પણ પ્રસંગ વર્તતા પુનઃ પૂર્વસૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે.

એવા બન્ને સૂત્રો પૈકી અન્યસૂત્રની પ્રવૃત્તિ થવાના કારણે જે સૂત્રની પ્રવૃત્તિ બાધિત થાય (અર્થાત્ ન થાય) તે ***'सकृद् गते विप्रतिषेधे०'*** ન્યાયાનુસારે બાધિત જ ગણાય. તો પ્રિયત્રિ + ભ્યામ્ અને પ્રિયત્રિ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં વારિણી અને તિસ્રઃ સ્થળે ક્રમશઃ સાવકાશ એવા આ સૂત્ર અને 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્ર પૈકીના પર એવા 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્રની પ્રવૃત્તિ થવાના કારણે આ સૂત્રની પ્રવૃત્તિનો બાધ થવાથી આ સૂત્ર બાધિત જ ગણાય. તેથી પ્રિયતિસૃ + ભ્યામ્ અને પ્રિયતિસૃ + ભિસ્ વિગેરે અવસ્થાઓમાં પુનઃ ન્ આગમ ન થઈ શકવાથી પ્રિયતિસૃન્ભ્યામ્ અને પ્રિયતિસૃન્ભિઃ વિગેરે અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ ન વર્તતા સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** ભલે. તો આમ્ નો નામ્ આદેશ થતા આ સૂત્રથી ન્ આગમ ન થાય તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે. જેથી 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રથી ત્રપુ, જતુ વિગેરેના અંત્ય સમાનસ્વરનો દીર્ઘ આદેશ થવાના કારણે ત્રપૂણામ્ અને જતૂનામ્ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે.

આશય એ છે કે સૂત્રમાં જો સ્વરે પદ ન મૂકીએ તો ત્રપુ + આમ્ અને જતુ + આમ્ વિગેરે અવસ્થામાં આમ્ નો નામ્ આદેશ કરતા પૂર્વે પણ ન્ આગમની પ્રાપ્તિ છે અને વ્યંજનાદિ નામ્ આદેશ કર્યા પછી પણ ન્ આગમની પ્રાપ્તિ છે, તેથી ***'कृताकृतप्रसङ्गी'*** બનતો ન્ આગમ નિત્ય ગણાય. હવે નિત્ય હોવાના કારણે બળવાન ન્ આગમ પૂર્વે થવાથી ત્રપુન્ + આમ્ અને જતુન્ + આમ્ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા અહીં હ્રસ્વસ્વરથી અવ્યવહિત પરમાં આમ્ ન હોવાથી તેનો 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્રથી નામ્ આદેશ ન થઈ શકે અને આમ્ નો આદેશભૂત નામ્ પરમાં ન હોય તો 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રથી ત્રપુ, જતુ વિગેરેનો અંત્ય સમાનસ્વર દીર્ઘ ન થઈ શકતા ત્રપૂણામ્ અને જતૂનામ્ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ ન થઈ શકે. આમ ન્ આગમ નિત્ય ન બની શકે તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે, જેથી ત્રપૂણામ્ અને જતૂનામ્ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકશે.

*(**શંકા :-** ન્ આગમ નિત્ય ન બને તો પણ 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્ર કરતા આ સૂત્ર પરસૂત્ર હોવાથી આમ્ નો નામ્ આદેશ થતા પૂર્વે ન્ આગમ થવાથી ત્રપુન્ + આમ્ અને જતુન્ + આમ્ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા ઉપર દર્શાવ્યું તે પ્રમાણે 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્રથી આમ્ નો નામ્ આદેશ ન થવો અને તેથી 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રથી ત્રપુ, જતુ વિગેરેના અંત્ય સમાસસ્વરનો દીર્ઘ આદેશ ન થવો આ આપત્તિ તો આવીને ઊભી જ રહેશે. તેથી ત્રપૂણામ્ અને જતૂનામ્ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ ન થઈ શકતા હોવાથી સૂત્રમાં સ્વરે પદ મૂકવું નિરર્થક છે.*

***સમાધાન :-*** *'નુમ્-અચિ (= સ્વરે) ર-તૃજ્વદ્ભાવેભ્યો નુટ્ (= નામ્) (પા.સૂ. ૭.૧.૯૬ વાર્તિક-૧૧)[A]' વાર્તિક અનુસારે પર એવા ન્ આગમ કરતા નામ્ આદેશ પૂર્વે થાય છે અથવા તો 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્રવર્તી પર*

(A) નુમ્ = ન્ આગમ, સ્વર પરમાં વર્તતા ઋ નો થનારો ર્ આદેશ અને તૃજ્વદ્ભાવ = ક્રોષ્ટુ શબ્દનો જે ક્રોષ્ટૃ આદેશ થાય છે તે. આ ત્રણ કાર્યો કરતા સ્પર્ધ એવા પૂર્વસૂત્રથી નુટ્ = આમ્ નો નામ્ આદેશ પૂર્વે કરવો.

*શબ્દને 'ઈષ્ટ' અર્થના વાચક રૂપે ગણી 'બે સૂત્રો સ્પર્ધા હોય તો તેમાંથી પર (ઈષ્ટ) સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે કરવી' આ પ્રમાણે પણ તે સૂત્રનો અર્થ થઈ શકતો હોવાથી ન્ આગમ કરતા ઈષ્ટ નામ્ આદેશ પૂર્વે થાય છે. તેથી તમારી શંકા ઉચિત નથી.)*

**શંકા :-** સૂત્રમાં સ્વરે પદ ન મૂકીએ અને ન્ આગમ નિત્ય બનવાના કારણે તે પૂર્વે થાય તો પણ ત્રપુન્ + આમ્ અને જતુન્ + આમ્ વિગેરે અવસ્થાઓમાં 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્રથી આમ્ નો નામ્ આદેશ થઈ શકે છે. તે આ રીતે - 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્રવર્તી હ્રસ્વાપઃ પદસ્થળે હ્રસ્વાપ્ પ્રકૃતિની વિશેષણીભૂત પંચમીને વિહિતાર્થક ગણીએ તો તે સૂત્રનો અર્થ 'હ્રસ્વ સ્વરાન્ત અને આપ્ પ્રત્યયાન્ત નામથી વિહિત આમ્ નો નામ્ આદેશ થાય છે' આ પ્રમાણે થાય. તેથી હવે માત્ર આમ્ પ્રત્યય હ્રસ્વસ્વરાન્ત નામ કે પછી આપ્ પ્રત્યયાન્ત નામને આશ્રયીને થયો છે કે નહીં એટલું જ જોવાનું રહેતા વચ્ચે ગમે તેટલા વ્યવધાન હોય તો પણ ચાલે. તો ત્રપુન્ + આમ્ અને જતુન્ + આમ્ વિગેરે અવસ્થાઓમાં આમ્ પ્રત્યય ન્ આગમ થયા પૂર્વે હ્રસ્વસ્વરાન્ત ત્રપુ, જતુ વિગેરે નામોને આશ્રયીને થયો હોવાથી વચ્ચે ન્ આગમનું વ્યવધાન હોય તો પણ 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્રથી આમ્ નો નામ્ આદેશ થઈ શકતા ત્રપુન્ + નામ્ અને જતુન્ + નામ્ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા 'નામસિદય્૦ ૧.૧.૨૧' સૂત્રથી પદસંજ્ઞાને પામેલા ત્રપુન્, જતુન્ વિગેરેના અંત્ય ન્ નો 'નામ્નો નો૦ ૨.૧.૯૧[A]' સૂત્રથી લોપ થતા તેમ જ 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રથી ત્રપુ, જતુ વિગરેના અંત્ય સમાનસ્વરનો દીર્ઘ આદેશ થતા ત્રપૂણામ્ અને જતૂનામ્ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકે છે. તેથી સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ આવશ્યકતા નથી.

અથવા બીજી રીતે જોઈએ તો પૂર્વે જે તમે સૂત્રમાં સ્વરે પદના અભાવે ન્ આગમ નિત્ય થવાની વાત દર્શાવી તે જ અયુક્ત છે. કેમકે આ સૂત્રમાં અનામ્ આવું પદ હોવાથી આમ્ પ્રત્યય પર છતાં ન્ આગમનો નિષેધ હોવાથી ત્રપુ + આમ્ અને જતુ + આમ્ વિગેરે અવસ્થાઓમાં ન્ આગમ નામ્ આદેશ થતા પૂર્વે નહીં પણ માત્ર નામ્ આદેશ થયા પછી જ થઈ શકતો હોવાથી તે નિત્ય ન ગણાય. વળી પાછો ન્ આગમ નિત્ય ન હોવાથી પૂર્વે નામ્ આદેશ કરવામાં આવે તો પણ ત્રપુ + નામ્ અને જતુ + નામ્ વિગેરે અવસ્થાઓમાં નામ્ આદેશનો સ્થાનિવદ્ભાવ મનાવાથી અર્થાત્ નામ્ આદેશ પણ આમ્ વત્ મનાવાથી પરમાં આમ્ પ્રત્યય જ છે તેમ ગણાતા ત્રપુ, જતુ વિગેરેને ત્યારે પણ ન્ આગમ ન થઈ શકે. તો આ રીતે સ્વરે પદ રહિત આ સૂત્રથી નામ્ આદેશ થયા પછીની ઉભય અવસ્થાઓમાં ન્ આગમ ન થઈ શકતો હોવાથી ત્રપુ + નામ્ અને જતુ + નામ્ વિગેરે અવસ્થાઓમાં 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રથી ત્રપુ, જતુ વિગેરેનો અંત્ય સમાનસ્વર દીર્ઘ થતા ત્રપૂણામ્, જતૂનામ્ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકતા હોવાથી સૂત્રમાં સ્વરે પદ મૂકવાની કોઈ જરૂર નથી.

---

(A) 'નામ્નો નો૦ ૨.૧.૯૧' સૂત્રથી થતો ન્ નો લોપ અસત્ થાય તો પણ 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રની બૃહદ્વૃત્તિમાં 'અપ્ ઇતિ પ્રતિષેધેન નકારેણ વ્યવહિતેઽપિ નામિ દીર્ઘો જ્ઞાપ્યતે' આ પ્રમાણે પંકિત હોવાથી ન કારથી વ્યવહિત એવા ત્રપુ, જતુ વિગેરેનો અંત્ય સમાનસ્વર દીર્ઘ થઈ શકશે.

**સમાધાન :-** સારૂં. તો સ્વરાદિપ્રત્યયો પરમાં હોય ત્યારે આ સૂત્રથી ન્ આગમ ભલે થાય પણ ત્રપુ, જતુ વિગેરેથી પરમાં પ્રથમા તેમજ સંબોધન એકવચનનો સિ પ્રત્યય હોય ત્યારે આ સૂત્રથી ન્ આગમ ન થાય તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે.

**શંકા :-** સ્યાદિ પ્રત્યયો પરમાં વિદ્યમાન હોય ત્યારે આ સૂત્રથી ન્ આગમ થઈ શકે. તો ત્રપુ + સિ અને જતુ + સિ વિગેરે અવસ્થાઓમાં 'अनतो लुप् १.४.५९' સૂત્રથી સિ પ્રત્યયનો લુપ્ થઈ ગયો હોવાથી પરમાં સ્યાદિ સિ પ્રત્યય ન વર્તતા આ સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ જ નથી. તેથી સૂત્રમાં સ્વરે પદ મૂકવાની જરૂર નથી.

**સમાધાન :-** ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते'*** ન્યાયાનુસારે લુપ્ થયેલા સિ પ્રત્યયની વિદ્યમાનતા મનાતા આ સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ છે. તેથી તેના નિષેધાર્થે સૂત્રમાં સ્વરે પદ જરૂરી છે.

**શંકા :-** 'लुप्यव्वृल्लेनत् ૭.૪.૧૧૨' પરિભાષાથી લુપ્ થયેલા પ્રત્યયના નિમિત્તે પૂર્વમાં કોઈ કાર્ય કરવાનું હોય ત્યારે તે લુપ્ થયેલા પ્રત્યયના સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. પ્રસ્તુતમાં 'अनतो लुप् १.४.५९' સૂત્રથી લુપ્ થયેલા સિ પ્રત્યયના નિમિત્તે પૂર્વમાં ન્ આગમ રૂપ કાર્ય કરવાની અવસ્થા વર્તતા 'लुप्यव्वृल्लेनत् ૭.૪.૧૧૨' પરિભાષાથી તે લુપ્ થયેલા સિ પ્રત્યયના સ્થાનિવદ્ભાવનો નિષેધ થવાથી ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયાનુસારે લુપ્ત સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ ન મનાતા ન્ આગમની પ્રાપ્તિ જ નથી. તેથી સૂત્રમાં સ્વરે પદની જરૂર નથી.

**સમાધાન :-** સાચી વાત છે. 'लुप्यव्वृल्लेनत् ૭.૪.૧૧૨' પરિભાષાથી લુપ્ થયેલા સિ પ્રત્યયના સ્થાનિવદ્-ભાવનો નિષેધ થવાથી ત્રપુ, જતુ વિગેરે નામોને સ્વરે પદરહિત આ સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ ન વર્તતા આમ તો સૂત્રમાં સ્વરે પદ નિરર્થક ઠરે છે, તેમ છતાં સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે તે જણાવે છે કે 'लुप्यव्वृल्लेनत् ૭.૪.૧૧૨' પરિભાષાથી લુપ્ થયેલા પ્રત્યયના સ્થાનિવદ્ભાવનો નિષેધ હોય તો પણ ક્વચિત્ (= કાર્યવિશેષ કરવાના હોય ત્યારે) ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી લુપ્ થયેલા પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માની શકાય છે. તેથી ત્રપુ, જતુ વિગેરેથી પરમાં લુપ્ત સંબોધન એકવચનના સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાતા 'ह्रस्वस्य गुणः १.४.४१' સૂત્રથી તે સિ પ્રત્યયની સાથે ત્રપુ, જતુ વિગેરેના અંત્ય હ્રસ્વસ્વરનો ગુણ થવાથી હે ત્રપો !, હે જતો ! વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે છે અને નપુંસકલિંગ પ્રિયત્રિ અને પ્રિયચતુર્ શબ્દથી પરમાં લુપ્ત પ્રથમા એકવચનના સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાતા 'त्रिचतुरस्० २.१.१' સૂત્રમાં અપેક્ષિત સ્યાદિપ્રત્યયની પરવર્તિતા પ્રાપ્ત થતા તે સૂત્રથી પ્રિયત્રિ અને પ્રિયચતુર્ ગત ત્રિ અને ચતુર્ નો તિસૃ અને ચતસૃ આદેશ થવાથી પ્રિયતિસૃ કુલમ્ અને પ્રિયચતસૃ કુલમ્ પ્રયોગો સિદ્ધ થઈ શકે છે.

અહીં આ વાત ખાસ ધ્યાનમાં રાખવી કે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયાનુસારે પ્રસ્તુતમાં જે સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાય છે, તે આ સૂત્રથી ત્રપુ, જતુ વિગેરેને સિ પ્રત્યય પર છતાં ન્ આગમ થવાની પ્રાપ્તિ વર્તે અને તેમ થતા આ સૂત્રમાં સ્વરે પદ હોવાથી ન્ આગમનો નિષેધ થઈ શકવાથી સૂત્રવર્તી સ્વરે પદ ચરિતાર્થ થઈ શકે

તે માટે નથી. કારણ જો ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયાનુસારે સ્થાનિવદ્ભાવને પામેલો સિ પ્રત્યય ત્રપુ, જતુ વિગેરેને ન્ આગમની પ્રાપ્તિ થાય તે માટે હોય તો આ સૂત્રવર્તી સ્વરે પદ તો '' 'लुप्यव्यृ० ૭.૪.૧૧૨' સૂત્રથી સ્થાનિવદ્ભાવના નિષેધને પામેલા લુપ્ થયેલા પ્રત્યયનો ક્વચિત્ (કાર્યવિશેષ કરવાનું હોય ત્યારે) ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી સ્થાનિવદ્ભાવ પણ માની શકાય છે.'' આ વાતનું જ્ઞાપન કરવામાં ચરિતાર્થ[A] થઈ જતું હોવાથી તે સિ પ્રત્યય પર છતાં ત્રપુ, જતુ વિગેરેને થયેલા ન્ આગમનો નિષેધ કરવા માટે સમર્થ ન બની શકે. તેથી ન્ આગમના નિષેધાર્થે સૂત્રવર્તી સ્વરે પદની આવૃત્તિ કે પછી કોઈ અન્યપદનો નિવેશ કરવાની આપત્તિ આવી પડે માટે ન્ આગમ સ્વરૂપ કાર્ય કરવાની બાબતમાં 'लुप्यव्यृ० ૭.૪.૧૧૨' સૂત્રથી સિ પ્રત્યયના સ્થાનિવદ્ભાવનો નિષેધ જ મનાશે અને ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયાનુસારે તે સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ 'ह्रस्वस्य गुणः ૧.૪.૪૧' સૂત્રથી ત્રપુ, જતુ વિગેરેના અન્ય હ્રસ્વસ્વરનો તેની સાથે ગુણ થઈ શકે તે માટે તેમજ તેની પરવર્તિતા ગણાતા 'त्रिचतुरस्० ૨.૧.૧' સૂત્રથી પ્રિયત્રિ અને પ્રિયચતુર્ ગત ત્રિ અને ચતુર્ નું તિસૃ અને ચતસૃ આદેશ રૂપ કાર્યવિશેષ થઈ શકે તે માટે મનાશે.

આ રીતે સૂત્રવર્તી સ્વરે પદ ' 'लुप्यव्यृ० ૭.૪.૧૧૨' સૂત્રથી સ્થાનિવદ્ભાવના નિષેધને પામેલા લુપ્ થયેલા પ્રત્યયનો ક્વચિત્ ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી સ્થાનિવદ્ભાવ પણ માની શકાય છે' આ વાતનું જ્ઞાપન કરવા માટે હોવાથી તે સાર્થક છે.

**શંકા :-** ત્રપુ, જતુ તેમજ પ્રિયત્રિ અને પ્રિયચતુર્ થી પરમાં રહેલા સંબોધન તેમજ પ્રથમા એકવચનના સિ પ્રત્યયનો જ્યારે 'नामिनो लुग् वा ૧.૪.૬૧' સૂત્રથી લુક્ આદેશ થાય ત્યારે તે લુક્ થયેલા સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાવાથી હે ત્રપો !, હે જતો !, પ્રિયતિસૃ કુલમ્, પ્રિયચતસૃ કુલમ્ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે છે. તેથી તે પ્રયોગોની સિદ્ધ્યર્થે 'अनतो लुप् ૧.૪.૫૯' સૂત્રથી લુપ્ થયેલા સિ પ્રત્યયનો આ રીતે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી સ્થાનિવદ્ભાવ માનવાની કોઈ આવશ્યકતા નથી.

**સમાધાન :-** 'नामिनो लुग् वा ૧.૪.૬૧' સૂત્રમાં લુક્ થયેલા સિ-અમ્ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માની શકાય તે માટે જ લુક્ આદેશ દર્શાવ્યો છે તે લુપ્ત થયેલા સિ-અમ્ પ્રત્યયનો ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી જ સ્થાનિવદ્-ભાવ મનાય છે તેનો અનુવાદક[B] જ છે. અર્થાત્ લુપ્ત સિ-અમ્ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ તો ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી જ મનાય છે અને 'नामिनो लुग् वा ૧.૪.૬૧' સૂત્રવર્તી લુગ્ આદેશ સ્થાનિવદ્ભાવનો પ્રાપક ન બનતા ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી સિ-અમ્ પ્રત્યયનો જ સ્થાનિવદ્ભાવ થાય છે તે થવા સ્વરૂપ વસ્તુસ્થિતિનું માત્ર નિરૂપણ જ કરે છે. તેથી 'नामिनो लुग् वा ૧.૪.૬૧' સૂત્રથી લુક્ આદેશ થાય તો પણ હે ત્રપો !, હે જતો !,

(A) સૂત્રવર્તી પદ અમુક કાર્ય કરવાના કારણે ચરિતાર્થ (= સફળ) થઈ જાય પછી તે કાર્યાન્તર કરવા માટે અસમર્થ બની જાય છે.

(B) प्रमाणान्तरप्रतिपन्नस्याऽर्थस्य शब्देन संकीर्तनमनुवादः।

પ્રિયતિસૃ કુલમ્, પ્રિયચતસૃ કુલમ્ વિગેરે પ્રયોગોની સિદ્ધ્યર્થે સિ-અમ્ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ તો ***'પ્રત્યયલોપેऽપિ०'*** ન્યાયથી જ મનાતા ***'પ્રત્યયલોપેऽપિ०'*** ન્યાયથી અમે જે સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માન્યો છે તે આવશ્યક છે.

**શંકા :-** જો ***'પ્રત્યયલોપેऽપિ०'*** ન્યાયથી લુપ્ત સિ-અમ્ પ્રત્યયોનો સ્થાનિવદ્ભાવ મનાય છે, તો તેઓ દૃષ્ટિગોચર કેમ થતા નથી ? આથી તેમનું અસ્તિત્વ ન માની શકાય.

**સમાધાન :-** વિભક્તિના પ્રત્યયોનું અસ્તિત્વ બે પ્રકારનું હોય છે; મુખ્ય અને ઔપચારિક. તેમાં જે સ્થળે પ્રયોગકાળે કે ઉચ્ચારણકાળે વિભક્તિના પ્રત્યયો દૃષ્ટિગોચર થતા હોય કે સંભળાતા હોય ત્યાં વિભક્તિના પ્રત્યયોનું મુખ્યપણે અસ્તિત્વ સમજવું અને જે સ્થળે વિભક્તિના પ્રત્યયોનો લોપ થઈ ગયો હોય તેમ છતાં લુપ્ત વિભક્તિના પ્રત્યયોને આશ્રયીને કાર્યો થતા હોય તો ત્યાં વિભક્તિના પ્રત્યયો ભલે દૃષ્ટિગોચર ન થતા હોય છતાં કાર્યના બળે તેમની કલ્પના થતી હોવાથી તેમનું ઔપચારિકપણે અસ્તિત્વ સમજવું. લોકમાં પણ 'પૂર્વે બાંધેલુ કર્મ હાલ વિદ્યમાન છે' એમ કહેવાય છે. ત્યાં કર્મ (= ધર્માધર્મ) દૃષ્ટિગોચર ન થવા છતાં તેમાં રહેલું જે સુખ-દુઃખ રૂપ ફળ આપવાનું સામર્થ્ય અનુભવાય છે તેના બળે કલ્પના કરી 'પૂર્વે બાંધેલા કર્મો વિદ્યમાન છે' એમ કહેવાય છે. તેમ પ્રસ્તુતમાં ત્રપુ વિગેરેથી પરમાં રહેલા સિ-અમ્ પ્રત્યયનો 'નામિનો લુગ્ વા ૧.૪.૬૧' સૂત્રથી લોપ થઈ ગયો હોવાથી તેઓ દૃષ્ટિગોચર ન થતા મુખ્યપણે તેમનું અસ્તિત્વ નથી મનાતું, છતાં પણ લુક્ પક્ષે ***'પ્રત્યયલોપેऽપિ०'*** ન્યાયથી તેમનો સ્થાનિવદ્ભાવ મનાતા હે ત્રપો!, પ્રિયતિસૃ કુલમ્ વિગેરે પ્રયોગસ્થળે 'હ્રસ્વસ્ય गुणः ૧.૪.૪૧' સૂત્રથી તેમજ 'ત્રિચતુરસ્૦ ૨.૧.૧' સૂત્રથી થતા ગુણ તેમજ તિસૃ આદેશ રૂપ કાર્યો જેવા મળતા હોવાથી તે કાર્યોના બળે દૃષ્ટિગોચર ન થતા લુપ્ત સિ-અમ્ પ્રત્યયોનું ઔપચારિકપણે અસ્તિત્વ માની શકાય છે.

લઘુન્યાસકારશ્રીએ આ સૂત્રમાં સ્વરે પદ મૂકવા પાછળ જુદું કારણ દર્શાવ્યું છે. તેમનું કહેવું એમ છે કે આ સૂત્રમાં અનામ્ આવું પદ મૂકી ગ્રંથકારશ્રીએ આમ્ સિવાયના પ્રત્યયોને ગ્રહણ કરવાનું જે કહ્યું છે ત્યાં અનામ્ પદસ્થળે ***'तद्भिन्नस्तत्सदृग्ग्राही'*** પર્યુદાસ નઞ્ હોવાથી આમ્ સ્વરાદિ સ્યાદિપ્રત્યય રૂપે વર્તતા સૂત્રમાં આમ્ થી ભિન્ન અને સ્વરાદિ સ્યાદિપ્રત્યય રૂપે આમ્ ને સદશ એવા સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોનું જ આમ તો નિમિત્ત રૂપે ગ્રહણ થવાનું હતું. પણ તેમ થતા પૂર્વસૂત્રમાં અનુવર્તમાન ટાદૌ પદ આ સૂત્રમાં પણ અનુવર્તતા આ સૂત્રમાં નિમિત્ત રૂપે માત્ર ટા વિગેરે સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોનું જ ગ્રહણ થઈ શકતા ટાદૌ પદની અનુવૃત્તિ અટકે અને આ સૂત્રમાં આમ્ સિવાયના સઘળાય સ્વરાદિ સ્યાદિપ્રત્યયોનું નિમિત્ત રૂપે ગ્રહણ થઈ શકે તે માટે સૂત્રમાં સ્વરે પદ મૂક્યું છે.

| | (a) હે વારે! | (b) હે ત્રપો! |
|---|---|---|
| | वारि + सि | त्रपु + सि |
| * 'नामिनो लुग् वा १.४.६१' → | वारि | त्रपु |
| * 'ह्रस्वस्य गुणः १.४.४१' → | वारे!। | त्रपो!। |

અહીં વારિ અને ત્રપુ નામથી પરમાં વર્તતો સંબોધન એકવચનનો સિ પ્રત્યય સ્વરાદિ ન હોવાથી આ સૂત્રથી ન્ આગમ ન થયો.

*'अपेक्षातोऽधिकारः'* ન્યાયાનુસારે પૂર્વસૂત્રથી આ સૂત્રમાં સ્વરે પદની અનુવૃત્તિ ન લેવી. કેમકે જો તેની અનુવૃત્તિ લેવામાં આવે તો તેની સાથે સંબદ્ધ ટાદૌ પદની અનુવૃત્તિ પણ આ સૂત્રમાં આવી પડે. તેથી ટા વિગેરે સ્વરાદિ સ્યાદિપ્રત્યયો પરમાં હોય ત્યારે ૬૪ આ સૂત્રથી ન્ આગમ થવાનો પ્રસંગ આવે.

**(5)** આમ્ સિવાયના સ્વરાદિ સ્યાદિ ૬૪ પ્રત્યયો પરમાં હોય ત્યારે આ સૂત્રથી નામ્યન્ત નામને ન્ આગમ થાય એવું કેમ ?

**(a) तौम्बुरवं चूर्णम् – * 'प्राण्यौषधि० ६.२.३१' → तुम्बुरुणो वृक्षस्य विकारोऽवयवश्चूर्णम् = तुम्बुरु + अण्, * 'वृद्धिस्वरेष्वा० ७.४.१' → तौम्बुरु + अण्, * 'अस्वयम्भुवो० ७.४.७०' → तौम्बुरव् + अण् + सि, * 'अतः स्यमोऽम् १.४.५७' → तौम्बुरव + अम्, * 'समानादमो० १.४.४६' → तौम्बुरव + म् = तौम्बुरवम् चूर्णम्।**

અહીં તૌમ્બુરુ + અણ્ અવસ્થામાં પરમાં આમ્ સિવાયનો સ્વરાદિ અણ્ પ્રત્યય છે, પણ તે સ્યાદિ પ્રત્યય ન હોવાથી નામ્યન્ત નપુંસકલિંગ તૌમ્બુરુ નામને આ સૂત્રથી ન્ આગમ ન થયો.

**શંકા :-** આ સૂત્રમાં સ્વરાદિ પ્રત્યયો સ્યાદિ ૬૪ હોવા જોઈએ એમ ન કહેવામાં આવે તો પણ તૌમ્બુરુ + અણ્ અવસ્થામાં આ સૂત્રથી ન્ આગમ ન થઈ શકે. કેમકે 'अस्वयम्भुवो० ७.४.७०' સૂત્ર પરસૂત્ર હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થાય અને તૌમ્બુરવ્ + અણ્ અવસ્થામાં તો હવે તૌમ્બુરવ્ નામ્યન્ત ન રહેવાથી આ સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ ૬૪ નથી. તેથી આ વિરુદ્ધ દૃષ્ટાંત દર્શાવવું યુક્ત નથી.

**સમાધાન :-** ભલે 'अस्वयम्भुवो० ७.४.७०' સૂત્ર પરસૂત્ર હોય છતાં તે સૂત્ર ત્રણે લિંગમાં વર્તતા નામોને આશ્રયીને પ્રવર્તી શકતું હોવાથી સામાન્યસૂત્ર કહેવાય, જ્યારે આ સૂત્ર માત્ર નપુંસકલિંગ નામોને ૬૪ આશ્રયીને પ્રવર્તતું હોવાથી તે વિશેષસૂત્ર કહેવાય. તો જો આ સૂત્રમાં સ્વરાદિ પ્રત્યયો સ્યાદિ ૬૪ હોવા જોઈએ એમ ન કહેવામાં આવે તો *'सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'* ન્યાયાનુસારે આ સૂત્રથી 'अस्वयम्भुवो० ७.४.७०' સૂત્રનો બાધ થતા આ સૂત્ર પૂર્વે પ્રવર્તવાથી તૌમ્બુરુ + અણ્ અવસ્થામાં ન્ આગમની પ્રાપ્તિ આવે છે. માટે स्यादावित्येव? એમ કહીને તૌમ્બુરવં ચૂર્ણમ્ આ ૬૪ વિરુદ્ધ દૃષ્ટાંત દર્શાવ્યું છે તે યુક્ત ૬૪ છે.

(6) નામ્યન્ત એવા ञ નપુંસકલિંગ નામોને આ સૂત્રથી न् આગમ થાય એવું કેમ ?

| | | (a) काण्डे | (b) कुण्डे |
|---|---|---|---|
| | | काण्ड + औ | कुण्ड + औ |
| ※ 'औरीः १.४.५६' | → | काण्ड + ई | कुण्ड + ई |
| ※ 'अवर्णस्ये० १.२.६' | → | काण्डे। | कुण्डे। |

અહીં काण्ड અને कुण्ड નામો નામ્યન્ત ન હોવાથી તેમને આ સૂત્રથી न् આગમ ન થયો.

**શંકા :-** कुल + ओस् અવસ્થામાં 'एद् बहु० १.४.४' સૂત્રથી कुल ના अ નો ए આદેશ થયા બાદ कुले + ओस् અવસ્થા પ્રાપ્ત થતા હવે નામ્યન્ત कुले થી પરમાં સ્વરાદિ ओस् પ્રત્યય હોવાથી આ સૂત્રથી न् આગમ કેમ નથી કરતા ?

**સમાધાન :-** નામ જ્યારે નામ્યન્ત અવસ્થામાં હોય ત્યારે જો તેને સ્વરાદિ સ્યાદિ પ્રત્યય થયો હોય તો આ સૂત્રથી न् આગમ થઈ શકે છે. कुल નામને ओस् પ્રત્યય નામ્યન્ય અવસ્થામાં નહીં પણ अ કારાન્ત कुल અવસ્થામાં થયો હોવાથી પાછળથી ભલે તે નામ્યન્ત થયો હોય તો પણ તેને न् આગમ ન થઈ શકે. આથી कुले + ओस् અવસ્થામાં આ સૂત્રથી न् આગમ ન થઈ શકતા 'एदैतो० १.२.२३' સૂત્રથી कुले ના ए નો अय् આદેશ થયો હોવાથી कुलयोः પ્રયોગ સિદ્ધ થાય છે.

**શંકા :-** द्वि + ओस् અવસ્થામાં તો સ્વરાદિ ओस् પ્રત્યય द्वि નામને નામ્યન્ત અવસ્થામાં થયો હોવાથી આ સૂત્રથી न् આગમ થવો જોઈએ. વળી ***'आदेशादागमः'*** ન્યાયાનુસારે આદેશ કરતા આગમ પૂર્વે થતો હોવાથી द्वि નામનો અન્ય કોઈ આદેશ થાય તે પૂર્વે न् આગમ થવાની પ્રાપ્તિ હોવાથી પણ न् આગમ થવો જોઈએ. તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** ભલે ***'आदेशादागमः'*** ન્યાયાનુસારે द्वि શબ્દને न् આગમ પૂર્વે થવાની પ્રાપ્તિ હોય, છતાં 'आ द्वेरः २.१.४१' સૂત્રથી द्वि ના इ નો अ આદેશ કરવો એ પર તેમજ અલ્પનિમિત્તક કાર્ય હોવાના કારણે અંતરંગ કાર્ય હોવાથી द्व + ओस् અવસ્થા પૂર્વે પ્રાપ્ત થતા હવે द्व એ નામ્યન્ત નામ ન હોવાથી તેને સ્વરાદિ ओस् પ્રત્યય પર છતાં આ સૂત્રથી न् આગમ ન થઈ શકે, આથી નથી કર્યો.

**શંકા :-** સારૂં. પણ 'एद् बहु० १.४.४' સૂત્રથી द्व ના अ નો ए આદેશ થયા બાદ द्वे + ओस् અવસ્થામાં હવે द्वे નામ્યન્ત નામ હોવાથી આ સૂત્રથી તેને न् આગમ થવો જોઈએ. વળી ओस् પ્રત્યય द्वि આ નામ્યન્ત અવસ્થામાં થયો હોવાથી અહીં તમારી પૂર્વોક્ત છટકબારીને પણ અવકાશ નથી. તો न् આગમ કેમ નથી કરતા ?

**સમાધાન :-** द्वि + ओस् અવસ્થામાં આ સૂત્ર અને 'आ द्वेरः २.१.४१' સૂત્ર વિપ્રતિષેધ (= સ્પર્ધ) બનેલા અને સ્પર્ધ એવા તે બન્ને સૂત્રો પૈકી 'आ द्वेरः २.१.४१' સૂત્રએ આ સૂત્રની પ્રવૃત્તિનો બાધ કર્યો હતો. તો ***'सकृद्गते विप्रतिषेधे यद् बाधितं तद् बाधितमेव'*** ન્યાયાનુસારે 'आ द्वेरः २.१.४१' સૂત્રથી બાધિત એવું આ સૂત્ર બાધિત ૐ ગણાતા द्वे + ओस् અવસ્થામાં આ સૂત્રથી न् આગમ ન થઈ શકવાથી નથી કર્યો. તેથી હવે द्वे ના ए નો 'एदैतो० १.२.२३' સૂત્રથી अय् આદેશ થતા द्वयोः પ્રયોગ સિદ્ધ થાય છે.

**(7)** નામ્યન્ત નપુંસકલિંગ ૐ નામોને આ સૂત્રથી न् આગમ થાય એવું કેમ ?

**(a) मुनी (b) साधू – * मुनि + औ , साधु + औ, * 'इदुतो० १.४.२१' → मुनी, साधू।**

આ બન્ને સ્થળે પરમાં સ્વરાદિ औ પ્રત્યય છે, પણ મુનિ અને સાધુ નામો નપુંસકલિંગ ન હોવાથી આ સૂત્રથી તેમને न् આગમ ન થયો.

**(8)** આ સૂત્રથી न् આગમ કરવા आम् સિવાયના સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો નામ્યન્ત નપુંસક નામ સંબંધી ૐ હોવા જોઈએ.

**(a) प्रियवारये – * 'एकार्थं० ३.१.२२' → प्रियं वारि यस्य स = प्रियवारि + ङे, * 'ङित्यदिति १.४.२३' → प्रियवारे + ङे, * 'एदैतो० १.४.२३' → प्रियवारय् + ङे = प्रियवारये।**

**(b) प्रियमधोः पुंसः – * प्रियं मधु यस्य स = प्रियमधु + ङस्, * 'ङित्यदिति १.४.२३' → प्रियमधो + ङस्, * 'एदोद्भ्यां० १.४.३५' → प्रियमधो + र्, * 'रः पदान्ते० १.३.५३' → प्रियमधोः पुंसः।**

આ બન્ને સ્થળે સ્વરાદિ સ્યાદિ ङे-ङस् પ્રત્યયો प्रियवारि અને प्रियमधु ગત નામ્યન્ત નપુંસક वारि અને मधु નામો સંબંધી નથી, પણ તેઓ સંપૂર્ણ પુંલિંગ प्रियवारि અને प्रियमधु નામો સંબંધી છે. માટે प्रियवारि અને प्रियमधु નામોને આ સૂત્રથી न् આગમ ન થયો ।।૬૪।।

## स्वराच्छौ ।। १.४.६५।।

**बृ.वृ.–(1)जस्-शसादेशे शौ परे स्वरान्तान्नपुंसकात् परो नोऽन्तो भवति। (2)कुण्डानि, वनानि, प्रियवृक्षाणि कुलानि, वारीणि, त्रपूणि, कर्तृणि। (3)स्वरादिति किम्? चत्वारि, अहानि, विमलदिवि, सुगणि। (4)अंत इत्येव सिद्धे स्वरग्रहणमुत्तरार्थम् ।।६५।।**

---

**सूत्रार्थ :-** જસ્ અને શસ્ પ્રત્યયના આદેશભૂત શિ પ્રત્યય પરમાં હોય તો સ્વરાન્ત નપુંસક નામથી પરમાં न् આગમ થાય છે.

વિવરણ :- (1) આ પાદમાં સ્યાદિ નામનો અધિકાર ચાલતો હોવાથી સ્યાદિ એવા ૯ શિ પ્રત્યયનું સૂત્રમાં ગ્રહણ થઈ શકતું હોવાથી બૃહદ્વૃત્તિમાં 'जस्-शसादेशे शौ परे' આમ પંક્તિ દર્શાવી છે.

(2) દૃષ્ટાંત -

| | (i) कुण्डानि | (ii) वारीणि |
|---|---|---|
| | कुण्ड + जस् કે शस् | वारि + जस् કે शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | कुण्ड + शि | वारि + शि |
| * 'स्वराच्छौ १.४.६५' → | कुण्डन् + शि | वारिन् + शि |
| * 'नि दीर्घः १.४.८५' → | कुण्डान् + शि | वारीन् + शि |
| * 'रषृवर्णान्० २.३.६३' → | ↓ | वारीण् + शि |
| | = कुण्डानि। | = वारीणि। |

| | (iii) त्रपूणि | (iv) कर्तॄणि |
|---|---|---|
| | त्रपु + जस् કે शस् | कर्तृ + जस् કે शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | त्रपु + शि | कर्तृ + शि |
| * 'स्वराच्छौ १.४.६५' → | त्रपुन् + शि | कर्तॄन् + शि |
| * 'नि दीर्घः १.४.८५' → | त्रपून् + शि | कर्तॄन् + शि |
| * 'रषृवर्णान्० २.३.६३' → | त्रपूण् + शि | कर्तॄण् + शि |
| | = त्रपूणि। | = कर्तॄणि। |

वनानि અને प्रियः वृक्षः येषां तानि = प्रियवृक्ष નપુંસકલિંગશબ્દના प्रियवृक्षाणि પ્રયોગની સાધનિકા. कुण्डानि પ્રયોગ પ્રમાણે સમજવી.

(3) આ સૂત્રથી સ્વરાન્ત એવા ૯ નપુંસકલિંગ નામથી પરમાં न् આગમ થાય એવું કેમ ?

| (a) चत्वारि | (b) अहानि |
|---|---|
| चतुर् + जस् કે शस् | अहन् + जस् કે शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → चतुर् + शि | * 'नपुंसकस्य शिः १.४.५५' → अहन् + शि |
| * 'वाः शेषे १.४.८२' → चत्वार् + शि | * 'नि दीर्घः १.४.८५' → अहान् + शि |
| = चत्वारि। | = अहानि। |

| | (c) विमलदिवि[A] | (d) सुगणि[B] |
|---|---|---|
| | विमलदिव् + जस् के शस् | सुगण् + जस् के शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | विमलदिव् + शि | सुगण् + शि |
| | = विमलदिवि। | = सुगणि। |

આ સર્વસ્થળે શિ પ્રત્યય પરમાં છે, પણ चतुर् વિગેરે નપુંસકલિંગ નામો સ્વરાન્ત ન હોવાથી આ સૂત્રથી તેમની પરમાં ન્ આગમ ન થયો.

**(4) શંકા :-** इ વર્ણ વિગેરે કોઈપણ નામી સ્વરાન્ત નપુંસકલિંગ નામથી પરમાં સ્વરાદિ શિ પ્રત્યય હોય ત્યારે આગળના 'अनाम्स्वरे० १.४.६४' સૂત્રથી ન્ આગમ થઈ શકે છે. તેમજ શેષ રહેલા અ વર્ણાન્ત નામો પૈકીના આ કારાન્ત નામોના આ નો નપુંસકલિંગમાં 'क्लिबे २.४.९७' સૂત્રથી હ્રસ્વ આદેશ થઈ જતો હોવાથી આ કારાન્ત નપુંસકલિંગ નામો તો સંભવતા જ નથી. તેથી હવે માત્ર અ કારાન્ત નપુંસકલિંગ નામો જ શેષ રહ્યા છે કે જેમને શિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી ન્ આગમ કરવાનો રહે છે. તો તેમ કરવા આ સૂત્ર 'स्वराच्छौ' ન બનાવતા 'अतः शौ' બનાવવું જોઈએ. તો શા માટે સૂત્રમાં स्वरात् પદ મૂકો છો ?

**સમાધાન :-** તમારી વાત સાચી છે. છતાં આ પછીના 'धुटां प्राक् १.४.६६' સૂત્રમાં લાઘવાર્થે સ્વર શબ્દની અનુવૃત્તિ આવશ્યક છે, તેથી આ સૂત્રમાં अतः ના બદલે स्वरात् પદ મૂક્યું છે. જો स्वरात् પદ ન મૂકીએ તો તેના બદલે अतः પદ મૂકવાનું તો ઊભુ જ રહે છે અને સાથે સાથે 'धुटां प्राक् १.४.६६' સૂત્રમાં નવું એક स्वरात् પદ મૂકવું પડે કે જે ગૌરવદોષનું આપાદક બને ।।૬૫।।

## (1) धुटां प्राक् ।। १.४.६६।।

**बृ.वृ.–स्वरात् परा या धुड्जातिस्तदन्तस्य नपुंसकस्य (2)धुड्भ्य एव प्राक् शौ परे नोऽन्तो भवति। (3)पयांसि तिष्ठन्ति, यशांसि पश्य, उदश्विन्ति, सर्पींषि, धनूंषि, अतिजरांसि कुलानि। (4)धुटामिति बहुवचनं जातिपरिग्रहार्थम्, तेन–काष्ठतङ्क्षि, गोरङ्क्षि कुलानीति सिद्धम्। (5)स्वरादित्येव? गोमन्ति कुलानि। (6)शावित्येव? उदश्विता ।।६६।।**

---

**સૂત્રાર્થ :-** સ્વરથી પરમાં રહેલી જે ધુટ્ જાતિ (અર્થાત્ એક કે અનેક ધુટ્ વર્ણો), તે ધુટ્ જાત્યન્ત નપુંસકલિંગ નામોને શિ પ્રત્યય પરમાં વર્તતા (યથાસંભવ એક કે અનેક) ધુટ્ વર્ણોની જ પૂર્વમાં ન્ આગમ થાય છે.

---

(A) विमला द्यौर्येष्वहस्सु = विमलदिव्।

(B) सुगणयतीति क्विप् = सुगण्।

**વિવરણ :-** **(1)** આ સૂત્રવર્તી धुटाम् પદ પૂર્વસૂત્રાનુવૃત્ત नपुंसकानाम् પદનું વિશેષણ છે. તેથી 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષા પ્રમાણે આ સૂત્રથી धुट् વર્ણાન્ત નપુંસકલિંગ નામોને न् આગમ થશે.

**શંકા :-** સૂત્રવર્તી પ્રાક્ આ દિક્શબ્દથી યુક્ત धुट् શબ્દને 'प्रभृत्यन्यार्थ० ૨.૨.૭૫' સૂત્રથી પંચમી વિભક્તિ થવી જોઈએ. તો સૂત્રમાં धुटाम् આમ ષષ્ઠયન્ત પદ કેમ મૂક્યું છે ?

**સમાધાન :-** સૂત્રવર્તી પ્રાક્ શબ્દથી યુક્ત धुट् શબ્દનો જો પ્રાક્ શબ્દની સાથે સંબંધ (વ્યપેક્ષા સામર્થ્ય[A]) હોય તો તેને 'प्रभृत्यन्यार्थ० ૨.૨.૭૫' સૂત્રથી દિગ્યોગલક્ષણા પંચમી વિભક્તિ થઈ શકે. પણ તેનો સંબંધ 'धुटां नोऽन्तो भवति' આમ नोऽन्तो પદની સાથે છે. તેથી અમે પંચમી વિભક્તિ ન કરતા ષષ્ઠી વિભક્તિ કરી સૂત્રમાં धुटाम् આવું ષષ્ઠયન્ત પદ મૂક્યું છે.

**(2)** धुट् વર્ણાન્ત નપુંસકલિંગ નામોને પ્રાક્ (પૂર્વમાં) न् આગમ થાય છે. પણ કોના પૂર્વમાં ? એ પ્રશ્ન વર્તતા બીજા કોઈની પૂર્વમાં ન સંભવતા धुट् વર્ણોની જ પૂર્વમાં આ સૂત્રથી न् આગમ થાય છે. આથી બૃહદ્વૃત્તિમાં 'धुड्भ्य एव प्राक्' આ પ્રમાણે પંક્તિ દર્શાવી છે. અહીં અન્ય કોઈની પૂર્વે न् આગમ ન સંભવતા न् આગમાર્થે धुट् વર્ણો જ ઉપસ્થિત થતા તે धुट् વર્ણવાચી धुट् શબ્દ प्राक् શબ્દનો સંબંધી હોવાથી તેને 'प्रभृत्यन्यार्थ० ૨.૨.૭૫' સૂત્રથી દ્વિગ્યોગલક્ષણા પંચમી વિભક્તિ થશે. આથી જ બૃહદ્વૃત્તિમાં 'धुड्भ्य एव प्राक्' આ પ્રમાણે પંચમી વિભક્તિ દર્શાવી છે.

અહીં 'धुड्जातिस्तदन्तस्य नपुंसकस्य' અર્થનો વાચક સૂત્રવર્તી ષષ્ઠયન્ત धुटाम् પદસ્થલીય धुट् શબ્દ જુદો છે અને પૂર્વમાં न् આગમ કરવા માટે ગત્યન્તર ના અભાવે સ્વતઃપ્રાપ્ત धुट् શબ્દ કે જેના માટે બૃહદ્વૃત્તિમાં 'धुड्भ्य एव प्राक्' પંક્તિ દર્શાવી છે તે જુદો છે, એ ધ્યાનમાં રાખવું.

**(3) દૃષ્ટાંત -**

| | | **(i) पयांसि तिष्ठन्ति** | **(ii) [B]यशांसि पश्य** |
|---|---|---|---|
| | | **पयस् + जस्** | **यशस् + जस्** |
| * **'नपुंसकस्य शिः १.४.५५'** | → | **पयस् + शि** | **यशस् + शि** |
| * **'धुटां प्राक् १.४.६६'** | → | **पयन्स् + शि** | **यशन्स् + शि** |
| * **'न्महतोः १.४.८६'** | → | **पयान्स् + शि** | **यशान्स् + शि** |
| * **'शिड्ढेनुस्वारः १.३.४०'** | → | **पयांस् + शि** | **यशांस् + शि** |
| | | **= पयांसि तिष्ठन्ति।** | **= यशांसि पश्य।** |

---

(A) सर्वः पदविधिः समर्थो वेदितव्यः, समर्थानां पदानां विधिर्वेदितव्य इत्यर्थः। (૭.૪.૧૨૨ बृ.वृत्ति) तत्र पृथगर्थानां पदानामाकाङ्क्षावशात् परस्परसम्बन्धो व्यपेक्षा।

(B) અન્ય બૃહદ્વૃત્તિઓમાં **पयांसि पश्य** પાઠ દર્શાવ્યો છે. પરંતુ બૃ.ન્યાસગત **'एवं यशांसि इत्याद्यपि द्रष्टव्यम्'** પંક્તિ જોતા તેમજ મધ્યમવૃત્તિ જોતા **यशांसि पश्य** પાઠ હોવો યુક્ત જણાય છે.

उदकं श्वयतीति क्विप् उदश्वित् શબ્દનો उदश्वित्सु પ્રયોગ તેમજ सर्पींषि, धनूंषि વિગેરે પ્રયોગોની સાધનિકા पयांसि પ્રયોગ પ્રમાણે સમજવી. માત્ર એટલું વિશેષ કે उदश्वित्सु પ્રયોગની નિષ્પત્તિ કરતી વખતે 'न्स्महतोः १.४.८६' સૂત્ર તેમજ 'शिड्ढेनुस्वारः १.३.४०' સૂત્રની પ્રવૃત્તિ ન કરવી.

**શંકા :-** श्रेयांसि અને भूयांसि પ્રયોગસ્થળે उदित् इयसु પ્રત્યયાન્ત श्रेयस् અને भूयस् શબ્દોને शि પ્રત્યય પરમાં વર્તતા એકસાથે આ સૂત્ર અને 'ऋदुदितः १.४.७०' સૂત્રથી न् આગમ થઈ શકે એમ છે. તો 'स्पर्धे ७.४.११९' સૂત્રનો 'સ્પર્ધ એવા બે સૂત્રો પૈકી જે પર અર્થાત્ ઈષ્ટ સૂત્ર હોય તેની પ્રવૃત્તિ કરવી' આ પ્રમાણે પણ અર્થ થતો હોવાથી ઈષ્ટ એવા આ સૂત્રથી न् આગમ કર્યા બાદ श्रेयन्स् + शि અને भूयन्स् + शि અવસ્થામાં ***'पुनः प्रसङ्गविज्ञानात् सिद्धम्'***(A) ન્યાયાનુસારે ફરી 'ऋदुदितः १.४.७०' સૂત્રથી न् આગમ થવાની પ્રાપ્તિ વર્તતા બે न् આગમ થવાથી અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવશે. તેથી 'ऋदुदितः १.४.७०' સૂત્રથી न् આગમ ન થાય તે માટે સૂત્રમાં દ્વિતીય न् આગમનું નિષેધક કોઈ પદ મૂકવું જોઈએ.

**સમાધાન :-** એકસાથે પ્રાપ્ત આ સૂત્ર અને 'ऋदुदितः १.४.७०' સૂત્ર પૈકી 'स्पर्धे ७.४.११९' સૂત્રાનુસારે ઈષ્ટ એવા આ સૂત્રની પ્રવૃત્તિ થતા 'ऋदुदितः १.४.७०' સૂત્રની પ્રવૃત્તિનો બાધ થવાથી ***'सकृद्गते स्पर्धे यद् बाधितं तद् बाधितमेव'***(B) ન્યાયાનુસારે 'ऋदुदितः १.४.७०' સૂત્રની પ્રવૃત્તિ બાધિત જ ગણાય. તેથી આ સૂત્રથી न् આગમ થવા પૂર્વકની श्रेयन्स् + शि અને भूयन्स् + शि અવસ્થામાં 'ऋदुदितः १.४.७०' સૂત્રથી દ્વિતીય न् આગમ થવાની પ્રાપ્તિ જ નથી, તેથી સૂત્રમાં તેનું નિષેધક કોઈ પદ મૂકવાની જરૂર નથી.

**શંકા :-** વ્યક્તિપક્ષનો સ્વીકાર કરવામાં આવે અર્થાત્ 'પદનો અર્થ વ્યક્તિ છે' એમ માનવામાં આવે તો ***'सकृद्गते स्पर्धे०'*** ન્યાયની પ્રવૃત્તિને અવકાશ રહે. પણ પ્રસ્તુતમાં આકૃતિ પક્ષનો અર્થાત્ જાતિપક્ષનો સ્વીકાર કર્યો હોવાથી એટલે કે 'પદનો અર્થ જાતિ છે' એમ માન્યું હોવાથી અહીં ***'सकृद्गते स्पर्धे०'*** ન્યાયની પ્રવૃત્તિને નહીં પણ ***'पुनः प्रसङ्गविज्ञानात्०'*** ન્યાયની પ્રવૃત્તિને અવકાશ છે.

*(આશય એ છે કે **'सकृद्गते स्पर्धे०'** અને **'पुनः प्रसङ्गविज्ञानात्०'** આ બન્ને ન્યાયો 'स्पर्धे ७.४.११९' પરિભાષાના જ વિસ્તાર રૂપ છે. વ્યક્તિપક્ષનો આશ્રય કરી જ્યારે 'स्पर्धे ७.४.११९' સૂત્રને નિયમ કરનાર રૂપે સિદ્ધ કરવામાં આવે ત્યારે **'सकृद्गते स्पर्धे०'** ન્યાયની સિદ્ધિ થાય છે અને આકૃતિ (= જાતિ)પક્ષનો આશ્રય કરી જ્યારે 'स्पर्धे ७.४.११९' સૂત્રને વિધાયક રૂપે સિદ્ધ કરવામાં આવે ત્યારે **'पुनः प्रसङ्गविज्ञानात्'** ન્યાયની સિદ્ધિ*

---

(A) પરસૂત્ર દ્વારા પૂર્વસૂત્ર બાધિત હોય તો પણ પ્રસંગ વર્તતા પુનઃ પૂર્વસૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે.

(B) સ્પર્ધ એવા બે સૂત્રો પૈકી અમુક સૂત્રની પ્રવૃત્તિ થવાના કારણે જે અન્ય સૂત્રની પ્રવૃત્તિ બાધિત થાય તે બાધિત જ ગણાય.

થાય છે. તે આ રીતે -- **(a)** [A] વ્યક્તિપક્ષે જેટલા લક્ષ્યો હોય અર્થાત્ અમુક એક સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે એવા જેટલા પણ દૃષ્ટાંત સ્થળો હોય તે દરેક સ્થળ રૂપ વ્યક્તિને આશ્રયીને તે સૂત્ર જુદું-જુદું ગણાય. તેથી કોઈ એકાદ પણ સ્થળે જો તે સૂત્ર પ્રવૃત્ત ન થઈ શકે તો તે સ્થળ રૂપ વ્યક્તિને આશ્રયીને જુદું ગણાતું તે સૂત્ર અચરિતાર્થ (= નિરર્થક) થવાની આપત્તિ આવે. તો કોઈ એકસ્થળ કે જ્યાં તે સૂત્ર અને કોઈ અન્યસૂત્ર આમ ઉભયસૂત્રની પ્રવૃત્તિ થવાની પ્રાપ્તિ હોય ત્યાં વ્યક્તિએ-વ્યક્તિએ જુદા ગણાતા નિરવકાશ તે બન્ને સૂત્રો એક-બીજાની પ્રવૃત્તિમાં અટકાયત કરતા તે બન્ને સૂત્રો નિરર્થક થવાની આપત્તિ આવી પડે અને સૂત્ર નિરર્થક બને એ તો ચાલે જ નહીં. તેથી નિરર્થક બનતા તે બન્ને સૂત્રો સ્વતઃ જ પર્યાયે કરીને (= વારાફરથી) પ્રવૃત્ત થઈ જાય છે. હવે 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્રાનુસારે પણ બન્ને સૂત્રો પૈકી પરસૂત્રની પ્રવૃત્તિ થયા બાદ જો પાછળથી શેષ રહેલા સૂત્રની પ્રવૃત્તિ થવાની જ હોય તો બન્ને સૂત્રોની પ્રવૃત્તિ તો ઉપર દર્શાવ્યું તે પ્રમાણે વારાફરથી સ્વતઃસિદ્ધ હતી જ. તેથી આવા સ્થળે પ્રવર્તતા 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્રે નવું શું કાર્ય સાધ્યું ? તેથી નિરર્થક થતું 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્ર નિયમ કરે છે કે 'બન્ને સૂત્રો પૈકી પરસૂત્રની જ પ્રવૃત્તિ કરવી, અન્યની નહીં.' હવે '**सकृद्गते स्पर्धे०**' ન્યાય પણ 'સ્પર્ધ એવા બે સૂત્રો પૈકીના જે સૂત્રની પ્રવૃત્તિ થવાથી (અર્થાત્ સ્પર્ધ હોવાના કારણે પરસૂત્રની જ પ્રવૃત્તિ થવાથી) જે સૂત્રની પ્રવૃત્તિ બાધિત થાય તે બાધિત જ ગણાય (અર્થાત્ ન જ થાય.)' આ પ્રમાણે નિયમાર્થક 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્રને સમાન અર્થનું જ પ્રતિપાદન કરતો હોવાથી તે વ્યક્તિપક્ષાનુસારે નિયમાર્થક રૂપે પ્રાપ્ત થતાં 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્રના વિસ્તાર રૂપ જ છે. **(b)** [B] આકૃતિ (= જાતિ)પક્ષે અમુક એક જ સૂત્ર પોતાના ઉદ્દેશ્યતાવચ્છેદક[C] જાતિના આશ્રય એવા જે કોઈ સ્થળો હોય તે દરેક સ્થળે પ્રવર્તી શકતું હોવાથી અહીં દરેક દૃષ્ટાંત સ્થળ રૂપ વ્યક્તિના ભેદે સૂત્રનો ભેદ માનવાની જરૂર નથી. તેથી દરેક સ્થળે વ્યક્તિભેદે જુદું ન ગણાતું તે એક જ સૂત્ર પ્રવર્તી શકતા અમુક સ્થળે તે સૂત્ર ન પ્રવર્તી શકે તો પણ અન્યસ્થળે ચરિતાર્થ બનતું તે નિરર્થક ન બને. તો કોઈ એકસ્થળ કે જ્યાં તે સૂત્ર અને કોઈ અન્યસૂત્ર આમ ઉભય સૂત્રોની પ્રવૃત્તિ થવાની પ્રાપ્તિ હોય ત્યાં વ્યક્તિ ભેદે જુદા ન ગણાતા તે બન્ને સૂત્રો એકબીજાની પ્રવૃત્તિનો પ્રતિબંધ કરતા અન્યસ્થળે ચરિતાર્થ હોવાથી સાવકાશ તે બન્ને સૂત્રો નિરર્થક ન થતા હોવાથી બન્ને સૂત્રોની પ્રવૃત્તિ પ્રતિબંધિત જ રહે છે. આવા સ્થળે પ્રતિબંધિત બન્ને સૂત્રો પૈકીના કયાં સૂત્રની પ્રવૃત્તિ કરવી ? એ પ્રશ્ન વર્તતા 'સ્પર્ધે ૭.૪.૧૧૯' સૂત્ર 'પરસૂત્રની જ પ્રવૃત્તિ કરવી, અન્યની નહીં'

---

(A) વ્યક્તૌ પદાર્થે (= વ્યક્તિપક્ષે) '**प्रतिलक्ष्यं लक्षणोपप्लवः**' (= यावन्ति लक्ष्याणि तावन्ति सूत्राणि कल्प्यन्ते)। तस्मादुभयोरपि शास्त्रयोस्तत्तल्लक्ष्यविषययोरचारितार्थ्येन पर्यायेण द्वयोरपि प्राप्तौ परमेवेति नियमार्थमिदमिति (= 'स्पर्धे ७.४.११९' सूत्रमिति) '**सकृद्गते०**' न्यायसिद्धिः। (परि. शे. ४०)

(B) जातिपक्षे तूद्देश्यतावच्छेदकाक्रान्ते क्वचिल्लक्ष्ये चरितार्थयोर्द्वयोः शास्त्रयोः सत्प्रतिपक्षन्यायेन युगपदुभयासंभवरुपविरोध-स्थल उभयोरप्यप्राप्तौ परविध्यर्थमिदमिति ('स्पर्धे ७.४.११९' सूत्रमिति) **पुनः प्रसङ्गविज्ञानसिद्धिरिति**। (परि.शे.४०)

(C) '**यो यः तस्मिन् तत्त्वं**' नियमानुसारेण यदुद्देश्यं तस्मिन्नुद्देश्यता, सा च जात्यादिरुपनियतधर्मेणावच्छिन्ना भवति, तस्मादत्र जातिरुद्देश्यताऽवच्छेदिका।

*આ પ્રમાણે નિયમ(A) કરનાર ન બનતા 'પરસૂત્રની પ્રવૃત્તિ કરવી' આમ વિધાન કરનાર બની સાર્થક થઈ શકે છે. તેથી પરસૂત્રની પ્રવૃત્તિ કર્યા બાદ જો અન્યસૂત્રની પ્રવૃત્તિને અવકાશ હોય તો તે પ્રવર્તી શકે છે. હવે* **'पुनः प्रसङ्गविज्ञानात्०'** *ન્યાય પણ 'સ્પર્ધે એવા પર સૂત્રની પ્રવૃત્તિ કર્યા બાદ જો અન્યસૂત્રની પ્રવૃત્તિને અવકાશ હોય તો તેની પ્રવૃત્તિ કરવી' આ પ્રમાણે વિધાયક બનતા 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રથી જે અર્થ પ્રાપ્ત થાય છે તેને સમાન અર્થનું જ પ્રતિપાદન કરતો હોવાથી તે જાતિપક્ષે વિધાયક રૂપે પ્રાપ્ત થતાં 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રના વિસ્તાર રૂપ જ છે.)* પ્રસ્તુતમાં આકૃતિ (જાતિ)પક્ષાનુસારે એક સાથે શ્રેયસ્ + શિ અને ભૂયસ્ + શિ સ્થળે પ્રાપ્ત આ સૂત્ર અને 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્ર અનુક્રમે પયાંસિ અને વિદ્વાન્ વિગેરે પ્રયોગસ્થળે ચરિતાર્થ હોવાથી શ્રેયસ્ + શિ અને ભૂયસ્ + શિ સ્થળે અન્યત્ર ચરિતાર્થ એવા બન્ને સૂત્રોથી પ્રાપ્ત ન્ આગમનો પરસ્પર પ્રતિબંધ થતા કયાં સૂત્રથી ન્ આગમ કરવો એ પ્રશ્ન વર્તતા 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રાનુસારે પર અર્થાત્ ઈષ્ટ એવા આ સૂત્રથી ન્ આગમ કરવાનું વિધાન કર્યું છે. તેથી વિધાયક 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રાનુસારે આ સૂત્રથી કરાતો ન્ આગમ પાછળથી 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી પ્રાપ્ત દ્વિતીય ન્ આગમનો બાધક ન બનતા **'पुनः प्रसङ्गविज्ञानात्०'** ન્યાયાનુસારે 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી પુનઃ દ્વિતીય ન્ આગમ થવાની પ્રાપ્તિ વર્તે છે. તેથી તેના નિષેધ માટે સૂત્રમાં કોઈ પદ મૂકવું જરૂરી છે.

વળી જેને હજુ ન્ આગમ નથી થયો તેવા શ્રેયસ્ અને ભૂયસ્ ને ધુટ્ વર્ણાન્ત નામને આશ્રયીને પ્રવર્તતા 'धुटां प्राक् ૧.૪.૬૬' સૂત્રથી ન્ આગમ કરવામાં આવે છે. જ્યારે ન્ આગમ પૂર્વકના શ્રેયન્સ્ અને ભૂયન્સ્ ને ઉદિત્ નામને આશ્રયીને પ્રવર્તતા 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ છે, તો ધુટ્ વર્ણાન્ત નામને આશ્રયીને પ્રવર્તતું 'धुटां प्राक् ૧.૪.૬૬' સૂત્ર ઉદિત્ નામને આશ્રયીને પ્રવર્તતા 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રનો બાધ શી રીતે કરી શકે? અર્થાત્ એકસરખા નિમિત્તોને આશ્રયીને પ્રવર્તતા બે સૂત્રો વચ્ચે જ બાધ્ય-બાધકભાવ મનાતો હોવાથી અહીં ધુટ્ વર્ણાન્ત અને ઉદિત્ નામ રૂપ ભિન્ન નિમિત્તોને લઈ પ્રવર્તતા 'धुटां प्राक् ૧.૪.૬૬' અને 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રો વચ્ચે બાધ્ય-બાધકભાવ માની ન શકાય. તેથી આ સૂત્રથી શ્રેયન્સ્ + શિ અને ભૂયન્સ્ + શિ અવસ્થા પ્રાપ્ત થતા પુનઃ 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી દ્વિતીય ન્ આગમની પ્રાપ્તિ વર્તતી હોવાથી તેના નિષેધ માટે સૂત્રમાં કોક પદ મૂકવું જોઈએ.

(A) જો બન્ને સૂત્રો નિરર્થક થવાના કારણે વારાફરથી સ્વતઃ પોતાની પ્રવૃત્તિને સાધત તો વ્યક્તિપક્ષમાં દર્શાવ્યું તે પ્રમાણે 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્ર નિરર્થક થવાની આપત્તિ વર્તતા તે સ્વસાર્થક્યાર્થે નિયમ કરનાર બનત. પણ અહીં બન્ને સૂત્રો નિરર્થક થવા દ્વારાએ કરીને સ્વતઃ પોતાની પ્રવૃત્તિને સાધી શકતા નથી. તેથી વ્યક્તિપક્ષમાં દર્શાવ્યું તે પ્રમાણે 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્ર નિરર્થક થવાની આપત્તિ ન વર્તતા તે 'પરસૂત્રની પ્રવૃત્તિ કરવી' આમ વિધાન કરી સાર્થક બને છે.

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી. કારણ અમુક નિમિત્તોને લઈ પ્રવર્તતું સૂત્ર તેનાથી ભિન્ન નિમિત્તોને લઈને પ્રવર્તતા સૂત્રનું બાધક બની શકે છે. જેમ કે વન્ + શસ્ અવસ્થામાં અહીં એકસાથે 'शसोऽता सञ्च० १.४.४९' અને 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્રોની પ્રાપ્તિ છે. આ બન્ને સૂત્રોના નિમિત્તો પણ જુદાં-જુદાં છે. કારણ 'शसोता[A] सञ्च० १.४.४९' સૂત્રમાં शस् પ્રત્યયનો अ નિમિત્ત રૂપે છે, જ્યારે 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્રમાં નપુંસકલિંગ નામ નિમિત્ત રૂપે છે અને शस् પ્રત્યય તો કાર્યી રૂપે છે. તો 'स्पर्धे ७.४.११९' સૂત્રાનુસારે ભિન્ન નિમિત્તક બન્ને સૂત્રો પૈકીના 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્રની પ્રવૃત્તિ થવાથી वन + शि અવસ્થા પ્રાપ્ત થતા હવે 'शसोता सञ्च० १.४.४९' સૂત્રની પ્રવૃત્તિનો સંભવ જ ન રહેતા ભિન્નનિમિત્તક 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્ર દ્વારા 'शसोता सञ्च० १.४.४९' સૂત્રની પ્રવૃત્તિનો બાધ તો થાય છે.

**શંકા :-** પરસ્પર ભિન્નનિમિત્તક સૂત્રો પૈકીના એક સૂત્રની પ્રવૃત્તિ થયા બાદ જ્યાં બીજા સૂત્રની પ્રવૃત્તિનો સંભવ જ ન રહે ત્યાં બીજા સૂત્રનો બાધ થાય એ તો અમે પણ સ્વીકારીએ છીએ. પણ જ્યાં પાછળથી બીજા સૂત્રની પ્રવૃત્તિનો સંભવ હોય ત્યાં તેનો બાધ ન થઈ શકે એમ અમારૂં કહેવાનું તાત્પર્ય છે. પ્રસ્તુતમાં આ સૂત્રથી श्रेयन्स् + शि અને भूयन्स् + शि અવસ્થા પ્રાપ્ત થતા પાછળથી ભિન્નનિમિત્તક હોવાના કારણે અબાધિત 'ऋदुदितः १.४.७०' સૂત્રથી દ્વિતીય न् આગમની પ્રાપ્તિ વર્તતી હોવાથી તેના નિષેધ માટે સૂત્રમાં કોઈ પદ મૂકવું જોઈએ.

**સમાધાન :-** આ સૂત્ર અને 'ऋदुदितः १.४.७०' સૂત્ર; એ બન્નેમાં અંત્યસ્વરથી અવ્યવહિત પરમાં न् આગમનું વિધાન કર્યું છે. તો આ સૂત્રથી श्रेयस् અને भूयस् ના य ગત अ સ્વરથી અવ્યવહિત પરમાં न् આગમ થતા પાછળથી 'ऋदुदितः १.४.७०' સૂત્રથી જો श्रेयन्स् અને भूयन्स् ના य ગત अ સ્વરથી અવ્યવહિત પરમાં न् આગમ થશે તો આ સૂત્રથી થયેલો न् આગમ य ગત अ સ્વરથી અવ્યવહિત પરમાં નહીં રહે. તો શું આમ ચાલી શકે?

**શંકા :-** पचति ક્રિયાપદ સ્થળે જેમ પૂર્વે पच् ધાતુથી અવ્યવહિત પરમાં ति પ્રત્યય થાય છે અને પાછળથી पच् ધાતુથી અવ્યવહિત પરમાં शव् વિકરણપ્રત્યય લાગતા ति પ્રત્યય અવ્યવહિત પરમાં નથી રહેતો તો પણ ચાલે છે. તેમ પ્રસ્તુતમાં श्रेयस् અને भूयस् ને આ સૂત્રથી થયેલો न् આગમ य ગત अ સ્વરથી અવ્યવહિત પરમાં જ થાય છે અને પાછળથી 'ऋदुदितः १.४.७०' સૂત્રથી श्रेयन्स् અને भूयन्स् ના य ગત अ સ્વરથી અવ્યવહિત પરમાં न् આગમ થાય અને આ સૂત્રથી થયેલો न् આગમ य ગત अ સ્વરથી અવ્યવહિત પરમાં ન રહે તો પણ ચાલે.

**સમાધાન :-** પણ બે न् આગમ થઈ જાય એમાં તમને શું વાંધો છે ?

---

(A) यत्र तु निमित्तताया: स्थानित्वमपि सहचरीभूतम्, अर्थात् पूर्वपरयोरुभयो: स्थाने एकादेशो यत्राभिमत:, **तत्र सहार्थक-तृतीययैव निमित्तपदं निर्दिश्यते** इत्यपि शैली तत्रभवत आचार्यस्य लक्ष्यते, यथा 'अवर्णस्येवर्णादिना १.२.६' , 'ऐदौत् सन्ध्यक्षरै: १.२.१२' इत्यादौ। (१.२.१ न्यासानु०)

**શંકા :-** શ્રેયાન્સિ અને ભૂયાન્સિ પ્રયોગના ઉચ્ચારણકાળે એકસાથે બે ન્ ના શ્રવણની આપત્તિ આવે માટે વાંધો છે.

**સમાધાન :-** [A]વ્યંજન પરમાં હોય અને તેની પૂર્વમાં એક ન્ હોય કે અનેક ન્ હોય તો પણ એક ન્ પૂર્વકના શ્રેયાન્સિ અને ભૂયાન્સિ તેમજ અનેક ન્ પૂર્વકના શ્રેયાન્સિ અને ભૂયાન્સિ નું ઉચ્ચારણ કરાતા સાંભળવામાં કોઈ ભેદ નહીં પડે. (શ્રેયસ્ અને ભૂયસ્ ના સ્ વ્યંજનની પૂર્વે એક ન્ મૂકી અને પછી બે, ત્રણ, ચાર ન્ મૂકી ક્રમે કરીને ઉચ્ચારણ કરી જુઓ. સરખું જ સંભળાશે.)

**શંકા :-** ''શ્રેયસ્ અને ભૂયસ્ ને કેટલા ન્ થાય છે ?'' આવો પ્રશ્ન કોઈ પૂછે તો જો તેને એક ન્ થશે તો ''એક ન્ થાય છે'' આમ જવાબ આપવાનો રહે અને જો તેને બે ન્ થશે તો ''બે ન્ થાય છે'' આવો જવાબ આપવાનો રહે. તો ''એક ન્ થાય છે'' આ પ્રમાણે જવાબ ન આપી શકાતા પ્રતિજ્ઞાનો ભેદ થાય છે.

**સમાધાન :-** સાંભળવામાં જો કોઈ ભેદ ન પડતો હોય તો પ્રતિજ્ઞાભેદ તો નગણ્ય વસ્તુ છે.

**શંકા :-** સાંભળવામાં કોઈ ભેદ નથી પડતો આવું તમે કેમ કહી શકો ? કારણ એક ન્ પૂર્વકના શ્રેયાન્સિ અને ભૂયાન્સિ ના ઉચ્ચારણમાં ઓછો કાળ લાગે અને બે ન્ પૂર્વકના શ્રેયાન્સિ અને ભૂયાન્સિ ના ઉચ્ચારણમાં વધુ કાળ લાગે. આમ બન્નેના શ્રવણમાં વધારે-ઓછા કાળને આશ્રયીને ભેદ પડશે જ.

**સમાધાન :-** ***'स्वरकालव्यतिरेकेण व्यञ्जनानि कालान्तरं नाक्षिपन्ति'***[B] ન્યાયાનુસારે ઉચ્ચારણમાં જે કાંઈ વધારે-ઓછો કાળ લાગે છે તે સ્વરોના કારણે લાગે છે. વ્યંજનો પોતાના ઉચ્ચારણમાં નવા કાળની અપેક્ષા રાખતા નથી. તેથી શ્રેયસ્ અને ભૂયસ્ ને એક ન્ નો આગમ થાય કે બે ન્ નો આગમ થાય, તેમના ઉચ્ચારણમાં સરખો જ કાળ લાગતો હોવાથી કાળને આશ્રયીને તેમના શ્રવણમાં કોઈ ભેદ નહીં પડી શકે.

**શંકા :-** તો પછી વ્યાકરણશાસ્ત્રમાં વ્યંજનોનો અર્ધમાત્રા[C] જેટલો કાળ શા માટે ગણાવ્યો છે ?

---

(A) બૃ.ન્યાસગત 'व्यञ्जनपरस्य' પદ સ્થળે व्यञ्जनं परमस्य આ પ્રમાણે બહુવ્રીહિ સમજવો કે જેથી 'વ્યંજન છે પરમાં જેને એવો એક ન્ હોય કે અનેક ન્ હોય...' આ પ્રમાણે અર્થ થશે.

(B) સ્વરોના ઉચ્ચારણમાં જે કાંઈ કાળ લાગે તે સિવાય વ્યંજનોને નવા કાળની અપેક્ષા નથી હોતી. **'व्यञ्जनानामकालत्वम्'** વચનાનુસારે **શિક્ષાકાર** પણ વ્યંજનોના ઉચ્ચારણમાં નવા કાળની અપેક્ષા નથી હોતી તેમ સ્વીકારે છે.

(C) निमेषोन्मेषक्रियापरिच्छिन्नः कालो मात्राशब्देनाभिधीयतेऽत आह - मात्रा कालविशेषः। (बृ.न्यास-१.१.५), अत्राऽर्ध-मात्रिकयोर्व्यञ्जनयोः .....। (बृ.वृत्ति १.१.५)

**સમાધાન :-** વ્યાકરણશાસ્ત્ર અત્યંત લાઘવયુક્ત હોવું જોઈએ. તેથી તેમાં વ્યંજનોનો જે અર્ધમાત્રા જેટલો કાળ ગણાવ્યો છે તે માત્ર ગૌરવ-લાઘવનું નિરુપણ કરવાના આશયથી ગણાવ્યો છે. અનેક વર્ણોનું ઉચ્ચારણ કરવામાં વધુ પ્રયત્નને આશ્રયીને ગૌરવ થાય. અર્થાત્ વ્યાકરણશાસ્ત્રીય તે તે સૂત્રમાં જો વધારે વ્યંજનો મૂકવામાં આવે તો તેના ઉચ્ચારણમાં વધારે પ્રયત્ન કરવો પડતો હોવાથી કાળને આશ્રયીને નહીં પણ વધારે પ્રયત્નને આશ્રયીને સૂત્રમાં ગૌરવ આવે છે. તેથી વ્યંજનોની અર્ધમાત્રા ગણી ગૌરવ-લાઘવનું નિરુપણ કરવાના આશયથી વ્યાકરણશાસ્ત્રમાં વ્યંજનોનો જે અર્ધમાત્રા જેટલો કાળ ગણાવ્યો છે તે અહીં કલ્પિત[A] (ઉપચરિત) કાળ સમજવો. હવે લૌકિક (લોક દ્વારા ઉચ્ચારાતા) પ્રયોગોમાં ગૌરવ-લાઘવનો વિચાર નથી કરાતો. તેથી લોકમાં પ્રયત્નાશ્રિત લાઘવ-ગૌરવ પૂર્વકના અનુક્રમે શ્રેયાન્સિ અને ભૂયાન્સિ પ્રયોગનું ઉચ્ચારણ કરવામાં આવે કે પછી શ્રેયાન્સિ અને ભૂયાન્સિ પ્રયોગનું ઉચ્ચારણ કરવામાં આવે, શ્રવણમાં કાળને આશ્રયીને ભેદ ન પડતો હોવાથી બે ન્ નો આગમ થાય તો પણ ચાલે.

કેટલાક વૈયાકરણો 'વ્યંજનના ઉચ્ચારણમાં વધારે કાળ અપેક્ષિત છે' આવું માનતા હોવાથી શ્રેયસ્ અને ભૂયસ્ ને એક ન્ નો કે બે ન્ નો આગમ થાય તો તેમાં કાળભેદ પડે આવું માને છે.

**શંકા :-** પણ બે ન્ નો આગમ થાય તો શ્રવણમાં ભેદ પડે છે. કેમકે શ્રેયાન્સિ અને ભૂયાન્સિ સ્થળે 'शिड्ढेऽ-नुस्वारः १.३.४०' સૂત્રથી સ્ ની પૂર્વના ન્ નો અનુસ્વાર આદેશ થતા હવે ન્ અને અનુસ્વાર ભિન્ન વર્ણો હોવાથી અનુસ્વારની જેમ પૂર્વના ન્ નું પણ અર્થાત્ બન્નેનું શ્રવણ થવાની પ્રાપ્તિ વર્તે છે. (વ્યંજન પરમાં વર્તતા તેની પૂર્વમાં વર્તમાન અનેકવ્યંજનો જો એકસરખા હોય તો જ શ્રવણમાં ભેદ ન પડે આ વાત ધ્યાનમાં રાખવી.)

**સમાધાન :-** શ્રેયાન્સિ અને ભૂયાન્સિ માં પાછળના ન્ નો शिट् સ્ ના નિમિત્તે જો 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી અનુસ્વાર આદેશ થાય તો તે અનુસ્વાર પણ शिट् સંજ્ઞક જ હોવાથી તેની પૂર્વના ન્ નો પણ 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી અનુસ્વાર આદેશ થશે. તેથી પૂર્વે જેમ સ્ વ્યંજનની પૂર્વમાં બે ન્ વર્તતા શ્રવણમાં ભેદ નહોતો પડતો, તેમ હાલ સ્ વ્યંજનની પૂર્વે બે અનુસ્વાર હોવાથી શ્રવણમાં ભેદ નહીં પડે.

**શંકા :-** જે વર્ણોનો સ્વરોને દર્શાવતા 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રમાં યોગ ન કર્યો હોય અને વ્યંજનોને દર્શાવતા 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રમાં પણ યોગ ન કર્યો હોય અને છતાં તે તે પ્રયોગસ્થળે તેમની વિદ્યમાનતા જોવા મળતી હોય તેવા વર્ણોને ***'अयोगवाह'*** વર્ણો કહેવાય છે. જેમકે - અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય વર્ણો. હવે 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રસ્થ कादि શબ્દની જો कस्य आदिः આમ વ્યુત્પત્તિ કરવામાં આવે તો વર્ણ સમામ્નાયમાં क વર્ણની આદિમાં અર્થાત્ પૂર્વમાં રહેલા અનુસ્વારાદિને વ્યંજનસંજ્ઞા થાય

(A) प्रयत्नगौरवेण = कल्पितकालभेदेनेत्यर्थः। (पा. सू. ७.१.७२, म.भा. प्र. उद्यो.)

અને 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રસ્થ औदन्त શબ્દની જો औकारस्य अन्ताः આમ વ્યુત્પત્તિ કરવામાં આવે તો વર્ણસમામ્નાયમાં औ વર્ણના અન્તે એટલે કે છેડે અનુસ્વારાદિ હોવાથી તેમને સ્વરસંજ્ઞા થાય. આમ અયોગવાહ અનુસ્વારાદિની સ્વર-વ્યંજન કોઈપણ પ્રકારે ગણના થઈ શકે છે. ત્યાં જ્યારે તેમની સ્વર રૂપે ગણના કરવામાં આવે ત્યારે તેમને શિટ્ સંજ્ઞા ન થઈ શકે. કેમકે 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રથી લઈને 'ए-ऐ-ओ-औ १.१.८' સુધીના સૂત્રોથી થતી સંજ્ઞા સ્વરોને થાય છે અને 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રથી લઈને 'अं-अः ≍ क० १.१.१६' સુધીના સૂત્રોથી થતી સંજ્ઞા વ્યંજનોને થાય છે. હવે શ્રેયાન્સિ અને ભૂયાન્સિ સ્થળે 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી શિટ્ સ્ ના નિમિત્તે જ્યારે પાછળના ન્ નો અનુસ્વાર આદેશ કરવામાં આવે ત્યારે તે સ્વર રૂપે ગણાતા તેને શિટ્ સંજ્ઞા ન થવાથી તેની પૂર્વના ન્ નો 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી અનુસ્વાર આદેશ ન થઈ શકે. તેથી ન્ અને અનુસ્વાર ભિન્ન વર્ણો હોવાથી બન્નેના શ્રવણની પ્રાપ્તિ વર્તતા શ્રવણમાં ભેદ પડશે જ.

આ રીતે જ उदित् अतु પ્રત્યયાન્ત कुर्वत् સ્થળે આ સૂત્ર અને 'ऋदुदितः १.४.७०' સૂત્રથી જો બે ન્ આગમ થાય તો कुर्वन्ति અવસ્થામાં પાછળના ન્ નો 'म्नां धुड्वर्गे० १.३.३९' સૂત્રથી પુનઃ ન્ આદેશ થતા તેમજ પૂર્વના ન્ નો 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી ण् આદેશ થવાથી कुर्वण्ति અવસ્થા પ્રાપ્ત થતાં ण् અને ન્ ભિન્ન વર્ણો હોવાથી બન્નેના શ્રવણની પ્રાપ્તિ વર્તતા कुर्वण्ति સ્થળે પણ શ્રવણમાં ભેદ પડશે.

**સમાધાન :-** શ્રેયાન્સિ અને ભૂયાન્સિ સ્થળે ***'वर्णग्रहणे जातिग्रहणम्'***[A] ન્યાયાનુસારે શિટ્ સ્ ની પૂર્વે રહેલા બન્ને ન્ નો 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી એક જ અનુસ્વાર આદેશ થશે અને તેથી શ્રેયાંસિ અને ભૂયાંસિ અવસ્થા પ્રાપ્ત થતા પૂર્વે અનુસ્વાર અને ન્રૂપ ભિન્ન વર્ણોને લઈને જે શ્રવણમાં ભેદ પડતો હતો તે હવે નહીં પડે.

**શંકા :-** ***'वर्णग्रहणे जातिग्रहणम्'*** ન્યાય 'સૂત્રમાં વર્ણનું ગ્રહણ કરવાનું કથન કર્યું હોય તો વર્ણાશ્રિત જાતિનું ગ્રહણ કરવું' આમ કહે છે. તેથી 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રમાં જો શિટ્ ની પૂર્વના ન્ નો અનુસ્વાર આદેશ કરવાનું કહ્યું હોય તો ***'वर्णग्रहणे०'*** ન્યાયાનુસારે તે અનુસ્વાર આદેશ ન્ માં વર્તતી ન કારત્વ જાતિનો થાય. પરંતુ જાતિ[B] નિત્યપદાર્થ હોવાથી તેનો અનુસ્વારઆદેશ ન સંભવે. તેથી અનુસ્વાર આદેશ તે તે પ્રયોગસ્થળે વર્તતા ન કારત્વ જાતિના આશ્રયભૂત ન્ વ્યક્તિનો થાય. પ્રસ્તુતમાં શ્રેયાન્સિ અને ભૂયાન્સિ સ્થળે ન્ કારત્વ જાતિના આશ્રય

(A) સૂત્રમાં કાર્ય કરવા માટે એક વર્ણનું ગ્રહણ કર્યું હોય તો ત્યાં જાતિનું પણ ગ્રહણ કરવું. અર્થાત્ સૂત્રોક્ત વર્ણને સજાતીય જેટલા પણ વર્ણો હોય તે બધાનું ગ્રહણ કરવું.

(B) જાતિ એક હોય, નિત્ય હોય અને દરેક વ્યક્તિમાં અનુગત હોય (અર્થાત્ પ્રસ્તુતમાં દરેકે દરેક ન્ વ્યક્તિમાં ન કારત્વ નામની નિત્ય એવી એક જ જાતિ રહે. જો નિત્ય એવા ન કારત્વ જાતિનો અનુસ્વાર આદેશ થાય તો તેની નિત્યતા હણાઈ જાય. આથી બૃહન્ન્યારામાં 'जातेः कार्याऽसम्भवात्०...' પંક્તિ દર્શાવી છે.) 'एवं चैका नित्या प्रत्येकं परिसमाप्ता च जातिर्निश्चियते। (२.४.५४ बृ.न्यासः)'

બે ન્ વ્યક્તિ છે. તેથી બે ન્ વ્યક્તિને લઈને અનુસ્વાર આદેશ પણ બે જ થશે. માટે તમારી એક અનુસ્વાર આદેશની વાત અયુક્ત છે. હા, બન્ને ન્ માં અનુગત એક જ ન કારત્વ જાતિનો જો અનુસ્વાર આદેશ શક્ય હોત તો એક જ અનુસ્વાર થાત. પરંતુ જાતિ નિત્યપદાર્થ હોવાથી તે શક્ય નથી.

**સમાધાન :-** ભલેને ***'वर्णग्रहणे जातिग्रहणम्'*** ન્યાયાનુસારે શ્રેયાન્સિ અને ભૂયાન્સિ પ્રયોગસ્થળે 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી બે ન્ના બે અનુસ્વાર આદેશ થાય, છતાં શ્રવણમાં ભેદ તો નહીં જ પડે.

**શંકા :-** 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રમાં 'म्नां धुड्वर्गे० १.३.३९' સૂત્રથી બહુવચનાન્ત મ્નામ્ પદની અનુવૃત્તિ આવે છે. હવે 'म्नां धुड्वर्गे० १.३.३९' સૂત્રમાં મ્નામ્ આ પ્રમાણે બહુવચન ***'वर्णग्रहणे जातिग्रहणम्'*** ન્યાયાનુસારે તે સૂત્રમાં કોઈ જાતિનું ગ્રહણ ન કરતા વ્યક્તિનું ગ્રહણ કરે તે માટે છે. અર્થાત્ હવે તે સૂત્રથી જાતિનિર્દેશાનુસારે વર્ગીય ધુટ્ વર્ણ પરમાં વર્તતા તેની પૂર્વે રહેલા અપદાન્ત દરેક મ્ અને ન્ નો વર્ગના અંત્યવર્ણ રૂપે આદેશ નહીં થાય, પણ વ્યક્તિ નિર્દેશાનુસારે એક જ ન્ અને મ્ વ્યક્તિનો વર્ગીય અંત્યવર્ણ રૂપે આદેશ થશે. આ જ રીતે તે બહુવચનાન્ત મ્નામ્ પદની અનુવૃત્તિ 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રમાં પણ આવતી હોવાથી તે સૂત્રથી પણ જાતિ નિર્દેશાનુસારે શિટ્ વર્ણ પરમાં વર્તતા તેની પૂર્વે રહેલા દરેક મ્ અને ન્ નો અનુસ્વાર આદેશ નહીં થાય, પણ વ્યક્તિનિર્દેશાનુસારે એકત્વ સંખ્યાની વિવક્ષાથી શિટ્ ની પૂર્વમાં રહેલા એક જ ન્ અને મ્ વ્યક્તિનો અનુસ્વાર આદેશ થઈ શકશે. તો શ્રેયાન્સિ અને ભૂયાન્સિ પ્રયોગસ્થળે ***'वर्णग्रहणे जातिग्रहणम्'*** ન્યાયાનુસારે બન્ને ન્ ના 'शिड्ढेऽनुस्वारः १.३.४०' સૂત્રથી બે અનુસ્વાર આદેશ ન થઈ શકતા માત્ર શિટ્ સ્ ની પૂર્વમાં રહેલા એક જ ન્ વ્યક્તિનો અનુસ્વાર આદેશ થઈ શકવાથી ઉભય પ્રયોગસ્થળે ન્ અને અનુસ્વાર રૂપ ભિન્ન વર્ણો બચવાથી શ્રવણમાં ભેદ પડશે જ. તેથી 'ऋदुदितः १.४.७०' સૂત્રથી દ્વિતીય ન્ આગમ ન થાય અને આ બધી આપત્તિઓ ન આવે માટે આ સૂત્રમાં 'ऋदुदितः १.४.७०' સૂત્રથી પ્રાપ્ત ન્ આગમનું નિષેધક કોઈ પદ મૂકવું જોઈએ.

**સમાધાન :-** આ બધી આપત્તિઓનો આપાદક દ્વિતીય ન્ આગમ ન થાય તે માટે આ સૂત્રમાં અમે નવું કોઈ પદ ન મૂકતા વ્યક્તિપક્ષનો આશ્રય કરશું. આશય એ છે કે વ્યક્તિપક્ષનો આશ્રય કરવાથી જેમ [(A)]યુવદ્ + औ અવસ્થામાં એકસાથે પ્રાપ્ત 'औरी १.४.५६' અને 'अमौ मः २.१.१६' સૂત્રો પૈકીના પર એવા 'अमौ मः २.१.१६' સૂત્રની 'स्पर्धे ७.४.११९' સૂત્રાનુસારે પૂર્વે પ્રવૃત્તિ થવાથી યુવદ્ + મ્અવસ્થા પ્રાપ્ત થતા પાછળથી જેમ 'औरी १.४.५६' સૂત્રની પ્રવૃત્તિ નથી થતી. (અર્થાત્ પ્રવૃત્તિનો બાધ થાય છે.) તેમ શ્રેયસ્ + શિ અને ભૂયસ્ + શિ

(A) * युष्मद् + औ, * 'मन्तस्य० २.१.१०' → युव अद् + औ, * 'लुगस्या० २.१.११३' → युवद् + औ, * 'अमौ मः २.१.१६' → युवद् + म्, * 'युष्मदस्मदोः २.१.६' → युव आ + म्, * 'समानानां तेन० १.२.१' → युवाम्।

અવસ્થામાં પણ એકસાથે પ્રાપ્ત આ સૂત્ર અને 'ऋदुदितः १.४.७०' સૂત્ર પૈકીના પર (ઈષ્ટ) એવા આ સૂત્રની પ્રવૃત્તિ 'स्पर्धे ७.४.११९' સૂત્રાનુસારે પૂર્વે થવાથી 'ऋदुदितः १.४.७०' સૂત્રની પ્રવૃત્તિનો બાધ થતા ***'सकृद्गते स्पर्धे०'*** ન્યાયાનુસારે તે બાધિત ન્ ગણાવાથી શ્રેયન્સ્ + શિ અને ભૂયન્સ્ + શિ અવસ્થામાં પણ 'ऋदुदितः १.४.७०' સૂત્રથી દ્વિતીય ન્ આગમ નહીં થઈ શકે. તેથી એક ન્ ન્ આગમ થતા ઉપરોક્ત કોઈ આપત્તિઓ નહીં આવે.

**શંકા :-** ***'पुनः प्रसङ्गविज्ञानात्०'*** ન્યાયથી શું ફરી દ્વિતીય ન્ આગમ નહીં થાય ?

**સમાધાન :-** [A]અમે પૂર્વે ન્ કહી ગયા છીએ કે જો જાતિપક્ષનો સ્વીકાર કરવામાં આવે તો ન્ ***'पुनः प्रसङ्गविज्ञानात्०'*** ન્યાયની પ્રવૃત્તિને અવકાશ રહે. હાલ અહીં 'म्नाम्' આ બહુવચનાન્ત પદની અનુવૃત્તિથી સૂચિત વ્યક્તિપક્ષનો સ્વીકાર કર્યો હોવાથી ***'पुनः प्रसङ्गविज्ञानात्०'*** ન્યાયાનુસારે દ્વિતીય ન્ આગમ નહીં થઈ શકે.

**શંકા :-** પૂર્વે વાત તો થયેલી કે ભિન્ન નિમિત્તક બે સૂત્રો પૈકીના એક સૂત્રની પ્રવૃત્તિ થયા બાદ બીજા સૂત્રની પ્રવૃત્તિનો સંભવ ન હોય તો ન્ બીજા સૂત્રની પ્રવૃત્તિનો બાધ થાય. પણ જ્યાં પાછળથી બીજા સૂત્રની પ્રવૃત્તિનો સંભવ હોય ત્યાં તેની પ્રવૃત્તિનો બાધ ન થઈ શકે. પ્રસ્તુતમાં શ્રેયસ્ અને ભૂયસ્ ને પૂર્વે આ સૂત્રથી ન્ આગમ થયા બાદ ભિન્નનિમિત્તક 'ऋदुदितः १.४.७०' સૂત્રથી પાછળથી દ્વિતીય ન્ આગમની પ્રાપ્તિ વર્તતા ન્ આગમનો બાધ ન થવો જોઈએ.

**સમાધાન :-** એવું કાંઈ નથી. પાછળથી ભિન્નનિમિત્તક દ્વિતીયસૂત્રની પ્રવૃત્તિનો સંભવ હોય તો પણ ***'तक्रकौण्डिन्य***[B]***'*** ન્યાયથી તેનો બાધ થઈ શકે છે, તે આ પ્રમાણે - જેમ કોઈ ભોજન પ્રસંગે કહેવામાં આવે કે ''બ્રાહ્મણોને દહીં આપો અને કૌણ્ડિન્ય નામના બ્રાહ્મણને છાશ આપો'' તો અહીં કૌણ્ડિન્યને છાશ આપ્યા બાદ પાછળથી દહીં આપવું શક્ય હોવા છતાં પણ જેમ છાશ આપવાના કથન દ્વારા દહીંનું દાન બાધિત થાય છે, તેમ પ્રસ્તુતમાં શ્રેયસ્ અને ભૂયસ્ ને પૂર્વે આ સૂત્રથી ન્ આગમ થયા બાદ પાછળથી આ સૂત્ર કરતા ભિન્નનિમિત્તક 'ऋदुदितः १.४.७०' સૂત્રથી પુનઃ દ્વિતીય ન્ આગમની પ્રાપ્તિ હોય તો પણ આ સૂત્રથી થતા ન્ આગમ દ્વારા 'ऋदुदितः १.४.७०' સૂત્રથી થતા દ્વિતીય ન્ આગમનો બાધ થઈ શકે છે. આથી 'ऋदुदितः १.४.७०' સૂત્ર દ્વારા દ્વિતીય ન્ આગમ ન થઈ શકતા શ્રવણમાં ભેદ પડવો વિગેરે કોઈ આપત્તિ નહીં આવે.

---

(A) આ ચર્ચાની શરૂઆતમાં દર્શાવેલી દ્વિતીય શંકા જુઓ.

(B) यथा कस्मिंश्चिद् भोजनप्रसङ्गे सर्वेभ्यो ब्राह्मणेभ्यो दधि दीयतामिति सामान्यविधिवचनेन ब्राह्मणत्वजात्यवच्छिन्नेभ्यः सर्वेभ्यो ब्राह्मणेभ्यो दधिदानस्य प्राप्तिरस्तीति 'तक्रं कौण्डिन्याय' इति विशेषोद्देश्येन प्रकृतेन वचनेन दधिदाननिषेधपूर्वकं तक्रदानस्य विधानं क्रियते। (व्या.शा. लौ. न्या. उप०-४७)

જો કે અહીં ***'तक्रकौण्डिन्य'*** ન્યાય સ્વરૂપ દૃષ્ટાંત સ્થળે બ્રાહ્મણોને સામાન્યથી દહીંનું દાન અને કૌણ્ડિન્યને વિશેષે કરીને છાશના દાનનું વિધાન કર્યું હોવાથી અહીં સામાન્ય-વિશેષભાવ કૌણ્ડિન્યને દહીંના દાનમાં બાધક બને છે. જ્યારે શ્રેયસ્ અને ભૂયસ્ દાર્ષ્ટાન્તિકસ્થળે તો સ્પર્ધ એવા આ સૂત્ર અને 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્ર પૈકીના કયાં સૂત્રની પ્રવૃત્તિ કરવી એ પ્રશ્ન થતા વ્યક્તિપક્ષાનુસારે(A) નિયમ કરનાર 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રથી 'પર (ઈષ્ટ) સૂત્રની જ પ્રવૃત્તિ કરવી, અન્યની નહીં' આ પ્રમાણે જે નિયમ(B) પ્રાપ્ત થાય છે તે 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી પ્રાપ્ત દ્વિતીય ન્ આગમનો બાધક બને છે. તેથી દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકમાં ભેદ પડે છે. છતાં ***'तक्रकौण्डिन्य'*** ન્યાયસ્થળે જેમ પાછળથી દહીંનું દાન પ્રાપ્ત હોવા છતાં પણ તેનો બાધ થાય છે તેમ પ્રસ્તુતમાં શ્રેયસ્ અને ભૂયસ્ ને પાછળથી 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી દ્વિતીય ન્ આગમ પ્રાપ્ત હોવા છતાં પણ તેનો બાધ થઈ શકે છે. અર્થાત્ 'પાછળથી પ્રાપ્ત વસ્તુનો પણ બાધ થઈ શકે છે' આ વાત જણાવવા પુરતું જ અહીં ***'तक्रकौण्डिन्य'*** ન્યાયને દૃષ્ટાન્ત રૂપે દર્શાવ્યું છે.

**શંકા :-** જાતિપક્ષનો આશ્રય કરીએ તો બે ન્ આગમ થવાથી શ્રવણમાં ભેદ પડવાની આપત્તિ આવતી હોવાથી તે પક્ષનો આશ્રય કરવો તે તો બરાબર નહીં જ ને ?

**સમાધાન :-** ના, જાતિપક્ષનો આશ્રય કરીને અને ***'पुनः प्रसङ्गविज्ञानात्०'*** ન્યાયાનુસારે શ્રેયસ્ અને ભૂયસ્ વિગેરેને બે ન્ આગમ થાય તો પણ શ્રવણમાં ભેદ પડવા સ્વરૂપ આપત્તિ ન આવે. કારણ પૂર્વે તમે જ કહેલું કે ''अयोगवाह अनुस्वार औकारस्य अन्ताः આ પ્રમાણેના औदन्ताः પદના વિગ્રહને આશ્રયીને સ્વર રૂપે ગણાતા તે शिट् संज्ञक न गणाय'' તો આ વાત બરાબર નથી. કારણ 'अं-अः≍क० ૧.૧.૧૬' સૂત્રથી અનુસ્વાર વિગેરેને વિશેષે કરીને शिट् संज्ञा करी છે, તેથી તે સ્વર રૂપે ગણાય તો પણ તેની शिट् संज्ञानો બાધ ન થઈ શકે. તો श्रेयान्सि અને भूयान्सि અવસ્થામાં 'शिड्ढेऽनुस्वारः ૧.૩.૪૦' સૂત્રથી સ્ ની પૂર્વના ન્નો અનુસ્વાર આદેશ થતા તે અનુસ્વાર પણ शिट् संज्ञक હોવાથી તેની પૂર્વના ન્ નો પણ 'शिड्ढेऽनुस्वारः ૧.૩.૪૦' સૂત્રથી અનુસ્વાર આદેશ થવાથી श्रेयान्सि અને भूयान्सि ના स् व्यंजननની પૂર્વે હવે બે અનુસ્વાર વર્તવાથી શ્રવણમાં ભેદ નહીં પડે.

તેમજ (C)कृषन्ति સ્થળે પણ 'म्नां धुड्वर्गे० ૧.૩.૩૯' સૂત્રમાં म्नाम् આ પ્રમાણે બહુવચન વ્યાપ્ત્યર્થે હોવાથી પૂર્વના ન્નો વર્ગના અંત્યવર્ણ રૂપે આદેશ કર્યા બાદ બીજા ન્નો પણ વર્ગના અંત્યવર્ણ રૂપે આદેશ થવાથી હવે

---

(A) વ્યક્તિપક્ષાનુસારે 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્ર કઈ રીતે નિયમ કરનાર બને છે તે માટે આ ચર્ચાની શરૂઆતમાં દર્શાવેલી દ્વિતીય શંકા જોવી.

(B) બીજા શબ્દોમાં કહીએ તો નિયમ કરનાર 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રને સમાનાર્થક ***'सकृद्गते स्पर्धे०'*** ન્યાય અહીં બાધક બને છે.

(C) આગળ कुर्वन्ति સ્થળ દર્શાવેલું, અહીં कृषन्ति સ્થળ દર્શાવ્યું છે. બેમાંથી કોઈપણ સ્થળ દર્શાવી શકાય.

પૂર્વના ન્ નો 'रषृवर्णान्० ૨.૩.૬૩' સૂત્રથી ણ્ આદેશ નહીં થાય. તેથી ત્ ની પૂર્વે બે ન્ ∼ શેષ રહેવાથી શ્રવણમાં ભેદ નહીં પડે. આ રીતે જાતિપક્ષને સ્વીકારીએ તો પણ ચાલે.

અથવા તો જાતિપક્ષનો સ્વીકાર કરીએ તો પણ શ્રેયસ્, ભૂયસ્, કૃષત્ વિગેરેને આ સૂત્રથી ન્ આગમ થયા બાદ ***'पुनः प्रसङ्गविज्ञानात्०'*** ન્યાયને આશ્રયીને પુનઃ 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી દ્વિતીય ન્ આગમ થઈ ∼ નહીં શકે. કારણ આ સૂત્ર અને 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્ર બન્નેમાં સ્વરથી અવ્યવહિત પરમાં અને ધુટ્ ની પૂર્વે ન્ આગમ કરવાનો કીધો છે. હવે જો આ સૂત્રથી શ્રેયસ્ વિગેરેના અ સ્વરથી અવ્યવહિત પરમાં ન્ આગમ થયા બાદ 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી પુનઃ તે અ સ્વરથી અવ્યવહિત પરમાં જો દ્વિતીય ન્ આગમ થશે તો આ સૂત્રથી થયેલો ન્ આગમ અ સ્વરથી અવ્યવહિત પરમાં ન રહેવાની આપત્તિ આવશે. અર્થાત્ શ્રેયસ્ વિગેરેના એક ∼ અ સ્વરને આશ્રયીને બન્ને ન્ અવ્યવહિત પરમાં ન રહી શકવાની આપત્તિ આવશે. તેથી 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી દ્વિતીય ન્ આગમ નહીં થઈ શકે.

**શંકા :-** અમે તમને આગળ કહી ગયા કે પચતિ વિગેરે ક્રિયાપદસ્થળે ∼મ પચ્ ધાતુથી અવ્યવહિત પરમાં તિ પ્રત્યય થયા બાદ પાછળથી પચ્ ધાતુથી અવ્યવહિત પરમાં શવ્ વિકરણપ્રત્યય લાગે અને તિ પ્રત્યય પચ્ ધાતુથી અવ્યવહિત પરમાં ન રહે તો પણ ∼વી રીતે ચાલે છે, તેમ પ્રસ્તુતમાં એકવાર આ સૂત્રથી શ્રેયસ્ વિગેરેના અંત્યસ્વર અ થી અવ્યવહિત પરમાં ન્ આગમ થયા બાદ પાછળથી 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી પુનઃ તે અ સ્વરથી અવ્યવહિત પરમાં દ્વિતીય ન્ આગમ થાય અને આ સૂત્રથી થયેલો ન્ આગમ શ્રેયસ્ વિગેરેના અંત્યસ્વર અ થી અવ્યવહિત પરમાં ન રહે તો પણ ચાલી શકે.

**સમાધાન :-** આ રીતે પચતિ નું દૃષ્ટાંત આપવું બરાબર નથી, કારણ પચ્ ધાતુને તિ વિગેરે શિત્ પ્રત્યયો અવ્યવહિત પરમાં વર્તતા 'कर्तर्यनद्भ्यः० ૩.૪.૭૧' સૂત્રથી તિ વિગેરે શિત્ પ્રત્યયોની પૂર્વમાં ∼ શવ્ વિકરણનું વિધાન કર્યું છે. અર્થાત્ 'कर्तर्यनद्भ्यः० ૩.૪.૭૧' સૂત્રથી પચ્ ધાતુથી પરમાં અને તિ વિગેરે શિત્ પ્રત્યયોની પૂર્વમાં આમ બન્નેની વચ્ચે શવ્ વિકરણનું વિધાન કર્યું હોવાથી પચતિ વિગેરે ક્રિયાપદસ્થળે શવ્ વિકરણનું વ્યવધાન અપેક્ષિત ∼ છે. તેથી ત્યાં પાછળથી પચ્ ધાતુથી અવ્યવહિત પરમાં તિ પ્રત્યય ન હોય તો ચાલે. પણ પ્રસ્તુતમાં શ્રેયસ્ વિગેરેના અંત્યસ્વર અ થી અવ્યવહિત પરમાં આ સૂત્રથી ન્ આગમ થયા બાદ એવું કોઈ વિધાન નથી કે 'શ્રેયસ્ વિગેરેના અ થી પરમાં અને આ સૂત્રથી થયેલા ન્ આગમની પૂર્વમાં 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી ન્ આગમ કરવો' ∼થી આ સૂત્રથી થયેલો ન્ આગમ શ્રેયસ્ વિગેરેના અંત્યસ્વર અ થી અવ્યવહિત પરમાં ન હોય તો પણ ચાલી શકે. આમ આ સૂત્ર અને 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્ર બન્નેમાં સ્વરથી અવ્યવહિત પરમાં ∼ ન્ આગમનું વિધાન કર્યું હોવાથી જો શ્રેયસ્ વિગેરેના અ સ્વરથી પરમાં બે ન્ આગમ થાય તો આ સૂત્રથી થયેલો ન્ આગમ અ સ્વરથી અવ્યવહિત પરમાં ન રહી શકતા 'ऋदुदितः ૧.૪.૭૦'

સૂત્રથી દ્વિતીય ન્ આગમ નહીં થઈ શકે. તેથી જાતિપક્ષનો સ્વીકાર કરીએ તો પણ શ્રેયસ્ વિગેરેને એક જ ન્ આગમ થઈ શકતો હોવાથી 'શ્રવણમાં ભેદ પડવો' વિગેરે કોઈ આપત્તિ ન આવતી હોવાથી જાતિપક્ષનો સ્વીકાર કરીએ તો પણ ચાલે.

અથવા તો છેલ્લે એક વાત એ જણાવવાની કે 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રવર્તી पर શબ્દનો 'ઈષ્ટ' આ પ્રમાણે અર્થ કરી પૂર્વસૂત્રની પ્રવૃત્તિ પૂર્વે ત્યારે કરી શકાય કે જ્યારે કોઈ ઈષ્ટપ્રયોગની સિદ્ધિ ન થઈ શકતી હોય. પણ પ્રસ્તુતમાં શ્રેયસ્ વિગેરેને स्पर्ध એવા આ સૂત્રથી ન્ આગમ ન થતા पर એવા 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી ન્ આગમ થાય તો પણ શ્રેયાંસિ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ જાય છે. તેથી અહીં કાંઈ पर શબ્દનો 'ઈષ્ટ' અર્થ કરી પૂર્વે આ સૂત્રથી ન્ આગમ કરવાની જરૂર નથી. આમ અહીં શ્રેયસ્ વિગેરેને આ સૂત્રથી પૂર્વે ન્ આગમ કરવો અને પછી 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી પુનઃ દ્વિતીય ન્ આગમ કરવો કે નહીં એની ઝંઝટમાં ન પડતા શાંતિથી માત્ર पर એવા 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી એક ન્ આગમ કરી શ્રેયાંસિ વિગેરે ઈષ્ટપ્રયોગોની સિદ્ધિ કરી લેવી.

**(iii) अतिजरांसि कुलानि** – ✲ **जरामतिक्रान्तानि = अतिजरा,** ✲ **'क्लिबे ૨.૪.૯૭'** → **अतिजर + जस् के शस्,** ✲ **'नपुंसकस्य शिः ૧.૪.૫૫'** → **अतिजर + शि,** ✲ **'जराया जरस् वा० ૨.૧.૩'** → **अतिजरस् + शि,** ✲ **'धुटां प्राक् ૧.૪.૬૬'** → **अतिजरन्स् + शि,** ✲ **'न्स्महतो ૧.૪.૮૬'** → **अतिजरान्स् + शि,** ✲ **'शिड्ढेनुस्वारः ૧.૩.૪૦'** → **अतिजरांस् + शि = अतिजरांसि कुलानि।**

**શંકા :-** अतिजर + शि અવસ્થામાં 'स्वराच्छौ ૧.૪.૬૫' સૂત્રથી अतिजर ના અંતે ન્ આગમ ન કરતા 'जराया जरस्० ૨.૧.૩' સૂત્રથી अतिजर નો अतिजरस् આદેશ કેમ કરો છો ?

**સમાધાન :-** अतिजर + शि અવસ્થામાં जरसा પ્રયોગસ્થળે સાવકાશ (ચરિતાર્થ) 'जराया जरस्० ૨.૧.૩' સૂત્ર તેમજ कुण्डानि પ્રયોગસ્થળે સાવકાશ 'स्वराच्छौ ૧.૪.૬૫' સૂત્ર આમ ઉભયસૂત્રોની પ્રવૃત્તિ એકસાથે પ્રાપ્ત છે. પણ 'स्पर्धे ૭.૪.૧૧૯' સૂત્રાનુસારે पर એવા 'जराया जरस्० ૨.૧.૩' સૂત્રની બળવત્તા ગણાતા તેની પ્રવૃત્તિ પૂર્વે થવાથી અમે 'स्वराच्छौ ૧.૪.૬૫' સૂત્રથી ન્ આગમ ન કરતા પૂર્વે अतिजर નો अतिजरस् આદેશ કરીએ છીએ.

હવે અહીં ''अतिजर + शि અવસ્થામાં 'स्वराच्छौ ૧.૪.૬૫' સૂત્રથી પૂર્વે ન્ આગમ થાય તો પણ ***'स्वाङ्गम-व्यवधायि'*** ન્યાયાનુસારે ન્ આગમ વ્યવધાયક ન બનતા 'जराया जरस्० ૨.૧.૩' સૂત્રથી अतिजर નો अतिजरस् આદેશ થઈ શકે છે, તેથી अतिजर ને ન્ આગમ કરો ને ?'' આવી શંકા ન કરવી. કારણ ન્ આગમ[(A)] થાય તો તે अतिजर પ્રકૃતિને થતો હોવાથી જો अतिजर પ્રકૃતિને કોઈ કાર્ય કરવું હોય તો જ તે વ્યવધાયક ન બને. પણ અહીં તો

(A) જે પ્રકૃતિને આગમ થાય તે સમસ્ત પ્રકૃતિને જો કોઈ કાર્ય કરવાનું હોય તો ***'स्वाङ्गमव्यवधायि'*** ન્યાયાનુસારે આગમ વ્યવધાયક ન બને. પણ જો તે પ્રકૃતિના એક અંશને કાર્ય કરવાનું હોય તો આગમ અવશ્ય વ્યવધાયક બને.

અતિજર ના અવયવભૂત જર નો જરસ્ આદેશ કરવાનો હોવાથી તે કાર્ય કરવામાં ન્ આગમ અવશ્ય વ્યવધાયક બને. તેથી અતિજર ગત જર અંશનો 'जराया जरस्० २.१.३' સૂત્રથી જરસ્ આદેશ ન થઈ શકતો હોવાથી 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી ન્ આગમ ન કરી શકાય.

**શંકા :-** 'जराया जरस्० २.१.३' સૂત્રમાં સ્વરાદિ સ્યાદિનો અધિકાર ચાલે છે. તેથી તે સૂત્રવર્તી જરા શબ્દ સ્વરાદિ સ્યાદિપ્રત્યયો દ્વારા આક્ષિપ્ત નામ રૂપ પ્રકૃતિનું ('जरा એવું નામ' આ પ્રમાણે) વિશેષણ બને છે. તો 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષા પ્રમાણે 'जराया जरस्० २.१.३' સૂત્રથી કેવળ જરા શબ્દનો નહીં પણ જરા શબ્દ જેમના અંતમાં હોય તેવા અતિજર વિગેરે શબ્દનો જરસ્ આદેશ થવાની વાત છે અને પ્રસ્તુતમાં 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી ન્ આગમ પણ અતિજર શબ્દને જ થાય છે. તેથી અતિજર ને ન્ આગમ થાય તો પણ અતિજર નો જરસ્ આદેશ કરવા રૂપ કાર્યમાં તે વ્યવધાયક ન બનતા ન્ આગમ થવો જોઈએ.

**સમાધાન :-** ભલે તમે 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાનુસારે 'जराया जरस्० २.१.३' સૂત્રથી અતિજર વિગેરે નામોનો જરસ્ આદેશ થવાની પ્રાપ્તિ દર્શાવતા હો, પણ ***'निर्दिश्यमानस्याऽऽदेशाः स्युः'*** ન્યાય પ્રમાણે અતિજર વિગેરે ગત કેવળ જરા શબ્દનો જ જરસ્ આદેશ પ્રાપ્ત છે. તેથી અતિજર ના અવયવભૂત જર નો જરસ્ આદેશ કરવામાં 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી અતિજર ને થયેલો ન્ આગમ વ્યવધાયક બનતો હોવાથી અતિજર ને ન્ આગમ ન કરી શકાય.

અથવા કદાચ માની લો કે ન્ આગમ થવા છતાં પણ અતિજર ગત જર નો જરસ્ આદેશ થઈ શકતો હોવાથી અતિજર ને 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી ન્ આગમ થાય તો પણ અતિજરન્ + શિ અવસ્થામાં 'जराया जरस्० २.१.३' સૂત્રથી અતિજરસ્ન્ + શિ અવસ્થા પ્રાપ્ત થતા જે પ્રયોગ સિદ્ધ થાય તેનું ઉચ્ચારણ કરાતા અતિજરસ્ ના સ્ ની પરમાં ન્નું અનિષ્ટ શ્રવણ થવાની આપત્તિ આવે છે. તેથી અતિજર + શિ અવસ્થામાં પૂર્વે 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી ન્ ન થઈ શકતા પર એવા 'जराया जरस्० २.१.३' સૂત્રથી અતિજર ગત જર નો જરસ્ આદેશ જ પૂર્વે થશે. તેથી અતિજરસ્ + શિ અવસ્થામાં હવે અતિજરસ્ નામ સ્વરાન્ત ન રહેવાથી 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી તેને ન્ આગમ થવાની પ્રાપ્તિ જ નથી, માટે આ સૂત્રથી અતિજરસ્ ના અ સ્વરથી પરમાં અને ધુટ્ સ્ ની પૂર્વે ન્ આગમ થવાથી ઉપર દર્શાવ્યું તે પ્રમાણે સાધનિકા થવાથી અતિજરાંસિ પ્રયોગ સિદ્ધ થશે.

**શંકા :-** અતિજરસં પશ્ય પ્રયોગસ્થળે અતિજર + અમ્ અવસ્થામાં 'जराया जरस्० २.१.३' સૂત્રથી અતિજર ગત જર[A] અંશનો જરસ્ આદેશ થતા અતિજરસ્ + અમ્ અવસ્થામાં 'अनतो लुप् १.४.५९' સૂત્રથી વ્યંજનાન્ત અતિજરસ્ થી પરમાં રહેલા અમ્ પ્રત્યયનો લુપ્ કેમ નથી કરતા ?

(A) 'जराया जरस्० २.१.३' સૂત્રમાં જરા શબ્દનો જરસ્ આદેશ કરવાનો કીધો છે, પણ અહીં ***'एकदेशविकृतमनन्यवत्'*** ન્યાયને આશ્રયીને જર શબ્દનો પણ જરસ્ આદેશ થઈ શકે છે.

**સમાધાન :-** અતિજર + અમ્ અવસ્થામાં એકસાથે 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી અમ્ પ્રત્યયનો અમ્ આદેશ અને 'अनतो लुप् १.४.५९' સૂત્રથી અમ્ પ્રત્યયનો લુપ્ આદેશ પ્રાપ્ત છે. હવે આ બન્ને સૂત્રો પૈકી 'अतः स्यमो० १.४.५७' સૂત્ર માત્ર अ કારાન્ત નપુંસક નામને લઈને પ્રવર્તતું હોવાથી તેનાથી થતો અમ્ આદેશ વિશેષવિધિ કહેવાય. જ્યારે 'अनतो लुप् १.४.५९' સૂત્ર કોઈપણ વર્ણાન્ત નપુંસકલિંગ નામને લઈને પ્રવર્તતું હોવાથી તેનાથી થતો અમ્ નો લોપ આદેશ સામાન્યવિધિ કહેવાય. તો ***'सर्वत्र विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાયાનુસારે 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી થતા અમ્ આદેશ દ્વારા 'अनतो लुप् १.४.५९' સૂત્રથી થતા અમ્ ના લોપનો બાધ થવાથી તે બાધિત જ ગણાય. તેથી અતિજર + અમ્ અવસ્થામાં 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી અમ્ પ્રત્યયનો અમ્ આદેશ તેમજ 'जराया जरस्० २.१.३' સૂત્રથી અતિજરસ્ + અમ્ અવસ્થા પ્રાપ્ત થતા હવે 'अनतो लुप् १.४.५९' સૂત્રથી થતો બાધિત અમ્ પ્રત્યયનો લોપ પુનઃ ન પ્રવર્તી શકવાથી અમે અતિજરસ્ થી પરમાં રહેલા અમ્ પ્રત્યયનો લુપ્ નથી કરતા.

**શંકા :-** અતિજર + અમ્ અવસ્થામાં 'अनतो लुप् १.४.५९' સૂત્ર પ્રાપ્ત જ નથી. કેમકે તે સૂત્રમાં अनतः આ પ્રમાણે अ કારાન્ત નામોનો પ્રતિષેધ કર્યો છે. તેથી અતિજર + અમ્ અવસ્થામાં 'अतः स्यमो० १.४.५७' અને 'अनतो लुप् १.४.५९' સૂત્રો એકસાથે પ્રાપ્ત ન હોવાથી 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી થતા અમ્ આદેશ દ્વારા 'अनतो लुप् १.४.५९' સૂત્રથી પ્રાપ્ત અમ્ પ્રત્યયના લોપનો બાધ ન થઈ શકે. તેથી આગળ જતા અતિજરસ્ + અમ્ અવસ્થામાં અબાધિત 'अनतो लुप् १.४.५९' સૂત્રથી અમ્ પ્રત્યયનો લોપ થવો જોઈએ.

**સમાધાન :-** 'अनतो लुप् १.४.५९' સૂત્રસ્થ अनतः પદ માત્ર અનુવાદક[A] જ છે. અર્થાત્ अ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી सि-अम् પ્રત્યયના લોપનો પ્રતિષેધ 'अतः स्यमो० १.४.५७' સૂત્રપ્રાપ્ત વિશેષવિધિના કારણે થાય છે અને 'अनतो लुप् १.४.५९' સૂત્રસ્થ अनतः પદ अ કારાન્ત નપુંસકલિંગ નામ સંબંધી सि-अम् પ્રત્યયના લોપનો પ્રતિષેધ ન કરતા માત્ર તે વસ્તુસ્થિતિનું કથન જ કરે છે. આ વાત 'अनतो लुप् १.४.५९' સૂત્રના વિવરણાવસરે ચર્ચાઈ ગઈ છે તેથી ત્યાં જોઈ લેવી. તો અતિજર + અમ્ અવસ્થામાં अ કારાન્ત નપુંસક નામસંબંધી सि-अम् પ્રત્યયોના લોપના અપ્રતિષેધક 'अनतो लुप् १.४.५९' સૂત્રથી અમ્ પ્રત્યયનો લોપ પ્રાપ્ત હોવાથી તે અવસ્થામાં એકસાથે પ્રાપ્ત 'अतः स्यमो० १.४.५७' અને 'अनतो लुप् १.४.५९' સૂત્રો પૈકીના 'अतः स्यमो० १.४.५७' સૂત્રનિર્દિષ્ટ અમ્ આદેશરૂપ વિશેષવિધિ દ્વારા 'अनतो लुप् १.४.५९' સૂત્રપ્રાપ્ત અમ્ પ્રત્યયના લોપ રૂપ સામાન્યવિધિનો બાધ થવાથી આગળ જતા અતિજરસ્ + અમ્ અવસ્થામાં બાધિત 'अनतो लुप् १.४.५९' સૂત્રથી અમ્ પ્રત્યયનો લોપ ન થઈ શકે.

---

(A) **प्रमाणान्तरप्रतिपन्नस्यार्थस्य शब्देन संकीर्तनमनुवादः।** 'अनतो लुप् १.४.५९' સૂત્રસ્થ अनतः પદ **અનુવાદક છે** એ વાત 'अनतो लुप् १.४.५९' સૂત્રના બૃ.ન્યાસમાં જણાવી દીધી છે.

**શંકા :-** અતિજર + અમ્ અવસ્થામાં 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રની પ્રવૃત્તિનો બાધ કરી 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' સૂત્ર પ્રવર્તી ન શકે. કેમકે અતિજર + અમ્ અવસ્થામાં એકસાથે 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' સૂત્રથી અમ્ પ્રત્યયનો અમ્ આદેશ અને 'જરાયા જરસ્૰ ૨.૧.૩' સૂત્રથી અતિજર ગત જર નો જરસ્ આદેશ પ્રાપ્ત છે. તો આ બે સૂત્રો પૈકી 'જરાયા જરસ્૰ ૨.૧.૩' સૂત્ર પર અને નિત્યસૂત્ર[A] હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થવાના કારણે અતિજરસ્ + અમ્ અવસ્થામાં હવે અતિજરસ્ નામ અ કારાન્ત ન રહેતા 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' સૂત્રથી 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રની પ્રવૃત્તિનો બાધ કરી અમ્ પ્રત્યયનો અમ્ આદેશ ન થઈ શકે. તેથી અતિજરસ્ + અમ્ અવસ્થામાં અબાધિત 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી અમ્ પ્રત્યયનો લોપ થવો જોઈએ.

**સમાધાન :-** તમે દ્વિતીયા એકવચનના ૭૪ અતિજરસમ્ પ્રયોગસ્થળે અમ્ પ્રત્યયના લોપની શંકા કેમ કરો છો ? પ્રથમા એકવચનના અતિજરસમ્ પ્રયોગસ્થળે કેમ નહીં ?

**શંકા :-** અતિજર + સિ અવસ્થામાં સિ પ્રત્યયનો અમ્ આદેશ થાય ત્યારે ૭૪ સ્વરાદિ સ્યાદિપ્રત્યયોની નિમિત્તરૂપે અપેક્ષા રાખતા 'જરાયા જરસ્૰ ૨.૧.૩' સૂત્રથી અતિજર ગત જર નો જરસ્ આદેશ થઈ શકે છે. હવે અતિજર + સિ આ પૂર્વાવસ્થામાં જો તમે 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી સિ પ્રત્યયના લોપની વાત કરતા હો તો 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રપ્રાપ્ત સિ પ્રત્યયના લોપ રૂપ સામાન્યવિધિનો 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' સૂત્રપ્રાપ્ત સિ પ્રત્યયના અમ્ આદેશ રૂપ વિશેષવિધિ દ્વારા બાધ થવાથી તે ન થઈ શકે અને અતિજર + સિ અવસ્થામાં 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' સૂત્રથી સિ પ્રત્યયનો અમ્ આદેશ કર્યા બાદ 'જરાયા જરસ્૰ ૨.૧.૩' સૂત્રથી સ્વરાદિ અમ્ ના નિમિત્તે અતિજર ગત જર નો જરસ્ થવાથી અતિજરસ્ + અમ્ અવસ્થા પ્રાપ્ત થતાં જો તમે 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી સિ પ્રત્યયના આદેશભૂત અમ્ ના લોપની વાત કરતા હો તો અતિજર + અમ્ અવસ્થામાં સ્વરાદિ અમ્ પ્રત્યયના નિમિત્તે અતિજર ગત જર નો જરસ્ આદેશ થયો હોવાથી ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य'***[B] ન્યાયાનુસારે તે જરસ્ આદેશ પોતાના નિમિત્ત અમ્ પ્રત્યયનો લોપ કરવા સ્વરૂપે ઘાત ન કરી શકે. તેથી અમે પ્રથમા એકવચનનાં અતિજરસં તિષ્ઠતિ પ્રયોગસ્થળે સિ પ્રત્યય કે તેના આદેશભૂત અમ્ પ્રત્યયના લોપની શંકા નથી કરતા.

**સમાધાન :-** જો તમે અતિજરસ્ + અમ્ અવસ્થામાં ***'सन्निपातलक्षणो०'*** ન્યાયના કારણે 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી સિ ના આદેશભૂત અમ્ પ્રત્યયનો લોપ ન થઈ શકે એમ કહેતા હો તો અતિજર + સિ આ પૂર્વાવસ્થામાં તેમ૭૪ અતિજર + ભિસ્ અવસ્થામાં અ કારાન્ત અતિજર ના નિમિત્તે અનુક્રમે 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' અને

---

(A) અતિજર + અમ્ અવસ્થામાં 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭' સૂત્રથી અમ્ પ્રત્યયનો અમ્ આદેશ કરતા પૂર્વે પણ 'જરાયા જરસ્૰ ૨.૧.૩' સૂત્રથી જરસ્ આદેશ પ્રાપ્ત છે અને અમ્ આદેશ કર્યા પછી પણ તે પ્રાપ્ત છે. તેથી ***'कृताकृतप्रसङ्गी'*** 'જરયા જરસ્૰ ૨.૧.૩' સૂત્ર નિત્ય કહેવાય.

(B) જેના નિમિત્તે કાર્ય થયું હોય તે કાર્ય પોતાના નિમિત્તનો ઘાત ન કરી શકે.

'भिस ऐस् १.४.२' સૂત્રથી ક્રમશઃ सि પ્રત્યયનો अम् આદેશ અને भिस् પ્રત્યયનો ऐस् આદેશ થતો હોવાથી ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાયાનુસારે તે अम् અને ऐस् આદેશો પણ 'जराया जरस्० २.१.३' સૂત્રથી પોતાના નિમિત્ત अतिजर નો अतिजरस् આદેશ કરવા રૂપે ઘાત ન કરી શકે અને તેથી अतिजरस् + अम् અને अतिजरस् + ऐस् અવસ્થા પ્રાપ્ત જ ન થઈ શકતા તમે પ્રથમા એકવચનના अतिजरसम् અને તૃતીયા બહુવચનના अतिजरसैः પ્રયોગને સિદ્ધ ન કરી શકતા માત્ર अतिजरम् અને अतिजरैः પ્રયોગો જ કરી શકશો.

તેમજ તમે દ્વિતીયા એકવચનના अतिजरसम् પ્રયોગને પણ સિદ્ધ નહીં કરી શકો. કારણ अतिजर + अम् અવસ્થામાં 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી अ કારાન્ત अतिजर ના નિમિત્તે अम् પ્રત્યયનો अम् આદેશ થયો હોવાથી તે अम् આદેશ પણ 'जराया जरस्० २.१.३' સૂત્રથી પોતાના નિમિત્ત अतिजर નો अतिजरस् આદેશ કરવા રૂપે ઘાત નહીં કરી શકે.

**શંકા :-** હમણાં જ અમે ઉપર કહી તો ગયા કે अतिजर + अम् (દ્વિ.એ.વ.) અવસ્થામાં 'जराया जरस्० २.१.३' સૂત્ર પર તેમજ નિત્યસૂત્ર હોવાથી 'अतः स्यमो० १.४.५७' સૂત્રથી अ કારાન્ત अतिजर ના નિમિત્તે अम् પ્રત્યયનો अम् આદેશ ન થઈ શકે. તેથી પૂર્વે 'जराया जरस्० २.१.३' સૂત્રથી સ્વરાદિ अम् પ્રત્યયના નિમિત્તે अतिजर ગત जर નો जरस् આદેશ થઈ શકવાથી अतिजरस् + अम् અવસ્થામાં હવે जरस् આદેશ अम् પ્રત્યયના નિમિત્તે થયો હોવાથી ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાયાનુસારે તે પોતાના નિમિત્ત अम् પ્રત્યયનો 'अनतो लुप् १.४.५९' સૂત્રથી લોપ કરવા રૂપ ઘાત ન કરી શકે. તેથી અમારા મતે દ્વિતીયા એકવચનનો अतिजरसम् પ્રયોગ સિદ્ધ થઈ શકશે.

તેમજ તમે અમને જ પ્રથમા એકવચનનો अतिजरसम् પ્રયોગ અને તૃતીયા બહુવચનનો अतिजरसैः પ્રયોગ સિદ્ધ ન થઈ શકતા માત્ર अतिजरम् અને अतिजरैः પ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ દર્શાવો છો, તો તે આપત્તિ અમને આવકાર્ય છે. કારણ અમે પ્રથમા એકવચનમાં अतिजरम् પ્રયોગ અને તૃતીયા બહુવચનમાં अतिजरैः પ્રયોગ જ સિદ્ધ થઈ શકે એવું માનીએ છીએ. ***गोनर्दीय***(A) ***= पतंजली = महाभाष्यकार*** પણ अतिजरम् અને अतिजरैः પ્રયોગો જ સિદ્ધ થઈ શકે એવું માને છે.

**સમાધાન :-** તો પછી તમારા મતે 'जरसो वा १.४.६०' સૂત્ર બનાવવું વ્યર્થ ઠરશે. કારણ તમારા મતે પ્રથમા એકવચનમાં ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાયાનુસારે अतिजरस् + अम् અવસ્થા પ્રાપ્ત ન થઈ શકતા તેમજ દ્વિતીયા એકવચનમાં अतिजरस् + अम् અવસ્થા પ્રાપ્ત થાય તો ત્યાં ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાયને આશ્રયીને સ્વરાદિ अम् પ્રત્યયના નિમિત્તે થયેલા अतिजरस् આદેશ દ્વારા अम् પ્રત્યયનો ઘાત ન થઈ શકતા કોઈપણ અવસ્થામાં

---

(A) यद्येवमतिजरसमतिजरसैरित्यत्र न प्राप्नोति, अतिजरमतिजरैरिति भवितव्यम्।। गोनर्दीय आह – 'इष्टमेवैतत्सङ्गृहीतं भवति। अतिजरमतिजरैरिति भवितव्यं सत्यामेतस्यां परिभाषायां – ***सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्ये***' ति। (पा.सू. ७.२.१०१ महाभाष्यम्)

અમ્ પ્રત્યયના લોપની પ્રાપ્તિ ન હોવાથી 'જરસો વા ૧.૪.૬૦' સૂત્રથી સિ પ્રત્યયના આદેશભૂત અમ્ નો તેમજ દ્વિતીયા એકવચનના અમ્ પ્રત્યયનો લોપ નહીં થઈ શકે.

જ્યારે અમારા મતે આ બધા સ્થળે ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાય અનિત્ય બનતો હોવાથી પ્રથમા એકવચનમાં અતિજરસ્ + અમ્ અવસ્થા પ્રાપ્ત થઈ શકતા તેમજ દ્વિતીયા એકવચનમાં પ્રાપ્ત અતિજરસ્ + અમ્ અવસ્થામાં સ્વરાદિ અમ્ પ્રત્યયના નિમિત્તે થયેલા અતિજરસ્ આદેશ દ્વારા અમ્ પ્રત્યયનો ઘાત થઈ શકવાથી તમારી શરૂઆતમાં દર્શાવેલી શંકા મુજબ 'અનતો લુપ્ ૧.૪.૫૯' સૂત્રથી તો નહીં, પણ તેના અપવાદભૂત 'જરસો વા ૧.૪.૬૦' સૂત્રથી સિ પ્રત્યયના આદેશભૂત અમ્ પ્રત્યયનો તેમજ દ્વિતીયા એકવચનના અમ્ પ્રત્યયનો વિકલ્પે લોપ થઈ શકવાથી 'જરસો વા ૧.૪.૬૦' સૂત્ર વ્યર્થ નહીં ઠરે. તેથી 'જરસો વા ૧.૪.૬૦' સૂત્રથી જ્યારે સિ પ્રત્યયના આદેશભૂત અમ્ નો તેમજ દ્વિતીયા એકવચનના અમ્ પ્રત્યયનો લોપ થશે ત્યારે પ્રથમા અને દ્વિતીયા એકવચનમાં અતિજરઃ પ્રયોગ પણ સિદ્ધ થઈ શકશે અને જ્યારે વિકલ્પપક્ષે તેમનો લોપ નહીં થાય ત્યારે પ્રથમા અને દ્વિતીયા એકવચનમાં અતિજરસમ્ પ્રયોગ પણ સિદ્ધ થઈ શકશે. તેમજ અતિજર + ઐસ્ અવસ્થામાં પણ અ કારાન્ત અતિજર ના નિમિત્તે થયેલા ભિસ્ ના ઐસ્ આદેશ દ્વારા પોતાના નિમિત્ત અતિજર નો અતિજરસ્ આદેશ કરવા રૂપે ઘાત થઈ શકવાથી અતિજરસૈઃ પ્રયોગ પણ સિદ્ધ થઈ શકશે. ('ભિસ ઐસ્ ૧.૪.૨[A]' સૂત્રમાં તેમજ 'અતઃ સ્યમો૰ ૧.૪.૫૭[B]' સૂત્રમાં અનુક્રમે અતિજરસૈઃ અને અતિજરસમ્ (પ્ર.એ.વ.) પ્રયોગસ્થળે ***'सन्निपातलक्षणो विधि०'*** ન્યાય અનિત્ય છે તેમ જણાવ્યું જ છે.)

**(4) શંકા :-** સૂત્રમાં ઘુટામ્ આ પ્રમાણે બહુવચન પૂર્વના વૈયાકરણોનાં સંપ્રદાયને આશ્રયીને કરો છો ? કે કોઈ ફળ મેળવવા કરો છો ?

**સમાધાન :-** ફળ મેળવવા કરીએ છીએ. અમારે ઘુટામ્ આ પ્રમાણે બહુવચન કરી સૂત્રમાં ઘુટ્ જાતિનું ગ્રહણ કરવું છે. જેથી શિ પ્રત્યય પરમાં વર્તતા કષ્ઠતક્ષ્, ગોરક્ષ્ વિગેરે શબ્દસ્થળે સ્વરથી પરમાં (ક્ + ષ્ = ક્ષ્ આ પ્રમાણે) અનેક ઘુટ્ વર્ણો હોય તો પણ આ સૂત્રથી તે અનેક ઘુટ્ વર્ણોની પૂર્વે ન્ આગમ થઈ શકે. આ રીતે

---

(A) એસાદેશેનૈવ સિદ્ધે ઐસ્કરણં ***'सन्निपातलक्षण०'*** ન્યાયસ્યાનિત્યત્વજ્ઞાપનાર્થમ્, તેનાઽતિજરસૈરિત્યપિ સિદ્ધમ્। (૧.૪.૨ બૃ.વૃત્તિઃ)

(B) અમોઽકારોચ્ચારણં જરસાદેશાર્થમ્, તેનાઽતિજરસં કુલં તિષ્ઠતીતિ સિદ્ધમ્। (૧.૪.૫૭ બૃ.વૃત્તિઃ)। ननु च ***'सन्निपातलक्षणो विधिरनिमित्तम्०'*** इति न्यायाद् (अतिजरसम्बन्धी) अकाराश्रितत्वादमादेशस्य कथं तद्विघातकृज्जरसादेशः ? उच्यते- अत एवाऽम्सम्प्रदायादनित्योऽयमिति विज्ञायते, अन्यथा मकारेणैव कृतत्वादम्सम्प्रदायोऽनर्थक इति। (૧.૪.૫૭ ન્યાસઃ)

काष्ठतक्ष् + सि અને गोरक्ष् + सि અવસ્થામાં આ સૂત્રથી न् આગમ થઈ શકતા તેમ ર્ 'म्नां धुड्वर्गे० १.३.३९' સૂત્રથી તે न् આગમનો ङ् એવો વર્ગ્યાન્ત આદેશ થતા काष्ठतङ्क्ष અને गोरङ्क्ष પ્રયોગો સિદ્ધ થઈ શકે છે. જો સૂત્રમાં धुटः આમ એકવચન કર્યું હોત તો शि પ્રત્યય પરમાં વર્તતા ર્યાં સ્વરથી પરમાં એક ર્ धुट् વર્ણ હોય ત્યાં ર્ આ સૂત્રથી न् આગમ થઈ શકત.

**(5)** આ સૂત્રથી સ્વરથી ર્ પરમાં રહેલા धुट् વર્ણની પૂર્વે न् આગમ થાય એવું કેમ ?

**(a) गोमन्ति कुलानि – ※ गोमत् + जस् કે शस्, ※ 'नपुंसकस्य शिः १.४.५५' → गोमत् + शि, ※ 'ऋदुदितः १.४.७०' → गोमन्त् + शि = गोमन्ति कुलानि।**

અહીં પર એવા 'ऋदुदितः १.४.७०' સૂત્રથી गोमन्त् + शि અવસ્થા પ્રાપ્ત થતા गोमन्त् વર્તી धुट् વર્ણ त् સ્વરથી અવ્યવહિત પરમાં ન વર્તતો હોવાથી આ સૂત્રથી તેની પૂર્વે દ્વિતીય न् આગમ ન થયો.

**(6)** जस्-शस् પ્રત્યયના આદેશભૂત शि પ્રત્યય ર્ પરમાં વર્તતા આ સૂત્રથી સ્વરથી પરમાં રહેલા धुट् વર્ણોની પૂર્વે न् આગમ થાય એવું કેમ ?

**(a) उदश्विता – ※ उदकं श्वयतीति क्विप् = उदश्वित् + टा = उदश्विता।**

અહીં પરમાં शि પ્રત્યય ન હોવાથી उदश्वित् ગત इ સ્વરથી પરમાં રહેલા धुट् વર્ણ त् ની પૂર્વે આ સૂત્રથી न् આગમ ન થયો ।।૬૬।।

## र्लो वा ।। १.४.६७।।

**बृ.वृ.–रेफ-लकाराभ्यां परा या धुड्जातिस्तदन्तस्य नपुंसकस्य धुटः प्राग् नोऽन्तो वा भवति, शौ परे। बहून्[1]र्ज्जि, बहूर्जि ; सून्[2]र्ज्जि, सूर्जि ; सुवल्ङ्ग, सुवल्गि। र्लं इति किम्? काष्ठतङ्क्ष, पूर्वेण नित्यमेव। धुटामित्येव?[3] सुफुल्लि वनानि। शावित्येव?[4] बहूर्जा कुलेन ।।६७।।**

---

**सूत्रार्थ :-** र् અને ल् વર્ણથી પરમાં રહેલી ર્ધુट् જાતિ, તે धुट् જાત્યન્ત નપુંસકલિંગ નામોને शि પ્રત્યય પરમાં વર્તતા धुट् વર્ણની ર્ પૂર્વમાં न् આગમ વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ र् च ल् चैतयोः समाहारः = र्ल् (स.द्व.)। तस्मात् = र्लः।

विवरण :- (1) दृष्टांत -

| | (i) बहूर्ज्जि[A] | (ii) सूर्ज्जि | (iii) सुवल्ड्ग |
|---|---|---|---|
| | बहूर्ज् + जस् के शस् | सूर्ज् + जस् के शस् | सुवल्ग् + जस् के शस् |
| ※ 'नपुंसकस्य शिः १.४.५५' → | बहूर्ज् + शि | सूर्ज् + शि | सुवल्ग् + शि |
| ※ 'लों वा १.४.६७' → | बहून्र्ज् + शि | सून्र्ज् + शि | सुवल्न्ग् + शि |
| ※ 'म्नां धुड्वर्गे० १.३.३९' → | बहून्र्ज् + शि | सून्र्ज् + शि | सुवल्ड्ग् + शि |
| | = बहूर्ज्जि। | = सूर्ज्जि। | = सुवल्ड्ग। |

| | (iv) बहूर्जि[B] | (v) सूर्जि | (vi) सुवल्गि |
|---|---|---|---|
| | बहूर्ज् + जस् के शस् | सूर्ज् + जस् के शस् | सुवल्ग् + जस् के शस् |
| ※ 'नपुंसकस्य शिः १.४.५५' → | बहूर्ज् + शि | सूर्ज् + शि | सुवल्ग् + शि |
| | = बहूर्जि। | = सूर्जि। | = सुवल्गि। |

(2) र् अने ल् वर्णथी ९४ परमां रहेला धुट् वर्णनी पूर्वे आ सूत्रथी विकल्पे न् आगम थाय एवुं केम ?

**(a) काष्ठतड्क्ष – ※ काष्ठतक्ष् + जस् के शस्, ※ 'नपुंसकस्य शिः १.४.५५' → काष्ठतक्ष् + शि, ※ 'धुटां प्राक् १.४.६६' → काष्ठतन्क्ष् + शि, ※ 'म्नां धुड्वर्गे० १.३.३९' → काष्ठतड्क्ष् + शि = काष्ठतड्क्ष।**

अहीं काष्ठतक्ष् + शि अवस्थामां र् के ल् वर्णोथी परमां नहीं पण अ स्वरथी परमां क् + ष् = क्ष् आ प्रमाणे धुट् वर्णो होवाथी आ सूत्रथी तेमनी पूर्वे विकल्पे न् आगम न थई शकता पूर्वसूत्रथी तेमनी पूर्वे नित्य न् आगम थयो छे.

(3) र् अने ल् वर्णथी परमां रहेला धुट् वर्णनी ९४ पूर्वे आ सूत्रथी न् आगम थाय एवुं केम ?

**(a) सुफुल्लि – ※ सुफुल्ल् + जस् के शस्, ※ 'नपुंसकस्य शिः १.४.५५' → सुफुल्ल् + शि = सुफुल्लि।**

अहीं सुफुल्ल् + शि अवस्थामां ल् थी परमां रहेलो ल् धुट् वर्ण न होवाथी आ सूत्रथी तेनी पूर्वे न् आगम न थयो.

---

(A) **(a)** ऊर्जयतीति क्विप् = ऊर्ज्, बहव ऊर्जो येषु ते = बहूर्ज् **(b)** ऊर्जयतीति क्विप् = ऊर्ज्, शोभना ऊर्जो येषु ते = सूर्ज् **(c)** सुष्ठु वल्गन्तीति क्विप् = सुवल्ग्।

(B) केटलाक वैयाकरणो बहूर्ज्जि प्रयोग न ईच्छता मात्र बहूर्जि प्रयोगने ९४ ईच्छे छे.

**(4)** આ સૂત્રથી जस्-शस् નો આદેશભૂત शि પ્રત્યય જ પરમાં વર્તતા र् અને ल् વર્ણથી પરમાં રહેલા ધુટ્ વર્ણની પૂર્વે न् આગમ થાય એવું કેમ ?

**(a) बहूर्जा कुलेन – * बहूर्ज् + टा = बहूर्जा कुलेन।**

અહીં शि પ્રત્યય પરમાં ન હોવાથી बहूर्ज् ગત र् થી પરમાં રહેલા ज् ધુટ્ વર્ણની પૂર્વે આ સૂત્રથી न् આગમ न થયો ।।૬૭।।

## घुटि ।। १.४.६८।।

**बृ.वृ.-अधिकारोऽयम्[1], निमित्तविशेषोपादानमन्तरेणापादपरिसमाप्तेर्यत् कार्यं वक्ष्यते तद् घुटि वेदितव्यम्।।६८।।**

---

**સૂત્રાર્થ :-** આ અધિકારસૂત્ર છે. આ '૧.૪' પાદ પૂર્ણ થાય ત્યાં સુધી હવે પછીના સૂત્રોમાં જો કોઈ નિમિત્તવિશેષનું કથન ન કર્યું હોય તો જે કાર્ય કહેવાશે તે ધુટ્ પ્રત્યયો પર છતાં થશે એમ સમજવું.

**વિવરણ :- (1) શંકા :-** તમે આ સૂત્રને અધિકારસૂત્ર શી રીતે કહી શકો ? કારણ પૂર્વસૂત્રથી આ સૂત્રમાં नपुंसकस्य પદની અનુવૃત્તિ આવતી હોવાથી આ સૂત્રનો 'ધુટ્પ્રત્યયો પરમાં વર્તતા નપુંસક નામને न् આગમ થાય છે' આ પ્રમાણે અર્થ થતો હોવાથી આ સૂત્ર તો વિધિસૂત્ર છે.

**સમાધાન :-** નપુંસકલિંગ નામોને લાગતા સ્યાદિ પ્રત્યયોમાં शि પ્રત્યય સિવાય કોઈ પણ સ્યાદિ પ્રત્યય ધુટ્ સંજ્ઞક નથી. હવે शि પ્રત્યય પરમાં વર્તતા નપુંસકલિંગ નામોને 'स्वराच्छौ १.४.६५' તેમજ 'धुटां प्राक् १.४.६६' વિગેરે સૂત્રોથી न् આગમનું વિધાન તો થઈ ચૂક્યું છે. તેથી આ સૂત્રને વિધિસૂત્ર ગણી ધુટ્ शि પ્રત્યય પરમાં વર્તતા નપુંસકલિંગ નામોને આ સૂત્રથી પુનઃ न् આગમનું વિધાન કરવું નિરર્થક ઠરે છે. તેથી પૂર્વસૂત્રથી नपुंसकस्य પદની અનુવૃત્તિ લઈ આ સૂત્રને વિધિસૂત્ર ગણાવવું બરાબર ન કહેવાય. તેથી અમે આ સૂત્રને અધિકાર સૂત્ર કહીએ છીએ.

**(2)** ઘુટિ આ અધિકારાર્થક સૂત્રની રચના કરવી જોઈએ.

**શંકા :-** અધિકાર એટલે શું ?

**સમાધાન :-** અધિકાર શબ્દ કર્તૃસાધન અથવા ભાવસાધન સમજવો. અર્થાત્ अधिकरोतीति अधिकारः આ પ્રમાણે કર્તૃસાધન અથવા अधिकरणमधिकारः આ પ્રમાણે ભાવસાધન સમજવો. લોકમાં વિનિયોગ અર્થાત્ વ્યાપાર કરવો એટલે કે કાંઈક કાર્ય કરવું એ અધિકાર કહેવાય છે. અહીં વ્યાકરણશાસ્ત્રમાં પણ વિનિયોગ જ અધિકાર રૂપે વિવક્ષિત છે.

**શંકા :-** પણ અધિકાર શા માટે કરવો પડે ?

**સમાધાન :-** હવે[A] પછી આગળના દરેક સૂત્રોમાં સૂત્રોક્ત વિવક્ષિત શબ્દનો નિર્દેશ ન કરવો પડે અર્થાત્ અનિર્દિષ્ટ તે શબ્દ હવે પછીના દરેક સૂત્રોમાં સ્વતઃ ઉપસ્થિત થઈ જાય તે માટે અધિકાર કરવામાં આવે છે.

**શંકા :-** 'આ સૂત્રમાં વિવક્ષિત શબ્દનું કથન કરીએ એટલા માત્રથી આગળના દરેક સૂત્રોમાં તે શબ્દની ઉપસ્થિતિ થવી' આ અર્થ શું અધિકાર શબ્દથી પ્રાપ્ત થાય છે ?

**સમાધાન :-** હા, અધિકાર શબ્દથી પ્રાપ્ત થાય છે.

**શંકા :-** શેના આધારે તમે આ વાત કરો છો ?

**સમાધાન :-** લોકના આધારે. તે આ પ્રમાણે - જેમકે લોકમાં 'આ ગામ કે નગર ઉપર આ વ્યક્તિ અધિકૃત છે' આ પ્રમાણે તે વ્યક્તિને જ કહેવામાં આવે છે કે જે તે ગામ કે નગરના બધા પ્રકારના કારભાર કરતો હોય. તે જ રીતે વ્યાકરણશાસ્ત્રમાં અધિકૃત શબ્દને પરિસ્પન્દ અર્થાત્ કોઈપણ પ્રકારની હિલચાલ કરવા સ્વરૂપ વ્યાપાર સંભવતો ન હોવાથી માત્ર આગળના દરેક સૂત્રોમાં ઉપસ્થિત થવું એ સિવાય તેનો બીજો કયો વ્યાપાર સંભવી શકે ? એટલે કે લોકમાં જેમ ગામ કે નગરના કારભાર કરનારી વ્યક્તિ અધિકૃત કહેવાય અને તેના કારભાર કરવા સ્વરૂપ વ્યાપારને અધિકાર કહેવાય છે, તેમ વ્યાકરણશાસ્ત્રમાં શબ્દને પરિસ્પન્દ રૂપ વ્યાપાર ન સંભવતા આગળના દરેક સૂત્રમાં ઉપસ્થિત થનાર તે શબ્દ અધિકૃત કહેવાય અને આગળના દરેક સૂત્રોમાં તેના ઉપસ્થિત થવા સ્વરૂપ વ્યાપારને અધિકાર કહેવાય છે.

**શંકા :-** આ રીતે આગળના દરેક સૂત્રમાં આ સૂત્રોક્ત ઘુટિ શબ્દની ઉપસ્થિતિ થાય તે માટે અધિકારાર્થક આ સૂત્ર રચવાની કોઈ જરૂર નથી. કારણ આ રીતે અધિકારાર્થક સૂત્રની રચના ન કરવામાં આવે તો પણ વચન રહિત લોકવ્યવહારથી (અર્થાત્ પૂર્વે એકવાર શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવે અને પાછળથી તે શબ્દનું (= વચનનું) ઉચ્ચારણ ન કરવામાં આવે તો પણ તે તે સ્થળે આકાંક્ષાવશ પૂર્વોક્ત શબ્દનું ઉપસ્થિત થઈ જવા સ્વરૂપ લોકવ્યવહારથી) ઘુટિ શબ્દની ઉપસ્થિતિ આગળના દરેક સૂત્રોમાં થઈ જશે. પૂર્વે ઉચ્ચારેલા શબ્દનો આગળ સંબંધ થવો એ લોકવ્યવહારથી જ સિદ્ધ છે, તે આ પ્રમાણે - લોકમાં જેમ "દેવદત્તને ગાય આપવી" આમ કહીને પછી આગળ જતાં "યજ્ઞદત્તને અને વિષ્ણુમિત્રને પણ" આટલું જ કહેવામાં આવે તો પણ ત્યાં 'ગાય આપવી' આ અર્થ સહજ જણાઈ આવે છે. અહીં એવી શંકા ન કરવી કે "'યજ્ઞદત્તને અને વિષ્ણુમિત્રને ભેંસ આપવી' આવો અર્થ કેમ ન જણાય ?" કારણ કે નિયમ છે કે ***'अश्रुतकल्पनायाः श्रुतापेक्षणस्य*** [B]***लाघवम्'*** અર્થાત્ વક્તાએ જે શબ્દોનો ઉચ્ચાર કર્યો હોય તેમાં

(A) ન્યાસમાં દર્શાવેલો प्रतियोग શબ્દ योगं योगं प्रति = प्रतियोगम् આ પ્રમાણે વિપ્સાર્થક અવ્યયીભાવસમાસ થવા દ્વારા નિષ્પન્ન થયો છે.

(B) लाघवादित्यस्य न्याय्यत्वमिति शेषः। (पा.सू. १.३.११ म.भाष्य. प्र. उद्द्यो०)

જે શબ્દો સાંભળવામાં ન આવતા હોય તેમની કલ્પના કરવી એના કરતા સાંભળવામાં આવતા શબ્દોની અપેક્ષા રાખવી એ યોગ્ય કહેવાય. પ્રસ્તુતમાં વક્તા દ્વારા ઉચ્ચરિત '(A)દેવદત્તને ગાય આપવી. યજ્ઞદત્ત અને વિષ્ણુમિત્રને પણ.' આ વાક્યો સાંભળવામાં આવતા અશ્રુત 'ભેંસ આપવી' આ શબ્દોની કલ્પના કરવી તેના કરતા પૂર્વે સાંભળેલા 'ગાય આપવી' આ શબ્દોની જ અપેક્ષા રાખવી યોગ્ય કહેવાય. તેથી 'યજ્ઞદત્તને અને વિષ્ણુમિત્રને ભેંસ આપવી' આવો અર્થ ન જણાય. આ જ રીતે બીજું દૃષ્ટાંત આપીએ તો લોકમાં જેમ ''આ વિદ્યાલયમાં દેવેન્દ્ર ભણે છે.'' આમ કહીને આગળ જતા ''મહેન્દ્ર ભણાવે છે અને સુરેન્દ્ર વંચાવે છે'' આવું કહેવામાં આવે તો ત્યાં જેમ પૂર્વવાક્યસ્થ 'આ વિદ્યાલયમાં' આ શબ્દો આકાંક્ષાદિવશે પાછળના વાક્યોમાં સહજ જોડાઈ જાય છે તેમ વ્યાકરણશાસ્ત્રમાં પણ પ્રસ્તુતમાં 'ઘુટિ ૧.૪.૬૮' આ પ્રમાણે પૃથક્ અધિકારાર્થક સૂત્ર બનાવવામાં ન આવતા 'અચો ઘુટિ ૧.૪.૬૯' આમ સામાન્યપણે વિધિસૂત્ર જ બનાવવામાં આવે તો પણ તે પછીના 'ऋदुदितः ૧.૪.૭૦' વિગેરે સૂત્રોમાં ऋ અને उ ईत્ વાળા ધુટ્ વર્ણાન્ત નામોને સ્વરથી પરમાં અને ધુટ્ વર્ણની પૂર્વે ન્ આગમનું વિધાન કરાતા ત્યાં આકાંક્ષા ઊભી થાય કે ''ન્ આગમ તો થાય, પણ કયાં પ્રત્યયો પરમાં વર્તતા થાય ?'' અને આકાંક્ષાનુસારે 'અચો ઘુટિ ૧.૪.૬૯' આ પૂર્વસૂત્રમાં સાંભળવામાં આવતા ઘુટિ પદની જ 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રમાં સહજ ઉપસ્થિતિ થઈ જાય કે જેથી 'ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન્ આગમ થાય છે' આ અર્થ જણાઈ આવે. આ જ રીતે 'युञ्रोऽसमासे ૧.૪.૭૧' વિગેરે આગળના સૂત્રોમાં પણ આકાંક્ષાદિ વશે ઘુટિ પદની સહજ ઉપસ્થિતિ થઈ શકે છે. તેથી અધિકારાર્થક આ સૂત્રની રચના નિરર્થક છે.

**સમાધાન :-** એક સૂત્રમાં નિર્દિષ્ટ વિવક્ષિતશબ્દ આગળના દરેક સૂત્રોમાં આકાંક્ષા વશ ઉપસ્થિત થાય આ તમારી વાત સાચી. પણ પછી આગળના જે સૂત્રમાં પૂર્વનિર્દિષ્ટ શબ્દને સદૃશ બીજા શબ્દનો નિર્દેશ કરવામાં આવે ત્યારથી પૂર્વનિર્દિષ્ટ શબ્દની અનુવૃત્તિ અટકી જાય. માટે અધિકારાર્થક આ સૂત્રની રચના કરવી જરૂરી છે. લોકવ્યવહારમાં પણ બીજાનો નિર્દેશ કરવામાં આવે એટલે પહેલાનો નિર્દેશ અટકી જાય છે. તે આ પ્રમાણે - જેમ ''દેવદત્તને ગાય આપવી'' આમ કહીને પાછળથી ''વિષ્ણુમિત્રને કામળી આપવી'' આમ કહેવામાં આવે તો પાછળના વાક્યમાં રહેલા 'કામળી આપવી' આ શબ્દો પૂર્વના વાક્યમાં રહેલા 'ગાય આપવી' આ શબ્દોને પાછળના વાક્યમાં ઉપસ્થિત થવામાં અટકાયત કરે છે (નિવર્તક બને છે.) અર્થાત્

---

(A) 'देवदत्ताय गौर्दीयताम्, यज्ञदत्ताय, विष्णुमित्राय' વાક્યસ્થ યજ્ઞદત્તાય અને વિષ્ણુમિત્રાય પદોને ચતુર્થી વિભક્તિ સંપ્રદાન (= આપવું) અર્થમાં થઈ છે. હવે અહીં યજ્ઞદત્તને અને વિષ્ણુમિત્રને શું આપવું ? એ આકાંક્ષા ઊભી થતા યજ્ઞદત્તાય અને વિષ્ણુમિત્રાય પદોત્તરવર્તી સંપ્રદાનાર્થક ચતુર્થી વિભક્તિ દ્વારા ***'अश्रुतकल्पनायाः श्रुतापेक्षणस्य लाघवम्'*** નિયમાનુસારે પૂર્વવર્તી गो કર્મિકા ददाति ક્રિયા અર્થાત્ જે ક્રિયાની અપેક્ષાએ ગાય કર્મ છે, તાદૃશ ददाति ક્રિયા એટલે કે गौर्दीयताम् ઈત્યાકારક ગાય આપવાની ક્રિયા અપેક્ષાય છે. તેથી 'યજ્ઞદત્ત અને વિષ્ણુમિત્રને ગાય આપવી' આવો અર્થ જણાય છે.

''દેવદત્તને ગાય આપવી અને વિષ્ણુમિત્રને કામળી આપવી'' આ પ્રમાણે કહેવાતા 'વિષ્ણુમિત્રને ગાય પણ આપવી' આવો અર્થ ઉપસ્થિત નથી થતો. તેમ પ્રસ્તુતમાં પણ 'घुटि १.४.६८' આવું અધિકારાર્થક સૂત્ર ન બનાવતા 'अचो घुटि १.४.६९' આમ વિધિસૂત્ર જ બનાવવામાં આવે તો 'ऋदुदितः १.४.७०' વિગેરે સૂત્રોમાં તો ઘુટિ શબ્દની ઉપસ્થિતિ થઈ જાય. પણ પછી 'अनडुहः सौ १.४.७२' સૂત્રમાં નિમિત્તવાચી ઘુટિ શબ્દને સદશ નિમિત્તવાચી સૌ (સિ પ્રત્યય) પદનો નિર્દેશ કરવામાં આવતા પૂર્વના સૂત્રોથી ચાલી આવતી ઘુટિ પદની અનુવૃત્તિ અટકી જાય. તેથી 'अनडुहः सौ १.४.७२' સૂત્ર પછીના 'पुंसोः पुमन्स् १.४.७३' વિગેરે સૂત્રોમાં પુનઃ ઘુટિ પદની ઉપસ્થિતિ ન થઈ શકતા આકાંક્ષાવશે પૂર્વના 'अनडुहः सौ १.४.७२' સૂત્રમાંથી સૌ પદની જ ઉપસ્થિતિ થવાની આપત્તિ આવે. આથી અધિકારાર્થક આ સૂત્રની રચના કરવી જરૂરી છે કે જેથી આ સૂત્ર પછીના જે સૂત્રોમાં નિમિત્તવિશેષનું ઉપાદાન ન કર્યું હોય ત્યાં બધે નિમિત્તવાચી ઘુટિ પદની ઉપસ્થિતિ થઈ શકે.

**શંકા :-** સારૂં, તમે અધિકારાર્થક આ સૂત્રની રચના ભલે કરો. પણ આ સૂત્રથી ચાલતો અધિકાર ક્યાં સુધી (કેટલા સૂત્રો સુધી) ચાલે છે તે ખબર પડતી નથી. તેથી તમારે 'घुटि १.४.६८' આ પ્રસ્તુત સૂત્રમાં તેમજ અધિકારાર્થક અન્યસૂત્રોમાં પણ કોક અનુબંધ જોડવો જોઈએ.

**સમાધાન :-** ભલે, તો જે ક્રમાંકનો અનુબંધ હોય તેટલા સૂત્રો સુધી અધિકાર ચાલશે આ પ્રમાણે કહી દેવું જોઈએ. અર્થાત્ 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રમાં દર્શાવેલા ચૌદ સ્વરો અને 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રમાં દર્શાવેલા તેત્રીસ વ્યંજનો; આમ કુલ મળીને સુડતાળીસ વર્ણો પૈકીના જે ક્રમાંકનો વર્ણ[A] અધિકારાર્થક સૂત્રમાં અનુબંધ રૂપે દર્શાવ્યો હોય તેટલા સૂત્રો સુધી અધિકારાર્થક સૂત્ર ગત શબ્દની અનુવૃત્તિ ચાલશે એમ સમજવું.

**શંકા :-** પણ જ્યાં વર્ણોની સંખ્યા કરતા અધિકાર વધારે સૂત્રોમાં ચલાવવો હોય ત્યાં શું કરવું ?

**સમાધાન :-** તેવું હોય ત્યાં અધિકારાર્થક સૂત્રમાં પ્રાગ્ વચન કરી દેવું જોઈએ. જેમકે 'कर्तरि ५.१.३' સૂત્રસ્થ कर्तरि શબ્દનો અધિકાર 'अर्हे तृच् ५.४.३७' સૂત્ર સુધી ચલાવવો છે, તો 'कर्तरि ५.१.३' સૂત્રમાં 'आशिष्याशीः० ५.४.३८' સૂત્રગત आशिष् શબ્દને લઈને 'प्रागाशिषः' પદ મૂકી દેવું જોઈએ કે જેથી ખબર પડે કે कर्तरि શબ્દનો અધિકાર 'आशिष्याशीः० ५.४.३८' સૂત્ર કરતા પૂર્વના 'अर्हे तृच् ५.४.३७' સૂત્ર સુધી ચલાવવાનો છે.

---

(A) અધિકારાર્થક સૂત્રમાં જો इ અનુબંધ દર્શાવ્યો હોય તો વર્ણ સમુદાયમાં इ નો ક્રમાંક ત્રીજો હોવાથી અધિકારાર્થક સૂત્રસ્થ વિવક્ષિત શબ્દની અનુવૃત્તિ ત્રણ સૂત્ર સુધી ચાલે. જો क् અનુબંધ દર્શાવ્યો હોય તો क् નો ક્રમાંક પંદરમો હોવાથી અનુવૃત્તિ પંદર સૂત્રો સુધી ચાલે આમ સમજવું.

અથવા તો પ્રાગ્ વચન કરવાની કોઈ જરૂર નથી. કારણ ''જ્યાં વર્ણોની સંખ્યા કરતા વધારે અધિકાર ચલાવવો હોય ત્યાં શું કરવું ?'' આ કેવળ સંશય માત્ર છે. બાકી તો જેવો સંશય ઊભો થાય કે તરત જ ***'व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम्'*** ન્યાયાનુસારે સંશયનું નિરાકરણ કરી શકાય છે. કારણ આ ન્યાય કહે છે કે 'જ્યાં સૂત્રથી વિશેષ અર્થની સ્પષ્ટતા ન થતી હોય ત્યાં ટીકાથી અર્થની વિશેષે કરીને સ્પષ્ટતા કરી લેવી, કારણ સૂત્રથી અર્થની સ્પષ્ટતા ન થતી હોય (અર્થ સંદિગ્ધ રહેતો હોય) તેથી સૂત્ર કાંઈ અસૂત્ર નથી બની જતું.' તેથી જ્યાં વર્ણોની સંખ્યા કરતા વધારે સૂત્રોમાં અધિકાર ચલાવવો હોય ત્યાં સૂત્રથી ભલે ખબર ન પડે કે કેટલા સૂત્ર સુધી અધિકાર ચલાવવાનો છે પણ અમે ટીકામાં સ્પષ્ટતા કરી દેશું કે ''અમુક સૂત્ર કરતા પૂર્વના સૂત્ર સુધી અધિકાર ચલાવવો.''

**શંકા :-** જો આમ કહેતા હો તો અધિકારાર્થક આ (તેમજ અન્ય પણ) સૂત્ર રચવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** જો અધિકારાર્થક સૂત્રો નહીં રચીએ તો ઘુટિ વિગેરે પદોનો અધિકાર શી રીતે ચાલશે ?

**શંકા :-** આ લૌકિક અધિકાર છે તેથી ચાલશે. અર્થાત્ આગળ 'देवदत्ताय गौर्दीयताम्, यज्ञदत्ताय, विष्णुमित्राय' સ્થળે કહ્યું તે પ્રમાણે જેમ લોકમાં પૂર્વના વાક્યમાં રહેલા શબ્દની પછીના વાક્યમાં સહજ રીતે ઉપસ્થિતિ થઈ શકે છે તેમ વ્યાકરણશાસ્ત્રમાં પણ વિધિસૂત્રસ્થ તે તે શબ્દોની ઉપસ્થિતિ આગળના દરેક સૂત્રોમાં થઈ જશે.

**સમાધાન :-** પણ હમણાં જ અમે આગળ 'देवदत्ताय गौर्दीयताम्, विष्णुमित्राय कम्बलः' સ્થળે કહી તો ગયા કે પછીના વાક્યમાં પૂર્વવાક્યસ્થ શબ્દને સદશ શબ્દનો નિર્દેશ કરવામાં આવે તો પછીના વાક્યમાં પૂર્વવાક્યસ્થ શબ્દની ઉપસ્થિતિ ન થઈ શકે. તેની જેમ વ્યાકરણશાસ્ત્રમાં પણ વિધિસૂત્રસ્થ તે તે શબ્દની અનુવૃત્તિ ચાલે તો ખરી, પણ જ્યાં આગળનાં કોઈ સૂત્રમાં અનુવર્તમાન શબ્દને સદશ એવા કોક શબ્દનો નિર્દેશ કરવામાં આવે કે તરત જ પૂર્વસૂત્રોથી અનુવર્તમાન શબ્દની અનુવૃત્તિ અટકી જાય. તેથી આગળના સૂત્રોમાં તેની અનુવૃત્તિ ચલાવવી હોય તો પણ ન ચલાવી શકાય. માટે અધિકારાર્થક સૂત્ર રચવું જોઈએ.

**શંકા :-** અન્યશબ્દનો નિર્દેશ પૂર્વસૂત્રોથી અનુવર્તમાન શબ્દનો નિવર્તક બને. અર્થાત્ પ્રસ્તુતમાં 'अनडुहः सौ १.४.७२' સૂત્રસ્થ સૌ પદનો નિર્દેશ વિધ્યર્થક 'अचो घुटि १.४.६९' સૂત્રથી અનુવર્તમાન ઘુટિ શબ્દનો નિવર્તક બને. તેથી 'पुंसोः पुमन्स् १.४.७३' વિગેરે સૂત્રોમાં ઘુટિ પદની અનુવૃત્તિ પ્રાપ્ત ન થવાની આપત્તિ આવે. આ કેવળ સંશય ઊભો થાય છે એટલું જ છે. બાકી જેવો સંશય ઊભો થાય કે તરત જ આગળ તમે કહ્યું તે પ્રમાણે ***'व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम्'*** ન્યાયાનુસારે સંશયનું નિરાકરણ થઈ શકે છે. અર્થાત્ આવો સંશય ઊભો થતા જ અમે 'पुंसोः पुमन्स् १.४.७३' સૂત્રની ટીકામાં ખુલાસો કરી દેશું કે

ઘુટિ પદ-દૃષ્ટ[A] અનુવૃત્તિવાળું હોવાથી એટલે કે 'अनडुहः सौ १.४.७२' સૂત્રની પૂર્વના સૂત્રોમાં ઘુટિ પદની અનુવૃત્તિ દેખવામાં આવતી હોવાથી 'पुंसोः पुमन्स् १.४.७३' સૂત્રમાં દૃષ્ટાનુવૃત્તિક ઘુટિ પદની જ અનુવૃત્તિ ચાલશે, અવ્યવહિત પૂર્વમાં રહેલા 'अनडुहः सौ १.४.७२' સૂત્રસ્થ સૌ પદની નહીં. આ રીતે અન્ય અધિકાર સ્થળે પણ સંશય ઊભો થતા ટીકામાં ખુલાસો કરી દેશું. તેથી અધિકારાર્થક સૂત્ર રચવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** છતાં આચાર્યશ્રીનો (ગ્રંથકારશ્રીનો) તેવા પ્રકારનો આચાર હોવાથી અધિકારાર્થક સૂત્રની રચના કરવામાં આવે છે. આચાર્યશ્રીની આ વ્યાકરણમાં અનુવૃત્તિની શૈલી ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે-

**(a)** જ્યાં તેઓશ્રી જુદું (સ્વતંત્ર) અધિકારસૂત્ર રચે છે ત્યાં વિશેષ (અમુક ચોક્કસ) સૂત્રોમાં જ અધિકાર ચાલે છે અને તે અધિકાર પાદ પૂર્ણ થાય ત્યાં સુધી અનુવર્તે છે. જેમ કે ઘુટિ પદના અધિકારાર્થે 'ઘુટિ ૧.૪.૬૮' આમ અલગ અધિકારસૂત્રની રચના કરી છે વળી તે અધિકાર નિમિત્તવિશેષ સહિત 'अनडुहः सौ १.४.७२', 'आ अम्-शसो० १.४.७५' વિગેરે સૂત્રસ્થળે ન અનુવર્તતા નિમિત્તવિશેષ રહિત 'अचः १.४.६९' વિગેરે વિશેષ (અમુક ચોક્કસ) સૂત્રસ્થળે જ અનુવર્તે છે અને તે આ '૧.૪' પાદ પૂર્ણ થાય ત્યાં સુધી અનુવર્તે છે.

**(b)** જ્યાં તેઓશ્રી જુદું અધિકારસૂત્ર રચે છે અને અધિકાર વિશેષ (અમુક ચોક્કસ) સૂત્રોમાં જ અનુવર્તતો પાદ પૂર્ણ થયા પછી પણ ચાલ્યા જ કરે છે, ત્યાં તેઓશ્રી અલગ રચેલા અધિકારસૂત્રમાં અધિકાર ક્યાં સુધી ચાલશે તેની મર્યાદા દર્શાવતું પદ મૂકે છે. જેમકે અણ્ પ્રત્યયના અધિકારાર્થે 'प्राग् जितादण् ६.१.१३' આ પ્રમાણે અલગ અધિકારસૂત્ર રચ્યું છે અને તે અણ્ પ્રત્યયનો અધિકાર 'अत इञ् ६.१.३१' વિગેરે અપવાદના વિષયને છોડીને અપત્યાદિઅર્થક વિશેષ (અમુક ચોક્કસ) સૂત્રો સ્થળે જ અનુવર્તતો '૬.૧' પાદ પૂર્ણ થયા પછી પણ છેક '૬.૩' પાદ પૂર્ણ થાય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. તો ગ્રંથકારશ્રીએ 'प्राग् जितादण् ६.१.१३' સૂત્રમાં અધિકારની મર્યાદાનું સૂચક 'प्राग् जितात्' પદ મૂક્યું છે, જેથી ખબર પડે કે અણ્ પ્રત્યયનો અધિકાર જિતાર્થક 'तेन जित० ६.४.२' સૂત્રની પૂર્વના '૬.૩' પાદ પૂર્ણ થાય ત્યાં સુધીના અપત્યાદિ અર્થક સૂત્રોમાં અનુવર્તે છે.

**(c)** જ્યાં અધિકાર ગંગાપ્રવાહની જેમ દરેક સૂત્રોમાં અનુવર્તતો હોય ત્યાં તેઓશ્રી જુદું અધિકારાર્થક સૂત્ર રચતા નથી પણ અધિકારને અટકાવવા યત્ન કરે છે. જેમકે 'एदोतः पदान्तेऽस्य० १.२.२७' આ વિધિસૂત્રથી

---

(A) અહીં 'अनडुहः सौ १.४.७२' સૂત્રસ્થ સૌ પદ અવ્યવહિત પૂર્વમાં હોવા છતાં 'पुंसोः पुमन्स् १.४.७३' સૂત્રમાં દૃષ્ટાનુવૃત્તિક ઘુટિ પદની જ અનુવૃત્તિ ચલાવવાની વાત કરી છે. તે એટલા માટે કે 'अनडुहः सौ १.४.७२' સૂત્રની પૂર્વના સૂત્રોમાં ઘુટિ પદની અનુવૃત્તિ અનેકવાર જોવામાં આવી છે, તેથી તેની અનુવૃત્તિના દૃઢ સંસ્કાર પડ્યા છે. માટે 'पुंसोः पुमन्स् १.४.७३' સૂત્રમાં અનુવૃત્ત્યર્થે તેની શીઘ્ર ઉપસ્થિતિ થાય છે.

આગળના દરેક સૂત્રોમાં પદાન્ત શબ્દની અનુવૃત્તિ પ્રવાહની જેમ ચાલ્યા જ કરે છે તેની અનુવૃત્ત્યર્થે તેઓશ્રીએ અધિકારાર્થક જુદું સૂત્ર નથી રચ્યું પણ પદાન્ત શબ્દની અનુવૃત્તિને અટકાવવા 'स्वरेभ्यः १.३.३०' સૂત્રમાં વ્યાપ્ત્યર્થે બહુવચન[A] કર્યું છે.

આ રીતે જ 'सौ नवेतौ १.२.३८' આ વિધિસૂત્રથી આરંભીને દરેક સૂત્રોમાં વિકલ્પે કાર્ય થાય તે માટે નવા શબ્દની અનુવૃત્તિ પ્રવાહની જેમ ચાલ્યા જ કરે છે, તેની અનુવૃત્ત્યર્થે જુદું અધિકારાર્થક સૂત્ર નથી બનાવ્યું પણ નવા શબ્દની જ અનુવૃત્તિને લઈને 'श-ष-से श-ष-सं वा १.३.६' સૂત્રમાં વિકલ્પે કાર્ય કરવું શક્ય હતું છતાં ત્યાં નવા શબ્દની અનુવૃત્તિને અટકાવવા वा[B] પદ મૂકીને વિકલ્પે કાર્ય સિદ્ધ કર્યું છે.

તેમજ ત્રીજું દૃષ્ટાંત આપીએ તો વિગ્રહાવસ્થા અને સમાસ પ્રાપ્ત થઈ શકે તે માટે તદ્ધિત પ્રત્યયોના વિકલ્પને કરતો 'वाद्यात् ६.१.११' સૂત્રથી वा નો અધિકાર પ્રવાહવત્ છેક 'न सामिवचने ७.३.५७' સૂત્ર સુધી ચાલ્યા જ કરે છે. તે वा ના અધિકારને અટકાવવા ગ્રંથકારશ્રીએ 'नित्यं ञ्नित्रोऽण् ७.३.५८' સૂત્રમાં नित्यम्[C] પદ મૂક્યું છે.

## (1) अचः ।। १.४.६९।।

**बृ.वृ.–अञ्चतेर्धातोर्धुडन्तस्य तत्सम्बन्धिन्यसम्बन्धिनि वा घुटि परे धुटः प्राग् नोऽन्तो भवति। (2) प्राङ्, अतिप्राङ्, प्राञ्चौ, प्राञ्चः, प्राञ्चम्, प्राञ्चि कुलानि। (3) घुटीत्येव? प्राचः पश्य ।।६९।।**

---

**સૂત્રાર્થ :-** ધુટ્ વર્ણાન્ત अञ्च् ધાતુને તત્સંબંધી કે અન્યસંબંધી ધુટ્ પ્રત્યયો પરમાં વર્તતા સ્વરથી પરમાં અને ધુટ્ ની પૂર્વે न् આગમ થાય છે.

**વિવરણ :- (1) શંકા :-** अञ्च् ધાતુને જણાવવા अञ्चः નિર્દેશ ન કરતા લુપ્ત न् વાળો अचः નિર્દેશ કેમ કરો છો ?

---

(A) *'व्याप्तिः = तत्तत्सूत्रीय–उद्देश्यतावच्छेदकाश्रयसकलव्यक्तिषु प्राप्तिः'*. 'स्वरेभ्यः १.३.३०' સૂત્ર સ્વરથી અવ્યવહિત પરમાં રહેલા छ્ ને ઉદ્દેશીને પ્રવર્તતું હોવાથી તે સૂત્રનું ઉદ્દેશ્યતાવચ્છેદક स्वराऽव्यवहितपरत्वविशिष्टछकारत्व છે. હવે 'स्वरेभ्यः १.३.३०' સૂત્રીય ઉદ્દેશ્યતાવચ્છેદકના આશ્રયભૂત સકલ વ્યક્તિ તરીકે તો સ્વરથી અવ્યવહિત પરમાં રહેલો પદાન્ત છ્ પણ આવે અને સ્વરથી અવ્યવહિત પરમાં રહેલો અપદાન્ત છ્ પણ આવે. તો 'स्वरेभ्यः १.३.३०' સૂત્રમાં બહુવચન વ્યાપ્ત્યર્થે કર્યું હોવાથી તે સૂત્રની પ્રવૃત્તિ સ્વરથી અવ્યવહિત પરમાં રહેલા પદાન્ત-અપદાન્ત બન્ને પ્રકારના છ્ ને ઉદ્દેશીને થશે. તેથી વ્યાપ્ત્યર્થક બહુવચનને આશ્રયીને તે સૂત્રમાં પદાન્ત શબ્દની અનુવૃત્તિ અટકી જાય છે. / बहुवचनं व्याप्त्यर्थम्, तेन 'पदान्ते' इति निवृत्तम्, स्वरात् परस्य छकारस्य पदान्तेऽपदान्ते च द्वे रुपे भवतः। (१.३.३० बृ.वृत्ति.)

(B) नवाऽधिकारे वाग्रहणमुत्तरत्र विकल्पनिवृत्त्यर्थम्। (१.३.६ बृ.वृत्ति)

(C) नित्यग्रहणान्महाविभाषा निवृत्ता। (७.३.५८ बृ.वृत्ति)

**સમાધાન :-** આ સૂત્રમાં પૂર્વસૂત્રથી સ્વરાત્ અને ધુટાં પ્રાક્ આ બે અનુવૃત્તિ આવે છે. તેથી ઘુટ્ પ્રત્યયો પર છતાં ન્ સહિતના અઞ્ચ્ ધાતુને સ્વરથી અવ્યવહિત પરમાં અને ધુટ્ વર્ણથી અવ્યવહિત પૂર્વમાં ન્ આગમ સંભવતો નથી. પણ જ્યારે 'અઞ્ચોઽનર્ચાયામ્ ૪.૨.૪૬' સૂત્રથી તેના ન્(ઞ્) નો લોપ થાય ત્યારે ન્ રહિત અચ્ અવસ્થામાં તેને સ્વરથી અવ્યવહિત પરમાં અને ધુટ્ વર્ણથી અવ્યવહિત પૂર્વમાં ન્ આગમ સંભવી શકે છે. આ રીતે ન્ રહિત અઞ્ચ્ ધાતુને આ સૂત્રથી ન્આગમ સંભવતો હોવાથી સૂત્રમાં પણ ન્ રહિત (લુપ્ત ન્ વાળો) અચઃ નિર્દેશ કર્યો છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

**(i) પ્રાઙ્ –** ❊ **પ્રાઞ્ચતીતિ ક્વિપ્ (૦) = પ્રાઞ્ચ્,** ❊ **'અઞ્ચોઽનર્ચા૦ ૪.૨.૪૬' → પ્રાચ્ + સિ,** ❊ **'દીર્ઘઙ્યાબ્૦ ૧.૪.૪૫' → પ્રાચ્ ,** ❊ **'અચઃ ૧.૪.૬૯' → પ્રાન્ચ્,** ❊ **'પદસ્ય ૨.૧.૮૯' → પ્રાન્ ,** ❊ **'યુજઞ્ચ-ક્રુઞ્ચો૦ ૨.૧.૭૧' → પ્રાઙ્।**

પ્રાઞ્ચમતિક્રાન્તઃ = અતિપ્રાઞ્ચ્ ત્યારબાદ ઉપર મુજબ સાધનિકા કરવાથી અતિપ્રાઙ્ પ્રયોગ સિદ્ધ થાય છે.

**(ii) પ્રાઞ્ચૌ –** ❊ **પ્રાઞ્ચતીતિ ક્વિપ્ (૦) = પ્રાઞ્ચ્,** ❊ **'અઞ્ચોઽનર્ચા૦ ૪.૨.૪૬' → પ્રાચ્ + ઔ,** ❊ **'અચઃ ૧.૪.૬૯' → પ્રાન્ચ્ + ઔ,** ❊ **'મ્નાં ધુડ્વર્ગે૦ ૧.૩.૩૯' → પ્રાઞ્ચ્ + ઔ = પ્રાઞ્ચૌ।**

પ્રાઞ્ચઃ અને પ્રાઞ્ચમ્ ની સાધનિકા ઉપર પ્રમાણે કરી લેવી.

**(iii) પ્રાઞ્ચિ કુલાનિ –** ❊ **પ્રાઞ્ચતીતિ ક્વિપ્ (૦) = પ્રાઞ્ચ્,** ❊ **'અઞ્ચોઽનર્ચા૦ ૪.૨.૪૬' → પ્રાચ્ + જસ્ કે શસ્,** ❊ **'નપુંસકસ્ય શિઃ ૧.૪.૫૫' → પ્રાચ્ + શિ,** ❊ **'અચઃ ૧.૪.૬૯' → પ્રાન્ચ્ + શિ,** ❊ **'મ્નાં ધુડ્વર્ગે૦ ૧.૩.૩૯' → પ્રાઞ્ચ્ + શિ = પ્રાઞ્ચિ કુલાનિ।**

**(3)** ઘુટ્ પ્રત્યયો પરમાં હોય ત્યારે જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

**(a) પ્રાચઃ પશ્ય –** ❊ **પ્રાઞ્ચ્ + શસ્,** ❊ **'અઞ્ચોઽનર્ચા૦ ૪.૨.૪૬' → પ્રાચ્ + શસ્ = પ્રાચસ્** ❊ **'સો રુઃ ૨.૧.૭૨' → પ્રાચર્,** ❊ **'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩' → પ્રાચઃ પશ્ય।**

અહીં પ્રાચ્ + શસ્ અવસ્થામાં શસ્ પ્રત્યય ઘુટ્ સંજ્ઞક ન હોવાથી પ્રાચ્ ને ન્ આગમ ન થયો ।।૬૯।।

## ऋदुदितः[1] ।। ૧.૪.૭૦।।

**બૃ.વૃ.–ઋદિત ઉદિતશ્ચ ધુડન્તસ્ય તત્સમ્બન્ધિન્યસમ્બન્ધિનિ વા ઘુટિ પરે ધુટઃ પ્રાક્ સ્વરાત્ પરો નોઽન્તો ભવતિ। ઋદિતઃ[2]– કુર્વન્, અધીયન્, મહાન્, સુદન્ બાલઃ। ઉદિતઃ[3]–ચક્રિવાન્, વિદ્વાન્, ગોમાન્, શ્રેયાન્। ઘુટીત્યેવ[4]? ગોમતા। પૃથગ્યોગો ભ્વાદિવ્યુદાસાર્થઃ[5]—સમ્રાટ્ ।।૭૦।।**

**सूत्रार्थ :-** ऋ ईत् अने उ ईत्वाळा धुट् वर्गान्त नामोने तत्संबंधी के अन्यसंबंधी घुट् प्रत्ययो परमां वर्तता स्वरथी परमां अने धुट् नी पूर्वे न् आगम थाय छे.

**सूत्रसमास :-** ◆ ऋच्च उच्च = ऋदुतौ (इ.द्व.)। ऋदुतौ इतौ यस्मिन् स = ऋदुदित् (बहु.)। तस्य = ऋदुदितः।

विवरण :- (1) ***'द्वन्द्वान्ते द्वन्द्वादौ वा श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यते'*** न्यायथी आ सूत्रमां ऋच्च उच्च = ऋदुत् आ प्रमाणेना द्वन्द्वसमासना अंते संभळाता इत् पदनो ऋत् अने उत् बन्ने पदोनी साथे अन्वय थाय छे. तेथी बृहद्वृत्तिमां 'ऋदित उदितश्च धुडन्तस्य...' पंक्ति दर्शावी छे.

(2) ऋ ईत्वाळा दृष्टांत -

| (i) कुर्वन् | | (ii) अधीयन् | |
|---|---|---|---|
| | (डुकृंग् करणे) कृ | | अधि+(इंक् स्मरणे)इ |
| ❊ 'शत्रानशा० ५.२.२०' | → कृ + शतृ | ❊ 'शत्रानशा० ५.२.२०' | → अधी + शतृ |
| ❊ 'अप्रयोगीत् १.१.३७' | → कृ + अत् | ❊ 'अप्रयोगीत् १.१.३७' | → अधी + अत् |
| ❊ 'कृग्तनादेरुः ३.४.८३' | → कृ + उ + अत् | ❊ 'धातोरिवर्ण २.१.५०' | → अधीय्+अत्+सि |
| ❊ 'नामिनो गुणो० ४.३.१' | → कर् + उ + अत् | ❊ 'ऋदुदितः १.४.७०' | → अधीयन्त् + सि |
| ❊ 'अतः शित्युत् ४.२.८९' | → कुर् + उ + अत् | ❊ 'दीर्घङ्याब्० १.४.४५' | → अधीयन्त् |
| ❊ 'इवर्णादेरस्वे० १.२.२१' | → कुर्+व्+अत्+सि | ❊ 'पदस्य २.१.८९' | → अधीयन्। |
| ❊ 'ऋदुदितः १.४.७०' | → कुर्वन्त् + सि | | |
| ❊ 'दीर्घङ्याब्० १.४.४५' | → कुर्वन्त् | | |
| ❊ 'पदस्य २.१.८९' | → कुर्वन्। | | |

(iii) महान् – ✲ (मह पूजायाम्) मह्, ✲ महयति (पूजयति) लोकोत्तमान् अर्थमां 'दृहिवृहि० (उणा ८८४)' → मह् + कतृ, ✲ 'अप्रयोगीत् १.१.३७' → मह् + अत् = महत् + सि, ✲ 'ऋदुदितः १.४.७०' → महन्त् + सि, ✲ 'न्स्महतोः १.४.८६' → महान्त् + सि, ✲ 'दीर्घङ्याब्० १.४.४५' → महान्त्, ✲ 'पदस्य २.१.८९' → महान्।

(iv) सुदन् – ✲ शोभना दन्ता यस्य स = सुदन्त (बहु.), ✲ 'वयसि दन्तस्य० ७.३.१५१' → सुदतृ + सि ✲ 'अप्रयोगीत् १.१.३७' → सुदत् + सि, ✲ 'ऋदुदितः १.४.७०' → सुदन्त् + सि, ✲ 'दीर्घङ्याब्० १.४.४५' → सुदन्त्, ✲ 'पदस्य २.१.८९' → सुदन् बालः।

## (3) उ ईत्वाळा दृष्टांत -

(v) चकृवान्

(डुकृंग् करणे) कृ

✲ 'तत्र क्वसुकानौ० ५.२.२' → कृ + क्वसु
✲ 'अप्रयोगीत् १.१.३७' → कृ + वस्
✲ 'द्विर्धातु परोक्षा० ४.१.१' → कृ कृ + वस्
✲ 'ऋतोऽत् ४.१.३८' → क कृ + वस्
✲ 'कङश्च ४.१.४६' → च कृ + वस् + सि
✲ 'ऋदुदितः १.४.७०' → चकृवन्स् + सि
✲ 'न्स्महतो० १.४.८६' → चकृवान्स् + सि
✲ 'दीर्घङ्याब्० १.४.४५' → चकृवान्स्
✲ 'पदस्य २.१.८९' → चकृवान्।

(vi) विद्वान्

(विदक् ज्ञाने) विद्

✲ 'वा वेत्तेः० ५.२.२२' → विद् + क्वसु
✲ 'अप्रयोगीत् १.१.३७' → विद् + वस् + सि
✲ 'ऋदुदितः १.४.७०' → विद्वन्स् + सि
✲ 'न्स्महतो० १.४.८६' → विद्वान्स् + सि
✲ 'दीर्घङ्याब्० १.४.४५' → विद्वान्स्
✲ 'पदस्य २.१.८९' → विद्वान्।

(vii) गोमान्

गो

* 'तदस्यास्ति० ७.२.१' → गो + मतु

* 'अप्रयोगीत् १.१.३७' → गो + मत् + सि

* 'ऋदुदितः १.४.७०' → गोमन्त् + सि

* 'अभ्वादेरत्व० १.४.९०' → गोमान्त् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → गोमान्त्

* 'पदस्य २.१.८९' → गोमान्।

(viii) श्रेयान्

श्री

* 'गुणाङ्गाद्० ७.३.९' → श्री + ईयसु

* 'अप्रयोगीत् १.१.३७' → श्री + ईयस्

* 'प्रशस्यस्य श्रः ७.४.३४' → श्र + ईयस्

* 'अवर्णस्येवर्ण० १.२.६' → श्रेयस् + सि

* 'ऋदुदितः १.४.७०' → श्रेयन्स् + सि

* 'न्समहतोः १.४.८६' → श्रेयान्स् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → श्रेयान्स्

* 'पदस्य २.१.८९' → श्रेयान्।

**(4)** ઘુટ્ પ્રત્યયો પરમાં હોય તો ન્ આ સૂત્રથી ન્ આગમ થાય એવું કેમ ?

**(a) गोमता – * गावः सन्ति अस्य = गोमत् + टा = गोमता।**

અહીં ટા પ્રત્યય ઘુટ્ સંજ્ઞક ન હોવાથી ઉ ઈત્વાળા મતુ પ્રત્યયાન્ત गोमत् શબ્દને આ સૂત્રથી ન્ આગમ ન થયો.

**(5) શંકા :-** આ સૂત્રમાં પૂર્વસૂત્રથી स्वरात् અને धुटां प्राग् ની અનુવૃત્તિ આવે છે. તેથી આ સૂત્રથી ન્ આગમ તેવા સ્થળે ન્ થઈ શકે કે જ્યાં ઋ અને ઉ ઈત્વાળા ઘુટ્ વર્ણાન્ત નામોમાં સ્વરથી અવ્યવહિત પરમાં ઘુટ્ વર્ણ સંભવતો હોય. તો હવે ઉ ઈત્વાળા (टुनदु समृद्धौ) नन्द् વિગેરે ધાતુઓને તો ઉપદેશ અવસ્થામાં ન્ (અર્થાત્ હજું કોઈપણ પ્રત્યયો ન લાગ્યા હોય તેવી મૂળ અવસ્થામાં ન્) 'उदितः स्वरान्नोन्तः ४.४.९८' સૂત્રથી સ્વરથી પરમાં ન્ આગમ થઈ જતો હોવાથી क्विप् (०) પ્રત્યય લાગવાના કારણે પાછળથી નામ બનેલા તેઓમાં સ્વરથી અવ્યવહિત પરમાં ઘુટ્ વર્ણ સંભવતો ન હોવાથી તેમને આ સૂત્રથી ન્ આગમ ન થઈ શકે. પણ ઋ ઈત્વાળા (राजृग् दीप्तौ) राज् વિગેરે ધાતુઓને તો કોઈપણ સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ ન વર્તતા क्विप् (०) પ્રત્યય લાગવાના કારણે પાછળથી નામ બનેલા તેઓમાં સ્વરથી અવ્યવહિત પરમાં ઘુટ્ વર્ણ સંભવતો હોવાથી તેમને તો આ સૂત્રથી ન્ આગમ થવો જોઈએ. તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** 'उदितः स्वरान्नोन्तः ४.४.९८' સૂત્રમાં ધાતુનો અધિકાર હોવાથી भ्वादि ધાતુઓમાં જે કોઈપણ ઉ ઈત્વાળા ધાતુઓ હોય તેમને તે ન્ આ સૂત્રથી ન્ આગમ સિદ્ધ થઈ જાય છે. તેથી 'उदितः स्वरान्नोन्तः ४.४.९८' સૂત્ર કરતા આ સૂત્રવર્તી उदितः અંશ પૃથક્ રચાયેલો હોવાથી તેના દ્વારા આ સૂત્રમાં ન્ આગમ રૂપ કાર્ય

કરવા ઉ ઈત્વાળા ધાતુ પરથી બનેલા ક્વિબન્ત ભ્વાદિ નામોનું ગ્રહણ નથી થતું. પણ ક્વસુ, મતુ વિગેરે પ્રત્યયાન્ત ઉ ઈત્વાળા નામોનું ગ્રહણ થાય છે. તો ***'साहचर्यात् सदृशस्यैव'*** ન્યાયાનુસારે ઉ ઈત્વાળા ક્વસુ, મતુ વિગેરે પ્રત્યયાન્ત નામોના સાહચર્યથી આ સૂત્રમાં ઋ ઈત્વાળા નામો પણ ઋ ઈત્વાળા ધાતુ પરથી બનેલા ક્વિબન્ત ભ્વાદિ નામ રૂપ નથી લઈ શકાતા, પણ અતૃ, શતૃ વિગેરે પ્રત્યયાન્ત ઋ ઈત્વાળા નામોનું ૭૪ સૂત્રમાં ગ્રહણ થાય છે. તો ઋ ઈત્વાળા (राजृग् दीप्तौ) राज् વિગેરે ધાતુને ક્વિપ્ પ્રત્યય લાગવાથી નિષ્પન્ન ભ્વાદિ राज् વિગેરે નામોમાં ભલે સ્વરથી અવ્યવહિત પરમાં ધુટ્ વર્ણ હોય, છતાં તેઓ આ સૂત્રમાં નિષિદ્ધ હોવાથી તેમને આ સૂત્રથી ન્ આગમ ન થઈ શકે માટે અમે નથી કરતા અને તેથી ફળ રૂપે ઋ ઈત્વાળા (राजृग् दीप्तौ) राज् વિગેરે ધાતુ પરથી બનેલા सम्यग् राजते इति क्विप् (०) = सम्राट् વિગેરે નામોને આ સૂત્રથી ન્ આગમ ન થઈ શકતા सम्राट् આદિ ઈષ્ટપ્રયોગ સિદ્ધ થઈ શકે છે. અન્યથા सम्रान् વિગેરે અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવત ।।૭૦।।

## युञ्जोऽसमासे[1] ।। १.४.७१।।

**बृ.वृ.–"युजृंपी योगे" इत्यस्यासमासे धुडन्तस्य धुटः प्राग् घुटि परे नोऽन्तो भवति। युङ्[2], युञ्जौ, युञ्जः, युञ्जम्, युञ्जि कुलानि; ईषदपरिसमाप्तो युङ्–बहुयुङ्, बहुयुञ्जौ बहुयुञ्जः। असमास[3] इति किम्? अश्वयुक्, अश्वयुजौ, अश्वयुजः। ऋदिन्निर्देशः[4] किम्? "युजिंच् समाधौ" इत्यस्य मा भूत्–युजमापन्ना मुनयः, समाधिं प्राप्ता इत्यर्थः। घुटीत्येव[5]? युजः पश्य, युजी कुले ।।७१।।**

---

**સૂત્રાર્થ :-** ઘુટ્ પ્રત્યય પરમાં વર્તતા 'युजृंपी योगे (१४७६)' આ પ્રમાણેના ધુટ્ વર્ણાન્ત યુજ્ ધાતુના ધુટ્ ની પૂર્વે ન્ આગમ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ न समासः = असमासः (नञ् तत्.)। तस्मिन् = असमासे।

**વિવરણ :- (1) શંકા :-** આ સૂત્રમાં અસમાસે પદ કેમ દર્શાવ્યું છે ?

**સમાધાન :-** આ સૂત્રમાં નિમિત્ત રૂપે દર્શાવેલા સ્યાદિ ઘુટ્ પ્રત્યયો ***'न केवला प्रकृतिः प्रयोक्तव्या नाऽपि प्रत्ययः'*** ન્યાયથી પોતાની તરફ 'નામ' રૂપ પ્રકૃતિનો આક્ષેપ કરે છે અને આક્ષિપ્ત તે નામ રૂપ પ્રકૃતિનું યુજ્ એ (યુજ્ એવું નામ આ પ્રમાણે) વિશેષણ બને છે. તેથી 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષા પ્રમાણે આ સૂત્રથી યુજન્ત નામ રૂપ પ્રકૃતિને ન્ આગમ થવાની પ્રાપ્તિ આવતા હવે अश्वयुज् વિગેરે સમાસસ્થળે પણ યુજન્ત નામ રૂપ પ્રકૃતિ સંભવતી હોવાથી તેવા સ્થળે આ સૂત્રથી ન્ આગમ ન થઈ જાય તે માટે સૂત્રમાં અસમાસે પદ દર્શાવ્યું છે. આ સૂત્રમાં દર્શાવાતું અસમાસે પદ એમ જણાવે છે કે આ સ્યાદિવિધિના પ્રકરણમાં (૧.૪ અને ૨.૧ માં) તદન્તવિધિ થઈ શકે છે. અર્થાત્ તે તે સૂત્રમાં ગ્રહણ કરાતું નામ સમાસ વિગેરે થવાના કારણે કોઈ સમુદાયાત્મક નામના અંત્ય અવયવ રૂપે વર્તતું હોય તો પણ તેને તે તે સૂત્રથી પ્રાપ્ત કાર્યો થઈ શકે છે.

(2) દૃષ્ટાંત -

(i) युङ् – ※ युनक्तीति क्विप् (०) = युज् + सि, ※ 'युञ्रोऽसमासे १.४.७१' → युन्ज् + सि ※ 'दीर्घङ्याब्० १.४.४५' → युन्ज्, ※ 'पदस्य २.१.८९' → युन्, ※ 'युजञ्च० २.१.७१' → युङ्।

| | (ii) युञ्जौ | (iii) युञ्जः | (iv) युञ्जम् |
|---|---|---|---|
| | युज् + औ | युज् + जस् | युज् + अम् |
| ※ 'युञ्रोऽसमासे १.४.७१' → | युन्ज् + औ | युन्ज् + जस् | युन्ज् + अम् |
| ※ 'म्नां धुड्वर्गे० १.३.३९' → | युञ्ज् + औ | युञ्ज् + जस् | युञ्ज् + अम् |
| ※ 'सो रुः २.१.७२' → | ↓ | युञ्जर् | ↓ |
| ※ 'रः पदान्ते० १.३.५३' → | ↓ | युञ्जः | ↓ |
| | = युञ्जौ। | = युञ्जः। | = युञ्जम्। |

युञ्जि कुलानि પ્રયોગ 'नपुंसकस्य शिः १.४.५५' સૂત્રથી जस्-शस् પ્રત્યયોનો शि આદેશ થયા બાદ ઉપર મુજબ સાધનિકા કરવાથી સિદ્ધ થઈ જશે. તેમજ इषदपरिसमाप्तो युङ् અર્થમાં 'नाम्नः प्राग्० ७.३.१२' સૂત્રથી युज् નામને बहु પ્રત્યય લાગતા નિષ્પન્ન बहुयुज् નામના बहुयुङ्, बहुयुञ्जौ અને बहुयुञ्जः પ્રયોગોની સાધનિકા પણ ઉપર મુજબ સમજી લેવી.

(3) આ સૂત્રથી સમાસમાં ન વર્તતા હોય તેવા જ युज् ને न् આગમ થાય એવું કેમ ?

| (a) अश्वयुक् | (b) अश्वयुजौ | (c) अश्वयुजः |
|---|---|---|
| अश्वयुज्[(A)]+सि | अश्वयुज् + औ | अश्वयुज् + जस् |
| ※ 'दीर्घङ्याब्० १.४.४५' → अश्वयुज् | = अश्वयुजौ। | ※ 'सो रुः २.१.७२' → अश्वयुजर् |
| ※ 'चजः कगम् २.१.८६' → अश्वयुग् | | ※ 'रः पदान्ते० १.३.५३' → = अश्वयुजः। |
| ※ 'विरामे वा १.३.५१' → = अश्वयुक्। | | |

આ સર્વસ્થળે युज् સમાસ પામેલો છે. તેથી ઘુટ્ પ્રત્યયો પરમાં હોવા છતાં આ સૂત્રથી તેને न् આગમ ન થયો.

(4) **શંકા :-** આ સૂત્રમાં युञ्रः પદસ્થળે ऋ અનુબંધ સહિતના युजृ (युज्) નું ગ્રહણ કેમ કર્યું છે ?

---

(A) ※ अश्वं युनक्तीति क्विप् = अश्व युज्, ※ 'ङस्युक्तं कृता ३.१.४९' → अश्वयुज्।

**સમાધાન :-** યુજ્ ધાતુ બે પ્રકારના છે. એક 'યુજૂંપી યોગે (૧૪૭૬)' અને બીજો 'યુજિંચ્ સમાધૌ (૧૨૫૪)'. આ બન્ને પૈકીના 'યુજૂંપી યોગે (૧૪૭૬)' ધાતુને આશ્રયીને ૭૪ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે તે માટે સૂત્રમાં યુજ્રઃ પદસ્થળે ઋ અનુબંધ સહિતના યુજૃ (યુજ્) નું ગ્રહણ કર્યું છે. તેથી હવે 'યુજિંચ્ સમાધૌ (૧૨૫૪)' ધાતુને 'ક્રુત્સમ્પદાદિભ્યઃ ૫.૩.૧૧૪' સૂત્રથી ક્વિપ્ (૦) પ્રત્યય લાગ્યા બાદ યુજ્ + અમ્ અવસ્થામાં આ સૂત્રથી યુજ્ ના ધટ્ વર્ણની પૂર્વે ન્ આગમ ન થઈ શકવાથી યુજમ્ (આપન્ના મુનયઃ) પ્રયોગ સિદ્ધ થાય છે. અર્થ - સમાધીને પામેલા મુનિઓ.

**(5)** ઘુટ્ પ્રત્યયો પરમાં હોય તો ૭૪ આ સૂત્રથી યુજ્ ને ન્ આગમ થાય એવું કેમ ?

**(a) યુજઃ પશ્ય** – ※ **યુનક્તીતિ ક્વિપ્(૦) = યુજ્ + શસ્ = યુજસ્,** ※ **'સો રુઃ ૨.૧.૭૨'** → **યુજર્,** ※ **'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩'** → **યુજઃ પશ્ય।**

**(b) યુજી કુલે** – ※ **યુનક્તીતિ ક્વિપ્ = યુજ્ + ઔ,** ※ **'ઔરીઃ ૧.૪.૫૬'** → **યુજ્ + ઈ = યુજી કુલે।**

આ બન્ને સ્થળે અનુક્રમે પુંલિંગ અને નપુંસકલિંગમાં વર્તતા યુજ્ નામને ક્રમશઃ લાગેલા શસ્ અને ઔ પ્રત્યયો ઘુટ્ સંજ્ઞક ન હોવાથી યુજ્ નામને આ સૂત્રથી ન્ આગમ ન થયો ।।૭૧।।

## અનડુહઃ સૌ[1] ।। ૧.૪.૭૨।।

**બૃ.વૃ.–અનડુહ્ શબ્દસ્ય ધુડન્તસ્ય તત્સમ્બન્ધિન્યન્યસંબન્ધિનિ વા સૌ પરે ઘુટઃ પ્રાગ્ નોઽન્તો ભવતિ। અનડ્વાન્[2], પ્રિયાનડ્વાન્, હે અનડ્વન્!, હે પ્રિયાનડ્વન્!। સાવિતિ કિમ્[3]? અનડ્વાહૌ ।।૭૨।।**

---

**સૂત્રાર્થ :-** ઘુટ્ વર્ણાન્ત અનડુહ્ શબ્દને તત્સંબંધી કે અન્યસંબંધી સિ પ્રત્યય પરમાં વર્તતા ઘુટ્ ની પૂર્વે ન્ આગમ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રમાં સૌ આ પ્રમાણે નિમિત્તવિશેષનું ઉપાદાન કર્યું હોવાથી ઘુટિ નો અધિકાર નથી આવતો.

**(2)** <u>દૃષ્ટાંત</u> -

| **(i) અનડ્વાન્** | | | **(ii) હે અનડ્વન્!** | | |
|---|---|---|---|---|---|
| **અનડુહ્ + સિ** | | | **અનડુહ્ + સિ (સં.એ.વ.)** | | |
| ※ **'વાઃ શેષે ૧.૪.૮૨'** | → | **અનડ્વાહ્ + સિ** | ※ **'ઉતોઽનડુ૦ ૧.૪.૮૧'** | → | **અનડ્વહ્ + સિ** |
| ※ **'અનડુહઃ સૌ ૧.૪.૭૨'** | → | **અનડ્વાન્હ્ + સિ** | ※ **'અનડુહઃ સૌ ૧.૪.૭૨'** | → | **અનડ્વન્હ્ + સિ** |
| ※ **'દીર્ઘડ્યાબ્૦ ૧.૪.૪૫'** | → | **અનડ્વાન્હ્** | ※ **'દીર્ઘડ્યાબ્૦ ૧.૪.૪૫'** | → | **અનડ્વન્હ્** |
| ※ **'પદસ્ય ૨.૧.૮૯'** | → | **અનડ્વાન્।** | ※ **'પદસ્ય ૨.૧.૮૯'** | → | **હે અનડ્વન્!।** |

'एकार्थं चाने० ३.१.२२' સૂત્રથી નિષ્પન્ન प्रिया अनड्वाहो यस्य स = प्रियानडुह् નામના प्रियानड्वान् અને हे प्रियानड्वन्! પ્રયોગોની સાધનિકા अनड्वान् અને हे अनड्वन्! પ્રયોગો પ્રમાણે કરવી. માત્ર એટલું વિશેષ કે બહુવ્રીહિનો વિગ્રહ प्रिया अनड्वाहो यस्य स આમ બહુવચનમાં કરવો. પરંતુ प्रियः अनड्वान् यस्य स આમ એકવચનમાં ન કરવો. કેમકે તેમ કરવાથી 'पुमनडुन्नौ ७.३.१७३' સૂત્રથી कच् પ્રત્યય થવાથી प्रियानडुह् + कच् + सि અવસ્થામાં कच् પ્રત્યય વ્યવધાયક બનવાથી આ સૂત્રથી प्रियानडुह् ગત अनडुह् શબ્દના धुट् ह् ની પૂર્વે न् આગમ ન થઈ શકે.

**(3)** सि પ્રત્યય પરમાં હોય તો જ આ સૂત્રથી अनडुह् નામના અંત્ય धुट् ની પૂર્વે न् આગમ થાય એવું કેમ ?

**(a) अनड्वाहौ – ❊ अनडुह् + औ, ❊ 'वाः शेषे १.४.८२' → अनड्वाह् + औ = अनड्वाहौ।**

અહીં अनडुह् શબ્દથી પરમાં सि પ્રત્યય નથી. માટે આ સૂત્રથી તેના અંત્ય धुट् ह् ની પૂર્વે न् આગમ ન થયો.

**શંકા :-** अनडुही + सि; અહીં सि પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી अनडुही ના અંત્ય धुट् ह् ની પૂર્વે न् આગમ થવો જોઈએ. તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** 'सप्तम्या पूर्वस्य ७.४.१०५' પરિભાષા પ્રમાણે सि પ્રત્યયની અવ્યવહિત પૂર્વમાં જ રહેલા अनडुह् શબ્દના અંત્ય धुट् ની પૂર્વે આ સૂત્રથી न् આગમ થઈ શકે છે. अनडुही + सि અહીં अनडुही શબ્દનો અંત્ય धुट् ह् सि પ્રત્યયની અવ્યવહિત પૂર્વમાં ન વર્તતા તે બન્ને વચ્ચે સ્ત્રીલિંગના ङी પ્રત્યયનું વ્યવધાન હોવાથી અમે આ સૂત્રથી अनडुही શબ્દના અંત્ય धुट् ની પૂર્વે न् આગમ નથી કરતા.

**શંકા :-** પણ ***'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्***[(A)]*'* ન્યાયાનુસારે अनडुही ના અંતે વર્તતો ङी પ્રત્યય વ્યવધાયક ન ગણાય. તેથી अनडुही ના અંત્ય धुट् ની પૂર્વે न् આગમ થવો જોઈએ.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ આ સૂત્રથી धुट् વર્ણાન્ત જ अनडुह् શબ્દના અંત્ય धुट् ની પૂર્વે न् આગમ થાય છે. अनडुही શબ્દસ્થળે ભલે ङी પ્રત્યય ***'नामग्रहणे लिङ्ग०'*** ન્યાયાનુસારે વ્યવધાયક ન ગણાય, પણ अनडुही શબ્દ धुट् વર્ણાન્ત ન હોવાથી તેના અંત્ય धुट् ह् ની પૂર્વે આ સૂત્રથી न् આગમ નથી થતો.

**શંકા :-** 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી अनड्वान् વિગેરે પ્રયોગોના અંત્ય न् નો द् આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** આ સૂત્રથી થયેલા न् આગમનો જો 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી द् આદેશ જ થવાનો હોય તો સૂત્રકારશ્રી આ સૂત્રમાં न् આગમ ન દર્શાવતા द् આગમ જ દર્શાવે કે જેથી 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રનો

---

(A) સૂત્રમાં નામ માત્રનો નિર્દેશ કર્યો હોય ત્યારે સ્ત્રીલિંગ આદિ લિંગના બોધક ङी, आप् વિગેરે પ્રત્યયોથી વિશિષ્ટ તે નામનું પણ સૂત્રમાં ગ્રહણ થાય છે. (અર્થાત્ સૂત્રથી થતા કાર્યમાં તે સ્ત્રીલિંગ આદિ લિંગના બોધક ङी, आप् વિગેરે પ્રત્યયો વ્યવધાયક બનતા નથી.)

આશ્રય કરવાની જરૂર ન રહે. છતાં સૂત્રકારશ્રીએ આ સૂત્રમાં ન્ આગમ જ દર્શાવ્યો છે તે આગમના વિધાન સામર્થ્યથી 'स्रंस्-ध्वंस्० २.१.६८' સૂત્રથી अनड्वान् વિગેરે પ્રયોગોના અંત્ય ન્ નો द् આદેશ ન થઈ શકે ।।૭૨।।

## पुंसोः पुमन्स् ।। १.४.७३।।

**बृ.वृ.–'पुंसु' इत्येतस्योदितस्तत्संबन्धिन्यन्यसंबन्धिनि वा घुटि परे 'पुमन्स्' इत्ययमादेशो भवति।[1] पुमान्, पुमांसौ, पुमांसः, पुमांसम्, ईषदूनः पुमान्—बहुपुमान्, प्रियपुमान्, प्रियपुमांसि कुलानि, हे पुमन्!।[2] घुटीत्येव? पुंसः पश्य, बहुपुंसी कुले।[3] पुंसोरुदित्त्वात् 'प्रियपुंसितरा, प्रियपुंस्तरा, प्रियपुंसीतरा' इत्यादौ ङीर्ह्रस्व-पुंवद्विकल्पश्च भवति ।।७३।।**

---

**सूत्रार्थ :-** उ ઈત્વાળા પુંસુ (पुम्स्) શબ્દનો તત્સંબંધી કે અન્યસંબંધી घुट् પ્રત્યયો પરમાં વર્તતા पुमन्स् આદેશ થાય છે.

**विवरण :- (1) दृष्टांत -**

**(i) पुमान् – ✲ 'पातेर्डुम्सुः (उणा० १००२)' → पा धातु + डुम्सु, ✲ 'डित्यन्त्य० २.१.११४' → प् + डुम्सु = पुम्सु + सि, ✲ 'पुंसोः पुमन्स् १.४.७३' → पुमन्स् + सि, ✲ 'न्स्-महतोः १.४.८६' → पुमान्स् + सि, ✲ 'दीर्घड्याब्० १.४.४५' → पुमान्स्, ✲ 'पदस्य २.१.८९' → पुमान्।**

| | (ii) पुमांसौ | (iii) पुमांसः | (iv) पुमांसम् |
|---|---|---|---|
| | पुम्स् + औ | पुम्स् + जस् | पुम्स् + अम् |
| ✲ 'पुंसोः पुमन्स् १.४.७३' → | पुमन्स् + औ | पुमन्स् + जस् | पुमन्स् + अम् |
| ✲ 'न्स्-महतोः १.४.८६' → | पुमान्स् + औ | पुमान्स् + जस् | पुमान्स् + अम् |
| ✲ 'शिड्ढेऽनुस्वारः १.३.४०' → | पुमांस् + औ | पुमांस् + जस् | पुमांस् + अम् |
| ✲ 'सो रुः २.१.७२' → | ↓ | पुमांसर् | ↓ |
| ✲ 'रः पदान्ते० १.३.५३' → | ↓ | पुमांसः | ↓ |
| | = पुमांसौ। | = पुमांसः। | = पुमांसम्। |

ईषदूनः पुमान् અર્થમાં 'नाम्नः प्राग्० ७.३.१२' સૂત્રથી નિષ્પન્ન बहुपुम्स् શબ્દનાં તેમજ प्रियाः पुमांसो यस्य स વિગ્રહને આશ્રયીને 'एकार्थं चाने० ३.१.२२' સૂત્રથી નિષ્પન્ન प्रियपुम्स् શબ્દનાં અનુક્રમે बहुपुमान् અને प्रियपुमान् પ્રયોગોની સાધનિકા પુમાન્ પ્રયોગ પ્રમાણે સમજવી. માત્ર એટલું વિશેષ કે प्रियपुम्स् બહુવ્રીહિનો વિગ્રહ प्रियाः पुमांसो यस्य स આમ બહુવચનમાં કરવો. કેમકે જો प्रियः पुमान् यस्य स આમ એકવચનમાં વિગ્રહ કરવામાં

આવે તો 'पुमनडुन्न० ७.३.१७३' સૂત્રથી कच् પ્રત્યય થવાથી प्रियपुम्स् + कच् + सि અવસ્થામાં घुट् सि પ્રત્યય અને प्रियपुम्स् શબ્દની વચ્ચે कच् પ્રત્યયનું વ્યવધાન નડવાથી આ સૂત્રથી प्रियपुम्स् વર્તી पुम्स् નો पुमन्स् આદેશ ન થઈ શકે.

**(v) प्रियपुमांसि कुलानि**

प्रियपुम्स्+जस् કે शस्

* 'नपुंसकस्य शिः १.४.५५' → प्रियपुम्स् + शि

* 'पुंसोः पुमन्स् १.४.७३' → प्रियपुमन्स् + शि

* 'न्स्-महतोः १.४.८६' → प्रियपुमान्स् + शि

* 'शिड्ढेऽनुस्वारः १.३.४०' → प्रियपुमांस् + शि

= प्रियपुमांसि कुलानि।

**(vi) हे पुमन्!**

पुम्स् +सि (सं.એ.વ.)

* 'पुंसोः पुमन्स् १.४.७३' → पुमन्स् + शि

* 'दीर्घङ्याब्० १.४.४५' → पुमन्स्

* 'पदस्य २.१.८९' → पुमन्

= हे पुमन्!।

**(2)** घुट् પ્રત્યયો ન૪ પરમાં હોય તો આ સૂત્રથી पुम्स् નો पुमन्स् આદેશ થાય એવું કેમ ?

**(a) पुंसः पश्य**

पुम्स् + शस्

* 'शिड्ढेनुस्वारः १.३.४०' → पुंस् + शस्

* 'सो रुः २.१.७२' → पुंसर्

* 'रः पदान्ते० १.३.५३' → पुंसः पश्य।

**(b) बहुपुंसी कुले**

बहवः पुमांसो ययोस्तौ =

* 'एकार्थं चाने० ३.१.२२' → बहुपुम्स् + औ

* 'शिड्ढेऽनुस्वारः १.३.४०' → बहुपुंस् + औ

* 'औरीः १.४.५६' → बहुपुंस् + ई

= बहुपुंसी कुले।

**(3) શંકા :-** આ સૂત્રમાં पुंसोः પદસ્થળે उ ઈત્વાળો पुंसु શબ્દ કેમ દર્શાવ્યો છે ?

**સમાધાન :-** पुंसु શબ્દ प्रियः पुमान् यस्याः सा વિગ્રહને આશ્રયીને બહુવ્રીહિસમાસ થવાથી જ્યારે સ્ત્રીલિંગમાં વર્તતો હોય ત્યારે તેના उ અનુબંધને આશ્રયીને 'अधातूदृदितः २.४.२' સૂત્રથી તેને સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લાગી શકે અને પ્રિયપુંસી શબ્દ નિષ્પન્ન થઈ શકે તે માટે તેમજ આગળ જતા પ્રિયપુંસી શબ્દને इयमनयोर्मध्येऽतिशयेन પ્રિયપુંસી અર્થમાં જ્યારે 'द्वयोर्विभज्ये० ७.३.६' સૂત્રથી तरप् પ્રત્યય લાગે તેમજ 'आत् २.४.१८' સૂત્રથી તે तरप् પ્રત્યયના અંતે સ્ત્રીલિંગનો आप् પ્રત્યય લાગવાના કારણે પ્રિયપુંસીતરા નામ નિષ્પન્ન થાય ત્યારે તેમાં વર્તતા પ્રિયપુંસી નામનો पुंसु શબ્દના उ અનુબંધને આશ્રયીને 'ऋदुदित्तर० ३.२.६३' સૂત્રથી વિકલ્પે पुंवद्भाव તેમજ ह्रस्वादेश થવા દ્વારા અનુક્રમે પ્રિયપુંસ્તરા, પ્રિયપુંસિતરા અને પ્રિયપુંસીતરા આમ ત્રણ પ્રયોગો સિદ્ધ થઈ શકે તે માટે આ સૂત્રમાં पुंसोः પદસ્થળે उ ઈત્વાળો पुंसु શબ્દ દર્શાવ્યો છે.

**શંકા :-** પા ધાતુને 'पातेर्डुम्सु (उणा० १००२)' સૂત્રથી ડુમ્સુ પ્રત્યય લાગવાના કારણે નિષ્પન્ન પુમ્સુ નામને જે ઉ અનુબંધ લાગેલો છે, તે જ ઉ અનુબંધને આશ્રયીને તેને ઉપર દર્શાવ્યું તે પ્રમાણે સ્ત્રીલિંગનો ડી પ્રત્યય તેમજ આગળ જતા આપ્ પ્રત્યય સહિતનો તરપ્ પ્રત્યય લાગતા 'ऋदुदित्तर० ३.२.६३' સૂત્રથી પ્રિયપુંસ્તરા વિગેરે ત્રણે પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. તો શા માટે સૂત્રવર્તી पुंसोः પદસ્થળે નવા ઉ અનુબંધ સહિતનો પુંસુ શબ્દ દર્શાવવો પડે ?

**સમાધાન :-** 'पातेर्डुम्सु (उणा० १००२)' સૂત્રથી નિષ્પન્ન પુંસુ નામ ઉણાદિ ગણનું છે. ઉણાદિ નામોમાં બે પક્ષ છે; એક વ્યુત્પત્તિપક્ષ[A] અને બીજો અવ્યુત્પત્તિપક્ષ. તેમાં જ્યારે અવ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરવામાં આવે ત્યારે ઉણાદિ નામોમાં પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ ન ગણાય. તેથી પુમ્સ્ શબ્દસ્થળે પા ધાતુ રૂપ પ્રકૃતિ અને ઉ અનુબંધવાળો ડુમ્સુ પ્રત્યય; આમ પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ ન સ્વીકારાતા માત્ર ત્યાં ઉ અનુબંધ રહિત અખંડ પુમ્સ્ શબ્દ મનાય છે. તેથી જો આ સૂત્રમાં પુમ્સ્ શબ્દને ઉ અનુબંધ ન દર્શાવવામાં આવે તો તેને ઉ અનુબંધની અપેક્ષા રાખતા 'अधातूदृ० २.४.२' સૂત્રથી સ્ત્રીલિંગનો ડી પ્રત્યય ન થઈ શકે અને તે ન થતા આગળ જતા આપ્ પ્રત્યય સહિતનો તરપ્ પ્રત્યય લાગી પ્રિયપુંસીતરા શબ્દ નિષ્પન્ન ન થઈ શકતા 'ऋदुदित्तर० ३.२.६३' સૂત્રથી તેના પ્રિયપુંસ્તરા વિગેરે ત્રણ પ્રયોગો સિદ્ધ ન થઈ શકે. આમ પુમ્સ્ શબ્દને સ્ત્રીલિંગનો ડી પ્રત્યય થઈ શકે અને આગળ જતા પ્રિયપુંસ્તરા વિગેરે ત્રણ પ્રયોગો થઈ શકે તે માટે સૂત્રમાં અવ્યુત્પત્તિપક્ષે ઉ અનુબંધ રહિત ગણાતા ઉણાદિ અખંડ પુમ્સ્ નામને ઉ અનુબંધ દર્શાવ્યો છે.

સર્વાદિ ગણ પઠિત भवतु શબ્દ પણ 'भातेर्डवतु (उणा० ८८६)' સૂત્રથી भा ધાતુને डवतु પ્રત્યય લાગવાથી ઉ અનુબંધ પૂર્વકનો નિષ્પન્ન થાય છે છતાં તેને सर्वादि[B] ગણપાઠમાં ઉ અનુબંધ પૂર્વકનો દર્શાવ્યો છે તે એટલા માટે કે જ્યારે ઉણાદિ નામોના અવ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરવામાં આવે ત્યારે ગણપાઠમાં દશાવેલા તેના ઉઅનુબંધને આશ્રયીને તેને 'ऋदुदितः १.४.७०' સૂત્રથી ન્ આગમ, 'अभ्वादेर० १.४.९०' સૂત્રથી દીર્ઘ આદેશ તેમજ 'अधातुदृ० २.४.२' સૂત્રથી ડી પ્રત્યય થઈ શકે ।।७३।।

## ओत औः ।। १.४.७४ ।।

**બૃ.વૃ.-ओकारस्य ओत एव विहिते घुटि परे औकार आदेशो भवति।[1] गौः, गावौ, गावः ; द्यौः, द्यावौ, द्यावः; लुनातीति विच्–लौः, शोभनो गौः–सुगौः, एवम्–अतिगौः ; प्रियद्यावौ, अतिद्यावौ, हे गौः!, हे द्यौः!, किंगौः, अगौः।[2] ओत इति किम्? चित्रा गौर्यस्य–चित्रगुः, चित्रगू।[3] विहितविशेषणादिह न भवति–हे चित्रगवः!।[4] घुटीत्येव? गवा, द्यवा ।।७४।।**

(A) ઉણાદિ નામોના વ્યુત્પત્તિપક્ષ અને અવ્યુત્પત્તિપક્ષને જાણવા સૂત્ર '૧.૪.૩૮, પૃ. ૧૫૬' નું વિવરણ જોવું.

(B) (भवतु इत्यत्र) उकारो नागमार्थो ङ्यर्थो दीर्घार्थश्च भवति, भवान्। (१.४.७ बृ.वृत्तिः)

**સૂત્રાર્થ :-** ઓ કારાન્ત નામના ઓ નો ઙ તેનાથી વિહિત ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા औ આદેશ થાય છે.

વિવરણ :- **(1)** દૃષ્ટાંત -

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **(i)** | **गौः** | | **(ii)** | **गावौ** | **(iii)** | **गावः** |
| | | **गो + सि** | | | **गो + औ** | | **गो + जस्** |
| ※ 'ओत औः १.४.७४' | → | **गौ + सि** | ※ 'ओत औः १.४.७४' | → | **गौ + औ** | | **गौ + जस्** |
| ※ 'सो रुः २.१.७२' | → | **गौर्** | ※ 'ओदौतो० १.२.२४' | → | **गाव् + औ** | | **गाव् + जस्** |
| ※ 'रः पदान्ते० १.३.५३' | → | **गौः।** | ※ 'सो रुः २.१.७२' | → | ↓ | | **गावर्** |
| | | | ※ 'रः पदान्ते० १.३.५३' | → | ↓ | | **गावः** |
| | | | | | **= गावौ।** | | **= गावः।** |

द्यौः વિગેરે પ્રયોગો लुनातीति विच् (०) = लू અને ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वञ्च प्रतिपद्यन्ते***(A)' ન્યાયાનુસારે 'नामिनो गुणो० ४.२.१' સૂત્રથી ગુણ થવાના કારણે નિષ્પન્ન લો શબ્દનો लौः પ્રયોગ તેમજ શોભનો गौः = सुगौः, गामतिक्रान्तः = अतिगौः, प्रियः द्यौः ययोस्तौ = प्रियद्यावौ, द्यामतिक्रान्तौ = अतिद्यावौ, हे गौः !, हे द्यौः !, कुत्सितो गौः = किंगौः અને न गौः = अगौः આ બધા પ્રયોગોની સાધનિકા गौः વિગેરે પ્રયોગો પ્રમાણે સમજવી. તેમજ सुगौः અને अतिगौः પ્રયોગસ્થળે 'पूजास्वतेः ७.३.७२' સૂત્રથી, किंगौः પ્રયોગસ્થળે 'न किमः क्षेपे ७.३.७०' સૂત્રથી અને अगौः પ્રયોગસ્થળે 'नञ् तत्पुरुषात् ७.३.७१' સૂત્રથી સમાસાન્તનો પ્રતિષેધ થવાના કારણે 'गोस्तत्पुरुषात् ७.३.१०५' સૂત્રથી अट् સમાસાન્ત નહીં થાય.

**(2)** ઓ કારાન્ત નામના ઓ નો ઙ આ સૂત્રથી औ આદેશ થાય એવું કેમ ?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **(a)** | **चित्रगुः** | | | | **(b)** | **चित्रगू** |
| | | **चित्रा गौर्यस्य स =** | | | | | **चित्रा गौर्यस्य स =** |
| ※ 'एकार्थं ० ३.१.२२' | → | **चित्रगो** | ※ 'एकार्थं० ३.१.२२' | → | **चित्रगो** | | |
| ※ 'गोश्चान्ते० २.४.९६' | → | **चित्रगु + सि** | ※ 'गोश्चान्ते० २.४.९६' | → | **चित्रगु + औ** | | |
| ※ 'सो रुः २.१.७२' | → | **चित्रगुर्** | ※ 'इदुतोऽस्त्रे० १.४.२१' | → | **चित्रगू।** | | |
| ※ 'रः पदान्ते० १.३.५३' | → | **चित्रगुः।** | | | | | |

(A) આ ન્યાયમાં क्विप् (०) ના ઉપલક્ષણથી विच् (०) નું પણ ગ્રહણ કર્યું છે.

અહીં ચિત્રગો અવસ્થામાં 'નામ્નઃ પ્રથમૈક૦ ૨.૨.૩૧' સૂત્રથી સિ વિગેરે ઘુટ્ પ્રત્યયો થવાની પ્રાપ્તિ છે. અને 'ગોશ્ચાન્તે૦ ૨.૪.૯૬' સૂત્રથી ચિત્રગો ના અંત્યસ્વરનો હ્રસ્વ આદેશ થવાની પણ પ્રાપ્તિ છે. પરંતુ 'ગોશ્ચાન્તે૦ ૨.૪.૯૬' પરસૂત્ર હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થવાના કારણે ચિત્રગુ આમ હ્રસ્વાદેશ થાય છે. તેથી હવે ઘુટ્ પ્રત્યયો પરમાં લાગતા ચિત્રગુ ના અંતે ઓ ન રહેવાથી આ સૂત્રથી ઔ આદેશ નથી થતો.

**શંકા :-** ચિત્રગુ + સિ અને ચિત્રગુ + ઔ અવસ્થામાં 'સ્થાનીવા૦ ૭.૪.૧૦૯' સૂત્રથી ચિત્રગુ ના ઉ નો પુનઃ ઓ રૂપે સ્થાનિવદ્ભાવ મનાતા આ સૂત્રથી તેનો ઔ આદેશ થવો જોઈએ તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** વર્ણવિધિસ્થળે 'સ્થાનીવા૦ ૭.૪.૧૦૯' સૂત્રથી સ્થાનિવદ્ભાવ ન માની શકાય. ઓકારાન્ત નામના ઓ વર્ણનો ઔ આદેશ કરવો એ વર્ણવિધિ ગણાય. તેથી ચિત્રગુ + સિ અને ચિત્રગુ + ઔ અવસ્થામાં 'સ્થાનીવા૦ ૭.૪.૧૦૯' સૂત્રથી ચિત્રગુ ના ઉ નો ઓ રૂપે સ્થાનિવદ્ભાવ ન માની શકાતા આ સૂત્રથી ત્યાં ઔ આદેશ ન થઈ શકે માટે અમે નથી કરતા.

**શંકા :-** ચિત્રગુ + સિ (સંબો. એ.) અવસ્થામાં 'હ્રસ્વસ્ય ગુણઃ ૧.૪.૪૧' સૂત્રથી ગુણ થવાના કારણે હે ચિત્રગો ! અવસ્થા પ્રાપ્ત થતા હવે ચિત્રગો એ ઓ કારાન્ત હોવાથી તેના ઓ નો ઔ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** સંબોધન એકવચનમાં ચિત્રગો ભલે ઓ કારાન્ત હોય પણ તેની પરમાં આ સૂત્રની પ્રવૃત્ત્યર્થે નિમિત્ત રૂપે અપેક્ષિત ઘુટ્ પ્રત્યય ન હોવાથી તેના ઓ નો ઔ આદેશ નથી કર્યો.

**શંકા :-** 'હ્રસ્વસ્ય ગુણઃ ૧.૪.૪૧' સૂત્રથી ચિત્રગુ ના ઉ નો અને સિ (સંબો. એ.) પ્રત્યયનો મળીને ઓ ગુણ થાય છે. તેથી ***'उभयस्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्'***[A] ન્યાયાનુસારે જ્યારે તે ગુણ આદેશને સિ સ્વરૂપે ગણવામાં આવે[B] ત્યારે ઘુટ્ સિ પ્રત્યય પરવર્તી ગણાતા ચિત્રગો ના ઓ નો આ સૂત્રથી ઔ આદેશ થવો જોઈએ ને ?

**સમાધાન :-** સાચી વાત છે. પણ આવા સ્થળે ચિત્રગો ના ઓ નો આ સૂત્રથી ઔ આદેશ કરવો એ લાક્ષણિક કાર્ય ગણાવાથી ઔ આદેશ ન થઈ શકે. આશય એ છે કે 'જસ્યેદોત્૦ ૧.૪.૨૨' સૂત્રમાં જેમ જસિ પદને મૂકી જસ્ પ્રત્યયને સાક્ષાત્ નિમિત્ત રૂપે દર્શાવ્યો છે, તેમ આ સૂત્રમાં 'સૌ' પદને મૂકી સિ પ્રત્યયને

---

(A) બે સ્થાની (આદેશીઓ)ના સ્થાને જે આદેશ થાય તે બન્ને સ્થાનીઓ પૈકીના કોઈપણ એક સ્થાની રૂપે ગણી શકાય છે.

(B) જ્યારે તે ગુણ આદેશને ચિત્રગુ ના ઉ રૂપે ગણવામાં આવે ત્યારે તો આ સૂત્રમાં નિમિત્ત રૂપે અપેક્ષિત ઘુટ્ સિ પ્રત્યયની પરવર્તિતા જ ન ગણાતા આ સૂત્રથી ઔ આદેશ થઈ જ ન શકે.

સાક્ષાત્ નિમિત્ત રૂપે નથી દર્શાવ્યો, પણ ઘુટિ પદની અનુવૃત્તિને આશ્રયીને ગૌણ રૂપે દર્શાવ્યો છે. જો આ સૂત્રમાં નિમિત્તભૂત દરેક ઘુટ્ પ્રત્યયવાચી પદ સાક્ષાત્ મૂક્યું હોત તો આ સૂત્ર 'जस्येदोत्० १.४.२२' સૂત્રની જેમ પ્રતિપદોક્ત ગણાત. પણ તેમ ન કરતા માત્ર સામાન્યપણે ઘુટિ પદની અનુવૃત્તિનો આશ્રય કર્યો હોવાથી આ સૂત્ર લાક્ષણિક ગણાય. તેથી हे चित्रगो ! સ્થળે ***'उभयस्थाननिष्पन्नो०'*** ન્યાયથી ભલે સિ પ્રત્યયની પરવર્તિતા ગણાય, છતાં ***'लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्***[A]' ન્યાયાનુસારે चित्रगो ના ओ નો औ આદેશ રૂપ કાર્ય કરવામાં લાક્ષણિક એવા આ સૂત્રનું ગ્રહણ ન થઈ શકે. તેથી આ સૂત્રથી चित्रगो ના ओ નો औ આદેશ નથી કર્યો. *(અહીં "બૃહદ્વૃત્તિમાં દર્શાવેલા गौः, गावौ વિગેરે પ્રયોગસ્થળે લાક્ષણિક આ સૂત્રની પ્રવૃત્તિ શી રીતે થશે ?" એવી શંકા ન કરવી. કારણ गौः, गावौ વિગેરે સ્થળે પણ જો આ સૂત્ર પ્રવૃત્ત ન થાય તો તે નિરર્થક થવાની આપત્તિ વર્તે. તેથી ત્યાં તે પ્રવૃત્ત થઈ શકે. આમ જ્યાં ओ થી પરમાં પ્રગટપણે ઘુટ્ પ્રત્યયો હોય ત્યાં જ આ સૂત્રથી ओ નો औ આદેશ થઈ શકશે.)*

**(3) શંકા :-** चित्रगु + जस् અવસ્થામાં 'जस्येदोत्० १.४.२२' સૂત્રથી चित्रगु ના उ નો ओ આદેશ થવાથી चित्रगो + जस् અવસ્થા પ્રાપ્ત થતા અહીં ओ થી પરમાં પ્રગટ પણે ઘુટ્ એવો जस् પ્રત્યય હોવાથી તે ओ નો આ સૂત્રથી औ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ओ કારાન્ત નામના ओ નો औ આદેશ તો જ થઈ શકે જો તે ઘુટ્ પ્રત્યયો ओ કારાન્ત નામથી વિહિત હોય. (અર્થાત્ ओ કારાન્ત નામને આશ્રયીને થયા હોય.) ઉપરોક્ત સ્થળે जस् પ્રત્યય ओ કારાન્ત चित्रगो નામથી નહીં પણ उ કારાન્ત चित्रगु નામથી વિહિત છે. આથી ભલે પાછળથી 'जस्येदोत्० १.४.२२' સૂત્રથી ओ આદેશ થવાના કારણે ઘુટ્ એવો जस् પ્રત્યય चित्रगो ના ओ થી પરમાં પ્રગટપણે હોય છતાં તે ओ નો औ આદેશ ન થઈ શકે. આથી નથી કર્યો.

અથવા બીજી રીતે કહીએ તો ઘુટ્ એવો जस् પ્રત્યય પરમાં વર્તતા 'जस्येदोत्० १.४.२२' સૂત્રથી चित्रगु વિગેરે उ કારાન્ત નામોના उ નો ओ આદેશ કર્યા પછી જો તે ओ નો આ સૂત્રથી औ આદેશ જ થવાનો હોય તો 'जस्येदोत्० १.४.२२' સૂત્રમાં उ નો ओ આદેશ દર્શાવવો નિરર્થક ઠરે. અર્થાત્ 'जस्येदोत्० १.४.२२' સૂત્રથી उ નો ओ આદેશ કરવો અને ત્યારબાદ પુનઃ આ સૂત્રથી ओ નો औ આદેશ કરવો, આ રીતે પ્રક્રિયાકૃત ગૌરવ કરવા કરતા 'जस्येदोत्० १.४.२२' સૂત્રમાં જ उ નો औ આદેશ દર્શાવવો સાર્થક ઠરે. તેમ છતાં 'जस्येदोत्० १.४.२२' સૂત્રમાં उ નો ओ આદેશ જ દર્શાવ્યો છે, તે આદેશના વિધાનસામર્થ્યથી આ સૂત્રથી ઘુટ્ એવો जस् પ્રત્યય પરમાં વર્તતા चित्रगो વિગેરેના ओ નો औ આદેશ ન થઈ શકે. તેથી चित्रगो + जस् વિગેરે અવસ્થામાં 'ओदौतो० १.२.२४' સૂત્રથી चित्रगो વિગેરેના ओ નો अव् આદેશ તેમજ जस् પ્રત્યયના स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થવાથી हे चित्रगवः ! વિગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.

---

(A) લાક્ષણિક અને પ્રતિપદોક્ત સૂત્ર પૈકી પ્રતિપદોક્ત સૂત્રનું જ ગ્રહણ થાય છે.

**(4)** ઘુટ્ પ્રત્યયો ૯ પરમાં વર્તતા આ સૂત્રથી ઓ કારાન્ત નામના ઓ નો ઔ આદેશ થાય એવું કેમ ?

**(a) गवा (b) द्यवा** – ※ गो + टा, द्यो + टा, ※ 'ओदौतो० १.२.२४' → गव् + टा = गवा, द्यव् + टा = द्यवा।

અહીં ગો અને દ્યો થી પરમાં રહેલો ટા પ્રત્યય ઘુટ્ સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી ગો અને દ્યો નામોના ઓ નો ઔ આદેશ ન થયો ।।૭૪।।

## आ अम्–शसोऽता[1] ।। १.४.७५।।

**बृ.वृ.–ओकारस्याम्-शसोरकारेण सह आकारो भवति। गाम्[2], सुगाम्, गाः, सुगाः पश्य ; द्याम्, अतिद्याम्, द्याः[3], सुद्याः पश्य। स्यादावित्येव? अचिनवम् ।।७५।।**

**સૂત્રાર્થ :-** ઓ કારાન્ત નામના અંત્યવર્ણનો (સ્યાદિ) અમ્ અને શસ્ પ્રત્યયના અ ની સાથે મળીને આ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ अम् च शस् च = अम्-शस् (स.द्व.)। तस्य = अम्-शसः।

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રમાં અતા પદ કેમ મૂકો છો ? કારણ સૂત્ર 'आ अम्-शसि' બનાવવામાં આવે તો પણ અમ્ અને શસ્ પ્રત્યયો પરમાં વર્તતા ઓ કારાન્ત ગો વિગેરે નામોના અંત્યનો આ આદેશ થવાથી गा + अम् અને गा + शस् અવસ્થા પ્રાપ્ત થતા 'समानानां तेन० १.२.१' સૂત્રથી સંધિ થઈ गाम् અને गाः વિગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી. કારણ गा + अम् અને गा + शस् અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે 'समानानां तेन० १.२.१' સૂત્રથી અમ્ પ્રત્યયના અ ની સાથે गा ના આ ની સંધિ થવાના કારણે गाम् વિગેરે પ્રયોગો તો સિદ્ધ થઈ જાય, પણ પુંલિંગમાં પર એવા 'शसोऽता० १.४.४९' સૂત્રથી શસ્ પ્રત્યયના અ ની સાથે गा ના આ નો દીર્ઘ આદેશ તેમજ શસ્ પ્રત્યયના સ્ નો ન્ આદેશ થવાના કારણે गाः ના બદલે गान् વિગેરે અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ આવે છે. તેમજ સ્ત્રીલિંગમાં गा + शस् અવસ્થામાં 'लुगातो० २.१.१०७' સૂત્રથી गा ના આ નો લોપ થવાના કારણે गः આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે છે. જો સૂત્રમાં અતા પદ મૂકીએ તો શસ્ પ્રત્યયના અ ની સાથે ગો વિગેરે ઓ કારાન્ત નામોના અંત્યવર્ણનો આ આદેશ થવાથી गास् અવસ્થા પ્રાપ્ત થતા હવે શસ્ પ્રત્યયનો અ વિદ્યમાન ૯ નથી કે જેથી પુંલિંગમાં 'शसोऽता० १.४.४९' સૂત્રની અને સ્ત્રીલિંગમાં સ્વરાદિ અઘુટ્ પ્રત્યયોને આશ્રયીને પ્રવૃત્ત થતા 'लुगातो० २.१.१०७' સૂત્રની પ્રવૃત્તિને અવકાશ રહે. આમ સૂત્રમાં અતા

પદ મૂકવાથી બન્ને લિંગોમાં गास् ના स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થવાથી गाः વિગેરે ઇષ્ટ પ્રયોગો સિદ્ધ થઈ શકે.

**શંકા :-** ભલે गास् અવસ્થામાં शस् પ્રત્યયનો अ વિદ્યમાન ન હોવાથી 'शसोऽता० ૧.૪.૪૯' સૂત્રથી દીર્ઘ આદેશ ન થઈ શકે. પણ તે સૂત્રથી પુંલિંગમાં વર્તતા गास् ના स् નો न् આદેશ તો થઈ શકવાથી તમારા મતે પણ गाः ને બદલે गान् આવો અનિષ્ટ પ્રયોગ ૭૪ સિદ્ધ થશે.

**સમાધાન :-** ***'सन्नियोगशिष्टानामेकापाये ऽन्यतरस्याप्यपायः***[A] 'ન્યાયાનુસારે 'शसोऽता० ૧.૪.૪૯' સૂત્રથી જો शस् પ્રત્યયના अ ની સાથે પૂર્વનો સમાનસ્વર દીર્ઘ ન થયો હોય તો તે સૂત્રથી તેના સંનિયોગમાં કહેવાયેલ પુંલિંગના વિષયમાં शस् પ્રત્યયના स् નો न् આદેશ પણ ન થઈ શકે. પ્રસ્તુતમાં गास् સ્થળે शस् નો अ વિદ્યમાન ન હોવાથી 'शसोऽता० ૧.૪.૪૯' સૂત્રથી शस् ના अ ની સાથે દીર્ઘ આદેશ ન થયો હોવાથી તેના સંનિયોગમાં (અર્થાત્ તેની સાથે) કહેવાયેલ शस् પ્રત્યય ના स् નો न् આદેશ પણ ન થઈ શકે. આથી અમારા મતે गाः પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **(i)** | **गाम्** | | **(ii)** | **गाः** |
| | | **गो + अम्** | | | **गो + शस्** |
| ❊ **'आ अम्शसो० ૧.૪.૭૫'** | → | **गा + म्** | ❊ **'आ अम्शसो० ૧.૪.૭૫'** | → | **गा + शस्** |
| | | **= गाम्।** | ❊ **'सो रुः ૨.૧.૭૨'** | → | **गार्** |
| | | | ❊ **'रः पदान्ते० ૧.૩.૫૩'** | → | **गाः।** |

શોભનો गौः = સુગો શબ્દના सुगाम्, सुगाः તેમ૭૪ द्याम्, द्याः, द्यामतिक्रान्तम् = अतिद्याम् અને શોભનો द्यौ = સુદ્યો શબ્દના सुद्याः વિગેરે પ્રયોગોની સાધનિકા गाम्, गाः પ્રમાણે સમજી લેવી.

**(3) આ સૂત્રથી** સ્યાદિ એવા ૭૪ अम् - शस् પ્રત્યયના अ ની સાથે મળીને ओ કારાન્ત નામના અંત્યવર્ણનો आ આદેશ થાય એવું કેમ ?

**(a) अचिनवम् – ❊ चि + अम् (ह्यस्तनी), ❊ 'स्वादेः श्नुः ૩.૪.૭૫' → चि + नु (श्नु) + अम्, ❊ 'अड् धातो० ૪.૪.૨૧' → अ + चि + नु + अम्, ❊ 'उश्नोः ૪.૩.૨' → अ + चि + नो + अम्, ❊ 'ओदौतो० ૧.૨.૨૪' → अ + चि + नव् + अम् = अचिनवम्।**

(A) ૭૪ સૂત્રમાં એકસાથે બે કાર્યો કહ્યા હોય ત્યાં એક કાર્ય ન થતા તેની સાથે (= સંનિયોગમાં) કહેવાયેલ બીજું કાર્ય પણ નથી થતું.

અહીં હ્યસ્તનીનો अम् પ્રત્યય સ્યાદિ સંબંધી ન વર્તતા તે ત્યાદિ સંબંધી હોવાથી अ + चि + नो + अम् અવસ્થામાં अम् પ્રત્યયના अ ની સાથે મળીને अचिनो ના અંત્ય ओ વર્ણનો આ સૂત્રથી आ આદેશ ન થયો.

**શંકા :-** अ + चि + नु + अम् અવસ્થામાં 'समानादमो० १.४.४६' સૂત્રથી अचिनु ના અંત્ય સમાનસ્વર उ થી પરમાં રહેલા अम् ના अ નો લોપ થઈ જાય છે. તેથી આગળ જતા अ + चि + नो + म् અવસ્થા પ્રાપ્ત થતા હવે अम् નો अ વિદ્યમાન જ નથી કે જેની સાથે આ સૂત્રથી अचिनो ના અંત્ય ओ નો आ આદેશ થવાની પ્રાપ્તિ રહે. તેથી આ વિરૂદ્ધ દૃષ્ટાંત દર્શાવવું યુક્ત નથી.

**સમાધાન :-** 'समानादमो० १.४.४६' સૂત્રમાં પણ સ્યાદિનો અધિકાર આવતો હોવાથી તે સૂત્રથી સ્યાદિ સંબંધી જ अम् ના अ નો લોપ થઈ શકે છે, ત્યાદિ સંબંધી નહીં. તેથી अ + चि + नु + अम् અવસ્થામાં 'समानादमो० १.४.४६' સૂત્રથી હ્યસ્તનીનાં अम् ના अ નો લોપ ન થઈ શકતા અમે જે વિરૂદ્ધ દૃષ્ટાંત દર્શાવ્યું છે તે યુક્ત છે ।।૭૫।।

## पथिन्–मथिनृभुक्षः सौ[1] ।। १.४.७६।।

**बृ.वृ.–'पथिन्, मथिन् ऋभुक्षिन्' इत्येतेषां नकारान्तानामन्तस्य सौ परे आकारो भवति। पन्थाः[2], हे पन्थाः! ; मन्थाः, हे मन्थाः! ; ऋभुक्षाः, हे ऋभुक्षाः! ; अमन्थाः, सुमन्थाः, बहुऋभुक्षाः। सावि[3]ति किम्? पन्थानौ। कथं[4] हे सुपथिन्! हे सुपथि कुल!, हे सुमथिन्! हे सुमथि कुल!? अत्र नित्यत्वान्नपुंसकलक्षणायाः सेर्लुपि सेरभावान्न भवति। नकारान्त[5]निर्देशादिह न भवति–पन्थानमिच्छति क्यनि नलोपे क्विपि च–पथीः, मथीः, ऋभुक्षीः ।।७६।।**

---

**સૂત્રાર્થ :-** સિ પ્રત્યય પરમાં વર્તતા ન કારાન્ત પથિન્, મથિન્ અને ઋભુક્ષિન્ નામોના અંત્યવર્ણનો આ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ पन्थाश्च मन्थाश्च ऋभुक्षाश्च = पथिन्–मथिन्–ऋभुक्षि (स.द्व.)। तस्य = पथिन्–मथिन्–ऋभुक्षः।

**વિવરણ :-** **(1) શંકા :-** આ સૂત્રમાં સિ પ્રત્યયનું નિમિત્ત રૂપે ગ્રહણ કરવા સૌ આ સપ્તમ્યન્ત નિર્દેશ કર્યો છે, પણ सु(सुप्) પ્રત્યયનો સપ્તમ્યન્ત નિર્દેશ પણ સૌ જ થાય છે. તેથી સૂત્રમાં सुप् પ્રત્યયના ગ્રહણનો નિષેધ શી રીતે કરશો ?

**સમાધાન :-** આ સૂત્રમાં घुटि પદની અનુવૃત્તિ આવે છે, તેથી અહીં સૌ પદથી જે પ્રત્યયનું નિમિત્ત રૂપે ગ્રહણ કરવાનું હોય તેનું घुट् સંજ્ઞક હોવું આવશ્યક છે. તો સિ પ્રત્યય घुट् સંજ્ઞક હોવાથી તેનું સૂત્રમાં નિમિત્ત રૂપે

ગ્રહણ થશે, પણ સુપ્ પ્રત્યય ઘુટ્ સંજ્ઞક ન હોવાથી તેનું સૂત્રમાં નિમિત્ત રૂપે ગ્રહણ ન સંભવતા તેના ગ્રહણનો નિષેધ થઈ જશે.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) पन्थाः | (ii) हे पन्थाः! |
|---|---|---|---|
| | | पथिन् + सि | पथिन् + सि (सं.) |
| * 'थो न्थ् १.४.७८' | → | पन्थिन् + सि | पन्थिन् + सि |
| * 'एः १.४.७७' | → | पन्थान् + सि | पन्थान् + सि |
| * 'पथिन्-मथिन्० १.४.७६' | → | पन्था आ + सि | पन्था आ + सि |
| * 'समानानां० १.२.१' | → | पन्था + सि | पन्था + सि |
| * 'सो रुः २.१.७२' | → | पन्थार् | पन्थार् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | पन्थाः। | हे पन्थाः!। |

| | | (iii) ऋभुक्षाः | (iv) हे ऋभुक्षाः! |
|---|---|---|---|
| | | ऋभुक्षिन् + सि | ऋभुक्षिन् + सि (सं.) |
| * 'एः १.४.७७' | → | ऋभुक्षान् + सि | ऋभुक्षान् + सि |
| * 'पथिन्-मथिन्० १.४.७६' | → | ऋभुक्षा आ + सि | ऋभुक्षा आ + सि |
| * 'समानानां० १.२.१' | → | ऋभुक्षा + सि | ऋभुक्षा + सि |
| * 'सो रुः २.१.७२' | → | ऋभुक्षार् | ऋभुक्षार् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | ऋभुक्षाः। | हे ऋभुक्षाः!। |

मन्थाः, हे मन्थाः!, न मन्थाः = अमन्थाः, शोभनो मन्थाः = सुमन्थाः અને बहवः ऋभुक्षाणः यस्मिन् स = बहुऋभुक्षिन् શબ્દના [(A)]बहुऋभुक्षाः વિગેરે પ્રયોગોની સાધનિકા पन्थाः અને ऋभुक्षाः પ્રયોગો પ્રમાણે સમજવી.

**શંકા :-** पथिन् વિગેરે શબ્દોનો न् અનુનાસિક છે, તેથી 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષાનુસારે पन्थाः વિગેરે સ્થળે આ સૂત્રથી અનુનાસિક न् ના સ્થાને થતો आ આદેશ પણ અનુનાસિક જ થવો જોઈએ. તો નિરનુનાસિક આ આદેશ કેમ કરો છો ?

---

(A) અહીં 'ऋलृति ह्रस्वो वा १.२.२' સૂત્રથી बहु ના હ્રસ્વ उ નો હ્રસ્વ આદેશ થયો હોવાથી સંધિ નથી થઈ.

**સમાધાન :-** 'लि लौ १.३.६५' સૂત્રમાં लौ આ પ્રમાણે દ્વિવચનાન્ત નિર્દેશ ल् પરમાં વર્તતા પદને અંતે વર્તમાન અનુનાસિક त् વર્ગના સ્થાને (અર્થાત્ न् ના સ્થાને) સાનુનાસિક लँ આદેશ થાય અને નિરનુનાસિક त् વર્ગના સ્થાને નિરનુનાસિક ल् આદેશ થઈ શકે એટલા માટે કર્યો છે. પણ આ રીતે સાનુનાસિક त् વર્ગના સ્થાને સાનુનાસિક लँ આદેશ અને નિરનુનાસિક त् વર્ગના સ્થાને નિરનુનાસિક ल् આદેશ તો 'आसन्नः ७.४.१२०' પરિભાષાનુસારે પ્રાપ્ત જ હતો. તેથી लौ એવો દ્વિવચનાન્ત નિર્દેશ નિરર્થક થઈને જ્ઞાપન કરે છે કે 'જે સ્થળે ल् પરમાં વર્તતા પૂર્વમાં પદને અંતે त् વર્ગ હોય તેવા સ્થળો છોડીને અન્યત્ર અનુનાસિકના સ્થાને પણ નિરનુનાસિક આદેશ થઈ શકે છે.[A]' તેથી પ્રસ્તુતમાં पथिन् વિગેરેનો न् અનુનાસિક હોવા છતાં પણ તેનો આ સૂત્રથી નિરનુનાસિક આ આદેશ થઈ શકવાથી અમે તે પ્રમાણે કરીએ છીએ.

અથવા બીજી રીતે કહીએ તો આ સૂત્રમાં પૂર્વસૂત્રથી શુદ્ધ આ ની અનુવૃત્તિ લીધી છે. આમ આદેશાર્થે શુદ્ધ આ નું ગ્રહણ કર્યું હોવાથી पथिन् વિગેરેના અનુનાસિક न् નો પણ શુદ્ધ (નિરનુનાસિક) આ આદેશ થઈ શકે છે.

**(3)** सि પ્રત્યય જ પરમાં વર્તતા આ સૂત્રથી पथिन् વિગેરેના અંત્યવર્ણનો આ આદેશ થાય એવું કેમ ?

**(a) पन्थानौ – * पथिन् + औ, * 'थो न्थ् १.४.७८' → पन्थिन् + औ, * 'एः १.४.७७' → पन्थान् + औ = पन्थानौ।**

અહીં પરમાં सि પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી पथिन् ના અંત્યવર્ણ न् નો આ આદેશ ન થયો.

**(4) શંકા :-** शोभनः पन्थाः यस्य तद् = सुपथिन् + सि (सं.) વિગેરે અવસ્થામાં સંબોધનમાં 'नामन्त्र्ये० २.१.९२' સૂત્રથી न् ના લોપનો પ્રતિષેધ કર્યા પછી 'क्लिबे वा २.१.९३' સૂત્રથી પુનઃ સંબોધનમાં વર્તતા નપુંસકલિંગ નામના અંત્ય न् નો લોપ વિકલ્પે પ્રાપ્ત થતા જ્યારે નપુંસકલિંગ सुपथिन् વિગેરે નામોના न् નો સંબોધનમાં લોપ ન થાય ત્યારે सुपथिन् + सि અવસ્થામાં આ સૂત્રથી सुपथिन् વિગેરેના न् નો આ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** सुपथिन् + सि વિગેરે અવસ્થામાં 'अनतो लुप् १.४.५९' સૂત્રથી નપુંસકલિંગ सुपथिन् વિગેરેથી પરમાં રહેલા सि પ્રત્યયનો लुप् થઈ જતો હોવાથી તેમજ 'लुप्यव्वृ० ७.४.११२' સૂત્રથી लुप् થયેલા તે सि પ્રત્યયના સ્થાનિવદ્ભાવનો નિષેધ મનાતા આ સૂત્રમાં નિમિત્ત રૂપે અપેક્ષિત सि પ્રત્યયની પરવર્તિતા ન હોવાથી અમે આ સૂત્રથી સંબોધનમાં વર્તતા નપુંસકલિંગ सुपथिन् વિગેરેના અંત્ય વર્ણ न् નો આ આદેશ નથી કરતા.

---

(A) 'आसन्नः ७.४.१२०' इत्येव सिद्धे द्विवचनमन्यत्राऽनुनासिकस्यापि स्थानेऽननुनासिकार्थम्, तेन 'वाष्टन आः स्यादौ १.४.५२' इत्यादावननुनासिक एव भवति। (१.३.६५ बृ.वृत्ति)

**શંકા :-** 'अनतो लुप् १.४.५९' કરતા આ સૂત્ર પરસૂત્ર હોવાથી सुपथिन् + सि (सं.) વિગેરે અવસ્થામાં 'अनतो लुप् १.४.५९' સૂત્રથી सि પ્રત્યયનો लुप् થતા પૂર્વે ૭ આ સૂત્રથી सुपथिन् વિગેરેના અંત્યવર્ણ न् નો આ આદેશ થઈ જવો જોઈએ. તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** सुपथिन् + सि (सं.) વિગેરે અવસ્થામાં પર એવા આ સૂત્રથી सुपथिन् વિગેરેના અંત્યવર્ણ न् નો આ આદેશ કરતા પૂર્વે પણ 'अनतो लुप् १.४.५९' સૂત્રથી सि પ્રત્યયના लुप् ની પ્રાપ્તિ છે અને આ આદેશ કર્યા પછી પણ सि પ્રત્યયના लुप् ની પ્રાપ્તિ છે. આથી 'अनतो लुप् १.४.५९' સૂત્ર ***'कृताऽकृतप्रसङ्गी'*** હોવાના કારણે નિત્યસૂત્ર ગણાય. તેથી ***'परानित्यम्'*** ન્યાયાનુસારે આ સૂત્ર કરતા બળવાન તેની પ્રવૃત્તિ પૂર્વે થવાથી હવે નિમિત્તભૂત सि પ્રત્યયની પરવર્તિતા ન રહેવાથી આ સૂત્રથી सुपथिन् વિગેરેના અંત્યવર્ણ न् નો આ આદેશ ન થઈ શકે. તેથી હવે સંબોધન એકવચનમાં જ્યારે 'क्लिबे वा २.१.९३' સૂત્રથી सुपथिन् વિગેરેના અંત્ય न् નો લોપ ન થાય ત્યારે हे सुपथिन्!, हे सुमथिन्! વિગેરે પ્રયોગો સિદ્ધ થશે અને જ્યારે તે સૂત્રથી न् નો લોપ થશે ત્યારે हे सुपथि!, हे सुमथि कुल! વિગેરે પ્રયોગો સિદ્ધ થશે.

**(5) શંકા :-** સૂત્રવર્તી पथिन्-मथिन्-ऋभुक्षः પદસ્થળે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી पथिन् અને मथिन् ના न् નો લોપ થવો જોઈએ. તો લોપ ન કરતા न કારાન્ત पथिन्-मथिन् નિર્દેશ કેમ કર્યો છે ?

**સમાધાન :-** ****** पन्थानमिच्छतीति क्यन् = पथिन् + क्यन्, ****** 'नं क्ये १.१.२२' સૂત્રથી पथिन् ને પદસંજ્ઞા, ****** 'नाम्नो नो० २.१.९१' → पथि + य = पथिय, ****** 'क्यनि ४.३.१०८' → पथीय (धातु), ****** पथीयतीति क्विप् = पथीय + क्विप्, ****** 'अतः ४.३.८२' → पथीय् + क्विप्, ****** 'य्वोः प्वय्० ४.४.१२१' → पथी + क्यन् (०) = पथी નામ. આ ૭ સાધનિકા ऋभुक्ष અને ऋभुक्षी શબ્દની પણ નિષ્પત્તિ કરવી. હવે पथी + सि, मथी + सि અને ऋभुक्षी + सि અવસ્થામાં આ સૂત્રથી (A)न કારાન્ત સિવાયના पथी વિગેરેના અંત્ય વર્ણનો આ આદેશ ન થઈ જાય તે માટે સૂત્રવર્તી पथिन्-मथिन्-ऋभुक्षः પદસ્થળે न કારાન્ત पथिन् અને मथिन् નો નિર્દેશ કર્યો છે. તેથી पथी વિગેરેથી પરમાં રહેલા सि ના स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થવાથી पथीः, मथीः અને ऋभुक्षीः પ્રયોગો સિદ્ધ થશે.

***'सुखाकर'*** નામના વૈયાકરણ કહે છે કે पथीय + क्विप् અવસ્થામાં 'अतः ४.३.८२' સૂત્રથી ૭ અ નો લોપ થયો છે તેનો આગળ જતા पथी + सि વિગેરે અવસ્થામાં આ સૂત્રથી पथी વિગેરેના અંત્યનો આ આદેશ કરવાના અવસરે स्थानिवद्भाव મનાવાથી તે વ્યવધાયક બનતા पथी વિગેરેના અંત્યનો આ આદેશ નહીં થઈ શકે. અથવા બીજી રીતે કહીએ તો पथिन् વિગેરે શબ્દો સાર્થક હોવાથી તેમજ पथी વિગેરે શબ્દો અનર્થક હોવાથી

(A) મુદ્રિત બૃ.ન્યાસમાં **'नकारान्तनिर्देशादकारान्तत्वादिह'** આ અશુદ્ધ પાઠ છે. પાઠ **'नकारान्तनिर्देशादनकारान्तत्वादिह'** આમ હોવો જોઈએ. જુઓ 'આનંદબોધિની' ટીકા.

***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયાનુસારે આ સૂત્રથી આ આદેશ રૂપ કાર્ય કરવામાં અનર્થક પથી વિગેરેનું ગ્રહણ નહીં થાય. આથી પથી વિગેરેના અંત્યનો આ સૂત્રથી આ આદેશ નહીં થાય એવું તેઓ ***(સુખાકર)*** માને છે.

**શંકા :-** પથી વિગેરે શબ્દોના 'માર્ગને ઇચ્છનાર' વિગેરે અર્થો થતા હોવાથી તેઓ સાર્થક છે તો તેમને અનર્થક કેમ કહ્યા ?

**સમાધાન :-** 'માર્ગને ઇચ્છનાર' વિગેરે અર્થોને આશ્રયીને પથી વિગેરે શબ્દો સાર્થક છે એ વાત સાચી. પણ લોકમાં 'માર્ગ, મન્થન કરનાર' વિગેરે જે અર્થોને આશ્રયીને પથિન્, મથિન્ વિગેરે શબ્દો અર્થવાન્ ગણાય છે તે અર્થોને આશ્રયીને પથી, મથી વિગેરે શબ્દો અર્થવાન્ નથી ગણાતા, તેથી તેમને અહીં અનર્થક કહ્યા છે.

**શંકા :-** વ્યાકરણશાસ્ત્ર માત્ર શબ્દની નિષ્પત્તિ કરનાર હોય છે. ત્યાં લોકની જેમ શબ્દની અર્થવત્તા અને અનર્થકતાનો વિચાર ન કરાય.

**સમાધાન :-** વ્યાકરણશાસ્ત્રમાં પણ ***'स्वं रूपं शब्दस्याऽशब्दसंज्ञा***(A)' સ્થળે શબ્દના સ્વરૂપની જેમ તેના અર્થનું પણ ગ્રહણ કરવાનું કહ્યું છે. અર્થાત્ અર્થવાન્ શબ્દોને વ્યાકરણશાસ્ત્રીય કાર્યો કરવાનાં કહ્યા છે, અનર્થકને નહીં. તેથી વ્યાકરણશાસ્ત્રમાં પણ લોકની જેમ શબ્દની અર્થવત્તા અને અનર્થકત્વનો વિચાર કરવાનો હોય છે. તો પથિન્ વિગેરે શબ્દો પથી વિગેરે શબ્દો કરતા ભિન્ન અર્થવાળા હોવાથી તેમને ક્યન્ અર્થ (= ઇચ્છા અર્થ) ન સંભવતા અર્થાત્ ક્યન્ પ્રત્યય લાગવાના કારણે પથી વિગેરે શબ્દોના જે અર્થો થાય છે તેના કરતા ભિન્ન અર્થવાળા પથિન્ વિગેરે શબ્દો હોવાથી પથિન્ વિગેરે શબ્દોના જે અર્થો થાય છે તેને આશ્રયીને પથી વિગેરે શબ્દો વ્યાકરણશાસ્ત્રમાં પણ અનર્થક મનાય.

**શંકા :-** ''ભિન્ન અર્થવાળા પથિન્ વિગેરે શબ્દોના અર્થની અપેક્ષાએ બીજા અર્થવાળા એવા પણ પથી વિગેરે શબ્દો અનર્થક બને'' આવું શેના આધારે કહો છો ?

**સમાધાન :-** ***'अर्थान्तरसंक्रमितोऽनर्थकात्र भिद्यते***(B)' ન્યાયના આધારે કહીએ છીએ.

આમ આ વ્યાકરણના મતે સૂત્રવર્તી પથિન્-મથિન્-ઋભુક્ષઃ પદસ્થળે ન કારાન્ત પથિન્-મથિન્ નો નિર્દેશ ન કારાન્ત સિવાયના પથી વિગેરે શબ્દસ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય તે માટે છે. જ્યારે ***'સુખાકર'*** ના મતનો સંગ્રહ કરવો હોય ત્યારે તેમનો તાદશ નિર્દેશ 'આ સૂત્રમાં અર્થવાન્ પથિન્ વિગેરે શબ્દોનું ગ્રહણ કરવું, પણ

---

(A) किञ्च 'स्वं रूपं० (पा.सू. १.१.६८)' इति शास्त्रे स्वशब्देनात्मीयवाचिनाऽर्थो गृह्यते रूपशब्देन स्वरुपम्। एवं च तदुभयं शब्दस्य संज्ञीति तदर्थः। तत्रार्थो न विशेष्यस्तत्र शास्त्रीयकार्याऽसम्भवात्, किन्तु शब्दविशेषणम्। एवं चार्थविशिष्टः शब्दः संज्ञीति फलितम्। तेनैषा (= ***अर्थवद्ग्रहणे नानर्थकस्येति***) परिभाषा सिद्धेति भाष्ये स्पष्टम्। (परि.शे.१४)

(B) જુદા અર્થનો વાચક બનેલો શબ્દ અનર્થક કરતા જુદો નથી ગણાતો. અર્થાત્ અનર્થક જ ગણાય છે.

પથિન્ વિગેરે શબ્દોનો જે અર્થ થાય છે તે અર્થવાળા પથી વિગેરે શબ્દો ન હોવાથી અનર્થક તેમનું ગ્રહણ ન કરવું' આ અર્થને જણાવવા માટે છે તેમ સમજવું.

(હવે આપણે આ પદાર્થને લઘુન્યાસાનુસારે વિચારીએ)

પથી શબ્દની નિષ્પત્તિ વેળાએ पन्थानमिच्छतीति क्यन् = पथिन् + क्यन् અવસ્થામાં 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી પથિન્ ના ન્ નો લોપ થતા પથિ + ક્યન્ અવસ્થા પ્રાપ્ત થતા 'दीर्घश्चि० ४.३.१०८' સૂત્રથી પથિ ના ઇ નો દીર્ઘ આદેશ કરવા રૂપ પરવિધિ કરવાની અવસ્થામાં 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી થયેલ પથિન્ ના ન્ નો લોપ અસત્ નહીં થાય, કારણ પરવિધિ કરવાની હોતે છતે 'रात्सः २.१.९०' સુધીનાં જ સૂત્રો અસત્ થાય છે. જ્યારે 'नाम्नो नो० २.१.९१' સૂત્ર તો 'रात्सः २.१.९०' પછીનું સૂત્ર છે. તેથી 'दीर्घश्चि० ४.३.१०८' સૂત્રથી પથિ ના ઇ નો દીર્ઘ આદેશ તેમજ આગળ જતા पथीयतीति क्विप् = पथीय + क्विप् અવસ્થામાં 'अतः ४.३.८२' સૂત્રથી પથીય ના અંત્ય અ નો લોપ તેમજ 'य्वोः प्वय्० ४.४.१२१' સૂત્રથી પથીય્ ના ય્ નો લોપ થવાથી પથી શબ્દ નિષ્પન્ન થશે અને સિ પ્રત્યય લાગતા पथीः પ્રયોગ સિદ્ધ થશે. (અહીં સૂત્રમાં પથિન્-મથિન્-ઋભુક્ષઃ પદસ્થળે પથિન્--મથિન્ આ પ્રમાણે ન કારાન્ત નિર્દેશ હોવાથી ન કારાન્તેતર પથી શબ્દનાં અંત્યનો આ સૂત્રથી આ આદેશ ન થયો.)

**શંકા :-** આ સૂત્રથી આ આદેશ રૂપ પૂર્વસ્યાદિવિધિ કરવાની અવસ્થામાં ઉપરોક્ત સાધનિકા સ્થળે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી પથિન્ ના ન્ નો જે લોપ દર્શાવ્યો છે તે અસત્ થશે. કારણ સ્યાદિવિધિમાં 'नोर्म्यादिभ्यः २.१.९९' સુધીના સૂત્રો અસત્ થાય છે એમ 'णषमसत्० २.१.६०' સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે અને 'नाम्नो नो० २.१.९१' સૂત્ર તો 'नोर्म्यादिभ्यः २.१.९९' કરતા પૂર્વનું સૂત્ર છે. તેથી હવે પથી શબ્દ ન કારાન્ત ગણાતા તેના અંત્યનો આ સૂત્રથી આ આદેશ થવો જોઈએ.

**સમાધાન :-** પથિન્ ના ન્ નો લોપ અસત્ થવાથી પથી શબ્દ ન કારાન્ત ગણાય તો પણ પથી + સિ અવસ્થામાં ન કારાન્ત પથી શબ્દના અંત્યનો આ સૂત્રથી આ આદેશ કરવાનો હોતે છતે પથીય + ક્વિપ્ અવસ્થામાં 'अतः ४.३.८२' સૂત્રથી જે પથીય ના અંત્ય અ નો લોપ થયેલો તેનો 'स्वरस्य परे० ७.४.११०' સૂત્રથી સ્થાનિવદ્ભાવ મનાતા (અર્થાત્ પથી + અ + સિ અવસ્થા મનાતા) તે વ્યવધાયક બનવાથી આ સૂત્રથી ન કારાન્ત પથી શબ્દના અંત્યનો આ આદેશ નહીં થઈ શકે.

**શંકા :-** જે પ્રત્યય વિગેરેના નિમિત્તે લોપ થયો હોય તે જ પ્રત્યય વિગેરેના નિમિત્તે જો કોઈ અન્યકાર્ય પ્રાપ્ત હોય તો 'स्वरस्य परे० ७.४.११०' સૂત્રથી સ્થાનિવદ્ભાવ માની શકાય છે. પ્રસ્તુતમાં 'अतः ४.३.८२' સૂત્રથી પથીય ના અ નો જે લોપ થયો છે તે ક્વિપ્ પ્રત્યયના નિમિત્તે થયો છે અને ન કારાન્ત પથી ના અંત્યને જે આ આદેશની પ્રાપ્તિ છે તે સિ પ્રત્યયના નિમિત્તે પ્રાપ્ત છે. આમ બન્ને કાર્યો ભિન્ન્નિમિત્તક હોવાથી પથી + સિ

અવસ્થામાં આ સૂત્રથી ન કારાન્ત પથી ના અંત્યનો આ આદેશ કરવાની અવસ્થામાં 'अतः ૪.૩.૮૨' સૂત્રથી લુપ્ત થયેલા પથીય ના અ નો 'स्वरस्य परे० ૭.૪.૧૧૦' સૂત્રથી સ્થાનિવદ્ભાવ ન માની શકાય. તેથી તે વ્યવધાયક ન બનતા ન કારાન્ત પથી ના અંત્યનો આ આદેશ થવો જોઈએ.

**સમાધાન :-** તમારી વાત સાચી છે, પણ આ સૂત્રમાં पथिन्-मथिन्-ऋभुक्षः પદસ્થળે पथिन्-मथिन् આ પ્રમાણે જે ન કારાન્ત નિર્દેશ કર્યો છે તેના બળે જ અસત્વિધિ થવાના કારણે ન કારાન્ત ગણાતા પથી શબ્દસ્થળે આ સૂત્રથી આ આદેશ નહીં થાય. આશય એ છે કે पथिन् વિગેરે શબ્દોના न् નો લોપ જ્યાં ક્યાંય પણ થયો હોય ત્યાં સર્વત્ર આ સૂત્રથી આ આદેશ રૂપ સ્યાદિવિધિ કરવાની અવસ્થામાં 'णषमसत् ૨.૧.૬૦' સૂત્રાનુસારે न् નો લોપ અસત્ થશે અને તેથી न् નો લોપ થયો હોય એવા પથી વિગેરે બધા જ શબ્દો ન કારાન્ત ગણાતા સર્વત્ર આ સૂત્રથી આ આદેશ થવાની પ્રાપ્તિ આવશે જ. હવે જો બધે જ આ રીતે न् નો લોપ અસત્ થવાના કારણે આ સૂત્રથી આ આદેશ થવાનો જ હોય તો ન કારાન્ત ન હોય તેવા સ્થળે આ સૂત્રથી આ આદેશ ન થાય તે માટે સૂત્રમાં ન કારાન્ત पथिन्-मथिन् શબ્દો દર્શાવવા નિરર્થક ઠરે છે. તેથી નિરર્થક થતા તેઓ જ્ઞાપન કરે છે કે જ્યાં સાક્ષાત્ (પ્રગટપણે) ન કારાન્ત पथिन् વિગેરે શબ્દો હોય ત્યાં જ આ સૂત્રથી આ આદેશ થશે. પણ જ્યાં સાક્ષાત્ ન કારાન્તતા ન વર્તતા અસત્વિધિ થવાના કારણે ન કારાન્તતા હોય તેવા પથી વિગેરે શબ્દસ્થળે નહીં થાય.

**શંકા :-** ભલે પથી વિગેરે શબ્દસ્થળે આ સૂત્રથી આ આદેશ ન થાય. પણ પથી + સિ વિગેરે અવસ્થામાં તમે જે સિ ના સ્ નો ર્ અને ર્ નો વિસર્ગ આદેશ કરી પથીઃ વિગેરે પ્રયોગો સિદ્ધ કરો છો તે ન થતા 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી સિ પ્રત્યયનો લોપ થવાના કારણે પથી વિગેરે પ્રયોગો સિદ્ધ થવા જોઈએ. કારણ પથી + સિ વિગેરે અવસ્થામાં 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી સિ પ્રત્યયનો લોપ કરવા સ્વરૂપ પૂર્વસ્યાદિવિધિ કરવાની અવસ્થામાં पथिन् આ પૂર્વાવસ્થામાં 'नाम्नो नो० ૨.૧.૯૧' સૂત્રથી જે न् નો લોપ થયેલો તે અસત્ થવાથી હવે પથી વિગેરે શબ્દો વ્યંજનાન્ત ગણાવાના કારણે 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી વ્યંજનાન્ત પથી વિગેરેથી પરમાં રહેલા સિ પ્રત્યયના લોપની પ્રાપ્તિ વર્તે છે.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્ર અવધારણ પૂર્વકનું (एव કાર પૂર્વકનું) છે એમ સમજવું. તેથી હવે જ્યાં દીર્ઘ ડી અને આપ્ પ્રત્યયાન્ત તેમજ વ્યંજનાન્ત એવા જ નામથી પરમાં સિ પ્રત્યય હોય ત્યાં જ 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી સિ પ્રત્યયનો લોપ થશે. તો પથી + સિ વિગેરે અવસ્થામાં न् નો લોપ અસત્ થવાના કારણે વ્યંજનાન્ત ગણાતા પથી વિગેરે નામો માત્ર વ્યંજનાન્ત જ હોય તેવા ન હોવાથી 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી તેમનાથી પરમાં રહેલા સિ પ્રત્યયનો લોપ નહીં થઈ શકે.

અથવા તો 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્ર વિહિતવિશેષણપૂર્વકનું છે એમ સમજવું. અર્થાત્ જ્યાં દીર્ઘ

ङी કે आप् પ્રત્યયાન્ત નામો તેમજ વ્યંજનાન્ત નામથી પરમાં રહેલો सि પ્રત્યય જો તે દીર્ઘ ङी કે आप् પ્રત્યયાન્ત નામો તેમજ વ્યંજનાન્ત નામોથી વિહિત હોય (અર્થાત્ તેમને આશ્રયીને થયેલો હોય) તો જ ત્યાં 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી सि પ્રત્યયનો લોપ થઈ શકશે. તો પથી + सि વિગેરે અવસ્થામાં सि પ્રત્યય ई કારાન્ત પથી વિગેરે નામોથી વિહિત હોવાથી પાછળથી न् નો લોપ અસત્ થવાના કારણે તેઓ વ્યંજનાન્ત ગણાય તો પણ તેમનાથી પરમાં રહેલા सि પ્રત્યયનો 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી લોપ ન થઈ શકે. આથી અમે પથીः વિગેરે જ પ્રયોગો કર્યા છે તે યુક્ત છે.

**शंका :-** જો 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્ર વિહિતવિશેષણ પૂર્વકનું છે એમ કહેશો તો यद् અને तद् સર્વનામોના પ્રથમા એકવચનમાં અનુક્રમે या અને सा પ્રયોગો સિદ્ધ ન થઈ શકે. કેમકે અહીં सि પ્રત્યય यद् અને तद् આ વ્યંજનાન્ત અવસ્થામાં વિહિત છે અને પાછળથી यद् + सि અને तद् + सि અવસ્થામાં 'आ द्वेरः ૨.૧.૪૧' સૂત્રથી यद् અને तद् ના द् નો अ આદેશ થવાથી य + सि અને त + सि અવસ્થા પ્રાપ્ત થતા ત્યારે 'आत् ૨.૪.૧૮' સૂત્રથી य અને त ને आप् પ્રત્યય લાગવાના કારણે या + सि અને [A]सा + सि અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે सि પ્રત્યય आप् પ્રત્યયાન્ત या અને सा થી પરમાં છે પણ તે आप् પ્રત્યયાન્ત या અને सा થી વિહિત ન હોવાથી 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી તેમનાથી પરમાં રહેલા सि પ્રત્યયનો લોપ ન થઈ શકે.

**समाधान :-** તમારી વાત સાચી છે. પણ વિહિતવિશેષણપૂર્વકના 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રનો અર્થ 'દીર્ઘ ङी પ્રત્યયાન્ત, आप् પ્રત્યયાન્ત અને વ્યંજનાન્ત નામથી વિહિત सि પ્રત્યય જો તે અનુક્રમે દીર્ઘ ङी પ્રત્યયાન્ત, आप् પ્રત્યયાન્ત અને વ્યંજનાન્ત નામથી પરમાં હોય તો જ તેનો લોપ થાય છે.' એમ ન સમજવો (અર્થાત્ आप् પ્રત્યયાન્ત નામથી વિહિત એવો सि પ્રત્યય आप् પ્રત્યયાન્ત નામથી જ પરમાં હોવો જોઈએ આવો અર્થ ન સમજવો) પણ 'દીર્ઘ ङी પ્રત્યયાન્ત, आप् પ્રત્યયાન્ત અને વ્યંજનાન્ત નામ પૈકીના કોઈ પણ નામથી વિહિત सि પ્રત્યય જો તે દીર્ઘ ङी પ્રત્યયાન્ત, आप् પ્રત્યયાન્ત અને વ્યંજનાન્ત નામ પૈકીના કોઈપણ નામથી પરમાં હોય તો તેનો લોપ થાય છે.' આ પ્રમાણે સમજવો. તેથી या અને सा પ્રયોગસ્થળે सि પ્રત્યય વ્યંજનાન્ત यद् અને तद् સર્વનામથી વિહિત હોવાથી પાછળથી 'आ द्वेरः ૨.૧.૪૧' વિગેરે સૂત્રોથી કાર્યાન્તર થવાના કારણે या + सि અને सा + सि અવસ્થામાં તે आप् પ્રત્યયાન્ત या અને सा નામોથી પરમાં વર્તે તો પણ તેનો 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી લોપ થઈ या અને सा પ્રયોગો સિદ્ધ થઈ શકે છે.

પુંલિંગમાં यः અને सः પ્રયોગસ્થળે सि પ્રત્યય વ્યંજનાન્ત यद् અને तद् સર્વનામોથી વિહિત હોવા છતાં પણ 'आ द्वेरः ૨.૧.૪૧' વિગેરે સૂત્રોથી य + सि અને स + सि અવસ્થા પ્રાપ્ત થતા તે દીર્ઘ ङी પ્રત્યયાન્ત, आप् પ્રત્યયાન્ત કે વ્યંજનાન્ત નામો પૈકીના કોઈપણ નામથી પરમાં ન હોવાથી તેનો 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' સૂત્રથી લોપ નહીં થાય. તેથી सि ના स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થવાથી यः અને सः પ્રયોગો જ સિદ્ધ થશે ।।૭૬।।

(A) અહીં 'तः सौ सः ૨.૧.૪૨' સૂત્રથી ता નો सा આદેશ કર્યો છે.

## (1) एः ।। १.४.७७।।

**बृ.वृ.–पथ्यादीनां नकारान्तानामिकारस्य घुटि परे आकारो भवति। (2) पन्थाः, पन्थानौ, पन्थानः, पन्थानम्, पन्थानौ ; मन्थाः, मन्थानौ, मन्थानः, मन्थानम्, मन्थानौ ; ऋभुक्षाः, ऋभुक्षाणौ, ऋभुक्षाणः, ऋभुक्षाणम्, ऋभुक्षाणौ ; सुपन्थानि वनानि "पूजास्वतेः प्राक् टात् (७.३.७२)" इति समासान्तप्रतिषेधः, बहुमन्थानि कुलानि ; अनृभुक्षाणि बलानि, सुपन्थानौ, परममन्थानौ। (3) नकारान्तनिर्देशादेरभावाच्चेह न भवति–पन्थानमिच्छति क्यन् क्विप्–पथ्यौ, पथ्यः, पथ्यम्। (4) घुटीत्येव? सुपथी वने, पथिभ्याम् ; सुमथी कुले, मथिभ्याम् ।।७७।।**

---

**सूत्रार्थ :-** घुट् प्रत्ययो परमां वर्तता न कारान्त पथिन्, मथिन् अने ऋभुक्षिन् नामोना इ नो आ आदेश थाय छे.

**विवरण :-** **(1)** ए शब्दने ङस् प्रत्यय लागता 'एदोद्भ्यां ङसि० १.४.३५' सूत्रथी ङस् प्रत्ययनो र् आदेश थवाथी ए शब्दनो षष्ठयन्त प्रयोग पण एः ७ थाय छे, तेथी अहीं 'आ सूत्रथी ए नो आ आदेश थवो जोईओ ने ?' आवी शंका उद्भवी शके छे. पण पथिन् विगेरे शब्दोमां ए न होवाथी आ सूत्रथी ए ना आ आदेशनी प्राप्ति ७ न वर्तता इ शब्दने ङस् प्रत्यय लगाडी 'ङित्यदिति १.४.२३' सूत्र तेम७ 'एदोद्भ्यां ङसि० १.४.३५' सूत्रथी सूत्रस्थ एः प्रयोग निष्पन्न करी आ सूत्रथी पथिन् विगेरेना इ ना आ आदेशनी वात करी छे.

**(2) दृष्टांत -**

| | (i) पन्थाः | (ii) पन्थानौ | (iii) पन्थानः | (iv) पन्थानम् |
|---|---|---|---|---|
| | पथिन् + सि | पथिन्+औ (प्र.द्वि.द्वि.) | पथिन्+जस् | पथिन्+अम् |
| * 'थो न्थ् १.४.७८' | → पन्थिन् + सि | पन्थिन् + औ | पन्थिन्+जस् | पन्थिन्+अम् |
| * 'एः १.४.७७' | → पन्थान् + सि | पन्थान् + औ | पन्थान्+जस् | पन्थान्+अम् |
| * 'पथिन्० १.४.७६' | → पन्था आ+सि | ↓ | ↓ | ↓ |
| * 'समानानां० १.२.१' | → पन्था + सि | | | |
| * 'सो रुः २.१.७२' | → पन्थार् | | पन्थानर् | |
| * 'रः पदान्ते० १.३.५३' | → पन्थाः | | पन्थानः | |
| | = पन्थाः। | = पन्थानौ। | = पन्थानः। | = पन्थानम्। |

मथिन्, ऋभुक्षिन्, शोभनौ पन्थानौ = सुपथिन् अने परमौः च तौ मन्थानौ च = परममथिन् शब्दोना बृहद्वृत्तिमां दर्शावेला प्रयोगोनी साधनिका उपर दर्शावेला पथिन् शब्दना प्रयोगो प्रमाणे समजी लेवी. मात्र एटलुं विशेष के ऋभुक्षिन् शब्दनी साधनिका करती वखते तेने 'थो न्थ् १.४.७८' सूत्र नहीं लागे.

| | (v) [A]सुपन्थानि वनानि | (vi) बहुमन्थानि कुलानि | (vii) अनृभुक्षाणि बलानि |
|---|---|---|---|
| | सुपथिन्+जस् के शस् | बहुमथिन्+जस् के शस् | अनृभुक्षिन्+जस् के शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | सुपथिन् + शि | बहुमथिन् + शि | अनृभुक्षिन् + शि |
| * 'थो न्थ् १.४.७८' → | सुपन्थिन् + शि | बहुमन्थिन् + शि | ↓ |
| * 'एः १.४.७७' → | सुपन्थान् + शि | बहुमन्थान् + शि | अनृभुक्षान् + शि |
| * 'रषृवर्णान्० २.३.६३' → | ↓ | ↓ | अनुभृक्षाण् + शि |
| | = सुपन्थानि। | = बहुमन्थानि। | = अनृभुक्षाणि। |

અહીં सुपन्थानि वनानि પ્રયોગસ્થળે सुपथिन् શબ્દને 'ऋक्पूः पथ्यपोः० ७.३.७६' સૂત્રથી अ સમાસાન્તની પ્રાપ્તિ હતી, પણ 'पूजास्वतेः प्राक्० ७.३.७२' સૂત્રથી સમાસાન્તનો નિષેધ થવાથી अ સમાસાન્ત ન થયો.

**(3) શંકા :-** ઘુટ્ પ્રત્યયો લાગતા पथी[B] શબ્દના ई નો આ સૂત્રથી आ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** આ સૂત્રમાં પૂર્વસૂત્રથી पथिन्-मथिन्-ऋभुक्षः પદની અનુવૃત્તિ આવે છે. હવે તે પદસ્થળે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી पथिन् અને मथिन् ના न् ના લોપની પ્રાપ્તિ છે. છતાં न् નો લોપ ન કરતા તેમનો न કારાન્ત નિર્દેશ કર્યો છે. તેના બળે न કારાન્ત એવા ૯ पथिन् વિગેરે શબ્દોના इ નો આ સૂત્રથી आ આદેશ થઈ શકે છે, न કારાન્તેતરનો નહીં. તેથી ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા न કારાન્તેતર पथी શબ્દના ई નો આ સૂત્રથી અમે આ આદેશ નથી કરતા.

અને વળી બીજું કારણ કહીએ તો અહીં पथिन् વિગેરેના હ્રસ્વ इ નો આ આદેશ કરવાની વાત કરી છે, જ્યારે पथी શબ્દસ્થળે તો દીર્ઘ ई છે. તેથી અમે આ સૂત્રથી पथी શબ્દના ई નો આ આદેશ નથી કરતા અને તેથી पथी + औ, पथी + जस् અને पथी + अम् અવસ્થામાં 'योऽनेकस्वरस्य २.१.५६' સૂત્રથી पथी ના ई નો य् આદેશ થવાથી पथ्य् + औ, पथ्य् + जस् અને पथ्य् + अम् અવસ્થાઓ પ્રાપ્ત થતા पथ्यौ, पथ्यः અને पथ्यम् પ્રયોગ સિદ્ધ થાય છે.

---

(A) (a) शोभनः पन्था येषु तानि = सुपथिन् (b) बहवो मन्थानो येषु तानि = बहुमथिन् (c) अविद्यमानः ऋभुक्षाः (= स्वामी) येषु तानि = अनृभुक्षिन्।

(B) * पन्थानमिच्छतीति क्यन् = पथिन् + क्यन्, * 'नं क्ये १.१.२२' → पथिन् ने પદ સંજ્ઞા, * 'नाम्नो नो० २.१.९१' → पथि + य = पथिय, * 'क्यनि ४.३.१०८' → पथीय (धातु), * पथीयतीति क्विप् = पथीय + क्विप्, * 'अतः ४.३.८२' → पथीय् + क्विप्, * 'य्वोः प्वय्० ४.४.१२१' → पथी + क्यन् (०) = पथी (नाम)।

(4) ઘુટ્ પ્રત્યયો ૭ પરમાં વર્તતા આ સૂત્રથી પથિન્ વિગેરેના ઇ નો આ આદેશ થાય એવું કેમ ?

| | (a) [A]સુપથી વને | (b) સુમથી કુલે |
|---|---|---|
| | સુપથિન્ + ઔ | સુમથિન્ + ઔ |
| * 'औरीः १.४.५६' → | સુપથિન્ + ઈ | સુમથિન્ + ઈ |
| * 'इन् डी० १.४.७९' → | સુપથ્ + ઈ | સુમથ્ + ઈ |
| | = સુપથી। | = સુમથી। |

| | (c) પથિભ્યામ્ | (d) મથિભ્યામ્ |
|---|---|---|
| | પથિન્ + ભ્યામ્ | મથિન્ + ભ્યામ્ |
| * 'नाम्नो नो० २.१.९१' → | પથિ + ભ્યામ્ | મથિ + ભ્યામ્ |
| | = પથિભ્યામ્। | = મથિભ્યામ્। |

અહીં સર્વત્ર ઘુટ્ પ્રત્યયો પરમાં ન હોવાથી નપુંસકલિંગ સુપથિન્ અને સુમથિન્ તેમજ પથિન્ અને મથિન્ ના ઇ નો આ સૂત્રથી આ આદેશ ન થયો ।।૭૭।।

## [1]થો ન્થ્ ।। ૧.૪.૭૮।।

**બૃ.વૃ.-'पथिन्, मथिन्' इत्येतयोर्नकारान्तयोस्थकारस्य स्थाने घुटि परे 'न्थ्' इत्ययमादेशो भवति। [2]तथैवोदाहृतम्। [3]घुटीत्येव? सुपथी, बहुपथी कुले, पथः पश्य ।।७८।।**

**સૂત્રાર્થ :-** ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન કારાન્ત પથિન્ અને મથિન્ શબ્દોના થ્ નો ન્થ્ આદેશ થાય છે.

**વિવરણ :- (1) શંકા :-** સૂત્રમાં 'થः' પદ કેમ મૂકો છો ? 'ન્થ્' આટલું જ સૂત્ર બનાવોને ?

**સમાધાન :-** 'ન્થ્' આટલું જ સૂત્ર બનાવવામાં આવે તો ન્થ્ આદેશ અનેક વર્ણવાળો હોવાથી 'अनेकवर्णः सर्वस्य ७.४.१०७' પરિભાષાનુસારે સંપૂર્ણ પથિન્-મથિન્ શબ્દોનો ન્થ્ આદેશ થવાની આપત્તિ આવે. તે ન આવે અને માત્ર પથિન્-મથિન્ ના થ્ નો જ ન્થ્ આદેશ થાય માટે સૂત્રમાં સ્થાની (આદેશી) નું સૂચક ષષ્ઠ્યન્ત 'થः' પદ મૂક્યું છે. તેમજ સૂત્રમાં જો સ્થાનિનું સૂચક 'થः' પદ ન મૂકવામાં આવે તો પૂર્વસૂત્રથી પથિન્, મથિન્ અને ઋભુક્ષિન્ આ ત્રણેની અનુવૃત્તિ સાથે જ ચાલતી હોવાથી 'अनेकवर्णः सर्वस्य ७.४.१०७' પરિભાષાનુસારે આ સૂત્રથી ઋભુક્ષિન્ શબ્દનો પણ ન્થ્ આદેશ થવાની આપત્તિ આવે અને જો સ્થાનિનું સૂચક 'થः' પદ સૂત્રમાં

(A) (a) शोभनः पन्था ययोस्ते = सुपथिन् (b) शोभनो मन्था ययोस्ते = सुमथिन्।

મૂકીએ તો પથિન્ વિગેરે શબ્દોનાં થ્ નો ર્ન્ય્ આદેશ પ્રાપ્ત થતા ઋભુક્ષિન્ શબ્દમાં થ્ ન હોવાથી તેનો ન્ય્ આદેશ નિવર્તન[A] પામે. આમ સૂત્રમાં 'થઃ' પદનું ઉપાદાન પથિન્ અને મથિન્ ના માત્ર થ્ નો ર્ન્ય્ આદેશ થાય તે માટે તેમર્ન્ય્ ન્ય્ આદેશ કરવાની બાબતમાં થ્ રહિત ઋભુક્ષિન્ શબ્દની નિવૃત્તિ થાય તે માટે કર્યું છે.

**(2)** આ સૂત્રને લગતા દૃષ્ટાંતો આગળનાં 'પથિન્-મથિન્-ઋભુક્ષઃ૦ ૧.૪.૭૬' અને 'એઃ ૧.૪.૭૭' સૂત્રમાં દર્શાવેલા પન્થાઃ, પન્થાનૌ, પન્થાનઃ, પન્થાનમ્, પન્થાનૌ તેમર્ન્ય્ મન્થાઃ, મન્થાનૌ, મન્થાનઃ, મન્થાનમ્, મન્થાનૌ વિગેરે સમર્ન્ય્વા. ત્યાં આ બધા પ્રયોગોની સાધનિકામાં 'થો ન્ય્ ૧.૪.૭૮' સૂત્રની પ્રવૃત્તિ દર્શાવી છે, તેથી દૃષ્ટાંતો ત્યાં જોઈ લેવા.

**(3)** ઘુટ્ પ્રત્યયો ર્ન્ય્ પરમાં વર્તતા આ સૂત્રથી પથિન્-મથિન્ ના થ્ નો ન્ય્ આદેશ થાય એવું કેમ ?

| **(a)** [B]**સુપથી** | **(b) બહુપથી કુલે** | **(c) પથઃ પશ્ય** |
|---|---|---|
| **સુપથિન્ + ઔ** | **બહુપથિન્ + ઔ** | **પથિન્ + શસ્** |
| ⁎ **'ઔરીઃ ૧.૪.૫૬'** → **સુપથિન્ + ઈ** | **બહુપથિન્ + ઈ** | ⁎ **'ઇન્ ઙી૦ ૧.૪.૭૯'** → **પથ્ + શસ્** |
| ⁎ **'ઇન્ ઙી૦ ૧.૪.૭૯'** → **સુપથ્ + ઈ** | **બહુપથ્ + ઈ** | ⁎ **'સો રુઃ ૨.૧.૭૨'** → **પથર્** |
| **= સુપથી।** | **= બહુપથી।** | ⁎ **'રઃ પદાન્તે૦ ૧.૩.૫૩'** → **પથઃ।** |

અહીં બધે ઘુટ્ પ્રત્યયો પરમાં ન હોવાથી નપુંસકલિંગ સુપથિન્ અને બહુપથિન્ શબ્દોના તેમર્ન્ય્ પથિન્ શબ્દના થ્ નો આ સૂત્રથી ન્ય્ આદેશ ન થયો ।।૭૮।।

## इन् ङी–स्वरे लुक् ।। १.४.७९।।

**बृ.वृ.–पथ्यादीनां नकारान्तानां ङीप्रत्यये अघुट्[1]स्वरादौ परे 'इन्' अवयवो लुक् भवति। सुपथी[2] स्त्री कुले वा, पथः, पथा, पथे, पथः २, पथोः २, पथाम्, पथि ; एवम्–सुमथी स्त्री कुले वा, मथः, मथा ; अनृभुक्षी सेना कुले वा ऋभुक्षः, ऋभुक्षा। अभेदनिर्देशः[3] सर्वादेशार्थः ।।७९।।**

**સૂત્રાર્થ :-** સ્ત્રીલિંગનો ઙી પ્રત્યય અને અઘુટ્ (= ઘુટ્ સિવાયના) સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા ન કારાન્ત પથિન્ , મથિન્ અને ઋભુક્ષિન્ નામોના ઇન્ અંશનો લોપ થાય છે.

(A) આ સૂત્રમાં ઋભુક્ષિન્ શબ્દની અનુવૃત્તિ અટકી નથી જતી પણ સૂત્રમાં "થઃ" પદ મૂક્યું હોવાથી થ કાર રહિત ઋભુક્ષિન્ આ સૂત્રની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત (બાકાત) થઈ જાય છે. બાકી જો તેની આ સૂત્રમાં અનુવૃત્તિ અટકી જાય તો પછી આગળના સૂત્રમાં તેની અનુવૃત્તિ ચાલી ન શકે. જ્યારે આગળના 'ઇન્ ઙી-સ્વરે૦ ૧.૪.૭૯' સૂત્રમાં તેની અનુવૃત્તિ તો ચાલે છે.

(B) (a) શોભનઃ પન્થા યયોસ્તે = સુપથિન્ (b) બહવઃ પન્થાનો યયોસ્તે = બહુપથિન્।

**સૂત્રસમાસ :-** ~~*ङीश्च~~ स्वरश्चैतयोः समाहारः = ङी-स्वरम् (स.द्व.)। तस्मिन् = ङी-स्वरे।

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રવર્તી સ્વરે પદથી તમે અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોને નિમિત્ત રૂપે શી રીતે ગ્રહણ કરી શકો ? ઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોનું નિમિત્ત રૂપે ગ્રહણ કરો ને ?

**સમાધાન :-** આ સૂત્રમાં નિમિત્ત રૂપે દર્શાવેલો સ્ત્રીલિંગનો ङी પ્રત્યય અઘુટ્ સ્વરાદિ પ્રત્યય હોવાથી ***'साहचर्याद् सदृशस्यैव'*** ન્યાયાનુસારે તાદશ ङी પ્રત્યયના સાહચર્યથી સૂત્રમાં સ્યાદિ પ્રત્યયો પણ તેને સદશ અઘુટ્ સ્વરાદિ જ પ્રાપ્ત થાય છે તેથી અમે સૂત્રવર્તી સ્વરે પદથી ઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોનું નિમિત્ત રૂપે ગ્રહણ ન કરતા અઘુટ્ સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોનું નિમિત્ત રૂપે ગ્રહણ કરીએ છીએ.

**શંકા :-** ङी પ્રત્યય જેમ અઘુટ્સ્વરાદિ પ્રત્યય છે તેમ તે અસ્યાદિ (સ્યાદિ સિવાયનો) પ્રત્યય પણ છે. તેથી તેના સાહચર્યથી સૂત્રમાં સ્વરે પદથી નિમિત્ત રૂપે ગૃહ્યમાણ પ્રત્યયો જેમ અઘુટ્સ્વરાદિ રૂપે પ્રાપ્ત થાય છે તેમ તેઓ અસ્યાદિ રૂપે પણ પ્રાપ્ત થાય. તેથી સ્યાદિ સિવાયના સ્વરાદિ પ્રત્યયો પરમાં હોય તો પણ આ સૂત્રથી પથિન્ વિગેરેના इन् અંશના લોપની આપત્તિ આવશે.

**સમાધાન :-** આ આપત્તિ નહીં આવે. કારણ આ સંપૂર્ણ પાદમાં 'अत आः स्यादौ० १.४.१' સૂત્રથી સ્યાદિનો અધિકાર ચાલે છે. તેથી ङी સિવાયના જે કોઈ પણ સ્વરાદિ પ્રત્યયો સૂત્રમાં નિમિત્ત રૂપે ગ્રહણ કરાશે તે સ્યાદિ સંજ્ઞક જ પ્રાપ્ત થશે, અન્ય નહીં. તેમજ બીજું કારણ કહીએ તો જો સૂત્રમાં સ્વરે પદથી સ્યાદિ સિવાયના સ્વરાદિ પ્રત્યયોનું પણ નિમિત્ત રૂપે ગ્રહણ કરવાનું હોય તો ङी પ્રત્યય પણ તેમાં સમાવિષ્ટ જ હોવાથી સૂત્રમાં ङी શબ્દનું ગ્રહણ કરી તેને અન્ય સ્વરાદિ પ્રત્યયોથી જુદો પાડી નિમિત્ત રૂપે દર્શાવવો વ્યર્થ ઠરે. તેથી સ્યાદિ સિવાયના સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી પથિન્ વિગેરેના इन् અંશનો લોપ નહીં થાય.

અથવા બીજી રીતે કહીએ તો જે સૂત્રમાં નિમિત્ત વિશેષનું ઉપાદાન ન કર્યું હોય તે સૂત્રમાં 'ઘુટિ ૧.૪.૬૮' આ પૂર્વ અધિકારસૂત્રથી ઘુટિ પદનો અધિકાર આવે. પણ આ સૂત્રમાં નિમિત્તવિશેષવાચી 'સ્વરે' પદનું ઉપાદાન કર્યું હોવાથી ઘુટિ પદનો અધિકાર નહીં આવે. તેથી અહીં સ્વરે પદથી અઘુટ્ સ્વરાદિ પ્રત્યયોનું નિમિત્ત રૂપે ગ્રહણ કર્યું છે.

**શંકા :-** ભલે આ સૂત્રમાં 'ઘુટિ ૧.૪.૬૮' સૂત્રથી ઘુટિ પદનો અધિકાર ન આવે, પણ આ સૂત્રમાં નિમિત્ત રૂપે અઘુટ્ સ્વરાદિ પ્રત્યયો જ પ્રાપ્ત થઈ શકે તે માટે તેવું કોઈ પદવિશેષ ન હોવાથી સૂત્રવર્તી 'સ્વરે' પદથી નિમિત્ત રૂપે ગ્રહણ કરાતા પ્રત્યયો સ્વરાદિ ઘુટ્ અને સ્વરાદિ અઘુટ્ બન્ને પ્રકારના ગ્રહણ થવા જોઈએ. તમે માત્ર અઘુટ્ સ્વરાદિ પ્રત્યયોને જ નિમિત્ત રૂપે ગ્રહણ કરો છો તે યુક્ત નથી.

**સમાધાન :-** આ સૂત્રમાં પથિન્ વિગેરેના ઇન્ અંશના લોપની વાત છે. પણ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા પથિન્ વિગેરેના ઇન્ અંશગત ઇ નો 'એઃ ૧.૪.૭૭' વિશેષસૂત્રથી આ આદેશ થાય છે. તેથી સ્વરાદિ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા પથિન્ વિગેરેનો ઇન્ અંશ બચતો જ નથી, તો આ સૂત્રથી તેનો લોપ શી રીતે થઈ શકે ? આ રીતે સ્વરાદિ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી પથિન્ વિગેરેના ઇન્ અંશના લોપની પ્રાપ્તિ ન હોવાથી અમે સ્વરાદિ અઘુટ્ પ્રત્યયોને નિમિત્ત રૂપે જ દર્શાવીએ છીએ તે યુક્ત જ છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

**(i) [A]સુપથી સ્ત્રી – * 'સ્ત્રિયાં નૃતો૰ ૨.૪.૧' → સુપથિન્ + ङी, * 'इन् ङी-स्वरे૰ ૧.૪.૭૯' → સુપથ્ + ङी = સુપથી + સિ, * 'दीर्घङ्याब्૰ ૧.૪.૪૫' → સુપથી સ્ત્રી।**

**(ii) સુપથી કુલે – * સુપથિન્ + ઔ, * 'औरीः ૧.૪.૫૬' → સુપથિન્ + ઈ, * 'इन् ङी-स्वरे૰ ૧.૪.૭૯' → સુપથ્ + ઈ = સુપથી કુલે।**

આ બન્ને સ્થળે સુપથિન્ શબ્દને 'ऋक्पूः पथ्यपो૰ ૭.૩.૭૬' સૂત્રથી અ સમાસાન્ત પ્રાપ્ત છે. પણ 'पूजास्वतेः૰ ૭.૩.૭૨[B]' સૂત્રથી અ સમાસાન્તનો નિષેધ થવાથી તે નહીં થાય. તેમ જ સુપથિન્ નામને 'इनः कच् ૭.૩.૧૭૦' સૂત્રથી ઇન્ અંતવાળા નામોને આશ્રયીને થતા કચ્ સમાસાન્તની પણ પ્રાપ્તિ છે. પણ સુપથિન્ ગત પથિન્[C] શબ્દ ઉણાદિ ગણનો ઇન્ પ્રત્યય લાગીને નિષ્પન્ન થયો હોવાથી ***'उणादयोऽव्युत्पन्नानि नामानि'*** ન્યાયાનુસારે તે અવ્યુત્પન્ન ગણાતા અર્થાત્ પથ્ ધાતુ અને ઇન્ પ્રત્યય આ પ્રમાણે પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ ન ગણાવાના કારણે તે ઇન્ પ્રત્યયાન્તથી ભિન્ન અખંડ નામ ગણાતા સુપથિન્ નામને 'इनः कच् ૭.૩.૧૭૦' સૂત્રથી ઇન્ અંતવાળા નામને આશ્રયીને થતો કચ્ સમાસાન્ત નહીં થાય અને જ્યારે ઉણાદિ નામો સંબંધી વ્યુત્પત્તિપક્ષનો સ્વીકાર કરવામાં આવે ત્યારે સુપથિન્ ગત પથિન્ નામ વ્યુત્પન્ન ગણાવાના કારણે અર્થાત્ પથ્ ધાતુ અને ઇન્ પ્રત્યય આમ પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ ગણાતા તે ઇન્ પ્રત્યયાન્ત નામ ગણાવાના કારણે સુપથિન્ નામને 'इनः कच् ૭.૩.૧૭૦' સૂત્રથી કચ્ સમાસાન્તની પ્રાપ્તિ આવે તો પણ 'सुभ्वादिभ्यः ૭.૩.૧૮૨' સૂત્રથી કચ્ સમાસાન્તનો નિષેધ થવાથી તેને કચ્ સમાસાન્ત નહીં થાય.

---

(A) (a) શોભનઃ પન્થા યસ્યાઃ સા = સુપથિન્ (સ્ત્રીલિંગ) (b) શોભનઃ પન્થા યયોસ્તે = સુપથિન્ (નપું.)।

(B) લઘુન્યાસમાં 'समासान्ताऽऽगम-संज्ञा-ज्ञापक-गण-नञ्निर्दिष्टान्यनित्यानि' ન્યાયાનુસારે સમાસાન્તવિધિ અનિત્ય ગણાવાના કારણે સુપથિન્ શબ્દને 'ऋक्पूः૰ ૭.૩.૭૬' સૂત્રથી અ સમાસાન્ત નહીં થાય એમ દર્શાવ્યું છે.

(C) પથ્ ધાતુને 'पथि-मन्थिभ्याम्૰ (उणा૰ ૯૨૬)' સૂત્રથી कित्-इन् પ્રત્યય લાગવાથી પથિન્ શબ્દ નિષ્પન્ન થયો છે.

| | (iii) पथः | (iv) पथा | (v) पथे | (vi) पथः |
|---|---|---|---|---|
| | पथिन् + शस् | पथिन् + टा | पथिन् + ङे | पथिन् + ङसि के ङस् |
| * 'इन् ङी० १.४.७९' → | पथ् + शस् | पथ् + टा | पथ् + ङे | पथ् + ङसि के ङस् |
| * 'सो रुः २.१.७२' → | पथर् | ↓ | ↓ | पथर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | पथः | | | पथः |
| | = पथः। | = पथा। | = पथे। | = पथः। |

| | (vii) पथोः | (viii) पथाम् | (ix) पथि |
|---|---|---|---|
| | पथिन् + ओस् | पथिन् + आम् | पथिन् + ङि |
| * 'इन् ङी० १.४.७९' → | पथ् + ओस् | पथ् + आम् | पथ् + ङि |
| * 'सो रुः २.१.७२' → | पथोर् | ↓ | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | पथोः | | |
| | = पथोः। | = पथाम्। | = पथि। |

शोभनः मन्था यस्याः सा (स्त्री.) ययोस्ते वा (नपुं.) = सुमथिन्, मथिन्, अविद्यमानः ऋभुक्षा यस्याः सा (स्त्री.) ययोस्ते वा (नपुं.) = अनृभुक्षिन् तेम०४ ऋभुक्षिन् शब्दोना बृहद्वृत्तिमां दर्शावेला सुमथी स्त्री कुले वा विगेरे प्रयोगोनी साधनिका उपर प्रमाणे समजवी.

**(3) शंका :-** आ सूत्रमां 'इनः लुक्' (इन् नो लोप थाय छे) आम भेदनिर्देश न करता 'इन् लुक्' (इन् लुक् थाय छे) आ प्रमाणे अभेद निर्देश केम कर्यो छे ?

**समाधान :-** जो 'इनः लुक्' आम भेदनिर्देश करवामां आवे तो 'षष्ठ्यान्त्यस्य ७.४.१०६' परिभाषानुसारे आ सूत्रथी पथिन् विगेरे नामोना इन् अंशना अंत्य अवयव न् नो ०४ लोप थवानी आपत्ति आवे. संपूर्ण इन् अंशनो लोप थई शके ते माटे सूत्रमां 'इन् लुक्' आ प्रमाणे अभेद निर्देश कर्यो छे ।।७९।।

## वोशनसो नश्चामन्त्र्ये[1] सौ ।। १.४.८०।।

**बृ.वृ.–आमन्त्र्येऽर्थे वर्तमानस्योशनस्-शब्दस्य सौ परे नकारो लुक् चान्तादेशौ वा भवतः। हे उशनन्[2]!, हे उशन!, पक्षे हे उशनः!। आमन्त्र्य[3] इति किम्? उशना। सौ[4] इति किम्? हे उशनसौ! ।।८०।।**

**सूत्रार्थ :-** आमन्त्र्य अर्थमां वर्तता उशनस् शब्दना अंत्य स् नो सि (सं.ओ.व.) प्रत्यय परमां वर्तता न् आदेश अने लोप विकल्पे थाय छे.

વિવરણ :- (1) સૂત્રવર્તી નશ્ચ સ્થળે નઃ પદથી પરમાં જે ચ છે તે બીજા કોઈ આદેશનો[A] સમુચ્ચય ન સંભવતા પૂર્વસૂત્રથી લુક્ પદનો સમુચ્ચય કરે છે. જેથી આ સૂત્રથી ઉશનસ્ ના અંત્ય સ્ નો ન્ આદેશ જેમ વિકલ્પે પ્રાપ્ત થાય છે તેમ લોપ આદેશ પણ વિકલ્પે પ્રાપ્ત થઈ શકે છે.

(2) દૃષ્ટાંત -

| (i) हे उशनन्! | (ii) हे उशन! |
|---|---|
| उशनस् + सि | उशनस् + सि |
| * 'वोशनसो० १.४.८०' → उशनन् + सि | * 'वोशनसो० १.४.८०' → उशन + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → हे उशनन्!। | * 'अदेतः स्यमो० १.४.४२'→ हे उशन!। |

(iii) हे उशनः! – * उशनस् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → उशनस्, * 'सो रुः २.१.७२' → उशनर्, * 'रः पदान्ते० १.३.५३' → हे उशनः!।

આ સૂત્રથી ઉશનસ્ ના સ્ નો ન્ આદેશ અને લોપ વિકલ્પે થાય છે. તેથી વિકલ્પપક્ષે જ્યારે ન્ આદેશ અને લોપ ન થાય ત્યારે ઉપરોક્ત સાધનિકા મુજબ हे उशनः ! પ્રયોગ સિદ્ધ થશે.

**શંકા :-** ***'सर्वविधिभ्यो लोपः'*** ન્યાયાનુસારે પર વિગેરે સઘળીએ વિધિઓ કરતા લોપ સૌથી બળવાન ગણાય છે. તેથી ઉશનસ્ + સિ અવસ્થામાં પર એવા આ સૂત્રથી ઉશનસ્ ના સ્ નો ન્ આદેશ પૂર્વે ન થતા 'દીર્ઘડ્યાબ્ ૧.૪.૪૫' સૂત્રથી પ્રાપ્ત બળવાન સિ પ્રત્યયનો લોપ પૂર્વે થવો જોઈએ. તેથી હવે નિમિત્તભૂત સિ પ્રત્યય પરમાં ન રહેવાથી આ સૂત્રથી તમે ઉશનસ્ ના સ્ નો ન્ આદેશ શી રીતે કરશો ?

**સમાધાન :-** 'દીર્ઘડ્યાબ્ ૧.૪.૪૫' સૂત્રથી સિ પ્રત્યયનો લુક્ આદેશ થાય છે. તેથી લુક્ થયેલા સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માનીને અમે આ સૂત્રથી ઉશનસ્ ના સ્ નો ન્ આદેશ કરીશું.

---

(A) સૂત્રવર્તી ચ કાર ન્ આદેશના વાચક નઃ પદથી પરમાં છે, તેથી ***'चकारो यस्मात् परः तत्सजातीयमेव समुच्चिनोति'*** ન્યાયાનુસારે તે અન્ય કોઈ આદેશનો સમુચ્ચય ન સંભવતા પૂર્વસૂત્રથી ન્ આદેશને સજાતીય લુક્ આદેશનો જ સમુચ્ચય કરે છે. જો આ ન્યાય ન હોત તો ચ કાર આદેશવાચી સિવાયના અન્ય કોઈ નિમિત્તવાચી પદનો પણ સમુચ્ચય કરી શકત.

**(3)** આમન્ત્ર્ય અર્થમાં ∽ વર્તતા ઉશનસ્ શબ્દના અંત્ય સ્ નો સિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી ન્ આદેશ અને લોપ વિકલ્પે થાય એવું કેમ ?

**(a) ઉશના – * ઉશનસ્ + સિ (પ્ર.એ.વ.), * 'ઋદુશનસ્૦ ૧.૪.૮૪' → ઉશનસ્ + ડા, * 'ડિત્યન્ત્ય૦ ૨.૧.૧૧૪' → ઉશન્ + ડા = ઉશના।**

અહીં ઉશનસ્ શબ્દ આમન્ત્ર્ય અર્થમાં ન વર્તતો હોવાથી પ્રથમા એકવચનનો સિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી તેના અંત્ય સ્ નો વિકલ્પે પ્રાપ્ત ન્ આદેશ અને લોપ ન થયો.

**(4)** સિ પ્રત્યય ∽ પરમાં હોય તો આમન્ત્ર્ય અર્થમાં વર્તતા ઉશનસ્ શબ્દના અંત્ય સ્ નો આ સૂત્રથી વિકલ્પે ન્ આદેશ અને લોપ થાય એવું કેમ ?

**(a) હે ઉશનસૌ – ઉશનસ્ + ઔ = હે ઉસનસૌ!।**

અહીં ઉશનસ્ શબ્દ આમન્ત્ર્ય અર્થમાં વર્તે છે. પણ તેની પરમાં સિ પ્રત્યય ન હોવાથી તેના અંત્ય સ્ નો વિકલ્પે ન્ આદેશ અને લોપ ન થયો ।।૮૦।।

## उतोऽनडुच्चतुरो वः ।। १.४.८१।।

**बृ.वृ.–'अनडुह् , चतुर्' इत्येतयोरामन्त्र्येऽर्थे वर्तमानयोरुकारस्य सौ[1] परे 'व' इति[2] सस्वरवकारादेशो भवति। हे अनड्वन्[3]!, हे प्रियानड्वन्!, हे अतिचत्वः!, हे प्रियचत्वः!। आमन्त्र्य[4] इत्येव? अनड्वान्, प्रियचत्वाः। सावित्येव[5]? हे अनड्वाहौ!, हे प्रियचत्वारः ।।८१।।**

**સૂત્રાર્થ :-** આમન્ત્ર્ય અર્થમાં વર્તતા અનડુહ્ અને ચતુર્ શબ્દના ઉ નો સિ (સં.એ.વ.) પ્રત્યય પરમાં વર્તતા સ્વર સહિત વ (અ સ્વર સહિતનો વ) આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ અનડ્વાંશ્ચ ચત્વારશ્ચૈતયોઃ સમાહારઃ = અનડુચ્ચતુ:[(A)] (સ.દ્વ.)। તસ્ય = અનડુચ્ચતુરઃ।

**વિવરણ :- (1) શંકા :-** આ સૂત્રમાં કોઈપણ નિમિત્તવિશેષનું વાચક પદ નથી મૂક્યું. હવે સૂત્રમાં નિમિત્તવિશેષના વાચક પદનો અભાવ હોય તો 'ઘુટિ ૧.૪.૬૮' અધિકારસૂત્રથી આ સૂત્રમાં ઘુટિ પદનો અધિકાર આવવો જોઈએ અને ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી અનડુહ્ અને ચતુર્ શબ્દોના ઉ નો વ આદેશ થવો જોઈએ. તો તમે માત્ર સંબોધન એકવચનનો સિ પ્રત્યય ∽ પરમાં વર્તતા આમન્ત્ર્ય અર્થમાં વર્તતા અનડુહ્ અને ચતુર્ શબ્દોના ઉ ના વ આદેશની વાત કેમ કરો છો ?

(A) * અનડુહ્ + ચતુઃ, * 'સ્રંસધ્વંસ૦ ૨.૧.૬૮' → અનડુદ્ + ચતુઃ, * 'અઘોષે પ્રથમો૦ ૧.૩.૫૦' → અનડુત્ + ચતુઃ, * 'તવર્ગસ્ય૦ ૧.૩.૬૦' → અનડુચ્ + ચતુઃ = અનડુચ્ચતુઃ।

**સમાધાન :-** અનડુહ્ અને ચતુર્ શબ્દોના ઉ નો શેષ ઘુટ્ પ્રત્યયો (= સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના અન્ય ઘુટ્ પ્રત્યયો) પરમાં વર્તતા 'વાઃ શેષે ૧.૪.૮૨' ઉત્તરસૂત્રથી વા આદેશ થાય છે. તેથી શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી તેમના ઉ નો વ આદેશ થવાની પ્રાપ્તિ જ નથી. તેથી વ આદેશ કરવા સંબોધન એકવચનનો સિ પ્રત્યય જ નિમિત્ત રૂપે શેષ રહેવાથી અમે સંબોધન એકવચનનો સિ પ્રત્યય જ પરમાં વર્તતા અનડુહ્ અને ચતુર્ શબ્દોના ઉ ના વ આદેશની વાત કરીએ છીએ.

**(2) શંકા :-** આ સૂત્રથી '(અ) સ્વર સહિતનો વ આદેશ થાય છે' આવું તમે શેના આધારે કહો છો ?

**સમાધાન :-** આ સૂત્રમાં જે વ આદેશનું વાચક વઃ પદ (અ) સ્વર સહિતના પ્રથમાન્તપદ રૂપે દર્શાવ્યું છે તેના આધારે તેમજ 'વાઃ શેષે ૧.૪.૮૨' ઉત્તરસૂત્રમાં દર્શાવેલો વા આદેશ પણ (આ) સ્વર સહિતનો થતો હોવાથી તેના આધારે અમે આ સૂત્રથી '(અ) સ્વર સહિતનો વ આદેશ થાય છે' એમ કહીએ છીએ.

**(3) <u>દૃષ્ટાંત</u> -**

| | | (i) हे अनड्वन् | (ii) हे प्रियानड्वन्! |
|---|---|---|---|
| | | अनडुह् + सि | प्रियानडुह् + सि |
| * 'उतोऽनडु० १.४.८१' | → | अनड्वह् + सि | प्रियानड्वह् + सि |
| * 'अनडुहः सौ १.४.७२' | → | अनड्वन्ह् + सि | प्रियानड्वन्ह् + सि |
| * 'दीर्घड्याब्० १.४.४५' | → | अनड्वन्ह् | प्रियानड्वन्ह् |
| * 'पदस्य २.१.८९' | → | हे अनड्वन्!। | हे प्रियानड्वन्!। |

બહુવ્રીહિસમાસ થવાના કારણે નિષ્પન્ન પ્રિયાનડુહ્ શબ્દનો વિગ્રહ પ્રિયા અનડ્વાહો યસ્ય સ આ પ્રમાણે બહુવચનાન્ત પદોને લઈને કરવો. અન્યથા જો પ્રિયઃ અનડ્વાન્ યસ્ય સ આમ એકવચનાન્ત પદોને લઈને વિગ્રહ કરવામાં આવે તો 'પુમન્ડુમન્૦ ૭.૧.૭૩' સૂત્રથી પ્રિયાનડુહ્ બહુવ્રીહિસમાસના અંતે કચ્ થવાનો પ્રસંગ આવે.

**શંકા :-** હે અનડુહિ ! પ્રયોગસ્થળે આમન્ત્ર્ય અર્થમાં વર્તતા સ્ત્રીલિંગના ડી પ્રત્યયાન્ત અનડુહિ શબ્દના ઉ નો સંબોધન એકવચનનો સિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી વ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** ડી પ્રત્યય વ્યવધાયક બને છે એટલા માટે અમે નથી કરતા.

**શંકા :-** ***'नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्***[A] ' ન્યાયાનુસારે ડી પ્રત્યય વ્યવધાયક ન બને. તેથી વ આદેશ કરવો જોઈએ.

---

(A) સૂત્રમાં કેવળ નામનો જ નિર્દેશ કર્યો હોય તો ત્યાં સ્ત્રીલિંગાદિ લિંગથી વિશિષ્ટ નામનું પણ ગ્રહણ થઈ શકે છે. અર્થાત્ તે તે સૂત્રોથી પ્રાપ્ત કાર્ય કરવામાં સ્ત્રીલિંગાદિ લિંગાશ્રિત ડી વિગેરે પ્રત્યયો વ્યવધાયક નથી બનતા.

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પણ અનડુહી શબ્દનો गौरादि गणपाठમાં ङी પ્રત્યયાન્ત રૂપે નિપાત કર્યો છે. અર્થાત્ गौरादि गणपाठમાં गौर, शबल વિગેરે બીજા બધા શબ્દો ङी પ્રત્યય ન લાગ્યો હોય તેવા દર્શાવ્યા છે અને પછી તેમને 'गौरादिभ्यो० २.४.१९' સૂત્રથી ङी પ્રત્યય લાગે છે. જ્યારે અનડુહી શબ્દ તો गौरादि गणपाठમાં જ ङी પ્રત્યયાન્ત રૂપે દર્શાવી દીધો છે. આમ ત્યાં અનડુહી શબ્દનું ङी પ્રત્યયાન્ત રૂપે નિપાતન કર્યું હોવાથી તેના બળે આ સૂત્રથી તેના उ નો व આદેશ નહીં થઈ શકે અને આ રીતે જ 'वाः शेषे १.४.८२' આ ઉત્તરસૂત્રથી તેના उ નો વા આદેશ પણ નહીં થઈ શકે.

| | | (iii) [(A)]हे अतिचत्वः! | (iv) हे प्रियचत्वः! |
|---|---|---|---|
| | | अतिचतुर् + सि | प्रियचतुर् + सि |
| * 'उतोऽनडु० १.४.८१' | → | अतिचत्वर् + सि | प्रियचत्वर् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | अतिचत्वर् | प्रियचत्वर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | हे अतिचत्वः!। | हे प्रियचत्वः!। |

**શંકા :-** અહીં चतुर् શબ્દના સમાસ અવસ્થાવાળા જ પ્રયોગો કેમ દર્શાવ્યા છે ?

**સમાધાન :-** કેવળ चतुर् શબ્દના પ્રયોગો બહુવચનમાં જ ચાલે, તેથી તેને આ સૂત્રમાં નિમિત્તરૂપે અપેક્ષિત સંબોધન એકવચનનો सि પ્રત્યય ન લાગી શકતા આ સૂત્રથી તેના उ નો व આદેશ ન થઈ શકે અને જો તેનો પૂર્વપદાર્થપ્રધાન અતિચતુર્ આમ તત્પુરૂષસમાસ તેમજ અન્યપદાર્થપ્રધાન પ્રિયચતુર્ આ પ્રમાણે બહુવ્રીહિસમાસ કરવામાં આવે તો તેમાં चतुर् શબ્દ ગૌણ પડી જવાથી પ્રધાન પૂર્વપદાર્થ કે અન્યપદાર્થની એકત્વ સંખ્યાની વિવક્ષામાં અતિચતુર્ અને પ્રિયચતુર્ શબ્દોથી પરમાં આ સૂત્રમાં નિમિત્ત રૂપે અપેક્ષિત સંબોધન એકવચનનો सि પ્રત્યય લાગી શકતો હોવાથી આ સૂત્રથી અતિચતુર્ અને પ્રિયચતુર્ ગત चतुर् ના उ નો व આદેશ થઈ શકે છે. તેથી અહીં चतुर् શબ્દના સમાસ અવસ્થાવાળા જ પ્રયોગો દર્શાવ્યા છે.

**શંકા :-** 'विशेषण-सर्वादि-संख्यं बहुव्रीहौ ३.१.१५०' સૂત્રાનુસારે બહુવ્રીહિસમાસમાં સંખ્યાવાચી શબ્દનો પૂર્વપદરૂપે નિપાત થાય. તેથી પ્રિયચતુર્ ને બદલે चतुर्प्रिय સામાસિકશબ્દ સિદ્ધ થવો જોઈએ ને ?

**સમાધાન :-** પ્રિય શબ્દ સિવાયના બીજા કોઈ શબ્દની સાથે चतुर् શબ્દનો બહુવ્રીહિસમાસ કરવાનો હોય તો બરાબર છે કે 'विशेषण-सर्वादि० ३.१.१५०' સૂત્રથી સમાસ અવસ્થામાં સંખ્યાવાચી चतुर् શબ્દનો પૂર્વપદ રૂપે નિપાત થાય. પણ બહુવ્રીહિસમાસમાં પ્રિય શબ્દનો પૂર્વપદ રૂપે નિપાત થાય તે માટે 'प्रियः ३.१.१५७' આ અપવાદસૂત્ર

(A) (a) चतुरः अतिक्रान्तः = अतिचतुर्। (b) प्रियाः चत्वारः यस्य स = प्रियचतुर्।

હોવાથી चतुर् શબ્દનો તેની સાથે બહુવ્રીહિ સમાસ કરવામાં આવતા તેનો (चतुर् શબ્દનો) પૂર્વપદ રૂપે નિપાત ન થઈ શકે. આથી અમે चतुर्प्रिय ન કરતા प्रियचतुर् સામાસિકશબ્દ સિદ્ધ કરીએ છીએ.

**(4)** આમન્ત્ય અર્થમાં ∅ વર્તતા अनडुह् અને चतुर् શબ્દના उ નો આ સૂત્રથી व આદેશ થાય એવું કેમ ?

| **(a) अनड्वान्** | | **(b) प्रियचत्वाः** |
|---|---|---|
| अनडुह् + सि | | प्रियचतुर् + सि |
| * 'वाः शेषे १.४.८२' → | अनड्वाह् + सि | * 'वाः शेषे १.४.८२' → प्रियचत्वार् + सि |
| * 'अनडुहः सौ १.४.७२' → | अनड्वान्ह् + सि | * 'दीर्घड्याब्० १.४.४५' → प्रियचत्वार् |
| * 'दीर्घड्याब्० १.४.४५' → | अनड्वान्ह् | * 'रः पदान्ते० १.३.५३' → प्रियचत्वाः। |
| * 'पदस्य २.१.८९' → | अनड्वान्। | |

અહીં अनडुह् અને प्रियचतुर् શબ્દો આમન્ત્ય અર્થમાં ન વર્તતા હોવાથી પ્રથમા એકવચનનો सि પ્રત્યય પરમાં વર્તતા તેમના उ નો આ સૂત્રથી व આદેશ ન થયો.

**(5)** આમન્ત્ય અર્થમાં વર્તતા अनडुह् અને चतुर् શબ્દના उ નો સંબોધન એકવચનનો सि પ્રત્યય ∅ પરમાં વર્તતા આ સૂત્રથી व આદેશ થાય એવું કેમ ?

| **(a) हे अनड्वाहौ!** | | **(b) हे प्रियचत्वारः!** |
|---|---|---|
| अनडुह् + औ | | प्रियचतुर् + जस् |
| * 'वाः शेषे १.४.८२' → | अनड्वाह् + औ | * 'वाः शेषे १.४.८२' → प्रियचत्वार् + जस् |
| | = हे अनड्वाहौ!। | * 'सो रुः २.१.७२' → प्रियचत्वारर् |
| | | * 'रः पदान्ते० १.३.५३' → हे प्रियचत्वारः!। |

અહીં આમન્ત્ય અર્થમાં વર્તતા अनडुह् અને प्रियचतुर् શબ્દોથી પરમાં સંબોધન એકવચનનો सि પ્રત્યય ન વર્તતા સંબોધન દ્વિવચન અને બહુવચનના અનુક્રમે औ અને जस् પ્રત્યયો પરમાં હોવાથી अनडुह् શબ્દ અને प्रियचतुर् ગત चतुर् શબ્દના उ નો આ સૂત્રથી व આદેશ ન થયો ।।૮૧।।

## वाः शेषे ।। १.४.८२।।

**बृ.वृ.–आमन्त्र्यार्थविहितात् सेरन्यो घुट् इह शेषः, तस्मिन् परे 'अनडुह्, चतुर्' इत्येतयोरुकारस्य 'वा' इत्याकारान्तो वकार आदेशो भवति। अनड्वान्[1], अनड्वाहौ, अनड्वाहः, अनड्वाहम्, अनड्वाहौ, प्रियानड्वांहि**

कुलानि ; प्रियचत्वाः, प्रियचत्वारौ, प्रियचत्वारः, प्रियचत्वारम्, प्रियचत्वारौ, चत्वारि, चत्वारः। शेष[2] इति किम्? हे प्रियानड्वन्!, हे प्रियचत्वः!। घुटी[3]त्येव? अनडुहः पश्य, चतुरः पश्य, प्रियानडुही कुले, प्रियचतुरी कुले। इह[4] शेषे घुटि वादेशविधानात् पूर्वत्रामन्त्र्ये सावित्ति संबध्यते ।।८२।।

---

**सूत्रार्थ :-** आमन्त्र्य अर्थमां वर्तता नामने लागता संबोधन એકવચનના सि प्रत्यय सिवायना बाकीना બધા घुट् प्रत्ययो शेष घुट् प्रत्ययो કહેવાય છે અને तादृश शेष घुट् प्रत्ययो પરમાં વર્તતા अनडुह् અને चतुर् शब्दना उ नो वा (= आ स्वर सहितनो वा) आदेश थाय छे.

विवरण :- (1) दृष्टांत -

| | (i) अनड्वान् | (ii) अनड्वाहौ | (iii) अनड्वाहः |
|---|---|---|---|
| | अनडुह् + सि | अनडुह् + औ | अनडुह् + जस् |
| * 'वाः शेषे १.४.८२' → | अनड्वाह् + सि | अनड्वाह् + औ | अनड्वाह् + जस् |
| * 'अनडुहः सौ १.४.७२' → | अनड्वान्ह् + सि | ↓ | ↓ |
| * 'दीर्घड्याब्० १.४.४५' → | अनड्वान्ह् | ↓ | ↓ |
| * 'पदस्य २.१.८९' → | अनड्वान् | ↓ | ↓ |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | अनड्वाहर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | ↓ | अनड्वाहः |
| | = अनड्वान्। | = अनड्वाहौ। | = अनड्वाहः। |

(iv) अनड्वाहम् – * अनडुह् + अम्, * 'वाः शेषे १.४.८२' → अनड्वाह् + अम्, = अनड्वाहम्।

(v) प्रियानड्वांहि कुलानि – * प्रिया अनड्वाहो येषां तानि = प्रियानडुह् + जस् के शस्, * 'नपुंसकस्य शिः १.४.५५' → प्रियानडुह् + शि, * 'वाः शेषे १.४.८२' → प्रियानड्वाह् + शि, * 'धुटां प्राक् १.४.६६' → प्रियानड्वान्ह् + शि, * 'शिड्ढेनुस्वारः १.३.४०' → प्रियानड्वांह् + शि = प्रियानड्वांहि कुलानि।

(vi) प्रियचत्वाः (vii) प्रियचत्वारौ (viii) प्रियचत्वारः

| | | | | |
|---|---|---|---|---|
| | | प्रियचतुर् + सि | प्रियचतुर् + औ | प्रियचतुर् + जस् |
| * 'वाः शेषे १.४.८२' | → | प्रियचत्वार् + सि | प्रियचत्वार् + औ | प्रियचत्वार् + जस् |
| * 'दीर्घड्याब्० १.४.४५' | → | प्रियचत्वार् | | ↓ |
| * 'सो रुः २.१.७२' | → | ↓ | | प्रियचत्वारर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | प्रियचत्वाः | | प्रियचत्वारः |
| | | = प्रियचत्वाः। | = प्रियचत्वारौ। | = प्रियचत्वारः। |

(ix) प्रियचत्वारम् – * प्रियचतुर् + अम्, * 'वाः शेषे १.४.८२' → प्रियचत्वार् + अम् = प्रियचत्वारम्।

(x) **चत्वारि** – चतुर् એ વિશેષણ શબ્દ છે, તેથી જ્યારે તે નપુંસકલિંગ વિશેષ્યાનુસારે નપુંસકલિંગ બહુવચનમાં વર્તતો હોય ત્યારે * चतुर् + जस् के शस्, * 'नपुंसकस्य शिः १.४.५५' → चतुर् + शि, * 'वाः शेषे १.४.८२' → चत्वार् + शि = चत्वारि।

(xi) **चत्वारः** – * चतुर् + जस्, * 'वाः शेषे १.४.८२' → चत्वार् + जस्, * 'सो रुः २.१.७२' → चत्वारर्, * 'रः पदान्ते० १.३.५३' → चत्वारः।

(2) શેષ ઘુટ્ પ્રત્યયો ૭૪ પરમાં વર્તતા આ સૂત્રથી अनडुह् અને चतुर् શબ્દના उ નો वा આદેશ થાય એવું કેમ ?

| | (a) हे प्रियानड्वन्! | | (b) हे प्रियचत्वः! |
|---|---|---|---|
| | प्रियानडुह् + सि | | प्रियचतुर् + सि |
| * 'उतोऽनडु० १.४.८१' | → प्रियानड्वह् + सि | * 'उतोऽनडु० १.४.८१' | → प्रियचत्वर् + सि |
| * 'अनडुहः सौ १.४.७२' | → प्रियानड्वन्ह् + सि | * 'दीर्घङ्याब्० १.४.४५' | → प्रियचत्वर् |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → प्रियानड्वन्ह् | * 'रः पदान्ते० १.३.५३' | → हे प्रियचत्वः!। |
| * 'पदस्य २.१.८९' | → हे प्रियानड्वन्!। | | |

અહીં બન્ને સ્થળે પરમાં રહેલો સંબોધન એકવચનનો સિ પ્રત્યય ઘુટ્ સંજ્ઞક છે. પણ તે શેષ ઘુટ્ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી આમન્ત્ર્ય અર્થમાં વર્તતા પ્રિયાનડુહ્ અને પ્રિયચતુર્ શબ્દોના ઉ નો વા આદેશ ન થયો.

**(3)** આ સૂત્રથી અનડુહ્ અને ચતુર્ શબ્દના ઉ નો વા આદેશ કરવા માટે પરમાં રહેલા સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના શેષ સ્યાદિપ્રત્યયો ઘુટ્ સંજ્ઞક જ હોવા જોઈએ એવું કેમ ?

| | (a) अनडुहः पश्य | (b) चतुरः पश्य |
|---|---|---|
| | अनडुह् + शस् | चतुर् + शस् |
| * 'सो रुः २.१.७२' → | अनडुहर् | चतुरर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | अनडुहः पश्य। | चतुरः पश्य। |

| | (c) प्रियानडुही कुले | (d) प्रियचतुरी कुले |
|---|---|---|
| | प्रियानडुह् + औ | प्रियचतुर् + औ |
| * 'औरीः १.४.५६' → | प्रियानडुह् + ई | प्रियचतुर् + ई |
| | = प्रियानडुही कुले। | = प्रियचतुरी कुले। |

અહીં અનડુહ્ અને ચતુર્ શબ્દથી પરમાં રહેલો शस् પ્રત્યય તેમજ નપુંસકલિંગ પ્રિયાનડુહ્ અને પ્રિયચતુર્ શબ્દથી પરમાં રહેલો औ પ્રત્યય સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયનો શેષ સ્યાદિ પ્રત્યય છે. પણ તે ઘુટ્ સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી અનડુહ્ વિગેરેના ઉ નો વા આદેશ ન થયો.

**(4)** આ સૂત્રમાં સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા અનડુહ્ અને ચતુર્ શબ્દોના ઉ ને વા આદેશનું વિધાન કર્યું છે. તેથી આ સૂત્રમાં નિમિત્ત રૂપે ન અપેક્ષાતો સંબોધન એકવચનનો ઘુટ્ સિ પ્રત્યય જ 'उतोऽनडु० १.४.८१' પૂર્વસૂત્રમાં નિમિત્ત રૂપે ઉપસ્થિત થાય છે ।।૮૨।।

## सख्युरितोऽशावैत्[1] ।। १.४.८३।।

**बृ.वृ.–सखिशब्दस्येकारान्तस्य तत्सम्बन्धिन्यन्यसम्बन्धिनि वा शिवर्जिते शेषे घुटि परे ऐकारोऽन्तादेशो भवति। सखायौ[2], सखायः, सखायम्, सखायौ, हे सखायौ!, हे सखायः!, सुसखायौ, प्रियसखायः। अशाविति[3] किम्? अतिसखीनि, प्रियसखीनि कुलानि तिष्ठन्ति पश्य वा। इत[4] इति किम्? इमे सख्यौ, सखीयतीति क्यनि क्विपि–सख्यौ, सख्यः। घुटीत्येव[5]? सखीन्, सख्या। शेष[6] इत्येव? हे सखे!। इदमेवेद्ग्रहणं ज्ञापयति–'* नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् *' '* एकदेशविकृतमनन्यवद् *' इति च ।।८३।।[7]**

---

**सूत्रार्थ :-** इ કારान्त सखि શબ્દના અંત્ય વર્ણ (इ) નો તેના સંબંધી કે અન્યસંબંધી शि સિવાયના શેષ (સંબોધન એકવચનના सि પ્રત્યય સિવાયના) घुट् પ્રત્યયો પરમાં વર્તતા ऐ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ न शिः = अशिः (नञ्. तत्.)। तस्मिन् = अशौ।

**विवरण :- (1) शंका :-** આ સૂત્રથી सखि શબ્દના इ નો ऐ આદેશ કર્યા બાદ પરમાં રહેલા शि સિવાયના શેષ સ્વરાદિ[A] घुट् પ્રત્યયોના નિમિત્તે 'एदैतो० १.२.२३' સૂત્રથી તે ऐ આદેશનો आय् આદેશ થવાનો ∽ છે. તેથી પ્રક્રિયા લાઘવાર્થે સૂત્રમાં ऐ આદેશના બદલે સીધેસીધો आय् આદેશ ∽ દર્શાવવો જોઈએ. તેથી સૂત્ર 'सख्युरितोऽशावैत्' ને બદલે आय् આદેશને દર્શાવતું 'सख्युरितोऽशावाय्' બનાવો ને ? ऐत् પદ શા માટે મૂકો છો ?

**समाधान :-** જો આ સૂત્રમાં आय् આદેશ દર્શાવવામાં આવે તો તે અનેકવર્ણી હોવાથી 'अनेकवर्णः सर्वस्य ७.४.१०७' પરિભાષાનુસારે આ સૂત્રથી સંપૂર્ણ सखि શબ્દનો आय् આદેશ થવાની આપત્તિ આવે છે. આથી आय् આદેશ ન દર્શાવતા ऐ આદેશ દર્શાવ્યો છે.

**शंका :-** સૂત્રમાં आय् આદેશ દર્શાવશો તો પણ ***'निर्दिष्यमानस्यैवाऽऽदेशाः स्युः***[B]' ન્યાયાનુસારે આ સૂત્રથી સંપૂર્ણ सखि શબ્દનો आय् આદેશ ન થતા તેના इ નો ∽ आय् આદેશ થશે. તેથી आय् આદેશ દર્શાવવો જોઈએ.

**समाधान :-** સૂત્રવર્તી 'सख्युरितो' પદોનો 'सखि શબ્દના इ નો' આ પ્રમાણે અર્થ કરી તમે સૂત્રમાં આદેશાર્થે सखि શબ્દના इ નો નિર્દેશ કર્યો હોવાથી ***'निर्दिश्यमानस्यैव०'*** ન્યાયાનુસારે इ નો ∽ आय् આદેશ થશે, આવી ∽ શંકા કરો છો તે યુક્ત નથી. કારણ એકસરખી વિભક્તિમાં રહેલા સૂત્રવર્તી ષષ્ઠ્યન્ત सख्युः પદ અને इतः પદ પૈકીનું सख्युः

---

(A) પ્રથમા એકવચનનો सि પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી सखि શબ્દના इ નો ऐ આદેશ પ્રાપ્ત નથી. પણ 'ऋदुशनस्० १.४.८४' સૂત્રથી सि પ્રત્યયનો डा આદેશ વિગેરે અન્યકાર્યો પ્રાપ્ત છે. તેથી આ સૂત્રમાં शि સિવાયના શેષ સ્વરાદિ औ, जस्, अम् અને औ આ घुट् પ્રત્યયો ∽ નિમિત્ત રૂપે ઉપસ્થિત થાય છે.

(B) સૂત્રમાં નિર્દેશ કરાતા શબ્દોનો ∽ આદેશ થાય.

પદ વિશેષ્ય હોવાથી અને इतः પદ તેનું વિશેષણ હોવાથી 'सख्युरितो' પદોનો અર્થ 'सखि શબ્દના इ નો' આ પ્રમાણે ન થતા 'इ કારાન્ત सखि શબ્દનો' આવો થાય છે અને 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાનુસારે પછી सखि શબ્દના અંત્યવર્ણનો (इ નો) આ સૂત્રથી ऐ આદેશ પ્રાપ્ત થાય છે. તેથી આ સૂત્રમાં આદેશાર્થે सखि શબ્દના इ નો નિર્દેશ કર્યો જ નથી કે જેથી તમે ***'निर्दिश्यमानस्यैव०'*** ન્યાયાનુસારે सखि શબ્દનાં इ નો જ आय् આદેશ થશે આવી વાત કરી શકો. તો હવે સૂત્રમાં જો आय् આદેશ દર્શાવવામાં આવે તો 'षष्ठ्यान्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાના અપવાદભૂત 'अनेकवर्णः सर्वस्य ૭.૪.૧૦૭' પરિભાષાથી સંપૂર્ણ सखि શબ્દનો आय् આદેશ થવાની આપત્તિ વર્તતી હોવાથી અમે સૂત્રમાં ऐ આદેશ દર્શાવ્યો છે.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | (i) सखायौ | (ii) सखायः | (iii) सखायम् |
|---|---|---|---|
| | सखि + औ | सखि + जस् | सखि + अम् |
| * 'सख्युरितो० १.४.८३' → | सखै + औ | सखै + जस् | सखै + अम् |
| * 'एदैतो० १.२.२३' → | सखाय् + औ | सखाय् + जस् | सखाय् + अम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | सखायर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | सखायः | ↓ |
| | = सखायौ। | = सखायः। | = सखायम्। |

| | (iv) सखायौ | (v) हे सखायौ! | (vi) हे सखायः |
|---|---|---|---|
| | सखि + औ | सखि + औ | सखि + जस् |
| * 'सख्युरितो० १.४.८३' → | सखै + औ | सखै + औ | सखै + जस् |
| * 'एदैतो० १.२.२३' → | सखाय् + औ | सखाय् + औ | सखाय् + जस् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | सखायर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | ↓ | सखायः |
| | = सखायौ। | = हे सखायौ!। | = हे सखायः!। |

पूजितौ सखायौ = सुसखायौ અને प्रियाः सखायो येषां ते = प्रियसखायः પ્રયોગોની સાધનિકા અનુક્રમે सखायौ અને सखायः પ્રયોગ પ્રમાણે સમજવી. તેમજ सखि શબ્દથી પરમાં પ્રથમા એકવચનનો सि પ્રત્યય વર્તતા 'ऋदुशनस्० ૧.૪.૮૪' સૂત્રથી વિશેષવિધિ પ્રાપ્ત હોવાથી આ સૂત્રમાં પ્રથમા એકવચનના सि પ્રત્યયને આશ્રયીને દૃષ્ટાંત નથી દર્શાવ્યું.

(3) शि સિવાયના ૭૪ શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા સખિ શબ્દના અંત્યનો ऐ આદેશ થાય એવું કેમ ?

| | (a) [A]अतिसखीनि | (b) प्रियसखीनि कुलानि |
|---|---|---|
| | अतिसखि + जस् के शस् | प्रियसखि + जस् के शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | अतिसखि + शि | प्रियसखि + शि |
| * 'स्वराच्छौ १.४.६५' → | अतिसखिन् + शि | प्रियसखिन् + शि |
| * 'नि दीर्घः १.४.८५' → | अतिसखीन् + शि | प्रियसखीन् + शि |
| | = अतिसखीनि। | = प्रियसखीनि कुलानि। |

આ બન્ને સ્થળે આ સૂત્રમાં નિમિત્ત રૂપે નિષેધેલો शि પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી નપુંસકલિંગ અતિસખિ અને પ્રિયસખિ શબ્દોના અંત્યનો (इ નો) ऐ આદેશ ન થયો.

**शंका :-** સૂત્રમાં शि પ્રત્યયનું વર્જન ન કરવામાં આવે તો પણ અતિસખિ + शि વિગેરે અવસ્થાઓમાં એક સાથે આ સૂત્રથી અતિસખિ વિગેરેના इ નો ऐ આદેશ અને 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી અતિસખિ વિગેરેના અંતે न् આગમ થવાની પ્રાપ્તિ વર્તતા ***'आदेशादागमः***[B]*'* ન્યાયાનુસારે न् આગમ પૂર્વે થશે અને પછી અતિસખિન् + शि વિગેરે અવસ્થા પ્રાપ્ત થતા તે न् આગમ અતિસખિ વિગેરેના इ અને शि પ્રત્યયની વચ્ચે વ્યવધાયક બનતા આ સૂત્રથી અતિસખિ વિગેરેના इ નો ऐ આદેશ નહીં થઈ શકે. તેથી સૂત્રમાં शि પ્રત્યયને વર્જવાની કોઈ ૭૪રૂર નથી.

**समाधान :-** આ સૂત્ર सखायौ વિગેરે પ્રયોગસ્થળે સાવકાશ (સાર્થક) છે અને 'स्वराच्छौ १.४.६५' સૂત્ર कुण्डानि વિગેરે પ્રયોગસ્થળે સાવકાશ છે. આ રીતે અન્યત્ર સાવકાશ આ બન્ને સૂત્રો સ્પર્ધ બનવાથી ***'आदेशादागमः'*** ન્યાયથી न् આગમ પૂર્વે ન થતા 'स्पर्धे ७.४.११९' પરિભાષાનુસારે પર એવા આ સૂત્રથી અતિસખિ વિગેરેના इ નો ऐ આદેશ પૂર્વે થવાની પ્રાપ્તિ આવે છે. આમ शि પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી અતિસખિ વિગેરેના इ નો ऐ આદેશ ન થઈ જાય તે માટે સૂત્રમાં शि પ્રત્યયનું વર્જન ૭૪રૂરી છે.

**शंका :-** પર હોવાથી પૂર્વે આ સૂત્રથી અતિસખિ વિગેરેના इ નો ऐ આદેશ થઈ જાય તો પણ અતિસખै + शि વિગેરે અવસ્થાઓમાં 'क्लिबे २.४.९७' સૂત્રથી નપુંસકલિંગ અતિસખै વિગેરેના અંત્યસ્વર ऐ નો હ્રસ્વ इ આદેશ થવાથી પુનઃ અતિસખિ + शि વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી न् આગમ અને 'नि दीर्घः १.४.८५' સૂત્રથી અતિસખિન् વિગેરેના न् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી અતિસખીનિ વિગેરે પ્રયોગો ૭૪ સિદ્ધ થવાના છે. તો જે કોઈ અનિષ્ટપ્રયોગો સિદ્ધ ન થતા હોય તો શા માટે સૂત્રમાં शि પ્રત્યયનું વર્જન કરવું પડે ?

---

(A) (a) पूजितः सखा येषु (कुलेषु) तानि = अतिसखीनि (b) प्रियाः सखायः येषां तानि = प्रियसखीनि कुलानि. કેટલાક દૃષ્ટાંત સ્થળે સખિ શબ્દ નપુંસકલિંગ રૂપે પણ જોવા મળે છે.

(B) આદેશ કરતા આગમ બળવાન છે. અર્થાત્ બળવાન એવો તે પૂર્વે થાય.

**સમાધાન :-** અતિસખૈ + શિ વિગેરે અવસ્થાઓમાં આ સૂત્રથી થયેલો ઐ આદેશ ઘુટ્ શિ પ્રત્યયના નિમિત્તે થતો હોવાથી પ્રત્યયાશ્રિત તે બહિરંગ કહેવાય અને કોઈપણ પ્રત્યયની નિમિત્ત રૂપે અપેક્ષા ન રાખતા 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી અતિસખૈ વિગેરેના અંત્યસ્વર ઐ નો હ્રસ્વ ઇ આદેશ કરવો એ પ્રકૃતિ આશ્રિત કાર્ય હોવાથી તે અંતરંગ કાર્ય કહેવાય. તો અતિસખૈ + શિ વિગેરે અવસ્થાઓમાં 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી અંતરંગ હ્રસ્વ ઇ આદેશ કરવાની અવસ્થામાં ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे***[A]***'*** ન્યાયાનુસારે અતિસખૈ વિગેરે સ્થળે આ સૂત્રથી થયેલો બહિરંગ ઐ આદેશ અસિદ્ધ થવાના કારણે અર્થાત્ તે ઐ સ્વરૂપે હોવા છતાં પણ ઇ આ પ્રમાણેની પૂર્વાવસ્થાવાળો મનાવાના કારણે 'क्लिबे ૨.૪.૯૭' સૂત્રથી અતિસખૈ વિગેરેના અંત્યસ્વર ઐ નો હ્રસ્વ આદેશ ન થઈ શકે. તેથી અનિષ્ટપ્રયોગો સિદ્ધ થવાની આપત્તિ વર્તતા સૂત્રમાં શિ પ્રત્યયનું વર્જન કરવું આવશ્યક છે.

**શંકા :-** ભલે, છતાં પણ સૂત્રમાં શિ પ્રત્યયનું વર્જન ન કરવામાં આવતા અતિસખિ + શિ વિગેરે અવસ્થાઓમાં આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ કરતા પૂર્વે પણ 'स्वराच्छौ ૧.૪.૬૫' સૂત્રથી ન્ આગમની પ્રાપ્તિ હોવાથી અને ઐ આદેશ કર્યા પછી પણ ન્ આગમની પ્રાપ્તિ હોવાથી ***'कृताकृतप्रसङ्गी'*** ન્ આગમ નિત્ય ગણાય. તેથી 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાનુસારે પર એવા આ સૂત્રથી પૂર્વે ઐ આદેશ ન થઈ શકતા ***'परान्नित्यम्***[B]***'*** ન્યાયાનુસારે બળવાન હોવાના કારણે નિત્ય ન્ આગમ ૭૪ પૂર્વે થશે. માટે અતિસખિન્ + શિ વિગેરે અવસ્થાઓ પ્રાપ્ત થતા ન્ આગમ વ્યવધાયક બનવાના કારણે આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ ન થઈ શકતા સૂત્રમાં શિ પ્રત્યયને વર્જવાની કોઈ ૭૪૩૨ નથી.

**સમાધાન :-** આ વાત બરાબર નથી કારણ ૭૪મ તમે ન્ આગમને નિત્ય ગણાવો છો તેમ આ સૂત્રથી થતો ઐ આદેશ પણ નિત્ય ગણાય. તે આ રીતે - અતિસખિ + શિ વિગેરે અવસ્થામાં 'स्वराच्छौ ૧.૪.૬૫' સૂત્રથી અતિસખિ વિગેરેના અંતે ન્ આગમ કરતા પૂર્વે પણ આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ થવાની પ્રાપ્તિ છે અને ન્ આગમ અતિસખિ વિગેરે પ્રકૃતિને આશ્રયીને થયો હોવાથી તે અતિસખિ વિગેરે પ્રકૃતિનો અવયવ ગણાતા ***'स्वाङ्गमव्यवधायी***[C]***'*** ન્યાયાનુસારે ન્ આગમ આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ કરવા રૂપ કાર્યમાં વ્યવધાયક ન બનતા ન્ આગમ કર્યા પછી પણ આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ થવાની પ્રાપ્તિ છે. આથી આ સૂત્રથી થતો ***'कृताकृतप्रसङ्गी'*** ઐ આદેશ પણ નિત્ય ગણાય. આમ બન્ને વિધિઓ નિત્ય હોવાથી નિત્યતાને આશ્રયીને બળવત્તાનો નિશ્ચય કરવો અશક્ય હોવાથી કયા સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે કરવી એ પ્રશ્ન વર્તતા 'स्पर्धे ૭.૪.૧૧૯' પરિભાષાનુસારે પર એવા આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ કરવા રૂપ વિધિ ૭૪ પૂર્વે થવાની પ્રાપ્તિ આવે છે. તેથી શિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી અતિસખિ વિગેરેના ઇ નો ઐ આદેશ ન થઈ જાય તે માટે સૂત્રમાં શિ પ્રત્યયનું વર્જન ૭૪૩રી છે.

---

(A) અંતરંગકાર્ય કરવાનું હોય ત્યારે પૂર્વે થયેલું બહિરંગકાર્ય અસિદ્ધ થાય છે.

(B) પરવિધિ કરતા નિત્યવિધિ બળવાન ગણાય. અર્થાત્ બળવાન એવી તે પૂર્વે થાય.

(C) પોતાનું અંગ (અવયવ) પોતાનું (અંગીનું = અવયવીનું) વ્યવધાયક ન બને.

**(4)** હ્રસ્વ ઇ કારાન્ત જ સખિ શબ્દના અંત્યનો આ સૂત્રથી ઐ આદેશ થાય એવું કેમ ?

| (a) [A]इमे सख्यौ | (b) सख्यौ | (c) सख्यः |
|---|---|---|
| सखी + औ | सखी + औ | सखी + जस् |
| * 'इवर्णादेरस्वे० १.२.२१' → सख्य् + औ | * 'योऽनेकस्वरस्य २.१.५६' → सख्य् + औ | सख्य् + जस् |
| = सख्यौ। | * 'सो रुः २.१.७२' → | सख्यर् |
| | * 'रः पदान्ते० १.३.५३' → | सख्यः |
| | = सख्यौ। | = सख्यः। |

આ ત્રણે સ્થળે સખી શબ્દ દીર્ઘ ઈ કારાન્ત હોવાથી તેના ઈ નો ઐ આદેશ ન થયો.

**(5)** શિ સિવાયના શેષ સ્યાદિ પ્રત્યયો ઘુટ્ સંજ્ઞક જ હોય તો આ સૂત્રથી ઇ કારાન્ત સખિ શબ્દના અંત્યનો ઐ આદેશ થાય એવું કેમ ?

**(a) सखीन् – * सखि + शस्, * 'शसोऽता० १.४.४९' → सखीन्।**

**(b) सख्या – * सखि + टा, * 'न ना ङिदेत् १.४.२७' → સખિ થી પરમાં રહેલા ટા પ્રત્યયના ના આદેશનો નિષેધ, * 'इवर्णादे० १.२.२१' → सख्य् + टा = सख्या।**

અહીં શિ સિવાયના શેષ સ્યાદિ શસ્ અને ટા પ્રત્યયો પરમાં છે, પણ તેઓ ઘુટ્ સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી સખિ શબ્દના ઇ નો ઐ આદેશ ન થયો.

**(6)** આ સૂત્રથી સખિ શબ્દના અંત્યનો ઐ આદેશ કરવા પરમાં રહેલા શિ સિવાયના ઘુટ્ પ્રત્યયો શેષ ઘુટ્ પ્રત્યયો જ હોવા જોઈએ અર્થાત્ સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના જ ઘુટ્ પ્રત્યયો હોવા જોઈએ એવું કેમ?

**(a) हे सखे! – * सखि + सि, * 'ह्रस्वस्य गुणः १.४.४१' → हे सखे!।**

અહીં સખિ શબ્દથી પરમાં શિ સિવાયનો ઘુટ્ પ્રત્યય છે. પણ તે શેષ ઘુટ્ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી સખિ શબ્દના ઇ નો ઐ આદેશ ન થયો.

---

(A) इमे सख्यौ પ્રયોગસ્થળે 'नारी-सखीपङ्गू० २.४.७६' સૂત્રથી ङी પ્રત્યયાન્ત રૂપે નિપાતન કરાયેલો सखी શબ્દ છે. જ્યારે सख्यौ અને सख्यः પ્રયોગ સ્થળે * 'अमाव्ययात्० ३.४.२३' → सखि + क्यन्, * 'दीर्घश्चि० ४.३.१०८' → सखी + क्यन् = सखीय, * 'क्विप् ५.१.१४८' → सखीय + क्विप्, * 'अतः ४.३.८२' → सखीय् + क्विप्, * 'य्वोः प्वय्० ४.४.१२१' → सखी + क्विप् (०) = सखी શબ્દ છે.

(7) શંકા :- સૂત્રમાં હ્રસ્વ ઇ કારાન્ત સખિ શબ્દનું ઉપાદાન કર્યું હોવાથી દીર્ઘ ઈ કારાન્ત સખી શબ્દનું ગ્રહણ શક્ય જ નથી. તો હ્રસ્વ ઇ કારાન્ત જ સખિ શબ્દનું ગ્રહણ કરાવવા સૂત્રમાં इतः પદ કેમ મૂકો છો ?

**સમાધાન :-** ***'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्'*** ન્યાયાનુસારે સૂત્રમાં જે નામનું કાર્ય કરવા માટે ગ્રહણ કર્યું હોય તે નામ સ્ત્રીલિંગાદિ લિંગ સંબંધી ङी વિગેરે પ્રત્યયોથી વિશિષ્ટ હોય તો પણ તેનું સૂત્રમાં કાર્યાર્થે ગ્રહણ થઈ શકે છે. આ સૂત્રમાં જો इतः પદ ન મૂકીએ તો ઐ આદેશ રૂપ કાર્ય કરવા માટે સૂત્રમાં 'नारी-सखी-पङ्गू० २.४.७६' સૂત્રથી સ્ત્રીલિંગના ङी પ્રત્યયાન્ત રૂપે નિપાતન કરાયેલા દીર્ઘ ઈ કારાન્ત સખી શબ્દનું પણ ગ્રહણ થવાની આપત્તિ આવે છે. તેમજ ***'एकदेशविकृतमनन्यवत्'*** ન્યાયાનુસારે સખિ શબ્દને क्यन् અને क्विप् પ્રત્યય લાગવાના કારણે નિષ્પન્ન દીર્ઘ ઇ કારાન્ત સખી શબ્દ હ્રસ્વ ઇ કારાન્ત સખિ શબ્દ કરતા એક દેશે કરીને જ વિકૃત હોવાથી તે હ્રસ્વ ઇ કારાન્ત સખિ શબ્દસદૃશ મનાતા સૂત્રમાં ઐ આદેશ રૂપ કાર્ય કરવા માટે દીર્ઘ ઈ કારાન્ત સખી શબ્દનું પણ ગ્રહણ થવાની આપત્તિ આવે છે. તો આ સૂત્રમાં કાર્યાર્થે દીર્ઘ ઈ કારાન્ત સખી શબ્દનું ગ્રહણ ન થતા માત્ર હ્રસ્વ ઇ કારાન્ત સખિ શબ્દનું જ ગ્રહણ થાય તે માટે इतः પદ મૂક્યું છે. સૂત્રનિર્દિષ્ટ इतः પદ જ ***'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्'*** ન્યાય અને ***'एकदेशविकृतमनन्यवत्'*** ન્યાયના અસ્તિત્વનું જ્ઞાપન કરે છે. અર્થાત્ इतः પદના કારણે ખબર પડે છે કે આવા કોઈ ન્યાયો છે ।।૮૩।।

## ऋदुशनस्–पुरुदंशोऽनेहसश्च सेर्डा ।। १.४.८४ ।।

**बृ.वृ.–ऋकारान्ताद् 'उशनस्, पुरुदंशस्, अनेहस्' इत्येतेभ्यः सख्युरितश्च परस्य शेषस्य सेः स्थाने 'डा'[(1)] इत्ययमादेशो भवति। पिता[(2)], अतिपिता, कर्ता, उशना, पुरुदंशा, अनेहा, सखा, अत्युशना, प्रियपुरुदंशा, अत्यनेहा, किंसखा, सुसखा, प्रियसखा। सख्युरित इत्येव[(3)]? इयं सखी, सखीयतेः क्विप्–सखीः। सेरिति किम्[(4)]? उशनसौ, सखायौ। शेषस्येत्येव[(5)]? हे कर्तः!, हे उशनन्!, हे उशन!, हे उशनः!, हे पुरुदंशः!, हे अनेहः!, हे सखे! ।।८४।।**

**સૂત્રાર્થ :-** ઋ કારાન્ત નામ, उशनस्, पुरुदंशस्, अनेहस् અને ઇ કારાન્ત સખિ નામથી પરમાં રહેલા શેષ (સંબોધન એકવચનના सि પ્રત્યય સિવાયના) सि પ્રત્યયના સ્થાને डा આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ ऋत् च उशना च पुरुदंशा च अनेहा चैतेषां समाहारः = ऋदुशनस्-पुरुदंशोऽनेहा (स.द्व.)। तस्मात्[(A)] = ऋदुशनस्-पुरुदंशोऽनेहसः।

**વિવરણ :-** **(1)** ઋ કારાન્ત નામોના ઋ નો 'अर्डौ च १.४.३९' સૂત્રથી अर् આદેશ પ્રાપ્ત હતો. उशनस्,

(A) મ.વૃત્તિ - અવચૂરીમાં ષષ્ઠીનો ङस् પ્રત્યય લગાડવાની વાત કરી છે તે અયુક્ત જાણવી. જુઓ બૃ.ન્યાસમાં 'समाहारद्वन्द्वात् पञ्चमी' આવો પાઠ સ્પષ્ટપણે દર્શાવ્યો છે.

પુરુદંશસ્ અને અનેહસ્ શબ્દો સ્થળે 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી તેમનાથી પરમાં રહેલા સિ પ્રત્યયનો લોપ, 'अभ्वादेर० १.४.९०' સૂત્રથી તેમના સિ પ્રત્યયની પૂર્વના સ્વરનો દીર્ઘ આદેશ, તેમજ 'सो रुः २.१.७२' સૂત્ર અને 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી તેમના સ્ નો ર્ અને ર્ નો વિસર્ગ આદેશ પ્રાપ્ત હતો. તેમજ ઇ કારાન્ત સખિ શબ્દસ્થળે 'सख्युरितो० १.४.८३' પૂર્વસૂત્રથી સખિ શબ્દના ઇ નો ઐ આદેશ પ્રાપ્ત હતો. આ બધા જ કાર્યોનો બાધ કરીને આ સૂત્રથી સિ પ્રત્યયના સ્થાને ડા આદેશનું વિધાન કર્યું છે.

(2) દૃષ્ટાંત -

| | (i) पिता | (ii) कर्ता | (iii) उशना |
|---|---|---|---|
| | पितृ + सि | कर्तृ + सि | उशनस् + सि |
| * 'ऋदुशनस्० १.४.८४' → | पितृ + डा | कर्तृ + डा | उशनस् + डा |
| * 'डित्यन्त्य० २.१.११४' → | पित् + डा | कर्त् + डा | उशन् + डा |
| | = पिता। | = कर्ता। | = उशना। |

| | (iv) पुरुदंशा | (v) अनेहा | (vi) सखा |
|---|---|---|---|
| | पुरुदंशस् + सि | अनेहस् + सि | सखि + सि |
| * 'ऋदुशनस्० १.४.८४' → | पुरुदंशस् + डा | अनेहस् + डा | सखि + डा |
| * 'डित्यन्त्य० २.१.११४' → | पुरुदंश् + डा | अनेह् + डा | सख् + डा |
| | = पुरुदंशा। | = अनेहा। | = सखा। |

पितरमतिक्रान्तः = अतिपिता, उशनसमतिक्रान्तः = अत्युशना, प्रियः पुरुदंशा यस्य स = प्रियपुरुदंशा, अनेहसमतिक्रान्तः = अत्यनेहा, कुत्सितः सखा = किंसखा, पूजितः सखा = सुसखा તેમજ प्रियाः सखायः यस्य स = प्रियसखा વિગેરે પ્રયોગોની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી.

(3) આ સૂત્રથી હ્રસ્વ ઇ કારાન્ત જ સખિ શબ્દથી પરમાં રહેલા શેષ સિ પ્રત્યયનો ડા આદેશ થાય એવું કેમ ?

(a) **इयं सखी** – અહીં સખિ શબ્દ 'नारी-सखी-पङ्गू० २.४.७६' સૂત્રથી ङी પ્રત્યયાન્ત રૂપે નિપાતન કરાયેલો છે. * **सखी + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → सखी।**

(b) **सखीः** – આ સખી શબ્દ હ્રસ્વ ઇ કારાન્ત સખિ શબ્દને क्यन् અને क्विप् પ્રત્યય લાગવાના કારણે નિષ્પન્ન થયો છે. તેની નિષ્પત્તિ આગળના સૂત્રની ટિપ્પણમાં કરી બતાવી છે. * **सखी + सि, * 'सो रुः २.१.७२' → सखीर्, * 'रः पदान्ते० १.३.५३' → सखीः।**

આ બન્ને સ્થળે શેષ સિ પ્રત્યય પરમાં છે. પણ તે હ્રસ્વ इ કારાન્ત સખિ શબ્દથી પરમાં ન હોવાથી આ સૂત્રથી તેનો ડા આદેશ ન થયો.

**(4)** ऋ કારાન્ત તેમજ उशनस् વિગેરે નામોથી પરમાં રહેલા શેષ એવા સિ પ્રત્યયનો જ આ સૂત્રથી ડા આદેશ થાય એવું કેમ ?

**(a) उशनसौ – * उशनस् + औ = उशनसौ।**

**(b) सखायौ – * सखि + औ, * 'सख्युरितो० १.४.८३' → सखै + औ, * 'एदैतो० १.२.२३' → सखाय् + औ = सखायौ।**

અહીં उशनस् અને सखि શબ્દથી પરમાં સિ પ્રત્યય સિવાયનો શેષ સ્યાદિ પ્રત્યય છે. માટે તેનો આ સૂત્રથી ડા આદેશ ન થયો.

**(5)** ऋ કારાન્ત તેમજ उशनस् વિગેરે નામોથી પરમાં રહેલો સિ પ્રત્યય શેષ જ અર્થાત્ સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયનો જ હોવો જોઈએ એવું કેમ ?

**(a) हे कर्तः! (b) हे सखे! – * कर्तृ + सि, सखि + सि, * 'हस्वस्य गुणः १.४.४१' → कर्तर्, सखे, * 'रः पदान्ते० १.३.५३' → हे कर्तः!, हे सखे!।**

| | (c) हे उशनः! | (d) हे पुरुदंशः! | (e) हे अनेहः! |
|---|---|---|---|
| | उशनस् + सि | पुरुदंशस् + सि | अनेहस् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → | उशनस् | पुरुदंशस् | अनेहस् |
| * 'सो रुः २.१.७२' → | उशनर् | पुरुदंशर् | अनेहर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | हे उशनः!। | हे पुरुदंशः!। | हे अनेहः!। |

| (f) हे उशनन्! | | (g) हे उशन! | |
|---|---|---|---|
| | उशनस् + सि | | उशनस् + सि |
| * 'वोशनसो० १.४.८०' → | उशनन् + सि | * 'वोशनसो० १.४.८०' → | उशन + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → | हे उशनन्!। | * 'अदेतः स्यमो० १.४.४२' → | हे उशन!। |

આ સર્વસ્થળે કર્તૃ વિગેરે નામોથી પરમાં રહેલો સિ પ્રત્યય સંબોધન એકવચનનો હોવાથી આ સૂત્રથી તેનો ડા આદેશ ન થયો. તેમજ હે उशन!, હે अनेहः! વિગેરે પ્રયોગસ્થળે હે ના એ ની સાથે उशनस् અને अनेहस् ના અનુક્રમે उ અને अ ની સંધિ 'न सन्धिः १.३.५२' સૂત્રને આશ્રયીને નથી કરી ।।૮૪।।

## नि दीर्घः ।। १.४.८५।।

**बृ.वृ.-शेषे (1) घुटि परे यो नकारस्तस्मिन् परे पूर्वस्य स्वरस्य दीर्घो भवति। (2) राजा, राजानौ, राजानः, राजानम्, राजानौ ; सीमा, सीमानौ, सीमानः, सीमानम्, सीमानौ ; सामानि, दामानि, लोमानि, वनानि, धनानि, दधीनि, मधूनि, कर्तॄणि, हर्तॄणि। (3) नीति किम्? दृषद्, दृषदौ, दृषदः। * (4) स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः * इति स्तुग्घ्नयतेः क्विप्–'स्तुक् , स्तुग् , स्तुग्घ्नौ, स्तुग्घ्नः' इत्यत्र घकारस्य दीर्घो न भवति। (5) घुटीत्येव? चर्मणा, वारिणी, मधुनी। (6) शेषे इत्येव? हे राजन्! हे सीमन्! ।।८५।।**

---

**सूत्रार्थ :-** શેષ (સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના) ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તેની પૂર્વમાં રહેલો જે ન કાર, તે ન કારની પૂર્વમાં રહેલા સ્વરનો દીર્ઘ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રથી શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તેની પૂર્વમાં રહેલા ન કારની પૂર્વમાં રહેલા સ્વરનો દીર્ઘ આદેશ થાય છે. આમ આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ કરવો હોય તો તેની પરમાં ન્ આધાર રૂપે જોઈએ અને ન્ ની પરમાં શેષ ઘુટ્ પ્રત્યયો આધાર રૂપે જોઈએ. તેથી નિમિત્તભૂત શેષ ઘુટ્ પ્રત્યયો આ સૂત્રમાં આધારના આધાર છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

**(i) राजा**

राजन् + सि
* 'नि दीर्घः १.४.८५' → राजान् + सि
* 'दीर्घड्याब्० १.४.४५' → राजान्
* 'नाम्नो नो० २.१.९१' → राजा।

**(ii) राजानौ**

राजन् + औ
* 'नि दीर्घः १.४.८५' → राजान् + औ
* 'सो रुः २.१.७२' → ↓
* 'रः पदान्ते० १.३.५३' → ↓

= राजानौ।

**(iii) राजानः**

राजन् + जस्
राजान् + जस्
राजानर्
राजानः

= राजानः।

**(iv) राजानम् (v) राजानौ** – * राजन् + अम्, राजन् + औ, * 'नि दीर्घः १.४.८५' → राजान् + अम् = राजानम्, राजान् + औ = राजानौ।

અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે राजन् + सि અવસ્થામાં ઉપરોક્ત ત્રણેય સૂત્રો પૈકી આમ તો 'नाम्नो नो० २.१.९१' સૂત્ર પરસૂત્ર હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થવી જોઈએ. પણ આ સૂત્રથી થતો દીર્ઘ આદેશ તેમજ 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી થતો सि નો લોપ સ્યાદિવિધિ હોવાથી તે કરવાની અવસ્થામાં 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી થતી न् ના લોપ રૂપ વિધિ અસત્ થાય છે, તેથી न् નો લોપ પૂર્વે ન થતા દીર્ઘાદેશ અને सि પ્રત્યયનો લોપ પૂર્વે થાય છે. અહીં લઘુન્યાસમાં દર્શાવેલી 'स्यादिविधौ कर्तव्ये नलोपस्यासत्वात् प्रथमं लुक् न' પંક્તિનો અર્થ 'આ સૂત્રથી દીર્ઘ આદેશ અને 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી सि પ્રત્યયના લોપ રૂપ સ્યાદિવિધિ કરવાની હોતે છતે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી થયેલો न् નો લોપ અસત્ થશે અને પૂર્વે 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી सि પ્રત્યયનો લોપ નહીં થાય.' આ પ્રમાણે ન કરવો. કારણ તેમ કરવા સાધનિકાના ક્રમમાં પૂર્વે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી न् નો લોપ કરવો પડે કે જેનો કલિકાલસર્વજ્ઞશ્રીએ 'नाम्नो नो० २.१.९१' સૂત્રના બૃ.ન્યાસમાં દર્શાવેલી राजा[A] પ્રયોગની સાધનિકા સાથે વિરોધ આવે છે.

सीमा, सीमानौ વિગેરે પ્રયોગોની સાધનિકા राजा, राजानौ વિગેરે પ્રયોગો પ્રમાણે સમજવી.

**(vi) सामानि**

सामन् + जस् કે शस्
* 'नपुंसकस्य शिः १.४.५५' → सामन् + शि
* 'नि दीर्घः १.४.८५' → सामान् + शि
= सामानि।

**(vii) वनानि**

वन + जस् કે शस्
* 'नपुंसकस्य शिः १.४.५५' → वन + शि
* 'स्वराच्छौ १.४.६५' → वनन् + शि
* 'नि दीर्घः १.४.८५' → वनान् + शि
= वनानि।

दामानि અને लोमानि પ્રયોગોની સાધનિકા सामानि પ્રયોગ પ્રમાણે તેમજ धनानि, दधीनि, मधूनि, कर्तॄणि અને हर्तॄणि પ્રયોગોની સાધનિકા वनानि પ્રયોગ પ્રમાણે સમજવી. માત્ર એટલું વિશેષ કે कर्तॄणि અને हर्तॄणि પ્રયોગસ્થળે 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી न् નો ण् આદેશ કરવો.

**(3)** શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તેની પૂર્વમાં રહેલા न् ની જ પૂર્વમાં રહેલા સ્વરોનો આ સૂત્રથી દીર્ઘ આદેશ થાય એવું કેમ ?

**(a) दृषद् – * दृषद् + सि, * 'दीर्घङ्याब्० १.४.५५' → दृषद्।**

**(b) दृषदौ – * दृषद् + औ = दृषदौ।**

**(c) दृषदः – * दृषद् + जस्, * 'सो रुः २.१.७२' → दृषदर्, * 'रःपदान्ते० १.३.५३' → दृषदः।**

આ ત્રણે સ્થળે ઘુટ્ પ્રત્યયની પૂર્વમાં न् ના બદલે द् હોવાથી આ સૂત્રથી द् ની પૂર્વનો સ્વર દીર્ઘ ન થયો.

(A) राजेति-सेर्व्यञ्जनाल्लोपे दीर्घत्वे सिलुकः स्थानिवद्भावे 'तदन्तं० १.१.२०' इति पदत्वेऽनेन ('नाम्नो नो० २.१.९१' इत्यनेन) लोपः। (२.१.९१, बृ.न्यासः)

**(4) શંકા :-** આ સૂત્રમાં દીર્ઘ આદેશનું વિધાન કર્યું છે. પણ તે સ્વરના સ્થાને કરવો કે વ્યંજનના સ્થાને કરવો તે વાત જણાવનાર કોઈ પદ સૂત્રમાં મૂક્યું નથી. તેથી શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ક્વિપ્ પ્રત્યયાન્ત સ્રુઘ્ન્[A] શબ્દના ન્ ની પૂર્વના ઘ્ વ્યંજનનો પણ આ સૂત્રથી 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષાનુસારે કંઠ સ્થાનને લઈને આસન્ન આ આ પ્રમાણે દીર્ઘ આદેશ થવો જોઈએ. તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** 'एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः ૧.૧.૫' સૂત્રમાં 'औदन्ताः स्वराः ૧.૧.૪' સૂત્રથી औदन्ताः स्वराः પદોની અનુવૃત્તિ આવે છે અને સૂત્રવર્તી 'एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः' પદોનો औदन्ताः स्वराः પદોની સાથે સંહિતા[B] (= વિરામાભાવ) પૂર્વક અન્વય છે. તેથી 'औदन्ताः स्वरा एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः' આવી પંક્તિ તે સૂત્રમાં પ્રાપ્ત થાય છે. હવે આવી પંક્તિ પ્રાપ્ત થતા જેમ 'इन् डी-स्वरे लुक् ૧.૪.૭૯' સૂત્રમાં इन् પદને ષષ્ઠ્યર્થમાં પ્રથમા વિભક્તિનું વિધાન કર્યું છે અર્થાત્ 'इन् નો લોપ થાય છે' આ પ્રમાણે અર્થ કરવાનો હોવા છતાં જેમ તે સૂત્રમાં 'इन् लुक् स्यात्' આ પ્રમાણે પ્રથમાન્ત इन् પદનું વિધાન કર્યું છે, તેમ 'एक-द्वि-त्रिमात्रा० ૧.૧.૫' સૂત્રમાં પૂર્વસૂત્રથી અનુવર્તમાન स्वराः પદને પણ ષષ્ઠ્યર્થમાં પ્રથમા વિભક્તિનું વિધાન કર્યું છે. તેથી તે સૂત્રનો અર્થ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે - 'एक-द्वि-त्रिमात्राः ह्रस्व-दीर्घ-प्लुताः औदन्ताः (वर्णाः) स्वराणां स्युः' અર્થાત્ 'અનુક્રમે એક, બે અને ત્રણ માત્રાવાળા હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા अ થી લઈને औ સુધીનાં વર્ણો સ્વરોના સ્થાને થાય છે.' આ રીતે અર્થ થવાથી 'एक-द्वि-त्रिमात्रा० ૧.૧.૫' એ એક પરિભાષા સૂત્ર બને છે અને આ પરિભાષાનુસારે હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત આદેશો તે-તે સૂત્રમાં સ્થાનીનો નિર્દેશ ન કર્યો હોવા છતાં સ્વરોના સ્થાને જ થાય છે. તો આ સૂત્રમાં સ્થાનીને જણાવનાર કોઈ પદ ન મૂક્યું હોવા છતાં પણ 'एक-द्वि-त्रिमात्रा० ૧.૧.૫' આ પરિભાષા સૂત્રાનુસારે સૂત્રોક્ત દીર્ઘ આદેશ સ્વરોના સ્થાને જ થઈ શકતો હોવાથી શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ક્વિપ્ પ્રત્યયાન્ત સ્રુઘ્ન્ શબ્દના ન્ ની પૂર્વના ઘ્ વ્યંજનનો 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષાનુસારે કંઠ સ્થાનને લઈને આસન્ન આ આ પ્રમાણે દીર્ઘ આદેશ આ સૂત્રથી ન થઈ શકે માટે અમે નથી કરતા. ટૂંકમાં કહીએ તો ***'स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः***[C] ' ન્યાયના કારણે સ્રુઘ્ન્ ના ન્ ની પૂર્વના ઘ્ નો આ સૂત્રથી અમે દીર્ઘ આ આદેશ નથી કરતા. તેથી શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા સ્રુઘ્ન્ શબ્દના પ્રયોગો આગળ દર્શાવ્યા પ્રમાણે સિદ્ધ થશે.

---

(A) ✲ सुचो हन्ति = सुच् + हन्, ✲ 'चजः कगम् ૨.૧.૮૬' → सुक् + हन्, ✲ 'धुटस्तृतीयः ૨.૧.૭૬' → सुग्हन्, ✲ 'अचितेः टक् ૫.૧.૮૩' → सुग्हन् + टक्, ✲ 'गम-हन० ૪.૨.૪૪' → सुग्ह्न् + टक्, ✲ 'हनो ह्नो० ૨.૧.૧૧૨' → सुघ्न् + टक् = सुघ्न, ✲ 'णिज् बहुलं० ૩.૪.૪૨' → सुघ्न + णिच्, ✲ 'त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩' → सुघ्न् + णिच् = सुघ्नि, ✲ 'क्विप् ૫.૧.૧૪૮' → सुघ्नि + क्विप्, ✲ 'णेरनिटि ૪.૩.૮૩' → सुघ्न् + क्विप् (०) = सुघ्न्।

(B) तथा संहितापाठोप्यस्ति, यथा - 'औदन्ताः स्वरा एक-द्वि-त्रि-मात्रा ह्रस्व-दीर्घ-प्लुता' इति। तत्राऽयमर्थः सम्पद्यते- ह्रस्वादिसंज्ञया विधीयमाना औदन्ता वर्णाः स्वरस्य भवन्ति, 'स्वराः' इति षष्ठ्यर्थे प्रथमाविधानात्, 'इन् डीस्वरे० ૧.૪.૭૯' इतिवत्, एवं च स्थानिनियमार्था परिभाषेयं सम्पद्यते। (૧.૧.૫ बृ.न्यासः)

(C) હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત આદેશો સ્વરના જ સ્થાને થાય, વ્યંજનના સ્થાને નહીં.

(a) स्रुक् (b) स्रुग् – * स्रुग्घ्न् + सि, स्रुग्घ्न् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → स्रुग्घ्न्, स्रुग्घ्न्, * 'नाम्नो नो० २.१.९१' → स्रुग्घ्, स्रुग्घ्, * 'पदस्य २.१.८९' → स्रुग् , स्रुग्, * 'विरामे वा १.३.५१' → स्रुक्, स्रुग्।

(c) स्रुग्घ्नौ – * स्रुग्घ्न् + औ = स्रुग्घ्नौ।

(d) स्रुग्घ्नः – * स्रुग्घ्न् + जस्, * 'सो रुः २.१.७२' → स्रुग्घ्नर्, * 'रः पदान्ते० १.३.५३' → स्रुग्घ्नः।

(5) આ સૂત્રથી ન્ ની પૂર્વના સ્વરનો દીર્ઘ આદેશ કરવા ન્ ની પરમાં રહેલા શેષ સ્યાદિ પ્રત્યયો ઘુટ્ સંજ્ઞક ૭ હોવા જોઈએ એવું કેમ ?

| (a) चर्मणा | | (b) वारिणी | (c) मधुनी |
|---|---|---|---|
| चर्मन् + टा | | वारि + औ | मधु + औ |
| * 'रषृवर्णान्० २.३.६३' → चर्मण् + टा | * 'औरीः १.४.५६' → | वारि + ई | मधु + ई |
| = चर्मणा। | * 'अनाम्स्वरे० १.४.६४' → | वारिन् + ई | मधुन् + ई |
| | * 'रषृवर्णान्० २.३.६३' → | वारिण् + ई | ↓ |
| | | = वारिणी। | = मधुनी। |

અહીં चर्मन् નામને લાગેલો टा પ્રત્યય તેમ૭ નપુંસકલિંગ वारि અને मधु નામોને લાગેલો औ પ્રત્યય શેષ સ્યાદિ હોવા છતાં તેઓ ઘુટ્ સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી ન્ ની પૂર્વનો સ્વર દીર્ઘ ન થયો.

(6) આ સૂત્રથી ન્ ની પૂર્વના સ્વરનો દીર્ઘ આદેશ કરવા ન્ ની પરમાં રહેલા ઘુટ્ પ્રત્યયો શેષ ૭ અર્થાત્ સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના ૭ હોવા જોઈએ એવું કેમ ?

(a) हे राजन्! (b) हे सीमन्! – * राजन् + सि, सीमन् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → राजन्, सीमन्, * 'नामन्त्र्ये २.१.९२' → राजन् અને सीमन् પદોના પદાન્ત ન્ ના લોપનો નિષેધ થવાથી हे राजन् !, हे सीमन् !।

અહીં રાજન્ અને સીમન્ શબ્દોથી પરમાં રહેલો ઘુટ્ સંજ્ઞક સંબોધન એકવચનનો સિ પ્રત્યય શેષ ઘુટ્ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી રાજન્ અને સીમન્ શબ્દોના ન્ ની પૂર્વનો સ્વર દીર્ઘ ન થયો ।।૮૫।।

## न्स्–महतोः ।। १.४.८६।।

**बृ.वृ.–[1]न्सन्तस्य महच्छब्दस्य च संबन्धिनः स्वरस्य शेषे घुटि परे दीर्घो भवति। श्रेयान्[2], श्रेयांसौ, श्रेयांसः, श्रेयांसम्, श्रेयांसौ, परमश्रेयान्, अतिश्रेयान्, प्रियश्रेयान्, श्रेयांसि, यशांसि, सर्पींषि, धनूंषि, प्रियपुमांसि कुलानि; महान्, महान्तौ, महान्तः, महान्तम्, महान्तौ, परममहान्, अतिमहान्, प्रियमहान्, महान्ति। [3]महत्साहचर्याच्छुद्धधातोः क्विबन्तस्य न भवति–सुहिंसौ, सुहिंसः, सुकंसौ, सुकंसः। नामधातोस्तु भवत्येव–श्रेयस्यति महत्यतीति क्विपि-श्रेयान्, महान्। [4]घुटीत्येव? श्रेयसः, महतः पश्य ; श्रेयसी महती कुले। [5]शेषे इत्येव? हे श्रेयन्!, हे महन्!।।८६।।**

---

**सूत्रार्थ :-** શેષ (સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના) ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન્સ્ અંતવાળા શબ્દો તેમજ महत् શબ્દસંબંધી સ્વરનો દીર્ઘ આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ न्स् च महच्च = न्स्-महतौ (इ.द्व.)। तयोः = न्स्-महतोः।

**विवरण :-** **(1)** સૂત્રનિર્દિષ્ટ ન્સ્ સ્થળે સ્વર સંભવતો નથી, જ્યારે આ સૂત્રથી વિહિત દીર્ઘ આદેશ તો ***'स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः'*** ન્યાયાનુસારે સ્વરના જ સ્થાને થઈ શકે છે. તેથી સૂત્રનિર્દિષ્ટ ન્સ્એ આ સૂત્રમાં નિમિત્ત રૂપે અપેક્ષાતા શેષ ઘુટ્ પ્રત્યયો દ્વારા આક્ષિપ્ત નામ રૂપ પ્રકૃતિનું વિશેષણ બને છે અને 'विशेषणमन्तः ७.४.११३' પરિભાષાનુસારે આ સૂત્રથી ન્સ્ અંતવાળા નામોના સ્વરનો દીર્ઘ આદેશ થાય છે. महत् શબ્દસ્થળે સ્વર સંભવે છે તેથી તેને આશ્રયીને ઉપરોક્ત રીત મુજબ 'विशेषणमन्तः ७.४.११३' સૂત્રથી તદન્ત વિધિ કરવાની જરૂર નથી. આથી બૃહદ્વૃત્તિમાં 'न्सन्तस्य महच्छब्दस्य च सम्बन्धिनः स्वरस्य....' પંક્તિ દર્શાવી છે.

**(2) <u>दृष्टांत</u> - (i) श्रेयान्**

श्रेयस् + सि
* 'ऋदुदितः १.४.७०' → श्रेयन्स् + सि
* 'न्स्-महतोः १.४.८६' → श्रेयान्स् + सि
* 'दीर्घड्याब्० १.४.४५' → श्रेयान्स्
* 'पदस्य २.१.८९' → श्रेयान्।

**(ii) श्रेयांसौ**

श्रेयस् + औ
* 'ऋदुदितः १.४.७०' → श्रेयन्स् + औ
* 'न्स्-महतोः १.४.८६' → श्रेयान्स् + औ
* 'शिड्ढेऽनु० १.३.४०' → श्रेयांस् + औ
* 'सो रुः २.१.७२' →
* 'रः पदान्ते० १.३.५३' →
= श्रेयांसौ।

**(iii) श्रेयांसः**

श्रेयस् + जस्
श्रेयन्स् + जस्
श्रेयान्स् + जस्
श्रेयांस् + जस्
श्रेयांसर्
श्रेयांसः
= श्रेयांसः।

(iv) श्रेयांसम् – * श्रेयस् + अम्, * 'ऋदुदितः १.४.७०' → श्रेयन्स् + अम्, * 'न्स्महतोः १.४.८६' → श्रेयान्स् + अम्, * 'शिड्ढेऽनु० १.३.४०' → श्रेयांस् + अम् = श्रेयांसम्।

परमश्चासौ श्रेयान् च = परमश्रेयान्, श्रेयांसमतिक्रान्तः અથવા तो अतिशायितानि श्रेयांसि यस्य स = अतिश्रेयान् અને प्रियः श्रेयान् यस्य स = प्रियश्रेयान् प्रयोगोनी साधनिका श्रेयान् प्रयोग प्रमाणे समજવी.

(v) श्रेयांसि

| | |
|---|---|
| | श्रेयस् + जस् के शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | श्रेयस् + शि |
| * 'ऋदुदितः १.४.७०' → | श्रेयन्स् + शि |
| * 'न्स्-महतोः १.४.८६' → | श्रेयान्स् + शि |
| * 'शिड्ढेऽनु० १.३.४०' → | श्रेयांस् + शि |
| | = श्रेयांसि। |

(vi) यशांसि

| | |
|---|---|
| | यशस् + जस् के शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | यशस् + शि |
| * 'धुटां प्राक् १.४.६६' → | यशन्स् + शि |
| * 'न्स्-महतोः १.४.८६' → | यशान्स् + शि |
| * 'शिड्ढेऽनु० १.३.४०' → | यशांस् + शि |
| | = यशांसि। |

(vii) सर्पींषि

| | |
|---|---|
| | सर्पिस् + जस् के शस् |
| * 'नपुंसकस्य शिः १.४.५५' → | सर्पिस् + शि |
| * 'नाम्यन्तस्था० २.३.१५' → | सर्पिष् + शि |
| * 'धुटां प्राक् १.४.६६' → | सर्पिन्ष् + शि |
| * 'न्स्-महतोः १.४.८६' → | सर्पीन्ष् + शि |
| * 'शिड्ढेऽनु० १.३.४०' → | सर्पींष् + शि |
| | = सर्पींषि। |

(viii) धनूंषि

| | |
|---|---|
| | धनुस् + जस् के शस् |
| | धनुस् + शि |
| | धनुष् + शि |
| | धनुन्ष् + शि |
| | धनून्ष् + शि |
| | धनूंष् + शि |
| | = धनूंषि। |

**શંકા :-** સર્પિન્ષ્ + શિ અવસ્થામાં સર્પિન્ષ્ સ્થળે આ સૂત્રમાં નિમિત્ત રૂપે અપેક્ષાતો ન્સ્ અંશ નથી પણ ન્ષ્ અંશ છે. તો આ સૂત્રથી ન્ષ્ અંશની પૂર્વના સ્વરનો દીર્ઘ આદેશ કરી સર્પીષિ પ્રયોગ શી રીતે સિદ્ધ કરી શકો ?

**સમાધાન :-** આ સૂત્રથી દીર્ઘ આદેશ રૂપ સ્યાદિવિધિ કરવાની અવસ્થામાં સર્પિન્ષ્ સ્થળે 'ણષમસત્૦ ૨.૧.૬૦' સૂત્રાનુસારે 'નામ્યન્તસ્થા૦ ૨.૩.૧૫' સૂત્રથી થયેલો સ્ ના ષ્ આદેશ રૂપ વિધિ અસત્ થાય છે અને તેથી સર્પિન્ષ્ પણ સર્પિન્સ્ સદશ મનાય છે. તેથી સર્પિન્ષ્ સ્થળે ન્સ્ અંશ છે એવું માની શકાતા તેની પૂર્વના સ્વરનો દીર્ઘ આદેશ કરી સર્પીષિ પ્રયોગ સિદ્ધ કરી શકીએ છીએ. આ જ રીતે ધનૂંષિ પ્રયોગ માટે પણ સમજવું.

**(ix) प्रियपुमांसि कुलानि – * प्रियपुम्स् + जस् કે शस्, * 'नपुंसकस्य शिः १.४.५५' → प्रियपुम्स् + शि, * 'पुंसोः पुमन्स् १.४.७३' → प्रियपुमन्स् + शि, * 'न्स्-महतोः १.४.८६' → प्रियपुमान्स् + शि, * 'शिड्ढेनुस्वारः १.३.४०' → प्रियपुमांस् + शि = प्रियपुमांसि।**

**(x) महान्**

महत् + सि

* 'ऋदुदितः १.४.७०' → महन्त् + सि

* 'न्स्-महतोः १.४.८६' → महान्त् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → महान्त्

* 'पदस्य २.१.८९' → महान्।

**(xi) महान्तौ**

महत् + औ

* 'ऋदुदितः १.४.७०' → महन्त् + औ

* 'न्स्-महतोः १.४.८६' → महान्त् + औ

* 'सो रुः २.१.७२' →

* 'रः पदान्ते० १.३.५३' →

= महान्तौ।

**(xii) महान्तः**

महत् + जस्

महन्त् + जस्

महान्त् + जस्

महान्तर्

महान्तः

= महान्तः।

**(xiii) महान्तम् – * महत् + अम्, * 'ऋदुदितः १.४.७०' → महन्त् + अम्, * 'न्स्महतोः १.४.८६' → महान्त् + अम् = महान्तम्।**

परमश्चासौ महान् च = परममहान्, महान्तमतिक्रान्तः = अतिमहान् અને प्रियो महान् यस्य स = प्रियमहान् પ્રયોગોની સાધનિકા महान् શબ્દ પ્રમાણે સમજવી અને महान्ति પ્રયોગની સાધનિકા श्रेयांसि પ્રયોગ પ્રમાણે સમજવી.

માત્ર એટલું વિશેષ કે શ્રેયાંસિ પ્રયોગની જેમ મહાન્તિ પ્રયોગસ્થળે 'शिड्ढेनुस्वारः १.३.४०' સૂત્રથી અનુસ્વાર આદેશ નહીં થાય.

*વત્સ* અને *મકભ* નામના વૈયાકરણો 'द्रुहि-वृहि-महि-वृषिभ्यः कतृ (उणा० ८८४)' સૂત્રથી કતૃ પ્રત્યય લાગીને નિષ્પન્ન થયેલા ઔણાદિક *જ* મહત્ શબ્દના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ કરવા ઇચ્છે છે. પરંતુ 'शत्रानशा० ५.२.२०' સૂત્રથી મહ્ ધાતુને શતૃ પ્રત્યય લાગીને નિષ્પન્ન થયેલા મહત્ શબ્દના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ કરવા નથી ઇચ્છતા. કારણ ઔણાદિક નામોમાં બે પક્ષ[A] છે; એક વ્યુત્પત્તિપક્ષ અને બીજો અવ્યુત્પત્તિપક્ષ. તેમાં જ્યારે અવ્યુત્પત્તિપક્ષનો સ્વીકાર કરવામાં આવે ત્યારે ઔણાદિક મહત્ નામ અવ્યુત્પન્ન (પ્રકૃતિ પ્રત્યયના ભેદ રહિત = કોઇપણ સૂત્રથી નિષ્પન્ન ન થયેલું) ગણાતા ***'लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'*** ન્યાયની ટીકામાં[B] દર્શાવ્યા પ્રમાણે તે અવ્યુત્પન્ન મહત્ નામ પ્રતિપદોક્ત ગણાય અને 'शत्रानशा० ५.२.२०' સૂત્રથી (લક્ષણથી) નિષ્પન્ન થયેલો શતૃ પ્રત્યયાન્ત મહત્ શબ્દ લાક્ષણિક ગણાય. તેથી ***'लक्षणप्रतिपदोक्तयोः०'*** ન્યાયાનુસારે આ સૂત્રમાં દીર્ઘ આદેશ કરવાર્થે પ્રતિપદોક્ત ઔણાદિક મહત્ શબ્દનું *જ* ગ્રહણ થાય. તેમ *જ* જ્યારે વ્યુત્પત્તિપક્ષનો સ્વીકાર કરવામાં આવે ત્યારે ઔણાદિક મહત્ નામ વ્યુત્પન્ન (પ્રકૃતિ-પ્રત્યયના ભેદ સહિત) 'द्रुहि-वृहि-महि० (उणा० ८८४)' સૂત્રથી નિષ્પન્ન થયેલું ગણાતા 'द्रुहि-वृहि-महि० (उणा० ८८४)' સૂત્રથી મહ્ ધાતુને કતૃ પ્રત્યય લગાડી મહત્ શબ્દની નિષ્પત્તિ કાળે તે સૂત્રમાં 'महि' આમ પદનો ઉલ્લેખ કર્યો હોવાથી 'प्रतिपदोक्त' શબ્દની 'पदं पदं प्रति उक्तः'[C] વ્યુત્પત્ત્યનુસારે ઔણાદિક વ્યુત્પન્ન મહત્ નામ પ્રતિપદોક્ત ગણાય અને 'शत्रानशा० ५.२.२०' સૂત્રથી મહ્ ધાતુને શતૃ પ્રત્યય લગાડી મહત્ શબ્દની નિષ્પત્તિ કાળે 'शत्रानशा० ५.२.२०' સૂત્રમાં મહ્ ધાતુના સૂચક કોઇ પદનો ઉલ્લેખ ન વર્તતા માત્ર સામાન્યથી સત્યર્થ રૂપ લિંગનો નિર્દેશ કરી તે સૂત્રથી શતૃ પ્રત્યયનું વિધાન કર્યું હોવાથી શતૃ પ્રત્યયાન્ત મહત્ શબ્દસ્થળે 'प्रतिपदोक्त' શબ્દની 'पदं पदं प्रति उक्तः' વ્યુત્પત્તિ ન ઘટતા તે લાક્ષણિક ગણાય. આથી ***'लक्षणप्रतिपदोक्तयोः०'*** ન્યાયાનુસારે આ સૂત્રથી દીર્ઘ આદેશ કરવાર્થે વ્યુત્પત્તિપક્ષે પણ પ્રતિપદોક્ત ગણાતા ઔણાદિક મહત્ શબ્દનું *જ* ગ્રહણ થાય, શતૃ પ્રત્યયાન્ત લાક્ષણિક મહત્ શબ્દનું નહીં. આમ ઉભયપક્ષે ***'लक्षणप्रतिपदोक्तयोः०'*** ન્યાયાનુસારે ઔણાદિક *જ* મહત્ શબ્દને લઈને આ સૂત્રની પ્રવૃત્તિ સંભવતા આ બન્ને વૈયાકરણો ઔણાદિક *જ* મહત્ શબ્દના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ ઇચ્છે છે અને શતૃ પ્રત્યયાન્ત મહત્ શબ્દના महन्, महन्तौ આવા દીર્ઘ આદેશ ન થયા હોય તેવા પ્રયોગો ઇચ્છે છે.

---

(A) આ બન્ને પક્ષ અંગે વિસ્તારથી જાણવા 'तृ-स्वसृ० १.४.३८' સૂત્રનું વિવરણ જોવું.

(B) अस्य च न्यायस्य क्वचित् क्वचिल्लक्षणेन व्याकरणेन निष्पन्नं लाक्षणिकमव्युत्पन्नं तु प्रतिपदोक्तमित्यप्यर्थ उदाहतो दृश्यते। (न्या. सं.१५ टीका)

(C) વિવક્ષિત સૂત્રથી *જે* નામાદિ નિષ્પન્ન થતા હોય તે નામાદિ કે નામાદિગત ધાત્વાદિના સૂચક પદોનો તે સૂત્રમાં જો પૃથક્ પૃથક્ ઉલ્લેખ કર્યો હોય તો નિષ્પન્ન થતા તે નામાદિ પ્રતિપદોક્ત કહેવાય અને જો ઉલ્લેખ ન કર્યો હોય તો નિષ્પન્ન થતા તે નામાદિ લાક્ષણિક કહેવાય.

**(3) શંકા :-** 'हिसु हिंसायाम्' આ પ્રમાણેના उदित् हिसु ધાતુને 'उदितः स्वरान्० ૪.૪.૯૮' સૂત્રથી न् આગમ થતા તેમજ આગળ જતાં सुष्ठु हिनस्तीति क्विप् = सुहिन्स् આ પ્રમાણે क्विप् પ્રત્યયાન્ત નામની નિષ્પત્તિ થતા શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા न्स् અંતવાળા सुहिन्स् નામના સ્વરનો આ સૂત્રથી તમે દીર્ઘ આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** આ સૂત્રમાં न्स् અંતવાળા નામોને महत् નામનું સાહચર્ય છે. હવે ધાતુપાઠમાં महत् આ પ્રમાણેની કોઈ શુદ્ધ ધાતુ છે નહીં કે જેને क्विप् પ્રત્યય લગાડી क्विबन्त महत् શબ્દની નિષ્પત્તિ કરી ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते***[A]*'* ન્યાયાનુસારે તેને શુદ્ધ ધાતુ રૂપે ગણાવી શકાય. તો આવા પ્રકારના महत् શબ્દના સાહચર્યથી ***'साहचर्यात् सदृशस्यैव***[B]*'* ન્યાયાનુસારે न्स् અંતવાળા નામો પણ જે શુદ્ધ ધાતુને क्विप् પ્રત્યય લાગવાના કારણે न्स् અંતવાળા નામ રૂપે અને ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति०'*** ન્યાયાનુસારે શુદ્ધ ધાતુ તરીકે પણ સંભવતા હોય તેમનું આ સૂત્રમાં દીર્ઘ વિધ્યર્થે ગ્રહણ ન થઈ શકે. તો सुहिन्स् શબ્દ हिन्स् આ પ્રમાણેના શુદ્ધ ધાતુને क्विप् પ્રત્યય લાગવાના કારણે નિષ્પન્ન થયો હોવાથી અને ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति०'*** ન્યાયાનુસારે તે શુદ્ધ ધાતુ તરીકેના વ્યપદેશને પણ પામતો હોવાથી ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી તેના સ્વરનો દીર્ઘ આદેશ ન થઈ શકે, માટે અમે નથી કરતા. તેથી सुहिन्स् + औ અને सुहिन्स् + जस् અવસ્થામાં 'शिड्ढेनुस्वारः १.३.४०' સૂત્રથી सुहिन्स् ગત न् નો અનુસ્વાર આદેશ થતા, તેમજ जस् પ્રત્યયના स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થવાથી सुहिंसौ, सुहिन्सः વિગેરે પ્રયોગો સિદ્ધ થાય છે. આ જ રીતે सुकंसौ, सुकंसः વિગેરે પ્રયોગો માટે પણ સમજી લેવું.

હવે અહીં બીજી એક વાત પણ ધ્યાનમાં રાખવી કે महत् શબ્દ महान्तमिच्छतीति क्यन् = महत्य આ પ્રમાણે નામધાતુ રૂપે બની તેને क्विप् પ્રત્યય લાગતા 'अतः ૪.૩.૮૨' સૂત્રથી અને 'य्वोः प्वय्० ૪.૪.૧૨૧' સૂત્રથી અનુક્રમે તેના અંત્ય अ અને य् નો લોપ થવાથી તે પુનઃ महत् નામ રૂપે સંભવે છે અને ત્યારે ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति०'*** ન્યાયાનુસારે તે નામધાતુ રૂપે પણ ગણાય છે. તો શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા નામધાતુ રૂપે ગણાતા क्विबन्त महत् શબ્દના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો હોવાથી તેને સદશ क्यन् અને क्विप् પ્રત્યયાન્ત न्स् અંતવાળા શબ્દો કે જે ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति०'*** ન્યાયાનુસારે નામધાતુ રૂપે પણ ગણાય છે તેમના સ્વરનો પણ શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી દીર્ઘ આદેશ થઈ શકશે અને તેથી क्विबन्त નામધાતુ રૂપે સંભવતા महत् અને श्रेयस् વિગેરે શબ્દોના આગળ દર્શાવેલી સાધનિકા મુજબ महान्, महान्तौ વિગેરે અને श्रेयान्, श्रेयान्सौ વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકશે.

---

(A) क्विप् પ્રત્યયાન્ત નામો ધાતુપણાને જાળવી રાખી નામપણું સ્વીકારે છે. અર્થાત્ તેઓ એકીસાથે ધાતુ અને નામ ઉભય રૂપ ગણાય છે.

(B) અવ્યભિચારી નામનું સાહચર્ય હોય તો તત્સહકથિત વ્યભિચારી નામ પણ તે અવ્યભિચારી નામને સદશ જ ગ્રહણ કરવામાં આવે છે. પ્રસ્તુતમાં महत् નામ શુદ્ધધાતુ રૂપે ન સંભવતા અવ્યભિચરિતપણે નામ રૂપે જ સંભવતું હોવાથી તેના સાહચર્યથી न्स् અંતવાળું નામ પણ આ સૂત્રમાં જે શુદ્ધ ધાતુ રૂપે ન સંભવતા માત્ર નામ રૂપે જ સંભવતું હોય તેવું ગ્રહણ થાય છે.

**(4)** આ સૂત્રથી ન્સ્ અંતવાળા નામો અને મહત્ શબ્દના સ્વરનો દીર્ઘ આદેશ કરવા પરમાં રહેલા શેષ સ્યાદિ પ્રત્યયો ઘુટ્ સંજ્ઞક ૭૪ હોવા જોઈએ એવું કેમ ?

**(a) श्रेयसः (b) महतः पश्य – * श्रेयस् + शस्, महत् + शस्, * 'सो रुः २.१.७२' → श्रेयसर्, महतर्, * 'रः पदान्ते० १.३.५३' → श्रेयसः, महतः पश्य।**

**(c) श्रेयसी (d) महती कुले – * श्रेयस् + औ, महत् + औ, * 'औरीः १.४.५६' → श्रेयस् + ई = श्रेयसी, महत् + ई = महती कुले।**

અહીં પ્રથમ બે સ્થળે પુંલિંગ શ્રેયસ્ અને મહત્ શબ્દથી પરમાં રહેલો શસ્ પ્રત્યય અને પાછળના બે સ્થળે નપુંસકલિંગ શ્રેયસ્ અને મહત્ શબ્દથી પરમાં રહેલો औ પ્રત્યય શેષ સ્યાદિ હોવા છતાં ઘુટ્ સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી શ્રેયસ્ અને મહત્ શબ્દના સ્વરનો દીર્ઘ આદેશ ન થયો.

યદ્યપિ લઘુન્યાસમાં 'श्रेयसः पश्य, श्रेयसी कुले इति तु न दर्श्यते, न्सन्तत्वाभावेन द्व्यङ्गविकलत्वात्' (અર્થ - घुटीत्येव? અહીં વિરૂદ્ધદૃષ્ટાંત બતાવવાના અવસરે પરમાં ઘુટ્ પ્રત્યયો ન હોવાથી અને ઘુટ્ પ્રત્યયોના અભાવે શ્રેયસ્ નામ ન્સ્ અંતવાળું પણ ન બનતું હોવાથી દ્વયગવિકલ હોવાના કારણે श्रेयसः पश्य અને श्रेयसी कुले વિરૂદ્ધદૃષ્ટાંતો નથી બતાડાતા) આ પ્રમાણે પંક્તિ દર્શાવી છે. આ પંક્તિ પરથી એવું લાગે છે કે લઘુન્યાસકારશ્રીને બૃહદ્વૃત્તિમાં घुटीत्येव? સ્થળે श्रेयसः पश्य અને श्रेयसी कुले પાઠ ઉપલબ્ધ નહીં થયો હોય. માટે ૭૪ તેમણે પંક્તિમાં 'न दर्श्यते' (= બૃહદ્વૃત્તિમાં નથી બતાડાતા) આમ લખ્યું છે અને પાછો તેમણે 'કેમ નથી બતાડાતા ?' તેનો 'न्सन्तत्वाभावेन द्व्यङ्गविकलत्वात्' આમ હેતુ પણ આપ્યો છે. આ હેતુનો ભાવ એવો છે કે હંમેશા વિરૂદ્ધદૃષ્ટાંત સૂત્રમાં નિમિત્તરૂપે અપેક્ષ્યમાણ ૭૨ટલા અંગો હોય તે પૈકીના કોક એક અંગે ૭૪ વિકલ દર્શાવાય. કારણ જો તે અનેક અંગે વિકલ દર્શાવાય તો તે સૂત્રોક્ત કયા અંગની (નિમિત્તની) વિકલતાના કારણે વિરૂદ્ધદૃષ્ટાંત રૂપે વર્તી રહ્યું છે તેનો નિર્ણય કરવો શક્ય ન બને. તો घुटीत्येव? સ્થળે જો श्रेयसः पश्य અને श्रेयसी कुले વિરૂદ્ધદૃષ્ટાંતો દર્શાવવામાં આવે તો श्रेयसः અને श्रेयसी પ્રયોગસ્થળે એક તો આ સૂત્રમાં અપેક્ષ્યમાણ ઘુટ્ પ્રત્યય રૂપ અંગની વિકલતા હોવાથી અને બીજું શ્રેયસ્ નામને ઘુટ્ પ્રત્યયો ૭૪ પરમાં વર્તતા ન્ નો આગમ થવાના કારણે તે ન્સ્ અંતવાળા નામ રૂપે સંભવતું હોવાથી પરમાં ઘુટ્ પ્રત્યયના અભાવે શ્રેયસ્ નામસ્થળે આ સૂત્રમાં અપેક્ષ્યમાણ ન્સ્ અંતત્વ રૂપ અંગની પણ વિકલતા છે. તેથી श्रेयसः અને श्रेयसी પ્રયોગો દ્વયગવિકલ ગણાતા તેઓ ન્સ્ અંતવાળા નથી માટે વિરૂદ્ધદૃષ્ટાંત રૂપે વર્તી રહ્યા છે કે પરમાં

ઘુટ્ પ્રત્યયો નથી માટે વિરૂદ્ધદૃષ્ટાંત રૂપે વર્તી રહ્યા છે તેનો નિર્ણય કરવો શક્ય ન બને. તેથી 'ઘુટીત્યેવ?' સ્થળે શ્રેયસઃ પશ્ય અને શ્રેયસી કુલે વિરૂદ્ધદૃષ્ટાંતો ન દર્શાવી શકાય. તો બૃહદ્વૃત્તિમાં શ્રેયસઃ પશ્ય અને શ્રેયસી કુલે પ્રયોગ રૂપ પાઠ જો પ્રક્ષિપ્ત હોય તો લઘુન્યાસકારશ્રીની ઉપરોક્ત વાત યુક્ત ગણાય. અન્યથા તો શ્રેયસ્ શબ્દસ્થળે ન્ નો આગમ થવા દ્વારા તેનું ન્સ્ અંતત્વ ઘુટ્ પ્રત્યયોને ૫ આભારી હોવાથી શ્રેયસઃ પશ્ય અને શ્રેયસી કુલે પ્રયોગસ્થળે આ સૂત્રથી ૫ દીર્ઘ આદેશ નથી થતો તે મૂળ તો શ્રેયસ્ શબ્દના ન્સ્ અંતત્વના અભાવમાં કારણીભૂત ઘુટ્ પ્રત્યયોની પરવર્તિતાના અભાવના કારણે ૫ ન થતો હોવાથી 'ઘુટ્ પ્રત્યયોની પરવર્તિતાના અભાવે શ્રેયસઃ પશ્ય અને શ્રેયસી કુલે વિરૂદ્ધદૃષ્ટાંત રૂપે વર્તી રહ્યા છે' તેવો નિર્ણય કરવો શક્ય બને છે. તેથી દ્વયગવૈકલ્ય રૂપ દોષ અહીં ન નડતા ઘુટીત્યેવ? સ્થળે શ્રેયસઃ પશ્ય અને શ્રેયસી કુલે વિરૂદ્ધદૃષ્ટાંતો દર્શાવવામાં કોઈ બાધ નથી. આ રીતની ઘટમાનતા કરવી એ૫ અહીં યુક્ત ગણાય. આ અંગે સુજ્ઞ૫નો વિચારે.

**(5)** આ સૂત્રથી ન્સ્ અંતવાળા નામો અને મહત્ શબ્દના સ્વરનો દીર્ઘ આદેશ કરવા પરમાં રહેલા ઘુટ્ પ્રત્યયો શેષ ૫ અર્થાત્ સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના ૫ હોવા જોઈએ એવું કેમ ?

| | | **(a) હે શ્રેયન્!** | **(b) હે મહન્!** |
|---|---|---|---|
| | | શ્રેયસ્ + સિ | મહત્ + સિ |
| * 'ઋદુદિતઃ ૧.૪.૭૦' | → | શ્રેયન્સ્ + સિ | મહન્ત્ + સિ |
| * 'દીર્ઘઙ્યાબ્૦ ૧.૪.૪૫' | → | શ્રેયન્સ્ | મહન્ત્ |
| * 'પદસ્ય ૨.૧.૮૯' | → | હે શ્રેયન્!। | હે મહન્!। |

અહીં શ્રેયન્સ્ અને મહત્ શબ્દોથી પરમાં રહેલો ઘુટ્ સંજ્ઞક સંબોધન એકવચનનો સિ પ્રત્યય શેષ ઘુટ્ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી ન્સ્ અંતવાળા શ્રેયન્સ્ શબ્દ અને મહત્ શબ્દના સ્વરનો દીર્ઘ આદેશ ન થયો ।।૮૬।।

## इन्-हन्-पूषा-ऽर्यम्णः शि-स्योः ।। १.४.८७।।

**बृ.वृ.–इनन्तस्य[1] हनादीनां च सम्बन्धिनः स्वरस्य शौ शेषे सौ च परे दीर्घो भवति। दण्डीनि[2], स्रग्वीणि, वाग्मीनि कुलानि, दण्डी, स्रग्वी, वाग्मी ; भ्रूणहानि, बहुवृत्रहाणि, भ्रूणहा, वृत्रहा ; बहुपूषाणि, पूषा ; स्वर्यमाणि, अर्यमा। "नि[3] दीर्घः" (१.४.८५) इति सिद्धे नियमार्थं वचनम्–एषां शि-स्योरेव यथा स्यात्, नान्यत्र- दण्डिनौ, दण्डिनः, दण्डिनम् ; वृत्रहणौ, वृत्रहणः वृत्रहणम् ; पूषणौ, पूषणः, पूषणम् ; अर्यमणौ, अर्यमणः, अर्यमणम्। शेष[4] इत्येव? हे दण्डिन्!, हे वृत्रहन्! हे पूषन्! हे अर्यमन्!। * अर्थवद्[5]ग्रहणे नानर्थकस्य * इति 'प्लीहानौ, प्लीहानः, प्लीहानम्' इत्यत्र नियमो न भवति, 'वाग्मिनौ[6] वाग्मिनः' इत्यादौ तु * अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं[7] प्रयोजयन्ति * इति न्यायाद् भवति ।।८७।।**

**सूत्रार्थ :-** इन् અંતવાળા નામોના તેમ૫ હન્, પુષન્ અને અર્યમન્ નામોના સ્વરનો શિ પ્રત્યય અને શેષ (સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયનો) સિ પ્રત્યય પરમાં વર્તતા દીર્ઘ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ इन् च हन् च पूषा च अर्यमा चैतेषां समाहारः = इन्-हन्-पूषाऽर्यमा (स.द्व.)। तस्य = इन्-हन्-पूषाऽर्यम्णः। ◆ शिश्च सिश्च = शि-सी (इ.द्व.)। तयोः = शि-स्योः।

विवरण :- (1) *'न केवला प्रकृतिर्प्रयोक्तव्या नाऽपि प्रत्ययः'* ન્યાયાનુસારે એકલા इन् પ્રત્યયનો પ્રયોગ કરી આ સૂત્રથી તેને દીર્ઘવિધિ કરવી શક્ય ન હોવાથી સૂત્રમાં इन् અંતવાળા નામનું દીર્ઘ વિધ્યર્થે ગ્રહણ કર્યું છે.

(2) દૃષ્ટાંત -

**(i) दण्डीनि – ✻ 'अतोऽनेक० ७.२.६' → दण्ड + इन्, ✻ 'अवर्णेऽवर्णस्य ७.४.६८' → दण्ड् + इन् = दण्डिन् + जस् के शस्, ✻ 'नपुंसकस्य शिः १.४.५५' → दण्डिन् + शि, ✻ 'इन्-हन्-पूषा० १.४.८७' → दण्डीन् + शि = दण्डीनि।**

(A)स्रग्वीणि અને वाग्मीनि પ્રયોગોની સાધનિકા दण्डीनि પ્રયોગ પ્રમાણે સમજવી. માત્ર એટલું વિશેષ કે स्रग्वीणि પ્રયોગસ્થળે 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી स्रग्वीन् ના न् નો ण् આદેશ કરવો.

| | (ii) दण्डी | (iii) स्रग्वी | (iv) वाग्मी |
|---|---|---|---|
| | दण्डिन् + सि | स्रग्विन् + सि | वाग्मिन् + सि |
| ✻ 'इन्-हन्-पूषा० १.४.८७' → | दण्डीन् + सि | स्रग्वीन् + सि | वाग्मीन् + सि |
| ✻ 'दीर्घड्याब्० १.४.४५' → | दण्डीन् | स्रग्वीन् | वाग्मीन् |
| ✻ 'नाम्नो नो० २.१.९१' → | दण्डी। | स्रग्वी। | वाग्मी। |

| | (v) (B)भ्रूणहानि | (vi) बहुवृत्रहाणि |
|---|---|---|
| | भ्रूणहन् + जस् के शस् | बहुवृत्रहन् + जस् के शस् |
| ✻ 'नपुंसकस्य शिः १.४.५५' → | भ्रूणहन् + शि | बहुवृत्रहन् + शि |
| ✻ 'इन्-हन्-पूषा० १.४.८७' → | भ्रूणहान् + शि | बहुवृत्रहान् + शि |
| ✻ 'रषृवर्णान्० २.३.६३' → | ↓ | बहुवृत्रहाण् + शि |
| | = भ्रूणहानि। | = बहुवृत्रहाणि। |

(A) **(a)** ✻ 'क्रुत्सम्पदादिभ्यः ५.३.११४' → सृज्यते इति क्विप् = सृज् + क्विप्, ✻ ऋत्विज्-दिश् दृश्-स्पृश्-स्रज्० २.१.६९' સૂત્રમાં स्रज् નિર્દેશ કર્યો હોવાથી તેના બળે નિપાતનથી सृज् નો स्रज् આદેશ, ✻ 'अस्तपो-माया० ७.२.४७' → स्रगस्ति एषाम् = स्रज् + विन्, ✻ 'नामसिदय्० १.१.२१' → स्रज् ને પદ સંજ્ઞા, ✻ ऋत्विज्-दिश्-२.१.६९' થી → स्रग् + विन् = स्रग्विन्।

**(b)** ✻ 'ग्मिन् ७.२.२५' → प्रशस्ता वागेषामस्ति = वाग् + ग्मिन् = वाग्मिन्।

(B) **(a)** ✻ 'ब्रह्म-भ्रूण० ५.१.१६१' → भ्रूणं हतवान् = भ्रूणहन + क्विप् = भ्रूणहन्, **(b)** ✻ ब्रह्म-भ्रूण-वृत्र० ५.१.१६१' → वृत्रं हतवान् = वृत्रहन् + क्विप् = वृत्रहन्, ✻ बहवो वृत्रहणो येषु तानि = बहुवृत्रहन्

**(c)** ✻ बहवः पूषाणो येषां तानि = बहुपूषन् **(d)** ✻ शोभनः अर्यमा येषु तानि = स्वर्यमन्।

| | (vii) બહુપૂષાણિ | (viii) સ્વર્યમાણિ |
|---|---|---|
| | બહુપૂષન્ + જસ્ કે શસ્ | સ્વર્યમન્ + જસ્ કે શસ્ |
| * 'નપુંસકસ્ય શિ: ૧.૪.૫૫' → | બહુપૂષન્ + શિ | સ્વર્યમન્ + શિ |
| * 'ઇન્-હન્-પૂષા૦ ૧.૪.૮૭' → | બહુપૂષાન્ + શિ | સ્વર્યમાન્ + શિ |
| * 'રષૃવર્ણાન્૦ ૨.૩.૬૩' → | બહુપૂષાણ્ + શિ | સ્વર્યમાણ્ + શિ |
| | = બહુપૂષાણિ। | = સ્વર્યમાણિ। |

| | (ix) ભ્રૂણહા | (x) વૃત્રહા | (xi) પૂષા | (xii) અર્યમા |
|---|---|---|---|---|
| | ભ્રૂણહન્ + સિ | વૃત્રહન્ + સિ | પૂષન્ + સિ | અર્યમન્ + સિ |
| * 'ઇન્-હન્-પૂષા૦ ૧.૪.૮૭' → | ભ્રૂણહાન્ + સિ | વૃત્રહાન્ + સિ | પૂષાન્ + સિ | અર્યમાન્ + સિ |
| * 'દીર્ઘડ્યાબ્૦ ૧.૪.૪૫' → | ભ્રૂણહાન્ | વૃત્રહાન્ | પૂષાન્ | અર્યમાન્ |
| * 'નામ્નો નો૦ ૨.૧.૯૧' → | ભ્રૂણહા। | વૃત્રહા। | પૂષા। | અર્યમા। |

એકલા હન્ ધાતુને ક્વિપ્ પ્રત્યય લાગતો ન હોવાથી અહીં ભ્રૂણ અને વૃત્ર શબ્દ પૂર્વકના હન્ ધાતુને ક્વિપ્ પ્રત્યય લગાડી પ્રયોગો દર્શાવ્યા છે અને વૃત્રહન્, પૂષન્ અને અર્યમન્ શબ્દો પુંલિંગ હોવાથી તેમનાથી પરમાં નપુંસકલિંગ નામને આશ્રયીને થતો જસ્-શસ્ ના આદેશભૂત શિ પ્રત્યય ન સંભવતા તેમના શિ પ્રત્યયાન્ત દૃષ્ટાંતો પ્રાપ્ત થઈ શકે તે માટે અહીં વૃત્રહન્ વિગેરે શબ્દો જેમાં ગૌણ પડી જવાના કારણે નપુંસકલિંગમાં વર્તે તેવા બહુવ્રીહિસમાસ પૂર્વકના બહુવૃત્રહાણિ વિગેરે દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

**(3) શંકા :-** ઇન્ અંતવાળા નામો તેમજ સૂત્રમાં દર્શાવેલા હન્ વિગેરે નામો ન કારાન્ત છે. તેમજ આ સૂત્રમાં નિમિત્ત રૂપે ગૃહ્યમાણ શિ અને શેષ સિ પ્રત્યયો ઘુટ્ સંજ્ઞક છે. તો ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા 'નિ દીર્ઘ: ૧.૪.૮૫' સૂત્રથી ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામોના ન્ની પૂર્વના સ્વરનો દીર્ઘ આદેશ પ્રાપ્ત જ છે, તો શા માટે નિરર્થક આ સૂત્રની રચના કરો છો ?

**સમાધાન :-** 'નિ દીર્ઘ: ૧.૪.૮૫' સૂત્રથી દીર્ઘ આદેશ પ્રાપ્ત છે, એ વાત સાચી, છતાં આ સૂત્રની રચના ***'सिद्धे सत्यारम्भो नियमार्थ:***[(A)]' ન્યાયાનુસારે નિયમાર્થે કરી હોવાથી નિરર્થક નથી નિયમ આ પ્રમાણે થશે - 'નિ દીર્ઘ: ૧.૪.૮૫' સૂત્રથી કોઈ પણ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામોના ન્ ની પૂર્વના સ્વરને દીર્ઘ આદેશની પ્રાપ્તિ હતી. પણ આ સૂત્રની રચના

(A) અન્યસૂત્રથી કાર્ય પ્રાપ્ત હોવા છતાં પણ જો તે કાર્ય માટે પુનઃ નવું સૂત્ર રચવામાં આવે તો નવું રચેલું સૂત્ર નિયમાર્થે થાય છે.

કરવાથી હવે માત્ર ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો ર્ પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામોના સ્વરનો દીર્ઘ આદેશ થશે.

**શંકા :-** જો નિયમાર્થે આ સૂત્રની રચના કરી હોય તો આ સૂત્રને આશ્રયીને નિયમ બે પ્રકારે સંભવી શકે છે. **(a)** ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામોના સ્વરનો ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો ર્ પરમાં વર્તતા દીર્ઘ આદેશ થાય છે. અર્થાત્ અન્ય ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા દીર્ઘ આદેશ નહીં થાય. આ રીતે પ્રત્યયસંકોચ રૂપે નિયમ સંભવે છે અને **(b)** ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામોના ર્ સ્વરનો ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો પરમાં વર્તતા દીર્ઘ આદેશ થાય છે. અર્થાત્ ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને આ સૂત્રમાં દર્શાવેલા હન્ વિગેરે નામો સિવાયના અન્ય નામોના સ્વરનો દીર્ઘ આદેશ નહીં થાય. આ રીતે પ્રકૃતિસંકોચ રૂપે નિયમ સંભવે છે. તો ઉપરના સમાધાનમાં તમે આ બન્ને નિયમો પૈકીના બીજા નિયમને ન દર્શાવતા પ્રથમ પ્રકારના નિયમને દર્શાવ્યો છે, તે શેના આધારે ?

**સમાધાન :-** જો બીજા પ્રકારના નિયમને દર્શાવવામાં આવે તો ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામો સિવાયના અન્ય નામોના સ્વરનો પણ ર્ 'નિ દીર્ઘઃ ૧.૪.૮૫' સૂત્રથી અને 'નિ વા ૧.૪.૮૯' વિગેરે સૂત્રોથી દીર્ઘ આદેશ થવાની પ્રાપ્તિ છે તેનો નિષેધ થવાની આપત્તિ આવે છે અને ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામોના સ્વરનો સર્વત્ર અર્થાત્ ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યય પરમાં વર્તતા તો ખરા ર્, અન્ય ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા પણ દીર્ઘ આદેશ થવાની આપત્તિ આવે છે. આમ બીજા પ્રકારના નિયમાર્થે આ સૂત્રનો આરંભ કરવામાં આવતા ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામો સિવાયના અન્ય નામોના સ્વરને દીર્ઘ આદેશનો નિષેધ થતા ઘુટ્ શિ પ્રત્યય પરમાં વર્તતા ન્ આગમ પૂર્વકના અપ્ શબ્દના સ્વરના દીર્ઘાદેશાર્થે રચેલું 'નિ વા ૧.૪.૮૯[(A)]' સૂત્ર, તેમજ ઘુટ્ શેષ સિ પ્રત્યય પરમાં વર્તતા અતુ અને અસ્ અંતવાળા નામોના સ્વરના દીર્ઘાદેશાર્થે રચેલું 'અભ્વાદેરત્વસઃ સૌ ૧.૪.૯૦' સૂત્ર નિરર્થક થવાની આપત્તિ આવે છે. તેથી અમે બીજા પ્રકારનો નિયમ ન દર્શાવતા પ્રથમ પ્રકારના નિયમને દર્શાવ્યો છે.

*(આ સૂત્રમાં બીજા પ્રકારનો નિયમ કેમ નથી થતો ? તે વાત લઘુન્યાસમાં જુદી રીતે દર્શાવી છે. તે આ પ્રમાણે-*

---

(A) 'નિ વા ૧.૪.૮૯' સૂત્રમાં ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન્ આગમ પૂર્વકના અપ્ શબ્દના સ્વરનો દીર્ઘ આદેશ કરવાની વાત કરી છે. પણ અપ્ શબ્દ નપુંસકલિંગમાં વર્તે અને તેની પરમાં ઘુટ્ એવો શિ પ્રત્યય આવે તો ર્ તેને 'ઘુટાં પ્રાક્ ૧.૪.૬૬' સૂત્રથી ન્ આગમ થવાથી તે ન્ આગમ પૂર્વકનો સંભવે છે. બીજા ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા અન્ય કોઇ સૂત્રથી અપ્ શબ્દને ન્ આગમની પ્રાપ્તિ નથી. આ રીતે અન્ય ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન્ આગમ રહિત અપ્ શબ્દના સ્વરનો 'નિ વા ૧.૪.૮૯' સૂત્રથી દીર્ઘ આદેશ ન થઈ શકવાથી તે સૂત્ર ચરિતાર્થ ન થઈ શકતા અમે અહીં તેની નિરર્થક થવાની વાત કરી છે.

*જો સૂત્રમાં બીજા પ્રકારનો નિયમ થાય તો ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરે નામો સિવાયના અન્ય નામોના સ્વરના દીર્ઘ આદેશનો નિષેધ થતા 'वंश्य-ज्यायोभ्रात्रोर्जीवति प्रपौत्राद्यस्त्री युवा ૬.૧.૩' સૂત્રમાં युवा(A) આ પ્રમાણે જે નિર્દેશ કર્યો છે તે, તેમજ 'पराणि कानानशौ० ૩.૩.૨૦' સૂત્રમાં पराणि(B) આ પ્રમાણે જે નિર્દેશ કર્યો છે તે ઘટમાન ન થઈ શકે. કારણ આ બન્ને નિર્દેશો અનુક્રમે ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યય પરમાં વર્તતા સ્વરનો દીર્ઘ આદેશ થયો હોય તેવા છે. આ બન્ને નિર્દેશોના બળે આ સૂત્રમાં બીજા પ્રકારનો નિયમ ન થતા પહેલા પ્રકારનો નિયમ થાય છે.)*

**શંકા :-** ભલે તમે સૂત્રમાં પહેલા પ્રકારના નિયમનું ગ્રહણ કરો, પણ તેમ કરવાથી ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના કોઈપણ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરેના સ્વરના દીર્ઘ આદેશનો નિષેધ થશે. તેથી હન્ ધાતુથી પરમાં ક્વિપ્ પ્રત્યય હોય કે ઘુટ્ આદિમાં હોય એવા કિત્-ઙિત્ પ્રત્યયો હોય તો પણ તેના સ્વરના દીર્ઘ આદેશની પ્રાપ્તિ જ ન વર્તતા 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રસ્થ દીર્ઘદેશની બાબતમાં અહન્ પદ મૂકી હન્ ધાતુને વર્જવાની કોઈ જરૂર નથી. તો શા માટે 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રમાં હન્ ધાતુનું વર્જન કરો છો ?

**સમાધાન :-** ભલા !, આ ઘુટ્ પ્રત્યયોનું પ્રકરણ ચાલે છે. તેથી પ્રથમ નિયમાનુસારે ઘુટ્ એવા શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના અન્ય ઘુટ્ પ્રત્યયો જ પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામો અને હન્ વિગેરેના સ્વરના દીર્ઘ આદેશનો નિષેધ થાય છે. પણ ઘુટ્ સિવાયના પ્રત્યયો પરમાં વર્તતા દીર્ઘ આદેશનો નિષેધ નથી થતો. તેથી જો 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રમાં હન્ ધાતુનું વર્જન ન કરવામાં આવે તો ક્વિપ્ પ્રત્યયાન્ત વૃત્રહન્ શબ્દને સપ્તમી(C) એકવચનનો ઙિ પ્રત્યય લાગતા જ્યારે 'ઈ-ડૌ વા ૨.૧.૧૦૧' સૂત્રથી વિકલ્પપક્ષે વૃત્રહન્ના ઉપાન્ત્ય અ નો લોપ ન થાય ત્યારે 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રથી ક્વિપ્ પ્રત્યયની પરવર્તિતાને લઈને વૃત્રહન્ ગત હન્ ના અ સ્વરનો દીર્ઘ આદેશ થવાની પ્રાપ્તિ આવે છે. તેથી વૃત્રહણિ ના બદલે વૃત્રહાણિ આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે છે. માટે 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રમાં હન્ ધાતુનું વર્જન કરવું જરૂરી છે.

---

(A) * युवन् + सि, * 'नि दीर्घः १.४.८५' → युवान् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → युवान्, * 'नाम्नो नो० २.१.९१' → युवा।

(B) * पर + जस् કે शस्, * 'नपुंसकस्य शिः १.४.५५' → पर + शि, * 'स्वराच्छौ १.४.६५' → परन् + शि, * 'नि दीर्घः १.४.८५' → परान् + शि, * 'रषृवर्णान्० २.३.६३' → पराण् + शि = पराणि।

(C) અહીં સપ્તમી એકવચનના ઙિ પ્રત્યયને જ લઈને વૃત્રહન્ ગત હન્ ના અ સ્વરની ક્વિપ્ પ્રત્યયના નિમિત્તે દીર્ઘ આદેશની આપત્તિ દર્શાવી છે. કેમકે તે સિવાયના અઘુટ્ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા વૃત્રહન્ ગત હન્ ના અ સ્વરનો 'अनोऽस्य २.१.१०८' સૂત્રથી લોપ થઈ જાય છે. તેથી હન્ માં સ્વરના અભાવે 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રથી ક્વિપ્ પ્રત્યયના નિમિત્તે દીર્ઘ આદેશ થવાની પ્રાપ્તિ જ નથી આવતી, તો આપત્તિ શેની આવે ?

**શંકા :-** 'अहन्पञ्चमस्य० ४.१.१०७' સૂત્રમાં हन् ધાતુના વર્જનની જરૂર નથી કેમકે અમે આ સૂત્રનો 'इन्-हन्-पूषार्यम्णः' અને 'शि-स्योः' આમ યોગવિભાગ[A] (સૂત્રવિભાગ) કરી આ સૂત્રને બે સૂત્રતુલ્ય માનશું. તેમાં વિભાગના 'इन्-हन्-पूषाऽर्यम्णः' પ્રથમાંશમાં ઘુટિ ની અનુવૃત્તિ લઈ ઘુટ્ પ્રત્યયો જ પરમાં વર્તતા इन् અંતવાળા નામો અને हन् વિગેરેના સ્વરના દીર્ઘ આદેશની પ્રાપ્તિ દર્શાવતો નિયમ કરશું, જેથી સપ્તમી એકવચનના ङि પ્રત્યયના કારણે વૃત્રહન્ ગત हन् નો अ સ્વર સાબુદ રહેતા क्विप्પ્રત્યયને નિમિત્ત રૂપે ગ્રહણ કરી 'अहन्पञ्चमस्य० ४.१.१०७' સૂત્રથી વૃત્રહન્ ગત हन् ના अ સ્વરનો જે દીર્ઘ આદેશ પ્રાપ્ત હતો ત્યાં નિમિત્ત રૂપ क्विप् પ્રત્યય ઘુટ્ સંજ્ઞક ન હોવાથી હવે દીર્ઘ આદેશની પ્રાપ્તિ નહીં રહે, તેથી વૃત્રહણિ આવો ઈષ્ટપ્રયોગ જ સિદ્ધ થશે. વળી યોગવિભાગના પ્રથમાંશાનુસારે હજું સધળાય ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા इन् અંતવાળા નામોના અને हन् વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ થવાની પ્રાપ્તિ ઊભી રહે છે. તેથી અમે વિભાગના 'शि-स्योः' દ્વિતીયાંશમાં વિભાગના પ્રથમાંશમાંથી 'इन्-हन्-पूषार्यम्णः घुटि' આ સંપૂર્ણ અંશની અનુવૃત્તિ લઈ વિભાગના દ્વિતીય અંશને 'इन्-हन्-पूषार्यम्णः घुटि शि-स्योः' આમ સ્વીકારશું અને તેનો અર્થ 'ઘુટ્ પ્રત્યયોમાં शि અને શેષ सि પ્રત્યયો જ પરમાં વર્તતા इन् અંતવાળા નામોના અને हन् વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ થાય છે.' આમ કરશું, જેથી ઘુટ્ પ્રત્યયોમાં પણ નિયમ (સંકોચ) થઈને માત્ર शि અને શેષ सि પ્રત્યયો જ નિમિત્ત રૂપે બાકી રહે. આમ યોગવિભાગના પ્રથમાંશને લઈને વૃત્રહણિ પ્રયોગસ્થળે આવતી આપત્તિ ટળતી હોવાથી અને દ્વિતીયાંશને લઈને ઘુટ્ शि અને શેષ सि પ્રત્યયો જ નિમિત્ત રૂપે બાકી રહેતા આગળ જેવો સૂત્રનો અર્થ થતો હતો તેવો જ સૂત્રનો અર્થ પ્રાપ્ત થઈ જતો હોવાથી 'अहन्पञ्चमस्य० ४.१.१०७' સૂત્રમાં हन् ધાતુને વર્જવાની કોઈ જરૂર નથી.

**સમાધાન :-** આ રીતે યોગવિભાગ કરવાની શું જરૂર છે ? કેમકે આ સૂત્રમાં એકયોગ (અખંડ એક સૂત્રની રચના) કરવામાં આવે તો પણ તમારા કહ્યા મુજબ બધું ઘટમાન થઈ શકે એમ છે. તે આ રીતે - આ સૂત્રમાં નિમિત્ત રૂપે ગ્રહણ કરાતા शि અને सि પ્રત્યયો ઘુટ્ સંજ્ઞક હોવા છતાં તેમની ઘુટ્ રૂપે વિવક્ષા ન કરતા માત્ર પ્રત્યય રૂપે વિવક્ષા કરવાની. તેથી હવે આ સૂત્રમાં ઘુટ્ પ્રત્યયોનું પ્રકરણ ન વર્તતા પૂર્વે દર્શાવેલા પ્રથમ નિયમ મુજબ આ સૂત્રથી शि અને શેષ सि પ્રત્યયો જ પરમાં વર્તતા इन् અંતવાળા નામોના અને हन् વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ થઈ શકવા રૂપ નિયમ થઈ શકશે. તેથી शि અને શેષ सि પ્રત્યયો સિવાયના क्विप् પ્રત્યય તેમજ ઘુટ્ વર્ણ આદિમાં હોય એવા कित्-ङित् વિગેરે ગમે તે પ્રત્યયો પરમાં વર્તતા इन् અંતવાળા નામોના અને हन् વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ નહીં થઈ શકે. તેથી 'अहन्पञ्चमस्य० ४.१.१०७' સૂત્રમાંથી हन् નું નિષેધક अहन् પદ કાઢી નાંખવામાં આવે તો પણ તે સૂત્રથી क्विप् પ્રત્યયાન્ત વૃત્રહન્ સ્થળે સપ્તમીનો ङि પ્રત્યય લાગતા क्विप् પ્રત્યયના નિમિત્તે વૃત્રહન્ ગત हन् ના अ સ્વરનો દીર્ઘ આદેશ નહીં થઈ શકે અને આ સૂત્રનો અભીષ્ટ અર્થ પણ પ્રાપ્ત થશે.

(A) લાઘવપૂર્ણ રીતે ઈષ્ટપ્રયોગોની સિદ્ધયર્થે આ રીતે યોગવિભાગ કરવામાં આવતો હોય છે. જુઓ 'समानानां० १.२.१, પૃ. ૮૫, પં.૪૪' સૂત્રના ન્યાસાનુસંધાનમાં ***પૂ. લાવણ્યસૂરિ*** મ.સા.એ 'नाम्नः प्रथमैक० २.२.३१' સૂત્રના યોગવિભાગની વાત કરી છે.

**શંકા :-** જો આ રીતે શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના કોઈપણ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ ન થઈ શકે તો *** વૃત્રહા ઇવ આચરતીતિ ક્યઙ્ = વૃત્રહન્ + ક્યઙ્, * 'નં ક્યે ૧.૧.૨૨' → વૃત્રહન્ ને પદસંજ્ઞા, * 'નામ્નો નો૦ ૨.૧.૯૧' → વૃત્રહ + ક્યઙ્, * 'દીર્ઘશ્ચ્વિ૦ ૪.૩.૧૦૮' → વૃત્રહા + ક્યઙ્ + શવ્ + તે = વૃત્રહાયતે। તેમજ * અદણ્ડી દણ્ડી ભૂતઃ = દણ્ડિન્ + ચ્વિ + ભૂતઃ, * 'નામસિદય્૦ ૧.૧.૨૧' → દણ્ડિન્ ને પદસંજ્ઞા, * 'નામ્નો નો૦ ૨.૧.૯૧' → દણ્ડિ + ચ્વિ + ભૂતઃ, * 'દીર્ઘશ્ચ્વિ૦ ૪.૩.૧૦૮' → દણ્ડી + ચ્વિ (૦) + ભૂતઃ = દણ્ડીભૂતઃ।** આ બન્ને સ્થળે અનુક્રમે વૃત્રહન્ ગત હન્ ના અ સ્વરનો અને ઇન્ પ્રત્યયાન્ત દણ્ડિન્ ના ઇ સ્વરનો ક્રમશઃ ક્યઙ્ અને ચ્વિ પ્રત્યયના નિમિત્તે 'દીર્ઘશ્ચ્વિ૦ ૪.૩.૧૦૮' સૂત્રથી દીર્ઘ આદેશ ન થઈ શકવાની આપત્તિ આવશે. કેમકે ક્યઙ્ અને ચ્વિ પ્રત્યયો શિ અને શેષ સિ સિવાયના પ્રત્યયો છે. માટે અમે જે યોગવિભાગ કર્યો છે તે યુક્ત છે.

**સમાધાન :-** શિ અને શેષ સિ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના ઉપાન્ત્યસ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ થાય છે. માટે આ ઉપાન્ત્યસ્વરના દીર્ઘ આદેશનું પ્રકરણ છે. તેથી ઉપર દર્શાવેલા નિયમાનુસાર શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના કોઈપણ પ્રત્યયો પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના ઉપાન્ત્યસ્વરના જ દીર્ઘ આદેશનો નિષેધ થાય છે, અંત્યસ્વરનો નહીં. માટે વૃત્રહ + ક્યઙ્ અને દણ્ડિ + ચ્વિ + ભૂતઃ અવસ્થામાં ક્રમશઃ ક્યઙ્ અને ચ્વિ પ્રત્યયના નિમિત્તે 'દીર્ઘશ્ચ્વિ૦ ૪.૩.૧૦૮' સૂત્રથી વૃત્રહન્ ગત હન્ ના અ સ્વરનો અને ઇન્ પ્રત્યયાન્ત દણ્ડિન્ ના ઇ સ્વરનો દીર્ઘ આદેશ થઈ શકવાથી કોઈ આપત્તિ નથી આવતી. માટે આ સૂત્રમાં યોગવિભાગ કરવાની કોઈ જરૂર નથી.

વળી જો તમને અમારી ઉપરોક્ત રીતથી સંતોષ ન થતો હોય તો હજું એક નવી રીત બતાવીએ. યોગવિભાગ ન કરતા આ સૂત્રમાં એકયોગ જ સ્વીકારવામાં આવે અને સૂત્રમાં નિમિત્ત રૂપે ગ્રહણ કરાતા શિ અને શેષ સિ પ્રત્યયોને ઘુટ્ પ્રત્યય રૂપે જ વિવક્ષવાથી જો આ સૂત્રમાં ઘુટ્ પ્રત્યયોનું પ્રકરણ ગણાતા પ્રથમ નિયમાનુસારે ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના માત્ર અન્ય ઘુટ્ પ્રત્યયો જ પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના સ્વરના દીર્ઘ આદેશનો નિષેધ થતો હોય તો પણ અહન્ પદરહિત 'અહન્પઞ્ચમસ્ય૦ ૪.૧.૧૦૭' સૂત્રથી વૃત્રહણિ પ્રયોગસ્થળે ક્વિપ્ પ્રત્યયના નિમિત્તે જે દીર્ઘ આદેશ થવાની આપત્તિ આવે છે તેને ટાળી શકાય છે. તે આ પ્રમાણે - ઘુટ્ પ્રત્યયો બે પ્રકારના છે; એક શિ પ્રત્યય જે નપુંસકલિંગ નામોને લાગે છે અને બીજા સિ-ઔ-જસ્-અમ્-ઔ પ્રત્યયો જે પુંલિંગ અને સ્ત્રીલિંગ નામોને લાગે છે. તેમાં આ સૂત્રથી થતી દીર્ઘવિધિમાં પ્રથમ નિયમ મુજબ ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના તે બન્નેને તુલ્યજાતીય (સજાતીય) અન્ય ઘુટ્ પ્રત્યયોનો જ નિમિત્ત રૂપે નિષેધ થાય છે, અન્ય પ્રત્યયોનો નહીં. પરંતુ નપુંસકલિંગ નામોને લાગતા ઘુટ્ શિ પ્રત્યયોને સજાતીય અન્ય કોઈ ઘુટ્ પ્રત્યયો છે નહીં. તેથી આ સૂત્રમાં ઘુટ્ શિ પ્રત્યયને લઈને તેને સજાતીય અન્ય ઘુટ્ પ્રત્યયનો નિમિત્ત રૂપે નિષેધ કરનાર પ્રથમ નિયમ નિરર્થક બને છે. તેથી નિરર્થક થતો આ નિયમ પોતે ચરિતાર્થ થવા માટે શિ પ્રત્યય સિવાયના તેને સજાતીય

અન્ય ઘુટ્ પ્રત્યયોનો આ સૂત્રમાં નિમિત્ત રૂપે નિષેધ ન કરી શકતા શિ પ્રત્યય સિવાયના અન્ય સઘળાય પ્રત્યયોનો નિમિત્ત રૂપે નિષેધ કરી દે છે. તેથી આ સૂત્રથી ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના સ્વરનો ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના કોઈપણ પ્રત્યયો પરમાં વર્તતા દીર્ઘ આદેશનો નિષેધ થવાથી વૃત્રહણિ પ્રયોગસ્થળે અહન્ પદરહિત 'અહન્પઞ્ચમસ્ય૦ ૪.૧.૧૦૭' સૂત્રથી ક્વિપ્ પ્રત્યયના નિમિત્તે વૃત્રહન્ ગત હન્ ના અ સ્વરનો દીર્ઘ આદેશ ન થઈ શકે અને આ સૂત્રનો અભીષ્ટ અર્થ પણ પ્રાપ્ત થઈ જાય. માટે આ સૂત્રમાં યોગવિભાગ કરવાની જરૂર નથી. 'પા.સૂ.૬.૪.૧૨-૧૩' ના મહાભાષ્ય પરની 'પ્રદીપ' ટીકામાં *'કૈયટ'* પણ આ જ વાત જણાવે છે. (બૃ. ન્યાસમાં *'કૈયટ'* ની પંક્તિઓ દર્શાવી છે. પણ તેનો અર્થ ઉપર પ્રમાણે જ હોવાથી ફરી નથી લખ્યો.)

**શંકા :-** ભલે, તમે અમારા કહ્યા મુજબનો અર્થ વગર યોગવિભાગે સારી રીતે સંગત કરી આપ્યો. પણ હવે એ વાત કરો કે આ સૂત્રમાં પ્રથમ પ્રકારના નિયમનું ગ્રહણ કરવાથી 'અહન્પઞ્ચમસ્ય૦ ૪.૧.૧૦૭' સૂત્રસ્થ અહન્ પદ તો નિરર્થક જ બને છે ને ?

**સમાધાન :-** ના, એ નિરર્થક નથી બનતું પણ ***'निरवकाशं सावकाशात्'***(A) ન્યાયનું તે અનુવાદક હોવાથી સફળ છે. તે આ રીતે - આ સૂત્રમાં પ્રથમ પ્રકારનો નિયમ કર્યા બાદ 'અહન્પઞ્ચમસ્ય૦ ૪.૧.૧૦૭' સૂત્રસ્થ અહન્ પદ નિરર્થક બનતું હતું માટે આટલી લાંબી ચર્ચા ચાલી. તેમાં છેલ્લા જવાબમાં નપુંસકલિંગ નામને લાગતા શિ પ્રત્યયને સજાતીય બીજો કોઈ ઘુટ્ પ્રત્યય ન હોવાથી પ્રથમ નિયમ અચરિતાર્થ (નિરવકાશ) બન્યો. માટે તેણે પોતાની ચરિતાર્થતા માટે ***'निरवकाशं सावकाशात्'*** ન્યાયનો સહારો લઈ શિ અને શેષ સિ સિવાયના સઘળા પ્રત્યયોનો દીર્ઘવિધિના નિમિત્ત રૂપે નિષેધ કરી દીધો અને વગર યોગવિભાગે આ સૂત્રનો અર્થ સંગત થઈ ગયો. આમ 'અહન્પઞ્ચમસ્ય૦ ૪.૧.૧૦૭' સૂત્રસ્થ અહન્ પદના કારણે આ ચર્ચા ચાલી અને ***'निरवकाशं सावकाशात्'*** ન્યાયનો અહીં અનુવાદ (પુનઃ કથન) થયો. માટે ન્યાયના અનુવાદક રૂપે અહન્પદ સફળ છે.

| | (a) दण्डिनौ | (b) दण्डिनः | (c) दण्डिनम् |
|---|---|---|---|
| | दण्डिन् + औ | दण्डिन् + जस् કે शस् | दण्डिन् + अम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | दण्डिनर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | दण्डिनः | ↓ |
| | = दण्डिनौ। | = दण्डिनः। | = दण्डिनम्। |

વૃત્રહણૌ થી લઈને અર્યમણમ્ સુધીના પ્રયોગોની સાધનિકા યથાયોગ્ય રીતે દણ્ડિનૌ વિગેરે પ્રયોગો પ્રમાણે કરી લેવી. માત્ર એટલું વિશેષ કે સાધનિકા વખતે વૃત્રહણૌ વિગેરે પ્રયોગસ્થળે જો વૃત્રહન્ શબ્દ કોકની સંજ્ઞામાં હોય

(A) આ ન્યાયનો અનુવાદ મેં મારી મતિથી દર્શાવ્યો છે. અહન્ પદને બીજા કોઈ ન્યાયના અનુવાદક રૂપે દર્શાવી બૃ. ન્યાસની પંક્તિનો અર્થ સંગત કરી શકાતો હોય તો વિદ્વાનજનો પ્રયત્ન કરે.

તો 'पूर्वपदस्थान्० २.३.५४' સૂત્રથી ન્ નો ણ્ આદેશ કરવો અને જો તે સંજ્ઞામાં ન હોય તો 'कवर्गैक० २.३.७६' સૂત્રથી ન્ નો ણ્ આદેશ કરવો અને પૂષાણૌ, અર્યમણૌ વિગેરે સ્થળે 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી ન્ નો ણ્ આદેશ કરવો.

આ સૂત્રમાં થયેલા પ્રથમ નિયમ મુજબ ઘુટ્ એવા શિ અને શેષ સિ પ્રત્યયો ૭ પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ થાય છે. તેથી દણ્ડિનૌ વિગેરે પ્રયોગસ્થળે ઔ-જસ્ વિગેરે પ્રત્યયો હોવાથી આ સૂત્રથી દણ્ડિન્ વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ ન થયો.

**(4)** આ સૂત્રથી શેષ (સંબોધન એકવચન સિવાયનો) ૭ સિ પ્રત્યય પરમાં વર્તતા ઇન્ અંતવાળા નામોના અને હન્ વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ થાય એવું કેમ ?

| | **(a) हे दण्डिन्!** | **(b) हे वृत्रहन्!** | **(c) हे पूषन्!** | **(d) हे अर्यमन्!** |
|---|---|---|---|---|
| | **दण्डिन् + सि** | **वृत्रहन् + सि** | **पूषन् + सि** | **अर्यमन् + सि** |
| *** 'दीर्घङ्याब्० १.४.४५'** → | **दण्डिन्** | **वृत्रहन्** | **पूषन्** | **अर्यमन्** |
| *** 'नामन्त्ये २.१.९२'** → | **हे दण्डिन्!।** | **हे वृत्रहन्!।** | **हे पूषन्!।** | **हे अर्यमन्!।** |

આ સર્વસ્થળે પરમાં સંબોધન એકવચનનો સિ પ્રત્યય છે. માટે આ સૂત્રથી ઇન્ અંતવાળા દણ્ડિન્ અને વૃત્રહન્ ગત હન્ વિગેરેના સ્વરનો દીર્ઘ આદેશ ન થયો.

**(5) શંકા :-** આ સૂત્રમાં થયેલા નિયમ મુજબ ઘુટ્ શિ અને શેષ સિ પ્રત્યયો સિવાયના પ્રત્યયો પરમાં વર્તતા હન્ નો સ્વર દીર્ઘ ન થવો જોઈએ. તો પ્લીહાનૌ વિગેરે સ્થળે 'नि दीर्घः १.४.८५' સૂત્રથી હન્ નો સ્વર દીર્ઘ કેમ થયો?

**સમાધાન :-** પ્લીહન્ શબ્દ પ્લિહ્ ધાતુને 'श्वन-मातरिश्वन्० (उणा० ९०२)' સૂત્રથી અન્ પ્રત્યય લાગી નિપાતનથી[A] સિદ્ધ થયો છે. તેમાં પ્લિહ્ ધાતુનો હ્ અને અન્ પ્રત્યય મળીને હન્ નિષ્પન્ન થયો છે. માટે પ્લીહન્ ગત પ્લિહ્ ધાતુ અને અન્ પ્રત્યય બન્ને અર્થવાન્ હોવા છતાં તે બન્નેના અંશનો મેળ પાડી નિષ્પન્ન થયેલા હન્ નો કોઈ અર્થ ન થતો હોવાથી તે અનર્થક છે. જ્યારે સૂત્રમાં દર્શાવેલો હન્ તો 'हनंक् हिंसा-गत्योः (ग.२, ११००)' આમ હિંસા અને ગત્યર્થક ધાતુ હોવાથી તે અર્થવાન્ છે. માટે ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયથી સૂત્રમાં અર્થવાન્ હન્ નું ગ્રહણ સંભવતું હોય તો અનર્થક હન્ નું ગ્રહણ ન કરાય. તેથી આ સૂત્રમાં પ્લીહન્ ગત અનર્થક હન્ નું ગ્રહણ ન થતું હોવાથી આ સૂત્રોક્ત નિયમ પણ તેને લાગુ ન પડે. માટે ઔ વિગેરે પ્રત્યયો પરમાં વર્તતા પ્લીહન્ ગત હન્ ના સ્વરનો 'नि दीर्घः १.४.८५' સૂત્રથી દીર્ઘ આદેશ થઈ શકે છે.

---

(A) નિપાતનથી પ્લીહન્ શબ્દગત પ્લિહ્ ધાતુનો સ્વર દીર્ઘ થાય છે.

**(6) શંકા :-** આ સૂત્રમાં 'इन्' આમ પ્રત્યયપરક પદ દર્શાવ્યું છે. પણ ***'न केवला प्रकृतिर्प्रयोक्तव्या नाऽपि प्रत्ययः'*** ન્યાયાનુસારે કેવળ इन् પ્રત્યયનો પ્રયોગ શક્ય ન હોવાથી આ સૂત્રથી થતી દીર્ઘ વિધ્યર્થે इन् પ્રત્યયાન્ત दण्डिन् વિગેરે નામોનું ગ્રહણ કર્યું છે. પણ તેમાં ***'प्रत्ययग्रहणे यस्मात् स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणं भवति (सीरदेव बृ. परि. वृ. २५)***[A] ' ન્યાયાનુસારે इन् પ્રત્યય જેને લાગ્યો હોય તેવા दण्डिन् વિગેરે નામોનું જ આ સૂત્રથી થતી દીર્ઘ વિધ્યર્થે ગ્રહણ થઈ શકે છે. બહુદણ્ડિન્ વિગેરે નામોનું નહીં. તો शि પ્રત્યય પરમાં વર્તતા બહુદણ્ડિન્ શબ્દના इ સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ કરી તમે બહુદણ્ડીનિ પ્રયોગ નહીં કરો ને ?

**સમાધાન :-** જરૂર કરશું. કેમકે ***'प्रत्ययग्रहणे यस्मात् स०'*** ન્યાય તો જે સૂત્રમાં માત્ર પ્રત્યયનું જ ગ્રહણ કરી કોઈ કાર્યનું વિધાન કર્યું હોય ત્યાં લાગે છે. આ સૂત્રમાં દીર્ઘ આદેશનું વિધાન માત્ર इन् પ્રત્યયને લઈને નથી કર્યું. પણ સાથે हन्, पूषन् વિગેરે શબ્દોને લઈને કર્યું છે. માટે આ સૂત્રમાં ***'प्रत्ययग्रहणे यस्मात् स०'*** ન્યાય ન લાગી શકવાથી शि પ્રત્યય પરમાં વર્તતા બહુદણ્ડિન્ નો इ સ્વર આ સૂત્રથી દીર્ઘ થઈ શકતા બહુદણ્ડીનિ પ્રયોગ થઈ શકશે.

જો અહીં ***'प्रत्ययग्रहणे यस्मात् स०'*** ન્યાય લાગે તો બીજી એક આપત્તિ એ આવે કે આ સૂત્રમાં इन् પ્રત્યયનું ગ્રહણ કર્યું હોવાથી દીર્ઘ વિધ્યર્થે इन् પ્રત્યયાન્ત જ નામનું ગ્રહણ થઈ શકે, ग्मिन् પ્રત્યયાન્ત वाग्मिन् વિગેરે શબ્દોનું નહીં. તેથી આ સૂત્રથી દીર્ઘ આદેશ થયો હોય એવા वाग्मी વિગેરે પ્રયોગો સિદ્ધ ન થઈ શકે.

**શંકા :-** આ સૂત્રમાં ***'प्रत्ययग्रहणे यस्मात् स०'*** ન્યાય ન લાગે તો પણ वाग्मिन् શબ્દસ્થળે ग्मिन् પ્રત્યયગત इन् અંશ અનર્થક હોવાથી અને दण्डिन् શબ્દસ્થ મત્વર્થીય इन् પ્રત્યય સાર્થક (અર્થવાન્) હોવાથી ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયાનુસારે આ સૂત્રમાં દીર્ઘવિધ્યર્થે અનર્થક इन् અંશ સહિતના ग्मिन् પ્રત્યયાન્ત वाग्मिन् વિગેરે શબ્દોનું ગ્રહણ નથી જ થવાનું. તો ભલેને ***'प्रत्ययग्रहणे यस्मात् स०'*** ન્યાયથી જ वाग्मी વિગેરે પ્રયોગોનો નિષેધ થઈ જતો? શું વાંધો છે ?

**સમાધાન :-** ના, ***'प्रत्ययग्रहणे यस्मात् स०'*** ન્યાય તો જ્યાં કેવળ પ્રત્યયને લઈને કાર્યનું વિધાન કર્યું હોય ત્યાં જ લાગે. આ સૂત્રમાં તે ન જ લાગી શકે અને ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયના અપવાદભૂત અમારી પાસે

---

(A) જે સૂત્રમાં પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં તે પ્રત્યય જેનાથી વિહિત હોય તે પ્રકૃતિ આદિમાં હોય અને તે પ્રત્યય અંતમાં હોય તેનું જ ગ્રહણ થાય છે. અર્થાત્ પ્રત્યય જે પ્રકૃતિને લાગ્યો હોય તે જ પ્રકૃતિ જેની આદિમાં હોય તેવા જ પ્રત્યયાન્ત નામનું ગ્રહણ થાય છે. આ સૂત્રમાં इन् પ્રત્યયનું ગ્રહણ કર્યું છે, તો इन् પ્રત્યયવિધાયક સૂત્રથી इन् પ્રત્યય दण्ड શબ્દને લાગે છે, બહુદણ્ડ શબ્દને નહીં. બહુ પદ તો इन् પ્રત્યયાન્ત दण्डिन् શબ્દની નિષ્પત્તિ થયા પછી બહુવ્રીહિસમાસ થવાના કારણે જોડાય છે. આમ इन् પ્રત્યય दण्ड શબ્દને લાગતો હોવાથી આ સૂત્રથી થતી દીર્ઘ વિધ્યર્થે दण्ड શબ્દ જેની આદિમાં છે તેવા इन् પ્રત્યયાન્ત જ અર્થાત્ दण्डिन् નામનું જ ગ્રહણ થશે, બહુદણ્ડિન્ નામનું નહીં.

***'अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति'*** ન્યાય હોવાથી આ સૂત્રથી થતી દીર્ઘવિધિમાં અમે અનર્થક इन् અંશ સહિતના ग्मिन् પ્રત્યયાન્ત वाग्मिन् વિગેરે શબ્દોનું ગ્રહણ કરી શકવાથી वाग्मी વિગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકશે. ***'अनिनस्मन्०'*** ન્યાય એમ જણાવે છે કે '૭૪ સૂત્રમાં अन्-इन्-अस् કે मन् પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય તે સૂત્રની પ્રવૃત્તિ અર્થવાન્ અને અનર્થક બન્ને પ્રકારના अन्-इन्-अस्-मन् અંતવાળા નામસ્થળે થાય છે.' હવે वाग्मिन् વિગેરે શબ્દોનું આ સૂત્રથી થતી દીર્ઘ વિધ્યર્થે ગ્રહણ શક્ય બનતા આ સૂત્રમાં દર્શાવેલો નિયમ પણ તેમને લાગું પડશે. તેથી घुट् शि અને शेष सि પ્રત્યય સિવાયના પ્રત્યયો પરમાં વર્તતા 'नि दीर्घः १.४.८५' સૂત્રથી वाग्मिन् ના इ સ્વરનો દીર્ઘ આદેશ ન થઈ શકવાથી वाग्मिनौ, वाग्मिनः વિગેરે પ્રયોગો સિદ્ધ થશે.

**(7)** ल.ન્યાસની 'तदन्तविधिमिति-ननु ***'अनिनस्मन्०'*** इत्यत्रातोरनिर्देशात्...' પંક્તિનું વિવરણ અહીં નથી કર્યું. કેમકે આગળ 'अभ्वादे० १.४.९०' સૂત્રના બૃ.ન્યાસની પંક્તિના વિવરણમાં તે પદાર્થ દર્શાવ્યો છે ।।૮૭।।

## अपः ।। १.४.८८ ।।

**बृ.वृ.–अपः स्वरस्य शेषे घुटि परे दीर्घो भवति। आप[1]ः, शोभना आपो यत्र–स्वाप्, स्वापम्, स्वापौ, स्वापः। 'बह्वपा[2]ः' इत्यत्र तु समासान्तेन व्यवधानान्न भवति। घुटी[3]त्येव? अपः पश्य। शेष[4] इत्येव? हे स्वप्!।।८८।।**

---

**सूत्रार्थ :-** શેષ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા अप् શબ્દનો સ્વર દીર્ઘ થાય છે.

<u>विवरण :-</u> **(1)** <u>दृष्टांत</u> -

**(i) आपः –** ✻ **'आपः क्विप् ह्रस्वश्च (उणा० ९३१)' → आप् (धातु) + क्विप् = अप् + जस्,** ✻ **'अपः १.४.८८' →** आप् + जस् = आपस्, ✻ **'सो रुः २.१.७२' →** आपर्, ✻ **'रः पदान्ते० १.३.५३' →** आपः।

अप् શબ્દના પ્રયોગો બહુવચનમાં જ થાય છે, માટે અહીં માત્ર બહુવચનનું जस् પ્રત્યયાન્ત आपः દૃષ્ટાંત દર્શાવ્યું છે.

| | (ii) [(A)]स्वाप् | (iii) स्वापम् | (iv) स्वापौ |
|---|---|---|---|
| | स्वप् + सि | स्वप् + अम् | स्वप् + औ |
| ✻ 'अपः १.४.८८' → | स्वाप् + सि | स्वाप् + अम् | स्वाप् + औ |
| ✻ 'दीर्घड्याब्० १.४.४५' → | स्वाप् | ↓ | ↓ |
| | = स्वाप्। | = स्वापम्। | = स्वापौ। |

---

(A) शोभना आपो यस्य यत्र वा स = स्वप्

**(v) स्वापः** – * स्वप् + जस्, * 'अपः १.४.८८' → स्वाप् + जस्, * 'सो रुः २.१.७२' → स्वापर्, * 'रः पदान्ते० १.३.५३' → स्वापः।

**(2) (a) बह्वपाः** – * 'एकार्थं चाने० ३.१.२२' → बह्व्यः आपः येषु ते = बह्वप्, * 'ऋक्पूः० ७.३.७६' → बह्वप् + अत् = बह्वप + जस्, * 'समानानां तेन० १.२.१' → बह्वपास्, * 'सो रुः २.१.७२' → बह्वपार्, * 'रः पदान्ते० १.३.५३' → बह्वपाः।

અહીં બહ્વપ + જસ્ અવસ્થામાં ઘુટ્ જસ્ પ્રત્યય અને બહ્વપ્ ગત અપ્ વચ્ચે અત્ સમાસાન્તનું વ્યવધાન છે. માટે આ સૂત્રથી અપ્ નો સ્વર દીર્ઘ ન થયો. બહ્વપ્ ને 'पूजास्वते० ७.३.७२' સૂત્રથી સમાસાન્તનો પ્રતિષેધ નથી થયો માટે 'ऋक्पूः० ७.३.७६' સૂત્રથી અત્ સમાસાન્ત થયો છે.

**(3)** ઘુટ્ પ્રત્યયો ર્ પરમાં વર્તતા આ સૂત્રથી અપ્ નો સ્વર દીર્ઘ થાય એવું કેમ ?

**(a) अपः पश्य** – * अप् + शस् = अपस्, * 'सो रुः २.१.७२' → अपर्, * 'रः पदान्ते० १.३.५३' → अपः पश्य।

અહીં શસ્ પ્રત્યય ઘુટ્ સંજ્ઞક નથી માટે આ સૂત્રથી અપ્ નો સ્વર દીર્ઘ ન થયો.

**(4)** આ સૂત્રથી શેષ (સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના) ર્ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા અપ્ નો સ્વર દીર્ઘ થાય એવું કેમ ?

**(a) हे स्वप्!** – * 'एकार्थं चाने० ३.१.२२' → शोभना आपो यस्य स = स्वप् + सि (सं.), * 'दीर्घङ्याब्० १.४.४५' → हे स्वप्!।

અહીં સ્વપ્ ગત અપ્ શબ્દની પરમાં સંબોધન એકવચનનો સિ પ્રત્યય છે, માટે અપ્ નો સ્વર દીર્ઘ ન થયો ।।૮૮।।

## नि वा ।। १.४.८९।।

**बृ.वृ.–अपः स्वरस्य नागमे[1] सति घुटि परे वा दीर्घो भवति। स्वाम्पि[2], स्वप्पि ; अत्याम्पि, अत्यप्पि ; समासान्तविधेरनित्यत्वात्[3] बह्वाम्पि, बह्वप्पि ।।८९।।**

**સૂત્રાર્થ :-** ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ન્ આગમ થતા અપ્-શબ્દનો સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવરણ :- (1) શંકા :-** સૂત્રોક્ત 'નિ' પદસ્થળે વિષયસપ્તમી છે, તો તમે બૃ.વૃત્તિમાં 'નાગમે સતિ' પંક્તિ દર્શાવી ત્યાં સતિસપ્તમી કેમ દર્શાવો છો ?

**સમાધાન :-** પણ ત્યાં વિષયસપ્તમી છે આવું તમે શેના આધારે કહો છો ?

**શંકા :-** આ સૂત્રમાં દર્શાવેલા પ્રયોગસ્થળે ન્ આગમ 'ઘુટાં પ્રાક્ ૧.૪.૬૬' સૂત્રથી કરવાનો છે. 'ઘુટાં પ્રાક્ ૧.૪.૬૬' સૂત્રથી ન્ આગમ નપુંસકમાં થાય છે. હવે નપુંસક ક્યારે પણ પદાર્થ હોય. પરંતુ આ શબ્દાનુશાસન (વ્યાકરણ) હોવાથી અહીં પદાર્થને કાર્ય કરવાનું નથી હોતું પણ શબ્દને કાર્ય કરવાનું હોય છે. માટે અહીં નપુંસકપદાર્થના વાચક શબ્દને 'ઘુટાં પ્રાક્ ૧.૪.૬૬' સૂત્રથી ન્ આગમ થશે. હવે વિવક્ષિત શબ્દ નપુંસકપદાર્થનો વાચક છે કે નહીં ? તે વાત પ્રયોગને જોઈ અનુમાન કરી જાણવાની હોય છે. કેમકે હંમેશા ભાષા પૂર્વે હોય છે અને ત્યારબાદ પાછળથી ભાષાગત પ્રયોગોને જોઈ વ્યાકરણ-લિંગાનુશાસનાદિમાં શબ્દનો તત્તલ્લિંગક રૂપે નિશ્ચય થતો હોય છે. માટે અહીં અનુમાનથી ગમ્ય નપુંસકપદાર્થના વાચક શબ્દને 'ઘુટાં પ્રાક્ ૧.૪.૬૬' સૂત્રથી ન્ આગમ કરવાનો હોવાથી બહુપ્રયાસાશ્રિત તે બહિરંગ કાર્ય કહેવાય. જ્યારે આ સૂત્રથી થતા દીર્ઘ આદેશનું આ સૂત્રમાં પૂર્વસૂત્રથી અપ્ શબ્દની અનુવૃત્તિ લઈ સૂત્રમાં સાક્ષાત્ અર્થાત્ પ્રત્યક્ષપણે[A] અપ્ શબ્દનો ઉચ્ચાર કરી વિધાન કર્યું હોવાથી અલ્પપ્રયાસાશ્રિત તે અંતરંગ કાર્ય કહેવાય. તો ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયાનુસારે બહિરંગ ન્ આગમ થતા પૂર્વે ૮ આ સૂત્રથી અપ્ શબ્દના સ્વરનું દીર્ઘ આદેશાત્મક બળવાન અંતરંગ કાર્ય થવાની પ્રાપ્તિ વર્તતા તમારું સતિસપ્તમી મુજબનું ન્ આગમ થતા અપ્ શબ્દના સ્વરના દીર્ઘ આદેશનું વિધાન અયોગ્ય ઠરે છે. જ્યારે સૂત્રોક્ત 'નિ' પદસ્થળે જો વિષયસપ્તમી ગણવામાં આવે તો ભલેને પૂર્વે ન્ આગમ ન થાય છતાં પણ અપ્ શબ્દના સ્વરનો દીર્ઘ આદેશ થવાની અવસ્થામાં ન્ આગમનો વિષય હોવાથી વિષયસપ્તમી મુજબનું અમારું ન્ આગમના વિષયમાં અપ્ શબ્દના સ્વરના દીર્ઘ આદેશનું વિધાન યોગ્ય ઠરે છે. માટે અમે 'સૂત્રોક્ત 'નિ' પદસ્થળે વિષયસપ્તમી છે' એમ કહીએ છીએ.

**સમાધાન :-** આ સૂત્રમાં 'નિ' પદ મૂક્યું છે તેથી ૮ પૂર્વે અંતરંગ અપ્ શબ્દનો સ્વર દીર્ઘ નહીં થાય, પણ બહિરંગ ન્ આગમ પૂર્વે થશે. આશય એ છે કે જો આ સૂત્રમાં ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયાનુસારે પૂર્વે ન્ આગમ ન થતા અપ્ શબ્દનો સ્વર દીર્ઘ થાય તો ***'सकृद्गते स्पर्धे यद्बाधितं तद्बाधितमेव'*** ન્યાયાનુસારે અંતરંગ અપ્ શબ્દના સ્વરના દીર્ઘ આદેશ દ્વારા બાધિત બહિરંગ ન્ આગમ બાધિત ૮ ગણાતા પછી પાછળથી 'ઘુટાં પ્રાક્ ૧.૪.૬૬' સૂત્રથી ન્ આગમ ન થઈ શકે. માટે ન્ આગમ ન થવાનો હોવાથી સૂત્રમાં 'નિ' પદનું ગ્રહણ નિરર્થક ઠરે. છતાં પણ સૂત્રકારશ્રીએ સૂત્રમાં ન્ આગમના સૂચક 'નિ' પદનું ગ્રહણ કર્યું છે. તેથી જણાય છે કે પૂર્વે અંતરંગ અપ્

(A) સાક્ષાત્ (પ્રત્યક્ષપણે જણાતું) કાર્ય અંતરંગ કહેવાય અને અનુમેય કાર્ય બહિરંગ કહેવાય.

શબ્દના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ નહીં થાય પણ બહિરંગ ન્ આગમ પૂર્વે થશે. માટે અમે ન્ આગમ થતા અપ્ શબ્દના સ્વરના દીર્ઘ આદેશનું વિધાન કરતી 'नागमे सति' આમ જે બૃ.વૃત્તિમાં સતિસપ્તમી દર્શાવી છે તે યુક્ત છે.

**(2)** <u>दृष्टांत</u> -

**(i) स्वाम्पि** – * 'एकार्थं चानेo ३.१.२२' → शोभना आपो येषु तानि = स्वप् + जस् के शस्, * 'पूजास्वतेo ७.३.७२' → स्वप् ने समासान्तनो प्रतिषेध, * 'नपुंसकस्य शिः १.४.५५' → स्वप् + शि, * 'धुटां प्राक् १.४.६६' → स्वन्प् + शि, * 'नि वा १.४.८९' → स्वान्प् + शि, * 'म्नां धुड्वर्गेo १.३.३९' → स्वाम्प् + शि = स्वाम्पि।

**(ii) स्वम्पि** – * स्वप् + जस् के शस्, * 'पूजास्वतेo ७.३.७२' → स्वप् ने समासान्तनो प्रतिषेध, * 'नपुंसकस्य शिः १.४.५५' → स्वप् + शि, * 'धुटां प्राक् १.४.६६' → स्वन्प् + शि, * 'म्नां धुड्वर्गेo १.३.३९' → स्वम्प् + शि = स्वम्पि।

आपः अतिक्रान्तानि = अत्यप् शब्दना अत्याम्पि, अत्यम्पि प्रयोगोनी साधनिका स्वाम्पि, स्वम्पि प्रमाणे करवी.

**(3)** बह्व्यः आपः येषु तानि = बह्वप् शब्दने 'पूजास्वतेः ७.३.७२' सूत्रथी समासान्तनो प्रतिषेध न थता 'ऋक्पूःo ७.३.७६' सूत्रथी अत् समासान्त प्राप्त छे. परंतु ***'समासान्ताऽऽगम-संज्ञा-ज्ञापक-गण-नञ्निर्दिष्टान्यनित्यानि'*** न्यायानुसारे बह्वप् शब्दने अनित्य अत् समासान्तनी प्राप्ति नथी वर्तती. तेथी व्यवधायक अत् समासान्त न थता बह्वप् शब्दना बह्वाम्पि, बह्वम्पि प्रयोगो स्वाम्पि, स्वम्पि प्रयोग प्रमाणे साधनिका करवाथी निष्पन्न थशे ।।८९।।

## अभ्वादेरत्वसः सौ ।। १.४.९०।।

**बृ.वृ.–(1)अत्वन्तस्यासन्तस्य च भ्वादिवर्जितस्य संबन्धिनः स्वरस्य शेषे सौ परे दीर्घो भवति। (2)अतु–भवान्, कृतवान्, गोमान्, यवमान्, एतावान् ; (3)अस्–अप्सराः, अङ्गिराः, चन्द्रमाः, स्थूलशिराः, सुमनाः। (4)अभ्वादेरिति किम्? पिण्डं ग्रसते–पिण्डग्रः, चर्म वस्ते-चर्मवः। * (5)अर्थवद्ग्रहणे नानर्थकस्य * इत्येव सिद्धे अभ्वादेरिति वचनम् * अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति * इति न्यायज्ञापनार्थम्, तेनात्रापि भवति–खरणाः, खुरणाः। (6)अधातोरित्यकृत्वाऽभ्वादेरिति करणं भ्वादीनामेव वर्जनार्थम्, तेनेह भवति–गोमन्तमिच्छति क्यन् क्विप् गोमान्, एवम्–स्थूलशिराः। (7)शेषे इत्येव? हे भवन्!, हे सुमनः!। '(8)अतु' इति उदितकरणादुदितो न भवति–पचन्, जरन् ।।९०।।**

**સૂત્રાર્થ :-** શેષ (સંબોધન એકવચન સિવાયનો) સિ પ્રત્યય પરમાં વર્તતા (ક્વિબાદ્યન્ત) ભૂ વિગેરે ધાત્વાત્મક[A] શબ્દોને છોડીને અતુ અને અસ્ અંતવાળા શબ્દોનો સ્વર દીર્ઘ થાય છે.

**સૂત્રસમાસ :-**
- ◆ भूः आदिः यस्य सः = भ्वादिः (बहु.)। न भ्वादिः = अभ्वादिः (नञ्. तत्.)। तस्य = अभ्वादेः।
- ◆ अतुश्च अस् चैतयोः समाहारः = अत्वस् (समा.द्व.)। तस्य = अत्वसः।

**વિવરણ :- (1)** સૂત્રોક્ત અતુ-અસ્ એ શબ્દો નથી, પણ શબ્દના અવયવ છે. માટે તે અવયવો શબ્દાત્મક સમુદાયના વિશેષણ બનવાથી 'विशेषणमन्तः ૭.૪.૧૧૩' પરિભાષાથી આ સૂત્રમાં અતુ-અસ્ અંતવાળા શબ્દોને લઈને દીર્ઘાદેશનું વિધાન કર્યું છે.

**(2) અતુ અંતવાળા નામોના દૃષ્ટાંત -**

**(i) भवान् – * 'भातेर्डवतु (उणा. ८८६)' → भा + डवतु, * 'डित्यन्त्य० २.१.११४' → भ् + डवतु = भवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → भवन्त्, * 'पदस्य २.१.८९' → भवन्, * 'अभ्वादेः० १.४.९०' → भवान्।**

* 'तत्-तवतू ५.१.१७४' થી निष्पन्न करोति स्म = कृतवत् નામના कृतवान् પ્રયોગની ; * 'तदस्या० ૭.૨.૧' થી निष्पन्न गावः सन्ति अस्य = गोमत्, यवाः सन्ति अस्य = यवमत् શબ્દોના ક્રમશઃ गोमान् અને यवमान् પ્રયોગોની ; અને * 'यत्तदेतदोः ૭.૧.૧૪૯' થી निष्पन्न एतत्प्रमाणमस्य = एतत् + डावतु = एतावत् શબ્દના एतावान् પ્રયોગની સાધનિકા भवान् પ્રયોગ પ્રમાણે કરવી.

**શંકા :-** ઉપર સાધનિકામાં भवन् અવસ્થામાં આ સૂત્રમાં નિમિત્ત રૂપે અપેક્ષાતો સિ પ્રત્યય પરમાં નથી. તો ત્યારે આ સૂત્રથી भवतु નો સ્વર દીર્ઘ કેમ કરો છો ?

**સમાધાન :-** 'स्थानीवा० ૭.૪.૧૦૯' પરિભાષાથી સ્થાનિવદ્ભાવને પામેલો સિ પ્રત્યય भवन् અવસ્થામાં પરમાં છે જ. માટે અમે તે અવસ્થામાં भवतु નો સ્વર દીર્ઘ કરીએ છીએ.

**શંકા :-** भवन् અવસ્થામાં સ્થાનિવદ્ભાવને પામેલા સિ પ્રત્યય અને भवतु ના સ્વરની વચ્ચે न् આગમનું વ્યવધાન છે. તો આ સૂત્રથી भवतु ના સ્વરનો દીર્ઘ આદેશ શી રીતે કરો છો ?

**સમાધાન :-** ***'आगमोऽनुपघाती'*** ન્યાયથી આ સૂત્રપ્રાપ્ત દીર્ઘ આદેશાત્મક કાર્યમાં न् આગમ ઉપઘાતક (વ્યવધાયક) ન બને. માટે અમે भवन् અવસ્થામાં भवतु ના સ્વરનો દીર્ઘ આદેશ કરી શકીએ છીએ.

---

(A) ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते'*** ન્યાયાનુસારે અહીં ધાત્વાત્મક શબ્દો કહ્યાં છે.

(3) अस् અંતવાળા નામોના દૃષ્ટાંત :-

| | | (i) अप्सराः | (ii) अङ्गिराः | (iii) स्थूलशिराः |
|---|---|---|---|---|
| | | अप्सरस् + सि | अङ्गिरस् + सि | स्थूलं शिरः यस्य स = |
| * 'एकार्थं० ३.१.२२' | → | ↓ | ↓ | स्थूलशिरस् + सि |
| * 'अभ्वादे० १.४.९०' | → | अप्सरास् + सि | अङ्गिरास् + सि | स्थूलशिरास् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | अप्सरास् | अङ्गिरास् | स्थूलशिरास् |
| * 'सो रुः २.१.७२' | → | अप्सरार् | अङ्गिरार् | स्थूलशिरार् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | अप्सराः। | अङ्गिराः। | स्थूलशिरः। |

चन्द्रमाः અને शोभनं मनो यस्य सः = सुमनाः પ્રયોગોની સાધનિકા ક્રમશઃ अप्सराः અને स्थूलशिराः પ્રયોગો પ્રમાણે સમજવી.

ઉણાદિગણના સૂત્રો લગાડી अप्सरस् વિગેરે શબ્દોની કરેલી નિષ્પત્તિ બૃ.ન્યાસમાં જોવી.

(4) क्विप् વિગેરે પ્રત્યયાન્ત भू વિગેરે ધાત્વાત્મક શબ્દોને છોડીને જ अतु-अस् અંતવાળા નામોના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ થાય એવું કેમ ?

| | | (a) पिण्डग्रः | (b) चर्मवः |
|---|---|---|---|
| | | पिण्डं ग्रसते इति क्विप् = | चर्म वस्ते इति क्विप् = |
| * 'क्विप् ५.१.१४८' | → | पिण्डग्रस् + क्विप् + सि | चर्मवस् + क्विप् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | पिण्डग्रस् | चर्मवस् |
| * 'सो रुः २.१.७२' | → | पिण्डग्रर् | चर्मवर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | पिण्डग्रः। | चर्मवः। |

અહીં क्विप् પ્રત્યયાન્ત પિણ્ડગ્રસ્ અને ચર્મવસ્ શબ્દો અસ્ અંતવાળા હોવા છતાં તેઓ ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति०'*** ન્યાયાનુસારે ધાત્વાત્મક શબ્દો હોવાથી સિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી તેમના સ્વરનો દીર્ઘ આદેશ ન થયો.

**(5) શંકા :-** પિણ્ડગ્રસ્ અને ચર્મવસ્ શબ્દસ્થળે ક્રમશઃ ગ્રસ્ અને વસ્ ધાતુ સાર્થક છે, પરંતુ તેમના એકદેશભૂત[A] અસ્ અંશ અનર્થક છે. જ્યારે અપ્સરસ્ વિગેરે શબ્દોમાં 'आपोऽपा० (उणा० ९६४)' વિગેરે સૂત્રોથી અસ્ પ્રત્યય લાગ્યો હોવાથી ત્યાં અસ્ સાર્થક (અર્થવાન્) છે. તો ***'अर्थवद्ग्रहणे नानर्थकस्य'*** ન્યાયથી આ સૂત્રોક્ત અસ્ પદ દ્વારા સાર્થક અસ્ અંતવાળા અપ્સરસ્ વિગેરે શબ્દોનું જ દીર્ઘવિધ્યર્થે ગ્રહણ થઈ શકે, અનર્થક અસ્ અંતવાળા પિણ્ડગ્રસ્ અને ચર્મવસ્ વિગેરે શબ્દોનું નહીં. આમ અનર્થક અસ્ અંતવાળા પિણ્ડગ્રસ્ અને ચર્મવસ્ વિગેરે ધાત્વાત્મક શબ્દો આપમેળે જ આ સૂત્રપ્રાપ્ત દીર્ઘવિધિમાંથી બાકાત થઈ જાય છે. તો શા માટે તેમને વર્જવા સૂત્રમાં अभ्वादेः પદ મૂકવું પડે ?

**સમાધાન :-** તમારી વાત સાચી છે. પરંતુ સૂત્રમાં 'अभ्वादेः' પદનું ઉપાદાન ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયના અપવાદભૂત ***'अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति'*** ન્યાયના જ્ઞાપન માટે છે. આ ન્યાય એમ જણાવે છે કે 'જો સૂત્રમાં अन्-इन्-अस् કે मन् પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય તો તે સૂત્રની પ્રવૃત્તિ અર્થવાન્ અને અનર્થક બન્ને પ્રકારના अन्-इन्-अस्-मन् અંતવાળા નામસ્થળે થાય છે.' હવે જો આ સૂત્રમાં 'अभ्वादेः' પદ ન હોય તો ***'अनिनस्मन्०'*** ન્યાયાનુસારે આ સૂત્રોક્ત અસ્ પદ દ્વારા દીર્ઘ આદેશાર્થે અનર્થક અસ્ અંતવાળા પિણ્ડગ્રસ્ અને ચર્મવસ્ વિગેરે નામોનું પણ ગ્રહણ થવાની આપત્તિ આવે. તેમના નિષેધાર્થે સૂત્રમાં 'अभ्वादेः' પદ જરૂરી છે.

આ સૂત્રસ્થ 'अभ्वादेः' પદ દ્વારા ***'अनिनस्मन्०'*** ન્યાય જ્ઞાપિત થયો તેથી અનર્થક અસ્ અંતવાળા खरणाः અને खुरणाः પ્રયોગસ્થળે આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ થઈ શક્યો. આશય એ છે કે खरस्य इव नासिका यस्य स = खरनासिका અને खुरवन्नासिका यस्य स = खुरनासिका અવસ્થામાં 'खर-खुरान्० ७.३.१६०' સૂત્રથી નાસિકા શબ્દનો नस् આદેશ થવાથી અને 'पूर्वपदस्थान्० २.३.६४' સૂત્રથી न् નો ण् આદેશ થવાથી खरणस् અને खुरणस् શબ્દો નિષ્પન્ન થાય છે. હવે અહીં नस् ના અંશભૂત अस् અનર્થક છે, તેથી ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયાનુસારે આ સૂત્રથી સિ પ્રત્યય પરમાં વર્તતા અનર્થક અસ્ અંતવાળા खरणस् અને खुरणस् ના સ્વરનો દીર્ઘ આદેશ પ્રાપ્ત નથી. પરંતુ સૂત્રસ્થ 'अभ्वादेः' પદ દ્વારા ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયના અપવાદભૂત ***'अनिनस्मन्०'*** ન્યાય જ્ઞાપિત થયો તેથી અનર્થક અસ્ અંતવાળા खरणस् અને खुरणस् શબ્દોનું આ સૂત્રસ્થ अस् પદ દ્વારા દીર્ઘવિધ્યર્થે ગ્રહણ થઈ શકે છે.

---

(A) હંમેશા પ્રકૃતિ કે પ્રત્યયાત્મક સમુદાય અર્થવાન્ હોય અને તેનો એકદેશ અનર્થક હોય. 'समुदायो ह्यर्थवान् तस्यैकदेशोऽनर्थकः' (न्या. समु. १९, पृ. १३५, पं. ५१)

માટે આ સૂત્રથી ખરણાः અને ખુરણાः પ્રયોગસ્થળે સ્વરનો દીર્ઘ આદેશ થઈ શકે છે. અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે ખરણસ્ અને ખુરણસ્ શબ્દો ક્વિપ્ પ્રત્યયાન્ત ધાત્વાત્મક શબ્દો નથી, માટે તેમનો 'अभ्वादेः' પદ દ્વારા આ સૂત્રની પ્રવૃત્તિમાંથી નિષેધ ન થઈ શકે. બન્ને પ્રયોગોની સાધનિકા અપ્સરાः પ્રયોગ પ્રમાણે કરવી અને બહુવ્રીહિસમાસ 'उष्ट्रमुखादयः ૩.૧.૨૩' સૂત્રથી કરવો.

**શંકા :-** ***'अनिनस्मन्०'*** ન્યાયમાં અતુ પ્રત્યયનો નિર્દેશ નથી કર્યો. તેથી અતુ અંશમાં અબાધિત ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયાનુસારે આ સૂત્રમાં દીર્ઘ વિધ્યર્થે અર્થવાન્ અતુ અંતવાળા કિયત્ વિગેરે શબ્દોનું જ ગ્રહણ થઈ શકે પરંતુ અનર્થક અતુ અંશવાળા ગોમત્ વિગેરે શબ્દોનું નહીં. તો શા માટે गोमान् પ્રયોગસ્થળે આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ કરો છો ? ગોમત્ શબ્દમાં ગો ને લાગેલો મતુ પ્રત્યય અર્થવાન્ છે, પણ તેના એકદેશભૂત અતુ અંશ અનર્થક છે. જ્યારે કિયત્ શબ્દસ્થળે 'इदं-किमोऽतु० ૭.૧.૧૪૮' સૂત્રથી કિમ્ ને અતુ પ્રત્યય લાગવાથી અને किं નો કિય્ આદેશ થવાથી કિયત્ શબ્દ બન્યો છે, તેથી ત્યાં અતુ પ્રત્યય અર્થવાન્ છે.

**સમાધાન :-** મતુ વિગેરે પ્રત્યયોમાં જે उ અનુબંધ દર્શાવ્યો છે તે 'જે સૂત્રમાં અતુ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય તે સૂત્રની પ્રવૃત્તિ અર્થવાન્ અને અનર્થક બન્ને પ્રકારના અતુ અંતવાળા નામસ્થળે થઈ શકે છે' આ વાતનું જ્ઞાપન કરવા માટે છે. જો આ વાતનું જ્ઞાપન ન કરવું હોત અને 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી ન્ આગમ થઈ શકે તે માટે મતુ પ્રત્યયમાં उ અનુબંધ દર્શાવવાનો હોત તો મતુ વિગેરે પ્રત્યયોમાં उ અનુબંધ ન દર્શાવતા शतृ પ્રત્યયની જેમ ऋ અનુબંધ જ દર્શાવ્યો હોત. કેમકે 'ऋदुदितः ૧.૪.૭૦' સૂત્રથી ऋ ઈત્વાળા નામોને પણ ન્ આગમ પ્રાપ્ત છે. તો પ્રસ્તુતમાં ઉપરોક્ત જ્ઞાપિત વાત દ્વારા પુનः ***'अर्थवद्ग्रहणे०'*** ન્યાયનો બાધ થવાથી આ સૂત્રમાં દીર્ઘવિધ્યર્થે મતુ પ્રત્યયગત અનર્થક અતુ અંતવાળા गोमत् શબ્દનું ગ્રહણ થઈ શકે છે. માટે અમે गोमान् પ્રયોગસ્થળે આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ કર્યો છે.

**શંકા :-** ભલે તમે મતુ પ્રત્યયાન્ત गोमत् શબ્દસ્થળે આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ કરો, છતાં ***'तदनुबन्धक-ग्रहणेऽतदनुबन्धकस्य ग्रहणं न'*** ન્યાયથી 'यत्तदेतदो० ૭.૧.૧૪૯' સૂત્રથી લાગેલા डावतु પ્રત્યયાન્ત एतावत् શબ્દસ્થળે અને 'क्त-क्तवतू० ૫.૧.૧૭૪' સૂત્રથી લાગેલા क्तवतु પ્રત્યયાન્ત कृतवत् શબ્દસ્થળે આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ ન થવો જોઈએ. કેમકે ***'तदनुबन्धकग्रहणे०***(A) ન્યાય એમ કહે છે કે 'સૂત્રમાં તે (વિવક્ષિત કોક) અનુબંધ સહિતના પ્રત્યયાદિનું ગ્રહણ કરાતા તે સૂત્રમાં તે વિવક્ષિત અનુબંધ ઉપરાંત અન્ય અનુબંધ સહિતના પ્રત્યયાદિનું

(A) તદનુબન્ધક સમાસની વ્યુત્પત્તિ स एवाऽनुबन्धो यस्य આમ એવ કાર પૂર્વકની છે. માટે તદનુબન્ધક તરીકે વિવક્ષિત તે જ અનુબંધ પૂર્વકના પ્રત્યયાદિનું ગ્રહણ થઈ શકે છે. વિવક્ષિત તે અનુબંધ ઉપરાંત તે સિવાયના અનુબંધ પૂર્વકના પ્રત્યયાદિ વિવક્ષિત તે જ અનુબંધવાળા ન વર્તતા અધિક અનુબંધવાળા હોવાથી તેઓ अतदनुबन्धक કહેવાય છે.

ગ્રહણ નથી થતું.' પ્રસ્તુતમાં આ સૂત્રમાં ઉ અનુબંધ સહિતના અતુ પ્રત્યયાન્ત નામોનું દીર્ઘવિધ્યર્થે ગ્રહણ કર્યું છે. તો મતુ પ્રત્યયગત ઉ અનુબંધથી જ્ઞાપિત વાતાનુસારે આ સૂત્રમાં ઉ અનુબંધ અને તે સિવાયના ક્રમશઃ ડ્ અને ક્ અનુબંધ સહિતના ડાવતુ અને ક્તવતુ પ્રત્યયાન્ત અનુક્રમે એતાવત્ અને કૃતવત્ શબ્દોનું દીર્ઘવિધ્યર્થે ગ્રહણ ન થઈ શકે.

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી. કેમકે અનુબંધ અને અનુબંધવાળા વચ્ચે આનંતર્ય સંબંધ હોય છે. અર્થાત્ અનુબંધ જેને અનંતર (અવ્યવહિત) પૂર્વમાં કે પરમાં હોય તેના સંબંધી તે ગણાય છે. પ્રસ્તુતમાં ડ્ અને ક્ અનુબંધ ક્રમશઃ આવતુ (ડાવતુ) અને તવતુ (ક્તવતુ) પ્રત્યયની અનંતરમાં છે, આવતુ અને તવતુ પ્રત્યયગત અતુ અંશની અનંતરમાં નહીં. માટે ડ્ અને ક્ અનુબંધ ક્રમશઃ આવતુ અને તવતુ પ્રત્યય સંબંધી ગણાય, તેમના અતુ અંશ સંબંધી નહીં. હવે આગલા સમાધાનમાં દર્શાવેલી મતુ વિગેરે પ્રત્યયગત ઉ અનુબંધથી જ્ઞાપિત વાતાનુસારે આ સૂત્રમાં દીર્ઘવિધ્યર્થે જેમ તદનુબન્ધક અર્થાત્ ઉ અનુબંધવાળા અતુ પ્રત્યયનું ગ્રહણ થાય છે તેમ મતુ, ડાવતુ, ક્તવતુ વિગેરે પ્રત્યયગત અનર્થક અતુ નું પણ ગ્રહણ થઈ શકે છે. તો અહીં મતુ, ડાવતુ, ક્તવતુ વિગેરે પ્રત્યયગત અનર્થક અતુ ના ગ્રહણની વાત છે, પરંતુ અનર્થક અતુ અંતવાળા મતુ, ડાવતુ, ક્તવતુ વિગેરે પ્રત્યયના ગ્રહણની વાત નથી અને સર્વત્ર અનર્થક અતુ અંશ તો તદનુબન્ધક અર્થાત્ ઉ અનુબંધવાળો જ છે. જો પ્રસ્તુતમાં અનર્થક અતુ અંતવાળા મતુ, ડાવતુ, ક્તવતુ વિગેરે પ્રત્યયના ગ્રહણની વાત હોત તો ***'तदनुबन्धकग्रहणे०'*** ન્યાયાનુસારે આ સૂત્રમાં તદનુબન્ધક એટલે ઉ અનુબંધ સહિતના અતુ પ્રત્યયના ગ્રહણના અવસરે અતદનુબન્ધક અર્થાત્ ઉ અને તે સિવાયના ડ્ અને ક્ અનુબંધવાળા ક્રમશઃ ડાવતુ અને ક્તવતુ પ્રત્યયના ગ્રહણનો નિષેધ થાત. પરંતુ અહીં તો ડાવતુ અને ક્તવતુ પ્રત્યયગત અનર્થક અતુ અંશના ગ્રહણની વાત છે અને ડ્ અને ક્ અનુબંધ અનર્થક અતુ અંશ સંબંધી નથી એ વાત હમણા જ આપણે આગળ જોઈ ગયા. તેથી તદનુબન્ધક એટલે ઉ અનુબંધવાળા અનર્થક અતુ અંશનો ***'तदनुबन्धकग्रहणे०'*** ન્યાયાનુસારે આ સૂત્રમાં દીર્ઘવિધ્યર્થે ગ્રહણનો નિષેધ ન થઈ શકે. માટે આ સૂત્રથી ડાવતુ અને ક્તવતુ પ્રત્યયગત અનર્થક અતુ અંતવાળા એતાવત્ અને કૃતવત્ શબ્દોના સ્વરનો દીર્ઘ આદેશ થઈ શકે છે.

ઉપરોક્ત સમાધાન અનુબંધના અનેકાન્તપક્ષે (અનવયવપક્ષે) દર્શાવ્યું છે. હવે ગ્રંથકારશ્રી 'અથવા' કહીને અનુબંધના એકાન્તપક્ષે (અવયવપક્ષે) સમાધાન દર્શાવે છે. આ બન્ને પક્ષોની શું માન્યતા છે ? તે આ સમાધાન પૂર્ણ કરી પછી ટૂંકમાં જાણીએ. અનુબંધના એકાન્તપક્ષે અનુબંધ પોતાના અવયવીનો અવયવ ગણાય. તો ડાવતુ અને ક્તવતુ પ્રત્યયગત ડ્ અને ક્ અનુબંધમાં અવયવી ક્રમશઃ આવતુ અને તવતુ પ્રત્યયો છે પણ તેમના અંશભૂત અતુ નથી. માટે ડ્ અને ક્ અવયવો ક્રમશઃ પોતાના અવયવી આવતુ અને તવતુ ના અનુબંધ ગણાય, અતુ અંશના નહીં. પ્રસ્તુતમાં આપણે મતુ વિગેરે પ્રત્યયગત ઉ અનુબંધથી જ્ઞાપિત વાતાનુસારે આ સૂત્રમાં દીર્ઘવિધ્યર્થે અતુ પ્રત્યયની જેમ મતુ, ડાવતુ, ક્તવતુ વિગેરે પ્રત્યયગત અનર્થક અતુ અંશનું પણ ગ્રહણ કરવાનું છે અને અનર્થક અતુ ને તો આ સૂત્રમાં દીર્ઘવિધ્યર્થે ગ્રહણ કરાતા અતુ પ્રત્યયને સદશ એક જ ઉ અનુબંધ છે. માટે તે તદનુબન્ધક જ ગણાય. તેથી ***'तदनुबन्धकग्रहणे०'*** ન્યાયાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિમાંથી ડાવતુ અને ક્તવતુ પ્રત્યયગત અનર્થક અતુ ને બાકાત ન

કરી શકાય. માટે અહીં *'तदनुबन्धकग्रहणे०'* ન્યાયની પ્રવૃત્તિ શક્ય નથી. તેથી આ સૂત્રથી ડાવતુ અને ક્તવતુ પ્રત્યયગત અનર્થક અતુ અંતવાળા એતાવત્ અને કૃતવત્ શબ્દોના સ્વરનો દીર્ઘ આદેશ થઈ શકે છે.

હવે અનુબંધના અનેકાન્તપક્ષ અને એકાન્તપક્ષ અંગે જાણી લઈએ.

**(a)** ***અનેકાન્તપક્ષ*** - એકાન્ત શબ્દ 'અવયવ' અર્થનો વાચક છે. તેથી न एकान्तः = अनेकान्त = અનવયવ અર્થાત્ જે અવયવ ન બનતો હોય તે. અનુબંધના અનેકાન્તપક્ષવાળા કહે છે કે અનુબંધ જેની સાથે જોડાયો હોય તેનો અવયવ બનતો નથી. કેમકે જે અવયવ હોય તે પોતાના અવયવી સાથે સંબદ્ધ હોય છે. જેમકે હાથ, પગ વિગેરે શરીરના અવયવ છે, તો તેઓ અવયવી શરીર સાથે સંબદ્ધ (જોડાયેલા) જોવા મળે છે. અનુબંધ ઈત્ હોવાથી તે જેની સાથે જોડાયો હોય છે તે પ્રત્યયાદિની સાથે પ્રયોગકાળે તે ક્યાંય પણ સંબદ્ધ જોવા મળતો ન હોવાથી અનુબંધ પોતાના સંબંધી પ્રત્યયાદિનો અવયવ બનતો નથી. હવે પ્રશ્ન થાય કે ''જો અનુબંધ અવયવ ન બને તો ત (क्त) વિગેરે પ્રત્યયોને कित् આદિ રૂપે ન કહી શકાય. કેમકે कित् શબ્દનો અર્થ 'क् અવયવ છે ઈત્ જેમાંથી' આમ થાય છે. જ્યારે ત (क्त) પ્રત્યયગત क् અનુબંધ અવયવ રૂપ ન હોવાથી ત્યાં कित् શબ્દનો અર્થ ઘટતો નથી. હવે જો ત (क्त) પ્રત્યયને कित् ન કહી શકાય તો તે પરમાં વર્તતા પૂર્વના સ્વરના ગુણનો નિષેધ ન થઈ શકે. માટે ત (क्त) પ્રત્યયને कित् કહેવડાવવા શું કરવું ?'' પણ આ પ્રશ્નનો ઉત્તર આમ સમજવો કે ''ભલે અનુબંધ વાસ્તવિક રીતે અવયવ ન બને પણ *'स्वसमीपोच्चारितेऽनुबन्धे स्वाऽवयवत्वमारोप्यते'* નિયમાનુસારે તેમાં ઉપચરિત અવયવત્વની કલ્પના કરી શકાય છે. નિયમ એમ કહે છે કે 'અનુબંધ જેની નજીકમાં (અનન્તરમાં) ઉચ્ચારાય છે તેના અવયવ રૂપે ઉપચારથી તેને ગણી શકાય છે.' આ જ વાતને નજરમાં રાખતા બૃ.ન્યાસમાં 'आनन्तर्यलक्षणेऽनुबन्धानुबन्धवतोः सम्बन्धे..' પંક્તિ દર્શાવી છે. તો ત (क्त) પ્રત્યયગત क् અનુબંધ ત (क्त) પ્રત્યયની નજીકમાં (અનંતરમાં) ઉચ્ચારાતો હોવાથી તેને ઉપચારથી ત (क्त) પ્રત્યયના અવયવ રૂપે ગણી શકાય. તેથી ત (क्त) પ્રત્યયમાં कित् શબ્દનો 'क् અવયવ છે ઈત્ જેમાંથી' અર્થ ઘટી શકતા તેને कित् કહી શકવાથી તે પરમાં વર્તતા પૂર્વના સ્વરના ગુણનો નિષેધ થઈ શકશે.'' આમ અનુબંધના અનેકાન્તપક્ષવાળા અનુબંધને વાસ્તવિક અવયવ રૂપે સ્વીકારતા નથી. પરંતુ कित् આદિ સ્થળે આવતી આપત્તિ ટાળવા તેને ઉપચારથી અવયવ રૂપે સ્વીકારે છે. આના માટે વિશેષ જાણવા *'अनेकान्ता अनुबन्धा इति (परि. शे.४)'* ન્યાયની ટીકાઓ દ્રષ્ટવ્ય છે.

**(b)** ***એકાન્તપક્ષ*** - અનુબંધના એકાન્તપક્ષવાળા કહે છે કે અનુબંધ જેની સાથે જોડાયો હોય તેનો તે (વાસ્તવિક) અવયવ બને છે. કેમકે અનુબંધ જો ઉપલબ્ધ થાય તો પોતાના અવયવી સાથે જ ઉપલબ્ધ થાય છે અન્યત્ર ક્યાંય પણ ઉપલબ્ધ થતો નથી. જે જેની સાથે ઉપલબ્ધ થાય તે તેનો અવયવ કહેવાય. ગુમડું શરીર સાથે જ ઉપલબ્ધ થાય તો તે શરીરનું અવયવ કહેવાય જ, જ્યારે કાગડો ક્યારેક ગૃહ સાથે સંબદ્ધ હોય છે, તો ક્યારેક વૃક્ષની શાખા સાથે. તેથી કાગડો ગૃહાદિનો અવયવ ગણાતો નથી. અનુબંધ પણ ગુમડા જેવો છે, કાગડા જેવો નહીં.

ટૂંકમાં કહેવું હોય તો 'એક જાતીય સંબંધથી જે એકત્ર ઉપલબ્ધ થતો હોય તેને અવયવ કહેવાય.' દા.ત. - અનુબંધ. 'એક જાતીય સંબંધથી જે અનેકસ્થળે ઉપલબ્ધ થતો હોય તેને અવયવ ન કહેવાય.' દા.ત. - કાગડો. આમ એકાન્તપક્ષે અનુબંધ પોતાના અવયવી પ્રત્યયાદિનો અવયવ બનતો હોવાથી આ પક્ષે ત (क्त) પ્રત્યયને कित् કહેવડાવવા તેના क् અનુબંધને ઉપચારથી અવયવ રૂપે સ્વીકારવો પડતો નથી.

**(6) શંકા :-** આ સૂત્રોક્ત દીર્ઘવિધિમાં તમે ધાત્વાત્મક શબ્દોનો નિષેધ કર્યો છે. તો ગોમત્ શબ્દને क्यन् પ્રત્યય લાગી क्विप् પ્રત્યય લાગતા જ્યારે તે ધાતુમાંથી પુનઃ ગોમત્ શબ્દરૂપે બને ત્યારે ***'क्विबन्ता धातुत्वं नोज्झन्ति०'*** ન્યાયાનુસારે તે ધાત્વાત્મક શબ્દ ગણાય. તો તાદશ ધાત્વાત્મક ગોમત્ શબ્દને સિ પ્રત્યય લાગતા આ સૂત્રથી તેના સ્વરનો દીર્ઘ આદેશ કરી તમે ગોમાન્ પ્રયોગ કેમ કરો છો ?

**સમાધાન :-** આ સૂત્રમાં 'अभ्वादेः' પદ મૂકી માત્ર भू વિગેરે મૂળધાતુ પરથી બનેલા क्विप् આદિ પ્રત્યયાન્ત ધાત્વાત્મક શબ્દોનો જ દીર્ઘવિધિમાં નિષેધ કર્યો છે. પણ નામધાતુ પરથી પુનઃ क्विप् પ્રત્યય લાગી નામ રૂપે બનેલા ધાત્વાત્મક શબ્દનો નહીં. તો क्यन् અને क्विप् પ્રત્યય લાગી નિષ્પન્ન થયેલો ધાત્વાત્મક ગોમત્ શબ્દ નામધાતુ પરથી બનેલો ધાત્વાત્મક શબ્દ હોવાથી તેનો આ સૂત્રથી થતી દીર્ઘવિધિમાં નિષેધ થઈ શકે નહીં. માટે અમે તેના સ્વરનો આ સૂત્રથી દીર્ઘ આદેશ કરી ગોમાન્ પ્રયોગ કરીએ છીએ. સ્થૂલશિરસ્ શબ્દને क्यन्-क्विप् લાગવાથી પુનઃ ધાત્વાત્મક શબ્દ રૂપે નિષ્પન્ન થયેલા સ્થૂલશિરસ્ શબ્દનો પણ આ રીતે સ્થૂલશિરાઃ પ્રયોગ થશે. જો નામધાતુ પરથી બનેલા ધાત્વાત્મક શબ્દનો પણ આ સૂત્રથી થતી દીર્ઘવિધિમાં નિષેધ કરવાનો હોત તો આ સૂત્રમાં 'अभ्वादेः' પદ ન મૂકતા 'अधातोः' પદ મૂક્યું હોત. જેથી બધા જ ધાત્વાત્મક શબ્દોનો આ સૂત્રપ્રાપ્ત દીર્ઘવિધિમાંથી નિષેધ થઈ જાત.

**(7)** શેષ (સંબોધન એકવચન સિવાયનો) જ સિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી अतु અને अस् અંતવાળા નામોના સ્વરનો દીર્ઘ આદેશ થાય એવું કેમ ?

**(a) हे भवन्! – * भवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → भवन्त्, * 'पदस्य २.१.८९' → हे भवन्!।**

**(b) हे सुमनः! – * सुमनस् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → सुमनस्, * 'सो रुः २.१.७२' → सुमनर्, * 'रः पदान्ते० १.३.५३' → हे सुमनः!।**

આ બન્ને સ્થળે પરમાં સંબોધન એકવચનનો સિ પ્રત્યય છે. માટે આ સૂત્રથી भवत् (भवतु) અને सुमनस् ના સ્વરનો દીર્ઘ આદેશ ન થયો.

**(8) શંકા :-** આ સૂત્રમાં ગ્રહણ કરાતા अतु પ્રત્યયમાં उ અનુબંધ કેમ દર્શાવ્યો છે ?

**સમાધાન :-** આ સૂત્રોક્ત દીર્ઘવિધિમાં 'शत्रानशा० ५.२.२०' વિગેરે સૂત્રપ્રાપ્ત ऋदित् अत् (शतृ) વિગેરે પ્રત્યયોનું ગ્રહણ ન થતા માત્ર अत् (अतु), मतु વિગેરે उदित् પ્રત્યયોનું ગ્રહણ થાય તે માટે આ સૂત્રમાં ગ્રહણ કરાતા अतु પ્રત્યયમાં उ અનુબંધ દર્શાવ્યો છે. તેથી शतृ પ્રત્યયાન્ત पचन्, जरन् વિગેરે પ્રયોગસ્થળે આ સૂત્રથી સ્વરનો દીર્ઘ આદેશ નહીં થાય. સાધનિકા નીચે પ્રમાણે કરવી.

**(a) पचन् –** ✻ 'शत्रानशा० ५.२.२०' → पच् + शतृ, ✻ 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' → पच् + शव् + शतृ, ✻ 'लुगस्या० २.१.११३' → पच् + शतृ = पचत् + सि, ✻ 'ऋदुदितः १.४.७०' → पचन्त् + सि, ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → पचन्त्, ✻ 'पदस्य २.१.८९' थी → पचन्।

**(b) जरन् –** ✻ 'जॄषोऽतृः ५.१.१७३' थी → जॄ + अतृ, ✻ 'नामिनो गुणो० ४.३.१' → जर् + अतृ = जरत् + सि, ✻ 'ऋदुदितः १.४.७०' → जरन्त् + सि, ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → जरन्त्, ✻ 'पदस्य २.१.८९' → जरन्।।९०।।

## क्रुशस्तुनस्तृच् पुंसि ।। १.४.९१।।

**बृ.वृ.–क्रुशः परो यस्तुन् तस्य शेषे घुटि परे तृजादेशो[1] भवति, पुंसि–पुंलिङ्गविषये[2]। क्रोष्टा[3], क्रोष्टारौ, क्रोष्टारः, क्रोष्टारम्, क्रोष्टारौ, अतिक्रोष्टा, प्रियक्रोष्टा। बहुव्रीहौ[4] ✻ अरिःद्धं बहिरङ्गमन्तरङ्गे ✻ इति ऋदिल्लक्षणः कच् न भवति। पुंसीत्येव[5]? कृशक्रोष्टूनि वनानि। घुटीत्येव[6]? क्रोष्टून्। शेष[7] इत्येव? हे क्रोष्टो!। "क्रोष्टोः क्रोष्टृ[8]" इत्यकृत्वा तृज्वचनं तृस्वस्त्रादिसूत्रेणाऽऽरर्थम् ।।९१।।**

---

**सूत्रार्थ :-** પુંલિંગના વિષયમાં ક્રુશ્ ધાતુથી પરમાં રહેલા તુન્ પ્રત્યયનો શેષ (સંબોધન એકવચનના) સિ પ્રત્યય સિવાયના ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તૃચ્ આદેશ થાય છે.

**વિવરણ :- (1)** આ સૂત્રમાં ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ તો તૃચ્ આદેશ કરવાનું કહ્યું છે, તૃચ્ વિકાર કરવાનો નથી કહ્યો. આથી તૃન્ ના એકાદ અંશનો તૃચ્ આદેશ ન થતા આખા તૃન્ નો તૃચ્ આદેશ થશે. આદેશ અને વિકારની બાબતમાં વ્યવસ્થા બતાવતા વિદ્વાનજનોએ કહ્યું છે કે "પ્રકૃતિ કે પ્રત્યયાદિના એક અંશમાં જે ફેરફાર થાય તેને વિકાર કહેવાય અને પ્રકૃતિ કે પ્રત્યયાદિનો સંપૂર્ણ ઉપમર્દ (ફેરફાર) થાય તેને આદેશ કહેવાય."

**(2)** આ સૂત્રમાં પુંલિંગના વિષયમાં ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ ના તૃચ્ આદેશની વાત છે. તેથી प्रियः क्रोष्टा यस्याः सा અથવા प्रियः क्रोष्टा यस्य (कुलस्य) तद् વિગ્રહાનુસારે સમાસ પામી જ્યારે प्रियक्रोष्टुन् શબ્દ નિષ્પન્ન થાય ત્યારે તે અનુક્રમે સ્ત્રીલિંગ અને નપુંસકલિંગના વિષયમાં હોવાથી આ સૂત્રથી प्रियक्रोष्टुन् गत क्रुश् (क्रोष्) થી પરમાં રહેલા तुन् (टुन्) નો तृच् આદેશ નહીં થાય.

(3) દૃષ્ટાંત -

(i) क्रोष्टा – * 'कृसि-कम्यसि० (उणा० ७७३)' → क्रुश् + तुन्, * 'लघोरुपान्त्यस्य ४.३.४' → क्रोश् + तुन्, * 'यज-सृज० २.१.८७' → क्रोष् + तुन्, * 'तवर्गस्य० १.३.६०' → क्रोष् + टुन् = क्रोष्टु + सि, * 'क्रुशस्तुन० १.४.९१' → क्रोष्टृ + सि, * 'ऋदुशनस्० १.४.८४' → क्रोष्टृ + डा, * 'डित्यन्त्य० २.१.११४' → क्रोष्ट् + डा = क्रोष्टा।

| | (ii) क्रोष्टारौ | (iii) क्रोष्टारः | (iv) क्रोष्टारम् |
|---|---|---|---|
| | क्रोष्टु + औ | क्रोष्टु + जस् | क्रोष्टु + अम् |
| * 'क्रुशस्तुन० १.४.९१' → | क्रोष्टृ + औ | क्रोष्टृ + जस् | क्रोष्टृ + अम् |
| * 'तृ-स्वसृ० १.४.९१' → | क्रोष्टार् + औ | क्रोष्टार् + जस् = क्रोष्टारस् | क्रोष्टार् + अम् |
| * 'सो रुः २.१.७२' → | ↓ | क्रोष्टारर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' → | ↓ | क्रोष्टारः | ↓ |
| | = क्रोष्टारौ। | = क्रोष्टारः। | = क्रोष्टारम्। |

क्रोष्टारमतिक्रान्तः = अतिक्रोष्टा અને प्रियः क्रोष्टा यस्य स = प्रियक्रोष्टा પ્રયોગોની સાધનિકા क्रोष्टा પ્રયોગ પ્રમાણે કરવી.

**(4) શંકા :-** બહુવ્રીહિસમાસ પામેલું પ્રિયક્રોષ્ટુ નામ આ સૂત્રથી પ્રિયક્રોષ્ટૃ રૂપે બનતા હવે તે ऋ કારાન્ત છે, તેથી તેને 'ऋन्नित्य० ७.३.१७१' સૂત્રથી कच् સમાસાન્ત થવો જોઈએ તો કેમ નથી કરતા ?

**સમાધાન :-** પ્રિયક્રોષ્ટુ ગત ક્રોષ્ટુ ના તુન્ નો આ સૂત્રથી થતો તૃચ્ આદેશ પરમાં ઘુટ્ પ્રત્યયોની અપેક્ષા રાખતો હોવાથી પ્રત્યયાશ્રિત તે કાર્ય બહિરંગ(A) ગણાય અને તાદશ તૃચ્ આદેશાત્મક બહિરંગ કાર્ય થતા પ્રિયક્રોષ્ટૃ અવસ્થામાં 'ऋन्नित्य० ७.३.१७१' સૂત્રપ્રાપ્ત कच् સમાસાન્તાત્મક કાર્ય પરમાં કોઈ પ્રત્યયોની અપેક્ષા ન રાખતા માત્ર બહુવ્રીહિ સમાસ પામેલી પ્રિયક્રોષ્ટૃ પ્રકૃતિની અપેક્ષા રાખતું હોવાથી પ્રકૃતિ આશ્રિત તે કાર્ય અંતરંગ(B) ગણાય. હવે ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'*** ન્યાયાનુસારે પ્રિયક્રોષ્ટૃ ને અંતરંગ कच् સમાસાન્ત કરવાની અવસ્થામાં પૂર્વે થયેલો બહિરંગ તૃચ્ આદેશ અસિદ્ધ (असत्) થાય. તેથી પ્રિયક્રોષ્ટૃ એ પ્રિયક્રોષ્ટુ સદશ મનાતા તે ऋ કારાન્ત ન ગણાવાથી 'ऋन्नित्य० ७.३.१७१' સૂત્રથી તેને कच् સમાસાન્ત ન થઈ શકે.

---

(A) प्रत्ययस्याश्रितं यत्स्यात् यद्वा परव्यवस्थितम्। बहूनि वा निमित्तानि यस्य तद् बहिरङ्गकम्।।

(B) प्रकृतेराश्रितं यत्स्यात् यद्वा पूर्वव्यवस्थितम्। यस्य चाल्पनिमित्तानि अन्तरङ्गं तदुच्यते।।

(5) પુંલિંગના વિષયમાં ∽ ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો આ સૂત્રથી તૃચ્ આદેશ થાય એવું કેમ ?

**(a) कृशक्रोष्टूनि वनानि – ❋ 'एकार्थं चानेo ३.१.२२' → कृशाः क्रोष्टारो येषु तानि = कृशक्रोष्टु + जस् के शस्, ❋ 'नपुंसकस्य शिः १.४.५५' → कृशक्रोष्टु + शि, ❋ 'स्वराच्छौ १.४.६५' → कृशक्रोष्टुन् + शि, ❋ 'नि दीर्घः १.४.८५' → कृशक्रोष्टून् + शि = कृशक्रोष्टूनि वनानि।**

અહીં કૃશક્રોષ્ટુ નામ નપુંસકલિંગમાં વર્તે છે. માટે જસ્-શસ્ પ્રત્યયોના આદેશાત્મક ઘુટ્ શિ પ્રત્યય પરમાં વર્તતા પુંલિંગનો વિષય ન હોવાથી કૃશક્રોષ્ટુ ગત ક્રોષ્ટુ ના ક્રુશ્ અંશથી પરમાં રહેલા તુન્ નો આ સૂત્રથી તૃચ્ આદેશ ન થયો.

અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે આ સૂત્રમાં જો પુંલિંગના વિષયની અપેક્ષા ન રાખી હોત તો નપુંસકલિંગના વિષયમાં કૃશક્રોષ્ટુ + શિ અવસ્થામાં એકસાથે 'स्वराच्छौ १.४.६५' સૂત્રથી ન્ આગમ અને આ સૂત્રથી કૃશક્રોષ્ટુ ગત ક્રોષ્ટુ ના તુન્ નો તૃચ્ આદેશ થવાની પ્રાપ્તિ વર્તતા બન્ને સૂત્રો ક્રમશઃ कुण्डानि અને ક્રોષ્ટા પ્રયોગસ્થળે સાવકાશ (ચરિતાર્થ) હોવાથી પર એવા આ સૂત્રથી પૂર્વે તૃચ્ આદેશ થાત. તેથી કૃશક્રોષ્ટ્ + શિ અવસ્થામાં આગળ સાધનિકા ચલાવતા કૃશક્રોષ્ટૃનિ પ્રયોગ સિદ્ધ થાત.

(6) ઘુટ્ પ્રત્યયો ∽ પરમાં વર્તતા આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ થાય એવું કેમ ?

**(a) क्रोष्टून् – ❋ क्रोष्टु + शस्, ❋ 'शसोताo १.४.४९' → क्रोष्टून्।**

અહીં પરમાં વર્તતો શસ્ પ્રત્યય ઘુટ્ નથી, માટે આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ ન થયો.

(7) શેષ (સંબોધન એકવચનના સિ પ્રત્યય સિવાયના) ∽ ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ થાય એવું કેમ ?

**(a) हे क्रोष्टो! – ❋ क्रोष्टु + सि, ❋ 'ह्रस्वस्य गुणः १.४.४१' → हे क्रोष्टो!।**

અહીં સંબોધન એકવચનનો સિ પ્રત્યય પરમાં છે. માટે આ સૂત્રથી તુન્ નો તૃચ્ આદેશ ન થયો.

**(8) શંકા :-** આ સૂત્રથી મૂળ તો ક્રોષ્ટુ નો ક્રોષ્ટૃ આદેશ કરવો છે. તો તે માટે 'कृशस्तुनस्तृच् पुंसि' આવું મોટું સૂત્ર ન બનાવતા 'क्रोष्टोः क्रोष्टृ पुंसि' આવું લઘુસૂત્ર બનાવવું જોઈએ. કેમકે આ લઘુસૂત્રનો પણ 'ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા પુંલિંગના વિષયમાં ક્રોષ્ટુ નો ક્રોષ્ટૃ આદેશ થાય છે' આમ અર્થ થવાથી આપણું ઈષ્ટકાર્ય સિદ્ધ થઈ જાય છે.

**સમાધાન :-** આ સૂત્રથી માત્ર ક્રોષ્ટુ નો ક્રોષ્ટૃ આદેશ નથી કરવો પણ ઘુટ્ પ્રત્યય પરમાં વર્તતા તે ક્રોષ્ટૃ આદેશગત ઋ નો 'તૃ-સ્વસૃ૦ ૧.૪.૩૮' સૂત્રથી આર્ આદેશ થઈ શકે એવું પણ કાંઈક કરવું છે. તમે દર્શાવેલા લઘુસૂત્ર પ્રમાણે જો સીધેસીધો ક્રોષ્ટુ નો ક્રોષ્ટૃ આદેશ કરી દઈએ તો તેમાં 'તૃ-સ્વસૃ૦ ૧.૪.૩૮' સૂત્ર દ્વારા આર્ આદેશ માટે નિમિત્ત રૂપે અપેક્ષાતો તૃચ્ વિદ્યમાન ન હોવાથી ક્રોષ્ટૃ ગત ઋ નો તે સૂત્રથી આર્ આદેશ થાય. તેથી ક્રોષ્ટારૌ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ ન થઈ શકે. જ્યારે અમારા મુજબનું મોટું સૂત્ર બનાવીએ તો તેમાં ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ થઈ ક્રોષ્ટૃ શબ્દ બનતો હોવાથી ત્યાં તૃચ્ વિદ્યમાન હોવાથી 'તૃ-સ્વસૃ૦ ૧.૪.૩૮' સૂત્રથી ક્રોષ્ટૃ ગત ઋ નો આર્ આદેશ થઈ ક્રોષ્ટારૌ વિગેરે ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ શકે છે. આમ ક્રોષ્ટૃ ગત ઋ નો આર્ આદેશ થઈ શકે તે માટે આ સૂત્ર 'કૃશસ્તુનસ્તૃચ્ પુંસિ' આવું મોટું બનાવ્યું છે ।।૯૧।।

## टादौ स्वरे वा ।। १.४.९२।।

**बृ.वृ.–टादौ[(1)] स्वरादौ परे क्रुशः परस्य तुनस्तृजादेशो वा भवति, पुंसि। क्रोष्ट्रा[(2)], क्रोष्टुना ; क्रोष्ट्रे, क्रोष्टवे ; क्रोष्टुः, क्रोष्टोः ; क्रोष्ट्रोः, क्रोष्ट्वोः, क्रोष्टरि, क्रोष्टौ। 'क्रोष्टूनाम्[(3)]' इत्यत्र तु नित्यत्वात् पूर्वं नामादेशे स्वराभावान्न भवति। टादाविति[(4)] किम्? क्रोष्टून्। क्रोष्टृनित्यपीति[(5)] कश्चित्। स्वर[(6)] इति किम्? क्रोष्टुभ्याम्, क्रोष्टुभिः। पुंसीत्येव[(7)]? कृशक्रोष्टुने वनाय। यद्यपि[(8)] तृप्रत्ययान्तो मृगवाची स्यात्, तथापि प्रयोगनियमो दुर्विज्ञान इत्यादेशवचनम्।।९२।।**

---

**સૂત્રાર્થ :-** પુંલિંગના વિષયમાં ટા વિગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો વિકલ્પે તૃચ્ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ टा आदौ यस्य स = टादिः (बहु.)। तस्मिन् = टादौ।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રસ્થ સ્વરે પદ ('સ્વરાદિ પ્રત્યયો' આમ) પ્રત્યયે પદનું વિશેષણ છે અને સ્વરે પદનો બૃ. વૃત્તિમાં સ્વરાદૌ આમ આદિ સહિતનો અર્થ કર્યો છે. તો ત્યાં આદિ અર્થની પ્રાપ્તિ 'सप्तम्या आदिः ७.४.११४' પરિભાષાથી થઈ છે. કેમકે એ પરિભાષા એમ કહે છે કે 'સપ્તમ્યન્ત પ્રત્યયે વિશેષ્યપદનું વિશેષણ સ્વરે પદ તેનું આદિ અવયવ બને છે.' અર્થાત્ સ્વરાદિ પ્રત્યયોને લઈને આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

**(i) क्रोष्ट्रा (ii) क्रोष्ट्रे – * क्रोष्टु + टा, क्रोष्टु + ङे, * 'टादौ स्वरे० १.४.९२' → क्रोष्ट् + टा, क्रोष्ट् + ङे, * 'इवर्णादे० १.२.२१' → क्रोष्ट्र् + टा = क्रोष्ट्रा, क्रोष्ट्र् + ङे = क्रोष्ट्रे।**

(iii) क्रोष्टुः – * क्रोष्टु + ङसि के ङस्, * 'टादौ स्वरे० १.४.९२' → क्रोष्ट् + ङसि के ङस्, * 'ऋतो डुर् १.४.३७' → क्रोष्ट् + डुर्, * 'डित्यन्त्य० २.१.११४' → क्रोष्ट् + डुर् = क्रोष्टुर्, * 'रः पदान्ते० १.३.५३' → क्रोष्टुः।

(iv) क्रोष्ट्रोः – * क्रोष्टु + ओस्, * 'टादौ स्वरे० १.४.९२' → क्रोष्ट् + ओस्, * 'इवर्णादे० १.२.२१' → क्रोष्ट्र् + ओस् = क्रोष्ट्रोस्, * 'सो रुः २.१.७२' → क्रोष्ट्रोर्, * 'रः पदान्ते० १.३.५३' → क्रोष्ट्रोः।

(v) क्रोष्टरि – * क्रोष्टु + ङि, * 'टादौ स्वरे० १.४.९२' → क्रोष्ट् + ङि, * 'अङौ च १.४.३९' → क्रोष्टर् + ङि = क्रोष्टरि।

(vi) क्रोष्टुना

क्रोष्टु + टा

* 'टः पुंसि० १.४.२४' → क्रोष्टु + ना

= क्रोष्टुना।

(vii) क्रोष्टवे

क्रोष्टु + ङे

* 'ङित्यदिति १.४.२३' → क्रोष्टो + ङे

* 'ओदौतो० १.२.२४' → क्रोष्टव् + ङे

= क्रोष्टवे।

(viii) क्रोष्टोः – * क्रोष्टु + ङसि के ङस्, * 'ङित्यदिति १.४.२३' → क्रोष्टो + ङसि के ङस्, * 'एदोद्भ्याम्० १.४.३५' → क्रोष्टो + र् = क्रोष्टोर्, * 'रः पदान्ते० १.३.५३' → क्रोष्टोः।

(ix) क्रोष्ट्वोः – * क्रोष्टु + ओस्, * 'इवर्णादे० १.२.२१' → क्रोष्ट्व् + ओस् = क्रोष्ट्वोस्, * 'सो रुः २.१.७२' → क्रोष्ट्वोर्, * 'रः पदान्ते० १.३.५३' → क्रोष्ट्वोः।

(x) क्रोष्टौ – * क्रोष्टु + ङि, * 'ङिर्डौ १.४.२५' → क्रोष्टु + डौ, * 'डित्यन्त्य० २.१.११४' → क्रोष्ट् + औ = क्रोष्टौ।

અહીં પ્રથમ પાંચ દૃષ્ટાંતમાં આ સૂત્રથી વિકલ્પે પ્રાપ્ત क्रोष्टु આદેશ થયો છે અને પાછળના પાંચ દૃષ્ટાંતોમાં નથી થયો.

**(3) શંકા :-** ક્રોષ્ટુ + આમ્ અવસ્થામાં પરમાં ટાદિ સ્વરાદિ આમ્ પ્રત્યય છે. તો આ સૂત્રથી ક્રોષ્ટ્ર આદેશ કરી ક્રોષ્ટ્રનામ્ પ્રયોગ કેમ નથી કરતા ?

**સમાધાન :-** ક્રોષ્ટુ + આમ્ અવસ્થામાં એકસાથે આ સૂત્રથી ક્રોષ્ટ્ર આદેશની પ્રાપ્તિ છે અને 'હ્રસ્વાપશ્ચ ૧.૪.૩૨' સૂત્રથી આમ્ નો નામ્ આદેશ પ્રાપ્ત છે. તેમાં આમ્ નો નામ્ આદેશ આ સૂત્રથી ક્રોષ્ટ્ર આદેશ કર્યા પછી પણ પ્રાપ્ત છે અને કરતા પૂર્વે પણ પ્રાપ્ત છે, તેથી 'કૃતાકૃતપ્રસંગી' બનતો તે નિત્ય ગણાય. જ્યારે આ સૂત્રપ્રાપ્ત ક્રોષ્ટ્ર આદેશ આમ્ નો નામ્ આદેશ કરતા પૂર્વે ૬ પ્રાપ્ત છે, તેથી 'કૃતાકૃતપ્રસંગી' ન બનતો તે અનિત્ય ગણાય. તો ***'બલવન્નિત્યમનિત્યાત્'*** ન્યાયાનુસારે બળવાન ગણાતું આમ્ ના નામ્ આદેશાત્મક નિત્યકાર્ય પૂર્વે થવાથી ક્રોષ્ટુ + નામ્ અવસ્થામાં હવે ટાદિ સ્વરાદિ પ્રત્યય પરમાં ન વર્તતા આ સૂત્રથી ક્રોષ્ટુ નો ક્રોષ્ટ્ર આદેશ ન થઈ શકે. તેથી અમે ક્રોષ્ટ્રનામ્ પ્રયોગ નથી કરતા અને તેથી ક્રોષ્ટુ + નામ્ અવસ્થામાં 'દીર્ઘો નામ્ય૦ ૧.૪.૪૭' સૂત્રથી ક્રોષ્ટૂ + નામ્ અવસ્થા પ્રાપ્ત થતા ક્રોષ્ટૂનામ્ પ્રયોગ સિદ્ધ થાય છે.

**(4)** ટા વિગેરે ૬ સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ તો વિકલ્પે તૃચ્ આદેશ થાય એવું કેમ ?

**(a) ક્રોષ્ટૂન્ – * ક્રોષ્ટુ + શસ્, * 'શસોતા૦ ૧.૪.૪૯' → ક્રોષ્ટૂન્।**

અહીં ટા વિગેરે સિવાયનો સ્વરાદિ શસ્ પ્રત્યય પરમાં છે. તેથી આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો વિકલ્પે તૃચ્ આદેશ ન થયો.

**(5)** કેટલાક વૈયાકરણો શસ્ પ્રત્યય પરમાં વર્તતા પણ આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ ઈચ્છે છે. તેથી તેમના મતે *** ક્રોષ્ટુ + શસ્, * 'ટાદૌ સ્વરે૦ ૧.૪.૯૨' → ક્રોષ્ટ્ર + શસ્, * 'શસોતા૦ ૧.૪.૪૯' → ક્રોષ્ટ્રન્** પ્રયોગ સિદ્ધ થશે. આ અન્યવ્યાકરણકારના મતના સંગ્રહને માટે ૬ આ સૂત્રમાં ટાદૌ પદ મૂક્યું છે. બાકી જો માત્ર આ વ્યાકરણના મતનું પ્રદર્શન કરવું હોય તો સૂત્રમાં ટાદૌ પદ નિરર્થક છે.

**શંકા :-** જો આ સૂત્રમાં ટાદૌ પદ ન મૂકીએ તો ઔ-જસ્ વિગેરે ગમે તે સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી વિકલ્પે ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ થવાની આપત્તિ આવે. માટે આ વ્યાકરણના મતે કેમ ટાદૌ પદને નિરર્થક કહો છો ?

**સમાધાન :-** 'ઘુટિ ૧.૪.૬૮' સૂત્રથી આ પાદના અંત સુધી દરેક સૂત્રોમાં જો નિમિત્તવિશેષનું ઉપાદાન ન કર્યું હોય તો ઘુટિ નો અધિકાર ચાલે છે. આ સૂત્રમાં નિમિત્તવિશેષનું સૂચક સ્વરે પદ મૂક્યું હોવાથી આ સૂત્રમાં ઘુટિ ના અધિકારનો નિષેધ થાય છે. માટે સૂત્રમાં ટાદૌ પદના અભાવે ઘુટ્ ઔ-જસ્ વિગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં આવે તો પણ આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ ના વિકલ્પે તૃચ્ આદેશની પ્રાપ્તિ નથી આવતી. તેથી આ સૂત્રથી વિકલ્પે

तृच् આદેશાર્થે નિમિત્ત રૂપે માત્ર टा વિગેરે સ્વરાદિ પ્રત્યયો ञ્ય શેષ રહેતા તેમના જ્ઞાપન માટે સૂત્રમાં टादौ પદ નિરર્થક છે.

**શંકા :-** પણ સૂત્રમાં टादौ પદ મૂકી અન્યવ્યાકરણકારના મતનો સંગ્રહ કર્યો શી રીતે ?

**સમાધાન :-** અન્યવ્યાકરણકારના મતે क्रुश् થી પરમાં રહેલા तुन् ના વિકલ્પે तृच् આદેશાર્થે નિમિત્ત રૂપે शस् પ્રત્યયનો પણ સંગ્રહ કરવાનો છે. સૂત્રોક્ત टादि શબ્દનો टायाः आदिः = टादि આમ ષષ્ઠી તત્પુરૂષસમાસ સ્વીકારીએ તો टा પ્રત્યયની આદિમાં (પૂર્વમાં) शस् પ્રત્યય હોવાથી टादि તરીકે शस् પ્રત્યય પકડાય. તેથી टादि અર્થાત્ शस् સ્વરાદિ પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી વિકલ્પે क्रुश् થી પરમાં રહેલા तुन् નો तृच् આદેશ થઈ શકવાથી અન્ય-વ્યાકરણકારના મતનો સંગ્રહ થઈ શકે. આમ સૂત્રોક્ત टादि શબ્દસ્થળે ષષ્ઠી તત્પુરૂષસમાસની વિવક્ષા કરી અન્યવ્યાકરણકારના મતનો સંગ્રહ કર્યો છે.

**(6)** टा વિગેરે સ્વરાદિ ञ्ય પ્રત્યયો પરમાં વર્તતા આ સૂત્રથી क्रुश् થી પરમાં રહેલા तुन् નો વિકલ્પે तृच् આદેશ થાય એવું કેમ ?

**(a) क्रोष्टुभ्याम् – * क्रोष्टु + भ्याम् = क्रोष्टुभ्याम्।**

**(b) क्रोष्टुभिः – * क्रोष्टु + भिस् = क्रोष्टुभिस्, * 'सो रुः २.१.७२' → क्रोष्टुभिर्, * 'रः पदान्ते० १.३.५३' → क्रोष्टुभिः।**

આ બન્ને સ્થળે टा પછીના भ्याम्-भिस् પ્રત્યયો પરમાં છે પણ તેઓ व्यञ्ञ्नादि પ્રત્યયો હોવાથી આ સૂત્રથી क्रुश् થી પરમાં રહેલા तुन् નો વિકલ્પે तृच् આદેશ ન થયો.

**(7)** टा વિગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા પુંલિંગના વિષયમાં ञ्ય આ સૂત્રથી क्रुश् ધાતુથી પરમાં રહેલા तुन् નો વિકલ્પે तृच् આદેશ થાય એવું કેમ ?

**(a) कृशक्रोष्टुने वनाय – * 'एकार्थं चाने० ३.१.२२' → कृशाः क्रोष्टारो येषु तानि = कृशक्रोष्टु + ङे, * 'अनाम्स्वरे० १.४.६४' → कृशक्रोष्टुन् + ङे = कृशक्रोष्टुने वनाय।**

અહીં कृशक्रोष्टु શબ્દ નપુંસકલિંગમાં વર્તે છે તેથી टादि સ્વરાદિ ङे પ્રત્યય પરમાં વર્તતા પુંલિંગનો વિષય ન હોવાથી कृशक्रोष्टु ગત क्रोष्टु ના क्रुश् અંશથી પરમાં રહેલા तुन् નો આ સૂત્રથી વિકલ્પે तृच् આદેશ ન થયો.

**(8) શંકા :-** તમે શા માટે 'क्रुशस्तुन० १.४.९१' સૂત્ર, આ સૂત્ર અને 'स्त्रियाम् १.४.९३' સૂત્રથી क्रुश् થી પરમાં રહેલા तुन् નો तृच् આદેશ કરો છો ? એના કરતા 'णक-तृचौ ५.१.४८' સૂત્રથી ञ्ય क्रुश् ધાતુને तृच् પ્રત્યય લગાડીને क्रोष्टृ શબ્દની નિષ્પત્તિ કરી લો ને ?

**સમાધાન :-** તુન્ પ્રત્યયાન્ત ક્રોષ્ટુ શબ્દ મૃગ[A] = શિયાળ અર્થના વાચક રૂપે રૂઢ છે. જ્યારે તનુત્વ (= પાતળું કરવું) અર્થક ક્રુશ્ ધાતુને 'णकतृचौ ૫.૧.૪૮' સૂત્રપ્રાપ્ત તૃચ્ પ્રત્યય લાગવાથી નિષ્પન્ન થયેલો ક્રોષ્ટૃ શબ્દ ક્રિયાશબ્દ છે. અર્થાત્ તેનો અર્થ 'પાતળું કરનાર' આવો થાય છે. અમારે તૃ પ્રત્યયાન્ત ક્રોષ્ટૃ શબ્દને પણ 'મૃગ = શિયાળ' અર્થના વાચક રૂપે પ્રાપ્ત કરવો છે. તે ત્યારે બની શકે કે જ્યારે 'મૃગ' અર્થક ક્રોષ્ટુ શબ્દગત તુન્ પ્રત્યયનો 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' વિગેરે સૂત્રોથી તૃચ્ પ્રત્યય રૂપે આદેશ થવાથી ક્રોષ્ટુ શબ્દ ક્રોષ્ટૃ શબ્દ રૂપે ફેરવાય. માટે અમે 'णकतृचौ ૫.૧.૪૮' સૂત્રથી ક્રુશ્ ધાતુને તૃચ્ પ્રત્યય ન લગાડતા 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' સૂત્ર, આ સૂત્ર અને 'સ્ત્રિયામ્ ૧.૪.૯૩' સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ કરીએ છીએ.

**શંકા :-** ભલા, તુન્ પ્રત્યયાન્ત ક્રોષ્ટુ શબ્દની જેમ 'णकतृचौ ૫.૧.૪૮' સૂત્રથી તૃચ્ પ્રત્યય લાગીને નિષ્પન્ન થયેલો ક્રોષ્ટૃ શબ્દ પણ રૂઢીથી 'મૃગ = શિયાળ' અર્થનો વાચક બની શકે છે. એવું નથી કે ક્રિયાશબ્દો અમુક ચોક્કસ અર્થમાં રૂઢ ન બની શકે. જેમકે - 'परिव्राजको दात्रं प्रकार[B]' સ્થળે પરિ + વ્રજ્ ધાતુને णक પ્રત્યય લાગવાથી નિષ્પન્ન થયેલો પરિવ્રાજક શબ્દ ક્રિયાશબ્દ છે. છતાં તે પરિવ્રજન ક્રિયાને કરનાર દરેક વ્યક્તિના વાચક રૂપે નથી બનતો પણ 'સંયાસી વિશેષ' ના જ વાચક રૂપે રૂઢ છે. માટે આ બધા સૂત્રોથી તુન્ નો તૃચ્ આદેશ કરવાનું છોડી દો.

**સમાધાન :-** બરાબર છે, છતાં પુંલિંગના વિષયમાં ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તેમજ સ્ત્રીલિંગમાં સર્વત્ર મૃગાર્થક ક્રોષ્ટૃ શબ્દના જ પ્રયોગો કરવાના છે, ક્રોષ્ટુ શબ્દના નહીં અને પુંલિંગના વિષયમાં ટા વિગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં વર્તતા વિકલ્પે મૃગાર્થક ક્રોષ્ટૃ શબ્દના પ્રયોગો કરવાના છે. આ રીતની વ્યવસ્થા દર્શાવવાની છે. હવે જો આપણે 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' વિગેરે સૂત્રોથી વિશેષ વિધાન કરી પુંલિંગના વિષયમાં ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા તેમજ સ્ત્રીલિંગમાં સર્વત્ર ક્રોષ્ટુ શબ્દને ક્રોષ્ટૃ શબ્દ રૂપે ફેરવીને પ્રયોગો ન કરીએ અને 'णकतृचौ ૫.૧.૪૮' સૂત્રથી જ નિષ્પન્ન તૃચ્ પ્રત્યયાન્ત ક્રોષ્ટૃ શબ્દના પ્રયોગો કર્યા કરીએ તો પુંલિંગના વિષયમાં ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા અને સ્ત્રીલિંગમાં સર્વત્ર ક્રોષ્ટુ શબ્દના પણ પ્રયોગો થવા લાગે કે જે અનિષ્ટ છે. આવું ન થાય અને ઈષ્ટસ્થળે 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' વિગેરે સૂત્રોથી ક્રોષ્ટુ શબ્દમાંથી કરેલા ક્રોષ્ટૃ શબ્દના જ પ્રયોગો થઈ શકે તે માટે 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' વિગેરે સૂત્રોથી તુન્ નો તૃચ્ આદેશ કરવો જરૂરી છે.

---

(A) 'મૃગ' એટલે આમ તો 'જંગલી પશુ' થાય. છતાં અહીં તેનો 'શિયાળ' અર્થ સમજવાનો છે.

(B) બૃ.ન્યાસની યથા-'परिव्राजको दात्रं प्रकार इति णकादिप्रत्ययान्ता अपि क्रियाशब्दा भवन्ति' પંક્તિનો અર્થ આમ કરવો 'જેમ કે 'परिव्राजको दात्रं प्रकार' સ્થળે परिव्राजक શબ્દ સંયાસી વિશેષના વાચક રૂપે રૂઢ એવો णक પ્રત્યયાન્ત શબ્દ હોવા છતાં તે ક્રિયાશબ્દ ગણાય છે.' અર્થાત્ 'ક્રિયાશબ્દ એવો પણ તે 'સંયાસીવિશેષ' રૂપ અર્થમાં રૂઢ બની શકે છે.' બૃ.ન્યાસમાં આગળ 'अन्यथाऽनेन...ब्रूयादिति' પંક્તિનો અર્થ વિદ્વાનો સંગત કરવા પ્રયત્ન કરે. 'આનંદબોધિનીકારે' પોતાની ટીકામાં તે પંક્તિ નથી દર્શાવી.

**શંકા :-** તમારી વાત બરાબર નથી. કેમકે અમુક સ્થળે ક્રોષ્ટૃ શબ્દના ઙ પ્રયોગ થઈ શકે તે માટે નવા ત્રણ સૂત્રોની રચના કર્યા વિના પણ કામ થઈ શકે છે. જેમકે ધાતુપાઠમાં घृ ધાતુનું 'घृं सेचने (धा.पा.२०)' આમ સામાન્યથી ઙ વિધાન કર્યું છે. પણ 'અમુક ઙ પ્રત્યયો લગાડી घृ ધાતુના ઠરાવીક ઙ પ્રયોગ કરવા' આવું ધાતુપાઠમાં કે વ્યાકરણાદિમાં ક્યાંય પણ વિશેષ વિધાન કર્યું નથી, છતાં घृ ધાતુના ગમે તે પ્રત્યયો લગાડી ગમે તેટલા પ્રયોગ ન થતા घृतम्, घृणा, घर्म આમ પ્રયોગવિશેષ ઙ (ઠરાવીક પ્રયોગ ઙ) થાય છે. તેની જેમ પ્રસ્તુતમાં પણ ક્રોષ્ટુ શબ્દને ક્રોષ્ટૃ શબ્દ રૂપે ફેરવવા 'क्रुशस्तुन० १.४.९१' વિગેરે સૂત્રોથી વિશેષવિધાન ન કરીએ અને 'णकतृचौ ५.१.४८' સૂત્રથી નિષ્પન્ન तृच् પ્રત્યયાન્ત ક્રોષ્ટૃ શબ્દના ઙ પ્રયોગ કર્યા કરીએ તો પણ સામાન્યથી વિહિત तुन् પ્રત્યયાન્ત ક્રોષ્ટુ શબ્દના પ્રયોગ સર્વત્ર ન થતા ક્રોષ્ટુના, ક્રોષ્ટુભ્યામ્, ક્રોષ્ટુભિઃ વિગેરે વિશેષસ્થળે ઙ તેના પ્રયોગ થશે અને પુંલિંગના વિષયમાં घुट્ પ્રત્યયો પરમાં વર્તતા અને સ્ત્રીલિંગમાં સર્વત્ર મૃગાર્થમાં રૂઢ તૃચ્ પ્રત્યયાન્ત ક્રોષ્ટૃ શબ્દના ઙ પ્રયોગ થશે. આમ પણ સમજી શકાય એવી વાત છે કે વ્યાકરણ(A) ક્યારે પણ લોકમાં જે શબ્દોના પ્રયોગ થતા હોય તેનું ઙ અન્વાખ્યાન (પાછળથી સિદ્ધિ કરવા રૂપે પુનઃ કથન) કરતું હોય છે. તે કાંઈ લોકમાં ન પ્રયોજાતા નવા શબ્દોની નિષ્પત્તિ નથી કરતું. તો લોકમાં પુંલિંગના વિષયમાં घुट્ પ્રત્યયો પરમાં વર્તતા તેમજ સ્ત્રીલિંગમાં સર્વત્ર ક્રોષ્ટુ શબ્દના પ્રયોગ ન થતા હોવાથી આ વ્યાકરણમાં 'क्रुशस्तुन० १.४.९१' વિગેરે સૂત્રો ન બનાવીએ તો પણ ક્રોષ્ટુ શબ્દના પ્રયોગ થાય શેના ? 'લોકમાં જે શબ્દાદિનો પ્રયોગ થતો હોય તે ઙ શબ્દાદિનું વ્યાકરણ અન્વાખ્યાન કરતું હોય છે' આ વાત મુજબ 'अस्ति-ब्रुवो० ४.४.१' વિગેરે સૂત્રોને પણ બનાવવાની કોઈ જરૂર રહેતી નથી. કેમકે લોકમાં થતા अस् અને ब्रू ધાતુના પ્રયોગ જોઈને ખબર પડી જ જાય કે अशित् પ્રત્યયના વિષયમાં भू અને वच् ના પ્રયોગ થાય છે અને शित् પ્રત્યયના વિષયમાં अस् અને ब्रू ના પ્રયોગ થાય છે.

**સમાધાન :-** તમે કહ્યું તે મુજબ લોકમાં જે પ્રયોગ થતા હોય તેનું વ્યાકરણ અન્વાખ્યાન કરે છે. તો અમે જ્યાં ક્રોષ્ટુ શબ્દનો ક્રોષ્ટૃ આદેશ કરવા કહીએ છીએ તે સિવાયના ક્રોષ્ટૃભ્યામ્, ક્રોષ્ટૃભિઃ વિગેરે પ્રયોગસ્થળે લોકમાં ક્રોષ્ટૃ શબ્દ 'પાતળું કરનાર' અર્થક ક્રિયાશબ્દ રૂપે જોવામાં આવે છે. હવે અમે ક્રોષ્ટા, ક્રોષ્ટ્રી, ક્રોષ્ટ્રા વિગેરે પ્રયોગસ્થળે જ્યાં મૃગાર્થક ક્રોષ્ટુ શબ્દનો ક્રોષ્ટૃ આદેશ કરવા કહીએ છીએ ત્યાં જો 'क्रुशस्तुन० १.४.९१' વિગેરે સૂત્રોથી આદેશ ન કરવામાં આવે અને 'णकतृचौ ५.१.४८' સૂત્રપ્રાપ્ત तृच् પ્રત્યયાન્ત ક્રોષ્ટૃ શબ્દનો ઙ જો પ્રયોગ કરવામાં આવે તો જે અબુધ લોકોને લૌકિકપ્રયોગોનો ઝાઝો બોધ નથી તેમને ક્રોષ્ટા, ક્રોષ્ટ્રી, ક્રોષ્ટ્રા વિગેરે પ્રયોગસ્થળે 'णकतृचौ ५.१.४८' સૂત્રથી નિષ્પન્ન મૃગાર્થમાં રૂઢ ક્રોષ્ટૃ શબ્દનો પ્રયોગ કર્યો છે તે જાણવું કઠીન થઈ પડે. કેમકે ક્રોષ્ટૃભ્યામ્ વિગેરે પ્રયોગસ્થળે વપરાયેલો ક્રોષ્ટૃ શબ્દ ક્રિયાશબ્દ હતો અને ક્રોષ્ટા વિગેરે પ્રયોગસ્થળે પણ એનો એ ઙ ક્રોષ્ટૃ શબ્દ વપરાયો હોવાથી તેને પણ તે અબુધ લોકો ક્રિયાશબ્દ રૂપે ઙ સમજે અને કોઈ જાણકાર પુરૂષ મૃગાર્થમાં તાદશ ક્રોષ્ટૃ શબ્દનો પ્રયોગ કરે તો આ અબુધ લોકો તેને અપપ્રયોગ સમજી બેસે. હવે માની લઈએ કે કદાચ

(A) *'प्रयुक्तानां शास्त्रेणान्वाख्यानं न त्वस्मादपूर्वशब्दप्रतिपत्तिः'* ન્યાયાનુસારે આ વાત કરી છે.

તે અબુધ લોકોને લૌકિક પ્રયોગોને જોઈ એટલી ખબર પડી પણ જાય કે તૃચ્ પ્રત્યયાન્ત ક્રોષ્ટૃ શબ્દ 'મૃગ' અર્થનો પણ વાચક બને છે. છતાં તેમને લૌકિક પ્રયોગોને જોઈ પ્રયોગોનો નિયમ (ધારાધોરણ) જાણવો ખૂબ કઠીન થઈ જાય. અર્થાત્ 'ક્રુશસ્તુન૰ ૧.૪.૯૧' વિગેરે સૂત્રોથી ક્રોષ્ટુ ના ક્રોષ્ટૃ આદેશનું વિધાન ન કરવામાં આવે તો '**(a)** પુંલિંગના વિષયમાં ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા અને સ્ત્રીલિંગમાં સર્વત્ર ક્રોષ્ટૃ શબ્દ જ 'મૃગ' અર્થનો વાચક બને છે, ક્રોષ્ટુ શબ્દ નહીં. **(b)** પુંલિંગના વિષયમાં ટા વિગેરે સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા ક્રોષ્ટૃ અને ક્રોષ્ટુ બન્ને શબ્દો 'મૃગ' અર્થના વાચક બને છે. **(c)** પુંલિંગના વિષયમાં ટા પછીના વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા અને નપુંસકલિંગમાં સર્વત્ર માત્ર ક્રોષ્ટુ શબ્દ જ 'મૃગ' અર્થનો વાચક બને છે અને **(d)** 'મૃગ' અર્થના વાચક ન બનતા ક્રોષ્ટૃ ક્રિયાશબ્દનો કોઈપણ પ્રત્યય પરમાં વર્તતા પ્રયોગ થાય છે.' આમ લૌકિક પ્રયોગોના આધારે કયા પ્રત્યયો પરમાં વર્તતા ક્યારે ક્રોષ્ટૃ શબ્દનો કયા અર્થમાં પ્રયોગ થાય છે ? તેનું ધારાધોરણ જાણવું તે અબુધ લોકોને ખૂબ કઠીન થઈ પડે અને જો 'ક્રુશસ્તુન૰ ૧.૪.૯૧' વિગેરે ત્રણ સૂત્રોથી ક્રોષ્ટુ ના ક્રોષ્ટૃ આદેશનું વિધાન કરવામાં આવે તો લોકમાં ક્રોષ્ટુ શબ્દના જ કોઈ પ્રયોગ જોવાં મળે છે તે 'મૃગ' અર્થમાં જ જોવાં મળતા હોવાથી તે 'મૃગ' અર્થક શબ્દ છે તેની અબુધ લોકોને ખબર પડી જાય અને 'ક્રુશસ્તુન૰ ૧.૪.૯૧' વિગેરે સૂત્રોથી ક્રોષ્ટુ નો ક્રોષ્ટૃ આદેશ કરવામાં આવતા તે પણ પોતાના આદેશીને સમાન અર્થવાળો અર્થાત્ 'મૃગ' અર્થવાળો જ છે તેની પણ અબુધ લોકોને સૂત્રોક્ત આદેશના વિધાનબળે ખબર પડી જાય. તેથી '**(a)** 'ક્રુશસ્તુન૰ ૧.૪.૯૧' અને 'સ્ત્રિયામ્ ૧.૪.૯૩' સૂત્રોથી 'મૃગ' અર્થક ક્રોષ્ટુ નો નિત્ય ક્રોષ્ટૃ આદેશ કરવામાં આવતા પુંલિંગના વિષયમાં ઘુટ્ પ્રત્યય પરમાં વર્તતા અને સ્ત્રીલિંગમાં સર્વત્ર ક્રોષ્ટૃ શબ્દ જ 'મૃગ' અર્થનો વાચક બને છે, ક્રોષ્ટુ શબ્દ નહીં. **(b)** 'ટાદૌ સ્વરે૰ ૧.૪.૯૨' સૂત્રથી ક્રોષ્ટુ નો વિકલ્પે ક્રોષ્ટૃ આદેશ કરવામાં આવતા પુંલિંગના વિષયમાં ટા વિગેરે સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા ક્રોષ્ટુ અને ક્રોષ્ટૃ બન્ને શબ્દો 'મૃગ' અર્થના વાચક બને છે. **(c)** પુંલિંગના વિષયમાં ટા પછીના વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા અને નપુંસકલિંગમાં સર્વત્ર ક્રોષ્ટૃ આદેશ કરનાર કોઈ સૂત્ર ન હોવાથી માત્ર ક્રોષ્ટુ શબ્દ જ 'મૃગ' અર્થનો વાચક બને છે અને **(d)** 'મૃગ' અર્થનો વાચક ન બનતો ક્રોષ્ટૃ શબ્દ 'ણકતૃચૌ ૫.૧.૪૮' સૂત્રથી સ્વતંત્રપણે ક્રિયાશબ્દરૂપે નિષ્પન્ન થયો હોવાથી તેના કોઈપણ પ્રત્યયો પરમાં વર્તતા પ્રયોગો થાય છે.' આમ બધું ધારાધોરણ જાણવું સરળ બને છે માટે અમે 'ક્રુશસ્તુન૰ ૧.૪.૯૧' વિગેરે ત્રણ સૂત્રોથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ ના તૃચ્ આદેશનું વિધાન કરીએ છીએ. આ રીતે જ અશિત્ પ્રત્યયના વિષયમાં 'અસ્તિ-બ્રુવો૰ ૪.૪.૧' સૂત્રથી જો અસ્ અને બ્રૂ ધાતુના ભૂ અને વચ્ આદેશનું વિધાન ન કરવામાં આવે તો અબુધ લોકોને લોકમાં થતા કેટલાક પ્રયોગોને જોઈ એટલી ખબર પડી જાય કે 'શિત્ પ્રત્યયના વિષયમાં અસ્ અને બ્રૂ ધાતુના પ્રયોગો થાય છે' અને 'અશિત્ પ્રત્યય વિષયમાં ભૂ અને વચ્ ધાતુના પ્રયોગો થાય છે.' પણ તેમને એ વાતની ખબર ન પડે કે 'શિત્ પ્રત્યયના વિષયમાં ભૂ અને વચ્ ધાતુના પ્રયોગો થતા નથી' અને 'અશિત્ પ્રત્યયના વિષયમાં અસ્ અને બ્રૂ ધાતુના પ્રયોગો થતા નથી.' કેમકે આ અબુધ લોકો ક્યાં બધા લૌકિક પ્રયોગો જોવા જવાના ? અને ધારાધોરણનો નિર્ણય

કરવા બેસવાના ? તેથી તેઓ અશિત્ પ્રત્યયના વિષયમાં પણ અસ્ અને બ્રૂ ધાતુના પ્રયોગને કરી બેસે કે જે અનિષ્ટ છે. આવું ન થાય અને તે અબુધ લોકોને 'અશિત્ પ્રત્યયના વિષયમાં ભૂ અને વચ્ ના જ પ્રયોગો થાય છે' આવા પ્રયોગના નિયમ (ધારાધોરણ)નું યથાર્થ જ્ઞાન થાય તે માટે 'અસ્તિ-બ્રુવો૦ ૪.૪.૧' વિગેરે સૂત્રો બનાવવા જરૂરી છે.

**શંકા :-** અબુધ લોકોને પ્રયોગોના નિયમનું જ્ઞાન થાય તે માટે તમે આ બધા સૂત્રો બનાવો છો. બાકી પંડિતજનો તો લૌકિક પ્રયોગોને જોઈ પ્રયોગોના નિયમનું જ્ઞાન કરી શકતા હોવાથી તેમના માટે તો આ સૂત્રો નકામા જ ને ?

**સમાધાન :-** ના, આ બધા સૂત્રો અબુધ લોકોને પ્રયોગોના નિયમનું જ્ઞાન થાય તે માટે રચ્યા છે અને પંડિતજનોને ***'प्रयुक्तानां शास्त्रेणान्वाख्यानं न त्वस्मादपूर्वशब्दप्रतिपत्तिः'*** ન્યાયનું વ્યુત્પાદન (ઘટમાનતા) થઈ શકે તે માટે રચ્યા છે. આશય એ છે કે પંડિતજનોને ***'प्रयुक्तानां शास्त्रेण०'*** ન્યાય છે તેની ખબર છે, પણ તે ક્યાં કઈ રીતે લાગે છે તેની તેમને ત્યારે ખબર પડી શકે કે જ્યારે લૌકિક પ્રયોગાનુસારે 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' વિગેરે સૂત્રો તેમજ 'અસ્તિ-બ્રુવો૦ ૪.૪.૧' વિગેરે સૂત્રોની રચના કરી હોય. આથી ***'प्रयुक्तानां शास्त्रेण०'*** ન્યાયનું વ્યુત્પાદન થઈ શકે તે માટે 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' વિગેરે ત્રણ સૂત્રો અને 'અસ્તિ-બ્રુવો૦ ૪.૪.૧' વિગેરે સૂત્રોની રચના કરી છે. આમ પણ સૂત્રકારોનો સૂત્રોની રચના પાછળ એક જ દ્રષ્ટિકોણ નથી હોતો, અનેક દ્રષ્ટિકોણ હોય છે.

(લઘુન્યાસમાં દર્શાવેલો મોટાભાગનો પદાર્થ બૃ.ન્યાસના ઉપર લખેલા પદાર્થને મળતો હોવાથી ફરી નથી લખ્યો.) ।।૯૨।।

## स्त्रियाम् ।। १.४.९३।।

**बृ.वृ.-(1)घुटीति न संबध्यते "क्रुशस्तुनस्तृच् पुंसि स्त्रियां च" इत्येकयोगाकरणात्, स्त्रियां वर्तमानस्य क्रुशः परस्य तुनस्तृजादेशो भवति, निर्निमित्त एव। (2)क्रोष्ट्री, अत्र प्रागेव तृजादेशे ऋदन्तत्वाद् ङीः; क्रोष्ट्र्यौ, क्रोष्ट्र्यः, क्रोष्ट्रीम्, क्रोष्ट्र्या, क्रोष्ट्रीभ्याम्, हे क्रोष्ट्रि!। पञ्चभिः क्रोष्ट्रीभिः क्रीतैरीति विगृह्य "मूल्यैः क्रीते" (६.४.१५०) इतीकण्, तस्य "अनाम्यद्विः प्लुप्" (६.४.१४१) इति लुपि "ङ्यादेर्गौणस्या०" (२.४.९५) इत्यादिना ङीनिवृत्तौ पञ्चक्रोष्टृभी रथैः, अत्र निर्निमित्तत्वादादेशस्य ङीनिवृत्तावपि निवृत्तिर्न भवति, अत एव च "क्यङ् मानिपित्तद्धिते" (३.२.५०) इति पुंवद्भावो न भवति, पुंवद्भावेनापि हि आदेश एव निवर्तनीयः, स च निमित्तत्वाश्रयणेन ङीनिवृत्तावपि निवर्तते एव ।।९३।।**

**સૂત્રાર્થ :-** સ્ત્રીલિંગમાં વર્તતા ક્રુશ્ ધાતુથી પરમાં રહેલા તુન્ નો કોઈપણ નિમિત્તની અપેક્ષા વિના તૃચ્ આદેશ થાય છે.

**વિવરણ :- (1)** આ સૂત્રમાં 'ઘુટિ ૧.૪.૬૮' સૂત્રથી ઘુટિ ની અનુવૃત્તિ નહીં આવે.

**શંકા :-** કેમ નહીં આવે ? કેમકે આ સૂત્રમાં 'અમુક પ્રત્યયો પરમાં વર્તતા' આ પ્રમાણે કોઈ નિમિત્ત વિશેષનું ઉપાદાન નથી કર્યું, તેથી ઘુટિ ની અનુવૃત્તિ આવવી જોઈએ.

**સમાધાન :-** આ સૂત્રની પ્રવૃત્તિ સ્ત્રીલિંગના વિષયમાં થાય છે. તેથી જો આ સૂત્રમાં પણ ઘુટિ ની અનુવૃત્તિ લેવી ઈષ્ટ હોત તો આ સૂત્ર જૂદું રચવાનું કોઈ કારણ જ નથી. કેમકે 'ક્રુશસ્તુનસ્તૃચ્ પુંસિ સ્ત્રિયાં ચ' આમ ભેગું સૂત્ર રચવામાં આવે તો પણ તે સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ આવતી હોવાથી સ્ત્રીલિંગના વિષયમાં ઘુટ્ પ્રત્યયો પરમાં વર્તતા ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ નો તૃચ્ આદેશ થઈ શકત. છતાં જુદી રચના કરી છે તેથી સમજી શકાય છે કે આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ નહીં આવે.

*(**શંકાકાર :-** ભલા, ઘુટિ ની અનુવૃત્તિ આ સૂત્રમાં ઈષ્ટ હોય તો પણ આ સૂત્રને 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' સૂત્રની ભેગું ન રચી શકાય. કેમકે જો ભેગું રચીએ તો છૂટ્ટાં બન્ને સૂત્રોમાં જેટલા શબ્દો છે તેના કરતા ભેગા સૂત્રમાં એક ચ શબ્દ વધવાથી માત્રા ગૌરવ થાય છે. માટે આ સૂત્ર છૂટ્ટું જ બરાબર છે અને ઘુટિ ની અનુવૃત્તિ આવવી જ જોઈએ.*

*(**સમાધાનકાર :-** માત્રાગૌરવની વાતને લઈને શું કામ તમે કૂદે રાખો છો ? તેને જ જો ટાળવું હોત તો અમે ભેગું સૂત્ર 'ક્રુશસ્તુનસ્તૃચ્ પું-સ્ત્રિયોઃ' આ પ્રમાણે પણ બનાવી શકત. આમાં ચ શબ્દ તો ઉડી જાય છે, સાથે સાથે છૂટ્ટાં બન્ને સૂત્રો કરતા પણ માત્રાલાઘવ કરી શકાય છે. છતાં અમે ''ઘુટિ ની અનુવૃત્તિ ઈષ્ટ હોત તો 'ક્રુશસ્તુનસ્તૃચ્ પુંસિ સ્ત્રિયાં ચ ૧.૪.૯૧' આમ ચ શબ્દ સહિત ભેગું સૂત્ર રચત'' આમ જે વાત કરી તેની પાછળ અમારો કોક આશય છે. તો સૂત્રકારે છૂટ્ટાં બન્ને સૂત્રો બનાવ્યા છે તેથી સમજી શકાય છે કે આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ નહીં આવે.*

*(**શંકાકાર :-** ''ચ શબ્દ સહિત ભેગું સૂત્ર બનાવત'' આમ કહેવા પાછળ તમારો કયો આશય છે ? જરા સ્પષ્ટ કરો ને ?*

*(**સમાધાનકાર :-** ''આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ લેવી ઈષ્ટ હોત તો સૂત્રકાર 'ક્રુશસ્તુનસ્તૃચ્ પું-સ્ત્રિયોઃ' આમ ભેગું સૂત્ર બનાવત'' આમ કહેવામાં માત્રાલાઘવ અવશ્ય થાય. પરંતુ તેમ કરવાથી આ પછીના પાદના 'ત્રિચતુર૦ ૨.૧.૧' સૂત્રમાં માત્ર સ્ત્રિયામ્ ની અનુવૃત્તિ જે ચલાવવી છે તે ન ચાલી શકે. કેમકે 'પું-સ્ત્રિયોઃ' આમ સમાસ કર્યો તેથી તેની અનુવૃત્તિ પણ ભેગી જ ચાલે. તો 'ત્રિચતુર૦ ૨.૧.૧' સૂત્રમાં કેવળ સ્ત્રિયામ્ ની અનુવૃત્તિ*

*ચલાવવાના આશયથી અમે ''જો સૂત્રકારને આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ લેવી ઈષ્ટ હોત તો તેઓ 'ક્રુશસ્તુનસ્તૃચ્ પુંસિ સ્ત્રિયાં ચ' આમ ચ શબ્દ સહિત ભેગું સૂત્ર બનાવત'' આમ વાત કરી છે.*

*મૂળ આટલી ચર્ચાના અંતે નિષ્કર્ષ એ નીકળ્યો કે સૂત્રકારને જો આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ લેવી ઈષ્ટ હોત તો તેઓશ્રી આ સૂત્ર અને 'ક્રુશસ્તુન૦ ૧.૪.૯૧' સૂત્ર ભેગું રચત. છતાં તેમ નથી કર્યું તેથી જણાય છે કે આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ નથી આવતી.)*[A]

**શંકાકાર :-** સારૂં, ભલે ઘુટિ ની અનુવૃત્તિ ન આવે, છતાં આ પાદમાં 'અતઃ આ સ્યાદૌ ૧.૪.૧' સૂત્રથી જે સ્યાદિ નો અધિકાર ચાલે છે તે તો આ સૂત્રમાં આવશે ને ? જુઓ 'ટાદૌ સ્વરે વા ૧.૪.૯૨' આ આગલા સૂત્રમાં પણ આદિ શબ્દ વ્યવસ્થાવાચી હોવાથી સ્યાદિ અધિકારની વ્યવસ્થા મુજબ ટા વિગેરે ગમે તે સ્વરાદિ પ્રત્યયો નિમિત્ત રૂપે ગ્રહણ નથી કરાતા પણ ટા વિગેરે સ્વરાદિ સ્યાદિ પ્રત્યયોનું જ ગ્રહણ થાય છે.

**સમાધાનકાર :-** તમે વાતને બરાબર સમજતા નથી. જો આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર આવે તો આ સૂત્રની પ્રવૃત્તિ સ્યાદિ પ્રત્યયો પરમાં વર્તતા જ થઈ શકે, અન્યથા નહીં. તેથી ક્રોષ્ટ્રી ભક્તિરસ્ય વિગ્રહાનુસાર બહુવ્રીહિસમાસ પામેલ ક્રોષ્ટ્રીભક્તિ શબ્દસ્થળે ક્રોષ્ટુ ના તુન્ તો તૃચ્ આદેશ શી રીતે થઈ શકે ? કેમકે વિગ્રહાવસ્થામાં જે સિ પ્રત્યયના નિમિત્તે ક્રોષ્ટુ ના તુન્ તો તૃચ્ આદેશ થયેલો તે સિ પ્રત્યયનો તો સમાસ થતા પૂર્વે 'એકાર્થ્યે ૩.૨.૮' સૂત્રથી લુપ્ થઈ ગયો હોવાથી ***'નિમિત્તાપાયે નૈમિત્તિકસ્યાઽપ્યપાયઃ'*** ન્યાયથી તેના નિમિત્તે થયેલા ક્રોષ્ટ્ ના તૃચ્ આદેશનો પુનઃ તુન્ થઈ જાય અને સમાસાવસ્થામાં નવો કોઈ સિ પ્રત્યય ક્રોષ્ટુ ની અવ્યવહિત ઉત્તરમાં ન હોવાથી ફરી ક્રોષ્ટ્ આદેશ શી રીતે થઈ શકે ? હવે ક્રોષ્ટ્ આદેશ ન થાય તો 'અધાતૂદ્૦ ૨.૪.૨' સૂત્રથી ઋ કારાન્ત નામાશ્રિત સ્ત્રીલિંગનો ડી પ્રત્યય પણ ન થઈ શકવાથી ક્રોષ્ટ્રીભક્તિ શબ્દ નિષ્પન્ન ન થઈ શકે. માટે આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર લેવો ઉચિત નથી.

---

(A) અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે કૌંસમાં દર્શાવેલું લખાણ લઘુન્યાસના આધારે લખેલું છે, પણ તે વિચારણીય લાગે છે. કેમકે અહીં છેલ્લે જવાબમાં જણાવ્યું કે 'જો આ સૂત્રમાં ઘુટિ ની અનુવૃત્તિ ઈષ્ટ હોત તો સૂત્રકારશ્રી 'ક્રુશસ્તુનસ્તૃચ્ પું-સ્ત્રિયોઃ' આવું સૂત્ર ન બનાવતા માત્રાગૌરવવાળું 'ક્રુશસ્તુનસ્તૃચ્ પુંસિ સ્ત્રિયાં ચ' આવું સૂત્ર 'ત્રિચતુર૰ ૨.૧.૧' સૂત્રમાં સ્ત્રિયામ્ની અનુવૃત્તિ માટે બનાવત.' પણ તે શી રીતે ઘટી શકે ? કેમકે જો 'ક્રુશસ્તુનસ્તૃચ્ પુંસિ સ્ત્રિયાં ચ' આવું સૂત્ર બનાવત તો પણ તેના પછી 'ટાદૌ સ્વરે વા ૧.૪.૯૨' સૂત્ર છે કે જેમાં સ્ત્રિયામ્ ની અનુવૃત્તિ અપેક્ષિત નથી. આમ સ્ત્રિયામ્ ની અનુવૃત્તિ તૂટી જ જવાની હોવાથી 'ત્રિચતુર૰ ૨.૧.૧' સૂત્રમાં તેની અનુવૃત્તિ જવાની કોઈ શક્યતા નથી.

એના કરતા હજું એમ કહ્યું હોત કે ''સૂત્રકારશ્રી 'ક્રુશસ્તુનસ્તૃચ્ પુંસિ સ્ત્રિયાં ચ' આવું સૂત્ર બનાવત તો તેના પછીનું 'ટાદૌ સ્વરે વા ૧.૪.૯૨' સૂત્ર છે કે જેમાં કેવળ પુંસિ પદની અનુવૃત્તિ અપેક્ષિત છે તે પ્રાપ્ત થઈ શકત.'' તો વાત કાંઈક વ્યાજબી લાગે.

**શંકાકાર :-** સમાસ પૂર્વે 'एकार्थ्ये ३.२.८' સૂત્રથી લુપ્ થયેલ સિ પ્રત્યયનો તમે ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणकार्यं विज्ञायते'*** ન્યાયાનુસાર સ્થાનિવદ્ભાવ માની શકો છો અને તેથી હવે ***'निमित्तापाये०'*** ન્યાયથી ક્રોષ્ટૃ ના તૃચ્ આદેશનો પુનઃ તુન્ આદેશ થવાનો પ્રસંગ ૫ ન વર્તતા ક્રોષ્ટ્રીભક્તિ શબ્દ નિષ્પન્ન થઈ શકવાથી સૂત્રમાં સ્યાદિનો અધિકાર લેવામાં કોઈ વાંધો નથી.

**સમાધાનકાર :-** ક્રોષ્ટ્રીભક્તિ સ્થળે સમાસ થતા પૂર્વે 'एकार्थ्ये ३.२.८' સૂત્રથી સિ પ્રત્યયનો લુપ્ થયો છે લુક્ નહીં અને 'लुप्यव्वृल्लेनत् ७.४.११२' સૂત્રથી લુપ્ થયેલા પ્રત્યયના સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. તો ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ શી રીતે માની શકાય ? અર્થાત્ જે સ્થળે પ્રત્યયનો લુક્ થયો હોય તે સ્થળે ૫ ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માની શકાય લુપ્ સ્થળે નહીં.

**શંકાકાર :-** લુક્ થયેલા પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ તો 'स्थानीवावर्ण० ७.४.१०९' સૂત્રથી મનાય છે. તેથી ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી તો લુપ્ થયેલા પ્રત્યયના સ્થાનિવદ્ભાવની ૫ વાત છે. તેથી સ્યાદિ પ્રત્યયોને આ સૂત્રમાં નિમિત્ત રૂપે લઈએ તો લુપ્ થયેલા પણ સિ પ્રત્યયના સ્થાનિવદ્ભાવને લઈને ક્રોષ્ટ્રીભક્તિ શબ્દ નિષ્પન્ન થઈ શકે છે.

**સમાધાનકાર :-** ક્રોષ્ટ્રીભક્તિ સમાસ થતા પૂર્વે ક્રોષ્ટ્રી થી પરમાં રહેલા સિ પ્રત્યયનો લુપ્ કરવા રૂપ કાર્ય પરવ્યવસ્થિત હોવાથી તે બહિરંગ કાર્ય કહેવાય અને સમાસ અવસ્થામાં લુપ્ થયેલા સિ પ્રત્યયના સ્થાનિવદ્ભાવને આશ્રયીને ક્રોષ્ટુ ના તુન્ નો તૃચ્ આદેશ કરવા રૂપ કાર્ય પૂર્વવ્યવસ્થિત હોવાથી તે અંતરંગ કાર્ય કહેવાય. હવે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી લુપ્ થયેલા સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માનીને અંતરંગ[A] એવું ક્રોષ્ટુ ના તુન્ નો તૃચ્ આદેશ રૂપ કાર્ય કરવાનું હોતે છતે ***'अन्तरङ्गानपि विधिन् बहिरङ्गो लुब् बाधते'*** ન્યાય બાધક બનતા પ્રસ્તુતમાં ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાયથી લુપ્ થયેલ સિ પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ ન માની શકાય. તેથી જો આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર લઈએ તો ક્રોષ્ટ્રીભક્તિ શબ્દ નિષ્પન્ન ન ૫ થઈ શકે.

વળી આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર ન આવવામાં બીજું પણ એક કારણ છે. તે આ પ્રમાણે- 'त्रिचतुरस्तिसृ-चतसृ स्यादौ २.१.१' આ હવે પછીના પાદના પહેલા સૂત્રથી તે પાદમાં સ્યાદિનો અધિકાર ચાલે તે માટે તે સૂત્રમાં स्यादौ પદ મૂક્યું છે. હવે આ પ્રસ્તુતસૂત્રમાં પણ જો 'अत आः स्यादौ० १.४.१' સૂત્રથી સ્યાદિનો અધિકાર આવતો હોત તો સ્યાદિ ના અનુવૃત્તિની પરંપરા ન તુટવાના કારણે 'त्रिचतुरस्० २.१.१' વિગેરે સૂત્રોમાં પણ તે અનુવૃત્તિ નિરાબાધ પણે ચાલી શકત અને તેથી स्यादौ પદ મૂકવાનું પણ ન રહેત. છતાં તે સૂત્રમાં स्यादौ પદ મૂક્યું છે તેથી જણાય છે કે આ સૂત્રમાં સ્યાદિની અનુવૃત્તિ તૂટી જાય છે. (= નથી આવતી.)

---

(A) અંતરંગ એવી પણ વિધિ (કાર્ય)ને બહિરંગ લુપ્ બાધિત કરે છે (સ્થાનિવદ્ભાવને આશ્રયીને થવા દેતો નથી.)

**શંકાકાર :-** ભલે આ સૂત્રમાં સ્યાદિનો અધિકાર ન આવે પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ સ્ત્રીલિંગના વિષયમાં થાય છે અને સ્ત્રીલિંગમાં ક્રોષ્ટુ શબ્દને ઈ (ङी) પ્રત્યય તો નિત્યકાર્ય(A) હોવાથી તૃચ્ આદેશ થતા પૂર્વે અવશ્ય થાય જ છે. તેથી ઈ (ङी) પ્રત્યય પરમાં વર્તતા આ સૂત્રથી ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ ના તૃચ્ આદેશનું વિધાન કરવું જોઈએ, નિર્નિમિત્ત નહીં. તેમ કરવાથી ક્રોષ્ટ્રીભક્તિ શબ્દસ્થળે ક્રોષ્ટુ શબ્દથી પરમાં ङी પ્રત્યય વિદ્યમાન હોવાથી તેના તુન્ નો તૃચ્ આદેશ થઈ શકવાથી ક્રોષ્ટ્રીભક્તિ શબ્દ સિદ્ધ ન થવાની આપત્તિ પણ ઊભી નથી રહેતી.

**સમાધાનકાર :-** આ સૂત્રમાં જો ઈ (ङी) પ્રત્યયની નિમિત્ત રૂપે અપેક્ષા હોય તો સૂત્રકારશ્રીએ 'સ્ત્રીલિંગનો ઈ (ङी) પ્રત્યય પરમાં વર્તતા' આ અર્થને જણાવતું 'स्त्रियां ङ्याम्' આમ ઈ (ङी) પ્રત્યયના નિર્દેશ પૂર્વકનું આ સૂત્ર બનાવવું જોઈએ. પરંતુ તેવું નથી બનાવ્યું તેથી જણાય છે કે સૂત્રકારશ્રીને આ સૂત્રમાં ઈ (ङी) પ્રત્યય નિમિત્ત રૂપે ઈષ્ટ નથી.

**શંકાકાર :-** સૂત્રકારશ્રીએ 'સ્ત્રીલિંગનો ઈ (ङी) પ્રત્યય પરમાં વર્તતા' આ અર્થને જણાવવા સૂત્રમાં ઈ (ङी) પ્રત્યયના સૂચક ઈ વર્ણનો પ્રશ્લિષ્ટ (= અત્યંત એકમેક થઈ ગયેલો) નિર્દેશ કર્યો જ છે. તે આ પ્રમાણે - *** स्त्रियाः ईः = (स्त्री + ई) स्त्री (ष. तत्), * स्त्री + ङि (सप्तमी), * 'स्त्रीदूतः १.४.२९' → स्त्री + दाम्, * अनुक्रमे स्त्रियाम्.** આથી સમજી શકાય છે કે સૂત્રકારશ્રીને આ સૂત્રમાં ઈ (ङी) પ્રત્યય નિમિત્ત રૂપે ઈષ્ટ છે.

**સમાધાનકાર :-** તમે ઉપરોક્ત સાધનિકામાં જે રીતે स्त्रियाः ईः = स्त्री આમ ષષ્ઠીતત્પુરૂષસમાસ કરી સ્ત્રી શબ્દની નિષ્પત્તિ કરો છો તેમાં ઈ શબ્દ વિશેષ્ય બને છે અને તે સ્ત્રીલિંગ શબ્દ ન હોવાથી તેને ङि પ્રત્યય લાગતા ङि પ્રત્યયનો નિત્યસ્ત્રીલિંગ નામોની અપેક્ષા રાખતા 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી दाम् આદેશ ન થઈ શકે. તો તમે શી રીતે સૂત્રસ્થ स्त्रियाम् પ્રયોગની નિષ્પત્તિ કરી તમારા અર્થની ઘટમાનતા કરો છો ?

**શંકાકાર :-** स्त्रियाः ईः વિગ્રહાનુસાર નિષ્પન્ન સ્ત્રી શબ્દસ્થળે ષષ્ઠી વિભક્તિ 'द्योतकत्व संबंध' અર્થમાં થયેલી છે. તેથી સ્ત્રી (સ્ત્રી + ઈ) શબ્દનો અર્થ 'સ્ત્રીત્વનો દ્યોતક ઈ (ङी) પ્રત્યય પરમાં વર્તતા' આ પ્રમાણે થાય છે. આ અર્થના અંશભૂત સ્ત્રીત્વનો ઈ શબ્દમાં આરોપ કરી તેને સ્ત્રીલિંગ ગણી શકાય છે. આમ વિશેષ્ય ઈ શબ્દ સ્ત્રીલિંગ ગણાવાથી તેનાથી પરમાં રહેલા ङि પ્રત્યયનો 'स्त्रीदूतः १.४.२९' સૂત્રથી दाम् આદેશ થઈ શકવાથી સૂત્રસ્થ स्त्रियाम् પ્રયોગ નિષ્પન્ન થઈ શકે છે અને અમે કરેલો અર્થ પણ ઘટમાન થઈ શકે છે.

**સમાધાનકાર :-** છતાં તમને ***अन्योन्याश्रयदोष*** આવે છે. તે આ રીતે - તમારે दाम् આદેશના નિમિત્તે સ્ત્રીત્વના આરોપપૂર્વકના ઈ શબ્દની કલ્પના કરવી પડે છે અને સ્ત્રીત્વના આરોપપૂર્વકના ઈ શબ્દના નિમિત્તે दाम्

---

(A) ક્રોષ્ટુ શબ્દને ङी પ્રત્યય તૃચ્ આદેશ થતા પૂર્વે 'गौरादिभ्यो० २.४.१९' સૂત્રથી પ્રાપ્ત છે અને તૃચ્ આદેશ થયા પછી 'अधातूद्० २.४.२' સૂત્રથી પ્રાપ્ત છે. આમ તે કૃતાકૃતપ્રસંગી હોવાથી નિત્યકાર્ય ગણાય. ક્રોષ્ટુ શબ્દનો ગૌરાદિ ગણપાઠમાં 'क्रोष्टु, सरस्;, अनयोरनकारान्तत्वादप्राप्ते पाठः' આમ પાઠ દર્શાવ્યો છે.

આદેશ થઈ શકે છે. અર્થાત્ પ્રસ્તુતમાં દામ્ આદેશ ત્યારે થાય કે જ્યારે સ્ત્રીત્વના આરોપપૂર્વકના ઈ શબ્દની પ્રાપ્તિ થાય અને સ્ત્રીત્વના આરોપપૂર્વકના ઈ ની ત્યારે પ્રાપ્તિ થાય કે જ્યારે દામ્ આદેશ થવાની પ્રાપ્તિ હોય. આમ તમને અન્યોન્યાશ્રય દોષ આવતો હોવાથી તમારી વાત અસંગત છે.

**શંકાકાર :-** બરાબર છે. પરંતુ અમે દામ્ આદેશને ઉદ્દેશીને સ્ત્રીલિંગ ઈ શબ્દની કલ્પના નથી કરતાં પણ સૂત્રસ્થ સ્ત્રિયામ્ પ્રયોગને ઉદ્દેશીને તેની કલ્પના કરીએ છીએ. અર્થાત્ અમે સૂત્રસ્થ સ્ત્રિયામ્ શબ્દને જોઈને વિચાર્યું કે 'આપણા ઈષ્ટ અર્થને જણાવતો આ પ્રયોગ શી રીતે સિદ્ધ થઈ શકે ?' અને તે વિચારણાના ફળ રૂપે અમે સ્ત્રીત્વના આરોપપૂર્વકના ઈ શબ્દની કલ્પના કરી છે, દામ્ને ઉદ્દેશીને નહીં અને આગળ જતા તેને લઈને ङि નો દામ્ આદેશ થતો હોવાથી અન્યોન્યાશ્રય દોષને કોઈ અવકાશ જ રહેતો નથી માટે અમારી વાત સંગત છે. આમ સૂત્રમાં ઈ (ङी) પ્રત્યય નિમિત્તરૂપે બતાવવો જોઈએ અને તેમ કરતા ક્રોષ્ટ્રીભક્તિ વિગેરે સર્વ ઈષ્ટપ્રયોગો પણ સિદ્ધ થઈ જાય છે.

**સમાધાનકાર :-** છતાં પણ पञ्चभिः क्रोष्ट्रीभिः क्रीतः વિગ્રહાનુસાર જ્યારે इकण् પ્રત્યય લાગી पञ्चक्रोष्टु + ङी + इकण् અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે 'अनाम्यद्वि० ६.४.१४१' સૂત્રથી इकण् પ્રત્યયનો લોપ (પ્લુપ્) થતા તેમજ 'ङ्यादेर्गौणस्या० २.४.९५' સૂત્રથી ङी પ્રત્યયનો લોપ થતા तृच् આદેશના નિમિત્તભૂત ङी પ્રત્યય તો લોપાઈ ગયો. તો હવે તમે पञ्चक्रोष्टु ના तुन् નો तृच् આદેશ કરી पञ्चक्रोष्ट्रभिः रथैः પ્રયોગ શી રીતે સિદ્ધ કરશો ? આમ સર્વ ઈષ્ટપ્રયોગો સિદ્ધ ન થઈ શકતા હોવાથી સૂત્રમાં ઈ (ङी) પ્રત્યયને નિમિત્ત રૂપે ન દર્શાવવો જોઈએ.

**શંકાકાર :-** ભલા, ङी પ્રત્યય લોપાઈ ગયો એમાં શું મોટું થઈ ગયું ? ***'प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते'*** ન્યાયથી તેનો સ્થાનિવદ્ભાવ માની લેવાશે. તેથી નિમિત્તની વિદ્યમાનતામાં पञ्चक्रोष्टु ના तुन् નો तृच् આદેશ થઈ શકવાથી पञ्चक्रोष्ट्रभिः रथैः પ્રયોગ સિદ્ધ ન થવાની આપત્તિ જ ઊભી નથી રહેતી.

**સમાધાનકાર :-** તમને આટલી પણ ખબર નથી કે ***'प्रत्ययलोपेऽपि०'*** ન્યાય જ્યાં લુપ્ થયો હોય ત્યાં પ્રવર્તે છે, लुक् સ્થળે નહીં. लुक् સ્થળે તો 'स्थानीवा० ७.४.१०९' પરિભાષાથી સ્થાનિવદ્ભાવ મનાય છે. તો 'ङ्यादेर्गौणस्या० २.४.९५' સૂત્રથી ङी પ્રત્યયનો लुक् થયો છે लुप् નહીં અને 'स्थानीवा० ७.४.१०९' પરિભાષાથી પણ પ્રસ્તુતમાં ङी નો સ્થાનિવદ્ભાવ માની કામ થઈ શકશે નહીં, કેમકે અહીં પાંચ પ્રકારની વર્ણવિધિ પૈકીની 'વર્ણથી પૂર્વમાં રહેલાને વિધિ' રૂપ વર્ણવિધિ હોવાથી અર્થાત્ ઈ (ङी) વર્ણથી પૂર્વમાં રહેલા पञ्चक्रोष्टु ના तुन् નો तृच् આદેશ કરવા રૂપ વર્ણવિધિ હોવાથી ङी પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ માની पञ्चक्रोष्ट्रभिः रथैः પ્રયોગ સાધી શકાશે નહીં. માટે ઈ (ङी) પ્રત્યયને નિમિત્ત રૂપે દર્શાવવો યુક્ત નથી.

**શંકાકાર :-** એક કામ કરીએ, इकण् પ્રત્યયના લોપ થયા બાદની पञ्चक्रोष्टु + ङी અવસ્થામાં આપણે પૂર્વે

'ङ्यादेर्गौणस्या० २.४.९५' સૂત્રથી પરવ્યવસ્થિત હોવાથી બહિરંગ ગણાતા ङी પ્રત્યયનો લોપ ન કરતા ङी ના નિમિત્તે પञ्चक्रोष्टु ના પૂર્વવ્યવસ્થિત હોવાથી અંતરંગ ગણાતા तुन् નો तृच् આદેશ કરી દઈએ, પછી ભલેને ङी પ્રત્યય લોપાઈ જાય, છતાં पञ्चक्रोष्टृभिः रथैः પ્રયોગ સિદ્ધ થઈ જશે. માટે ई (ङी) પ્રત્યયને નિમિત્ત રૂપે દર્શાવવો યુક્ત છે.

**સમાધાનકાર :-** તમે તમારૂં પૂંછડું છોડો એમ નથી. મૂળ તમે ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયને આશ્રયીને પૂર્વે અંતરંગ तुन् નો तृच् આદેશ કરવાની વાત કરો છો. પણ તમને ખબર નથી કે ઉપરોક્ત ન્યાયનો બાધક ***'अन्तरङ्गानपि विधिन् बहिरङ्गो लुब्बाधते'*** આવો ન્યાય પણ વર્તે છે. અહીં ન્યાયમાં રહેલો लुप् શબ્દ लुक्નું પણ ઉપલક્ષણ છે. પ્રસ્તુતમાં पञ्चक्रोष्टु + ङी અવસ્થામાં पञ्चक्रोष्टु ના तुन् નો तृच् આદેશ કરવા રૂપ અંતરંગ કાર્યનો 'ङ्यादेर्गौणस्या० २.४.९५' સૂત્રપ્રાપ્ત ङी પ્રત્યયના લોપાત્મક બહિરંગ કાર્ય દ્વારા બાધ થવાથી અર્થાત્ ङी પ્રત્યયનો લોપ પૂર્વે થવાથી નિમિત્તની ગેરહાજરીમાં पञ्चक्रोष्टु ના तुन् નો तृच् આદેશ કરવો શક્ય ન બને. તેથી पञ्चक्रोष्टृभिः रथैः પ્રયોગ સિદ્ધ ન થઈ શકતો હોવાથી આ સૂત્ર નિર્નિમિત્ત દર્શાવવું જ વ્યાજબી ગણાય.

વળી બીજી રીતે કહીએ તો पञ्चक्रोष्टु + ङी + इकण् અવસ્થામાં 'जातिश्च णि० ३.२.५१' સૂત્રથી પુંવદ્ભાવ થવાથી पञ्चक्रोष्टु ને લાગેલો ङी પ્રત્યય નીકળી જાય અને તેથી નિમિત્ત ન રહેતા पञ्चक्रोष्टु ગત क्रोष्टु ના तुन् નો तृच् આદેશ ન થઈ શકે. અહીં એવી વાત ન કરવી કે ''અમે इकण् પ્રત્યયને લઈને પુંવદ્ભાવ થવા દ્વારા ङी પ્રત્યય નીકળી જાય તે પૂર્વે જ तुन् નો तृच् આદેશ કરી લઈશું'' કેમકે જો આ રીતે ङी ના નિમિત્તે तृच् આદેશ કરી લો તો પણ આગળ જતા પુંવદ્ભાવ થવા દ્વારા જ્યારે ङी નિમિત્તની નિવૃત્તિ થાય ત્યારે ***'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः'*** ન્યાય દ્વારા ङी ના નિમિત્તે થયેલા तुन् ના तृच् આદેશનું પણ નિવર્તન થઈ જ જાય. માટે કોઈપણ હીસાબે पञ्चक्रोष्टृभिः रथैः પ્રયોગ સિદ્ધ ન થઈ શકતો હોવાના કારણે સૂત્રમાં ई (ङी) પ્રત્યયને નિમિત્ત રૂપે દર્શાવવો યુક્ત નથી.

**શંકાકાર :-** ચલો કબુલ, હવે અમે ई (ङी) પ્રત્યયને નિમિત્ત રૂપે દર્શાવવાનો આગ્રહ નહીં રાખીએ. છતાં પણ જો આ સૂત્રને નિર્નિમિત્ત બતાવવામાં આવે તો પણ આપત્તિ ઊભી જ રહે છે તે આ પ્રમાણે - पञ्चक्रोष्टु + ङी + इकण् અવસ્થામાં જ્યારે 'जातिश्च णि० ३.२.५१' સૂત્રથી पञ्चक्रोष्टु ને પુંવદ્ભાવ થાય ત્યારે તે સ્ત્રીલિંગ ન ગણાય અને તેથી સ્ત્રીલિંગમાં વર્તતા क्रोष्टु નામની અપેક્ષા રાખતા આ સૂત્રથી पञ्चक्रोष्टु ગત क्रोष्टु ના तुन् નો तृच् આદેશ ન થઈ શકે. તેથી તમારે પણ હવે કોઈ નવો રસ્તો કાઢવાનો ઉભો રહેશે.

**સમાધાનકાર :-** ના, અમારો રસ્તો તો નિષ્કંટક છે. જુઓ એક વાત યાદ રાખવી કે 'प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५' પરિભાષા અનુસારે इकण् પ્રત્યય જેને લાગ્યો હોય તેને જ તે પોતાના નિમિત્તે કાર્ય કરી શકે, અન્યને નહીં. પ્રસ્તુતમાં 'मूल्यैः क्रीते ६.४.१५०' સૂત્રથી इकण् પ્રત્યય पञ्चक्रोष्टु નામને લાગ્યો છે. પણ क्रोष्टु નામને ન લાગ્યો હોવાથી इकण् પ્રત્યય पञ्चक्रोष्टु આ સામાસિક નામને પોતાના નિમિત્તે કાર્ય કરી શકે. પરંતુ કેવળ

તદ્‌ગત ક્રોષ્ટુ ને નહીં. તેથી ઇકણ્ પ્રત્યય 'जातिश्च णि० ३.२.५१' સૂત્રથી પુંવદ્‌ભાવ કરાવવા દ્વારા આ સૂત્રથી થયેલા કેવળ ક્રોષ્ટુ ના તુન્ ના તૃચ્ આદેશને બાધા પહોંચાડી શકે નહીં.

અથવા બીજી રીતે કહીએ તો પચ્ચક્રોષ્ટૃ + ङी + ઇકણ્ અવસ્થામાં 'जातिश्च णि० ३.२.५१' સૂત્રથી ઇકણ્ ના નિમિત્તે પુંવદ્‌ભાવ કરી પચ્ચક્રોષ્ટૃ ના નિર્નિમિત્તે થયેલા તૃચ્ આદેશનું નિવર્તન કરવા રૂપ પૂર્વવ્યવસ્થિત અંતરંગ કાર્ય કરતા પહેલા ***'अन्तरङ्गानपि विधिन् बहिरङ्गो लुब्बाधते'*** ન્યાયાનુસારે 'अनाम्न्यद्विः० ६.१.१४१' સૂત્રથી પ્રાપ્ત થતું પરવ્યવસ્થિત હોવાથી બહિરંગ ગણાતું ઇકણ્ પ્રત્યયનું લોપાત્મક કાર્ય પૂર્વે થાય. તેથી ઇકણ્ પ્રત્યય ૐ વિદ્યમાન ન રહેતા પછી તો શેનો તેના નિમિત્તે પચ્ચક્રોષ્ટૃ ને પુંવદ્‌ભાવ થાય અને તૃચ્ આદેશનું નિવર્તન થાય ? અર્થાત્ ન થાય.

**શંકાકાર :-** તમારી પહેલી રીત તો બરાબર સમજાઇ ગઇ, પરંતુ બીજી રીત પ્રમાણે તમે કાંઇ આપત્તિમાંથી બચી શકો તેમ નથી. કેમકે તમે ઉપર બતાવ્યું તે પ્રમાણે ઇકણ્ પ્રત્યયનો 'अनाम्न्यद्विः० ६.१.१४१' સૂત્રથી પૂર્વે લોપ થઇ જાય તો પણ તે પ્લુપ્ આદેશાત્મક થાય છે અને પ્લુપ્ પરમાં હોય તો 'क्यङ्-मानि-पित्तद्धिते ३.२.५०' સૂત્રથી પચ્ચક્રોષ્ટૃ ને પુંવદ્‌ભાવની પ્રાપ્તિ તો ઉભી ૐ રહે છે. આમ પચ્ચક્રોષ્ટૃ ને પુંવદ્‌ભાવ થવા દ્વારા આ સૂત્રમાં અપેક્ષાતિ સ્ત્રીત્વની નિવૃત્તિ થવાથી તૃચ્ આદેશ પણ નિવર્તન પામશે અને તેથી पच्चक्रोष्ट्रभिः रथैः પ્રયોગ સિધ્ધ નહીં થઇ શકે. માટે તમારે નવો કોઇ રસ્તો કાઢવાનો ઊભો ૐ રહે છે.

**સમાધાનકાર :-** તમારી વાત સાચી છે, પરંતુ અમે આ સૂત્રમાં કોઇ પણ નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના ૐ તૃચ્ આદેશનું વિધાન કર્યું છે તેના બળે ૐ 'क्यङ्-मानि० ३.२.५०' સૂત્રપ્રાપ્ત પુંવદ્‌ભાવનો બાધ થઇ ૐશે. કેમકે જો આ રીતે નિર્નિમિત્તક તૃચ્ આદેશના વિધાનસામર્થ્યથી પુંવદ્‌ભાવનો બાધ થવા દ્વારા તૃચ્ આદેશનું નિવર્તન અટકવાનું ન હોય તો પછી તો આ સૂત્રને નિર્નિમિત્તક બતાવીને શું ફાયદો થાય ? અર્થાત્ આ સૂત્રમાં ङी પ્રત્યયને નિમિત્ત રૂપે દર્શાવીએ તો પણ ઉપર બતાવ્યું તે પ્રમાણે તૃચ્ આદેશ બાધિત થાય છે અને નિર્નિમિત્ત દર્શાવીએ તો પણ તૃચ્ આદેશ બાધા પામે છે. તેથી આ સૂત્રને સનિમિત્ત દર્શાવો કે નિર્નિમિત્ત દર્શાવો બધું સરખું ૐ થયું ગણાય. તો આ કેટલું વ્યાૐબી ગણાય ? તેથી આ સૂત્રમાં નિર્નિમિત્ત ક્રોષ્ટુ ના તુન્ ના તૃચ્ આદેશનું વિધાન કર્યું છે તેના બળે ૐ 'क्यङ्-मानि० ३.२.५०' સૂત્રપ્રાપ્ત પુંવદ્‌ભાવનો બાધ થઇ ૐશે અને તેથી પચ્ચક્રોષ્ટૃ સ્થળે તૃચ્ આદેશ સલામત રહેતા पच्चक्रोष्ट्रभिः रथैः પ્રયોગ પણ સિધ્ધ થઇ ૐશે. આમ હવે નવો કોઇ રસ્તો કાઢવાનો રહેતો નથી અને કોઇ આપત્તિ પણ ઊભી રહેતી નથી.

(2) <u>દૃષ્ટાંત</u> -

**(i) क्रोष्ट्री** – * क्रोष्टु, * 'स्त्रियाम् १.४.९३' → क्रोष्टृ, * 'अधातूदृदितः २.४.२' → क्रोष्टृ + ङी, * 'इवर्णादे० १.२.२१' → क्रोष्ट्र् + ङी = क्रोष्ट्री + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → क्रोष्ट्री।

આ સૂત્રમાં કોઈપણ નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના ક્રુશ્ થી પરમાં રહેલા તુન્ ના તૃચ્ આદેશનું વિધાન હોવાથી સિ વિગેરે પ્રત્યયો લાગતા પૂર્વે જ ક્રોષ્ટૃ શબ્દ નિષ્પન્ન થઈ ગયો અને હવે તે ઋ કારાન્ત બની જવાથી 'अधातूदृ० २.४.२' સૂત્રથી તેને સ્ત્રીલિંગનો ङी પ્રત્યય પણ લાગી શક્યો.

આગળની સાધનિકાઓમાં ક્રોષ્ટ્રી શબ્દ સુધીની સાધનિકા ઉપર પ્રમાણે સમજી લેવી.

| | (ii) क्रोष्ट्र्यौ | (iii) क्रोष्ट्र्यः | (iv) क्रोष्ट्रीम् | (v) क्रोष्ट्र्या |
|---|---|---|---|---|
| | क्रोष्ट्री + औ | क्रोष्ट्री + जस् | क्रोष्ट्री + अम् | क्रोष्ट्री + टा |
***ल.न्यास*–इन् ङीत्यादि। अघुट्स्वरादाविति**-ङीसाहचर्याद् अघुटीति विशेषणं ज्ञेयम्, तर्हि स्यादिमन्तरेणापि प्राप्नोतीति न वाच्यम्, स्याद्यधिकाराश्रयणात्, ङीग्रहणस्य वैयर्थ्यप्रसङ्गाच्च, निमित्तविशेषानुपादाने घुटीत्यधिकारस्य निर्णीतत्वात् 'स्वरे' इति निमित्तविशेषोपादानाद् घुटि च पथ्यादीनामिनो विशेषविधिविषयत्वादघुट्स्वरे इत्यवसीयते। **सुपथी स्त्री कुले वे**ति-व्युत्पत्तिपक्षे सुभ्वादित्वात्, उणादीनामव्युत्पन्नानि नामानीति पक्षाश्रयणाद् इन्नन्तत्वाभावादिनः कच् न भवति, समासान्तविधेरनित्यत्वाद् "ऋक्पूः०" (७.३.७६) इत्यपि न, नान्तत्वात् "स्त्रियां नृतो०" (२.४.१) इति ङीः ।।७९।।

## *वोशनसो नश्चामन्त्र्ये सौ ।१।४।८०।।*

***बृ०न्यास*–वोशनस** इत्यादि। नकारादादेशात् श्रुतश्चकारोऽन्यस्यासम्भवात् पूर्वसूत्रोपात्तं लुग्लक्षणमादेशान्तरं समुच्चिनोतीत्याह-**नकार** इत्यादि। वष्टेः "वष्टेः कनस्" (उणा० ९८५) इति कनसि "वशेरयङि" (४.१.८३) इति व्यृति उशनस्, तत्रामन्त्र्ये सावनेनान्तस्य नकार-लोपयोः कृतयोः "दीर्घङ्याब्०" (१.४.४५) इति "अदेतः स्यमोर्लुक्" (१.४.४२) इति सेर्लोपे तद्विमुक्तपक्षे च सिलोपरुत्वादौ रूपत्रयम् ।।८०।।

***ल.न्यास*–वोशनस** इत्यादि। यदा ❊सर्वविधिभ्यो लोपः❊ इति न्याय आश्रीयते तदा सेः स्थानिवद्भावेन कार्यम् ।।८०।।

## *उतोऽनडुच्चतुरो वः ।१।४।८१।।*

***बृ०न्यास*–उत** इत्यादि-यद्यपि निमित्तविशेषानुपादाने घुटीत्यधिक्रियते तथाप्युत्तरत्र विशेषग्रहणादामन्त्र्यसिरेवात्रानुवर्तते। सूत्रे सस्वरस्य निर्देशाद् उत्तरत्र वादेशस्य सस्वरस्य विधानात् तत्प्रस्तावात् सस्वर एव भवति। **(हे प्रियानड्वन्!)** प्रिया अनड्वाहो यस्येति, एकत्वे कच्प्रसङ्गाद् बहुत्वेन विग्रहः। **(हे अतिचत्वः!)** चतुःशब्दार्थप्राधान्येनैकामन्त्रणासम्भवे चतुःशब्द उपसर्जनसमास एवोदाहियते। बहुव्रीहौ चतुःशब्दः प्रियशब्दादेवोत्तरः सम्भवति "प्रियः" (३.१.१५७) इति पूर्वनिपातारम्भात्, अन्यत्र तु "विशेषण-सर्वादि-संख्यं०" (३.१.१५०) इति चतुःशब्दस्यैव पूर्वनिपातः संभवतीत्युदाहरति-**हे प्रियचत्वः!** इति। सत्यपि ❊नामग्रहणे लिङ्गविशिष्टस्य०❊ इति 'हे अनडुहि!' इत्यत्र गौरादिनिपातनाद् वत्वाभावः, एवमुत्तरत्रापि ।।८१।।

***ल.न्यास*–उतोऽनडुच्चे**त्यादि-उत्तरत्र शेषग्रहणादामन्त्र्यसिरेवानुवर्तते, न तु विशेषनिमित्तानुपादानाद् घुटीति। सत्यपि ❊नामग्रहणे लिङ्गविशिष्टस्य०❊ इति 'हे अनडुहि!' इत्यत्र गौरादिनिपातनाद् वत्वाभावः, एवमुत्तरत्रापि। चतुःशब्दस्यार्थप्राधान्येन एकामन्त्रणासम्भवे समासे उपसर्जनीभूत एवोदाहियते ।।८१।।

## *वाः शेषे ।१।४।८२।।*

***बृ०न्यास*–वाः शेष** इति। उपयुक्तादन्यः शेष उच्यते, उपयुक्तश्च पूर्वसूत्रे आमन्त्र्यसिरेवात आह-**आमन्त्र्यविहिते**त्यादि।।८२।।

***ल.न्यास*–वाः शेष** इति। **इह शेष** इति-अत्र सूत्रे शेषस्य घुट आघ्रातत्वाद् एतत्सूत्रमुक्तः प्राक्तनसूत्रविषय इति भावः।।८२।।

## *सख्युरितोऽशावैत् ।१।४।८३।।*

***बृ०न्यास*–सख्युरि**त्यादि। इत इति सख्युरित्यस्य स्थानित्वेन विशेषणमित्याह-**सखिशब्दस्ये**त्यादि। "षन भक्तौ" अतः "सनेर्डखिः" (उणा० ६२५) इति डखिप्रत्ययेऽन्त्यस्वरादिलोपे सखि, ततः प्रथमाद्विवचनादौ घुटि अनेनैकारे आयादेशे च **सखायौ** इत्यादि। प्रथमैकवचने "ऋदुशनस्पुरुदंशो०" (१.४.८४) इति विशेषेण डादेशविधानान्नोदाहृतम्। **सख्यौ** इति-सखिशब्दस्य "नारी-

सखी-पङ्गू-श्वश्रू" (२.४.७६) इति निपातनात् सखी, ततो द्विवचनम्। सत्यपि नामग्रहणे ⁂लिङ्गविशिष्टस्य०⁂ इति ⁂एकदेशविकृतस्यानन्यवत्त्वे⁂ अपीति च इत इति वचनान्न भवति, अनयोश्च न्याययोरस्तित्वे इदमेवेद्ग्रहणं ज्ञापकमित्याह-**इदमेवे**त्यादि। अथ शौ सति (⁂आदेशादागमः⁂ इति न्यायाद् ऐत्त्वात् प्रथममेव) नागमेन भवितव्यम्, ततश्च तेन व्यवधानादैकारो न भविष्यति, न च द्वयोरन्यत्र सावकाशत्वात् परत्वादैकारः स्यादिति वाच्यम्, कृतेऽप्यैकारे "क्लीबे" (२.४.९७) इति ह्रस्वत्वे पश्चाद् नागमे दीर्घत्वे च न कश्चिद् दोषः, नैतदस्ति ⁂असिद्धं बहिरङ्गमन्तरङ्गे⁂ इति घुड्निमित्तस्यैकारस्य बहिरङ्गत्वाद् ह्रस्वत्वे कर्तव्येऽसिद्धत्वात्। ननु भवत्वेवं तथापि कृताकृतप्रसङ्गित्वेन नित्यत्वात् पूर्वं नागम एव घुड्व्यवधायको भविष्यति, नैवम्-कृतेऽपि नागमे प्रकृतिभक्तत्वेनाव्यवधायकत्वादैकारोऽपि नित्य इति द्वयोर्नित्यत्वादैकार एव स्यादिति शिप्रतिषेधः ।।८३।।

---

***ल.न्यास*-सख्युरि**त्यादि। ननु प्रक्रियालाघवार्थं "सख्युरितोऽशावाय्" इति क्रियताम्, किमैत्करणेन? न-"अनेकवर्ण०" (७.४.१०७) इति सकलस्यापि स्यात्। न च ⁂निर्दिश्यमानानां०⁂ इति इत एवायमिति वाच्यम्, यतो विभक्तिसामान्येन सखिशब्दस्य विशेष्यत्वेन इकारस्य विशेषणत्वेन च निर्दिश्यमानत्वाभावात्। **अशावि**ति-अथ शौ सति ⁂आदेशादागमः⁂ इति न्यायाद् ऐत्वात् प्रथममेव नागमेन भाव्यम्, ततस्तेन व्यवधानादैकारो न भविष्यतीति, न च द्वयोरप्यन्यत्र सावकाशत्वादैकारः स्यादिति वाच्यम्, कृतेऽप्यैकारे "क्लीबे" (२.४.९७) इति ह्रस्वत्वे ततो नागमे दीर्घत्वे च न कश्चिद् दोषः, नैवम्-⁂असिद्धं बहिरङ्गम्०⁂ इति घुट्निमित्तस्यैकारस्य बहिरङ्गत्वाद् ह्रस्वत्वे कर्तव्येऽसिद्धत्वात्। ननु भवत्येवं तथापि कृताकृतप्रसङ्गित्वेन नित्यत्वात् पूर्वं नागम इति घुट्व्यवधायको भविष्यति, नैवम्-कृतेऽपि नागमे प्रकृतिभक्तत्वेनाव्यवधायकत्वाद् ऐकारोऽपि नित्य इति द्वयोर्नित्ययोः परत्वादैकार एव स्यादिति शिप्रतिषेधः। **अतिसखीनि** पूजितः सखा येषु कुलेषु, यद्वा सखिशब्दो नपुंसकोऽपि लक्ष्येषु दृश्यते ।।८३।।

---

## ऋदुशनस्-पुरुदंशोऽनेहसश्च सेर्डा ।१।४।८४।।

***बृ०न्यास*-ऋदुशनसि**त्यादि-समाहारद्वन्द्वात् पञ्चमी। ऋकारान्तस्य "अडौ च" (१.४.३९) इत्यरि प्राप्ते, त्रयाणां तु "दीर्घडयाब्०" (१.४.४५) इति सिलोपे "अभ्वादेरत्वसः सौ" (१.४.९०) इति ("सो रुः" २.१.७२ इति, "रः पदान्ते०" १.३.५३ इति च) दीर्घत्व-सत्व-विसृष्टेषु, सखिशब्दस्य त्वैत्वे प्राप्ते डारम्भः, डकारः "डित्यन्त्यस्वरादेः" (२.१.११४) इति विशेषणार्थः। पुरुं दशतीति "विहायस्सुमनस्पुरुदंशस्०" (उणा० ९७६) इत्यसि **पुरुदंशा**। नञ्पूर्वादीहेः "नञ ईहेरेहेधौ च" (उणा० ९७५) इत्यसि एहादेशे च **अनेहा** ।।८४।।

---

***ल.न्यास*-ऋदुशनसि**त्यादि-ऋकारान्तस्य "अडौ च" (१.४.३९) इत्यरि त्रयाणां "दीर्घडयाब्०" (१.४.४५) इति सिलोपे "**अभ्वादे**०" (१.४.९०) इति दीर्घत्वे "सो रुः" (२.१.७२) इति रुत्वे च, सखिशब्दस्य तु ऐत्वे प्राप्ते डाऽऽरम्भः। **हे अनेहः!** इत्यत्र "न सौन्धेः" (१.३.५२) इति सन्धिनिषेधः ।।८४।।

---

## नि दीर्घः ।१।४।८५।।

***बृ०न्यास*-नि दीर्घ** इत्यादि। घुटीति नीत्यस्याऽऽधारस्याऽऽधार इत्याह-**घुटि परे यो नकारस्तस्मिन्नि**ति। **स्वरस्ये**ति-अयमभिप्रायः-"एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः" (१.१.५) इति 'स्वराः' इत्यनेन संहितायां षष्ठ्यर्थे प्रथमाव्याख्यानात् ⁂ह्रस्व-दीर्घ-प्लुताः स्वराणां स्थाने भवन्ति⁂ इति परिभाषाविज्ञानात् "अवर्ण-कवर्ग-ह-विसर्गाः कण्ठ्याः" इति 'स्रुघ्नः' इत्यत्र सत्यपि घकारस्य कण्ठ्यत्वे दीर्घो न भवति। स्रुचूपूर्वाद्धन्तेः "अचित्ते टक्" (५.१.८३) इति टकि "गम हन-जन०" (४.२.४४) इत्यकारलोपे "हनो ह्रो घ्नः" (२.१.११२) इति घ्नादेशे स्रुघ्नः, तमाचष्टे "णिज् बहुलं०" (३.४.४२) इति णिच् ।।८५।।

***ल.न्यास*–नि दीर्घ** इति। **राजे**ति-स्यादिविधौ कर्तव्ये नलोपस्यासत्त्वात् प्रथमं लुक् न। **सुग्नयते: क्विबि**ति-सुचो हन्ति "अचित्ते टक्" (५.१.८३) अधिकरणे तु "स्यादिभ्य: क:" (५.३.८२) "गम-हन०" (४.२.४४) इत्यलुक्, "हनो ह्नो घ्र:" (२.१.११२) दीर्घविधित्वाद् णे: स्थानिवद्भावो न भवति, सौ "नाम्नो नोऽनह्न:" (२.१.९१) इति नलोप:, तत: "पदस्य" (२.१.८९) इति घलोप: ।।८५।।

## न्स्-महतो: ।१।४।८६।।

***बृ०न्यास*–न्स्-महतो**रिति। 'न्स्' इत्यत्र स्वरस्यासम्भवात्, घुटा प्रत्ययेन स्यादित्वादाक्षिप्तं नाम विशिष्यते, विशेषणे च तदन्तविधि:, महच्छब्दस्य च स्वरोऽस्त्येव न तत्र विशेषणात् तदन्तविधिरित्याह–**न्सन्तस्ये**त्यादि। "मह पूजायाम्" अत: "द्रुहि-वृहि-महि-वृषिभ्य: कतृ:" (उणा० ८८४) इति कतृप्रत्यये महत्, महच्छब्दस्तावन्नामत्वं न व्यभिचरति, तत्संनियोगनिर्दिष्टस्य न्सन्तस्यापि नामत्वाव्यभिचारेणैव ग्रहणम् ।।८६।।

***ल.न्यास*–न्स्-महतो**रिति-अत्र औणादिको "द्रुहिवृहि०" (उणा० ८८४) इत्यनेन कतृप्रत्ययान्तो व्युत्पन्नोऽव्युत्पन्नो वा महच्छब्दो ग्राह्य:, यस्तु शत्रन्तस्तस्य महन्नित्येव, न त्वनेन दीर्घ:, ※लक्षण-प्रतिपदोक्तयो:०※ इति न्यायात्, यत: शतृप्रत्ययान्तं महदिति रूपं लाक्षणिकं कतृप्रत्ययान्तं तु प्रतिपदोक्तम्, एतच्च **वत्स-ऋषभा**वूचतु:। **सर्पीषी**ति-अत्र "न्स्-महत:" (१.४.८६) इत्यनेन दीर्घलक्षणे स्यादिविधौ विधातव्ये 'ण-षमसत् परे०" (२.१.६०) इत्यनेन षत्वमसत्। **महत्साहचर्या**दिति-'महत्' इति शुद्धो धातु: क्विबन्तो न सम्भवति, तत्साहचर्यादन्यस्यापि शुद्धधातो: क्विबन्तस्य न भवति, नामधातुस्तु महदपि क्विबन्त: संभवति, अतोऽन्यस्यापि नामधातो: क्विबन्तस्य भवति, महच्छब्दस्तावन्नामत्वं न व्यभिचरति, तत्संनियोगनिर्दिष्टस्य न्सन्तस्यापि नामत्वाव्यभिचारिण एव ग्रहणम्। **महती कुले** इति–श्रेयस: पश्य, श्रेयसी कुले इति तु न दर्श्यते, न्सन्तत्वाभावेन द्व्यङ्गविकलत्वात् ।।८६।।

## इन्-हन्-पूषा-ऽर्यम्ण: शि-स्यो: ।१।४।८७।।

***बृ०न्यास*–इन्-हनि**त्यादि। "दमूच् उपशमे" अत: "पञ्चमाङ्ड:" (उणा० १६८) इति डे दण्ड:, सोऽस्त्येषामिति 'अतोऽनेकस्वरात्" (७.२.६) इतीनि जस: शसो वा शावनेन दीर्घत्वे **दण्डीनि।** "सृजंत् विसर्गे" सृज्यत इति "क्रुत्सम्पदादिभ्य:" (५.३.११४) इति क्विप्, "ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज्०" (२.१.६९) इत्यादिज्ञापकनिपातनाद् रत्वे स्रज्, साऽस्ति येषामिति 'अस्तपो-माया-मेधा-स्रजो विन्" (७.२.४७) इति विनि पूर्ववज्जसादौ **स्रग्वीणि। वाग्मीनी**ति प्रशस्ता वागेषामस्तीति "ग्मिन्" (७.२.२५) इति ग्मिनि। इन: प्रत्ययत्वेन केवलस्यासम्भवात् तदन्तस्य ग्रहणमित्याह–**इनन्तस्ये**ति। हन्निति हन्ते: क्विबन्तस्येदं ग्रहणम्, न च हन्ते: केवलस्य क्विब् दृश्यत इति तदन्तमुदाहरति–**भ्रूणहानि,** इत्यादि। भ्रूणपूर्वाद्धन्ते: "ब्रह्म-भ्रूण-वृत्रात् क्विप्" (५.१.१६१) इति क्विपि पूर्ववज्जसादौ **भ्रूणहानि**। बहवो भ्रूणहनो येषु कुलेषु इति बहुव्रीहौ **बहुभ्रूणहानि।** पूषाऽर्यम्णो: स्वप्रधानायां वृत्तौ शेरसम्भवात् तावुपसर्जनसमस्तावुदाहरति–**बहुपूषाणि,** इत्यादि। नन्विन्नादीनां नान्तत्वात् शि-स्योर्घुट्त्वात्, "नि दीर्घ:" (१.४.८५) इत्यनेनैव दीर्घ: सिध्यति, किमनेनेति? उच्यते–※सिद्धे सत्यारम्भो नियमाय※ इति नियमार्थत्वादित्याह–**नियमार्थं वचनमि**ति। नियमश्चेह द्विधा सम्भवति-इन्-हन्-पूषा-ऽर्यम्णां शि-स्योरेव, इन्-हन्-पूषा-ऽर्यम्णामेव शि-स्योरिति, तत्र पाश्चात्ये नियमे शि-स्यो-रिन्नादिभ्योऽन्येषां दीर्घनिवृत्तिरिन्नादीनां पुन: सर्वत्र दीर्घप्रवृत्तिरिति "नि वा" (१.४.८९) "अभ्वादेरत्वस: सौ" (१.४.९०) इति चेन्नादिभ्योऽन्यस्य शि-स्योर्दीर्घारम्भोऽनर्थक: स्यात् तस्मात् पूर्वक एव नियम इत्याह–**एषामि**ति। यद्येषां शिस्योरेव दीर्घ इति नियमसामर्थ्यादेव दीर्घो न भविष्यति (तर्हि) किम् "अहन्पञ्चमस्य०" (४.१.१०७) इत्यत्र हन्वर्जनेन? न च घुट्प्रकरणत्वात् घुट्यैव दीर्घस्य नियमेन निवृत्त्या भाव्यं नान्यत्रेति 'वृत्रहणि' इति सप्तम्येकवचने "ई-ङौ वा" (२.१.१०९) इत्यलोपाभावपक्षे "अहन्पञ्चमस्य क्ङि-क्ङिति" (४.१.१०७) इति दीर्घप्रसङ्ग इति वाच्यम्, योगविभागात्, 'इन्-हन्-पूषा-ऽर्यम्ण:' इत्येको योग:, **'शि-स्यो:'**

इति द्वितीयः, तत्र पूर्वेण योगेन घुटीत्यनुवर्तनाद् इन्नादीनां "नि दीर्घः" (१.४.८५) इति "अहन्पञ्चमस्य क्ति-क्तिङति" (४.१.१०७) इति च दीर्घत्वं प्राप्तम्, घुट्येव दीर्घो भवतीति नियमात् 'वृत्रहणि' इत्यादौ सप्तम्यां दीर्घो निवर्तते, द्वितीयेन तु 'वृत्रहणौ' इत्यादौ घुट्लक्षणः। एकयोगेऽप्यदोषः–अनाश्रितघुट्विशेषणप्रत्ययत्वमात्रसमाश्रयेण शि-स्योर्नियमकरणात्। यद्येवं वृत्रहेवाऽऽचरति वृत्रहायते, दण्डीभूत इति "दीर्घ-श्विव-यङ्-यक्-क्येषु च" (४.३.१०८) इति दीर्घत्वं न प्राप्नोति, नैवम्-प्रकरणादुपान्त्यस्यैव दीर्घस्य व्यावृत्तिर्न स्वरान्तलक्षणस्य। किञ्च, एकस्मिन्नपि योगे घुट्निवृत्तावपि न दोषः, यतो द्विविधो घुट् शिः, स्यमौजसश्च, तत्र शिर्नपुंसकस्य, अन्ये तु स्त्रीपुंसयोरिति, तत्र तुल्यजातीयापेक्षे नियमे समाश्रीयमाणे व्यवच्छेद्याभावादनर्थक एव नियमः स्यादिति नियमविधानसामर्थ्यात् सर्वस्य दीर्घस्य नियमेन व्यावृत्तिरिति, यदाह-***श्रीकय्यटः***-यदि तुल्यजातीयापेक्षो नियम आश्रीयते तदा शेर्नपुंसकलिङ्गसम्बन्धित्वं घुट्त्वं चास्तीति तदाश्रये नियमे विज्ञायमानेऽयमर्थः स्यात्-'इन्नादीनां नपुंसकानां शावेव घुटि दीर्घो भवति, न घुडन्तरे' न च तेषां नपुंसकानामन्यो घुडस्तीति नियमविधानसामर्थ्यात् प्रकरणापन्नं घुट्त्वं, सामर्थ्यप्रापितसन्निधानं च नपुंसकत्वमुभयमप्यविशेषादनपेक्ष्य प्रत्ययमात्रे स्त्री-पुं-नपुंसकसम्बन्धिनी दीर्घत्वव्यावृत्तिः क्रियत इति सर्वमिष्टं सिद्धमिति। "अहन्पञ्चमस्य०" (४.१.१०७) इत्यत्राहन्-ग्रहणं न्यायानुवादकमिति। **अर्थवदि**ति-"ष्ल्रिहि गतौ" अतः "श्वन्-मातरिश्वन्-मूर्धन्-ष्ल्रीहन्०" (उणा०९०२) इत्यनि निपातनाद् दीर्घत्वे ष्ल्रीहन्, अत्र हनोऽर्थवतो ग्रहणात् तेनैव तदन्तविधित्वे, अस्यैव च प्रत्ययान्तरे नियमेन दीर्घत्वव्यावृत्तेः ष्ल्रीहन्नित्येकदेशस्या-नर्थकस्य ग्रहणाभावे नियमाभावात् दीर्घत्वव्यावृत्त्यभाव इत्यर्थः। ननु भवत्वत्र प्रकरणे तदन्तविधिस्तथापीन्निति प्रत्ययग्रहणं भवतीति 'दण्डीनि' इत्यत्रैव दीर्घत्वेन भवितव्यम् ; न तु बहवो दण्डिन एषामिति 'बहुदण्डीनि' इत्यत्र, नैतदस्ति-यत्र हि प्रत्ययस्यैव ग्रहणं तत्रायं न्याय उपतिष्ठते, न चेदं प्रत्ययस्यैव ग्रहणम्, अन्यथा "वाग्मी" इत्यत्रापि दीर्घत्वाभावः स्यात्। ननु मा भूत् तत्रापि दीर्घत्वं का नो हानिरित्याह–**अनिनस्मन्नि**त्यादि ।।८७।।

---

***ल.न्यास***–**इन्-हनि**त्यादि। **भ्रूणहानी**ति-हन्निति हन्तेः क्विबन्तस्येदं ग्रहणम्, न च हन्तेः केवलस्य क्विप् दृश्यते इति तदन्तमुदाहरति। **बहुपूषाणी**ति-पूषार्यम्णः स्वप्रधानायां वृत्तौ शेरसंभवात् तौ समासे उपसर्जनभूतावुदाहरति-**एषां शि-स्योरेवे**ति-एषामेव शि-स्योरिति विपरीत-नियमस्तु न भवति "वंश्य-ज्याय०" (६.१.३) इत्यत्र युवेति "पराणि काना०" (३.३.२०) इत्यत्र तु पराणीति निर्देशात्। **वृत्रहणावि**ति-संज्ञायां 'पूर्वपदस्था०" (२.३.६४) इत्यनेन, असंज्ञायां तु "कवर्गैकस्वरवति" (२.३.७६) इति णत्वम्। **तदन्तविधिमि**ति-ननु ⁎अनिनस्मन्०⁎ इत्यत्रातोरनिर्देशात् अनर्थकेन तदन्तविधेरप्रयोगात् ⁎अर्थवद्ग्रहण⁎ न्यायात् 'कियान्' इत्यत्रैव दीर्घः प्राप्नोति, न गोमानित्यादौ, सत्यम्-अतुरनर्थकोऽपि तदन्तविधिं प्रयोजयति, मत्वादीनामुकारानुबन्धकरणात्, अन्यथा तेषामपि शतृवद् ऋकारमेवानुबन्धं कुर्यात् ।।८७।।

---

## अपः ।१।४।८८।।

***बृ०न्यास***–**अप** इति। अप्शब्दस्य बह्वर्थवाचित्वाद् द्विवचनैकवचने न सम्भवत इति बहुवचने एवोदाहरणमुपन्यस्तम्। आप्नोतेः "आपः क्विप् ह्रस्वश्च" (उणा० ९३१) इति क्विपि अपादेशे च अप्, ततो जसि अनेन दीर्घत्वे **आपः**, एवम्-शोभना आपो यस्य यत्र वा तदन्तविधेरिष्टत्वात् सावनेन दीर्घत्वे **स्वाप्**, एवमन्यदपि। बह्व्य आपो येष्विति "पूजास्वतेः प्राक् टात्" (७.३.७२) इति समासान्तप्रतिषेधाभावात् "ऋक्पूःपथ्यपोऽत्" (७.३.७६) इति समासान्तेऽति तेन घुटो व्यवधानान्न भवतीत्याह–**बह्वपा** इत्यादि ।।८८।।

---

## नि वा ।१।४।८९।।

***बृ०न्यास***–**नि वे**ति। शोभना आपो येष्विति "पूजास्वतेः प्राक् टात्" (७.३.७२) इति समासान्तनिषेधाज्जसः शसो वा श्यादेशे "धुटां प्राक्" (१.४.६६) इति नागमेऽनेन पक्षे दीर्घत्वे **स्वाम्पि, स्वम्पि** ; एवम्–**अत्याम्पि, अत्यम्पि। समासान्तविधे**रिति-

"ऋक्पूःपथ्यपोऽत्" (७.३.७६) इत्यस्येत्यर्थः। ननु 'नि' इति विषयसप्तम्येव घटते, कथमुक्तम्-नागमे सतीति, यतः "धुटां प्राक्" (१.४.६६) इति नागमो विधीयते, स च नपुंसके, नपुंसकं चार्थः, अर्थे च शब्दानुशासनेऽस्मिन् कार्यासम्भवान्नपुंसकाभिधायी शब्दो नागमं विधातुमाश्रयणीयः, स च शब्दः प्रयोगानुगमनीय इति नागमो बहिरङ्गः, अयं तु दीर्घः साक्षादप्शब्दमुच्चार्य विधीयमानो यथोच्चारितस्यैव क्रियमाणोऽल्पाश्रयत्वादन्तरङ्ग इति पूर्वं प्रवर्तते, पश्चात् तु नागम इति, नैवम्-निग्रहणादेव पूर्वं नागम एव भवति, अन्यथा नागमं बाधित्वा पूर्वं दीर्घत्वे *सकृद्गतत्वात्* पश्चान्नागमो न स्यादिति निग्रहणमनर्थकं स्यात् ।।८९।।

## अभ्वादेरत्वसः सौ ।१।४।९०।।

***बृ०न्यास*—अभ्वादेरि**त्यादि। अत्वसोरवयवत्वात् समुदायविशेषणत्वात् "विशेषणमन्तः" (७.४.११३) इति तदन्तस्य ग्रहणमित्याह—**अत्वन्तस्ये**त्यादि। **(भवानि**त्यादि-) एतेषां सौ दीर्घत्वे नागमे "पदस्य" (२.१.८९) इत्यन्तलोपः। **(अप्सराः**, इत्यादि-) आप्नोतेः "आपोऽपाऽप्ता-ऽप्सरा-ऽब्जाश्च" (उणा० ९६४) इत्यसि अप्सरादेशे च अप्सरस्, "अगु गतौ" अस्य "विहायस्सुमनस्पुरुदंशस्पुरुरवोऽङ्गिरसः" (उणा० ९७६) इति निपातनादसि अङ्गिरस्, चन्दतेः "चन्दो रमस्" (उणा० ९८६) इति रमसि चन्द्रमस्, शृणातेः "मिथि-रञ्जयुषि०" (उणा० ९७१) इति कित्यसि ततः स्थूलशब्देन बहुव्रीहिः, मन्यतेरसि सुशब्देन बहुव्रीहिः, एतेषामसन्तत्वात् सौ दीर्घः। नन्वसोऽर्थवतो ग्रहणात् 'पिण्डग्रस्' इत्यादौ धात्वेकदेशस्यानर्थकत्वाद् दीर्घो न भविष्यति, किं भ्वादिवर्जनेनेत्याह—**अर्थवदि**त्यादि-खरपूर्वस्य नासिकाशब्दस्य "खर-खुरान्नासिकाया नस्" (७.३.१६०) इति नसादेशेऽनर्थकस्यापि तदन्तविधित्वेन दीर्घः सिद्ध इति। ननु *अनिनस्मन्* इत्यत्रातोरनिर्दिष्टत्वादनर्थकेन तदन्तविधेरप्रयोगाद् *अर्थवद्ग्रहणे नानर्थकस्य* इति न्यायात् 'कियान्' इत्यत्रैव दीर्घः प्राप्नोति, न 'गोमान्' इत्यादाविति, नैष दोषः-अतुरनर्थकोऽपि तदन्तविधिं प्रयोजयति, मत्वादीनामुकारानुबन्धसामर्थ्यात्, अन्यथा तेषामपि शतृवद् ऋकारमेवानुबन्धं कुर्यादिति। ननु तथापि *तदनुबन्धग्रहणेऽतदनुबन्धस्य ग्रहणं न* इति 'स एवाऽनुबन्धो यस्यासौ तदनुबन्धकः, स चान्यश्चानुबन्धो यस्य सोऽतदनुबन्धक इति' न्यायाद् यत्तदेतदो डावादेर्ग्रहणाप्रसङ्गः, क्तवतोरपि ककारानुबन्धसद्भावाद् ग्रहणाभावः, नैष दोषः-आनन्तर्यलक्षणेऽनुबन्धानुबन्धवतोः सम्बन्धे डावत्-क्तवत्-शब्दस्य डकार-ककारानुबन्धौ प्रत्ययस्य, न त्वतुशब्दस्य, अथवा डकार-ककारावनुबन्धौ प्रत्ययस्य, न तु तदेकदेशस्य, ततश्च प्रत्ययैकदेशग्रहणादव्यापार एव पूर्वोक्तन्यायस्येति। एवं तर्हि गोमन्तमिच्छतीति क्यनि, क्विपि, तदन्तस्य च धातुत्वाहानेः कथं दीर्घ इत्याह—**अधातोरि**त्यादि-अन्यथाऽभ्वादेरित्यपनीय अधातोरित्येव कुर्यात्, न च कृतम्, तस्माद् भ्वादिपठितानामेव वर्जनमित्यर्थः। अतु' इत्यत्र उकारानुबन्धस्य प्रयोजनमाह-**अतु** इत्यादि। पचतीति पचेः "शत्रानशावेष्यति०" (५.२.२०) इति शतरि "कर्तर्यनद्भ्यः शव्" (३.४.७१) इति शवि "लुगस्यादेत्यपदे" (२.१.११३) इत्यलोपे प्रथमैकवचने उदित्करणादत्र ऋदित्त्वाद् दीर्घाभावे नागमे "पदस्य" (२.१.८९) इत्यन्तलोपे **पचन्**, एवम्-**जरन्** इति-"जृषोऽतृः" (५.१.१७३) इत्यतृः ।।९०।।

***ल.न्यास*—अभ्वादेरि**त्यादि। **भवानि**ति-नोऽन्ते सत्यपि *आगमोऽनुपघातेन* इति न्यायाद् भवत्येव दीर्घः ।।९०।।

## क्रुशस्तुनस्तृच् पुंसि ।१।४।९१।।

***बृ०न्यास*—क्रुश** इत्यादि। क्रुश इति तुन इत्यस्य तृच्कार्यिणः पञ्चम्यन्तं विशेषणमित्याह-**क्रुश** इत्यादि। "क्रुशं आह्वान-रोदनयोः" अतः "कृसि-कम्यमि०" (उणा० ७७३) इति तुनि गुणे "यज-सृज-मृज०" (२.१.८७) इति षत्वे "**तवर्गस्य श्चवर्ग०**" (१.३.६०) इति टत्वे स्यादौ घुटि अनेन तुनस्तृजादेशे "ऋदुशनस्पुरुदंशो०" (१.४.८४) इति सेर्डादेशेऽन्यत्र "तृ-स्वसृ-नप्तृ" (१.४.३८) इत्यारादेशे **क्रोष्टा** इत्यादि। क्रोष्टारमतिक्रान्त इति तत्पुरुषः-**अतिक्रोष्टा। प्रियक्रोष्टा**-अथ चात्र बहुव्रीहौ तृजादेशे

सति ऋदन्तत्वात् "ऋन्नित्यदितः" (७.३.१७१) इति ऋल्लक्षणः समासान्तः कच् कस्मात्र भवतीत्याह-**बहुव्रीहावित्यादि**-बहुव्रीहाविति कच्प्राप्तिविषयस्य ऋल्लक्षण इति तत्प्रापकलक्षणस्य च स्पर्श इति, अयमर्थः-तृज्भावो हि समासाद् बाह्यं घुटमपेक्ष्य भवन् बहिरङ्ग-स्तदनपेक्षः पुनः समासान्तः कच् समासादेव भवन् अन्तरङ्ग इति ※असिद्धं बहिरङ्गमन्तरङ्गे※ इति बहिरङ्गस्य तृज्भावस्यासिद्धत्वाद् ऋकारान्तत्वाभावात् कच् न भवतीति। **कृशक्रोष्टूनि** इति-कृशाः क्रोष्टारो येष्विति बहुव्रीहौ जसः शसो वा श्यादेशे पुंस्त्वाभावात् तृजादेशाभावः, पुंसीति वचनमन्तरेण च द्वयोरन्यत्र सावकाशत्वात् परत्वात् तृज्भावः स्यादिति, अथ लाघवार्थं "क्रोष्टोः क्रोष्टृ पुंसि" इति किमिति न कृतम्?, एवमपि कृते न काचिल्लक्ष्यक्षतिरिति, नैवम्-तृशब्दस्य विधीयमान आरादेशः क्रोष्टृशब्दस्य न स्यादित्याह-**क्रोष्टोरित्यादि** ।।९१।।

***ल.न्यास***-**क्रुशस्तुन** इत्यादि-**तृजादेश** इति-आदेश इत्युक्ते सकलस्यापि तुनस्तृजादेशो भवति तथा चोक्तम्-

"एकस्यावयवस्य यो भवति स प्रोक्तो विकारो
बुधैरादेशस्त्वसभूरिव प्रकटितः सर्वोपमर्दात्मकः।।

**पुल्लिङ्गविषये** इति समासेऽपि यदि पुल्लिङ्गविषय एव, तेन प्रियः क्रोष्टा यस्याः, यस्य वा कुलस्येत्यत्र न भवत्येव आदेशः, अत एव व्यावृत्तिः क्लीबविषये दर्शिता। **क्रोष्टोरिति**-"क्रोष्टोः क्रोष्टृ पुंसि" इति दृश्यम् ।।९१।।

## टादौ स्वरे वा ।१।४।९२।।

***बृ०न्यास***-**टादावित्यादि**। स्वर इति सप्तमी, तत्र च "सप्तम्या आदिः" (७.४.११४) इत्यादिसम्प्रत्यय इत्याह-**टादौ स्वरादाविति**। क्रोष्टुशब्दात् टादौ स्वरादौ पक्षेऽनेन तृज्भावे यथायोगम् "इवर्णादेरस्वे०" (१.२.२१) इत्यादिना रत्वादौ "टः पुंसि ना" (१.४.२४) इत्यादिना नादौ च **क्रोष्ट्रा** इत्यादि। **'क्रोष्टूनाम्'** इति-अत्र क्रोष्टुशब्दात् षष्ठीबहुवचने ※कृताकृतप्रसङ्गित्वात्※ नित्यत्वात् पूर्वं नामादेशे कृते स्वरादित्वाभावात् पश्चात् तृजादेशो न भवतीत्याह-**अत्र त्वित्यादि**। **क्रोष्टून्** इति-अत्र शस्यपि तुन-स्तृजादेशं **कश्चिन्**मन्यते, तन्मतसङ्ग्रहार्थं टादावित्युच्यते, अन्यथा स्वर इति निमित्तविशेषोपादानाद् घुटीत्यधिकाराभावात् टादिसंप्रत्ययो भवत्येव, तेन टाया आदिष्टादिरिति शसोऽपि सङ्ग्रहः सिद्ध इति। अथ किमर्थोऽयं तुनस्तृजादेशः? क्रुशेस्तृच्प्रत्ययेनैव सिद्धत्वात्, अथोच्येत-तृप्रत्ययान्तः क्रियाशब्दो न मृगवचनः, तुन्प्रत्ययान्तः पुनर्मृगे रूढः, तत्र तृप्रत्ययान्तेनापि मृगाभिधानं यथा स्यादित्येव-मर्थमादेश इति, नैतदस्ति-तुन्-प्रत्ययान्तवत् तृप्रत्ययान्तोऽपि रूढ्या मृगं ब्रूयाद्, यथा-परिव्राजको दात्रं प्रकार इति णकादिप्रत्ययान्ता अपि क्रियाशब्दा भवन्ति, अन्यथाऽनेन तृजादेशे सावोचदिति तृप्रत्ययान्त एव ब्रूयादिति, अथ ब्रूयादविशेषोपदेशादुभयोरविशेषेण प्रयोगः स्यादिति तन्निवृत्त्यर्थ आदेश इति, तत्र-अविशेषोपदेशेऽपि हि विशेषेणैव प्रयोगो दृश्यते, यथा घरतिरविशेषेणोपदिश्यते "घृं सेचने" इति, अथ च विशेषेणैव प्रयुज्यते-घृतम्, घृणा, घर्म इति, यतः प्रयुक्तानां शास्त्रेणान्वाख्यानम्, न त्वस्मादपूर्वशब्दप्रतिपत्तिरिति विशेषविषयत्वं भविष्यति, अनेनैव च न्यायेन "अस्ति-ब्रुवोर्भू-वचावशिति" (४.४.१) इत्यादीन्यपि प्रत्याख्येयानीत्याह-**यद्यपीत्यादि**-अयमर्थः-आदेशविषयादन्यत्र क्रोष्टृशब्दः प्रयुज्यमानः क्रोष्टृभ्यामित्यादौ क्रियामेवोपाददानो दृश्यते, अन्वाख्यानं तु यतो दृष्टस्यैव, तत्रासत्यादेशवचने 'क्रोष्टृ' इत्यस्य मृगवाचित्वं दुर्विज्ञेयम्, मृगे प्रयुज्यमानमप्यपप्रयोगं मन्यते; अथ कथञ्चित् तृप्रत्ययान्तो मृगवाचित्वेन प्रतिपन्नस्तथापि प्रयोगनियमो दुर्विज्ञानः-'तृप्रत्ययान्त एव मृगवाची पुंसि घुटि स्त्रियां च टादौ स्वरे चोभयम्, अन्यत्र क्रोष्टुशब्द एव मृगवाची, अमृगवाची पुनः क्रोष्टृशब्दः सर्वत्र इत्ययं विचित्रप्रयोगमनुसृत्य (नियमः) दुष्करः, शास्त्रानुसारेण विशेषेणैव प्रतिपद्यते, एवम्-"अस्ति-ब्रुवोर्भू-वचावशिति" (४.४.१) इत्यादयोऽपि अशिदादिविषयेऽस्त्यादीनां प्रयोगो मा भूदिति प्रयोगे नियमार्था एव विधीयन्ते, अबुधबोधार्थं तु किञ्चिद् वचनेन प्रतिपाद्यते, न्यायव्युत्पादनार्थं तु सूत्रकृतः किञ्चित् प्रत्याचक्षते। नह्यत्रैकः पन्थाः समाश्रीयत इति ।।९२।।

***ल.न्यास*–टादावित्यादि। नित्यत्वादिति**- ❊कृताकृतप्रसङ्गि❊ न्यायेनेति। 'क्रोष्टृन्' इत्यपि कश्चित् तन्मतसङ्ग्रहार्थं टाया आदिष्टादिरिति व्याख्यानं कर्तव्यम्। **मृगवाची**ति-मृगशब्दस्यारण्यपशुवाचित्वेऽपि शृगाल एवार्थेऽत्र वृत्तिर्दृश्या। **दुर्विज्ञान** इति– ननु यदा ऋदन्तेन प्रयोजनं तदा तृचि, यदा तु उदन्तेन तदा तुनि साध्यसिद्धिर्भविष्यति, किं तृजादेशविधानेन? सत्यम्-'शेषे घुटि पुंसि (स्त्रियां) च नित्यम्', 'टादौ स्वरे वा' इत्येतस्माद् विषयादन्यत्रापि तृच्प्रत्ययः स्यात्, स्थिते तु यत्र तुनस्तृजादेशस्तत्रैव मृगवाचित्वम्, तृचि प्रत्यये तु क्रियाशब्दत्वमिति नियमसिद्धिः। **तथापि प्रयोगनियम** इति-अथ परो ब्रूते-'क्रोष्ट्रा, क्रोष्ट्रे, क्रोष्टुः, क्रोष्टुः, क्रोष्ट्रोः, क्रोष्ट्रोः' इत्याद्यर्थं तृच् आनेष्यते, न च वक्तव्यम् तृच्प्रत्ययान्तस्य संज्ञित्वं न प्रतीयते, भीरु-रमणीत्यादिवत् प्रतीयते एव, 'क्रोष्टुना, क्रोष्टवे' इत्यर्थं तुन् विधायिष्यते एव, अतो निरर्थकं सूत्रमिदम्, न-यद्यपि तृप्रत्ययान्तस्यापि मृगवाचित्वमुन्मज्जति तथापि प्रयोगनियमो दुर्घटः, सूत्रं विना न ज्ञायते-कस्मिन् विषये तुन्, कस्मिन् विषये तृच्, यदा व्यञ्जनादावपि तृच् स्यात् तथा चानिष्टानि रूपाणि स्युः-'क्रोष्टृभ्याम्, क्रोष्टृभिः, क्रोष्टृषु' इति, इष्टानि तु तुन्नन्तान्येव व्यञ्जनादौ, कृते सूत्रे मृगे वाच्ये टादौ स्वर एव तृः, पूर्वेण घुट्येव तृः, अन्यत्र तुन्नेव, क्रियाशब्दस्य तु सर्वत्रास्त्येव तृच्। **तथापी**ति-तुन्नन्तो मृगवाच्येव तृच्प्रत्ययान्तस्तु कस्मिन् विषये मृगवाचीति न ज्ञायते, तुनः स्थानप्रवृत्तेन तु तृचा ज्ञाप्यते-यत्र घुटि टादौ स्वरादौ च तृच् तत्रैव मृगवाचित्वम्, तेन मृगे वाच्ये क्रोष्टृभ्यामित्यादि न भवतीति नियमसिद्धिः ।।९२।।

---

## *स्त्रियाम् ।१।४।९३।।*

***बृ०न्यास*–स्त्रियामिति**। निमित्तविशेषानुपादानेऽपि "क्रुशस्तुनस्तृच् पुंसि स्त्रियां च" इत्येकयोगाकरणाद् घुटीति न संबध्यत इत्याह-**घुटी**त्यादि। मा भूद् घुटीत्यस्यानुवृत्तिः, स्याद्यधिकारस्यानुवृत्तिरस्तु "टादौ स्वरे वा" (१.४.९२) इत्यत्राप्यादिशब्दस्य व्यवस्थावाचित्वात् टादिः स्यादिरेव गृह्यत इति, नैवम्-स्याद्यनुवृत्तौ क्रोष्ट्री भक्तिरस्येति क्रोष्ट्रीभक्तिरिति न सिध्यति, आदेशाभावात्, ❊अन्तरङ्गानपि विधीन् बहिरङ्गा लुब् बाधते❊ इति लुपि सत्यां "लुप्यव्वृल्लेनत्" (७.४.११२) इति स्थानिवत्त्वप्रतिषेधात् प्रत्ययलक्षणाभावात्, "त्रि-चतुरस्तिसृ-चतसृ स्यादौ" (२.१.१) इति पुनः स्यादिविधानाच्च नानुवर्तते स्याद्यधिकार इत्याह-**अत्रे**त्यादि। ननु स्त्रियामीकारस्यावश्यंभावित्वादीकार एवायमादेशो भविष्यति, कथमुक्तं निर्निमित्त इति?, न वाच्यम्-ईकारानिर्देशात्, ननु प्रश्लिष्टनिर्देशान्निर्दिष्ट एव-स्त्री+ई-स्त्रीति स्त्रिया ई स्त्रीत्वस्य द्योतक ईकार इत्यर्थः, अर्थगतं स्त्रीत्वमीकारे आरोप्य "स्त्रीदूतः" (१.४.२९) इत्याम्, तत्रेतरेतराश्रयं भवति-आदेशानिमित्त ईकारस्तदाश्रयश्चादेश इति, इतरेतराश्रयाणि च न प्रकल्प्यन्ते, अस्मादेव ज्ञापकाद् भवत्यत्रेकारः, यदयमीकारे आदेशं शास्ति, तथापि पञ्चभिः क्रोष्ट्रीभिः क्रीत इति पञ्चक्रोष्ट्रीशब्दाद् इकणः "अनाम्यद्विः०" (६.४.१४१) इति लुपि "ङ्यादेर्गौणस्या०" (२.४.४५) इति ङीनिवृत्तौ प्रत्ययलोपलक्षणप्रतिषेधादीकारनिमित्तस्तृजादेशो न प्राप्नोति, अन्तरङ्गाणां च विधीनां लुपा बाधनात् पूर्वमेव तृजादेशो न लभ्यते, पुंवद्भावाद् वा, तस्मान्निर्निमित्त एवायमादेशः। नन्वेवं सत्यपि इकणि परे "जातिश्च णि-तद्धितय-स्वरे" (३.२.५१) इति पुंवद्भावः प्राप्नोति, तस्मिंश्च स्त्रीत्वाभावात् तृजादेशो न स्यात्, नैवम्-"प्रत्ययः प्रकृत्यादेः" (७.४.११५) इति हि यस्माद् 'इकण्' विधीयते तदादेरेवासौ स्वनिमित्तं कार्यं जनयति, न तूनाधिकस्य, अत्र हि समासाद् इकण् विहितः, स कथमूनस्य क्रोष्ट्रीत्यस्य पुंवद्भावं प्रवर्तयितुं पारयति?, अन्तरङ्गाणां च विधीनां लुपा बाधनाद् वा पुंवद्भावानवकाशः। ननु तथापि इकणो लुप्यप्, (इकणः प्लुप्-पित् लुप्,) लुपः पित्त्वस्य पुंवद्भावफलत्वात् "क्यङ्-मानि-पित्तद्धिते" (३.२.५०) इति पुंवद्भावेन स्त्रीत्वनिवृत्तेस्तन्निमित्तस्य तृजादेशस्यापि निवृत्तिः प्राप्नोति, सत्यमेतत्-निर्निमित्तादेशविधानादेव पुंवद्भावो बाध्यते, अन्यथाऽनिमित्तादेशविधानेऽपि तन्निवृत्तौ आदेशस्य निवृत्तिः स्यात्, तत्सनिमित्तादेशेऽपि समानमेव, किं निर्निमित्तादेशविधानेनेत्याह–**अत एवे**त्यादि ।।९३।।

**इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते स्वोपज्ञतत्त्वप्रकाशिकाप्रकाशे (बृहद्वृत्तौ)**
**शब्दमहार्णवन्यासे (बृहन्न्यासे) प्रथमस्याध्यायस्य चतुर्थः पादः समाप्तः।।**

**सोत्कण्ठमङ्गलगनैः कचकर्षणैश्च, वक्त्राब्जचुम्बननखक्षतकर्मभिश्च।**
**श्रीमूलराजहतभूपतिभिर्विलेसुः, संख्येऽपि खेऽपि च शिवाश्च सुरस्त्रियश्च ।।१।।**

(**न्यासानुसन्धानम्**–***श्रीमूलराजहतभूपतिभिः*** संग्रामे मूलराजमारितनृपतिभिः, **संख्ये** संग्रामभूमौ, **शिवाः** शृगालाः, **खे** आकाशरूपे स्वर्गमार्गे, **सुरस्त्रियः** देवाङ्गनाश्च, **विलेसुः** विलासं चक्रुः, संग्रामनिहतशूराणां दिव्यवपुषा स्वर्गश्रवणात्, कथं विलेसुरित्याह –**सोत्कण्ठं** सकौतुकम्, **अङ्गलगनैः** अङ्गसङ्गैः, आलिङ्गनैरित्यर्थः, **कचकर्षणैः** केशाकर्षणैः, **वक्त्राब्जचुम्बननखक्षत-कर्मभिश्च** वक्त्राब्जचुम्बनकर्मभिः–मुखचुम्बनकर्मभिः, नखक्षतकर्मभिः–नखाङ्कनकर्मभिश्च, संख्ये अङ्गलगनादिकं शृगालकर्तृकमेव, खे तु अङ्गलगनमुभयकर्तृकम्, कचकर्षणादिकं भूपतिकर्तृकमिति बोध्यम्। **'सोत्कण्ठमङ्गलगनैः'** इत्येव पाठः साधीयान् प्रतिभाति, **'सोत्कण्ठमङ्गलगतैः'** इति पाठे तु सकौतुकशुभगमनैरित्यर्थः, तच्च गमनं संख्ये शृगालकर्तृकम्, खे तूभयकर्तृकं सम्भवतीति बोध्यम्।। अत्र बीभत्स-शृङ्गारयोः संकरः, दीपकं चालङ्कारः।।)

---

***ल.न्यास***–**स्त्रियामि**ति–"स्त्रियां च" इत्येकयोगेऽपि "स्त्रियां च" इत्यसमस्तनिर्देशस्येदं फलम्–यत् 'स्त्रियाम्' इत्युत्तरसूत्रे याति, अन्यथा "पुं-स्त्रियोः" इत्येव कुर्यात्। **निर्निमित्त एवे**ति–ननु निमित्तत्वाश्रयणे ऋकारान्तत्वाभावात् क्रोष्टुशब्दस्य कथं ङीः स्यात्? सत्यम् – गौरादौ पाठात् ङीः स्यादेवेति ङीसिद्धिः, परं निमित्तव्याख्यायां "स्त्रियां ङ्याम्" इति सूत्रं कुर्यात् ।।९३।।

**इति मनीषिश्रीकनकप्रभसूरिविरचिते न्याससारसमुद्धारे (लघुन्यासे)**
**प्रथमाध्यायस्य चतुर्थः पादः समाप्तः।।**

# :: परिशिष्ट-३ ::

## अकारादिक्रमे पारिभाषिक शब्दोनो विस्तृतार्थ

1) ***आमन्त्र्य*** – कोई व्यक्ति आपणी सन्मुख न होय तेने साद विगेरे करी सन्मुख करवो तेने आमंत्राण कहेवाय अने जेने उद्देशीने आमंत्राण करायुं होय ते आमंत्र्य कहेवाय.

2) ***अच्*** – स्वर.

3) ***अजहत्स्वार्थपक्ष*** – वृत्तिमां गौण शब्द पर (प्रधान) शब्दना अर्थनो बोध करावे छे. परंतु शुं ते पोताना अर्थनो त्याग करीने प्रधान शब्दना अर्थने जणावे छे ? के पछी त्याग कर्या विना ? तो अजहत्स्वार्थपक्ष अनुसार ते पोताना अर्थनो त्याग कर्या विना प्रधान शब्दना अर्थने जणावे छे. जेमके राजपुरुष वृत्तिस्थळे गौण राजन् पद पोताना 'राजा' अर्थनो त्याग कर्या विना विग्रहावस्थामां जे 'पुरुष' अर्थ पोताथी बोधित नहोतो थतो तेनो बोध करावे छे. अहीं अजहत्स्वार्थ शब्दनी व्युत्पत्ति ***'न जहति पदानि स्वार्थं यस्मिन् तद् अजहत्स्वार्थम्'*** आ प्रमाणे छे. अहीं प्रश्न थशे के ''जो राजपुरुष वृत्तिस्थळे गौण राजन् पद पोताना अर्थनो त्याग न करे तो ते पोताना अर्थना प्रतिपादनमां तत्पर होवाथी प्रधान 'पुरुष' अर्थनुं प्रतिपादन शी रीते करी शके ?'' परंतु आ प्रश्ननो जवाब विस्तारपूर्ण होवाथी तेने जाणवा वृत्ति शब्दना अर्थमां दर्शावेला ग्रंथो जोई लेवा.

4) ***अतद्गुणसंविज्ञानबहुव्रीहि*** – जे बहुव्रीहिसमासमां विशेष्य अन्यपदार्थनो जे क्रियामां अन्वय थतो होय ते क्रियामां समासना घटकीभूत पदार्थोनो जो अन्वय न थतो होय तो ते अतद्गुणसंविज्ञानबहुव्रीहि समास कहेवाय छे. जेमके चित्रगुमानय स्थळे चित्रा गावो यस्य स विग्रहानुसार चित्रगुः अे बहुव्रीहिसमास पामेल पद छे अने त्यां अन्यपदार्थ चित्र गायोनो स्वामी गोवाळ छे. तो आनयन क्रियामां जेम अन्यपदार्थ गोवाळनो अन्वय थाय छे तेम समासना घटकीभूत चित्र गायोनो अन्वय नथी थतो. अर्थात् चित्रगुम् आनय कहेवाता जेम अन्यपदार्थ गोवाळने लावववामां आवे छे तेम तेनी भेगा चित्र गायोने लावववामां नथी आवती. माटे चित्रगु स्थळे अतद्गुणसंविज्ञानबहुव्रीहि समास छे. जे बहुव्रीहि स्थळे अन्यपदार्थ अने समासना घटकीभूत पदार्थ वच्चे संयोग अने समवाय सिवायना स्व-स्वामीभाव विगेरे संबंधो प्राप्त थता होय त्यां प्रायः अतद्गुण संविज्ञानबहुव्रीहि समास होय छे. आ अंगे विस्तारथी जाणवा 'सर्वादेः स्मै० १.४.७' सूत्रनुं विवरण जोवुं.

5) ***अतिदेश*** – अतिदेश एटले सादश्यने लईने बीजे लागु पडनारी व्याकरणनी प्रक्रिया. आ अतिदेश अनेक प्रकारनो होय छे. जेमके - निमित्तातिदेश, व्यपदेशातिदेश, तादात्म्यातिदेश, रूपातिदेश, शास्त्रातिदेश, कार्यातिदेश, अर्थातिदेश विगेरे.

6) ***अनुकरण*** – અનુકરણ એટલે અનુકાર્ય (= મૂળ વક્તાના શબ્દ) માં જેવા પ્રકારની વર્ણાવલી છે તેવા પ્રકારની જ વર્ણાવલીપૂર્વક પુનઃ ઉચ્ચારાયેલો શબ્દ. જેમકે દૂતના શબ્દો અક્ષરશઃ પોતાના રાજાના કહેણ અનુસાર હોવાથી તે શબ્દોને રાજાના શબ્દોનાં અનુકરણ રૂપે ગણવામાં આવે છે. ભાષાકીય પ્રયોગમાં આ અનુકરણ કરાયેલા શબ્દો પછી મોટાભાગે इति શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હોય છે. જેમકે ચૈત્ર 'घटः' આ પ્રમાણે બોલ્યો ત્યારે મૈત્રએ ચૈત્રના શબ્દોનું અનુકરણ કરવું હોય તો તેણે चैत्रः 'घटः' इति अवदत् આમ બોલવાનું રહે. આ અનુકરણ ક્યારેક આખા શબ્દોનું તો ક્યારેક શબ્દોના અંશનું પણ આવશ્યકતાનુસાર કરવામાં આવતું હોય છે. જેમકે 'परिव्यवात् क्रियः ३.३.३७' સૂત્રમાં આખા क्री ધાતુનું અનુકરણ કરી क्रियः રૂપ સાધવામાં આવ્યું છે અને 'संख्या-साय-वेरह्नस्य० १.४.५०' સૂત્રમાં द्व्यह्न શબ્દના અંશભૂત अह्न નું અનુકરણ કરી अह्नस्य રૂપ સાધવામાં આવ્યું છે. આશય એ છે કે એકલો अह्न એવો अ કારાન્ત મૂળ શબ્દ મળતો નથી કે જેને ङस् પ્રત્યય લગાડી अह्नस्य રૂપ સાધી શકાય. તેથી द्व्यह्न શબ્દના અંશભૂત अह्न નું અનુકરણ કરી अह्नस्य રૂપ સાધવામાં આવે છે. બાકી મૂળ શબ્દ તો अहन् છે. અહીં એ ધ્યાનમાં રાખવું કે અનુકરણ કરાયેલ શબ્દ કે શબ્દાંશ 'अधातु-विभक्ति० १.१.२७' સૂત્રાનુસાર સ્વતંત્ર નામ સંજ્ઞાને પામે છે, કેમકે તે ધાતુ, વિભક્તિ કે વાક્ય સ્વરૂપ નથી હોતું અને અનુકરણ શબ્દ કે શબ્દાંશ અનુકાર્ય શબ્દ કે શબ્દાંશ કેવો હતો તેના સ્વરૂપની ઝાંખી કરાવનાર હોવાથી અનુકાર્ય શબ્દના સ્વરૂપાત્મક અર્થનો બોધક હોવાથી અર્થવાન્ પણ બને છે. આમ તેને નામ સંજ્ઞાનો લાભ થતા अह्नस्य અને क्रियः આ પ્રમાણે સ્યાદ્યન્ત પ્રયોગો સાધી શકાય છે. અહીં શંકા થશે કે ''અનુકરણ જો નામ બનતું હોય તો क्रियः સ્થળે क्री અનુકરણ નામ ગણાતા તેના ई નો ધાતુને ઉદ્દેશીને પ્રવર્તતા 'संयोगात् २.१.५२' સૂત્રથી इय् આદેશ શી રીતે થઈ શકે ?'' પરંતુ આ શંકાને અવકાશ નહીં રહે. કેમકે ***'प्रकृतिवदनुकरणम्'*** ન્યાયથી क्री અનુકરણ પોતાની મૂળ પ્રકૃતિ- સદશ (= ધાતુસદશ) પણ ગણાતા તેના ई નો इय् આદેશ સાધી શકાય છે.

7) ***अनुकार्य*** – જેનું અનુકરણ કરવામાં આવે તે.

8) ***अनुप्रयोग*** – દૃષ્ટાંત વિગેરેની પાછળ કરવામાં આવેલ પ્રયોગ.

9) ***अनुबंध*** – વ્યાકરણશાસ્ત્રમાં વપરાતા ધાતુ, પ્રત્યય વિગેરે સાથે જોડાયેલ અમુક સાંકેતિક અક્ષરોને અનુબંધ કહેવાય છે. અનુબંધો 'ઇત્' હોય છે, તેથી તેઓ લૌકિક પ્રયોગમાં ટકતા નથી. પરંતુ તેઓ ગુણ-વૃદ્ધિ ન થવા દેવી, ધાતુને આત્મનેપદ સંજ્ઞા લાગુ પાડવી વિગેરે પોતાની અસર છોડી જતા હોય છે. જેમકે - 'ह्' ધાતુને 'क्त्वा' પ્રત્યય લગાડીએ તો પ્રત્યયમાં રહેલો क् અનુબંધ 'ह्' ધાતુમાં રહેલા ऋ નો ગુણ ન થવા દે. એવી જ રીતે ई કે ग् અનુબંધ જો ધાતુ સાથે જોડાયા હોય અને જો કર્તા ફળવાન હોય તો તેઓ ધાતુને આત્મનેપદ પ્રત્યયોનું વિધાન કરે છે.

10) ***अनुबन्धानैकान्तिकपक्ष*** – एकान्त शब्द 'अवयव' अर्थनो वाचक छे. तेथी न एकान्त = अनेकान्त = अनवयव = જે અવયવ ન બનતો હોય તે. અનુબંધના અનેકાંતપક્ષવાળા કહે છે કે અનુબંધ જેની સાથે જોડાયો હોય તેનો અવયવ બનતો નથી. કેમકે જે અવયવ હોય તે પોતાના અવયવી સાથે સંબદ્ધ હોય છે. જેમકે હાથ, પગ વિગેરે શરીરના અવયવ છે. તો તે અવયવી શરીર સાથે સંબદ્ધ (જોડાયેલા) જોવા મળે છે. અનુબંધ ઈત્ હોવાથી તે જેની સાથે જોડાયો હોય છે તે પ્રત્યયાદિની સાથે પ્રયોગકાળે તે ક્યાંય પણ સંબદ્ધ જોવા મળતો ન હોવાથી અનુબંધ પોતાના સંબંધી પ્રત્યયાદિનો અવયવ બનતો નથી. હવે પ્રશ્ન થાય કે ''જો અનુબંધ અવયવ ન બને તો त (क्त) વિગેરે પ્રત્યયોને कित् આદિ રૂપે ન કહી શકાય ? કેમકે कित् શબ્દનો અર્થ 'क् અવયવ છે ઈત્ જેમાંથી' આવો થાય છે. જ્યારે त (क्त) પ્રત્યયગત क् અનુબંધ અવયવ રૂપ ન હોવાથી ત્યાં कित् શબ્દનો અર્થ ઘટતો નથી. હવે જો त (क्त) પ્રત્યયને कित् ન કહી શકાય તો તે પરમાં વર્તતા પૂર્વના સ્વરના ગુણનો નિષેધ ન થઈ શકે. માટે त (क्त) પ્રત્યયને कित् કહેવડાવવા હવે શું કરવું?'' પરંતુ આ પ્રશ્નનો ઉત્તર આમ સમજવો કે ભલે અનુબંધ વાસ્તવિક રીતે અવયવ ન બને, પણ ***'स्वसमीपोच्चारितेऽनुबन्धे स्वाऽवयवत्वमारोप्यते'*** નિયમાનુસારે તેમાં ઉપચરિત અવયવત્વની કલ્પના કરી શકાય છે. નિયમ એમ કહે છે કે 'અનુબંધ જેની નજીકમાં (અનંતરમાં) ઉચ્ચારાય છે તેના અવયવ રૂપે ઉપચારથી તેને ગણી શકાય છે.' તો त (क्त) પ્રત્યયગત क् અનુબંધ त (क्त) પ્રત્યયની નજીકમાં ઉચ્ચારાતો હોવાથી તેને ઉપચારથી त (क्त) પ્રત્યયના અવયવ રૂપે ગણી શકાય. તેથી त (क्त) પ્રત્યયમાં कित् શબ્દનો 'क् અવયવ છે ઈત્ જેમાંથી' અર્થ ઘટી શકતા તેને कित् કહી શકવાથી તે પરમાં વર્તતા પૂર્વના સ્વરના ગુણનો નિષેધ થઈ શકશે. આમ અનુબંધના અનેકાંતપક્ષવાળા અનુબંધને વાસ્તવિક અવયવ રૂપે સ્વીકારતા નથી, પરંતુ कित् આદિ સ્થળે આવતી આપત્તિને ટાળવા તેને ઉપચારથી અવયવ રૂપે સ્વીકારે છે. આના માટે વિશેષ જાણવા 'अनेकान्ता अनुबन्धा इति (परि. शे. ४)' ન્યાયની ટીકાઓ દ્રષ્ટવ્ય છે.

11) ***अनुबन्धैकान्तपक्ष*** – અનુબંધના એકાન્તપક્ષવાળા કહે છે કે અનુબંધ જેની સાથે જોડાયો હોય તેનો તે વાસ્તવિક અવયવ બને છે. કેમકે અનુબંધ હંમેશા ઉપલબ્ધ થાય તો પોતાના અવયવી સાથે જ ઉપલબ્ધ થાય છે, અન્યત્ર ક્યાંય ઉપલબ્ધ થતો નથી. જે જેની સાથે ઉપલબ્ધ થાય તે તેનો અવયવ કહેવાય. ગુમડું શરીર સાથે જ ઉપલબ્ધ થાય, તો તે શરીરનું અવયવ કહેવાય જ. કાગડો ક્યારેક ગૃહ સાથે સંબદ્ધ હોય છે, તો ક્યારેક વૃક્ષની શાખા સાથે સંબદ્ધ હોય છે, તેથી કાગડો જેમ ગૃહાદિનો અવયવ ગણાતો નથી, તેવું અનુબંધની બાબતમાં નથી. ટૂંકમાં કહેવું હોય તો 'એક જાતીય સંબંધથી જે એકત્ર જ ઉપલબ્ધ થતો હોય તેને અવયવ કહેવાય.' જેમકે અનુબંધ, અને 'એક જાતીય સંબંધથી જે અનેકસ્થળે ઉપલબ્ધ થતો હોય તેને અવયવ ન કહેવાય' જેમકે કાગડો. આમ એકાન્તપક્ષે અનુબંધ પોતાના અવયવી પ્રત્યયાદિનો અવયવ બનતો હોવાથી આ પક્ષે त (क्त) પ્રત્યયને कित् કહેવડાવવા તેના क् અનુબંધને ઉપચારથી અવયવ રૂપે સ્વીકારવો પડતો નથી.

12) ***अनेकान्तपक्ष*** – અનવયવપક્ષ.

13) ***अन्त*** – આગમ.

14) ***अन्तर्गण*** – મોટા ગણની અંદર વર્તતા પેટા ગણને અંતર્ગણ કહેવાય છે. જેમકે ૧.૪.૭ સૂત્રની બૃ.વૃત્તિમાં દર્શાવેલ સર્વાદિ ગણ એક મોટો ગણ છે અને તેની અંદર દર્શાવેલ અન્ય, અન્યતર, ઇતર, ડતર અને ડતમ આ પાંચનો એક અંતર્ગણ છે કે જેનો ઉપયોગ 'પञ्चतोऽन्यादे० ૧.૪.૫૮' સૂત્રમાં થાય છે.

15) ***अन्वय*** – અન્વય એટલે 'तत्सत्त्वे तत्सत्त्वम्' અર્થાત્ વિવક્ષિત એક વસ્તુ હોય તો જ બીજી વસ્તુનું હોવું.

16) ***अन्वर्थसंज्ञा*** – જેમાં વ્યુત્પત્ત્યર્થ ઘટતો હોય તેવા પ્રકારની સંજ્ઞાને અન્વર્થસંજ્ઞા કહેવાય. જેમકે એ-ઐ-ઓ-ઔ સ્વરોને લાગુ પડતી 'સન્ધ્યક્ષર' સંજ્ઞા અન્વર્થ છે. કેમકે એ વિગેરે સ્વરો અ + ઇ = એ આ પ્રમાણે બે સ્વરોની સંધિ થવાના કારણે બનેલા હોવાથી ત્યાં 'સન્ધ્યક્ષર' શબ્દનો 'सन्धौ सति अक्षरम्' આ વ્યુત્પત્ત્યર્થ ઘટે છે.

17) ***अन्वाख्यान*** – પાછળથી પુનઃ કથન.

18) ***अन्वाचय*** – જ્યાં મુખ્ય કાર્યની સાથે ગૌણ કાર્યને જોડવામાં આવે ત્યાં અન્વાચય કર્યો કહેવાય. દા.ત. भिक्षाम् अट गां च आनय સ્થળે ભિક્ષા લાવવાની ક્રિયા સાથે ગાય લાવવાની ક્રિયાને च અવ્યયની સહાય લઈ ગૌણપણે જોડવામાં આવી છે. તેથી અહીં ગાય લાવવાની ક્રિયાનો અન્વાચય કર્યો કહેવાય. ***અર્થ***- ભિક્ષા માટે ફર અને ભેગી ગાય મળતી હોય તો તે પણ લેતો આવ. આ અન્વાચય એ च અવ્યયના સમુચ્ચય, અન્વાચય, ઇતરેતરયોગ અને સમાહાર આ ચાર અર્થો પૈકીનો એક અર્થ છે.

19) ***अन्वादेश*** – કાંઈક વિધાન કરવા માટે કહેવાયેલી અમુક વસ્તુનું ફરી બીજું કાંઈક વિધાન કરવા પુનઃ કથન કરવું તેને અન્વાદેશ કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો 'અમુક વાતના સંદર્ભમાં પૂર્વે કહેવાઈ ગયેલી વસ્તુનું ફરી અન્ય વાતના સંદર્ભમાં જોડાણ કરવું તેને અન્વાદેશ કર્યો કહેવાય.' અન્વાદેશમાં સર્વાદિ अस्मद्, युष्मद् અને एतद् નામોના ક્રમશઃ मे-नौ-नस्-मा, ते-वाम्-वस्-त्वा અને एनद् આદેશ થતા હોય છે. જેમકે यूयं विनीतास्तद्वो गुरवो मानयन्ति સ્થળે પૂર્વે વિનીતતાનું વિધાન કરવા युष्मद् શબ્દ વપરાયો છે અને પાછળથી ગુરૂ દ્વારા માન આપવાની બાબતમાં ફરી युष्मद् શબ્દનું જોડાણ કર્યું હોવાથી અહીં અન્વાદેશ છે, માટે વાક્યના પાછળના અંશમાં युष्मद् નો वस् આદેશ થયો છે.

20) ***अन्विताभिधानवाद***– અન્વિતાભિધાનવાદને મીમાંસક ***પ્રભાકર*** તેમજ ***'પ્રાભાકર'*** નામે ઓળખાતા તેમના અનુયાયીઓ સ્વીકારે છે. તેમનું એવું માનવું છે કે 'કોઈપણ શબ્દ યોગ્ય (= પોતાની સાથે અન્વય પામવાને લાયક એવા) ઇતરપદાર્થોની સાથે અન્વિત (= અન્વય પામેલા) પદાર્થનો જ વાચક બને છે.' જેમકે चैत्रः पचति

સ્થળે ચૈત્ર શબ્દ પાક ક્રિયાની સાથે અન્વય પામેલા ચૈત્ર પદાર્થનો વાચક બને છે. અર્થાત્ 'ચૈત્ર પકાવે છે' આ સંપૂર્ણ અર્થ ચૈત્ર શબ્દથી જ વાચ્ય બની જાય છે. હવે અહીં પ્રશ્ન થશે કે ''એકલો ચૈત્ર શબ્દ જ જો પાક ક્રિયા અને ચૈત્ર પદાર્થ બન્નેનો વાચક બની જતો હોય તો નકામા પચતિ શબ્દનો પ્રયોગ કરવાની જરૂર જ શું છે ?'' આનું સમાધાન એ છે કે કેવળ ચૈત્ર શબ્દનો પ્રયોગ કરીએ તો તેનાથી આખો 'ચૈત્ર પકાવે છે' આ અર્થ વાચ્ય બનવા છતાં વક્તાને અહીં 'ચૈત્ર પકાવે છે' આ અર્થ જણાવવો ઈષ્ટ છે ? કે પછી 'ચૈત્ર ચાલે છે, ખાય છે' વિગેરે અર્થ જણાવવો ઈષ્ટ છે ? તેનો શ્રોતાને સમ્યગ્ નિર્ણય ન થઈ શકે. કેમકે ચૈત્ર પદાર્થમાં તો પાક ક્રિયાની જેમ બીજી અનેક ક્રિયાઓ સાથે અન્વય પામવાની યોગ્યતા છે. માટે પચતિ વિગેરે શબ્દોના પ્રયોગ તો શ્રોતાને વક્તાનું તાત્પર્ય કયા અર્થમાં છે ? તેની બરાબર ખબર પડે તે માટે તાત્પર્યઉપપત્તિક રૂપે કરવામાં આવે છે. અન્વિતાભિધાનવાદ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે ***'यस्मिन् वादे योग्येतरपदार्थैः सह अन्वितानामेव पदार्थानां शब्दैः अभिधानं स्वीक्रियते तादृशो वादः अन्विताभिधानवादः'*** અહીં વ્યુત્પત્તિમાં યોગ્ય શબ્દ ઇતરપદાર્થ શબ્દના વિશેષણ રૂપે એટલા માટે લખ્યો છે કે કોઈ વક્તા વહ્નિના સિઞ્ચતિ પ્રયોગ કરે તો ત્યાં સિંચવાની ક્રિયા વહ્નિની સાથે અન્વય પામવા માટે અયોગ્ય છે. કેમકે સિંચવાની ક્રિયા પાણીથી શક્ય છે, વહ્નિથી નહીં. તો અન્વિતાભિધાનવાદમાં ઉપરોક્ત વાક્યગત વહ્નિ શબ્દથી અયોગ્ય ઇતરપદાર્થ રૂપ સિંચવાની ક્રિયા સાથે અન્વિત વહ્નિ પદાર્થનું અભિધાન ન થઈ જાય તે માટે વ્યુત્પત્તિમાં યોગ્ય શબ્દ મૂકવામાં આવ્યો છે. વક્તાના વહ્નિના સિઞ્ચતિ વાક્યથી શ્રોતાને યથાર્થ બોધ થઈ શકે નહીં.

21) ***अपवाद*** – ઉત્સર્ગ એટલે કે સામાન્ય નિયમ અને અપવાદ એટલે વિશેષ નિયમ. સામાન્ય નિયમને બાધિત કરનાર વિશેષ નિયમને અપવાદ કહેવાય.

22) ***अपादान*** – વિવક્ષિત વસ્તુનું છૂટું પડવું તે અપાય કહેવાય, અને આ અપાય જે સ્થળ કે જે વસ્તુથી થાય તેને અપાયનો અવધિ કહેવાય. આવા અપાયના અવધિને અપાદાન કહેવાય. અર્થાત્ વિવક્ષિત વસ્તુ જે સ્થળ કે જે વસ્તુથી છૂટી પડે તે સ્થળ કે તે વસ્તુને અપાદાન સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આ અપાદાન ત્રણ પ્રકારે છે : **(a)** ***निर्दिष्टविषय*** - જ્યાં ધાતુ દ્વારા જ વિભાજનક્રિયા (= અપાય) જણાઈ આવતી હોય ત્યાં નિર્દિષ્ટવિષયવાળું અપાદાન હોય છે. દા.ત. ગ્રામાદ્ આગચ્છતિ અહીં આગમન ક્રિયા દ્વારા વ્યક્તિનું ગામથી વિભાજન સહજ જણાઈ આવે છે, તેથી અહીં ગામ નિર્દિષ્ટવિષયવાળું અપાદાન કહેવાય. **(b)** ***उपात्तविषय*** - જ્યાં વિભાજન ક્રિયા જણાવવા ધાતુએ અન્ય ધાતુના અર્થને પોતામાં સમાવવો પડે તેવા સ્થળે ઉપાત્તવિષયવાળું અપાદાન હોય છે. દા.ત. કુશૂલાત્ (તણ્ડુલાન્) પચતિ અહીં કોઠીથી ચોખાનો અપાય જણાવવો છે તો પચ્ ધાતુએ પોતાના 'પાક' અર્થમાં આ + દા ધાતુના 'આદાન' અર્થને સમાવવો પડે છે. કેમકે આદાનક્રિયા વિના કોઠીથી ચોખા છૂટાં શી રીતે પડે ? અને જો છૂટાં ન પડે તો તેઓનો પાક શી રીતે સંભવે ? **(c)** ***अपेक्षितक्रिय*** - જ્યાં ક્રિયાપદ બોલાયું કે લખાયું ન હોય, પરંતુ અપાયાર્થે તેનો અર્થ અપેક્ષિત હોય તેવા સ્થળે અપેક્ષિત ક્રિય અપાદાન

હોય છે. જેમકે કોઈ પૂછે कुतो भवान्? (આપ ક્યાંથી આવ્યા ?) તે વખતે જવાબ આપવામાં આવે પાટલિપુત્રાદ્, તો અહીં પાટલીપુત્રથી વ્યક્તિનો અપાય = વિભાજન જણાવવા ન ઉલ્લેખાયેલી એવી આગમન ક્રિયાની અપેક્ષા રહે છે. માટે અહીં પાટલીપુત્ર એ અપેક્ષિતક્રિય અપાદાન કહેવાય.

વળી અહીં અપાયની જે વાત કરી તે પણ બે પ્રકારનો હોય છે. **(a)** કાયસંસર્ગપૂર્વકનો અને **(b)** બુદ્ધિસંસર્ગપૂર્વકનો. वृक्षात् पर्णं पतति અહીં કાયસંસર્ગપૂર્વકનો અપાય જાણાય છે. કેમકે પૂર્વે વૃક્ષાત્મક કાયાની સાથે પર્ણનો વાસ્તવિકતાએ સંસર્ગ હતો અને પાછળથી પાંદડું છૂટું પડે છે ત્યારે આ વાસ્તવિક સંસર્ગ તૂટે છે. અર્થાત્ અપાય થાય છે. જ્યારે व्याघ्राद् बिभेति અહીં બુદ્ધિસંસર્ગપૂર્વકનો અપાય જાણાય છે. કેમકે અહીં વ્યક્તિનો પૂર્વે વાઘની કાયા સાથે વાસ્તવિક સંસર્ગ હતો અને તે પાછળથી તૂટે છે તેવું નથી. પરંતુ "વાઘ આવ્યો" તેવું સાંભળતા જ ભયને લઈને વ્યક્તિની બુદ્ધિમાં પૂર્વે વાઘ સાથે માનસિક સંયોગ ઊભો થાય છે અને પછી તે માનસિક રીતે જ વાઘથી પાછો નિવર્તતા આ કાલ્પનિક સંસર્ગ તૂટે છે. અર્થાત્ તેનો અપાય થાય છે. અહીં बिभेति ક્રિયાપદમાં રહેલ भि ધાતુએ પોતાના 'ભય' અર્થમાં ધાતુના 'નિવર્તન = પાછા ફરવા' રૂપ અર્થને સમાવવાનો રહે છે, માટે व्याघ्राद् बिभेति સ્થળે व्याघ्राद् એ ઉપાત્તવિષયવાળું અપાદાન છે.

23) ***अभिविधि*** – અભિવિધિ એ અવધિનો એક પ્રકાર છે. જ્યાં અમુક પ્રવૃત્તિની મર્યાદા રૂપે બતાવાતું સ્થળ પણ તે પ્રવૃત્તિમાં આવરી લેવાતું હોય ત્યાં અભિવિધિ રૂપ અવધિ ગણવામાં આવે છે. જેમકે आपाटलिपुत्राद् वृष्टो मेघः, અહીં જો આ (आङ्) દ્વારા અભિવિધિ રૂપ અર્થ વિવક્ષિત હોય તો મેઘની વરસવાની પ્રવૃત્તિમાં મર્યાદા રૂપ પાટલીપુત્ર નગર પણ તે પ્રવૃત્તિમાં આવરી લેવામાં આવે છે. અર્થાત્ મેઘ પાટલીપુત્રના છેડા સુધી વરસ્યો છે એમ સમજવું.

24) ***अभिहितान्वयवाद*** – અભિહિતાન્વયવાદને મીમાંસક ***કુમારિલ્લ ભટ્ટ*** તેમજ ***'ભાટ્ટ'*** નામે ઓળખાતા તેમના અનુયાયીઓ અનુસરે છે. તેમનું એવું માનવું છે કે 'કોઈપણ શબ્દ પૂર્વે સ્વવાચ્ય પદાર્થનું પ્રતિપાદન કરે છે અને ત્યારબાદ તે અર્થ અન્ય શબ્દના અર્થ સાથે અન્વય પામે છે અને વાક્યાર્થ રૂપે પર્યવસાન પામે છે.' અર્થાત્ આમના મતે શબ્દો પોતાના અર્થનું પ્રતિપાદન કરીને છુટા થઈ જાય છે અને ત્યારબાદ તે અર્થો પરસ્પર એકબીજા સાથે અન્વય પામી વાક્યાર્થ રૂપે બને છે. જેમકે चैत्रः पचति સ્થળે चैत्र શબ્દ અને पचति ક્રિયાપદગત पच् ધાત્વાત્મક શબ્દ ક્રમશઃ પોતાના 'ચૈત્ર' પદાર્થ અને 'પાક ક્રિયા' રૂપ પદાર્થનું પ્રતિપાદન કરીને છુટા થઈ જાય છે અને ત્યારબાદ તે બન્ને પદાર્થો પરસ્પર અન્વય સાધીને 'ચૈત્ર પકાવે છે' આમ વાક્યાર્થ રૂપે બને છે. અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે કોઈપણ શબ્દ કેવળ કોરા પદાર્થનું પ્રતિપાદન નથી કરતો પણ તે અમુક ધર્મનું અને તે ધર્મવાળા પદાર્થનું પ્રતિપાદન કરે છે. દા.ત. ओदन શબ્દ ઓદનત્વ ધર્મનું અને તે ધર્મવાળા ઓદન (ભાત) પદાર્થનું પ્રતિપાદન કરે છે. હવે ओदन શબ્દથી પ્રતિપાદિત આ બન્ને પણ ઉપર બતાવ્યું તે

પ્રમાણે આપમેળે પરસ્પર અન્વય સાધી લે છે. આને કહેવાય અભિહિતાન્વયવાદ. અભિહિતાન્વયવાદ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે ***'यस्मिन् वादे शब्दैः अभिहितानामर्थानाम् (स्वयमेव) अन्वयो भवति तादृशो वादः अभिहितान्वयवादः'***

25) ***अभेदनिर्देश*** – સરખી વિભક્તિપૂર્વકનો નિર્દેશ.

26) ***अयोगवाह*** – જે વર્ણોનો સ્વરોને દર્શાવતા 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રમાં યોગ (= ઉપાદાન) ન કર્યો હોય અને વ્યંજનોને દર્શાવતા 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રમાં પણ યોગ ન કર્યો હોય છતાં તે તે પ્રયોગ સ્થળે તેમની વિદ્યમાનતા જોવા મળતી હોય તેવા વર્ણોને અયોગવાહ વર્ણો કહેવાય છે. દા.ત. અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય વર્ણો. આ વર્ણોને આવશ્યકતાનુસાર ક્યારેક 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રસ્થ कादिः પદની कस्य आदिः આમ વ્યુત્પત્તિ કરી વ્યંજન સમુદાયમાં સમાવવામાં આવે છે અને ક્યારેક 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રસ્થ औदन्ताः પદની औकारस्य अन्ताः આમ વ્યુત્પત્તિ કરી સ્વરસમુદાયમાં સમાવી લેવામાં આવે છે.

*ઉપ્પટ* અયોગવાહ શબ્દની अकारादिना वर्णसमाम्नायेन संहिताः सन्तः ये वहन्ति आत्मलाभं ते अयोगवाहाः આવી વ્યુત્પત્તિ બતાવી જુદો અર્થ કરે છે. તે કહે છે 'અનુસ્વારાદિ વર્ણો ક્યારે પણ સ્વતંત્ર ઉચ્ચારાતા નથી. પરંતુ અ વિગેરે વર્ણોની સાથે જોડાયેલા જ ઉચ્ચારાય છે. જેમકે અનુસ્વાર અને વિસર્ગ તેમની પૂર્વમાં અ વિગેરે સ્વરોનો યોગ હોય તો જ ઉચ્ચારાય છે અને જિહ્વામૂલીય, ઉપધ્માનીય તેમની પરમાં ક્રમશઃ ક્-ખ્ અને પ્-ફ્ નો યોગ હોય તો જ ઉચ્ચારવામાં આવે છે, માટે અયોગવાહ કહેવાય છે.'

27) ***अर्थापत्ति*** – અપ્રત્યક્ષ પદાર્થની સિદ્ધિ જેના થકી થાય તેને અર્થાપત્તિ પ્રમાણ કહેવાય. દા.ત. 'पीनो देवदत्तो दिवा न भुङ्क्ते' અહીં 'દેવદત્ત દિવસે ખાતો નથી અને છતાંય પીન છે ? ચોક્કસ તે રાત્રે ખાતો હશે.' આમ વાક્યમાં ક્યાંય પણ રાત્રિભોજનનો ઉલ્લેખ કર્યો ન હોવા છતાં દિવાભોજનના ત્યાગપૂર્વકના પીનત્વ દ્વારા અપ્રત્યક્ષ એટલે વાક્યમાં અનુલ્લિખિત રાત્રિભોજન પદાર્થની સિદ્ધિ થાય છે. તો દિવાભોજનના ત્યાગપૂર્વકનું પીનત્વ અર્થાપત્તિ પ્રમાણ કહેવાય. આ અર્થાપત્તિને વેદાંતીઓ સ્વતંત્ર પ્રમાણરૂપે સ્વીકારે છે. જ્યારે નૈયાયિકાદિ તેને અનુમાન પ્રમાણમાં સમાવી લે છે. અર્થાપત્તિના દૃષ્ટાર્થાપત્તિ અને શ્રુતાર્થાપત્તિ આમ બે ભેદ વિગેરે વિશેષ વેદાંતપરિભાષા વિગેરે આકર ગ્રંથો થકી જાણી લેવું જોઈએ.

28) ***अलौकिकविग्रह*** – શાસ્ત્રીય પ્રક્રિયાઓ કરવા માટે જે વિગ્રહ કરાય તે અલૌકિક વિગ્રહ કહેવાય. દા.ત. राजपुरुषः સમાસનો राजन् अस् पुरुष स् આ અલૌકિક વિગ્રહ કહેવાય. અલૌકિક વિગ્રહ પહેલા થાય અને તેને આધારે જે પદો નિષ્પન્ન થાય તે લોકસમક્ષ લૌકિક વિગ્રહ તરીકે મૂકાય.

29) ***अवधि*** – અવધિ એટલે સીમા. તે મર્યાદા અને અભિવિધિ એમ બે પ્રકારની છે અને આ બન્ને અર્થો આઙ્ અવ્યયથી દ્યોતિત થાય છે. અભિવિધિ અને મર્યાદા પૈકીનો કયો અર્થ ક્યારે લેવો તે તો પ્રકરણાદિ વશ સમજવાનો રહે છે.

30) ***अव्यवहित*** – વ્યવધાન વિનાનું = આંતરા વિનાનું.

31) ***अव्युत्पत्तिपक्ष*** – ઉણાદિ નામોમાં પ્રકૃતિ અને પ્રત્યયના ભેદને ન સ્વીકારનારો પક્ષ અવ્યુત્પત્તિપક્ષ કહેવાય છે. આ પક્ષ આચાર્ય પાણિનિનો છે. તેઓશ્રી ઉણાદિ નામોને કોક ધાત્વાત્મક પ્રકૃતિ અને કૃત્ પ્રત્યયોને લઈને નિષ્પન્ન થયેલા નથી માનતા પણ અખંડ શબ્દરૂપે સ્વીકારે છે.

32) ***आकृति*** – જાતિ.

33) ***आकृतिगण*** – આકૃતિગણ એટલે એવા પ્રકારનો શબ્દસમૂહ કે જેમાં શબ્દોની સંખ્યા નિશ્ચિત નથી હોતી. તે ગણમાં ઉદાહરણ તરીકે દર્શાવેલા શબ્દો જેવા આકારવાળા બીજા જે કોઈ શબ્દો અન્યત્ર જોવા મળે તે બધાનો પણ આ ગણમાં સમાવેશ કરવાનો હોય છે. વ્યાકરણમાં 'गौरादिभ्यो० २.४.१९' અને 'श्रेण्यादिकृताद्यै० ३.१.१०४' વિગેરે સૂત્રમાં બતાવેલા ગૌરાદિ, કૃતાદિ વિગેરે આકૃતિગણો છે.

34) ***आख्यात*** – આખ્યાત એટલે ધાતુને લાગતા તિવ્-તસ્ આદિ પ્રત્યયો. અથવા ક્રિયાપદને પણ આખ્યાત રૂપે ગણવામાં આવે છે.

35) ***आन्तर्य*** – આસન્ન.

36) ***आर्षप्रयोग*** – ઋષિમુનિઓનો જે પ્રયોગ વ્યાકરણની દૃષ્ટિએ બંધબેસતો ન હોય છતાં વ્યાજબી મનાતો હોય તેને આર્ષપ્રયોગ કહેવાય.

37) ***आसन्न*** – આસન્ન એટલે અત્યંત સદશ. જ્યારે આસન્ન અને અનાસન્ન કાર્યનો એકસાથે પ્રસંગ હોય ત્યારે સ્થાન (= કંઠ વિગેરે આઠ), અર્થ અને પ્રમાણ (= માત્રા) આદિ કૃત આસન્ન જ કાર્ય થાય છે. ક્રમશઃ તેના દૃષ્ટાંતો આ પ્રમાણે છે –

**(a)** ***स्थान*** – दण्ड + अग्रम् અવસ્થામાં દણ્ડ ગત સમાનસ્વર અ ને અગ્રમ્ ના સમાનસ્વર અ ની સાથે 'समानानां० १.२.१' સૂત્રથી દીર્ઘ આદેશની પ્રાપ્તિ છે. પરંતુ દીર્ઘ તો આ, ઈ, ઊ, ૠ વિગેરે અનેક છે. તો અહીં કયો દીર્ઘ આદેશ કરવો એ પ્રશ્ન ઉદ્ભવતા આદેશી અ કંઠ્ય હોવાથી તેને કંઠ સ્થાનને લઈને કંઠ્ય આ આદેશ આસન્ન હોવાથી આ આદેશ જ કરવામાં આવે છે. પ્રયોગ दण्डाग्रम् થશે.

**(b)** ***अर्थ*** - वतण्डी चासौ युवतिः च આ કર્મધારયસમાસ માટેના વિગ્રહમાં વતણ્ડી નામને 'पुंवत् कर्मधारये ३.२.५७' સૂત્રથી પુંવદ્ભાવની પ્રાપ્તિ છે. તો અહીં वातण्ड्य અને વતણ્ડ આમ બે રીતે પુંવદ્ભાવની પ્રાપ્તિ વર્તતા કયો પુંવદ્ભાવ કરવો એ પ્રશ્ન ઉદ્ભવતા વતણ્ડી ને અર્થને આશ્રયીને આસન્નતા वातण्ड्य માં જ સંભવે છે. તેથી वातण्ड्य રૂપે પુંવદ્ભાવ કરવામાં આવે છે. સામાસિક પ્રયોગ वातण्ड्ययुवतिः આમ થાય છે. અહીં અર્થની આસન્નતા એટલા માટે છે કે વતણ્ડી શબ્દ 'વતણ્ડની અપત્ય એવી સ્ત્રી' આ અર્થમાં વર્તે છે. અને वातण्ड्य શબ્દ 'વતણ્ડનો અપત્ય' આ અર્થમાં વર્તે છે. આમ 'અપત્ય' અર્થને લઈને અર્થની આસન્નતા છે. જ્યારે વતણ્ડ શબ્દ 'વતણ્ડીના પિતા' અર્થવાળો હોવાથી તેમાં અર્થને લઈને આસન્નભાવ પ્રાપ્ત થતો નથી.

**(c)** ***प्रमाण*** - अमुष्मै પ્રયોગસ્થળે સાધનિકાની ક્રમશઃ अदस् + ङे → अद + ङे → अद + स्मै અવસ્થાઓમાંથી પસાર થઈ જ્યારે अम + स्मै અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે अम ના म् થી પરમાં રહેલા अ ને 'मादुवर्णो० २.१.४७' સૂત્રથી उ વર્ણ આદેશ કરવાના પ્રસંગે પ્રશ્ન થાય કે આદેશ હ્રસ્વ उ રૂપે કરવો ? કે દીર્ઘ ऊ રૂપે કરવો ? તો એક માત્રિક अ ને પ્રમાણ (= માત્રા)ને લઈને આસન્ન એકમાત્રિક હ્રસ્વ उ હોવાથી તે રૂપે જ આદેશ કરવામાં આવે છે. પ્રયોગ अमुष्मै આ પ્રમાણે થાય છે.

ઉપર સ્થાન, અર્થ અને પ્રમાણ આમ ત્રણ પ્રકારના આસન્ન બતાવ્યા પછી आदि પદ મૂક્યું છે, તે आदि પદથી ગુણ રૂપ આસન્નનું ગ્રહણ કરવાનું છે. ગુણ પદથી સ્થાનાદિ ત્રણે પ્રકારના આસન્નથી ભિન્ન સર્વ પ્રકારના આસન્નોને લઈ લેવાના છે. તેનું દૃષ્ટાંત 'परिभाषेन्दुशेखर-१७' માં वाग्घरि આ પ્રમાણે દર્શાવ્યું છે. તેની પ્રક્રિયા ત્યાંથી જાણી લેવી.

બીજી એક વાત પણ ધ્યાનમાં લેવી કે જે સ્થળે એકસાથે અનેક પ્રકારના આસન્નભાવ પ્રાપ્ત હોય ત્યાં સ્થાનાશ્રિત આસન્નભાવ સૌથી બળવાન બને છે. કેમકે ન્યાય છે કે ***'यत्रानेकविधमान्तर्यं तत्र स्थानत आन्तर्यं बलीयः'***; आन्तर्य = આસન્નભાવ.

**38) इत्** – 'ईत्' આ એક સંજ્ઞા છે અને તે सान्वर्थ છે. ***'एति इति इत्'*** આ પ્રમાણે તેની વ્યુત્પત્તિ થાય છે. અર્થાત્ વ્યાકરણશાસ્ત્રીય પ્રક્રિયાકાળે જે વર્ણો ધાતુ-નામ-પ્રત્યય-આગમ-આદેશ-ઉપદેશ સાથે જોડાયેલા હોય છે પરંતુ લૌકિક પ્રયોગકાળે (= ભાષાકીય પ્રયોગમાં) તેઓ ચાલ્યા જાય છે એટલે કે તેમનો પ્રયોગ થતો નથી. આથી તે વર્ણોને 'ईत्' સંજ્ઞક ગણવામાં આવે છે. આ વર્ણો ईत् અર્થાત્ લૌકિક પ્રયોગકાળે અપ્રયોગી હોય છે. તો તેમનું ફળ શું ? તે અનુબંધફળને દર્શાવતી કારિકાદિથી જાણી લેવું.

**39) इत्** – વ્યાકરણશાસ્ત્રમાં ધાતુ, પ્રત્યયાદિ સાથે બતાવાતો વર્ણ કે વર્ણ સમુદાય જે લૌકિક શબ્દપ્રયોગમાં ટકતો નથી છતાં પોતાની કાંઈક અસર છોડતો જાય છે તેને 'ईत्' કહેવાય છે. ईत् શબ્દ सान्वर्थ છે. તેની વ્યુત્પત્તિ ***'एति = अपगच्छति इति इत्'*** આમ થાય છે. જેમકે एध् (एधि) અને शी (शीङ्) ધાતુસ્થળે इ અને ङ

ઈત્ છે, તો તેઓ આ બન્ને ધાતુઓને લઈને થતા એધતે અને શેતે વિગેરે લૌકિક પ્રયોગમાં ટકતા નથી. પરંતુ કર્તરી પ્રયોગમાં આ ધાતુઓને આત્મનેપદ પ્રત્યયો જ લાગશે, આવી પોતાની અસર છોડતા જાય છે. એ જ રીતે ત (क्त), त्वा (क्त्वा) વિગેરે પ્રત્યયસ્થળે क् ઈત્ છે, તે जितः વિગેરે લૌકિક પ્રયોગસ્થળે જિ ધાતુના इ નો ગુણ થવા દેતો નથી.

**40) उपचार–** જે શબ્દ જેનો (જે પદાર્થનો) વાચક નથી, તે શબ્દ દ્વારા તે પદાર્થનું અભિધાન કરવું તેને ઉપચાર કહેવાય. *'अतच्छब्दस्य तेन शब्देनाऽभिधानम् उपचारः'* શાસ્ત્રમાં અનેક પ્રકારના ઉપચારો બતાવવામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે –

*'[a]सहचरण - [b]स्थान - [c]तादर्थ्य - [d]वृत्त - [e]मान - [f]धारण - [g]सामीप्य - [h]योग - [i]साधनाऽधिपत्येभ्यो। [a]ब्राह्मण - [b]मञ्च - [c]कट - [d]राज - [e]सक्तु - [f]चन्दन - [g]गङ्गा - [h]शाकटाऽत्र - [i]पुरुषेष्वतद्भावेऽपि [j]तदुपचारः।। (न्यायसूत्र २/२/६१)*

**(a) *सहचरण*** – સાહચર્ય સંબંધને લઈને થતા ઉપચારને સહચરણ ઉપચાર કહેવાય છે. દા.ત. 'यष्टिकां भोजय' તું બ્રાહ્મણને જમાડ. યષ્ટિકા શબ્દનો મુખ્યાર્થ 'દંડ' છે. પરંતુ દંડમાં ભોજનક્રિયા બાધિત હોવાથી યષ્ટિકા શબ્દ સાહચર્ય સંબંધથી દંડના સહચારી એવા બ્રાહ્મણનો વાચક બન્યો છે. આમ સાહચર્ય સંબંધને લઈને યષ્ટિકા શબ્દનો બ્રાહ્મણમાં ઉપચાર થયો હોવાથી આ સહચરણોપચાર છે. જેમ – કોઈ દાઢીવાળા વ્યક્તિને દેખીને કહેવામાં આવે કે "એ દાઢી ! અહીં આવ" તો ત્યાં પણ સહચરણ ઉપચાર સમજવો.

**(b) *स्थान*** – સ્થાનવાચક શબ્દનો સ્થાનગત વસ્તુમાં કરાતો ઉપચાર તે સ્થાનોપચાર.

દા.ત. मञ्चाः क्रोशन्ति। મંચસ્થ પુરૂષો અવાજ કરે છે.

અહીં 'મંચ' માં અવાજ કરવા રૂપ ક્રિયા અનુપપન્ન હોવાથી मञ्च શબ્દ મંચસ્થ પુરૂષોમાં ઉપચરિત છે. 'तास्थ्यात् तद्व्यपदेशः' ન્યાય પણ સ્થાન ઉપચારને જ સૂચવે છે.

**(c) *तादर्थ्य*** – કાર્યના ઉપાદાન કારણને 'તદર્થ' કહેવાય. કાર્યવાચક શબ્દનો તદર્થમાં કરાતો ઉપચાર 'તાદર્થ્ય ઉપચાર' કહેવાય છે.

દા.ત. कटं करोति। ચટાઈ બનાવે છે. (અર્થાત્ ચટાઈ માટે તૃણાદિ વણે છે.)

તૃણાદિને વણીને નિષ્પન્ન થયેલ વસ્તુને કટ કહેવાય છે. નિષ્પન્ન થયેલા કટને પુનઃ નિષ્પન્ન કરવાનો ન હોય. તેથી 'कटं करोति' શબ્દપ્રયોગની અસંગતતા ટાળવા કટશબ્દનો ઉપચાર કટ માટે વણાતા તેના ઉપાદાન કારણ એવા તૃણાદિમાં કરાય છે જે તાદર્થ્ય ઉપચાર છે.

**(d) *वृत्त*** - વૃત્ત એટલે આચરણ કે સ્વભાવ. તેના સામ્યને લઈને થતા ઉપચારને વૃત્ત ઉપચાર કહેવાય.

દા.ત. યમો રાજા, કુબેરો રાજા। રાજા યમ છે, રાજા કુબેર છે.

**(e) *मान*** - માન (માપ) વાચી નામોનો મેય (માપવા યોગ્ય) પદાર્થમાં થતો જે ઉપચાર તેને માન ઉપચાર કહેવાય.

દા.ત. आढकसक्तवः। આઢકથી મપાયેલ સક્તુ. આઢક = માપ વિશેષ અને સક્તુ = સાથવો.

અહીં આઢકથી મપાયેલ સક્તુને આઢક સક્તુ કહેવાય છે. આમ આઢકાત્મક માપ વિશેષનો સાથવામાં ઉપચાર કરવાથી સાથવો આઢક વ્યપદેશને પામે છે.

જેમ વ્યવહારમાં પણ શેર વજનથી મપાયેલા ચોખા શેર ચોખા કહેવાય છે. ત્યાં માનવાચી શેર શબ્દનો મેય એવા ચોખામાં ઉપચાર છે.

**(f) *धारण*** - ધારકવસ્તુવાચી નામનો ધૃતવસ્તુરૂપે ઉપચાર તે ધારણ ઉપચાર કહેવાય.

દા.ત. तुलाचन्दनं। તુલામાં ધરાયેલું ચંદન.

અહીં ધૃત એવા ચંદનમાં તેના ધારક તુલા શબ્દનો ઉપચાર કરેલો છે.

**(g) *सामीप्य*** - શબ્દ જ્યારે સ્વવાચ્યાર્થની સમીપમાં રહેલ પદાર્થને જણાવે ત્યારે તેને સામીપ્ય ઉપચાર કહેવાય. અર્થાત્ સામીપ્ય સંબંધને લઈને કરાતો ઉપચાર તે સામીપ્ય ઉપચાર.

દા.ત. गङ्गायां गावश्चरन्ति। ગંગા કિનારે ગાયો ચરે છે.

અહીં ગંગા શબ્દનો સમીપવર્તી કિનારામાં ઉપચાર છે.

**(h) *योग*** - શબ્દ જ્યારે સ્વવાચ્ય પદાર્થથી યુક્ત એવી વસ્તુને જણાવવામાં તત્પર બને ત્યારે તેને યોગ ઉપચાર કહેવાય.

દા.ત. कृष्णेन रागेण युक्तः शाटकः, कृष्णः इत्यभिधीयते। કાળા રંગથી યુક્ત સાડી 'કાળી' કહેવાય.

કૃષ્ણ શબ્દ આમ તો કાળા વર્ણનો વાચક છે, પણ અહીં તેનાથી યુક્ત એવી સાડીમાં ઉપચરિત છે.

**(i) *साधन*** - સાધનભૂત વસ્તુનો સાધ્ય રૂપે વ્યપદેશ કરાય તેને સાધન ઉપચાર કહેવાય.

દા.ત. अन्नं प्राणाः। અન્ન પ્રાણ છે.

આમ તો અન્ન પોતે પ્રાણ નથી, પણ તે પ્રાણનું સાધન (= હેતુ) છે. છતાં અહીં સાધનમાં સાધ્યનો ઉપચાર કરી અન્નને પ્રાણ કીધા છે. આને કારણમાં કાર્યનો ઉપચાર પણ કહી શકાય.

(j) ***आधिपत्य*** - કુળ કે ગોત્રના અધિપતિ પુરુષનો 'कुल' કે 'गोत्र' પદથી વ્યપદેશ કરવો તે આધિપત્ય ઉપચાર કહેવાય.

દા.ત. अयं पुरुषः कुलम्, अयं पुरुषः गोत्रम्। આ પુરૂષ કુળનો અધિપતિ છે. આ પુરૂષ ગોત્રનો અધિપતિ છે.

અહીં 'कुल' અને 'गोत्र' શબ્દ કુળ કે ગોત્રના અધિપતિ એવા પુરૂષને જણાવવામાં તત્પર છે. આમ આધિપત્યસંબંધથી અહીં ઉપચાર છે.

41) ***उपदेशावस्था*** – ધાતુ વિગેરેને એકપણ પ્રત્યય ન લાગ્યો હોય તેવી મૂળ અવસ્થા.

42) ***उपधा*** – શબ્દના ઉપાન્ત્ય વર્ણને ઉપધા કહેવાય છે.

43) ***उपपदविभक्ति*** – નજીકમાં ઉચ્ચારાયેલા પદના કારણે જે વિભક્તિ પ્રાપ્ત થતી હોય તેને ઉપપદવિભક્તિ કહેવાય. જેમકે नमो देवेभ्यः, અહીં નજીકમાં રહેલા नमस् અવ્યયના કારણે देव શબ્દને 'शक्तार्थ-वषड्० २.२.६८' સૂત્રથી ચતુર્થી વિભક્તિ લાગી છે, તેથી તે ઉપપદવિભક્તિ કહેવાય.

44) ***उपलक्षण*** – જે શબ્દ પોતાના અર્થનું પ્રતિપાદન કરતો હોય અને સાથે સાથે અન્ય પદાર્થોનું પણ પ્રતિપાદન કરતો હોય તે ઉપલક્ષણ કહેવાય. દા.ત. માતા પોતાના પુત્રને કહે કે "બિલાડીથી દૂધનું રક્ષણ કરજે" તો અહીં 'બિલાડી' શબ્દ રક્ષણ કરવાની બાબતમાં માત્ર બિલાડીનું જ નહીં , દૂધના ભક્ષક કુતરા વિગેરેનું પણ પ્રતિપાદન કરે છે. તેથી તે ઉપલક્ષણ કહેવાય.

45) ***उपश्लिष्ट*** – અત્યંત (= વ્યવધાન વિના) જોડાયેલ.

46) ***उपसर्ग*** – ધાતુની સાથે પૂર્વે જોડાનારા પ્ર વિગેરે અવ્યયોને ઉપસર્ગ કહેવાય છે. તેઓ પ્ર, परा, अप, सम्, अनु, अव, निस्, निर्, दुस्, दुर्, वि, आङ्, नि, अधि, अपि, अति, सु, उत्, अभि, प्रति, परि, उप આ પ્રમાણે બાવીશ છે. અહીં ધ્યાનમાં રાખવું કે જો પ્ર આદિ અવ્યયો ધાતુની સાથે જોડાયા હોય તો જ તેમને ઉપસર્ગસંજ્ઞા પ્રાપ્ત થાય છે, અન્યથા નહીં. ***'धात्वर्थं बाधते कश्चित्, कश्चित् तमनुवर्तते। तमेव विशिनष्ट्यन्योऽनर्थकोऽन्यः प्रयुज्यते।।'*** શ્લોકાનુસારે ઉપસર્ગોના ચાર પ્રકાર છે. **(a)** કેટલાક ઉપસર્ગો ધાતુના અર્થને બાધિત કરે છે અર્થાત્ બદલી નાંખે છે. જેમકે हृ ધાતુનો અર્થ 'હરણ કરવું' થાય છે પરંતુ પ્રહાર, આહાર, સંહાર, વિહાર, પ્રતિહાર વિગેરે સ્થળે પ્ર આદિ ઉપસર્ગો हृ ધાતુના અર્થને બદલી દે છે. **(b)** કેટલાક ઉપસર્ગો ધાતુના અર્થને અનુસરે છે. તેઓ ધાતુના અર્થને બદલતા નથી. દા.ત. अध्येति **(c)** કેટલાક ઉપસર્ગો ધાતુના અર્થને વિશેષિત કરે છે. જેમકે ईक्षते સ્થળે ईक्ष् ધાતુનો અર્થ 'જોવું' થાય છે. જ્યારે निरीक्षते સ્થળે निर् + ईक्ष् ધાતુનો અર્થ 'સૂક્ષ્મતાથી જોવું' થાય છે. **(d)** કેટલાક ઉપસર્ગો ધાતુની સાથે શોભાના ગાંઠીયાની જેમ નકામા જોડાય છે. તેઓ ધાતુના અર્થને કાંઈ અસર પહોંચાડતા નથી. જેમકે विशति અને प्रविशति આ બન્ને સ્થળે અર્થ 'પ્રવેશ કરવો' જ થાય છે.

અહીં ધ્યાનમાં રાખવું કે બીજા અને ચોથા ભાંગામાં બન્ને સ્થળે ઉપસર્ગ દ્વારા ધાતુના અર્થમાં ફેરફાર થતો નથી, છતાં બન્ને ભાંગાને જુદા બતાવ્યા છે. તે એટલા માટે કે બીજા ભાંગામાં ઉપસર્ગ ધાતુના અર્થને ન બદલવા છતાં તે કાયમને માટે ધાતુની સાથે જોડાયેલો જ રહે છે. અર્થાત્ 'ભાણવું' અર્થવાળા इ ધાતુનો અધિ ઉપસર્ગ વિનાનો કોરો પ્રયોગ જોવા નહીં મળે તેમ સૂચવવું છે. જ્યારે ચોથા ભાંગામાં ઉપસર્ગ દ્વારા અર્થ ન બદલાવા છતાં ઉપસર્ગ ધાતુ સાથે અવશ્ય જોડાયેલો જ રહેશે તેવું નહીં બને.

ઉપસર્ગ પોતે સ્વતંત્રપણે અમુક અર્થના વાચક હોય છે ? કે ધાતુમાં સુષુપ્તપણે પડેલા અર્થના દ્યોતક હોય છે ? આ અંગે વિસ્તૃત ચર્ચા છે, તે વાક્યપદીયાદિ ગ્રંથો તેમજ તેની ટીકાથી જાણી લેવી. આ સિવાય આગળ કહ્યું કે ઉપસર્ગો ધાતુની પૂર્વે જોડાય છે, પરંતુ વૈદિક ભાષામાં ઉપસર્ગો શબ્દોની વચમાં અને અંતે પણ જોડાતા હોય તેમ જોવા મળે છે.

47) ***उपसर्जन*** – ગૌણ.

48) ***उपादान*** – સ્થાપન, મૂકવું.

49) ***एकशेष*** – આ દ્વન્દ્વસમાસની અપવાદભૂત એક પ્રકારની વૃત્તિ છે. આ વૃત્તિમાં જોડાનાર અનેક શબ્દો પૈકી એક શબ્દ જ શેષ રહે છે માટે આને એકશેષવૃત્તિ કહેવાય છે. જેમકે वक्रश्च कुटिलश्च = वक्रौ અથવા कुटिलौ, माता च पिता च = पितरौ, अक्षश्च (शकटस्य) अक्षश्च (देवनः) अक्षश्च (बिभितकः) = अक्षाः. અહીં ધ્યાનમાં રાખવું કે એકશેષવૃત્તિ મોટે ભાગે સ્વરૂપની સમાનતા ધરાવતા શબ્દો કે અર્થની સમાનતા ધરાવતા વિસદશ શબ્દો વચ્ચે થતી હોય છે અને माता च पिता च = पितरौ જેવા કેટલાક જૂજ સ્થળે શબ્દસ્વરૂપ કે અર્થની સમાનતા ન હોવા છતાં બે શબ્દો વચ્ચે એકશેષવૃત્તિ થાય છે. વિશેષ એ કે એકશેષવૃત્તિ પામનાર શબ્દો પૈકી જે શબ્દ લોપાય છે તેનો અર્થ શેષ રહેલા શબ્દ દ્વારા વ્યક્ત થાય છે અને જેટલા શબ્દોને લઈને આ વૃત્તિ થઈ હોય છે તેને નજરમાં રાખતા શેષ શબ્દની સાથે દ્વિવચન કે બહુવચનની વિભક્તિઓ જોડવામાં આવે છે.

50) ***एकान्तपक्ष*** – અવયવપક્ષ.

51) ***ऐकार्थ्य*** – આ એક પ્રકારનું 'समर्थः पदविधिः ७.४.१२२' સૂત્રોક્ત સામર્થ્ય છે અને તે વૃત્તિસ્થળે જોવા મળે છે. આને એકાર્થીભાવ પણ કહેવામાં આવે છે. ભિન્ન અર્થવાળા પદોનું પોતાનો અર્થ ત્યજવા પૂર્વક કે પોતાનો અર્થ ગૌણ પડવા પૂર્વક એક અર્થવાળા થવું તેને એકાર્થીભાવ કહેવાય છે. સમાસાદિ કોઈપણ વૃત્તિ આ સામર્થ્ય આવ્યા પછી જ થઈ શકે છે. અહીં 'પોતાનો અર્થ ત્યજવા પૂર્વક કે પોતાનો અર્થ ગૌણ પડવા પૂર્વક' આમ જે લખ્યું છે તે ક્રમશઃ જહત્સ્વાર્થપક્ષ અને અજહત્સ્વાર્થપક્ષને આશ્રયીને લખ્યું છે. જહત્સ્વાર્થપક્ષ મુજબ સમાસાદિ થતા પૂર્વે વિગ્રહાવસ્થામાં વર્તતા ગૌણ-મુખ્યપદો પોતાનો અર્થ ત્યજવા પૂર્વક એક નવા અખંડ અર્થવાળા થયા

થકા સમાસાદિ પામે છે. જ્યારે અજહત્સ્વાર્થપક્ષ મુજબ સમાસાદિ થતા પૂર્વે વિગ્રહાવસ્થામાં વર્તતા ગૌણ-મુખ્ય પદો ગૌણ અને મુખ્ય આમ બે અર્થવાળા રહ્યા થકા એકાર્થક બની સમાસાદિ પામે છે. દૃષ્ટાંતો જહત્સ્વાર્થપક્ષ શબ્દ અને અજહત્સ્વાર્થપક્ષ શબ્દસ્થળે જોઈ લેવા.

52) ***कारकविभक्ति*** – ક્રિયાનો જનક હોય તેને કારક કહેવાય. તાદશ કારકના નિમિત્તે જે વિભક્તિ પ્રાપ્ત થતી હોય તેને કારકવિભક્તિ કહેવાય. જેમકે स स्थाल्यां तण्डुलान् पचति, અહીં स्थाली અધિકરણ કારક છે, તો તેના નિમિત્તે 'सप्तम्यधिकरणे २.२.९५' સૂત્રથી પ્રાપ્ત થતી સપ્તમી વિભક્તિને કારકવિભક્તિ કહેવાય. स्थाली એ पच् धात्वर्थ विक्लित्ति (= પાકપોચાશ) રૂપ ક્રિયાના આશ્રય તણ્ડુલ ને ધારણ કરવાની અવાન્તર ક્રિયાને આશ્રયીને પાકક્રિયાની જનક છે, માટે તેને 'क्रिया-ऽऽश्रयस्याधारोऽधिकरणम् २.२.३०' સૂત્રથી અધિકરણ કારકસંજ્ઞા પ્રાપ્ત છે.

53) ***कार्यिन्*** – આદેશી.

54) ***कृताऽकृतप्रसङ्गिन्*** – જે સૂત્રની પ્રવૃત્તિ સ્પર્ધ એવા ઇતર સૂત્રની પ્રવૃત્તિ કરતા પૂર્વે પણ પ્રાપ્ત હોય અને કર્યા પછી પણ પ્રાપ્ત હોય તે કૃતાકૃતપ્રસંગી સૂત્ર કહેવાય.

55) ***क्रिया*** – ભૂ વિગેરે ધાતુઓના અર્થને ક્રિયા કહેવાય છે. તે બે પ્રકારની હોય છે. **(a)** સાધ્યા અને **(b)** સિદ્ધા.

**(a)** સાધ્યા ક્રિયામાં અન્ય ક્રિયાપદની આકાંક્ષા (= અપેક્ષા) નથી હોતી. જેમકે देवदत्तः पचति અહીં पचति સાધ્યા ક્રિયાને અન્ય करोति વિગેરે ક્રિયાપદોની અપેક્ષા નથી રહેતી.

**(b)** સિદ્ધા ક્રિયાને અન્ય भवति, क्रियते વિગેરે ક્રિયાપદોની આકાંક્ષા રહે છે. જેમકે देवदत्तेन पाकः क्रियते, અહીં पाक રૂપ સિદ્ધા ક્રિયાને क्रियते ક્રિયાપદની અપેક્ષા રહેશે. કેમકે એકલા देवदत्तेन पाकः વાક્યાંશ દ્વારા નિરાકાંક્ષ પ્રતીતિ નથી થતી.

56) ***गण*** – ગણ એટલે શબ્દોનો સમૂહ; તે બે પ્રકારના હોય છે. **(a)** આકૃતિગણ અને **(b)** નિયત ગણ. વિશેષ જાણવા આ બન્ને શબ્દ જોવા.

57) ***गतार्थ*** – જે અર્થનો વાચક કોઈ શબ્દ વાક્યમાં ન મૂક્યો હોય છતાં પ્રકરણાદિ વશ તે અર્થ જણાઈ આવતો હોય તે અર્થને ગતાર્થ કહેવાય. જેમકે શિયાળાના સમયમાં સ્વામી સેવકને કહે કે 'द्वारम्' તો કાળ વશે સેવક 'पिधेहि = બંધ કર' અર્થને સહજ સમજી જાય. અહીં સ્વામી દ્વારા पिधेहि પદ ઉચ્ચારાયું નથી, છતાં તેનો અર્થ કાળવશ જણાઈ ગયો તેથી તે ગતાર્થ કહેવાય.

58) ***गुणवचन*** – જે શબ્દ આમ તો ગુણના વાચક રૂપે વર્તતો હોય, પરંતુ બાજુમાં ગુણીના અર્થાત્ દ્રવ્યના વાચક એવા વિશેષ્યશબ્દનો યોગ થવાથી તે ગુણવાચક એવો શબ્દ પણ ગુણીના (દ્રવ્યના) વાચક રૂપે વર્તવા લાગે

ત્યારે તેને ગુણવચન કહેવાય. જેમકે નીલ શબ્દ આમ તો નીલ રૂપાત્મક ગુણનો વાચક છે. છતાં નીલો ઘટઃ પ્રયોગસ્થળે જ્યારે તેની બાજુમાં ઘટ દ્રવ્યના વાચક વિશેષ્ય ઘટ શબ્દનો યોગ થાય ત્યારે તે નીલ શબ્દ નીલરૂપવાળા તે ઘટ દ્રવ્યનો વાચક બનતો હોવાથી તેને ગુણવચન કહેવાય. ગુણવચનની વ્યાખ્યા ***'ये गुणे वर्तित्वा तद् (=द्रव्यवाचकशब्द) योगाद् गुणिन्यपि वर्तन्ते ते गुणवचनाः'*** આ પ્રમાણે છે.

59) ***गृह्यमाणविभक्ति*** – સૂત્રમાં સાક્ષાત્ નામોચ્ચારણ પૂર્વક ગ્રહણ કરાતા નામોને લાગેલી વિભક્તિ ગૃહ્યમાણ વિભક્તિ કહેવાય છે.

60) ***गोत्र*** – વ્યાકરણમાં ગોત્ર એટલે પૌત્ર, પ્રપૌત્ર રૂપ ત્રીજી-ચોથી પેઢી. જ્યારે અપત્ય એટલે પુત્ર, પૌત્ર, પ્રપૌત્રાદિ બધા સમાઈ જાય. આથી જ વ્યાકરણમાં પુત્રાદિને અપત્ય કહેવાય છે. જ્યારે પૌત્ર, પ્રપૌત્રાદિને ગોત્રાપત્ય કહેવાય છે.

61) ***गौरव-लाघव*** – વ્યાકરણશાસ્ત્રમાં બે પ્રકારના ગૌરવ-લાઘવની વાત જોવા મળે છે. **(a)** પ્રક્રિયાકૃત અને **(b)** માત્રાકૃત. જ્યારે ન્યાયાદિ દર્શનશાસ્ત્રોમાં ત્રણ પ્રકારના ગૌરવ-લાઘવની વાત જોવા મળે છે : **(a)** શરીરકૃત **(b)** ઉપસ્થિતિકૃત અને **(c)** સંબંધકૃત. શાસ્ત્ર હંમેશા લાઘવયુક્ત હોવું વ્યાજબી ગણાય. નાહકનું લંબાણ કરી ગ્રંથનું કદ વધારી દેવામાં આવે તો અભ્યાસુવર્ગનો શાસ્ત્રાભ્યાસમાં અપ્રવેશ, પ્રવેશ કરે તો શક્તિનો ખોટો વ્યય વિગેરે દોષો આવતા હોવાથી શાસ્ત્રોમાં ગૌરવ-લાઘવની ચર્ચા કરવામાં આવે છે. પ્રક્રિયાકૃત અને માત્રાકૃત ગૌરવ-લાઘવ અંગે વિશેષ જાણવા તે બન્ને શબ્દો જોવા.

62) ***चरितार्थ*** – સફળ, સાવકાશ.

63) ***चार्थ*** – च અવ્યયના અર્થને ચાર્થ કહેવાય છે. च અવ્યયના સમુચ્ચય, અન્વાચય, ઇતરેતરયોગ અને સમાહાર આમ ચાર અર્થ થાય છે.

64) ***जहत्स्वार्थपक्ष*** – વૃત્તિમાં ગૌણ શબ્દ પર (પ્રધાન) શબ્દના અર્થનો બોધ કરાવે છે. પરંતુ શું તે પોતાના અર્થનો ત્યાગ કરીને પ્રધાન શબ્દના અર્થને જણાવે છે ? કે પછી ત્યાગ કર્યા વિના ? તો જહત્સ્વાર્થપક્ષ અનુસાર તે પોતાના અર્થનો ત્યાગ કરીને પ્રધાન શબ્દના અર્થને જણાવે છે. જેમકે राजपुरुष વૃત્તિસ્થળે ગૌણ राजन् પદ પોતાના 'રાજા' અર્થનો ત્યાગ કરી વિગ્રહાવસ્થામાં જે 'પુરૂષ' અર્થ પોતાથી બોધિત નહોતો થતો તેનો બોધ કરાવે છે. અહીં જહત્સ્વાર્થ શબ્દની વ્યુત્પત્તિ ***'जहति पदानि स्वार्थं यस्मिन् तद् जहत्स्वार्थम्'*** આ પ્રમાણે છે. અહીં પ્રશ્ન થશે કે ''જો राजपुरुष સ્થળે ગૌણ राजन् પદ પોતાના અર્થનો ત્યાગ કરીને મુખ્ય પુરુષ શબ્દના અર્થને જણાવશે તો राजपुरुष વૃત્તિથી 'રાજાનો પુરૂષ' આ અર્થ શી રીતે જણાશે ?'' પરંતુ આ પ્રશ્નનો જવાબ વિસ્તારપૂર્ણ હોવાથી તેને જાણવા વૃત્તિ શબ્દના અર્થમાં દર્શાવેલા ગ્રંથો જોઈ લેવા.

**65) *जाति* – *'आकृतिग्रहणा जातिर्लिङ्गानां च न सर्वभाक्। सकृदाख्यातनिर्ग्राह्या गोत्रं च चरणैः सह।।'***

ઉપરોક્ત શ્લોકમાં सकृदाख्यातनिर्ग्राह्या પદ જાતિના સ્વરૂપને બતાવનાર છે. વિવક્ષિત જાતિને કોઈ એક સ્થળે એકવાર બતાવી દેવામાં આવે પછી તે અન્યસ્થળે પણ સ્વતઃ જાણાઈ આવે છે. જેમકે કોઈ એક કાળી ગાય સ્થળે ''આ ગાય છે'' એમ કહી ગાય ઓળખાવવામાં આવે ત્યારે વ્યક્તિ તેમાં રહેલી 'ગોત્વ' જાતિને જાણી લે છે. પછી બીજી ધોળી વિગેરે કોઈપણ ગાય જો તે વ્યક્તિના જોવામાં આવે તો પણ તે તરત તેમાં રહેલ ગોત્વ જાતિને પકડી 'આ ગાય છે' એમ સ્વતઃ જાણી લે છે. અર્થાત્ ગોત્વ જાતિ દરેક ગાયમાં 'આ ગાય છે, આ ગાય છે' આવી અનુગત બુદ્ધિ કરાવવાનું કામ કરે છે. આ રીતે અન્ય જાતિ અંગે પણ સમજી લેવું. આ સિવાય જાતિ એક, નિત્ય અને પ્રત્યેક વ્યક્તિમાં રહેનાર હોય છે. અર્થાત્ ગોત્વ જાતિ આખી દુનિયામાં એક જ, નિત્ય તેમજ દરેક ગાયમાં રહેનાર હોય છે. જો એક માનવામાં ન આવે અર્થાત્ દરેક ગાયમાં જુદું જુદું ગોત્વ રહે છે એમ માનવામાં આવે તો એક ગાયમાં ગોત્વ પકડાયા પછી પણ બીજી ગાયમાં રહેલું ગોત્વ જુદું હોવાથી તેને ગાય તરીકે ઓળખી ન શકાય. જો જાતિને નિત્ય માનવામાં ન આવે તો ગાયનો નાશ થતા ગોત્વ જાતિનો પણ નાશ થવાથી બીજી ગાયોમાં ગોત્વ જાતિને ગ્રહણ કરવી શક્ય ન બને. પછી તેમને ગાય તરીકે શી રીતે ઓળખવી? અને જો જાતિને પ્રત્યેકમાં રહેનાર ન સ્વીકારીએ તો જે જે ગાયમાં ગોત્વ ન રહ્યું હોય તે તે ગાયને ગાય તરીકે જાણવી શક્ય ન બને. માટે તેને એક, નિત્ય અને સર્વત્ર વૃત્તિ માનવી પડે.

હવે જાતિ ત્રણ પ્રકારની હોય છે. કેટલીક જાતિઓ આકૃતિ દ્વારા ગ્રાહ્ય બનતી હોય છે. જે જાતિઓ આકૃતિ દ્વારા ગ્રાહ્ય ન બનતી હોય તેમનો વાચક શબ્દ ત્રણે લિંગમાં ન વર્તતો હોવો જોઈએ. અર્થાત્ ત્રણે લિંગમાં ન વર્તતા શબ્દથી વાચ્ય પદાર્થમાં જાતિ રહે છે તેમ સ્વીકારવામાં આવ્યું છે અને જ્યાં જાતિ હોવા છતાં આગળની બે રીત મુજબ તે સિદ્ધ ન થઈ શકતી હોય તો તેને માટે 'गोत्रं च चरणैः सह' કહી શ્લોકમાં જાતિને સિદ્ધ કરવાની ત્રીજી રીત બતાવી છે. આને જરા વ્યવસ્થિત રીતે સમજીએ.

**(a) *आकृतिग्रहणा*** – આકૃતિ = સંસ્થાન = આકાર. વસ્તુના આકાર દ્વારા જે જાતિઓ જાણાતી હોય તેમને આકૃતિગ્રહણા કહેવાય છે. જેમકે શીંગડા, પૂંછડા અને ગોદડી વિગેરે સમાન અવયવોના આકારવાળી ગાયોમાં વર્તતી ગોત્વ જાતિ આકૃતિગ્રહણા છે. ઘટત્વ, પટત્વ, મનુષ્યત્વ આદિ જાતિઓ પણ આવી જ સમજવી.

**(b) *लिङ्गानां च न सर्वभाक्*** – બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરેના આકારો સમાન હોય છે, તેથી આકારના આધારે બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ આદિ જાતિઓને જાણવી શક્ય ન બને. માટે જાતિનું આ બીજું લક્ષણ બતાવ્યું છે. જે વસ્તુનો વાચક શબ્દ ત્રણે લિંગમાં ન વર્તતો હોય તે વસ્તુમાં જાતિ રહે છે. જેમકે બ્રાહ્મણોનો વાચક ब्राह्मण શબ્દ ब्राह्मण અને ब्राह्मणी આમ બે જ લિંગમાં વર્તે છે, નપુંસકલિંગમાં નથી વર્તતો. તેથી બ્રાહ્મણોમાં વર્તતું બ્રાહ્મણત્વ એ જાતિ કહેવાય. આ જ રીતે ક્ષત્રિયત્વ, વૈશ્યત્વાદિ જાતિઓ અંગે પણ સમજવું.

અહીં ધ્યાનમાં રાખવું કે જાતિનું આ બીજું લક્ષણ 'આકૃતિગ્રહણા' આ પ્રથમ લક્ષણ દ્વારા જેમનો જાતિ તરીકે સંગ્રહ શક્ય ન હોય તેમના સંગ્રહ માટે છે, નહીં કે પ્રથમ લક્ષણના સંકોચ માટે. તેથી 'નદી' નો વાચક તટ શબ્દ तटः, तटी અને तटम् આમ ત્રણે લિંગમાં વર્તતો હોવાથી બીજા લક્ષણ મુજબ ભલે નદીમાં તટત્વ જાતિ સિદ્ધ ન થઈ શકતી હોય, છતાં દરેક નદીઓના 'બે કિનારા હોવા' વિગેરે આકારો સમાન હોવાથી તેમાં 'આકૃતિ-ગ્રહણા' આ પ્રથમ લક્ષણ મુજબ તટત્વ જાતિ સિદ્ધ થઈ શકશે.

यद्यपि देवदत्त શબ્દ देवदत्तः અને देवदत्ता આમ બે જ લિંગમાં વર્તે છે. તેથી બીજા લક્ષણ મુજબ દેવદત્ત પદાર્થમાં દેવદત્તત્વ જાતિ માનવાની આપત્તિ આવે. પરંતુ આ આપત્તિ નહીં આવે. કેમકે અમે આગળ જ કહી ગયા છીએ કે જાતિનું કામ અનુગત પ્રતીતિ કરાવવી એ છે. દેવદત્તત્વ એ દરેક દેવદત્તમાં 'આ દેવદત્ત છે, આ દેવદત્ત છે' આમ અનુગત પ્રતીતિ નથી કરાવતું માટે તેને જાતિ માની ન શકાય. જ્યારે બ્રાહ્મણત્વ એ બ્રાહ્મણ તરીકે ઓળખાયેલ વ્યક્તિના માતા, પિતા, પુત્રાદિ દરેક સ્વજન અને જ્ઞાતિજનને વિશે 'આ બ્રાહ્મણ છે, આ બ્રાહ્મણ છે' એમ અનુગત પ્રતીતિ કરાવતું હોવાથી તેને જાતિ માની શકાય.

**(c) *गोत्रं च चरणैः सह*** – ગોત્રવાચી નામ અને ચરણ (= વેદશાખાના અધ્યાયીઓના) વાચક નામોથી વાચ્ય પદાર્થમાં પણ આ ત્રીજા ભાંગાથી જાતિ સિદ્ધ કરવામાં આવે છે. વ્યાકરણની પરિભાષા મુજબ પૌત્રાદિ પેઢીને ગોત્ર ગણવામાં આવે છે. પરંતુ અહીં તે ન લેતા લૌકિક પુત્ર, પૌત્રાદિ રૂપ પેઢીને ગોત્ર રૂપે લેવી. હવે મૂળ વાત એવી છે કે નાડાયણ, ચારાયણ આદિ ગોત્રના વ્યક્તિઓ તેમજ કઠ, બહુવૃચ વિગેરે વેદશાખાના અધ્યયનકર્તા વ્યક્તિઓ આકૃતિથી સમાન હોય છે, તેથી આકારના વૈસદૃશ્યને લઈને તેમનામાં રહેલી નાડાયણત્વાદિ તેમજ કઠત્વાદિ જાતિઓ પકડી શકાતી નથી. વળી नाडायणः पुमान्, नाडायणी स्त्री તેમજ नाडायणं क्लिबम् આમ नाडायण આદિ તેમજ कठ આદિ શબ્દો ત્રણે લિંગમાં વર્તે છે. તેથી બીજા લક્ષણ મુજબ પણ નાડાયણ વિગેરે ગોત્રના વ્યક્તિઓમાં તેમજ કઠ વિગેરે વેદશાખાધ્યાયીઓમાં જાતિ સિદ્ધ થઈ શકતી નથી. માટે આ ત્રીજું લક્ષણ તેમનામાં નાડાયણત્વ આદિ જાતિઓ તેમજ કઠત્વ આદિ જાતિઓ સિદ્ધ કરવા દર્શાવ્યું છે.

**66) *जातिपक्ष*** – જાતિ એટલે સર્વ વ્યક્તિઓને વિષે વર્તતો એક એવો નિત્યપદાર્થ. જેમકે ઘટત્વ એ જાતિ છે. કેમકે તે એક જ છે, નિત્ય છે અને સર્વ ઘટ વ્યક્તિઓમાં વર્તે છે. આ જ રીતે ગવાદિ વ્યક્તિઓમાં વર્તતી 'ગોત્વ' વિગેરે જાતિ અંગે પણ સમજી લેવું. તો જે પક્ષ એમ માને છે કે 'કોઈપણ શબ્દથી જાતિ જ વાચ્ય બને છે, વ્યક્તિ નહીં' એ પક્ષને જાતિપક્ષ કહેવાય છે. આ પક્ષ ***मीमांसक***નો છે. તેમનું કહેવું એમ છે કે શબ્દથી જે વસ્તુ વાચ્ય બને તેની સાથે શબ્દનો વાચ્ય-વાચકભાવ સંબંધ ગોઠવાવો જોઈએ. તો જો 'ઘટાદિ શબ્દથી ઘટાદિ વ્યક્તિ વાચ્ય બને છે' તેમ માનીએ તો ઘટાદિ વ્યક્તિઓ તો આ દુનિયામાં અનંતા છે, તેથી શી રીતે બધાની સાથે ઘટાદિ શબ્દનો વાચ્ય-વાચકભાવ સંબંધ ગોઠવવો શક્ય બને ? જ્યારે ઘટત્વાદિ જાતિઓને જો ઘટાદિ શબ્દથી

વાચ્ય બને છે તેમ સ્વીકારીએ તો તેઓ એક-એક જ હોવાથી તેમની સાથે ઘટાદિ શબ્દનો વાચ્ય-વાચકભાવ સંબંધ ગોઠવવો શક્ય છે. તેથી જાતિ જ શબ્દથી વાચ્ય બને છે તેમ સ્વીકારવું જોઈએ અને પછી વ્યક્તિ તો તે જાતિની સાથે અવિનાભાવી (= અવશ્યપણે જોડાયેલ) જ હોવાથી તે દુગ્ધની સાથે અવશ્યપણે જોડાયેલ તેના આધારની જેમ આપમેળે જ જણાઈ આવે છે. આ અંગે વિસ્તારથી જાણવા ***નાગેશ ભટ્ટ*** કૃત 'વૈયાકરણસિદ્ધાન્તમંજૂષા' ગ્રંથ અવલોકનીય છે. વૈયાકરણો સ્વ-આવશ્યકતાનુસાર ક્યારેક જાતિપક્ષનો તો ક્યારેક વ્યક્તિપક્ષનો આશ્રય કરે છે.

67) ***ज्ञापक*** – દૃષ્ટાંત.

68) ***तद्गुणसंविज्ञानबहुव्रीहि*** – જે બહુવ્રીહિસમાસમાં વિશેષ્ય અન્યપદાર્થનો જે ક્રિયામાં અન્વય થતો હોય તે જ ક્રિયામાં સમાસના ઘટકીભૂત પદાર્થોનો પણ અન્વય થતો હોય તો તે તદ્ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ સમાસ કહેવાય છે. જેમકે लम्बकर्णम् आनय સ્થળે लम्बौ कर्णौ यस्य स વિગ્રહાનુસાર लम्बकर्णः એ બહુવ્રીહિસમાસ પામેલ પદ છે અને ત્યાં અન્યપદાર્થ રાસભ છે. તો આનયન ક્રિયામાં જેમ અન્યપદાર્થ રાસભનો અન્વય થાય છે તેમ સમાસના ઘટકીભૂત લાંબા કાનોનો પણ અન્વય થાય છે. અર્થાત્ लम्बकर्णम् आनय કહેવાતા જેમ અન્યપદાર્થ રાસભને લાવવામાં આવે છે તો ભેગા ભેગા સમાસના ઘટકીભૂત લાંબા કાનો પણ આવી જ જાય છે, માટે लम्बकर्ण સ્થળે तद्गुणसंविज्ञानबहुव्रीहि સમાસ છે. જે બહુવ્રીહિ સ્થળે અન્યપદાર્થ અને સમાસના ઘટકીભૂત પદાર્થ વચ્ચે સંયોગ અથવા સમવાય સંબંધ પ્રાપ્ત થતો હોય ત્યાં પ્રાયઃ तद्गुणसंविज्ञानबहुव्रीहि સમાસ હોય છે. આ અંગે વિસ્તારથી જાણવા 'सर्वादेः स्मै० १.४.७' સૂત્રનું વિવરણ જોવું.

69) ***तन्त्र*** – બે અર્થને જણાવવાની ઈચ્છાથી વિવક્ષિત શબ્દનું એક જ વાર ઉચ્ચારણ કરવામાં આવે તેને तन्त्र કહેવાય.

70) ***त्रिलिङ्ग*** – तटः, तटी અને तटम्; આમ तट શબ્દનો પ્રયોગ ત્રણે લિંગમાં થતો હોવાથી આવા શબ્દોને ત્રિલિંગ કહેવાય.

71) ***द्व्यङ्गवैकल्य*** – સૂત્રમાં પ્રયોગોની સિદ્ધિ માટે જેટલા નિમિત્તો દર્શાવ્યા હોય તે સઘળાય નિમિત્તો પ્રયોગના અંગ કહેવાય અને સૂત્રમાં દર્શાવાતું દૃષ્ટાંત હંમેશા સર્વાંગ સંપૂર્ણ અર્થાત્ એકપણ નિમિત્તથી વિકલ ન હોવું જોઈએ. જ્યારે સૂત્રમાં દર્શાવાતું વિરુદ્ધદૃષ્ટાંત કોઈપણ એક જ અંગથી વિકલ હોવું જોઈએ. જો બે કે તેથી વધુ અંગથી વિકલ વિરુદ્ધદૃષ્ટાંત દર્શાવ્યું હોય તો તે કયા અંગની વિકલતાના કારણે વિરુદ્ધદૃષ્ટાંત રૂપે વર્તી રહ્યું છે ? તેનો નિર્ણય ન થઈ શકે. માટે ત્યાં દ્વયગવૈકલ્ય દોષ આવે અને આવા દ્વયગવિકલ વિરુદ્ધદૃષ્ટાંતો સૂત્રમાં દર્શાવવા ઉચિત ન ગણાય.

72) ***धर्माऽधर्म*** – પુણ્ય, પાપ.

73) ***नामकार्य*** – કોઈપણ અર્થવાન્ શબ્દને (મૂળ શબ્દને) સ્ત્રી પ્રત્યયો કે વિભક્તિના પ્રત્યયો લાગતા વ્યાકરણસૂત્રવિહિત જે કાર્ય થાય તે નામકાર્ય કહેવાય. દા.ત. गौः પ્રયોગસ્થળે गो શબ્દને सि પ્રત્યય લાગતા 'ओत औ १.४.७४' સૂત્રથી જે गो-શબ્દના અંત્ય ओ નો औ આદેશ કરીએ છીએ તે નામકાર્ય ગણાય.

74) ***नामधातु*** – નામવાચક શબ્દોને क्यन्, क्यङ्, क्यङ्ष्, क्विप् આદિ પ્રત્યયો લાગી નામ પરથી ધાતુ બને તેને નામધાતુ કહેવાય. દા.ત. પુત્રીયતિ, हंसायते વિગેરે.

75) ***नित्य*** – કૃતાકૃતપ્રસંગી.

76) ***नित्यसमास*** – ***'अविग्रहोऽस्वपदविग्रहोऽस्वान्यतरपदविग्रहो वा नित्यसमासः'*** જે સમાસનો વિગ્રહ જ બતાવવો શક્ય ન હોય, અથવા સમાસના ઘટકીભૂત અવયવોનો વપરાશ વિગ્રહમાં ન કરાતો હોય, કે પછી છેવટે સમાસના ઘટકીભૂત એક પદનો તો વપરાશ વિગ્રહવાક્યમાં દર્શાવવો શક્ય જ ન હોય તેને નિત્યસમાસ કહે છે.

77) ***नियतगण*** – નિયતગણ એટલે એવા પ્રકારનો શબ્દસમૂહ કે જેમાં શબ્દોની સંખ્યા નિશ્ચિત હોય છે. આ ગણમાં જેટલા શબ્દો લેવાના હોય છે તે બધા બૃહદ્વૃત્તિસ્થ ગણપાઠમાં દર્શાવી દીધા હોય છે. જેમકે 'श्रेण्यादिकृताद्यै० ३.१.१०४' વિગેરે સૂત્રમાં બતાવેલા श्रेण्यादि વિગેરે ગણો.

78) ***नियम*** – નિયમ એટલે સંકોચ. તે બે પ્રકારે જોવા મળે છે. ક્યાંક તે પ્રકૃતિસંકોચ રૂપ હોય છે, તો ક્યાંક તે પ્રત્યયસંકોચ રૂપ હોય છે.

79) ***निरवकाश*** – જે સ્થળે એક સાથે બે સૂત્રોની પ્રવૃત્તિ પ્રાપ્ત હોય તેને વિવાદનું સ્થળ કહેવાય અને તાદશ વિવાદના સ્થળને છોડીને અન્યસ્થળે બન્ને પૈકી જે સૂત્ર પોતાની પ્રવૃત્તિ દ્વારા સાર્થક ન થઈ શકતું હોય તે સૂત્રને નિરવકાશ સૂત્ર કહેવાય. ટૂંકમાં કહેવું હોય તો 'વિવાદના સ્થળને છોડીને અન્યત્ર પોતાની પ્રવૃત્તિ દ્વારા સાર્થક ન થતા સૂત્રને નિરવકાશ (= અવકાશ વિનાનું) સૂત્ર કહેવાય.'

80) ***निर्धारण*** – જાતિ, ગુણ કે ક્રિયાદિની વિશેષતાને લઈને અમુક વ્યક્તિને સમુદાયમાંથી જુદો તારવવો તેને નિર્ધારણ કહેવાય.

81) ***निवेश*** – સ્થાપન, મૂકવું.

82) ***पदकार्य*** – નામને એકવાર વિભક્તિના પ્રત્યયો લાગ્યા પછી જ્યારે તે ભાષા કે લોકવ્યવહારમાં પ્રયોગને યોગ્ય પદરૂપે તૈયાર થઈ જાય, ત્યાર પછી તે પદનો પદાન્તર સાથે સંબંધ કરાતા મૂળ પદને વ્યાકરણના સૂત્રો પ્રમાણે જે કાર્ય થાય તે પદકાર્ય કહેવાય. જેમકે अग्नीषोमौ પ્રયોગસ્થળે अग्निश्च सोमश्च = अग्निषोमौ આમ ભાષા

કે લોકવ્યવહારમાં પ્રયોગને યોગ્ય અગ્નિઃ પદનો સોમઃ પદની સાથે દ્વન્દ્વસમાસ કર્યા બાદ 'ઈઃ ષોમવરુણે૦ ૩.૨.૪૨' સૂત્રથી અગ્નિઃ આ મૂળપદના અંત્ય ઇ નો દીર્ઘ ઈ આદેશ કરવો એ પદકાર્ય ગણાય.

**83) *पदसंस्कार*** – પદની નિષ્પત્તિ થાય ત્યાં સુધી પ્રકૃતિ અને પ્રત્યયોની સ્થાપના કરીને પછી જે સંસ્કાર અર્થાત્ પદની નિષ્પત્તિ કરવામાં આવે તેને પદસંસ્કાર કહેવાય છે. આ પદસંસ્કારને માનનારો એક પક્ષ છે. આ પક્ષનું એવું માનવું છે કે કોઈ પણ વાક્ય બનાવતી વખતે પૂર્વે તેમાં વર્તતા પદોને પ્રકૃતિ અને પ્રત્યયોને બાજુ બાજુમાં મૂકી સંસ્કાર કરવા પૂર્વક અલગથી સાધી લેવામાં આવે છે અને પછી સાધેલા તે પદોને જોડી વાક્ય બનાવવામાં આવે છે. જેમકે ગાં પાઠય આવું વાક્ય બનાવવું હોય તો આ પક્ષ મુજબ પૂર્વે ગો + અમ્ = ગામ્ અને પઠ્ + ણિચ્ + શવ્ + હિ = પાઠય આમ ગાં અને પાઠય પદો બનાવવામાં આવે છે અને પછી તે બન્ને પદોને જોડીને ગાં પાઠય વાક્યની નિષ્પત્તિ કરવામાં આવે છે. પદસંસ્કારની વ્યાખ્યા ***'पदपर्यन्तं प्रकृतिप्रत्ययान् संस्थाप्य ततः संस्कारः पदसंस्कारः'*** આ પ્રમાણે છે. વિશેષ જાણવા પ્રસ્તાવનામાં પૃષ્ઠ **'xxxiv'** જુઓ.

**84) *पुनःप्रसव*** – વિવક્ષિત કાર્ય કોક સૂત્રથી પ્રાપ્ત હોય, પછી કોઈ બીજા સૂત્ર દ્વારા તે કાર્યનો નિષેધ કરવામાં આવે, ત્યારબાદ કોક ત્રીજા સૂત્ર દ્વારા ફરી તે કાર્ય કરવાની અનુમતિ પ્રાપ્ત થાય તો તે કાર્યનો પુનઃપ્રસવ થયો ગણાય. જેમકે દ્વન્દ્વસમાસ ઉભયપદપ્રધાન સમાસ હોવાથી તેના ઉત્તરપદ રૂપે વર્તતું સર્વાદિ નામ સર્વાદિ સંજ્ઞક જ ગણાય છે. તેથી તેના સંબંધી જસ્ પ્રત્યયને 'જસ ઇઃ ૧.૪.૯' સૂત્રથી ઇ આદેશ થવાની પ્રાપ્તિ વર્તે છે. પરંતુ 'ન સર્વાદિઃ ૧.૪.૧૨' સૂત્રથી દ્વન્દ્વસમાસસ્થળે સઘળાય સર્વાદિકાર્યોનો નિષેધ કરવામાં આવે છે. તેથી જસ્ ના ઇ આદેશ રૂપ સર્વાદિ કાર્યનો પણ નિષેધ થઈ જાય છે. પરંતુ ત્યારબાદ 'દ્વન્દ્વે વા ૧.૪.૧૧' સૂત્રથી ફરી તે દ્વન્દ્વસમાસગત સર્વાદિ નામ સંબંધી જસ્ પ્રત્યયના ઇ આદેશની વિકલ્પે અનુમતિ આપવામાં આવે છે. તો આ જસ્ પ્રત્યયના ઇ આદેશ રૂપ કાર્યનો પુનઃપ્રસવ થયો ગણાય.

**85) *प्रकार*** – સાદૃશ્ય.

**86) *प्रकृति*** – પ્રકૃતિ એટલે નામ કે ધાત્વાત્મક શબ્દ. આ નામ કે ધાત્વાત્મક પ્રકૃતિને પ્રત્યયો લગાડીને ભાષામાં પદોના પ્રયોગ કરવામાં આવે છે.

**87) *प्रक्रियाकृत गौरव-लाघव*** – એક સૂત્રની પ્રક્રિયાથી જો ઈષ્ટપ્રયોગની સિદ્ધિ થતી હોય તો બે સૂત્રની પ્રક્રિયા-માંથી પસાર થવું નાહક ગૌરવનું કારણ બને. તેથી ઈષ્ટપ્રયોગની સિદ્ધ્યર્થે બને તેટલા ઓછા સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું પડે તેમ કરવું તેને પ્રક્રિયાકૃતલાઘવ કર્યું કહેવાય. પ્રક્રિયાકૃતલાઘવ કરવા માટે કેટલેક સ્થળે સૂત્રકારશ્રીએ માત્રાકૃતગૌરવને પણ આવકાર્યું છે. જેમકે - 'ભિયો રુ-રુક-લુકમ્ ૫.૨.૭૬' સૂત્રથી ભી ધાતુને રુ, રુક અને લુક પ્રત્યય લગાડીને ક્રમશઃ ભીરુ, ભીરુક અને ભીલુક શબ્દો નિષ્પન્ન કરવામાં આવે છે. હવે આ

પૈકીનો ભીલુક શબ્દ તો 'भियो रु० ५.२.७६' સૂત્રથી भी ધાતુને रुक પ્રત્યય લગાડી 'ऋफिडादीनां० २.३.१०४' સૂત્રથી તે रुक ના र् નો ल् આદેશ કરવાથી પણ નિષ્પન્ન થઈ શકે છે. તેથી 'भियो रु० ५.२.७६' સૂત્રમાં लुक શબ્દ મૂકી નકામું માત્રાકૃતગૌરવ કરવાની પણ જરૂર નથી રહેતી. છતાં જો આ રીતે ભીલુક શબ્દની નિષ્પત્તિ કરીએ તો તેમાં બે સૂત્રની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અર્થાત્ પ્રક્રિયાકૃતગૌરવ સ્વીકારી લેવું પડે છે. જ્યારે 'भियो रु० ५.२.७६' સૂત્રથી भी ધાતુને સીધો જ लुक પ્રત્યય લગાડી જો ભીલુક શબ્દની નિષ્પત્તિ કરીએ તો તેમાં 'भियो रु० ५.२.७६' સૂત્રમાં लुक શબ્દ મૂકી માત્રાકૃતગૌરવ સ્વીકારવું પડે. તો આ બન્ને ગૌરવો પૈકી સૂત્રકારશ્રીએ માત્રાકૃતગૌરવને સ્વીકારી પ્રક્રિયાકૃતગૌરવને ટાળવાનું કામ કર્યું છે.

88) ***प्रतिपदोक्त*** – જે શબ્દાદિ વિવક્ષિત જે લક્ષણથી (સૂત્રથી) બન્યા હોય તે સૂત્રમાં જો તે શબ્દમાં વપરાયેલા ધાત્વંશનું અથવા તે શબ્દનું ઉપાદાન કર્યું હોય તો તે શબ્દાદિ પ્રતિપદોક્ત કહેવાય. અથવા અવ્યુત્પત્તિપક્ષે અવ્યુત્પન્ન (કોઈપણ સૂત્રથી અનિષ્પન્ન) ગણાતા ઉણાદિ નામો પ્રતિપદોક્ત કહેવાય છે.

89) ***प्रत्यय*** – જે પ્રકૃતિના (= નામ કે ધાતુના) અર્થનું પ્રત્યાયન (= બોધ) કરાવે તેને પ્રત્યય કહેવાય. આશય એ છે કે ***'न केवला प्रकृतिः प्रयोक्तव्या'*** નિયમ મુજબ કેવળ પ્રકૃતિનો પ્રયોગ શક્ય ન હોવાથી માત્ર પ્રકૃતિ પોતાના અર્થનો બોધ કરાવી શકતી નથી. તેથી તેને પ્રત્યયનો સહારો લેવો પડે છે. માટે પ્રત્યય શબ્દ સાન્વર્થ છે. પ્રત્યયો વિભક્તિના, તદ્ધિતના, કૃત્ વિગેરે અનેક પ્રકારના હોય છે.

90) ***प्रवृत्तिनिमित्त*** – પ્રવૃત્તિ એટલે પ્રયોગ. શબ્દના પ્રયોગમાં જે કારણ બનતું હોય તેને શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્ત કહેવાય છે. આ પ્રવૃત્તિનિમિત્તો જાતિ, દ્રવ્ય, ગુણ અને ક્રિયા આમ ચાર પ્રકારના હોય છે અને આ ચારને લઈને શબ્દો પણ જાતિપ્રવૃત્તિનિમિત્તક, દ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક, ગુણપ્રવૃત્તિનિમિત્તક અને ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક એમ ચાર પ્રકારના હોય છે. જેમકે **(a)** ગો, પશુ, મનુષ્ય વિગેરે શબ્દોના પ્રયોગો ક્રમશઃ ગોત્વ, પશુત્વ, મનુષ્યત્વ જાતિને નજરમાં રાખીને થતા હોવાથી તે જાતિપ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહેવાય છે. **(b)** धनवान्, विषाणिन् વિગેરે શબ્દો ક્રમશઃ ધન અને શિંગડા રૂપ દ્રવ્યને લઈને પ્રવર્તતા હોવાથી તે દ્રવ્યપ્રવૃત્તિ-નિમિત્તક શબ્દો કહેવાય છે. **(c)** नीलो घटः, मधुरं पयः વિગેરે સ્થળે નીલ, મધુર વિગેરે શબ્દો અનુક્રમે નીલ વર્ણ અને માધુર્ય ગુણના નિમિત્તે પ્રવર્તતા હોવાથી તે ગુણપ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહેવાય છે અને **(d)** पाचक, गायक વિગેરે શબ્દોના પ્રયોગો અનુક્રમે પચન અને ગાન ક્રિયાના કારણે થતા હોવાથી તેઓ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહેવાય છે.

91) ***श्लेष*** – पांशु-उदकवत् અર્થાત્ માટી અને પાણીની જેમ ભેદ પારખી ન શકાય તેવું પરસ્પર અત્યંત જોડાણ.

92) ***प्राणिन्*** – પ્રાણ દશ પ્રકારના છે. **(i)** આયુષ્ય **(ii)** શ્વાસોચ્છ્વાસ **(iii)** મનબળ **(iv)** વચનબળ **(v)** કાયબળ **(vi)** સ્પર્શનેન્દ્રિય **(vii)** રસનેન્દ્રિય **(viii)** ઘ્રાણેન્દ્રિય **(ix)** ચક્ષુરિન્દ્રિય અને **(x)** શ્રવણેન્દ્રિય. આ પ્રાણોને જે ધારણ કરે તેને પ્રાણી કહેવાય. તેથી આમ તો એકેન્દ્રિય થી લઈને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો પ્રાણી કહેવાય. 'प्राण्यौषधिवृक्षेभ्यो० ६.२.३१' સૂત્રસ્થ प्राणिन् શબ્દથી એકેન્દ્રિય એવા વૃક્ષો અને ઔષધિનું ગ્રહણ સંભવતું હોવા છતાં તે સૂત્રમાં ઔષધિ અને વૃક્ષ શબ્દોનું તેમના ગ્રહણાર્થે પૃથક્ ઉપાદાન કર્યું છે તેથી જણાય છે કે વ્યાકરણશાસ્ત્રમાં પ્રાણી શબ્દથી બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોનું ગ્રહણ થાય છે. તેથી પ્રાણી એટલે બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવો.

93) ***प्रातिपदिक*** – નામ.

94) ***बहुव्रीहि*** – આ એક અન્યપદાર્થપ્રધાન સમાસનો પ્રકાર છે. તે અનેક પ્રકારનો છે. જેમકે - **(a)** ***समानाधिकरण बहुव्रीहि*** - श्वेतम् अम्बरं यस्य स = श्वेताम्बरः **(b)** ***व्यधिकरण बहुव्रीहि*** - चापः पाणौ यस्य स = चापपाणिः **(c)** ***सहार्थ बहुव्रीहि*** - पुत्रेण सह = सपुत्रः **(d)** ***तद्गुणसंविज्ञान बहुव्रीहि*** - જ્યાં બહુવ્રીહિ સમાસના વિશેષ્ય એવા અન્યપદાર્થની સાથે સમાસના ઘટક (=અવયવ) એવા ગૌણપદાર્થોનો પણ ક્રિયામાં અન્વય થતો હોય ત્યાં तद्गुणसंविज्ञान બહુવ્રીહિ કહેવાય. लम्बकर्णमानय અહીં આનયન ક્રિયામાં અન્યપદાર્થ રાસભની સાથે સમાસના ઘટક ગૌણ પદાર્થ કર્ણોનો પણ અન્વય થાય છે, માટે આ तद्गुणसंविज्ञान બહુવ્રીહિ છે. **(e)** ***अतद्गुणसंविज्ञान बहुव्रीहि*** - જ્યાં બહુવ્રીહિ સમાસના વિશેષ્ય એવા અન્યપદાર્થની સાથે સમાસના ઘટક (= અવયવ) એવા ગૌણપદાર્થોનો ક્રિયામાં અન્વય થતો નથી ત્યાં अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ સમાસ હોય છે. चित्रगुमानय અહીં આનયન ક્રિયામાં અન્યપદાર્થ ગોવાળની સાથે સમાસના ઘટક ગૌણપદાર્થ ચિત્ર ગાયોનો અન્વય થતો નથી. માટે આને अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ કહેવાય છે. तद्गुणसंविज्ञान અને अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ અંગે વિશેષ જાણવા આ પરિશિષ્ટમાં તે શબ્દો જુઓ તેમજ ૧.૪.૭ સૂત્રનું વિવરણ જુઓ.

95) ***भेदनिर्देश*** – જુદી જુદી વિભક્તિપૂર્વકનો નિર્દેશ.

96) ***मर्यादा*** – મર્યાદા એ અવધિનો એક પ્રકાર છે. જ્યાં અમુક પ્રવૃત્તિની સીમા રૂપે બતાવાતું સ્થળ તે પ્રવૃત્તિમાં આવરી લેવાતું નથી ત્યાં મર્યાદા રૂપે અવધિ ગણવામાં આવે છે. જેમકે आपाटलिपुत्राद् वृष्टो मेघः, અહીં જો આ (आङ्) દ્વારા મર્યાદા અર્થ વિવક્ષિત હોય તો મેઘ પાટલીપુત્રની શરૂઆતની સીમા સુધી જ વરસ્યો છે તેમ સમજવું.

97) ***मात्रा*** – માત્રા એટલે કાળવિશેષ. અર્થાત્ એકવાર આંખને ખોલ-બંધ કરવામાં જેટલો સમય લાગે તેટલા કાળને એકમાત્રા કહેવાય. ક્રમશઃ બે વાર અને ત્રણ વાર આંખને ખોલ-બંધ કરવામાં જેટલો સમય લાગે તેને અનુક્રમે બે અને ત્રણમાત્રા કહેવાય. પાણિનીયશિક્ષામાં માત્રાઓના કાળને જાણવા બીજી એક સુંદર રીત પણ બતાવી છે. તે આ પ્રમાણે - ***'चाषस्तु वदते मात्रां द्विमात्रं चैव वायसः। शिखी रौति त्रिमात्रं तु नकुलस्त्वर्धमात्रकम्।।'*** ચાષપક્ષીનો સ્વર એકમાત્રા જેટલો કાળ લે, કાગડાનો સ્વર બેમાત્રા, મોરનો સ્વર ત્રણમાત્રા અને નોળીયાનો સ્વર અર્ધમાત્રા જેટલો કાળ લે. વ્યાકરણશાસ્ત્રમાં હ્રસ્વસ્વરોની એકમાત્રા, દીર્ઘસ્વરોની બેમાત્રા, પ્લુતસ્વરોની ત્રણમાત્રા અને વ્યંજનોની અર્ધમાત્રા ગણવામાં આવે છે. યદ્યપિ વ્યંજનોની અર્ધમાત્રા ભલે ગણાવી હોય, છતાં તેઓ પોતાના ઉચ્ચારણમાં કાળની અપેક્ષા રાખતા નથી. આથી જ વ્યાકરણશાસ્ત્રમાં આવો ન્યાય પણ જોવા મળે છે કે ***'स्वरकालव्यतिरेकेण व्यञ्जनानि कालान्तरं नाक्षिपन्ति'*** અર્થાત્ 'ઉચ્ચારણમાં સ્વરો જેટલો કાળ લે છે તેના સિવાય વ્યંજનો નવા કોઈ કાળની અપેક્ષા રાખતા નથી.' સમજી શકાય તેવી વાત છે કે સ્વરની સહાય વિના કેવળ ક્, ખ્ વિગેરે વ્યંજનોનું ઉચ્ચારણ જ શક્ય નથી. આથી જ કહેવાય છે કે 'एकाकिनोऽपि राजन्ते सत्वसाराः स्वरा इव। व्यञ्जनानीव निःसत्वाः परेषामनुयायिनः।।' તમે કેવળ ક્ બોલવાનો પ્રયત્ન કરી જુઓ, તો તેમાં કોરો ક્ નહીં હોય પણ કાળની અપેક્ષા રાખતો અ ભળેલો જ હશે અને આપ્ વિગેરે સ્થળે આ સ્વરના ઉપષ્ટંભપૂર્વકના પ્ નું ઉચ્ચારણ કરવા જશો તો કેવળ આ ને બોલવામાં જેટલો સમય લાગશે તેટલો જ સમય આપ્ ને બોલવામાં લાગશે, અધિક નહીં. આમ વ્યંજનોની કાળવિશેષ રૂપ અર્ધ માત્રા ભલે ગણાતી હોય, છતાં તેઓ પોતાના ઉચ્ચારણમાં કાળની અપેક્ષા રાખતા નથી. અહીં પ્રશ્ન થાય કે ''જો વ્યંજનોના ઉચ્ચારણમાં નવા કાળની અપેક્ષા જ ન હોય તો વ્યાકરણના સૂત્રોમાં વ્યંજનોની અર્ધમાત્રા ગણીગણીને માત્રાકૃત ગૌરવ-લાઘવની ચર્ચા શા માટે આદરાય છે ?'' પણ આનું સમાધાન એમ સમજવું કે ભલે વ્યંજનોના ઉચ્ચારણમાં નવા કાળની અપેક્ષા ન હોય, છતાં જેટલા વ્યંજન વધારે હોય તેટલો ઉચ્ચારણમાં પ્રયત્ન તો વધુ કરવો જ પડે. આથી પ્રયત્નને આશ્રયીને ગૌરવ આવી પડે છે. આમ ભલે વ્યંજનોને આશ્રયીને માત્રાકૃત (= કાળાશ્રિત) ગૌરવ બતાવ્યું હોય, પરંતુ તેને ઉપચરિત (કલ્પિત) સમજવું અને વાસ્તવિકતાએ તેને પ્રયત્નાશ્રિત ગૌરવ રૂપે સમજવું. કેટલાક વૈયાકરણો 'વ્યંજનોના ઉચ્ચારણમાં વધુ કાળ અપેક્ષિત છે' તેવું માને છે. (આ વાત 'धुटां प्राक् १.४.६६' સૂત્રના બૃ. ન્યાસાનુસાર લખી છે.)

98) ***मात्राकृतगौरव-लाघव*** – વૈયાકરણો અર્ધમાત્રા જેટલા લાઘવને પણ પુત્રોત્સવ સમાન માને છે. કેમ આમ? કારણ કે આમ પણ વ્યાકરણ એક વિશાળકાય વિષય હોવાથી કષ્ટસાધ્ય છે. હવે જો તેમાં માત્રાલાઘવની કાળજી ન લેવામાં આવે તો કદ વધવાથી તે વધુને વધુ કષ્ટસાધ્ય બનતું જાય અને તેથી કોઈ વ્યાકરણ ભણવાનો પ્રયાસ ન કરે. તેથી વ્યાકરણશાસ્ત્રમાં માત્રાકૃત ગૌરવ-લાઘવની ચર્ચા કરવી આવશ્યક છે. સૂત્રકારશ્રીએ માત્રાલાઘવાર્થે ઠેકઠેકાણે સફળ પ્રયત્નો કર્યા છે અને તેને લગતી ચર્ચા પણ આદરી છે. માત્રાલાઘવાર્થે

સૂત્રકારશ્રીએ સૂત્રોમાં સૌત્રનિર્દેશો કે જે વ્યાકરણની મર્યાદા બહારના પ્રયોગો હોય છે તે પણ ઘણે ઠેકાણે કર્યા છે. દા.ત. **(a)** 'वौष्ठौतौ समासे १.२.१७' સૂત્રમાં '**सूत्रत्वात् समाहारः**' ન્યાયથી સમાહારદ્વન્દ્વ સમાસ પામેલ वौष्ठौतौ પ્રયોગ પુંલિંગને બદલે वौष्ठौतुनि આમ નપુંસકલિંગમાં થવો જોઈએ. છતાં માત્રાગૌરવ થતું હોવાથી લાઘવાર્થે સૂત્રકારશ્રીએ સૂત્રની મર્યાદાને ઓળંગીને પુંલિંગમાં वौष्ठौतौ આમ સૌત્રનિર્દેશ કર્યો છે. **(b)** 'आपो ङितां यै-यास्-यास्-याम् १.४.१७' સૂત્રમાં ङिताम् એટલે ङे-ङसि-ङस्-ङि પ્રત્યયો અને તે સૂત્રથી ङे-ङसि-ङस्-ङि પ્રત્યયોના પ્રત્યેકના यै-यास्-यास्-याम् આદેશ નથી કરવાના, પણ '***यथासङ्ख्यमनुदेशः समानाम्***' ન્યાયાનુસાર ક્રમશઃ તેઓના यै-यास्-यास्-याम् આદેશ કરવાના છે. હવે '***यथासङ्ख्यम्०***' ન્યાયની સહાયથી આ રીતે ક્રમશઃ આદેશ ત્યારે થઈ શકે કે જ્યારે આદેશી ङे-ङसि-ङस्-ङि પ્રત્યયો અને यै-यास्-यास्-याम् આદેશો બન્નેની સંખ્યા સમાન હોય અને સૂત્રસ્થ બન્નેના વાચક પદો પણ સમાન વચન ધરાવતા હોય. તો બન્ને બાજુએ આદેશ-આદેશી ચાર ચાર હોવાથી સંખ્યાનું સામ્ય તો મળી રહે છે, પણ બન્નેના વાચક ङिताम् પદ અને यै-यास्-यास्-याम् પદ વચ્ચે દેખીતી રીતે વચનનું સામ્ય ન હોય તેવું લાગે છે. કેમકે કોઈને પણ જોતા ङिताम् પદ બહુવચનાન્ત લાગે અને यै-यास्-यास्-याम् પદ સમાહારદ્વન્દ્વ સમાસ પામેલું એકવચનાન્ત લાગે. પરંતુ વાસ્તવીકતાએ यै-यास्-यास्-याम् પદ ઈતરેતરદ્વન્દ્વસમાસ પામેલું બહુવચનાન્ત પદ જ છે. માત્ર તેને जस् પ્રત્યય લગાડી માત્રાલાઘવાર્થે લોપ કરી આ રીતે વ્યાકરણની મર્યાદાને ઓળંગીને સૌત્રનિર્દેશ કર્યો છે. અર્થાત્ यै-यास्-यास्-यामः ના બદલે यै-यास्-यास्-याम्પ્રયોગ કર્યો છે. તેથી આદેશ-આદેશી બન્નેના વાચક પદો વચ્ચે વચનનું પણ સામ્ય હોવાથી યથાસંખ્ય (ક્રમશઃ) આદેશ થઈ શકે છે. આમ ઉપરોક્ત બન્ને દૃષ્ટાંતસ્થળે માત્રાલાઘવાર્થે સૌત્રનિર્દેશ કરેલો જાણવો.

99) ***यथासङ्ख्य*** – અનુક્રમે.

100) ***यदृच्छाशब्द*** – સંજ્ઞાશબ્દ.

101) ***योगविभाग*** – પ્રક્રિયા અવસ્થામાં સૂત્રનો વિભાગ કરવો તેને યોગવિભાગ કહેવાય. અર્થાત્ યોગ એટલે સૂત્ર અને તેના બે ટૂકડા કરી તેને બે સૂત્રતુલ્ય માનવું તેને યોગવિભાગ કહેવાય. ક્વચિત્ ઈષ્ટપ્રયોગની સિદ્ધિ માટે સૂત્રમાં યોગવિભાગ કરવામાં આવે છે.

102) ***लक्षण*** – લક્ષણ એટલે સૂત્ર અને સૂત્રને લઈને બનેલા શબ્દાદિ પણ ઉપચારથી લક્ષણ કહેવાય છે.

103) ***लिङ्ग*** – લિંગ એટલે આમ તો ચિહ્ન થાય. અર્થાત્ વિવક્ષિત વસ્તુને ઓળખાવનાર ચિહ્નને લિંગ કહેવાય. તો પ્રસ્તુતમાં આપણે જાણવું છે કે શબ્દોને જે પુંલિંગ-સ્ત્રીલિંગ કે નપુંસકલિંગ કહેવાય છે તે તેમનામાં રહેલા કેવા પ્રકારના લિંગને (= ચિહ્નને) લઈને કહેવામાં આવે છે. જો અહીં શબ્દગત પુંસ્ત્વ-સ્ત્રીત્વ અને નપુંસકત્વને જાણવા લૌકિક લિંગનો (= લોક જેને લઈને સામેવાળી વ્યક્તિ પુરૂષ છે, સ્ત્રી છે કે નપુંસક છે તે જાણે તેવા ચિહ્નોનો) આશ્રય કરવામાં આવે તો '***स्तनकेशवती स्त्री स्यात्, रोमशः पुरुषः स्मृतः। उभयोरन्तरं यच्च तदभावे***

***नपुंसकम्।।'*** કારિકાનુસાર શબ્દગત સ્ત્રીત્વને જાણવા વિવક્ષિત શબ્દના વાચ્યાર્થમાં રહેલ સ્તન-લાંબા કેશાદિ લિંગ બનશે. પુંસ્ત્વને જાણવા રુંવાટી-દાઢી-મૂછાદિ લિંગ બનશે અને નપુંસકત્વને જાણવા પુરુષ-સ્ત્રીમાં રહેલા ક્રમશઃ અવાજ-આકાર વિગેરે કેટલાક અંશોની સામ્યતા અને કેટલાક અંશોની વિસદશતા એ લિંગ બનશે. આ લૌકિક લિંગાનુસાર પુરુષ, સ્ત્રી અને નપુંસક વ્યક્તિ રૂપ સજીવ પદાર્થોના વાચક શબ્દો અંગે તો હજું પણ સમજી લઈએ કે કદાચ ત્યાં ઘટમાનતા થઈ જાય. પરંતુ નિર્જીવ એવા ખાટલા, ચટાઈ વિગેરે પદાર્થો કે જે આવા કોઈ લિંગોને ધરાવતા નથી તેમના વાચક એવા ખટ્વા, કટ વિગેરે શબ્દગત ક્રમશઃ સ્ત્રીત્વ, પુંસ્ત્વ વિગેરેની ઉપપત્તિ શી રીતે કરવી ? એ જ રીતે લૌકિક લિંગને ન ધરાવતા એકના એક 'તળાવ' રૂપ પદાર્થ માટે વપરાતા તટઃ, તટી અને તટમ્ શબ્દો સ્થળે પુંસ્ત્વાદિ ત્રણેનો મેળ શી રીતે પાડવો ? તેમજ દાર, ષણ્ઢ વિગેરે કેટલાક શબ્દોથી વાચ્ય ક્રમશઃ સ્ત્રી અને નપુંસકાદિ પદાર્થો વિપરીત લૌકિક લિંગોને ધારણ કરે છે, તો તેમના વાચક દાર, ષણ્ઢ આદિ શબ્દસ્થળે પુંસ્ત્વાદિની ઘટમાનતા શી રીતે કરવી ? આવા બધા પ્રશ્નો લૌકિક લિંગનો આશ્રય કરવામાં વર્તે છે. તેથી વૈયાકરણો લૌકિક લિંગનો આશ્રય નથી કરતા, પરંતુ પારિભાષિક લિંગનો આશ્રય કરે છે. તે આ પ્રમાણે - જે શબ્દ સાથે અયમ્ વિશેષણ જોડી શકાય તે શબ્દમાં પુંસ્ત્વ મનાશે અને જે શબ્દો સાથે ક્રમશઃ ઇયમ્ અને ઇદમ્ વિશેષણ જોડી શકાય તે શબ્દોમાં અનુક્રમે સ્ત્રીત્વ અને નપુંસકત્વ મનાશે. આમ માનવાથી ઇયં ખટ્વા, અયં કટઃ, ઇદં તટમ્, અયં ષણ્ઢઃ વિગેરે સઘળાય સ્થળે જે જે વિશેષ્ય શબ્દોને જે જે લિંગ વર્તે છે, તદનુસાર તેમને અયમ્ આદિ વિશેષણો જોડાતા જોવા મળતા હોવાથી વિરોધને કોઈ અવકાશ રહેતો નથી. હજું તો આ લિંગની વાતને લઈને ઘણી વિસ્તારપૂર્ણ ચર્ચાઓ કરેલી છે. પરંતુ તે જિજ્ઞાસુઓએ '૧.૧.૨૯' સૂત્રના 'બૃહન્ન્યાસ' તેમજ 'વાક્યપદીય-તૃતીય કાંડ, લિંગસમુદ્દેશ' આદિ ગ્રથો થકી જાણી લેવી.

104) ***लौकिकविग्रह*** – લોક સમક્ષ જે વિગ્રહ બોલાય કે લખાય તે લૌકિક વિગ્રહ કહેવાય. દા.ત. રાજપુરુષઃ સમાસનો રાજ્ઞઃ પુરુષઃ આ લૌકિક વિગ્રહ કહેવાય.

105) ***वर्णविधि*** – વર્ણવિધિ પાંચ પ્રકારની છે. વર્ણથી પરમાં રહેલાને વિધિ, વર્ણથી પૂર્વમાં રહેલાને વિધિ, વર્ણસ્થાને વિધિ, વર્ણના વ્યવધાનપૂર્વકની વિધિ અને અપ્રધાન વર્ણાશ્રિત વિધિ. આ પાંચે વર્ણવિધિસ્થળે 'સ્થાનીવા૦ ૭.૪.૧૦૯' સૂત્રથી સ્થાનિવદ્ભાવ માની શકાતો નથી. ક્રમશઃ તેમના દૃષ્ટાંતો આ પ્રમાણે છે -

**(a)** ***વર્ણથી પરમાં રહેલાને વિધિ*** - દ્યૌઃ પ્રયોગસ્થળે દિવ્ + સિ અવસ્થામાં 'દિવઃ ઔઃ સૌ ૨.૧.૧૧૭' સૂત્રથી દિવ્ ના વ્ નો ઔ આદેશ થાય છે. હવે દિ ઔ + સિ અવસ્થામાં 'દીર્ઘડ્યાબ્૦ ૧.૪.૪૫' સૂત્રથી વ્ વર્ણાત્મક વ્યંજનથી પરમાં રહેલા સિ પ્રત્યયની લોપાત્મક વિધિ કરવા રૂપ વર્ણવિધિ કરવાના અવસરે ઔ આદેશનો પુનઃ વ્ રૂપે સ્થાનિવદ્ભાવ માની શકાતો નથી. જો સ્થાનિવદ્ભાવ મનાત તો દ્યૌઃ ના બદલે દ્યૌ આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થાત.

**(b)** ***વર્ણથી પૂર્વમાં રહેલાને વિધિ*** - ક ઇષ્ટઃ સ્થળે યજ્ + ત (ક્ત) અવસ્થામાં 'યજાદિ૰ ૪.૧.૭૯' સૂત્રથી યજ્ ના ય નો વ્યૃત્ ઇ આદેશ થાય છે. હવે 'ઘોષવતિ ૧.૩.૨૧' સૂત્રથી ય્ વર્ણની પૂર્વમાં કર્ ના ર્ નો ઉ આદેશાત્મક વિધિ કરવા રૂપ વર્ણવિધિને અવસરે ઇ આદેશનો પુનઃ ય રૂપે સ્થાનિવદ્ભાવ માની શકાતો નથી. જો સ્થાનિવદ્ભાવ મનાત તો ક ઇષ્ટઃ ના બદલે કો ઇષ્ટ આવો અનિષ્ટ પ્રયોગ થાત.

**(c)** ***વર્ણસ્થાને વિધિ*** - શ્રાયં હવિ સ્થળે શ્રી દેવતાઽસ્ય અર્થમાં શ્રી ને અણ્ પ્રત્યય લાગતા 'વૃદ્ધિસ્વરેશ્વાદે૰ ૭.૪.૧' સૂત્રથી શ્રૈ + અણ્ અવસ્થા પ્રાપ્ત થતા 'અવર્ણેવર્ણસ્ય૰ ૭.૪.૬૮' સૂત્રથી તદ્ધિતીય અણ્ પ્રત્યયના નિમિત્તે શ્રૈ ના ઐ વર્ણને સ્થાને ઇ નો સ્થાનિવદ્ભાવ માની ઇ નો લોપાત્મક વર્ણવિધિ કરવાના અવસરે ઇ નો સ્થાનિવદ્ભાવ માની શકાતો નથી. જો સ્થાનિવદ્ભાવ મનાત તો શ્રાયમ્ ના બદલે શ્રમ્ આવો અનિષ્ટપ્રયોગ થાત.

**(d)** ***વર્ણના વ્યવધાનપૂર્વકની વિધિ*** - ઉરઃકેણ પ્રયોગસ્થળે 'રષૃવર્ણાન્૰ ૨.૩.૬૩' સૂત્રથી ર્ ના નિમિત્તે ન્ નો ણ્ આદેશ થયો છે. હવે જો અહીં ઉરઃ ના વિસર્ગનો સ્ રૂપે સ્થાનિવદ્ભાવ મનાય તો ઉપરોક્ત સૂત્રગત 'અલ-ચ-ટ-તવર્ગ૰' અંશના કારણે સ્ વ્યવધાયક બનતા ર્ થી પરમાં ન્ નો ણ્ આદેશ ન થઈ શકે. આમ સ્ વર્ણના વ્યવધાન પૂર્વક ણ્ આદેશના નિષેધાત્મક વર્ણવિધિ કરવાના અવસરે સ્ નો સ્થાનિવદ્ભાવ મનાતો નથી. તેથી હવે ઉરઃકેન આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ નહીં થાય.

**(e)** ***અપ્રધાનવર્ણાશ્રિત વિધિ*** - પ્રદીવ્ય સ્થળે પ્ર + દિવ્ + ત્વા અવસ્થામાં ત્વા નો 'અનઞઃ૰ ૩.૨.૧૫૪' સૂત્રથી યપ્ આદેશ થાય છે. હવે 'સ્તાદ્યશિતો૰ ૪.૪.૩૨' સૂત્રથી અપ્રધાન સ્ અને ત્ ને આશ્રયીને ઇટ્ કરવા રૂપ અપ્રધાન વર્ણાશ્રિતવિધિમાં તે યપ્ આદેશનો 'સ્થાનીવા૰ ૭.૪.૧૦૯' સૂત્રથી ત્વા રૂપે સ્થાનિવદ્ભાવ મનાતો નથી. જો સ્થાનિવદ્ભાવ મનાત તો યપ્ ના સ્થાને ત્વા મનાતા તાદશ ત્ કારાદિ અશિત્ પ્રત્યયની પૂર્વે દિવ્ ના અંતે ઇટ્ થવાની આપત્તિ આવત.

**106)** ***વર્ણસ્થાન*** – વર્ણો સ્વર અને વ્યંજન આમ બે પ્રકારે છે. આ વર્ણોના ઉચ્ચારણમાં મુખના જે ભાગોની સહાય લેવી પડે તે ભાગોને વર્ણસ્થાન કહેવાય છે. જેમ કે પ, ફ, બ વિગેરે વર્ણોને બોલવામાં હોઠ બીડવા જ પડે અર્થાત્ હોઠનીં સહાય લેવી જ પડે છે. માટે હોઠ વર્ણસ્થાન કહેવાય. આવા વર્ણસ્થાન આઠ છે. તે આ પ્રમાણે - ઉર, કંઠ, શિર, જીભનો અગ્રભાગ, દાંત, નાસિકા, હોઠ અને તાળવું. વર્ણસ્થાનોનો નિર્દેશ કરતી કારિકા આ પ્રમાણે છે - ***'અષ્ટૌ સ્થાનાનિ વર્ણાનામુરઃ કણ્ઠઃ શિરસ્તથા। જિહ્વામૂલં ચ દન્તાશ્ચ નાસિકૌષ્ટૌ ચ તાલુ ચ।।'***

**107)** ***વાક્યસંસ્કાર*** – વાક્યની નિષ્પત્તિ થાય ત્યાં સુધી પ્રકૃતિ અને પ્રત્યયોની સ્થાપના કરીને પછી જે સંસ્કાર અર્થાત્ વાક્યની નિષ્પત્તિ કરવામાં આવે તેને વાક્યસંસ્કાર કહેવાય છે. આ વાક્યસંસ્કારને માનનારો એક પક્ષ છે. આ પક્ષનું એવુ માનવું છે કે કોઈપણ વાક્ય બનાવતી વખતે તેના ઘટકીભૂત પદોને પદસંસ્કારપક્ષની જેમ

અલગથી સાધવાના રહેતા નથી. પરંતુ વાક્યના ઘટકીભૂત તે દરેક પદોને લગતા પ્રકૃતિ-પ્રત્યયોને સળંગ બાજુ બાજુમાં સ્થાપી સંસ્કાર કરવા પૂર્વક સીધી વાક્યની જ નિષ્પત્તિ કરવામાં આવે છે. દા.ત. गां पाठय આવું વાક્ય બનાવવું હોય તો આ પક્ષ મુજબ गो + अम् पठ् + णिच् + शव् + हि आम સળંગ બન્ને પદને લગતા પ્રકૃતિ-પ્રત્યયોને સ્થાપવામાં આવે છે અને પછી સંસ્કાર કરી સીધું गां पाठय વાક્ય બનાવવામાં આવે છે. વાક્યસંસ્કારની વ્યાખ્યા *'वाक्यपर्यन्तं प्रकृतिप्रत्ययान् संस्थाप्य ततः संस्कारः वाक्यसंस्कारः'* આ પ્રમાણે છે. વિશેષ જાણવા પ્રસ્તાવનામાં પૃષ્ઠ **'xxxiv'** જુઓ.

**108)** ***विप्रतिषेध*** **–** સ્પર્ધ.

**109)** ***विभक्ति–*** નામને લાગતા સિ આદિ પ્રત્યયો તેમજ ધાતુને લાગતા તિવ્ આદિ પ્રત્યયોને વિભક્તિ કહેવાય છે. તે બે પ્રકારની છે : **(a)** ઉપપદવિભક્તિ અને **(b)** કારકવિભક્તિ.

**110)** ***विभाषा*** **–** વિભાષા એટલે વિકલ્પ. તે ત્રણ પ્રકારની હોય છે : પ્રાપ્ત વિભાષા, અપ્રાપ્ત વિભાષા અને પ્રાપ્તાપ્રાપ્ત વિભાષા. ત્રણેના અર્થ અને દૃષ્ટાંતો આ પ્રમાણે છે –

**(i)** ***प्राप्तविभाषा*** :- અન્યસૂત્રથી પ્રાપ્ત કાર્યનો સૂત્રમાં વિકલ્પ કરવો તેને પ્રાપ્તવિભાષા કહેવાય. જેમકે 'अशवि ते वा ३.४.४' સૂત્રની પૂર્વના સૂત્રોથી गुप् વિગેરે ધાતુઓને નિત્ય आय् પ્રત્યય પ્રાપ્ત છે, પરંતુ 'अशवि ते वा ३.४.४' સૂત્રમાં તેનો વિકલ્પ કરવામાં આવ્યો છે. તેથી તે પ્રાપ્તવિભાષા કહેવાય.

**(ii)** ***अप्राप्तविभाषा*** :- અન્યસૂત્રથી પ્રાપ્ત ન હોય તેવા કાર્યોનો સૂત્રમાં વિકલ્પ કરવો તેને અપ્રાપ્તવિભાષા કહેવાય. જેમકે 'स्त्रिया ङितां वा० १.४.२८' સૂત્ર સિવાયના અન્ય કોઈપણ સૂત્રથી ङित् પ્રત્યયોના दै-दास्-दास्-दाम् આદેશ પ્રાપ્ત નથી અને 'स्त्रिया ङितां वा० १.४.२८' સૂત્રથી સીધા જ ङित् પ્રત્યયોના વિકલ્પે दै-दास्-दास्-दाम् આદેશ કરવામાં આવે છે. તેથી તે અપ્રાપ્તવિભાષા કહેવાય.

**(iii)** ***प्राप्ताप्राप्तविभाषा*** :- સૂત્રના અમુક અંશને અન્ય સૂત્રોથી કાર્ય પ્રાપ્ત હોય અને અમુક અંશને કોઇ સૂત્રથી કાર્ય પ્રાપ્ત ન હોય તેવી અવસ્થામાં બન્ને અંશમાં વિકલ્પ કરવો તેને પ્રાપ્તાપ્રાપ્તવિભાષા કહેવાય. જેમકે 'स्वाम्येधि ३.१.१३' સૂત્રમાં દર્શાવેલ अधि અવ્યયને જો તે ગતાર્થ હોય તો 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા પ્રાપ્ત ન હોવાથી 'उर्याद्यनु० ३.१.२' સૂત્રથી ગતિ સંજ્ઞાની અપ્રાપ્તિ વર્તે છે અને જો તે ગતાર્થ ન હોય તો તેને 'धातोः पूजार्थ० ३.१.१' સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા પ્રાપ્ત હોવાથી 'उर्याद्यनु० ३.१.२' સૂત્રથી ગતિ સંજ્ઞાની પ્રાપ્તિ વર્તે છે. આ ઉભય અવસ્થામાં 'स्वाम्येधि ३.१.१३' સૂત્રથી ગતિ સંજ્ઞામાં વિકલ્પ કરવામાં આવે છે. અર્થાત્ अधि અવ્યયને તે ગતાર્થ હોય કે ન હોય છતાં ગતિ સંજ્ઞા વિકલ્પે કરવામાં આવે છે. તેથી આ વિકલ્પને પ્રાપ્તાપ્રાપ્ત વિભાષા કહેવાય.

111) ***विशेषविधि*** – સામાન્યની અપેક્ષાએ વ્યાપ્ય એવી વસ્તુને વિશેષ કહેવાય અને તાદશ વિશેષને આશ્રયીને થતી વિધિને વિશેષવિધિ કહેવાય. જેમકે 'क्रोऽर्थः' પ્રયોગસ્થળે क + स् + अर्थः અવસ્થામાં 'सो रुः २.१.७२' સૂત્રથી क + र् + अर्थः અવસ્થા પ્રાપ્ત થતા એકસાથે 'रोर्यः १.३.२६' અને 'अतोऽत्ति० १.३.२०' સૂત્રોની પ્રાપ્તિ વર્તે છે. તો આ અવસ્થામાં 'रोर्यः १.३.२६' સૂત્રમાં र् નો य् આદેશ કરવા નિમિત્ત રૂપે સ્વરની અપેક્ષા રાખી છે. જ્યારે 'अतोऽत्ति० १.३.२०' સૂત્રમાં र् નો उ આદેશ કરવા નિમિત્ત રૂપે अ ની અપેક્ષા રાખી છે. તો अ પોતે જ સ્વર હોવાથી 'જ્યાં જ્યાં अ ત્યાં ત્યાં સ્વર' આ રીતની વ્યાપ્તિ મળતી હોવાથી अ વ્યાપ્ય બને છે, તેથી તે વિશેષ કહેવાય. તેની અપેક્ષાએ સ્વર વ્યાપક બનતો હોવાથી તેને સામાન્ય કહેવાય. આમ વિશેષ એવા अ ને આશ્રયીને પ્રાપ્ત उ આદેશ રૂપ વિધિને વિશેષવિધિ કહેવાય અને સામાન્ય એવા સ્વરને આશ્રયીને પ્રાપ્ત य् આદેશ રૂપ વિધિને સામાન્યવિધિ કહેવાય. ***'सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાયાનુસાર સામાન્યવિધિનો બાધ થવાથી 'अतोऽत्ति० १.३.२०' સૂત્રથી उ આદેશ રૂપ વિશેષવિધિ થતા 'क्रोऽर्थः' પ્રયોગ સિદ્ધ થાય છે.

112) ***वृत्ति*** – પરાર્થાભિધાયી હોય તેને વૃત્તિ કહેવાય. અર્થાત્ જ્યાં ગૌણ શબ્દ પર (પ્રધાન) શબ્દના અર્થનો બોધ કરાવતો હોય તેવા સ્થળે વૃત્તિ હોય છે. જેમકે રાજપુરુષ સમાસસ્થળે આમ તો વિગ્રહાવસ્થામાં પુરૂષ રૂપ પ્રધાનશબ્દાર્થનું બોધન ન કરાવતો રાજન્ શબ્દ સમાસાવસ્થામાં ગૌણ પડી ગયા બાદ પ્રધાન એવા પુરુષ શબ્દના 'પુરૂષ' અર્થનું બોધન કરાવે છે, તેથી ત્યાં વૃત્તિ હોય છે. અહીં પ્રશ્નો થશે કે ''જો આ રીતે સમાસાવસ્થામાં રાજન્ શબ્દ પુરુષ શબ્દના 'પુરૂષ' અર્થનું પ્રતિપાદન કરશે તો તે પોતાના 'રાજા' અર્થનું પ્રતિપાદન કરશે કે નહીં ? અને જો તે પોતાના 'રાજા' અર્થનું પ્રતિપાદન કરતો હોય તો તે બીજા 'પુરૂષ' અર્થનું પ્રતિપાદન શી રીતે કરી શકે ? વળી 'પુરૂષ' અર્થનું પ્રતિપાદન તો પુરુષ શબ્દથી જ થઈ જાય છે તો શા માટે રાજન્ શબ્દ દ્વારા 'પુરૂષ' અર્થનું પ્રતિપાદન થાય એવો આગ્રહ રાખવો પડે ?'' પરંતુ આ પ્રશ્નોના જવાબ ઘણો વિસ્તાર માંગી લે તેવા હોવાથી જિજ્ઞાસુઓએ જવાબ માટે 'પાણિ૦ સૂ. ૨.૧.૧. મહાભાષ્યપ્રદીપોદ્યોત', વાક્યપદીય વૃત્તિસમુદ્દેશ અને ન્યાયસમુચ્ચય તરંગ-૨૯ વિગેરે ગ્રંથો અવલોકનીય છે. કૃદન્ત, તદ્ધિતાન્ત નામ, સમાસ, એકશેષ અને સનાદ્યન્ત આ પાંચ વૃત્તિઓ છે. વૃત્તિને લઈને જહત્સ્વાર્થ અને અજહત્સ્વાર્થ આમ બે પક્ષો છે. જે અંગે વિશેષ જાણવા તે શબ્દો જોઈ લેવા.

113) ***व्यक्ति*** – જાતિના આશ્રયભૂત કોક પદાર્થ.

114) ***व्यक्तिपक्ष*** – વ્યક્તિ એટલે ઘટત્વાદિ જાતિઓના આશ્રયભૂત અનેક ઘટાદિ પદાર્થો. જે પક્ષ 'શબ્દથી વ્યક્તિ જ વાચ્ય બને છે, જાતિ નહીં.' આવું માને છે તેને વ્યક્તિપક્ષ કહેવાય. આ પક્ષ ***नैयायिकों***નો છે. તેમનું કહેવું એમ છે કે શબ્દથી જો જાતિ વાચ્ય બનતી હોય તો કેમ 'ઘટ' શબ્દ બોલાતા ઘટત્વ જાતિની ઉપસ્થિતિ ન થતા

સહજપણે ઘટ વ્યક્તિ જ ઉપસ્થિત થાય છે ? અને માની લો કે *'जात्याकृतिव्यक्तयः पदार्थः'* (*न्यायसूत्र*) આ અમારા સિદ્ધાન્તને આગળ કરી તમે અમને કહો કે ''તમારા મતે પણ શબ્દથી જાતિની ઉપસ્થિતિ તો માની છે ?'' તો આનો જવાબ એમ સમજવો કે અમને શબ્દ દ્વારા જાતિની ઉપસ્થિતિમાં વાંધો નથી, પરંતુ અમને તેની (= જાતિની) પ્રધાનપણે ઉપસ્થિતિ જ ખટકે છે. અમારા મતે 'ઘટ' શબ્દ બોલાતા ઘટત્વ જાતિથી વિશિષ્ટ ઘટ વ્યક્તિ પ્રધાનપણે ઉપસ્થિત થાય છે. જ્યારે તમારા પક્ષે (= જાતિપક્ષે) 'ઘટ' શબ્દ દ્વારા ઘટત્વ જાતિ જ ઉપસ્થિત થાય છે અને ઘટ વ્યક્તિ તો જાતિની સાથે અવિનાભાવી હોવાથી ગૌણપણે ઉપસ્થિત થાય છે. આ વાત સાથે અમારે વાંધો છે. તમારી (= જાતિપક્ષની) વાત કેટલી બેહુદી છે તેને આપણે દૃષ્ટાંતથી સમજીએ. આ વાત ધ્યાનમાં હશે જ કે 'ક્યારે પણ કોઈનો પણ અન્વય પ્રધાનની સાથે થાય, અપ્રધાનની સાથે નહીં.' ओदनं पचति વાક્યસ્થળે જો ओदन શબ્દ દ્વારા ઓદનત્વ જાતિ વાચ્ય બનતી હોય તો તે પ્રધાન બનવાથી તેની સાથે જ ओदन ક્રિયાપદવાચ્ય પાક ક્રિયાનો અન્વય થવો જોઈએ. પણ ઓદનત્વ જાતિ તો નિત્ય હોવાથી તેમાં વળી પાકપોચાશ શેની આવે ? અર્થાત્ તેમાં પાકક્રિયાનો અન્વય બાધિત છે. પાકપોચાશ તો અનિત્ય એવા ઓદનમાં આવતી હોવાથી અર્થાત્ પાકક્રિયાનો અન્વય ઓદન વ્યક્તિ સાથે થતો હોવાથી સમજી શકાય છે કે ઓદન વ્યક્તિ જ પ્રધાન બને છે. આથી માનવું જોઈએ કે વ્યક્તિ જ પ્રધાનપણે શબ્દથી વાચ્ય બને છે, જાતિ નહીં. વૈયાકરણો સ્વઆવશ્યકતાનુસાર ક્યારેક જાતિપક્ષનો તો ક્યારેક વ્યક્તિપક્ષનો આશ્રય કરે છે. વિસ્તારેચ્છુઓએ 'વૈયાકરણસિદ્ધાન્તમંજૂષાદિ' ગ્રંથો અવલોકનીય છે.

115) ***व्यतिरेक***– વ્યતિરેક એટલે 'तदभावे तदभावः' અર્થાત્ વિવક્ષિત એક વસ્તુની ગેરહાજરી હોય તો બીજી વસ્તુનું પણ ન હોવું.

116) ***व्यधिकरणविशेषणविशेष्यभाव*** – સરખી વિભક્તિમાં ન વર્તતા પદો વચ્ચેનો વિશેષણવિશેષ્યભાવ. દા.ત. राज्ञः पुरुषः (અહીં પ્રથમાન્ત पुरुषः પદ વિશેષ્ય છે.)

117) ***व्यपेक्षा*** – આ એક પ્રકારનું 'समर्थः पदविधिः ७.४.१२२' સૂત્રોક્ત સામર્થ્યવિશેષ છે અને તે વિગ્રહસ્થળે જોવા મળે છે. જુદા જુદા અર્થવાળા પદોનું આકાંક્ષા વશ પરસ્પર જોડાવું તેને વ્યપેક્ષા કહેવાય છે. આશય એ છે કે પ્રકૃતિપદને પ્રત્યયપદની, વિશેષણ પદને વિશેષ્યપદની અને કારકપદને ક્રિયાપદની પરસ્પર આકાંક્ષા હોય છે અને તે આકાંક્ષા વશે તેઓ જુદા જુદા અર્થવાળા હોવા છતાં એકબીજા સાથે જોડાણ રૂપ વ્યપેક્ષા સામર્થ્યને પામીને એક વિશિષ્ટ વાક્યાર્થના જનક બનતા હોય છે. જેમકે राज्ञः पुरुषः गच्छति સ્થળે राजन् + ङस्, पुरुष + सि અને गम् + ति આ બધા ક્રમશઃ રાજા - સ્વત્વ, પુરુષ - એકત્વાદિ અને ગમનક્રિયા - વર્તમાનકાળાદિ; આમ જુદા જુદા અર્થવાળા પ્રકૃતિપદો અને પ્રત્યયપદોને પરસ્પર આકાંક્ષા છે. તેમજ વ્યધિકરણ વિશેષણ એવા રાજસંબંધિતાર્થક राज्ञः પદને એકત્વવાન પુરુષાર્થક પ્રથમાન્ત पुरुषः વિશેષ્યપદની આકાંક્ષા છે અને સાથે

કૃતિમાન પુરૂષાર્થક કર્તાકારક પુરુષઃ પદને વર્તમાનકાલીન ગમનાર્થક गच्छति ક્રિયાપદની આકાંક્ષા છે. આમ જુદા જુદા અર્થવાળા દરેકને પરસ્પર આકાંક્ષા છે. તે આકાંક્ષા વશે જુદા જુદા અર્થવાળા તેઓ એક-બીજા સાથે જોડાણ રૂપ વ્યપેક્ષા સામર્થ્યને પામીને એક અખંડ 'वर्तमानकालीनगमनानुकूलकृतिमान् राजनिरुपितस्वत्वविशिष्टैकत्ववान् पुरुषः' આવા વાક્યાર્થબોધના જનક બને છે. આ જ વાતને સહેલા દૃષ્ટાંત દ્વારા સરળતાથી સમજીએ. 'पुरुषः गच्छति' સ્થળે કેવળ पुरुषः પદ 'ગતિમાન પુરૂષ' આ અર્થને ન જણાવી શકે. તેમજ કેવળ गच्छति ક્રિયાપદ પણ તે અર્થને ન જણાવી શકે. પરંતુ આકાંક્ષા વશ જ્યારે તેઓ એકબીજા સાથે જોડાણ રૂપ વ્યપેક્ષા સામર્થ્યને પામે ત્યારે તે બન્ને મળીને 'ગતિમાન પુરૂષ' અર્થને જણાવી શકે. જ્યાં વ્યપેક્ષા સામર્થ્ય ન હોય ત્યાં અખંડ વાક્યાર્થનો બોધ ન થઈ શકે. જેમકે 'अश्वं पश्य, चौरं ताडयति' અહીં ભિન્ન વાક્યસ્થ पश्य ક્રિયાપદ અને चौरम् પદ વચ્ચે આકાંક્ષાની ગેરહાજરીને લઈને પરસ્પર જોડાણ રૂપ વ્યપેક્ષા સામર્થ્ય પ્રાપ્ત થતું નથી, તેથી 'ચોરને જો' આવા અખંડ વાક્યાર્થનો બોધ થતો નથી.

118) ***व्यवस्थितविभाषा*** – શબ્દોના અનેક અર્થો થતા હોય છે. તે અનેક અર્થો પૈકી અમુક જ અર્થમાં વર્તતા વિવક્ષિત શબ્દના પ્રયોગની સિદ્ધ્યર્થે જો સૂત્રમાં વિકલ્પાર્થક वा પદ મૂકાય તો તેને વ્યવસ્થિતવિભાષા કહેવાય. જેમકે અર્ધ વિગેરે શબ્દો કોકની સંજ્ઞામાં (સંજ્ઞા રૂપ અર્થમાં) પણ વર્તતા હોય છે અને સંજ્ઞા સિવાયના અર્થમાં પણ વર્તતા હોય છે. તો જ્યારે તેઓ સંજ્ઞા સિવાયના અર્થમાં વર્તતા હોય ત્યારે જ સૂત્રકારશ્રીને 'नेमार्धप्रथम० १.४.१०' સૂત્રથી તેમને લાગેલા जस् પ્રત્યયનો इ આદેશ કરવો ઈષ્ટ છે અને આ વાતને જણાવવા તેમણે 'नेमार्धप्रथम० १.४.१०' સૂત્રમાં वा પદ મૂક્યું છે. તેથી તે વ્યવસ્થિતવિભાષાર્થક છે. એ જ રીતે 'ऋहीग्घा० ४.२.७६' સૂત્રથી ऋ વિગેરે ધાતુને લાગેલા त (क्त) પ્રત્યયનો न આદેશ કરવાનો છે. ત્યાં ऋ ધાતુ જ્યારે ઉત્તમર્ણ અને અધમર્ણ અર્થમાં વર્તતો હોય ત્યારે જ તેને લાગેલા त નો न આદેશ થઈ ऋण શબ્દ બને, બાકી અન્ય અર્થમાં ऋत શબ્દ બને આ રીતના અર્થને લઈને વિકલ્પની વ્યવસ્થા જણાવવા તે સૂત્રમાં વ્યવસ્થિત વિભાષાર્થક वा શબ્દ મૂક્યો છે.

119) ***व्याप्ति*** – વ્યાપ્તિ એટલે अधिकविषयेऽपि प्राप्तिः અર્થાત્ બીજા શબ્દોમાં કહેવું હોય તો 'વિવક્ષિત સૂત્રના જે કોઈ ઉદ્દેશ્યો બનતા હોય તે સકલ ઉદ્દેશ્યોને આશ્રયીને તે સૂત્રના પ્રવૃત્તિની પ્રાપ્તિ થવી તેને કહેવાય વ્યાપ્તિ.' આ વ્યાપ્તિને જણાવવા સૂત્રકારશ્રી સૂત્રમાં સૂચક રૂપે બહુવચનના પ્રયોગો કરતા હોય છે. જેમકે 'स्वरेभ्यः १.३.३०' સૂત્રમાં વ્યાપ્તિને સૂચવવા બહુવચન કર્યું છે. હવે તે સૂત્રના ઉદ્દેશ્ય બને છે 'સ્વરથી અવ્યવહિત પરમાં રહેલ छ्'. આવા छ् પદાન્ત રૂપે પણ સંભવે છે અને અપદાન્ત રૂપે પણ સંભવે છે. તો વ્યાપ્તિના કારણે સ્વરથી અવ્યવહિત પરમાં રહેલા પદાન્ત અને અપદાન્ત બન્ને પ્રકારના छ् ને ઉદ્દેશીને તે સૂત્રની પ્રવૃત્તિ થશે. અહીં વ્યાપ્તિના કારણે લાભ એ થયો કે આમ તો 'स्वरेभ्यः १.३.३०' ના પૂર્વસૂત્રોમાં पदान्त શબ્દની અનુવૃત્તિ આવતી હતી અને તે અનુવૃત્તિ 'स्वरेभ्यः १.३.३०' સૂત્રમાં પણ પ્રાપ્ત હતી. જો એ અનુવૃત્તિ 'स्वरेभ्यः १.३.३०' સૂત્રમાં આવત તો સ્વરથી પરમાં રહેલા માત્ર પદાન્ત छ् ને ઉદ્દેશીને જ તે સૂત્રની પ્રવૃત્તિ થાત. પણ સકલ ઉદ્દેશ્યોને આશ્રયીને

